લૌકિકન્યાયો



ડૉ. મ.
ક. કિ. ત્રિવેદી

No. 514

મુંબઈ ઈલાકાના સરકારી કેળવણીખાતાએ તથા વડોદરા રાજ્યે સ્કૂલોમાં ઈનામ તથા લાઇબ્રેરીમાટે મંજુર કર્યું છે.

ગૃહ-સંસારનું રત્ન, મનની દવા, ને આત્માની પુષ્ટી.

सतीमंडळ

અને

સ્ત્રીપુરૂષના ધર્મ.

ભાગ. ૧ લો.

આવૃત્તિ-૭ મી.

લેખક,

કેશવજી વિશ્વનાથ ત્રિવેદી.

સતીમંડળ ભાગ ૧-૨, ચરિત્રચંદ્રિકા, સ્ત્રીનું કર્ત્તવ્ય,
કન્યાવિક્રયનો નિષેધ દર્શક, વગેરેના કર્ત્તા.

ધ્રોલ—કાઠિયાવાડ.

સતીમંડળ ભૂમંડળે, પ્રકાશિ ચારે પાસ;
સુબોધ આપી કુબોધને, ક્ષણમાં કરશે નાશ.

સૉલ એજન્ટ

જીવનલાલ અમરશી મહેતા.

મેનેજર-પ્રિન્ટિંગવર્ક એન્ડ બુક્સ એજન્સિ.-અમદાવાદ.

સંવત ૧૯૭૧.—ઇ. સ. ૧૯૧૫.—પ્રત ૧૦૦૦.

કિંમત ૨—૮—૦

અમદાવાદ.
ધી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

પ્રકાશક,

કેશવજી વિશ્વનાથ ત્રિવેદી.

ઠે. લાખીયાની પોળ—અમદાવાદ.

આ લેખકના ગ્રંથો નીચે ઠેકાણે મળશે.

મુંબઈ—એન. એમ. ત્રીપાઠી એન્ડ કુ. બુકસેલર્સ. ઠે. કાલબાદેવીરોડ.
,, પંડિત જેઠારામ મુકુંદજી બુકસેલર્સ. ઠે. કાલબાદેવીરોડ.
,, પંડિત નારાયણ મળજી બુકસેલર્સ. ઠે. કાલબાદેવીરોડ.
,, દા. વસનજી પરમાણંદ ચાલેવાળા. બુકસેલર્સ. ઠે. કાલબાદેવીરોડ.
,, એન. ડી. મહેતા. બુકસેલર્સ. ઠે. કાલબાદેવીરોડ.

અમદાવાદ—કર્ત્તા પાસે—ઠે. ખાડીયા ગેટ પાસે-લાખીયાની પોળ.
,, જીવનલાલ અમરશી મહેતા; સોલ એજંટ ઠે. પીરમશારોડ.
,, મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર્સ. ઠે. ત્રણ દરવાજા પાસે.
,, મોતીલાલ મગનલાલ બુકસેલર્સ. ઠે. રીચીરોડ.
,, રણછોડલાલ મોતીલાલ બુકસેલર્સ. ઠે. રીચીરોડ-લક્ષ્મીવિલાસ હોટલ સામે.
,, ઝવેરભાઈ ઉમેદભાઈ બુકસેલર્સ. ઠે. રીચીરોડ-બાલાહનુમાન પાસે.

રાજકોટ—લક્ષ્મીચંદ ઉત્તમચંદ બુકસેલર્સ. ઠે. પરામાં.
,, બેચર મેઘજી બુકસેલર્સ ઠે. પરામાં.

ભાવનગર—કુંવરજી ભીખાભાઈ બુકસેલર્સ. ઠે. બજારમાં.
,, અબ્દુલહુશેન આદમજી બુકસેલર્સ. ઠે. મહાલક્ષ્મી પાસે-બજારમાં.

જામનગર—હેમરાજ જાદવજી બુકસેલર્સ. ઠે. બજારમાં.

એ સિવાય સુરત, ભરૂચ, વડોદરા વગેરે સ્થળે પ્રસિદ્ધ બુકસેલરોને ત્યાં મળશે.

सतीनुंहृदयमंदिर.



૧. " શુદ્ધ પ્રેમ, સ્વામીભક્તિ, દયા, સંતોષ, વિનય, વિવેક અને સહનશીલતા; એ સતીના ધર્મો છે. "

૨. " પતિની મતિ પ્રમાણે ગતિ કરનાર, સ્નિગ્ધા અને પ્રિય બોલનારી સ્ત્રીને આ સંસારમાં અનહદ માન મળે છે. "

૩. " સ્ત્રી—ગૃહિણી એ ગૃહનું કિમતી રત્ન છે, પ્રકૃતિ દશ્યો આનંદપ્રદ પ્રતીત થાય છે. "

૪. " સતી—સ્ત્રી એ સંસારની શીતળ છાયારૂપ છે, તેનાથીજ સંસાર સુખપ્રદ ભાસે છે. "

૫. " સ્ત્રી એ પ્રીતિનું પાત્ર છે, તેનામાં એક એવી અદ્‌ભૂત શક્તિ છે કે તે વ્યક્તિ માત્રને પોતાના પ્રતિ આકર્ષે છે. "

પ્રસ્તાવના.

(પ્રથમ આવૃત્તિની.)

પ્રાચીન કાળમાં ભારતભૂમિની સ્ત્રીઓ વિદ્યા, સ્ત્રીધર્મનીતિ અને આત્મજ્ઞાન વગેરેમાં કુશળ હતી. પતિ અને કુટુંબ પ્રત્યે કર્ત્તવ્યકર્મ સમજતી અને વર્ત્તતી હતી. કેટલીક તો વિદ્યા, ધર્મનીતિ વગેરેમાં પોતાની એવી તો અલૌકિક શકિત દર્શાવેલી છે, કે જેની કીર્તિનાં કીરણો આજે પૃથ્વીમાં ચોપાસ પ્રસરી રહ્યાં છે. એજ આર્ય મહિલાની ઓલાદની અબળાઓ આજે વિદ્યા અને ધર્મનીતિથી વિમુખ થઈ અજ્ઞાનતામાં અવતાર ગાળે છે. તેમને ધર્મનીતિવાળી કેળવણી આપી જ્ઞાનવાન કરવાના સાધનરૂપ વાંચવા જેવાં પુસ્તકો હાલ બહુ થોડાં છે, તે વધારવાની ઘણી જરૂર છે. વગેરે પર વિચાર કરતાં સ્ત્રીવર્ગને શિક્ષણ લેવા સર્વ રીતે ઉપયોગી થઈ પડે, એવા અનેક વિષયોવાળું પુસ્તક તૈયાર કરવાની મારી ઘણા વખતથી જીજ્ઞાસા હતી, તે હાલ ઘણા યત્ને પાર પાડવા ફતેહમંદ થયો છું.

આ પુસ્તકમાં પ્રથમ સતી ચરિત્રો દાખલ કર્યા છે, કેમકે સદ્‌ગુણી સ્ત્રીઓનાં જીવનચરિત્રો એ સ્ત્રીઓનું ચરિત્ર સુધારવાને ઘણી મદદ કરે છે. એથી મન ઘણુંજ સુધરે છે અને મોટાઇનો દેવભાવ પ્રકાશે છે. હાલ સ્ત્રીકેળવણીનો વધારો થતો જાય છે, પણ તેની જોડે સ્ત્રીઓના કોમળ હૃદયમાં સદ્‌ગુણી સ્ત્રીઓનાં ચરિત્રોની ઉંડી છાપ પાડવાને ઉપયોગી થઈ પડે, એવા જુદા જુદા સદ્‌ગુણો ધરાવનારી અનેક સતી સ્ત્રીઓનાં જીવનચરિત્રોનાં પુસ્તકોનો જોઇએ તેવો ફેલાવો થયો નથી. માટે આ પુસ્તકમાં સદ્‌ગુણી સ્ત્રીઓનાં જીવનચરિત્રોનો અપૂર્વ સંગ્રહ આપ્યો છે.

એ પછી સ્ત્રીપુરૂષના ધર્મ દાખલ કર્યા છે. તેમાં પતિપત્ની અને કુટુંબીઓએ પરસ્પર વર્ત્તવાના ધર્મો તથા સ્ત્રી ઉપયોગી અનેક અગત્યના વિષયો દાખલ કરી, આ પુસ્તક કુટુંબમાં ઉપયોગી થઈ પડે, એમ કરવા બનતો પ્રયાસ કર્યો છે. સુજ્ઞો ! દુનિયામાં કોઈ પણ સર્વજ્ઞ નથી, કપાળે કપાળે જુદી જુદી મતિ છે અને મનુષ્ય માત્ર ભૂલ ભરેલું છે. એ મુજબ આ પુસ્તકમાં કોઈ પ્રકારનો દોષ જણાય, તો એ તરફ દૃષ્ટિ નહિ કરતાં, હંસરૂપ બની અસારને તજી સારને ગ્રહણ કરવા લક્ષ આપશો. આ પુસ્તકનું કદ પ્રથમ જાહેર ખબરમાં જણાવ્યા કરતાં પાછળથી ઘણા નવા વિષયો વધારી લગભગ દોઢું કર્યુ છે. એમ કરતાં મહેનત અને ખરચ વધારે થયા છતાં સુજ્ઞ ગ્રાહકોને મૂળ કીંમતેજ દોઢો લાભ આપ્યો છે.

આ પુસ્તક સ્ત્રીપુરૂષ અને બાળક સર્વે કુટુંબીઓ વાંચી, સાંભળીને ઉપયોગી જ્ઞાન લે અને પોતાની જીંદગી સુધારી પ્રાચીન સુખદાયી સ્થિતિએ આવે, એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

સંવત ૧૯૪૯ ના મહા શુદ—વસંતપચમી.

કર્ત્તા,
કેશવજી વિશ્વનાથ ત્રિવેદી.

पवित्रशिक्षण.

"તારાં કામ પવિત્ર હોવાં જોઈએ; એટલુંજ નહિ પણ જે શબ્દો તું ઓચરે તે પણ પવિત્ર હોવા જોઈએ. તે સાથે તારા મનના શુભ વિચાર જે કોઈ સાંભળી કે જોઈ શકતું નથી, તે પણ પવિત્ર હોવા જોઈએ."



"તારૂં પોતાનું ભલું થાય તેવી કોશેશ કરી ધરાતો ના,"
"તારી કોમનાં ભલાંનો વિચાર કરતો જ રહેજે."
"એ બે સાથે પર કોમનું ભલું ઇચ્છિતો રહેજે.'

"કયો વિચાર ખરો અને કયો ખોટો તેનો વિચારશકિતથી અને વ્યાજબી દલીલોથી તોલ કરી તેનો નિર્ણય કરજે. તારી સમજમાં ઉતરે નહિ, ત્યાં સુધી ધર્મની વાત તારે માની લેવી નહિ."

અર્પણપત્રિકા.

મેહેરબાન સ્વદેશપ્રેમી રા. રા. છોટાલાલ સેવકરામ.
કચ્છાધિશ મહારાજા મહારાવશ્રી ખેંગારજી સવાઈ
બહાદૂરના સેક્રેટરી.—નિવાસ શ્રીકચ્છભૂજ.

મહાશય !

આપ એક મહાન્ દેશી રાજ્યના વિદ્વાન્, ઉત્સાહી, અને શાણા સલાહકાર છો. રાજ્યનીતિમાં નિપુણતા દર્શાવી રાજ્યનું હિત કરવા સદા યત્ન કરો છો તથા પ્રજા જનના ઉત્કર્ષ અર્થે વિદ્યાદિ સાધનો પ્રફુલિત કરવા સદા ઉત્કંઠિત રહો છો અને એવો રૂડો યત્ન કરી આપે રાજ્યમાં તથા પ્રજામાં સારી કીર્ત્તિ સંપાદન કરેલી છે. એટલુંજ નહિ પણ સ્ત્રી વર્ગ ધર્મનીતિવાળી કેળવણી પામી, પોતાના કર્ત્તવ્ય કર્મને સમજીને વર્તે અને દંપતિ પ્રાચીન સુખદાયી સ્થિતિમા આવે, એવું જોવાને સદા ઉત્સુક રહો છો તથા એવા સાધનરૂપ ગ્રંથો પ્રસાર કરનારને ઉત્તેજન આપી અપાવી, ઉત્સાહવાન કરો છો. આદિ આપના અનેક ગુણ અને ઉજ્જવળ કીર્તિથી આકર્ષાઈ દંપતિના શિક્ષણ અને સુખના સાધનરૂપ આ ગ્રંથ આપને ઉલ્લાસ સહિત માનપૂર્વક અર્પણ કરી અત્યાનંદ પામુ છું.

મને માનો તમારો સદાનો,

કેશવજી વિશ્વનાથ ત્રિવેદી.

પ્રસ્તાવના.
(સાતમી—આવૃત્તિની.)

આ સ્ત્રી ઉપયોગી પુસ્તક પ્રગટ કરી પ્રજાજનમાં ફેલાવવાનો જે પ્રયત્ન આરંભ્યો છે. તેમાં કર્તા કેટલે અંશે વિજય નિવડેલ છે.—તે આ **સાતમી—આવૃત્તિ** બતાવે છે. પ્રાચીન અર્વાચીન સતીઓનાં ચરિત્રો અને ગૃહ—સંસારમાં ઉપયોગી થઈ પડે, એવા વિષયો વાંચી તેનું શિક્ષણ લેવા ઉપર પ્રજાનો કેટલો પ્રેમ છે અને તેનો સત્કાર કરવામાં તે સદા કેવી તત્પર છે, તે સર્વે આ પરથી જણાઈ આવતા, આ પુસ્તકની લોકપ્રિયતા સાબિત થશે.

આ લોકપ્રિય પુસ્તક પ્રગટ થઈ, ચોતરફ ફેલાતાં પ્રજાજનોમાં એવી અસર થઈ કે આ પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે સ્ત્રીઓને ધર્મનીતિનો બોધ મળે, એવી દૃષ્ટાંતરૂપ પવિત્ર સતીઓનાં ચરિત્રો અને ગૃહ—સંસારમાં ઉપયોગી થઈ પડે, એવા વિષયો શિખવવાથી તેઓ ઉત્તમ ગુણવાળી થશે. એવી પ્રજાજનની લાગણીથી મુંબઈ ઇલાકાના સરકારી કેળવણીખાતાએ વાંચનમાળાની નવી સીરિઝમાં કેટલીક સતીઓનાં ચરિત્રો દાખલ કર્યાં છે અને કેટલાક વિષયો કન્યાશાળાઓમાં શિખવવાની શરૂઆત થઈ છે; એ પણ પુસ્તકની એક ફતેહ છે.

આ પુસ્તકની ઉત્તમતા સિદ્ધ થવાથી તે ઘણા કુટુંબોમાં પ્રેમથી વંચાય છે. કેટલેક સ્થળે કન્યાદાનમાં અને કેટલેક સ્થળે પુત્રીઓને સાસરે વળાવતાં વસ્ત્રાલંકારની સાથે ભેટ તરીકે આપે છે. વનિતાવિશ્રામ, શ્રાવિકાશાળા, સનાતન ધર્મની કન્યાશાળાઓમાં અને સનાતન ધર્મનીતિની લેવાતી પરીક્ષામાં ટેક્સબુક તરીકે અભ્યાસમાં ચાલે છે; એટલુંજ નહિ પરંતુ મુંબઈ ઇલાકાના સરકારી કેળવણીખાતાએ તા. ૬—૧૧—૧૯૦૯ ના હુ. નં. ૮૩૪૭ થી સ્કુલોમાં ઇનામ તથા લાઇબ્રેરી માટે મંજુર કરી, તેની ઉત્તમતા અને ઉપયોગીપણાનો સ્વિકાર કર્યો છે. આ સર્વે પરથી જણાશે કે, પ્રગટકર્ત્તા કેટલેક અંશે પ્રજાસેવા બજાવવામાં ભાગ્યશાળી થયો છે.

આ પુસ્તક ભારતવર્ષમાં પ્રતિદિન વધારે ફેલાવો પામી, પ્રજાજન તેનો વિશેષ લાભ લે, તે માટે પ્રથમ **હિંદી** ભાષામાં છપાવી બહાર પાડતાં, તે લોકપ્રિય થયેલ છે. એ રીતે ભારતવર્ષની જુદી જુદી ભાષાઓમાં પ્રગટ કરવાનો વિચાર રાખ્યો છે.

ભારતવર્ષની સ્ત્રીઓ અને પુત્રીઓના કોમળ હૃદયમાં મહાન્ સતીઓના પવિત્ર ગુણોની અસર સચોટ જામો અને પ્રાચીન સુખદાયી સ્થિતિ ભોગવો, એવી મારી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

સંવત ૧૯૭૧ ના—
અશાડી બીજ—

કર્ત્તા,
કેશવજી વિશ્વનાથ ત્રિવેદી.

અનુક્રમણિકા.

પ્રથમ–દર્શન.

દ્વીતિય-દર્શન.

સ્રીપુરૂષના ધર્મ.

"સતીમંડળ અને સ્ત્રી પુરૂષના ધર્મ."

આ પુસ્તક **મુંબાઈ ઈલાકાના** સરકારી કેળવણી ખાતાએ અને **ગાયકવાડ સરકારના** કેળવણી ખાતાએ સ્કૂલોમાં ઈનામ તથા લાઇબ્રેરી માટે મન્જુર કર્યું છે. **ગુજરાત વર્નાકયુલર સોસાઈટીએ, જુનાગઢ સરકારે, કચ્છ રાજ્ય** વગેરેએ તેની **ઉત્તમતાની** ખાત્રી કરી સારો આશ્રય આપ્યો છે. **ગુજરાત સાક્ષર મંડળે** ઉત્તમ સો પુસ્તકોમાં ગણના કરી છે. વગેરેથી તેમજ નીચેનાં સર્ટિફીકેટો વાંચવાથી આ ગ્રંથની ઉત્તમતા વિષેની ખાત્રી થશે.

સર્ટિફિકેટો.

રાવસાહેબ ગણપતરામ અનુપરામ. કાઠિયાવાડ ટ્રેનિંગ કૉલેજના માજી પ્રિન્સિપાલ સાહેબ અને "જાત મહેનત" વગેરે ગ્રંથોના કર્ત્તા—

"તમારૂં પુસ્તક આવ્યું તે સ્ત્રીઓને ઘણું ઉપયોગી છે. તેથી મેં મારી સ્ત્રીને આપ્યું. તેણે વાંચી એ વિષે મને ઘણો સંતોષ બતાવ્યો છે. મેં પણ એ પુસ્તક વાંચ્યું છે. તમારા પુસ્તકનો ઉદ્દેશ ઘણો ઉચ્ચ છે, દેશાભિમાન અને પરમાર્થ બુદ્ધિયુક્ત છે. તમે આર્ય ગૃહસંસારને પવિત્ર અને પ્રેમી કરવાનો વિષય હાથમાં લીધો છે અને તેથી આર્ય જનમંડળ ઉપર તે ખરેખરો ઉપકાર કર્યો છે.

આપણી ગુર્જર ભાષામાં મૂળ પુસ્તક ભંડારજ બીજી ભાષાઓને મુકાબલે થોડો છે. તેમાં સ્ત્રી ઉપયોગી ગ્રંથો તો બહુજ થોડા છે. એવા સમયમાં તમે તમારો ગ્રંથ પ્રગટ કરીને ગુર્જર ભાષાની એક સારી સેવા બજાવી છે અને આપણા સ્ત્રી વર્ગના હાથમાં એક અમૂલ્ય રત્ન આપ્યું છે.

તમે તમારા ગ્રંથમાં આદિથી અંત સુધી એવી સાદી અને સરલ અસરકારક ભાષા શૈલી રાખી છે કે જેમને માટે તમે તમારૂં પુસ્તક ધાર્યું છે, તેઓ તેમનો મન માનતો લાભ લેશે એમાં શક નથી.

તમે તમારૂં પુસ્તક અમદાવાદની બુક કમીટીને જરૂર મોકલજો. મને આશા છે કે—તે ઈનામને માટે મન્જુર થશે; એટલુંજ નહિ પણ કન્યાશાળામાં એક વાંચન પુસ્તક તરીકે દાખલ થશે એમ મને આશા છે.

પહેલી આવૃત્તિ તરત ખપી ગઈ છે તે જાણી મને સંતોષ થયો છે, પણ

નવાઈ લાગી નથી; કારણ કે એ પુસ્તક ઝટ ઉપડી જાય એવી બાબતોથી ભરપૂર છે. ' ચરિત્રચંદ્રિકા ' ના ગ્રાહકમાં મારૂં નામ દાખલ કરશો.

રાવબહાદુર ગોપાલજી સુરભાઈ દેશાઈ, બોમ્બે યુનિવરસિટિના ફેલો અને કાઠિયાવાડ ઈલાકાના મા. આ. એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર સાહેબ– " સતીમંડળ, એ પુસ્તક વાંચતાં અત્યંત આનંદ થયો છે. સતીમંડળ અને સ્ત્રીપુરૂષના ધર્મ, એ પુસ્તકને જે નામ આપ્યું છે તે યથાર્થ છે. એ પુસ્તક બાળ, વૃદ્ધ, સ્ત્રી અને પુરૂષ એ સર્વને વાંચવા યોગ્ય છે. એ વાંચવાથી તેમના મન ઉપર ઉમદા અસર થશે અને તે પોતાના સંસાર વ્યવહારના કામમાં ઘણીજ ઉપયોગી થઈ પડશે, એમાં કશો શક નથી. ગુજરાતી ભાષામાં એવાં પુસ્તકોની ખરેખરી જરૂર છે. એ પુસ્તકમાં પ્રાચીનકાળની ખરેખરી દૈવી સતીઓની સાથે અર્વાચીનકાળની પણ કેટલીક સતીઓનાં ચરિત્રો આપ્યાં છે. વળી તેમાં સ્ત્રી પુરૂષના પરસ્પરના ધર્મનું સારૂં વર્ણન કરેલુ છે અને બીજા વ્યવહારમાં કામ આવે તેવા સારા ઉપયોગી વિષયો પણ સમાવેલા છે. એ બધુ જોતાં એ પુસ્તક ખરેખરૂ કીમતી બન્યું છે. કર્તાએ સારો શ્રમ લીધેલો જણાય છે. એવાં પુસ્તક દરેક કુટુંબમાં રાખવાં જોઇએ. એની જે કીમત રાખી છે, તે એ ગ્રંથનુ કદ વગેરે જોતાં વધારે નથી. "

કવિ દલપતરામ ડાહ્યાભાઇ સી. આ. ઇ. અમદાવાદ— " સતીમંડળ અને સ્ત્રી પુરૂષના ધર્મ એ પુસ્તક વાંચતાં અત્યંત આનંદ થયો છે. આપે એ કામમાં ઘણોજ શ્રમ લીધેલો જણાય છે. આ પુસ્તક સ્ત્રીઓને ઘણુંજ ઉપયોગી છે. સદ્‌ગૃહસ્થોને આ પુસ્તક ઘરમાં વાંચવાને રાખવા લાયક છે. સતીઓનાં ચરિત્ર અને સતીઓના ધર્મ તેમાં સારી રીતે લખેલા છે. માટે સ્ત્રીઓને જરૂર વાંચવા જેવું એ પુસ્તક છે. કન્યાશાળાઓમાં ઇનામ આપવા લાયક છે. પુરૂષોને પણ વાંચીને વિચારવા લાયક તથા તે પ્રમાણે વર્તવા લાયક છે. ગુજરાતી ભાષામાં આવાં પુસ્તકોની ખોટ હતી તે આપે પૂરી કરી છે. "

કાઠિયાવાડ ટાઇમ્સ. રાજકોટ— " સતીમંડળ અને સ્ત્રી પુરૂષના ધર્મ–એમાં પ્રાચીનકાળની ભારતભૂમિની સદ્‌ગુણી સ્ત્રીઓનાં જીવનચરિત્રો છે તથા સ્ત્રીઓને ગૃહસંસારોપયોગી અપૂર્વ સંગ્રહ છે. અર્વાચીનકાળના ઘણા લેખકો ભિન્ન ભિન્ન વિષયો સાથે બહાર પડે છે; તથાપિ તેઓમાંના થોડાજ લોકોપયોગી વિષયો મેળવવા નસીબવાન થતા હશે. એવા વિષયોની પસંદગી કરવામાંજ તેઓની શક્તિની પૂર્ણ સાબિતી મળી આવે છે. જ્યારે ચાલતા સમયમાં સ્ત્રી કેળવણીએ સારો પ્રસાર કરેલો છે, ત્યારે સ્ત્રીઓના હાથમાં તેમની નીતિ સ્થિતિને સારા પાયા પર લાવી મૂકે એવાં સહેલાઇથી મૂકવા જેવાં થોડાંજ પુસ્તકો મળી આવે છે. તેવાં પુસ્તકોમાં કર્ત્તાનું આ પુસ્તક સારી પંક્તિ ધરાવશે એમ સ્વાભાવિક રીતે ધારી શકાય છે. સદ્‌ગુણી સ્ત્રી થવા માટે જરૂરીઆતનાં સઘળાં તત્વોનો આ પુસ્તકમાં દૃષ્ટાંત-

દ્વારાએ સારો સમાવેશ કરેલો છે. વિદ્યા, સ્ત્રીધર્મ નીતિ, આત્મજ્ઞાન, પતિ અને કુટુંબ પ્રત્યે કર્તવ્યકર્મ એ વગેરે પ્રાચીનકાળની સર્વોત્તમ ગણાએલી સતીઓના આભૂષણો, અર્વાચીનકાળની સુશીલ બાળાઓ અને સ્ત્રીઓને વાસ્તવિક રીતે બોધ કર્ત્તા થઈ પડશે. કર્ત્તાએ દરેક જીવન ચરિત્ર બનતી રીતે ટુંકામાં અને મુદ્દેસર રીતે દાખલ કરેલું છે. તેથી કરી વાંચક વર્ગને ઘણીજ આતુરતામાં લાંબા વખત સુધી રાહ જોવી પડતી નથી. ભાષા પણ સરળ અને શુદ્ધ છે. આ પુસ્તક અમે દરેક કુટુંબમાં વાંચવાની ભલામણ કરીએ છીએ.''

ગુજરાત મિત્ર, સુરત—''સતીમંડળ અને સ્ત્રીપુરૂષના ધર્મ એ નામના ગ્રંથમાં પ્રાચીન અર્વાચીન ઘણી સતી સ્ત્રીઓના પરાક્રમોનું વર્ણન કર્યું છે, તે બહુજ ઉપયોગી છે. આ ગ્રંથમાં કર્ત્તાએ હિંદુ સતીઓનુજ નહિ, પણ સાથે મુસલમાન અને ખ્રિસ્તી સતીઓનું પણ વર્ણન કરી એ ગ્રંથ સઘળી કોમના લોકોને ઉપયોગમાં આવે એવો કર્યો છે. પાછલા ભાગમાં સ્ત્રી પુરૂષના ધર્મો લખ્યા છે, તે પણ ગૃહસંસારમાંજ બહુજ ઉપયોગના છે. કવિ સામળભટ્ટની બનાવેલી બત્રીશ પુતળીઓ વગેરેની કલ્પિત વાતોના ગપોડા વાંચવા કરતાં આવા ગ્રંથો વાંચવાથી સ્ત્રી પુરૂષોને સારો લાભ થઈ શકે એમાં જરા પણ શક નથી. એ ગ્રંથ દરેક કોમમાં સ્ત્રી પુરૂષને વાંચવાની અમે ભલામણ કરીએ છીએ.'

હિંદુસ્તાનપત્ર, અમદાવાદ—''સતીમંડળ અને સ્ત્રી પુરૂષના ધર્મ. એ ગ્રંથ સ્ત્રીઓને શિક્ષણ લેવા યોગ્ય છે. આ ગ્રંથ નિર્ભયપણે સ્ત્રીઓના હાથમાં મૂકવા જેવો છે, એટલુંજ નહિ પણ ભણેલી તમામ સ્ત્રીઓએ એકવાર વાંચવાની અને વગર ભણેલી સ્ત્રીઓને સાંભળવાની અમે ભલામણ કરીએ છીએ. આવા ગ્રંથની ગુજરાતી ભાષામાં ખોટ હતી, તે મી. કેશવજીએ પુરી કરી છે.

આ ગ્રંથ ઘણોજ ઉપયોગી થયેલો જોઈ અમે ખુશી થયા છીએ. એ ગ્રંથનુ કદ મોટું, સુશોભિત પુઠું, વગેરે જોતાં તેની કીંમત વધારે નથી. સર્વ વર્ગનાં સ્ત્રી પુરૂષોએ આ ગ્રંથનો લાભ લેવા ચુકવું નહિ. એવી અમારી ખાસ ભલામણ છે.''

કવિ ભવાનીશંકર નરસિહરામ, લીંબડી—''સતીમંડળ અને સ્ત્રીપુરૂષના ધર્મ. એ નામનો ગ્રંથ વાંચી ઘણોજ પરમાનંદ થયો છે. આવા ગ્રંથની આપણી ગુજરાતી ભાષામાં આવશ્યકતા હતી તે આવશ્યકતા આ ગ્રંથે પૂર્ણ કરી છે. સતીમંડળ એ પતિભક્તિ દર્શાવનારી પ્રસિદ્ધ સ્ત્રીઓનું આપણને દર્શન કરાવે છે. આ ગ્રંથ આપણી સ્ત્રીઓને નીતિમાર્ગ ભણી દોરવીને પોતાના પતિની ભક્તિ કરવાનું શિક્ષણ આપે છે. તે સાથે સ્ત્રીઓને કેટલુંક વ્યવહારિક જ્ઞાન મળે તેવા વિષયો દાખલ કરી એ પુસ્તકની ખુબીમાં વધારો કર્યો છે. ગૃહ—વ્યવહારનું આવું જ્ઞાન આપણી સ્ત્રીઓને ઘણું ઉપયોગી થઈ પડે એવું છે. હાલમાં આપણી કન્યાશાળાઓમાં જે વાંચનનાં પુસ્તકો ચાલે છે. તેમાંનાં ઘણાંખરાં ઉપયોગી વિષયોથી

ભરપૂર નથી. તેથી જો આવાં પુસ્તકો આપણી કન્યાશાળાઓમાં ચાલે તો તેમને વ્યવહારમાં ઘણાં ઉપયોગી થયા વિના રહે નહિ. કર્ત્તાએ આમાં ઘણો શ્રમ લીધેલો છે. તેમને એક સારા લેખક તરીકે યશ પામતા જોઈ હું ઘણોજ ખુશી થાઉછું. આ ગ્રંથનો સર્વે કુટુંબોને લાભ લેવાની હું ભલામણ કરૂં છું."

કાળીદાસ દેવચંદ બગસરા માસ્તર—"સતીમંડળ એ દરેક સ્ત્રીના હાથમાં આપવા લાયક ઉત્તમ ગ્રંથ છે. ભાષા ઘણી શુદ્ધ, સરળ અને મધુર છે. વાક્ય રચના સાદી અને નાના મોટા સર્વને સમજાય એવી છે. આર્ય સન્નારીઓને એ પુસ્તક વાંચતાં અને શ્રવણ કરતાં તલ્લીન કરી તેણીઓમાંથી પૂર્વનું ગયેલું સતીત્વ પુનઃ પ્રાપ્ત કરી દે, તેવાં સતીઓનાં ચરિત્રોના સદ્બોધથી અભિરૂપતા પ્રાપ્ત થાય તેવું એ પુસ્તક છે. આ પુસ્તક કન્યાશાળામાં અઠવાડીયામાં એકાદ બે કલાક દાખલ થાય તોજ પ્રસન્ન થવા જેવું છે અને તેમ થાય તોજ પુસ્તકનો હેતુ બર આવે."

હરિવલ્લભ કૃષ્ણવલ્લભ ઓવરસીયર. ઠે. ધી. યુનિયન મિ. લી. મુંબઈ—"સતીમંડળ મેં આમોદમાં મારા એક મિત્ર પાસે વાંચ્યું. તેમાં સમાએલી બાબતો નીતિથી ભરપૂર છે. આ ગ્રંથ ખાસ સ્ત્રી પુરૂષોને વાંચવા જેવો છે. આપનો શ્રમ સ્તુતિપાત્ર છે. આવા ઉપયોગી પુસ્તકની ખોટ હતી, તે તમોએ પૂરી પાડી છે. સંસારમાં દરેક દંપતીને આ પુસ્તક બહુ ઉપયોગી છે. પુસ્તક સર્વ બાબતે પૂર્ણ છે.

આવા ધર્મ નીતિથી ભરપૂર ગ્રંથને વાંચવા વાંચકવૃંદ અધિરા કેમ ન બને ! હું આશા રાખું છું કે મને એની બે પ્રત તરત મોકલી આપીને વાંચનારની જીજ્ઞાસા સંપૂર્ણ કરશો."

હરિલાલ વિ. ભવાનીદાસ અંકલેશ્વર—"આપના તરફથી આર્ય મહિલાઓના ધર્મ નીતિ શિક્ષણાર્થે થોડુંક થવાં "સતીમંડળ" નામનો અપૂર્વ ગ્રંથ બહાર પડેલ છે. એ ગ્રંથની પ્રથમાવૃત્તિ ટુંક વખતમાં સઘળી ખપી જવાથી એ ગ્રંથની લોકપ્રિયતા સાબિત થઈ ચૂકી છે. આ ગ્રંથ આર્યાવર્ત્તની મહિલા તથા બાળાઓને ધર્મ નીતિનું શિક્ષણ આપી તેમને નીતિમાર્ગે દોરવાને આપનો અત્યુત્તમ શ્રમ ઘણે અંશે પાર પડેલ છે અને આગળ જતાં પડશે એમ કહેવું નીર્વિવાદ છે."

ચુનીલાલ છગનલાલ નગરશેઠ. બોટાદ—"સતીમંડળ વાંચી હું ઘણોજ ખુશી થયો છું. સ્ત્રી કેળવણીને માટે જે પુસ્તકની ખોટ હતી તે આપે ઘણો શ્રમ લઈ પુરી પાડી છે. તેથી આપનો મોટો ઉપકાર માનું છું. પહેલેથી છેવટ સુધી ત્રણ ચાર વખત વાંચ્યું તોપણ તે એવું રસિક તથા બોધકારક છે કે ફરી ફરીને વાંચવાનું મન થાય છે. આ પુસ્તક દરેક માણસે ઘરમાં શણગારરૂપ રાખવા મ્હારી ભલામણ છે. આપના તરફથી "ચરિત્રચંદ્રિકા." છપાઈ બહાર પડવાનું છે તે મને તૈયાર થયે મોકલાવી આપશો."

આણંદજી વિ. પરમાણંદજી શેઠ. ભેંદરડા—" આપનું સતીમંડળ વાંચી અમારા આનંદનો તો પાર રહ્યો નથી; તેમજ સ્ત્રીઓને એવો આનંદ વધ્યો છે કે તે કાંઈ મણા નહિ. આપે આ પુસ્તક રચવાથી આપને સ્ત્રીઓ તરફથી ઘણીજ શાબાશી મળે છે કે ધન્ય છે આ પુસ્તક રચનારને ? આ પુસ્તક વાંચવાથી દુષ્ટ સ્ત્રીઓ હશે તે પણ સુધરશે તેમાં કાંઈ શક નથી. આ પુસ્તક ઉપર આપે ઘણોજ શ્રમ લીધેલો છે, તેના પ્રમાણમાં કીંમત પણ ઘણીજ ઓછી છે. તમારૂં રચેલું "**કન્યાવિક્રય નિષેધદર્શક**" મને તરત મોકલાવશો."

રા. રા. દેસાઈ ગુલાબભાઈ ભગવાનજી અબ્રામકર રંગુન—"સતીમંડળ નામનું પુસ્તક મારા વાંચવામાં આવ્યું છે. આપણા સર્વોત્કૃષ્ટ આર્યધર્મને ઉદ્દેશીને સ્ત્રી પુરૂષોને પોતાના પરસ્પરના ધર્મ જાણવાને જે દર્પણ હાથમાં મૂક્યું છે તે અનુપમ છે. તેમજ વળી હાલમાં શાળાઓમાં અપાતી કેળવણી તેમાં મુખ્યત્વે કરીને કન્યાશાળામાં બાળકીઓને જે શિક્ષણ આપવામાં આવે છે, તેમાં મૂળ હેતુનું વિસર્જન કરી કેટલીક નિરૂપયોગી બાબતો ઉપર વધારે ધ્યાન અપાય છે. તેથી તેઓનાં કુમળાં મન ઉપર જે અસર થવી જોઇએ તે આધુનિકકાળની કેળવણીની પદ્ધતિથી થતી હોય એમ સંભવતું નથી અને તેટલા માટે " સતીમંડળ " જેવા ગ્રંથની ન્યુનતા હતી તે પૂર્ણ થઈ છે.

જો કે એ વિષય ઉપર કેટલાંક પુસ્તક પૂર્વે લખાયાં છે, તેમાં કેટલાકમાં ભાષાની પ્રૌઢતાને લીધે, કેટલાકમાં મૂળ વસ્તુ યથાર્થ ન વર્ણવેલ હોવાથી અબળાઓને જેવી રીતે જોઇએ તેવી રીતે ઉપયોગી થઈ પડયાં નથી; પરંતુ સર્વ પ્રકારે ઉપયોગી થઈ પડે તેવી તમામ બાબતો આ પુસ્તકમાં જોવામાં આવે છે. તે તમારા શ્રમને માટે તમોને ધન્યવાદ ઘટે છે."

મહેરબાન મૂળશંકરભાઈ જેઠાભાઈ. નવસારી નાયબ સુબા સાહેબ—" સતીમંડળ અને સ્ત્રીપુરૂષનાધર્મ—આ નામનુ પુસ્તક વાંચી જોતાં તે ઘર સંસાર સુધારવા દરેક કુટુંબમાં ઘણુંજ ઉપયોગી થઈ પડે એવુ થયું છે. તે જોઈ મને ઘણોજ સંતોષ થયો છે. વધ સ્ત્રીઓ અને માતાઓને બોધ લેવા લાયક તેમાં મોટો ભંડાર છે અને આપણો ધર્મ તથા વ્યવહાર ઉપયુક્ત હાલના સુધારા સાથે શી રીતે સચવાય તે આ પુસ્તક ઉપરથી દેખાય છે."

રા. રા. ગંગાધર જગજીવન માસ્તર. બોઈદર—" આપના લોકપ્રિય **સતીમંડળ ભાગ ૧ લો** તથા **ચરિત્રચંદ્રિકા** વિગેરે પુસ્તકોની હકીકત વાંચી ધન્યવાદ આપું છું કે, આવી સતીઓ અને મહાન્ પુરૂષોનાં જન્મ ચરિત્રો અંધકારમાં પડી રહેલાં તેને આપે પ્રકાશમાં મૂકી દીધાં એ ઘણુંજ લોકોપયોગી કામ થયું છે, તેની સાથે ગુર્જર પ્રજાને ઘણીજ ઉપકૃત કરી છે. આ પુસ્તકોનું સંશોધન

કરતાં આપણુને અપૂર્વ મહેનત તથા ખર્ચ થયો હશે એમાં કાંઈ શક નથી. આ પુસ્તકોની હકીકત જોતાં એની જે કીંમત રાખી છે તે કાંઈજ વિસાતમાં નથી. આવાં ઉત્તમ પુસ્તકો પ્રગટ કર્યા એ માટે ધન્ય છે આપનાં માતપિતાને ! અને ધન્ય છે આપની વિદ્વતાને ! ! "

રા. રા. જેઠાલાલ વીશરામજી. રંગુન—"સતીમંડળનું પુસ્તક બહુજ ઉત્તમ, રસિક અને મનને ગમતું બહાર પડયું છે, તે વાંચી અત્યંત ખુશી થયો છું. પુસ્તકના પ્રમાણમાં તેની કીંમત કંઈ પણ નથી, આપે એ કામમાં ઘણોજ શ્રમ લીધેલો જણાય છે. આ પુસ્તક સ્ત્રી પુરૂષને જીંદગી સુધારવાનું સાધન તેમજ સન્માર્ગે ચલાવવા માટે આવાં પુસ્તકોની દુનિયામાં ખોટ હતી તે આપે પુરી પાડી છે. પહેલેથી છેલ્લે સુધી સાત આઠવાર વાંચ્યું તોપણ તે એવું તો રસિક તથા બોધક છે કે ફરી ફરીને વાંચવાનું મન થાય છે. સર્વે વર્ગના સ્ત્રી પુરૂષોએ આ પુસ્તકનો લાભ લેવા ચૂકવું નહિ એવી અમારી ભલામણ છે. "

રા. રા. પુરૂશોતમ વ્રજલાલ બક્ષી. વડોદરા—"આપના તરફથી આવેલું સતીમંડળ પુસ્તક વાંચી જોયુ છે. એમાં આપે જે શ્રમ લીધો છે તે ઘણોજ સ્તુતિ પાત્ર છે. હાલમાં સંખ્યાબંધ હેન્ડબીલો બહાર પાડવામાં આવે છે અને તેમાં જે અતિશ્યોક્તિ વપરાય છે તે દોષથી કેવળ આપનું હેન્ડબીલ મુક્ત છે. આપે જે જાહેર ખબર પ્રથમ આપેલી છે, તેથી પણ વિશેષ એ પુસ્તકમાં વિષય સમાવી શોભાવ્યો છે. જેમ એક ઘડામાં સમુદ્ર ભર્યો હોય, તેમ એ પુસ્તકમાં આર્ય તથા અનાર્ય સ્ત્રીઓનાં એકંદર ઇતિહાસિક જ્ઞાન સાથે ધર્મ નીતિ અને પવિત્ર જ્ઞાનથી ભરપૂર સંક્ષેપ ચરિત્રો દાખલ કરી આર્ય ભગિનીઓ તથા આર્ય બંધુઓના ઉપર ઉપકાર કર્યો છે; એટલુંજ નહિ પણ આ લોક તથા પરલોકનુ સાધન કરી આપી આપના નામને અમર કર્યું છે. ગૃહસ્થોએ આ પુસ્તક પોતાના ઘરમાં એક અમૂલ્ય રત્નની પેઠે સંગ્રહ કરી રાખી, વખતો વખત ઘરમાં સ્ત્રી, પુત્ર, પુત્રીને શિક્ષણ આપવા ઉપયોગ કરવો જોઇએ. એ પુસ્તક વાંચી મનન કરવાથી ખરેખર જીંદગી સફળ થશે. જો આ પુસ્તક કેળવણી ખાતામાં ફરજીઆત તરીકે શિક્ષણ આપવામાં વપરાય તો આ દેશનું ભાગ્ય સમજું છું. "

સૌ. કૃષ્ણાગૌરી એચ. રાવળ. હેડમિસ્ટ્રેસ, લેડી રે ગર્લ્સ સ્કુલ—'સદ્દગુણી હેમંતકુમારી'નાં કર્ત્તા-લુણાવાડા—"ઘણા વખતથી આપના અતિ ઉત્તમ પુસ્તક "સતીમંડળ' વિષે સાંભળ્યું હતું, તે પુસ્તક હાલ મ્હારા હાથમાં આવ્યું, તેથી મને ઘણોજ આનંદ ઉપજ્યો છે. ગુજરાતી ભાષામાં સ્ત્રી જાતિને ઉપયોગી થઈ પડે, તેવાં સારાં પુસ્તકો ગણ્યાં ગાંઠયાંજ છે, તેવા સમયમાં આપે મ્હોટો શ્રમ લઈ તથા દ્રવ્યનો ખર્ચ કરી ગુર્જર ભામિનિઓના કલ્યાણ અર્થે સતીમંડળ વગેરે પુસ્તકો પ્રગટ કરી દેશની જે સેવા બજાવો છો, તેથી આપને મ્હોટો

ધન્યવાદ ઘટે છે. આપે મોકલાવેલું પુસ્તક હું પહેલેથી છેવટ સુધી વાંચી ગઈ છું. તેમાં લખેલાં સદ્‌ગુણી ને પવિત્ર સતી સ્ત્રીઓનાં ચરિત્રો મને ઘણાંજ રસિક અને સુબોધક જણાયાં છે. આપે એટલા કામથી સંતોષ ન પામતાં, સ્ત્રી ઉપયોગી અનેક વિષયો હાથમાં લઈ તેને પુસ્તકના પાછલા ભાગમાં દાખલ કર્યા છે. તેથી પુસ્તકના ઉપયોગીપણામાં ઘણો વધારો થયો છે.

આપણા દેશની ઘણી તરૂણ સ્ત્રીઓ વસ્ત્રાલંકારથી પોતાનુ શરીર શણગારવા આતુર દેખાય છે. પણ તેઓ "સતીમંડળ" જેવાં નીતિનાં પુસ્તકો વાંચી પોતાનું અંતઃકરણ સુધારવા ઉત્સાહ ધરતી હોય તો કેવું સારૂં ! !

તમારૂં સતીમંડળનુ પુસ્તક કેળવાયેલી કન્યાઓને તથા સ્ત્રીઓને અવસ્ય વાંચવા લાયક છે. તેમજ દરેક કન્યાશાળાની લાઇબ્રેરીમા રાખવા જેવું અને ઇનામ વહેચવા જેવું છે. આશા છે કે બુક કમિટી આ પુસ્તકને મન્જુર કરી કન્યાઓને સુબોધક વાંચન મળી શકે તેમ કરશે. આ પુસ્તક સ્ત્રીઓને ઘણુંજ ઉપયોગી છે, તેનો બહોળો ફેલાવો થયેલો જોવાને હુ ઇચ્છુ છુ."

નાનુ નરોત્તમ અઢિયા–દાહાણું—"પ્રિય મહાશય ! સતીમંડળ ગ્રંથ વાંચી અત્યંત ખુશી થયો છુ. આ ગ્રંથ ખરેખર સતીઓનુ એક મંડળ છે. આર્ય અબળાઓને તે મંડળમાં પ્રવેશ થવાનુ એક સર્વોત્તમ સાધન છે. ઇતિહાસિક જ્ઞાન સાથે પવિત્ર ધર્મનીતિનો એક કુંડ છે, એટલુજ નહિ પરંતુ પુરૂષોને સુદ્ધાં ઉત્તમ બોધામૃત પાન કરવા લાયક છે, એમ કહેવામાં અતિશયોક્તિ ગણાશે નહિ. "સતીમંડળ" ગ્રંથ પ્રત્યે હું બહુ શ્રદ્ધાવાન રહ્યો છું. સગાં સ્નેહીઓમાં એ ગ્રંથનું મનન કરવા વિષે–વખતો વખત ભલી ભલામણ કરવાનુ હુ ભૂલ્યો નથી. **ભાગ–બીજો** બહાર પડવાને અંતઃકરણમાં અતિ ઉત્કંઠા હતી, તે પાર પડેલી જોઈને સંતોષાનંદ થાય છે. આપની સ્તુત્ય દેશભક્તિ અને શ્રમના બદલામા આપને યોગ્ય યશ મળો એવી પરમાત્મા પ્રત્યે પૂર્ણ પ્રેમે પ્રાર્થના છે. **'સતીમંડળ ભાગ બીજો'** મોકલશોજી.'

સૌ. દીવાળી નાથાલાલ–ઝણોર—"મહાશય ! આપે સ્ત્રી કેળવણી ઉત્તેજનાર્થે આપની અનુભવી કલમથી લખાયેલ ધર્મ નીતિપર્ણ ગ્રંથ નામે સતીમંડળ રૂપી નિર્મળ નીરસુ આ કરમાઈ જતી સ્ત્રીધર્મ રૂપી કનકવેલીને સીંચન કરી પ્રફુલિત કરી છે. તે જાણી આનંદ થાય છે. તે ગ્રંથ આ પામર બ્હેનને મોકલવા માગણી છે; તે સ્વિકારી મનના મનોરથ સફળ કરશોજી—

મનહર છંદ.

કેટલાક પત્ર લખી પાડવ્યા પવિત્ર વીર,
શતીમંડળ ને કાજ ભગનીએ ભાવથી.
વળી વાંચવાને મારૂં મનતો વિચારે વળ્યું,
જીતી શકી નહિ જેથી ફરીને કહુ કથી.

વિરાજી પ્રથમ આપે મંગાવી લેવા કહેલું,
સ્વ સુગ્રંથ ભગનીને વાંચવા આનંદથી;
નાથજીની કૃપાવડે ઘણી અધીરાઈ સાથે,
થઈ રળીઆત આ મેં પત્ર લખ્યો પ્રેમથી.

દોહરા.

નીતિગ્રંથ તમારો એ, "શ્રી સતીમંડળ" સાર;
પાઠવી દેશો પ્રેમથી, વીનવું વારંવાર. ૧
મેર કરી મૂજ ઉપરે, રખે લગાડો વાર:
નીતિગ્રંથ એ નીરખવા, અધીરી બની અપાર. ૨
કમલભૂ મૈલ સુતાપતિ, રોહિની સુતના ભ્રાત;
એકત્ર આપ તણી કરો, રક્ષા તે દિન રાત. ૩
રહો રહો રૂદીઆ વિષે, રાત દિવસ રળીઆત;
વધો વધો વદ વદનથી, વિશ્વવિષે વધુ ખ્યાત. ૪
નીતિમય ગ્રંથો નવા, રચવા મંગળ મત્ત,
દિપોત્સવી એથી વધુ, દામોદર તું દત્ત. ૫

આ સિવાય ઘણાજ ઉત્તમ અભિપ્રાયો આવ્યા છે; પણ જગાની તંગાસને લીધે દાખલ કર્યા નથી; વગેરેથી આ ગ્રંથ કેવો ઉત્તમ, ઉપયોગી અને લોકપ્રિય થયો છે તેની ખાત્રી થશે.

ગ્રંથકર્ત્તા.

"ચરિત્રચંદ્રિકા."

આ ગ્રંથ ગાયકવાડ સરકારના કેળવણી ખાતાએ ઈનામ તથા લાઇબ્રેરી માટે મંજુર કર્યો છે. તેમજ ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીએ, જુનાગઢ સરકારે, કચ્છ રાજ્ય વગેરે રાજ્યોએ તેમની ઉત્તમતાની ખાત્રી કરી સારો આશ્રય આપ્યો છે. આ ગ્રંથની ઉત્તમતા વિષે ઘણા સારા અભિપ્રાયો પડયા છે. તેમાંથી થોડા આ નીચે દાખલ કર્યા છે. તે ઉપરથી તેમજ હિંદી, મરેઠી વગેરે ભાષામાં છપાવી બહાર પાડવાની માગણી થયેલી છે, વિગેરેથી આ પુસ્તકની ઉત્તમતાની ખાત્રી થશે.

સર્ટિફીકેટો.

રા. બા. ગણુપતરામ અનુપરામ. કાઠિયાવાડ ટ્રેનિંગ કૉલેજના માજી પ્રિન્સિપાલ અને "જાતમહેનત" વગેરે ગ્રંથના કર્ત્તા—"તમારા તરફથી ચરિત્રચંદ્રિકા નામે પુસ્તક આવ્યું, તે માટે ઉપકાર માનું છું. આ જંજાળ-વાળી જીંદગી અને પ્રવાસનો વ્યવસાય છતાં આપનું પુસ્તક મે વાંચ્યુ છે. એ સંગ્રહ પછવાડે તમે ઘણો શ્રમ તથા કાળ ખર્ચ્યો હોવો જોઇએ: તે ખાતે વાંચક વર્ગ તમારો ઉપકાર માનવો ઘટે છે. એ પુસ્તક રસિક, ધર્મનીતિથી ભરપૂર અને પ્રાચીન અર્વાચીન મહાન્ પુરુષોની રીતિનીતિ જાણવાને તથા દરેક ધર્મોનાં તત્વો જાણવાને ઉપયોગી છે.

આ પુસ્તકની ભાષા, શૈલી પણ તમારા બીજા ગ્રંથોની પેઠે સાદી અને સરળ છે. એટલે જનસમૂહને માટે એ પુસ્તક વિશેષ પાત્ર છે."

पंडित रामलाल शर्म्मा—जोधपुर (मारवाड)—"महाशय ! आपकेरचित "चरित्रचंद्रिका" को देखकर मेरादिल अत्यंत प्रसन्न हुआ, निःसन्देह आपका परिश्रम सराहनीय है—यदि इसीतरह आप ओर ओर पुस्तकें प्रकाशित करेंगै तो आशाहेकि भारत निवासीयोंको बहुत कुछ लाभ होगा—आप कभी ओर कोई पुस्तक प्रकट करेंतो मुजे सूचना भेजें इति."

કવિ દલપતરામ ડાહ્યાભાઈ સી. આ. ઈ. અમદાવાદ—"તમારૂં રચેલું ચરિત્રચંદ્રિકા પુસ્તક વાંચી ઘણોજ આનંદ થયો છે. હાલની ઉછરતી

પ્રજાને વાંચવાને આવા પુસ્તકની ખરેખર ખોટ હતી, તે તમોએ પૂરી પાડી છે. આ પુસ્તક આદિથી અંત સુધી ધર્મનીતિ અને તત્વ જ્ઞાનથી ભરપૂર છે. રામ, કૃષ્ણ, મનુ, નારદ, જનક, શિવ, વિષ્ણુ, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય, સ્વામીનારાયણ, પ્રણામીપંથ, જૈન, બૌદ્ધ, નાનક, કબીર, ચાર્વાક, જરથોસ્ત, મુસા, હજરતમહંમદ પેગંબર, ઇસુખ્રિસ્ત, વગેરે પ્રખ્યાત્ ધર્મોના પ્રવર્ત્તકોનાં ચરિત્રો આપી લોકોને સારાસાર જાણવાને ઉપયોગી થઈ પડે એમ કર્યું છે. એટલુજ નહિ પણ પ્રાચીન ઋષિ મુનિઓ, સિદ્ધ મહાત્માઓ, મહારાજાઓ અને મહાન્ ભક્તો વગેરે **૧૪૧** દૈવી જનોનાં ચરિત્રોનો સંગ્રહ આપી લોકોને અનેક પ્રકારનુ શિક્ષણ લેવાને ઉપયોગી થઈ પડે એમ કર્યું છે. આ તમારો શ્રમ ઘણો સ્તુતિપાત્ર છે. આ પુસ્તક અમે દરેક સ્ત્રી પુરૂષને વાંચવાની ભલામણ કરીએ છીએ. ”

પ્રોફેસર મણીલાલ નભુભાઈ. નડીયાદ—“ તમારૂ **ચરિત્રચંદ્રિકા** વાંચી પ્રસન્ન થયો છું. ઋષિ મુનિઓ, મહાત્માઓ અને ધર્મ પ્રવર્ત્તકો વગેરે **૧૫૧** મહાન્ પુરૂષોનાં ચરિત્રોનો સંગ્રહ ઘણો શ્રમ લઈ દાખલ કર્યો છે, તે ઘણોજ ઉપયોગી અને સ્તુતિ પાત્ર છે. આ પુસ્તક ધર્મ, નીતિ અને પવિત્ર જ્ઞાનથી ભરપૂર છે. અર્વાચીન પ્રસિદ્ધ થતાં નાટક ચેટકો અને વાર્તાનાં પુસ્તકો વાંચવા કરતાં આવાં પુસ્તકો ઉછરતી પ્રજાએ બેધડકપણે વાંચવા જોઇએ. આ પુસ્તક અમે દરેક કુટુંબમાં સ્ત્રી, પુત્ર, પુત્રીઓને ધર્મ નીતિનુ શિક્ષણ આપવા માટે રાખવાની ભલામણ કરીએ છીએ. ”

રા. બા. ગીરધરલાલ ઉલટરામ. અમદાવાદ—“ તમારૂ ચરિત્રચદ્રિકા વાંચી ઘણો ખુશી થયો છું. આવા ધર્મ નીતિ અને પવિત્ર જ્ઞાનથી ભરપૂર પુસ્તકની ખરીખરી ખોટ હતી. તે આપે શ્રમ લઈ પૂર્ણ કરી છે. મનુષ્યનુ મન ચંચળ છે, તે જેવા દાખલા અને દૃષ્ટાત્ મેળવે છે તે તરફ વળે છે. આ પુસ્તકમા જે—**૧૪૧** મહાન્ પુરૂષોનાં ચરિત્રો દાખલ કર્યાં છે, તે ખરેખર વાચનારના મનને પવિત્ર પ્રેમી અને જ્ઞાની બનાવી દે તેવાં છે; એટલુજ નહિ પણ પોતાની જીંદગીનું સાફલ્ય શુ કર્યાથી છે, તે જણાઇ આવે છે. આ પુસ્તક દરેક ગૃહસ્થે પોતાના ઘરમાં સગ્રહ કરી વાંચવાની ભલામણ કરીએ છીએ. આ પુસ્તકની બે નકલ મોકલશો. ”

રા. રા. ગોપાલજી બુધારામ. રેલવે સીટીસ્ટેશન કરાંચી—“ માનવંતા સાહેબ ! આપે માનવહિતાર્થે જે **ચરિત્રચંદ્રિકા** પ્રકટ કરી તે વાંચી પરમ આનંદ થયો છે. તે પુસ્તક રહસ્યાદિથી ભરપૂર છે. ગુજરાતી ભાષામાં તેવા પુસ્તકની ખોટ હતી, તે આપે ઘણોજ શ્રમ લઈ પૂરી પાડી છે. તેથી આપનો મોટો આભાર માનું છું. એ પુસ્તક મેં પહેલેથી તે છેલ્લે સુધી છ—સાત વખત વાંચ્યું તોપણ તે એવું તો રસિક તથા બોધક છે કે, તે ફરી ફરીને વાંચવાનું મન થાય છે. ખરેખર એમાં આપે જે શ્રમ લીધો છે તે સ્તુતિ પાત્ર છે. હું હમેશાં ઇશ્વર

પાસે યાચના કરૂ છું કે ગુર્જર પ્રજામાં આવા ગ્રથકારો હમેશાં થાઓ. હુ સર્વ ગૃહસ્થોને નમ્ર વિનંતી કરૂ છું કે, આ પુસ્તક રૂપ અમૂલ્ય હીરાને ખરીદી વાંચવા ચૂકવું નહિ. "

રા. રા. વ્રજલાલ પુરૂશોત્તમ બક્ષી–વડોદરા—" આપનું ચરિત્રચંદ્રિકા વાંચીને ઘણોજ હર્ષ થયો છે. એ પુસ્તક માટે આપે જે શ્રમ કર્યો છે તે ઘણોજ સ્તુતિ પાત્ર છે. હાલમાં સંખ્યાબંધ હેંડબીલો બહાર પડે છે અને તેમાં ઘણી અતિસ્યોક્તિ વપરાય છે; તે દોષથી કેવળ આપનુ હેંડબીલ મુક્ત છે. હેંડબીલમાં પ્રથમ જે જણાવેલું છે તેથી પણ વિશેષ એ પુસ્તકમાં સમાવી સુશોભિત કર્યું છે. એક ઘડામાં સમુદ્ર ભર્યો હોય, તેની પેઠે પુસ્તકમાં આર્ય અને અનાર્ય વગેરે–૧૪૧ મહાન્ પુરૂષોનાં ઐતિહાસિક સંક્ષેપ ચરિત્રો દાખલ કર્યા છે. તે ધર્મ, નીતિ અને તત્વજ્ઞાનથી ભરપૂર છે. આ પુસ્તક પ્રગટ કરી આપે દેશ બંધુઓના ઉપર મોટો ઉપર કર્યો છે; એટલુજ નહિ પણ આ લોક અને પરલોક સુધારવાનું સાધન કરી આપી, આપનુ નામ અમર કર્યું છે. એ પુસ્તકનુ કદ અને મહેનત વગેરે જોતાં તેની કીંમત કંઈજ વધારે નથી. જીંદગીનુ સાફલ્ય કરવા ઇચ્છનારે આ પુસ્તક લક્ષપૂર્વક વાંચી મનન કરવું જોઇએ. દરેક ગૃહસ્થે આ પુસ્તક પોતાના ઘરમા અવશ્ય વાંચવા રાખવું જોઇએ."

રા. રા. અલ્લાઉદ્દીન પીરભાઈ. બી. એ. હાજીગંજ—" સાહેબ! આપનુ ચરિત્રચંદ્રિકા નામે પુસ્તક અતિ છટાદાર અને બોધકારક ભરપૂર લખેલ વાંચી ખુશ થયો છું. વળી આશા રાખવામાં આવે છે કે એવાંજ બીજાં પુસ્તકો બહાર પાડી પ્રજાના મનને મુક્ત કરવા તસ્દી લેશો, તેનો બદલો ઇશ્વર તમને પુરતો આપશે એવી પ્રાર્થના કરૂ છુ. સતીમંડળ અને સ્ત્રી પુરૂષના ધર્મ નામે પુસ્તકની એક નકલ વી. પી. થી તરત મોકલાવશો. "

રા. રા. કૃષ્ણજી નારાયણ કાપડોસકર. આબકારી ઈન્સ્પેકટર ભરૂચ–" આપનો **ચરિત્રચંદ્રિકા** નામે ગ્રંથ આદિથી અત સુધી પાંચ વખત ધ્યાન દઇને વાંચતાં બહુજ નીતિથી ભરેલો જણાયો છે. દરેક કુટુંબમા અવશ્ય રાખવા યોગ્ય છે. દક્ષિણી ભાષામાં પણ ભાષાંતર કરી વેચવાની તજવીજ થશે તો રાખવા યોગ્ય છે. હું દક્ષિણી બ્રાહ્મણ છું. તેથી ભલામણ કરૂં છું અને અનુભવથી લખું છું કે દક્ષિણીઓ બહુ પ્રીતિથી એનું દક્ષિણી ભાષાંતર વાંચશે. આપનો **સતીમંડળ** ગ્રંથ હું મેળવી શક્યો નથી, માટે મહેરબાની કરી વેલ્યુપેબલથી એક નકલ મોકલાવશો."

રા. રા. પીતાંબર હીરારામ જોશી. મુંબઈ—" આપે રચેલો ચરિત્રચંદ્રિકા ગ્રંથ વાંચતાં મનુષ્યનુ હૃદય પ્રફુલ્લિત થઈ સન્માર્ગે પ્રવર્ત્તે એવા દાખલા અનેક દ્રષ્ટાંતોથી ભરપૂર છે. આપે રાતદિવસ ઘણો શ્રમ લઈ શોધ કરી આ ગ્રંથ તૈયાર કર્યો છે; એ માટે પ્રજા આપની ઘણી આભારી છે. આપનો આ સ્તુતિપાત્ર શ્રમ જોઈ અમે ઘણો ધન્યવાદ આપી ઉપકાર માનીએ છીએ. આપ જેવા નર

રત્નો ભારતભૂમિમાં જ્યારે ઘણા થશે, ત્યારેજ દેશનો ઉદ્ધાર થશે. આપે જે શ્રમ લઈ આ અમૂલ્ય પુસ્તક રત્ન પ્રજાને માટે તૈયાર કરી આપ્યું છે, એ માટે ઇશ્વર પાસે માગીએ છીએ કે તે આપને સદા આરોગ્ય રાખે.

આ ગ્રંથ પ્રાચીન અર્વાચીન ૧૪૧ મહાન્ પુરૂષોના જન્મ ચરિત્રથી ભરપૂર છે; તેમજ અનેક પ્રકારનો બોધ લેવા લાયક છે. માટે હુ આર્યભાઇઓને વિનંતી કરૂં છું કે, આ પુસ્તકને ઘરમાં અવશ્ય સંગ્રહ કરી વાંચવા ચૂકવું નહિ. ”

શાર્દૂલવિક્રીડિત છંદ.

મોટા જેહ થયા જનો જગતમાં, એ અંતરે આણવા;
પામ્યા નાશ નથી સદા સુજન તે, છે જીવતા જાણવા;
જાગી રોજ પ્રભાતમાં સમરિયે, તો સદ્ગુણો પામિએ;
સારાં કામ કરી સ્વર્ગમાં, વાસો રૂડા નામિએ.

કવિ દલપતરામ ડાહ્યાભાઈ.

ઉપજાતિ છંદ.

આ ચંદ્રિકા ચારૂ ચરિત્ર કેરી, વાંચો વિવેકે સુજનો ભલેરી.
મહાન પુર્વે પુરૂષો થયા છે, તેના ગુણો એહજ વર્ણવ્યા છે. ૧
પરાક્રમો જે નરદેહ ધારી, પવીત્ર કીધાં અતિશે અપારી;
તે વાંચવા પ્રેમ વિશેષ આણી, સુબુદ્ધિદાતા સુખકારી જાણી. ૨
સુનીતિથી છે ભરપૂર ગ્રંથ, પવિત્ર તેને પળજોજી પંથ;
કુટુંબમાં પાઠ કદી કરાય, વૃદ્ધિ સદાચાર તણી જણાય. ૩
કુસંપનો થાય સદૈવ નાશ, સુસંપનો થાય અતિ પ્રકાશ;
પ્રભુ પદે પૂરણ પ્રીત વાધે, આ લોક સાથે પરલોક સાધે. ૪
જે **વિશ્વનાથાત્મજ** બુદ્ધિધામ, જેનું વદે **કેશવજી** સુનામ.
સ્વદેશ પ્રેમી સુગુણી ઘણેરા, કર્ત્તા “ **સતીમંડળ** ” ગ્રંથકેરા. ૫
જ્ઞાતી **શ્રીમાળી** શુભ વિપ્ર છેય, જે પ્રીતથી **ધ્રોળ** વિષે વસેય;
પ્રયાસથી સંગ્રહ શુભ કીધો, અમૂલ્ય તો લાભ અલભ્ય દીધો. ૬
આભાર ભારી ગણી એજ લેવો, તેને ઘટે આશ્રય આજ દેવો;
જરૂર વાંચો સહુ બાઈ ભાઈ, છે શાંતિ દાતા વળી સૌખ્યદાઈ. ૭
ઉમગ જેથી ઉરમાં વધેય, સુગ્રંથ બીજા બહુ તે રચેય;
છોટું કહે છોકરવાદ છોડો, વાંચી પ્રભુમાં નિજ ચિત્ત જોડો. ૮

છોટાલાલ દલપતરામ ડાહ્યાભાઈ કવિ.

સતીમંડળ

ભાગ ૧ લો.

પ્રથમ-દર્શન.

દૈવી-સતીઓ.

સતીસીતા.

બંગાળામાં આવેલા બહાર પ્રાંતના ઉત્તર ભાગને તીરહુત કહે છે. તે અસલ મિથિલા નામથી ઓળખાતો, તેનો વિસ્તાર નેપાળની ઉત્તર સીમા સુધી છે. તે ભાગ ઘણો ફળદ્રુપ અને રમણિય છે. તેમાં જનકપૂર કરીને હાલ ગામ છે. તે અસલ રાજનગર હતું. તેમાં જનક નામે રાજા રાજ્ય કરતો હતો. તે ઘણો ધર્મશીલ હતો. તે નિત્ય એક ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખીને દાનધર્મ કરતો. તેને કંઈ સંતાન નહોતું. એક વખતે પદ્માક્ષ નામના વિદ્વાન બ્રાહ્મણને તેણે કેટલીક જમીન ધર્માદા આપી હતી. તે જમીન ખેડતાં તેમાંથી એક પેટી નીકળી, તે જોઇ એ વિદ્વાને વિચાર્યું કે મને રાજાએ ભૂમ દાનમાં આપી છે; તેમાંથી નીકળેલી પેટીપર મારો હક નથી, એ પેટી તો રાજાને જઇને આપું. એમ વિચારી ભર સભામાં રાજાને જઇને આપી. રાજાએ સભા સમક્ષ પેટી ઉઘાડી તો માંહે એક રૂપસુંદર કન્યા દીઠી. આ જોઈ રાજા ઘણો રાજી થયો. આ બ્રાહ્મણને રાજાએ ઘણું સોનું આપ્યુ. પુરોહિત શતાનંદે તે કન્યાનું નામ (હળપુણી—સીતાથી જડી માટે) સીતા એવું પાડયું.

સીતાને જનકે પોતાની પટરાણી અનુસૂયાને સોંપી. કન્યા દિવસે દિવસે

મોટી થતી ગઇ. સાતેક વર્ષની થઇ, તેવામાં **જમદગ્નિ** ઋષિના પુત્ર **પરશુરામ** જેણે એકવીશવાર પૃથ્વી નક્ષત્રી કરી હતી, તે કામથી કંટાળીને **મિથિલાપૂરમાં** આવ્યા. રાજા તેમને આવતા જોઇ આસનપરથી ઉઠી સામો લેવા ગયો; તેડી લાવી સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી સિંહાસનપર બેસાડયા. વિધિપૂર્વક પૂજન કર્યું. ભોજનનો વખત થતાં પરશુરામ પોતાની ફરસી, ભાથાં અને મોટું ધનુષ એ ચોક વચ્ચે મૂકી જમવા ગયા. એવામાં **સીતા**એ રમતાં રમતાં આવી ધનુષ ઉપાડી તેનો ઘોડો કરી રમવા માંડયું. **પરશુરામ** તથા **જનક** રાજા ભોજન કરી બહાર આવ્યા. તેઓ **સીતા**ને ધનુષનો ઘોડો કરી રમતી જોઇ આશ્ચર્ય પામ્યા. પરશુરામે રાજાને કહ્યું કે હે રાજેંદ્ર! આ કોઈ અદ્‌ભૂત કન્યા છે!! આ ધનુષ **મ**હાદેવનું આપેલું છે તે ઘણું ભારે હોવાથી કોઇથી ઉપાડી શકાતું નથી. તે આ કન્યાએ સહેજમાં ઉપાડયું. માટે તેનો વર પણ તેવોજ બળીઓ શોધવો જોઇએ. તમે પ્રતિજ્ઞા કરો કે એ ધનુષ જે ચડાવી શકે એવો પુરૂષ **સ્વયંવર**માંથી મળી આવે, તેને આ કન્યાનું દાન આપવું. આ પ્રમાણે કહી તેઓ **બદ્રિકાશ્રમ**માં તપ કરવા ચાલી નીકળ્યા.

આહા! મહાત્મા **પરશુરામ**નાં આવાં વચનો દેશને કેટલાં બધાં લાભકર્તા છે? હાલ કેટલાંક માતા પિતાઓ પોતાનાં પુત્ર પુત્રીનાં લગ્ન કરવામાં જોડકજોડનો વિચાર નહીં કરતાં **"લાકડે માંકડું"** વળગાડી દે છે, ને તેમનો આખો ભવ બાળે છે. તેમણે આ મહાત્માની શિખામણ લક્ષમાં લેવાની છે. **જનક** રાજાએ **પરશુરામ**ની શિખામણ પ્રમાણે, જ્યારે **સીતા** પરણવા લાયક ઉમરનાં થયાં; ત્યારે દેશોદેશના રાજાઓને આમંત્રણપત્રો મોકલી સ્વયંવરની તૈયારી કરી.

અયોધ્યા નગરીના રાજા દશરથને **રામચંદ્રજી** નામે જ્યેષ્ઠ પુત્ર હતા. તે મહા તેજસ્વી, વિદ્યાકળામાં કુશળ અને શૂરવીર હતા. **મારીચ** અને સુબાહુ નામે રાક્ષસો યજ્ઞમાં અડચણ કરતા હતા, તેને મારી યજ્ઞનું રક્ષણ કરવા માટે વિશ્વામિત્રઋષિ **રામચંદ્રજી**ને તેડી લાવ્યા. સાથે લક્ષ્મણ પણ હતા. આ વખતે તેમની ઉમર સોળ વર્ષની સુકુમાર હતી. એવડી નાની વયમાં તેમણે એ દુષ્ટ વિકાળ રાક્ષસો વગેરેને મારી યજ્ઞનું ઉત્તમ રીતે રક્ષણ કર્યું હતું. આ વખતે **જનક**પૂરમાં થતા સ્વયંવરમાં દેશોદેશના રાજા અને ઋષિ વગેરે સૌ જતા હતા. તેમાં વિશ્વામિત્ર ઋષિ પણ પોતાના શિષ્યમંડળ અને **રામ લક્ષ્મણ**ને સાથે લઈ ચાલ્યા. ઋષિએ મિથીલાપૂરના દરવાજા બહાર એક સુંદર સરોવરને તીરે એક રમણિય વાડીમાં પોતાનો મુકામ રાખ્યો. ઋષિ સાથેના શિષ્યો અને રાજકુમારો સરોવર તીરે સુંદર વાડીમાં આમ તેમ ફરવા લાગ્યા. એવામાં **સીતા** પોતાની સખીઓ અને દાસીઓને સાથે લઇ **અંબા** ભવાનીની પૂજા કરવાને સારૂ ત્યાં થઇને નીકળ્યાં. તેણે રાજકુમારોને દીઠા. તેમની સુંદર કાન્તિ જોઇ મોહમાં પડી મનમાં વિચારવા લાગ્યાં કે "મારા પિતાએ જે પ્રતિજ્ઞા કરી છે, તે પ્રતિજ્ઞા પૂર્ણ કરવાનું સામર્થ્ય આ રાજકુમારમાં હોય તો કેવું સારૂં! ઈશ્વર, પતિ આપો તો આવોજ આપજો."

જનક રાજાને વિશ્વામિત્ર ઋષિ આવ્યાના ખબર થયા, તે તરત પુરોહિત શતાનંદ, વસિષ્ટ વગેરેને સાથે લઈ મળવાને ગયા. વિવેકનાં વચનો અને પૂજનથી સત્કાર કરી ખબર અંતર પૂછ્યા. પાસે ઉભેલા રૂપસુંદર સુકુમાર રાજકુમારોને જોઈ જનકે પૂછ્યું. હે મહામુનિ! આ બે કુમાર કોણ છે? વિશ્વામિત્રે ઉત્તર આપ્યો કે જેણે સિદ્ધાશ્રમમાં રાક્ષસોને મારીને અમારો યજ્ઞ નિર્વિઘ્ને સમાપ્ત કરાવ્યો તથા સલ્યાની અહલ્યા કરી ગૌતમને મેળવી, તે આ દશરથના પુત્રો છે. એ અહીં મહા ધનુષ જોવાની જીજ્ઞાસાથી આવ્યા છે. આ સાંભળી રાજા ઘણો ખુશી થયો અને રામ લક્ષ્મણને મળ્યો. સર્વે મંડળીને ગામમાં લાવી ઉતારો આપ્યો. બીજે રોજ રત્નજડીત સુશોભિત મંડપમાં એક બાજુએ સોનાના હીરા માણેક જડીત સિંહાસનોપર મોટા મોટા રાજાઓ ઠાઠમાઠથી બિરાજેલા છે; બીજી બાજુએ તમામ ઋષિમંડળ શ્વેત વસ્ત્ર અને ભસ્મ ધારણ કરી વેદનાં પુસ્તકો સાથે લઇને બેઠું છે; વચ્ચોવચ્ચ મહા પ્રચંડ ધનુષ પડેલું છે; એવી રીતે સભા ચિકાર ભરાઇ બેઠી છે. તેમાં ઠરાવેલે સમયે રાજા જનકનો ભાટ ઉઠીને બોલ્યો કે, હે નરેન્દ્રો! જનક રાજાએ પ્રતિજ્ઞા કરી છે કે આ ધનુષ ચઢાવી શકે તેને મારી કન્યા પરણાવવી. માટે મહા શૂરવીર અને પરાક્રમીઓ ઉઠો? અને આ ધનુષ ચઢાવીને રૂપવંતી કન્યાને વરો?" આ સાંભળીને ઘણા રાજાઓનાં તો ગાત્ર શિથિલ થઈ ગયાં, કોઈ કહે હું તો જનકનો સગો થાઉ છું, તો મારે આવ્યા વગર કેમ ચાલે? માટે આવ્યો છું. કોઇ કહે હું તો આ સ્વયંવર જોવા આવ્યો છું. એમ એક બીજા બહાનાં કાઢવા લાગ્યા. આ વખતે રાવણ બોલ્યો, હે જનક! તેં શી પ્રતિજ્ઞા કરી છે? જનકે કહ્યું, જે આ કામઠું ચઢાવે તેને મારી કન્યા પરણાવવી. એવું મેં 'પણ' લીધું છે. જો કોઇથી આ કાર્ય નહિ થાય તો મારી કન્યાને આખો ભવ કુંવારી રાખવી પડશે. આ વચનો સાંભળી રાવણે કહ્યુ કે એમાં તે શું? લે આ ચઢાવ્યું, એમ કહી જેવો એક હાથે કામઠું ને બીજે હાથે પણછ તાણવા જાય છે, કે એકદમ અમળાઇ ભોંયપર પડયો; અને તેનાપર ધનુષ પડયું. આવો મામલો જોઇ સૌ આશ્ચર્ય પામ્યા. જનક રાજા પણ શોકાતુર થયો. એ વખતે વિશ્વામિત્ર ઋષિની પાસે બેઠેલા રામચંદ્રજી ઋષિની આજ્ઞા લઇ ઉઠયા. ઉઠતાંજ ધનુષને થોડા શ્રમે એવું તાણ્યું કે સહેલથી તેના કટકે કટકા થઇ ગયા. આ જોઇ સભાજનોએ જયજયકારનો આનંદથી ઘોષ કરી મૂકયો. જનકને પણ તેથી સવામણ લોહી ચઢે એટલો આનંદ થયો. સીતાને પણ ધારેલો વર મળ્યો, તેથી તે પણ ખુશી થઇ. સૌ સભાજનો દેખતાં સીતાએ જે ફુલનો હાર તૈયાર કરી રાખ્યો હતો, તે રામચંદ્રજીની સન્મુખ આવી તેના કંઠમાં નાખ્યો. જનકપૂરમાં ઘેર ઘેર આનંદ મંગળ થઇ રહ્યું. આ વધામણી દશરથને આપવા દૂતો દોડયા. આવા શુભ સમાચારથી અયોધ્યામાં સર્વે ઠેકાણે આનંદ આનંદ થઇ રહ્યો.

દશરથ રાજા અયોધ્યાથી જાન લઇ જનકપુર આવ્યા, તેનો રાજાએ પ્રી-

તિપૂર્વક સત્કાર કર્યો. લોકપ્રિય **રામચંદ્ર**ની વિવાહની ક્રિયા વસિષ્ઠ **ઋષિએ વિશ્વામિત્ર** અને **શતાનંદ**ને આગેવાન કરી કરવા માંડી. મંડપમાં વિધિ પ્રમાણે વેદી કરી તેમાં મંત્રવડે અગ્નિનું સ્થાપન કર્યું, અગ્નિદેવની સમક્ષ રામ અને સીતાને સોળે શણગાર સજાવી બેસાર્યાં. એ વખતે **જનક** રાજાએ **રામ**ને કહ્યું. "આ મારી દીકરી **સીતા** તમારી ધર્મપત્ની થઇ છે. માટે હે **ભગવાન્!** તેનો તમે હાથ ઝાલો એ પતિવ્રતા સૌભાગ્યવતી તમારી છાયા નીચે રહી તમને અનુસરીને ચાલશે." એમ બોલી **રામચંદ્ર**ના હાથમાં પાણી મૂક્યું; એટલે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઇ, દેવોનાં દુદંભી વાગ્યાં, ઋષિ મુનિઓએ આશિર્વાદ આપ્યો, ચોતરફ ગીતવાદિત્રાદિનો ધ્વની થયો. અપ્સરાઓ નાચવા લાગી; અને ગાંધર્વો મધુર રાગથી ગાવા લાગ્યા. થોડા રોજ જાન ત્યાં રહ્યા પછી અયોધ્યા આવી. માતા **કૌશલ્યા, સુમિત્રા**, અને **કૈકેયી** વગેરેને વર વધૂ પગે લાગ્યાં. પછી દેવપૂજન કરી બીજાં વૃદ્ધ જનોને નમન કર્યું.

સૌ આનંદ મંગળમાં દિવસો ગાળે છે. તેટલામાં રંગમાં ભંગ થયો. બિચારી **સીતા**ને સંતાપના દહાડા આવ્યા. એક વખતે **અયોધ્યાવાસી** મહાજનોએ મળી **દશરથ** રાજાએ કહ્યું કે, આપ **યુવરાજ** સ્થાપો, કે આપને ઘડપણમાં રાજકાજમાં સહાયતા કરે, અને રાજનો અનુભવ આપના હાથ નીચે લે. વળી છેવટે ગાદી સંબંધી કોઇને તકરાર રહે નહીં. આ અરજ પરથી રાજાએ રામને રાજ્યાભિષેક કરવાનો નિશ્ચય કર્યો. બીજે રોજ અભિષેક કરવાનુ મુહૂર્ત્ત હતું. તે પ્રસંગ જોઇ દશરથ રાજાની પ્રિય સ્ત્રી કૈકેયીએ પોતાની દાસી મંથરાના શીખવવાથી ઉશ્કેરાઇ રાજાએ આગળ આપેલું વચન પાળવાની આ વખતે માગણી કરી કે "મારા પુત્ર **ભરત**ને રાજ આપો, ને **રામ**ને ચૌદ વરસ વનવાસ કાઢો." આ સાંભળી દશરથ રાજા દિગ્મૂઢ બની ગયા. તેણે કૈકેયીને ઘણું ઘણું સમજાવી પણ તેણે માન્યુ નહીં, ત્યારે રાજાએ કબૂલ કર્યું. આથી કૌશલ્યાને ઘણું માઠું લાગ્યું. લક્ષ્મણનો મિજાજ ગયો અને તે પ્રમાણે ન કરવાનું કહ્યું. આખા શહેરમાં હાહાકાર થયો. વનમાં નહિ જવા **રામચંદ્રજી**ને ઘણા લોકોએ સમજાવ્યા; પણ તેનું મન જરાએ ડગ્યું નહીં. તેણે તો પિતાનું વચન પાળવાનો દૃઢ નિશ્ચય કરી રાખ્યો હતો. તે કદી ફેરવ્યો નહીં. **રામ** પોતાની પ્રિય સ્ત્રી **સીતા**ની રજા લેવા અંતઃપુરમાં ગયા. અહો! "ખરેખર સંસારમાં પુરૂષનું ખરૂ સુખ દુઃખ ઘણું કરીને સ્ત્રી પર આધાર રાખે છે. જો કદી કોઇ કુજાત સ્ત્રીથી સબંધ બંધાયો તો પુરૂષ મોટો ચતુર અને રાજા જેવો અનુભવી હોય, તો પણ તે કાયર કાયર થાય છે, તો પછી કોઇ ગરીબ એવી સ્થિતિમાં આવી પડે તો તેના દુઃખનો પારજ શો! તે અબળા તેના દુઃખનું કારણ થઇ પડે છે, અને તેથી આખરે આખો સંસાર બગડી તે ઉપર કંટાળો આવે છે; પણ તેજ સ્ત્રી જો સુંદર, સરળ સ્વભાવની અને સદ્‌ગુણી હોય તો તે પોતાના પતિના દુઃખમાં ભાગિયણ થઇ પતિનું દુઃખ ઓછું કરે છે. તેની

સુજનતાથી તેનો થાક અને ઉદાસીનતા દૂર થાય છે. પ્રિય, મોહક અને મધુર ભાષણથી તેનું મન સદાચરણ ભણી વાળે છે. તેના સુસ્વભાવવડે પતિના ત્રણે તાપ શમાવી નાખે છે તથા તે પાસે હોય છે ત્યારે સર્વાંગ હર્ષ વ્યાપી રહે છે. તેનાં સ્મિત લલિત મુખદર્શનથી ઘરની સર્વ ચિંતા દૂર કરી, તે એમ સમજે છે કે મને આનંદ આપવા સારૂજ પરમેશ્વરે તેને ઉત્પન્ન કરી છે." તો સીતા જેવી ઉત્તમ સ્ત્રીથી જુદા પડવાની વિદાયગીરી માગતાં રામને પોતાની છાતી કેટલી કઠણ કરવી પડી હશે? તેનો ખ્યાલ વાંચનારેજ મનમાં કરી લેવો.

રામે ઉદાસીન ચહેરે અંતઃપૂરમાં આવી બધી હકીકતથી **સીતા**ને વાકેફ કરી કહ્યું કેઃ—" હે પ્રિયા! તારા તરફથી રજા મળવી જોઇએ. " આ વચનો સાંભળતાંજ જેમ કોઇ કેળને કુહાડાના ઘાથી કાપી નાંખે ને એકદમ ભોંયપર પછડાઈ પડે; તેમ **સીતા** અચેત થઈ પડી ગયાં. થોડીવારે તેનો જીવ શુદ્ધિમાં આવ્યો. ત્યારે કહ્યું કે " હે સ્વામીનાથ! શું તમે મને મૂકીને જવાનું કહોછો? રામે કહ્યું, અરે પ્રિયા! તમને સાથે રાખવાનું બને તેમ નથી; માટે જો તમારી ઇચ્છા અહીં રહેવાની હોય તો અહીં રહો, અને તમારે પિયર જવાની ઇચ્છા હોય તો પિયર જજો. મારે વસ્તીમાં નહીં પણ વનમાં રહેવાનું છે. સાથે ગાડી ઘોડા નથી, દાસદાસીઓ નથી, અન્ન વસ્ત્ર વગેરે સુખના પદાર્થો રખાશે નહીં. તેથી કંદમૂળ, ફળફૂલ ખાઇને કે અપવાસ કરીને દિવસ કાઢવા પડશે. જંગલમાં રહેવાને ઘર નથી, પણ ઝુંપડીમાં રહેવું પડશે. સૂવાને પથારી કે ખાટલો નથી; પણ ઘાસની પથારી કે ભોંયપર સૂવું પડશે. તમો સુકુમાર રાજકન્યા છો, તો તમારાથી એ સંકટ કેમ સહન થશે? વળી ચૈત્ર વૈશાકનો તાપ ને લુના ભડકા, અષાડમાં વરસાદની હેલી, વિજળીના ચમકારા, ગર્જનાના ગડગડાટ, મોટા પર્વતો, કોતરો, જંગલની ગીચ ઝાડી તેમાં વાઘ, વરૂ, વણીયર, સિંહ, ચિતા, રીંછ, અને સર્પ વગેરે જંગલી ફાડી ખાનારાં જનાવરોનો ભયંકર અવાજ સાંભળી મોટા શૂરવીર પુરૂષો પણ હબકી જાય; ત્યાં તમારા જેવી કોમળ સ્ત્રીઓનુ ગજું શું? વળી ત્યાં ઘાતકી રાક્ષસોનો ભય ઘણો છે, માટે મારી મરજી એમ છે કે, તમે પરણી આવ્યા પછી પિયર ગયાં નથી, તો ત્યાં જાઓ. તેથી તમને, મને અને તમારાં માતપિતા બધાંને ખુશી થવા જેવું છે. મુદત પૂરી થયે હું આવી તમને તેડાવી લઇશ. આ સાંભળી **સીતા** ઉંડો નિશ્વાસ નાંખીને બોલ્યાં, હે સ્વામીનાથ! " આપ જુદા પડવાની વાત કહો છો, એ મારાથી ખમાતું નથી, આપ જ્ઞાની છો એટલે વધારે શું કહું! એમ કહી આંસુ ભરી આંખે નમ્રતાથી બોલ્યાં, પ્રાણનાથ! મને જંગલનાં સર્વ દુઃખો જાણિતાં છે, પણ આપની સાથે રહેવાથી એ સર્વે દૂર થશે; એમ હું જાણું છું. જંગલનાં વિકાળ ફાડી ખાનારાં સર્વે જાનવરો આપને જોતાંજ પીઠ ફેરવશે. મને સાથે રાખવાથી આપને દુઃખ થાય. એમ હોય તો મારો અંત લાવી જાઓ, એટલે હું સર્વ દુઃખથી વિરામ પામીશ;

કેમકે ધણી વિનાની એકલી સ્ત્રીપર ઘણી આફત અને આળો આવે છે. વળી જે ઝુરણુ લાગે છે તે તો જુદુજ. માટે આપની દાસીની અરજ છે કે મને સાથે રાખશો, ત્યાં આપની જે વલે તે મારી વલે થશે. આપની નિરંતર સેવા મળશે. ત્યાં પછી શી કમી? આપની હાજરીને લીધે મને ઝુંપડી તે મહેલ, જંગલ તેજ બાગબગીચા અને ભાજીપાલો તે ઉત્તમ પકવાન જેવું લાગશે. કડવાં ફળો, કંદમૂળ ઇત્યાદિ મને અમૃતફળ જેવાં સ્વાદીષ્ટ લાગશે. કદી એ ચીજો નહીં મળે તોપણ આપના મધુર શબ્દો સાંભળવાથી તેનો બદલો વળી રહેશે. જાનવરોનાં ચામડાં તથા ઝાડની છાલનાં વસ્ત્રો પહેરવા માટે મને દીલગીરી લાગતી નથી, કારણ કે **સતી પાર્વતી જેવી દેવીએ પોતાના પતિ શિવને ખાતર તેવાં વસ્ત્રો પહેર્યાં હતાં.** આપ વિના મારી જીંદગી નકામી છે, પરંતુ આપ પાસે હો તો ઇંદ્રનો પણ મને ડર લાગવાનો નથી. આપ વિના અત્રેના મહેલો, પર્વત, હવા અને વસ્તી ભયંકર સ્મશાન જેવાં લાગશે. આપની સાથે જે જે વસ્તુ આનંદ પમાડે, તેજ વસ્તુ આપની ગેરહાજરીમાં દુઃખદાયક થશે. અરે પ્રાણપતિ? સ્ત્રીનો સર્વથી મોટો દેવ તેનો પતિ છે. વેદમાં કહ્યું છે કેઃ—"જે સ્ત્રી આ દુનિયામાં પોતાના પતિની પાછળ તેના છાયાની માફક ફરીને તેની સેવા કરશે, તે બીજી દુનિયામાં પણ તેની સાથેજ રહેશે." માટે હે પ્રાણાધાર! મને આપની સાથે લઇ જઇ આપના સુખ દુઃખમાં ભાગ લેવા દો. આપના વિના રાજમહેલની મજા ભોગવવા કરતાં, આપની સાથે રહેવાથી જ ગલોના સર્વ ભય છતાં મને વધારે સારૂં લાગશે. માટે મને સાથે તેડી જાઓ; અગર મારી જીંદગીનો અંત આવ્યા પછી જાઓ. જો એમના એમ જશો તો પાછા મળવાની આશા રાખશો નહિ.

અહા! પતિપત્નીમાં કેવો પ્રેમ!! પોતાના કરતાં પતિના સુખની વધારે કાળજી અને છેવટનાં તેનાં વફાદારીનાં વચનો સાંભળી **રામે સીતા**ને સાથે આવવાની આજ્ઞા કરી, મહેલ બહાર નીકળ્યાં એટલે **લક્ષ્મણ** જે તેને મળવાને આતુર હતા, તેમણે પગે પડીને ઘણી આજીજી સાથ અરજ કરી કે હું પણ આપની સાથે આવું છું. મને સાથે આવવાની આજ્ઞા આપો. આવાં પોતાના નાના ભાઇનાં નમ્ર અને આજીજીનાં વચનો સાંભળી **રામે** વિચાર કર્યો કે સ્ત્રી સાથે છે, અને વનવાસમાં ઘણાં સંકટ પડવાનો સંભવ છે તો એકથી ભલા બે, એમ ગણીને તેને પણ હા પાડી. ત્રણે જણા સાથે **દશરથ** રાજાની આજ્ઞા લેવાને ગયાં, ત્યાં **વસિષ્ઠ** ગુરૂ પણ બેઠા હતા, તેમને ત્રણે જણ પગે પડયા. **રામે** રજા માગી એટલે **કૈકેયી**એ ત્રણેના હાથમાં વલ્કલ (ઝાડની છાલોનાં વસ્ત્ર) આપ્યાં. આ જોઈ **સીતા**ને વિચાર થયો કે આ શી રીતે પહેરાશે? આમ વિચારતાં આંખમાં ઝળઝળીઆં આવ્યાં. આ જોઈ **દશરથ** ને **વસિષ્ઠગુરૂ** બંનેનો મિજાજ તપી ગયો. **દશરથ** રાજાએ ક્રોધ કરી કહ્યું કે, હે કુભારાજા! આ શો જુલમ માંડયો છે? **રામને** તો જાણે મારા વચનથી વનવાસ મળ્યો છે, પણ **સીતા તથા લક્ષ્મણે** શો ગુન્હો કર્યો

છે ? તેને શા માટે વલ્કલ આપ્યાં છે ? એ તો એમની મરજીથી સાથે જાય છે તેને વલ્કલ કેમ અપાય ? એ પછી **વસિષ્ઠ** ઋષિ કૈકેયીને ધિક્કાર આપી બોલ્યા—"હે પાપીણિ ! તારા રાજ્યમાં તારો **ભરત** સુદ્ધાં પણ રહેશે નહીં, તો પછી તું આ ઉજડ ગામમાં એરંડાની પેઠે માલ્યા કરીશ શુ ? વગેરે ઘણાં કઠણ વચનો કહ્યાં.—

રામ સીતા અને **લક્ષ્મણ** એ ત્રણે **અયોધ્યા** છોડી દક્ષિણ દિશા તરફ ચાલ્યાં. માર્ગમાં ઘણી વહેતી નદીઓ, નિર્મળ સરોવર, લીલા ઘાસથી શોભિતા પર્વતો, અનેક પશુ પક્ષીના કલ્લોલથી કાનને મિઠાસ આપતાં વનો, વગેરે જોતાં જોતાં ને ઓળંગતાં **ચિત્રકૂટ** પર્વત ઉપર આવ્યાં, ત્યાં રાક્ષસોની હરકત વધારે હોવાથી **પંચવટી**માં આવી પોતાનો મુકામ કર્યો. આ આશ્રમમાં કોઇવાર ધર્મધુરંધર રઘુનંદન, **સીતા** અને **લક્ષ્મણ**ને ધર્મોપદેશ કરતા, કોઇવાર સંસારોપયોગી વાતો કરતા, કોઇવાર સ્વામિના વચનામૃતથી, કોઇવાર દિયરની વાક્ચાતુરીથી, તો કોઇવાર ગીત રાગથી, અને કોઇવાર વાઘ બકરીની રમતથી એવી રીતે **સીતાજી** આનંદથી દિવસો નિર્ગમન કરે છે. ઇશ્વિરની ગતિ ન્યારી છે. તેની ગતિની કોઇને ખબર પડતી નથી, તે પળમાં રાયને રંક અને રંકને રાય બનાવે છે. જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ કરે છે, ગામ ત્યાં અરણ્ય અને અરણ્ય ત્યાં મોટું—વિશાળ શહેર બનાવી દે છે, મહાન્ પવિત્ર સાધુ સ્ત્રી પુરૂષો હોય છે, તે પીડા પામે છે અને મહા પાતકી ને ક્રૂર હોય છે તે સુખમાં મહાલતાં જોવામા આવે છે; આવી તેની અદ્‌ભૂત અને કળી ન શકાય એવી કળા છે. **રામ સીતા** અને **લક્ષ્મણ** એક દિવસે વાઘ બકરીની રમતથી આનંદ લેતાં હતાં, ત્યાં એક વખતે બે મુખવાળો, સોનેરી રંગવાળો ચમત્કારીક **મૃગ** નાસતો **સીતા**ની નજરે પડયો. તેનાં સોનેરી રંગના ચામડાનો ચળકાટ જોઈ, તે ચામડાની કાંચળી કરવાનું **સીતા**ને મન થયું. તેથી તેણે રામને વિનતી કરી કહ્યું કે, હે સ્વામિનાથ ! આપણે જ્યારે **અયોધ્યા** જઇશું; ત્યારે વનવાસની નવાઈની ચીજોમા આ **મૃ**ગચર્મની **ચોળી** લઇ જઇશું, માટે તે લાવી આપો. રામે કહ્યું કે, એ ખરો **મૃ**ગ ન હોય, એમાં મને સંદેહ રહે છે; કારણ કે આ **વનની** આજુ બાજુ **રાક્ષસો** રહે છે, તો વખતે તેમનું કંઇ કપટ હોય ! માટે એ વાત તું છોડી દે. વગેરે **રામચંદ્રજીએ** કહ્યું પણ **સીતા**નો ઘણો આગ્રહ જોઈ **રામ** હાથમાં બાણ લઇ મૃગ પાછળ ગયા. એક બાણ માર્યું કે એ કપટરૂપી મૃગલે ચીસ પાડી કે દોડ લક્ષ્મણ ! ! આવો શબ્દ **સીતા** તથા **લક્ષ્મણ**ને કાને પડયો. એટલે **સીતા**એ કહ્યું કે, **લક્ષ્મણજી** ! તમે તમારા ભાઇની મદદે જાઓ. **લક્ષ્મણે** કહ્યું કે ચિંતા ન કરો. મારા મોટાભાઈ **રામ** કદી સંકટમાં હોયજ નહીં. એ હમણાં મૃગચર્મ લઇને આવશે. હું તમને આ વનમાં એકલાં આશ્રમની અંદર મૂકીને કેમ જઇ શકું ? આમ ઘણી રીતે કહ્યું. પણ **સીતાજીએ** નહીં માનવાથી **લક્ષ્મણજી** હાથમાં ધનુષ ધારણ કરી રામને શોધવા ચાલ્યા.

આ કાવતરૂં **રાવણનું**જ હતું. તેણે પ્રથમથીજ આ પેચ રચી રાખ્યો હતો. તે પાર પાડવાનો આ લાગ જોઈ પોતે **બ્રહ્મ**ચારી વેશે **સીતા**ના આશ્રમમાં "**ભિ**ક્ષાન્નદેહી !" બોલી પર્ણકુટીને બારણે આવી ઉભો ! જેવાં **સીતા** અન્ન દેવા **આ**વ્યાં કે તેનું પાંગોહું પકડી, **વિમાન**માં બેસાડી **લં**કાનો રસ્તો લીધો. **સીતા** આ અકસ્માત્ આપત્તિ જોઈ હબકી ગયાં. તેણે ઘણાં કલ્પાંત સાથે છૂટા કેશે ચોધાર આંસુએ રૂદન કરવા માંડયું. રૂદન કરતાં તેને એક વિચાર સૂઝયો. તેથી પોતાના અંગપરના અલંકારો એક પછી એક રસ્તામાં નાંખવા માંડયાં, તે એવા વિચારથી કે **રામ લ**ક્ષ્મણ મને શોધવા નીકળે, ત્યારે તેને એ નિશાનીઓ હાથ આવવાથી જાણે કે તે આ રસ્તે ગયાં છે. **પંપા** સરોવર પાસે આવેલા **ઋષિમુખ** પર્વત ઉપર બેઠેલી **વાનર** ટોળીને એક આભૂષણ હાથ આવ્યું. તે તેણે સાચવી રાખ્યું. **રાવણે** સીતાને **લં**કામાં લાવી મેહેલના એકાંત ભાગમાં રાખી, દાસીઓને હુકમ કર્યો કે જે જોઇએ તે તેને પુરૂં પાડજો. મારા વિના કોઇને તેની પાસે આવવા દેશો નહીં, એટલે તે પોતાની મેળે મારો સ્વીકાર કરશે. એ દિવસ પછી **રાવણે** આવી **સી**તાને સમજાવવા માંડી કે, હું તને મારી પટરાણી કરૂં; તું આ કુબેરની **લં**કાની માલેક થા. આ મહેલ, આ વૈભવ, આ સુખ અને મારૂં બળ તો તું જાણે છે. આ પાસે તારી વનવાસની મઢી તે શી વિશાતમાં છે? માટે તું મારો સ્વીકાર કર. આ વખતે **સીતા**એ તો નીચુંજ જોઇ એવું મૌન્ય ધારણ કર્યું કે પથ્થર બોલે તો તે બોલે. આખરે **રાવણે** કંટાળીને હુકમ કર્યો કે, આને આપણી **અ**શોકવાડીમાં રાખો. અને તે મારે વશ થાય તેવા ઉપાયો કરો, તેની પાસે બીજા કોઇને આવવા દેશો નહીં, તેની બરાબર ચોકી રાખજો.

રામ લક્ષ્મણ મૃગચર્મ લઇ આશ્રમમાં આવી જુએ છે, તો **સીતા**ને ન દીઠાં. તેથી બંને ઘણા શોકાતુર થયા, અને તરત **સીતા**ની શોધ કરવાને નીકળ્યા. રસ્તામાં પડેલી કેટલીક નિશાનીઓ પરથી તેણે જાણ્યું કે **સીતા**ને **રાવણ** હરણ કરી ગયો છે. તેની શોધ કરી લાવવાની હિંમત **હનુમાને** કરી. તેણે લંકામાં જઈ તપાસ કરી તો **સીતા અશોક** વનમાં આસોપાલવના ઝાડ તળે રાક્ષસીઓની વચ્ચે **વાઘ**થી ઘેરાએલી **હ**રણીની માફક **રામ**નું સ્મરણ કરતાં બેઠેલાં દીઠાં. **રામે** પોતાની નિશાની દેખાડવાને સારૂ પોતાના નામવાળી **વીંટી હનુમાન** સાથે મોકલી હતી. તે એવા કારણથી કે આ નવો માણસ **રામ**નો મોકલેલો છે, એવું જાણી તેની વાત ઉપર વિશ્વાસ આવે. **હ**નુમાન એ **વીંટી** લઇ આસોપાલવના ઝાડપર ચડી ચિકિત્સા જોવા લાગ્યા. એટલામાં **રાવણ** ઘણી દાસીઓ સાથે આવ્યો. સીતા તેને જોઈ થરથર કંપવા લાગ્યાં. **રાવણે** તેને મધુર વચનોથી કહ્યું કે, હે સુંદરી ! તું શા માટે દુઃખ ભોગવે છે અને રૂદન કરે છે ? તું મારાથી ડરીશ નહીં. હવે અહીં કોઈ તારૂં આવવાનું નથી, માટે હવે પેલા **જોગ**ટાનો મેળાપ થવાની આશા મૂકીને મારી સાથે હસીને બોલ, ઊંચું ઉપાડીને જો, આ અ-

મૂલ્ય વસ્ત્રાલંકાર પહેર અને મારી સાથે બેસી આ મધપાન કરી સુખથી આનંદ કર, તું જે કહીશ તે હું તન મનથી કરીશ. આવાં વચનો સાંભળી **સીતા**એ રોમાંચિત થઈ ક્રોધ કરી કહ્યું કે, હે લંકાપતિ ! તું " તારી કીર્તિને પરસ્ત્રીપર કુદષ્ટિ કરી ઝાંખ ન લગાડ. મારી તને એટલીજ અરજ છે કે દયા કરી મને મારા સ્વામીને સ્વાધીન કર, કે તેથી હું તારો ઉપકાર જીંદગી પર્યંત નહીં ભૂલું. તું નક્કી જાણજે કે હુ મરતાં સૂધી પણ મારૂં શીયળ છોડનાર નથી. આવાં **સીતા**નાં વચનો સાંભળી **રાવણે** ક્રોધ કરી દાસીઓને કહ્યું કે, જો એ બે માસમાં સમજે તો ભલે; નહીં તો એનું માથું કાપીને તેનુ માંસ મારા ભોજન સારૂ લાવજો; આ ધમકીથી **સીતા** કંઈ ડર્યા નહીં, પણ એમ વિચાર્યું, કે રોજ કલેશ થાય તેના કરતાં મરવું સારૂ. એમ વિચારી વનમાંથી કાષ્ટ એકઠા કર્યા અને બળી મરવાનો વિચાર કર્યો; પરંતુ પાસે અગ્નિ મળે નહીં. તેથી આમ તેમ ફાંફાં મારી ઇશ્વર સ્તુતિ કરી કે, હે દીનદયાળ ! ભક્તવત્સલ, મારાપર આ શો તારો ગજબ ! મેં પિયરમાં માત પિતા, સાસરામાં સાસુ સસરા કે અતિથિ અભ્યાગત કોઇને પણ દુઃખ દીધુ નથી. ફક્ત મારા સ્વામીની ઇચ્છા ઉપરાંત મૃગ મારીને મૃગચર્મ લાવવાનો મેં દુરાગ્રહ કર્યો હતો, એજ મારો અપરાધ છે. માટે મે ઘણું દુઃખ ભોગવ્યુ. આવા પ્રકારે દુઃખો ભોગવવા કરતાં તો આ નાશવંત દેહનો ત્યાગ કરીને તારે શરણે રહેવું એ ઉત્તમ છે. હવે રોજ રોજ મારાથી દુઃખો સહન થતાં નથી. માટે હે કૃપાનિધે ! તું મારાપર દયા કરી મને સહાય થા. અને મારાપર એકદમ વિજળી પાડ અથવા તો દુષ્ટબુદ્ધિ **રાવણ**ને એવી બુદ્ધિ આપ કે તે મને મારી નાંખે. મને વિચાર થાય છે કે આપઘાત કરવો એ મોટો અધર્મ છે. પણ કદી એ તારી ઇચ્છામાં ન આવતું હોય ને તારે આપઘાતજ કરાવવો હોય, તો આ સ્થળે કાષ્ટ એકઠાં કર્યા છે; પણ પાસે અગ્નિ નથી તે આપ, એટલે બળી મરૂ, ને તારે શરણે આવુ. એવી રીતે સ્તુતિ કરી રહી કે **હ**નુમાને ઉપરથી **વીંટી** નાંખી. તેના અવાજથી તે બે બાકળી બની તેને અગ્નિ સમજી લેવા દોડી, હાથમાં લઈ જુએ છે તો " **શ્રીરામ** " એવા શબ્દો કોતરેલા દીઠા. આ જોઈ વિચારવા લાગી કે અહીં પ્રિયપતિની **વીંટી** ક્યાંથી ! શું તેનો દુષ્ટોએ નાશ કર્યો ! કે શું **રામે** મારાપરથી પ્રેમ ઉતાર્યો ! એમ અફસોસ કરતાં મધ્ય રાત્રિ થઈ. ચોકી કરનારાઓ ભરનિદ્રામાં સૂતા છે. ફક્ત **સીતા**જ જાગે છે. એટલે હનુમાને **રામ**ચરિત્ર ગાવા માંડયું, તેથી **સી**તા વધારે આશ્ચર્ય પામ્યાં. તે વિચારવા લાગ્યાં કે આ બધું રાક્ષસી કૃત્ય છે. માટે હવે કોઇ પણ રીતે મારે આ દેહનો ત્યાગ કરવો અને આ કપટી દુનિયાથી જુદાં પડવું. પોતાની પાસે કંઈ સાધન મળે નહીં; તેથી પોતાના ચોટલાના કેશવડે ગળામાં ફાંસો ઘાલી મરવાની તૈયારી કરે છે. તેટલામાં **હ**નુમાન તરત હેઠે ઉતરી સામે હાથ જોડી ઉભા રહ્યા. તેણે પગે લાગી કહ્યું કે, **માતુશ્રી ! રામ લક્ષ્મણ** બંને ભાઇઓ ક્ષેમકુશળ છે. તેઓ **કિષ્કિંધામાં** છે.

મને તમારી શોધ કરવાને મોકલ્યો છે, હુ ત્યાં જઈ બધી ખબર આપીશ. તેઓ મોટું સૈન્ય લઈ અહીં આવી રાવણનો સહકુટુંબ નાશ કરી તમને તેડી **અયોધ્યે** જશે, તમે કશી ચિંતા ન કરો. આવાં **હ**નુમાનનાં વચનામૃતો સાંભળી **સીતા**ને ધીરજ આવી. **રામ**ના ખબરઅંતર પુછ્યા. **હ**નુમાનને જતી વખતે પોતાના માથાના મણિનો ચાક ચોટલામાંથી કાઢી આપીને કહ્યું કે, આ મારી નિશાની **રઘુ**પતિને આપજો. એ જોઈ તેમને ખાત્રી થશે કે તમે મને મળ્યા છો.

આ પ્રમાણે થયા પછી અને **હ**નુમાનના ગયા પછી **રાવણે** આવી **સી**તાને ધમકાવવામાં, પીડા કરવામા, અને ફોસલાવવામાં કશી મણા રાખી નહીં. છેવટે **રામ લ**ક્ષ્મણના જેવાં કૃત્રિમ માથાં બનાવી તેના સામાં મકયાં કે લે, આ તારા વહાલા ! ! મેં તેને મારી નાખ્યા. હજુ જો તું મારી ઇચ્છાને તાબે નહીં થાય તો તારી પણ તેજ દશા થશે. આ દેખાવથી **સીતા** ઘણું રૂદન અને કલ્પાંત કરવા લાગ્યાં. પણ તેટલામાં **વિભીષણ**ની સ્ત્રી **સર્મા**એ આવી તેના કપટની વાત જણાવી દીધી. એટલે તેના જીવને શાંત થઈ. વળી **સી**તાને સમજાવવાને દાસીઓ મોકલી કહાવ્યું કે, તું **રામ** ને **રાવણ**માં તફાવત રાખ નહિ; કારણ જે **રામ**ના દેહમાં ઇશ્વરનું વ્યાપકપણું છે, તેજ ઇશ્વર **રાવણ**મા પણ વ્યાપક છે. માટે તું નકામો મમત છોડી **રાવણ**નો સ્વીકાર કર. તેના ઉત્તરમાં **સીતા**એ ઉત્તર આપ્યો કે, હે દૃષ્ટ ! તું આ પાપી **રાવણ**ને મારા પ્રાણપ્રિય **રામચંદ્ર**જીની બરોબર ગણે છે ? **સો**નુ માત્ર તો એકજ હોય છે, પરતુ તેના જુદા જુદા અલંકારો બને છે. તેમાં જે અલંકાર જ્યાં પહેરવા યોગ્ય હોય છે, ત્યાંજ પહેરાય છે. જો તેથી ઉલટી રીતે પહેરવામાં આવે તો લોકમા નિંદા ને હાસી થાય છે. **રામ** એ તો સત્ય વસ્તુ છે. તેના આગળ દૈત્ય બુદ્ધિ કશા કામની નથી. માટે તારી વૃથા ભ્રમણા છે, તે છોડી દઈ **રાવણ**ને કહે કે મને **રામ** પાસે મૂકી આવે. આવાં **સીતા**નાં વચનો સાંભળી દાસીએ નિરાશ થઇ, **રાવણ**ને જઇ કહ્યુ કે, એમાં અમારૂં ડહાપણ કે જોર ચાલે તેમ નથી.

હવે **હ**નુમાનજીએ રામચંદ્રજી પાસે આવી સર્વ સમાચાર આપ્યા; કે તેમણે એકદમ લસ્કર લઈ **લં**કામાં પડાવ નાંખ્યો. ત્યારે **રાવણ**ની સ્ત્રી **મંદોદરી** જે મહા પતિવ્રતા અને ચતુર હતી, તે પોતાના પતિના આવા કૃત્યથી ઘણી શોકાતુર થઇ અને પતિ પાસે જઈ ઘણી આજીજી કરી કહ્યુ કે, "મહારાજ ! **રામચંદ્રજી** ઘણા બળવંત છે, ને સાક્ષાત્ ઇશ્વરનો અવતાર ગણાય છે. તમે આ કૃત્ય કેવળ નીતિ શાસ્ત્ર વિરૂદ્ધ કર્યુ છે. માટે તમારા કુટુંબનો નાશ થશે. આપનું અને અમારૂં સર્વેનું સારૂં ચાહતા હો તો **રઘુ**પતિને તેની **સીતા** પાછી આપો, અને પગે પડીને માફ માગો. તેથી એ મહા દયાળુ પુરૂષ તમારા બધા અપરાધ ક્ષમા કરશે, અને ઉલટું આપને ચિરંજીવીપણું આપશે. માટે આટલી મારી અરજ સ્વીકારો તો સર્વેનું શ્રેય થાય એવું છે." **મંદોદરી**નાં આ વચનો **રાવણે** માન્ય કર્યાં નહીં. તેણે

તો વળી **રામ**ને નિરાશ કરવાને **સીતા**નુ ડોકુ કૃતિમ બનાવી લોહીનુ ભર્યું **રામ**ને મોકલ્યું. આ વાતની જ્યારે **સીતા**ને ખબર થઇ, ત્યારે તેણે **રામ**ને કહાવ્યુ કે; પ્રાણાધાર ! આ પાપીથી મને બળાત્કારે તો સ્પર્શ થવાનોજ નથી, તોપણુ જ્યારે આખર સમય આવશે, ત્યારે મારી આબરૂ રાખવા સારૂ હુ પ્રાણ ત્યાગ કરીશ; પરંતુ આપ તેને શિક્ષા કરવામાં પાછી પાની કરશો નહીં. **સીતા**નાં આવાં વચનોથી **રામ**ને ઘણો આનદ થયો. **રામે** ઘણીક લડાઇઓ કરી તેના પુત્રપરિવારને મારી તેનો પણ નાશ કર્યો. એટલે **વિભીષણ** **સીતા**ને તેડી લાવી **રામ**ને સોંપી પગે લાગ્યો. **રામે** **વિભીષણ**ને લંકાનુ રાજ્ય સોપ્યુ. **રામ** **સીતા**ને લઇ પોતાની નગરી **અયોધ્યા** તરફ ચાલ્યા. રસ્તામા **રામ**ને **સીતા**એ પોતાના સતીત્વની ખાતરી કરી આપી. આ જોઇ રામ ઘણા ખુશી થયા સર્વે મડળ **અયોધ્યા** નગરીમાં આવ્યુ. તેથી સર્વે પ્રજા રાજી થઇ. ઘેર ઘેર આનંદ ઓચ્છવ થઇ રહ્યો. ધામધામથી ધવળમંગળ ગવાવા માંડ્યાં, ઘણેક દિવસે **સીતા** ગર્ભવંતી થઈ ત્યારે આખી નગરીમાં આનંદ આનંદ વ્યાપી રહ્યો, તેવામાં એક **ધોબા**એ પોતાની સ્ત્રીને મેણું માર્યું, કે એતો **રામ**જ કે, જે પર ઘેર રહેલી **સીતા**ને પોતાના ઘરમાં રાખે; હુ તને કદી ઘરમાં રાખું નહીં, આ વચનો **રામ**ને કાને પડવાથી તથા પેલી દુષ્ટ કૈકેયી અને બીજી દાસીઓ એક દિવસે **સીતા** પાસે બેસી **લં**કાના ખબર પૂછવા લાગી. તેમાં એવુ પૂછ્યુ કે **રાવણ**નું સ્વરૂપ કેવુ હતું, તે તમે ચિત્ર વિદ્યામાં કુશળ છો તો ચિતરી બતાવો. **સીતા** બિચારી ભોળી હતી. તેના પેટમાં કંઇ કપટ કે પાપ નહોતું. તેથી તેણે કહ્યું કે,—" મેં મારી નજરે આખા **રાવણ**ને કદી જોયો નથી, કેમકે હુ નીચેથી ઉચું કદી જોતી નહોતી, પણ તેના પગનો અંગુઠો માત્ર મેં જોયો છે. તે પરથી હુ તમને ચિતરી બતાવુ છું. ' એમ કહી તેનું ચિત્ર કાગળપર ચિતરી બતાવ્યુ.

આ ચિત્ર કૈકેયી પોતાના હાથમાં લઇ બીજા ઓરડામાં સૌ બેઠાં હતાં ત્યાં આવી કહેવા લાગી કે, જુઓ ! **સીતા**ને **રાવણ**પર કેવી પ્રીતિ છે ! એનું મુખ જોયા વગર તો વહુને અન્ન પણ ભાવતું નથી, માટે તેનું મુખ જોવાને આ ચિત્ર પાડી રાખ્યું છે. આ વાત સાંભળીને તો **રામ**ને અગ્નિમાં ઘી રેડ્યા જેવુ થયું. **રામ** જાણતા હતા કે **સીતા** પવિત્ર છે; તોપણ લોકનિંદાની બીકથી **સીતા**ને વનમાં મૂકી આવવા **લક્ષ્મણ**ને આજ્ઞા કરી. એ માટે **લક્ષ્મણ**, **ભરત** અને **શત્રુઘ્ન** વગેરેએ **રામ**ને ઘણું ઘણું કહી વિનંતી કરી કે; આ કામ અયોગ્ય છે. **રામે** કહ્યું કે, મારી ખાત્રી છે કે **સીતા** નિર્દોષ છે, પણ લોકમાં મારી નિંદા થાય તે ખોટું. માટે એમ કર્યા વગર બીજો ઉપાય નથી. પછી **લક્ષ્મણે** પોતાના મોટા ભાઇની આજ્ઞા માન્ય રાખી, **સીતા**ને રથમાં બેસાડી ચિત્રકુટ પર્વતપર જ્યાં **વાલ્મિક** ઋષિનો આશ્રમ હતો, તેથી થોડે દૂર **સીતા**ને મૂકયાં: આ પ્રમાણે પોતાને પતિ તરફથી દુઃખ આવી પડયું, છતાં **સીતા**એ **લક્ષ્મણ** સાથે **રામ**ને

કહાવ્યું કે, ".હે પ્રાણનાથ ! હું આપની દાસી છું. બીજા લોકોના રક્ષણની સાથે આ વનમાં પણ મારૂ રક્ષણ કરનાર તમેજ છો. તમેજ મારૂ સર્વસ્વ છો. હું તમારી સુકીર્તિ સાંભળી ઘણી ખુશી થઇશ." વગેરે વગેરે વચનો કહાવી મોકલ્યાં. અહો સાધ્વી ! ધન્ય છે તારા નેક પ્રેમને ! તારા જેવી ધીરજ આ ધરણીપર કોણ ધારણ કરી શકશે ? !

આ અઘોર વનમાં **સીતા** ગર્ભવંતી અવસ્થામાં સખત તડકામાં એકલાં બેઠાં રૂદન કરે છે. એ વખતે **વાલ્મિક** ઋષિના શિષ્યો દર્ભ લેવાને આવ્યા. તેની દષ્ટિ **સીતા**પર પડી કે તેણે પાસે જઇ ધીરજ આપી, આસના વાસના કરી શાંત કરી. પછી આ હકીકત ઋષિ પાસે જઇ કહી. ઋષિએ આવી **સીતા**ને પોતાને આશ્રમે તેડી જઇ પોતાની પત્નીને સોંપ્યાં. કેટલેક દિવસે તેને બે પુત્રો જન્મ્યા, ઋષિએ તેમાંના એકનું નામ **લવ** અને બીજાનું નામ **કુશ** પાડયું. તે પાંચ વર્ષના થયા, ત્યારે તેમને વિદ્યાભ્યાસ કરાવવા માંડયો. આઠમે વર્ષે જનોઇ દીધું. તેઓને અનેક શાસ્ત્રોનો અને અસ્ત્ર, શસ્ત્રનો અભ્યાસ કરાવ્યો. **સીતા** પણ તેમને નિત્ય સદુપદેશ આપતાં. જેમ જેમ ઉમ્મર વધતી ગઇ, તેમ તેમ તેનું પરાક્રમ અને બુદ્ધિ ખીલતાં ગયાં. ઋષિની પણ તેમનાપર અત્યંત પ્રીતિ હતી.

રામચંદ્રજી મહા જ્ઞાની, એક પત્નિવ્રતવાળા અને તત્વવેત્તા પુરૂષ હતા. તેમણે **સીતા**ને વનવાસ મોકલ્યાં તે ફક્ત લોક નિંદાના ભયથીજ, પણ તેમના અંતઃકરણમાં **સીતા** ઉપર અત્યત પ્રેમ હતો, તે દુર થયો નહોતો. જે મનુષ્ય એકદમ ઉતાવળે લાગણીથી સાહસ કામ કરી દે છે, તે પછી વખત જતાં શાંત થાય છે; ત્યારે ખરો વિચાર ઉત્પન્ન થઇ કરેલા કામથી પસ્તાવો કરી દિલગીર રહ્યા કરે છે, તે પ્રમાણે **રામચંદ્રજી**ને પણ નિરંતર દિલગીરી રહેતી હતી; તે દૂર કરવાને **વશિષ્ટ** ગુરૂ વગેરે ઋષિઓની સલાહથી **રામે અશ્વમેધ યજ્ઞ** આદર્યો. યજ્ઞનો ઘોડો રીત પ્રમાણે છોડી મૂકયો. પાછળ તેનું રક્ષણ કરવાને કેટલુંક સૈન્ય લઇ **શત્રુઘ્ન**ને મોકલ્યા. એ ઘોડો ફરતો ફરતો **વાલ્મિક** ઋષિના આશ્રમ પાસે આવ્યો, તે **લવકુશ**ના જોવામાં આવતાં તેણે બાંધી મૂકયો. આ વખતે **લવકુશ**ની ઉમ્મર પંદરેક વર્ષની હતી, પણ સાદો ખોરાક, ચોખી હવા, ક્ષત્રી બીજ, અને ઋષિ તથા **સીતા** જેવી સાધ્વી માતાના શિક્ષણથી મોટા મહારથી થયા હતા. શત્રુઘ્ને ઘોડો છોડી મૂકવાનું ઘણુંએ કહ્યું, પણ તેણે માન્યું નહીં. અંતે લડાઇ કરી **શત્રુઘ્ન**ને હરાવી જખમી કર્યા. આ ખબર **રામ લક્ષ્મણ**ને થતાં તેઓ મોટું લશ્કર લઇ આવ્યા, અને સામ સામે લડવાને તૈયાર થઇ ઉભા. **લવ કુશ**નાં મુખ જોઇને **રામ**ને પિતૃપ્રેમ ઉપજયો. તપાસતાં **રામ**ના જાણવામાં આવ્યુ કે એતો મારા પુત્રો છે. **લવ કુશે** આ હકીકત પોતાની માતાને કહી. ત્યારે **સીતાએ** જાણ્યું કે એતો મારા પ્રિય સ્વામીનાથ છે. એ ખબર ઋષિને કરવાથી ઋષિ તે-

મને પોતાને આશ્રમે તેડી લાવ્યા. બધી વાત ત્યાં નિવેદન કરી કહ્યું કે, તમારી આ સાધ્વી પત્ની સીતાનો અનુગ્રહ કરો. આ પરથી રામચંદ્રજી સીતાને તથા પોતાનાં બે સંતાનોને આનંદભેર ભેટયા. ત્યાં હર્ષનો પાર રહ્યો નહીં. સીતાને તથા પોતાનાં બે સંતાનોને ઋષિ પાસેથી રજા માગી અયોધ્યે મોટી ધામધૂમ સાથે તેડી લાવ્યા. નગરીમાં આનંદનો પાર રહ્યો નહીં. પછીથી આનંદમા દિવસો નિર્ગમન કરવા લાગ્યાં અને સૌ ખુશી થયા. આહા ! કેવો પતિ પત્નિમાં પ્રેમ ? કેવું સીતાનું સતીત્વ કે પોતાને અનેક દુઃખો આવી પડયાં, પતિનો વિયોગ થયો, તિરસ્કાર થયો, વગેરે અનેક આપત્તિઓ આવી પડી, છતા પોતાનું પાતિવ્રત કદી પણ ભંગ થવા દીધુ નહીં ! ! ધન્ય સીતા તારી સાધુતાને ! ! આવાં પવિત્ર મનનાં જોડાં જે દેશમાં હોય તે દેશને પણ હજારવાર ધન્ય છે ! ! અહો દેવ ! આ ભારતભૂમિપર આવાં પવિત્ર મનનાં જોડાં પુનઃ પ્રગટ કર ! ! એવી અમારી નમ્ર પ્રાર્થના છે.

લક્ષ્મીજી.

આ દેવી સાક્ષાત્ શક્તિ સ્વરૂપ હતાં. તેનો જન્મ ભૃગુઋષિને ત્યાં થયો હતો. આ સતી બાલ્યકાળથીજ ચતુર, હુશિયાર અને બુદ્ધિવાન હતાં. અર્વાચીન કાળમાં જેમ કેટલાંક માબાપો પોતાની પુત્રીમા ઉત્તમ બુદ્ધિ વગેરે સુલક્ષણ જણાતાં છતાં તેમને કેળવણી આપી સદ્‌ગુણી બનાવવામાં બેદરકાર રહે છે, તેમ પ્રાચીનકાળમાં નહોતું. પ્રાચીનકાળમાં માબાપો પોતાનાં બાળકોને ધર્મ નીતિવાળી કેળવણી આપી ઉત્તમ લક્ષણવાળાં બનાવવાને ઘણી કાળજી રાખતા હતા. તેવા નીતિ નિયમાનુસાર ઋષિએ લક્ષ્મીજીને અનેક ધર્મશાસ્ત્રોનુ અધ્યયન કરાવી મહા ધર્મ નીતિવાળાં અને સદ્‌ગુણી કર્યા હતાં. જેવાં આ સતી જ્ઞાનમાં અલૌકિક હતાં, તેવાંજ તે સદ્‌ગુણી, સ્વરૂપે સુંદર, તેજસ્વા, અને મનોહર હતાં. આ દેવીમાં અલૌકિક શક્તિ અને સદ્‌ગુણ જોઇ ઋષિમુનીઓ તેને સાક્ષાત્ દેવીનો અવતાર ગણી માન આપતા. ભૃગુઋષિને ત્યાં આવું પુત્રિરત્ન પેદા થવાથી તેના હર્ષનો પાર નહોતો. તેના આશ્રમમાં લક્ષ્મીજીના જન્મ પછી સર્વ ઠેકાણે અલૌકિકજ દેખાવ નજરે પડવા લાગ્યો હતો. આશ્રમમા ઋષિ મુનિઓ અને પશુપક્ષીઓ સર્વ આનંદમય દેખાતાં હતાં. વનની શોભા પણ અધિક અધિક થવા લાગી હતી. આ સર્વ રચનાથી આજુબાજુના યોગીઓ અને મુનિઓ આશ્રમમાં પ્રસન્ન ચિત્તે ધ્યાન, ધારણા અને યોગ સાધના કરવા આવવા લાગ્યા. એક વખતે આ આશ્રમનો મનોહર પ્રભાવ સાંભળી મહામુનિ નારદજી ભૃગુઋષિને ત્યાં આવ્યા. ઋષિએ

આ મુનિનો ઘણી પ્રકારે સત્કાર કર્યો, આ વખતે **લક્ષ્મીજી** પોતાની સખીઓ સાથે આશ્રમમા રમતા હતાં. તે મુનિની નજરે પડયાં. મુનિ **લક્ષ્મીજીનું** તેજ અને લક્ષણ જોઈ ઘણા પ્રસન્ન થયા. તેણે વિચાર્યું કે આ પુત્રી ખરેખર ઇશ્વિરી સ્વરૂપ છે, અને તેનો વિવાહ **શ્રીવિષ્ણુ** ભગવાન સાથે કરવો યોગ્ય છે. એમ ધારી પોતાના મનની વાત તેણે **ભૃગુઋષિને** જણાવી કે, ઋષિ ! આ તમારી પુત્રી ખરેખર શક્તિરૂપ છે. એ તેનાં રૂપ, તેજ અને લક્ષણથી સિદ્ધ થાય છે. માટે તેનો વિવાહ તો **શ્રીવિષ્ણુ** ભગવાન સાથે થવા જોઇએ. આ સાંભળી ઋષિએ તેમ કરવા હા પાડી. **નારદ** મુનિ ત્યાથી ચાલી જ્યાં **શ્રીવિષ્ણુ** ભગવાન હતા; ત્યાં આવી કહ્યું કે, તમારી અર્ધાગના થવાને લાયક કન્યા **ભૃગુઋષિને** ત્યાં ઉત્પન્ન થયેલાં છે. માટે તેને શાસ્ત્રવિધિએ લગ્ન કરી ગ્રહણ કરો.

શ્રીવિષ્ણુ ભગવાનની મહત્તા મોટી હતી, તેમના હાથમાં જેમ જગત્‌નું રાજબળ હતું. તેમજ તેમનામાં આત્મબળ પણ અધિક હતું. તેમનામાં પ્રાણી માત્રનું પાલન કરવાની પ્રૌઢ શક્તિ હતી. અને સમયસૂચકતા પણ પ્રબળ હતી. પ્રાચીનકાળે પોતાને યોગ્ય પતિ શોધી પરણવું એમ હતું, નહીં કે ગમે તેવી અને ગમે તેટલી લાવી ઘરમાં બેસાડી દેવી એટલે થયુ, કે મોટા કહેવાતા કુળમાંથી લાવી પરણવી એમ નહોતું. તે કાળે તો **स्त्रीरत्नं दुष्कुलादपि** એટલે નઠારા કુળમાથી પણ સ્ત્રી રત્ન લેવું. એવો મનુ ભગવાનના ધર્મશાસ્ત્ર પ્રમાણે એક પતિવ્રતનો સર્વોત્તમ ધર્મ માન્ય હતો. તે પ્રમાણેજ **શ્રીવિષ્ણુ**ભગવાને પણ પોતાની સ્ત્રી શોધવાની તજવીજ **નારદ**મુનિ મારફતે કરાવી હતી. **નારદ**મુનિએ તજવીજ કરતાં **શ્રીવિષ્ણુ**ભગવાનને સર્વ પ્રકારે યોગ્ય **લક્ષ્મીજીને ભૃગુઋષિને** ત્યાં શોધી કાઢયાં. **નારદમુનિએ લક્ષ્મીજી** વિષે વાત કરી એટલે **શ્રીવિષ્ણુભગવાન ભૃગુઋષિનો** આશ્રમ સમુદ્ર કિનારે વનમાં હતો; ત્યાં જાતે નિહાળવાને ગયા. **લક્ષ્મીજી** સર્વ પ્રકારે પોતાને યોગ્ય છે, એવી ખાત્રી કરી તેમને વરવાનો નિશ્ચય કર્યો. ઋષિ પણ **શ્રીવિષ્ણુ**ભગવાન સાથે પોતાની પુત્રીનો સંબંધ થવાથી ઘણા ખુશી થયા. **શ્રીવિષ્ણુ**ભગવાન પોતાની સાથે **બ્રહ્મા, મહેષ** અને બીજા અનેક દેવોને લઈ, **ભૃગુઋષિને** ત્યાં પરણવા આવ્યા. ઋષિએ શાસ્ત્રવિધિએ કન્યાદાન દીધું. આ જોડું સર્વ પ્રકારે યોગ્ય જોડાવાથી સર્વ દેવમંડળ ઘણું ખુશી થયું. આ જોડું મોટી વયે પરસ્પરની પ્રસન્નતાથી પરણ્યું હતું. તેથી તેમના વચ્ચે પ્રીતિની સુદૃઢ ગાંઠ ગુંથાઇ એક રૂપ થયાં હતાં.

લક્ષ્મીજી પરણ્યા પછી પતિની અહર્નિશ સેવામાં રહેવા લાગ્યાં. તે પતિને પ્રાણ કરતાં પણ અધિક પ્રિય થઇ પડયાં હતાં. તેમજ તેને પોતાના પતિ પ્રાણ કરતાં પણ અધિક પ્રિય હતા. **શ્રીવિષ્ણુ**ભગવાને મહેનત કરી **લક્ષ્મીજીને** કેટલુંક વિશેષ જ્ઞાન આપી આત્મજ્ઞાન વગેરેમાં કુશળ કર્યા હતાં. તેથી તેનામાં કેટલીક શક્તિ વધી હતી. **લક્ષ્મીજી વિષ્ણુ**ભગવાનની બીજીજ પ્રતિમા હતાં; કેમકે તેનામાં

નીતિ, સત્ય, ન્યાય, વિજ્ઞાન, સમયસૂચકતા, આત્મબળ અને સંવાદ પ્રશ્નોત્તર કરવાના ગુણો વગેરે તેના જેવાજ હતા. વિષ્ણુભગવાનને પોતાની સ્ત્રી પ્રત્યે કેમ વર્તવું, કેવા સહવાસથી રહેવું, તથા તે કેવી રીતે સમજે, સુધરે અને એકાત્મય થાય એ સર્વ તેણે લક્ષ્મીજી સંબંધે સાચવ્યું હતું. તેથી તે સ્ત્રી ધર્મ નીતિમાં શ્રેષ્ટ યોગ્યતાને પામ્યાં હતાં. લક્ષ્મીજી પણ પોતાના સ્ત્રી ધર્મ પ્રમાણે પતિ પ્રત્યે વર્તતાં. તે ગાયનકળામાં ઘણાં કુશળ હતાં. એ જ્ઞાન તેણે પોતાના પતિ શ્રીવિષ્ણુભગવાન પાસેથી મેળવ્યુ હતું. આ સતી ગૃહકાર્યમાંથી પરવાર્યાં પછી સ્ત્રીસમાજમાં જઈ, સતી સ્ત્રીઓનાં ચરિત્રોનો ઉપદેશ આપતાં તેના ધર્મનું જ્ઞાન તેના હૃદયમાં ઠસાવવા પ્રયત્ન કરતાં, અને તેમની શંકાઓનું સમાધાન કરી સર્વને સંતોષ પમાડતાં. તેમજ પતિ સાથે મહાત્માઓની સભામાં જઇ શાસ્ત્ર ચર્ચામાં ભાગ લેતાં; એવાં એ વિદ્યા, કળા, ગાયન, ધર્મનીતિ વગેરેમાં કુશળ હતાં.

શ્રીવિષ્ણુભગવાનને લક્ષ્મીજી ઘણાં પ્રિય હતાં. તેથી તેમનું વચન કદી તેઓ ભંગ કરતા નહિ. એ દંપતિ એક સમયે સર્વ દેવો સાથે વિમાનમાં બેસી જતાં હતાં. ત્યાં રસ્તામાં એક રમણિય મનહર વન લક્ષ્મીજીએ જોયુ. આ વનની રમણિયતા જોઈ સતી ઘણાં ખુશી થયાં. તેણે પોતાના પ્રાણપતિને જણાવ્યું: પ્રાણનાથ ! આ વન મનને શાંત કરે એવું છે, માટે થોડી વખત અહીં વિશ્રાન્તિ લઇએ. સતીના કહેવાપરથી શ્રીવિષ્ણુએ સર્વ દેવોસહિત ત્યાં મુકામ રાખ્યો. આ વનની ભવ્યતા અને સુંદરતા જોઇ લક્ષ્મીજીને અહીં નગરી રચાવી રહેવાની ઇચ્છા થઇ. તેથી વિશ્વકર્મા પાસે ભવ્ય રચનાવાળી નગરી રચાવી. આજુબાજુના તીર્થક્ષેત્રોમા ગૌતમ ઋષિ જેવા મહાન્ વિદ્વાન, તપસ્વી અને પવિત્ર બ્રાહ્મણોને બોલાવી એ નગરી અર્પણ કરી. એ ઋષિ બ્રાહ્મણોની જીવિકા માટે વાણીઆ, સોની વગેરે ધંધો કરનારી જાતોને ઉત્પન્ન કરી, તેમની સાથે સર્વ ગોઠવણ કરી આપી. એ નગરીનું નામ લક્ષ્મીજીના નામ ઉપરથી ' શ્રીમાળનગર " પડયુ. તેમાં રહેનારા બ્રાહ્મણો તે શ્રીમાળીબ્રાહ્મણ, એવી રીતે શ્રીમાળી વાણીઆ, શ્રીમાળી સોની કહેવાયા. આ સર્વ પ્રજાપર લક્ષ્મીજીની ઘણી કૃપા હતી. હાલ આ પ્રજા કાળે કરી ઘણા દેશોમાં વિખરાઇ જઇ વસી છે, પરંતુ એ સઘળાનું મૂળસ્થાન એ નગરી છે; અને તેમની ઇષ્ટદેવી શ્રીમહાલક્ષ્મી છે. આજે પણ એ સર્વ પ્રજા એ દેવી લક્ષ્મીજીનેજ માને છે, પૂજે છે. એ નગરને હાલ ભિન્નમાળ કરીને કહે છે. તે મારવાડમાં જોધપૂરની પાસે છે.

સતી લક્ષ્મીજી પ્રજાના સુખ માટે કાર્યો કરવાને ઘણો પ્રયત્ન કરતાં, તેમજ પતિને સલાહ અને મદદ આપી, તે પાસે પણ ઉત્તમ કાર્યો કરાવતાં, દીન દુઃખીઓની દાઝ હૈયે ધરી તેમને સુખી કરતાં. તેનામાં રૂપ, ગુણ, અને દયાળુતા ઘણી હતી. તેથી આજે દૃષ્ટાંતમાં કહેવાય છે કે,—" આ બાઇ તો લક્ષ્મી જેવી છે. " મતલબ કે તેના જેવા ગુણો છે. આવા તેના ઉત્કૃષ્ટ દૈવી ગુણોથી તેને આર્ય

પ્રજા આજે દેવી ગણી પૂજે છે, માને છે, અને સ્મરણ કરે છે. ઘરની સર્વે સમૃદ્ધિનું મૂળ જે ધન—તેને લક્ષ્મીરૂપ માને છે. જેના ઘરમા ધન ઘણું તેને લોકો લક્ષ્મીવાળો છે એમ કહે છે. એટલે તે લક્ષ્મીની કૃપાવાળો છે એમ કહેવાય છે. લક્ષ્મીની કૃપાને સૌ કોઇ પ્રજા ચાહે છે, પરતુ આર્ય લોકોની તો પૂજ્ય **દેવી** છે. દીવાળીના બેસતા નવા વર્ષે મોટી ધામધુમ અને આનંદ ઓચ્છવ કરી **લક્ષ્મી** દેવીનું પૂજન કરવામાં આવે છે. એ આદિ **મહાલક્ષ્મી** દેવીની ઘણી મહત્તા છે. આ બધું તેણે પોતાના આત્મબળથીજ મેળવ્યુ હતું. દેવી ! તારા આત્મબળને ધન્ય છે ! તારો મહાન્ પ્રતાપ આર્ય દેશમાં સર્વત્ર વ્યાપી રહ્યો છે ! !

સતી પાર્વતીજી.

આ દૈવી મહાસતી **દક્ષ** પ્રજાપતિ **જનક** રાજાની પુત્રી થાય. આ સાક્ષાત્ શક્તિ સ્વરૂપ હતા. જનકરાજાએ તેને બાળપણમાં વેદ, ન્યાય, વિજ્ઞાન, યોગાભ્યાસ, નૃત્ય, ગાયન વગેરેનું શિક્ષણ આપ્યું હતું. આવા શિક્ષણબળથી તે આગળ જતાં ઘણાં ઉત્કૃષ્ટ બુદ્ધિનાં નીકળી આવ્યાં. તેણે ઘણો વખત તપશ્ચર્યા કરી હતી. તેનોવિવાહ મહાપ્રભુ સદાશિવ સાથે કર્યો હતો. આ દેવી જાણે સદાશિવની બીજીજ મૂર્ત્તિ હોય નહીં, તેમ જ્ઞાન ગુણે એકજ રૂપ હતાં. તેઓ વચ્ચે એટલો તો ગાઢ પ્રેમ હતો કે, તેઓ પરસ્પરની આજ્ઞા ઉલ્લંઘન કરતા નહીં; એટલુંજ નહી પણ એ પ્રેમની ગાઢ એટલી તો સુદૃઢ બની હતી કે પોતામાં પ્રીતિપાત્ર શિવજીને જે અનુકૂળ તેજ પોતાને અનુકૂળ અને તેને પ્રતિકૂળ તેજ પોતાને પ્રતિકૂળ હતું. એ સતીએ પતિની અનુકૂળતા માટે પોતાના પ્રીય પ્રાણની પણ દરકાર રાખી નથી. એવો તેમનો પ્રેમ સુદૃઢ હતો. **દક્ષ** પ્રજાપતિએ જ્યારે મહાન યજ્ઞ કર્યો, ત્યારે તેણે સર્વ દેવોને આમત્રણ કર્યુ, પરંતુ **શિવજી**ને દ્વેશથી કર્યું નહીં; તેમજ યજ્ઞ મંડપમાં તેમનું સ્થાપન પણ કર્યુ નહીં. આ પ્રમાણે પોતાના પતિ સદાશિવ તરફ પોતા પિતાનો દ્વેશ જોઇ સતીને ઘણું માઠુ લાગ્યું. પતિનું થયેલું અપમાન સહન ન થઇ શકવાથી સતીએ પોતાના પિતાપ્રત્યે કહ્યુ કેઃ—

अतस्तवोत्पन्नमिदं कलेवरं न धारयिष्ये शितिकंठगर्हिणः ।
जग्धस्य मोहाद्धि विशुद्धिमंधसो जुगुप्सितस्योद्धरणं प्रचक्षते ॥

અર્થ—તું શિવજીનો દ્વેશ કરે છે, માટે તારાથી ઉત્પન્ન થયેલ આ કલેવર (શરીર) પણ મારા કામનુ નથી. તેથી હું તેને છોડી દઉંછું. ખરાબ અન્ન ભૂલથી ખવાયું હોય, તો પછી તે ઓકી કહાડવું. એમ ધર્મશાસ્ત્ર કહે છે.

આ પ્રમાણે કહેતાંજ તેજ સ્થળે યોગબળે દેહનો ત્યાગ કરી પોતાના પાતિવ્રત્ય ધર્મનું ગૌરવ બતાવી આપ્યું હતું. તેણે બાળપણામાં તત્વજ્ઞાન, પુરાણાદિ ધર્મશાસ્ત્રોનું તથા સ્ત્રીધર્મનીતિ, ગૃહકાજ અને સદાચરણ વગેરેનું શિક્ષણ મેળવ્યુ હતું. તે જ્યારે યોગ્ય વયે આવ્યાં, ત્યારે પાઠશાળામાં કન્યાઓને શિક્ષણ આપવાને, તથા સ્ત્રીચરિત્રોનું ભાષણ આપી તેના સદ્‌ગુણોની ઉંડી છાપ તેમના હૃદયમાં પાડવા પ્રયત્ન કરતાં. તે જ્યારે પરણવા લાયક ઉમરનાં થયાં હતાં, ત્યારે **શિવજી**ને વરવા માટે બાર વર્ષ સુધી દુષ્કર તપ કર્યું હતું. છેવટે તપનુ ફળ પ્રાપ્ત ન થવાથી ચિતા ખડકાવી તેમા પોતાના કોમળ દેહની આહુતિ આપવા તૈયાર થયાં હતાં. તેટલામાં શિવજી પ્રત્યક્ષ આવી મળવાથી તેના મનને શાંતિ થઈ હતી. શિવજીના આવ્યા પછી **પાર્વતીજી** શાસ્ત્ર વિધિએ પરણી પતિ સાથે કૈલાસ પ્રત્યે જઇ રહ્યાં હતાં. એ રીતે સતીએ પોતાના સતીત્વ બળથી ઇચ્છીત સ્વામીની સંગિની થઇ રહેવાની સાર્થકતા સિદ્ધ કરી પોતાના પ્રેમની પવિત્રતા બતાવી આપી છે.

સદાશિવ પણ પત્નિ પ્રેમમાં ઓછા ગુથાયા નહોતા. જ્યારે સતીએ દેહ ત્યાગ કર્યો હતો, ત્યારે **શ્રીશંકર**ને તે ખબર મળતાંજ **દક્ષ**પ્રજાપતિને ત્યાં આવી તેના યજ્ઞનો ભંગ કરીને, દક્ષનું મસ્તક છેદી નાંખ્યું હતું. આ વખતે તેને એટલો તો ક્રોધ ચડયો હતો કે, ચારે તરફ ત્રાહે ત્રાહે થવા લાગ્યું હતું. જ્યારે દેવોએ મળી સ્તુતિ કરી ત્યારેજ તેનો ક્રોધાગ્નિ શાંત થયો હતો. સતીના દેહ ત્યાગથી તેને ઘણો શોક થયો હતો. તેના અસ્તિની પોટલી બાંધી તીર્થે તીર્થે કરી હિમાલય પર આવી બાર વર્ષ સુધી અઘોર તપ કર્યું હતું. ખરેખર આનું નામજ પ્રેમ ! આવાં પ્રેમાળુ દંપતિને ધન્ય છે, કે જેઓ પરસ્પરના સુખદુઃખમાં પ્રસન્નતાથી ભાગ લે છે.

શિવજી ગાવા બજાવવામાં અને નૃત્યમાં કુશળ હતા. તેમણે પોતાની પ્રાણુપ્રિયા **પાર્વતીજી**ને એ કળા શીખવી હતી, તેથી બંને પ્રસંગોપાત એક બીજાનું મનરંજન કરતાં. સતી પતિ સેવા, સ્તુતિ, જપ, તપ, દયા, દાન, અધ્યાત્મજ્ઞાન વગેરેના પ્રબળ પ્રતાપથી જગત્ જનની–"**મહાદેવી**" ના પદને પામી ત્રૈલોકયમાં પ્રસિદ્ધને પામી દેવી રૂપે પૂજાવા લાગ્યાં. આ દેવી પ્રજા જનની પીડા ટાળવા પોતાના પતિને સમજાવી, તેમને સુખ થાય તેમ કરતાં. દુષ્ટોનો સંહાર કરી સુજનોને સુખી કર્યા હતાં. એવાં એ દયાળુ અને ન્યાયી હતાં. તે પોતાના પતિને હરેક કાર્યમાં સલાહ અને સહાયતા આપતાં. તે પોતાના અનેક ઉત્તમ ગુણો અને શક્તિથી **આર્ય** પ્રજામાં એટલાં તો માનને પામ્યાં છે કે, આર્ય પ્રજા તેમનું નામ સ્મરણ અને પૂજન કરી પવિત્ર "આદ્યશક્તિ" રૂપ માને છે, અને માનવું જોઇએ; કેમકે ઈશ્વિર પાર્વતીજીના દયાળુપણાના અને તેની અદ્‌ભૂત શક્તિના દાખલા આર્યાવર્તમાં અને આર્ય શાસ્ત્રોમાં થોડા નથી. એ સૌ કોઈ જાણે છે. માટે આ ઠેકાણે નકામું લખી લંબાણુ કરવું એ યોગ્ય નથી.

સતી–સાવિત્રીજી.

આ દેવી સાધ્વી જગતની આદિ માતા અને આપણા આદિ કારણ **બ્રહ્મા**નાં—પરમ પવિત્ર પત્ની થાય. તે દેવી અધ્યાત્મિક જ્ઞાનમાં નિપુણ હતાં. તેમને વિદ્યા દેવી **સરસ્વતી** જેવી પરમ પવિત્ર પુત્રી અને **સનક**, **સનત્કુમાર**, **સન્દન** અને **સનાતન** એ ચાર પવિત્ર પુત્રો થયા. આ પાંચે બાળકો પોતાના પિતા **બ્રહ્મા** અને સાક્ષાત્ દેવીરૂપ **સાવિત્રી** માતાના હાથ નીચે ઉછરી પરમ જ્ઞાનવાન થયાં હતાં. આવી સાધ્વી માતાના પ્રતાપ બળથીજ આ પાંચે બાળકો જગત્ વિખ્યાત અને પુજય થયાં છે. આ મહા પુણ્ય પવિત્ર જ્ઞાન સંપન્ન દેવીએ પોતાના જ્ઞાનનો લાભ પોતેજ એકલીએ નહીં લેતાં ઘણીક ઋષિપત્નીઓ વગેરે સ્ત્રીઓને આપી તેમને જ્ઞાનવાન બનાવી હતી. તેમજ તે નિત્ય નિવૃત્તિને પ્રસંગે મહિલા મંડળને એકઠું કરી તેમના ગૃહ વ્યવહાર, નીતિ, ધર્મ, તથા પતિવ્રતાના ધર્મનો ઉપદેશ આપતાં. એટલુંજ કરી એ દેવી બેસી રહેતાં નહિ, પરંતુ પોતાના સાક્ષાત્ દેવરૂપ પતિ બ્રહ્માને ધર્મશાસ્ત્રો રચવામાં સહાયતા આપતાં. એવું કેટલાક ગ્રંથોપરથી માલમ પડે છે.

આ સાધ્વી માતા પોતાની અને પતિની નિવૃત્તિના પ્રસંગે ધર્મ ચર્ચા કરી તેમાં પોતાને જે શંકાઓ માલમ પડતી, તેના ખુલાસા પતિ પાસેથી મેળવતાં. તેમજ પતિવ્રતા સ્ત્રીઓના ધર્મ પૂછતાં, નિરંતર પોતાના પતિની સેવામાં તત્પર રહેતાં. અને નિત્ય પ્રાતઃકાળમા તેમની એકાગ્ર ચિત્તે શામવેદના મંત્ર સ્તુતિ કરી નમસ્કાર કરતાં, તેનો ભાવાર્થ આ પ્રમાણેઃ–" હે સ્વામીન ! આપ પ્રકાશ સ્વરૂપ, ભરણપોષણ કરનાર, મસ્તકને વિષે ચંદ્ર સ્વરૂપ છો, એવા પ્રાણનાથ તમને હું નમસ્કાર કરૂં છું. વળી તમે શાંત સ્વરૂપ છો. દાંત એટલે સર્વ ઇંદ્રિઓને વશ કરનાર છો. સર્વ દેવના સ્થાનરૂપ તમને નમસ્કાર કરૂ છું. આપ સાક્ષાત્ પૂર્ણ બ્રહ્મ સ્વરૂપ છો, સતી સ્ત્રીને પ્રાણથી પણ વ્હાલા છો, એવા તમને નમસ્કાર કરૂ છું. તમે પૂજવા યોગ્ય હૃદય અને જ્ઞાનના આધારરૂપ છો. મને પરમ આનંદ સ્વરૂપ છો, બ્રહ્મા પણ તમે છો, અને વિષ્ણુ તથા મહાદેવ તે પણ તમે છો. સર્વ જગતના આધાર નિર્ગુણ બ્રહ્મ તે રૂપી પતિ તમે છો. હે નાથ ! મારાથી જ્ઞાન કે અજ્ઞાનવડે જે દોષ થયા હોય તે ક્ષમા કરજો. હે સહાયક ! રે દયા સિંધુ ! હું આપની ધર્મપત્ની છું. મારામાં કઇ દોષ હોય તે ક્ષમા કરશો."

આ પ્રમાણે નિત્ય પ્રાર્થના કર્યા પછી તે પોતાના બીજાં ગૃહકાર્યમાં લાગતાં, વગેરે વગેરે વર્ણન ધર્મશાસ્ત્રોમાં કરેલું છે. આ દેવી આદ્યશક્તિ સ્વરૂપ ગણાયાં છે. તેના ગુણનો શું પાર આવે ! તે ખરેખર નમન કરવા યોગ્ય છે. એના ચરિત્ર

ઉપરથી અર્વાચીન સ્ત્રીઓએ શિક્ષણ લેવાનું છે કે, સાવિત્રી જેવાં સાક્ષાત્ જગદંબા પણ પોતાના સ્ત્રીધર્મમાં કેવાં પ્રવિણ રહેતાં. પોતાનો પરણેલો "ધર્મસ્વામી" પ્રત્યેનો ધર્મ કેવો જાણતાં. તેનામાં નીતિ, સત્ય, ન્યાય, વિજ્ઞાન, સમયસુચકતા અને સંવાદ પ્રશ્નોત્તર કરવાના ઘણાખરા ગુણો બ્રહ્માના પ્રમાણેજ હતા. આમાંના ઘણા બ્રહ્માના શિક્ષણ બળનું ફળ હતું. બ્રહ્મા પણ તેમની યોગ્યતા સાચવી માન આપી તે સાથે વર્ત્તતા, અને તેને પોતાનુંજ બીજું સ્વરૂપ છે એમ જાણતા. અર્વાચીન કાળમાં કેટલાક પુરૂષો પોતાની સ્ત્રીને સુધારી જ્ઞાનવાન કરવામાં બેદરકાર રહે છે. ભાઈ ભણેલા તો બાઇ મનનાં બગડેલાં, અભણ, ઇત્યાદિથી બંનેનાં મન કદી મળેજ નહીં અને જ્યાં મન ન મળે, ત્યાં સંસાર સુખ ક્યાંથી મળે? માટે જેઓ સમજુ ને જ્ઞાનવાન છે તેમણે તો આપણા આદિ મૂળ બ્રહ્માનો દાખલો લઇ પોતાની સ્ત્રીને જેમ બને તેમ પોતા જેવી કરવા લક્ષ રાખવું જોઇએ. આમાં જેટલું ઓછું ધ્યાન રખાય, તેટલું પોતાનેજ સુખ ઓછું સમજવું. માટે તે કેવી રીતે સમજે, સુધરે અને એકાત્મ થાય; તે સંબંધી પૂર્ણ વિચાર કરી વર્ત્તવુ જોઇએ, તોજ પ્રાચીન સતીઓના જેવા કંઇ પણ ગુણ પ્રકાશ પામે, અને પરસ્પરનું કલ્યાણ થાય, ત્યારેજ માતા સાવિત્રીના જેવા સ્તુતિ કરવાના ઉમળકા અંતઃકરણમાં સ્ફુરે. અહો! આર્ય માતા સાવિત્રી! તારી આર્ય પુત્રીઓનાં અંતઃકરણ નિર્મળ કરવા તેમને સદ્બુદ્ધિ પેર?!

સરસ્વતી.

સરસ્વતી એ આપણા જગત્ પિતા બ્રહ્માનાં પુત્રી. તેની માતાનું નામ સાવિત્રી. સરસ્વતી રૂપગુણે અનુપમ અને મનોહર હતાં. તે સર્વ કાર્ય પોતાની જાતે કરી શરીર આરોગ્ય રહે તેમ કરતાં. તે ઘણી કાળજી અને મહેનતથી પોતાના પિતાજી પાસે તથા સનક, સનકાદિક જેવા ઋષિઓ જે તેના ભાઇ થાય તે પાસે વિદ્યા ભણવા લાગ્યા. ભણતાં ભણતાં વિદ્યામાં એટલાં તો પારાંગત થયાં કે છેવટ તેમણે પોતાની પ્રવિણતા ને બુદ્ધિ બળવડે કેટલીક નવીન વિદ્યાઓ શોધી કાઢી. અર્વાચીન જે ઇશ્વરભજનમા અને આત્માનંદ ભોગવવામાં સંગીત શાસ્ત્ર—ગાયનકળાનો ઉપયોગ થાય છે, તેને પ્રથમ ઉત્પન્ન કરનાર અને પ્રવર્ત્તક તેજ હતાં. તેણીએ સંસ્કૃત વાણીને ઉત્પન્ન કરી કહેવાય છે. તે સમયે તે મોટી મોટી દેવ સભામાં વિદ્યા જ્ઞાનનાં વ્યાખ્યાનો (ભાષણો) આપતાં અને કુશળ વ્યવહાર જ્ઞાન શીખવતાં. અંક સંખ્યાનું ગણિત, હિસાબની ગણતરી તથા મૂળાક્ષર અને વ્યંજન તેણેજ ઉભા કર્યા કહેવાય છે, કે જેનાથી કરી આપણને આજે વાતચીત કરવાની આટલી સગવડ થઇ છે. એ મૂળાક્ષરવડે આપણે દૂર

દેશાવરનું ને આગળ પાછળનું સર્વ જાણી શકીએ છીએ. **સરસ્વતીદેવી** પોતાને લાયક વિદ્વાન વર ન મળવાથી બ્રહ્મચર્ય એટલે કુંવારી અવસ્થામાંજ રહ્યાં હતાં. એ પ્રમાણે આજે યુરોપાદિ દેશોમાં થાય છે. પ્રાચીનકાળમાં આ દેશમાં આર્ય સ્ત્રીનું મહત્વ પુરૂષ પ્રમાણેજ હતું. અર્વાચીન સ્ત્રીઓની પેઠે દાસત્વ દશામાં નહોતી, એવું આ પવિત્ર આર્ય ભૂમિની ભૂષણ રૂપ દેવી **સરસ્વતીના** ચરિત્ર ઉપરથી જણાઇ આવે છે. **સરસ્વતી** વિદ્યા વિશારદ ગણાવાથી આર્યોનાં તે સમયના રિવાજ પ્રમાણે દેવી એવા માનપ્રદ ઉપનામને પામ્યાં હતા. એ સર્વ પોતાના આત્મ બળવડેજ તેણે મેળવ્યું હતું. અર્વાચીનકાળમાં પણ આ દેશમાં સર્વ કુટુંબની અંદર **સરસ્વતીદેવી** તરીકે પૂજાય છે, તથા તેને વિદ્યાની આદિ માતાના નામથી સૌ કોઇ જાણે છે. આ દેશની અંદર પ્રત્યેક વર્ષે દીવાળીપર હિસાબી ચોપડાઓ બદલાય છે, ત્યારે તે રોજ **શારદા—સરસ્વતી** પૂજન થાય છે. તેમજ પ્રથમ તેમાં શારદાયનમઃ એટલે પ્રથમ **સરસ્વતીને** નમસ્કાર કરવામાં આવે છે. પછી બીજું લખવું શરૂ થાય છે. ગ્રંથકાર પણ ગ્રંથ રચતાં પ્રથમ તેમની સ્તુતિ કરે છે. આ દેવીના નામની **સરસ્વતી** નદી છે. તે **સરસ્વતીમાં** લોકો સ્નાન કરી પવિત્ર થાય છે. એવું પ્રાચીનથી ચાલ્યું આવે છે. એવું એ **સરસ્વતીદેવીનું** માહાત્મ્ય છે. એ બધું તેણે પોતાના સત્ય જ્ઞાનથીજ મેળવ્યું હતું. આહા! દેવીનું કેવું આત્મબળ! અહો! ભારતવર્ષમાં આવી દેવીઓ ફરી ક્યારે પ્રગટ થશે? હે દેવી! તું ફરી આ દેશપર કૃપા કરી જન્મ ધર, અને પ્રાચીનની નાશ પામતી વિદ્યાઓનો જીર્ણોદ્ધાર કર! મંગળ! મંગળ! અસ્તુ.

સંજ્ઞા—રનાદેવી.

આ દેવી સાધ્વી કોણ! આપણા **સૂર્યદેવની** સ્ત્રી. તેનું બીજું નામ **રાંદલ** હતું. તે ઘણી વિદ્વાન હતી. તેણે વેદનાં કેટલાંક ઋક્ રચેલાં છે. તેનામાં ધર્મ નીતિનું વિશેષ પરિબળ હતું. તેણે પ્રજામાં ધર્મ નીતિનો ફેલાવો કરવા ખાતર ઉપદેશ આપવા ઘણો પ્રયત્ન કરેલો છે. આ સતી સૂર્યદેવને ઘણી પ્રિય હતી. જ્યારે તેનો વિવાહ થયો ત્યારે તેણે પતિ પ્રત્યે કહેલું છે કેઃ—

'હે સ્વામીન્! તમો મારી સાથે રહી સુખને પામો. હું આપને સુખ આપનાર થઇશ. મેં અનેક પ્રકારનાં શુભ કર્મો કર્યા હશે, તેથી દેવતાઓએ મને આપ સરખા પતિ આપ્યા છે. હું બાળ, યૌવન, અને વૃદ્ધાવસ્થામાં તમારા કુટુંબનું પાલન કરીશ. હું સદા તમારી આજ્ઞા પ્રમાણે વર્તીશ. હું નિત્ય નિર્મળ રહીશ, સૌભાગ્યને જણાવનારાં હાથ, પગ, કાન, અને નાક વગેરેનાં આભુષણો સદા પહેરી રાખીશ. મન, વચન, અને કાયાના કર્મથી આપનીજ સેવા કરીશ. હું તમારા ભેગી

રહી સુખ દુઃખાદિ જે પ્રાપ્ત થશે, તે સર્વે સહન કરીશ. તમે જ્યાં રહો ત્યાં મને સાથે રાખશો. પ્રાણનાથ! મારૂં પાલન કરનાર આપજ છો. આપજ મને નમવા યોગ્ય છો." વગેરે, વગેરે તેણે કહેલું છે. આ સતીના સૌભાગ્યપણાની આર્યોમાં એટલી તો મહત્તા છે કે,—લગ્ન ક્રિયા વખતે કન્યાને સૌભાગ્ય દેવાય છે, "ત્યારે **સૂર્ય રનાદેવી**ની સૌભાગ્ય." એટલે સૂર્ય રનાદેવી-સંજ્ઞાનું સૌભાગ્ય ઘણા કાળ રહ્યું, તેમ ઇશ્વિર આ કન્યાનું સૌભાગ્યપણું લાંબો કાળ રાખો. એવો સૌભાગ્યવતી સ્ત્રીઓ આશિર્વાદ દે છે. લોકો પોતાના મનની ઇચ્છા પૂર્ણ થતાં રદલદેવીની સ્થાપના કરી પૂજે છે. એ રીતે તેમણે પોતાના સૌભાગ્યપણાથી, નીતિના ઉપદેશથી તથા પતિ સેવાના પ્રતાપે જગતમાં અક્ષય કીર્તિ રાખેલી છે.

સ્વાહા.

આ દૈવી સતી **માહિષ્મતી** નગરીના મહારાજા **નીલધ્વજ**ની પુત્રી અને અગ્નિદેવની સ્ત્રી થાય. "સ્ત્રી એક પતિને પામી બીજા પુરૂષનો સ્પર્ષ કરે; તેનું શરીર મલીન-અપવિત્ર ગણાય છે અને તે સ્ત્રી ઘોર નર્કમાં જાય છે." આ પ્રમાણે **સ્વાહા**નું માનવું હોવાથી સર્વમાં અગ્નિદેવને શ્રેષ્ઠ જાણી તે સાથે લગ્ન કર્યું હતું. એવી એ મહા સતી હતી. તે મહા રૂપ સુંદર મનોહર હતી. તેમજ બુદ્ધિવાન, ઉત્સાહી, અને વિદ્વાન હતી. તેણે પોતાની વિદ્વતાથી ઋગ્વેદમાં કેટલાક ઋક્ રચેલાં છે, તે વિષેનાં ઘણાં પ્રમાણો ઋગ્વેદ વગેરે શાસ્ત્રોમાં મળી આવે છે. આ દંપતિમાં પરસ્પર ઘણી પ્રીતિ હતી, એવું અગ્નિદેવનાં પ્રિય વચનો વગેરેથી જણાઇ આવે છે. એક વખતે **અગ્નિદેવે** પોતાની પત્ની પ્રત્યે જે જણાવેલું છે, તેનું દેવી ભાગવતમાં આ પ્રમાણે વર્ણન છેઃ—

"સતી! તું મને ઘણી પ્રિય છે. માટે તારૂં નામ મારી સાથે સદા જોડાએલું જોવાને હું ઇચ્છું છું. જે કોઇ મનુષ્ય, તારૂં નામ "**સ્વાહા**" એવો ઉચ્ચાર કરી મને બળિદાન કે આહૂતી આપશે, તથા "સ્વાહા" એ નામનું વારંવાર સ્મરણ કરશે, તે મને ઘણો પ્રિય થશે, અને હું તેનાપર પ્રસન્ન થઇશ." આવું તેનું વચન છે. આર્ય લોકોમાં યજ્ઞ, યાગ, કે હોમ કરતી વખતે "સ્વાહા" એવો ઉચ્ચાર કરી બળિદાન કે આહૂતી અગ્નિને આપવામાં આવે છે. આ પરથી સમજાશે કે આ દંપતિમાં પરસ્પર કેટલો પ્રેમ હતો, એ સૌ કોઇ અનુમાન કરી શકશે. **સ્વાહાએ** પતિ સેવા કરી તેની પ્રીતિ મેળવી હતી; એટલુંજ નહિ પણ તે સાથે પોતાનું નામ અખંડ રાખી પૂજ્ય થઇ ગઇ છે. એ સઘળો તેના આત્મબળનો પ્રતાપ હતો.

મહાસતીઓ.

દેવી અનસૂયા.

મહાસતી **અ**નસૂયા એ દેવી **દે**વહુતી તથા **કર્દમ** ઋષિની પુત્રી થાય. તેના ભાઇનું નામ કપિલદેવ હતું. તેણે પોતાની પુજ્ય માતુશ્રી દેવી **દે**વહૂતીને નિરંતર ઉપદેશના બળથી અપાર સંસાર સાગરના પારથી ઉદ્ધાર કર્યો, તથા તેણે સાંખ્ય શાસ્ત્ર બનાવ્યું. મહાસતી **અ**નસૂયાનું પાણી ગ્રહણ મહાત્મા **અ**ત્રિ ઋષિ સાથે થયું હતું. તેમને ત્યાં ઇશ્વરાવતાર ગણાયેલા મહાત્મા ગુરૂ **દત્તાત્રેય** નામે પુત્ર જન્મ્યા. તે જગત પ્રસિદ્ધ અવતાર રૂપ મહાયોગી થઈ ગયા છે. એ સતી સર્વ સતીજનોમાં શિરોમણી હતાં. જગતની સ્ત્રીઓના ઉદ્ધાર કરવામાં પોતાનું બહુ સામર્થ્ય વાપરી જગતમાં પ્રખ્યાત થયાં હતાં; એટલુંજ નહિ પરંતુ જ્યારે મહાદેવી **પા**ર્વતીજીએ મહા પ્રભુ **ચં**દ્રમૌલિ સદાશિવને સતીઓ વિષે પ્રશ્ન પૂછ્યા હતા, ત્યારે તેણે પતિવ્રતાઓની ગણતરીમાં તેમને પહેલી પંક્તિએ લેખ્યાં છે.

એક વખતે વિચિત્ર ચરિત્રવાળા પવિત્ર મહાત્મા **અત્રિ** ઋષિ કોઇ કારણસર બહાર ગયા હતા. તે સમયે સતીના સતીત્વની પરીક્ષા લેવા સારૂ **બ્રહ્મા, વિષ્ણુ,** અને **મહેશ** એ ત્રણે દેવો જુદા જુદા વેશ ધારણ કરી તેમના આશ્રમમાં પધાર્યા. આ પ્રમાણે જોઇ સતીએ પોતાના સતીત્વના પ્રભાવે મન, વચન, કર્મ અને કાયાથી પોતાના હૃદયના ઇશ્વર **અ**ત્રિ ઋષિમાં ઇશ્વર બુદ્ધિથી અને પોતાના ધર્મથી, કુળના ધર્મ તથા સત્ય ધર્મ પાળવાની ચતુરાઇથી એ ત્રણે દેવોને પોતાનું સતીત્વ બતાવી આપ્યું તેથી દેવોએ પ્રસન્ન થઇ તેમને ત્યાં દત્તાત્રેય રૂપે જન્મી માતારૂપ માન્યાં. આ વાત આજ સુધી સતીજનો અને કુળવાન કન્યાઓના અંતઃકરણને ખેંચે છે.

વળી દૈવ ઇચ્છાથી એક સમયે જ્યારે મહા **દુઃખદાયક** દુષ્કાળ પડયો, ત્યારે તમામ વનસ્પતિ સૂકાઇ ગઇ, પાણીનાં નવાણો સૂકાઇ ગયાં, ઝાડપરથી ખરી ગયેલાં પાદડાંઓના ઢંગથી આખું જંગલ સુનું અને ભયાનક જણાવા લાગ્યું, ફળ, ફુલ, પાંદડાં, કંદ, મૂળ અને પાણી વગેરે ન મળવાથી વનની અંદર મનુષ્ય, પશુ,

પક્ષી, અને કીટ વગેરે પ્રાણીઓ આકુળ વ્યાકુળ થવા લાગ્યાં. તેવે સમયે અત્રિ ઋષિ પોતાના ઇષ્ટિદેવનું સ્વરૂપ હૃદયમાં ધારણ કરી સમાધિમાં મગ્ન થયા; ત્યારે સતી અનયાસૂજી ભૂખ, તરસ, રોગ, વાયુ, વરસાદ, ટાઢ, તડકો વગેરે કાંઇ ન ગણકારતાં, પોતાના પ્રાણપ્રિય પ્રાણનાથની મન, વચન અને કર્મથી સેવામાં તત્પર રહેવા લાગ્યાં. એકાગ્રચિત્તથી પોતાના સ્વામીના ચરણકમળની સેવાને લીધે ઉત્પન્ન થયેલા હર્ષથી આવી સો દુકાળી પણ તેને જણાઈ નહીં. જ્યારે સો દુકાળીમાં એક વર્ષ ઓછું હતું, ત્યારે પોતાના પ્રાણપ્રિય સ્વામીનાથ સમાધિમાંથી જાગૃત થયા. તેણે પાણી લાવવાની આજ્ઞા કરી કે, તરત આજ્ઞા શીરપર ચડાવી હાથમાં કમંડળ લઇ ઉતાવળે ઉતાવળે પાણીની શોધ કરતાં ચાલ્યાં. હજુ થોડે છેટે ગયાં નહીં, ત્યાં પાછળથી કોઈ વખતે નહીં જોયેલાં એવાં દેવીએ દર્શન આપી કહ્યું; હે સતી! પ્રાણપતિની સેવામાં તત્પર તું ક્યાં જાય છે? તારા કમળ સરખા કોમળ ચરણ વડે આ તપેલી પૃથ્વીપર આમતેમ કેમ ફરી ઘણો શ્રમ લે છે? પ્રિય સખી! આ અપાર અને અમોઘ વાયુ તારી ચાલવાની ગતિ અટકાવે છે; છતાં તું બીનઅટકયે કેમ વ્યાકુળ ચિત્તે દોડી જાય છે? હે કોમળ અંગવાળી! આવી આતુર તું શા કારણથી રહે છે?!

દેવીનાં આવાં વચન સાંભળી અનસૂયા પોતાના પ્રાણપતિને પાણી પહોંચાડવું હતું, તેમાં વિલંબ થાય, માટે તે સામું પણ ન જોતાં બોલ્યાં કે, આપ કોણ છો? ક્યાંથી આવ્યાં છો? અને અહીં આપનું પધારવું શા કારણથી થયું છે? હું આપને ઓળખતી નથી. તે જાણવાને હાલ રોકાઇ શકુ તેમ નથી. કારણ મારા પ્રાણનાથે મને પાણી લાવવાને આજ્ઞા કરી છે. માટે વધારે વખત મને નથી, તેથી ક્ષમા કરશો. હું પાણી લાવી આપનો યથાશક્તિ આદરસત્કાર કરીશ. આવાં વચન સાંભળી દેવીએ કહ્યું,–સતી! આટલુંએ બહુ થયું. હાલ દુઃખદાયક સો દુકાળી ચાલે છે, માટે સો યોજન સુધી ક્યાંએ પાણી મળશે નહીં, તેથી વૃથા શ્રમ ન કર. આવાં દેવી તરફથી નિરાશીનાં વચન સાંભળી વ્યાકુળ ચિત્તે કહેવા લાગ્યાં; હે પ્રભુ! હે દીનાનાથ!! હું હવે શું કરૂં? ક્યાં જાઉં? અને કેમ કરી પ્રાણનાથને પાણી આપું? અરેરે હું હત્ ભાગ્યની, આજ ઘણા વરસે પ્રાણપતિ સમાધિમાંથી જાગૃત થયા, તેને પાણી લાવી આપી રાજી રાખવા શક્તિવંત નહીં થાઉં! હાય! મારાં કમનસીબ!! હે ભગવતિ ભાગીરથી! હે મોક્ષદાતા સરસ્વતિ! આ તમારી પુત્રી પોતાના પ્રાણપતિ સારૂ પાણી લેવા આવી છે, પરંતુ ક્યાંએ મળતું નથી. માટે બે કર જોડી પ્રાર્થના કરૂં છું કે મને કૃપા કરી મારા સ્વામી સારૂ એક કમંડલુ પાણી આપો. અરે! સો દુકાળી જરાએ જણાઇ નહીં. આજ સુધી મારા સ્વામીનું કમંડલુ પાણીથી ભરેલું હતું અને હાલ થોડી વારમાં ખાલી થઇ ગયું. એ ખરેખર મારા પ્રાણપતિના તપનો પ્રભાવ હોવો જોઇએ. મારા પ્રિય સ્વામીને તરસ લાગી કે તરત પાણી ન મળવાનું દુઃખ ક્યાંથી આવ્યું? હે દૈવ!

આ દુઃખ કેમ આવ્યું? આ પ્રમાણે બોલતાંજ મૂર્છા આવી સ્તબ્ધ થઇ પડયાં.

દેવીએ આ બધું જોયા કર્યું. તરત પાસે આવી કહ્યું: પ્રિય પુત્રી **અનસૂયા** તું શોક શા માટે કરે છે? અહીં એક ખાડો કર. હું **ભાગીરથી ગંગા** છું. હાલ હું પ્રસન્ન થઇ પ્રત્યક્ષ આવી છું. **અનસૂયાએ** દેવીનાં આવાં વચનથી ઉઠી. એક ખાડો કર્યો કે, તરત ગંગાજળથી ભરાઇ ગયો. તેમાંથી કમંડલુ ભરી પ્રાર્થના કરી કે, દેવી! આપના પધારવાના ખબર મારા પ્રાણપતિ સાંભળશે, તો તેમને આપના દર્શનની ઇચ્છા થશે, માટે આપ હું આવું ત્યાં સુધી અહીં રહેશો, એવી મારી માગણી છે. દેવી બોલ્યાં: પુત્રી! તું તારા પતિપર ઘણો પ્રેમ રાખી તેની અત્યંત સેવા કરે છે. એવા તારા પતિ સેવાના એક વર્ષનું ફળ આપે તો હું અહીં રહીશ. **અનસૂયાએ** આ વચન કબુલ કર્યું. પછી પોતાના પ્રાણનાથ પાસે ગયાં, અને નિર્મળ ગંગાજળ પીવા આપ્યું. સંસારના રોગને મટાડનાર ગંગાજળ પી **અત્રી** ઋષિએ કહ્યું કે, તમે આ પાણી ક્યાંથી લાવ્યાં? **અનસૂયાએ** આ વખતે સર્વ વાત કહી બતાવી. ઋષિ આ સાંભળી ઘણા આશ્ચર્ય થયા, અને ત્યાં દર્શન કરવા ગયા. દર્શન કર્યા પછી પોતાના આશ્રમમાં પધારવા પ્રાર્થના કરી. તે પરથી દેવી **ભાગીરથીએ** કહ્યું કે, "જો **અનસૂયા** પોતાના પતિવ્રતપણાના એક વર્ષનું પુણ્ય મને આપે, અને સદાશિવ તમારાથી પ્રસન્ન થઇ અહીં રહે, તો મારે **અનસૂયા** પાસે રહેવા જેવું બીજું કાંઇ પ્રિય નથી." ઋષિએ તે પ્રમાણે કર્યું. સદાશિવને પ્રસન્ન કરી આશ્રમમાં રાખ્યા, અને ભાગીરથી ગંગાને પણ રાખ્યાં (આજે પણ દક્ષિણમાં **અત્રીશ્વર** અને **અત્રિગંગા** નામે પ્રસિદ્ધ છે. તેનું પાણી ગમે તેવો દુકાળ પડે છે તોપણ સૂકાતું નથી.)

સતી **અનસૂયાને** એક વખતે **ઇંદ્રાદિ** દેવોએ પ્રાર્થના કરી કે, "માતુશ્રી! સતી **નર્મદાએ** પોતાના પતિના કાર્ય માટે સતીત્વના પ્રભાવે સૂર્યને અટકાવી દેશમાં ઘણું દુઃખ પેદા કર્યું છે. તે દૂર કરવા ઉપાય કરશો. આ પ્રમાણે દેવોની પ્રાર્થના સાંભળી **અનસૂયાએ** કહ્યું કે, તમો ધીરજ રાખો. હું એ પતિવ્રતાની મરજી પ્રમાણે તેમને રાજી કરી તમારૂં દુઃખ દૂર કરીશ. એમ કહી સતી **અનસૂયા પ્રતિષ્ઠાનપુરમાં** રહેનાર **કૌશિકને** ઘેર ગયાં. **નર્મદા** દૂરથી સતી **અનસૂયાજીને** આવતાં જોઇ ઊભાં થઇ સામે લેવાને ગયાં, પ્રેમથી ભેટી પગે લાગી ઘરમાં તેડી લાવ્યાં, અને આસને બેસાડી વિધિપૂર્વક પૂજન વગેરે આદરસત્કાર કર્યો. સતી **અનસૂયા** પ્રસન્ન મુખે બોલ્યાં;—સતી **નર્મદા**! તું કુશળ છો? તારા પ્રાણપતિના મુખ દર્શનથી આનંદમાં છો? તારા કલ્યાણના ઉદયની સિદ્ધિના મૂળરૂપ ધર્મકુશળ છે? તું તારા પ્રાણપતિને દેવો કરતાં પણ અધિક માન આપે છે? પુત્રી! પતિના ચરણની સેવા એજ સત્કુળમાં ઉત્પન્ન થનારી સ્ત્રીઓને ઉત્તમ છે. જેને પતિ એજ પ્રાણ છે, જેને સદ્ગુણો એજ આભૂષણ છે, સાસુ સસરો એજ જેને તીર્થરૂપ છે, નણંદો એજ જેને બેનો છે, જેને દેર એ દીકરા બરોબર છે, દેરાણી એ દીકરી બરો-

બર છે, જેઠાણી એ જેને માતુ તુલ્ય છે, જેને શીલ એજ ધન છે, પતિવ્રતા સ્ત્રીઓજ જેને બેનપણીઓ છે, જે મન, વચન, કર્મ અને કાયાથી પતિને દેવ જેવો ગણી પૂજે છે, પોતાના પ્રાણ જતાં સુધી પણ પતિનું હિત કરે છે, પતિના સુખે સુખ અને તેના દુઃખે દુઃખ જે માને છે, જેને પતિનું મુખ જોવાનુંજ વ્યસન છે, જેને તેના ગુણો સાંભળવાનીજ ઇચ્છા હોય છે, પ્રાણપતિ ગમે તો લુલો, લંગડો, કે રોગી વગેરે અનેક ખોડ ખાંપણ કે દોષવાળો હોય, તો પણ તેની મન, વચન અને કર્મથી અવગણના કરતી નથી. પતિનેજ તન, મન, અને ધન સમજે છે, એવી જે પતિવ્રતા સ્ત્રી હોય તેને દેવ, દાનવો, અને ત્રિગુણાત્મક પ્રભુ આધિન હોય એમાં નવાઇજ શી ! એવી જે સ્ત્રી હોય તેજ સતી, તેજ પતિવ્રતા, તેજ કુળવાન કન્યા, અને તેણેજ બંને કુળનો ઉદ્ધાર કર્યો, તેણેજ આ પૃથ્વીને પવિત્ર કરી એમ સમજવું, તેને લીધેજ મૃત્યુલોકને દેવોએ વખાણ્યો છે. પ્રિય પુત્રિ ! તારા સ્વાભાવિક પ્રેમથી, શીલથી. આચરણથી, તારાં વૃત્તાંતથી તું પણ સતીઓમાં ઉત્તમ છે. તું કોને વંદવા યોગ્ય કે માનવા યોગ્ય નથી ! નર્મદા પોતાનાં આ પ્રમાણે અનસૂયાજીને મુખે વખાણ સાંભળી શરમાઇ ધીરેથી બોલ્યાં: ત્રણ લોકને પવિત્ર કરનાર માતુશ્રી ! ભગવતિ અનસૂયા ! હું તો આપ જેવી સતીજનોના ચરણની રજ રૂપ છું. દીનદાસીને વખાણી ઉંચે શુ ચડાવો છો ? આપ જગતજનની છો. ત્રૈલોકનાં આભૂષણ રૂપ સદાચરણવાળાં સતી પાસે બેસવા, બોલવાને હું કોણ માત્ર છું ? આપ કરૂણાવાળાં દેવીએ મારા કયા સત્કર્મથી દયા કરી દીનદાસીને દર્શન આપ્યું ? આપના દર્શનથી હું પોતાને પૂર્ણ ભાગ્યશાળી સમજું છું. મારો જન્મ અને જીવિત આજે સફળ થયું. આપનુ દર્શન આજે મને આનંદ આપે છે. બૃહસ્પતિ, શુક્રાચાર્ય, વ્યાસ, વાલ્મીક વગેરે મુનિઓએ સ્તુતિ કરેલાની હું શું સ્તુતિ કરૂં ! આપ મારા પર આજ્ઞા કરી મને કૃતાર્થ કરશો ? આ પ્રમાણે બોલી સતી નર્મદા હાથ જોડી ઉભાં. ભગવતિ અનસૂયાએ કહ્યું: પુત્રી ! મને પ્રસન્ન કરવાને ઇચ્છા ધરાવતી હો, તો તેં તારા પતિના કાર્ય માટે ઉપાય કરવાથી લોકો દુઃખી થાય છે, તેથી તેના સુખ માટે આજે તારે ઉપાય કરવો જોઇએ. આ વચનો સાંભળી નર્મદા બોલ્યાં:—દેવી ! માંડવ્ય મુનિના શ્રાપથી મારા પતિનું અમંગળ થાય તેવું છે. તેથીજ મેં તેમ કરેલું છે. હવે આપની જે મરજી હોય તે પ્રમાણે મારે કબૂલ છે. અનસૂયાએ કહ્યું કે, સખી ! તું આવી મોટી આપત્તિને કબૂલ કરી ત્રણ લોકના તાપને દૂર કરીશ, તો તારૂં કાંઇ પણ અમંગળ (પતિ મરણ) થશે નહીં. તેમ હું પણ મારા સતીત્વ પ્રતાપથી તને મદદ કરી, તારા પતિનો જીવ બચાવીશ. આવાં અનસૂયાનાં વચન સાંભળી સતી નર્મદાએ હાથ જોડી ઇશ્વિર પ્રાર્થના કરી, લોકો સુખી થાય તેમ કર્યું. તેથી દેવી અનસૂયાએ તેના પતિને કશી આંચ આવવા દીધી નહિ. આ જોઇ સર્વ દેવો ઘણા પ્રસન્ન થયા. અને સર્વ ઠેકાણે જય જયકારનો ધ્વનિ થયો.

આ સિવાય **રામચંદ્રજી** જ્યારે વનવાસમાં હતા, ત્યારે તેઓ ફરતા ફરતા **અત્રી** ઋષિના આશ્રમમાં **સીતાજી** સાથે આવ્યા. એ વખતે **અનસુયાજીએ સીતા**-જીની કુશળતા પૂછી ઉપદેશ આપતાં કહ્યું કે, પુત્રી **સીતા**! તું રાજપુત્રી છે તો હું વનવાસ કેમ જાઉં, એવું અભિમાન છોડી પોતાના પતિ **રામ** સાથે વનમાં ફરે છે, એ ઘણું સારૂં કરે છે. પુત્રી! તને ધન્ય છે, પતિ તીક્ષણ સ્વભાવનો, નિર્ધન, રોગી, વગેરે દોષવાળો હોય, તોપણ સ્ત્રીને પોતાનો પતિ પ્રિય હોય છે, તે સ્ત્રી આ લોકમાં પરમસુખ પામી સ્વર્ગવાસ કરે છે. હે પ્રિય પુત્રિ! સ્ત્રીને અખંડ તપ એ પતિવ્રતજ છે. જે સ્ત્રી કામને વશ થયેલી, પતિને આજ્ઞા કરનારી, પોતાની ઇચ્છા પ્રમાણે અહીંથી તહીં ને તહીંથી અહીં ફરનારી, પતિ ગુણવાન કે ગુણરહિત હોય, તોપણ જે સ્ત્રી તારી પેઠે પાછળ જતી નથી, એવી અધર્મી સ્ત્રીઓ નર્કને પ્રાપ્ત થાય છે. તારા જેવી વિવેકી ને ધર્મી સ્ત્રી હોય છે તેજ સ્વર્ગને પામે છે, અને સતીત્વના પ્રભાવે ત્રૈલોકના જ્ઞાનને પણ પામે છે. માટે તું તારા પ્રાણપ્રિય સ્વામીને અનુસરીને ચાલજે, તેથી તું ત્રૈલોકમાં ધર્મ, યશ ને કીર્તિને પામીશ. ઇત્યાદિ પ્રમાણે કહી **અનસુયાજીએ** આશિશ આપી. પછી **રામ સીતા** રજા માગી ચાલતાં થયાં, વગેરે, વગેરે. અહા! કેવો ઉપદેશ? અને સતીનો કેવો પ્રતાપ? ખરે! સતીત્વ બળની તુલ્ય જગતમાં કંઇજ નથી!! હે ઇશ! દેવી **અનસુયા** જેવી સતીઓ આ દેશને પવિત્ર કરવા પુનઃ પ્રકટ કર!!!

સાવિત્રી.

ભારતખંડના ભૂષણરૂપ **મદ્ર** નામે દેશમાં સર્વ ગુણ સંપન્ન **અશ્વપતિ** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને સંતતિ સુખ નહીં હોવાથી **સાવિત્રી** (ગાયત્રી)નું આરાધન કરવાથી તેની રાણી **માલવી**ને ઉદર એક રૂપસુંદર તેજસ્વી કન્યા જન્મી, તેનું નામ સાવિત્રી પાડયું. તે ઉમર લાયક થવાથી તેનો વિવાહ કોઇ યોગ્ય પુરૂષ સાથે કરવાના વિચારથી **અશ્વપતિએ સાવિત્રીને** પતિ પસંદ કરવા પોતાના પ્રધાન સાથે સૈન્ય સહિત વિદેશ મોકલી. દેશોદેશના રાજા અને રાજકુમારોને જોતાં જોતાં જંગલમાં તપોવનની અંદર જ્યાં ઋષિ, મુનિઓનો આશ્રમ હતો ત્યાં આવ્યાં. **સાવિત્રી** ઋષિ મુનિઓનાં દર્શન કરતી કરતી એક પર્ણકુટી પાસે આવી, તેમાં નજર કરતાં માંહે એક વૃદ્ધ ડોસો, તેની વૃદ્ધ સ્ત્રી, અને એક કીશોરવયનો મુનિ વેષે પણ રાજ્ય ચિન્હોથી યુક્ત તેજસ્વી, પરાક્રમી, બુદ્ધિમાન અને માતાપિતાની પરમ ભક્તિવાળો પુત્ર એ ત્રણ જોયાં. એમને જોઈ આસપાસના મુનિઓને પૂછી તજવીજ કરતાં જણાયું કે, અવંતીનગરીના **દ્યુમત્સેન** રાજાને તેના કોઇ શત્રુઓએ પદભ્રષ્ટ કરવાથી તે પોતાની રાણી **શૈબ્યા** તથા પુત્ર **સત્યવાન**

સાથે અહીં આવી વસેલા છે, **સાવિત્રી** આ વાત જાણી ખેદ પામી, પણ **સત્યવાન**માં સ્વાભાવિકરૂપ સંપત્તિ વગેરે જોઇ ઘણીજ ખુશી થઇ મોહ પામી. તેની આવી દુઃખદ સ્થિતિ જોઇ છતાં **સત્યવાન**ને પોતાને લાયક વર સમજી મનથી પતિ માની લીધો. પ્રધાને આવી સ્થિતિવાળાને પતિ તરીકે પસંદ નહીં કરતાં, વિદેશમાં ફરી બીજા કોઇ યોગ્ય પુરૂષને પતિ તરીકે પસંદ કરવો, એવું **સાવિત્રી**ને જણાવ્યું; પણ તેણે પોતાનો કરેલો નિશ્ચય ફેરવવાની સાફ ના પાડી. તે પરથી પ્રધાન રાજધાનીમાં આવ્યો. **સાવિત્રી**ને આવ્યાના ખબર સાંભળી સૌ ખુશી થયાં. પ્રધાને **અશ્વપતિ** રાજાને કહ્યું કે **સાવિત્રી**એ વિદેશમાં કોઇ રાજા કે રાજકુમારને પસંદ ન કરતાં, પદભ્રષ્ટ થયેલા રાજર્ષિના મુનિ વેષે રહેલા કુમારને પતિ તરીકે પસદ કર્યો છે. **સાવિત્રી** સુકોમળ શરીરની છે. જેણે કદી રાજમંદિર બહાર પૃથ્વીપર પગ મૂકયો નથી; તે જંગલની કાંકરા, કાંટાવાળી જમીનપર શી રીતે ટાઢ, તડકો અને વરસાદ સહન કરી શકશે ? તે હજુ બાળ બુદ્ધિની છે. ચક્રવર્તી રાજાની કુંવરી પરણીને તરતજ વનવાસ ભોગવે, એથી વધારે બીજું દુઃખ કયું ? અમે તેને અટકાવી પણ તેણે નહીં માનવાથી અહીં આવ્યા છીએ, અમને એ વાત પસંદ નથી. હવે આપની મરજી હોય તેમ કરવા મુખત્યાર છો. અમે તે રાજર્ષિના કુમારનુ ચિત્ર ચિતરાવી લાવ્યા છીએ. **અશ્વપતિ** આ વાત સાંભળી ઘણો દિલગીર થયો. ચિત્ર નિહાળી વિચારમાં ગરકાવ થયો. તેટલામાં **નારદ**મુનિ આવી ચડયા. રાજાએ ઉભા થઈ તેનો ઘણો સત્કાર કર્યો. કેટલીક વાતચીત ચાલતી હતી ત્યાં **સાવિત્રી** પણ આવી. મુનિએ તેને જોઈ રાજાને કહ્યું કે, આ તારી પુત્રી સતી થશે; એવું તેના લક્ષણો પરથી જણાય છે. તેનું સગપણ કોની સાથે કર્યું છે ?

અશ્વપતિએ મુનિનાં વચન સાંભળી કહ્યું: મહારાજ ! આપ ભલે પધાર્યા. મારે આપની સલાહ પૂછવી છે. એમ કહી **સાવિત્રી**એ **સત્યવાન**ને પતિ તરીકે પસંદ કર્યાની વાત કહી બતાવી; જણાવ્યું કે—હુ **સાવિત્રી**ના સ્વભાવને જાણુંછુ, તે ઘણું કરીને વિચાર કર્યા વગર કઇ કરતી નથી; અને વિચાર કર્યા પછી ગ્રહણ કરેલા કાર્યને છોડતી નથી. માટે તેણે જે **સત્યવાન** સાથે પરણવાનો નિશ્ચય કરેલો છે, તે ફેરવવામાં માત્ર વનવાસ વસવાનો તુચ્છ દોષ કહાડીશુ, તો તે તેના મનમાં બિલકુલ ઠસશે નહીં, એવું હું માનું છું. તેથી જો તેનામાં બીજા દોષ ન હોય, તો હું **સાવિત્રી**ને તે સાથે પરણાવતાં દીલગીર થાઉં તેમ નથી; કેમકે રાજ્ય તો તેને મારી સત્તાથી પ્રાપ્ત કરાવી શકીશ. માટે તેનું શુભાશુભ જે હોય તે કૃપા કરી જણાવો. **નારદ** બોલ્યાઃ—રાજા ! કુમાર શ્રી **સત્યવાન**ની સુંદર કાન્તિ, લાંબા બાહુ, શૂરવીરતા, ક્ષમા, ગંભીરતા, વગેરે તેમાં ક્ષત્રિપણાનાં સારાં ચિન્હો છે. પણ તેના આયુષ્યની મર્યાદા ઘણીજ ટુંકી છે, એટલે તે એક વર્ષમાં મૃત્યુ પામશે; તોપણ **સાવિત્રી**નો સંબંધ તે સાથે થયા વગર રહેશે નહીં. એટલું બોલી મુનિ ચાલી નીકળ્યા.

આ સાંભળી રાજા તથા સભાસદોના પ્રફુલ્લિત ચેહેરા કરમાઈ ગયા. રાણી માલવી તથા સાવિત્રી સભામંડપની બાજુના હોલમાં આ વાત સાંભળતાં હતાં, તેઓ મૂર્છિત થયાં. સભા બરખાસ્ત થઈ. રાજા એકલો રહ્યો. તેણે માલવી તથા સાવિત્રીને બોલાવી કહ્યું કે, પુત્રી સાવિત્રી ! તેં જે પતિ પસંદ કર્યો છે, તેમાં મોટો દોષ છે એવું તેં સાંભળ્યું. એ દોષ કોઈ ઉપાયથી ટળી શકે એવો નથી. તેં સાહસ કર્યું છે, તેના સારા નરસા પરિણામની તને ખબર નથી. આ બધું જાણતાં છતાં તેની સાથે વિવાહ કરવાનું અમારાથી શી રીતે માન્ય થઈ શકે ? તું હવે તારે મનપસંદ બીજો વર શોધી લે. સાવિત્રીએ જવાબ આપ્યો: પિતાજી ! બ્રહ્માનાં વચન મિથ્યા થતાં નથી, બોલ્યું વચન પાછું ખેંચાતું નથી, દીધું દાન લેવાતું નથી, સત્યવાદી વચન પાળવા ચૂકતા નથી, સતી સત ચૂકતી નથી. હરિશ્ચંદ્રે નીચ ઘેર વેચાવું કબૂલ કર્યું, પણ પોતાનુ વચન દ્રઢ નિશ્ચય કર્યા પછી ફેરવ્યું નહીં. તેથી મેં જે પતિ પસદ કર્યો છે, તે દીર્ઘાયુ હો વા અલ્પાયુ હો, ગુણવાન હો વા દુર્ગુણી હો, પણ હું મનવડે જેને વરી ચૂકી છુ, તે બીજાને કદી નહીં વરૂં. હુંતો જે સાથે મને કરીને વરી છું તેજ મારો પતિ છે. મેં મારૂં મન સત્યવાનને અર્પણ કર્યું છે, તે હવે અન્યથા થાયજ શી રીતે ? મારૂ ભવિષ્યમાં જે થવાનું હશે તે થશે. તે માટે આપ ચિંતા ન કરો.

અશ્વપતિ બોલ્યો:—પુત્રી ! એ કુમાર સર્વ રીતે યોગ્ય છે. પરંતુ તેનું આયુષ્ય ઘણું ટુંકું છે. એક વર્ષમાં તેનું મરણ થશે, ત્યારે તું પતિ વગરની થઈશ. પતિ એ નારીનું ભૂષણ છે. પતિ વગરની સ્ત્રીનું જીવન વૃથા છે. વિધવાપણાના સંકટો કેવાં દુઃખદ્ અને ભયાનક છે, તેનો ખ્યાલ પતિ વગરની સ્ત્રી સિવાય બીજા કોઈના મનમાં ભાગ્યેજ આવતો હશે. પતિ વગરની સ્ત્રી પોતે એકલી દુઃખી થાય છે એમ નથી, પરંતુ તેણીના માત પિતાની જીંદગી પણ ધૂળ મળી જાય છે. માટે તારા જેવી ડાહી પુત્રીએ હઠ કરવી નહીં. તું મને રજા આપ. એટલે હું દેશેદેશના રાજાઓને આમંત્રણ કરી સ્વયંવરની તૈયારી કરૂં, તેમાંથી તું મન પસંદ પતિ શોધીને વરજે. સાવિત્રી બોલી:—પિતાશ્રી ! તમારી બાળાને ક્ષમા કરો. મારે માટે આપની ઘણી કાળજી છે, એ માટે ઘણી આભારી છું. મારે માટે ચિંતા રાખી બીજો વર શોધવાની કઇ જરૂર નથી. હું સત્યવાનને તન, મનથી વરી ચૂકી છું, માટે એજ મારો પતિ છે. સિવાય બીજા કોઇ સાથે વરવા હું ખુશી નથી. ભવિષ્યમાં મારે વિધવાપણાનુ દુઃખ સરજ્યું હશે તો કોઇ મિથ્યા કરી શકનાર નથી. આ અનિત્ય સંસારમાં કાંઇ નિત્ય નથી. જેણે જન્મ ધર્યો છે તેનો નાશ એકવાર થવાનો છે. વહેલું મોડું મરણ પ્રાણી માત્રને છે, તે કોઇનું અટકાવ્યું અટકનાર નથી. શ્રીકૃષ્ણ જેવા સાક્ષાત્ ભગવાનના દેહને પણ કાળે છોડયા નથી તો બીજાં પ્રાણી શા વિશાતમાં ? મૃત્યુની ઉત્પત્તિ શરીરની ઉત્પત્તિ સાથેજ છે. મૃત્યુ તો પ્રાણીની ખરી પ્રકૃતિજ છે, માટે તેથી શા માટે ડરવું ? રાજા તથા રાણીએ

જાણ્યું કે **સા**વિત્રી પોતાનો કરેલો દઢ નિશ્ચય કદી ફેરવે એવી નથી, તેથી સદા દૈવજ પ્રબળ છે, એમ ધારી **નારદ**જીનું છેવટનું વચન યાદ લાવી, તેને **સત્ય**વાન સાથે પરણાવવાનો નિશ્ચય કર્યો. રાજાએ વિવાહની સામગ્રી કરવા માંડી. તેણે પ્રધાન, રાજગુરૂ, રાણી **માલવી** વગેરે સ્ત્રીઓ સહિત **સા**વિત્રીને વનમાં તેડી જઇને સત્યવાન સાથે વિધિસર પરણાવી, કેટલીક પહેરામણી આપી, સૌએ પુત્રીને મળી રાજધાનીમાં આવવાની તૈયારી કરી. માતા **માલવી** **સા**વિત્રીને છાતી સાથે દાબી આંખોમાં આંસુ લાવી બોલીઃ—"પુત્રી! ડાહી થજે, તારા સાસુ સસરાને અને પતિની સેવા કરજે. તારા માબાપની ખાનદાનીનો આધાર તારી ચાલ ચલગતપર રહેલો છે, તે તું યાદ રાખજે. હવે તું આ વનને સુંદર ભવન સમાન માનજે. તું તારા સાસુ સસરા અને પતિની આજ્ઞા પ્રમાણે ચાલી તેમને સદા રાજી રાખજે, તેથી જરા પણ વિરૂદ્ધ ચાલીશ નહિ. સત્ સંગત કરી સદાચરણથી ચાલી કીર્તિ વધારજે. અમે હવે રજા લઇએ છીએ, તું શોક કરીશ નહીં. મહારાણી **શૈબ્યા**! આ **સા**વિત્રી હવે મારી પુત્રી નહિ પણ તમારીજ પુત્રી છે એમ સમજજો; કારણ પુત્રવધૂ એ પુત્રી સમાન સ્નેહને પાત્ર છે. તેનામાં જે કાંઈ ભૂલ પડે તે સુધારજો." વગેરે કહી રાણી **શૈબ્યા**નો યોગ્ય ઉત્તર મળતાં તેઓ સઘળાં સ્નેહ સહિત જુદાં પડી રાજધાનીમાં આવ્યાં.

સાવિત્રી ઇચ્છીત પતિને પામી ખુશી થઇ. વનવાસને યોગ્ય વલ્કલ વસ્ત્રો ધારણ કરી સાસુ, સસરા અને પતિનું મન, વચન, અને કર્મથી સેવા કરવા લાગી. **સા**વિત્રીની પવિત્ર લાગણી અને નિર્મળ મનની સેવા જોઈ **શૈબ્યા** રાણી એક વખતે હૈઉં ભરાઇ આવવાથી બોલીઃ—અહો! ઇશ્વરની કુદરત ન્યારી છે! ક્યાં તે **સત્ય**વાનનું લગ્ન કરીને પુત્રવધૂને રાજમહીષી કરવાની ઉમેદ! ક્યાં તે રાજભુવનમાં રત્નભૂષિત બાજોઠપર બેસીને પુત્રવધૂનું મુખ ચુંબન કરવાની આશા! અને શું આ વિપરીત તૃણશય્યામાં તે ચંદ્રવદનીનું મૃખ જોવાનો પ્રસંગ! કેવો ખેદનો વિષય કે આ પુત્રવધૂ અમારા દુઃખમાં ભાગિયેણ થઇ! અહો! દૈવ! તારી ગહનગતિ છે!! **સા**વિત્રી પોતાની સાસુને શોકાતુર જોઇ સમજાવવા લાગીઃ સાસુજી! આપ રાજસિંહાસન છોડીને જંગલમાં રહો છો, તેથી આપને ઘણું દુઃખ થતું હશે; પરંતુ સુખ દુઃખનો દાતા ઇશ્વર છે. તેણે જેના નશીબમાં જે નિર્માણ કરી રાખ્યું છે, તે કોઇથી મટાડી શકાતું નથી. તેમાં કંટાળો ખાવો એતો ઇશ્વરની નિંદા કર્યા જેવું છે; એટલુંજ નહિ પણ એવા શોકમાં પડવાથી ઉલટો તેમાં વધારો થઈ આપણી ફરજ બજાવવી ચૂકી જઇએ છીએ. સૂક્ષ્મદષ્ટિથી વિચાર કરી જોઇએ, તો રાજગાદી અને ઘાસની પથારીમાં કંઇ ફેર જેવું નથી. હું સત્ય હૃદયથી કહું છું કે, આ જંગલમાં આપની અને પતિની યથાર્થ ચરણ સેવા કરવાનું જો મારાથી બન્યું, તો હું ઘણી પોતાને સુખી સમજીશ. આ સાંભળી આશ્રમવાસિની ઋષિ બાળાઓ **સા**વિત્રીનાં ઘણાંજ વખાણ કરવા લાગી ને **સત્ય**વાનને પણ આંવી

પવિત્ર પતિ મળવાથી ભાગ્યશાળી સમજી અભિવંદન આપવા લાગી. સત્યવાન તથા તેનાં માતપિતા સાવિત્રીથી ઘણું સુખ પામ્યાં. સત્યવાનનાં આયુષ્યનો અવધિ નજીક આવવા લાગ્યો, તેથી સાવિત્રીના મનને ચિંતાએ ઘેરી લીધું. આ વાત તેના સિવાય કોઇ જાણતું નહોતું. સાવિત્રી સૌભાગ્ય વધારનાર અનેક વ્રતો કરવાથી શરીરે શુષ્ક થઇ ગઇ હતી, પતિના આયુષ્યના અવધિમાં ચાર દિવસ રહ્યા કે તેણે સૌભાગ્યવર્ધક વ્રત આરંભ્યુ. ત્રણ દિવસ ઉપવાસ કરી ચોથે દિવસે શાસ્ત્ર ક્રિયા કરી વૃદ્ધ તપસ્વી, અને સાસુ સસરાને જમાડયાં. અભિવંદન કરી અખંડ સૌભાગ્યના આશિર્વાદ મેળવ્યા. સત્યવાન એજ સાંજે કાંધે કુહાડો લઇ અગ્નિહોત્ર માટે કાષ્ટ અને ફળફૂલ લેવા તૈયાર થયો. સાવિત્રીએ જાણ્યું કે આજે તેનો કાળ નજીક છે, તેથીજ તેણે અસુરે જવાનું ધાર્યું. હવે મારે તેને એકલા જવા દેવા નહીં; કેમકે ન કરે નારાયણ પણ કંઇ બને; માટે મારે સાથે રહેવું જોઇએ. એવો નિશ્ચય કરી પતિને કહ્યુંઃ હું આવ્યા પછી કોઇ દિવસ આશ્રમ બહાર નીકળી નથી, માટે મારે આજે આ પુષ્પવાળું વન જોવાની ઘણી ઇચ્છા થઇ છે. વળી સાંજને વખતે આપ એકલા જાઓ છો, તો હું પણ આપણને ફળફૂલ લેવામાં મદદગાર થાઉં. મારાપર પ્રેમ રાખતા હો, તો મને આજે આપની સાથે આવતાં અટકાવશો નહીં, એવી આશા રાખું છું. સત્યવાન બોલ્યો કેઃ—જો આવવાની ઇચ્છા હોય, તો મારાં માતપિતાની આજ્ઞા લઇ લો. પછી સાવિત્રીએ સાસુ સસરાને આજીજી સાથ વિનવીને તેમના આશિર્વાદ સાથે રજા લીધી. પછી પતિ સાથે વન પ્રદેશ જોતી જોતી તેની પાછળ ચાલી. બંને ફળફૂલ વીણતાં ઘણે દૂર નીકળી ગયાં. સત્યવાન ફળફૂલનો ટોપલો સાવિત્રીને સોંપી એક વડપર કાષ્ટ કાપવા કુહાડો લઇ ચડયો. થોડીવાર થઇ કે તેના માથામાં પીડા થવા લાગી. તેથી હેઠે ઉતરી જણાવ્યું કે, મને માથામાં ઘણી પીડા થાય છે. સાવિત્રી મનમાં સમજી કે કાળ આવ્યો. તે મનમાં ને મનમાં ઘણી વ્યાકુળ થઇ, પણ નહિ જાણવા દેતાં; લુગડાનો છેડો પાથરી તેનું બિછાનું કર્યું. ખોળામાં માથું રાખી તેને જે રીતે આરામ થાય એવા ઉપચાર કરવા લાગી. પોતે ઘણી સંટકમાં છતાં પતિને ધૈર્ય આપવા લાગી. સત્યવાન બેભાન થઇ ગયો, તેથી સાવિત્રી આંખો મીંચી ઉંડા વિચારમાં ઉતરી ગઈ. વિચારોથી તેનું હૃદય ભેદાઇ ગયું, પણ ધૈર્ય છોડી નહિ રડતાં પ્રિયપતિનું સાંત્વન અને સેવા કરવા લાગી. સત્યવાનના પ્રાણ જવાની તૈયારી હતી; એટલામાં તો સત્યવાનના પડખામાં સૂર્ય સમાન મહા તેજસ્વી શ્યામ કાન્તિવાળા કોઇ દૈવી પુરૂષને ઉભેલા જોયા. પોતાનાપર કૃપા કરી આવેલા આ દેવને જોઇ, પતિના મસ્તકને હળવેથી નીચે મેલી હાથ જોડી કંપતા હૃદયથી બોલીઃ—હે દેવ ! તમે કોણ છો ? તેણે કહ્યું કે,—તું સતી સ્ત્રી છે, તેથી તમારી સાથે બોલું છું કે, હું યમરાજા છું. તમારા પતિનું આયુષ્ય પુરૂં થવાનું છે તેથી આવ્યો છું. આ સાંભળી સાવિત્રી મહા દુઃખથી પીડાઇ છાતીફાટ રૂદન કરતી બોલીઃ—આ સંસાર માયાવાળો છે. જગતમાં કોઇ અચળ નથી, મને સંસારની વાસના નથી, આપ ધર્મ વડે પ્રજાને રંજીત કરનાર છો. તેથી

ધર્મરાજા કહેવાઓ છો. મનુષ્યોને જેટલો પોતાનો વિશ્વાસ નથી, તેટલો સત્પુરૂષનો હોય છે. સંકટની દશામાં પણ સત્પુરૂષજ એક ગતિ છે. તે કાંઇ પણ બદલાની ઇચ્છા વગર પરનું ભલું કરવામાં ખુશી માને છે. સત્પુરૂષનાં દર્શન કલ્યાણકારક થઇ પડે છે, તે કદી નિષ્ફળ જતાં નથી. આપની સાથે વાતચિતથી મારૂં દુઃખ વિસારે પડે છે. આપ સાક્ષાત્ પ્રભુ રૂપ છો. પૃથ્વી માયાવાળી છે, માણસ માયાથી મોહીત થઇને સંસારરૂપી મહાવિપદ્ સાગરમાં મગ્ન થાય છે અને ભ્રાંતિવાળી સર્વ વસ્તુને પોતાની કહે છે. આ સંસારમાં ઘણીજ પ્યારી વસ્તુ પતિ છે. તે સિવાયનાં સર્વ સ્વાર્થનાં સગાં છે. માયાને લીધે તેઓ અધર્મનો આશ્રય લે છે. જેમ એક જાતનો રેશમનો કીડો પોતાના તંતુથી પોતે બંધાય છે અને પાછો નીકળી પણ શકતો નથી. તેમ માણસ આંખ હોવા છતાં પોતાનું સારૂં જોઈ શકતાં નથી અને વિષયરૂપી જાળમાં પોતાને બાંધે છે, તેથી અંતે ઘણું દુઃખ ભોગવે છે. માટે મેં એકદમ સંસારની વાસના છોડી છે. પતિ વગરની પત્નિ મૃત્યુ તુલ્ય છે. પતિ વગર સુખ, સ્વર્ગ, કાંઇ પણ પ્રિય પદાર્થ કે જીવિતને પણ હું ઇચ્છતી નથી. પતિ વગરની સ્ત્રી પ્રાણ વગરના દેહની પેઠે નકામી છે. સ્ત્રીને પતિ એજ જીવન અને ભૂષણ છે. હું મારા પતિનો પ્રાણ બચે તેને બદલે મારો પ્રાણ આપવાને તૈયાર છું, વગેરે ધર્મયુક્ત ગંભીર અને કોમળ વચનો કહ્યાં. એ સાંભળી યમરાજા સતી સાવિત્રીનું સતીત્વ અને જ્ઞાન જોઇ, તે ઉપર પ્રસન્ન થયા. તેથી તેણે સાવિત્રીના માગવા પ્રમાણે સત્યવાન દીર્ઘાયુષી થાય એમ કર્યું. તથા તેનું ગયેલું રાજ્ય પાછું મળે અને સત્યવાનના માબાપનો અંધાપો દૂર થાય એવો ઉપાય બતાવ્યો. વગેરે લાભ કરી સાવિત્રીના સતીત્વનાં વખાણ કરતા ચાલી નીકળ્યા. થોડીવારે સત્યવાન વ્યાધિથી મુક્ત થઇ નિદ્રામાંથી જાગી ઉઠે, તેમ આળસ મરડી બેઠો થઇ બોલ્યોઃ—અહો ! મને કેટલી બધી નિદ્રા આવી ! ઘણીવાર થઇ છતાં મને કેમ ઉઠાડયો નહીં. ચાલો હવે આપણે આશ્રમમાં જઇએ. અરે ! મને ઘણીવાર થઇ તેથી મારાં માબાપ ઘણાં દુઃખી થતાં હશે અને શોધીને થાકી ગયાં હશે, હવે તરત નહીં જઇએ તો તેઓ પ્રાણ ત્યાગ કરશે. આમ બોલી બંને ત્વરાએ ચાલવા લાગ્યાં. સત્યવાનનાં માબાપ પોતાને આંધળાની લાકડી રૂપ પુત્ર અને પુત્રવધૂ વખતસર ન આવ્યાથીવ્યાકુળ ચિત્તે રૂદન કરતાં વનમાં શોધ કરીને થાકી ગયાં હતાં. ઋષિપત્નિઓ દિલાસો આપતી બેઠી હતી. આ વખતે સત્યવાન અને સાવિત્રી આવી પહોંચ્યાં; તેમને જોઇ આશ્રમવાસી ઋષિઓ અને તેમની પત્નિઓ સૌ ખુશી થયાં. સૌએ રોકાઇ જવાનું કારણ પૂછ્યું, ત્યારે જે વાત બની હતી, તે વાત યથાસ્થિત સાવિત્રીએ કહી બતાવી. આ સાંભળી સૌએ હર્ષનાદ સાથે તેને અભિવંદન કરી વધાવી લીધાં. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી આશિર્વાદ આપ્યો. યમરાજના કહેવા પ્રમાણે કરવાથી તેમને રાજ્ય વગેરે સર્વ પ્રાપ્ત થયું. તેથી પૃથ્વીમાં સાવિત્રીની ઘણી કીર્તિ પ્રસરી ગઇ. આ શુભ દિવસ જે **જેઠ સુદી ૧૪** તે

દિવસ સ્ત્રીઓને સૌભાગ્ય વધારનાર તરીકે ગણાય છે. તે વ્રતને વટસાવિત્રીવ્રત-પૂજન કહે છે. તે વ્રત સૌભાગ્યવંતી સ્ત્રીઓ આજે પણ કરે છે. ધન્ય છે **સાવિત્રી**!! તારી નેક ટેક અને સતીત્વને!!!

તારામતી-શૈબ્યા.

આ મહાસતી-જગત્ પ્રસિદ્ધ સત્યવાદી મહારાજા **હ**રિશ્ચંદ્રની ધર્મપત્નિ થાય. તે પતિપ્રાણા અને સાધ્વી સ્ત્રી હતી. તણે પોતાના સ્વામી **હ**રિશ્ચંદ્રનું સત્ય વચન પળે તેટલા સારૂ જે અસહ્ય દુઃખ વેઠયું છે, તેની તો પરિસીમાજ છે. તેના જેવું કષ્ટ સહન કરીને પોતાના પતિને મહિમા ઉજ્વળ કરનાર સતીઓ આ ભૂમંડળમાં ભાગ્યેજ થઇ હશે; એમ કહેવામાં કાંઇ અતિ-શયોક્તિ નથી. **શૈબ્યા**ને લોકો **તારામતી**ના નામથી વધારે ઓળખે છે. **તારામતી** બહુ રૂપવાન તથા અસાધારણ ગુણવાન સ્ત્રી હતી. તેનું અંતઃકરણ સર્વ પ્રકારની પવિત્રતા તથા મધુરતાથી એ લોકાતીત સૌંદર્યને વધારે ખીલવતું હતું. ટુંકામાં કહીશું કે, તેણે ચરિત્રની સુંદરતામાં અને હૃદયની સર્વ પ્રકારની નિર્મળતામાં એક અપૂર્વ શ્રી ધારણ કરી હતી. તેની તે પવિત્રતાની ભુવનમોહિની જ્યોતિર્મય મૂર્તિ, પતિએ હૃદયના સિંહાસન ઉપર સ્થાપન કરી હતી. જેમ **હ**રિશ્ચંદ્રના ઉપર **તારા**-મતીની અચળ ભક્તિ હતી. તેમ તેના ઉપર **હ**રિશ્ચંદ્રને પણ ઘણો પ્રેમ હતો. જે પત્નિ પતિને આત્મસમર્પણ કરીને કાયા અને મનો વાક્યથી તેની સેવામાં સર્વદા લાગેલી હોય છે, અને બદલો મેળવવાની કાંઈ પણ આશા રાખતી નથી, તેજ ખરી સતી જાણવી. સતીને સ્વામીને સહવાસ એજ તેના સુખના સૌભાગ્યનો સૂર્ય છે. સતી એ સિવાય બીજી કાંઇ પણ ઇચ્છા કરતી નથી. સતી પોતાના પતિને અનંત ઉન્નતિના માર્ગે લેઇ જવાથી નારી જન્મનું સાર્થક થયેલું સમજીને કૃતકૃતાર્થ થાય છે. સતી સમજે છે કે સ્વામિ ધનવાન હો કે નિર્ધન હો; અનુકુલ હો કે પ્રતિકૂલ હો, ગમે તેવો હો, પણ એજ મારી ગતિ અને આશ્રય છે. સુખમાં કે દુઃખમાં, સંપદમાં કે વિપદમાં, સર્વ સમયમાં સતી સ્ત્રી છાયાની પેઠે પતિનીજ અનુગા-મિની અને પ્રિય કારિણી દેવી છે. **તારામતી** પણ એજ પ્રમાણે સુખની વેળાએ જેમ પતિ સેવામાં લાગી રહેતી, તેમ દુઃખની વેળાએ પણ પતિના મહા યજ્ઞમાં પોતાને આહુતિ આપતી હતી. ખરેખર સતી દેવી **તારામતી** પતિને મિત્રની પેઠે સત્કાર્ય ઉત્સાહ આપતી હતી. તેમ માતાના જેવી સ્નેહ, મમતા, અને દાસીના જેવી સેવા તથા શ્રદ્ધાપૂર્વક ભક્તિ કરતી હતી. પતિજ તેની એક માત્ર ગતિ હતી; પતિજ એનું એક માત્ર સુખૈશ્વર્ય હતું, અને પતિજ પરમ આરાધ્ય દેવતા

હતો. પતિ સિવાય તે બીજું કાંઈ જાણતી નહોતી. પતિવિના કંઇ પણ સમજતી નહોતી, અને પતિ સિવાય કંઇ પણ વિચાર કરતી નહોતી. પતિનુંજ ધ્યાન એજ એક માત્ર તેને વિચાર કરવાનો વિષય હતો. એવો તેનો પતિપર અપૂર્વ પ્રેમ હતો.

તારામતી સ્ત્રીઓમાં રત્નરૂપ હતી. તે જેમ પતિ પ્રાણા સતી હતી, તેમ ચરિત્ર ગૌરવમાં પણ બહુ સન્માનને પાત્ર હતી. તે હૃદયાંશમાં પણ રાજેશ્વરી હતી. ક્ષમા, વિનય, સૌજન્ય, અને કર્તવ્ય નિષ્ટા એ તેના મનોહર ચરિત્રના સુંદર અલંકારો હતા. તે અતુલ ઐશ્વર્યવાન મહારાજાની રાણી હતી. તે છતાં બીજી સામાન્ય સ્ત્રીઓની પેઠે વિલાસ સુખ મેળવવાની ભિખારણ નહોતી. અંતઃકરણની સર્વ પ્રકારની પવિત્રતાજ તેના વિલાસનો વિષય હતો, તેનું ફુલના જેવું કોમળ હૃદય ધાર્મિકતાના મજબુત કવચમાં ઢંકાયેલુ રહેતું હતું. તે એક મહા તપસ્વી-નીની પેઠે તેજસ્વિની હતી. અધર્મની છાયા જોઇને નારી નામ ધારિણિ **તારા** ભૂખી સિંહણની પેઠે, કિંવા પગથી કચરાએલી લાલ આંખવાળી સાપણની માફક અભિમાનથી તર્જન ગર્જન કરતી હતી. મહા પ્રતાપી સત્યવાદી મહારાજા હરિ-શ્ચંદ્ર આ સાધ્વી દેવીના સહવાસથી સ્વર્ગીય સુખ મેળવવાને ભાગ્યવંત થયો હતો. તે સુખ અને શાંતિ પૃથ્વીના એકાધિપત્યપણાથી પણ તે મેળવી શકયો નહિ. ખરેખર સંસારમાં માણસ બે કારણથી સુખી થાય છે. એક અકપટ ચિત્તે ધર્મની સેવા કરવાથી, અને બીજું સુશિલા પ્રેમમયી ભાર્યાના સંસર્ગથી **હ**રિશ્ચંદ્ર સૌભાગ્યના સમયેજ દેવી સહવાસથી સુખી થયો હતો, એટલુંજ નહિ પણ ભારે વિપત્તિની વેળાએ પણ દેવીના પવિત્ર હૃદયના સુખનો અધિકારી થયો હતો. સંસારમાં તે સુખની તુલના ઘણી ઓછી છે. પતિપ્રાણા **તારા**મતી અનુ-કુળ સ્વામીના સહવાસમાં પરમ સુખથી કાળ નિર્ગમન કરતી હતી, પરંતુ સંસા-રમાં સર્વદા સુખથી રહેવું કદી સંભવતું નથી. સુખના પછી દુઃખ અને સંપ-દના પછી વિપદ આવીને મનુષ્યની આશાનું ઘર ભાંગી નાખે છે. રાજરાણી **તારામતીના** નશીબમાં પણ એ ચિરતર જગત્ પદ્ધતિમાં જરા પણ ફરક પડયો નહિ. ચડતી પડતી એ જગતનો જરૂર થવાનો નિયમ છે ખરો, પણ **તારામ-તીના પ્રમાણે** અતિ શોકજનક ચડતી પડતી સંસારમાં અતિ અલ્પ થાય છે. સત્યવાદી **હ**રિશ્ચંદ્રે મહર્ષિ **વિશ્વામિત્રની** આગળ સત્ય પાસમાં બંધાઇને રાજ **ઐશ્વર્ય** (રાજપાટ, ધન, માલ મિલકત, વગેરે સર્વસ્વ) બધું દાન કર્યું હતું. **હરિ-શ્ચંદ્રને કહેવાનું** કંઇ પણ બાકી નહોતું, તેથી તે પોતાનું સર્વસ્વ **વિશ્વામિત્રને** દાન **કરીને** અંતઃપુરમાં ગયો. સર્વ વાત સાધ્વી દેવી **તારામતીને** કહી સંભળાવી. **તારામતીએ દૈવ** ઇચ્છાથી આવી પડેલી વિપત્તિની વાત સ્વામીના મુખેથી સાંભળી **એક** પળની પહેલાં જે રાજરાજેશ્વરી હતી, તે બીજી પળમાં ભીખારણી થઈ. **આવી અકસ્માત્** વિપત્તિ આવી પડ્યા છતાં **તારામતી** જરા પણ ગભરાઇ નહિ.

૫

ઉલટી ઉત્સાહપૂર્વક પ્રફુલ્લ હૃદયથી પતિની સત્ય પ્રતિજ્ઞાના રક્ષણને માટે તૈયાર થઈ. તે વિપત્તિને વિપત્તિ સમજી નહિ, કારણ કે તે જાણતી હતી કે, આ સંસારમાં સુખસંપદ મનુષ્યને હમેશને માટે નથી. તારામતી સામાન્ય સ્ત્રીના જેવી હૃદયમાં દરિદ્ર નહોતી. જો તેના હૃદયમાં અત્યંત સાધારણ મહત્વ ન હોત તો સાંકડા મનની દરિદ્ર હૃદયની સ્ત્રીની પેઠે તેની દુર્દશા થાત. કદાચ તે ચિત્તની દુર્બળતાથી શોક તથા મોહમાં પડીને આંસુથી ગાલ ભીંજાવત. કદાચ જેમ વાયુના વેગથી ઉખડેલી કેળ ભૂમિપર પડી જાય છે, તેમ તે ધૂળમાં પડીને મોટે અવાજે રૂદન કરત. કદાચ તે માથા ઉપર હજારો હાથ મારીને વિશ્વવિધાતાના કામમાં દોષ લગાડત. કદી તે સ્વામીને આવી દાન શીલતાને માટે વાક્યબાણથી વિંધીને અંતરનુ ઝેર ઢાળત અથવા આવા સત્યપાલનમાં હજારો દોષ દેખાડીને પતિને તેનાથી દૂર કરવાનો પ્રયત્ન કરત, પરંતુ તારા પતિપ્રાણા અને પરમ ધાર્મિક હતી. તે પ્રાણ જતાં પણ ઐહિક સુખને માટે ધર્મ વિરૂદ્ધ કામ કરવાને રાજી થઇ નહિ. સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર પોતાના આનંદ પૂર્ણ સુખમય ઘરમાંથી બહાર નીકળ્યો. તેની સાથે સતી તારામતી પણ પોતાના બાળપુત્ર રોહિતાશ્વને લેઇને નીકળી. જેમ વીજળી મેઘનું, અને કૌમુદી ચંદ્રનું તેજ અનુગમન કરે છે, તેમ પતિપ્રાણા તારામતી પણ સુખ સંપદમાં પાણી મૂકીને પતિની અનુગામિની થઈ. ખરેખર સતી સ્ત્રીનો એજ પરમ ધર્મ હોય છે.

તારામતી હરિશ્ચંદ્રની રૂપવંતી, ગુણવતી, અને પ્રેમવંતી ભાર્યા હતી. તેનું હૃદય મહત્ તેમ મધુર હતું, તેની કર્તવ્ય બુદ્ધિ અટલ તથા અચલ હતી, અને પતિ ભક્તિ હદ વગરની હતી. તે સામાન્ય સ્ત્રીના પ્રમાણે પોતાના સુખમાં નિમગ્ન નહોતી. શાથી સ્વામી સુખી થાય, શાથી સ્વામીનુ આલોકનું તથા પરલોકનું મંગળ થાય, તેનોજ તે વિચાર કર્યા કરતી હતી. એ વિચારથી તે જેવું સુખ અનુભવતિ તેવું સુખ બીજા કોઈવિા મેળવતી નહોતી. આજે આ વિપત્તિ આવી પડવાથી તેની રૂપરાશિ ધૂળમાં ખરડાયેલી છે, આજે તે અતિ દુઃખથી દુખિની છે. તે સર્વદા પતિના લાભનોજ વિચાર કરે છે. હરિશ્ચંદ્રના ઉપર તેની ભક્તિ અપૂર્વ હતી. તે ભક્તિ દુર્બળને બળ, નિરાશ્રયને આશ્રય, અસહાયને સહાય, અને મૃતને જીવન આપનારી છે. ભક્તિ એ અસમર્થને અસાધ્ય સાધનમાં સમર્થ કરી મૂકે છે, ગતિવિનાને ગતિ આપે છે, અને જન્માંધને દિવ્યચક્ષુ આપે છે. ખરેખરી તેની ઉત્તમ ભક્તિ એક શક્તિ છે; તે શક્તિના બળથીજ આ જન્મ-સુખ સેવિતા, રાજભોગમાં લલિત પાલિત થયેલી કોમળ શરીરની રાજરાણી તારામતી સ્વામીના ભયંકર દુઃખની ભાગિની થઇ.

હરિશ્ચંદ્ર પત્નિ તથા પુત્રને લેઇને બનારસ-કાશીમાં ગયો. તેણે એક મહિનામાં વિશ્વામિત્રને દાન ઉપર દક્ષિણાનું ધન આપવાનું વચન આપ્યું હતું. મહિનો પૂરો

થયો, તથાપિ હરિશ્ચંદ્ર તે ધન આપી શક્યો નહિ. વિશ્વામિત્ર તેની પાસે જઇને દક્ષિણાનું ધન માગવા લાગ્યો, પરંતુ હરિશ્ચદ્રની પાસે તેને દાન ઉપર દક્ષિણા આપવા જેવી કાંઇ પણ વસ્તુ નહેતી; તેથી હરિશ્ચંદ્ર દક્ષિણાનું કરજ વાળવા વિચારની આગમાં દગ્ધ થવા લાગ્યો. તે જોઇને સતી તારામતી સ્વામીને ગદ્ગદ્ કંઠે કહેવા લાગી કે:– "હે મહારાજ ! ચિંતા છોડીને સત્ય પ્રતિપાદન કરો. જે માણસ સત્ય પાળતો નથી, તેના ઉપર પ્રભુ કદિ પ્રસન્ન થતા નથી. મનુષ્યે પોતાનુ વચન પાળવું તેના જેવું ધર્મ કાર્ય બીજું એકે નથી. જેનું એક પણ વચન મિથ્યા જાય છે, તેનાં બધાં ધર્મ કાર્ય નિષ્ફળ થાય છે. ધર્મ શાસ્ત્રમાં લખ્યુ છે કે, સત્ય વચન એ જ્ઞાનીઓના પરિમાણનું એક માત્ર સાધન છે. હે રાજન ! જે સેંકડોવાર અશ્વમેધ તથા રાજશ્રય યજ્ઞ કરીને સફળતા મેળવે છે, તે પણ જો મન, વચન અથવા બુદ્ધિથી એકવાર પણ મિથ્યા આચરણ કરે, તો ધર્મ ભ્રષ્ટ થાય છે." એટલું કહીને તારામતી અસહ્ય દુઃખથી રોવા લાગી. તે સ્વામીના ધર્મ નાશનો સમય પાસે આવેલો જોઈ ને મનમાં ને મનમાં પોતાને ધિક્કાર આપવા લાગી. તેણે વિચાર કર્યો કે, મારા જેવી દુર્ભાગિયણ સ્ત્રી આ જગત્માં બીજી કોઇ નથી. ઘણીવારે સ્વામીના સાંત્વન વાક્યથી રોવું બંધ કરીને તે ગંભાર ભાવથી બોલી:—' નાથ ' સાધુ પુરૂષો પુત્રની ઇચ્છાથી લગ્ન કરે છે. મને પુત્ર થયો છે, તેટલા માટે મને વેચીને બ્રાહ્મણને વચન આપેલુ દક્ષિણાનું ધન આપો." અહા ધન્ય તારામતી ! ધન્ય તારો નારી જન્મ ! અને ધન્ય તમારી નિઃસ્વાર્થ પતિ ભક્તિ ! તમે યથાર્થ સહધર્મિણીના નામની સફળતા કરી છે ! તમે ખરેખર રમણીનાં શિરોમણી છો ! તમારી આ મધુર વાણી રમણિના હૃદયમાં સુવર્ણાક્ષરે અંકિત રહેવી જોઇએ. તમે ખરેખર સત્યનો મહિમા જાણ્યો હતો. વિપદ્થી ભરેલા મહા અરણ્ય વલ્કલ ધારિણી પતિપ્રાણા સતી સીતાને જોઇ છે. મૃત પતિને ખોળામાં લેઇને વનવાસિની અશ્રુપૂર્ણ નયના સતી સાવિત્રીને જોઇ છે, પતિ વિરહ દુઃખિતા અલૌકિક શક્તિ ધારિણી સતી દમયંતીને મહા અરણ્યમા દુષ્ટ શિકારીની સામે જોઈ છે; અને સેંકડો હિંદુ સ્ત્રીઓને પતિની બળતી ચિતામાં આત્માહુતિ આપતાં જોઇ છે; પરંતુ તમારા જેવી આત્મ વિક્રય કરીને પતિને કરજના બંધનમાંથી છોડાવનાર સ્ત્રી જગત્માં જોઇ નથી.

હરિશ્ચંદ્ર પત્નિના મોંમાંથી પોતાને વેચવાની વાર્ત્તા સાંભળીને ઘણોજ દુઃખી થયો. ભારે મર્મની વેદનાથી તેનું હૃદય છિન્ન થવા લાગ્યું. પોતાની વિપત્તિનો આશ્રય, સંપદનીશ્રી, સંસારની લક્ષ્મી, અને હૃદયની દેવીને તુચ્છ ધનને માટે વિક્રય કરવી પડશે ! એ ભારે દુઃખથી તેનું હૃદય દગ્ધ થવા લાગ્યું. તે જોઇને સતી તારામતી તેને વારે વારે કહેવા લાગી કે:—"પ્રાણનાથ ! હું જે કહું છું, તે જલદી કરો." સતીનો એવો આગ્રહ જોઇને હરિશ્ચંદ્ર ઘણોજ કાતર સ્વરથી બોલ્યો કે:–"ભદ્રે ! હું

ઘણોજ નરાધમ છું. હું તમને વિક્રય કરૂં, એવું મર્મ વાક્ય ઉચ્ચારણ કરવામાં પણ જો મારી જીભ સમર્થ થાય, તો નર ઘાતકો પણ જે કામ કરી શકે નહિ, તેજ હું કરૂં છું." એટલું બોલીને ખેદ પામ્યો; પણ તારામતીના આગ્રહે કરીને હરિશ્ચંદ્ર લાચારીથી પોતાની પત્નીને વેચવા માટે શહેરમાં ગયો. અને કૌશિક નામના બ્રાહ્મણને ઘેર સતી તારામતીને તથા પુત્ર રોહિતાશ્વને વેચ્યાં. તારામતી પતિને કરજ વિનાનો કરવા માટે પુત્ર સુદ્ધાં પોતે વેચાઇ ! એવી રીતે સતીએ સ્વામીને માટે આત્મ સુખ ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો. કેવી અદ્‌ભૂત પતિપરાયણતા ! કેવી અપૂર્વ પતિભક્તિ ! કેવો અગાધ પતિપ્રેમ! પતિને માટે પત્નિનું આત્મ સુખ ત્યાગનું સુંદર દષ્ટાંત એનાથી બીજું કયાં છે ? ખરેખર જગત્‌માં કોઈ પણ સ્ત્રી સ્વામીની આવી સેવા કરી શકી નથી ! જગત્‌માં કોઇ પણ સ્ત્રી સ્વામીને આવાં મન, વચન અને બુદ્ધિથી ચાહી શકી નથી ! અને કોઈ પણ સ્ત્રીએ સ્વામીને માટે આવો નિઃસ્વાર્થ આત્મસુખનો ત્યાગ કર્યો નથી ! સ્વામીભક્તિનું આવું આશ્ચર્યજનક દષ્ટાંત જગત્‌માં અતિ વિરલ છે ! સતી સિવાય આવી તેજસ્વિતા દેખાડવાની બીજા કોઇને પણ હિમ્મત આવતી નથી. તારામતીનું હૃદય કેટલુ મોટું અને ગંભીર હોવુ જોઇએ ! તે ગંભીર હૃદયનો પ્રેમ, ભક્તિ, અને વિશ્વાસ કેટલો ઉડો હોવો જોઈએ ! આપણે તો તે ઉડાઇનો અનુભવજ કરી શકતા નથી ! ખરી રીતે જોતાં તારામતીનું હૃદય એક આશ્ચર્યની વસ્તુ હોવી જોઇએ ! તારામતી સતી છે ! દેવી છે ! અને જગત્‌ની લક્ષ્મી છે. તારામતી પતિપરાયણુતાની સાક્ષી છે ! અને ખરેખર રમણી કુલનું ભૂષણ છે !

તારામતી અને રાજપુત્ર રોહિતાશ્વને વેચાતાં લઇ કૌશિક બ્રાહ્મણ પોતાના ઘર તરફ ચાલ્યો. તારામતી બ્રાહ્મણને ત્યાં જતી વખતે પોતાના પ્રાણપતિ હરિશ્ચંદ્રની પ્રદક્ષિણા કરી જાનુથી નમીને અશ્રુથી વ્યાકુળ અને દીન થયેલી બોલી કે:–" જો મેં આપ્યુ હોય, જો હોમ્યું હોય, અને જો બ્રાહ્મણોને તૃપ્ત કર્યા હોય, તો તે પુણ્યવડે હરિશ્ચંદ્ર ફરી નિશ્ચય મારા ભર્તાર થજો." હા ! અયોધ્યાની મહારાણી તથા રાજકુમાર થોડા પૈસામાં વેચાયાં ! હા નસીબ ! આ શું તારો ગૌરવ છે ! ધિક્કાર પડો તને ! ! જે સંસારના સુખ સંપદ લેઇને અહંકાર કરે છે. તેઓ જાણતા નથી કે, સૌભાગ્યની વેળાએ પણ સુખનું ઘર સળગીને ભસ્મ થાય છે ! અને આનંદનો બજાર ભાગી જાય છે ! તે અંધ મનુષ્યો તેનો મર્મ કાંઇ પણ સમજતાં નથી ! જ્યારે તારામતી બ્રાહ્મણને ઘેર જવા સ્વામીથી વિખૂટી પડી, ત્યારે તે ધીરજ રાખી શકી નહિ. તે અયોધ્યાની રાણી થઇને ભિખારણ થઇ હતી, તથાપિ તેને એક દિવસને માટે પણ અધિરી થયેલી દીઠામાં આવી નહોતી. હવે તેની ધીરજ એકીવારે જતી રહી, તેની છાતી ચીરાવા લાગી, અને ચિત્ત ઘણું વ્યથિત થઇ પડ્યું. તે લુગડાનો છેડો મોંઢા ઉપર નાંખીને રોવા લાગી. સતી તારામતી બધી જાતનાં દુઃખ સહન કરી શકતી હતી; જાગરણ કરીને, ભૂખ વેઠીને પતિનું

કરજ ફેડવામાં કાંઈ પણ કલેશ જાણતી નહોતી; એટલુંજ નહિ પણ પતિને માટે પ્રાણ આપવામાં પણ આનંદ માનતી હતી. તે આ વેળાએ રોવા લાગી. શાથી રોવા લાગી ? તે સર્વ દુઃખ સહન કરી શકી; પરંતુ પતિવિરહનું દુઃખ તેનાથી સહન થઇ શક્યું નહિ. તેથીજ સતી રોવા લાગી. તે આટલા દિવસ સુધી માત્ર પતિને માટેજ જીવન ધારણ કરતી હતી, અને પતિ જીવનમાંજ જીવતી રહીને તેની સેવા તથા ભક્તિ કરીને આનંદ માનતી હતી. તે આજ પતિથી છુટી પડીને દુઃખથી રડવા લાગી. જાણે હમણાંજ તેનું મૃત્યુ આવેલું છે, એમ તેને ભાસવા લાગ્યું. આ મૃત્યુનું દુઃખ તેના અંતરાત્માને બાળવા લાગ્યું, એવું દુઃખ કોઈએ પણ કદિ સહન કર્યું નહિ હશે. આવી વિપત્તિમાં કોઇ મનુષ્ય સ્થિર રહી શકે નહિ. આવા તીવ્ર વિષયમાં જર્જરિત થઇને કોઇ રમણી જીવનની આકાંક્ષા કરે નહિ. આવું મરણ શું ભયાનક મૃત્યુ છે ! હા, આ મૃત્યુથી હાડકાંનો ભૂકો થઈ જાય, હૃદયની ગાંઠો તૂટી જાય, અને વિશ્વબ્રહ્માંડ બળીને ભસ્મ થાય ! જે રમણીનો પ્રાણ કંઠપર આવેલો છે, તે રમણી પણ આવા ભયંકર મૃત્યુની સામે ઉભી રહી શકતી નથી. હાય ! સતીને પતિ વિયોગનું કેવું ભયાનક મૃત્યુ ? !

પ્રિય ભગિનીઓ ! આ શોચનીય દેખાવ એકવાર જુઓ ? પેલો વૃદ્ધ બ્રાહ્મણ અયોધ્યાની મહારાણીને એક ગુલામડી તરીકે વેચાતી રાખીને ઘેર લઇ જાય છે, તે શોચનીય દેખાવ એકવાર જુઓ ! પેલી સાધ્વી પત્નિ તારામતી પતિને કરજમાંથી છોડાવીને દાસીત્વની સાંકળમાં બંધાઇને દાસીપણું કરવા જાય છે. એ આશ્ચર્યકારક બનાવ એકવાર તમારા હૃદયમાં અંકિત કરો, તમે જોશો કે સતી હૃદયનું પવિત્ર માધુર્ય, સતી ચરિત્રનું અનુપમ સૌંદર્ય જગતમાં કેવું ધન્ય થયુ છે, કેવું પવિત્ર થયુ છે, અને કેવું મહિમાન્વિત થયુ છે. સતી દેવી તારામતીએ ચરિત્રના અનુપમ સૌંદર્યમાં ભૂત મોહિનીનો વેશ ધારણ કર્યો છે. પ્રિય ભગિનીઓ! એકવાર આ પતિપ્રાણાભૂવન મોહિની અને ધર્માનુરાગિણી તારાને લક્ષ પૂર્વક અવલોકન કરો ? તારામતી જન્મથી સુખના ખોળામાં, અને ઐશ્વર્યની મધુર છાયામાં લલિત પાલિત થઇ હતી, અને રાજરાણી થઈને પણ એજ ઐશ્વર્ય સુખની ભોક્તા થઈ હતી. તેણે આજ પતિવ્રતા ધર્મની રક્ષાને માટે મહાદુઃખમાં પ્રવેશ કર્યો ! કેટલીક સ્ત્રીઓ પોતાના સુખને માટે પતિને કરજની જાળમાં બાંધવામાં લગારે આઘું પાછું જોતી નથી. ત્યારે આ ધર્મપ્રાણા પતિહિતૈષિણી તારામતી પંડે વેચાઇને પતિને કરજના બંધનમાંથી છોડાવવાને શક્તિમાન થઇ. કેવો ઉંડો ધર્મ ભાવ ! ધન્ય તારામતી ! તમારા જેવી પતિવ્રતા અને ધાર્મિક સ્ત્રી જગતમાંથી અતિ દુર્લભ છે ! !

પેલી તરફ સત્યવાદી હરિશ્ચંદ્ર પ્રાણાધિક પત્નિ પુત્રના વિરહથી ઘણો શોકાતુર થઇને પોતાના નસીબને પુષ્કળ ધિક્કાર આપવા લાગ્યો, અને ભારે સંતાપથી

હાહાકાર કરતો વિલાપ કરવા લાગ્યો કેઃ—"વૃક્ષની છાયા વૃક્ષને કદાપિ છોડતી નથી, તો આ સત્યશીલ ગુણવાળી કેમ જાય છે? પછી પુત્રને કહે છે કેઃ—પુત્ર! મને છોડીને તું પણ જઈશ? બ્રાહ્મણને કહે છે કેઃ—હે દ્વીજ! મને જેવું દુઃખ સ્ત્રી પુત્રના વિયોગથી થાય છે, તેવું દુઃખ રાજ્ય ત્યાગથી કે વનવાસથી થતું નથી ઇત્યાદિ રીતે રાજાને વિલાપ કરતો મૂકી બ્રાહ્મણ તારામતી તથા તેના બાળ પુત્રને લઈ ચાલતો થયો. અહો! દૈવની વિપરીત ગતિ!! પછી હરિશ્ચંદ્રે સ્ત્રી પુત્રને વેચીને મેળવેલા પૈસા વેષધારી વિશ્વામિત્રને આપ્યા, પરંતુ કેવું દુર્ભાગ્ય! કે એટલા પૈસાથી કરજ પુરૂં થઇ શક્યું નહિ. તેથી ઋષિ ક્રોધાયમાન થઇને રાજાને તિરસ્કાર અને ભય દેખાડવા લાગ્યા. હરિશ્ચંદ્ર બીજો કંઈ પણ ઉપાય નહિ જોયાથી પ્રવર નામે એક ચાંડાળ (ભંગી) ને ઘેર પોતે વેચાઇને બ્રાહ્મણનું કરજ ફેડયું. ભંગીએ તેને કાશીના સ્મશાનમાં મુડદાં બાળવાનો કર ઉઘરાવવાના કામમાં રાખ્યો. હરિશ્ચંદ્ર સત્યને માટે ચાંડાળની ગુલામગીરી કબુલ કરીને કરજના બંધનથી છુટયો.

તારામતી બ્રાહ્મણના ઘરમાં જઇને પોતાનું શિયળ સાચવી દાસી કામ કરવા લાગી. તેણે મનની આગ મનમાં ઢાંકીને,પ્રાણાધિક કુમાર રોહિતાશ્વનું મુખજોઇનેઅતિ કષ્ટથી દિવસ ગાળવા લાગી, પરંતુ પતિ વિયોગથી તેનુ અંતર તુષાનલની પેઠે ધીરે ધીરે બળવા લાગ્યું. તેણે પતિ વિરહના દુઃખથી જીવનની આશામાં પાણી મૂક્યું. આજે વિશ્વ બ્રહ્માંડ તારામતીની આંખે મહા સ્મશાન જેવું જણાયું. આજે તેનું હૃદય ઘણા દુઃખથી દગ્ધ થવા લાગ્યું, તે આજે કંઇ પણ જોઇ શકતી નહોતી, મુખની વાત કહેવાની હીંમત કરતી નહોતી. સંસાર જાણે તેને મૃત્યુનો ભય દેખાડતો હોયની! સંસાર જાણે હાથમાં તલવાર લેઇને તેને મારવા આવતો હોયની! પતિ વિરહમાં શોકાતુર, દુઃખીની તારામતી આજે ધૂળમાં પડીને ધૂળ થવા ઇચ્છે છે. સંસાર જાણે ઘનઘોર અંધારાથી પરિપૂર્ણ હોયની, તેનું હૃદય જાણે ચીરાઇ ગયું હોયની, પ્રાણ જાણે નીકળી ગયો હોયની, એવો અનુભવ તેને થવા લાગ્યો. તારામતી રમણી છે, રમણી ને પ્રેમપાત્ર પ્રાણના પ્રમાણે છે, સ્નેહની વસ્તુને છાતીપર રાખીને સ્નેહ કરે છે. પાણીમાં જેમ પાણી મળી જાય છે, તેમ તેઓ પણ પ્રેમની વસ્તુમાં સ્વાભાવિક રીતે ભળી જાય છે, તેથી તેઓ સ્નેહપાત્રને આંખથી બહાર કરી શકતી નથી. તેથીજ વિરહ રમણીના હૃદયમાં ઝેરના જેવું કામ કરે છે. વિરહ રમણીને અસહનીય છે, રમણી વિરહથી સૂકાઇને મરી જાય છે. તારામતીએ પોતાના જીવનમાં કદિ પણ પતિ વિયોગનું દુઃખ ભોગવ્યું નહોતું. આજ એ ભયાનક દુઃખ સાગરમાં ડુબી હતી. તારા વિપત્તિના ઉપર વિપત્તિ જોઇને ભયભિત થઇ વિચાર કરતી હતી કે, મારા જેવી અભાગિયણ બીજી એક પણ સ્ત્રી નહિ હશે. સૌભાગ્યની વેળાએ તેણે જે જીવન ધન સ્વામીની સેવામાં અર્પણ

કર્યું હતું, તે આજે દુઃખ વિપત્તિની વેળાએ સ્વામીની સેવા કરવામાં કામ આવ્યું નહિ. એજ દુ:ખથી તેનું હૃદય શોકાતુર થઇ પડયું હતું. તારામતી જે બ્રાહ્મણને ઘેર વેચાઇ હતી, તે બ્રાહ્મણ અને તેની સ્ત્રી ખરેખર નિર્દય અને ઘાતકી સ્વભાવનાં હતાં. તેઓ તેને દિવસ અને રાત માથા તોડ વૈતરૂં કરાવતાં હતાં. એક પળ પણ તેને વિશ્રામ લેવા દેતાં નહિ. તે છતાં તેને નજીવો વાંક કહાડીને તેના ઉપર ગાળોનો વરસાદ વરસાવતાં અને તિરસ્કાર કરતાં હતાં. તેઓ તેને પેટપુર ખાવાનું પણ આપતાં નહિ. એ રીતે તેને ઘણું પજવતાં હતાં. તારામતીને પતિ વિરહના ભારે દુઃખ ઉપર એ એક ડામ હતો.

તારામતીના દુ:ખની પરિસીમા એટલેથીજ પુરી થઇ નહિ. જેના મુખ સામું જોઇને તેનું ચિત્ત જરા શાંત થતું, જેને છાતીમાં ધારણ કરીને પોતાના દગ્ધ હૃદયને શીતળ કરતી, તે તેના સ્નેહનું ધન રોહિતાશ્વે તેના દગ્ધ હૃદયમાં આગ સળગાવી! તારામતીને દુનિયા તેથી અંધારી થઈ ! રોહિતાશ્વ બાગમાં ફૂલ અને તુળસી વગેરે લેવા માટે ગયો હતો. ત્યાં તેને એક ઝેરી સાપ કરડવાથી એજ ઠેકાણે તે શબવત થઇ પડયો ! દુખિનીના ખોળાનું ધન પડી ગયું ! જોતજોતામાં નિર્દય કાળે એક કોમળ પુષ્પનો પ્રાણ લેઇ લીધો ! જોત જોતામાં શરદ પુનમના પ્રકાશિત તેજસ્વિ આકાશમાં એક કાળા મેઘે આવીને નિર્મળ પૂર્ણચંદ્રને ઢાંકી નાખ્યો ! હાય ! આ સંસાર ઘણી વિચિત્ર જાતની જગા છે ! !

તારામતી પુત્ર રોહિતાશ્વના મરણના દુઃખદાયક સમાચાર સાંભળતાંજ બેશુદ્ધ થઇને ધરણીપર ઢળી પડી. કેટલીક વારે જરા શુદ્ધિ આવતાં તે ઘણું રૂદન કરવા લાગી. પછી પુત્રના મૃત્ય દેહની પાસે જવાની રજા માગતાં દયાહિણ કૌશિકે તેને રજા આપી નહિ. જ્યારે તેણે ઘણા ઘણા કાલાવાલા કર્યા, ત્યારે અરધી રાત્રે કામથી પરવાર્યા બાદ તેને જવાની રજા મળી. તારામતી દોડતી દોડતી તપોવનમાં ગઈ, ત્યાં પુત્રનું શબ જોઇને તેનુ માથું ફરવા લાગ્યુ, અને છાતી ચીરાવા લાગી ! તેણે જોયું કે અભાગિયણનું ફૂટેલું નશીબ એકીવારે ફૂટી ગયું છે ! તારામતી દુ:ખની તોફાની હવામાં કેળની માફક પાછી બેશુદ્ધ થઇને જમીન ઉપર પડી ગઇ. ઘણીવારે શુદ્ધિમાં આવીને વિલાપ કરવા લાગી. તેના કરૂણામય મહા રૂદનથી તપોવન ગાજી રહ્યું. તે સાંભળીને વનપક્ષીઓ પણ ચીચીયારી મારવા લાગ્યાં. હાય ! આજ ભિખારણ તારાનું સર્વસ્વ ચાલ્યુ ગયુ છે. સર્વ ગુમાવ્યા છતાં પ્રાણ ધન પુત્રને છાતીમાં રાખીને વનચારીની પેઠે તે આજ સુધી જીવન ધારણ કરીને રહેતી હતી. હા અદૃષ્ટ! આજ એ દુઃખિનીનું ધન, ખોળાનું રત્ન હાથમાંથી છીનવી લીધું ! અભાગિયણ તારાના સુખનું બજાર આજ એકીવારે ઉઠી ગયું ! તારામતી જે બિચારી પુત્રનું મુખ જોઇને આશાએ દિવસો કાઢતી હતી, તે આશા પણ નિષ્ફળ થઇ. માથે દુઃખના ડુંગરા ઉગવા લાગ્યા. આ આવી પડેલા દુઃખથી પુત્રને

ખોળામાં લઇ, મહા છાતીફાડ કલ્પાંત કરી રૂદન કરવા લાગી:—અરેરે ! આ શું ગજબ ! હાય, હાય ! હું હવે નિરાધાર થઇ ! અરેરે ! મારો હૈયાધારણ નાશ પામ્યો ! અરે ! હું હવે શું કરીશ ? હું કયાં જાઉં ? અરે ! દુષ્ટ સર્પ ! તેં આવા કોમળ નિરપરાધિ બાળકનો જીવ કેમ લીધો ? આથી તને શુ ફળ મળશે ? શું અપરાધ વગરના લોકોને પણ દુઃખ દેવું એજ ક્રુર પ્રાણીઓનો સ્વભાવ છે ! સર્પરાજ કયાં ગયો ? મને પણ તું ડંસ કર, તેથી અમે બંને મા દીકરાને ઘણો અંતરાય પડે નહીં. પ્રિય પુત્ર ! એકવાર બોલ ! મને નિરાધાર મૂકી કયાં જાય છે ? તારા વિના બીજા કોનુ સુંદર હસતું મુખ જોઇ તારા પિતાના વિયોગનું દુઃખ વિસારીશ ? પુત્ર ! ઉઠ ! એકવાર કાલું કાલું બોલી ઉત્તર આપ. નહિ તો પુત્ર ! હું પણ તારી પાછળ આવું છું. આ પ્રમાણે સ્મશાનમાં પુત્રને ખોળામાં લઇ વિલાપ કરતી બેઠેલી હતી. તેજ સ્મશાનમાં હરિશ્ચંદ્ર હતો, પણ ઘણી મુદ્દત અને એકની વિચિત્ર સ્થિતિ થઇ જતાં, એક બીજાને ઓળખતાં નથી. વિલાપ કરતી સ્ત્રીને જોઇ હરિશ્ચંદ્રે આવીને કહ્યું. અરે ! તું કોણુ છે ? આ અર્ધરાત્રિને સમયે કયાંથી આવી છે ? શું મારા ધણીનો કર આપ્યા વગર તારા પુત્રના શબને બાળવા ઇચ્છે છે ? હું મારા ધણીનો કર ઉઘરાવવા માટેજ આ સ્મશાનની ચોકી તરવાર લઇ કરૂં છું; માટે તું પ્રથમ કર આપ, પછી તારા પુત્રને બાળજે. તારામતિ આવાં વચન સાંભળી નિશ્વાસ નાંખી બોલી કે:—મારી પાસે કર આપવાને કંઇ નથી. માટે દયા કરી મારા પુત્રને બાળવાની રજા આપો. અરેરે ! સર્વ રાજાઓમાં શ્રેષ્ટ સત્યવાદી હરિશ્ચંદ્ર રાજાની સ્ત્રી કયાં ! અને આ વિકટ દશા કયાં ! અરે ! આ દશામાં મારા પુત્રને બાળવાને માટે સ્મશાનનો કર આપવાને પણ શકિતમાન નથી. આહા ! દૈવની ગતિ વિચિત્ર છે ! હો દૈવ ! તું કરે તે ખરૂ ! !

આવાં હૃદય વેધક વચન રાજાએ સાંભળ્યાં કે, તે મૂર્છિત થઇ પૃથ્વીપર પડયો. ઘણીવારે સંજ્ઞા આવી, ત્યારે સ્ત્રી સામુ જોતાં ફરી મૂર્છાગત થયો. કેટલીક વારે ચૈતન્ય આવ્યા પછી હરિશ્ચંદ્ર દુઃખથી વિલાપ કરવા લાગ્યો:—પુત્ર ! તું કયાં અંતર ધ્યાન થયો ? તારી બિચારી માતા સામુ દયા વિનાનો થઇ કેમ જોતો નથી ? પ્રિય પુત્ર ! એકવાર મનોહર આનંદ આપનારી મધુરી કોમળ વાણી બોલ ? આ તારી માતાને ધન્ય છે, કે આજ સુધી તારા બોલ સાંભળવાના સુખનો અનુભવ કર્યો, પરંતુ મેં તો તારા બોલ આગળ સાંભળેલા, તે યાદ કરી આટલા દિવસ કહાડ્યા. આ સમયે તું મને મળ્યો છે; પરંતુ એક વચન પણ બોલતો નથી. જીવન આધાર ! તારા પિતા સામી એકવાર દ્રષ્ટિ કર ? નહીં તો હું તને થોડા વખતમાંજ સ્વર્ગમાં ભેળો થઇશ. આ પ્રમાણે ઘણો વિલાપ કરી, નિશ્વાસ નાંખી પોતાની સ્ત્રીને કહ્યું:—પ્રિયા ! તું તારા જે પ્રાણનાથનું સ્મરણ કરે છે, તેજ વજ્રમય હૃદયનો આ હું હરિશ્ચંદ્ર છું. હે પ્રભુ ! મારૂં રાજપણું કયાં ! અને આ

ચંડાળની ચાકરી ક્યાં! મારા જેવો કોઈ પણ પૃથ્વીમાં દુઃખીઓ હશે નહીં. પ્રિય! તું મારા પ્રાણથી પણ પ્રિય છે, અને આ મારો પુત્ર પણ મારા પ્રાણથી અધિક છે, તોપણ હું મારા ધણીનો કર લેવાને ચુકીશ નહીં. " જે પોતાના શરીર, સગાં, પુત્ર કે સ્ત્રી સારૂ પોતાના ધણીનું અહિત કરે છે, તે મહા અધમમાં અધમ ગણાય છે." માટે તું જા, બ્રાહ્મણ અગર બીજા કોઇ પાસેથી યાચના કરી મારૂં પોષણ કરનાર ચંડાળનો કર આપ, કે તેથી મારો ધર્મ સચવાય.

તારામતી પોતાના સ્વામીના કહેવા પ્રમાણે ધીરજ ન છોડતાં કાશી તરફ ચાલી. રસ્તામાં કોઇ મુએલા બાળકને પડેલું દીઠું. તેને પોતે દયાથી ઉપાડી જોવા લાગી. તેટલામાં પાછળથી સિપાઇઓ દોડતા આવ્યા, તેણે તેને પકડી લીધી. તેઓ કહેવા લાગ્યા કે, આ સ્ત્રીજ રાજાના બાળકને મારનારી છે. માટે તેને પકડી રાજા પાસે લઇ ચાલો. આ પ્રમાણે બોલી તારાને પકડી રાજા પાસે લાવ્યા. રાજાએ જાણ્યું કે આ સ્ત્રીજ મારા બાળકને મારનારી છે. માટે તેને ફાંસીએ ચડાવો. ફાંસી દેવાને કાળસેન ચંડાળને હુકમ કર્યો. એ ચંડાળે નોકર હરિશ્ચંદ્ર પર હુકમ કર્યો. હરિશ્ચંદ્ર રાજાએ જાણ્યું કે, આ મારી સ્ત્રી નિરપરાધી છે; તોપણ પોતાના ધણીનો હુકમ ભંગ કેમ થાય! એમ વિચારી તારામતીને મારવા તરવાર ખુલ્લી કરી, તે વખતે તેણીએ કહ્યું કે,–" પ્રાણપતિ! તમારા હાથથી નાખેલી તરવાર મારા ગળામાં મોતીની માળા જેવી મને લાગશે. માટે ચિંતાતુર ન થતાં તરત ઘા કરો! રાજાએ કહ્યું કે, મેં નિષ્કપટ થઇ મારા ધણીની આજ્ઞા પાળી છે, તો આપણું ઈશ્વર કલ્યાણ કરશે. આપણે સૌ થોડા વખતમાં સ્વર્ગમાં એકઠાં થઇશું, આ ખડ્ગ આપણા વિયોગને વધારેવાર સહન કરશે નહીં." આ પ્રમાણે બોલી જેવી તરવાર ઉગામી ઘા કરવા જાય છે, કે તેટલામાં સાક્ષાત્ સર્વ દેવોએ વિશ્વામિત્ર ઋષિ સાથે આવી હાથ પકડયો અને કહ્યું.–હે રાજન્! તું પ્રાણ જતાં સુધી પણ તારો ધર્મ ચૂક્યો નથી, તેથી તને ધન્ય છે! ધન્ય છે!! એટલું બોલી તેને તેનું રાજ્ય અને કેટલાંક વરદાન આપ્યાં. પુત્રને પણ સર્પવિષથી મુક્ત કર્યો. રોહિત સ્વસ્થ થઇ ઉભો થયો. તેથી હરિશ્ચંદ્ર અને સતી તારામતી ઘણાં ખુશી થયાં. દેવોને નમન કરી, સૌ પાછાં રાજધાનીમાં ગયાં અને સુખથી દિવસો ગાળ્યા. આહા! સ્ત્રી પુરૂષની સત્યતા માટે કેટલી ટેક! અરે ધન્ય છે તારામતી! તારા પતિના નિર્મળ પ્રેમને! કે પોતે અને પુત્ર, પતિને માટે વેચાયાં, પતિને માટે અનેક પ્રકારથી ખાવાપીવા અને વસ્ત્ર વગેરેથી પીડા ભોગવી પુત્રવિયોગ થયો, છેવટ પતિને હાથે તરવારથી કટકા થવાને પણ તૈયાર થઈ. આટલું બધું દુઃખ પડવા છતાં પણ તેની પતિ તરફના પ્રેમની દોરી કદી તૂટી નહોતી. આ સાધ્વી સ્ત્રી પારકે ઘેર વેચાઇ દાસી બની હતી; તોપણ તેણે પોતાનું શીયળવ્રત ભંગ થવા દીધું નહોતું. તેમ પતિપર જરા પણ અભાવ ન લાવતાં, પ્રેમ અને પાતિવ્રત્યમાં અટળ અને અચળ

રહી હતી. આહા ! સાધ્વી ! તારા જન્મને ધન્ય છે !! તેં તારો ધર્મ નેક ટેક રાખી બરાબર બજાવ્યો !! પતિનું વચન પણ સત્ય કરવામાં સહાયતા કરી, તેં તારી ફરજ બજાવી !!! ખરે ! આવી પવિત્ર સ્ત્રીને ધન્ય છે !!!

કૌશલ્યા.

આ સતી શિરોમણી મહા રૂપગુણવાળાં અને દયાળુ હતાં. તેનું લગ્ન અયોધ્યાપતિ દશરથરાજા સાથે થવાને સાત દિવસની વાર હતી, તે વખતમાં એક વખતે રાવણે પોતાનું મરણ કોના હાથે થશે એવો પ્રશ્ન બ્રહ્માને પૂછ્યો. તેપરથી બ્રહ્માએ કહ્યું:-તારૂં મરણ દશરથપુત્ર શ્રીરામચંદ્રજી અવતરશે તેને હાથે થશે. આ સાંભળી તે ચિંતાતુર થયો, અને કૌશલ્યા ને દશરથને પરણુતા પહેલાં મારી નાંખવાનો નિશ્ચય કર્યો. આ ખબર નારદમુનિએ અયોધ્યે જઇ દશરથના પિતાને આપ્યા. તેથી તે ઘણા શોકાતુર થયા. કૌશલ્યા અને દશરથને પ્રધાન સાથે એક મોટા વહાણમાં બેસાડી મધ્ય સમુદ્રમાં કોઇ ન જાણે તેમ રાખ્યાં, પણ તે વાત રાવણે જાણી લીધી. સમુદ્રમાં જઇને તેણે વહાણમાંથી કૌશલ્યાને ઉપાડી લીધાં અને વહાણનો નાશ કર્યો. કૌશલ્યાને એક બેટમાં પેટીમાં પૂરી માછીને સંભાળી રાખવા સોંપી. રાવણ શત્રુનો ક્ષય થયો સમજી ઘણો ખુશી થયો; પણ ઇશ્વરેચ્છા બળવાન છે, તેની ગતિની કોઇને ખબર પડતી નથી. " જેને ઇશ્વર રાખે તેને કોઇ ન ચાખે " વહાણનો નાશ થયો, બીજાં સર્વે ડૂબી ગયાં, પણ દશરથને વહાણનું એક પાટીયું હાથ આવ્યું. એ આધારે જે બેટમાં કૌગલ્યાની પેટી હતી; તેજ બેટને કિનારે આવ્યા. બેટમાં ફરતાં એક પેટી જોવામાં આવી. આ વખતે માછી ખોરાક શોધવાને ગયો હતો. તેથી તેણે એ પેટી ઉઘાડી તો માંહે કૌશલ્યાજી દીઠાં. આ જોઇ ઘણા વિસ્મય પામી બંને ખુશી થયાં. તેટલામાં નારદજી આવી પહોંચ્યા. તેણે તેમનો ગાંધર્વ વિવાહ કરી દઇ આશીર્વાદ દીધો કેઃ-"તમો મંગળરૂપ દંપતિને ત્યાં ત્રિભુવનપતિ રમારમણ રામ પુત્રરૂપે અવતરશે." તમો કશો ભય રાખશો નહિ. થોડા વખતમાં તમો અયોધ્યે જશો. એવી ધીરજ આપી, બંનેને પેટીમાં બેસાડી જેમ પેટી હતી તેમ બંધ કરી ચાલતા થયા.

આહા ! ઇશ્વરેચ્છા આગળ કોઇનું જોર ચાલતું નથી. આ દંપતિ પહેલાં જે લગ્ને પરણવાનાં હતાં તેજ લગ્ને પરણી ચૂક્યાં. રાવણ તો ધારતો હતો કે, દશરથનો નાશ થયો છે, અને કૌશલ્યા પેટીમાં કબજે છે; પણ સમજતો નથી કે ઇશ્વરે ધાર્યું હોય છે તેજ થાય છે, તેમાં કોઇ અડચણ નાખવા સમર્થ નથી. પછી રાવણ એક દિવસે સભા સમક્ષ બ્રહ્મા પાસે હસીને બોલ્યો-મેં તમારૂં વ-

ચન વૃથા કર્યું. ત્રિલોકીમાં મારા જેવો કોણ બળીયો છે? મેં દશરથને મારી કૌશલ્યાને કબજે કરી લગ્ન ભંગ કર્યું. હવે હું નિર્ભય થયો છું એવો ગર્વ કર્યો. આ સાંભળી બ્રહ્માએ કહ્યું:–રાવણ! મારૂં વચન વૃથા થવાનું નથી. લખ્યા લેખ કદી ટળતા નથી. એ વર કન્યા તો પરણી ચૂક્યાં છે. રાવણે કહ્યું:–પણ મેં એ કામ મારે હાથે કર્યું છે, તે હું કેમ સાચું માનું? જો એ વર કન્યા પરણ્યાં હોય, તો તમો માગો તે હું આપીશ. આવું વચન આપી માછી પાસેથી પેટી મંગાવી, સભા સમક્ષ ખુલી, તો માંહેથી દશરથ, કૌશલ્યા નીકળ્યાં. આ જોઇ લંકેશ્વર વિસ્મય થયો. ક્રોધ કરી બોલ્યો:—"અરે! જેનાથી શત્રુ પેદા થનાર છે, તેને હવે કેમ જીવતાં મૂકું?" એમ કહી મારવા ખડગ્ ઉપાડયું. એટલે બ્રહ્માએ કહ્યું:—"તેં મને વચન આપ્યું છે, તો હું માગું છું કે આ બંનેને ઉગાર!" રાવણે કહ્યું:–"તમે બીજું ગમે તે માગો, પણ આ બંનેનાં શીશ તો છેદી નાંખીશ." આ સાંભળી કૌશલ્યા થરથર કંપવા લાગ્યાં. તેને દશરથે કહ્યું:–"તું શા માટે ચિંતા કરે છે? હું શુદ્ધ સૂર્ય કુળવાન ક્ષત્રીનો પુત્ર છું. જો તે મારવા આવે તો, તેની ભુજા અને શીશ ખુંટી લઉં એમ કહી ધીરજ આપી. બ્રહ્માએ વચન પાળવાનો આગ્રહ કર્યો. એટલામાં સતી મંદોદરીએ આવી પોતાના પતિને કહ્યું:–"સ્વામીનાથ! તેને માર્યે શું થશે? કાળ વિશ્વ સકળને ખાય છે, આવરદાએ સૌ મરે છે, તેમાં એ બાપડાં શું કરે? આગળ મોટા મોટા ચક્રવર્તિ ભૂપ થઇ ગયા, તેને પણ કાળે ગ્રસ્યા છે. કોઇ અમર નથી" વગેરે નીતિ વચનો કહ્યાં અને બ્રહ્માએ માગેલું વચન આપવા આગ્રહ કર્યો. તેથી રાવણનો ક્રોધ શાંત થયો. એ દંપતીને બ્રહ્માને સોંપ્યાં. બ્રહ્માએ દશરથ અને કૌશલ્યાને દેવો સાથે અયોધ્યે પહોંચતાં કર્યાં. આ બંનેને જોઈ દશરથનો પિતા ઘણો ખુશી થયો. કૌશલ્યા પતિપરાયણ હતી. સર્વ કામના પતિમાં પર્યવસાન કરીને તથા પતિમાં મગ્ન થઇને આત્મ લાભ સાધન કરતી હતી. તે પ્રિયવાદિની સતી–પતિ સેવાની વખતે દાસીની પેઠે, રહસ્યાલાપમાં સખીની પેઠે, ધર્માચરણમાં ભાર્યાની પેઠે, અને ભોજનની વખતે જનનીની પેઠે વ્યવહાર કરતી. એવી રીતે વર્તતાં, તેમને પેટે કેટલેક વખતે પરમ પવિત્ર કરૂણામય શ્રીરામચંદ્રજી અવતર્યા, તેમને આ પરમ સાધ્વી દેવીએ પોતાને હાથે ઉછેરી કેળવણી આપી. સુચરિત્રવાન કર્યા હતા. જ્યારે દશરથરાજાની બીજી પત્નિ કૈકેયીના ક્લેશથી પોતાનો પ્રિયપુત્ર શ્રીરામ પિતાનું વચન પાળવા માટે સીતા સાથે ચૌદ વર્ષની અવધે વનવાસ જવા નીકળ્યા હતા ત્યારે રાજમાતા કૌશલ્યાએ જે કલ્પાંત સાથ ઘણો વિલાપ કર્યો હતો. તે સાંભળીને કઠણ કાળજાના ધીરવીર પુરૂષો પણ રૂદન કરવા લાગ્યા હતા. પરંતુ રામચંદ્રજીની નમ્ર વિનંતિથી આ ધીરજવાન માતા કૌશલ્યાજીએ માતૃભાવ દર્શાવી, રામને હૃદય સાથે ચાંપ્યા. મસ્તકે હાથ મૂકી આશીશ દઈ રજા આપી હતી. આ વખતે કૌશલ્યાજી ગદ્દગદ્દ કંઠે બોલ્યાં હતાં કે:–"પુત્ર હું તમારા નિશ્ચયને અટકાવી શકતી નથી. તેથી કાળની ગતિને પ્રબળ માનું છું. તમે તમારા પિતાના કરજમાંથી મુક્ત થઇને

અહીં વહેલા પધારજો. તમને અહીં પાછા આવેલા જોઇશ, ત્યારેજ મને સુખે નિદ્રા આવશે. જે ધર્મની ઉપર તમે પરમ પ્રેમ રાખોછો, તે ધર્મ તમારૂં રક્ષણ કરજો." ઈત્યાદિ આશિષ આપી, "ભલે પધારો, વનમાંથી વહેલા આવજો ને તમારી ઇચ્છા પરિપૂર્ણ કરજો." એમ કહી પુત્રને આલિંગન કરી વિદાય કર્યા. તેમજ સીતાજીને બે હાથથી આલિંગન કરી કહ્યું કેઃ–"પતિ તરફથી નિરંતર સત્કાર મળ્યા છતાં પણ જે સ્ત્રીઓ પતિને કષ્ટની દશા આવે, ત્યારે તેમની સેવા કરવાનું સ્વીકારે નહિ, તે સ્ત્રીઓ આ લોક અને પરલોક એ બંનેમાં અસતી ગણાય છે, પતિનાં આપેલાં ઘણાં સુખો ભોગવ્યાં હોય, તોપણ અસતી સ્ત્રીઓ જ્યારે પતિને કાંઈ પણ વિપત્તિ આવે, ત્યારે તેમના અનેક વાંક કહાડવા લાગે છે અને પતિનો ત્યાગ પણ કરે છે. જે સ્ત્રીઓ ખોટું બોલનારી, આંખો વગેરેથી દુષ્ટ ઇસારાઓ કરનારી, જારની સોબત કરનારી, પતિની પાસે વિરસ રહેનારી, જરા નિમિત્ત મળે કે તરતજ સ્નેહને છોડી દેનારી કે નીચ સંકલ્પવાળી હોય, તે અસતી કહેવાય છે. કુળથી, ઉપકાર કરવાથી, વિદ્યા ભણવાથી, આભૂષણો વગેરે આપવાથી, જોવામાં આવેલા અપરાધથી ચસમપોશી કરવાથી, કે કેદ કરી રાખવાથી, પણ અસતી સ્ત્રીઓ અવ્યવસ્થિત ચિત્તવાળી હોવાને લીધે કુલીનપણા વગેરેને નહિ ગણકારતાં, નિંદ્યકામમાંજ પ્રવર્તે છે. પતિવ્રતા સ્ત્રીઓ હોય છે તે તો સદાચરણ, સત્ય, ગુરૂજનનો ઉપદેશ તથા કુળની મર્યાદાને ચુસ્તપણાથી વળગી રહીને પતિની સેવાનેજ સર્વોત્તમ માને છે. સ્ત્રીઓને ધર્મનાં બીજાં ઘણાં સાધનો કરતાં પણ પતિની સેવા વિશેષ છે. એટલા માટે હું તમને ભલામણ કરૂંછું કે મારા પુત્રને વનવાસ મળ્યા છતાં પણ તમે તેનું કદી અપમાન કરશો નહિ. રામ ધનવાન હોય કે નિર્ધન હોય પણ તમને તો તે ઈષ્ટદેવ સમાન છે." વગેરે ઉપદેશ આપ્યો હતો. કૌશલ્યાજી પુત્ર વિયોગથી શોકાતુર હતી, તેમાં વળી અધુરામાં પુરૂં પ્રાણપતિ દશરથે સ્વર્ગવાસ કર્યો તેથી શોકમાં ઘણો ઉમેરો થયો. એ રીતે તે શોકસાગરમાં ડુબેલી રહી દુઃખમાં દિવસો કાઢતાં સુખનો દિવસ આવ્યો. પરમ પવિત્ર શ્રીરામચંદ્રજી વનવાસની મુદત પુરી થતાં વધૂ સાથે માતા કૌશલ્યાને પાયે પડયા. માતાએ પ્રેમથી ભેટી આશિર્વાદ આપ્યો. એ પછી તે સુખમાં દિવસો નિર્ગમન કરી, પોતાનું સુચરિત્ર જગતમાં પ્રસિદ્ધ કરી ગયાં છે. ધન્ય છે માતા કૌશલ્યાને ! તેમની કેટલી બધી ધૈર્યતા અને પતિભક્તિ ! તે માત્ર સ્વામીનું વચન પળે તેટલા માટેજ રામચંદ્ર સરખા વ્હાલા પુત્રને વનમાં જતાં અટકાવી શકી નહિ અને પુત્ર વિયોગનું દુઃખ ધીરજ રાખી સહન કર્યું. ધન્ય છે, આવી સ્વામીભક્ત, પુત્રવત્સલ અને ધૈર્યવાન સતીને ! કે જેણે પોતાનું સુચરિત્ર જગતના લોકોને દર્શાવી પરમ બોધ આપ્યો છે.

કુન્તાજી—પૃથા.

આ સતી સુરસેન યાદવની પુત્રી, વસુદેવની બેન, અને શ્રીકૃષ્ણની ફઇ થાય. તેનું મૂળ નામ પૃથા હતું, પણ સુરસેને પોતાના મિત્ર કુન્તિભોજ રાજાને કંઇ સંતાન નહોતું, તેથી તેને પુત્રી કરી રાખવા આપી હતી. તે ઉપરથી તેનું નામ કુન્તિ કહેવાયું. તે બાલ્યાવસ્થામાં કુન્તિભોજના કહેવાપરથી મહર્ષિ, સાધુ સંત વગેરે જે અતિથિ આવે, તેની બરદાસ કરતી. એક વખતે મહા મુનિ દુર્વાસા પધાર્યા. તેની સેવા કુન્તિએ ઘણીજ કરી. તે જોઇ દુર્વાસા ઋષિ ઘણા પ્રસન્ન થયા. તેથી જતી વખતે એ બાળાને બોલાવી કહ્યું;–હે કન્યકે ! બેટા ! તેં મારી ઘણી સેવા કરી છે. તેથી હું ઘણો સંતોષ પામ્યો છું. માટે તારૂં શું પ્રિય કરૂં ? એમ કહી કહ્યું કેઃ—હે પુત્રી! તને મહા પરાક્રમી, બળિષ્ટ, તેજસ્વી અને મહા ધર્મધુરંધર પાંચ પુત્રો ઉત્પન્ન થશે. જેથી કરી તું મહાભાગ્યશાળી ગણાઇશ. એવો આશિર્વાદ દઇ દુર્વાસા ચાલી નીકળ્યા.

કુન્તિ લાયક ઉમરની થયે તેને હસ્તિનાપુર (દિલ્લી)ના રાજા **પાંડુ** સાથે પરણાવી હતી. પતિને ઘેર ગયા પછી પતિવ્રતાના ધર્મ પ્રમાણે વર્ત્તવા લાગી. પતિ અને સાસુ, સસરા વગેરેની ઘણી પ્રીતિ મેળવી હતી. તેને દુર્વાસા મુનિએ જણાવ્યું હતું; તે પ્રમાણે યુધિષ્ટિર, અર્જુન, **ભીમ** એ ત્રણ પુત્રો પોતાને થયા અને સહદેવ, નકુળ, એ બે પોતાની શોક્યના એમ પાંચ પુત્રો થયા. એ પાંચે પાંચ **પાંડવો**ના નામથી ઓળખાય છે. એ પાંચે જ્યારે નાના હતા ત્યારથી તે મોટા થઇ રાજ્યકર્ત્તા થયા, ત્યાં સુધી કુન્તિ માતાના હાથ નીચે ઉછર્યા હતા. તે પાંચે વચ્ચે કોઇ દિવસ પણ વૈર ઉત્પન્ન ન થાય, ને ઉત્તરોત્તર તેમનો પરસ્પર પ્રેમ દૃઢ થાય. એવા ઉત્તમ પ્રકારથી સ્વાર્થને છોડી તે સર્વને એક સરખી કેળવણી આપી હતી. તેથીજ આ પાંચે ભાઇઓનો એક બીજા ઉપર પોતાના પ્રાણ કરતાં પણ વધારે પ્રેમ હતો. પરસ્પરમાં તેમનાં મન કદી પણ ઉંચાં થયાં નહોતાં. વળી તેમનાં અંતઃકરણમાં માતા કુન્તિએ ધર્મ, નીતિની એવી તો સજડ ઉંડી છાપ પાડી હતી કે, તેમને દૈવેચ્છાથી ઘણું દુઃખ ભોગવવું પડયું, તોપણ તેમણે કદી પણ અધર્મમાં પગલું ભૂલથી પણ ભર્યું નહોતું. નાનપણમાં નિરાશ્રિત છતાં પણ મોટે પ્રસંગે ધૈર્યથી ધર્મ માર્ગમાં નિશ્ચળ રહેતા, તેથી છેવટે તેમને સ્વર્ગ સમાન રાજ્યસુખ પ્રાપ્ત થયું. આ બધો કુન્તિ જેવી ધર્મવીર શાણી માતાના સુશિક્ષણનોજ પ્રતાપ હતો. આ પરથી તેના મનનો ઉચ્ચભાવ જણાઈ આવે છે.

પુત્રવધૂ-દ્રૌપદી જ્યારે પતિ સંગે વનમાં જવા તૈયાર થઇ, ત્યારે માતા કુન્તિએ ઉપદેશ આપ્યો હતો કેઃ–" પ્રિયવધૂ ! દુઃખ આવ્યું છે, તેથી શોક કરીશ

નહિ. તું સ્ત્રી ધર્મને જાણનારી, સુશીલા, સાધ્વી અને સદાચરણી છે. તારા ગુણથી બંને કુળ અલંકૃત થયાં છે, એટલા માટે સ્વામીના પ્રત્યે કેવો વ્યવહાર કરવો જોઇએ, તે વિષયનો તમને ઉપદેશ આપવાની જરૂર નથી. સતી ! કૌરવો પરમ ભાગ્યવાન છે, કારણુ કે તારા કોપાનળથી તેઓ દગ્ધ થયા નથી. વત્સ ! હું સર્વદા તારા શુભનું ધ્યાન કરૂં છું. તું ખુશીથી જા." અહા ! કેવો ઉપદેશ ! ! !

એક પ્રસંગે કુન્તિએ શ્રીકૃષ્ણને કહ્યું છે કેઃ—"લોકો સત્સ્વભાવથી જેવી રીતે માનનીય થઇ શકે છે, તેવી રીતે ધન, વિદ્યાથી માનનીય થઇ શકતા નથી. હે કેશવ ! તમે વૃકોદર અને ધનંજયને કહેજો કે, ક્ષત્રિકન્યા જેને માટે ગર્ભ ધારણુ કરે છે, તેનો સમય પાસે આવ્યો છે; એટલા માટે જો તમે વિપરીતાચરણ કરશો, તો તેથી ઘણા ધિક્કારને પાત્ર થશો. તમો નૃશંસના જેવું કાર્ય કરશો તો હું તમારો હંમેશને માટે ત્યાગ કરીશ. વખતે પ્રાણુ સુદ્ધાં ત્યાગ કરવો પડે, તો પણ ડરવું નહીં." એ રીતે તેણે વીરભાવ દેખાડયો છે. શાબાસ છે વીરમાતા તને ! જે માતાનો મનોભાવ વીરત્વ ભરેલો હોય. તેના પુત્રો વીરપુરૂષ થાય એમાં નવાઇ શું !;

વળી કહ્યું છે કેઃ—"મેં પુત્રોનું નિર્વાસન, અજ્ઞાનવાસ અને રાજ્યભ્રષ્ટ વગેરે દુઃખોથી અનુભવ મેળવ્યો છે. દુર્યોધને મને અને મારા છોકરાઓને ચૌદ વર્ષ સુધી અપમાન કર્યું છે. તેના કરતાં દુઃખનો વિષય બીજો કયો હોય ? પરંતુ એવું કહેવાય છે કે દુઃખ ભોગવ્યાથી પાપનો ક્ષય થાય છે. પછી પુણ્યનું ફળ સુખ ભોગવાય છે, એટલા માટે હમણાં દુઃખ ભોગવીને પાપનો ક્ષય કરીએ છીએ. ત્યાર પછી સુખ ભોગવીશું. તેમાં સંદેહ નથી." આહા ! કેવો ઉચ્ચ મનોભાવ !!!

કુન્તાજી એક વિલક્ષણુ બુદ્ધિની સ્ત્રી હતી. પાંડવો વનવાસમાં હતા, તે સમયે તે બાર વરસ વિદુરને ઘેર રહી હતી; તોપણુ પાંડવો પાછા આવ્યા પછી "યુદ્ધ કરો અથવા મૃત્યુ પામો" એવો તેણે સંદેશો મોકલ્યો હતો, તે ક્ષત્રિય સ્ત્રીને અને વીરપત્નિને શોભા આપે એવોજ હતો. આપણુને રાજ્ય સુખ મળશે, તેને માટે આ કુન્તિનો સંદેશો નહોતો; કારણુ કે પાંડવો રાજ્યાસન પર આરૂઢ થયા પછી તે ધૃતરાષ્ટ્રની સેવા માટે વનમાં ગઈ હતી. 'તમારા ઉપદેશથી અમે મેળવેલા આ રાજ્યનો તમે ઉપભોગ લ્યો. વનમાં ન જાઓ.' એ પ્રમાણે ભીમે વિનયથી કહેતાં છતાં પણ, કુન્તીએ ઉત્તર આપ્યો કે, પતિના વખતમાં મેં રાજ્ય સુખ ભોગવ્યું છે, પુત્રનું રાજ્ય સુખ જોઇતું નથી. તમને ક્ષત્રિયોને ભિક્ષાવૃત્તિનો પ્રસંગ ન આવવા માટે મેં યુદ્ધ કરવાને ઉત્તેજન આપ્યું હતું, મારા સુખને માટે નહિ!'

'સત્ય નિષ્ઠા રાખો અને મનનું મોટાપણું છોડી ન દો ?' આ તેણે છેવટે કરેલાં ઉપદેશમાં સર્વ મહાભારતનો સાર આણ્યો છે. આ સાધ્વી માતાની ભવિષ્ય વાણી અંતે સત્ય ઠરી. પુત્રો રાજ્ય પદપર આવ્યા અને જયધ્વજ ફરકાવ્યો.

અંતે એ મંગળમૂર્તિ માતાએ સર્વે મંગળમય કર્યું. આધ્યાત્મિક જ્ઞાનરૂપી જળથી અંતઃકરણ ધોઇ, હિમાલયની તળેટીમાં બ્રહ્મ આરાધન કરીને સદ્‌ગતિને પામી; જગતમાં અખંડ કીર્તિ રાખી ગઇ છે. ધન્ય છે વીર માતાને ! ! !

મંદોદરી.

આ સાધ્વી **મયદૈત્ય** રાજાની પુત્રીને લંકાપતિ **રાવણ** સાથે પરણાવી હતી. તે મહા સ્વરૂપવાન, તેજસ્વી વિવેકી, નીતિવાન, ધાર્મિક વિચારવંત, જ્ઞાની અને પતિવ્રતા હતી. તેને **ઇંદ્રજીત** નામે મહા બળીઓ પુત્ર થયો. **રાવણ મંદોદરી**ને ઘણું ચાહતો અને પ્રીતિ રાખતો. **રાવણ** સ્વભાવે ક્રૂર, અહંકારી અને અને મહા બળીઓ હતો. તે **રામ**ની પત્ની **સીતા**ને હરી લાવ્યો, એ વાત **મંદોદરી**ના જાણવામાં આવતાં, તેણે પતિને કહ્યું કે;—પ્રાણેશ ! સતી **સીતા**ને હરણ કરી લાવ્યા એ ઘણું માઠું કર્યું છે. હવે તમે એને **રામ**ને સોંપો, નહિ તો મારા જાણવામાં આવે છે કે, આપણું સર્વસ્વ જઈ કુળનો નાશ થશે. તમે સર્વને જીત્યા છે, પણ **શ્રીરામ**ને જીતી શકશો નહિ. જે પુરૂષ પરસ્ત્રીનો અભિલાષી છે, તે કદી પણ સુખી થતો નથી. છાતી ઉપર પથ્થર બાંધીને સાગર તરી જાય; એવો કોણ સમર્થ છે? જે વિષપાન કરે તે કદી અમર થાયજ નહિ ! સર્પના મુખમાં હાથ ઘાલતાં તે કેમ દંશ કરશે નહિ ? માટે હે સ્વામી ! તમે **રામ** સાથે વેર કરવામાં કેમ સુખી થશો ? તમે કહો તો હું **રામ**ને શરણે જઇને સ્તુતિ કરી, સર્વને મરણથી બચાવું. એ ઘણા દયાળુ છે, તો દયા કર્યા વગર રહેશે નહિ. **રાવણે** હસીને કહ્યું;—સતી ! તું શામાટે ચિંતા કરે છે ? નીચ, ઉંચ, રાય, અને રંક કોઇને પણ મરણ મૂકતું નથી. પૂર્વે જેવાં કર્મ કર્યા હશે, તે પ્રમાણે સંસારમાં સુખ દુઃખ ભોગવ્યા વિના છુટકો નથી. જે થવાનું હશે તે થશે, પણ હું **સીતા**ને પાછી નહિ આપું. આ પ્રમાણે વાતચિત થયા પછી **મંદોદરી સીતા** પાસે આવી, તેમને ચરણે પડી, પગે લાગી. આથી જેમ **ભાગીરથી**ને **ગૌતમી** મળે, ઉમિયાને **સાવિત્રી** મળે, તેમ **મંદોદરી**ને **સીતા** મળવાથી પરસ્પર ઘણા ખુશી થયાં. **મંદોદરીએ** કહ્યું;—દેવી ! મારાં ધન્ય ભાગ્ય કે, હું આપનાં આજે દર્શનને પામી ! આપ જગતજનેતા છો અને **રામચંદ્રજી** જગતપિતા છે; વગેરે કહી અધ્યાત્મ જ્ઞાનના કેટલાક પ્રશ્નો પૂછ્યા. તે ઉપરથી **સીતાજીએ** તેને અધ્યાત્મ જ્ઞાનનો ઘણો ઉપદેશ આપ્યો. તેથી **મંદોદરી** બ્રહ્માનંદમાં મગ્ન થઇ, બ્રહ્મ સ્વરૂપ વિષે તેનું ચિત્ત લાગી ગયું. તેની સ્થિતિ બ્રહ્મ સ્વરૂપમાં લાગેલી જોઇ, **સીતાજીએ** બોધ આપવો બંધ રાખ્યો. **મયદૈત્ય** કુમારી અંતરમાં આનંદ પામી સાવધાન થઇને **સીતાજી**ને ચરણે

પડી ગદ્‌ગદ્‌ કંઠે થઈ બોલીઃ-જગતની માતા ! કલ્યાણી ! આપે મને આજે બ્રહ્માનંદનો લહાવો આપી મારો સંશય નિવૃત્ત કર્યો ! મારો આજનો દિવસ ધન્ય છે કે, આપની સતસંગતિ થઇ. જેને એક આત્મવિચાર થયો છે, તેને સારાસારનો વિવેક થઇને સકળ અજ્ઞાન ટળી જાય છે. આના સમાન બીજો એકે ઉત્તમ લાભ નથી. મંદોદરી આવું ઉત્તમ જ્ઞાન **સી**તાથી પામી, તેથી તેને ગુરૂરૂપ માની પ્રદક્ષિણા કરી આજ્ઞા લઇને સ્વમંદિર આવી પતિને પાયે પડી કહ્યું-સ્વામી ! સતી **સી**તા સાક્ષાત્‌ વિશ્વની માતા છે. તમો તે પર કુદષ્ટિ કરશો, તો કદી પણ કુશળ રહેશો નહિ. જેમ અગ્નિનો સ્પર્શ કરતાં બળીને ભસ્મ થવાય છે, તેમ તમે સતી **સી**તાનો અભિલાષ રાખી કુળનો નાશ આદર્યો છે. એ સતી અપાર જ્ઞાનવાન છે. એ કોઇ પણ કાળે તમારે વશ થશે નહિ. તે માટે હે રાજન્‌ ! એ હઠ મૂકી દુરાચરણ તજો. પર સ્ત્રી અને પર ધનનો સ્પર્શ કર્યાથી ઘણો અનર્થ થયા વગર રહેતો નથી.

રાવણે કહ્યું;—સતી ! તું જે વચન કહે છે, તે ખરેખર સત્ય છે; પણ મેં **રામ** સાથે વૈર કર્યું છે, એ ત્રૈલોકયમાં સૌ જાણે છે. જો હવે મારો પુરૂષાર્થ મૂકી દઇ નમું, તો મારૂં જીવ્યું વૃથા થાય; કાયર થવાથી જીવ્યાનું કઇ સાર્થક નથી. પૃથ્વીમાં કોઈ અમર નથી. કલ્પ લગી કોઇ કદી જીવ્યો અને પુરૂષાર્થ લેશ પણ ન કર્યો, તેનું જીવ્યું વૃથા જાણવું. સસારમાં સૌને એકવાર જ્યારે ત્યારે મરવું છે; પણ જેણે પરાક્રમ ન કર્યું, તે જીવ્યાને ધિક્કાર છે. જેણે જગતમાં અવતરી જશ, પરાક્રમ અને નામના મેળવી, તેની આ લોકમાં સારી કીર્તિ થાય છે, અને પરલોકમાં શુભ સ્થાન મળે છે. ઈશ્વરાવતાર રામચંદ્રજી પૃથ્વીનો ભાર ઉતારવા અવતર્યા છે; એ હું જાણું છું. માટે હવે પુરૂષાર્થ કરી અમર નામ મેળવવું, પણ શરણે જવું નહિ સુંદરી ! હું યુદ્ધજ કરીશ. મંદોદરીએ જાણ્યુ કે, આ મારૂં માને એમ નથી. એમ જાણી સ્વમંદિર ગઈ. થોડીવારે યુદ્ધ ચાલ્યું, તેમાં ઇંદ્રજીત, કુંભકરણ અને મંત્રી મરાયા. તેથી ગામમાં હાહાકાર થઇ રહ્યો. તે વખતે મંદોદરીએ આવી ઘણું કલ્પાંત કરી કહ્યુંઃ-સ્વામી ! તમે રામ સાથે વૈર કરી શા માટે કુળનો નાશ કરો છો ? અને શા માટે વગર મોતે મરવાને ઇચ્છો છો ! તે સાથે વૈર કરી કોણ ઠરી ઠામ બેઠું છે ? તેને જીતાશે નહિ તો હળવા પડશો. સ્વામી તમે ત્રૈલોકય જીત્યું છે, પરંતુ જ્યાં સુધી કામને જીત્યો નથી, ત્યાં સુધી સર્વ ફોકટ સમજવું. જોગી, મુનિ, તપસ્વી અને અનેક રાણીજાયાને એ કામે છેતરી ફજેત કર્યા છે, રણમાં રખડાવ્યા છે, અને મહાન પુરૂષોનાં માન મૂકાવ્યાં છે. એવો કામ દુર્જય અને બળવાન છે. માટે આવું વિપરીત કામ છોડી દો. મહારાજ ! હવે ક્ષમા રાખો ! **સીતા** પતિવ્રતા છે, તેને **રામ**ને શરણે જઇને સોંપી દો, તો તે નક્કી તમારૂં કલ્યાણ કરશે. એ શરણે આવનારને અભયદાન દે છે. એ તમારો એક પણ અવગુણ ગણશે નહિ. પછી તમો નિર્ભય થઇ સુખે રાજ્ય કરજો. જે પરનિંદા, પરધન અને પરનારને તજે છે, તેના સંસારને ધન્ય છે. જે હિંસા અને અભિમાન તજે છે તેનું

જ્ઞાન શોભે છે. જે સત્ય આચરણ આચરે છે, તેને દેહ ધર્યાનો લાભ થાય છે. તમારે કઈ વાતની કમી છે! અણિમાદિક સિદ્ધિઓ પાયે નમી રહી છે. કલ્પવૃક્ષ અને કામધેનુ સ્વાધીન છે. દેવો ચાકર થઇ રહ્યા છે. બ્રહ્માદિક પણ દેખીને મોહિત થાય, એવી પદ્મનીઓ તમારી છાયામાં ઘણી છે. તોપણ તમે **સીતા**ને હરી લાવ્યા. **विनाशकाले विपरीत बुद्धिः॥** એ પ્રમાણે તમારી અંતકાળે બુદ્ધિ ફરી જણાય છે. અવસાનનો વખત આવે છે, ત્યારે વિવેક અને જ્ઞાન જતાં રહે છે. તમારા આવા કર્મથી નક્કી કુળનો નાશ થશે એવું લાગે છે. તમે કહો છો જે હું **રામ**ને જીતીશ, પણ એ મિથ્યા અભિમાન મુકી દો. પ્રાણેશ! તમને ખોળા પાથરીને કહું છું, જે તમે **સીતા**જી રામને સોંપો.

આ સાંભળી **રાવણે** કહ્યું:–'હું એ રામને નહિ નમું, અને **સીતા**ને પણ નહિ સોંપું. પછી જે થનાર હશે તે ભલે થાય. **મંદોદરીએ** જાણ્યું કે, જેવી વ્યભિચારણી સ્ત્રીની ભક્તિ, જેવો દાંભિકનો વૈરાગ્ય, જેવો પરદ્રોહી જ્ઞાની, જેવી કપટીની પ્રીતિ, જેવો ભ્રષ્ટનો આચાર, જેવું લોભીનું દાન, એવું **રાવણ**નું ડહાપણ અને જ્ઞાન છે. તે પ્રાણ છે ત્યાં સુધી નહિ માને, એમ વિચારી નિરાશ થતી ચાલી ગઇ. થોડી વારે **રાવણે સીતા** પાસે આવી કહ્યું કે, " તું બે માસમાં મારે તાબે નહિ થાય, તો તારા પતિને મારી નાંખીશ. જો તાબે થશે તો તને હું મારી પટરાણી બનાવી ઘણું સુખ આપીશ." **સીતા રાવણ**ની આવી ધમકી સાંભળી બોલી;–**રાવણ**! તું વગર વિચાર્યું બક માં ?! તું બે માસ તો શું, પણ બે હજાર વર્ષની મુદત આપીશ, તોપણ હું તારે તાબે થઇશ નહિ! એમાં તારૂં કઇ વળવાનું નથી!! તું સમૃદ્ધિ, બળ અને પરાક્રમથી જગતમાં વિખ્યાત છે. તારે દુષ્ટ કર્મ કરી કીર્તિને કલંગ લગાડવું ઉચીત નથી. જે દષ્ટિથી તું તારી માતા "**नीकषा**" સામું જુએ છે, તે દષ્ટિએજ તારે પરસ્ત્રી સામુ જોવું જોઇએ. મને મારા પતિ જેવું મૂલ્યવાન બીજું તું શું આપીશ! તું મને મારા પ્રાણપતિને સોંપ તે તને ક્ષમા કરશે.

સીતાનાં આવાં કઠોર વચન સાંભળી, **રાવણે** તેને મારવા ખડ્ગ ઉપાડયું, કે **મંદોદરીએ** દોડી આવી, ખડ્ગ પકડી રાખી સમજાવી શાંત પાડયો. આ વખતે **મંદોદરીએ સીતા**ને ઘણી સહાયતા આપી હતી, અને **રાવણ**ને ઘણી શીખામણ દીધી હતી. રાવણ મુંગોમુંગો હવન કરતો હતો. તે ભંગ કરવા **અંગદે મંદોદરીને ચોટલે** પકડી, તેની સન્મુખ ઉભી રાખી. **મંદોદરીએ** પોતાને છોડાવવાને **રાવણને કહ્યું**;–પતિ! મને છોડાવો! જુઓ, **રામ** પોતાની સ્ત્રીને છોડાવવાને કેટલું બધું કરે છે! પતિએ સ્ત્રીને દુઃખમાંથી મૂકાવવી, એ તેનો પરમ ધર્મ છે. જે પતિ પોતાની સ્ત્રીનું સર્વ પ્રકારે રક્ષણ કરતો નથી, તે નર્કને પામે છે. **પતિને સ્ત્રી એજ સુખનું ધામ છે અને સ્ત્રીજ સંસારનું નૂર છે તથા આ લોક પરલોકનો સાથી છે**" વગેરે કહી **મંદોદરીએ** ઘણું કલ્પાંત કર્યું; ત્યારે **રાવણે** ક્રિયા ભંગ કરી ઉઠી **મંદોદરીને** મૂકાવી. આ પછી **રાવણ** ક્રોધે ભરાઇ પોતે જાતે

લડવા ચડયો, તેમાં તે મરાયો. મંદોદરી જ્યાં પોતનું શીશ પડયું હતું, ત્યાં કેટલીક સ્ત્રીઓ સાથે આવી ઉભી, મોટા મુનિવરો અને યોગીઓ પણ પોતાની ધીરજ છોડી દે એવા કલ્પાંત સાથે વિલાપ કરવા લાગી.

'અરે સ્વામી ! મેં ઘણું ઘણું સમજાવ્યા પણ તમે માન્યું નહિ ! અંતે સંતતિ અને સંપત્તિ નાશ કરી, તમારા દેહને પણ ખોયો. નાથ ! તમે રામ સાથે ભલું વેર ભજવ્યું ! તમારી કીર્તિ ત્રિભૂવનમાં ઘેરે ઘેર ગવાશે. હવે સૃષ્ટિમાં તમારા જેવો પુરૂષ પાકવાનો નથી. પ્રાણપતિ ! તમારે અર્થેંજ રામે અવતાર લીધો. અહો ! દૈવની ગતિ કેવી વિપરીત છે ! કે જેને લોકપતિઓ પગે લાગતા, તે પુરૂષ આજે રણમાં પડયો છે ! !' મંદોદરીનો વિલાપ સાંભળી રામે આવી કહ્યું;–અરે પૂજ્ય પાવની ! સતીશિરોમણી ! તું જ્ઞાનવંત થઇ, આ નાશવંત દેહનો શોક શા માટે કરે છે ? તું જ્ઞાન દૃષ્ટિએ વિચારીને જો કે, તેમાં શું સત્ય છે ! આ જગત્ સર્વે સ્વપ્નની પેઠે માયાનું ચિત્ર છે. આ પંચમહાભૂતની દેહ નાશવંત, વિકારી અને અશાસ્વત રૂપ છે; માટે આત્માનો તું વિચાર કર. તે તો અવિનાશી, અખંડ અને અનુપ છે. માટે હે સતી માતા ! મોહ છોડી દઇ ધીરજ રાખો. મંદોદરી રામચંદ્રજીનાં આવાં વચનોથી શાંત થઇ. પતિની દહન ક્રિયા કરી, ઇત્યાદિ પ્રકારે તેણે પોતાનું પતિવ્રતાપણું બતાવી આપ્યું છે. આ વગેરે તેના ચરિત્રમાંથી ઘણું શિક્ષણ લેવાનું મળી આવે છે.

દમયંતિ

વિદર્ભ દેશમાં કુંદનપુર નગરીમાં ભીમક રાજા રાજ્ય કરતો હતો. તે ઘણો શૂરવીર, પરાક્રમી, ધાર્મિક અને પ્રજાપ્રિય હતો. તેને દમન ઋષિના વરદાનથી દમન, દાન્ત, અને દમ એ ત્રણ સ્વરૂપવાન પુત્રો થયા. અને દમયંતી નામે સુંદર અંગવાળી, ચિત્તને પ્રસન્ન કરનારી, અને રૂપ ગુણે મનોહર કન્યા થઇ. એના જેવી દેવ, યક્ષ કે મનુષ્યોમાં પણ કોઇ કન્યા રૂપવંતી નહોતી. તેથી તેનાં ઘણાં વખાણ દેશોદેશમાં થવા લાગ્યાં. નૈષધ દેશના રાજા વીરસેનને નળ નામે અશ્વનીકુમાર સરખો મહા સ્વરૂપવાન અને ગુણવાન પુત્ર થયો. તેના રૂપ ગુણની પ્રખ્યાતિ દેશોદેશમાં પ્રસરી હતી. દમયંતીએ નળની ખ્યાતિ સાંભળી અને નળે દમયંતીની ખ્યાતિ સાંભળી બંનેએ પરસ્પર વરવાનો મનથી નિશ્ચય કર્યો હતો. 'દમયંતી નળનું સ્મરણ થતાં વ્યાકુળ થઇ જતી. આ વાત દાસી મારફતે તેના માબાપને જણાતાં, ભીમક રાજાએ દમયંતીનો સ્વયંવર કરવાનો નિશ્ચય કર્યો, દેશે-

દેશના રાજાઓને આમંત્રણ પત્રો મોકલ્યાં. આ ખબરથી ઘણા રાજાઓ ઠાઠમાઠથી નાના પ્રકારની સેના લઇને આવ્યા. નારદમુનિ અને પર્વત ઋષિ મારફતે ઇંદ્રને ખબર થતાં, તે પણ દેવતાઓ સહિત સ્વયંવરમાં જવાને તૈયાર થયો. તેમને વિદર્ભદેશ તરફ જતાં રસ્તામાં નળ રાજાનો સમાગમ થયો. નળ રાજાને મહા તેજસ્વિ જોઈ સૌ વિસ્મય થયા. તેણે વિચાર કર્યો કે જો દમયંતી આ નળને જોશે તો આપણને નહિ વરતાં તેનેજ વરશે. માટે નળને કહ્યું કે;—હે નળ! તું સત્યવાન છે, તો અમારો દૂત થઈ તું સહાયતા કર. ઇંદ્રિનું વચન સાંભળી "ઠીક તેમ કરીશ" એવું કહી નળે પૂછ્યું કે "તમે કયાં જાઓ છો અને તમારૂં મારે શું કામ કરવું તે વાત જણાવો." ઇંદ્રે કહ્યું કે;—"અમે દમયંતીનો સ્વયંવર થાય છે ત્યાં જઇએ છીએ, માટે તું દમયંતી પાસે જઈ કહે કે તને ઇંદ્રિ વગેરે દેવતાઓ વરવા ઇચ્છે છે, તેથી તેમાંથી એકને વર." નળે ઇંદ્રનું બોલવું સાંભળી કહ્યું;—" જે વાસ્તે તમે જાઓ છો, તેજ વાસ્તે હું જાઉં છું. માટે તમારે મને મોકલવો ઘટીત નથી, કેમકે મેં વરવા ઇચ્છેલી સ્ત્રીને ત્યાગ કરી, બીજાને વાસ્તે કેમ માગણી કરૂં? ઇંદ્રે કહ્યું;—" પ્રથમ તેં કહ્યું છે કે હું કરીશ" તે તારૂં વચન મિથ્યા કરે છે? માટે જલદી જા. તું અમારા કહેવાથી જઈશ, માટે તને દમયંતીના મહેલમાં જતાં કોઇ દેખશે નહીં. ઇંદ્રના આગ્રહથી નળ જ્યાં દયમંતી બેઠી હતી ત્યાં ગયો. ત્યાં અનેક સખીઓ સાથે દયમંતી બેઠી હતી. નળને આ પ્રમાણે આવેલો જોઇ, દમયંતી વિસ્મય પામી બોલી " તમે કોણ છો અને કેમ આવ્યા છો? નળે કહ્યું:— " હું નળ છું અને દેવતાઓનું દૂતપણું કરવાને આવ્યો છું. ઇંદ્રિ વગેરે દેવતાઓ તને વરવાને ઇચ્છે છે, તેમાંથી એકને તું વર." દમયતી નળનાં વચન સાંભળી બોલી:—" રાજન! હું તો આજે ઘણા રોજ થયાં તમને તન મનથી વરી ચૂકી છું. જો તમે મારો તિરસ્કાર કરશો, તો હું મારો પ્રાણ ત્યાગ કરીશ." નળે કહ્યું;— "લોકપાળ સરખા દેવતાઓ તને પરણવાને તૈયાર છે; તેમ છતાં તું મનુષ્યને કેમ વરવા ઇચ્છે છે?" દમયંતીએ કહ્યું:—"હું સર્વ દેવતાઓને નમસ્કાર કરૂં છું, હું તો મનથી કરી તમનેજ વરી ચૂકી છું." ત્યારે નળે કહ્યું;—" હું દેવોની આડે થઇ તને ધર્મના નિયમ પ્રમાણે શી રીતે વરૂં? તેનો ઉપાય કરવો જોઇએ." દમયંતીએ કહ્યું કે " હું સ્વયંવરમાં સર્વ દેવોની સમક્ષ તમને વરીશ." પછી નળે ઇંદ્રિ પાસે આવી કહ્યું કે, મેં તમને વરવા માટે દમયંતીને ઘણું કહ્યું, પણ તે તો મનેજ સ્વયંવરમાં દેવો સમક્ષ વરવાને ઇચ્છે છે. આ વચન તમારે સત્ય જાણવાં.

ભીમક રાજાએ સ્વયંવરમાં આવેલા દેવો અને રાજાઓ સર્વને મંડપમાં ઉત્તમ આસનોપર એક બાજુએ બેસાડયા અને બીજી બાજુ દમયંતી પોતાની સખીઓ અને સગાંવહાલાં સાથે બેઠી. આખી સભા ચિકાર ભરાઇ બેઠી. સૌ સમક્ષ બધા રાજાઓનું વર્ણન થવા લાગ્યું. તે વખતે દમયંતીએ ઉઠી નળ રાજાના ગળામાં પુષ્પનો હાર પહેરાવ્યો. આ જોઇ સર્વે સભાજનો ઘણા ખુશી થયા. તે

વખતે નળે દમયંતીને કહ્યું;—" સુંદરી ! તું સર્વ દેવતાઓની સમક્ષ મને વરી છે, માટે જ્યાં સુધી મારા શરીરમાં પ્રાણુ રહેશે, ત્યાં સુધી હું તારામાં પ્રીતિ રાખી વર્તીશ." આ પ્રમાણે વચન આપી, બંને આશ્રમ અને દેવો સમક્ષ ગયાં; ત્યાં વિધિસર લગ્ન ક્રિયા કરી. તે વખતે દેવોએ નળને નીચે પ્રમાણે આશીર્વાદ આપ્યો. ૧-યજ્ઞ થાય ત્યાં ઇંદ્ર પ્રત્યક્ષ દેખાશે. ૨-અન્ન તારા હાથથી મધુર થશે. ૩-તારી ધર્મમાં પ્રીતિ રહેશે. ૪-જળ અને સુગંધી પુષ્પની માળા ઇચ્છા પ્રમાણે પ્રાપ્ત થશે. આ પ્રમાણે વરદાન આપી સૌ સૌને સ્થાનકે ગયાં. દમયંતીને નળ સાથે મોકલી. તેને ઇંદ્રશેન નામે પુત્ર અને ઇંદ્રિશેના નામે પુત્રી એ બે સંતાનો થયાં. અહોરાત્ર નળ દમયંતી સુખ ચેનમાં વૈભવ ભોગવે છે. દૈવ ઇચ્છા પ્રબળ છે. તેની ગતિની કોઇને ખબર પડતી નથી. ધર્માત્મા નળમાં કળીયુગે પ્રવેશ કર્યો. ઘુત રમવા માંડયું, દમયંતીએ તેમ નહિ કરવાને ઘણું સમજાવ્યુ, પણ તે વૃથા ગયું. અંતે નળ તેમાં રાજપાટ વગેરે સર્વસ્વ હાર્યો. પતિ સાથે એકેક લૂગડું પહેરી ગામ બહાર વનમાં જવાનો ઠરાવ થયો. વળી " આ બંનેનો કોઇએ સત્કાર કરવો નહિ એવો પુષ્કરે હુકમ કાઢયો. "તેથી તેનો પ્રજામાથી કોઇએ સત્કાર કર્યો નહિ. દમયંતીએ પોતાના બાળકોને રથમાં બેસાડી પિયર મોકલી દીધાં. તેનો સાર્થિ વાર્ષ્ણેય વળતાં અયોધ્યાના રાજા ઋતુપર્ણ પાસે નોકર રહ્યો. નળ દમયંતી ત્રણ દિવસ ભૂખ્યાં તરસ્યાં ગામને પાદર પડયાં રહ્યાં, પણ કોઇએ ભાવ પૂછયો નહિ. છેવટે વનમાં ફળફૂલ શોધી પોતાનો નિભાવ કરવાને ચાલી નીકળ્યાં. આગળ નળ ને પાછળ સતી દમયંતી એ પ્રમાણે ચાલી ઘણે દૂર ગયાં. બંનેને ઘણી ભૂખ તરસ લાગી, તેટલામાં તેણે સુવર્ણ સરખી સુંદર પાંખો વાળાં પક્ષીઓને દીઠાં, તેને પકડી ખાવાનો વિચાર કર્યો. પોતાને પહેરવાનું એકનું એક વસ્ત્ર હતું, તે કાઢીને તેના ઉપર નાખ્યું કે તરત પક્ષી લૂગડા સાથે ઉડી ગયું. તે જોઇને નળે કહ્યું;—સતી ! હવે શું કરવું ? આ એકજ વસ્ત્ર હતું, તે પણ ગયું, ભૂખ્યાં પણ પ્રાણ જાય છે, હે પ્રાણ પ્યારી ! હું દુઃખી હાલતમાં આવી પડયો છું. ચૈતન્ય વગરનો થઈ ગયો છું. હવે પ્રાણનો નિર્વાહ શી રીતે કરવો ! મને કંઈ સુઝતું નથી. માટે તું તારે પિયર વિદર્ભદેશ જા. આ રસ્તો તે તરફ જાય છે. " પ્રાણપ્રિયે ! તું ત્યાં જઇશ તો સુખી થઇશ." પતિનાં આવાં વચન સાંભળી દમયંતી વ્યાકુળ ચિત્તે નેત્રમાં આંસુ લાવી બોલી:—પ્રાણનાથ ! આપનાં આવાં વચનથી મારૂં હૃદય ખેદ પામે છે. આપે રાજ્ય અને સર્વ સંપત્તિ છોડી દીધી, વસ્ત્ર વગરના થયા, ભૂખના દુઃખથી પીડાઓ છો, તે વખતે આપની સેવામાં હાજર રહી, દુઃખમાં દિલાસો આપવાને બદલે, આ મનુષ્ય વગરના અઘોર અરણ્યમાં આપનો ત્યાગ કરી મારા પિતાને ઘેર કેમ જાઉં ? નહિ, નહિ. હું કદી પણ મારા પ્રાણ જતાં સુધી પણ આપને છોડી જવાની નથી. હુંતો આપની સેવા કરવાને સદા સાથેજ રહીશ. પુરૂષને દુઃખને વખતે ધીરજ આપનાર, દુઃખરૂપી રોગ મટાડનાર અને દીલાસો આપનાર સ્ત્રીજ છે; સ્ત્રીને

પતિ પ્રાણ અને જીવનહાર છે. તો હું પતિરૂપી પ્રાણનો શી રીતે ત્યાગ કરી શકું ? હું તમને છોડીને એક ડગલું પણ દૂર કેમ જઈ શકું ? માટે હું તમને કદી છોડી જનાર નથી. નળે કહ્યું;–" હે સાધ્વી ! તું કહે છે તેમજ છે. તું શા માટે ચિંતા કરે છે ? હું મારા આત્માનો ત્યાગ કરીશ પણ તારો ત્યાગ નહિ કરૂં." પછી બંને એકજ વસ્ત્ર પહેરી વનમાં ભૂખ, તરસ ને થાકથી પીડાતાં એક ઠેકાણે બેઠાં. થાકને લીધે નિદ્રા આવવા લાગી, તેથી બંને સૂતાં. દમયંતી નિદ્રાવશ થઇ ગઇ, પણ નળને ઉંઘ આવી નહિ. તેને વિચારોપર વિચારો આવવા લાગ્યા, ચિંતાયુક્ત થઇ મન સાથે વિચાર કર્યો કે મારૂં સારૂં કેમ થાય ? મારી પ્રિય પત્નિ મારે સારૂ દુઃખ ભોગવે છે, તેને હું ત્યાગ કરૂં તો તે તેને પિયર જાય. જો એ મારી સાથે આવશે તો નક્કી દુઃખી થશે. માટે તેનો ત્યાગ કરૂં તો સુખી થાય. આવો વિચાર કરી દમયંતીને ત્યાગ કરવાનું કળીયુગના પ્રવેશથી સૂઝયું. તે મન સાથે નક્કી કર્યું. વળી વિચાર્યું કે દમયંતી મારામાં પ્રીતિમાન છે, તે મહા ભાગ્યશાળી, યશસ્વિની અને મહા સતી છે, માટે તેને કોઇ પુરૂષ છેતરી શકશે નહિ. આવો વિચાર કરી બંનેએ એક વસ્ત્ર પહેર્યું હતું, તેમાંથી પોતાની તલવારવતે અર્ધ કાપી લઇ ચાલતો થયો. થોડે દૂર ગયા પછી પાછો વળી દમયંતી સૂતી હતી, ત્યાં આવી વિચારવા લાગ્યો. અરે ! મારી પ્રિયાએ ટાઢ, તડકો હજી વેઠયો નથી, વાયુના ઝપાટા સહન કર્યા નથી, નથી પૃથ્વીપર પગ મૂકયો કે, નથી આ પૃથ્વીપર સૂતી, તે આજે અનાથની પેઠે ભોંયપર સૂતી છે ? અહો ! કાપેલું અર્ધ વસ્ત્ર ધારણ કરેલી સતી જાગશે, ત્યારે કેવી ગભરાશે ? અરે ! તે મારા વગર આ અઘોર વનમાં કેવી વ્યાકુળ થઇ ફરશે ? અને મને ન જોવાથી કેવી દુઃખી થશે ! અરેરે ! તેની શી વલે થશે ? એવી રીતે કહી ચોધાર આંસુએ રૂદન કરતાં બોલ્યો;—"આ સૂતેલી મારી પ્રિય સ્ત્રીની સર્વ દેવતાઓ રક્ષા કરો." એમ કહી ભરનિદ્રામાં સૂતેલી મૂકી, ભયંકર જંગલમાં ત્યાગ કરી, વિયોગના દુઃખથી પીડાતો આંસુ પાડતો ચાલી નીકળ્યો.

દમયંતી જાગી જુએ છે, તો પોતાના પ્રિય પતિને ન દીઠા, તેથી મહા દુઃખ પામી વ્યાકુળ થઇ પોકારવા લાગીઃ–" હે પ્રાણનાથ ! હે સ્વામી ! તમે કયાં ગયા છો ? તમે મારો કેમ ત્યાગ કરો છો ? અરે ! હાય ! હાય ! હું શું હણાઇ ? અરે સ્વામીજી ! હું આ અઘોર વનમાં બીહું છું ! શું તમે મારી પરીક્ષા જોવાને સંતાઇ બેઠા છો ? નહિ, નહિ. હું નિરપરાધી અબળાનો ત્યાગ કરવાનો વિચાર કરશો માં. પ્રાણનાથ ! ઓ નળ ! હે રાજન ! તમે ધર્મને જાણનાર અને સત્યવાદી છો. તમે મારા સ્વયંવર વિષે હું તારો ત્યાગ નહિ કરૂં" એમ કહ્યું છે, છતાં મારો આ વખતે કેમ ત્યાગ કરો છો ? સ્વયંવરમાં સભા વચ્ચે જે બોલ્યા છો, તે સત્ય કરો. શું તમે વૃક્ષ પાછળ સંતાઈ બેઠા છો ? કેમ દર્શન આપતા

નથી ? કેમ બોલતા નથી ? મારી સંભાળ કેમ લેતા નથી ? આ પ્રમાણે બોલતી, ટળવળતી, આમતેમ જોતી, દોડતી ફરતી ફર્યાં કરે છે. જીભે માત્ર એક **નળનુંજ** સ્મરણ લાગી રહ્યું છે. ચિત્ત ફક્ત **નળમાંજ** રહ્યું છે, તેથી રસ્તામાં વાઘ, વરૂ, સિંહ, ચિતરા, શિયાળ વગેરે ફાડી ખાનારાં જનાવરો મળે છે, તેનો ભય લાગતો નથી. તેને નિર્ભયતાથી પૂછે છે, તમે **નળને** દીઠા ? તેઓ કઈ દિશામાં ગયા છે ? ઝાડોને પણ આ પ્રમાણે વ્યાકુળ ચિત્તે સવાલ કરે છે, શરીરે ઝાંખરાના ઉઝરડા થવાથી લોહી વહે છે, કેશ કાંટામાં ભરાય છે, પગે કાંટા વાગે છે; પણ તેનું એક **નળમાંજ** ધ્યાન લાગેલું છે, તેથી શરીરની કશી શુદ્ધ નથી. વ્યાકુળ ચિત્તે સ્વામીને ખોળતી, ગાંડી જેવી બનેલી, ટીટોડીની પેઠે પોકાર કરતી, શોકમાં ડુબેલી, આમતેમ ફરતાં રસ્તામાં એક મોટો અજગર મોઢું વિકાશી પડયો હતો, તેના મુખમાં પગ પડયો, તેણે સાથળ સૂધી ગળ્યો. વિખ શરીરે ચડવા લાગ્યું. જેવો તે પોતાના પતિ **નળનો** શોચ કરે છે, તેવો પોતાના પ્રાણનો શોચ કરતી નથી. તે તો આવી સ્થિતિમાં પણ ઓ નાથ ! ઓ **નળ** ! કેમ બોલતા નથી ? પ્રાણાધાર ! તમે કયાં ગયા ? આમ પોકાર કરે છે. તે શબ્દો એક પારાધીએ સાંભળ્યા. તે સાંભળતાંજ પાસે આવીને જુએ છે, તો એક રૂપ સુંદર સ્ત્રીને અજગરે સાથળ સુધી ગળેલી છે. આ જોઈ કુહાડીના ઘાથી અજગરને મારી સ્ત્રીને મુકાવી. ઘણી આસના વાસના કરી તેનું વૃત્તાંત પૂછયું. દમયંતીએ સર્વે કહ્યું. તેણે અર્ધ વસ્ત્ર પહેરેલું જોઈ પારાધીની દાનત બગડી તથા દમયંતીએ ક્રોધાવેશમાં આવી અગ્નિ સરખી લાલચોળ થઈ, તેને શાપ આપ્યો કેઃ—"મારા પ્રાણનાથ **નળરાજ** વગર મનથી કરીને પણ બીજાનું ચિંતવન કરતી ન હોઉં, તો આ તુચ્છ પારાધી પ્રાણ રહિત થઈ પડો ! !" પારાધી તરતજ ભયભિત થઈ પૃથ્વીપર પડયો. દમયંતી ત્યાંથી આગળ ચાલવા લાગી. પર્વતો, ગુફાઓ, નદીઓ, વૃક્ષો વગેરે ઓળંગી એક મોટી શિલાપર બેસી, અઘોર વનમાં ધીરવીર અને કઠણ કાળજાના મનુષ્યનું પણ હૃદય પીગળાવી નાંખે એવું મહારૂદન કરવા લાગી, તેથી આખું વન શોકમય દીસવા લાગ્યું. પશુ, પક્ષીઓ, અને ફાડી ખાનારાં જાનવરો પણ જ્યાંનાં ત્યાં સ્થિર થઈ ગયાં. આ વનદેવી છે, તે આપણને પકડશે; એવો ભય પામી નાશી જવા લાગ્યાં. વનમાં ફરતાં ફરતાં જ્યાં વશિષ્ઠ વગેરે ઋષિઓનો આશ્રમ હતો ત્યાં આવી. ઋષિઓએ તેનો ઘણી પ્રકારે સત્કાર કરી ધીરજ આપી. ઋષિઓને દમયંતીએ કહ્યુંઃ—"મહાત્માઓ ! મારા જીવન આધાર **નળ** રાજન નહિ મળે, તો હું મારા દેહનો ત્યાગ કરીશ" કારણ "**સ્ત્રી જાતિને પતિ વગર જીવવાથી શું લાભ છે ?**" ઋષિઓએ કહ્યુંઃ—સતી ! તું થોડા વખતમાં તારા પતિને મળીશ." એટલું સાંભળી ઋષિની રજા લઇ ચાલતી થઇ. ચેદી દેશના રાજા સુબાહુના મુલકમાં કોઇનો સંઘ જતો હતો, તે સંઘ સાથે ચાલી. એક વનમાં મોટું તળાવ હતું, ત્યાં સંઘે પડાવ નાખ્યો. રાત્રે હાથી-

ઓનું એક મોટું ટોળું પાણી પીવાને આવ્યું, તેણે એકદમ મોટી ગર્જના કરી, તેથી આખો સંઘ ગભરાઇ ગયો. સંઘનાં મનુષ્યો કહેવા લાગ્યાં કે, આપણા સંઘ સાથે એક વિચિત્ર દેખાવની સ્ત્રી આવી છે, તે કોઈ રાક્ષસી જણાય છે, તેણેજ આ માયા રચી હશે. માટે ચાલો તેને શોધીને મારીએ. આ સાંભળી **દમયંતી** ભય પામી વનમાં નાશી ગઈ. રૂદન કરતી ચેદી દેશના રાજા **સુબાહુના** શહેરમાં આવી, રાજાના મહેલ સામે ઉભી રહી. **સુબાહુની** રાણી છજામાં બેઠી હતી, તેણે જાણ્યું કે આ કોઇ દુઃખી સ્ત્રી ઉભી છે. એમ જાણી દાસીને તેડી લાવવા હુકમ કર્યો. દાસીએ જઇ **દમયંતીને** મહેલમાં લાવી બેસાડી, તેના ખબર અંતર પૂછ્યા; તે ઉપરથી રાણીને દયા આવી! તેણે કહ્યું:-તું અહીં રહે. હું તારા પતિને શોધવા ચાકરો મોકલીશ. તું અહીં રહેવાથી તારા પતિને મળીશ **દમયંતીએ** કહ્યું:—હું કહું તે પ્રમાણે વચન પાળો તો હું રહું. "**હું કોઇનું ઉચ્છિષ્ટ ખાઇશ નહિ, પગે ચાલી ક્યાંએ જઇશ નહિ, કોઇ પુરૂષ મારે વિષે પાપ બુદ્ધિ કરે, તો તેનો તમારે નાશ કરવો; કારણ કે એવા અધર્મી પાપી પુરૂષની સામે જોવું પણ નહિ એવું મારૂં વ્રત છે, હું કોઈ પુરૂષ સાથે ભાષણ કરીશ નહિ. ફક્ત મારા પતિની શોધ કરનાર બ્રાહ્મણનેજ નેત્રથી જોઇશ.**" આ રીતે તમારાથી બની શકે તો હું રહીશ. નહિ તો મારે રહેવાની ઇચ્છા નથી. રાણીએ કહ્યું:—આ તારૂં ઉત્તમ વ્રત છે, તે માટે તમારા કહેવા પ્રમાણે બંદોબસ્ત કરીશ. તમે બેફિકરથી રહો. રાણીએ **દમયંતીને** પોતાની **સુનંદા** નામે પુત્રી સાથે જુદા મહેલમાં રાખી.

નળ રાજા **દમયંતીને** ત્યાગી વનમાં ગયો, ત્યાં સળગતા દાવાનળમાં પડેલા એક કર્કોટકે નમન કરી કહ્યું:—મેં **નારદજીનો** છળ કર્યો હતો, તેથી તેણે કોપ કરી શાપ આપ્યો છે, કે તું **નળ** રાજા આવે ત્યાં સુધી અહીં સ્થિર થઇ રહેજે. જ્યારે **નળ** તને અહીંથી ઉપાડી બીજે મૂકશે, ત્યારે શાપથી મુક્ત થશે. રાજન! હું એક પગલું પણ ચાલી શકતો નથી. માટે આ મહા દાવાનળથી મારી રક્ષા કરો. હું તમારો સખા થઇ તમારૂં પ્રિય કરીશ; **નળે** તેને અગ્નિથી મુક્ત કર્યો, ત્યારે તેણે કહ્યું કેઃ—તમે કોઇ પ્રાણીથી ભય પામશો નહિ. તમે **અયોધ્યા** નગરીના **ઋતુપર્ણ** રાજા પાસે જઇ **બાહુક** નામે સાર્થિ છું, એમ કહેજો. તમે તેને અશ્વવિદ્યા શીખવજો, તેથી તે તમારો મિત્ર થશે. ત્યારે તમે દુઃખમાંથી મુક્ત થશો. તમારાં બાયડી છોકરાં તથા રાજ્યને અને તમારાં પૂર્વ સ્વરૂપને ફરી પામશો. એટલું કહી એ જતો રહ્યો. **નળ** રાજા **અયોધ્યામાં** ગયા, ત્યાં **ઋતુપર્ણે** સતકાર કર્યો અને સાર્થિની પદવી આપી. તેના હાથ નીચે **વાર્ષ્ણેય** તથા **જીવલને** સાર્થી રાખ્યા. આ વખતે **નળરાજા** ઓળખી ન શકાય એવા શરીરનો થઇ ગયો હતો. તે રોજ સાંજે એક શ્લોક બોલતો તેનો

ભાવાર્થ—અરેરે ! ક્ષુધા તૃષાએ પીડાએલી સ્ત્રી થાકી જઇને, પોતાના મંદ બુદ્ધિના પતિને યાદ કરી કયાં સૂતી હશે ? ! આવાં વચન સાંભળી **જીવલે** પૂછયું કે તું જેનો શોક કરે છે તે કોણ છે ? અને કોની સ્ત્રી છે ? **બાહુકે** જવાબ દીધો કે:–" તે કોઈ મંદ બુદ્ધિવાળા પુરૂષની ઘણી માનીતી સ્ત્રી છે. તેનો તેણે કારણસર ત્યાગ કર્યો છે, તેથી દુ:ખી થઈ પોતાની મરજી પ્રમાણે ફરે છે. તે પુરૂષ પહેલાં મહાન્ રાજા હતો, હાલ ખરાબ સ્થિતિમાં રહી, પોતાની સ્ત્રીને યાદ કરી દુ:ખ પામે છે." એમ કહી ઓળખાણ ન પડે તેવી રીતે ત્યાં રહ્યો. **નળ અયોધ્યાના** રાજાને ત્યાં ને **દમયંતી ચેદી** રાજાની રાણી પાસે એમ બંને આશ્રય મળવાથી રહ્યાં.

ભીમક રાજાએ **નળ દમયંતીના** શોધ માટે ચારે તરફ બ્રાહ્મણો મોકલી દીધા. શોધ કરતાં કરતાં **સુદેવ** બ્રાહ્મણ ચેદી દેશના રાજા **સુબાહુના** શહેરમાં આવ્યો. રાજમહેલમાં ગયો, ત્યાં **સુનંદા** પાસે સૂકાયેલા શરીરે સુંદર સ્વરૂપવાન **દમયંતી** દીઠી. તેને **ભીમક** રાજાના ખબર આપ્યા. દમયંતી પોતાનાં માતા પિતા ઘણાં ચિંતાતુર છે, એવા ખબર સાંભળી રૂદન કરવા લાગી. તે જોઈ **સુનંદા** પણ ઘણી દીલગીર થઈ; તેણે આ ખબર પોતાની માતાને આપી. તે રાણી દમયંતી પાસે આવી બ્રાહ્મણને ખબર પૂછવા લાગી. મહારાજ ! આ સૈહંધ્રી કોની પુત્રી છે ? અને કોની રાણી છે ? તે પોતાના પ્રિય ભ્રાત તથા માતાપિતાથી કેમ વિયોગ પામી છે ? તેને તમે કેમ ઓળખી ? એ સર્વે કહો. બ્રાહ્મણે સર્વે હકીકત કહી સંભળાવી. તે સાંભળી **સુનંદા** તથા તેની માતા રૂદન કરતાં કરતાં સ્તબ્ધ થઈ ગયાં. થોડીવારે શાન્ત થતાં દમયંતીને કહ્યું:–તું તો મારી બેનની દીકરી થાય છે. મેં પણ આ તારા લલાટના લાલ મસથી હવે ઓળખી, આટલો વખત તેં કેમ વાત ન કરી ? હું અને તારી મા બંને દશાર્ણ દેશના **સુદામા** રાજાની પુત્રીઓ છીએ. તારો જન્મ દશાર્ણ દેશમાં છે. તારે હવે કશી ચિંતા ન કરવી. આ ઘર તારૂંજ છે, અને હું તારી માતાજ છું એમ સમજ. દમયંતી આ સાંભળી પગે લાગી બોલી:–તમે ઓળખતાં નહોતાં તોપણ તમે મારી બરદાસ બરાબર કરી છે, મને હવે જવાની જલદી રજા આપો, કારણ મારાં બે નાનાં બાળકો મારા પિતાને ત્યાં છે, તે મારા વિના શોચ કરતાં હશે. માટે કૃપા કરી મને વિદર્ભ દેશ મોકલાવો. ત્યારે તેની માસીએ હા પાડી. પોતાના પુત્રને કહી પાલખીમાં બેસાડી, કેટલીક સેના સાથે મોકલી દીધી. તેનાં માત પિતા દમયંતીને જોઇ ઘણાં ખુશી થયાં. દમયંતીએ પોતાની માતાને જણાવ્યું કે, " જો મારા જીવની આશા રાખતાં હો, તો તમારા જમાઇ **નળની** શોધ કરાવો." **ભીમક** રાજાએ તેના કહેવા પ્રમાણે બ્રાહ્મણો મોકલ્યા. સતી દમયંતીએ બ્રાહ્મણોને કહ્યું કે, જ્યાં જાઓ ત્યાં જઇ એમ કહેવું કે–

"હે કપટી ? અઘોર વનમાં અર્ધું અ: પી સૂતેલી પ્રિય સ્ત્રીનો ત્યાગ કરી

ગયા, એ તમને ઘટીત નહોતું; કેમકે પતિએ પોતાની સ્ત્રીનું ભરણપોષણ અને રક્ષણ કરવું જોઇએ." બ્રાહ્મણો દેશેદેશ ફરવા લાગ્યા. અયોધ્યાપૂરીમાં ઋતુપર્ણ રાજા પાસે **પર્ણાદ** નામે બ્રાહ્મણ આવ્યો, તેણે સભામાં દમયંતીના કહેવા પ્રમાણે આવી કહ્યું; પણ સભામાંથી કોઇએ જવાબ આપ્યો નહિ. બ્રાહ્મણે જવાની તૈયારી કરી, ત્યારે **બાહુક** નામના સારથિએ એકાન્તે આવી, નિઃશ્વાસ નાંખી ઘણું રૂદન કરતાં કરતાં, સર્વના કુશળ ખબર પૂછ્યા અને કહ્યું:—"**જે કુલીન સ્ત્રી ખરાબ હાલતમાં આવ્યા છતાં પોતાનું શિયળ સાચવે છે, તે સ્વર્ગને પામે છે. પોતાના નિર્વાહ વાસ્તે પક્ષીઓ પકડવા જતાં, જેનાં વસ્ત્ર હરણ થએલાં છે, એવો પોતાનો પતિ જ્યારે પાછો આવે; ત્યારે તેના પર ક્રોધ ન કરવો જોઇએ."** પર્ણાદ બ્રાહ્મણ આ સાંભળી દમયંતી પાસે આવ્યો; તેણે યથાસ્થિત વાત કહી બતાવી. દમયંતીએ આ વાત પોતાની માને કહી. તેણે **ભીમક** રાજાને જણાવ્યું. તે પરથી **સુદેવ** બ્રાહ્મણને **નળને** બોલાવવા મોકલ્યો. તેને દમયંતીએ યુક્તિ રચી તરત બોલાવી લાવવાના હેતુથી કહી રાખ્યું હતું કે, તારે **ઋતુપર્ણ** પાસે જઈ કહેવું કે, દમયંતીનો ફરી સ્વયંવર થાય છે; ત્યાં ઘણા રાજાઓ આવશે. આપને આવવા ઇચ્છા હોય તો તરત પધારો. **સુદેવે** તે પ્રમાણે **ઋતુપર્ણને** કહ્યું. તેણે **બાહુક** નામના સારથિને કહ્યું કે **વિદર્ભ** દેશમાં દમયંતીનો ફરી સ્વયંવર થાય છે, ત્યાં મારે એક દિવસમાં જઇ પહોચવું છે. **બાહુકે** વિચાર કર્યો કે શું દમયતીએ દુઃખે કરી ફરી સ્વયંવર કરવાનો વિચાર કર્યો હશે, કે મારે માટેજ આ ઉપાય કર્યો હશે ! જે હોય તે ખરૂં; પણ ત્યાં જવાથી તેનો નિશ્ચય થશે. એમ મન સાથે વિચાર કરી, રાજાને કહ્યું " હું આપની મરજી પ્રમાણે પહોંચાડીશ. " પછી ઉત્તમ વાયુ સરખા વેગવાળા ઘોડા રથને જોડી ચલાવવામાં એવી ચતુરાઇ બતાવી કે, તે જોઇ રાજા ઘણો ખુશી થયો. રથ ઘણો વેગથી ચાલ્યો જાય છે; ત્યાં રસ્તામાં એક બેડાનું ઝાડ આવ્યું. રાજાએ કહ્યું:— આ ઝાડપર જે ફળ તથા પાન છે તથા નીચે ફળ અને પાન પડયાં છે તેની ગણતરી કહું તે તું સાંભળ—ખરી પડેલાં પાન એકસોને એક—અને ફળ એકજ છે. વૃક્ષની આ બે શાખાઓમાં પાંચકરોડ પાન અને બે હજાર પંચાણું ફળ છે. માટે તારે ચોકસ કરવું હોય તો કરી જો. તે પરથી **બાહુકે** રથ ઉભો રાખ્યો. વૃક્ષને કાપી ફળ તથા પાન ગણ્યાં, તો રાજાના કહેવા પ્રમાણેજ થયાં. આ જોઈ **બાહુક** આશ્ચર્ય પામ્યો, અને રાજાને કહ્યું કે તમે મને આ વિદ્યા શીખવો અને હું તમને **અશ્વ ચલાવવાની વિદ્યા** શીખવીશ. પછી **ઋતુપર્ણે** **ગણવાની તથા પાસા નાખવાની વિદ્યા** શીખવી કે તેના શરીરમાંથી કળીયુગ હતો તે દૂર થયો અને સુબુદ્ધિ ઉત્પન્ન થઇ આવી. **ઋતુપર્ણે** કહ્યું, હું અશ્વવિદ્યા મારી મરજી થશે ત્યારે શીખીશ. પછી બાહુકે રથ જોશથી હાંકયો કે તરત **ભીમક** રાજાના કુંદનપૂરમાં આવી પહોંચ્યા.

દમયંતીએ રથના પૈડાંનો મેઘની ગર્જના સરખો ગડગડાટ સાંભળી જાણ્યું કે, આવો અવાજ નળના હાંકવા સિવાય થાય નહિ. એમ જાણી તેને જોવાને મહેલની અગાસીમાં ગઇ, અને જોયુ તો વાર્ષ્ણેય તથા બાહુક સારથિ સાથે ઋતુપર્ણ રાજાને જોયા, પણ નળે જુદો વેશ લીધેલો હોવાથી બરાબર ઓળખી શકાય એવું નહોતું. ઋતુપર્ણ આવી તરત ભીમક રાજા પાસે ગયો. ભીમકે આદર-સત્કાર કરી પૂછ્યું:—"આપ શા કારણે પધાર્યા છો ?" સ્વયવર વિષે કંઇ તૈયારી જોવામાં આવી નહિ, તેમ ભીમક રાજા પણ તે સંબંધી કંઇ જાણતો નથી એવું જોઇ ઋતુપર્ણે કહ્યું;–"હું આપને મળવા માટેજ આવ્યો છું; પરંતુ ભીમકે જાણ્યું કે એટલે દૂરથી આવવાનું કંઇ કારણ હોવું જોઇએ. હશે ! જે હશે તે જણાઇ રહેશે. પછી દમયંતીએ કેશીની નામની પોતાની દાસીને બોલાવી કહ્યું કેઃ—જા તપાસ કર કે ટુંકા હાથવાળો રથ હાંકનાર કોણ છે ? અને પૂછજે કે શા માટે આવ્યા છો ? મને તો એ નળ રાજન લાગે છે. પછી જેવા હોય તેવા ખબર લાવ. કેશીનીએ જઇ પૂછ્યું કેઃ—આપનું અહીં પધારવું શા કારણથી થયું છે ? બાહુકે કહ્યું:–"સુદેવ બ્રાહ્મણના કહેવા પ્રમાણે દમયંતીનો બીજીવાર સ્વયંવર થાય છે. તે માટે અમે આવ્યા છીએ." કેશીનીએ પૂછ્યું:–" આ ત્રીજો પુરૂષ કોણ છે, અને તમે કોણ કોણ છો ?" બાહુકે કહ્યું:–"નળરાજા જ્યારે વન ગયા, ત્યારે તેનો સારથિ નળનાં છોકરાંને અહીં મૂકી ઋતુપર્ણ રાજાને ત્યાં સારથિ થઇ રહ્યો છે. મને પણ અશ્વવિદ્યામાં કુશળ જાણી સારથિ રાખેલો છે," કેશીનીએ કહ્યું:–"વાર્ષ્ણેય ! નળ રાજા ક્યાં છે ?" બાહુકે કહ્યું:–" નળ રાજાની ખબર નથી; કારણ કે તે જુદા જુદા વેશે ફરે છે, તેથી તેમને કોઇ ઓળખી શકતું નથી." કેશીનીએ કહ્યું:–"અયોધ્યામાં પ્રથમ કોઇ બ્રાહ્મણ આવ્યો હતો, તેણે કોઇની સ્ત્રીનાં કહેલાં વાક્ય કહ્યાં હતાં, ને તેને તમે કંઇ ઉત્તર આપ્યો હતો." આ સાંભળી ખેદયુક્ત હૃદયથી બાહુકે કહ્યું:–"રાજ્યભ્રષ્ટ થએલા પતિએ કોઇ કારણથી કુલીન સ્ત્રીનો ત્યાગ કર્યો હોય, તોપણ તેણે પોતાના પતિપર ક્રોધ કરવો ઘટિત નથી. પોતાના પ્રાણનો નિર્વાહ કરવાની ઇચ્છાથી પક્ષીપર નાંખેલું વસ્ત્ર પક્ષીઓએ હરણ કરવાથી વસ્ત્ર રહિત થયેલા પતિ ઉપર સતી સ્ત્રીએ દોષ દૃષ્ટિથી જોવાનું નથી." આ પ્રમાણે બોલતાંજ બાહુકની આંખમાંથી દડદડ આંસુની ધારા વહેવા લાગી. આ બનાવ જોઇ કેશીનીએ દમયંતીને સર્વે વાતથી વાકેફ કરી. દમયંતીએ જાણ્યું કે તેજ નળ છે, પણ તેના સ્વરૂપના ફેરફારથી બરોબર ઓળખાતા નથી, માટે ફરી પરીક્ષા કરવાને કેશીનીને મોકલી. કેશીનીએ તેનાં દેવ તથા મનુષ્ય સરખાં સર્વ ચિન્હો જોઈ દમયંતીને વાકેફ કરી. આ સાંભળી દમયંતી રૂદન કરવા લાગી. ફરી કેશીનીને કહ્યું કે; "તેના રસોડામાંથી ખાવાનું લઇ આવ." કેશીની લઇ આવી. તેનું દમયંતીએ ભોજન કર્યું. તે ઉપરથી નિશ્ચય કર્યો કે તેજ નળ છે. એવી ખાત્રી થતાંજ તે વધારે ખેદયુક્ત થઇ રૂદન કરવા લાગી. પોતાનાં બે બાળકોને

કેશીની સાથે બાહુક પાસે મોકલ્યાં. નળે તરત ઓળખી કાઢીને સામા જઈ તેડી લાવી ખોળામાં બેસાડયાં, અને સામે જોઇ રૂદન કરવા લાગ્યો. પોતાના સ્વરૂપની ઓળખાણુ ન પડે, માટે તે બાળકોને પાછાં આપી બોલ્યો કે "મને મારાં બાળક સરખાં આ બે બાળકને જોઈ નેત્રમાં આંસુ આવે છે. કેશીની ! તું મારી પાસે વારંવાર આવે છે, તેથી લોકો દોષ મુકશે. અમે પરદેશી છીએ, માટે મારી પાસે વારંવાર આવવું એ લોક વિરૂદ્ધ ગણાય."

બાહુકનાં આવાં વચન સાંભળી કેશીનીએ દમયંતીને વાત કહી. તે પરથી દમયંતીએ કેશીનીને પોતાની મા પાસે મોકલી કહેવરાવ્યું કેઃ—"આ બાહુકજ નળ હશે." એવી શંકાથી તેની ઘણી પરીક્ષા કરાવી જોઇ, તે બરાબર મળે છે, પણ તેના સ્વરૂપ વિષે મને શંકા આવે છે. માટે હું જાતે તેની પરીક્ષા કરવા ઇચ્છું છું, તેથી બાહુક મારા મહેલ પ્રત્યે આવે અગર હું તેને ત્યાં જાઉં; એવી રીતે કરવાને રજા આપો. દમયતીની માએ તેના પિતાને વાત કહી. તેથી રાજાએ તેમ કરવા હા પાડી. કેશીનીને મોકલી નળને પોતાને મેહેલ બોલાવ્યા. જેવાં એક બીજાનાં નેત્ર મળ્યાં કે તરત દુઃખથી બંનેનાં નેત્રમાં આંસુ ભરાઇ આવ્યાં. પતિવ્રતા દમયંતીએ બાહુકને કહ્યુંઃ—"ધર્મને જાણનારા નળરાજા વનમાં પોતાની સ્ત્રીનો ત્યાગ કરીને ગયા છે, તેને કોઈ દિવસે નેત્રથી જોયા છે ? અપરાધ વગરની નિદ્રાવશ થએલી પોતાની પ્રિય પત્નીને અઘોર વનમાં છોડી દઈ નળરાજા વગર કયો પુરૂષ જતો રહે ? હું મારા સ્વયંવરમાં આવેલા દેવતાઓનો ત્યાગ કરીને નળરાજાને વરી છું, માટે હું તેનીજ છાયામાં રહેનારીને સંતાનવાળી છું; તેમ છતાં તેણે મારો કેમ ત્યાગ કર્યો હશે ? તેણે અગ્નિ તથા દેવ સમક્ષ મારો કર ગ્રહણ કરીને—'હું તારી સાથે પ્રીતિથી સદાય વર્તીશ' એવી પ્રતિજ્ઞા લીધી છે. તે પ્રતિજ્ઞા કયાં ગઇ ? આ પ્રમાણે બોલતાં દમયંતી ચોધાર આંસુએ રૂદન કરવા લાગી; ત્યારે બાહુકે કહ્યુંઃ—હે પતિવ્રતે ! મારૂં રાજ્ય નાશ પામ્યું, તારો મેં ત્યાગ કર્યો. એ બધું મેં નથી કર્યું; પરંતુ મારી અંદર કળીયુગે પ્રવેશ કરવાથી મારી બુદ્ધિ ભ્રષ્ટ થઇ તેથી થયું છે. તે કળીથી ઉત્પન્ન થએલી કુબુદ્ધિ દૂર થઇ, ત્યાર પછી તારો શોધ કરતો અહીં આવ્યો છું. "ભીમક રાજાના ફરમાનથી દેશાવરમાં દૂતો ફરે છે, તે કહે છે કેઃ—દમયંતી બીજા પતિને ફરીથી વરશે. નીચ સ્ત્રીની પેઠે આ કાર્ય તને લાયક નાહ !"—"તારા સ્વયંવરની વાત સાંભળી આ ઋતુપર્ણ રાજા અહીં આવ્યો છે. દમયંતી પતિનાં આવાં વચન સાંભળી ભય પામી થર થર કંપતી હાથ જોડી બોલી કેઃ—પ્રિય સ્વામીનાથ ! તમે મારા વિષે કંઇ શંકા ધરશો નહિ; કારણ હું દેવોને મુકીને તમને વરી છું. મારા પિતાએ મારા કહેવાથીજ બ્રાહ્મણો તમારી શોધ સારૂ મોકલ્યા છે. તે મારાં કહેલાં વચનો બોલતા ફરે છે, તેમાં પર્ણાદ તમારો શોધ લાવ્યો. તે મારા જાણુવામાં આવતાંજ તમો તરત અહીં આવો એ માટેજ

મારો ફરીથી સ્વયંવર થશે એવું બહાનું કાઢયું. પ્રાણપ્રિય ! હું ધારતી હતી કે જો આપજ હશો, તો ગમે તેમ કરીને પણ એકદમ આવી પહોંચશો, આપ વિના ટુંકી મુદતમાં એકદમ કોણ આવી શકે તેમ છે ? પ્રાણનાથ ! હું મને કરીને પણ અધર્મ રસ્તે પ્રવર્ત્તી નથી. તે સત્યપણાએ આપણાં બે ચરણ સ્પર્શ કરૂં છું. મેં કોઇ દિવસ પાપ કર્મનું આચરણ કર્યું હોય, તો આખા જગતના પ્રકાશમાન વાયુ, સૂર્ય, ચંદ્ર અને દેવો મારા પ્રાણનો તરત નાશ કરો; નહિ તો જેવું મારૂં સત્યપણું છે તેવું જણાવો. સતી દમયંતીની આવી પ્રાર્થનાથી દેવોએ પવિત્ર વાણી ઉચ્ચારી સાક્ષી આપી કે; "અમે દમયંતીની રક્ષા કરી છે. તેણે સ્વધર્મનું પાલન કર્યું છે. તેણે કેવળ તારી પ્રાપ્તિ માટેજ આ ફરી સ્વયંવરનું બહાનું કર્યું છે; તેમાં ટુંકી મુદતે સર્વેને આવવાનું હતું, તો તેમાં તારા સિવાય બીજો કોણ પુરૂષ એકદમ અહીં આવવા સમર્થ થાય ? માટે હે રાજન ! તને તારી ધર્મપત્ની પ્રાપ્ત થઇ, માટે તું શંકા રહિત થઇ કુટુંબ સાથે તારે દેશ જા અને રાજ્ય કર " એવો આશિર્વાદ આપ્યો. નળનું સ્વરૂપ હતું તેવું થઈ ગયું. આ જોઇ દમયંતી હર્ષ પામી સજળ નેત્ર પતિને ભેટી પડી. નળ પણ ખુશી થયો. આ બાહુક તે નળ છે, તે જાણી દમયંતીનાં માબાપ ખુશી થયાં. નળ પોતાની પ્યારી સ્ત્રી દમયંતીને તેડી સ્વદેશ ગયો. પુષ્કર પાસેથી રાજ્ય લઇ સુખથી દિવસો નિર્ગમન કરવા લાગ્યો. આ ચરિત્રપરથી જણાય છે કે દમયંતીનો નળરાજાએ વનમાં ત્યાગ કર્યો, તેથી તેને અનેક પ્રકારનાં દુઃખો પડયાં; તોપણ પતિપર તેવો ને તેવોજ અખંડ પ્રેમ રાખીને શીયળ સાચવી પોતાનું સતીત્વ બતાવી આપ્યું. તેથી કરી તેમની જગતમાં અખંડ અમર કીર્તિ રહી ગઈ છે. ધન્ય છે આ સતીને ! ! !

સુલોચના.

સુલોચના—શેષ કન્યા હતી અને લંકાપતિ રાવણના પુત્ર ઇંદ્રજીતની પત્ની થાય. આ સાધ્વી રૂપે, ગુણે અને વિદ્યાએ અનુપમ હતી. એના રૂપ આગળ તો રતી અને ઇંદ્રાણી પણ કશા લેખામાં ન હતી. તે પતિની આજ્ઞાને અનુસરી તેમની સેવામાં તત્પર રહેતી. તેમજ સાસુ, સસરા અને નણંદ વગેરે સંબંધીઓપર સ્નેહ રાખતી અને નમ્રપણે પ્રીતિથી વર્તતી. આવાં તેમનાં શુભ આચરણથી સંબંધીઓ પણ તેમનાપર સ્નેહ રાખતા. જ્યારે તેનો સસરો લંકાપતિ રાવણ સીતાનું હરણ કરી લાવ્યો, ત્યારે સુલોચનાએ પોતાના પ્રાણપતિ ઇંદ્રજીતને કહ્યું કેઃ-પ્રાણેશ ! સીતા જેવી સતીને તમારા પિતા હરણ કરી લાવ્યા છે, એ તેણે મોટો અપરાધ કર્યો છે. જનકની તનયા

અને રામચંદ્રની રાણી જે લક્ષ્મી રૂપ ગણાય છે, તે ઉપર કુદૃષ્ટિ કરી, તેના પાપથી રાજ્ય ખોશો. એટલુંજ નહિ પણ જીવ્યાની પણ આશા રાખશો નહિ. પરસ્ત્રીની અભિલાષા રાખતાં કુળનો પણ નાશ થાય છે, જે કોઇ સાધુ ઉપર દ્વેષ કરે, ગુરૂની આજ્ઞાનો ભંગ કરે, માબાપનો તિરસ્કાર કરે, પરસ્ત્રીનો સંગ કરે, બ્રાહ્મણના બ્રહ્મત્વનો નાશ કરે, જીવની હિંસા કરે, ઇશ્વિર ચરિત્રની નિંદા કરે, અને સદ્ગ્રંથનો નાશ કરે, તે પાપી જન આ પૃથ્વીમાં અપજશ મેળવી વહેલો મરણ પામે છે. માટે હે પ્રાણપતિ ! તમારા પિતાને આ બુરૂં સૂઝ્યું છે. તે ખરેખર નાશ થવાની નિશાની સમજવી.

ઇંદ્રજીતે સુલોચનાનાં આવાં વચનો સાંભળી કહ્યું કેઃ—પ્રિય સુંદરી ! તું સત્ય કહે છે ! હું શું કરૂં ! આ મારો પિતા છે. એટલે તે ભૂંડું કરે તોપણ મારાથી કંઇ પણ તેમને કહેવાય નહિ. હું બધું સમજું છું, પણ એ બધું મનમાં સમજી બેસી રહ્યો છું. મારો હાલ કશો ઉપાય નથી. જો બીજો કોઇ હોય તો તે નહિ સાંખતાં તેને શિક્ષા કરૂં. માટે પ્રિયા ! તું કંઇ શોચ ન કર. જે ભાવી હશે તે થશે. જે જીવે જેવું કર્મ કર્યું હશે, તેને તેવું સૂઝશે; અને તેને તેવું સુખ દુઃખ, શત્રુ મિત્ર વગેરે થશે.

એ પ્રમાણે સુલોચના અને ઇંદ્રજીત વચ્ચે પરસ્પર વાતચિત થઇ, સીતાને પાછી સોંપી દેવાને રાવણ પાસે અંગદ વિષ્ટી કરવા આવ્યો, પણ તેણે માન્યું નહિ, અંતે મોટી લડાઇ થઇ તેમાં કુંભકરણ અને ઘણું લશ્કર મરાઇ ગયું. છેવટે ઇંદ્રજીત જેવા શૂરવીર પુરૂષનું પણ મરણ થયું. આ વખતે સુલોચના સતી પોતાના રંગ મહેલમાં રૂપાને હીંડોળે બેઠી હીંચતી હતી. ગંધર્વ, કિન્નરની કન્યાઓ દાસીઓ હતી, તેઓ તેમની સેવામાં હાજર હતી. કોઈ ચમર લઇ ઉભી છે તો કોઇ પંખો લઇ ઉભી છે, કોઇ પુષ્પહાર લાવી પહેરાવે છે, તો કોઇ મુક્તાહાર ગુંથે છે, કોઇ ઉપભોગ લાવી હાજર કરે છે, તો કોઇ ખમા ! ખમા ! કરે છે. એમ સુલોચના આનંદમાં પતિ સ્મરણ કરતી બેઠી હતી. તેવામાં એક દૂત આવ્યો, તેણે દાસીને પત્ર આપ્યો. તેમાં ઇંદ્રજીતને રણમાં પડયાના ખબર હતા. તેથી રંગમાં ભંગ પડયો. જેમ અમૃતમાં ઝેરનું બિંદુ આવીને પડે, તેમ આ વખતે થઇ રહ્યું. દાસીએ ઉદાસીન ચેહેરે આવી કહ્યું કેઃ—બાઇ સાહેબ ! આજ આપનું નશીબ ફૂટયું ! એવું સાંભળતાંજ સુલોચનાને મોટી ફાળ પડી. હાય ! ગજબ ! કરતી કે બેબાકળી થઇ ઉઠી ઉભી થઇ. સખીઓને સાથે લઇ ચોકમાં જઇ, કાગળ વાંચે છે, તો તે પોતાના સ્વામીના હાથનો લખેલો દીઠો. સુલોચના આ પ્રમાણે જોતાંજ મૂર્છામાં આવી પૃથ્વીપર ઢળી પડી. થોડીવારે સચેત થઇ વિલાપ કરતી, માથું, શરીર, હાથ અને છાતી પૃથ્વી સાથે પછાડવા લાગી. અને હાય ! હાય ! ના પોકારથી કલ્પાંત કરવા લાગી. જેમ લોભીનું બધું ધન જાય, જેમ મત્સ્યને પાણીનો

વિયોગ થતાં તરફડવા લાગે; એમ પતિ વિજોગે શેષ કન્યા અપાર રૂદન કરી તરફડવા લાગી. સખીઓએ શિખામણ દેતાં તે સાવચેત થઇ બેઠી. સ્વામીનો પત્ર ઉઘાડી હૃદય સાથે ચાંપ્યો. આંખમાંથી ચોધાર આંસુ પડવા લાગ્યાં. રૂદન કરતાં તે બોલીઃ–હા, હા, સ્વામીનાથ ! આ શું કર્યું ? પુર્ણ બ્રહ્મ સ્વરૂપ રામને જીતવાની તમારી હામ હતી, તે રામને તમે પ્રાણ સોંપી તમારૂં તમે કલ્યાણ ઇચ્છયું. પ્રિય પ્રાણાધાર ! તમે કેમ મરણ પામ્યા ? હવે હું કોને શરણે રહીશ ? સ્વામીનાથ ! એમ કહી પત્ર વાંચ્યો. તેમાં લખ્યું હતું કે,—હે પ્રિયે ! " સૌમિત્રાનો પુત્ર લક્ષ્મણ જે મહા તપસ્વી, પુન્ય પવિત્ર, નિદ્રાજીત, મિતાહારી, શુદ્ધ, સત્યવાદી અને બ્રહ્મચારી છે, તે મારૂં શીશ લઇ જ્યાં રામચંદ્રજી છે, ત્યાં ગયેલા છે, મારૂં ધડ રણમાં પૃથ્વીપર પડયું છે, હું આ સંસાર રૂપી માયા નદી ઓળંગી ગયો છું; અને તારી વાટ જોઉં છું. મેં શ્રી જગદીશને મિત્ર કર્યા છે, મેં કૃપણતા તજી મારૂં શીશ અર્પણ કર્યું છે. માટે હે સાધ્વી ! હું આ દુઃખરૂપી સંસાર છોડી શ્રી ભગવાનને શરણે ગયો છું. શ્રીજગદીશને ચરણે રહેતાં સર્વ દુઃખ ટળી હું બ્રહ્માનંદ સુખ પામ્યો છું. "

એ પ્રમાણે વાંચીને સુલોચના સતી અશ્રુપાત કરવા લાગી. એ વખતે પશુ પક્ષી સર્વ ગર્વ તજી રોવા લાગ્યાં. તે પાસેની સખીઓની શિખામણથી શાંત થઇ, સ્વામી સાથે સહગમન કરવા તૈયાર થઇ. પતિનું શીશ લેવા કેટલીક સખીઓ અને વિદ્વાનોને સાથે લઇ ચાલી. પ્રથમ સસરા–રાવણની સભામાં આવી, તેને પાયે પડી પોતાના સ્વામીનું સર્વ વૃત્તાંત કહ્યું, અને પત્ર દેખાડયો. આ જોઇ રાવણ મૂર્છા ખાઇ પૃથ્વીપર પડયો. મંદોદરી વગેરે રાણીઓ મોટે સ્વરે રૂદન કરવા લાગી. ચારે તરફ હાહાકાર થઇ રહ્યો. આખી નગરી શોકાતુર થઇ ગઇ. સૌ કોઇ વિચારવા લાગ્યા કે હજુએ કોણ જાણે શુંએ થશે ! રાવણ રૂદન સાથ કલ્પાંત કરવા લાગ્યો. અરે દૈવ ! તેં શું કર્યું ? અરે મારો ઇંદ્રજીત જેવો પાટવી કુમાર ગયો ! અરે ! મારૂં સર્વસ્વ ગયું ! અરે ! શું મારૂં ઘરસૂત્ર ઉજડ થયું ! હાય, હાય ! હવે હું શું કરીશ ! આ પ્રમાણે તેણે ઘણો અફસોસ કર્યો.

મંદોદરીએ સુલોચનાને કહ્યું કેઃ—અરે બાપ ! તું રામ પાસે જઇ શીશ માગી લાવ ! તે ઘણા દયાળુ, ધર્મ ધુરંધર છે. જેને સીતાજ એક પત્ની છે, એવા એક પત્નીવ્રતવાળા છે, જેને બીજી સ્ત્રીઓ મા બેન સમાન છે. જેને એક બાણ, એક વચન સત્ય કરવાવાળા, એવા રામચંદ્રજી છે; તે તને શીશ આપશે. તેમની પાસે જવામાં કંઇ ભય નથી. પછી રાવણને સુલોચનાએ કહ્યું કેઃ—**જે પરસ્ત્રીની અભિલાષા કરે છે, તેનું કલ્યાણ કદી થતું નથી.** આ પ્રમાણે વચન કહી સાથે બૃહસ્પતિ સરખા વિદ્વાનો અને સહસ્ત્ર દાસીઓને લઇ રામચંદ્રજી પાસે ગઇ. જેમ સંતને ઘેર જવાથી વિશ્રાંતિ મળે, તેમ સુલોચનાને શ્રી રામચંદ્રજીના મુખારવિંદ આવતાં વિશ્રાંતિ વળી.

સુલોચનાએ આવતાં વેંતજ રામચંદ્રજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ચોધાર અશ્રુ પાડી રૂદન કરવા લાગી, શ્રીરામચંદ્રજીએ કરૂણામય વચને કહ્યું:–હે પુત્રિ ! હવે ઉઠ, તું જે માગે તે હાલજ આપું, તેથી સુલોચના સન્મુખ આવી બે હાથ જોડી ઉભી રહી, અને ગદ્ ગદ્ કંઠે રામચંદ્રજીની સ્તુતિ કરવા લાગી. હે મહારાજ ! મારા સ્વામીનું શીશ આપો, મારે પતિ સાથે સહગમન કરવું છે. મેં મારા નાથના મરણના ખબર ઘણીવાર થયાં જાણ્યા છે, માટે હવે મારે વિલંબ થાય છે. મારા પંચપ્રાણ તો પ્રથમથીજ ગયા છે, પણ દેહ નિમિત્ત શીશ માગવા આવી છું, તે દયા કરીને આપો. રામચંદ્રજી આ પ્રમાણે સાંભળી ઘણા ખુશી થયા અને કહ્યું કેઃ—હે શેષ કન્યા ! તને ધન્ય છે ! સૌ નદીઓમાં જેમ ગંગા શ્રેષ્ટ છે, તેમ તું સાધ્વી સ્ત્રીઓમાં રત્ન રૂપ છે. પતિવ્રતા સ્ત્રીનો મહિમા ઘણો પ્રસિદ્ધ છે. પછી રામચંદ્રજીની આજ્ઞાથી સુગ્રીવે મસ્તક આપ્યું. તે સુલોચનાએ લઈ હૃદય સાથે ચાંપી અપાર રૂદન કર્યું, અને ચીરનો છેડો પાથરી તેમાં શીશ મૂકી બે કર જોડી પ્રાર્થના કરી. હે પ્રાણવલ્લભ ! પ્રાણજીવન ! પ્રભુ ! સ્નેહ લાવી દાસીપર દયા કરો. સ્વામી ! શું કરૂં ? હુંએ પ્રથમ ચુકી, જો મારા પિતાને તેડાવત તો તે આવી સહાયતા કરત, અને પ્રભુ કરત તો મરણ પામત નહિ. અરે ! ના, ના હું ભૂલી ! એવું સાંભળતાં સર્વે ઘણાજ આશ્ચર્ય પામ્યા. રામચંદ્રજીને સુગ્રીવે પૂછ્યું:–મહારાજ ! સતીએ એ શું કહ્યું ? રામચંદ્રજીએ જવાબ આપ્યો કે, સતીના બોલવાનો ભાવાર્થ એવો હતો કે જો આ યુદ્ધમાં તેના પિતાને તેડાવત, તો આ શેષ તેણીના પતિની સહાયતા કરત. પરંતુ જે શેષ (લક્ષ્મણ) પિતા કહેવાય છે, તેણે તો ઇંદ્રજીતને મારીને વિપરીત કર્યું !!! લક્ષ્મણજી શેષનો અવતાર છે. આવું રામચંદ્રજીનું વચન સાંભળી લક્ષ્મણજીએ સુલોચના સામુ જોઇ રૂદન કર્યું. પછી રામચંદ્રજીએ તેને ઉપદેશ આપી શાંત કર્યા.

સુલોચના શીશ લઈ ચાલી. જ્યાં ઇંદ્રજીતનું ધડ પડયું ત્યાં આવી, સમુદ્ર કિનારે ચંદન કાષ્ટની ચિતા ખડકાવી સમુદ્ર સ્નાન કર્યું. પછી પતિને ચિતામાં પધરાવી શાસ્ત્ર વિધિએ ક્રિયા અને પ્રદક્ષિણા કરી પોતે અંદર બેઠી કે, અગ્નિ પ્રગટ થતાં દંપતિ બળી ભસ્મ થઇને આ જગતમાં અમર કીર્તિ રાખી ગયાં.

"**विना काळे विपरीत बुद्धि**" આ પ્રમાણે દુષ્ટ દુર્મતિ મહા બળવાન રાવણે પરસ્ત્રીની ઇચ્છા કરી, તો તેના પાપથી કુંભકરણ જેવા ભાઇ, ઇંદ્રજીત જેવા મહા બળીયા પુત્ર અને સુલોચના જેવી સતી સ્ત્રી વગેરે કુટુંબનો નાશ થયો; લંકા લૂંટાણી, અને છેવટે પોતાનો પણ પ્રાણ ગયો. ખરે ! અનીતિ–પાપનું ફળ મળ્યા વગર રહેતુંજ નથી !

સુલોચના જેવી સાધ્વી સ્ત્રીને ઇંદ્રજીત જેવા રાક્ષસનો સંગ થયો ત્યારથીજ એ સતીએ પોતાના પતિને અનેક રીતે ઉપદેશ આપી સુધાર્યો હતો, અને સર્વ

રીતે લાયક કર્યો હતો; પરંતુ પોતાના દુર્મતિ પિતા રાવણની આજ્ઞા ઉલ્લંઘન કરી શકતો નહિ. એ દુર્મતિના પાપ પ્રતાપે સર્વેનો નાશ થયો. એના પાપનું ફળ સર્વ કુટુંબને પણ ભોગવવું પડ્યું–અરે કુટુંબમાં કોઇ આવા દુર્મતિ થશો નહિ. પરંતુ સુલોચના જેવી સતી ઘેરે ઘેર થજો.

દ્રૌપદી.

આ મહા સતી પાંચાલ દેશના કામ્પિલ નગરના રાજા દ્રુપદની પુત્રી થાય. એ સ્વરૂપે સુંદર, તેજસ્વિ અને જરા શ્યામવર્ણું હતી. બાલ્યકાળમાં પિતાને ત્યાં આચાર્યની પાસે ઉપદેશ ગ્રહણ કર્યો હતો. ચિત્રરચના, શિલ્પકાર્ય, ધર્મશાસ્ત્ર અને અધ્યાત્મિક જ્ઞાન વગેરે સઘળા વિષયનું તેણે શિક્ષણ મેળવ્યું હતું. એ રાજ્ય પુત્રી હતી, છતાં પોતાનો ખારીલો અને હઠીલો સ્વભાવ દાબી રાખતી. એ દુઃખમાં રોયા કરે એવી નહોતી, પણ સ્થિતિને અનુકૂળ થઇ રહી સદા પ્રસન્ન રહેતી. તે ઠરેલ, પાકી, અને સાવધ હતી, સંકટ સમયે નહિ ગભરાતાં, બને તેટલો ઉપાય કરે તેવી, ને વ્યવહારમાં કુશળ હતી. તેનામાં પુરૂષ શૌર્ય હતું, ગમે તેવા પ્રસગે પણ નિર્ભયતાથી જવાબ આપતી. તેનો સ્વભાવ જરા રીસાળ અને છણકો કરવાનો હતો, પણ પ્રસંગ વિત્યા પછી તેમાંનું તેને કાંઈ નહિ. સામા મનુષ્યના મનની તરત પરીક્ષા કરી લેતી, એવી એ ચતુર અને હુશિયાર હતી, ભારતભૂમિમાં *પાંચ મુખ્ય મહા સતી ગણાય છે તેમાં એ પ્રખ્યાત મહાસતી હતી.

દ્રૌપદીને દ્રુપદ રાજાએ સ્વયંવરથી પરણાવવાનો વિચાર કર્યો. દેશ દેશના રાજાઓને પધારવા આમંત્રણ મોકલ્યાં, તેથી કૌરવો–દુર્યોધન તથા કર્ણ વગેરે–કૃષ્ણ, બળરામ, સિંધુ દેશનો જયદ્રથ, પૌંડનો વાસુદેવ, ચેદિનો શિશુપાળ, વિરાટનો રાજા, મદ્રનો શલ્ય, વગેરે રાજારાણીઓ આવી એકઠા થયા હતા. પાંડવો આ વખતે વનવાસમાં હતા. તેઓ પણ આ સમાચારથી લલચાઇ, સ્વયંવર જોવા ઋષિઓ સાથે બ્રાહ્મણ–ઋષિને વેશે આવ્યાં. સ્વયંવર મંડપમાં અલૌકિક ઠાઠ હતો. એક બાજુએ રાજાઓ બેઠા હતા. એક બાજુ ઋષિમંડળ અને એક બાજુ દ્રૌપદી પોતાની દાસીઓ સાથે શણગાર સજી બેઠી હતી. વચમાં સ્થંભપર સુવર્ણ મત્સ્ય ટાંગ્યો હતો. તેને ફરતાં ચક્રો ઉલટાં સુલટાં ફર્યા કરતાં હતાં. નીચે એક ધનુષ

*આર્યાવર્તની પાંચ મહા સતીઓનાં નામ–સીતા, તારા, દ્રૌપદી, અહલ્યા અને મંદોદરી.

પડચું હતું, વાજીંત્રો મધુર સુરોથી સભા જનોના મનને આનંદ આપતાં હતાં, સ્ત્રીઓ શણગાર સજી મંગળ ગીતો ગાતી હતી. આ પ્રસંગે દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ન સ્વયંવર મંડપમાં ઉભો થઈ બોલ્યોઃ–' વીરપુરૂષો ! આ દંડની ઉપર સુવર્ણ છે, તેની આંખ આ ધનુષ વડે જે વીંધશે, તે દ્રૌપદીને વરશે. કોઇએ એકથી બીજીવાર બાણ મારવું નહિ, જેની શક્તિ હોય તે ઉઠો." પછી કેટલાક ઉઠયા પણ ધનુષ વાળી ન શક્યા, કેટલાક અપમાન થવાને ભયે ઉઠયા નહિ. પછી કર્ણે ઉઠી ધનુષ્ય વાળ્યું. તેમાં બાણ યોજવાનું કર્યું કે દ્રૌપદી બોલીઃ–" હું સૂત પુત્રને નહિ પરણું. " કર્ણ ઝાંખો પડયો, પણ હસતું મુખ રાખી મંડપ બહાર જઈ બેઠો. જ્યારે સૌ રાજા હારી બેઠા, ત્યારે ઋષિમંડળમાં બેઠેલા **પાંડવોમાંથી** અર્જુને ઉભા થઇ ધનુષ ચડાવ્યું. બ્રાહ્મણને ધનુષ ચડાવતો જોઇ સૌ આશ્ચર્ય પામ્યા, પણ અર્જુને દ્રોણગુરૂનું સ્મરણ કરી બાણ સાધી માર્યું કે મત્સ્યની આંખ વીંધાઇ ગઈ. ધન્ય ! ધન્ય! વાહ ! વાહ ! થઇ રહી. દ્રૌપદીએ અર્જુનને પ્રેમથી હાર પહેરાવ્યો. **પાંડવ** દ્રૌપદીને લઇ પોતાને ઉતારે આવ્યા દ્રુપદ રાજાએ દ્રૌપદીને શાસ્ત્ર વિધિએ પરણાવી.

દ્રૌપદી પાંડવો સાથે ઇન્દ્રપ્રસ્થમાં રહી. રાજકાજના કાર્યમાં મોટી સલાહકાર થઇ પડી હતી. તેમજ સંસાર વ્યવહારનાં કાર્યો કરતી. અભ્યાગત, અતિથિ અને દાસ દાસીઓને ભોજ તથા પોશાક વિગેરેની વ્યવસ્થા કરતી. ગૈશાળા, અને મેષશાળા પોતે જોતી. ખજાનો તેના હાથમાં હતો. આવક જાવકનું સઘળું કામ કરતી. જે કાર્યનો ભાર લેતી હતી, તે અભિવિનત અને શાંત ભાવથી કરતી હતી. તે કહેતી કે;–" **જીવ નિષ્કામ નહિ હોય તો મુક્તિ મેળવી શકતો નથી.** " જ્યારે વનવાસમાં હતી, ત્યારે કામ ક્રોધ અને અહંકાર છોડી હમેશાં **પાંડવો** અને તેઓની બીજી સ્ત્રીઓની સેવા કરતી. પ્રાતઃકાળે વહેલી ઉઠી સ્નાન કરી ઇશ્વિરોપાસના વગેરે નિત્યકર્મ કરતી. પછી ધ્યાનપૂર્વક એકાગ્ર ચિત્તે પતિના કહેવા પ્રમાણે કામે લાગતી. ઘરની સર્વ સામગ્રી સ્વચ્છ કરતી. ઘર લીંપતી. વખતસર રસોઈ કરી ભોજન કરાવતી. સાવચેતીથી ધાન્યની રક્ષા કરતી, દુષ્ટ સ્ત્રીઓની સાથે કદી પણ સહવાસ કરતી નહિ, તિરસ્કાર ભરેલાં વાક્યો મોંએ કદી પણ લાવતી નહિ. સર્વના પ્રતિ આલસ્ય શૂન્ય થઇને કાળ ગાળતી. ઘણાજ અગત્યના આનંદોત્સવમાં જતી, તો મર્યાદાથી રહેતી. ઘણાજ આશ્ચર્યજનક બનાવમાં મંદહાસ્ય કરતી. સિવાય કદી પણ હસતી નહિ. દરવાજા ઉપર, ગંદકીની જગ્યોમાં, ગૃહોપવનમાં ઉભી રહેતી નહિ. સત્યમાં નિમગ્ન રહી નિરંતર પતિ સેવા કર્યા સિવાય એક પળ પણ સુખી રહેતી નહિ. સ્વામી કોઇ સંકટમાં હોય તો તે નિવાર્ણાર્થે પુષ્પ અને અનુલેપનનો ત્યાગ કરી વ્રતાનુષ્ઠાન કરતી; તેમજ સ્વામીના હિતાર્થે અલંકૃત થઇને હિતાનુષ્ઠાન કરતી. ઇર્ષા ત્યાગી, મનને વશ કરી, પતિ જેમ પ્રસન્ન થાય તેમ કરતી. દૂરથી બોલાવે અગર ઇસારો કરે કે, સ્વામી પાસે તરત હાજર થતી અને તેમની ઇચ્છાનુસાર ચાલતી, પતિને ખોટું લાગે એવું કંઇપણ

આચરતી નહિ. ખરાબ પદાર્થ જોતી નહિ. પ્રાણનાથ વિના દેવ, મનુષ્ય, કે ગંધર્વ ગમે તેવાં રૂપાળાં, યુવાન, વસ્ત્રાલંકારથી શોભિત હોય, તોપણ તેને તુચ્છ લેખતી. એક પતિનેજ સૂર્ય, અગ્નિ અને ચંદ્ર સ્વરૂપ માનતી. પતિવિનાની સ્ત્રીનો સંસાર શોકનું કારણ છે. સંસારમાં પતિ એજ સુખમાત્રનો હેતુ છે. પતિજ આ સંસારમાં તારણહાર છે. એવું સમજી તન, મન, કર્મ, અને કાયાથી પતિપરજ ભાવ રાખતી સુંદર વસ્ત્રાલંકાર સજી, પુષ્પ અને ચંદન ચર્ચી, પતિ સેવામાં હાજર થતી. પતિના પરદેશ ગમન પ્રસંગે ઉત્તમ વસ્ત્રાભૂષણોનો ત્યાગ કરી, વ્રત નિયમ કરતી રહેતી. કુટુંબના જે જે ધર્મો પાળવાને સાસુ કુન્તા કહેતાં, તે પ્રમાણે પાળતી. વૃદ્ધ વડિલો વગેરે માન્ય પુરૂષોને માન આપતી. બ્રાહ્મણો, ગરીબો વગેરેને અન્ન અને વસ્ત્રો આપી સંતુષ્ટ કરતી. રાજ્યના હાથી, ઘોડા, રથ, પાલખી, વગેરે વાહનો કેવી સ્થિતિમાં છે તેની સભાળ રાખતી. સઘળા કુટુંબનો ભાર માથે લઇ પતિ નિશ્ચિંત રહે તેમ કરતી. એ પ્રમાણે અહોનિશ વર્તિ તેણે પતિની પ્રીતિ મેળવી હતી. પતિ પણ તેમને ઘણા ચાહતા હતા. પ્રેમપૂર્વક માન આપી રાજી રાખતા હતા. એવો પરસ્પર ઘણો સ્નેહ હતો. દ્રૌપદી પતિની બીજી સ્ત્રાઓ સાથે પણ બેન જેવો ભાવ રાખી રહેતી. જ્યારે અર્જુન સુભદ્રાને હરી લાવ્યા, ત્યારે દ્રૌપદીએ સુભદ્રાને છાતી સાથે દાબી પ્રેમથી બેન કહી હતી અને સદા બેન પ્રમાણેજ ભાવ રાખી વર્તિ હતી. સુભદ્રાને અભિમન્યુ જન્મ્યા પછી દ્રૌપદીને પાંચ પુત્રો થયા હતા.

યુધિષ્ઠિર દુર્યોધન સાથે ધુત રમતાં સકળ સંપત્તિ હારી ગયા–પાંચે ભાઇઓ અને દ્રૌપદી દાસ થયાં. દ્રૌપદીને સભામાં ખેંચી લાવવા દુર્યોધને પ્રયત્ન આદર્યો, તેને વિદુરે ઘણો વાર્યો પણ વર્યો નહિ. એક સેવકને દ્રૌપદીને લાવવા આજ્ઞા કરી. સેવકે દ્રૌપદીને આવવાનુ કહ્યું; ત્યારે તે બોલી કે;–તું પૂછીને આવ કે યુધિષ્ઠિરે દાસ થયા પહેલાં મને હોડમાં મૂકી હતી કે પછી? સેવકે સભામાં આવી સર્વ વિગત કહી બતાવી. એ સાંભળી દુર્યોધન બોલ્યો;–એ મિથ્યા શબ્દવાદ શાને માટે સાંભળે છે? જા તરત તેડી લાવ. સેવક જવાનુ કરતો હતો, પણ ભીમના ડોળા જોઇ ડરી ગયો. પછી દુર્યોધને દુઃશાસનને મોકલ્યો. તેણે દ્રૌપદીને કહ્યું કે તમારે જે કહેવું હોય તે સભામાં આવી કહો. દ્રૌપદી બોલીઃ—"કૌરવોનો અંત હવે પાસે આવ્યો છે, તેથીજ તેઓ આવાં કર્મ કરે છે." પછી તે કાંપતી કાંપતી દુઃશાસન સાથે ચાલી. રસ્તાના લેકોને આ વાતની ખબર પડતાં, તે વાત આખા શહેરમાં એકદમ પવનની પેઠે પસરી ગઇ. સજ્જનો અંતઃકરણથી ખેદ કરવા લાગ્યા. શહેરની સ્ત્રીઓ આવેશમાં આવી, દુષ્ટ દુર્યોધન તથા દુઃશાસનને ધિક્કાર અને ગાળો દેવા લાગી. રાજ્યમહેલમાં આવતાં, દ્રૌપદી રાણીવાસ તરફ ઉતાવળી દોડી, પણ દુઃશાસને પોતાનાં કાળાં કર્મ કરનારા હાથે તેનો લાંબો ચોટલો પકડી લીધો અને બોલ્યોઃ"–દાસી દ્રૌપદી! ચાલ, દુર્યોધનની સેવામાં હાજર થા." આવાં વજ્ર સરખાં વેણથી દ્રૌપદી ભય પામતી બોલી કે–દુઃશાસન! મને

સભાની અંદર ખેંચ નહિ. મારા કેશ વીંખાઈ ગયા છે. અરધું વસ્ત્ર નીચું પડી ગયું છે. માટે વૃદ્ધ વડીલોની ભરેલી સભામાં તું મારાપર જુલમ નહિ કર. દુઃશાસન બોલ્યોઃ—તું અમારી દાસી થઈ છે. તને એક પણ વસ્ત્ર પહેરવા દેવું કે નહિ, એ અમારી મરજીપર છે. એમ કહી વસ્ત્ર ખેંચવા લાગ્યો. દ્રૌપદી ટીટોડીની પેઠે ટળવળતી અને પોકાર કરતી બોલી કે—અરેરે ! હાય ! હાય ! ! આ સકળ સભામાં સુજ્ઞ પુરૂષો મરી ગયા કે શું ? ધિક્કાર છે આ સભાને ! અને ધિક્કાર છે આ સભાસદોને ! ! ભરતવંશી રાજાઓનાં નસીબ ફરી વળેલાં લાગે છે; હસ્તિનાપુરનું રાજ્યાસન કોઈ મોટા ફેરફારની અણીપર આવી રહેલું છે, કે જેથી આવો ઉગ્ર અધર્મ થતાં છતાં ભીષ્મ, દ્રોણ, વિદુર વગેરે વૃદ્ધ લોકો નિર્લજ્જપણે કાંઈ નહિ બોલતાં જોયાં કરે છે ! ! ! ”

સભામાં દ્રૌપદીને જોઇને અને તેમનાં આવાં વચનો સાંભળીને સૌએ લજ્જિત થઈ નીચું જોયું. દ્રૌપદીએ ભીષ્મ, દ્રોણને પૂછ્યું કે, યુધિષ્ઠિરે દાસ થયા પછી કે પહેલાં મને હોડમાં મૂકી હતી ! વગેરે પ્રશ્નો તેણે ક્રોધથી ભીષ્માદિને નિર્ભયપણે પૃછ્યા હતા, પણ તેઓએ દુષ્ટ દુર્યોધનથી દબાઈ ઉત્તર ન દેતાં નીચું ઘાલ્યું હતું. કોઇ તે વખતે દુર્યોધનથી વિરૂદ્ધ બોલી શક્યું નહિ. ફક્ત ધૃતરાષ્ટ્રનો બાળક પુત્ર વકર્ણ જોશથી ઉભો થઈ, ન્યાયના તત્વોને અનુસરીને નિષ્પક્ષપાતપણે બોલી ઉઠયો કે;—“ આ ઘણો અધર્મ થાય છે. યુધિષ્ઠિર પોતાનું શરીર હારી ગયા પછી, દ્રૌપદીને જુગારમાં માંડી શકે નહિ. જો યુધિષ્ઠિરના શરીરની સાથેજ દ્રૌપદીને હારી ગયેલી ગણી, અહીં લાવ્યા હોતો એ મોટી ભૂલ છે. યુધિષ્ઠિર હારી ગયા પછી શકુનીએ દ્રૌપદીને અળગી ગણી મૂડમાં માંડવા કહ્યું હતું, તેથી દ્રૌપદી કોઈ પણ રીતે દાસી થવાને યોગ્ય નથી. પિતામહ ભીષ્મ પણ દુર્યોધનથી કેમ ડરે છે ? ગુરૂ દ્રોણ અને કૃપાચાર્ય પણ કેમ મુગા બેસી રહ્યા છે ? ! ”

આવાં વિકર્ણનાં વચનો સાંભળી કર્ણે તેને બોલતો અટકાવી બેસાડી દીધો. વિકર્ણનાં વચનોને બકવાદ જાણી તેપર લક્ષ નહિ આપતાં; કર્ણે દુઃસાશનને કહ્યું કે, મહારાજા દુર્યોધનની આજ્ઞા છતાં તું કેમ ડરે છે ? પાંડવો અને દ્રૌપદીનાં વસ્ત્રો ખેંચવા માંડ. કર્ણનાં આવાં કઠોર વચનો સાંભળી પ્રથમથી પોતાનાં વસ્ત્રો દૂર ફેંકી બેઠેલા પાંડવો સામે જોઈ શકુની ઘણોજ હસવા લાગ્યો. ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય તથા વિદુર આદિ નીચાં મુખ કરી ગયા. કેટલાક તો આ ભયકર જુલમ તથા પાંડવોને પાંજરામાં પૂરેલા સિંહની પેઠે શાંત બેઠેલા જોઈ, અશ્રુપાત કરવા લાગ્યા. દુર્યોધન ઘણી ગર્વિષ્ટ વાણીથી બોલ્યોઃ—દુઃશાસન ! આ દ્રૌપદીનાં વસ્ત્ર ખેંચી લે ? દ્રૌપદીએ પાંડવોની સામે જોયું, પણ તેઓએ નીચું ઘાલ્યું. ભીમ તેને છોડાવવાને ઉઠવાનું કરતો હતો, પણ યુધિષ્ઠિરે તેને આંખને અણુસારે ના

કહી. દ્રૌપદીએ ફરી પાંડવોની સામે દૃષ્ટિ કરી. દુઃશાસન તેને બીજી તરફ ખેંચી બોલ્યો કેઃ–અરે દાસી ! તું આમતેમ શું જુએ છે ? એ સમયે શકુની અને કર્ણ બોલી ઉઠયાઃ–ઠીક, ઠીક કહ્યું. આ જોઈ દ્રૌપદી મોટું આક્રંદ કરતી બોલી કેઃ—તમારે સૌને સ્ત્રી છોકરાં છે, છતાં તમારા હૈયામાં મારૂં દુઃખ કેમ નથી વસ્તુ ? હું એક વાત પૂછુંછું તેનો ઉત્તર આપો, વધારે બોલવા જતી હતી કે, દુઃશાસને કઠોર વચનો કહી તેના ચીરનો છેડો તાણ્યો. તે જોઈ ભીમથી ન રહેવાયું. તેણે યુધિષ્ઠિરના ઉપર ક્રોધ કર્યો, પણ અર્જુને તેને વાર્યો.

દુઃશાસન દ્રૌપદીનાં વસ્ત્રો કાહાડવા લાગ્યો. દ્રૌપદી દીનતાથી બોલી;—હા ! શરણાગતવત્સલ ! દીનબંધુ ! અરે પરમેશ્વર ! ઓ યોગીશ્વર ! જગદીશ્વર ભગવાન ! શ્રીકૃષ્ણ ! મારો બચાવ કરો ? મારી લજ્જાનું રક્ષણ કરો ? દ્રૌપદીના પોકારે સભાને ગજાવી મૂકી. આવા કરૂણાજનક શબ્દોએ શ્રીકૃષ્ણનું ધ્યાન ખેંચ્યું, એટલે એ સર્વવ્યાપક પ્રભુએ આવી, ગુપ્ત રૂપે રહી એ અબળાની લાજ રાખી. દુઃશાસન જેમ જેમ વસ્ત્ર ખેચતો ગયો, તેમ તેમ નવું નવું વસ્ત્ર પહેરેલું દેખાતું ગયુ. આ જોઈ સભાજનો ઘણા આશ્ચર્ય પામ્યા. તેઓ સૌ સતી દ્રૌપદીનાં વખાણ કરવા અને દુઃશાસનને ધિક્કારવા લાગ્યા. છેવટે દ્રૌપદીએ દુઃશાસનને શાપ દીધો કેઃ—" જેણે મારાં વસ્ત્રો પોતાના બાહુ બળ વડે ખેચી મારૂં શરીર ઉઘાડું કરવાને પ્રયત્ન કર્યો, તેના બાહુને મૂળમાંથી ખેંચી નાખી, વક્ષઃસ્થળ ઉઘાડું કરી ચીરી નાંખી, કોઈ પરાક્રમી પાંડવ તૃપ્તિપર્યંત તેના રૂધિરનુ પાન કરશે." આ સાંભળી દુઃશાસન નીચું મુખ કરી વસ્ત્ર ખેંચતો અટકી ગયો, " અને થરથર કંપવા લાગ્યો. તેનાપર લોકો ધિક્કારની નજરથી જોવા લાગ્યા. એટલામાં દુર્યોધને દ્રૌપદીને પોતાના ખોળામાં બેસવાનું કહી અપમાન કરતાં, તેને પણ દ્રૌપદીએ શાપ દીધો કે, " દુષ્ટ ! તારા ખોળામાં યુદ્ધ વખતે મહા પરાક્રમી ભીમની ગદા આવીને બેસશે." સર્વ સભાસદો બંને ભાઇઓને આવી રીતે દ્રૌપદીથી શાપિત થએલા જોઈ ચકિત થઈ ગયા. ભીમ દાંત કકડાવીને મોટે સ્વરે બોલ્યો કેઃ સૌ મારી પ્રતિજ્ઞા સાંભળોઃ—" જો હું દ્રૌપદીના કહેવા પ્રમાણે દુર્યોધનની જાંઘને મારી ગદાથી ન ભાગું ને દુઃશાસનનું લોહી ન પીઉં તો હું કુન્તીનો પુત્ર નહિ." એટલામાં ધૃતરાષ્ટ્ર તથા ગાંધારીને આ વાતની ખબર પડી ગઈ. શિયાળ, ગધેડાં વગેરે અધમ પશુઓના ભયંકર શબ્દો થવા લાગ્યા. તેથી તેઓ કહેવા લાગ્યા કે; સતીપર જુલમ થવાને લીધે, હવે આપણો વિનાશ નજીક આવી ચુકયો છે. એનો ભય પામી પશ્ચાત્તાપ કરવા લાગ્યા. વિદુર, ધૃતરાષ્ટ્રને સભામાં તેડી લાવ્યો. તેણે દ્રૌપદીને પ્રસન્ન કરવા કહ્યું કેઃ—વહુ ! બેટા ! હું દુઃખી છું કે, આ ચંડાળ ચોકડી મારા પુત્રોએ આજ તમારૂં અપમાન કર્યું, તેથી હું ઘણો ખેદ પામું છું. તમને અને તમારા પતિને હું દાસપણાથી મુક્ત કરી રજા આપું છું. તમે તમારા સ્વામી સાથે ખુશીથી તમારા રાજ્યમાં જાઓ અને સુખે રાજ્ય ભોગવો. જે થયું

છે તેને વિસારી દેજો. વગેરે વિનય વચનો કહેવાથી પાંડવો તથા દ્રૌપદી ત્યાંથી તરત ચાલતાં થયાં.

જેની મતી ફરેલી હોય છે, જેનો નાશ થવો પામે આવેલો હોય છે, એવાં દુષ્ટબુદ્ધિનાં મનુષ્ય ગમે એટલું થાય, ધિક્કાર પામે, કોઈ શિખામણ આપે, તોપણ તેને તેની અસર થતી નથી. એ તો પોતાનો વિનાશ પોતાને હાથેજ કરવા અવળાં કર્મો કરે છે. જ્યારે તેનો નાશ થાય છે, ત્યારેજ હારી હેઠા બેસે છે એ પ્રમાણે દુષ્ટબુદ્ધિના દુર્યોધનને હજુ નિરાંત વળી નહિ. હજુ તેણે પાંડવોને પેચમાં લેવાનો અને વનવાસ કાઢવાનો પ્રપંચ આર્યો. નીતિવાન પાંડવો કંઇ ઓછા પરાક્રમી નહોતા. તેઓ ધારે તો એ સઘળા કૌરવોનો સપાટામાં નાશ કરી નાંખે એવા હતા. એ કદી પોતાનુ કે પોતાની પ્યારી સ્ત્રી દ્રૌપદીનું અપમાન ખમે તેવા નહોતા, પણ ધર્મિષ્ટ અને નીતિવાન હતા. તેથી કૌરવો પક્ષના આગ્રહે દ્યુત રમી, શકુનીના દગા પેચથી હારી બંધાઈ ગયા હતા અને ફરી એવાજ દગાથી યુધિષ્ઠિરને હરાવ્યા. તેથી પાંડવોને દ્રૌપદી સાથે તેર વર્ષ વનવાસ જવાનુ ઠર્યું. તેમાં તેરમે વર્ષે છતા નહિ થતાં, ગુપ્ત રહેવાનું હતું દ્રૌપદીએ વનવાસ જતી વખતે પોતાનાં સર્વ વસ્ત્રાભૂષણો તજી દઈ, પાંડવો સાથે વલ્કલ વસ્ત્રો ધારણ કર્યા હતાં. નગર બહાર વન ભણી ચાલી, ત્યારે તેણે પ્રતિજ્ઞા કરી કેઃ—" ભીમ દુઃશાસનને મારી એનુ લોહી પીશે અને એ લોહીએ ભર્યા હાથ મારે માથે મૂકશે. ત્યાંસુધી હુ મારા કેશ આમના આમ છુટાજ રહેવા દઇશ " પાંડવો દ્રૌપદી સંગે વનમાં ફર્યા, ઘણા ઋષિ, મુનીઓના દર્શન કર્યા; આશિર્વાદો મેળવ્યા, ઘણાં પરાક્રમો કરી અધર્મિ દુષ્ટોનો નાશ કર્યો, અને સજ્જનોને સુખી કર્યા એક વખતે પાંડવો મૃગયા રમવા ગયા હતા દ્રૌપદી આશ્રમમાં એકલી હતી એ સમયે દુર્યોધનનો બનેવી જયદ્રથ એ રસ્તે થઇને જતો હતો તે દ્રૌપદીને દેખી મોહિત થયો. તેની બુદ્ધિ ફરી, તેણે દ્રૌપદીને દગાથી પકડી રથમાં બેસાડી નાશવા માંડયુ, પરંતુ પાંડવોને જાણ થતાં, તેણે પાછળ જઇ પકડી પાડયો. તેના સૈન્યનો નાશ કરી બાંધીને યુધિષ્ઠિર પાસે આણ્યો. યુધિષ્ઠિરે—ધર્મે તેને શિખામણ દઇ છોડી મૂક્યો. પાંડવોને વનમાં બાર વર્ષ પૂરા થયાં. તેરમે વર્ષે ગુપ્ત રહેવાનું હતુ. તેથી પાંડવો વેશ બદલી જુદા જુદા ધંધાધારીનાં નામ ધારણ કરી વિરાટરાજાની નોકરીમાં રહ્યા.

દ્રૌપદી સૈરંધ્રી નામ ધારણ કરી નગરમાં રાજમહેલ તરફ ચાલી આવતી હતી. તે રાણીની દૃષ્ટિએ પડી. તેણે બોલાવી કહ્યું કેઃ—તમે કોણ છો ? દ્રૌપદી બોલીઃ—" હું પ્રથમ રૂકિમણીની દાસી હતી, પછી દ્રૌપદીની થઇ હતી, પણ તે પાંડવો સાથે વનવાસ ગઇ, ત્યારથી હું રઝળ્યા કરૂં છું. " રાણી બોલીઃ—તું કોઇ રાજાની રાણી જેવી જણાય છે, તું મારા કરતાં વધારે સુરૂપ છે. રાજા જો તને જુએ તો તે પછી મારો તો ભાવજ ન પૂછે. માટે હું તો તને નથી રાખતી,

દ્રૌપદી બોલીઃ–એ વાતની તમારે ચિંતા રાખવી નહિ. મારી પાંચ ગંધર્વો અહોનિશ રક્ષા કરે છે. જે કોઇ મારી ઉપર કુદૃષ્ટિ કરશે, તેને તે તરત મારી નાંખશે. હું સઘળો ઘર ધંધો કરીશ, પણ કોઇના પગ નહિ ધોઉં તથા કોઇનું એઠું નહિ જમું રાણી બોલીઃ–જો એમજ છે, તો આવ રહે. પછી સતિ દ્રૌપદી જેને પોતાનો પતિવ્રત ધર્મ અતી વહાલો હતો, તે સાચવી; વિરાટરાણી સુધેક્ષ્ણાની હજુરમાં દાસી થઇને રહી.

વિરાટરાણી સુધેક્ષ્ણાને સો ભાઇઓ હતા, તેઓ કીચક કહેવાતા હતા. તેનું એ રાજાના દરબારમાં ઘણું જોર હતું. રાજા પણ તેનો દબાએલો અને બીતો રહેતો. એ કીચકોમાં જે મોટો હતો, તે રાજાનો સેનાપતિ હતો. રાજા સાળાઓની ઇચ્છા સામે થઇ શકતો નહિ. વડા કીચકે દ્રૌપદીની લાજ લુંટવાનો પ્રયત્ન કર્યો, પણ સતીએ ક્રોધે ભરાઈ જોસથી તેને ધક્કો માર્યો કે, તે ચીતો પાટ પડયો. એવું એ સતીમાં પુરૂપશૌર્ય હતું. સતીએ એકાંતમાં જઇ ભીમને સઘળી વાત કહી, ઘણું રૂદન કર્યું અને કહ્યું કે, તમે એ કીચકને મારો, નહિ તો હું મારો પ્રાણ ત્યાગ કરીશ. આ સાંભળી ભીમ ઘણો દીલગીર થયો. દ્રૌપદીને શાંત પાડી. કીચક ઉપર ક્રોધે ભરાઇ કહ્યું કેઃ—હું કોઇને જણાવ્યા વિના આવતી કાલે કીચકને મારી નાંખીશ. એનું મરણ થયા પછી તમારે એમ કહેવું કે, એને મારા ગંધર્વે માર્યો. પછી ભીમે બીજે દિવસે એ પાપી કીચકને એકાંત અંધારી જગ્યાએ ચિત્રશાળામાં પકડયો. કીચક મોટો લડવૈયો હતો, તેથી બન્ને વચ્ચે થોડીવાર મલયુદ્ધ થયું. પણ ભીમે તેને ઉપાડી પછાડયો અને એવો તો ભાર દઇ મસળ્યો તથા છાતી ઉપર ઘુંટણ મૂકી એવો તો ગુંગો કે, તેના પ્રાણ તત્કાળ જતા રહ્યા. ભીમે દ્રૌપદીને તેડી લાવી દીવો લઇ, કીચકના હાડ માંસનો ઢગલો દેખાડયો. અને બોલ્યો કે,—તમને જે કોઇ શતાવસે, તેને હું આ દશાએ પહોંચાડીશ. દ્રૌપદીએ જાહેર કર્યું કે, તે કીચકને મારા ગંધર્વે માર્યો. કીચક મરાયાથી ગામમાં હાહાકાર થઇ રહ્યો. કીચકના ભાઇઓ મુડદાંને બાળવા લઇ ચાલ્યા. દ્રૌપદી–દાસીને લીધે કીચકનું મરણ થયું. તેથી તેને પણ કીચકો તે સાથે બાળી મૂકવા બાંધીને લઈ ગયા. પછવાડેથી ભીમ જુદે માર્ગે સ્મશાનમાં ગયો. રસ્તામાંથી એક મોટું વૃક્ષ મૂળમાંથી ઉખેડી સાથે લેતો ગયો. માથાના કેશ મુખ ઉપર નાંખી (કે કોઈ ઓળખે નહિ) કીચકો ભણી દોડયો. તેઓ ગધર્વ આવ્યો જાણી નાઠા, પણ ભીમે તેમને પકડી મારી નાંખ્યા. દ્રૌપદીને છોડી નગરમાં વિદાય કરી પોતે પાછો ગુપચુપ પોતાને સ્થળે આવી રહ્યો.

પાછો નગરમાં ગભરાટ ઉઠયો. સૌ પ્રધાનો રાજા પાસે જઈ બોલ્યા;–આ દાસી—દ્રૌપદીથી નગરમાં બહુ ઉત્પાત થાય છે. માટે તેને વિદાય કરો. રાજા પોતે ગંધર્વ મારી નાંખે એવા ભયથી બોલ્યો નહિ; પણ પોતાની રાણીને તેને

વિદાય કરવા કહ્યું. રાણીએ દાસીને કહ્યું કે, હવે તમો તમારી મરજીમાં આવે ત્યાં જાઓ. વખતે મારા રાજાને પણ તમારા ગંધર્વો મારી નાંખે તો હું શું કરૂં? દાસી—દ્રૌપદી બોલી.—હવે મને બીજા તેર દિવસ રહેવા દો. પછી મારા ગંધર્વો તમારૂં કલ્યાણ ઇચ્છીને મને બીજે સ્થળે લઇ જશે. આ સાંભળી રાણી કંઇ બોલી નહિ.

કીચકો મરાયા સાંભળી કૌરવોએ જાણ્યું કે, એને પાંડવો સિવાય કોઇ મારી શકે એવું નથી. માટે રખેને તેઓ ત્યાં હશે, માટે ચાલો આપણે વિરાટ રાજાપર ચડાઇ લઇ જઈએ. તેઓ ત્યાં હશે, તો કદી પણ વિરાટરાજાની સહાય કર્યા વગર રહેશે નહિ. એથી તેઓ છતા થશે, તો ફરી બીજાં બાર વર્ષ તેમને વનમાં જવું પડશે. આવી ઇચ્છાથી તેઓ સૈન્ય સાથે વિરાટનગરી આવ્યા. તેને ઘેરો ઘાલ્યો. એ જોઈ વિરાટરાજા ભય પામ્યો, પણ ગુપ્તપણે રહી પાંડવોએ તેને સહાય આપી. કૌરવોને હરાવી નસાડયા. તેના સૈન્યમાંથી માલમિલ્કત લૂંટી લીધી. આવી રીતે થવાથી પાંડવો છતા થયા, પણ તપાસતાં તેમને તેર વર્ષની મુદત એ વખતે પૂરી થઇ ગઇ હતી. તેથી દુર્યોધન નિરાશ થયો. વિરાટરાજા પોતાને ત્યાં રહેલા આ પાંડવો છે, અને આ દાસી તે દ્રૌપદી છે; એવુ જાણી ઘણો ખુશી થયો. પાંડવો પાસે માફી માગી, તેનો ઘણો ઉપકાર માન્યો. ત્યાંથી પાંડવો દ્રૌપદી સાથે ઇન્દ્રપ્રસ્થ આવ્યા. પછી મહાભારત યુદ્ધ થયું તેમાં કૌરવોને હરાવી તેમનો નાશ કર્યો. દ્રૌપદીએ આપેલા શાપ પ્રમાણે ભીમે દુઃશાસનના હાથ તોડી નાખી, તેની છાતી ચીરી તૃપ્તિપર્યંત રૂધિર પીધું અને દુર્યોધનની સાથળો ગદાવડે તોડી નાંખી મારી નાંખ્યો. ધન્ય છે સતી દ્રૌપદીને ! કે જેના ક્રોધવડે કૌરવો મૃત્યુ મુખમાં પડી વિનાશ પામ્યા અને જેના પ્રસાદવડે પાંડવો સંકટ સમુદ્રને તરી ગયા!'

દ્રૌપદીના પાંચ પુત્રોને યુદ્ધમાં અશ્વત્થામાએ માર્યા, એથી દ્રૌપદી રડતાં કકળતાં પાંડવો પ્રત્યે બોલી કે.—તમો આટલા સમર્થ છતાં અશ્વત્થામાને કંઇ પણ શિક્ષા નહિ કરો ? ભીમ ! તમે એનું મસ્તક મારી કને લાવો. આ સાંભળી યુધિષ્ઠિર બોલ્યાઃ—અશ્વત્થામા બ્રાહ્મણ છે. દ્રોણગુરૂના પુત્ર છે, તેણે અપરાધ કર્યો હશે, તો વિષ્ણુ તેને શિક્ષા કરશે એવું કહી તેને શાન્ત કરી. ત્યારે તેણે ફરી કહ્યું કે, તેને માથે મણી છે, તે મારે માટે લઇ આવો. પછી અર્જુને અશ્વત્થામાને ગંગાતીરે પકડયા, તેની પાસેથી મણિ લઇ ભીમને આપ્યો. ભીમે દ્રૌપદીને આપ્યો, દ્રૌપદીએ એ મણિ યુધિષ્ઠિરને આપ્યો. દ્રૌપદી પુત્ર શોકમાં હતી. તેને દીલાસો આપવા ગાંધારી આવ્યાં અને બોલ્યાં કેઃ—દ્રૌપદી ! હુ ને તું સરખા દુઃખમાં છીએ. જ્યાં શિવને ક્રોધ થયો, ત્યાં કોનું ચલણ છે ? બેટા ! તું રડ નહિ. તારૂં દુઃખ મારા દુઃખની આગળ કંઇજ નથી. દૈવે શું નિર્માણ કર્યું છે ! તે આપણે જાણી શકતાં નથી. ઇશ્વરનો પાડ માન કે યુદ્ધ પુરૂં થયું મુઆ તેનો શોક ન કર, વગેરે

શાન્તિદાયક વચનામૃતો કહ્યાં. એથી દ્રૌપદીનો શોકાગ્નિ શાંત થયો. એ પતિ સાથે કેટલાંક વર્ષ હસ્તિનાપુરમાં રાજ્ય વૈભવ ભોગવી સુખથી રહી. યજ્ઞો વગેરે શુભ કાર્યો કર્યા. પાંડવો હિમાળે ગયા, ત્યાં પણ તે સાથે સેવા કરવા ગઇ હતી, ત્યાં તપશ્ચર્યા કરી પ્રથમ પોતે સદ્‌ગતિને પામી હતી. એ રીતે તેણે પોતાના પાતિવ્રત્ય ધર્મની નેક ટેક છોડી નથી; વગેરે તે પોતાના સુચરિત્રથી જગતમાં અખંડ કીર્તિ રાખી ગઇ છે. ધન્ય છે સતી દ્રૌપદીને ! !

રેવતી.

સતી રેવતી—એ રેવત દેશના રાજા રેવત- ઇંદ્રદ્યુમ્નની પુત્રી થાય. આ પુત્રી રૂપ ગુણે અને જ્ઞાને અનુપમ હતી તે જ્યારે લાયક ઉમરની થઇ, ત્યારે તેના પિતાએ ઋષિમંડળને બોલાવી પૂછ્યું કે આ મારી પુત્રીનો વિવાહ કોની સાથે કરવો ? એવો લાયક વર બતાવો. આ પરથી સર્વે સભાએ પૂર્ણ વિચાર કરી જણાવ્યુ કે રાજા ! તારી પુત્રીને સર્વ પ્રકારે યોગ્ય એવો વર હાલ બીજો કોઇ રાજા નથી. પણ દ્વારિકામાં વાસુદેવ છે, તેને શ્રીકૃષ્ણ અને બળભદ્ર એ બે પુત્રો ઇશ્વરાવતાર છે. તેમા સૌથી મોટો બળભદ્ર છે, એ અતુલ પરાક્રમી, નીતિનિપૂણ, રૂપ અને ગુણ વગેરેમાં શ્રેષ્ટ છે. તે તારી પુત્રીને સર્વે પ્રકારે યોગ્ય છે; માટે તું તેને આપ. તે ઉપરથી રેવત રાજાએ રેવતીનો વિવાહ બળરામ સાથે શાસ્ત્રવિધિએ કર્યો. આ જોડું સર્વ પ્રકારે એક રૂપજ હતું. તેમનાં અંતઃકરણો જોડાએલાં હતાં. માત્ર દેખવામાં શરીર જુદાં હતાં. સતીએ પોતાના પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી, પતિની ઘણી પ્રીતિ સંપાદન કરી હતી, તે પોતાના સતીત્વ પ્રભાવે પ્રજામાં એટલી તો માન પામી પૂજ્ય થઇ ગઇ છે કે, આજે લોકો દ્વારિકા, ગીરનાર વગેરે તીર્થક્ષેત્રમાં તેના નામના રેવતીકુંડમાં સ્નાન કરવાથી પોતાને પવિત્ર થયાં માને છે, અને "દેવી" ગણી પૂજે છે. આ સતીના પવિત્ર નામનું સ્મરણ ચિરકાળ પર્યંત જનમંડળમાં રહેવા માટે આકાશમાંના ૨૭ નક્ષત્રોમાંના એક નક્ષત્રનું નામ "રેવતી નક્ષત્ર" આપવામાં આવ્યું છે. ધન્ય છે આવી સતીને ! ! !

રૂકિમણીજી.

આ સાધ્વી સ્ત્રી વૈદર્ભ દેશના ભિષ્મક રાજાની કુવરી થાય. તે રૂપ ગુણે અનુપમ અને મનોહર હતી. તેનું લગ્ન મગધ દેશના ચેદી રાજા સાથે કરવાનું તેના પિતાએ નક્કી કર્યું હતું; પણ રૂકિમણીજીની ઇચ્છા તે સાથે વરવાની નહોતી. તેણે તો પ્રથમથીજ શ્રીકૃષ્ણને પતિ કરવાનો નિશ્ચય કરેલો હતો. તે નિશ્ચય તેણે છેવટ સુધી ટકાવી રાખ્યો. તેના પિતાએ લગ્નનો દિવસ નક્કી કર્યો. મગધ દેશથી ચેદીરાજા સૈન્ય સહિત વરવા નીકળ્યો; ત્યારે ત્યારે રૂકિમણીજીએ વિચાર્યું કે, જો શ્રીકૃષ્ણ મને આવી લઇ જઇ નહિ વરે, તો પ્રાણ ત્યાગ કરીશ, પણ તેના સિવાય કોઇને પતિ કરીશ નહિ. હવે એક તરફથી વિવાહની તૈયારી થઇ, અને બીજી તરફથી રૂકિમણીજીએ શ્રીકૃષ્ણને પત્ર લખ્યો કે,–"હે નર શ્રેષ્ટ! કુળ, શીળ, રૂપ, વિદ્યા, વય, ધન, સંપત્તિ અને પ્રભાવથી ઉપમા રહિત અને નરલોકના મનોભિરામ તમો છો. તમને કઇ કુળવંતી, ગુણવંતી અને બુદ્ધિશાળી કન્યા વિવાહ કરીને પતિત્વમાં મુકરર કરવાની અભિલાષા નહિ કરે? તમો અહીં આવીને મને પત્ની તરીકે સ્વીકારો. હે અંબુજાક્ષ! તમે વીર, હું તમારી વસ્તુ છું. ચેદીરાજ મને સ્પર્શ કરે નહિ, તે પહેલાં જલદી આવીને તેથી છોડાવો. મેં જો પૂર્વ જન્મમાં પૂર્તકર્મ, અગ્નિહોત્રાદિ યજ્ઞ, પર્વણાદિ દાન તથા તીર્થ, નિયમ, વ્રતાદિ કિંવા દેવ, વિપ્ર, ગુરૂ અર્ચનાદિથી હમેશાં પરમેશ્વરની આરાધના કરી હોય, તો શ્રીકૃષ્ણ આવીને મારૂં પાણી ગ્રહણ કરો! દમઘોષ પુત્ર વગેરે બીજા મારૂં પાણિ ગ્રહણ નહિ કરો. હે અજીત! કાલે લગ્નનો દિવસ છે. માટે તમે આવીને દિરાજ અને મગધ રાજાના સૈન્યને ઘેરીને તેના બળનો નાશ કરો. એકદમ વીર્યસ્વરૂપ શુલ્કથી બ્રાહ્મ ક્રિયાએ મને લગ્ન કરી વરો. જો કહો કે તું અંતઃપુરમાં છે, માટે તારી સાથે કેવી રીતે લગ્ન કરી શકાય? તેનો ઉત્તર એ છે કે લગ્નની પહેલાં મોટી કુળદેવીની યાત્રા થાય છે. તે યાત્રામાં કન્યાઓને નગર બહાર અંબિકાના મંદિરમાં જવું પડે છે. ત્યાં હું એ પ્રસંગે પૂજન કરવા આવીશ. તે સમયે મને અંબિકાના મંદિરમાંથી હરણ કરવું સહેલ પડશે." રૂકિમણીજીએ ઉપર પ્રમાણે શ્રી કૃષ્ણને લખી મોકલ્યું. તે વાંચી શ્રી કૃષ્ણે જાણ્યુ કે, જે સ્ત્રી મને પોતાને મને કરીને પતિ કરી ચુકી છે. તેને હવે બીજાને હાથ જવા દેવી એ મોટું પાપ કહેવાય. માટે આ પ્રસંગે મારે જઇ તેનું હરણ કરી તેની ઇચ્છા પુરી કરવી એ મારો ધર્મ છે. આવો વિચાર કરી પોતે વૈદર્ભ દેશ આવવા નીકળ્યા. આવતાં જરા વિલંબ થયો જોઇ રૂકિમણીજીએ પ્રાણ ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો, તેટલામાં એકદમ શ્રી કૃષ્ણે આવી પહોંચી તેને દેવી મંદિરમાંથી હરણ કરી લઇ જઇ શાસ્ત્ર વિધિએ લગ્ન કર્યું. અને પોતાની પ્રિયા કરી રાખી. દિનપ્રતિદિન પરસ્પરનો પ્રેમ

વધતો ગયો. અનેક પ્રકારથી સુખાનુભવ કરવા લાગ્યાં. રૂકિમણીજીએ પોતાના પ્રાણુનાથની અનેક પ્રકારે સેવા કરી તેમનું મન પોતા તરફ હરણુ કર્યું. અહા ! રૂકિમણીજી પોતાને યોગ્ય પતિ ખોળી કાઢી, તે સાથેજ વરવાનો તેનો કેવો દઢ નિશ્ચય ! !

રેણુકા.

આ સતી ત્રેતાયુગમાં થઇ ગયાં. તેના પિતા રેણુક રાજાએ તેનો વિવાહ જમદગ્નિ ઋષિ સાથે કર્યો હતો, અને બીજી પુત્રીનો વિવાહ સહસ્રાર્જુન સાથે કર્યો હતો. રેણુકા પરમપવિત્ર અને સાધુવૃત્તિની હતી. તેણે શાસ્રાભ્યાસ કર્યો હતો. પતિ પાસેથી તત્ત્વજ્ઞાન મેળવી ગોગ સાધનમાં પ્રવિણ થઇ હતી. આ પવિત્ર મનની સતીને પેટે પ્રભુરૂપ ગણાયેલા મહાત્મા પરશુરામનો જન્મ થયો હતો. તેને સતીએ બાળપણુમાં ઉત્તમ શિક્ષણુ આપી ધીર, વીર, અને મહા જ્ઞાની બનાવ્યા હતા. તે આગળ જતાં મહાન્ પંક્તિએ આવ્યા, એ બધો રેણુકા જેવી પવિત્ર મનની માતાનોજ પ્રતાપ હતો. ઉત્તમ માતાને પેટે ઉત્તમ પ્રજા થાય, એ આપરથી સિદ્ધ થાય છે.

સતી રેણુકાજી એક પ્રસંગે પતિની આજ્ઞાથી ગંગાજળ ભરવા ગયાં હતાં, ત્યાં ગગા કિનારે ગાંધર્વનો રાજા પોતાની સ્રીઓ અને અપ્સરાઓ સહિત ક્રીડા કરવાને આવ્યો હતો. તેનો રાજસિ વૈભવ જોઇ દૈવ ઇચ્છાથી સતી પોતાની પતિ સેવાની સમૃદ્ધિને ભૂલી ગઇ, તેના મનમાં રજોગુણી કલ્પનાઓ આવવા લાગી. તેથી કરી તેનુ સતીત્વ નષ્ટ થયું. આ જોઇ સતી ઘણી ભયભિત થઈ વિમાસવા લાગી. અહો દૈવ ! તેં આ શું કર્યું ? મને રજોગુણી કલ્પનાની પ્રેરણા કેમ કરી ? મને પતિ ભક્તિની સ્મૃદ્ધિ, જે રજોગુણી સ્મૃદ્ધિને પણ હઠાવે એવી, તે તેં કેમ ભૂલાવી ? અરે ! મારા શા અપરાધે આમ થયું ? અહો દૈવ ! હું રાજ સમૃદ્ધિ તજી આ પરમ દૈવતરૂપ ઋષિને પરણી, રાજ સમૃદ્ધિ કરતાં તપ સમૃદ્ધિને મે મૂળથીજ વહાલી કરી. મને પતિ સેવા ઘણી પ્રિય છે, એ સારૂંજ મેં મહેલને બદલે ઝુંપડી પસદ કરી, તે સારૂંજ મ મેવા મિઠાઇને બદલે ફળ, ફુલ, કદમૂળ ખાવાં પ્રિય કર્યાં, ઉત્તમ વસ્રાલંકાર તજી વલ્કલ ધારણુ કર્યાં, છતાં મને રજોગુણી કલ્પના કેમ આવી ? અરે ! મારા ઉપર દૈવ કોપ થયો કે શું ? અહો દૈવ ! તારી ગતિ ન્યારી છે ! તને સૂઝયું તે ખરૂં. આ પ્રમાણે ખેદ કરતી અને ભય પામતી આશ્રમમાં આવી, કાળ કર્મને સંજોગે પોતાની વૃત્તિ ભ્રમિત થઇ, તેથી પતિ પાસે હાથ જોડી ઉભી રહી.

ઋષિ પ્રિયાનું ઝાંખું મુખ જોઇ આશ્ચર્ય થયા. તેણે યોગ બળથી જાણી લીધું

કે, સતીની કલ્પના રજોગુણી થવાથી તેનું સતીત્વ નષ્ટ થયું છે. આ જોઇ તેને ઘણો ક્રોધ ચડયો, નેત્ર રાતાંચોળ થઇ ગયાં. પોતાના વસુ, પરસુ આદિ પાંચ પુત્રો હતા, તેની પરીક્ષા લેવાનો વખત આવ્યો. તેમાં પ્રથમ વસુઓને કહ્યું કે, આ તમારી માતાનો શીર છેદ કરો. વસુઓએ આ સાંભળી થરથર કંપતાં કહ્યું કે, પિતાજી! આવું દુષ્ટ અઘોર કર્મ કરવા અમારી છાતી ચાલતી નથી. પછી ઋષિએ પરશુરામ જે ગંગા કિનારે તપ કરતા હતા, તેને બોલાવી આજ્ઞા કરી કે, પુત્ર! આ તારા ભાઇઓ અને આ તારી માતાનું શીર છેદી નાંખ. પરશુરામે પિતાની આજ્ઞા ભંગ નહિ કરતાં માન્ય રાખી; તે પ્રમાણે કરવા તૈયાર થઇ હાથ જોડી ઉભા રહ્યા. ઋષિ પોતાને આવો આજ્ઞા પાળક પુત્ર છે, એ જોઇ ઘણા પ્રસન્ન થઇ બોલ્યા કે, પુત્ર! માગ, માગ! હું તારા પવિત્ર મનપર ઘણો ખુશી થયો છું. તું જે માગશે તે આપીશ. તારા જેવા આજ્ઞાપાળક પુત્રને ધન્ય છે! અને ધન્ય છે તારી માતાને કે જેણે તને જન્મ આપ્યો! પુત્ર! તું મારે આજ્ઞાપાળક પુત્ર છે, તેથી હું મારાં ધન્ય ભાગ્ય સમજું છું.

પરશુરામે પિતાનાં આવાં વચન સાંભળી કહ્યું કે, પિતાજી! મારી માતાજી અને ભાઇઓનો અપરાધ ક્ષમા કરો એજ માગું છુ. પરશુરામના કહેવાથી ઋષિએ એ બધાનો અપરાધ માફ કર્યો. પરશુરામે માતાના ચરણમાં શીશ નમાવી હીકર જોડી ક્ષમા માગી. "માતાજી! આપ તો સાક્ષાત્ શક્તિ સ્વરૂપ અને સતી છો. હું આપનું અપરાધી બાળક છું. હું આ કામ કરવા મારા પિતાજીનું વચન ભંગ ન થાય એ ખાતર તૈયાર થયો હતો. તે અપરાધ દયા કરી ક્ષમા કરશો અને હવે મને દયા કરી રજા આપો કે હું તીર્થક્ષેત્રમાં જઇ તપ કરૂ. જેથી દૈવ મને ફરી આવો વખત ન આપે." રેણુકાજીએ કહ્યું:—"પ્રિય પુત્ર! એમાં તારો કશો અપરાધ નથી. દૈવને જે ખેલ લોકોને બતાવવા ખાતર કરવો હોય છે, તેજ થાય છે. તેમાં કોઇનું ડહાપણ ચાલતું નથી. તે તારા પિતાની આજ્ઞા માની એ ઘણું સારૂં કર્યું. પુત્રે માતપિતાની આજ્ઞા માનવી, એ તેનો પરમ ધર્મ છે. તું એ માટે કશો શોચ કરીશ માં. તારા જેવો મારે આજ્ઞાપાક પવિત્ર મનનો પુત્ર છે. એ જોઇ હું ઘણી ખુશી થાઉં છું અને મારાં ધન્ય ભાગ્ય સમજું છું. પુત્ર! તું દીર્ઘાયુ રહે, અને તારો સર્વ સ્થળે જય થાઓ!" આ પ્રમાણે માતાનો આશિર્વાદ લઇ, પરશુરામ તીર્થક્ષેત્રમાં તપ કરવા ચાલી નીકળ્યા.

અહા! ધન્ય છે પરસ્પરના ધર્મ જાણનારી પવિત્ર મનની આવી માતાને! કે પુત્રપર કોપ નહિ કરતાં, તેણે પિતાની આજ્ઞા માની, તેથી ઉલટાં ખુશી થયાં!! ધન્ય છે! ધીર, વીર, ધાર્મિક અને મોટા મનની માતા તારી મોટાઇને, કે તેં મનમાં પતિ કે પુત્રપર જરા પણ અભાવ આણ્યોજ નહિ! આ પ્રમાણે આજે થયું હોય, તો મોટો કેર થયો ગણાય અને ગણાવો જોઇએજ; કેમકે આજે

આવાં પવિત્ર મનનાં તપોબળી સ્ત્રી પુરૂષ નથી કે, અપરાધ સહન કરી શકે. તે સમયનાં સત્વગુણી તપોબળની શક્તિ તો અલૌકિકજ હતી. તે જે કરવા ચહાતાં તે કરી શકવાને શક્તિવાન હતાં. તેમાંનું આજે કોઇથી પણ અણુ માત્ર થઇ શકે નહિ, પરંતુ આ ઉપરથી ઘણું શિક્ષણ લેવાનું છે કે, **પુત્રે માતાપિતાની યોગ્ય આજ્ઞાઓ માનવી, એ તેમનો પરમ ધર્મ છે. જે કોઈ પુત્ર માતપિતાની આજ્ઞા માનતા નથી, કે તેમને માન આપી સેવા કરતા નથી, તે કુપુત્ર ગણાઈ પાપ ફળને ભોગવે છે. માતાપિતાની યોગ્ય આજ્ઞા માની સેવા કરવી, એવું દુનિઆના સર્વ ધર્મનું ફરમાન છે. આ જગતમાં માતપિતા એ પરમેશ્વરથી બીજે દરજ્જે પૂજ્ય છે, તો તેમની સેવા કરવી એ સુપુત્રનો ધર્મ છે.**

જમદગ્નિ ઋષિનો આશ્રમ ગંગા કિનારે હતો. ત્યાં એક વખતે **સહસ્ત્રાર્જુન** કેટલુંક સૈન્ય લઈ મૃગયા રમવાને આવ્યો. સાથે રેણુકાજીની બેન પણ હતી. રેણુકાજી પોતાની બેનને મળી ઘણાં ખુશી થયાં, કેમકે તે ઘણાં વર્ષે મળ્યાં હતાં. સતીએ બધાને મેમાની આપવાનું ધાર્યું ઋષિએ સતીનો વિચાર જાણી લઇ **સહસ્ત્રાર્જુનને** જમવાનું આમંત્રણ કર્યું. સર્વ સૈન્યને ભાવતાં ભોજન જમાડયાં. આ જોઇ **સહસ્ત્રાર્જુન** આશ્ચર્ય પામ્યો કે, ઋષિની સમૃદ્ધિમાં ફક્ત આ નાનીશી ઝુંપડી છે, તેમાંથી તેણે આ સેંકડો માણસોને જમાડયાં. માટે ઝુંપડીમાં કંઇ ચમત્કાર હોવો જોઇએ. એમ વિચારી ગુપ્ત શોધ કરાવતાં અંદર "કામદુધાગાય" છે, એમ જાણવાથી તે લેવા તેની વૃત્તિ ફરી. ઋષિને એ ગાય આપવાને ઘણું સમજાવ્યા, પણ તેણે એ આપવા ના પાડી અને કહ્યું કે, આ સિવાય તારે જે જોઇએ તે માગ, પણ રાજાએ માન્યું નહિ અને પોનાના બળ જોરથી ગાયને લેવા સૈન્ય મોકલ્યું; પણ ઋષિની શક્તિ કાંઇ થોડી નહોતી કે તેના ગાંજ્યા જાય. તેણે **સહસ્ત્રાર્જુન** સામે લડાઇ કરી પોતાનું પરાક્રમ બતાવ્યું; **જમદગ્નિ** મૂર્છિત થયા, **રેણુકાજીએ** હા, **પરશુરામ**! હા, **પરશુરામ**! એમ એકવીસ વાર પોકારી ખેદ પામી સ્મરણ કર્યું હતું. તેથી **પરશુરામે** આવી **સહસ્ત્રાર્જુનને** તથા તેના સર્વ સૈન્યને કાપી નાંખ્યું. પોતાની માતા એકવીશવાર ખેદ પામ્યાં હતાં, તેથી આવા પ્રજા પીડક દુષ્ટ બુદ્ધિના ક્ષત્રિઓનો એકવીશવાર નાશ કરી પૃથ્વી નક્ષત્રી કરી. દુષ્ટોથી પૃથ્વીનો ભાર ઉતાર્યો. એ રીતે **પરશુરામે** બીજીવાર માતાપિતાનું કાર્ય કર્યું હતું. ધન્ય છે! આવા સુપુત્રને, કે જેણે સદા માતપિતાને સુખજ આપ્યું અને પૃથ્વીની પ્રજાને પણ દુષ્ટના દુઃખમાંથી મુક્ત કરી સુખી કરી! એક કવિએ કહેલું છે કેઃ—

જનની જણતો ભક્તજન, કાં દાતા કાં શૂર;
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવે નૂર.

આ પ્રમાણે સતી **રેણુકાજીએ** **પરશુરામ** જેવા ઇશ્વરાવતાર ગણાયેલા પરાક્રમી પુત્રને જન્મ આપી પોતાનું "**નૂર**" બતાવી આપ્યું. આ સતી ધાર્મિક, અને

યોગેશ્વરી હતાં. તેનો પતિએ તિરસ્કાર કર્યો હતો, છતાં કદી પણ મનમાં અભાવ આણ્યો નહિ. સદા પતિ પ્રત્યે પ્રીતિ ભાવ રાખીનેજ રહ્યાં હતાં. ધન્ય છે! રેણુકા માતા તારા પવિત્ર મનને! કે તું સદા એક ભાવથીજ રહી; તારા નેક ટેક અને પતિવ્રતપણાને બતાવી આપી જગતમાં અમર નામના રાખી ગઇ છે!!

સત્યરૂપા.

આ મહાસતી આપણા આદિ પુરૂષ **સ્વાયંભુ** મનુની પ્રિય પત્ની થાય, તેને શ્રી ભગવાને પોતાની ઇચ્છાથી સૃષ્ટિ સરજવાને અર્થે ઉત્પન્ન કરી એવું પુરાણોમાં જણાવેલું છે. **સત્યરૂપા** ધૈર્યવાન, ધાર્મિક, અને પવિત્ર મનની સ્ત્રી હતી. તેનું મુખ ચંદ્ર સરખુ તેજસ્વી હતું. હાલની સ્ત્રીઓની પેઠે નવરા બેસી પરનીંદા કરવાનું પસંદ નહોતું, તે અવકાશનો અવસર ગૃહકાર્ય અને આત્મજ્ઞાનનો વિચાર કરવામાં ગાળતી. નીંદાખોર અને આઘા પાછી કરી કલેશ કરાવનારને પોતાને ત્યાં પેસવા દેતી નહિ. જ્યારે **સ્વાયંભુ** મનુએ નૈમિષારણ્યમાં મહા તપશ્ચર્યા કરી ત્યારે તે પણ સાથેજ હતી. એ વખતે તેણે પતિ સાથે કેટલાંક વર્ષ ફળ, ફુલ, કંદમૂળ અને પાત્રાં ખાઇને, કેટલાંક વર્ષ પાણી પીને, અને કેટલાંક વર્ષ વાયુ ભક્ષણ કરીને ઉગ્ર તપ કર્યું હતું. તપના પ્રતાપે પ્રભુ કૃપાથી તેના પવિત્ર પેટે પ્રિયવ્રત અને ઉત્તાનપાદ જેવા મહા પ્રતાપી પુત્રો પેદા થયા તથા **આકૃતિ**, **પ્રસૂતિ** અને **દેવહૂતી** જેવી દેવીરૂપી પુત્રીઓ પ્રગટ થઇ. જે આગળ જતાં મહા સતીઓ થઇ ગઇ છે. જેની કીર્ત્તિનાં કીરણો જગતમાં ચોપાસ પ્રસરેલાં છે. આવાં પવિત્ર બાળકોથી જોગમાયા **સત્યરૂપા** અજીત અને નિર્મળ થઇ ગયાં છે. આ પાંચે બાળકોને સતીએ ઘણા પ્રકારનું ઉત્તમ શિક્ષણ આપી સુલક્ષણાં કર્યાં હતાં, તેથી કરી તે આગળ જતાં જગતમાં પ્રસિદ્ધને પામ્યાં, એ સઘળો **સત્યરૂપા** જેવી સાધ્વી માતાનોજ પ્રતાપ હતો. આવી માતાને ધન્ય છે, કે જેનાં બાળકો જગતમાં સુપ્રસિદ્ધ થઇ માતાને શોભાવે!!

દેવહૂતી.

આ સાધ્વી સ્ત્રી બ્રહ્માવર્ત્ત પ્રદેશ જે સરસ્વતી અને દેષદ્વતી નદીના વચલા ભાગમાં આવેલો છે, ત્યાંના મહારાજા **સ્વાયંભૂ-મનુની** પુત્રી થાય. **દેવહૂતીની** માતાનું નામ **સત્યરૂપા** હતું. **દેવહૂતીની** બુદ્ધિ બાળપણથીજ તીવ્ર

હતી. તેની આવી બુદ્ધિ જોઇ તેના પિતાએ તેને વધારે ખીલવી પ્રફુલ્લિત કરવા ધર્મશાસ્ત્ર, ન્યાય, વિજ્ઞાન વિગેરે વિદ્યાનુ અધ્યયન કરાવ્યું હતું. આથી તેના સ્વભાવિક બુદ્ધિમાં ઘણો વધારો થયો હતો. આ સતી જેવી જ્ઞાનગુણમાં ઉત્કૃષ્ટ હતી, તેવીજ રૂપમાં વિદ્યુત સરખી તેજસ્વિ હતી. તેના ઉપર તેના માતપિતાની અત્યંત પ્રીતિ હતી. તેઓ તેને ઘણાં ચાહતાં હતાં, અને તેજે રીતે સુખી થાય, તેમ કરવા ઇચ્છતાં હતાં. હાલ જેમ કેટલાંક માબાપ પોતાની પુત્રીમાં ગમે તેવાં જ્ઞાન, ગુણ કે રૂપ જુએ છે; તો પણ તેને યોગ્યપતિ મેળવી આપવામાં બેદરકાર રહે છે, તેમ દેવહૂતીનાં માબાપ તેવાં નહોતાં. તેણે તો પોતાની પુત્રીના જ્ઞાન, ગુણ, રૂપ અને સ્વભાવને મળતાંજ જ્ઞાન, ગુણ અને સ્વભાવવાળા મહાત્મા શ્રી કર્દમમુનિ વેરે શાસ્ત્રવિધિએ વિવાહ કર્યો હતો. તેથી એ જોડુ ઘણુંજ દિપી નીકળ્યુ હતું. જ્યાં એક સરખા ગુણ સ્વભાવનાં જોડાં જોડાય, ત્યાં સુખ સંપત્તિની શુ સીમા રહે? ત્યા પ્રેમની પવિત્ર ગાંઠ કેમ ન ગુંથાય ? ગુંથાયજ.

"સંગત તેવી અસર" પતિ પત્નીમાં કઈ ગુણ કે જ્ઞાનની ન્યૂનાધિકતા હોય છે, તો પરસ્પરના સહવાસથી એક બીજાના ગુણ સ્વભાવનો પાસ લાગ્યા વગર રહેતો નથી. દેવહૂતીને કર્દમમુનિ જેવા મહાત્મા સ્વામીના કેટલાક ગુણોનો પાસ લાગ્યો હતો. તે હમેશાં પતિ સેવામાં, ગૃહકાર્યમાં અને ઈશ્વરાધનામાં તત્પર રહેતી. નિત્યકર્મ કરી રહ્યા પછી નવરાશના વખતમાં પતિ પાસેથી તત્વજ્ઞાન મેળવવાનો પ્રયાસ કરતી હતી. તેને બ્રહ્મજ્ઞાન ઘણુંજ પ્રિય હતું, તેથી પ્રસંગોપાત પતિને પ્રશ્ન કરી ખુલાસો મેળવી સંતોપ પામતી. કાળેકરીને દેવહૂતીને એક પછી એક એમ નવ *પુત્રીઓ થઈ હતી. ત્યાર પછી કર્દમમુનિએ વનમાં તપ કરવા જવા ધાર્યું, ત્યારે દેવહૂતીએ તેમને કહ્યુ કે,-"આપ સંસારાશ્રમ છોડીને વનમાં જાઓ છો, તો આપની ગેરહાજરીમાં મને જ્ઞાનનો ઉપદેશ કોણ આપશે ? મને તત્વજ્ઞાન શીખવવા માટે કોઇને પણ મુકરર ન કર્યાથી નાના પ્રકારના ગેરલાભ થશે. આ વાત સાંભળીને મુનિના મનમાં કરૂણાનો ઉદય થયો. મુનિએ પોતાના યોગના બળથી જાણી લીધું કે, સતીને પુત્રની ઇચ્છા થઈ. તે પણ જ્ઞાનદાન આપે તેવાની આ વાત જાણી લઇ, તેમણે દેવહૂતીને ઇશ્વિર ભક્તિમાં ચિત્ત રોકવાનો ઉપદેશ આપ્યો અને થોડા દિવસ વનમાં જવાનું મુલતવી રાખ્યું.

જ્યાં નિરંતર પ્રેમનોજ પ્રકાશ પડી રહે છે, જ્યાં પવિત્ર મન પ્રેમથી મળેલાં છે; ત્યાં સ્વર્ગ સુખ પણ કંઇ વિસાતમાં નથી. ત્યાં એક બીજાનું ધાર્યું થવું એમાં શું નવાઇ ? વળી જ્યાં દંપતિ પવિત્ર મનનાં અને ઇશ્વર તરફ ભક્તિ ભાવવાળાં હોય

* ૧. કલા એને મૈયીત્રીઋષિ સાથે, ૨. અનસૂયા એને અત્રિમુનિ સાથે, ૩. શ્રદ્ધા એને અંગિરાઋષિ સાથે, ૪. હવિર્ભૂ એને પુલસ્ત્ય સાથે, ૫ ગતિ એને પુલહ સાથે. ૬ ક્રિયા એને ક્રેતુ સાથે, ૭ ખ્યાતિ એને ભૃગુઋષિ સાથે, ૮. અરૂધતી વશિષ્ઠ ઋષિ સાથે, અને ૯. શાંતિ એને અથર્વઋષિ સાથે પરણાવી હતી.

છે, તેના મનોર્થ સફળ થવાને વાર લાગતી નથી; કેમકે પ્રભુ સદા ભક્તાધિન છે. તે નીતિનિયમાનુસાર એ પવિત્ર મનનાં દેવહૂતીને પેટે એક પરમ સુંદર અને તેજસ્વી પુત્રનો જન્મ થયો. તેનું નામ કપિલદેવ પાડયું. દેવહૂતીને પુત્ર થયા પછી કર્દમમુનિ વનમાં તપ કરવા સારૂ ગયા. જેમ જેમ દિવસ જતા ગયા, તેમ તેમ કપિલની ઉમર વધવા લાગી, અને તે વિશેષ બુદ્ધિશાળી થઈ પડયા. તેણે માતાના અભિપ્રાય પ્રમાણે ચાલી ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો અને તેણેજ મનુષ્ય તારક **સાંખ્ય શાસ્ત્ર** બનાવ્યું. તેનો એવો ઉપદેશ છે કે;–" નિરહંકાર અર્થાત્ દેહાદિમાં અહંબુદ્ધિ શૂન્ય અખંડ ભક્તિ દ્વારા પરબ્રહ્મને મેળવાય છે બ્રહ્મવિદ્યાએ આત્મ નિષ્ઠ યોગી પુરૂષના શ્રેયનું કારણ છે. તેનાથીજ સુખ દુઃખની નિવૃત્તિ થાય છે. ચિત્તજ જીવનું બંધન થાય છે, અને પરમેશ્વરમાં સંલગ્ન થવાથી મુક્તિ મળે છે." ઇત્યાદિ–આ ઉપદેશ ખરેખર જ્ઞાનપ્રદ છે.

દેવહૂતીએ પોતાના પુત્ર કપિલ મુનિને એવો જ્ઞાનવાળો થયેલો જોઇને તેની સાથે તત્વજ્ઞાન સંબંધી જે વાતચીત કરી હતી, તે નીચે પ્રમાણે છેઃ—

કપિલઃ—મારા અભિપ્રાયમાં યોગ એજ મુક્તિ મેળવવાનો સર્વથી મોટામાં મોટો ઉપાય છે, તે યોગ સાધન મનને તાબે કર્યા સિવાય એટલે અંતઃકરણની એકાગ્રતા સિવાય કદી પણ થઇ શકતું નથી. મનને જે તરફ ચલાવવામાં આવે, તે તરફ દોડે છે; ભોગની વસ્તુ તરફ ચિત્તનું વલણ થવાથી જીવને નિવૃત્તિ મળવાનો સંભવ નથી; પરતુ ઇશ્વિરમાં લીન થયા પછી અજ્ઞાતપણું, પાપ, પ્રલોભન વગેરેથી તેનો છુટકો થઇ શકે છે. ત્યાર પછી આત્મ સમર્પણ વિના યોગીઓને બ્રહ્મજ્ઞાન મેળવવાનો બીજો કોઇ માર્ગ નથી. સાધુ સંગજ આ સર્વનું મૂળ છે.

દેવહૂતીઃ—બેટા ! ભગવાનની કેવી રીતે ભક્તિ કરવી જોઇએ, તે હુ જાણતી નથી. હુ સ્ત્રી છું, માટે મારે ઇશ્વિરની કેવી રીતે ભક્તિ કરવી જોઇએ ? તે સંબંધી મને કહે. ટુંકામાં એ કે ભક્તિયોગથી ઇશ્વિરપદ મેળવું તો મારા જન્મનું સાર્થક થાય, એવું જે તત્વ તે હુ સમજી શકુ તેવી રીતથી કહે.

કપિલઃ—વેદમાં કહેલાં કામો કર્યાથી ભગવતની ભક્તિની ઉત્પત્તિ થાય છે. આ ભક્તિના બળથી મોક્ષમાર્ગ સહેજ મળી આવે છે. પરંતુ મા ! ઘણા જણ આવી રીતથી સંતોષ માનતા નથી. તેઓ મુક્તિના કરતાં ભક્તિયોગથી પરમેશ્વરનો અનુભવ લેવો એ વધારે પસંદ કરે છે, ને તેથી તેમાંજ સદાકાળ લાગ્યા રહે છે.

મહર્ષિ પોતાની માતાને જે વિષયને અવલંબીને ઉપદેશ આપતા હતા, તે સેશ્વર સાંખ્ય દર્શનની અંદર અતિ ઉત્તમ તત્વ છે. આ વિષય ઉપર ધીરજથી વિચાર કર્યાથી તેની શ્રેષ્ઠતાનો અનુભવ કરવાને સમર્થ થવાય છે.

કપિલમુનિ ફરીથી પોતાની માતાને કહેવા લાગ્યા કેઃ–દેવી ! જેના યોગે હૃદયની ગાંઠો છુટી પરમાત્માનું દર્શન થાય છે, મોક્ષના લાભને માટે વિદ્વાનો જે

વિષય દેખાડે છે, તે જ્ઞાન સંબંધી થોડુંક કહું છું તે સાંભળો:—જે આત્મસ્વરૂપ, આદિ રહીત, સ્વયંપ્રકાશિત અને ગુણ તથા પ્રકૃતિ સંગવિહિત, તથા અખિલ બ્રહ્માંડ જેના પ્રભાવથી પ્રકાશ પામે છે, તેજ પરમ પુરૂષ છે. પ્રકૃતિ, વિષ્ણુ; શક્તિ, ધુતિ રૂપ અને અવ્યક્ત ગુણથી શોભાયમાન છે. તે લીલાક્રમથી વિષ્ણુની પાસે ગયાથી વિષ્ણુ તેને ગ્રહણ કરે છે. જે ક્રિયા પ્રકૃતિના ગુણને લીધે થાય છે. એટલે જેનો પ્રકૃતિની સાથે ઘણોજ નિકટનો સંબંધ છે, તેથી તે સર્વ તેનું કર્ત્તવ્ય સાધ્ય છે એમ ધારવું. જનનિ! પુરૂષ સ્વયં સાક્ષીમાત્ર—સુખ સ્વરૂપ છે. કોઈ કામમાં તેનું પ્રભુત્વ નથી. પ્રકૃતિ કારણ અને કરવાનું મૂળ કારણ છે, પુરૂષ તો કેવળ સુખ દુ:ખનો ઉપભોગતા છે.

દેવહૂતી:—આ નજરે પડતું વિશ્વનું બારીક અને મોટું કાર્ય પ્રકૃતિ અને પુરૂષથી ઉત્પન્ન થયું છે તે સમજી ખરી; પરતુ હે પ્રિય દર્શન! હવે તું તેનાં લક્ષણ મને કહી દેખાડ.

કપિલ:—માતા! સનાતન, સત્વ, રજ અને તમોગુણથી યુક્તિ નિર્ભય કાર્ય કારણ સ્વરૂપ અને સર્વનો આશ્રયભૂત જે વસ્તુ છે તેજ પ્રકૃતિ છે. પાણી, પૃથ્વી, આકાશ, અગ્નિ, વાયુ, આ પાંચ ભુત છે, અને રૂપ, રસ, ગંધ, સ્પર્શ, અને શબ્દ; આ પાંચ તન્માત્રા છે. કાન, જીવ, ચામડી, નાક, આંખ, હાથ અને પગ ઇત્યાદિ દશ બહારની ઇંદ્રિયો છે. અહંકાર, ચિત્ત, મન અને બુદ્ધિ આ ચાર અંતરની ઈંદ્રિયો છે. એમ બધાં મળીને ૨૪ તત્વ છે. એ સગુણ બ્રહ્મમાં છે. "કાળ" લેઇને ૨૫ તત્વ ગણાય છે. કેટલાક જણ કાળને જૂદો પદાથ ગણુતા નથી. તેઓ કહે છે કે એ વિશ્વ પતિના પ્રભાવ વિના બીજું કાંઇ નથી. વળી પુરૂષ સૂર્યની પેઠે નિર્ગુણ, નિર્વિકાર, અને કરવાથી ભિન્ન છે. 'હું કરનારો છું' આવું અભિમાન જે પુરૂષ જે પળમાં કરે છે, તે પળે તે વિકૃતિમાં આસક્ત થઇ પડે છે, અને તેથી શોક ઉત્પન્ન થવાનું મોટું કારણ નીપજે છે. અર્થ સિવાય સંસાર અટ્ટાવવો મુશ્કેલ છે. બીજી બાજુએ વળી વિષય વ્યાપાર વગેરેના વિચારમાં ગુંથાયાથી પુરૂષની હજારો ખરાબીની ઉત્પત્તિ થાય છે. તે વાસ્તે કહું છું કે, ચિત્તવૃત્તિ ખરાબ માર્ગે દોડે તો દ્રઢ ભક્તિ અને વૈરાગ્યથી તેને વશ કરવું જોઇએ.

બીજું યમ નિયમાદિ યોગથી ચિત્તને તાબે કરીને આસ્થાપૂર્વક ઇશ્વરમાં આત્મ સમર્પણ, મૌન્યનું અવલંબન, સ્વધર્મનું અનુષ્ટાન, વિષય વાંચ્છનાનું નિસ્પૃહપણું, એકાંત જગાએ રહેવું, બ્રહ્મચર્ય, અને પ્રકૃતિ પુરૂષનું જ્ઞાન મેળવવા માટે જ્ઞાનનો સંગ્રહ, એ બધું કરી શકયાથીજ બ્રહ્મ સાક્ષાત્‌કાર મેળવી શકાય છે.

હે ભગવતી! પાણીમાંના સૂર્યનાં પ્રતિબિંબ, જમીનમાં સૂર્યબિંબથી જોવાય છે અને પાણી તથા સૂર્યના પ્રતિબિંબના મેળાપથી ગગનમાંનો ચંદ્ર જોવામાં આવે છે. ઇંદ્રિય, ભૂત અને મનોમય આત્માના પ્રતિબિંબથી તથા ત્રિગુણ વાળો

અહંકાર, બ્રહ્મના પ્રતિબિંબ રૂપે જોયાથી તે અહંકારથી પરમાર્થ પરિજ્ઞાનરૂપ આત્માનો સાક્ષાત્કાર થાય છે.

દેવહૂતી— બેટા! પ્રકૃતિ અને પુરૂષ બેઉ જે નિત્ય અને બંને આશ્રય સ્વરૂપ છે, તે મારા સમજવામાં આવ્યું. ક્ષિતિ અને ગંધ જેમ એક બીજાથી જૂદાં થઇ શકતાં નથી, રસ અને પાણીમાં જેવો અભેદ્ય સંબંધ છે, એટલે એક બીજાથી છૂટા પડી તેઓ સ્વતંત્ર ભાવથી રહેતા નથી, તેમ પ્રકૃતિ અને પુરૂષ ન છૂટે એવા બંધનમાં બંધાયલાં છે.

કપિલઃ—હમણાં સાવલંબન યોગનું વર્ણન કરવામાં પ્રવૃત્ત થાઉં છું. એનાથી મન મેલવિનાનું અને સન્માર્ગે જનારૂ થાય છે. યથાશક્તિ પોતાના ધર્માનુષ્ઠાન, ધાર્મિકોનુ વદન, નિર્વાહ પ્રાપ્તિના કારણ ઉપર પ્રીતિ દેખાડવી, અપવિત્ર વસ્તુ ખાવી નહિ, થોડો ખોરાક લેવો, એકાંતવાસ રાખવો, અહિંસા વગેરે ઉત્તમવ્રત લેવું, સત્ય બોલવું, તપશ્ચર્યા, બ્રહ્મચર્ય, શુદ્ધાચાર, ઇશ્વિરની આરાધના, અને પ્રાણાયામ વગેરેની મદદથી અંતઃકરણને યોગ તરફ દોડાવવુ. અગ્નિ અને વાયુથી સોનાનું શુદ્ધપણું મેળવવાની પેઠે યોગી શ્વાસોચ્છ્વાસને રોકી શકયાથી તેનું અંતર શુદ્ધ થાય છે. પ્રાણાયામથી વાયુ, પિત્ત, શ્લેષ્મા, દોષ, ધારણાથી મનનો પ્રેમ, અને ધ્યાનથી નાસ્તિકપણું દૂર થાય છે. ત્યારપછી યોગના મહાત્મ્યથી ચિત્તની પ્રકૃતિ શુદ્ધ થયા પછી નાકના આગળના ભાગ ઉપર નજર સ્થાપીને શ્રીપરબ્રહ્મના વિચારમાં મનને રોકવું જોઇએ. ભકતોનુ હૃદય—મનજ તેના ઉપદેશનુ તાપયુક્ત માત્ર એક આસન છે.

દેવહૂતીઃ—સાંખ્ય દર્શન ગ્રંથમાં પ્રકૃતિ, પુરૂષ ઇત્યાદિનો વૃત્તાન્ત જે પ્રકારે કહેલો છે, તે પ્રકારે તેનુ વર્ણન કર્યુ છે. હવે તેનુ મૂળ સ્વરૂપ ભક્તિયોગના વિષયનું વર્ણન કર, એ સાંભળ્યાથી જીવ સંસારના વ્યવહારથી નિસ્પૃહ થઈ જાય છે. તું જેવી રીતે તત્વનો ઉપદેશ આપે છે અને આપ્યો છે. તેના ઉપરથી મારી ખાતરી થાય છે કે તું યોગ પ્રકાશનો સૂર્ય છે.

કપિલઃ—દેવી ! ભક્તિયોગ જૂદા જૂદા પ્રકારના છે. ભેદ દર્શીય યોગ—તામસ, એટલે નિકૃષ્ટ યોગ, ધનમાન અથવા પ્રખ્યાતિ મેળવવાની આશાથી જે યોગ કરવામાં આવે છે તેને **રાજસયોગ** કહે છે. એટલે તે પણ સારો યોગ નથી; મધ્યમ પ્રકારનો યોગ છે. પરતુ પાપનો નાશ કરવો જોઇએ. જગદીશ્વર પ્રત્યે પ્રીતિ નહિ દેખાડયાથી જીવની સદ્ગતિ થતી નથી; એમ સમજવું એ સાત્વિક યોગ કહેવાય છે, અને એજ સર્વથી ઉત્તમ છે. એનું બીજું નામ નિર્ગુણ ભક્તિ યોગ છે, જેમ નદીનું પાણી સમુદ્રના પાણીમાં પડયાથી સાગરના પાણીનો ગુણ પકડે છે, તેમ નિષ્કામ મનોગતિ (એટલે ઇશ્વિરની આગળ સાંસારિક કામના વિનાની પ્રાર્થના) તે ભાવ ધારણ કરે છે. તેથી તે ઘણોજ પ્રસંશનીય પદાર્થ છે.

એ રીતે મહાત્મા કપિલ મુનિએ શિક્ષણ મેળવીને પોતાની પ્રિયજનની

દેવહૂતીને ખરા તત્વની ઓળખાણુ આપી હતી. મા દિકરાની વચ્ચે ઘણા ઉંચા વિષયની વાતચિત થઈ હતી. પૂર્વે ભારતવર્ષની રમણીઓ દેવહૂતીની માફક તત્વજ્ઞાન જેવા ગહન વિષયમાં ઉંડી ઉતરીને પોતાના આત્માની ઉન્નતિ શોધવાનો પ્રયત્ન કરતી હતી. એ કેવો આનંદનો વિષય છે ! ભારતની હાલની રમણીઓએ આ ઉત્તમ દૃષ્ટાંત લેવા જેવું છે.

મંગળમય ભગવત્ સ્વરૂપ કપિલ મુનિએ પોતાની માતુશ્રી દેવહૂતીજીને મુક્તિ પમાડવા પુત્રપ્રેમથી યોગેશ્વર જ્યાં ભક્તિથી સિદ્ધિને પામે એવું જે ગુજરાતમાં આવેલું સિદ્ધપૂર ક્ષેત્ર, જ્યાં જ્ઞાન સ્વરૂપ સરસ્વતી પ્રવાહ રૂપે વહે છે; ત્યાં તેણે બ્રહ્મ વિદ્યાનો ઉપદેશ આપ્યો. તેથી દેવહૂતીજી જ્ઞાનમાં ગળી જઈ મુક્તિ પામ્યાં. ધન્ય છે કપિલજીને ! કે જેણે મનુષ્ય તારક સાંખ્ય શાસ્ત્ર બનાવી માતાને મુક્તિ પમાડી અને લોકોને પણ સદ્રસ્તો બતાવ્યો. ખરેખર સુપુત્ર તો તેવાજ જોઇએ ! ! દેવહૂતીજી જ્યાં મુક્તિને પામ્યાં, ત્યાં આજે **બિંદુસર–બિંદુસરોવર** છે. તેમાં સ્નાન કરીને હિંદુઓ પોતાને પવિત્ર થયેલા માને છે. આ ક્ષેત્રને **માતૃગયા**—માતાને મુક્તિ પમાડયાનું સ્થાન કહે છે. ત્યાં કપિલદેવ તથા દેવહૂતીનો આશ્રમ છે.

મદાલસા.

આ સાધ્વી સ્ત્રી **ગાંધર્વ** લોકોના રાજા **વિશ્વશુદ્ધ** ગાંધર્વની કુંવરી થાય. તેનો વિવાહ **અયોધ્યાના** રાજા **શત્રુજિતના** કુંવર **ઋતુધ્વજ** સાથે કર્યો હતો. આ કુંવરીરૂપે રંભા કરતાં પણ અધિક હતી. તેના પિતાએ તેને બાળપણથીજ વિદ્વાન પુરૂષો પાસે રાખી, અનેક શાસ્ત્રથી ધર્મ, નીતિ, સંગીત, કાવ્ય, ચિત્ર, નૃત્ય વગેરે વિદ્યાનુ જ્ઞાન અપાવી પ્રવિણ કરી હતી. તે એક દિવસે પોતાની સાહેલીઓ અને દાસીઓ સાથે અશોકવનમાં રમવાને ગઈ હતી. ત્યાં અકસ્માત્ **પાતાળકેતુ** નામનો રાક્ષસ આવી ચડયો. તે **મદાલસાનું** રૂપ અને ચાતુર્ય જોઈ મોહમાં પડયો. તેણે યુક્તિ રચી **મદાલસાને** ઉપાડી જવાનો નિશ્ચય કર્યો. આ બાળા પોતાની રમતની ધુનમાં લાગેલી હતી, ત્યાં ઘણા દાસ, દાસીઓની ચોકી હતી. તે પાપી રાક્ષસ યુક્તિથી તેને ઉપાડી નાઠો. અકસ્માત્ આ શો ગજબ થયો ! આ જોઈ દાસદાસીઓ આજુબાજુ શોધ કરવા લાગ્યાં. પણ કશો પત્તો લાગ્યો નહિ, ત્યારે આ ખબર નગરીમાં તેના પિતાને આપ્યા. આ ખબર સાંભળી તેનાં માતપિતા ઘણું કલ્પાંત કરવા લાગ્યાં. આજુબાજુ અને દેશદેશાંતર શોધ કરવાને માણસો દોડાવ્યાં પણ કશો તેનો પત્તો લાગ્યો નહિ; ત્યારે તે બિચારાં માબાપ રોઇ ટળવળી બેસી રહ્યાં.

હવે મદાલસાએ રસ્તે જતાં વિચાર્યું કે ભાવી પદાર્થ ટળે નહિ, એમાં કોઇનો વાંક નથી, મારા નશીબનોજ વાંક છે. ઠીક જે ઇશ્વરે બનાવ્યું તે ખરૂં. હવે તેના હાથમાંથી છુટવાનો ઉપાય કરૂં. આમ વિચારતી, કલ્પાંત કરતી, ચોધાર આંસુએ છુટા કેશ મૂકી રૂદન કરવા લાગી. આ પ્રસંગે કૈલાસપતિ શિવ અને પાર્વતીજી કૈલાસ તરફ વિમાનમાં બેસી જતાં હતાં. તેમણે આ બાળીકાનું મહા રૂદન સાંભળ્યું. આ સાંભળી કરૂણાળુ પાર્વતીજીએ શિવજીને કહ્યું:—પ્રાણનાથ ! કોઈ બાળકી મહા સંકટમાં હોય એવું જણાય છે. શિવજીએ હસીને કહ્યું:–સતી ! નારીનું નારીએ રક્ષણ કરવું જોઇએ. તમે મદાલસા ઉપર દયા કરી તેના બચાવનો ઉપાય બતાવો અગર એ દૈત્યને મારી તેનું રક્ષણ કરો. પાર્વતીજી પોતાના પતિનાં આવાં વચન સાંભળી બોલ્યાં કે, મદાલસા ! તું રોઇશ માં, તારો પતિજ તારા હરનારને મારી તને પરણશે. (અમરસૈન્ય રાજાનો પુત્ર ઋતુધ્વજ પરણશે.) આ વચનો રાક્ષસ અને મદાલસા બંનેએ સાંભળ્યાં. રાક્ષસ આ સાંભળી મદાલસાને દૂરના દેશમાં પોતાને ઘેર લઈ ગયો. તેનું ઘર અનેક મણિઓથી શણગારેલું તેજસ્વી હતું. પાસે એક સુંદર સરોવર હતું. તેને કિનારે સુશોભિત સુગંધમય વાટિકા હતી, જેમાં અનેક પ્રકારનાં તરૂવરો રોપેલાં હતાં. માંહે અનેક પ્રકારનાં પક્ષીઓ કોલાહલ કરી રહ્યાં હતાં; પરંતુ આ ભવ્ય ઘરમાં બધે જોતાં શૂન્યકાર લાગતું હતું. તેમાં ફક્ત આ બે જણ અને દાસી સિવાય કોઈ દેખાતું નહોતું. મદાલસા આ પ્રમાણે જોઇ મહા રૂદન કરવા લાગી. રાક્ષસ ઘણું ઘણું કહી સમજાવી પટાવી રાજી રાખવાનો ઉપાય કરવા લાગ્યો. અનેક પ્રકારનાં સુખ વૈભવ વગેરેની લાલચ આપી લપટાવવાનો ઉપાય કર્યો, પણ તે સઘળું નિષ્ફળ ગયું. મદાલસાએ તો નિશ્ચય કર્યો હતો કે ગમે તો પ્રાણ જાય, તોપણ શું ! પણ હું કદી મારૂં શીળ ભંગ થવા દઇશ નહીં. માટે તેને એક વિચાર સૂઝયો કે, જો હું પરણવાનો પ્રપંચ કરી વાર લગાડીશ; તો પાર્વતીજીનું વચન વહેલા મોડુ પણ સિદ્ધ થયા વગર રહેનાર નથી. તેનો ભાઇ ગાલવ ઋષિનો યજ્ઞ ભંગ કરવા જતાં ઋતુધ્વજને હાથે મરાયો છે. તેનું વેર ઋતુધ્વજપર છે. માટે હું આ વખતે યુક્તિ કરી તેને યાદ આપું કે તેને તેનો ભાઇ સાંભળે કે તરત વેર લેવા દોડે. તેથી મને ઘણો વખત મળે, તેટલા વખતમાં પાર્વતીજીનાં વચનો સિદ્ધ થઇ આવશે. આવો વિચાર કરી મુખ આનંદમય કર્યું. મદાલસાને હસતી જોઈ રાક્ષસ માયાફંદમાં પડયો. મદાલસાએ કહ્યું કે પરણવું એ કાંઇ ઉતાવળનું કામ નથી. તમારા કુટુંબે મને જોઈ નથી માટે તેડાવો. એટલે તે સૌ મંગળ ગીતો ગાઈ વિધિસર વિવાહ કરે.

આ પ્રમાણે પાતાળકેતુ કુટુંબનું નામ સાંભળતાંજ પોતાના ભાઇને ઋતુધ્વજે માર્યાનું વેર સાંભળી આવ્યું, કે તરત ક્રોધાંધ થઈ અશ્રુ પાડવા લાગ્યો, અને ઋતુધ્વજને મારવા જવા તૈયાર થયો. મદાલસાને વિકુન્ડલા નામે દાસીને સોંપી. જ્યાં ગાલવ ઋષિના યજ્ઞ રક્ષણાર્થે ઋતુધ્વજ હતો, ત્યાં પહોંચ્યો; ત્યાં અનેક પ્રકારથી

રાક્ષસી કૃત્યો કરી હાહાકાર મચાવ્યો, તેમાં અંતે લડાઇ કરી ઋતુધ્વજે તેને હરાવ્યો, એટલે હથિઆર છોડી નાઠો. તેની પૂંઠે ઋતુધ્વજ ગયો. પાતાળકેતુ પોતાના દેશમાં નાશી ગયો અને ગુપ્ત ઠેકાણે સંતાઇ બેઠો. ત્યાં ઋતુધ્વજ પણ ગયો અને પાતાળકેતુનો શોધ કરવા લાગ્યો. શોધ કરતાં કરતાં જ્યા મદાલસા હતી તે ઘર પાસે આવ્યો. આ ભવ્ય ઘરની અને તેની આજુબાજુની શોભા જોઈ તે ઘણોજ ખુશી થયો. રાજકુંવરને આવતો જોઈ, વિકુન્ડલા દાસીએ દોડી જઇ મદાલસાને ખબર આપ્યા કે, રાણીજી ! કોઇ રાજકુંવર આવે છે ! આ સાંભળી મદાલસાએ જાણ્યું કે માતા પાર્વતીજીનાં વચન સત્ય ઠર્યાં. હવે તે એ પાપીને નિશ્ચે મારશે અને તેજ મારો પાર્વતીજીનો કહેલો પતિ થશે. એવું જાણી દાસીને જળપાત્ર ભરી સામે મોકલી. દાસીએ જઇ કહ્યું:—રાજન ! શોક મૂકી દઇ અહીં પધારો. તમને મારી મહારાણી બોલાવે છે. ઋતુધ્વજ આ સાંભળી વિસ્મય થયો, કે જેની દાસીનું સ્વરૂપ આવું મનોહર છે, તો તેની રાણીનું તો કેવુએ હશે ! આવું વિચારી દાસી સાથે ગયો. દાસીએ આસન આપી વિધિસર પૂજા કરી. ઋતુધ્વજ ઘરની રચના નિહાળી ઘણુંજ આશ્ચર્ય પામ્યો. તેણે પૂછ્યુ આ ઘર કોનું છે ? કોણે બાંધ્યું છે ? આ સ્ત્રીના વરનુ નામ શુ છે ? આવડા મોટા ઘરની અંદર તમે બેજ કેમ છો ? તથા આ ઘર શૂન્યકાર કેમ દીસે છે ? દાસીએ કહ્યું:—રાજન ! આ ઘર વિશ્વકર્માએ બાંધ્યું છે. તેમાં પૂર્વે દેવતાઓ વસતા હતા. પછી ઇંદ્રે આ ઘર કુંઠલધાર દૈત્યને સોંપ્યું, ત્યારથી વિશ્વદેવ વિદાય થયા, ને કુંઠલધાર અહીં રહ્યો, એ રાજાની કુંવરી હું છુ. મારા પિતાને તાળકેતુ અને પાતાળકેતુએ માર્યો. એ બંને વૃક્ષકેતુના દીકરા મહા વિકાળ છે. તેણે ઘરની બધી રિદ્ધિ સિદ્ધિ લૂટી લીધી, મને દાસી બનાવી. એ દુષ્ટ દૈત્યે ઘણા દેશ લૂટી સર્વસ્વ અહીં ભર્યું છે. મને અહીં રાખી છે, એ મારી પીડા કોણ જાણે ? ગાલવ ઋષિનો યજ્ઞ ભંગ કરવા જતાં ઋતુધ્વજે તાળકેતુને માર્યો, અને પાતાળકેતુ તેનાથી હારીને સંતાઈ ગયો છે. આ મદાલસા નામે સ્ત્રી વિશ્વાવસુ ગાંધર્વની પુત્રીને એ પાતાળકેતુ હરી લાવ્યો છે. તે હજુ પરણી નથી. મને ઘર સાચવવા રાખી છે. આ કન્યા આપને યોગ્ય છે, માટે આપ પરણો.

ઋતુધ્વજે કહ્યું:—હુંજ ઋતુધ્વજ છું ને મેંજ તાળકેતુને માર્યો છે. અહીં પાતાળકેતુની પાછળ આવ્યો છું. તે પાપી કયાં છે ? એ મને દેખાડો. મદાલસાએ જાણ્યું કે આ કોઈ મહા બળવત છે, એમ વિચારી અંતરપટ કર્યો. સામ સામી આંખો મળવાથી એક બીજાનું દુઃખ દૂર થયું. મદાલસાએ કહ્યું કે:—તમો મારા પતિ થશો, એવું મહા સતી પાર્વતીજી કહી ગયાં છે. ઋતુધ્વજે કહ્યું કે તું ચિંતા ન કર. હું તને હરી લાવનાર પાપીને મારીશ. એટલામાં નારદજી પધાર્યા, તેનું વિધિથી પૂજન કર્યુ. નારદજીએ કહ્યુ કે,—તમોને પરણાવવા આવ્યો છું. માટે શીઘ્ર થાઓ. તમો પરણી આ અશ્વ ઉપર બેસી વિદાય થાઓ. એમ કહી બ્રહ્મ

કુમાર **નારદજીએ** ચોરી રચી, શાસ્ત્ર વિધિએ ગાંધર્વ લગ્ન કર્યું. **વિકુન્ડલા પાસે** કન્યાદાન અપાવ્યું. **નારદઋષિ** ત્યાંથી ચાલતા થયા, અને રાજા રાણી પણ **ગાલવ** ઋષિને આશ્રમે ગયાં. આ જોઈ ઋષિઓ ઘણા ખુશી થયા, અને આશીર્વાદ આપ્યો. આ ખબર ઋષિએ અયોધ્યે આપ્યા અને **શત્રુજિતે મદાલસાના** પિતા **વિશ્વસુદ્ધાને** કહાવ્યું. આ સાંભળી સૌ ખુશી થયાં. **મદાલસાના** પિતાએ અયોધ્યે આવી, તેનો વિધિસર વિવાહ કરી કન્યાદાન આપ્યું. મદાલસાએ પોતાના હાથનો મણિ **ઋતુધ્વજને** હાથે બાંધ્યો અને કહ્યુ કેઃ—સ્વામી ! "આ મણિ તમથી હું વેગળો દેખીશ તો તેજ ક્ષણે મારો પ્રાણ ત્યાગ કરીશ. માટે કોઇને આપશો નહિ." આપણો દુસ્મન **પાતાળકેતુ** અન્ન જળ લીધા વગર શોધતો ફરે છે. તે જુઠી વાત ફેલાવશે માટે તેથી સાવચેત રહેજો.

આ પ્રમાણે થયા પછી રાજા એક દિવસે વનની અંદર મૃગયા રમવા ગયો. ત્યાં એક સરોવરને તીરે ઉતારો કરી પાણી પીવા ગયો કે મણિનું તેજ જળમાં પડયું. તે દેખી બે **અરજક** કુમાર તેની પાસે આવ્યા. તેવોજ **ઋતુધ્વજ** પાછો ફરી ધનુષ્ય લઈ મારવા જાય છે કે, તેણે કહ્યુંઃ—મહારાજ ! અમે તમારા મણિનું તેજ જોઈ હર્ષ પામી અહીં આવ્યા છીએ. તમે મનુષ્ય માત્રમાં અધિક છો. માટે તમે અમારી સાથે મિત્રાચારી કરો. એમ કહી ઘણાજ અઘરા સોગન ખાધા. **ઋતુધ્વજે** કહ્યુંઃ—તમે કોના દીકરા છો ? તેણે કહ્યુંઃ—અમે **અરજક** નાગના દીકરા છીએ. **ચંદ્ર**ચુડામણિમતિ અમારૂં નામ છે. અને અમો મોટા પુરૂષને નમતા રહીએ છીએ. આપણે આજ મિત્ર થયા છીએ, રાજન ! તમે નિત્ય અહીં આવજો. અમે તમને સ્વર્ગ સમાન સુખ દેખાડીશું. તમે **ગાલવઋષિના** યજ્ઞનું રક્ષણ કર્યું, તેથી તમે પૃથ્વીમાં પંકાયા છો. તમે દેવને પણ વહાલા છો. માટે મિત્ર ! તમે સર્વ પ્રકારે સત્કારને યોગ્ય છો. અમે તમારો વિયોગ ઘડી પણ સહન નહિ કરી શકીએ. તમે જે રોજ અહીં નહિ આવો, તે રોજ અમારે અપવાસ થશે. એટલું કહી એ બે કુમાર પોતાના સ્થાનકે ગયા. પછી દરરોજ ઠરાવેલા વખતે ત્રણે એકઠા થતા. અને નવીન મેવા મીઠાઈ વગેરે અલૈકિક સ્વાદનું ખાવાનું ખાઈ સુખથી આનંદમાં રહેતા. **ઋતુધ્વજને** એક દિવસે **મદાલસાએ** પૂછ્યું કે પ્રાણપતિ ! તમે કયાં જાઓ છો ? આ પ્રશ્નનો તેણે જોઇએ તેવો ઉત્તર આપ્યો નહિ.

હવે **મદાલસાને ઋતુધ્વજ** પરણી લઈ ગયાના ખબર **પાતાળકેતુને** થયા કે તે શોકાતુર થયો, તેણે નિશ્ચય કર્યો કે એ બંનેને વિયોગ કરાવું તે પછી અન્નજળ લઉં. આવું 'પણ' લઇ યોગીને વેશે પૃથ્વીમાં ફરવા લાગ્યો. તેવામાં રસ્તે જતાં **નારદજી** મળ્યા. તેણે પૂછ્યું કે તુ કયાં જાય છે ? રાક્ષસે કહ્યું હું **મદાલસાને** શોધવા જાઉં છું. તે કયાં છે ? **નારદજીએ** કહ્યુંઃ—તું મને બહુ વહાલો છે, માટે તને જણાવું છું કે તે અયોધ્યામાં શત્રુજીતને ઘેર છે. આ પ્રમાણે કહી ચાલતા

થયા. પાતાળકેતુ ભિક્ષુકના વેશે મદાલસાને મંદિર આવ્યો અને વિચાર કર્યો કે જો હું તેને હરી જાઉં તો એ સતી સત્ય પાળે છે, તો તે કદી પણ મારે તાબે થશે નહિ; અને જો અસુર વિચારે બળ કરૂં, તો સતી શાપ દઈ બાળી ભસ્મ કરે. માટે હુંએ ન ભોગવું અને ઋતુધ્વજે ન ભોગવે એવી યુક્તિ રચું, ત્યારેજ મારી દાઝ ઓલવાય. એમ વિચારી ઋતુધ્વજને હાથે બાંધેલો મણિ કપટથી લેવાનો વિચાર કર્યો. જ્યાં સરોવર તીરે ત્રણે મિત્રો એકઠા મળતા હતા; ત્યાંથી થોડે દુર જઈ કોઈ દુઃખમાં ડુબેલો હોય નહિ! તેની પેઠે ઋષિને વેશે કપાળે હાથ દઈ બેઠો. થોડીવાર થઇ કે ઋતુધ્વજ સ્નાન કરવાને આવ્યો, તેની નજર પેલા ઋષિપર ગઈ કે, તેણે પૂછ્યુઃ–કેમ મહારાજ! દુઃખી દીસો છો? તેણે કહ્યું–હું વરૂણ લોકમાં રહું છું. મારૂં નામ અતિતેજ છે. એક બ્રાહ્મણને ઘેર ૨૫ જોબનવંતી કન્યા છે. તે સાથે મારા પુત્રનો વિવાહ કરવો છે; પરંતુ એ કન્યાએ 'પણ' લીધું છે કે હું મદાલસાનો મણિ જોઉં તો પરણું. તે મદાલસા અયોધ્યામાં પરણી છે. તેના પતિનું નામ ઋતુધ્વજ છે તે મણિ લેવાને આવ્યો છું. તો મને તે ગામનો રસ્તો દેખાડશો. શત્રુજીત રાજા ઘણો સત્યવાદી છે અને તેનો પુત્ર પણ તેવોજ છે; તો મારા જેવા ગરીબ ઋષિનું એટલું એ કામ નહિ કરે? આવાં એમનાં વચન સાંભળી ઋતુધ્વજે કહ્યું કે, તમે જેને જોવા જાઓ છો તે તો મારૂં નામ. મણિ પણ મારી પાસે છે, પણ તે કોઇને અપાય તેમ નથી; કેમકે જો મદાલસા એ જાણે તો ઘણું ખોટું થાય. માટે એ કોઇને અપાય નહિ; ત્યારે વળી એ દુષ્ટ બે ત્રણ દિવસ વિત્યા પછી જુદે વેશે મળ્યો અને બીજી યુક્તિ રચી કહ્યું કે. રાજન્! મને આજે અરજકના કુંવરો મળ્યા હતા, તેણે કહાવ્યું છે કે, આજે અમો અનુપમ વસ્તુ લાવીશું. માટે તમે સંધ્યાકાળ સુધી રોકાજો. તમો પાછા જશો નહિ. આ સાંભળી રાજાએ કહ્યું. ઠીક એટલે તરત એ પાપી પોતાનું ધાર્યું કામ હવે થશે. એવું વિચારી હર્ષ પામતો તેના મિત્ર અરજકના કુવરો પાસે આવ્યો, તેને કહ્યું ઋતુધ્વજે કહાવ્યું છે કે, આજે મારે જરૂરનું કામ છે. માટે મૃગયા રમવા નહિ આવું. આમ બંને સ્થળે ખોટા સંદેશા કહ્યા. અરજક કુંવરોએ જાણ્યું કે, તેણે કહાવ્યું હશે. તેથી તેઓ પણ સરોવર તીરે આવ્યા નહિ, ઋતુધ્વજ જાણે તેઓ અવશ્ય આવશે એવું સમજી સાંજ સુધી ત્યાંજ રોકાઇ રહ્યો.

આ પાપી દૈત્યે આ પ્રમાણે દગાનું કામ કર્યું. તરત બ્રાહ્મણને વેશે અયોધ્યે ગયો; ત્યાં જઇ માયા પ્રપંચ રચી ઋતુધ્વજ અને મદાલસાને વિયોગ થાય તેવું કપટ કર્યું. એ દુષ્ટે માયા પ્રપંચથી મદાલસાને ગુમ કરી દીધી. આ ખબર થતાં રાજાએ ઘણા ઉપાય કર્યા, પણ કશું વળ્યું નહિ. એથી સૌ નિરાશ થયા. સર્વે સ્થળે શોક વ્યાપી રહ્યો, ઋતુધ્વજને ખબર થતાં; તે પ્રિય પત્નીના વિયોગ દુઃખથી વ્યાકુળ થઈ ગયો, શરીરનું ભાન જતું રહ્યું. મુખે એક મદાલસાનુંજ રટણ લાગી રહ્યું. વારંવાર બેબાકળો બની બોલાવા લાગ્યો. હા! મદાલસા ક્યાં

છે ? તું કેમ બોલતી નથી ? અરે આમ દગો દેવાય ? અરે ! શું તું અબોલા લઈશ ? નહિ, નહિ. પ્રિયાને આમ કરવું ઘટે નહિ. હે નારી ! કેમ બોલતી નથી? સાધવી ! હે પતિવ્રતે જવાબ આપ ! આમ વારંવાર પોકારતો, પત્નીના સ્નેહમાં ગરકાવ રહેલો યોગી વેશે દેશે દેશ, પર્વતે પર્વત, નદીએ નદી, વને વન, તીર્થે તીર્થ, ગુફાએ ગુફાઓ અને સમુદ્રે સમુદ્ર પોતાની પ્રિય ભામાનુંજ સ્મરણ કરતો, અને અશ્રુપાત કરતો ફરવા લાગ્યો. તેનાં માત પિતા અને સગાં સહોદર વગેરેએ ઘણું ઘણું કહ્યું કે, તને કહે તો મદાલસા જેવી બીજી હજાર સ્ત્રીઓ પરણાવીએ; પણ તું પાછો ફર. તેણે કહ્યું:–હું શું પાછો ફરૂં ? મને તો મદાલસા લાવી આપો તો પાછો ફરૂં. અંતે કોઇનું માન્યું નહિ. તેથી સૌ દીલગીર થતાં પાછાં ગયાં. ઋતુધ્વજ બધે ફરી એક વનમાં આસન વાળી મદાલસાનુ સ્મરણ કરતો બેઠો. હવે અરજક કુંવરો સવારે મિત્ર ન મળવાથી અયોધ્યે આવ્યા, ત્યાં આવા માઠા સમાચાર સાંભળી મૂર્છામાં પડયા. શુદ્ધિમાં આવતાં રૂદન કરતાં મિત્રની શોધ કરવા ચાલ્યા. ચાલતાં ચાલતાં ઘણી મુદતે મેળાપ થયો. ઋતુધ્વજે કહ્યું:–ભાઇ ! શું મદાલસાને લાવ્યા છો ? તેણે કહ્યું:–ભાઇ ! તમે રાજ પાટ અને માતાપિતા મૂકી આ શું કર્યું ? ભાઇ ! કહો તો મદાલસા જેવી હજાર લાવી આપું, પણ તમે ઉઠો. ઋતુધ્વજે કહ્યું:–અરે ! કયાંય મદાલસા ન મળે ! તમો તમારે મંદિર ખુશીથી જાઓ, અને સુખેથી આનંદમાં રહો. મને જ્યારે મદાલસા કહેશે, સ્વામીનાથ ! પધારો. ત્યારે હું મારો જોગ ઉતારીશ. એટલું કહી આસન વાળી બેઠો. મદાલસા કેમ બોલતી નથી ? શું નિર્દય થઇ ? એવું ઘેલુ ઘેલું બોલવા લાગ્યો. અરજક પુત્રોએ સમજાવવાના ઘણાએ ઉપાય કર્યા, પણ તેનું કાંઇ વળ્યું નહિ. અંતે તેઓએ પણ તે સાથે અન્નોદક નહિ લેતાં, રહેવાનો વિચાર કર્યો. પ્રથમ તેણે જઇ પોતાના પિતાને જણાવ્યું કે પિતાજી ! અમારો મિત્ર મદાલસાના વિયોગથી જોગી થયો છે. માટે અમને પણ જોગીજ સમજવા, અને અમારી કાયા એમાંજ પાડીશું. તેના પિતાએ કહ્યું:–એમાં શું છે ? તમો આટલા દિવસ કેમ બોલ્યા નહિ. આ સિવાય બીજું કામ હોય તો કહો. ફિકર ન કરો, હું મદાલસાને લાવી આપીશ. ચાલો જઇ ત્રિપુરારીને રીઝવીએ. એજ કૃપાળુ મદાલસાને લાવી આપશે.

આ સાંભળી અરજકપુત્રો ખુશી થયા. અરજકે જઈ ભોળાશંભુને ખુશી કર્યા. શંભુ પ્રસન્ન થઇ બોલ્યાઃ–હે અરજક ! માગ, માગ, તારે જે ઇચ્છા હોય તે માગ, હું આપીશ. તેણે કહ્યું કે, પ્રભુ ! મદાલસા ગુમ થઇ ગઇ છે, તે મળે એવું કરો. શિવજી ઉપાય બતાવી કૈલાસ પ્રત્યે પધાર્યા. અરજકે પોતાના કુંવરોને ઋતુધ્વજને તેડી લાવવા મોકલ્યા અને પોતે યમુનાજી કિનારે જઇ શિવજીના કહેવા પ્રમાણે કર્યું કે; મદાલસા પતિનું સ્મરણ કરતી બહાર નીકળી. તેને પણ રસનાએ એક ઋતુધ્વજનુંજ રટણ લાગી રહ્યું હતું. બહાર આવી બોલી:–હું કયાં આવી છું ? મારા પ્રાણનાથ કયાં ગયા ? સ્વામીનાથ ! કેમ બોલતા નથી ? શું

મારી પરીક્ષા કરો છો ? આમ બોલતી બોલતી બેબાકળી બની આજુબાજુ જોવા લાગી. અરજકે કહ્યું:—સતી ! ધીરજ રાખો. સર્વ સારૂં થઈ રહેશે. એમ કહી પછી જે વાત બની હતી તે કહી બતાવી; ત્યારે મદાલસા તેને પાયે પડી દંડવત્ કર્યા અને કહ્યું કે મારો પતિ જે વનમાં છે તેની વાટ મને બતાવો. મારા પતિ જોગી થઈ કયાં બેઠા છે ? અરજકે કહ્યું:–તું મારી સાથે ચાલ, ત્યાં તારો પતિ તને મળશે. પછી અરજકે પોતાને ઘેર તેડી જઇ સ્ત્રીઓની સાથે એકાંત સ્થળમાં રાખી. સર્વ સારી રીતે સત્કાર કરવા લાગ્યાં.

અરજક કુંવરો ઋતુધ્વજને ઘણું ઘણું સમજાવી પોતાના પિતા પાસે લાવ્યા, પરંતુ તેતો નિરંતર એક મદાલસાના સ્મરણ સિવાય બીજી કશી વાત પણ કરતો નથી. આ પ્રમાણે તેને વિદેહી જેવો બનેલો જોઇ અરજક ઘણું આશ્ચર્ય પામ્યો. ઋતુધ્વજે તો ત્યાંથી આજ્ઞા માગી ઉઠી ચાલવા માંડયું, ત્યારે અરજકે કહ્યું કે, તમે મનમાંથી શરમ છોડી તમારે મન પસંદ ગમે તે માગો. ઋતુધ્વજે કહ્યું કે, હું જે માગું તે કોઇથી પણ અપાય તેમ નથી, ત્યારે વૃથા શું માગું ? અરજકે કહ્યું, ભલે તમને જેથા સુખ થાય તે માગો, હું આપીશ. આ ઉપરથી તેણે મદાલસા રાણીને માગી. અરજકે કહ્યું, રાજન ! પેલી કોટડી પાસે મદાલસા એવું નામ દઇ હાક મારો. જો તેમાં હશે તો બોલશે. ઋતુધ્વજે જેવી હાંક મારી કે કોટડીનાં કમાડ ભડાક દેતાં ઉઘડી પડયાં, ને અંદરથી મદાલસા હાથ જોડી નીકળી. ઋતુધ્વજને ગળે બાઝી પડી. બને થોડીવાર બોલ્યા ચાલ્યા વગર સ્તબ્ધ થઇ ગયાં. બંનેને હર્ષનાં અશ્રુ પડવા લાગ્યાં. આ જોઇ મિત્રો પણ ઘણા રાજી થયા. ઋતુધ્વજે મિત્રોનો અને તેના પિતાનો ઘણો ઉપકાર માન્યો. પછી પતિ–પત્ની ત્યાંથી રજા લઇ અયોધ્યે આવ્યાં, ત્યાં માતપિતા અને આખી નગરી તેમને જોઇ ઘણાં ખુશી થયાં. શેહરમાં ઘેર ઘેર આનદ ઓચ્છવ થઇ રહ્યો.

પાતાળકેતુ ફરીવાર અતિતનું રૂપ લઈ આવ્યો. તેની માયા અરજક કુંવરોએ અને ઋતુધ્વજે જાણી લીધી. પણ તેને નહિ મારતાં મૂકી દીધો. વળી એકવાર અતિતોને જમવાનું કહ્યું હતું, તેમાં પણ અતિતના વેશે આવ્યો, અને સર્વ ભોજન સામગ્રી માયા કરી ખાઇ ગયો. એ ઋતુધ્વજના જાણવામાં આવતાંજ તેના કેશ પકડી પૃથ્વીપર પછાડયો અને શીશ છેદી નાંખ્યું. તેવોજ ચીસ પાડતો મરણ પામ્યો. સર્વ ઠેકાણે જયજયકાર થયો, અને સૌ સુખી થયાં. પછી શત્રુજીત ઋતુધ્વજને રાજ સોંપી વનમાં તપ કરવા ગયો. ઋતુધ્વજે પ્રજાને પુત્ર સમાન પાળી તેની અત્યંત પ્રીતિ મેળવી પ્રજા પ્યારો થયો. મદાલસા સદા પોતાનો પતિવ્રત ધર્મ પાળી પતિ પ્રેમમાં ગરકાવ રહેતી. ઋતુધ્વજનો પણ તેવોજ પ્રેમ હતો. આ જોડું કદી પણ વિખુટું પડતું નહિ. અહા ! કેવો પતિ પત્નીમાં પ્રેમ ! ધન્ય છે દંપતી તમોને અને તમારા પ્રેમને ! ભારતભૂતિનાં દંપતીઓ ? તમારામાં આવો પ્રેમ ફરી કયારે પ્રકટ થશે ? હે ઇશ ! તું તેમને આવા પ્રેમની પ્રેરણા કર ? ! જેથી તેમનો સંસાર સુખરૂપ થાય.

સતીનર્મદા.

પ્રતિષ્ઠાનપૂરમાં રહેનાર સોમશર્મા નામે વિદ્વાન બ્રાહ્મણને ફક્ત નર્મદા નામે એક પુત્રી હતી. એ પુત્રીનો જન્મ થતાંજ તેની માતા મરણ પામી હતી. તેથી તેના પિતાએ તેનું પાલણ પોષણ કરી મોટી કરી; તેટલામાં દૈવ ઈચ્છાથી તે પણ મહા કાળજ્વરના દુઃખથી પીડાવા લાગ્યો. ત્યારે નર્મદાને પોતાના મિત્ર ચંદ્રચૂડને સોંપી. તે પણ થોડા વખતમાં મરણ પામ્યો. ચંદ્રચૂડને કંઈ સંતાન નહોતું, તેથી તેને પુત્રીની પેઠે પાળી પોષી મોટી કરી. વેદ, પુરાણાદિ શાસ્ત્રો, ઇતિહાસ, સંગીત, કાવ્ય, યોગ, ચિત્રકળા વગેરે વિદ્યા ભણાવી હુશિયાર કરી. જેવી તે હુશિયાર હતી, તેવીજ સ્વરૂપે સુંદર, સ્વભાવે સરળ, વિવેકી અને વિનયવાળી હતી, તેનું સગપણ તેના જેવાજ ગુણ સ્વભાવવાળા વર સાથે કર્યું હતું, પણ તે મરણ પામ્યો. એમ પાંચવાર સગપણ કર્યું, તે પાંચે વર દૈવ ઇચ્છાથી પરણ્યા પહેલાં મરણ પામ્યા. તેથી નર્મદાએ ઘણો ખેદ પામી તપશ્ચર્યા કરવાનો સંકલ્પ કર્યો. તેણે એટલી તપશ્ચર્યા કરી કે, તેના પ્રતાપથીજ તે એજ શરીરે સ્વર્ગમાં જવાને સમર્થ થઈ. તે નિત્ય દેવસભામાં જઈ અનેક શાસ્ત્ર અને વેદાંતના મતમતાંતર વિષે સંવાદો ચલાવતી. એક સમયે વેદાંત ચર્ચા ચલાવતાં એક પ્રશ્ન અધુરો રહ્યો, તેનો ઉત્તર કાલે આપીશ; એમ કહી ત્યાંથી ચાલતી થઇ. પણ કંઇ કારણે રસ્તામાંથી પાછી વળી દેવ સભામાં આવી; ત્યાં તેની મૂળની બેઠકને પવિત્ર કરતાં જોઇ તેણે પૂછ્યું કે, તમે આ શું કરો છો? ઈંદ્રે તેના દૈવતના પ્રભાવથી અચકતાં અચકતાં કહ્યું કે, દેવી! તમારા ગુણ પ્રભાવે તમારે સ્વર્ગમાં આવવું એ કાંઇ અશક્ય નથી, પરંતુ પોતાના પતિની સેવા કર્યા વિના જપ, તપ, ઈશ્વર પૂજન, દાન, ધ્યાન, શમ, દમ, અને દયા ઇત્યાદિ હજારો વ્રતથી પણ સ્ત્રી પવિત્ર થઈ શક્તિ નથી. તેથી આપ જે જગ્યાપર બેઠેલાં છો, તે જગ્યા અપવિત્ર થવાથી પવિત્ર કરીએ છીએ. માટે આ વિષે આપ કૃપા કરી ક્ષમા કરશો.

ઈંદ્રિનું આવું વચન સાંભળી નર્મદા ગદ્‌ગદ્ કંઠે થઈ બોલીઃ—'દેવતાઓ! મારાં માતપિતાએ પાંચવાર સગપણ કર્યું, પણ દૈવ ઇચ્છાથી એ પાંચે વર વિવાહ થયા પહેલાં દેવલોકને પામ્યા. એમાં મારો શો અપરાધ? હવે દેવસભા મને જે કલ્યાણનો માર્ગ હોય તે બતાવો.' દેવસભાએ કહ્યુંઃ—દેવી નર્મદે! એમાં તારો કંઇ અપરાધ નથી, હવે તમે પૃથ્વીપર જઈ "ત્રણ દિવસ સુધીમાં જે મારૂં પાણિ-ગ્રહણ કરશે, તેની જીવતાં સુધી હું મન, વચન, અને કર્મથી એકરૂપ થઈ સદા આજ્ઞામાં રહીશ, ને દેવતુલ્ય માનીશ, એમ જાહેર કરો. એમ કરતાં જો કોઈ ન પરણે તો પછી તમે એ પાપથી મુક્ત થશો." સતી નર્મદાએ તેમનાં

આવાં વચન સાંભળી પ્રયત્ન કરવા માંડયો, પણ તેના તેજથી અંજાઈ જઈ તે સાથે વરવાની કોઈ હીંમત કરે નહિ. છેવટ એક આધિ, વ્યાધિથી ભરપૂર, મહારોગથી ઘેરાએલો, સ્વભાવે ક્રુર, લોભી વગેરે સર્વ અવગુણથી ભરેલા કૌશિક નામે બ્રાહ્મણે હા પાડી. નર્મદાએ તેના રોગથી સુગ ન લાવતાં તથા લોકની હાંસીની દરકાર નહિ રાખતાં તરત તે સાથે હર્ષભેર લગ્ન કર્યું. પછી પતિની પૂર્ણ પ્રેમથી નિર્મળ ભાવે સેવા કરવા લાગી. રોગથી તેના શરીરમાં લોહી, પરૂ વહેતાં હતાં, તેની સુગ ન લાવતાં સાફ કરી; જે પ્રકારે તેનો રોગ મટે તેવા ઉપાય કરતી હતી. વિનય વાણીથી મધુર વચનો બોલી સંતોષ પમાડતી. કટુ વચન કે નિંદા જેવો એક પણ શબ્દ ઉચ્ચારતી નહિ. મળ મૂત્ર સાફ કરી શરીરે તેલ મર્દન કરી સ્નાન કરાવી ભોજન જમાડતી. પતિ ક્રોધ કરે કે તુચ્છકારે તોપણ પ્રેમ અને સરળ સ્વભાવથી વિવેક વચનો કહેતીઃ-'પ્રાણાધાર ! મારાથી કંઈ અપરાધ ભૂલથી થયો હોય તો ક્ષમા કરશો. આપને શું પ્રિય છે ? આપ જે કહો તે કરવા તૈયાર છું.' એવાં એવાં પ્રિય વચનો કહી તેનો ગુસ્સો ઉતારી ખુશી કરતી. મનુષ્ય ગમે તેવું હોય પણ તેને સદ્‌ગુણી કે દુર્ગુણીની સોબત લાગે છે, તો તેને સદ્‌ગુણ યા દુર્ગુણની અસર લાગ્યા વગર રહેતી નથી. તેની પેઠે આ રોગી કૌશિક બ્રાહ્મણને મહાજ્ઞાની સતી નર્મદાનો સંગ થયો, ત્યારથી તેની અજ્ઞાનતા ધીરે ધીરે દૂર થવા લાગી. એક વખતે તેણે કહ્યુંઃ-સતી ! મેં આ પૃથ્વીપર જન્મ લીધો, ત્યારથી તે આજ સુધી ઘણાં પાપ કર્મ કર્યાં હશે; તે પાપથી મુક્ત કરનાર ભાગીરથી ગંગા જેવું એકે ઉત્તમ તીર્થ નથી. માટે મને આ યાત્રા હરકોઈ પ્રકારે કરાવ.

સતી નર્મદા પતિનાં આવાં વચન સાંભળી ઘણી ખુશી થઈ. પતિને સાથે તેડી જઈ અનેક તીર્થો કરાવ્યાં. બેઉ પ્રતિષ્ઠાનપુર તરફ આવતાં હતાં, ત્યાં રસ્તામાં મહાન્ તપનિધાન માંડવ્ય મુનિને ચોરીના ખોટા બાનાથી શૂળીએ ચડાવેલા તેની પાસે થઈ અંધારી રાત્રે નીકળ્યાં. તેમાં અજાણતાં તેનો સ્પર્શ થઈ જવાથી જરા પીડાયા હશે. તેથી માંડવ્ય મુનિએ તેને શાપ આપ્યો કેઃ-"હું આવા દુઃખમાં છતાં મને સ્પર્શ કરનાર મહા દુઃખી થઈ યમદ્વાર જાઓ." આવો કઠણ શાપ સાંભળી નર્મદા ઘણી દીલગીર થઈ. તેણે પણ ઈશ્વર આરાધના કરી પોતાના સતીત્વ પ્રતાપથી પતિને બચાવવાનો પ્રયત્ન કર્યો. આ બંનેના ધર્મ સંકટ વાદમાં પ્રજા દુઃખી થવા લાગી. તેથી સર્વ દેવોએ મળી સતી નર્મદાજીને વિનવવા સતી અનસૂયાજીને મોકલ્યાં. તેઓ પ્રતિષ્ઠાનપુર નર્મદા પાસે આવ્યાં. સતી નર્મદાએ સતી માતા અનસૂયાજીને આવતાં જોઈ સામે ગયાં અને તેડી લાવી બેસાર્યાં, પ્રેમપૂર્વક આદર સત્કાર કર્યો, અનસૂયાજીએ કહ્યુંઃ-સતી નર્મદે ! તું કુશળ છે ? તારા પ્રાણનાથના મુખ દર્શથી આનંદમાં રહે છે ? તારો પતિવ્રતા ધર્મ કુશળ છે ? દેવી ! જે સ્ત્રી પતિની પૂર્ણ પ્રેમથી સેવા કરી પ્રાણ જતાં પણ તેનું રક્ષણ કરે છે, સાસુ, સસરાને તીર્થ રૂપ ગણે છે, પતિને અનેક કાર્યોમાં સલાહ અને સહા-

યતા આપે છે, નિરંતર મધુર વચને બોલાવી સંતોષ પમાડે છે, તથા જે ચોરાશી લાખ અવતારમાં મનુષ્ય દેહ મેળવી જગતને સુખ અને હિતકારક કાર્યો કરે છે તેને ધન્ય છે! જે જગતને ઉપકાર કરવામાં પ્રીતિવાળાં થતાં નથી. તેના જીવિત, ધન, ધામ, ધરા અને ગુણો વગેરે સર્વ વૃથા છે. જેણે સદ્ધર્મે વર્તિ બંને કુળનો ઉદ્ધાર કર્યો, તેનેજ કુળવાન કન્યા સમજવી. તેણેજ અસાર સંસારને સાર રૂપ કર્યો. વગેરે સુબોધ વચનો **અનસૂયાજીએ** કહ્યાં.

આ સાંભળી સતી **નર્મદાએ** કહ્યુંઃ—ત્રૈલોક્યને પવિત્ર કરનાર ભગવતિ **અનસૂયા** માતા! આપ જેવાં સતીઓના પગની હું રજ છું. હું કશા લેખામાં નથી. આપ દીન દાસીપર કૃપાદષ્ટિ કરી પધાર્યા, એ ઘણું સારૂં કર્યું. આપ મારા યોગ્ય આજ્ઞા હોય તે કહો. સતી **અનસૂયાજીએ** કહ્યુંઃ–દેવી **નર્મદે**! ત તારા પતિના સુખના કાર્ય માટે જે ઉપાય કર્યો છે, તેથી પ્રજા દુઃખી થાય છે. માટે સર્વને સુખ થાય તેમ કર. આવી મોટી આપત્તિને ગ્રહણ કરી સર્વનો ઉદ્ધાર કરીશ, તેથી તને કાંઇ પણ દુઃખ થશે નહિ. **નર્મદાએ** તેમના કહેવા પ્રમાણે કર્યું કે પ્રજાની પીડા દૂર થઇ. એ જોઈ **અનસૂયાજી** ઇશ્વિર પ્રાર્થના કરી બોલ્યાંઃ— "જો મેં રૂપથી, શીલથી, બુદ્ધિથી, વાણીથી અને કર્મથી મારા પ્રાણપતિને પ્રસન્ન રાખ્યા હોય, તથા એક ભાવથી પ્રભુ ભક્તિ કરી હોય તો–આ બ્રાહ્મણ રોગ રહિત થઈ, સ્ત્રી સાથે ઘણાં વર્ષ સુખ ભોગવો." સતીનાં આવાં વચનોથી ઇશ્વિર કૃપાએ **નર્મદાનો** પતિ **માંડવ્ય** મુનિના શાપથી મુક્ત થઇ સર્વ પ્રકારે સુખી થયો. તેથી દેવોએ જયજયકાર કરી પુષ્પ વૃષ્ટિ કરી. સતી **નર્મદા** **અનસૂયા** માતાને ચરણે પડી–પગે લાગી. પછી **અનસૂયામાતા** આશીર્વાદ દઈ પોતાને આશ્રમે ગયાં. અહો! સતીનો કેવો પ્રતાપ!!!

સુકન્યા.

સુકન્યા—**મનુનો** પુત્ર **શર્યાતિ** નામે રાજા હતો, તેની આ પુત્રી થાય. એ રાજાને ફક્ત આ એકજ બાળક હતું. તે કન્યા સ્વરૂપે સુંદર અને મનોહર હતી, તેમજ વિદ્યાકળામાં પણ કુશળ હતી. **શર્યાતિ** રાજાના શહેરથી થોડેક છેટે માનસરોવરના સરખું એક સુંદર મોટું સરોવર હતું. તેનું પાણી સ્વચ્છ અને મિષ્ટ હતું, અંદર અનેક પ્રકારનાં કમળો ખીલી રહ્યાં હતાં. આજુ-બાજુ ચોતરફ સાગ, સીસમ, દેવદાર, તમાલ, કેતકી, કેવડો, આસોપાલવ, આંબા, કેળ, પીપર, પીપળા, વડ, કદમ, લીંબુ, બદામ, ફણસ, સોપારી, જાંબુ, આંબલી, લીંબડો, વગેરે ઝાડોની ઝાડી ઝુકી રહી હતી. તેમાં હરણ, હંસ, મેના, પોપટ,

મોર, કોયલ, કાંકાકૌવા, કબુતર, ચકવા, ચકવી, સારસ, સિંહ, ચિત્તા, વાઘ, સાબર, રોઝ, અને રીંછ વગેરે પશુપક્ષીઓ આનદથી આમતેમ વિહાર કરતાં હતાં. તેમાં ગુલાબ, જાઈ, જુઇ, મોગરો, ચંબેલી, કરણ, કેતકી, ગુલદાવદી વગેરે અનેક પ્રકારનાં ફુલ તથા ફળ અને કદમૂળથી એ વન ભરપૂર અને સુશોભિત હતું. આવા મનોહર રમણિય વનમાં મહાત્મા ભૃગુઋષિના પુત્ર ચ્યવન મુનિનો આશ્રમ હતો. આ તપસ્વી મુનિના તપોબળથી એ આશ્રમમાં રહેલાં પશુપક્ષીઓ કોઈ કોઇને પીડા કરી શકતાં નહોતાં. સર્વ હળીમળીને આનદથી મગ્નપણે રહેતાં. મુનિએ દૃઢ આસન વાળી સર્વ ઇંદ્રિયોને જીતી અન્ન જળનો ત્યાગ કર્યો હતો અને પ્રાણાયામ કરી એકાગ્ર ચિત્તે તપશ્ચર્યા કરતા હતા. ધણાક કાળે તેનાપર રાફડો થઈ ગયો હતો, માથે ઝાડો ઉગી ગયાં હતાં, ફક્ત રાફડામાં બે છિદ્રો જણાતા હતાં.

એક સમયે શર્યાતિ રાજા પોતાની રાણીઓ અને સુકન્યા સહિત તે મુનિના આશ્રમવાળા વનમાં સુંદર સરોવર હતું, ત્યાં વિહાર કરવા આવ્યો. રાજા-રાણી તે સરોવર અને આજુબાજુના વનમાં રમવા લાગ્યાં. સુકન્યા પોતાની સખીઓ સાથે ફળફુલ વીણતી અને રમતી ચ્યવન મુનિના રાફડા પાસે આવી. રાફડામાં બે છિદ્રો જોવામાં આવ્યાં. તે પતગીઆ જેવાં ચળકતા હતાં. બાળા તેને જોઈ આ શું હશે ? એમ જાણી બાળકપણાથી તે છિદ્રોમાં સળીઓ ખોસી, તેથી કરી મુનિની બંને આંખો ફુટી ગઇ, અને લોહીની ધારા વહેવા લાગી; ત્યારે સુકન્યાએ જાણ્યું કે આમાં કંઇ હશે. એમ ધારી પોતાની રમતની ધુનમાં રમવા લાગી.

ચ્યવન મુનિ આંખો ફુટવાથી મહા ક્રોધાયમાન થયા. આ વખતે મુનિ કઇ બોલ્યા તે બાળા સમજી શકી નહિ, તેણે તરત આ આશ્ચર્યકારક બનાવની હકીકત પિતા પાસે જઇ કહી કે, હે પિતાશ્રી ! મહાત્મા તપસ્વિ ચ્યવન મુનિના આશ્રમમાં મેં રમતાં રમતાં લતાઓથી વિંટાએલો એક અતિ મજબુત બે તેજસ્વી છિદ્રોવાળો રાફડો દીઠો. તે બે છિદ્રો પતંગીઆની પેઠે ઝગઝગતાં જોવામાં આવતાં, તેમાં મેં પતંગીઆની શંકાએ સળીઓ ખોસી. તે વખતે રાફડામાંથી કઇ શબ્દનો ગણગણાટ થતો હતો. તે મારા સાંભળવામાં આવ્યો હતો એ શબ્દ સાંભતાંજ હું આશ્ચર્ય પામી. તે રાફડામાં શું હશે ! સળીઓ ખોસવાથી શું થયું, અને શું વાણી થઇ ! એ મારા સમજવામાં આવ્યું નથી.

સુકન્યાનાં આવાં વચન સાંભળી રાજાએ નક્કી કર્યું કે મહાત્મા ચ્યવન મુનિનો કંઇ પણ અપરાધ આથી થયો છે. એમ જાણી તરત તે રાફડા પાસે આવ્યા. અંદર મુનિ દુઃખ પામતા હશે એમ જાણી, ઉપર જે રાફડો બંધાઇ ગયો હતો તે ફોડાવી નાંખ્યો. રાજા બે કર જોડી નમ્રતાપૂર્વક લાંબો થઇ ઋષિના પગમાં પડયો. દડવત્ પ્રણામ કરી પ્રાર્થના કરવા લાગ્યો કે, હે મહા મુનિ ! મારી બાળ કન્યાએ રમતાં રમતાં રમતની ધુનમાં અજાણપણે આપનો અપરાધ કર્યો

છે તે કૃપા કરી ક્ષમા કરો. આપ જેવા મહાત્માને ક્રોધ હોય નહિ. મુનિએ કહ્યું:–હે રાજન ! હુ કદી ક્રોધ કરતો નથી. તારી પુત્રીએ મારી આંખો ફોડી, તોપણ મેં શાપ દીધો નથી. હું વૃદ્ધ છું અને વળી આંધળો થયો. હવે મારી ચાકરી કોણ કરશે ? રાજાએ કહ્યું કે તમો ચિંતા ન કરો. હુ આપની સેવામાં મારા ચાકરો આપીશ. આપ ક્ષમા કરો.

મુનિએ કહ્યું:—રાજન ! ઘડપણ મહા બુરૂં છે, વળી તેમાં અંધાપો આવ્યો એથી ઘણી વિપત્તિ પડશે, આવા અવસરે ચાકરો જોઇએ તેવી રીતે મરજી કદી સાચવી શકેજ નહિ. ને અવસરે તો સંબંધમાં જોડાએલા મનુષ્ય સિવાય બીજા કોઇથી જોઇએ તેવી મરજી સાચવી શકાતી નથી. મારી આ અવસ્થા થઈ, હું તપસ્વિ છું, હવે મારે યોગ સાધનમાં મારી સાથે સંબધમાં જોડાએલા મનુષ્ય વિના પૂર્ણ હરકત આવી પડી. મારા યોગમાં ભંગ થશે. તમારા ચાકર શું મારૂં કરી શકે? જો તમે ક્ષમા માગતા હો, અને મારા તપમાં ભંગ કરવાને ન ઇચ્છતા હો તો આ તમારી પુત્રી સુકન્યાનું કન્યાદાન મને આપો. એમ કરવાથી તમારૂ આ લોક ને પરલોકમાં કલ્યાણ થશે. કારણ હું ઉત્તમ નિયમવાળો તપસ્વિ છુ.

રાજા મુનિનાં આવા વચન સાંભળી ચિંતાતુર થયો. કંઈ બોલ્યા વગર વિચાર કરવા લાગ્યો, કે મારી દેવપુત્રી સરખી કન્યા આ વૃદ્ધ અંધને શી રીતે આપી શકુ ? જાણતાં છતાં આવી સુકોમળ કન્યાના સુખનો નાશ કેમ કરાય ? આ મુનિને કન્યાદાન આપુ તો મારી કન્યાનો જન્મારો શી રીતે જાય ? ના, ના, તે કન્યા તો તેના જેવાજ સદ્‌ગુણી ને યુવાન પુરૂષને શોધી આપવી જોઇએ. ભલે મને દુઃખ પડો, પણ આ કન્યા મુનિને તો આપવી નહિ. આવો વિચાર કરતો કરતો ને ખેદ પામતો રાજા પોતાને ઘેર ગયો. રાજસભા બોલાવી મંત્રી મંડળનો અભિપ્રાય લેવા માંડયો. મંત્રીઓએ કહ્યું કે, મહારાજ ! આ ધર્મ સંકટ આવ્યુ છે. આવી રૂપવતી ને સુકોમળ કન્યા આ વૃદ્ધ અંધ મુનિને કેમ અપાય ! તેના દિવસ વનમાં કેમ જાય ! આ પ્રમાણે રાજા અને મંત્રી મંડળ ચિંતામાં ગરકાવ હતું; ત્યાં અકસ્માત્ સુકન્યા આવી ઉભી રહી. તેણે કહ્યું:–પિતાજી ! આજ આપ કેમ આનંદમાં જણાતા નથી ! એવડી બધી આપને શું ચિંતા આવી પડી છે ! તેમ મંત્રી મંડળ પણ કેમ ચિંતાતુર દેખાય છે ? હું હમેશાં જ્યારે આવું છું, ત્યારે સર્વ આનંદમય દેખુ છું; પણ આજે કંઈ છે ખરૂં. માટે પિતાજી ! તમારી પ્રિય બાળાને કૃપા કરી જણાવો. શું મુનિએ કાંઈ કહ્યુ છે ? તમે મારે માટે આટલું બધુ દુઃખ પામી વ્યાકુળ શા શાટે થાઓ છો ? હું તે મુનિશ્વરના આશ્રમમાં જાઉ છું. મારાથી પીડા પામેલાને ધીરા પાડી મારૂ શરીર તેને અર્પણ કરીશ. હું તેની અહોનિશ સેવા કરી તેમને તપ કરવામાં મદદગાર થઇશ અને તે જે રીતે પ્રસન્ન થશે તે હું કરીશ. આપ ચિંતા ન કરો. આ મારો દૃઢ

નિશ્ચય થયો છે. તેમાં અટકાવ નહિ કરતાં મારી પ્રાર્થના માન્ય કરશો.

શર્યાતિ રાજાએ સુકન્યાનાં આવાં વચન સાંભળી મંત્રી મંડળ સાંભળતાં કહ્યું કે, પ્રિય પુત્રી ! તું હજુ બાળા છે. વળી અબળા જાતિ છે. તેથી વનમાં રહી અંધ અને વૃદ્ધ મુનિની શી રીતે સેવા કરીશ ? હું મારા સુખ સારૂ વૃદ્ધ અને આંધળા ઋષિને તારા સરખી મનોહર, રૂપ લાવણ્યતાવાળી કન્યાને કેમ આપું ? માબાપે કન્યાને સ્વરૂપે સુંદર, વયે જુવાન, ગુણની કેવળ ખાણ, સર્વ વિદ્યામાં કુશળ, પાપ અને દારિદ્ર જેના કુળમાં પણ ન હોય, ધન, ધાન્ય, વગેરે સંપત્તિથી ભરપૂર હોય એવા વરને શોધી કન્યાદાન આપવું જોઇએ. તું બુદ્ધિશાળી છે. માટે હઠ ન કર. બાળા ! તારાં વિશાળ નેત્ર અને મનોહર સ્વરૂપ કયાં ! અને આ વનમાં રહેનાર વૃદ્ધ મુની કયાં ! હે કમળ સરખા નેત્રવાળી ! તે નિરંતર પર્ણકૂટીમાં રહેનાર છે. તેને મારાથી તારો પતિ કેમ કરી શકાય ? મારૂં અને સૈન્યનું ભલે મૃત્યુ થાય અને સર્વસ્વ નાશ પામે, તોપણ શું થયું ? જે બનવાનું હશે તે બનશે, હું ધીરજ નહિ છોડું. પુત્રી ! તું સ્થિર થા ! હું અંધ મુનિને કદી આપીશ નહિ.

સુકન્યાએ પિતાશ્રીનાં આવાં વચન સાંળળી પ્રસન્ન મુખે કહ્યુંઃ—પિતાજી ! તમો મારે માટે કશી ચિંતા કરશો નહિ. તમો સુખેથી એ તપસ્વિ મુનિને મારૂં કન્યાદાન આપો. મને એથી ઘણો સંતોષ થશે, તમે ગમે તેટલું કરશો, પણ હવે હું બીજા સાથે વરનાર નથી. મેં મારા મનથી તેને પતિ કરી લીધા છે. મારે તો હવે તેજ પતિ છે. એ સાથે રહેવાથી હું ઘણો સંતોષ પામીશ. મનુષ્ય વગરના વનમાં હું તપ કરી પૂર્ણ ભક્તિવડે પતિ સેવામાં તત્પર રહીશ. હું સતી ધર્મમાં પ્રવિણ રહી યોગ્ય આચરણ કરીશ. પિતાજી ! મને આ અસાર સંસારના ભોગ વિલાસની ઇચ્છા નથી. મારૂં ચિત્ત સ્વચ્છ છે. આ સંસારની માયા ખોટી છે. પિતા, માતા, કુટુંબ, પરિવાર, ભાઇબેન, રાજપાટ, એ બધું અચળ નથી. સર્વ આ દેખાતું જગત્ નાશવંત છે. મૃત્યુ કોઇને છોડતું નથી. માટે આ સંસારમાં અવતરી ધર્મ, કર્મ, પતિ સેવા, પરોપકાર વગેરેમાં તત્પર રહી જેટલું બને તેટલું કરી લેવું જોઇએ. અંતે સુકૃત્ય સાથે આવશે. માટે હે પિતા ! મારે માટે કશી ચિંતા રાખશો માં. આ મારા નિશ્ચયમાં ભંગ કરશો નહિ. મારાં ધન્ય ભાગ્ય કે આવા તપસ્વિ મહા મુનિ જેવા મારે પતિ થશે. તેની સેવાવડે મારો ઉદ્ધાર થશે. એ મહા મુનિને ઉપરથી અધ અને વૃદ્ધ જાણી, અંધ અને વૃદ્ધ જાણશો નહિ. તે ગ્નાન ચક્ષુએ કરી સર્વ દેખે છે, અને તપોબળે કરી તે યુવાન છે. એ તમો નક્કી જાણજો. માટે આ મુનિને મારૂં કન્યાદાન આપો.

સુકન્યાનાં આવાં વચન સાંભળી રાજા અને મંત્રિમંડળ સૌ ઘણા આશ્ચર્ય પામ્યા, અને ઘણા પ્રસન્ન થયા. રાજા અને મંત્રિમંડળ ઋષિના આશ્રમમાં

ગયા. તેમણે પ્રણામ કરી કહ્યું કે હે મુનિ ! આપની સેવા કરવા આ મારી પુત્રી આપને અર્પણ કરૂં છું. તે આપ વિધિસર ક્રિયા કરી ગ્રહણ કરો. આ પ્રમાણે કહી **શર્યાતિ** રાજાએ વિવાહ શાસ્ત્ર વિધિએ કરી મુનિને કન્યાદાન આપ્યું. તેથી મુનિએ રાજી થઇ આશીર્વાદ આપ્યો. રાજાએ પહેરામણી આપવા માંડી તે મુનિએ લીધી નહિ. રાજા તથા સૈન્યે ખુશી થતાં પોતાને ઘેર જવાની તૈયારી કરી, ત્યારે **સુક-ન્યાએ** કહ્યુ કે, પિતાજી મારાં ઉત્તમ વસ્ત્રો, ઘરેણાં વગેરે સર્વ અલંકારો લઇ જાઓ. હું મુનિની સ્ત્રી તપશ્ચર્યાને યોગ્ય વેષ ધારણ કરી મારા પતિની સેવા કરીશ. તેથી ત્રિલોકમાં આપની કીર્તિ અચળ રહેશે. હું પરલોકના સુખને માટે મારા પ્રિય પતિની અહોનિશ સેવા કરીશ અને જેમ સતી **સીતા**, **સાવિત્રી**, **અનસૂયા**, **લક્ષ્મીજી**, **પાર્વતીજી**, વગેરે સતીઓએ પોતાના પતિમાં પ્રેમ રાખી પોતાનું શિયળ ભંગ થવા દીધુ નથી, તેમ હું મારા પ્રિય પતિ **ચ્યવન** મુનિની ધર્મપત્નિ થઇ છું, તો હું મારૂં શિયળ સાચવી પતિ સેવામાં તત્પર રહીશ. હું મારો પતિવ્રતા ધર્મ ગમે તે થશે પણ ચુકીશ નહિ. આપ મારે વિષે કઇપણ ચિંતા કરશો નહિ.

સુકન્યાનાં આવાં વચનો સાંભળી રાજાને હર્ષનાં આંસુ આવી ગયાં. તેને વલ્કલ અને મૃગચર્મ પહેરેલાં જોઇ રાણીઓ પણ હર્ષનાં આંસુ પાડી રોવા લાગી. આ વખતે સર્વ વ્યાકુળ ચિત્તે થઇ ગયાં. **સુકન્યાને** મુનિ પાસે રાખી તેની રજા લઈ સર્વ શહેરમાં આવ્યાં. રાજાના ગયા પછી ધર્મમાં એક નિષ્ઠાવાળી **સુકન્યા** અગ્નિ-હોત્રના કાર્યમાં પતિને મદદ કરી સેવા કરવા લાગી. નિત્ય વનમાં જઇ ફળ, ફુલ, કંદ, મૂળ, અને લાકડાં વગેરે લાવી હાજર કરતી. ન્હાવાને પાણી, પહેરવાને વસ્ત્ર અને બેસવાને મૃગચર્મ એ સર્વ તૈયાર રાખતી. પ્રાતઃકાળે અને સાયંકાળે નિત્ય કર્મ કરવાની જવ, તલ, દર્ભ, પંચપાત્ર, ભસ્મ, કમંડળ વગેરે સામગ્રી લાવી સમીપે મૂકતી. નિત્ય કર્મ થયા બાદ નિત્ય નિમિત વખતે ભોજન કરાવતી અને સુવાને વખતે શય્યા તૈયાર કરતી. આ પ્રમાણે થયા પછી પતિની આજ્ઞા લઇ પોતે ફળાહાર કરતી. આ સિવાય પતિ જે આજ્ઞા કરે તે કરવા તૈયાર રહેતી. પતિને નિત્ય નિવૃત્તિના પ્રસંગે પતિવ્રતાના ધર્મ પૂછતી, ઉષ્ણકાળમાં પખાથી પવન નાંખતી અને શીતકાળમાં અગ્નિ સળગાવી તપાડતી. બે ઘડી રાત્રિ હોય તે વખતે પતિથી પહેલાં ઉઠતી ને સર્વ સામગ્રી નિત્ય પ્રમાણે કરતી. આશ્રમમાં કોઇ પણ અતિથી આવે તો તેનો પ્રેમપૂર્વક આદરસત્કાર કરતી. પાતને સદા સંતોષી પોતે આનંદમાં રહેતી.

એક પ્રસંગે સૂર્ય પુત્ર **અશ્વિનીકુમાર** રમતા રમતા **ચ્યવન** મુનિના આશ્રમ પાસે આવ્યા. તે વખતે મનોહર રૂપવંતી **સુકન્યા** સ્નાન કરી આવતી હતી, તે તેના જોવામાં આવી. દેવકન્યા સરખી તે કન્યાને જોઇ **અશ્વિનીકુમારે** પાસે જઇ કહ્યું:-હે સુંદરી ! ઉભી રહે ? હું પુછું તેનો જેવો હોય તેવો ઉત્તર આપજે. તું

કોની દીકરી છે? તારો પતિ કોણ છે? તું આ સરોવરમાં સ્નાન કરવા કેમ આવી છે? તુ લક્ષ્મી જેવી મહા તેજસ્વિ છે, તારો સુકોમળ પગ પૃથ્વીપર મૂકી ચાલે છે, તેથી મારા મનમાં ઘણો ખેદ થાય છે. સુંદરી! તું વિમાનમાં બેસવા યોગ્ય છે, તે તું આ પગે કરી વનમાં કેમ ચાલે છે? સુંદર વસ્ત્ર ધારણ કર્યા વગર આ વલ્કલ કેમ પહેરે છે? અને આ વનમાં કેમ આવી છે? સખી સાથે કેમ નીકતી નથી? તું કોઇ રાજ્યકન્યા છે કે અપ્સરા છે? તારો જે માબાપને ઘેર જન્મ થયો હશે તેનાં ધન્ય ભાગ્ય સમજું છું. તારો પતિ પણ મહા ભાગ્યશાળી હોવો જોઇએ. સુંદરી! જે હોય તે સત્ય કહે.

સુકન્યાએ અશ્વિનીકુમારનાં આવાં વચન સાંભળી કહ્યું કેઃ—હે મહાત્મા હું શર્યાતિ રાજાની કન્યા છુ. મહાત્મા ચ્યવન મુનિની પતિવ્રતા સ્ત્રી છું. મારા પિતાએ મુનિ સાથે પરણાવી છે. મારા પતિ મોટા તપસ્વી છે. પરંતુ તે અંધ અને વૃદ્ધ છે. તેથી હું અહોનિશ પતિ સેવામાં હાજર રહું છું. સ્નાન કરવા ગઇ હતી, ત્યાંથી આશ્રમમાં જાઉ છું. આપ કોણ છો? અહીં શા માટે આવ્યા છો? મારા પતિ આશ્રમમાં છે, ત્યાં આપ પધારી અમારો આશ્રમ પવિત્ર કરશો. અશ્વિનીકુમારે તેનાં આવાં મધુર વચન સાંભળી કહ્યું કેઃ—પતિવ્રતે! તારા પિતાએ આવા અંધ તપસ્વીને કન્યાદાન કેમ આપ્યુ? આકાશમાં વાદળાંની ઘટાની અદર જેમ વિજળીનો પ્રકાશ શોભે છે, તેમ તું આ ઘટ અને શોભાયમાન વનમાં વિજળીની પેઠે શોભે છે. તારા જેવી સુંદર અગવાળી કન્યા અમે આજ સુધી ક્યાંએ દીઠી નથી. હે સુંદર કેશવાળી! તું ઉત્તમ વસ્ત્ર ધારણ કરવાને યોગ્ય છે. આ વલ્કલ અને મૃગચર્મ ધારણ કરવાને તારૂં અગ યોગ્ય નથી. અરે! ખરેખર દૈવની ગતિ ન્યારી છે. તેની અદ્ભૂત કળા કોઇના જાણવામાં આવતી નથી. તારા જેવી વિશાળ નેત્રવાળીએ આ વનમાં રહી, અંધ અને વૃદ્ધ પતિને સેવવા યોગ્ય નથી, તું શા માટે આ વનમાં દુઃખ ભોગવે છે? આવા પતિ સાથે તું શોભતી નથી. તારી અવસ્થા યુવાન છે. તેને આવો અંધ અને વૃદ્ધ પતિ વિધાતાએ આપ્યો! ખરેખર વિધાતા પણ ઓછી સમજણી લાગે છે. આવા પતિ સાથે તું કેમ રહી શકે છે? આવા પતિની સેવા કરી તારી અવસ્થા શા માટે ફોકટ કાઢે છે? તારૂ ભરણપોષણ કરવામાં પણ તે અસમર્થ છે. માટે ભાગ્યહીન પતિ શા માટે સેવે છે? તું રાજ્યકન્યા થઈ સંસાર સુખ જાણે છે છતાં દુર્ભાગણી થઇ આ મનુષ્ય વગરના વનમાં ફોકટ વખત શા માટે કાઢે છે? તું સંસાર સુખ ભોગવવા માટે અમારા બેમાંથી એકને પતિ કર. આ વૃદ્ધ અને અંધને છોડીને દેવતાઓના સુશોભિત બાગમાં અનેક પ્રકારનાં સુખ ભોગવ.

સુકન્યા તેમનાં આવાં વચન સાંભળતાંજ કોપાયમાન થઇ ગઇ; પરંતુ ધીરંજ રાખી બોલી કેઃ—દેવ! તમે સૂર્ય પુત્ર થઇને શું તમે દેવતાઓમાં માન

પામેલી ધર્મિષ્ટ સ્વભાવવાળી સતી સ્ત્રીઓના ધર્મ જાણતા નથી ? હું મારા સતી ધર્મમાં વર્ત્તનારી છું. તેને આવાં વચન તમારે કહેવાં યોગ્ય નથી. મારા પિતાએ મને યોગ્ય ધર્મ પાળનાર મહાત્મા ચ્યવન ઋષિને આપી છે. તેની હું પુજ્ય ભાવથી સેવા કરૂં છું. આ સૃષ્ટિમાં ગમે તો દેવ, મનુષ્ય કે ગાંધર્વ હોય, તો પણ સતી સ્ત્રીને પોતાના સ્વામીનાથ સિવાય કોઇ વહાલો નથી. સતીને પોતાનો સ્વામી ગમે તેવો મળ્યો હોય, તોપણ તેને તેજ દેવરૂપ છે. એવી ભાવના રાખી નિત્ય તેની આજ્ઞામાં રહી સેવા કરે તોજ સ્ત્રીનું કલ્યાણ છે. કશ્યપથી ઉત્પન્ન થયેલા કર્મના સાક્ષી સૂર્યદેવ ત્રણે લોકમાં સાક્ષી રૂપે જોયા કરે છે. તેના આપ પુત્ર તે મને દુષ્ટ સ્ત્રીઓએ આચરેલો માર્ગ બતાવો છો ! આવી રીતે બોલવું આપ સરખાને યોગ્ય નથી ! ! સારા કુળની કન્યા પોતાના પતિનો ત્યાગ કરી બીજો ગમે તેવો પુરૂષ હોય, તોપણ તેને ભજેજ નહિ, કે સામુ પણ જુએ નહિ. તમે દેવ આ અસારસંસારમાં ધર્મનો નિર્ણય સારી પેઠે જાણો છો; છતાં આવાં અઘટીત વાક્યો બોલો છો ? ! સદ્‌ગુણી પુરૂષના મોંમાં આવાં વચન ઘટે નહિ. ખેર ! તમે સતીનો ધર્મ જાણો છો, માટે તમારી જ્યાં ઇચ્છા હોય ત્યાં તરત જતા રહો. નહિ જાઓ તો હું તમને શાપ દઇશ.

અશ્વિનીકુમાર તેમનાં આવાં વચન સાંભળી અત્યત આશ્ચર્ય પામ્યા. આ સતી શાપ આપશે અને મુનીશ્વર કોપ કરશે, એમ જાણી કહ્યું કે, પતિવ્રતે ! અમે તમારી પરીક્ષા જોવા માટેજ આવાં વચનો કહ્યાં છે, માટે ક્ષમા કરો. અમે તમારો ધર્મ જોઇ અત્યત પ્રસન્ન થયા છીએ. માટે વરદાન માગો. તમારા કલ્યાણ માટે તમે જે માગશો તે અમે આપીશું. અમે દેવતાઓના મોટા વૈદ્ય છીએ, માટે તમારા પતિને અમારા જેવોજ યુવાન, રૂપાળો અને દેખતો કરીશું. અમારા જેવુંજ તેનું સ્વરૂપ થઈ જશે. અમે ત્રણે એક સરખા થઈ જઇશું. તેમાંથી તમે તમારા પતિને શોધી લેજો.

અશ્વિનીકુમારનાં આવાં વચન સાંભળી સુકન્યા વિસ્મય પામી. પોતાના પતિ પાસે જઈ કહ્યું કે, સૂર્યના પુત્ર બે અશ્વિનીકુમાર નામના દેવ આપના આશ્રમમાં આવ્યા છે. તે કહે છે જે તારા પતિનું શરીર ઔષધથી અમારા જેવું દિવ્ય કરી દઇએ, પછી અમારા ત્રણમાંથી પતિ શોધી લેજે; એ અદ્‌ભૂત કાર્ય વિષે શું કરવું તે કહો. આ કાર્યમાં પ્રપંચ જેવું હોય તો હું જાણતી નથી, કારણ દેવતાઓની માયા જાણવી અશક્ય છે. માટે જેવી આપની મરજી હોય તેમ કરીએ. ચ્યવન મુનિએ આ સાંભળી કહ્યું કે, તું અહીં તેડી લાવ. તેમના કહેવા પ્રમાણે હા પાડવી. તેમાં શંકાવું નહિ–પતિની આજ્ઞા પ્રમાણે તેમને આશ્રમમાં તેડી લાવી. ઋષિ અશ્વિનીકુમારના કહેવા પ્રમાણે કરવાથી રૂપ સુંદર અને યુવાન જેવા થયા, અંધાપો દૂર થયો. સતી પતિને હર્ષથી ભેટી. ચ્યવન મુનિએ અશ્વિનીકુમારને કહ્યું કે, દેવ ! તમે મારા

ઉપર ઘણો ઉપકાર કર્યો છે. મારો અંધાપો અને વૃદ્ધપણું દૂર કરી યુવાની સાથે સ્વરૂપને પણ આપ્યું. માટે જે ધણી ઉપકાર કરે તેને સામો ઉપકાર ન કરે તેને ધિક્કાર છે. માટે આપ માગો, તે હું આપીશ. **ચ્યવન** મુનિનાં આવાં વચન સાંભળી **અશ્વિનીકુમારોએ** કહ્યું કે, અમારે દેવતાઓ સાથે **સોમ**પાન કરવાની ઇચ્છા છે, જ્યારે **બ્રહ્માએ** મેરૂ પર્વત ઉપર યજ્ઞ કર્યો, ત્યારે ઈંદ્રે અમને **વૈદ્યપણાને** લીધે અધમ જણાવી સોમનું પાત્ર લેવા ના પાડી; માટે તમારાથી બને તો અમને સોમપાન કરાવશો. તેથી અમને ઘણોજ સંતોપ થશે. **ચ્યવન** મુનિએ **શર્યાતિ** રાજાના યજ્ઞમાં તે પ્રમાણે કરાવી દેવાની હા પાડી, તેથી તેઓ ખુશી થઇ સ્વર્ગ પ્રત્યે ગયા.

એક વખતે **શર્યાતિ** રાજાની સ્ત્રીએ રાજાને પોતાની પુત્રી કેવી **સ્થિતિમાં** હશે તેનો તપાસ કરવો જોઇએ, એવું કહેવાથી **શર્યાતિ** રાજા રથમાં બેસી મુનિના આશ્રમમાં આવ્યો. ત્યાં દેવ સરખા કાન્તિવાળા મહા તેજસ્વિ મુનીશ્વરને જોયા. આ જોઇ રાજા ઘણો વિસ્મય થયો, ને વિચારવા લાગ્યો કે, પુત્રીએ કાંઇ નીચ કર્મ કર્યું કે શું? જગતમાં જેની પુત્રી નીચ થાય; તેના જીવતરને ધિક્કાર છે. મનુષ્યોને સર્વ પાપના ફળ રૂપ દીકરી દુઃખ દેવા વાસ્તેજ જન્મે છે. મેં મારાં સ્વાર્થ સારૂ વૃદ્ધ અને અંધને દીકરી દીધી, એ મેં ઘણુંજ નીચ કર્મ કર્યું. હવે મારે શું કરવું? એ પ્રમાણે રાજા ચિંતા કરવા લાગ્યો. તેવામાં દૈવ ઇચ્છાથી **સુકન્યાની** દૃષ્ટિ તેના પર પડી, ત્યારે પ્રેમથી કહ્યું કે પિતાજી! આ સ્વરૂપ સુંદર ને વયે યુવાન મુનિને જોઇ શું વિચાર કરો છો? તમે કેમ ચિંતામાં ગરકાવ લાગો છો? **સુકન્યાના** આવાં વચન સાંભળી રાજા ક્રોધાવેશમાં બોલ્યોઃ—પુત્રી! **ચ્યવન** મુનિ ક્યાં છે? અને આ યુવાન કોણ છે? તે તરત જણાવ, મને ઘણો સંદેહ પડયો છે. આવાં પિતાનાં વચન સાંભળી તેને પ્રેમપૂર્વક પોતાના પ્રાણપતિ મુનિશ્વર પાસે લાવી બોલીઃ-પિતાજી! આ તમારા જમાઇ **ચ્યવન** મુનિ છે. તેમાં કંઇ સંશય રાખશો માં. **અશ્વિનીકુમારની** કૃપાથી આવો સુંદર દેહ થયો છે. હું તમારા સરખા ધર્મિષ્ઠ રાજાની પુત્રી થઇ, મારો પ્રાણ જાય તોપણ કદી પાપ કર્મ કરૂં નહિ. આ **ભૃગુ** પુત્ર મહાત્મા **ચ્યવન** મુનિને સર્વ વૃત્તાંત પૂછો, તો તે કહી સંભળાવશે. પછી **ચ્યવન** મુનિએ રાજાને સર્વ વાત કહી સંભળાવી. તેથી રાજા ઘણો ખુશી થયો. **અશ્વિનિકુમારને** ઉપકારના બદલામાં સોમપાન કરાવીશું. એવું વચન આપ્યું છે; માટે યજ્ઞની તૈયારી કરો. આ પ્રમાણે સાંભળી રાજા ખુશી થયો. **વસિષ્ઠ** વગેરે ઋષિઓને તેડાવી યજ્ઞનો આરંભ કર્યો. તેમાં ઇંદ્ર વગેરે દેવોને પોતાના તપોબળથી પ્રસન્ન કરી, **અશ્વિનીકુમારોને** સોમપાન કરાવ્યું. આ મહાત્મા મુનિનું તપોબળ અને **સુકન્યાનું** સતીત્વ જોઇ સર્વ દેવતાઓએ તેમની સ્તુતિ કરી, સૌ સૌને આશ્રમે ગયા. અહા! ધન્ય છે **સુકન્યાને**!!!

સુભદ્રા.

આ સાધ્વી સ્ત્રી શ્રીકૃષ્ણ ભગવાનની બેન થાય. તેનો વિવાહ પાંડુ પુત્ર અર્જુન સાથે કર્યો હતો. સોનું અને સુગંધ કદી સાથે ન હોય અને હોય તો પછી તેનાં શું વખાણ કરવાં ! તેમ આ જોડુ સોનું ને સુગંધ સાથે મળ્યા જેવું જોડાયું હતું. સુભદ્રા રૂપ ગુણે અને જ્ઞાન વગેરેમાં સંપૂર્ણ હતી. તેમ અર્જુન પણ તેવાજ હતા. પતિપત્નીનું જોડું સર્વ પ્રકારે યોગ્યજ મળ્યું હતું. બંનેમાં પરસ્પર પ્રેમ ઘણોજ હતો. એક વખતે સનકાદિ ઋષિ સર્વ સ્ત્રીઓનો પતિવ્રતા ધર્મ જોતા જોતા સુભદ્રાનું સતીત્વ સાંભળી તેમના પવિત્ર સ્થાને આવ્યા. સતીએ તે મહાત્માનું યથાવિધિ પૂજન કરી નમસ્કાર કર્યા અને ભોજન કરાવ્યું. નમસ્કાર કરતાં તેના કપાળનો ચાંડલો ઋષિના અંચલે ચોપડાયો. આ જોઇ અન્ય સ્ત્રીઓએ તેના પર આળ ચડાવ્યું. સુભદ્રા ખરેખર સતી હતી, તેણે કહ્યું:—હું પતિ સેવા અને ઇશ્વર ભક્તિ સિવાય બીજું કશુ જાણુતી નથી. ત્યારે તે સ્ત્રીઓએ કહ્યું કે; જો તું સતી હોય તો તારૂ સતીત્વ બતાવ ! આ પરથી સુભદ્રાએ ઇશ્વરની આરાધના કરી કે જો હું શુદ્ધ પતિવ્રતા હોઉં, તો મને આ કલંકથી મુક્ત કરો ! દેવોએ કહ્યું:—હે સતી ! તું મુંઝા માં ! એમ કહી અનેક રીતે દિલાસો આપ્યો અને તે ખરી પતિવ્રતા છે; એમ સર્વને ખાતરી કરી બતાવી. એ પરથી એ શુદ્ધ સતી ઠરી.

આ પવિત્ર સતીને પેટે મહા પરાક્રમી ધીરવીર પુત્ર અભિમન્યુ જન્મ્યો. તે નાની વયમાંજ મહાભારત જેવી મોટી લડાઇમાં સાત કોઠાની લડાઇમાં લડયો હતો. તેમાં તેણે પોતાનું વીરપણું બતાવી આપ્યું હતુ. સાત કોઠાની લડાઇનું જ્ઞાન તેને માતાના ગર્ભમાંજ થયું હતું, એટલે સ્વભાવિક હતું; એવું મહાભારતમાં જણાવેલું છે. જ્યારે અભિમન્યુ લડતાં રણમાં પડયો, ત્યારે સુભદ્રાએ ઘણોજ વિલાપ કર્યો છે. જે સાંભળીને મોટા મોટા ધીરવીર અને કઠણ કાળજાંના મહાવીર પુરૂષોનાં હૃદય પણ પીગળી ગયાં હતાં અને તડોતડ હથિયાર છોડી સ્તબ્ધ બની અશ્રુપાત કરવા લાગ્યા હતા. આવા તેના આક્રંદથી કૌરવ પાંડવ બંનેના લશ્કરમાં હાહાકાર વ્યાપી રહ્યો હતો. તેના વિલાપથી ભીમ જેવા મહાભડવીર પુરૂષે પ્રતિજ્ઞા કરી કે, જેણે અભિમન્યુને માર્યો છે, તેને આજ સાંજ સુધીમાં મારી તેનું લોહી પીઉં તોજ મારે જીવવું, નહિ તો મારે બળી મરવું. તેનાજ અત્યંત વિલાપથી અર્જુન જેવા બાણાવળીને અને તમામ સૈન્યને મહાશૂર ઉત્પન્ન થયું. તેણે કરી કૌરવોનો સંહાર થયો.

સાધ્વી સુભદ્રામાં પારલૌકિક ઉચ્ચ ભાવ ઘણો વખાણવા લાયક હતો, એવું તેના વિલાપ સમયનાં વચનોથી જણાઇ આવે છે. તેણે વિલાપ કરતાં કહ્યું છે કે,– 'હે વત્સ ! સંયવ્રત મુનિયો બ્રહ્મચર્યથી, અને પુરૂષો એક પત્ની પરિગ્રહથી જે ગતિ મેળવે છે, તે ગતિ તમ મેળવો. ભુપાળો, સરદારો, અને ચાર વર્ણના મનુષ્યો પુણ્યના સરક્ષણથી જે સનાતન ગતિને મેળવે છે. તે ગતિને તમે મેળવો. જેઓ ગરીબ પર દયા દેખાડે છે, જેઓ સત્ય સંવિભાગ કરે છે. જેઓ પશુનતાથી નિવૃત્ત થાય છે, જેઓ સર્વદા યજ્ઞાનુષ્ટાન, ધર્માનુશીલન, અને ગુરૂ સેવામાં લાગેલા છે, અતિથિઓ જેની પાસેથી વિમુખ થતા નથી. જેઓ ઘણા કષ્ટમાં પડયા છતાં, અને શત્રુ શોકાગ્નિમાં દગ્ધ થવા છતાં, પોતાની ધીરજથી રક્ષા કરે છે. જેઓ સર્વદા માબાપની સેવામાં લાગેલા છે, અને જેઓ પોતાની પત્નિીમાં નિરત હોય છે, જેઓ મત્સર વગરના થઇને સર્વ ચાકરના પ્રતિ સમદૃષ્ટિ રાખે છે, અને સર્વ શાસ્ત્રજ્ઞ, જ્ઞાનતૃપ્ત, જીતેદ્રિય સાધુઓ વગેરેને જે ગતિ મળે છે, તે ગતિ તમોને પણ મળો " અહા ! શું ઉચ્ચભાવ ! ! !

સતી સુભદ્રા અને દ્રૌપદી એ બંને એકજ સંબંધમાં હતાં, પણ તેમાં કોઇ દિવસે પણ જરા વિક્ષેપ જેવું થયું નથી. તેમજ કુંતાજી જેવી સાધ્વી સાસુજીને પણ કોઇ પ્રસંગે જરા કટુ વચન કહ્યું નથી. તે સદા સાસુજીની આજ્ઞાને અનુસરી ચાલતાં, અને માન્ય રાખી સેવા કરતાં. સુભદ્રા પણ પોતાની પુત્રવધૂ ઉત્તરાકુંવરીનાપર પોતાની દીકરીના જેવો ભાવ રાખી રાજી રાખતી. તેમજ કુટુંબ પ્રત્યે કદી કડવી થતી નહિ. વગેરે તેમની વર્તણુંકથી ઉત્તમ હતી.

અહા ! ધન્ય છે માતા દેવકીજીને, કે જેના પેટે આવું પુત્રી રત્ન પેદા થયું !!

ગાંધારી.

આ સાધ્વી ગાંધાર (કંદહાર) દેશના રાજા સુબળની કન્યા. તેનો વિવાહ હસ્તીનાપુરના રાજા ધૃતરાષ્ટ્ર સાથે કર્યો હતો. તે માયાળુ, ધાર્મિક, નીતિવાન અને જ્ઞાની હતી. પતિ ધૃતરાષ્ટ્ર અંધ હોવાથી પતિના દુઃખે દુઃખી થવું, એ પોતાનો ધર્મ જાણી, એક આંખે પાટો બાંધી રાખતી હતી. એવી ધારણાથી કે અંધ પતિને જોઇને તેના ઉપર કદી પણ અરૂચી થવા પામે નહિ અને તેથી પોતાનું પતિવ્રત બરોબર જાળવી શકાય. વાહ ! ધન્ય છે સતી ગાંધારીને કે જેણે પોતાના પતિવ્રતપણા માટે એવું દુઃખ ઉમંગથી સહન કર્યું અને પતિવ્રતાના ધર્મ પ્રમાણે પ્રેમપૂર્વક તેની સેવા કરતી. તેની આવી પતિભક્તિ જોઈ મહાત્મા વ્યાસજીએ તેનાં ઘણાં વખાણ કર્યા છે. સતી ગાંધારીએ કુરૂક્ષેત્રની

લડાઈ પહેલાં પોતાના પતિ પ્રત્યે દુર્યોધન વગેરે પુત્રનાં અધર્માચરણનું વર્ણન કરતાં કહ્યું કે,—" સ્વામી ! રાજ્ય લોભથી પાંડવો સાથે જુગટું રમી તેને છેતરી જીતવું, સાધ્વી દ્રૌપદીને સભા સમક્ષ સહન ન થઈ શકે તેવી રીતે દુઃખ દેવું, પાંડવોને કોપાયમાન કરવા, વનવાસ મોકલી નાશ કરાવવો, વગેરે પુત્રોના અધર્માચરણથી કુળના ક્ષય સાથ ઘણું અનિષ્ટ ફળ થશે, કેમકે અંતે "**ધર્મે જય ને પાપે ક્ષય**" થાય છે. આ વાક્ય કદી પણ જુઠાં ન સમજવાં. કદી પણ અધર્મનો જય નથી. આ દુર્યોધન ખરેખર કુટુંબ કલેશ કરી કુળનો ક્ષય થાય એવું કરે છે. પાંડવોમાં અને કૌરવોમાં ભિન્ન ભાવ હોવો ન જોઇએ, વગેરે વગેરે, ઘણું કહ્યું છે. તેમજ પુત્રોને ઘણું સમજાવ્યુ, પણ તેઓએ માન્યુ નહિ. નહિ માનવાથી તેનું પરિણામ ઘણુંજ માઠું આવ્યુ. કૌરવો મરાણા, પાંડવોનો જય થયો. સતીએ પોતાના સો પુત્ર મરાયા સાંભળી ઘણો કલ્પાંત કર્યો. પોતાના પુત્રોએ દ્રૌપદીને ઘણું દુઃખ દીધું, માટે દ્રૌપદી પાસે જઇ ક્ષમા માગી. કૌરવોનો સંહાર થવાથી કુન્તાજી, ગાંધારી અને દ્રૌપદીએ પરસ્પર ઘણો શોક કર્યો. અંતે તેણે પુત્રના શોકસાગરમાં ગરકાવ રહી પ્રાણ મુક્ત કર્યો.

આ સાધ્વીનો મનોભાવ ઘણો ઉચ્ચ હતો. તેણે પોતાની સો વહુઓને એવી ઉત્તમ કેળવણી આપી હતી કે, તેઓ કદી પરસ્પર કુસંપ કરી લડી હોય એવું કોઇના જાણવામાં આવ્યું નથી. આ વગેરે ગુણોથી તે જગતમાં સુદષ્ટાંતરૂપ નામના રાખી ગઇ છે.

લોપામુદ્રા.

આ પવિત્ર સતી વૈદિકાળમાં વિદર્ભરાજાને ત્યાં અવતરી હતી. હાલ જેમ કુંવારીઓ રાજ વૈભવમાં પડી બાલ્યાવસ્થાનો અમૂલ્યકાળ એશઆરામ અને રમત ગમતમાં ગુમાવી, જ્ઞાન વધારવામાં બેદરકાર રહે છે, અને તેમનાં માબાપ પણ એ તરફ ઓછું ધ્યાન આપે છે; તેમ પ્રાચીનકાળમાં નહોતું. એ કાળમાં તો પુત્ર પુત્રી યોગ્ય વયે આવતાં કે, તેમને વિદ્યાભ્યાસ કરાવવા પ્રથમ લક્ષ આપતા. આ રીતે લોપામુદ્રાને પણ તેના પિતાએ ધર્મ નીતિ વગેરે વિદ્યાનું અધ્યયન કરાવ્યું હતું. તેથી તે ઘણી હુશિઆર અને સદ્‌ગુણી થઇ હતી. લોપામુદ્રાના પિતાની સમૃદ્ધિ અને શક્તિ ઘણીજ હતી. હમેશાં લોપામુદ્રા પાસે ઘણી દાસીઓ રહેતી. તેઓ તેને બગાસું આવતાં ચપાટીઓ વગાડી ચેતવતી, છીંક આવતાં ખમા, ખમા કરતી. હાં કહેતાં હજાર દાસીઓ આવી હાજર થતી. ઝગઝગાટ કરતા મણિમય મહેલમાં સોનાના રત્ન જડીત હીંડોળે હીંચવાનું હતું, તેનું

શરીર હીરા મોતીથી ભરેલી રેશમી સુંદર સાડી અને ઝવેરાતના વિવિધ અલંકારોથી આચ્છાદિત થઇ રહેતું. પોઢવાને છત્રપલંગ હતો. કદી પાલખી વિના પગે ચાલતી નહિ. એશઆરામ માટે વાડી, ગાડી વિગેરે વૈભવ હતો, છતાં તે પોતાનો અમૂલ્ય વખત એશઆરામમાં નકામો ગુમાવતી નહીં. તેને વિદ્યાપર વિશેષ વાલપ હતી. તેથી ઘણો વખત વિદ્યા વધારવામાં ગાળતી અને પોતાનો જન્મ શી રીતે સફળ થાય, તે સંબંધી ચિંતવન કરતી.

હાલ રાજાઓ પોતાની કુવરીઓને મોટા મનાતા રજવાડામાં આપવામાં વધારે વડાઇ ગણે છે, પછી તે રાજકુમાર ગમે તેવા ગુણનો હોય, બે ચાર કે તેથી અધિક સ્ત્રીઓને પરણેલો હોય, તોપણ તેની દરકાર નહિ રાખતાં તેવા સાથે પરણાવી દુઃખરૂપી કૂવામાં નાંખે છે. તેથી અનેક ભેગી એક આ બિચારી પણ સંસારનો કશો લાહવો ન લેતાં ઓઝલરૂપી કેદખાનામાં પડી સડે છે. તેમને નથી મળતું પતિ તરફનું પૂર્ણ સુખ, કે નથી મળતું યોગ્ય રીતે હરવા ફરવાનું, કે નથી મળતું પતિ સહવાસમાં રહી પ્રીતિ સંપાદન કરી પત્ની ધર્મ બજાવવાનું સુખ. આથી તેઓ બિચારી જેમ તેમ કરી પોતાનો ભવ પૂરો કરે છે. પ્રાચીનકાળમાં તેમ નહોતું. તે વખતે તો રાજ સત્તા કે સમૃદ્ધિ બળ વગેરે કશું નહિ જોતાં માત્ર જ્યાં પોતાની વહાલી પુત્રી સુખી થાય; ત્યાં એક પત્નીની ઇચ્છા રાખવાળા ગુણવાન પતિને શોધી, પુત્રીની પ્રસન્નતા પ્રમાણે પરણાવામાં આવતી. તે રીતેજ લોપામુદ્રાને રાજ સમૃદ્ધિ વગરના પણ તે સમૃદ્ધિને હઠાવે એવી તપ સમૃદ્ધિવાળા, મહાત્મા મિત્રાવરૂણના પુત્ર અગસ્ત્યઋષિ જે મહાવિદ્વાન, તેજસ્વી, સદ્‌ગુણી અને તપસ્વી હતા તે સાથે પરણાવી હતી.

આ ઋષિની પ્રત્યક્ષ સમૃદ્ધિ જોઇએ, તો પોતાના રક્ષણને માટે પલાસના લાકડાનો દંડ, પાણી પીવાને કમંડલુ, રહેવા એક વનમાં ઝુંપડી અને પહેરવાને વલ્કલવસ્ત્ર એટલુંજ ફક્ત હતું. તોપણ લોપામુદ્રા તેમાં વધારે સુખ માની રાજ વૈભવને તુચ્છકારી, પોતાના પિતા તરફથી સાસરવાસામાં રાજપુત્રીને યોગ્ય જે ઉત્તમ બાદશાહી વસ્ત્રાલંકાર વગેરે મળ્યુ હતું તે બધાને દૂર ફેંકી, પોતાના પતિની સમૃદ્ધિને યોગ્ય વલ્કલ વસ્ત્ર ધારણ કર્યા. વાઘ, વરૂ, ચિત્તા, વગેરે ફાડી ખાનારાં પશુઓના ભયંકર શબ્દોથી ગાજી રહેલા અરણ્યમાં પતિ સંગે રહેવામાં પૂર્ણ સુખ માની આનંદથી તેની પાછળ પાછળ ચાલી નીકળી. જેણે કદી ટાઢ, તાપ કે વરસાદ વેઠેલાં નહિ, કે પગે ચાલેલી નહિ; તેવી કોમળ અંગની સ્ત્રી મન, વચન અને કર્મથી સ્વામીની સેવામાં એકરૂપ થઈ દિવસ નિર્ગમન કરવા લાગી.

આ સાંભળી કોને આશ્ચર્ય ન થાય! જે સ્ત્રી રાજ વૈભવમાં ઉછરેલી, તે વનમાં યોગિનીને વેશે પતિ સંગે પોતાનું કર્ત્તવ્ય કર્મ કરવા ચાલી નીકળી! અહા! શાબાસ છે સતી તને! અને શાબાસ છે તારા માતપિતાને કે તેમણે તારા જેવી પુત્રી રત્નને જન્મ આપ્યો.

સતી લોપામુદ્રા પતિની આજ્ઞાનુસાર રહી, તેમની છાયા પ્રમાણે સદા ચાલતી, સ્વેચ્છાએ કંઈ પણ કરતી નહિ. પતિને ભોજન કરાવ્યા પછી કરતી, સુતા પછી સુતી અને ઉઠયા પહેલાં ઉઠતી. સ્વામી કંઈ પણ કારણથી કહે તો તે ધીરજથી સાંખી રહી સામો ઉત્તર પણ વાળતી નહિ. પતિને યોગ્ય સલાહ અને મદદ આપતી. કદી અસંતોષી થતી નહિ. વળી તેનો એક એવો મોટો નિયમ હતો કે.—"પતિ, અતિથિ, ગાય, અનાથ, અને કુટુંબીઓને જમાડયા પછી જમતી." આ મહાન્ વ્રત તેણે જીંદગી પર્યંત પાળ્યું હતું. તે ઉત્સવ કે શુભકાર્યોમાં પતિની આજ્ઞા લઈ ધામધુમથી કામે લાગતી અને પુરૂ કરે મૂકતી, એવી તે ખંતીલી અને ઉત્સાહી હતી. તેના ધ્યાન, જ્ઞાનનો વિષય માત્ર ઈશ્વર અને પતિજ હતો. તેણે પોતાના પતિ પાસેથી તત્વજ્ઞાન મેળવ્યું હતું, અને તપશ્ચર્યા કરી દેહનો ક્ષય કર્યો હતો. તેણે પોતાની વિદ્વત્તાથી ઋગ્વેદનાં કેટલાંક ઋક્ રચેલાં છે. તેનાં ઘણાં પ્રમાણ વેદમાંથી મળે છે.

સતી લોપામુદ્રાને દૃઢસ્યુ નામે એક મહા તેજસ્વી પુત્ર જન્મ્યો હતો. બાળપણથી ઇન્ધન એકઠાં કરતો હતો, તેથી તેનું નામ ઈધ્મવાહ પડયું હતું. અગસ્ત્ય ઋષિનો આશ્રમ એક જગ્યાપર નહોતો. સુતીક્ષ્ણ મુનિએ રામને જે પ્રકારનો માર્ગ બતાવ્યો હતો, તેપરથી જણાય છે, કે તેનો આશ્રમ દંડકારણ્યમાં હતો. આ અરણ્ય ગોદાવરી નદીના ઉત્તર કીનારા ઉપર છે. મહાભારતમાં તો તેનો આશ્રમ ગયા પાસે હતો એવું જણાવેલું છે. સતી લોપામુદ્રાએ પતિ સંગે ઘણા દેશ વિદેશમાં મુસાફરી કરી હતી, તેમજ સમુદ્ર પર્યટન પણ કર્યું હતું. આ ઋષિએ ઘણી શોધો કરેલી છે. "**अगस्त्य समुद्र पी गया**" આમ જે કહેવાય છે. તેની મતલબ એવી જણાય છે કે, આ ઋષિ પૃથ્વી પરના ઘણા સમુદ્રમાં ફરી વળ્યા હતા. આ સફરમાં તેણે પ્રથમ હોડી–વહાણની રચનાની શોધ કરી કહેવાય છે. આજ આપણે જે વહાણો સંખ્યાબંધ જોઇએ છીએ તે બધો એ ઋષિની મૂળ શોધનોજ પ્રતાપ છે. એ વગેરેથી એ દંપતી ઘણી કીર્ત્તિ રાખી ગયાં છે.

અહલ્યાજી.

પૂર્વે બ્રહ્માએ સૃષ્ટિ રચી ત્યારે આ એક સ્વરૂપે સુંદર, મહા તેજસ્વી કન્યા ઉત્પન્ન થઇ. તેનું નામ અહલ્યા પાડયું. સર્વે દેવો તેના રૂપ ગુણ પર મોહી તેને વરવાને ઇચ્છતા હતા, પરંતુ બ્રહ્માએ તેને સ્વયંવરથી ગૌતમ ઋષિ સાથે પરણાવી. આ ઋષિ મહાન્ વિદ્વાન, તપનિધાન, અને તત્વજ્ઞ હતા. તે પોતાની પ્રબળ શક્તિથી સર્વમાં માન પામી ઋષિ મુનિઓમાં અગ્રેસર ગણાતા હતા.

સતી અહલ્યાજી પતિગૃહમાં આવી પતિસેવા, ગૃહકાર્ય, ધર્મોપદેશ, ધર્મ નીતિવાળાં કૃત્યો, અને તપ, ઇશ્વિરભક્તિ વગેરે કરવા લાગી. તેથી સર્વે સતીઓમાં શ્રેષ્ટતાને પામી. સંસારમાં નામ સ્મરણુ કરવા યોગ્ય પૂજ્ય થઈ હતી. તેને શતાનંદ નામે પુત્ર અને અંજની નામે પુત્રી એ બે સંતાન થયાં હતાં. આ પતિ પત્નીમાં પરસ્પર ઘણો પ્રેમ હતો. આ તપોબળી દંપતી સર્વ પ્રકારે શ્રેષ્ટતાને પામવાથી તેની કીર્તિ પૃથ્વીમાં પ્રસરી હતી. એ સર્વ પ્રકારે સુખી હતાં. તે સુખમાં ભંગ થવાનો વખત નજીક આવ્યો. ઇશ્વિર ગતિ ગહન છે. તેની કળા કળી શકવાને કોઈ શક્તિવાન નથી. તે પળમાં ચાહે તે કરે. જગતનિયતા કોઇનો ગર્વ રહેવા દેતો નથી. "સતી પીડાય" "સતીની કસોટી થાય." એ ખોટું નથી. ધાર્મિક અને સત્યવાનની પરીક્ષા લેવા ઇશ્વિર અનેક સંકટરૂપ કસોટીપર ચઢાવે છે. તેમાં જે નહીં ગભરાતાં ધીરજ રાખી પોતાની નેક ટેક છોડતાં નથી, તે પાર ઉતરી પ્રભુને પ્રિય થાય છે, અને તે જગતમાં દાખલારૂપ થઇ પડે છે.

અહો ! આ પવિત્ર દંપતિને પણ કસોટીપર કસાવાનો અવસર આવ્યો. સતી કદી ચૂકે નહિ, પણ ઇશ્વિરની કળા આગળ કોઇનું ચાલતું નથી. દૈવેચ્છાથી ઇંદ્રમાં દુષ્ટ બુદ્ધિ ઉત્પન્ન થઇ. તે ગૌતમ ઋષિની ગેરહાજરીમાં તેનો તાદશ વેશ લઇ સતીને છળવા આવ્યો. સતી સુરમાયાના છળકપટથી ભૂલી તેને પતિ જાણી સત્કાર આપવા તૈયાર થઈ, તેવામાં તરત ઋષિ ઘેર આવ્યા કે, સતીએ તરત ચેતી કપટીનું કપટ જાણી તેને ધિક્કાર આપ્યો. તથા ઋષિએ એ દુષ્ટ દુરાચારીને શાપ આપ્યો કે;—"હે પાપી ! તારા શરીરમાં સહસ્ત્ર ભગ થાઓ તથા તું ઘણા કાળ સુધી નપુંસક રહે ! " આવી શિક્ષાથી ઇંદ્ર ઘણા કાળ દુઃખીઓ રહ્યો. ઋષિએ સતીને પણ ગુસ્સે થઇ શાપ આપ્યો કે;—"તેં સુરમાયામાં ભુલી પતિને ઓળખ્યા નહિ કે કપટીનું કપટ જાણ્યું નહિ,—માટે તને મારો વિયોગ થાઓ." પતિની એવી શિક્ષાથી સતીએ દીનપણે કહ્યું, પ્રાણનાથ ! ક્ષમા કરો ! હું કપટીનું કપટ જાણી શકી નહિ, મેં તો આપજ જાણ્યા હતા. માટે દીન અબળાપર દયા કરી અનુગ્રહ કરો ! "હું પાછી આપનું દર્શન ક્યારે પામીશ !" ઋષિએ દયા કરી કહ્યું:—"તું રામચંદ્રજીના દર્શન પામ્યા પછી મને મળીશ." આ પ્રમાણે ઋષિ પ્યારી પત્નીના વિયોગથી ઘણા ઉદાસ ને દુઃખી થયા. ગૃહસ્થાશ્રમમાં આ પ્રમાણે વિષ આવી પડવાથી ઉદાસ થઈ, આશ્રમ અને સર્વસ્વ તજી મૃગચર્મ અને કમંડલું ફક્ત લઇ શોકાતુર ચિત્તે બદ્રિકાશ્રમમાં આવી સતીને ફરી મળતાં સુધી તપ કર્યા કર્યું.

સતીનો ઘણાંક વર્ષે શ્રી રામચંદ્રજીના દર્શન પ્રતાપથી ઉદ્ધાર થયો. સતીએ શાપ મુક્ત થઇ, શ્રી રામ ચરણમાં પડીને સજળ નેત્રથી ગદ્‌ગદ્ કંઠે થઈ તેને આશીર્વાદ આપ્યો કે:—"હું આપના દર્શન પ્રતાપથી મારા પતિને પામી, માટે તમે જનક કન્યા સીતા જે સાક્ષાત્ લક્ષ્મીરૂપ છે તેને પામશો !" ગૌતમ ઋષિને સતી શાપથી મુક્ત થયાના ખબર થયા કે, તરત જ્યાં શ્રી રામચંદ્રજી,

વિશ્વામિત્ર, લક્ષ્મણજી અને અહલ્યાજી હતાં ત્યાં આવ્યા. સતી પતિને નિહાળતાંજ ગદ્ગદ્ કંઠે થઇ ગઈ અને સજળ નેત્રે હર્ષભેર ભેટી પડી, પ્રેમથી પ્રણામ કર્યા. આ સ્થળે સર્વના મળવાથી હર્ષનો પાર રહ્યો નહિ. ઋષિ સર્વને ભેટી સતી અહલ્યાજીને પોતાને આશ્રમે તેડી લાવ્યા. શ્રીરામચંદ્ર, ગૌતમ ઋષિ, અને સતી અહલ્યાજી એ સર્વે દૈવી ગુણનાં હતાં. તેઓનો પ્રતાપ આજે પૃથ્વીમાં પ્રસિદ્ધ છે. સતીને પતિએ મોટી શિક્ષા કરી, છતાં મનમાં કઈ પણ અંટસ નહિ રાખતાં દીનપણાથી માગ્યું હતું કેઃ—પ્રાણનાથ ! હું આપનાં ફરી દર્શન ક્યારે પામીશ ? ! " આવા વચનપરથી તેના પતિપરના અખંડ પ્રેમની તથા મોટાઇના દેવભાવની પરીક્ષા થઇ શકે છે. તેમજ ગૌતમ ઋષિનો પણ પત્નીપર પ્રેમ તેવોજ હતો. ઋષિએ પણ સતીના વિયોગથી ઉદાસ રહી, તેને ફરી મળતા સુધી તપશ્ચર્યા કર્યાજ કરી હતી. અહલ્યાજી પતિને ફરી પામી કોઈ દિવસ પણ તેની શિક્ષાને મનમાં લાવ્યાં ન હતાં. સદા પવિત્ર પ્રેમ ભાવથીજ પતિ સેવામાં રહ્યાં હતાં. એ રીતે એ પવિત્ર પતિ પત્ની ગૃહસ્થાશ્રમનું અમૂલ્ય સુખ ઘણાં વર્ષ ભોગવી પૃથ્વીમાં પોતાનું નામ અમર રાખી ગયાં છે. અહા ! શાબાસ છે, પવિત્ર દંપતિ તમારી મહત્વતાને ! ! ! આ ઉપરથી સ્ત્રીઓએ ખૂબ સમજી રાખવું કે દુરાચારી પાપીઓના પ્રપંચથી સાવધાન રહેવું. જરા પણ એવા પરાયા સંબંધમાં આવી પતિનો ગુસ્સો વહોરી લેવો નહિ.

અરૂન્ધતી.

સતી અરૂન્ધતી—મહાત્મા વશિષ્ઠ ઋષિની પત્ની થાય. તે બહુ વિદ્વાન અને પતિવ્રતા હતી. વશિષ્ટે તેને વેદ, ન્યાય, નીતિશાસ્ત્ર અને અધ્યાત્મજ્ઞાન વગેરેની ઉત્તમ કેળવણી આપીને મહા બુદ્ધિવાન ને જ્ઞાની બનાવી હતી. એ સતીએ વેદપર ભાષ્ય કર્યું છે. એ પતિ પત્ની બંને કેવળ ધર્મ સ્વરૂપજ હતાં. તે પ્રથમ અવસ્થામાં વ્યવહારમાં નિપુણ હતી, પરંતુ પાછળથી ધર્મ વૈરાગ્યથી પતિ સહવર્ત્તમાન હિમાલય ઉપર તપસ્વિનિના વેષમાં જપ તપશ્ચર્યા કરી બાકીની અવસ્થા ગાળી હતી. આપણે કોણ ને આ જગત્ શું ? એ તથા ઇશ્વિર સંબંધી જ્ઞાન તથા દૈહિક ને માનસિક ધર્મોની ભિન્ન ભિન્ન સમજણ કે જે સનકસનકાદિક પૂર્વના મહાન્ ઋષિઓની હતી, તે તેમણે પ્રકાશિત કરી તથા આર્યોને જ્ઞાન માર્ગે દોર્યા, તેમજ વ્યવહારિક લાજ—મર્યાદાના વિષયપર વિવેચન કરવામાં અને આર્યો ઉદ્યોગી બને એવું સમજાવવામાં; પણ તેણે પતિ સાથે રહી ઘણો પ્રયત્ન કરેલો છે. તે પતિને ઘણી પ્રિય હતી. તેણે પતિને સર્વ કાર્યમાં સલાહ અને સહાયતા આપી સંતોષ્યા હતા, વિવાહમંત્રમાં લખ્યું છે કે;—" કન્યાએ વિવાહને

સમયે એવું કહેવું કે, હે અરૂન્ધતી ! હું તમારી પેઠે મારા સ્વામીની સેવામાં મગ્ન રહું, એવી મારી પ્રાર્થના છે." આ ઉપરથી જણાશે કે, આ સતી અરૂન્ધતી કેવી પતિવ્રતા નારી હતી ! અરૂન્ધતીને શક્તિ નામે પુત્ર હતો. તેને ઉત્તમ શિક્ષણ આપી વિદ્વાન બનાવ્યો હતો. આ શક્તિ પ્રખ્યાત પારાસરના પિતા થયા. સતીને શક્તિ સિવાય બીજા ઘણા પુત્રો હતા. તે બધા મરણ પામ્યા હતા, છતાં અતિ ધીરજ ધરી, પતિને પણ ધીરજ આપતી. તે પોતાના અનેક ગુણોથી આર્યોમાં પ્રસિદ્ધ થઇ માનને પામી ગઈ છે.

મૈત્રેયી.

આ ધર્મનિષ્ઠ અને પવિત્ર સ્ત્રી મહાત્મા યાજ્ઞવલ્કય ઋષિની પત્ની થાય. તે બહુ ઈશ્વર ભક્ત અને પતિવ્રતા હતી; તેણે અધ્યાત્મિક જ્ઞાન રૂપી જળથી પોતાનું અંતઃકરણ શુદ્ધ કર્યું હતું. તે પોતાના પતિ પાસેથી જ્ઞાનોપદેશ લેતી, અને બીજાઓને સત્ ધર્મે ચાલવાનો ઉપદેશ કરતી. મહાત્મા યાજ્ઞવલ્કય ઋષિને કાત્યાયની નામે બીજી પત્ની હતી. તેની સાથે સતી મૈત્રેયી ઘણોજ સ્નેહભાવ રાખીને વર્તતી હતી. યાજ્ઞવલ્કય મુનિએ **શુકલઅજુર્વેદસંહિતા**, અને **બૃહદારણ્યક ઉપનિષદ્** નામે મોટા ગ્રંથ રચ્યા છે. આ ઉપનિષદ્‌માંથી મૈત્રેયી સંબંધી કેટલીક ઉપયોગી હકીકત મળે છે. એક વખતે યાજ્ઞવલ્કય ઋષિએ પોતાની બન્ને સ્ત્રીઓને સંબોધીને કહ્યું કેઃ—" હવે મારી આખર અવસ્થા થઇ છે, માટે વનમાં જઇને ઈશ્વિર સેવામાં બાકી રહેલું જીવન ગાળવું, એ મને કર્તવ્ય જણાય છે, તો મારી બધી સંપત્તિ તમને બંને જણીને સરખે હિસ્સે વહેંચી આપુ તે તમે લ્યો." આના જવાબમાં કાત્યાયની કાંઇ પણ બોલી નહિ; કારણ કે તે બિચારી કેવળ ગૃહકાર્યમાંજ કુશળ હતી. પરતુ તેજસ્વિ બુદ્ધિની મૈત્રેયી બોલી કેઃ—" હે ! પ્રિયતમ પ્રભુ ! આ જગત્ જો ધનથી પરિપૂર્ણ થઇને મારા હાથમાં આવે તો તેનાથી હું શું નિર્વાણ પદ મેળવી શકું ?" યાજ્ઞાવલ્કયે કહ્યું—" નહિ, તમારૂં જીવન ધનવાનના સરખું થશે. ધનથી અમર થવાની આશા નથી." મૈત્રેયીએ કહ્યુંઃ—"જેનાથી મારી અમર થવાની સંભાવના નથી, તે લેઇને હું શું કરૂં ? જેનાથી અમરપણું મેળવી શકું એવા બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ તમે મને આપો." હું તો જ્યાં આપ જશો ત્યાં આપની સેવા કરવામાંજ હાજર રહીશ. મારે તો ધન, માલ, મત્તા અને આખું જીવતર તમેજ છો.

યાજ્ઞવલ્કયઃ—મૈત્રેયી ! તમે મને ઘણાં પ્રિય છો, તે ઉપરાંત વળી પરમકૃપાળુ પરમેશ્વર સંબંધી પ્રશ્ન પૂછીને તથા તેને વિષે જાણવાની ઇચ્છા કરીને મારા ઘણાંજ પ્રિયકર થયાં છો. તમે મને જે પ્રશ્ન પૂછ્યો, તેનો ખરો જવાબ હું આપું

છું તે સાંભળોઃ—કોઇ સ્ત્રી સ્વામીની ઇચ્છાનુસાર તેને પ્રિય પાત્ર થવાની ઇચ્છા રાખતી નથી; પરંતુ આત્માની કામનાના અનુરૂપ ભરથારને પ્રીતિપાત્ર થાય છે. એટલે પત્ની પોતાની ઇચ્છા પરિપૂર્ણ થયાથીજ સંતુષ્ટ રહે છે. પત્ની જો કે પતિને ન ગણકારે તો તે સ્વામીની વિરક્તિને પાત્ર થઇ પડે છે. પુત્રો પિતાને પ્રિય થાય છે. તેનું પણ કારણ છે. તે એકે પુત્રથી ભવિષ્યમાં પિતા સુખી થઇ શકે છે. એથી પિતા પુત્રપર સ્નેહ રાખે છે. પુત્ર પિતાને તાબે ન થાય તો તે કદિ પણ પિતાને પ્રીતિપાત્ર થતો નથી. તેજ પ્રમાણે, ઘોડા, ગાય, વગેરે પશુઓ ઉપર લખેલા નિયમથી મનુષ્યનાં પ્રીતિપાત્ર થયાં છે. જ્યારે તેઓ પોતાનું કામ કરવાને અસમર્થ થાય છે, ત્યારે તેઓ પોતાના ધણીના સંતોષને પાત્ર થતાં નથી. વેદ લોકોમાં પ્રિય છે. તેનું કારણ એ છે કે, જે તેનું અધ્યયન કરે છે, તે વેદનું કઇ પ્રયોજન છે એટલુંજ સમજે છે એમ નહિ, પણ વેદ ભણ્યાથી આ લોકમાં સન્માન, અને પરલોકમાં સુખ વગેરે પ્રયોજનના ઉદ્દેશથી લોકો વેદને પ્રિય સમજે છે. આ સર્વ દૃષ્ટાંતોનું તાત્પર્ય એ છે કેઃ—આત્મા સિવાય બીજું કંઇ પણ પ્રિય નથી. આત્માજ ખરેખરો પ્રિય છે. પુત્ર તથા સ્ત્રી વગેરે જે પ્રિય થાય છે, તે આત્માના ભલાના ઉદ્દેશથીજ. માટે હે મૈત્રેયી ! પરમાત્માને સાક્ષાત્કાર કરવો જોઇએ. તેનો ઉપાય એ છે કે, આત્માનો પ્રતિપાદક જે વેદ તે પ્રથમથી સાંભળવો. પછી યુક્તિથી તેના અર્થનું મનન કરવું; પછી નિદિધ્યાસન એટલે તેનો અર્થ સારી પેઠે ધ્યાનમાં ઉતારવો. પરમાત્મા સાંભળ્યો અને જાણ્યો એટલે પરમાત્માનું તત્વ સાક્ષાત્કાર થયેલું આ સર્વ જગત્ જણાય છે. એટલા માટે આત્માજ દર્શન, મનન, શ્રવણ, અને ધારણાને યોગ્ય છે. મૈત્રેયી ! મહા અંતરમાં (આત્મામાં) જે લોક છે, તે મોટા આત્માને જુવે તોજ તે લોકે સર્વ કાંઇ જાણ્યું, સાંભળ્યું, મનન કર્યું; અને ધારણા કરી કહેવાય. એક વસ્તુ જાણ્યાથી બીજી વસ્તુ કેવી રીતે જણાય ? પરમાત્મા સિવાય બીજી કંઇ સત્તા નથી. જો કંઇ હોય તો તે આપણને જાણ થવાની નથી. ટુંકામાં બીજું કંઇજ નથી. પરમાત્મા સ્વતંત્ર છે, એટલા માટે આત્મા થયાથીજ સર્વ જણાય છે. જેમ ઢોલનો અને વાણીનો શબ્દ સાંભળ્યાથી ઢોલને મારવાનો તથા વીણાને વગાડવાનો શબ્દ સંભળાય છે, તેમ પરમાત્માને જાણ્યાથી સર્વ કંઇ જાણવામાં આવે છે. સમુદ્ર સઘળા પાણીનું કેવળ આશ્રયસ્થાન છે, ચામડી એ માત્ર સ્પર્શનું એક આધાર સ્વરૂપ છે, જીભ રસનો સ્વાદ લેવાનો આધાર છે, અને નાક ગંધ લેવાનું સાધન છે. જો નાક ન હોય તો વાસ લેવાનું કામ ચાલત નહિ. કાન એજ શબ્દની આશ્રય ભૂમિ છે. ચિત્ત બધી વાસનાનું મંદિર છે. હૃદય સઘળી વિદ્યાનું મંદિર છે; હાથ બધા કર્મનો આશ્રય છે. મારૂત બધી કુદરતી વસ્તુનો ભંડાર સ્વરૂપ છે, અને વાક્ય એ શ્રુતિનું અવલંબન સ્થાન છે. જો વાક્ય ન હોય તો વેદ રહી શકે નહિ. આ પદાર્થોના આશ્રયોનો વળી આશ્રય છે, તે આશ્રય બ્રહ્મ છે. મૈત્રેયી ! તમે આ બ્રહ્મનેજ અવલંબીને જીવતાં છો.

મૈત્રેયીઃ-પ્રભુ ! આપે જે મહાન્ આત્મા સંબંધી કહ્યું, તે શું મોહમાં ફસાઇ શકે છે ?

યાજ્ઞવલ્કયઃ—નહિ, તે આત્મા અવિનાશી સ્થિતિશીલ અને નાશરહિત છે. અજ્ઞાનપણું આત્માને કદી પણ સ્પર્શ કરવાને સમર્થ નથી.

યાજ્ઞવલ્કય અને **મૈત્રેયી**નાં આ અધ્યાત્મિક તત્વ ભરેલાં વચનો સાંભળ્યાથી **મૈત્રેયી** કેવી વિદ્વાન, બુદ્ધિશાળી અને બ્રહ્મજ્ઞાનમાં કુશળ હોઇ વિદ્યાવિનોદ કરનારી હતી, તે સારી રીતે સિદ્ધ થાય છે. **મૈત્રેયી**ની વિદ્યા ગ્રહણ કરવાની બુદ્ધિ ઘણીજ વિશાળ હતી. તેમજ તેની ધર્મ પ્રવૃત્તિ પણ તેવીજ હતી. એ વાસ્તે તેનું ઉપનિષદ્‌માં કહેવું વેદવાકયના જેવું પ્રીતિ પાત્ર થયેલું છે. તે બ્રહ્મવાદિની થઇ હતી. એવું શ્રુતિમાંથી પણ મળે છે. જેમકે **तयोर्ह मैत्रेयी ब्रह्मवादिनी बभुव** કારણ કે ઇશ્વિરનું તત્વ ઓળખવાની ઇચ્છા તેનામાં ઘણીજ બળવાન હતી.

એક વખતે મહાત્મા **યાજ્ઞવલ્કય** ઋષિ **જનક**રાજાની સભામાં ગયા હતા. ત્યાં રાજાએ વૈરાગ્ય યોગ વિષે પ્રશ્ન કરેલો હતો. તે પરથી રાજાને કહેવા કરતાં કરી બતાવવા, ઋષિને પોતાના અંતઃકરણમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો. સભામાંથી ઘેર આવી, **મૈત્રેયીને** જણાવ્યું કે, સતી ! હું સન્યાસ ધારણ કરીશ. આ સાંભળી **મૈત્રેયી**એ પોતાની ઇચ્છા સાથે આવવાની જણાવી, ત્યારે **યાજ્ઞવલ્કય** ઋષિએ કહ્યું સન્યાસીની સાથે સ્ત્રી કેમ રખાય ? તોપણ તેણીએ માન્યું નહિ. તેથી **યાજ્ઞવલ્કય** ઋષિએ તેને તત્વોપદેશ કરી યોગ ધારણ કરાવ્યો અને પોતે પણ યોગ ધારણ કરી લંગોટી વાળી **ॐ तत्सत्परमात्माने नमः** કરી બંને વિલક્ષણ સ્વરૂપે **જનક** પાસે જઇ ઉભાં રહ્યાં. ઋષિનો દરરોજના વેશ કરતાં સૌએ જુદોજ વેશ દીઠો, પરંતુ કાન્તિ કંઈ છાની રહે નહિ.

આ જોઇ સૌ આશ્ચર્ય પામ્યા. રાજા તરત સિંહાસન પરથી ઉતરી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી ચરણાર્વિંદમાં પડયો, અને કહ્યું કે,—આપ દયા કરી આ યોગીનો વેશ ત્યાગ કરો, ત્યારે ઋષિએ સૌ સાંભળતાં કહ્યું કે, રાજન ! શું મળ મૂત્રનો ત્યાગ કરી, ફરી તેની સામું જોવું જોઇએ ? શું હાથીના દંતૂશળ બહાર નીકળ્યા તે ફરી પાછા બેસે છે ? સતી માયીક સંસાર તજી સહગમનની ઇચ્છા કરી નીકળેલી પાછી ફરે છે ? નહીંજ. તે પ્રમાણે મેં ધારણ કરેલો વૈરાગ્ય યોગ કેમ તજી દઉં ? હું તો આથી ઉલટો કૃતાર્થ માનું છું અને ખુશી થાઉં છું કે, ઇશ્વિરે મને આવો અમૂલ્ય અવસર આપ્યો; કેમકે આ અસાર સંસાર વિષયોનો ભરેલ છે. જેમાંના વિષયો ભોગવતાં કોઇ પણ કાળે તૃપ્તિ થતી નથી, તેમાંથી પ્રભુએ મને એકાએક છુટો કર્યો. માટે રાજન ! આ સંસારની જંજાળમાંથી છુટેલો હું, ફરી તેમાં ફસાવાને કદી ઇચ્છતો નથી. હવે તો મને અને આ યોગિની **મૈત્રેયી**ને યોગજ પ્રિય અને કલ્યાણકારક લાગે છે. જ્ઞાન થયા પછી સંસાર રગડામાં રગડાઈ પડયા રહેવું, એ જ્ઞાતાઓનું કામ નથી. ” વગેરે

યોગ વિષે ઘણો ઉપદેશ કરી, સ્ત્રી પુરૂષ બંને યોગીના વેશમાં ત્યાંથી વનમાં ચાલી નીકળ્યાં.

અહા ! શાબાસ છે! યાજ્ઞવલ્ક્ય અને મૈત્રેયી તમારી પવિત્ર લાગણીને ! તમોએ પરસ્પરનો ધર્મ બજાવ્યો, અને છેવટ સંસારની માયા તજી દેહનું કલ્યાણ કર્યું! સતી મૈત્રેયી ! તારા પતિ પ્રત્યે પવિત્ર પ્રેમને પણ ધન્ય છે ! કે તું ધન, માલને તુચ્છ કરી એક પતિ સેવાનેજ શ્રેષ્ટ ગણી, યોગી બનેલા પતિ સાથે તેની સેવાને કારણે યોગિનિને વેશે ચાલી નીકળી, તથા સત્ય પતિવ્રતાપણું બતાવી આપી જીંદગીનું સાર્થક કર્યું ! ! !

તુળશી—વૃંદા.

સતી વૃંદા—જાલંધર દૈત્યરાજાની સાથે પરણી હતી. આ સ્ત્રી મહા પતિવ્રતા હતી. જાલંધર કુટિલ સ્વભાવનો, ક્રોધી અને કામનું ધામ હતો, પણ તેણે પોતાની સ્ત્રીના સતીત્વ બળથી દેવોને હરાવી વશ કર્યા હતા. તેણે તેનાપર ઘણો જુલમ કર્યો. તેથી સર્વ દેવોએ વિષ્ણુ ભગવાનની આરાધના કરી. શ્રીવિષ્ણુએ આવી, તેમને અભય વચન આપી કહ્યું કે, એ દૈત્ય વૃંદા સતીના સતીત્વથી જોર પર આવી ગયો છે; પરતુ તેને હું યુદ્ધમાં યુક્તિથી મારી તમને સુખી કરીશ.

આ પ્રમાણે કહી શ્રીવિષ્ણુ ભગવાને દેવો સહિત એ જાલંધર દૈત્ય સાથે યુદ્ધ કર્યું. યુદ્ધ કરતાં ઘણાં વર્ષ વીતિ ગયાં, પણ તેમાં કોઇ પાછું હઠે એવું જણાયું નહિ. શ્રીવિષ્ણુ દૈત્યનું યુદ્ધ બળ જોઇ ઘણા પ્રસન્ન થયા, અને વરદાન માગવા જણાવ્યું. તેપરથી એ દૈત્યે માગ્યું કે તમો લક્ષ્મીજી સાથે મારે ત્યાં આવી રહો. શ્રીવિષ્ણુ સર્વ વેર છોડી દઇ, લક્ષ્મીજી અને સર્વ દેવો સહીત તેને ઘેર રહ્યા. બ્રહ્મા, વિષ્ણુ અને સર્વ રિદ્ધિ સિદ્ધિ તેને ત્યાં આવી મળવાથી તેને ઘણું સુખ પ્રાપ્ત થયું. આ પ્રમાણે તેણે ઘણાં વર્ષ વૈભવ ભોગવ્યો. એક સમયે નારદ મુનિએ યુક્તિ રચી, એ દૈત્યને દ્વાર આવી કહ્યું કે, દૈત્ય રાજન ! મેં જેવી શિવ કૈલાસની શોભા જોઈ છે, તેવીજ તારા શહેરની શોભા છે. આ જોઇ હું ઘણો ખુશી થયો છું, પરંતુ શંકરની સ્ત્રી પાર્વતી જેવાં સ્વરૂપવાન છે, તેવી સ્ત્રી મેં ચૌદ લોકમાં પણ કોઈ જોઇ નથી. તારી સ્ત્રી વૃંદા તો તે પાસે કશા લેખામાં નથી. એટલું કહી નારદમુનિ ત્યાંથી ચાલી નિકળ્યા, કારણ તેને તો સળગાવવાનુંજ કામ હતું. દૈત્યરાજન મૂર્ખ અને કામાંધ હતો, વળી દેવો તેને ત્યાં આવી રહ્યાથી; તો તે ઘણોજ ફુલાઇ ગયો હતો. તે તો સતી પાર્વતીને મેળવવા આકુળ વ્યાકુળ થયો. શંકર અને પાર્વતીની કેવી શક્તિ છે, તે એ મૂર્ખ

જાણતો નહોતો, પણ વૃંદાને આ ખબર થતાં, તેણે જણાવ્યું કે પ્રાણનાથ! એ સતી સાક્ષાત્ શક્તિ સ્વરૂપ છે, તેના સતીત્વનો પ્રભાવ પૃથ્વીમાં પ્રસિદ્ધ છે. એ તમારે કે કોઇને તાબે થાય એમ નથી. એનું સતીત્વ ભંગ કરવા ત્રૈલોક્યમાં પણ કોઈ સમર્થ નથી; તો તમારો તે શો ભાર છે! આવો દુષ્ટ વિચાર કરશો નહિ. જો મારૂં કહ્યું નહિ માનો; તો આપણું ઘણું અનિષ્ટ થશે. એ પ્રમાણે કહી સતીએ ઘણું ઘણું સમજાવ્યું, પણ એ દુષ્ટ એક ટળી બીજો થયો નહિ. "**विनाश काळे विपरीत बुद्धि.**" આ પ્રમાણે એ દૈત્યને અવળું સૂઝયું. તેણે તરત એક દૂતને બોલાવ્યો અને કહ્યું કે, તું **શંકર** પાસે જઇ કહે કે, "**પાર્વતી**" આપને યોગ્ય નથી. એ તો **જાલધર**ને યોગ્ય છે માટે તેને મારી સાથે મોકલો. નહિ તો યુદ્ધ કરવા તૈયાર થાઓ. અગર કૈલાસ છોડી ચાલ્યા જાઓ. આ પ્રમાણે દૂતે **શંકર** પાસે આવી કહ્યું કે, **શંકરે** દૂતનો શીરછેદ કરવા હુકમ કર્યો. દૂત પોકાર કરી આજીજી કરવા લાગ્યો કે, પ્રાણનાથ! એમાં મારો કઇ અપરાધ નથી. માટે મને કૃપા કરી છોડી મૂકો. **શંકરે** દયા કરી તેને છોડી મૂકયો કે, તે તરત ત્યાંથી પલાયન કરી, **જાલધર** પાસે આવ્યો. **શંકરની** શક્તિની વાત કરી કહ્યું કે, રાજન! **શંકરની** શક્તિ અદ્ભૂત છે. માટે તમો એ વિચાર માંડી વાળો. નહિ તો આમાંથી વિપરીત થશે.

આ સાંભળી દૈત્યરાજન ક્રોધાંધ થયો, તરત તેણે **શંકર** સામે **શુંભનિશુંભને** લઈ લડવાને કૈલાસ પાસે આવ્યો. **શંકર** પણ દૈત્ય આવ્યાના ખબર સાંભળી તરત લડવા સામે આવી ઉભા. દૈત્યે **પાર્વતીજીને** હરવા અનેક યુક્તિઓ આદરી, **શિવજીને** મોહમાં નાંખવાનો પ્રપંચ આદર્યો. તેમજ **પાર્વતીજીને** છળવા **શિવજીનો** વેશ ધારણ કરી શિવ મંદિરના દ્વારમાં જઈ ઉભો. સતી **પાર્વતીજીએ** જાણ્યુ કે, એ દુષ્ટ વેશ ધારી દૈત્ય છે. એમ જાણી તરત તેણે મંદિરમાં જઇ, ક્રોધથી હરિહરનું સ્મરણ કર્યું કે, તરત ત્યાંથી દૈત્ય જીવ લઈ નાઠો. તેટલામાં **શ્રીહરિએ** આવી પૂછ્યુ કે, સતી! મને કેમ બોલાવ્યો! સતીએ દૈત્યની વાત કહી બતાવી કહ્યું કે, તમે અને **લક્ષ્મીજી** એ દુષ્ટ દૈત્યને વશ થઇ કેમ તેને ત્યાં વસો છે, અને એ દુષ્ટને કેમ ઉછરંગ આપો છો? દુષ્ટને ઉત્તેજન આપવાથી તો તે ઉલટો વધારે દુષ્ટ બને છે અને પોતાના જાતિ સ્વભાવ પ્રમાણે પોતાનું પ્રિય કરનારનું પણ બુરૂં કરવાને ચૂકતો નથી. માટે એને ઉત્તેજન આપવાનું શું કારણ છે? દાનવને વશ થવાનું કાંઈ કારણ હોવું જોઇએ! પણ એ દુષ્ટ અજર કરવા લાયક નથી. એ અધમ પાપીનો તરત નાશ કરો.

પાર્વતીજીનાં આવાં વચન સાંભળી શ્રીહરિએ કહ્યું:—સતી પાર્વતીજી! આપ મારાં પ્રાણરૂપ છો, આપને છળ કરનાર એ દુષ્ટનો હું હમણાં નાશ કરીશ. એ દૈત્ય ઘણો પાપી છે, એ હું જાણું છું, પણ હું તેને મારી નહિ શકવાથી વશ થયો છું. માતુશ્રી! તેનું કારણ એ છે કે, તેની સ્રી વૃંદા પ્રખ્યાત સતી છે. તેના

સતીત્વ બળથી સર્વ દેવો ડરતા રહે છે. તમે જાણો છો કે, યોગ, યજ્ઞ, તપ ઇત્યાદિ ઘણાં સાધન સાધ્ય કરે, પણ સ્ત્રીને " **પાતિવ્રત** " એ એક ઉત્તમ ધર્મ છે. પતિવ્રતના પુણ્ય પ્રતાપથી સઘળાં પાપો નાશ પામે છે. પતિવ્રતા વ્રતના પુણ્યથી તે પોતાના પતિને મહાબળ આપે છે, પતિનાં સઘળાં દુઃખો કાપે છે, તેજ વધારે છે, સર્વ સ્થળે જય અને મહાસુખ આપે છે; એટલુંજ નહિ પણ સતી સ્ત્રી પોતે સંસાર તરી પોતાના પતિને પણ તારે છે. સતી સ્ત્રી તો પૂર્વના પુણ્ય પ્રતાપથીજ પ્રાપ્ત થાય છે. સ્ત્રીઓએ પતિવ્રત પાળી ચાલવું, એવું વેદમાં પણ કહેલું છે. સતી વૃંદાના સતીત્વથી એ દુષ્ટ ઘણું જોર અને સુખ પામ્યો છે. તેને કોઇ દેવ પહોંચી નહિ શકવાથી સર્વ તેને વશ થયા છીએ. હે માતુશ્રી ! એ સતીનું વ્રત ભંગ થયે તરત એ અસુરનો ઘાત થશે. એવું વચન આપી, શ્રીહરિ ચિંતાતુર ચિત્તે દૈત્યદ્વાર આવ્યા.

શ્રીહરિ શરીરે વિભૂતિ ચોળી, મોટા સંતનો આડંબર ધરી, એક સુંદર વાડીમાં જઇ બેઠા. તેણે પોતાના પરાક્રમથી અનેક માયા કરી. એ માયાની મોહનીમા વૃંદા સતીનું વ્રત ભંગ થયું, કે તરત સતી ચેતી ગઇ અને કોપ કરી થરથર કપતી બોલી કે, અરે હરિ ! મારૂં વ્રત ભંગ કર્યું એનું ફળ તમે ચાખશો. તમો તમારી સ્ત્રીના વિયોગથી દુઃખી થઈ વનેવન ભમશો તમને એ વખતે વાનર સિવાય કોઈ સહાયતા આપશે નહિ એવો શાપ દીધો. શ્રી હરિએ કહ્યું કે, તું પુનઃ જન્મે મારે ત્યાં આવીશ. ત્યારે તું મને ઘણી પ્રિય થઇશ. સતી શ્રીહરિનું મન હરી લઇને બળી મરી સ્વર્ગને પામી.

સતીએ વ્રત ભંગથી દેહ છોડયો. તેથી જાલંધરમાં જે સતીનું તેજ હતું, તે નાશ પામ્યું, કે **શિવે** તેને માર્યો. તેથી સર્વ દેવો ઘણા ખુશી થયા. **શ્રીહરિએ** માયા કરી સતીનું વ્રત ભંગ થાય એવું કર્યું, એ ફક્ત જાલંધરને મારી દેવોને દુઃખમાંથી છોડી સુખી કરવા માટેજ કર્યું હતું; કેમકે જાલધર ઘણો પાપી અને દુષ્ટ બુદ્ધિનો હતો. તેણે **પાર્વતી** જેવી મહા સતીને પણ છળ કરવાનો પ્રપંચ કર્યો હતો. વૃંદાને છળવાથી શ્રીવિષ્ણુનુ વિકળ ચિત્ત થયું હતું. તે મોહ દૂર કરવા લક્ષ્મીજીએ ઉપાય કર્યાથી તેનો મોહ ઉતરી ગયો. વૃંદાનું બીજું નામ તુળસી છે. તુળશી શ્રીવિષ્ણુ ભગવાનને બહુ પ્રિય છે. એ તુળશીના પ્રતાપથીજ તુળશીપત્ર શ્રીવિષ્ણુ ભગવાનને ચડે છે અને વૃંદાના નામ ઉપરથી વૃંદાવન કહેવાય છે. શ્રીહરિ પતિવ્રતાનો શાપ ટાળી શક્યા નહિ. તે શાપ તેને રામાવતારમાં ભોગવવો પડયો, એવું પુરાણોમાં જણાવેલું છે. અહા ! કેવો સતી સ્ત્રીનો પ્રતાપ ? ! સ્ત્રીઓને પતિવ્રત પાળવાથી કેટલા બધા લાભ છે અને શીયળ ભંગ થયે કેટલું નુકશાન છે એ આ પરથી સ્પષ્ટ જણાય છે.

ઈંદ્રાણી.

ત્રૈલોક્ય પ્રસિદ્ધ સ્વર્ગના મહાન રાજા ઈંદ્રની સ્ત્રી થાય. આ સાધ્વી ઘણી-જ સ્વરૂપવાન અને તેજસ્વી હતી. તે પોતાના સ્વરૂપને માટે જગતમાં પંકાએલી છે. તે બુદ્ધિવાન, નીતિવાન, ધાર્મિક, જ્ઞાની અને પ્રતિવ્રતા હતી. ઈંદ્રરાજાને નહુષ રાજા તરફથી એટલો બધો પરિતાપ થયો કે, તેની સીમા રહી નહિ. આખરે સતી ઈંદ્રાણીએ પોતાના સતીત્વ બળથી પતિનું રક્ષણ કરી, તેને મોટા ભયથી મુકાવ્યો. જ્યારે ઈંદ્રને પોતાના પાપ કર્મથી ઘણો સંતાપ થયો, ત્યારે તે કાન્તિ રહિત થયો, ત્રાસ પામવા લાગ્યો, નિસાસા મુકવા લાગ્યો, ભાન વિનાનો થઇ ગયો, અને તેને કશામાં સુખ મળવા ન લાગ્યું. એટલે તે મુઝાઇ માનસરોવરના કમળ વનમાં જઇ સતાયો, ત્યારે સ્વર્ગ મૃત્યુ લોકની સઘળી સ્ત્રીઓમાં શ્રેષ્ટ એવી જે ઈંદ્રાણી તે પોતાના પતિના દુઃખથી દુઃખી થઇને, પતિ પાસે જઇ કહ્યું:–" પ્રાણનાથ ! તમારો કોઇ પણ શત્રુ બળ પામેલો નથી, તે છતાં તમે શા માટે દુઃખી સરખા દેખાઓ છો ? દુઃખ થવાનું જે કારણ હોય તે મને કહો, મારાથી તમે કંઇ ગુપ્ત રાખશો નહિ. પતિએ પોતાની અર્ધાંગના સ્ત્રી પાસે સુખ, દુઃખની સઘળી વાત કરવી, એ તેમનો ધર્મ છે. સ્ત્રીએ તે જાણી. તેમાં ભાગીએણ થઇને જે ઉપાયથી એ દુઃખ મટે તે માટે પ્રયત્ન કરવામાં સહાયતા આપવી, એ તેનો ધર્મ છે. માટે મને જે હોય તે કહો. "

ઈંદ્રે પોતાની પ્રિયાનાં આવાં મધુર વાક્યો સાંભળી કહ્યું:–" પ્રિય સાધ્વી રાણી ! મારે કોઇ બળવાન શત્રુનો ભય નથી, તોપણ મને શાંતિવાળું સુખ મળતું નથી. હું ઘરમાં નિરંતર ભયને પામુ છું, આનંદભૂવન, અમૃત, અપ્સરાઓનો નાચ, ગંધર્વોનું ગાયન, અમે મોટું વિલાસવન એ સઘળું મને કંઇ સારૂં લાગતું નથી. પ્રિયા ! સર્વ સુખના ભંડાર જેવી તું છે. તે તારાથી તેમજ આ બીજી સ્ત્રીઓથી પણ મને લગારે આનંદ થતો નથી. મને રાત દહાડો એમ થાય છે. કે હું ક્યાં જાઉ અને શું કરૂં કે, જેથી મને સુખ થાય ! આ દુઃખ ઉત્પન્ન થવાનું બહારનું તો કોઇ કારણ જણાતું નથી, પણ મારા અંતરમાં રહેલું, મારૂં દારૂણ પાપજ મને સંતાપ આપનાર છે, એમ લાગે છે. "

ઈંદ્રાણી પોતાના પતિને આવું દુઃખ જાણી, ઘણો સંતાપ પામી. તેણે સર્વ દેવ સભાને બોલાવી સભા સમક્ષ સૂર્યનારાયણ સામે હિકર જોડી બોલી કે— હે જગત્ નિયંતા, સર્વ શક્તિમાન, પવિત્ર પ્રભુ ! જો મેં મારા પતિની એકાગ્રચિત્તે બરાબર નિયમ પાળી સેવા કરી હોય, જો મેં પતિવ્રતાના ધર્મ પ્રમાણે પતિવ્રત સાચવ્યું હોય, તો હે મંગળમય પ્રભુ ! તારી પુત્રીપર દયા કરીને, તે મારા પ્રાણપતિને આ દુઃખથી મુક્ત કરી સુખ આપો ! સતીની આવી, પ્રાર્થના પછી જાણે

પ્રભુએ એના સતીત્વ સામુ જોઇ, કરૂણા કરી હોયની! ઇંદ્રને ત્યારથીજ સુખ થવા લાગ્યું અને થોડા વખતમા તો સર્વ પ્રકારે આનંદમાં રહેવા લાગ્યો. એ રીતે સતી ઇંદ્રાણીએ પોતાના સતીત્વ બળથી પ્રભુ કૃપા મેળવી; પતિને સુખી કરી પોતાનું સૌભાગ્યપણું દીપાવ્યું. વગેરે, વગેરેથી એ સતીના સૌભાગ્યપણાની આર્યોમાં એટલી તો મહત્તા છે કે,—લગ્નક્રિયા વખતે કન્યાને "ઇંદ્રિ, ઇંદ્રાણીનું સૌભાગ્ય" દેવાય છે. એટલે ઇંદ્રિ ઇંદ્રિાણીનુ સૌભાગ્યપણું ઘણાકાળ રહ્યું, તેમ ઇશ્વિર આ કન્યાનું સૌભાગ્યપણું લાંબો કાળ રાખો, એવા સૌભાગ્યવંતી સ્ત્રીઓ આશિર્વાદ દે છે. સતી ઇંદ્રાણી તને ધન્ય છે! કે, તું પતિવ્રતાનો ધર્મ બજાવી, સૌભાગ્યપણાની અખંડ કીર્તિ રાખી ગઇ છે!!!

તારા.

આ સતી **તારા** કિષ્કંધાના રાજા **વાલી**ની સ્ત્રી અને **અંગદ**ની માતા થાય. આ ઘણી રૂપાળી, વિવેકી, જ્ઞાનસંપન્ન અને મહા પતિવ્રતા સ્ત્રી હતી. તેનો પતિ **વાલી** પોતાના નાના ભાઇ **સુગ્રીવ**ને દગો દઇ રાજ્ય દબાવી પડયો હતો. તે માટે **તારા**એ પોતાના પતિને કહ્યું હતું કે,—"પ્રાણનાથ! **સુગ્રીવ** તમારો નાનો ભાઇ છે, તેની સાથે વિરોધ છોડી દઇ તેનો તરત યૌવરાજ્યાભિષેક કરો, તેની સાથે સંપ કરી સુખ ભોગવો. ભાઇ સમાન કોઇ પણ બધુ નથી. નાના ભાઇને પુત્રની પેઠેજ રાખવો જોઈએ. ભાઇઓની સાથે કુસંપ રાખવો એ કોઇ પણ રીતે સારૂં નથી. જો તમે મારૂં પ્રિય કરવા ઇચ્છતા હો અને મને તમારૂં હિત કરનારી સમજતા હો તો મારૂં કહ્યું માનો" વગેરે વચનો કહેતી. તેમજ તે રાજનીતિ સંબંધી બારીક વિચારોમાં તથા વિપત્તિ વખતે યોગ્ય સલાહ દેવામાં બહુ પ્રવીણ હતી. તેની આપેલી સલાહમાં કોઇ દિવસ પણ ફેર પડતો નહિ; એવી તે બુદ્ધિશાળી હતી. જ્યારે **રામ લક્ષ્મણ સીતા**ની શોધ માટે ઋષિમુખ પર્વતપર આવ્યા, ત્યારે **સુગ્રીવે** તેમને **સીતા**ના અલંકાર વગેરે જે નિશાનીઓ પડી હતી, તે વાનરાઓએ છુપાવી રાખી હતી તે આપી; તેમજ **સીતા**ને **લંકાપતિ રાવણ** લઈ ગયો છે એવા સમાચાર અહિં મળ્યા. **સીતા**ની શોધ કરવામાં ને ત્યાં જઈ લડાઈ કરી લાવવામાં મદદ કરવા **સુગ્રીવે** જણાવ્યું. તેથી **રામ લક્ષ્મણ** તેનાપર ઘણા રાજી થયા. **સુગ્રીવે** પોતાનું દુઃખ નિવેદન કર્યું. તેપરથી **રામચંદ્રજી**એ તેને મદદ કરી. **વાલી** સાથે લડાઇ કરી, તેને મારી કિષ્કિંધાનું રાજ્ય અપાવ્યું. રણક્ષેત્રમાં પોતાના પતિ **વાલી**ના મરણના ખબર થતાં સાધ્વી સ્ત્રી **તારા** પોતાના પુત્ર **અંગદ**ને સાથે લઇ જ્યાં **વાલી**નું શબ પડયું હતું ત્યાં આવી; શબ પાસે બેસી ક-

લ્પાંત સાથ મહા રૂદન કરવા લાગી. રામચંદ્રજીને કરજોડીને કહેવા લાગી કે હે રઘુપતિ ! મારા પ્રાણપતિને શા માટે માર્યો ? હું પતિવ્રતા સ્રીને વિધવા કરી, મારો શૃંગાર ઉતાર્યો. માટે હવે મને એક બાણ મૂકી મારો, એટલે મારો પ્રાણ પણ મારા પતિના પ્રાણ સાથે સ્વર્ગમાં મેળાપ કરે. પતિવ્રતા સ્રીને પતિ વિના એકલું રહેવું શાસ્રમાં કહેલું નથી. સ્રીને પતિ એજ પ્રાણ છે. પતિ વિનાની સ્રી તો પ્રાણ છતાં પણ પ્રાણ વગરની સમજવી. સ્રીને પતિ વિના જીવવું વૃથા છે. માછલી જેમ જળ વિના તરફડી મરણ પામે છે, જેમ જળ વિનાની નદી સુકી ભયંકર અને નકામી છે; તેમ પતિ વિનાની સ્રી તેવીજ નકામી ને શોભા રહિત છે. આ સંસારમાં સ્રીને પતિ એજ સર્વસ્વ છે.

હે સારંગપ્રાણ ! તમે મારા સર્વસ્વનો નાશ કર્યો. તમે મને લુખી ને શોભા રહિત કરી. જીવ વિનાનો દેહ એ મધ વિનાના મધપુડાના ખોખાં જેવો છે. તેમ મને મધ વિનાના ખોખાંનાં જેવી કરી મારો મધ રૂપી પતિ જતો રહ્યો. હવે હું જીવીને શું કરૂં ? હે પ્રભુ ? મને તરત બાણ મારો. આ પ્રમાણે પતિવ્રતા તારા રૂદન સાથ કલ્પાંત કરવા લાગી. આ જોઇને ગમે તેવા કઠણ કાળજાના મનુષ્યનું હૃદય પણ પીગળી ગયા વિના રહે નહિ. આવા વિલાપથી રણક્ષેત્રમાં હાહાકાર થઈ રહ્યો. સૌ તેના રૂદનથી અશ્રુ પાડવા લાગ્યા. રામચંદ્રજીએ કહ્યું;— પતિવ્રતે ! તું શું કામ વૃથા રૂદન અને કલ્પાંત કરે છે ? જે ભાવિ બનવાનું હોય છે તે વૃથા થતું નથી. સુંદરી ! તું કોનો શોક કરે છે ? જો તું આ દેહનો શોક કરતી હોય તો, દેહ તો આ તારી પાસેજ પડયો છે. આ શરીર પંચમહાભૂતનું બનેલું છે, તે કર્માનુસારે થાય છે, અને જાય છે. તેનો ધીરવીર અને જ્ઞાનવાન શોક કરેજ નહિ. વળી તું કહેશે કે, હુંતો આત્માને રડું છું, તો એતો મોટો અવિવેકજ સમજવો જોઇએ. આત્મા તો અખંડ અવિનાશી, અને એક ચૈતન્ય દષ્ટારૂપ છે, એ અપરિછિન્ન છે. દુઃખ રહિત છે. માટે એતો સુખ સાગર અમર આત્મા છે. તેનો શોક કરવો વૃથા છે. નાશવંતનું દુઃખ શું ધરવું ? ને અખંડનો શોક શો કરવો ? વગેરે ઉપદેશ આપ્યો.

આ પ્રમાણે રામચંદ્રજીના ઉપદેશથી તારાને જ્ઞાન પ્રાપ્ત થયું અને તેનો શોક જતો રહ્યો. તેણે ઉઠી રઘુપતિના ચરણમાં શીશ નમાવ્યું. રામચંદ્રજીએ આશિર્વાદ આપ્યો કે, હે તારા ! તારૂં નામ આ જગતમાં અમર રહેશે. આ પ્રમાણે કહ્યા પછી વાલીના શબને અગ્નિસંસ્કાર કર્યો. સુગ્રીવે તેની ક્રિયા કરી. તારા પોતાના પતિવ્રતપણાએ કરી આ જગતમાં અમર નામ રાખી ગઇ છે. તારાના અંગદ જેવા મહા શૂરવીર પુત્રે રામચંદ્રજીને લંકાપતિ સાથે લડવામાં ઘણી સહાયતા કરી હતી. રાવણ સાથે વિષ્ટિ કરવાને તેનેજ મોકલ્યો હતો. પછી રાવણે નહિ માનવાથી તે સાથે જબરી લડાઇ કરી પોતાની નામના મેળવી હતી. જેને આજે લોકો "અંગદવિષ્ટી" કરી કહે છે, આ બધો પ્રતાપ તારા જેવી

સાધ્વી માતાનોજ, કે તેના પેટે અવતરી, તેના હાથ નીચે ઉછરી, ઉત્તમ શિક્ષણ મેળવ્યું હતું. અહા ! ઉત્તમ માતાનો કેવો પ્રતાપ ! સાધ્વી તારા ! તારી સાધુતાને ધન્ય છે ! ! !

ગાર્ગી.

આ મહા તત્ત્વજ્ઞ સાધ્વી બાઇ મહાત્મા ગર્ગાચાર્ય× ઋષિની કન્યા હતી. તેથી તેનું નામ ગાર્ગી પડયું હતું. તે ઘણીજ બુદ્ધિશાળી, ઉત્સાહી, ચંચળ અને હુશિઆર હતી. સદાચાર, નીતિ અને વિદ્યા એ તેને શણગારરૂપ હતાં. તેણે અનેક શાસ્ત્રનું અધ્યયન કર્યું હતું. તેની શિક્ષા, આચાર અને વ્યવહાર અધ્યાત્મિક હતાં. તે જે કંઇ શિખતી ને કરતી, તે ઉપર દૃષ્ટિ રાખીને કરતી. બાહ્યાડંબર ઉપર તેને અનાદર હતો. જે ઉપદેશ ઐહિક અને પરમાર્થિક મંગળજનક ન હોય, જે ઉપદેશ અને અભ્યાસ આત્માને શાંત કરે નહિ, તે ઉપદેશ અને અભ્યાસ તેને પ્રિય નહોતો. હૃદય જેવું અધ્યાત્મિક જળથી ધોવાય છે, તેવું બીજા કશાથી ધોવાતું નથી. એવો તેનો અભિપ્રાય હતો. તેનું શિક્ષણ ઇશ્વર અને આત્મા સંબંધી હતું. તેનું ચિત્ત એક પરિબ્રહ્મ તરફ લાગેલું હતું. તેનો એવો ઉપદેશ છે કેઃ—

" ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂક્ત, છંદ અને જ્યોતિષ વગેરે આ સર્વમાં જેમાં અવિનાશી પરબ્રહ્મનુ જ્ઞાન પ્રાપ્ત થાય, તેવું ન હોય તે સર્વ નેષ્ટ વિદ્યા છે. " **येनाहं नामृतास्यां किमहंतेन कुर्य्यां.**" જેનાથી અમૃતત્વ નહિ મેળવી શકું, તેને લઇને શું કરૂં ? ઉપલી વેદ પ્રેરણા અને ઉપદેશ આ આર્ય મહિલાના પવિત્ર હૃદયમાં મુદ્રાંકિત થયા હતા. તેનો મનોભાવ ઘણોજ ઉચ્ચ હતો. એ વાત તેણે ઋગ્વેદનાં કેટલાંક ઋક્ રચેલાં છે, તે પરથી જણાઈ આવે છે.

આ પંડિતા તત્વજ્ઞાનમાં ઘણીજ પ્રવીણ હતી. શુકલ યજુર્વેદમાંના બૃહદારણ્યક ઉપનિષદ્‌ના ૩ જા અધ્યાયના ૬ ઠ્ઠા અને ૮ મા બ્રાહ્મણમાં એનાં વચનો ઘણાંજ મનોહર અને ઉપદેશ આપનારાં છે તે વેદવાક્ય પ્રમાણે પ્રમાણ છે. તેથી સાધારણજનની આગળ ઘણીજ માન્ય અને આદરની વસ્તુ થઇ પડી છે.

પ્રાચીન સમયમાં મગધ દેશ નાના પ્રકારની તત્વ વિદ્યાની ચર્ચાને માટે ઘણો પ્રખ્યાત હતો. વિદેહ એ મગધ દેશમાંનો એક પ્રદેશ હતો. મિથિલાનગર વિદેહની રાજધાની હતી. એનું હાલનું નામ તીરહુત છે. એ મિથિલામાં એક વેળા-

× કેટલા વિદ્વાન કહે છે કે, તે વચકલું નામે મુનિની કન્યા હતી. પણ તેનું નામ-જોતાં એ વાત સત્ય લાગતી નથી ગર્ગાચાર્ય યાદવોના ગોર હતા.

એ બૃહદ્રથજનક રાજર્ષિએ " બહુદક્ષિણા " નામના મોટાયાગની તૈયારી કરવા માટે જૂદા જૂદા સ્થાનમાંથી ધાર્મિક બ્રાહ્મણોને બોલાવ્યા હતા. તે પ્રસંગે કુરૂ તથા પાંચાળ દેશમાંથી વેદ જાણનારા બ્રાહ્મણો આવ્યા હતા. તેથી યજ્ઞ સભામાં એક અપૂર્વ શોભા થઇ હતી. તે સમયે રાજર્ષિ જનકના અંતઃકરણમાં "યજ્ઞમાં નોતરેલા બ્રાહ્મણોમાં કોણ સર્વ કરતાં અધિક બ્રહ્મજ્ઞ છે." એ પ્રશ્ન ઉત્પન્ન થયો. માટે તે જાણવા તેણે સભામાં બ્રાહ્મણોની સાથે ૧૦૦૦ ગાયો બાંધી, ને તેઓનાં શિંગડાં ઉપર ૧૦ પાદ હેમમય કર્યાં. ત્યારપછી જનકે બ્રાહ્મણોને કહ્યું કેઃ—" બ્રાહ્મણો તમારામાથી જે સર્વ કરતાં અધિક બ્રહ્મવિદ હોય, તેણે આ સર્વ ગાયો લેવી." આવાં જનકનાં વચન સાંભળીને કોઇપણ તે દાન લેવાને આગળ પડયો નહિ. અંતે યાજ્ઞવલ્કય ઋષિએ પોતાના શિષ્ય સોમશ્રવાને ગોધન લેઈ જવાની આજ્ઞા કરી. યાજ્ઞવલ્કયના આવા આચરણથી સભામાંના બીજા બધા બ્રાહ્મણો ક્રોધાયમાન થયા; પરંતુ કાંઇ પણ બોલી શકયા નહિ. કેવળ જનક રાજાના પુરોહિત અશ્વલે કહ્યુંઃ— "યાજ્ઞવલ્કય ! તમે શું અમારા સર્વ કરતાં શ્રેષ્ટ બ્રહ્મપરાયણ છો ?" ત્યારપછી જરતકારૂ વંશના આર્તભાગ, લહ્યપુત્ર ભુજ્યુ, ચરકના પુત્ર ઉપરસ્ત અને કુષીતકના પુત્ર કહોડ વગેરેએ નાના પ્રકારના પ્રશ્ન પૂછ્યા. તે પછી બ્રહ્મપરાયણ ગાર્ગીની સાથે યાજ્ઞવલ્કયનું જે સંભાષણ થયુ હતું, તે નીચે આપીએ છીએ.

ગાર્ગીઃ—યાજ્ઞવલ્કય ! પાણીથી આ દુનિયા વ્યાપ્ત થઇ રહી છે. પાણી કોનાથી વ્યાપ્ત છે ? યાજ્ઞવલ્કયઃ—વાયુમાં.

ગાર્ગીઃ—વાયુ કોનાથી વ્યાપ્ત છે ? યાજ્ઞવલ્કયઃ—ક્ષિતિ, અપ, તેજ મરૂત અને વ્યોમથી. ગાર્ગીઃ—એ વળી કોનાથી વ્યાપ્ત છે ? યાજ્ઞવલ્કયઃ—ગાંધર્વ લોક દ્વારા. ગાર્ગીઃ—એ સાથી વ્યાપ્ત છે ? યાજ્ઞવલ્કયઃ—હે ગાર્ગી ? સૂર્ય લોકદ્વારા. ગાર્ગી——સૂર્ય કોનાથી વ્યાપ્ત છે ? યાજ્ઞવલ્કય —ચંદ્ર લોક દ્વારા. ગાર્ગીઃ—એ વળી કોનાથી ? યાજ્ઞવલ્કયઃ—નક્ષત્ર લોકથી. ગાર્ગીઃ—નક્ષત્ર લોક કોનાથી વ્યાપ્ત છે ? યાજ્ઞવલ્કયઃ—દેવ લોક દ્વારા. ગાર્ગીઃ—દેવ લોક કોનાથી વ્યાપ્ત છે ? યાજ્ઞવલ્કયઃ—ઇંદ્રિ લોક દ્વારા. ગાર્ગી;—એ કોનાથી વ્યાપ્ત છે ? યાજ્ઞવલ્કયઃ—બ્રહ્મ લોક દ્વારા. ગાર્ગીઃ—બ્રહ્મ લોક વળી કોનાથી વ્યાપ્ત છે ?

ગાર્ગીનો છેલ્લો પ્રશ્ન સાંભળીને યાજ્ઞવલ્કયે કહ્યુંઃ—" ગાર્ગી ! પરાજિત થવાની આ શંકાથી અસંભવ પ્રશ્ન કરશો ના. તમે જે દેવતાના સંબંધી પ્રશ્ન કર્યો; તે જિજ્ઞાસા બહારની વસ્તુઓ છે. એટલા માટે ગાર્ગી ! એ સંબંધમાં તમારે સવાલ કરવો કોઇ રીતે ઉચિત નથી.

ત્યાર પછી ગાર્ગી થોડીવાર મૂંગી રહી. એટલામાં અરૂણ ઋષિના પુત્ર ઉદ્દાલકે કંઇ પૂછ્યું. યાજ્ઞવલ્કયે તેનો પણ ખરો જવાબ આપ્યો.

પછી ગાર્ગી ફરી સભામાં સઘળાં બ્રાહ્મણને ઉદ્દેશીને બોલીઃ—બ્રાહ્મણો ! યાજ્ઞવલ્કયને બીજા બે પ્રશ્ન પૂછવાની ઇચ્છા કરૂં છું. જો આ પ્રશ્નોના ઉત્તર

આપવા સમર્થ થાય, તો તમારે કબુલ કરવું પડશે કે, કોઈ બ્રહ્મજ્ઞાની તેનો પરાજય કરી શકશે નહિ. બ્રાહ્મણો એ સાંભળી એના અભિપ્રાયમાં સંમત થયા. ત્યાર પછી **ગાર્ગી** બોલીઃ–" હે **યાજ્ઞવલ્કય** ! વિદેહ પ્રદેશમાં રહેનાર અથવા કાશી-પ્રદેશમાંનો ક્ષત્રીય જેમ ધનુષમા બે તીર નાખીને સામાને વીંધે છે, તેમ હું બે પ્રશ્ન રૂપી બાણોથી તમને વિદ્ધ કરૂ છુ. તમે તેના ઉત્તર આપવા તૈયાર થાઓ. **યાજ્ઞવલ્કયઃ**–પૂછો.

ગાર્ગીઃ—નભોમંડળના ઉપલા ભાગમાં, અને ક્ષિતિજના નીચલા ભાગમાં કોણ છે ? શૂન્ય માર્ગમાં અને પૃથ્વીમાં વળી કોણ છે ? આકાશ તથા ભૂતમંડળ એ શુ છે ? અને શાથી આ સર્વ ઓતપ્રોત ભાવથી રહેલું છે ? ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન કાળના કયા પદાર્થમાં વ્યાપ્ત છે ?

યાજ્ઞવલ્કયઃ—ઉપલી નીચલી સર્વ જગા મહાકાશથી ઓતપ્રોત છે.

ગાર્ગીઃ—મહાભાગ ! તમારા આ સયુક્તિક ઉત્તરથી કૃતાર્થ થઇ; હું આવું સદુત્તર મળવાને માટે તમારી આગળ નમુ છું. હવે બીજા પ્રશ્નનો જવાબ આપો. **યાજ્ઞવલ્કય**—પૂછો,

ગાર્ગીઃ—તમે કહ્યુ હતું કે, મહાકાશથી પૃથ્વી, ઉપલા અને નીચલા બેઉ પ્રદેશનું સંધિસ્થાન છે. તથા ભૂત ભવિષ્ય, અને વર્તમાનકાળ પરિવ્યાપ્ત રહ્યા છે. ઠીક, તે મહાકાશ કોનાથી પરિવ્યાપ્ત છે ?

યાજ્ઞવલ્કયઃ–ગાર્ગી ! બ્રાહ્મણો જેને પ્રણામ કરે છે, તે અક્ષર બ્રહ્મ છે. તે સ્થૂળ અથવા સૂક્ષ્મ હસ્વ કે દીર્ઘ નથી, લાલ નથી; ચીકણી વસ્તુ પણ નથી, છાયા અથવા અંધકાર, વાયુ અથવા શૂન્ય નથી; તે માયા, રળ અને ગંધ પણ નથી; આંખ, કાન, મન, વાક્, તેજ અથવા પ્રાણ નથી. તે મુખ વિનાનો તથા ઉપમા વિનાનો છે.

હે **ગાર્ગી** ! તે અનીશ્વર પરમેશ્વરના શાસનના બળથી ચંદ્ર, સૂર્ય ભૂલોક, તથા દેવલોક, નિમેષ, મુહૂર્ત, રાત્રિ, દિવસ, પખવાડિયા, મહિના, ઋતુ, સંવત્સર, સ્થિતિ કરે છે, તે અવિનાશી જગદીશ્વરના શાસનથી પૂર્વ તથા પશ્ચિમમાં વહેનારી નદીઓ સફેદ પર્વતમાથી નીકળી તે પ્રવાહિત થાય છે.

અહા ! **ગાર્ગી** ! જે માણસ તે અક્ષય પરમાત્માનું યથાર્થ તત્વ ન જાણતાં, કેવળ યાગ, યજ્ઞ, તપશ્ચર્યા તથા હોમ કરે છે, તે કદાપિ સ્થાયી ફળ મેળવવામાં સમર્થ થતો નથી; પરંતુ જે તેનું તત્વ જાણીને પરલોક ગમન કરે છે તેજ બ્રાહ્મણ છે. એટલે ખરેખરા બ્રહ્મજ્ઞ છે. **ગાર્ગી** ! તે ઈશ્વરને કોઇ જોતા નથી ખરા, પરંતુ તે સર્વ જુવે છે. કોઈ તેનુ સાંભળી શકતા નથી, પણ તે સર્વનુ સાભળે છે. કોઈ તેનો વિચાર કરી શકતા નથી, પરતુ તે સર્વને જાણી શકે છે. **ગાર્ગી** ! આદૃશ્યમાન નભોમંડળ એનાથી ઓતપ્રોત ભાવથી પરિવ્યાપ્ત થઇને રહેલું છે.

ગાર્ગી દેવીની બુદ્ધિના વિષયમાં અમે આથી મોટી બીજી કંઈ ઓળખાણ

આપીએ ? એવા ધર્મ જ્ઞાનની હદ નક્કી કરવામાં કોણ સમર્થ થાય ? તર્કશક્તિ તો અતુલનીય છે. નહિ તો મોટા લેખાયેલા બ્રાહ્મણોની સભામાં સર્વથી ઉપરી થઇને આટલી પ્રભુતા કરવા શા માટે જાય ! ટુંકામાં આ એક અતુલનીય અને અદ્ભૂત સ્ત્રી હતી. તેના આવા શ્રેષ્ટ જ્ઞાન પ્રબળથી સૌ ઋષિઓ છક થઇ ગયા અને તેનાં ઘણાં વખાણ કર્યા કરતા હતા. તેણે ઘણા દેશ ભ્રમણ કરી અધ્યાત્મિક જ્ઞાનના વિષયમાં પોતાના અભિપ્રાય જણાવ્યા હતા. આ તત્વજ્ઞ પંડિતા આ શ્રેષ્ટ જ્ઞાન પરિબળથી પૃથ્વીમાં પ્રસિદ્ધિને પામી ગઇ છે.

અરે ! અફસોસ છે કે, આખી પૃથ્વીમાં એક વખતે આર્યાવર્ત આવી તત્વજ્ઞ સાધ્વીઓના જ્ઞાનોદયથી ચોતરફ ઝળકી રહ્યો હતો, તેજ આર્યાવર્તની મહિલાઓ આજે તેવા જ્ઞાનથી વિમુખ થઇ, અજ્ઞાનતામાં અવતાર ગાળે છે. આ કેવા દુર્ભાગ્યની વાત છે ! અરે ! તે તો રહ્યું, પણ કેટલીક તો ધર્મ તે શું ? નીતિ તે શું ? અને જ્ઞાન તે શું ? એ પણ સમજતી નથી. આ શુ થોડા ખેદની વાત છે ! ! ! હે ઇશ ! ભારતવર્ષપર દયા કરી ગાર્ગી જેવાં ઘણાં સ્ત્રીરત્નો આ પ્રદેશમાં પ્રકટ કર ? ! !

સતીઓ.

પદ્મણી.

આ સાધ્વી સ્ત્રીનાં માબાપ જગન્નાથપૂરીમાં રહેતાં હતા. તેનો બાપ અગ્નિહોત્રી બ્રાહ્મણ હતો. આ કન્યા અથાક સ્વરૂપવાન અને ગુણી હતી. તેનો વિવાહ જગન્નાથપૂરી પાસે કિંદુંબિલ્વ ગામમાં રહેનાર જયદેવ કવિ વેરે કર્યો હતો. જયદેવ કવિ ઘણો વિદ્વાન અને પ્રસિદ્ધ હતો. આ સ્ત્રી મહા પતિવ્રતા હતી. તેનો પતિપ્રત્યે પ્રેમ ઘણોજ હતો. તેને શ્રીકૃષ્ણની પૂર્ણ ભક્તિ હતી. જયદેવ કવિ ત્યાંના રાજા સાત્વીકનો આશ્રિત હતો. તેથી પદ્મણીને રાણીઓ પ્રસંગોપાત બોલાવતી. એક વખતે એવો બનાવ બન્યો કે, રાણીનો ભાઈ મરી ગયો; તે સાથે તેની સ્ત્રી બળી સતી થઇ. તેની પ્રશંસા રાણી બીજી સ્ત્રીઓ સાથે કરતી હતી કે, અહા ! આજે આવી કોઇ પતિવ્રતા છે ! બીજી સ્ત્રીઓ પણ રાણીની હાએ હા કરતી હતી. પણ આ વખતે પદ્મણી તે પાસે બેઠી હતી તે કંઇ બોલી નહિ. તે પરથી રાણીએ જાણ્યું જે તેને ન બોલવાનું કંઇ કારણ હોવું જોઇએ. એમ ધારી તેને આગ્રહથી પૂછ્યું કે તમારો આ વિષે જે વિચાર હોય તે ખરેખર જણાવો. તેથી

પદ્મણીના મુખમાંથી સહજ રીતે એવું વચન નીકળ્યું કે,—“ જે ક્ષણમાં પતિનું મરણ સાંભળ્યું, તેજ ક્ષણમાં પ્રાણ તજી દેહ છોડવો એ ઉત્તમ છે. એનેજ ખરી પતિવ્રતા—સતી સ્ત્રી કહેવી. પતિ સાથે શરીરનો દાહ કરી પ્રાણ તજવાની જરૂર નથી.”

આવાં વચનથી રાણીને માઠું લાગ્યું. તેણે પદ્મણીની પરિક્ષા લેવા મનમાં ધાર્યું. એક વખતે રાજા સ્વારી સહિત બહાર ગામ ગયો હતો. તે સાથે જયદેવ કવિ પણ ગયા હતા. આવો લાગ જોઇ રાણીએ ગામમાં અફવા ફેલાવી કે જયદેવ કવિ જંગલમાં ફરવા ગયા હતા, ત્યાં વાઘે તેનો પ્રાણ લીધો. આ વાત જે ક્ષણે પદ્મણીના સાંભળવામાં આવી, તેજ ક્ષણે તે શબવત થઈ પડી. આ બનાવથી ગામમાં હાહાકાર થઈ રહ્યો. રાણી ભોંઠી પડી થરથર કંપતી વિચારવા લાગી, જે હવે હું રાજાને શું જવાબ દઇશ. એવી વિલાપના કરે છે, એટલામાં તરતજ ઇશ્વિરેચ્છાથી રાજા અને જયદેવ ગામમાં આવ્યા. જયદેવ ઘેર ગયા, જુએ છે તો પોતાની પ્યારી સ્ત્રી પડેલી છે, એ જોઈ અશ્રુપાત કરવા લાગ્યા. રાજાને આનું કારણ તપાસતાં પોતાની રાણીનો અપરાધ જણાયો. તેથી તેને ઘણે પ્રકારે ધિક્કાર આપ્યો. સતીની હત્યા થઇ તેથી મોટું પાપ લાગ્યું. એમ વિચારી રાજાએ પોતે મરવાની તૈયારી કરી, પણ જયદેવે રાજાને શાંત પાડયો. પછી તેણે પોતાની સ્ત્રીની શય્યા પાસે પાસે બેસી અષ્ટપદીઓ (ગીત ગોવિંદ) એવા મધુર અને કરૂણારસમાં ગાઇ શ્રીકૃષ્ણની પ્રાર્થના કરી કે, આજુબાજુ ઉભેલાં સર્વે માણસો રૂદન કરવા લાગ્યાં. આઠમી અષ્ટપદી પૂર્ણ થતાંજ ઇશ્વર કૃપાથી પદ્મણીએ આંખ ઉઘાડી, જેમ કોઈ નિદ્રામાંથી ઉઠી શરીર (આળસ) મરડે, તેમ શરીર મરડી બેઠી થઇ; પતિને આનંદથી પગે લાગી. આ જોઇ રાજા રાણી અને સર્વે ઘણાં ખુશી થયાં. તે દિવસે મોટો ઓચ્છવ કર્યો. પતિવ્રતાના પતિપરના અગાધ પ્રેમનાં અને તેના સતીત્વના સૌ વખાણ કરવા તથા જયદેવને ધન્યવાદ આપવા લાગ્યા. આજુબાજુના રાજાઓએ જયદેવ કવિને તેડાવી મોટી મોટી ભેટો આપી. પદ્મણીના સતીત્વ પ્રતાપથી જયદેવ કવિની ઘણીજ કીર્તિ વધી ગઈ. જ્યાં જાય ત્યાં “ જય પદ્મણીપતિ જયદેવ !! ” એમ કહી લોક માન આપવા લાગ્યા. જયદેવે પોતાની સ્ત્રી માટે શ્રીકૃષ્ણની પ્રાર્થના કરી તેને ગીતગોવિંદ કરી કહે છે. તેનો પાઠ કરવાનો ઘણો મહિમા છે. આજે પણ કલિંગ દેશમાં તો શ્રીકૃષ્ણના ઓચ્છવ વખતે અષ્ટપદિઓ ગાઇ, આખી રાત જાગરણ કરવાનો રીવાજ છે. અષ્ટપદીઓનું ઇંગ્રેજી ભાષાન્તર સર વિલિયમ જોન્સને કર્યું છે. તેનાં ઘણાં વખાણ થાય છે. અહો ! ધન્ય છે પદ્મણીના પ્રેમને !! એવા પવિત્ર પ્રેમથી તે પોતાનું પાતિવ્રત્ય બતાવી આપી અમર થઈ ગઇ છે !!!

શકુન્તલા.

આ સતી સ્ત્રી પુરૂકુલોત્પન્ન દુષ્યંતની ધર્મ પત્ની, અને મહાત્મા કણ્વ-ઋષિની પાલિતા પુત્રી થાય. તેની ઉત્પત્તિ વિષે મહાભારતમાં એવી કથા છે કે;—"મહાત્મા વિશ્વામિત્ર ઋષિ મહાઉગ્ર તપ કરતા હતા. તેથી ઇંદ્રે ભય પામી તેમનું તપ ભંગ કરવા સારૂ મેનકા નામની અપ્સરાને વિશ્વામિત્ર પાસે વનમાં મોકલી, તેમનાથી મેનકાને પુત્રી થઇ. એ પુત્રીને મેનકા વનમાં મૂકીને જતી રહી. એવામાં કણ્વઋષિ ત્યાં જઈ ચડયા. તેમણે એ પુત્રીને જોઇ, તેની પાસે કોઇ ન હોવાથી પોતાને આશ્રમે લેઇ જઇ તેને પાળી પોષી મોટી કરી. વનમાં જ્યારે તે એકલી પડી હતી, ત્યારે શકુન્ત નામના પક્ષીએ તેની રક્ષા કરી હતી. તેથી કણ્વઋષિએ તેનું નામ શકુન્તલા પાડયું. શકુન્તલા કણ્વઋષિ જેવા પાલક પિતાના હાથ નીચે ઉછરી ઉત્તમ પ્રકારની કેળવણી પામી સદ્દગુણ સંપન્ન થઇ હતી. તે મહા મનોહર રૂપ લાવણ્યતાવાળી અને તેજસ્વી હતી. આ ઋષિનો આશ્રમ અનેક પ્રકારના વન વૃક્ષો, સુંદર પશુ પક્ષીઓ વગેરેથી ભરપૂર રમણિય વનમાં હતો. શકુન્તલા એક વખતે પોતાની સખિઓ સાથે વનવૃક્ષની ઘટામાં પોતાની ગૃહવાટિકાનાં વૃક્ષો ઉછરેવા ઘડુલો લેઇ, પાણી સીંચતી. થોડો વખત વિશ્રાંતિ લેવા, દ્રાક્ષ કુંજની લતા મંડપમાં સખિઓ સાથે બેસી મૃગલીઓની રમત ગમતથી આનંદ કરે છે. તેટલામાં મૃગયા કરવા નીકળેલો દુષ્યન્ત રાજા ફરતો ફરતો અકસ્માત આવી ચડયો તેની દૃષ્ટિએ આ પવિત્ર નયના, લતા મૃગાનુરાગિની આશ્રમવાસિની તાપસબાળા. જેવામાં આવી. દુષ્યન્ત આ રૂપરાશિની બાળાને જોઇ મોહિત થયો. બંનેની દૃષ્ટિ મળતાં પરસ્પર પ્રેમે આકર્ષણ કર્યું. શકુન્તલા પણ તેને મનથી વરી ચૂકી. શકુન્તલાનો સંકલ્પ ઋષિના જાણવામા આવતાં, તેણે ધર્મવીર દુષ્યન્ત સાથે પરણાવી. દુષ્યન્ત શકુન્તલા સાથે થોડો વખત રહ્યો. પોતાની પ્યારી સ્ત્રીને પાછળથી પોતાની રાજધાનીમાં તેડાવવાનો નિશ્ચય કરી, પરણ્યાની નીશાની માટે વીંટી આપી ચાલતો થયો. તેના ગયા પછી યોગ્ય સમયે શકુન્તલાને એક પરમ સુંદર પુત્ર થયો હતો. ઠરાવ પ્રમાણે રાહ જોઇ, પણ શકુન્તલા દુર્વાસા નામના ઋષિથી શાપિત હતી કે, "તને દુષ્યન્ત ભૂલી જશે, જ્યારે તે પોતાની આપેલી નિશાનીની વીંટી જોશે, ત્યારે તું યાદ આવશે; નહિં તો યાદ આવશે નહિ." ઇશ્વરેચ્છાથી શકુન્તલાએ અભિજ્ઞાન વીંટી ખોઇ નાંખી. પણ તે જાણતી નહોતી કે મેં ગુમાવી છે. દુષ્યન્ત શકુન્તલાને શાપ પ્રભાવથી ભૂલી ગયો. તેથી કણ્વ ઋષિએ તેની દાસી અને શિષ્યની સાથે શકુન્તલા અને પુત્ર સહિત દુષ્યન્ત પાસે મોકલી. તે વીંટી ગુમાવીને વિશ્વમોહિત કરનાર મનોહર પવિત્રરૂપ લઇને; પોતાને જન્મેલા પુત્ર સાથે વલ્કલ પહેરી પવિત્રનયના, લતામૃગાનુરાગિની, આશ્રમવાસિની તાપસબાળા દુષ્યન્તની સામે

આવી ઉભી રહી બોલી;—"રાજન્! હું તમારી પત્ની છું, અને આ બાળક તમારો પુત્ર છે." રાજાએ તેની વાતપર વિશ્વાસ કર્યો નહિ. ધર્મવીર દુષ્યન્ત જે રૂપ રાશિ જોઇને તે દહાડે મોહિત થયો હતો, તે રૂપરાશિ હમણાં દુષ્યન્તની આંખ મનને વિમુગ્ધ કરે છે. દુષ્યન્ત શકુન્તલાને શાપ પ્રભાવથી ભૂલી ગયો છે ખરો, પરંતુ જે આંખ તે દહાડે શકુન્તલાને જોઇને પોતાના મનને ઉન્મત્ત કરતી હતી, આજ પણ તેની તે આંખ અને તે મન રહેલુ છે, તો કેમ આજ શકુન્તલા તેની પાસે અલ્પાશા થઇને ઉભી છે? આ બધુ ત્યાં જેટલાં ઉભા હતાં, તેઓ ધ્યાન લગાડીને જોતાં હતાં. દુષ્યન્ત પણ તે રૂપ જોઇને મુગ્ધ થાય છે, ને વિચાર કરે છે કેઃ—

માલિની વૃત.

"મુજ નિકટ ઉભેલું રૂપ સોહામણું આ,
પ્રથમ કદિ કર્યું મેં લગ્ન એ સાથ કે ના;
મન નવ દ્રઢ થાયે એ વિષે આજ મારૂં,
ઘડી ઘડી ફવાથી તર્ક આ એજ સારૂં.
જયમ ભમર ફરે છે જૂઇનું પુષ્પ ભાળી,
અતિ દવજળથી છે એ ભરેલું નિહાળી;
મન નહિ ધરતો એ લાલચે ભોગ લેવા,
ત્યમ નહિ કરતો એ પુષ્પનો ત્યાગ એવા."

એ પ્રમાણે ઘણો વિચાર કરે છે, પણ શકુન્તલા મારી છે, એમ તેનું મન માન્યું નહિ તેથી તેને ગ્રહણ કરવાને એકદમ ના પાડી, ત્યારે શકુન્તલાએ પોતાના પ્રિય સ્વામીને કહ્યું;—'રાજન્! ભાર્યા ધર્મ કાર્યમાં પિતા સ્વરૂપ છે—આર્ત્ત મનુષ્યની જનની સ્વરૂપ છે, અને મુસાફરને વિશ્રામ જેવી છે. સત્ય પરમ બ્રહ્મ છે. સત્ય પ્રતિજ્ઞા પ્રતિપાલન કરવી, એ પરમોત્કૃષ્ટ ધર્મ છે. એટલા માટે તમે સત્યનો ત્યાગ કરશો નહિ.' એ પ્રમાણે તેણે આ ઠેકાણે ઘણાં ધર્મનીતિનાં વચનો કહ્યાં. રાજાની ધર્મ ઉપર આસ્તા ઘણી હતી. તેથી મનને નક્કી થયા વગર આવું રૂપ જોઇ મોહિત થયો નહિ કે તેનું કહેલું માન્ય કર્યું નહિ. આવી રીતે રાજા તરફથી શકુન્તલાનું ઘણું અપમાન થયું, પણ તેને પતિપર જરાએ અભાવ આવ્યો નહિ, કે કટુ વચન બોલી નહિ, તેનાપર જે દુઃખ આવી પડ્યું, તે ધૈર્ય ધારી સહન કર્યું, તે પૂર્વ પ્રમાણેજ પ્રીતિભાવ રાખી ઉભી રહી. અંતે ઇશ્વર કૃપાથી ખોવાયલી વીંટી અકસ્માત મળી, તે દુષ્યન્ત રાજાની નજરે પડતાંજ શકુન્તલા યાદ આવી. આવતાંજ તરત પોતાની પ્રાણ પ્રિયા શકુન્તલા તથા નાના પુત્રને પ્રીતિપૂર્વક ભેટી રાજ મહેલમાં તેડી જઇ રાખ્યાં, અને હળીમળીને સુખમાં દિવસ નિર્ગમન કર્યા. પુત્રનું નામ ભરત પાડ્યું. એ ભરત આગળ જતાં

મોટો પરાક્રમી રાજા થયો, અને તેનાજ નામ ઉપરથી આર્યાવર્ત્ત દેશનું નામ **ભારતવર્ષ** અથવા **ભરતખંડ** પડયું. કેટલાક કહે છે કે, **શકુન્તલા**ના પુત્ર **ભરત**ના નામ ઉપરથી નહિ, પણ **ઋષભદેવ**ના પુત્ર **જડભરત**ના નામ ઉપરથી આ દેશનું નામ ભરતખંડ પડેલું છે. ગમે તેમ હો, તોપણ આ સતી **શકુન્તલા**નો પુત્ર **ભરત** રાજા બહુ પરાક્રમી અને ચક્રવર્ત્તિ રાજા હતો. એમાં કાંઈ શક નથી.

દેવયાની.

આ સતી **શુક્રાચાર્ય**ની કન્યા અને **યયાતિ** રાજાની ધર્મપત્ની થાય. તે વિદ્યુત સરખી તેજસ્વિની અને સૌન્દર્યવાન હતી. તેમજ તે ચતુર અને બુદ્ધિશાળી હતી. તેને **શર્મીષ્ટા** નામે એક રાજ પુત્રી બેનપણી હતી. એક વખતે **દેવયાની** પોતાની આ બેનપણી અને બીજી કેટલીક સખીઓની સાથે લઇ નદીએ સ્નાન કરવા ગઇ હતી. સ્નાન કર્યા બાદ ઉતાવળે ભૂલથી **શર્મીષ્ટા**નાં વસ્ત્રો પહેરાઈ ગયાં. આ જોઇ **શર્મીષ્ટા**એ કહ્યું કે, તું ઋષિબાળા છતાં મારાં વસ્ત્રો કેમ પહેરે છે? તેં મારૂં અપમાન કર્યું. માટે હું આ વાત મારા પિતાને જણાવી તને તથા તારા પિતા **શુક્રાચાર્ય**ને ગામમાંથી કાઢી મૂકાવીશ. એમ કેટલીક તકરાર કરી **શર્મીષ્ટા**એ બીજી સખીઓને સાથે લઈ **દેવયાની**ને કુવામાં નાખી દીધી. આ ખબર **શુક્રાચાર્ય**ને થઈ. તેણે ક્રોધ કરી રાજાને કહ્યું કે, તારી પુત્રીએ મારી કન્યાને વગર અપરાધે સહેજ વાત સારૂ કુવામાં નાંખી દીધી. માટે હું શાપ દઈશ અને તારો અને તારા રાજનો નાશ કરીશ. ઋષિનાં આવાં વચનથી રાજા ઘણો ગભરાયો. રાજાએ કહ્યું, મારાપર કૃપા કરી આટલો અપરાધ ક્ષમા કરશો, એવી હું પ્રાર્થના કરૂં છું. આ અપરાધ બદલ આપ જે કહેશો તે કરવા હું તૈયાર છું. રાજાનાં આવાં દીન વચન સાંભળી **શુક્રાચાર્યે** કહ્યું, તારી પુત્રીએ મારી પુત્રીનો અપરાધ કર્યો છે, માટે તે પોતાના પતિનો સંગ કર્યા વગર આખો ભવ તેની દાસી થઈ રહે. આ વાત રાજાએ કબુલ કરી. એટલે ઋષિ ત્યાંથી પોતાના આશ્રમે ગયા.

હવે **દેવયાની**એ કુવામાંથી બહાર નીકળવાને ઘણાંએ વળખાં માર્યાં પણ તેનું કાંઈ વળ્યું નહિ. તેવામાં **યયાતિ** રાજા મૃગયા રમવાને ગયેલો, તે તૃષા લાગવાથી અકસ્માત્ આવી ચડયો. તેણે તેવામાં જોતાં અંદર એક રૂપ સુંદર કન્યાને દીઠી. કન્યાએ કુવા કાંઠે રાજાને દીઠો. અંદરથી **દેવયાની**એ કહ્યું કે, રાજન્! મને કાઢો. રાજાએ પોતાનો જમણો હાથ લંબાવી તેનો જમણો હાથ પકડી કાઢી. **દેવયાની**એ બહાર નીકળી તેનો ઘણો ઉપકાર માની કહ્યું રાજન્!

તમે મને આજે જીવિતદાન દીધું. અને વળી મેં આજ સુધી કોઈ પુરૂષનો હાથ પકડયો નથી, આજ તમેજ મારો જમણો હાથ તમારા જમણા હાથથી પકડી કુવામાંથી કાઢી; માટે મારે તો હવે તમેજ પ્રાણાધાર ખરા પતિ છો. હવે મારે બીજો પુરૂષ ભાઈ બાપ સમાન છે. જો તમે મને નહિ વરો, તો હું તમને હત્યા આપીશ. હું હવે કદી પણ બીજો પતિ કરી વ્રતભંગ કરીશ નહિ.

રાજાએ કહ્યું કે, કુમારી ! હું એમ કદી કબુલ ન થાઉં. જો તારો પિતા શુક્રાચાર્ય વિધિસર મને પરણાવે તોજ હું તારી સાથે વરીશ. દેવયાનીએ એ વાત માન્ય રાખી. ઘેર જઇ તેણે પોતાના પિતાને વિતેલી સઘળી વાત કહી બતાવી. તે પરથી શુક્રાચાર્યે વિચાર્યું કે, દેવયાનીનું કહેવું વ્યાજબી છે. માટે મારે તેના કહેવા પ્રમાણે કરવું ઘટીત છે. એમ વિચારી તેનાં લગ્ન યયાતિ રાજા સાથે વિધિસર કર્યાં. પછી ઋષિએ શર્મીષ્ઠાના પિતા પાસે જઇ કહ્યું કે, હવે તારી પુત્રીને પણ યયાતિ રાજા સાથે પરણાવ અને દેવયાનીની દાસી કરી મોકલ. દેવયાનીએ યયાતિ રાજા સાથે એવો કરાર કરાવી લીધો કે, આ મારી દાસીને તમને એના કુવારા ગ્રહ ઉતરે એવા કારણથી પરણાવું છું. માટે તેનો તમારે કદી પણ સંગ ન કરવો. કરો તો મારામાં ને દાસીમાં પછી ફેર શો ? દાસી કદી મારા પ્રમાણે હક ભોગવવાને લાયક નથી. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—"**સ્ત્રીઓને એકજ પતિ હોવો જોઇએ, અને પતિને પણ એકજ પત્ની હોવી જાઇએ. સ્ત્રીએ પતિવ્રત પાળવું એ તેનું ભૂષણ છે, અને પુરૂષે એક પત્નિવ્રત પાળવું એ તેમને ભૂષણરૂપ અને કલ્યાણકારક છે.**" વળી લગ્નક્રિયા થતી વખતે કોલકરારમાં તમે પ્રતિજ્ઞા કરી કહ્યું છે કેઃ—**હું તારા સિવાય બીજી કોઇ સ્ત્રીને નહિ ઇચ્છું.** માટે તે પ્રમાણે વર્ત્તવા મારી સાથે બંધાએલા છો. આ દાસીને તો મારે લીધેજ વરાવવી પડે છે. જો તમે એ પ્રતિજ્ઞા તોડી મારો અર્ધાંગનાનો હક બીજાને આપશો, તો હું તે રોજથી મારા પિતાને ત્યાં જઇ રહીશ. યયાતિ રાજા દેવયાનીના કહેવા પ્રમાણે કરવાને બંધાયો. શર્મીષ્ટાને પરણાવી; એટલે તે દાસી થઈ રહી. દેવયાની પતિની આજ્ઞાનુસાર રહી પતિવ્રતાના ધર્મ પ્રમાણે વર્ત્તવા લાગી. પતિને રાજકાજ વગેરેમાં સલાહ અને સહાયતા આપી ઘણી ઉપયોગી થઇ પડી. એ રીતે સુખ અને આનંદમાં ઘણાં વર્ષ કાઢયાં. એક વખતે યયાતિ રાજાએ દૈવ ઇચ્છાથી ભૂલી શર્મીષ્ઠાનો સંગ કર્યો તે રોજથી દેવયાની પિતાને ઘેર જઇ રહી. બાકીની જીંદગી ઇશ્વિર આરાધનામાં યોગિની દશામાં રહીને ગાળી સદ્દગતિને પામી.

મીરાંબાઈ.

આ પરમ સાધ્વી સ્ત્રી મારવાડમાં આવેલા મેડતાના જયમલ્લ રાઠોડની પુત્રી થાય. તેમનો જન્મ સંવત ૧૪૮૦ માં રજપૂતાનામાં આવેલા નેરેટા નામે ગામમાં થયો હતો. તેને મેવાડના પ્રખ્યાત કુંભારાણાની સાથે સંવત ૧૪૯૫ માં પરણાવી હતી. **મી**રાંબાઇનો પિતા જયમલ્લ રાઠોડ વિષ્ણુ-ભક્ત હતો. તેથી તે પોતાના ઘરમાં **શ્રી**કૃષ્ણુની એક સુંદર મૂર્તિ રાખીને તેની બહુજ ભાવથી પૂજા કરતો અને સંત સાધુઓનો પણ સમાગમ રાખતો હતો. પિતાનું આવું વર્ત્તન જોઇને **મી**રાંબાઇનું ચિત્ત પણ **શ્રી**કૃષ્ણુ ભક્તિમાં પરોવાયું. એવું કહેવાય છે કે, **મી**રાંબાઇનું સૌંદર્ય બહુ અલૌકિક હતું; તેના જેવી રૂપવંતી નારી એ વખતમાં બીજી કોઈ જોવામાં આવતી નહોતી. ચિતોડના મહારાણાને આખી રજપૂત કોમના વડા તરીકે આદરમાન મળતું અને તેનું વડિલપણું સઘળાએ સ્વીકારેલું હતું. તેથી રજપૂતાનાની સર્વથી વધારે રૂપવંતી રજપૂત કન્યા હોય, તેજ તેની મહારાણી થવા પામતી હતી. તે પ્રમાણે ચિતોડના ગાદી વારસ કુમાર કુંભાસિંગ સાથે તેના પિતાએ પરણાવી હતી. વૃદ્ધ રાણાના મરણ પછી તે મેવાડની મહારાણી થઈ હતી, તે પોતે તથા તેનો પતિ કુંભોરાણો* બંને જણ નાનપણથીજ કવિ હતાં. તે બંને ગાયન વિદ્યામાં પણ ઘણાં કુશળ હતાં. રાણોજી **મી**રાંબાઇની રાજ્યકાર્યમાં સલાહ અને સહાયતા લેતો હતો. તેમનું મન હરેક પ્રકારે સંતોષવાને ચૂકતો નહિ. પોતાનો પતિ તરીકેનો ધર્મ શું છે તે સમજતો અને તે પ્રમાણે વર્તતો હતો. **મી**રાંબાઈ દયાળુ, પરોપકારી અને ઈશ્વર ભક્ત હતી. પ્રજાજન ઉપર પ્રીતિ રાખી તેમનું હરેક પ્રકારે શ્રેય થાય, તેવી રીતે કરવાને રાણાને કહેતી. તેથી પ્રજાની તેણે ઘણી પ્રીતિ સંપાદન કરી હતી. તેનું મન ઈશ્વર અને પતિભક્તિમાં ચોટેલું હતું. ઈશ્વરભક્તિમાંથી પરવાર્યા પછી નિરંતર પતિ સેવામાં હાજર રહેતી, પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી પતિનું મન હરેક પ્રકારે રંજન કરવા ચૂકતી નહિ. ફુરસદનો ઘણો વખત કવિતા રચવામાં અને ગાવામાં ગુજારી રાણાને આનંદ આપતી. ઇત્યાદિ રીતે આ દંપતિ એક બીજાના સુખ દુઃખમાં ભાગ લેતાં, એવો પરસ્પર ગાઢ પ્રેમ હતો. પરંતુ પાછળથી દૈવયોગે ધીમે ધીમે એક જણના મતમાં ફેર પડતો ગયો. રાણાનો સંસારી બાબતમાં શોખ વધતો જતો, ત્યારે **મી**રાંબાઇ ઈશ્વરી બાબતો ઉપર વધારે લક્ષ આપવા લાગી. **મી**રાંબાઇ જેવી રૂપમાં પરમ સુંદરી હતી, તેવીજ અંદરના સૌંદર્યમાં પણ હતી. તે પરણીને સાસરે જઇ

---

* આ રાણો જેવો વીરપુરૂષ અને ઉદાર હતો, તેવોજ તે વિદ્વાન પણ હતો. તેણે જયદેવ કવિના રચેલ "ગીતગોવિંદ" નામે પ્રખ્યાત ગ્રંથ ઉપર ટીકા લખી હતી. તેણે સંવત ૧૪૭૫ થી સંવત ૧૫૨૫ સુધી રાજ કર્યું હતું.

સ્વામિભક્તિમાં નિયુક્ત થઇ હતી; તો પણ તેનું મન ઇશ્વિરભક્તિમાંથી લેશ પણ ખસ્યું નહોતું. તે ધીમે ધીમે આ સંસારના સાર રહિત વિષય સુખનો ત્યાગ કરવા લાગી. તેને લાગ્યું કે ઇશ્વિર તરફ ભક્તિ ભાવ રાખ્યા સિવાય આ જગતનું સુખ કોઇથી સંપાદન થઇ શકતું નથી, અને પેલી દુનિયામાં પણ સુખની આશા રાખી શકાય નહિ; આ સર્વ વિચારથી ઇશ્વિરમાં અતિ પ્રેમ લાગ્યો.

ઇશ્વિરભક્તિ એ મનુષ્યના હૃદયની સંજીવન શક્તિ છે. જેનુ હૃદય હમેશાં ભક્તિરસમાં ડુબેલું રહે છે, તે મનુષ્ય હોવા છતાં પણ દેવલોકનું પવિત્ર સુખ ભોગવે છે, ભક્તિ સદાય સ્વચ્છ જળની માફક નિર્મળ છે. તે સુખ આપી જીવનને વધારનારી છે. ભક્તિવાન મનુષ્યો ઉચ્ચ ગતિને પામે છે. તેમનું હૃદય નિર્મળ રહે છે, અને તે જડ જગતની અનંત શક્તિનો વિકાશ જોઇને પણ તેઓ આનંદ પામી સુખી થાય છે. આ નાશવંત જગતમાં કોઈની સાથે તેની તુલના થઈ શકતી નથી. આ સંસારના અસ્થિરપણાનો અને શરીરના નાશવંતપણાનો વિચાર કરીને મીરાંબાઇએ પોતાની મેળે અનંત શક્તિમાન ઇશ્વિરનું શરણ લીધું. સ્વામી અને તેનાં બીજાં કુટુંબીઓ શિવભક્ત હતાં. તેથી તેને પોતાનો સસરા સાથે ધર્મ વિષયમાં મોટો સંવાદ થયો હતો, પરંતુ તે પોતાના મનથી જરા પણ ડગી નહિ. તે ઇશ્વિરભક્તિના પ્રતાપથી પવિત્ર આનંદ મેળવવા લાગી. તેણે આ સંસારના સારરહિત વિષય સુખનો ત્યાગ કર્યો, રાજપાટનું સુખ, ભોગ વિલાસ અને સંસાર વ્યવહારના પ્રપંચથી કંટાળીને એ સર્વ તજી દેઈ ભક્તિ માર્ગ સ્વીકાર્યો. તે પોતાની સખીઓ સાથે ઇશ્વિર ભજન કરવા લાગી અને શ્રીકૃષ્ણની સ્તુતિનાં ગાયનો રચવા લાગી. તેનો કંઠ કોયલના જેવો હતો, તેમનું ગાયન પણ ઉમદા પ્રકારનું હતું. તેની સખીઓ પણ તેના મધુર ગાયન અને ઇશ્વિર પ્રેમથી છક થઈ જતી. તે પોતાની સાસુને કહેવા લાગી કેઃ—"મને તો કશુંએ સારૂં લાગતું નથી. તમારૂં રાજપાટ, મોજમજા, અને રંગ વિલાસને હું શું કરૂં? મારૂં મન તો શ્રીહરિ ઉપર ચોંટેલું છે. માટે હું તો સર્વ સુખ છોડીને તેનેજ વળગી રહીશ." એવા દૃઢ નિશ્ચયથી ભક્તિમાં લીન થઈ ગઈ. હવે ચિતોડના કિલ્લામાં રહીને ઇશ્વિર ભજન કરવા કરતાં, શ્રીકૃષ્ણના મંદિરમાં જઇને ઇશ્વિરભક્તિ કરવાનો તેણે નિશ્ચય કર્યો. પહેલે દિવસે સ્વામી પ્રત્યેનું કર્ત્તવ્ય કરી, તેમની આજ્ઞા લઈ, તેણે શ્રીકૃષ્ણ મંદિરમાં જઇને ઇશ્વિરભક્તિ કરી. તેમાં એટલી બધી ચકચૂર થઇ ગઈ કે તેને ભાન સરખું પણ રહ્યું નહિ. તેથી તેની સખીઓએ તેને ઘણી મેહેનતે સાવધ કરી. પછી થોડીવારે ઉઠીને તે પોતાના રાજમહેલમાં ગઇ. તે દિવસથી દરરોજ મંદિરમાં જઇને તે પોતાના મધુર અવાજે ઇશ્વિરનું ભજન કરવા લાગી. તે હવે રાજમહેલ છોડીને પોતાનો ઘણો ખરો વખત એ મંદિરમાં ગુજારવા લાગી. આ પ્રમાણે તે પોતાનો ઘણોખરો વખત ઇશ્વિર ભજનમાં રોકતી, તોપણ રાણો તે વિષે તેને કાંઈ કહેતો નહિ, પણ તેને હરેક પ્રકારે સગવડ કરી આપતો અને તેમનું ઇશ્વિર ભક્તિમાં ઘણું ચિત્ત લાગેલું જોઈ ખુશી થતો.

મીરાંબાઈ ભૂખ તરસની દરકાર રાખ્યા સિવાય ભજન કરવા લાગી, અને મુખે "શ્રીગોવિંદ" તથા "શ્રીરામ, રામ." એ નામનો જપ કરવા લાગી. તેણે પોતાની ભક્તિથી લોકોનાં મન સહેલાઈથી ઈશ્વિર તરફ દોર્યાં, અને ભક્તિ પ્રવાહમાં પોતાના દેહને છોડી મૂકયો. તેને તેમ કરતાં અટકાવવાને રાજમાતાએ ઘણી મહેનત કરી; પરંતુ તેમાં તે ફાવી નહિ. ત્યારે મીરાંબાઈને તેણે રાજમહેલમાંથી રજા આપી. તેથી રાણાએ તેને જુદા રાજમહેલમાં રાખી ખાવા પીવાનો બંદોબસ્ત કરી આપ્યો. આટલું થયા છતાં પણ તેણે ભક્તિ નહિ છોડતાં, જે દીક્ષા લીધી હતી, તેમાં તે દ્રઢ રહી. તેથી તેની કીર્તિ ભરતખંડના ઘણાખરા ભાગમાં પ્રસરી ગઈ.

મીરાંબાઈની અપૂર્વ ભક્તિ વિષે દિલ્લીમાં તે વખતે જે મહાન્ શહેનશાહ* હતો, તેણે સાંભળ્યું. તેથી તેને જોવા તથા તેનું ગાયન સાંભળવાને તે ઘણો આતુર થયો. ચીતોડના મહારાણાએ દિલ્લીના શહેનશાહનું વડીલપણું કબૂલ કર્યું નહોતું; તોપણ તેમના વચ્ચે ઝાઝો દુશ્મનદાવો નહોતો. તે છતાં જાહેર રીતે મીરાંબાઈને જોઈને તેનાં ગાયનો સાંભળવા દેવાની માગણી કરવી, એ રજપૂતાનો જુસ્સો ઉશ્કેરવા જેવું છે, એમ જાણીને તેણે તેમ કરવાની હિંમત કરી નહિ. તેથી તેણે પોતાના પ્રખ્યાત ગવૈયાને બોલાવીને એ વિષે તેની સલાહ પૂછી. ત્યાર પછી બંને જણ મસલત કરીને સન્યાસીના વેષમાં ચિતોડના જે મંદિરમાં મહારાણી રોજ જતી હતી, ત્યાં ગયાં, અને સર્વ સાધારણ લોકોની વચ્ચે બેસીને મીરાંબાઈનું ભજન સાંભળ્યું. તેથી ખરેખર તેઓ મુગ્ધ થયા. મીરાંબાઈ જેવી સુંદર નારીના કંઠનાં મધુર ગાયનો સાંભળ્યાથી શહેનશાહના મન ઉપર એટલી બધી અસર થઈ કે, તે એકદમ ઉઠીને તેને પગે પડયો, અને પોતાના પાપનો છૂટકારો કરવાને પોતાને ઈશ્વિરનો રસ્તો દેખાડવાની વિનતિ કરી. ત્યાર પછી તેણે પોતાના કપડામાંથી મૂલ્યવાન હીરાનો હાર કહાડીને તેની આગળ ધર્યો, અને કહ્યું કેઃ—માનવંતાબાઈ! આ નાની સરખી ભેટ મારી તરફથી કૃપા કરીને કબુલ રાખશો, અને તે આ દેવની મૂર્તિના ગળામાં આપના હાથથી નાખો." મીરાંબાઈએ તે હાર પોતાના હાથમાં લીધો, અને તેની તરફ નજર ફેરવીને બોલી કેઃ—"મહારાજ ! આ હાર ઘણી મોટી કીમતનો લાગે છે, ત્યારે મને જણાવશો કે, આપ જેવા સન્યાસીની પાસે આવી કીમતી ચીજ કેવી રીતે આવી ?"

વેષધારી સન્યાસીએ (શેહેનશાહે) જવાબ આપ્યો કેઃ "બાઈ ! અમે પવિત્ર જમના નદીમાં સ્નાન કરવા માટે ગયા હતા, ત્યાંથી તે અમને મળી આવ્યો છે, અને તે તમારા આરાધ્ય દેવને અર્પણ કરવા સિવાય તેની સાથે અમને કશું કામ નથી." પછી મીરાંબાઈએ તેમની દેવ ઉપરની એવી પ્રીતિ જોઈને તેમનાં ઘણાં વખાણ કરીને તેમનો આભાર માન્યો. એટલે સન્યાસીઓ (શેહેનશાહ અને ગવૈયો) ચાલતા થયા.

* આ શેહેનશાહ તે અકબર હતો અને ગવૈયો તે તાનસેન હતો, એવું એક બે ગ્રંથમાં જણાવેલું છે, પણ તે વિષે ઘણો મતભેદ છે.

એ રીતે દિલ્લીનો શેહેનશાહ શુદ્ધ બુદ્ધિથી હાર આપીને દિલ્હી ગયો, પરતુ એજ હાર મીરાંબાઇ જેવી પવિત્ર નારીના સંસારસુખનો નાશ કર્ત્તા થઇ પડયો. એ હાર એટલો બધો કીમતી હતો કે, તે વાત થોડા વખતમાં બહાર ફેલાઇ ગઇ, અને છેવટે તે વાત તેના સ્વામીને કાને પણ ગઈ, તેથી તેણે એ રત્નહાર જોવા સારૂં મંગાવ્યો, અને તેની કીંમત ઝવેરીઓ પાસે કરાવતાં ૧૦ લાખ રૂપિઆની થઈ. વળી એક ઝવેરીએ તો એટલે સુધી જણાવી દીધું કે, આ હાર દિલ્હીના શેહેનશાહને ત્યાં વેચવામાં આવેલો તેજ છે. તે ઉપરથી રાણાએ તપાસ કરાવતાં માલુમ પડયું કે, જે બે જણા સન્યાસીના વેષમાં આવીને હાર આપી ગયા હતા. તેમાંનો એક શેહેનશાહ પોતે અને બીજો તેનો ગવૈયો હતો. મીરાંબાઇના દુશ્મનોએ રાણાને એ વિષે એવું સમજાવ્યું કે, દિલ્હીનો મુગલ બાદશાહ રાણીને જોવા માટે આવ્યો હતો, અને તેનો સ્પર્શ કરીને તેણે એ હાર ભેટ આપ્યો છે. તેથી મેવાડના નિષ્કલંકી શિશોદિયા રાજ કુટુંબપર નામોસીની છાપ પડી છે. એવી રીતે કહીને રાણાને ઘણો ભંભેર્યો. તેથી મીરાંબાઇ ઉપર તેને ઘણો ક્રોધ ચઢયો, અને છેવટે તેને મારી નાખવાનો હુકમ કર્યો; પરતુ એ હુકમ અમલમાં લાવનાર કોઇ પણ માણસ મળ્યું નહિ, ત્યારે રાણાએ મીરાંબાઇને ઝેરનો પ્યાલો મોકલીને તેને પ્રાણ ત્યાગ કરવાનું ફરમાવ્યું, ત્યારે તેણે પોતાના પતિનાં છેલ્લાં દર્શન કરવાની ઇચ્છા જણાવી, પરંતુ રાણાએ જણાવ્યું કેઃ-"હું તમને જોવાને બિલકુલ રાજી નથી." મીરાંબાઇએ જણાવ્યું કે;—"ઠીક, પ્રાણનાથ! હું આપનો હુકમ અમલમાં આણીશ."

મીરાંબાઈએ પોતાના સ્વામીનાથનો હુકમ અમલમાં આણવા ઝેરનો પ્યાલો પીધો, પણ કંઈ અસર થઇ નહિ. તોપણ પતિને મુખ ન બતાવવાના ઇરાદાથી મધ્યરાત્રે ઉઠી પોતાનો ઉત્તમ રાજશાહી પોષાક બદલીને માત્ર સાદાં કપડાં અંગપર પહેરી લીધાં. પછી સર્વને ઉંઘતાં મૂકીને તે છાનીમાની મેહેલ છોડીને ત્યાંથી ચાલી નીકળી. ચાલતાં ચાલતાં એક નદીને કિનારે તે જઈ પહોંચી. ત્યાં થોડીવાર થોભીને નદીના ઉછળતા વેગવાળા પાણીના પ્રવાહમાં તેણે કુદકો માર્યો. ત્યારપછી તેનું મગજ ભમવા લાગ્યું, તેની આંખ આગળ કંઇ દેવતાઇ તેજ નજરે પડયું, વળી થોડીવાર પછી તેણે એક વિચિત્ર દેખાવ જોયો. ઝળકતા તેજ વાળી એક દેવી તેની નજર આગળ આવીને ઉભી રહી, અને વાંકી વળીને તેના ગાલ ઉપર ચુંબન કર્યું! પછી તેણે હસીને મીરાંને કહ્યું કે;—"મીરાં, તેં તારા સ્વામીની આજ્ઞા માન્ય કરીને તારો જીવ બરબાદ કર્યો છે; પરંતુ હજુ તારે જગતમાં વધારે મોટું કાર્ય કરવાનું બાકી છે. તે એકે મનુષ્ય જાતને સુખી કરવા માટે ઇશ્વરને ચહાવાનો જે શ્રેષ્ટ ગુણ, તે તારે લોકોને શીખવવો જોઇએ અને તે કામ તારેજ બજાવવાનું હોવાથી તું જા, અને તેપર અમલ કર." એટલું કહીને દેવી અદ્રશ્ય થઈ ગઈ. ત્યાર પછી મીરાંએ આંખો ઉઘાડી, ત્યારે દિવસ ઉગ્યો હતો, સૂર્યનારાયણ આકાશમાં ખુબ તેજથી તપતો હતો, અને પોતે નદીને કિનારે ઘસડાઈ આવેલી હતી, તે ઉઠીને ઉભી થઇ,

અને પોતાની આસપાસ નજર ફેરવીને જોયુ, પરંતુ કોઇ પણ પ્રાણી તેની નજરે પડયું નહિ. પછી ત્યાંથી આગળ ચાલવા માંડયું. માર્ગમાં તેને કેટલાક ભરવાડના છોકરા મળ્યા. તેમને **મીરાં**એ કહ્યું કે;–"મારા વ્હાલા પુત્રો! તમે મને વૃન્દાવનનો રસ્તો બતાવશો?" તે છોકરાઓએ તેની મીઠાશ ભરેલી વાણીથી ખુશી થઇને તેને દૂધ પીવા આપ્યું, અને પછી વૃન્દાવનનો માર્ગ બતાવવા તેની સાથે ચાલ્યા. **મીરાં**બાઇ મુખે પ્રભુનુ નામ ઉચ્ચારતી અને ભજન ગાતી આગળ ચાલી. જે ગામમાં થઇને જતી, ત્યાં તેના મધુર ગાયનોથી મીઠાશ પથરાતી હતી. લોકો પોતાનું કામકાજ છોડીને તેનાં ગાયન સાંભળવા માટે તેની આસપાસ વિંટળાઇ વળતાં હતાં. તેમ નાના બાળકો પોતાનું રમવાનું છોડી દેઇને તેની પછવાડે "હરી, હરી" પોકારતાં ચાલતાં હતાં. લોકો તેને મહાભક્ત દેવી જાણીને ઘણી શ્રદ્ધા કરતાં હતાં. કેટલાક તો ઘણી પ્રકારની ભેટ સોગાદો તથા ખાવાની તરેહવાર વાનીઓ બનાવીને તેની આગળ ધરતા હતા. પરંતુ **મીરાં**બાઇ તે સર્વે ઉપકારની સાથે પાછું આપતી હતી. તે માત્ર દૂધ પીનેજ રહેતી હતી. કેટલાક જણ તો **મીરાં**ની અલૌકિક ભક્તિના આકર્ષણથી ખેંચાઇને ઘરબાર તજી તેની સાથેજ જવા લાગ્યાં. તેમને તેણે ઘણુંએ સમજાવી પાછા વાળવાનો પ્રયત્ન કર્યો, પણ તેઓ પાછા ન જતાં તેની પુંઠે પુંઠે જવા લાગ્યાં. એક પછી એક તેની પછવાડે જનારાઓની સખ્યા હજારોની થઇ પડી. તેથી જ્યારે તે વૃન્દાવનની પવિત્ર ભૂમિપર જઇ પહોંચી, ત્યારે જાણે કૈલાસની એક મોટી દેવી પોતાના લાવ લશ્કર સહિત ઉતરી આવી હોય, એવો દેખાવ થઈ રહ્યો. લોકો **મીરાં**બાઇના ઉતારાની આજુબાજુ પડાવ નાંખી પડ્યાં અને તેમનાં ભજનના અમૃત રસમાં મગ્ન રહેવા લાગ્યાં.

મીરાંબાઇ વૃન્દાવનમાં જઇ પહોંચવાના સમાચાર આખા દેશમાં વીજળીના તારની પેઠે એકદમ પ્રસરી ગયા. તેમનાં ગાયનો ગરીબની ઝુપડીમાં, તેમજ રાજાઓના મેહેલમાં એક સરખી રીતે ગવાવા લાગ્યાં. જેઓ તેને ચિતોડમાં જોઇને વખાણતા, જેઓ તેને જોવાથી બેનશીબ હતા, તેઓ તેનાં દર્શન કરવા માટે આતુર થઇ ગયા. થોડા વખતમાં તો એ પવિત્ર સ્થળમાં હજારો લોકોનાં ટોળેટોળાં ભેગાં થયાં. એ રીતે મેવાડની મહારાણી **મીરાં**બાઇ પોતાના રાજ્ય બળે નહિ, પણ એક ભિક્ષુક અબળાના વેષમાં પોતાની ભક્તિના બળે મનુષ્ય જાતનો છુટકારો કરવાને, આ જગતને સ્વર્ગ જેવું બનાવવા લાગી. તેના ભજનોથી ત્યાંની હવામાં જાણે સ્વર્ગની મધુરતા પથરાઈ ગયેલી દેખાઈ. તેનાં ગાયનો આખા ભારતવર્ષમાં ગવાવા લાગ્યાં, ચિતોડ પણ તેની એ અમૃતમય પ્રસાદીથી બાતલ રહ્યું નહિ. તેના દરેક મહેલામાં તથા ગલીઓમાં દરેક મનુષ્યના મુખમાં **મીરાં** એમ કહે છે, અને **મીરાં** તેમ કહે છે. એવા શબ્દોથી પુરાં થતાં ગાયનો રમી રહ્યાં હતાં. ચિતોડનો મહારાણો જ્યાં જ્યાં જતો, ત્યાં ત્યાં પોતાની મહારાણીનું નામ

તેના સાંભળવામાં આવતું. હવે તેને લાગ્યું કે, તેની રાણી એક એવા મહારાજ્ય ઉપર હકુમત ચલાવે છે કે, જેની આગળ તેનું મેવાડ સરખું રાજ્ય પણ કાંઈ વિસાતમા નથી. હવે તેને પક્કી ખાત્રી થઈ કે, **મી**રાંએ મેવાડના પવિત્ર રાજ્ય-કુટુંબને નામોશીનો ડાઘ લગાડયો નથી; પણ ઉલટું તેની કીર્તિમાં મોટો વધારો કર્યો છે આવું સમજ્યાથી પોતે **મી**રાંબાઈ પ્રત્યે ચલાવેલી વિરૂદ્ધ વર્તણુંક ઇત્યાદિને માટે તેને ઘણો પસ્તાવો થવા લાગ્યો. પછી તે **મી**રાંબાઈને મળવા માટે છુપો વેષ ધારણ કરીને પગે ચાલી વૃન્દાવન ગયો અને જ્યાં **મી**રાં એક મંદિરના પગથી-આંપર બેસીને ભજન ગાતી હતી, ત્યાં તે દાખલ થયો. પછી હળવે હળવે તેણે **મી**રાંની પાસે જઇને ભિક્ષા માગી. ત્યારે **મી**રાંએ કહ્યું કે;–" હું પણ એક ભિક્ષુક અબળા જાતિ છું, માટે તમારે કોઇ શ્રીમંત પાસે જઇને હાથ ધરવો જોઇએ." રાણાએ કહ્યું કેઃ—" એક ખરેખરો ભિખારી પોતાના આશ્રયદાતા પાસેથી મદદ માગવા માટે આવે છે." **મી**રાંબાઇએ કહ્યું કે;—" કહો વારૂં હું તમને શી રીતે મદદ કરી શકું ?" તુરતજ રાણો બોલી ઉઠયો. કે,—"હું તમારી માત્ર માફી માગું છું" પછી તેજ વખતે પોતે ધારણ કરેલો વેષ બદલી નાંખ્યો. એટલે **મી**રાં તેને ઓળખીને સાનંદાશ્ચર્ય પામી. પછી ઝટ ઉઠીને પતિને પગે પડી, અને બોલી;–પ્રિયનાથ ! મારા છત્રપતિ ? શું અંતે તમે મને યાદ કીધી ખરી કે !" તેમના એ સુખ મેળાપથી બેઉને કેવો આનંદ થયો હશે ? એનો વિચાર વાંચનારે પોતેજ કરી લેવો.

આવી રીતે મેળાપ થયા પછી **મી**રાંબાઇ અને રાણો બંને જણાં વૃન્દાવન-માંથી પોતાને વતન ચિતોડમાં આવ્યાં. ત્યાં **મી**રાંબાઇ પોતાના સ્વામીની સંગે ઘણા આનંદથી રહેવા લાગી. અને રાણો પણ તેની મરજી પ્રમાણે ભક્તિ કરવામાં મદદગાર થયો. હવેથી **મી**રાં આખા વર્ષના છ મહિના ચિતોડમાં રહીને પોતાના સ્વામીની સેવા કરવા લાગી, અને બાકીના છ મહિના વૃન્દાવન, દ્વારિકાં, અને ગુજરાત વગેરે સ્થળે રહીને ઇશ્વર ભક્તિ કરતી હતી. તે સંસારને તદન છોડી દેવાની વિરૂદ્ધ હતી. તે લોકોને એવો ઉપદેશ કરતી કે, તેમણે ઘરમાં રહીને સંસારની ફરજો બજાવી ઇશ્વર ભક્તિ કરવી. એમાં જરાપણ ખામી પડવા દેવી નહિ. જે એવી રીતે ઇશ્વર ભક્તિ પ્રેમપૂર્વક શ્રદ્ધાથી કરે છે. તેમનું સર્વ પ્રકારે કલ્યાણ થાય છે.

મીરાંબાઇ નિરાશ્રય સંતસાધુઓને આશ્રય આપી સંતોષતી. પાછળ કહે-વામાં આવ્યું છે, તેમ જેનામાં ભક્તિ પ્રવાહ વહ્યાં કરે છે, તેની નસોમાં ઘણું કરી કવિતા રચવાની શક્તિ પણ સહેજ ઉત્પન્ન થાય છે. પવિત્ર ભક્તિના પ્રતાપથી **મી**રાંબાઇની કવિતા પણ પાણીના પ્રવાહની પેઠે અવિચ્છિન્ન ધારામાં નીકળતી હતી. આજે પણ **મી**રાંબાઇનાં પદો આખા ભરતખંડમાં ચારે તરફ ઘણાજ આદરની સાથે લોકો ગાય છે. કવિતા કરવાની ચતુરાઇમાં, તેમ સંગીતશાસ્ત્રમાં પણ કુશળ હતી.

તેણે ઘણી ખરી હિંદીભાષામાં કવિતા કરી છે. પણ તેમાંની કેટલીક ઘસાઇ ઘસાઇને ગુજરાતી થયેલી છે. વળી એ ગુજરાતમાં ઘણો વખત રહેલી હતી. તેથી ગુજરાતીમાં પણ કેટલીક કવિતા તેણે કરેલી છે. એનાં પદ **નાનક** અને **કબિર**ના ગ્રંથોમાં પણ છે. તેણે પોતાના કૃષ્ણ–રણછોડજીને પ્રેમભક્તિથી ગાયો છે. નવાં કીર્ત્તન જોડવા માટે તે શ્રીમદ્ ભાગવત સાંભળતી, અને વૃન્દાવન તથા દ્વારિકામાં સંત મંડળોમાં બેસીને વીણા લેઇ ગાતી હતી–તેની કવિતા મનોરંજક અને રસિક છે. તેમ ભાષા શુદ્ધ અને સરળ છે. તેમાં પ્રેમનો જુસ્સો ઘણો છે. ગુજરાતમાં તેનાં પદ, ગરબા ગાવાના પ્રસંગે સારૂં ગાઇ જાણનાર સ્ત્રીઓ બહુ છટાથી ગાય છે. તે ભજ સાધુઓ પણ ગાય છે. કબિરપંથમાં તથા **નાનક**પંથમાં જે ક્રિયાવિધિ વિષે પ્રકરણો છે, તેમાં તેની કવિતાનો સંગ્રહ કરેલો છે. **મી**રાંબાઇ સવંત ૧૫૨૦ માં પોતાની ૪૦ વર્ષની ઉમરે આ લોક છોડીને પરમધામમાં ચાલી ગઇ છે. એ વિષે એવું કહેવાય છે કે તે પોતાના આરાધ્ય દેવ રણછોડજીના મંદિરમાં જઇ પ્રાર્થના કરી, આ લોકમાંથી હમેશને માટે અદ્રશ્ય થઇ ગઇ છે. એ વાતની સચ્ચાઇ વિષે ગમે તેમ હો, પણ હાલ મેવાડમાં શ્રીકૃષ્ણની મૂર્ત્તિની સાથે **મી**રાંબાઇની મૂર્ત્તિની પણ પુજા થાય છે. લોકો કહે છે કે શ્રીકૃષ્ણની એકાગ્ર ભક્તિથી અદૃષ્ય થઇ ગઇ છે. તેનું આ સ્મરણ રહેવા માટે છે. **મી**રાંબાઇના નામનો એક જૂદો ધર્મ સંપ્રદાય પણ ચાલે છે. એ સંપ્રદાયવાળા **મી**રાંબાઇની તથા **શ્રી**કૃષ્ણની શ્રદ્ધા પૂર્વકભક્તિ કરે છે. એ રીતે એ અખા ભારતવર્ષમાં અમર કીર્ત્તિ મેળવી ગઇ છે. ધન્ય છે ! **મી**રાંબાઇને ! ! અને તેની ઉચી સમજ શક્તિને ! ! !

ભોગવતી

આ સાધ્વી પૂર્વ દેશના જયરાજની પુત્રી હતી, તે ઘણી રૂપાળી હતી. તેણે વેદ, પુરાણ, ન્યાય, કાવ્ય વગેરેનો અભ્યાસ કર્યો હતો. પરલોક હિતાર્થે કૃત્ય કરવામાં વિનય, આચાર વિચાર, નીતિ, અને સ્ત્રી ધર્મ વગેરેમાં પ્રવીણ હતી. તેનો વિવાહ **શૂરસેન** રાજાના પુત્ર **નાગરાજ** સાથે કર્યો હતો. " ભેંસ પાણીમાં ને સાટું થાય. " તેમ સાધ્વી સ્ત્રીનું લગ્ન **નાગરાજ**ને જોયા કર્યા વગર **શૂરસેન** રાજાના પ્રધાનના વખાણ કરવાથી થયું હતું. વળી પરણતી વખતે રાજપૂત નિયમે ખડ્ગ સાથે પરણાવી હતી. સાસરે આવ્યા પછી **નાગરાજ** પાઠશાળામાં ભણે છે. એવું ખોટું બહાનું કાઢી મેળાપ થવા દીધો નહોતો. તેથી આ સાધ્વી તો પતિવ્રતાના ધર્મ પ્રમાણે વર્ત્તી સાસુ સસરાની સેવા કરતી. **નાગરાજ** તે ખરેખર નાગ જેવોજ ક્રૂર અને કદરૂપો હતો. પૂર્વ જન્મમાં **સૌભરી** ઋષિના શાપથી આ

જન્મે આવી દશાને પામ્યો હતો. તેથી **ભો**ગવતીના સાસુ સસરો તેને પતિ પાસે મૂકતાં લજવાતાં હતાં, અને અફસોસ કરતાં હતાં કે, આવી રાજકુમારીને એ પાસે મોકલીએ, તો એ તેને જોઈ ઘણી દિલગીર થાય, પણ જ્યારે **ભો**ગવતીને આ ખબર થઈ; ત્યારે તે ખુશીથી પતિ પાસે ગઇ. પોતાના પતિવ્રતાના ધર્મ પ્રમાણે નહિ ગભરાતાં સેવા કરવા લાગી. એક વખતે ઇશ્વિર ઇચ્છાથી તેના પતિએ કહ્યું કેઃ—તું મારાથી કેમ ભય પામતી નથી? ત્યારે **ભો**ગવતીએ કહ્યું "સ્ત્રીને પતિ એ ઇશ્વિરથી બીજે દરજ્જે પૂજ્ય છે, તો તેનાથી કોણ ભય પામે? સ્ત્રીને પતિ ગમે તેવો મળ્યો હોય, તોપણુ સેવવો એ તેમનો ધર્મ છે;" વિગેરે રીતે તેણે સ્ત્રી ધર્મનું વર્ણન કરી બતાવ્યુ. **ભો**ગવતી જેવી પરમ સાધ્વી અને વિદ્યાના ઉચા સંસ્કારવાળી નારીના મુખથી ઉત્તમ જ્ઞાનની વાતો સાંભળીને **નાગરાજને** જ્ઞાન પ્રાપ્ત થયુ. જ્ઞાન પ્રાપ્ત થવાથી **નાગરાજે** કહ્યું—કે" હે સતી! તું મને ગોદાવરી સ્નાન કરવા અને તેને કાંઠે મારા નામનુ શિવાલય બંધાવ, તો હું પૂર્વ રૂપને પામી સુખી થાઉ. તે ઉપરથી **ભો**ગવતી સાસુ સસરાની રજા લઇ પતિને તેડી ગોદાવરી ગઇ. તે પ્રમાણે કર્યુ કે, **નાગરાજનો** કદરૂપો ચેરો બદલાઇ જઇને સ્વરૂપવાન થયો. આ પ્રમાણે સુખી થવાથી બંને ઘણાં આનંદ પામ્યાં; ત્યાંથી ચાલી તેઓ પોતાના શહેર પાસે આવ્યાં, પણ તેના નાના ભાઇઓએ તેને ઓળખી ન શકયાથી પેસવા દીધા નહિ. આ માટે **નાગરાજે** અને **ભો**ગવતીએ ઘણું ઘણું કહ્યું પણ માન્યું નહિ. તેથી **નાગરાજને** ક્રોધ ચડયો, લડવાની તૈયારી કરી. આ જોઇ સતી **ભો**ગવતી ખેદ પામી વિચારવા લાગી કે, લડાઈ થતાં મારાં પુત્રરૂપ દીયરોનો નાશ થશે; માટે બધા ભાઇઓમાં સ્નેહ અને સંપ વધે એમ કરવું એ મારો ધર્મ છે. એમ કલ્પના કરી પતિને હાથ જોડી કહ્યુ કે;—સ્વામીનાથ! "આપ તો સર્વજ્ઞ અને ગુણ સંપન્ન છો, પણ આપની અલ્પ બુદ્ધિવાળી દાસીની જરા અરજ ધ્યાનમાં લેશો. આપ જાણો છો કેઃ—ભાઇઓ વિના મોટા મહિપતિ પણ ગરીબ જેવા લેખાય છે. ભાઇઓ છે એ જમણો બાહુ છે. જેને ભાઇઓમાં સંપ છે, તે ગમે તેવો ગરીબ હોય તોપણ પૃથ્વીપતિ જેવો સુખી ગણાય છે. આ સંસારમાં ભાઇઓની સહાયતાની ઘણી જરૂર છે. ભાઇઓ વિના પૃથ્વીપતિ થવાતું નથી; એવું ઇંદ્રને ભાઈ કરી કશ્યપ પુત્ર **વામનજી**એ સિદ્ધ કરી આપ્યુ છે. ભાઇ-ઓથી જુદા પડી થતો લાભ તે અલાભજ સમજવો. ભાઇઓ સાથે રહેતાં હાનિ થાય, તોપણુ તે લક્ષ્મીની ખાણુ જેવી સમજવી. જે નિર્ધન છે પણ તે બાંધવ રૂપ ધનને પોષે છે, તેજ ધનવાળો છે. જે ધનવાળો છે, પરંતુ બાંધવને પોષતો નથી, તેજ નિર્ધન છે. બંધુ એજ અમૃતનો સાગર છે. જેની મદદથી લક્ષ્મી મળવી દુર્લભ નથી. બંધુ વિના આપત્તિમાંથી કોણુ ઉગારે? અરે! ભાઇઓના સ્નેહને કોઇની ઉપમા અપાઇ શકાતી નથી. હે પ્રભુ! કૃપા કરી મારા પતિના ભાઇઓમાં સ્નેહ અને સંપ વધારો એવું માગુ છું. આ પ્રમાણે કહ્યા પછી વળી

કહ્યું;-પ્રાણનાથ મારૂં માનો યા ન માનો એ આપની મરજી, પણ યુદ્ધમાં તો જય પરાજયનો ભરૂંસો નથી, માટે મારી અરજ છે કે;-તમો ત્રણ દિવસ સુધી યુદ્ધ કરવું બંધ રાખો. એ ત્રણ રોજ વામનવિજય, ધ્રુવચરિત્ર એ નાટક સર્વ ભાઇઓએ જોવાં." સતીના કહેવા પ્રમાણે સૌએ કબુલ થઇ એ નાટક જોયાં. એમાં નાગરાજે તો નિશ્ચય કર્યો, કે મારે યુદ્ધ કરવું નથી, નાના ભાઇઓ પ્રત્યે શો ધર્મ છે, આ મારા જાણવામાં આવ્યું. હવે મારે રાજ્ય જોઇતું નથી. આમ વિચારી તેણે પોતાના ભાઇઓને કહ્યું:-"તમો સુખેથી મારો ભય રાખ્યા વગર રાજ્ય કરો." તેના ચાર નાના ભાઇઓએ પણ મોટા ભાઈ પ્રત્યે શો ધર્મ છે એ જાણ્યું. તેથી તેઓ પસ્તાવો કરી હાથ જોડી કહેવા લાગ્યા કે;-"મોટા ભાઇ ! અમે જે કાંઇ કહ્યું હોય અગર તમારો અપરાધ કર્યો હોય તે કૃપા કરી ક્ષમા કરો ! અમારે તો તમારી સેવા કરવી એજ રાજ્ય છે. એમ કહી નાગરાજને ઘણા સોગન દઇ શહેરમાં લાવી રાજ્યાભિષેક કર્યો. અહા ! આ શું ભોગવતીના સદ્દગુણનો થોડો પ્રભાવ ! ! તેણે કદરૂપા પતિને સેવી સુખી કરી, પોતાનું પતિવ્રતાપણું બતાવી આપ્યું. પતિના ભાઇઓમાં સ્નેહ અને સંપ વધાર્યો. પતિને રાજ્યાભિષેક કરાવ્યો. તેથી સર્વે ભાઇઓ સુખી થયા એ સાચી સતી વગર બને તેવું નથી. આ રીતે સતી ભોગવતીએ ભાગ્યોદય કર્યો. ધન્ય ભોગવતી તમારાં પતિવ્રતપણાને ! ! !

માલતી.

આકાશમાં જેમ તારાની અંદર ચંદ્રમા દીપી નીકળે છે; તેમ સ્ત્રીઓમાં સતી સ્ત્રી શોભી નીકળે છે. સતી માલતી પણ તેવીજ સતી શિરોમણી હતી. પરદુઃખભંજન ગંધર્વોના રાજા ચિત્રસેનને માલતી નામે સુંદર કુમારિકા હતી. તેનાપર માત પિતાનું પુત્ર કરતાં પણ અધિક હેત હતું. તે નીતિસૂત્રનાં મૂળતત્વોને જાણનારી, વ્યવહારિક કામમાં કુશળ, વિદ્યાકળામાં પ્રવિણ અને સદ્દગુણના સાગર જેવી હતી. તેને તેના પિતાએ ઉપબર્હણ નામના એક ઉત્તમ ગંધર્વ સાથે પરણાવી હતી. એ પતિવ્રતા પોતાનાં પવિત્ર આચરણોથી પતિને પ્રસન્ન રાખી અનેક અપ્રતિમ સુખો ભોગવવા લાગી, એકાગ્રચિત્તે પતિમાં પ્રીતિ રાખી તેની આજ્ઞા પ્રમાણે કર્યા કરતી હતી. એ પોતાના ગુણ પ્રભાવે સર્વે લોકોમાં પ્રશંસાને પામી હતી. એક વખતે બ્રહ્મલોકમાં મોટો ઉત્સવ થયો. તે પ્રસંગે સર્વે દેવો, દેવકન્યાઓ, વગેરે ગયાં હતાં; ત્યાં ઉપબર્હણ પણ ગયો હતો. સભા સમક્ષ ઉર્વશી, મેૈના, મોહિની અને રંભા વગેરે અપ્સરાઓ ગાન, તાન અને નૃત્ય કરતી હતી. તેમાં રંભાનું રૂપ, લાવણ્યતા અને નૃત્ય ચિત્તાકર્ષક જોઇને ઉપબર્હણ મોહ પામ્યો. તે આ વખતે પોતાનો મનોભાવ ઢાંકી શકયો નહિ. આ વાત બ્રહ્માએ જાણી તેને ધિક્કાર

આપ્યો કે;—" ઓ ! વિવેકહીન ગંધર્વ તે લજ્જા તજી સભાનું અપમાન થાય એવું કર્યું માટે તું અહીંથી જા, મોં બતાવીશ નહિ. એમ કહી શિક્ષા કરી. આવાં અપમાન અને શિક્ષાથી તે મૂર્છા પામી પૃથ્વીપર પડયો.

માલતી પતિની આવી હાલત જાણી ઘણી વિહ્વળ થઈ ગઈ. પતિના દેહને આલિંગન કરી ગળે વળગી વિલાપ કરવા લાગી. અરે ! આ અણચિંતવી આફત ક્યાંથી આવી પડી ! અરે ! નાથ દીનદાસીપર કૃપા કરી ઉઠો ! મને ધૈર્ય આપો. અરે ! પતિ વગર માત તાત અને ભ્રાતનો સમાગમ પણ સુખદાયક થતો નથી. હે કાંત ! હું તમને હજારવાર પ્રણામ કરૂં છું કે મને એકવાર તમારી શીતળ વાણી સંભળાવો ! ઓ દીન બધુ પ્રભુ ! ભૂમિના ભાર ઉતારનાર ! આપની દીન કિંકરીપર કરૂણા કરી મને દુઃખ દરિઆમાં ડુબતી ઉગારો. અરે ! મારે કોઇ વરદાન કે સુખો જોઇતાં નથી. એક મારા પતિના અપરાધની માફી માગું છું તે આપો. વગેરે રીતે પ્રાર્થના કરી, બળી મરવા તૈયાર થઇ. ત્યારે દેવોએ દયા કરી, કેમકે સતીના કોપથી **રામ સીતાને** વિયોગ થયો, કૌરવો અને **રાવણ**ના કુળનો નાશ થયો. માટે સતી કોપથી સારૂં ફળ થશે નહિ, એમ વિચારીને દેવોએ ઉપબર્હણને મૂર્છા ઉતારી બેઠો કર્યો. પછી સતી **માલતી** પતિ સાથે આનંદથી ઘેર ગઈ અને સુખેથી કાળ ગમન કરવા લાગી. એ રીતે સતી **માલતી**એ પોતાના પતિને દેવોના અપરાધથી મુક્ત કર્યો. ધન્ય છે સતી તને !!!

પદ્મા.

અનર્ણ રાજાને **પદ્મા** કરીને એક ગુણવંતી કુવરી હતી. **પિપલાદ** નામે વૃદ્ધ મુનિએ તેની માગણી કરી. રાજાએ વિચાર્યુ કે વૃદ્ધને મારી પુત્રી કેમ આપી શકાય ? પણ તેના કોપના ભયથી તે સાથે પરણાવી. **પદ્મા** પરણી પતિ સંગાથે વનમાં ચાલી નીકળી, ત્યાં નિત્ય નિયમે પતિવ્રતાના ધર્મ પ્રમાણે પ્રેમે કરી વર્ત્તવા લાગી. એમ કરતાં ઘણા દિવસ ગયા. પછી એક સમયે **ધર્મ** રાજાએ વિચાર્યું કે, આ વૃદ્ધ પતિને પામી છે, તો તેની એ વિષે કેવી બુદ્ધિ છે, તે મારે જોવું જોઇએ. એમ વિચારી જ્યારે **પદ્મા** ગંગા તીરે સ્નાન કરવા ગઇ હતી, ત્યાં તેના શીલની પરીક્ષા લેવાને **ધર્મ**રાજા સુંદર યુવાન રાજાનો વેશ ધારણ કરી રસ્તામાં આડા ઉભા રહ્યા. સતીને બોલાવી કહ્યું કેઃ—હે સુંદર સ્ત્રી ! તારૂ જીવન વૃથા છે; કારણ કે તારો પતિ વૃદ્ધાવસ્થાથી ચાલી શકતો નથી; તેનું શરીર શિથિલ થઇ ગયું છે. માટે તું તેને મેલીને મારી સાથે ચાલ, સંસારનું સુખ ભોગવ. હું તને. અનેક પ્રકારના વૈભવ ભોગવાવીશ, તું નકામી અવસ્થા શા માટે ખુએ છે ? તેનાં

આવાં વચન સાંભળી સતી ક્રોધ કરી બોલી:–અરે ! દુષ્ટ દુરાચારી તું કોણ છે ? અરે ! મૂર્ખ ગમાર અહીંથી દૂર જા ? તારૂ મુખ જોવાથી પણ મને પ્રાયશ્ચિત પડે છે. એમ કહી પદ્મા ચાલી નીકળી. તોપણ તેણે રસ્તો છોડ્યો નહિ; ત્યારે સતીએ ક્રોધથી કહ્યું:–અરે તું શા માટે દુઃખી થાય છે ! રસ્તો છોડી દૂર જા. નહિ તો મારા વ્રત પ્રભાવથી તારૂ ખરાબ કરીશ. આ પ્રમાણે કહ્યા છતાં પણ પાસે આવવા લાગ્યો, તેથી સતીએ કોપાયમાન થઇ તેના નાશનો ઉપાય આદર્યો એ જોઇ લોકો કપી ગયાં. દેવોએ આવી સતીનું પૂજન કરી કહ્યું કે,—એ તો ધર્મરાજા છે, તે તમારી પરીક્ષા લેવા આવ્યા છે, વગેરે કહી સતીને શાંત પાડી, ત્યારે સતીએ વિચાર્યું કે ધર્મનો પ્રભાવ તદ્દન નાશ થવાથી દુનિઆને મોટું નુકશાન થાશે. માટે કળીયુગમાં એનો પ્રભાવ 'પા' ભાગે રહેશે એવું વચન કહ્યું. એ રીતે સતીનું સતીત્વ જોઇ ધર્મે કહ્યું:–"હુ તારૂ વ્રત જોઇ ઘણો પ્રસન્ન થયો છું. તેથી વરદાન આપુ છું કે તારાં સઘળાં કાર્યો સિદ્ધ થશે. મારા આશીર્વાદથી તને કોઇ વિઘ્ન કરી શકશે નહિ " આવું વરદાન આપી ચાલતા થયા. સતી પોતાને આશ્રમે આવી ઘણાં વર્ષ પતિ સાથે અનેક પ્રકારનાં સુખો ભોગવી અખંડ કીર્ત્તિ રાખી ગઇ છે. અહો ! ધર્મ વિષે સતીની ભવિષ્ય વાણી આજે કળીયુગમાં સત્ય થતી જાય છે.

ઈલા.

આ સતી મનુની કન્યા થાય. તેને વશિષ્ટના પુત્ર શક્તિ સાથે પરણાવી હતી. તે મહા તેજસ્વી, ધાર્મિક, નમ્ર સ્વભાવની અને પતિવ્રતા હતી. તેને પેટે પારાસર જેવા વિદ્વાન તેજસ્વી, રાજનીતિજ્ઞ, અને ધર્મિષ્ટ પુત્ર ઉત્પન્ન થયા. સતી ઈલાએ પારાશરને બાળપણામાં ઘણા પ્રકારનું ઉત્તમ શિક્ષણ આપી નીતિનિપુણ નરશ્રેષ્ટ બનાવ્યા હતા. આ ઋષિના હૃદયમાં તેની માતાના શિક્ષણની ઉંડી છાપ પડી હતી, તેથી તેઓ આગળ જતાં ખંતી, ઉદ્યોગી, શોધક અને ગ્રંથકર્તા નીકળ્યા. આ ઋષિએ પારાશર સ્મૃતિ વગેરે ગ્રંથો બનાવ્યા છે. ખગોળ તથા નૌકાશાસ્ત્રમાં પણ પ્રવિણતા મેળવી સમુદ્ર પર્યટન કર્યું હતું; એટલુંજ નહિ પણ તેણે ભરતખંડને લગતા બેટો શોધી કાઢ્યા હતા. આ કાર્યોથી તે ઘણા પ્રસિદ્ધ થઇ ગયા છે. આ બધો તેની ઇલા જેવી સાધ્વી માતાના શિક્ષણ બળનોજ પ્રતાપ હતો.

ઈલાએ પોતાની પુત્રવધૂ મત્સ્યગંધાને દીકરીની પેઠે રાખી સારી સંભાળથી પતિ સેવા, ગૃહકાર્ય અને ધર્મ નીતિ વગેરેનો ઉપદેશ આપી, એ કાર્યોમાં

કુશળ કરી હતી. તે જાણે મા દીકરી હોય. તેની પેઠે સાસુ વહુમાં પરસ્પર ઘણો સ્નેહ હતો. તે કદી પણ વહુનુ અપમાન થાય, એમ કહેતી કે કરતી નહિ. તેમજ વહુ પણ સાસુને પોતાની માની પેઠે જાણી મર્યાદા સાચવી, તેમને જેવી રીતે પ્રિય લાગે તેવી રીતે વર્તતી. કદી પણ સાસુ સામુ બોલતી નહિ કે, અપમાન થાય એવું કહેતી કે કરતી નહિ. આ પ્રમાણે હોવાથી સૌ તેમનાં વખાણ કરતાં અને તેમનો દાખલો આપતાં. આજની ભવાડા કરતી સાસુ વહુઓએ આ પરથી ઘણું શિક્ષણ લેવાનું છે.

ઈલાએ પતિની સેવા કરી તેમને અનુસરી ચાલી; તેની ઘણી પ્રીતિ સંપાદન કરી હતી. તેમજ સગાં સ્નેહીઓમાં તેમની પ્રતિષ્ઠા ઘણી હતી. સૌ. સ્ત્રીઓ તેમની સલાહ લઈ કાર્યો કરતી હતી. વગેરે તેના ઉત્તમ સદ્‌ગુણોપરથી તે ઘણી પ્રસિદ્ધ થઈ ગઈ છે.

લીલાવતી.

એ ધારાનગરીના વિદ્યાવ્યસની પ્રસિદ્ધ રાજા ભોજની પત્ની થાય. તે મહા સ્વરૂપવાન અને તેજસ્વી હતી. તેમજ વિદ્વાન, સત્ય, નીતિજ્ઞ, ધાર્મિક અને પતિવ્રતા હતી. તેનાપર ભોજરાજાની ઘણીજ પ્રીતિ હતી. પ્રસિદ્ધ પંડિત કાળીદાસ અને બીજા વિદ્વાનો વચ્ચે દ્વેષભાવ ચાલતો હતો. ભોજરાજા કાળીદાસને ઘણુંજ ચાહતો હતો. તે બીજા વિદ્વાનો સહન કરી શકતા નહિ. તેમણે તેને કાઢી મૂકવાને પ્રપંચ આદર્યો. એક દાસીને સમજાવી કે ભોજરાજા કાળીદાસને કાઢી મૂકે એવી યુક્તિ કર, તો તને અમે એક મોતીનો હાર આપીએ. દાસીએ તે પ્રમાણે કરવા હા પાડી. એક વખતે ભોજરાજા સૂતો હતો. તેને કંઈ ઊંઘતો ને કંઇ જાગતો જોઇ તે દાસીએ પોતાની એક સખીને કહ્યું:—"સખિ મદન માલતી! દુષ્ટ કાળીદાસ તો સ્ત્રી વેશે અંતઃપુરમાં લીલાવતીને ત્યાં આવે છે!" ભોજરાજાએ આ વાત સાંભળી, વિચાર કર્યો કે આ વાત અસંભવિત છે; પરંતુ પરીક્ષા જોવા માટે કાળીદાસને દેશપાર કર્યો. આ વાત લીલાવતીના જાણવામાં આવતાં તેણે રાજાને પૂછ્યું કે:—"મહારાજ! આપના પરમ મિત્ર કાળીદાસને દેશમાંથી શા માટે દૂર કરેલા છે? રાજાએ કહ્યું:—"રાણીજી! કોઇએ મારી પાસે કહ્યું હતું, કે કાળીદાસ અંતઃપુરમાં આવે છે તેથી." રાણી આવાં વચન સાંભળી હસીને નિઃશંકપણે બોલીઃ—મહારાજ! હું ભાગ્યશાળી છું કે મને આપ જેવા પતિ મળ્યા છો. આપને મારા સ્વભાવનો અનુભવ છે; તેનું મન બીજા ઉપર કેમ જાય? નજ જાય. જે સ્ત્રી પોતાનો ધર્મ જાણે છે, તે કદી પણ

પરપુરૂષને ઇચ્છિશે નહિ. તે કદિ રૂપ, યૌવન, ધન, માલમિલ્કતથી સંપન્ન હોય તોપણ શુ થયું ? પતિવ્રતા સ્ત્રી કદી એવી લાલચે લોભાઈ પાપ કર્મ કરશેજ નહિ. ક્ષણિક સુખ માટે પતિને અપ્રિય થશે નહિ; કે પોતાનો ભવ બાળી પાપ કર્મ કરી નર્કમાં પડશે નહિ. તે કોઇના છળ પ્રપંચ કે કાવાદાવાથી ભોળવાસે નહિ; ગમે તો બળાત્કાર થાય કે કોઇ પ્રકારનું દુઃખ આવી પડે; તોપણ પ્રાણ જતાં સુધી પતિવ્રતા સ્ત્રી શીયળનો ભંગ કરશે નહિ જે સ્ત્રી એવું પાપ કર્મ કરે છે, તેને સ્ત્રી નહિ પણ પિશાચણી સમજવી એવી નીચ વૃત્તિની સ્ત્રીને ધિક્કારે છે ! મારા પ્રત્યે શંકા ઉત્પન્ન થઈ છે, માટે તમે જો મને સતી કે અસતી ઠરાવ્યા વિના અહીંથી પધારશો. તો હું મારો પ્રાણ ત્યાગ કરીશ. ''

ભોજરાજા તેમના કહેવા પ્રમાણે કરવા કબૂલ થયો. પતિવ્રતરૂપી અગ્નિથી દીપતી સુકોમળ શરીરવાળી **લી**લાવતી રાણીએ સર્વ સમક્ષ ઇશ્વર પ્રાર્થના કરી કેઃ—''હે સર્વ શક્તિમાન પ્રભુ ! તમે જગતના સાક્ષીરૂપ છો; માટે જો જાગૃત, સ્વપ્ન, અને સુષુપ્તિમાં પણ મારો પતિ ભોજજ હોય અને બીજો કોઇ ન હોય તો તરત મને સાચી ઠરાવી, દુઃખમાંથી કાઢશો. વગેરે બોલી અનેક સાધનો અને સાક્ષીઓથી ભોજ રાજાને પોતાનુ સતીત્વ બતાવી આપ્યું. તેથી રાણી શુદ્ધ ઠરી. સર્વ તેનાં વખાણ કરવા લાગ્યાં. **ભો**જરાજાએ શરમાઇ જઇ પસ્તાવો કર્યો. રાણીએ તેને શાંત પાડયો. તે પોતાને આવી સતી સ્ત્રી છે, એ જોઇ ઘણો ખુશી થયો. અને સ્વર્ગ સમાન સુખમાં દિવસો નિર્ગમન કરવા લાગ્યો. એ રીતે **લી**લાવતી પોતનું સતીત્વ બતાવી આપી. પતિને અત્યંત પ્રિય થઇ હતી.

અશુંમતી.

આ પ્રતાપી સતી તપોવનમાં રહેનાર સુવ્રત નામે મુનિની પતિવ્રતા સ્ત્રી હતી. તેણે બાળપણમાં ભૃગુઋષિ પાસે વેદ, આત્મજ્ઞાન, પુરાણાદિ ધર્મશાસ્ત્રો વગેરેનું અધ્યયન કર્યું હતું. તેનામાં બુદ્ધિ ચાતુર્ય વખાણવા લાયક હતાં. તેની લાગણી મૂળથીજ પરગજુ હતી. તે પતિ સેવા, ગૃહકાર્ય વગેરે પતિવ્રતાને કરવાના કાર્યોમાંથી પરવારી અવકાશમાં પતિની રજા લઈ દીન દુઃખીઓની વહારે ધાતી. તે ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી નવસ્ત્રાને વસ્ત્ર અને રોગીને ઔષધ આપી; તેમની પીડા ટાળવાને પ્રયત્ન કરતી. એવી તે પરદુઃખભંજન હતી. તેમજ મનુષ્યોમાં સદ્‌ગુણોની વૃદ્ધિ થાય, એવા હેતુથી ઉપદેશ આપતી તે પોતાના ઉપદેશમાં કહેતી કેઃ—

" સર્વ પ્રાણી માત્ર ઉપર સમભાવ રાખી દયા કરો. દયા એ ધાર્મિક મનુ-

બ્યોનું સામર્થ્ય છે. આપણાપર નિર્દયતા વપરાઈ હોય, તો તેનો બદલો દયાથી આપો જેમ ચંદનવૃક્ષને કુહાડી કાપે છે, તોપણ તેને તે સુગંધી આપે છે. તેમ પુત્ર પુત્રીઓને બાળપણમાં ગૃહકાજનાં કૃત્યોમાંથી થોડો કાળ કાઢી સ્વધર્મનુ શિક્ષણ આપો. પિતા, માતા, ગુરૂ, અને વહિલોની મર્યાદા સાચવો, તેમને માન આપતા રહો, તમો નિત્ય વિવેક ભર્યા પ્રીતિયુક્ત મધુર વચનો બોલો. મનુષ્યો વિષય સુખમાં લુબ્ધ થઇ પોતાની ઇંદ્રિયોથી કઇ કઇ અધર્મ અને અનીતિઓ કરે છે, તેટલા માટે ઇંદ્રિયોને અંકુશમાં રાખી ઇંદ્રિય દમન કરો. ઇંદ્રિયજીત થનારને હમેશાં સુખ પ્રાપ્ત થશે. પરમાર્થ બુદ્ધિનો કદી અનાદર કરતા નહિ. જે કોઇ મનુષ્ય બીજાને દુઃખ દેતો નથી, પણ સર્વનુ રૂડુ ઇચ્છે છે, તે અક્ષય સુખ ભોગવે છે. મનોધર્મને દબાણમાં રાખો. વિષયના પદાર્થને વળગી રહેવું એ તેના બંધનનું કારણ છે, અને તે પદાર્થથી વિરક્ત રહેવું, એ મોક્ષનું સાધન છે. માટે જ્ઞાનવડે કરી વિષયના પદાર્થથી પોતાના મનને અળગુ રાખો. સદ્‌ગુણે વર્તવા છતાં અત્યંત દારિદ્રમાં આવી પડાય, તોપણ દુર્ગુણ ઉપર ચિત્ત લગાડશો નહિ. કેમકે બીજો અવતાર ધારણ કરવામાં માતા, પિતા, પતિ, પત્ની પુત્ર, પુત્રી કે સગાં સબંધી કોઇ સાથી થતું નથી, માત્ર સત્ અગર અસતકર્મજ સાથે આવે છે. જે વસ્તુ આત્માને વળગી રહે છે, તે ફકત તેણે જે અહીં કર્યુ હશે, તેના પરિણામો એટલે કર્મ છે, માટે પોતાથી અળગો ન થાય, એવો સોબતી જે સદ્‌ગુણ તેનો હમેશાં સંગ્રહ કરો. સદ્‌ગુણજ ખરો સાથી છે, તેજ તરવાનુ સાધન છે એમ જાણો. મોક્ષ મેળવવા માટે પરબ્રહ્મ પરમાત્માનું જ્ઞાનવડે મનન કરવુ. ધર્મને વધારો,—ધર્મનો નાશ થવાથી આ દેહમાં રહેલા આત્માને લાગતાં પાપ અને ધર્મ પ્રમાણે યોગ્ય વર્તણુંક કરવાથી થતાં પુણ્યનો વિચાર કરીને, તેમજ દુર્ગુણથી આત્માનુ જન્માંતર થાય છે, તેનો બુદ્ધથી વિચાર કરીને હમેશાં સદ્‌ગુણ ઉપર પ્રીતિ રાખીને વિચાર, વાણી, અને કર્મથી પવિત્ર વર્તણુક રાખો. ઇશ્વિર—પરબ્રહ્મ તે દરેક મનુષ્યના હૃદયમાં રહેલો છે, તેને મનુષ્ય જાણતા નથી, પણ મનુષ્ય જે જે કરે છે, તે તે તે નિહાળે છે; અને લક્ષમાં રાખે છે. આત્મા તેનો સાક્ષી છે અને તેના પોતાના આશ્રયનુ સ્થળ છે, તે મનુષ્યનો સર્વથી મોટો સનાતન સાક્ષી છે. તમારી મરજીમાં આવે તેમ વર્તશો નહિ, મનુષ્ય પોતાના કર્મને યોગે સુખ દુઃખ પામે છે. એ પોતાની વર્તણુકનું ફળ ભોગવે છે. અધર્મથી સુખ મેળવવાની ઇચ્છા કોઇ મનુષ્યે કદી સ્વપ્નમાં પણ કરવી નહિ;—કારણ કે પાપ બુદ્ધિનાં માણસ કદાપી તરત દુઃખ ન દેખે, તોપણ વહેલાં મોડાં એ પાપનું ફળ દુઃખ ભોગવે છે, અને તે જન્મો જન્મ નડે છે. માટે રોજ સવારમાં ઉઠીને પતિ તથા પરમેશ્વર પાસે એજ માગવું કે, **"મને માઠી બુદ્ધિ આપશો નહિ. પરોપકાર કરાવજો, દયા, ધર્મને ધરાવજો અને આપના ઉપર પ્રીતિ લાગે એવી મારી મતિ કરજો."** વગેરે, વગેરે, ઉત્તમ રીતે ચાલવાથી જરૂર પતિ અને પરમેશ્વર તમારા પર ઘણીજ પ્રીતિ કરશે. અંશુમતિના -

આવા ઉપદેશથી તે સર્વે ઠેકાણે પ્રસિદ્ધિને પામી હતી. સૌ તેને માન આપી પૂજ્ય ગણતાં હતાં, તેનો આ ઉપદેશ ઘણો મનન કરવા જેવો છે. ધન્ય છે, આવી સતીને! કે જેણે પોતાની જીંદગી પરમાર્થ કારણે ગુજારી સફળ કરી.

સત્યવતી.

બંગાલા ઇલાકામાં માલહદની અંદર ગૌડમાં રામાનંદ સ્વામી કરીને એક પરમ વૈષ્ણુ ભક્ત હતો. એ ગોસ્વામીને કેટલીક જમીન વગર કરની ધર્માદામાં મળી હતી. આ ધાર્મિક પુરૂષ સાધુ સંતોને અન્નપાન વસ્ત્ર વગેરે આપી સેવા કરતો. તેથી આખા દેશમાં પૂજ્ય પુરૂષ ગણાતો હતો. તેની કીર્તિ દેશોદેશ પ્રસરેલી હતી. એની સ્ત્રીનુ નામ સુનીતિ દેવી હતું. તે પરમ સાધ્વી સ્ત્રી હતી. એ વિવિધ પ્રકારનાં વ્રત અને અનુષ્ઠાન કરતી. ગામથી ફરતા ગાઉ ગાઉ ઉપર માણસો મોકલી, કોઇ દીન દુઃખી ભૂખ્યુ છે કે નહિ, તેની તપાસ કરાવી અન્ન પહોંચતું કરતી. કોઇ ભૂખ્યું નથી એવી ખાત્રી થયે સ્વહસ્તે રસોઇ કરી પતિ વગેરેને જમાડી જમતી. એવો તેનો નિત્યનિયમ હતો. આ સાધ્વીને પ્રેમાનંદ કરીને પુત્ર અને પ્રભાવતી કરીને પુત્રી હતી. પ્રેમાનંદ ઘણો વિદ્વાન હતો. તે આ પરમ સાધ્વી સત્યવતીનો પતિ થાય. આ કુટુંબ પરિવાર શાંતિ સુખ ભોગવતું હતું. પરંતુ સંસારમાં મનુષ્યના જીવનમાં ઇશ્વિરેચ્છાથી ફેરફાર થયા કરે છે. હમેશાં કોઇના દિવસ સરખા જતા નથી. વિપદરાશી સર્વેના માથાપર ગુપ્ત રીતે ઝૂલે છે. કયે વખતે કોના માથાપર પડશે, એ કોઇથી કહીં શકાતું નથી. આવો વખત આ ધાર્મિક કુટુંબને પણ આવ્યો. આ જોઇને કોનુ હદય દગ્ધ નહિ થાય! કોઇને એવી આશકા ઉઠે કે વળી ધાર્મિક કુટુંબને પણ શું મગળમય પ્રભુ દુઃખથી રક્ષણ કરતો નથી! ધર્મિષ્ઠ કુટુંબ જયારે દુઃખ સાગરમાં ડુબકાં મારે, ત્યારે પરમેશ્વરને મંગળમય કેમ કહીં શકાય! આવી આશકા જે માનવમંડળનો ઇતિહાસ જાણે છે તે કદી કરતાં નથી. બંગાલામાં કપની સરકારનું રાજ્ય હતું. આ વખતે બંગાલામાં મોટા દુકાળ પડ્યા હતા. જમીનની પેદાસ આવી નહોતી, તેથી જમીનદારોને માથે કર ચડી ગયો હતો. ઘરમાં કઇ દેવા ન મળે, તોપણ કર ઉઘરાવનાર દેવીસિંહ માલ મિલ્કત હરરાજ કરી, મારીને પણ કર વસુલ કરતો. કેટલાક આબરૂદાર જમીનદારોની સ્ત્રીઓને ભરકોર્ટમાં સિપાઇઓ નગ્ન કરી, બે લજ્જા કરતા. આવા જુલમથી દેશમાં ત્રાહ ત્રાહ થઇ રહ્યું હતું. રામાનદ સ્વામીની ધર્માદા જમીન-પર કદી કર નહોતો, તોપણ દેવીસિંહે આપવા કહ્યું:—રામાનંદે જુલમના ભયથી રાજસાહી રાણી ભવાનીદેવી પાસેથી પચાસહજાર રૂપિયા કરજે લઇ ત્રણ વર્ષનો

કર આપ્યો; તોપણ દેવીસિંહે વધારે કર માગ્યો. રામાનંદ પાસે કંઇ રૂપિયા નહોતા. તેથી દેવીસિંહે તેનું સર્વસ્વ લૂંટી લઇ પકડવાનો હુકમ કર્યો. આ ભયથી શુ કરવું, એ તેને સૂઝયું નહિ, પણ પ્રેમાનંદે હીંમત આપી કે પિતાશ્રી! કંઇ ડરશો નહિ. હું તે પાસે જાઉં છું. તમે મારી ચિંતા નહિ કરતાં બેન અને મારી સ્ત્રીને તરત લઇ જઇ રંગપુરમાં કોઇ શિષ્યને ત્યાં જઇ રહો. આ પ્રમાણે કહી ચાલતો થયો. તેને રસ્તામાંથી સિપાઇઓ પકડી કચેરીમાં લાવ્યા. કચેરીમાં જમીનદારોની આઠ સ્ત્રીઓને નગ્ન કરી સિપાઇઓ અપમાન કરતા હતા. સ્ત્રીઓ લજ્જાથી હાથવડે આંખો ઢાંકી દે છે. અશ્રુથી તેની છાતી ભીંજાય છે. થરથર કંપતી જોતજોતામાં તો ચાર પાંચ લજ્જથી બેશુદ્ધ થઇને ધરતીપર ઢળી પડી, મરણતોલ થઈ ગઈ. સ્ત્રીઓની આવી દુરવસ્થા અને ભયંકર દેખાવ જોઇ, પ્રેમાનદ આત્મસંયમ કરી શકયો નહિ. તે વાઘની પેઠે ગર્જના કરતો બોલ્યો—"હે નર પિશાચ! નરાધમ! અબળાપર આવો જુલમ! હમણાં તારૂં ખૂન કરીશ!" એમ બુમ પાડતોજ કુદકો મારી છરી લઇ દેવીસિંહને મારવા દોડયો, નજીક જઇ જ્યાં મારવાનું કરતો હતો, ત્યા સિપાઇઓએ દોડી આવી પકડી લીધે. પકડાયા છતાં પણ તેને ધિક્કાર આપ્યા કરતો હતો. સિપાઇઓ તેને કેદમાં લઇ ગયા. કેદખાનામાં કેદીઓ બેલઝાડના કાંટાવાળા સોટાથી ઘણો માર મારતા હતા. તેથી તેઓના ચહેરા સૂજી જતા હતા, અને કેટલાક મરી પણ જતા હતા. પ્રેમાનંદને પણ માર પડયો. આઠ કેદીઓ તો તે પ્રસગે મારથી મરી ગયા હતા. આ સર્વ ખબર રામાનંદ તથા સત્યવતીને થયા. તેઓએ જાણ્યું કે પ્રેમાનંદ મરી ગયો હશે. તેથી રામાનદે આવી તેનુ મડદું શોધવા માંડયું, પણ ચહેરા સૂણી ગયેલા હોવાથી ઓળખી શકાયું નહિ. તેથી શોકાતુર થઇ પાછો ગયો. સત્યવતીનો વિચાર હતો કે પતિનું શબ મળે તો તે સાથે બળી મરવું, પણ નહિ મળવાથી બિચારી વૈધવ્ય પાળવા લાગી. તેને માથે દુઃખના ડુગરા ઉગવા લાગ્યા. તેઓ નિરાશ થઇ રંગપુરમાં રહ્યાં.

દેવીસિહના સિપાઇઓના જાણવામાં આવ્યું કે, આ ગામમાં કોઇ રૂપવતી યુવતી આવી છે. તેને બળ જોરીથી પકડી દેવીસિહ પાસે મોકલાવી દેવાનો લાગ શોધતા હતા. દેવીસિહ મહા ખરાબ માણુસ હતો. સારી સારી ને આબરૂદારની સ્ત્રીઓને પરાણે પકડી એક અખાડામાં પૂરી રાખતો. તેમાંથી કેટલાક અધિકારીઓને રાજી રાખવા એ પાસે મોકલતો. પરમ સુંદરી સત્યવતીની ઉમર પચીશ વર્ષની હતી, પરંતુ એ જોવામાં બાલિકાના જેવી હતી. સત્યવતી સિપાઇઓ પકડવા આવે તે પહેલાં તરત સસરા સાથે દીનાજપુરના જંગલમાં નાશી ગઇ. સત્યવતીએ પોતાને સિપાઇઓ પકડે, તો તેને સ્વાધીન ન થતાં, પોતાનો પ્રાણ ત્યાગ કરીને પણ પાતિવ્રત્ય ધર્મતું રક્ષણ કરવાનો નિશ્ચય કરી રાખ્યો હતો. તે પોતાના સસરા સાથે અહીં ત્રણ વર્ષ રહી. એક વખતે સાયકાળે ખબર મળ્યા કે કંપનીનાં

સિપાઇઓ આ તરફ આવે છે. એ સાંભળી રામાનંદ બોલ્યોઃ—**સત્યવતી** ! તમે વૃદ્ધ દાસી અને બેવિશ્વાસુ નોકર જગા તથા રૂપા સાથે જલદી નાશી જઇ કાશી ધામમાં રહો. સત્યવતી રડતી રડતી બોલી,—"આ પાપી જીવન કોને માટે ધારણ કરૂં છું! વિધવાનું જીવન વિટંબના માત્ર છે. આપ મારા સસરા નથી, આપ મારા પિતા નથી, પણ આપ તો મારી મા છો. માની પાસે પુત્રી જેમ અકપટ મનથી સઘળું કહે, તેમ હું આપને કહું છું. હું આપને છોડીને ક્યાંએ જઇશ નહિ. આપને કેદ કરશે તો હું ત્યાં કેદ રહીશ. હું આપને એ સ્થિતિમાં ટીપું પાણી આપી શકું, તોપણ ખુશી રહીશ." રામાનંદ—બેટા! દેવીસિંહ આબરૂદાર ઘરની સ્ત્રીઓને બુરી દાનતથી પકડે છે. ક્રોધથી સત્યવતી બોલી—"એ દેવીસિંહની કઇ પણ મગદૂર નથી કે તે મારો ધર્મ નાશ કરી શકે. **સ્ત્રીઓ જો પોતાની ઇચ્છાથી ધર્મનો માર્ગ નહિ છોડે, તો જગતમાં કોઈ એવો માણસ નથી કે, જે તેઓના ધર્મનો નાશ કરી શકે.** બાર વરસ સુધી ઘણી વિપત્તિ અને ઘણા પ્રકારનાં સંકટો સહન કર્યાથી હું હવે જાણું છું કે સ્ત્રીઓની ધર્મ રક્ષાનો સઘળો ભાર સ્વયં ભગવાને પોતાને હાથ રાખ્યો છે. દુર્બળનું બળ માત્ર એક ઇશ્વર છે; એમાં કંઇ પણ સંદેહ નથી. હું પોતે ઇચ્છાથી જો ધર્મને વિસર્જન નહિ કરૂં, તો કોણ મારા ધર્મનો નાશ કરી શકે એમ છે? પણ મને અફસોસ માત્ર એટલોજ છે કે હજુ પણ આ હતભાગિનીને માટે આપને કેટલું બધું દુઃખ ભોગવવું. પડશે?" આટલું બોલતાંજ મૂર્છિત થઇ પૃથ્વીપર ઢળી પડી. થોડીવારે સાવચેત થઇ બોલી;—"હા, પરમેશ્વર! આ હતભાગણીને તમે શા માટે રૂપ અને સૌન્દર્ય આપ્યું? જેને માટે સ્ત્રીનું રૂપ અને સૌન્દર્ય—તે તો મારા ચાલ્યા ગયા છે. ત્યારે હવે આ રૂપ અને સૌન્દર્યની બીજી શી જરૂર છે? હું આ ઘડીએ મારૂં નાક કાપી નાંખું અને શરીરને જખમી કરૂં." આ પ્રમાણે બોલતાંજ પોતાના કેશ તોડવા લાગી. જોરથી કપાળ કુટવા લાગી. રામાનંદે હાથ પકડી આત્મઘાત નહિ કરવા સમજાવી શાંત કરી.

સત્યવતીઃ—"હા, પરમેશ્વર! હું કેમ તેની સાથે બળી મુઇ નહિ! તે પ્રસંગે બળી મુઇ હોત, તો આ પીડા દૂર થાત. અરે! મને તે રોજ સાથે લઇ જઇને તેના મૃત શરીરની શોધ કરી હોત, તો હું નક્કી તેને શોધી લેત કે આ તેમનું શરીર છે, તેમના માથા ઉપરના વાળ હું સેકડો મનુષ્યના માથા ઉપરના વાળમાંથી શોધી શકત. તેમના હાથની આંગળી જોયાથી હું નિશ્ચય કરી શકત કે, આ મારા પ્રાણનાથની આંગળી છે." રામાનંદઃ—"બેટા! ત્યારે શું પિતાના સ્નેહના કરતાં પણ પત્નીનો પ્રેમ એટલો સૂક્ષ્મ દૃષ્ટિવાળો છે? માબાપનો સ્નેહ શું પત્નીના પ્રેમની આગળ પરાજય પામે છે?" આટલું બોલ્યા પછી તેને વિલંબ નહિ કરતાં તરત નાશી જવાને ઘણું ઘણું સમજાવી, ત્યારે સત્યવતીએ જાણ્યું કે સસરાજીની સાથે રહી શકાશે નહિ. તેથી નિરાશ થઇ વૃદ્ધ દાસી અને નોકર

સાથે જંગલમાં નાશી ગઇ, અને જ્યાં કોઇની પણ આવવાની હિંમત ચાલે નહિ એવી વાઘ વરૂ વાળી ભયંકર જગ્યામાં પોતાનો ધર્મ સાચવવા ખાતર ઝુંપડી બાંધી રહી. જે એક વખતે શિયાળામાં ગરીબોને ગરમ લુગડાં આપવામાં હજારો રૂપિયા ખર્ચ કરતી, તે પાસે આજે ટાઢ નિવારણ કરવા સારૂ પહેરેલાં લૂગડાં સિવાય એકે વધારે લૂગડુ નહોતું. એવી સ્થિતિમાં ભયંકર જગ્યોમાં દિવસો કાઢવા લાગી, તેના હૃદયમાં પ્રેમ અને ભક્તિનો પ્રવાહ વહ્યા કરતો હતો. તેમાં આ સકટ ભૂલી જઇ ફક્ત એક સસરાના દુઃખનીજ ચિંતા કરવા લાગી. રામાનંદ સત્યવતીના વિદાય થયા પછી ઝુંપડી બહાર કીર્તન કરતો બેઠો હતો; ત્યાં સિપાઇઓએ આવી તેને પકડી લઇ જઇ કેદમાં નાંખ્યો. તેણે ત્યાં અન્ન પાણી લેવું મૂકી દીધુ, તેથી તદ્દન અશક્ત થઇ ગયો. આ ખબર સાંભળી સત્યવતીએ પોતાના પ્રાણ જતાં સુધી પણ પ્રયત્ન કરી, તેને છોડાવી લાવવાને તથા તેમાં કોઇ પોતાના ધર્મનો નાશ કરવા આવે, તો આત્મઘાત કરીને, પણ શીળ ધર્મની રક્ષા કરવાનો નિશ્ચય કરી તૈયાર થઇ.

સત્યવતીએ પુરૂષનો પોશાક પહેર્યો. વૃદ્ધ દાસી અને બે વિશ્વાસુ નોકર સાથે લઇ, જ્યાં સસરાને કેદ કરેલા ત્યાં આવી. કેદખાનાથી થોડે દૂર બધાને રાખી, પોતે જેલ પાસે આવી. જેલનો જમાદાર રામસિંહ હિંદુસ્તાની હતો. એ ઘણો દયાળુ ને ભલો હતો, તેણે આ પદરેક વર્ષના સ્વરૂપવાન છોકરાને જોઇ પૂછ્યું:— તું ક્યાં રહે છે? તારૂં નામ શું? અને શા માટે આવ્યો છે? છોકરે કહ્યું·— હજુર! મારૂ નામ નાનકુ, હું ગયા જીલ્લામાં રહું છું. મારાં માબાપ પુર્ણીઆમાં જમીનદાર હતાં. તે મને મૂકી ગુજરી ગયાથી નોકરી માટે નીકળ્યો છું," રામસિંહે છોકરાનુ રૂપ—લાવણ્ય જોઇ કહ્યું, તું મારે ત્યાં રહીશ? તું શું પગાર લઇશ? નાનકુએ હા પાડીને કહ્યું:—તમે જે આપશો તે લઇશ. પછી નાનકુ રોજ રામસિંહને ઝપાટામાં ભાગ તૈયાર કરી દેવા લાગ્યો. તેની ભાંગ કરવાની ચતુરાઇથી રામસિંહ તેનાપર ઘણો ખુશી થયો. તેણે પોતાની સ્ત્રીને ભલામણ આપી કે, આ નાનકુને આપણા છોકરાની પેઠે રાખજે. આવી રીતે તેણે રામસિંહની પ્રીતિ મેળવી. એક વખતે કેદખાનામાં જવાની રજા લઇ, રામાનંદની સ્થિતિ જોઇ, તો તદ્દન બેશુદ્ધ થયેલા દીઠા. આ જોઇ સત્યવતીને મનમાં ઘણું લાગ્યુ. આ વાત કોઇને કળવા દીધી નહિ. કેદખાના ઉપર પહેરો ઘણો હતો, તોપણ નાનકુએ રામાનંદને લઇ જવાની યુક્તિ રચી, રૂપા તથા જગાને ચેતવી રાખ્યા. લાગ આવતાં રામસિંહ કે પહેરેગીર ન જાણે તેમ બેશુદ્ધ થયેલા રામાનંદને અંધારી રાતે જગા તથા રૂપાએ ઉપાડી સત્યવતી સાથે નાસવા માંડયું. સિપાઇઓને ખબર થતાં પાછળ આવ્યા, પણ તેને ભૂલાવો ખવરાવી પાડુઆના જંગલમાં આવ્યાં. જંગલમાં એક ઝુંપડી જોવામાં આવી. તેમાં એક વિધવા સ્ત્રી યોગિની દશામાં શિવની આરાધના કરતી બેઠી હતી. આ ખરેખર કોઈ દેવીની મૂર્તિ હોય એવી જણાતી હતી,

સૌ હિંમતથી એ દેવ કન્યાને આશ્રમે ગયાં. તે સાથે કેટલીક વાતચીત થતાં, જે પ્રેમાનંદને મરેલો ધારતા હતા, તેતો પ્રથમના કેદખાનામાંથી નાશી ગયો હતો, પણ ફરીથી પકડાઈ કલકત્તાની જેલમાં જીવતો છે. આવા ખબર સાંભળી સૌ ઘણાં ખુશી થયાં. સત્યવતી હવે સ્વામીનો ઉદ્ધાર કરવા સસરાની રજા લઇ તૈયાર થઇ. સાથે ફક્ત એક જગાનેજ લીધો.

ખરેખર વિપદ્જ મનુષ્યનો મિત્ર છે, વિપદ્જ મનુષ્યનો ગુરૂ છે અને વિપદ્જ મનુષ્યનો સેનાપતિ છે. એ વિપદેજ સત્યવતીને અલૌકિક હિંમત આપી હતી. એ હિંમતથીજ સત્યવતી રાત્રિ દિવસ ચાલી ત્રણ દિવસમાં સો ગાઉ કલકત્તે આવી પહોંચી. તેણે પુરૂષનો પોશાક ધારણ કરી રામકૃષ્ણ અધિકારી નામ રાખ્યુ હતું. કેદીઓને છોડાવવા માટે સુપ્રિમ કોર્ટમાં દરખાસ્ત કરી પરવાનો મેળવવો પડતો. તે વિના છોડાવી શકાય એવું નહોતું. એ કોર્ટમાં દરખાસ્ત આપવામાં ઘણા રૂપિયાનું ખર્ચ થતું તે તેની પાસે નહોતા. વળી કલકત્તાની જેલ હેતીસંહના કેદખાના જેવી નહોતી. તેથી એ ઘણી ચિંતાતુર થઈ. થોડા વખતમાં ગંગાગોવિંદસિંહની માનું શ્રાદ્ધ હતું. તે પ્રસંગે સેંકડો બ્રાહ્મણો દક્ષિણા લેવાને જતા હતા, ત્યાં બ્રાહ્મણ કુમારને વેશે જઇ, સ્વામીને કેદખાનામાંથી છોડાવવાની, યાચના કરવાનું ધારી ત્યાં ગઈ, પણ તે ઇચ્છા નિષ્ફળ ગઇ. તેથી નિરાશ થતી ટાઢ, તડકો વેઠતી રાત્રિ દિવસ રસ્તાપરના એક વૃક્ષ નીચે બેસી કાળ કાઢવા લાગી. ખાવું પીવુ અને નિદ્રા એ સર્વે ત્યાગ્યું. જે જીર્ણ વસ્ત્રથી દિવસે લજ્જા નિવારણ કરતી હતી, તેજ ઓઢીને વૃક્ષ નીચે રહેતી. એ રીતે એકવીસ દિવસ દુઃખ ભોગવ્યું; તેમાં નિરંતર પતિના ઉદ્ધારનુંજ સ્મરણ કરતી હતી. એક દિવસે પતિને છોડવવા ઇશ્વર પ્રાર્થના કરતી હતી, તેટલામાં દૈવયોગથી એક પ્રતિષ્ઠિત માણસ નીકળ્યો, તેના હાથમાંથી અગત્યના કાગળો પડી ગયા, એ તેને ધ્યાનમાં નહોતું, પણ સત્યવતીએ પડતા જોયા કે ઉપાડી જગાને આપવા પાછળ મોકલ્યો. તે દોડી જઇ આપી આવ્યો. તેથી એ માણસ ઘણો ખુશી થયો. તેણે સત્યવતી પાસે આવી તેનો ઉપકાર માન્યો, કે આ કાગળો ઘણા કામના હતા. તે ગયાથી મારો કોઇ રીતે બચાવ નહોતો. ગંગાગોવિંદસિંહ મારો મોટો શત્રુ છે. તે નક્કી મારૂં બુરૂં કરત. મહારાજ! તમારે જોઇએ તે માગો. સત્યવતીઃ—મારો સગો કેદમાં છે, તેને છોડાવવાનો ઉપાય બતાવો. આ માણસે કહ્યું:–તમે ફિકર ન કરો, હું તેનો ઉપાય કરીશ. ચાલો મારી સાથે. સત્યવતી સાથે ગઇ. એ માણસે સાહેબને સર્વે હકીકત વિદિત કરી પરવાનો લખાવી આપ્યો. એ રામકૃષ્ણ અધિકારી અને જગાએ લઇ જઇ જેલના ઉપરીને આપ્યો. તેણે પ્રેમાનંદને છોડી મૂકયો. સત્યવતીએ જગાને પ્રથમથી ચેતાવી રાખ્યો હતો કે તારે મારી ઓળખાણ આપવી નહિ. તે પ્રમાણે બંને જઇ પ્રેમાનંદ પાસે ઉભાં રહ્યાં. વાતચિતથી પ્રેમાનંદે જગાને ઓળખ્યો, જગાએ સત્યવતીને રામકૃષ્ણ અધિકારી કહીને તેણીની ઓળખાણ આપી. પ્રેમા-

નંદ તેની સામું જોયા કરતો હતો, પણ મળ્યે ઘણાં વર્ષ થયેલાં, તેમ સત્યવતી દુઃખથી દુબળી થઇ ગઇ હતી, વગેરે કારણથી તે ઓળખી શક્યો નહિ. તેણે ધાર્યું કે આ મારો કોઇ સગો મને છોડાવવાને આવ્યો હશે.

સત્યવતી સ્વામીનાના મુખ સામુ નિહાળીને જોયા કરતી હતી. તેને સ્વામીના મુખ દર્શનથી આ દુરવસ્થામાં પણ અપાર આનંદ થવા લાગ્યો. પતિપ્રાણા સાધ્વી સ્ત્રીઓ જ્યારે સ્વામીનું મુખ દર્શન કરે છે, ત્યારે તેમનુ હૃદય આનંદથી ઉછળી જાય છે. સત્યવતીએ આજે બાર વર્ષે પતિનુ મૂખ દીઠુ. તે જેને મરણ પામેલો જાણતી હતી, તેને આજે જીવતો જોયો. આથી તેનું હૃદય આનંદથી ઉછળી રહ્યું હતું. રસ્તામાં કેટલીક વાતચીત થયા પછી પુરૂષનો પોષાક ધારણ કરેલી સત્યવતી સ્વામીને ગળે વળગી પડી, હર્ષનાં અશ્રુ પાડતી બોલી;–' નાથ પૂર્વે અજ્ઞાનતાને લીધે મારાથી સેવા થઇ શકી નહિ હોય, પુણ હું વિપદ્‌માં પડીને સમજી શકીછું કે આપજ મારા ખરેખર દેવ છો. હવેથી હું છાયાની પેઠે આપનું પદાનુસરણુ કરીશ, આપના સર્વ કાર્યમાં મદદ કરીશ. આ મહાન અપરાધિણીના આગલા અપરાધ ક્ષમા કરશો.'' પ્રેમાનદ પોતાની સ્ત્રીની આવી અવસ્થા જોઇ ઘણો દીલગીર થઇ અશ્રુ પાડવા લાગ્યો. આવી સ્થિતિમાં બંને નહિ બોલતા શોકમાં સ્તબ્ધ થઇ ગયાં. થોડીવારે સત્યવતીએ કહ્યું:—પ્રાણુનાથ? જલદી હવે પધારો. આપના પિતા યાદ કરે છે. પછી ત્રણે જણુ જ્યાં દેવકન્યા અને રામાનંદ હતાં, ત્યાં જ ગલમાં આવ્યાં. આ જોઇ રામાનંદ વગેરેને હર્ષનો પાર રહ્યો નહિ સત્યવતીને સૌએ શાબાસી આપી. એ રીતે સત્યવતીએ પોતાનુ સતીત્વ સાચવી, સબળાપણું ધારણુ કર્યુ. ઘણા પ્રકારનાં કષ્ટ વેઠી પ્રાણુની પણ દરકાર ન રાખતાં પતિ તથા સસરાને કેદમાથી છોડાવવામાં મહાચાતુર્યબળ વાપર્યું. જે ગુણ અબળાનું મનોહર ભૂષણ છે, જે ગુણથી અબળા પવિત્રતાઇથી રોગ, શોકવાળા સંસારમાં સુખ અને શાંતિનું રાજ્ય ફેલાવે છે. તે ગુણથી સાધ્વી સત્યવતી હમેશાને વાસ્તે અલંકૃત હતી. તેણે કરી તે જગત્‌માં અક્ષયકીર્તિ રાખી ગઇ છે. ધન્ય છે તેમને!''

દુઃશલા.

એ હસ્તિનાપુર (દીલ્લી)ના રાજા ધૃતરાષ્ટ્રની પુત્રી થાય. તે ગાંધારી જેવી સાધ્વી માતાના હાથ નીચે ઉછળી કેળવણી પામી હતી. તે ધાર્મિક, નીતિવાન અને પતિવ્રતા હતી. તેનો વિવાહ જયદ્રથ સાથે કર્યો હતો. જયદ્રથ અવિચારી હતો. આ ક્ષત્રિયબાળા ધર્મ અને શૂરાતનાદિ સદ્‌ગુણો વડે પોતાના પતિ વગેરેને હિમ્મત આપી કુટુંબનુંજ નહિ પણ આખા રાજ્યનું રક્ષણ કરવામાં સહાયભૂત થઇ હતી. તેણે પોતાના સહોદર ભાઇઓ કૌરવોની કુબુદ્ધિ જોઇ કહ્યું

કે:—"તમે રાજસુખ માટે કેટલો અધર્મ કરો છો? દ્રૌપદી પતિવ્રતા, સત્ય અને પ્રેમની મૂર્ત્તિ છે. તેની લજ્જા લોપી દુઃખ આપવાથી વિપરીત ફળને ચાખશો. ખરા શૂરવીરમાં કોમળતા—ક્ષમતાનો ગુણ અવશ્ય જોઇએ. આ ગુણ તમારામાં જોવામાં આવતો નથી. નીતિ અને સદ્‌ગુણના ઉચ્ચસ્થાને ચઢીને ઘુમવું ઘટે છે. દુનિયામાં નામ તેનો નાશ છે; એમ છતાં પણ નાશવંત માણસની જીંદગીમાં અહીં પણ અવિનાશીપણાનો અંશ કીર્તિ રૂપે રહે છે. કોઇ પણ માણસના કામની કીર્તિ કેવળ લય પામતી નથી. તેનું શરીર પચ મહાભૂતમાં ભળી જાય છે. તથાપિ તેનાં સારાં નરસાં કૃત્યોથી સારી નરસી કીર્ત્તિ ફળ રૂપે રહી જાય છે. જે માણસ પોતાની જીંદગી રૂડી રીતે ગુજારે છે; તે પોતાની ચાલનું પ્રમાણિકપણું હમેશાં જાળવી રાખે છે, તે પોતાનાં છોકરાંને અને જગતને કંઇ નાનો સૂનો વારસો મુકી જાય છે એમ ધારવું નહિ; કારણ કે સદ્‌ગુણના જીજ્ઞાસુ નરને એવા પુરૂષની જીંદગીથી મહા બળવાન ઉત્તેજન ઘડો મળે છે; અને દુર્ગુણીનું મોં કાળું ઘબ જેવું કરી નાંખે છે. વળી તે મોટા સુખનું સાધન થઇ પડે છે. તમોને હલકી સોબત લાગી છે, તેથી હલકા પડયા વગર રહેશો નહિ. હલકા માણસની સોબત કર્યાથી માણસની બુદ્ધિ અધોગતિને પામે છે. મહાપુરૂષોની સોબતથી બુદ્ધિ વધે છે જેના કુળમાં દીકરીઓ અને સ્ત્રીઓ દુઃખથી નિઃસાસા નાંખે છે, તેના કુળનો નાશ થઇ જતાં વાર લાગતી નથી. તમે કુટુંબમાં કલેશ કરી દ્રૌપદી જેવી સતી સ્ત્રીને દુઃખ દો છો. એ કુળના નાશનો આદર કરો છો. માટે શ્રેયની ઇચ્છા રાખતા હો તો ક્લેશ છોડી સદ્‌વર્ત્તન રાખો. સદ્‌વર્ત્તનજ જીંદગીનું સાર્થક કરતા છે. એજ મોટામાં મોટી જાગીર છે." એ પ્રમાણે તેણે ઘણાંક સુબોધક વચનો કહ્યાં છે, પણ "વિનાશ કાળે વિપરીત બુદ્ધિ" થાય છે. તે વખતે કોઇની શીખામણ ગળે ઉતરતી નથી.

વળી જ્યારે **જયદ્રથે** દ્રૌપદીનું વનમાંથી હરણ કર્યું અને **પાંડવો** પાછળ આવવાથી તેને મૂકી નાશી આવ્યો, ત્યારે આ ખબર સાધ્વી દુઃશલાને થતાં તેણે તેમને કહ્યું;—સ્વામીનાથ! દ્રૌપદી જેવી સતીનું હરણ કરવાની તમને અવળી બુદ્ધિ ઉત્પન્ન થઇ, એ હું ખરેખર અપશુકન તરીકે ગણું છું. નક્કી આ કૃત્યની શિક્ષા **ભીમ** કર્યા વગર રહેશે નહિ. પરસ્ત્રીનો અભિલાષ રાખનાર કોણ સુખી થયું છે? **ઇંદ્ર, ચંદ્ર** વગેરે ઘણા એથીજ દુઃખી થયા છે. પરસ્ત્રીના સંગના અભિલાષથી શરીરનુ રૂપ જાય છે, આબરૂની હાનિ થાય છે, ઉત્તમ ક્રિયા કર્મ લોપ થાય છે. પોતાના કુળના રૂડા ધર્મને ખોટ બેસે છે, ઉમંગથી ઇશ્વર ભક્તિ થતી હોય, તે મદ પડે છે. પરમેશ્વર કરડી નજરથી જુવે છે. બુદ્ધિ ભ્રષ્ટ થઇ ચિત્ત વ્યગ્ર રહે છે. પિતૃ તરે નહિ, અને ધર્મનો નાશજ થાય છે; તો પછી સ્વર્ગે જવાની તો આશાજ શી રાખવી! વગેરે ઘણું નુકશાન થાય છે. માટે આવું વિપરીતાચરણ કદિ કરશો નહિ, એવી મારી પ્રાર્થના છે. વળી તમો યુદ્ધમાં અધર્મે પગલું ભરશો નહિ, ધર્મયુદ્ધ કરજો. યુદ્ધમાં મરણનો ભય રાખશો નહિ. આ-

સંસારમાં કોઈ અમર નથી, પણ જે મહત્તાનાં કર્મ કરે છે, તેજ અમર છે. ક્ષત્રિ પુત્રને રણભુમિમાંથી ભાગી આવવા કરતાં ત્યાંજ દેહ ત્યાગ કરવો એ શ્રેયકર છે. મોતથી મરવા કરતાં યુદ્ધમાં મરદાઇથી મરવું-ભલું છે. તેથી કીર્તિ વધે છે. સ્વામીનાથ ! નિશ્ચયથી જાણજો કે હું તમારી સ્વર્ગમાં પણ અર્ધ ભાગિયણ થઇશ. એવાં તેણે ધર્મ નીતિ અને વીરત્વનાં ઘણાં વચનો કહ્યાં છે. આ પરથી તેના આત્મબળની અને અલૌકિક શક્તિની તુલના થઇ શકે છે. ધન્ય છે આવી વીર સાધ્વી સ્રીને ! કે જેણે પોતાનું ચરિત્ર પવિત્રપણે સુધારી સુદષ્ટાંતરૂપ અમર કીર્તિ રાખી ગઇ છે.

સુલીબા પંડિતા.

આ પંડિતા કાશી પાસે **રામનગર**ના રહેનારા કૃષ્ણશર્મા નામે બ્રાહ્મણની પુત્રી હતી. કૃષ્ણશર્મા ઘણો વિદ્વાન હતો. તેણે પોતાની પુત્રીને શ્રુતિ સ્મૃતિ અને પુરાણાદિ ધર્મશાસ્ત્રોનો તથા જ્યોતિષ અને વેદાંતનો અભ્યાસ કરાવ્યો હતો, તેથી તે વિદ્વાન ગણાતી હતી. તે શરીરે દુર્બળ, કોમળ, ઉજવળ અને સામાન્ય કદની હતી. તથા ગુણે બુદ્ધિવાન, નીતિવાન, ધાર્મિક અને પતિવ્રતપ્રેમી હતી. આવા તેના ઉત્તમ ગુણો જોઇ તેના પિતાએ તેના જેવાજ સ્વભાવવાળા અને ગુણવાળા તેજ ગામના **જગન્નાથ** નામે શાસ્ત્રી સાથે તેને પરણાવી હતી. આ શાસ્ત્રી પણ વિદ્વાન અને પ્રસિદ્ધ હતો. જોડું સરખું મળવાથી પરસ્પર આનંદમાં મગ્ન રહેતાં. **સુલીબા** પતિની મરજી સાચવી, પોતાના પતિવ્રતાના ધર્મ પ્રમાણે વર્ત્તતી. પતિ પણ સહૃદય, દયાળુ અને સારો વ્યવહાર રાખનાર હતો. તેથી **સુલીબા** પોતાને પૂર્ણ ભાગ્યશાળી સમજતી હતી. તેણે સંસ્કૃત પાઠશાળા સ્થાપી હતી. તેમાં કન્યાઓ અને વિધવાઓ શીખવાને આવતી. તેને પોતાની જાતે મહેનત લઇને ધર્મશાસ્ત્રો શીખવતી તથા સ્ત્રી ધર્મનીતિનો ઉપદેશ આપી, તેમના હૃદયમાં ઉંડી છાપ પાડતી. તેણે "**તત્વદર્શન**" નામે ગ્રંથ બનાવ્યો છે. એમા તેણે ધર્મનીતિ અને વેદાંત વિષે વિચાર જણાવ્યા છે.

એક વખતે પતિ પત્ની બંને **રામેશ્વર** યાત્રાએ ગયેલાં, ત્યાંથી પાછાં વળતાં **શ્રીરંગપટ્ટણ** આવ્યાં. ત્યાં વિદ્વાનોની સભા મળી હતી. તેમાં **જીવ** અને **બ્રહ્મ** એ વિષયપર મોટા સંવાદ ચાલ્યો હતો. તેમાં પંડિતા **સુલીબાએ** સંતોષકારક પોતાનો વિચાર જણાવી, એ બધાને છક કરી નાંખ્યા હતા. આ બાઇની આવી વિદ્વતા જોઇ સર્વે વિદ્વાનોએ તેને "**પંડિતા**" એવો માન ભરેલો ઇલકાબ આપ્યો હતો. ત્યારથી એ **સુલીબા પંડિતા**" કહેવાણી. તેનો સ્ત્રીઓ પ્રત્યે ઘણો સદ્ભાવ હતો. તે

વખતો વખત ઉપદેશ આપતાં કહેતી કે;–બેનો ! "આ શરીર અસ્થિ, માંસ, રૂધિર અને મળ, મૂત્ર વગેરે અપવિત્ર પદાર્થોથી ભરેલું છે. વળી તે પાણીના પરપોટાની પેઠે ક્ષણભંગુર છે. આ શરીરથી ગમે એટલા ભોગો ભોગવીએ તોપણ તૃષ્ણા નહીં છીપતાં ઉલટી વધે છે. એમ વારંવાર તૃષ્ણા છીપાવવાની લલુતામાં ને લલુતામાં કાળ આવી ઉપાડી જાય છે. તેમાં મુખ્ય કરવાનું કર્ત્તવ્ય રહી જાય છે. તેથી અંતે પસ્તાવો થાય છે; અને જન્મ મરણનાં દુઃખો વારંવાર ભોગવવાં પડે છે. માટે આ શરીરથી પ્રથમ તો એ કરવાનું છે કે સ્ત્રીને પતિ એજ ગતિ છે. તે ગમે તેવો હોય તોપણ અહોનિશ સુંદર રાજભુવનમાં કે વનમાં, સુખમાં કે દુઃખમાં પતિની સહાયતામાં રહેવું અને તે જે રીતે ખુશી રહે તેમ કરવું. આ સિવાય પતિને પ્રેમથી બાંધવાનું બીજું એકે સાધન નથી. પતિની પ્રસન્નતા એજ સ્ત્રીઓનું પરમ દૈવત છે. સર્વ સુખ સાધનો પુત્ર પરિવાર વગેરે સઘળું પતિની પ્રસન્નતાથીજ પ્રાપ્ત થાય છે. માટે મન, વચન અને કર્મથી એક નિષ્ઠા રાખી પ્રીતિ સહિત તે સાથે વર્ત્તવું, એ પાતવ્રતા સ્ત્રીનો ધર્મ છે. દૈવ ઇચ્છાથી પતિ પોતાની પહેલાં ગુજરી જાય, તો તેથી નહીં મુઝાતાં એક ઇશ્વર ઉપર મન, વચન અને કર્મથી દ્દઢ આસ્તા રાખી, સર્વે ઇંદ્રીયોને કબજે કરવી. સૌભાગ્યવતીનાં સર્વે ચિન્હો તજી બ્રહ્મચર્ય પાળવું. આથી ગમે તો તે વગર પુત્રની હશે તોપણ તે સ્વર્ગને પામશે. જેણે દાંત આપ્યા છે તે ચાવણું પણ આપશે. તેવા દયાળુ પ્રભુ " કીડીને કણ અને હાથીને હારો " જેને જેવું જોઇએ; તેને તેવું ને તેટલું આપે છે. માટે પ્રાણ જાય, તોપણ કદી નિંદીત કર્મ કરવું નહિ. પોતાનું શિયળ સાચવી ઘર આગળ જે પ્રકારે ઉદ્યોગ થઇ શકે તે પ્રમાણે પવિત્રપણે રહી પેટ ભરવું. જે પોતાનું શીયળ ભગ કરે છે, તે આ લોકમાં નિંદિત થઇ નર્કમાં પડે છે. માટે થોડા વખતના આ ક્ષણભંગુર દેહને અલ્પ સુખ સારૂ ભોગ તૃષ્ણામાં નહીં તણાવા દેતાં સન્માર્ગે વાળી, મન પવિત્ર કરી, આધ્યાત્મિક જ્ઞાનવડે પરિબ્રહ્મને જાણવા પ્રયત્ન કરવો. જેથી સદ્‌ગતિને પામશો. "

આ પંડિતાએ ઘણાં વર્ષ પતિ સાથે સુખ વૈભવમાં કાઢયાં. એટલામાં તેના પતિને એકાએક પીડા ઉત્પન્ન થઇ આવી. આ જોઇ તેને ઘણો ધ્રાસ્કો પડયો. પતિની વેદના વધવા લાગ્યાથી ઘણા ઉપચારો કર્યા પણ તે બધા વૃથા ગયા. થોડીવારમાં તો તેમણે પ્રાણ ત્યાગ કર્યો. પંડિતા સ્વામીના શબની પાસે કેસ છૂટા મૂકી શોકથી આળોટવા લાગી. મૂખમાંથી લાંબા લાંબા નિઃશ્વાસો નિકળવા લાગ્યા. હૃદયવિદારક આર્ત્તનાદથી ઘરમાં હાહાકાર થઇ રહ્યો. હિંદુરમણિને તેના પતિના મૃત્યુથી જે ભીષણયાતના થાય છે, તેનું વર્ણન કરવું અશક્ય છે. આજે સુલીબાની આંખનું તેજ નિર્વાણ થયું. તેનું હૃદય શુન્ય થઇ ગયું. જગત્ અંધકારમય દીસવા લાગ્યું. શોકથી વિધવાપણાની અસહ્ય પીડાથી ઘણો કલ્પાંત કરવા લાગી. તેની પાસેનાં સગાં વ્હાલાંએ કહ્યું કે, પંડિતા ! તું બુદ્ધિવંત છે, તો આવો

શાક ન કર ! મનુષ્યનું જીવન શાકમયજ છે. જગદીશ્વરે જે બનાવ્યું તે ખરૂં. તેમાં કોઇનું જોર બળ નથી. તું આવી જ્ઞાનવાન થઇ કલ્પાંત કરે છે, એ ઠીક કરે છે? પંડીતાએ કહ્યું. હૃદયેશ્વર ચિર નિદ્રામાં ઊંઘે છે. તે મને ઘણા ચાહતા હતા. હું દાસી જીવનમાં તેનાપર પ્રીતિ રાખતી હતી, અને હવે મરણ પછી પણ તેની સોબતી થઇશ. આ પરથી સૌએ જાણ્યું કે તેને સતી થવાનો નિશ્ચય થયો છે. આ નિશ્ચય ફેરવવાને સૌએ બહુ સમજાવી, પણ ધીર, શાંત સુલીબા એક ટળી બીજી થઇ નહિ. તેનો તો એક જવાબ હતો. હૃદયેશ્વર મારા ઉપર ઘણીજ પ્રીતિ રાખતા હતા. હું તેમને છોડીને રહેવા ઇચ્છતી નથી. મારા જીવનનું ખરૂં ભૂષણ અને મારા નયનનો જે મણિ મેં ગુમાવ્યો છે. તે તે શુ હું જીવનમાં ફરી મેળવી શકીશ? જે આત્મા દાસીની ઉપર ઘણી પ્રીતિ રાખતા હતા, ઘણીજ કૃપા કરતા હતા, તેને શું હું ફરી જોઇ શકીશ? હું પતિના સંગમાં વિવિધ પ્રકારનાં સુખ પામી છું. નિત્ય આનંદ ઉછરંગમાં રમી છું. અરેરે! હવે પિયૂ વિના મનની વાત કોની પાસે કરીશ? પિયૂ વિના કયાંએ ખરૂં માન મળતું નથી; હવે મારૂં સુખ વહી ગયું. મારો જન્મારો ધિક્ છે. આજે હું સ્વામી વિના અમંગળ રૂપ થઈ. પ્રાણપતિ ! હું આપને કયાં આવી મળું ! આવાં તેનાં હૃદયવેધક વચનોથી સૌ શોકાતુર થયાં. ત્યારે તેણે કહ્યું, આજે સૌ સહૃદય થાઓ. મારા એક માત્ર સુખના રસ્તામાં કાંટા ન નાંખો, દાસીને જે આટલું બધું ચાહતા હતા તેની સાથે મને જવા દો. સૌ આ સાંભળી નિસ્બ્ધ થયાં. ચિતા તૈયાર થઇ, તેનાપર જગન્નાથ શાસ્ત્રીનું શબ મૂકાયું. પંડિતાએ ઉત્તમ વસ્ત્રાલંકાર પહેર્યા, એકી વખતે સર્વ પાસેથી રજા લઇ ચિતા પાસે આવી, અલંકારો ઉતારી ગરીબ ગરબાંને વહેંચી આપ્યાં, આંખમાંથી પોતાને હાથે આંસુ લૂછી, સૌને મધુર વચને શાંત પાડી પાયે પડી, અને થોડીવાર બોધ આપી બોલી કે, "**સ્ત્રીઓને પતિ એજ જીવનનું તત્વ છે.**" એમ કહી પતિના પગને અડી, 'હૃદયેશ ' કૃપા કરો ! હું તમારા પગની નીચે બેસીને આવી શકું. હું જન્મોજન્મ તમારી પત્નિી થાઉં અને સેવા કરૂં.' 'ઇશ્વિર તારી પુત્રીની આ સિવાય બીજી કંઈ ઇચ્છા નથી' ! આ પ્રમાણે બોલી ચિતાપર ચઢી પતિના પગ ભક્તિભાવથી ખોળામાં લીધા, આંખ મીચી કે તેના આત્માએ જાણે તેજ વખતે સ્વર્ગમાં પ્રવેશ કર્યો હોયની તેમ લાગ્યું. ચિતા સળગી તેનો દેહ થોડીવારમાં બળી ભસ્મ થયો. અહો ! કેવો પવિત્ર પ્રેમ ! ! ધન્ય છે પ્રેમી દંપતિને ! ! !

કમળાદેવી.

આ પરમ સાધ્વી સ્ત્રીના પતિનું નામ જગન્નાથ ભટ્ટાચાર્ય હતું. તેઓ મુર્શીદાબાદ પાસેના એકગામમાં રહેતા હતા. તેના વડવાઓને માનસિંહે કેટલીક જમીન ધર્માદા આપી હતી. કમળાદેવી ઘણીજ ખૂબસુરત હતી. તેવુજ તેનું ચરિત્ર પણ પવિત્ર અને સુંદર હતું. શાંત સુશીલા કમળાદેવીને શ્રીવિષ્ણુની કમળાની પેઠે પરમ સાધ્વી જાણી ગામ લોકો તેનાપર ભક્તિ અને માયા રાખતા. જે તેને એકવાર જોતા તે તેની સ્નેહમય મૂર્તિ કદી પણ ભૂલી જતા નહીં. તેને ત્રણ સ્વરૂપવાન છોકરાં હતાં. એ કુટુંબ સુખથી કાળ ગાળતું હતું, પરતુ નશીબયોગે બંગાળામાં કંપની સરકારનું રાજ્ય થયું હતું. અમલદારો પૈસા મેળવવાને લોકપર જુલમ ગુજારતા હતા. આ પવિત્ર કુટુંબની ધર્માદા જમીનપર પણ ભારે કર ગંગાગોવિંદસિંહે નાંખ્યો. જમીનમાં પાક ઓછો ઉતરવા લાગ્યો. તોપણ કર પૂરો દેવો પડતો. ભાગ્યયોગે દુકાળ પડ્યો. તેથી કર આપી શક્યા નહીં, ગંગાગોવિંદસિંહે તેની સર્વ મિલ્કત હરાજ કરી. જુલમથી કર વસુલ કર્યો. ઘરમાં કંઇ પણ રહ્યું નહીં. તેથી ગુજરાન ચલાવવાને પણ સાંસા પડવા લાગ્યા, આખું કુટુંબ દરિદ્રી હાલતમાં આવી પડયું. ત્રણ દિવસમાં મૂઠીભર અનાજ પણ મળવું મુસ્કેલ થઇ પડયુ. તેથી બાયડી છોકરાઓએ ઝાડનાં પાંતરાં ને સૂરણનાં મૂળ બાફીને પેટ ભર્યું. એ દુઃખ જગન્નાથને અસહ્ય થઇ પડયું. કમળાદેવી એક ફાટેલુ વસ્ત્ર ઢીંચણ ઉપરથી કમર સુધી પહેરીને લજ્જા નિવારણ કરતી હતી. કમરથી માથા સુધી અંગ ઉઘાડું રહેતું. તેથી સાધ્વી ઘરમાંથી બહાર જઇ શકતી નહોતી. બાળકોને ટાઢ નિવારણ કરવાને એક કપડું પણ વેચાતું લેવાની તાકાત નહોતી. તેથી નાનાં બચ્ચાંને છાતીપર રાખી ટાઢ રોકવાની કોશિષ કરતી. આ-પ્રમાણે દુર્દશા આવી પડી. તેથી જગન્નાથ ઘેલા જેવો થઇ ગયો અને આત્મહત્યા કરવાને તૈયાર થયો. તેને કમળાદેવીએ સમજાવી એ કર્મથી અટકાવ્યો, પરંતુ ઘેરથી ગુપ્તપણે જઇ ફાંસો ખાઇ પ્રાણ ત્યાગ કર્યો. કમળાદેવી સ્વામીના મૃત્યુથી ઘણીજ મુઝાઇ ગઇ. હવે તેના દુઃખની સીમા રહી નહીં. મોટો છોકરો ક્ષેમનાથ હતો તે કહેતો કે;—"મા ! મારા પિતા કહેતા જે દિલ્લીના બાદશાહ પાસે જઇએ તો ધર્માદા જમીન છોડાવી શકાય એમ છે. તો હું દિલ્લી જાઉં છું. તમે ઘરમાં રહીને નાના ભાઇઓનું પાલન કરજો." કમળાદેવીએ કહ્યું:—પુત્ર ! તું હજુ બાર વર્ષની નાની ઉમરનો છે, માટે હું તને જવા દઇશ નહીં. પરમેશ્વરે આપણા નશીબમાં જે લખ્યું હશે તે થશે. આ રીતે સમજાવી રાખ્યો. પણ રાત્રે છાનોમાનો ચાલી નીકળ્યો.

આહા ! કમળાને હવે વિપદપર વિપદ આવી પડી, શોકનાપર શોક વધવા લાગ્યો. દરિદ્રતા એટલી બધી વધી પડી કે છોકરાંને બે કોળીઆ અન્ન પણ ન મળવા લાગ્યું. પતિ તથા પુત્રનો વિયોગ થયો. આ બધી બળતરા તે કદી આત્મહત્યા કરી દુર કરી શકત, પરંતુ પુત્ર સ્નેહે તે કંઇ કરી શકતી નહોતી. અહો ! માતાનો સ્નેહ કેવું અમૂલ્ય ધન છે ! કમળા ફક્ત બે પુત્રો માટેજ સંસારના દુઃખ ધીરજ ધરીને સહન કરવા લાગી, તેટલામાં બે નાનાં બાળકો પણ અનાહારે મરણ પામ્યાં. તેથી શોક અને દુઃખથી એકદમ ઘેલી જેવી થઇ ગઇ. મરી ગયેલાં બાળકોને ખોળામાં લઇ એક સુતીક્ષ્ણ છૂરી સાથે ગંગાગોવિંદસિંહ જ્યાં બેઠો હતો ત્યાં ગઇ. પોતાની બ્રહ્મત્ર જમીન તથા પોતાની દુરાવસ્થાની વાત કહી બતાવી બોલી કે હે દુષ્ટ ! આવો જુલમ ? જોઇ લે ? એમ કહેતી છૂરી ખેંચી ગંગાગોવિંદસિંહ સામે દોડી ગઇ. તેના બોલવાપરથી ગંગાગોવિંદસિંહે જાણ્યું કે આ જગન્નાથ ભટ્ટાચાર્યની સ્ત્રી છે. ત્યારે તેને કંપારી છૂટી, તેનું હૃદય વિછુના ડંખની પેઠે પીડાવા લાગ્યું. આ બધુ જોઇ આશ્ચર્ય પામી, એકદમ ઉભો થયો. છૂરી ભોંકયા પહેલાં સિપાઇઓએ આવી **કમળાદેવી**ને ગાંડી જાણી હાંકી મૂકી. કોઇ પાડોસીએ તેનાં મરેલાં બાળકોને પરાણે લઇ બાળ્યાં. કમળા ઘણી રૂપાળી હતી. છૂટા મૂકેલા કેશે રસ્તામાં ફરતી હતી, તેનુ રૂપ જોઇ ઘણાં મનુષ્યો મોહિત થતાં હતાં. એક દિવસે ગંગાગોવિંદસિહના હાથ નીચેના અમલદાર દેવીસિંહે તેને જોઇ. તેનું રૂપ દેખી દેવીસિંહે તેને પકડવા માણસો મોકલ્યાં. દુરાત્મા દેવીસિંહ બુરી દાનતનો હતો. તે ઘણી સ્ત્રીઓને પકડી એક અખાડામાં ભેગી કરતો. મોટા મોટા આબરૂદાર જાગીદારોની સ્ત્રીઓને પણ પકડવા ચૂકતો નહીં. તે ઉપરી અમલદારોને રાજી રાખવાને આવું નિંઘ કાર્ય કરતો. પરદેશી અધિકારીઓ આ દેશની ભાષા જાણતા નથી. તેથી આ ગાંડી છે એવું સમજશે નહીં, એવું ધારી એ નર પિશાચે આ પરમ સાધ્વી કમળાદેવીને પણ એ અખાડામાં બંધ કરી રાખી. કમળાએ અખાડામાં બે ચાર રોજ ખાધું નહીં. એતો પ્રાણ ત્યાગ કરવા તત્પર થઇ, પરંતુ મોટા પુત્ર ક્ષેત્રનાથના સ્નેહને લીધે, અને તે સાથે મેળાપ થશે; એવી આશાથી દેહ ધારણ કરી રહી હતી. થોડા દિવસમાં તેને જ્ઞાન પ્રાપ્ત થયું કે, દેવીસિંહની દાનત ખરાબ છે. તેથી આબરૂ સાચવવાનાં સાધન તરીકે લૂગડામાં સુતીક્ષ્ણ છુરી છુપાવી રાખી હતી. એક વખતે તેને તારે ઘેર મોકલીએ છીએ; વગેરે છળના કરી ફોસલાવી એક પરદેશી અધિકારીને ઘેર મોકલી દીધી. જો તેને પ્રથમ આવી ખબર હતે, તો તે કદી જાત નહીં. જેવો એ દુષ્ટ અધિકારી હાથ લંબાવી તેને પકડવા ગયો; તેવી તેણે છુપાવેલી છુરી તેની છાતીમાં ભોંકી દીધી. પણ અધિકારીએ ઘણાં કપડાં પહેરેલાં હતાં, તેથી બરાબર છુરી ભોંકાઇ નહીં. પછી એ નરાધમ અધિકારી તેને અડકયો નહીં, પણ દેવીસિંહ ઉપર એથી ગુણો ગુસ્સે થયો, ત્યારથી દેવીસિંહ કમળાને કોઇ પાસે

મોકલતો નહીં. હજુ તેને આશા હતી કે એ થોડા મહિનામાં વશ થશે. બીજી દશબાર સ્ત્રીઓની સાથે તેને મુર્શિદાબાદથી પૂર્ણિયા લઈ ગયો. તે પૂર્ણિયા જતી નહોતી, પણ તેને બાંધીને લેઈ ગયો " જે સ્ત્રીઓ જીવ જવાનો ભય રાખે છે, અને જીવ આપીને ધર્મ રક્ષા કરવાને તૈયાર થતી નથી, તેનો ધર્મ દુષ્ટ મનુષ્યો વગર હરકતે ભંગ કરે છે; પરંતુ જે સ્ત્રી પોતાનો શીયળ ધર્મ રક્ષાને માટે પોતાનો જીવ આપવાને તૈયાર થાય છે, તેનો ધર્મ આ પૃથ્વીપર કોઈ નાશ કરી શકવાને શક્તિમાન નથી. " કમળાદેવી દોઢ વર્ષ સુધી દેવીસિંહના સ્ત્રીઓના અખાડામાં રહી. પણ તેણે પ્રાણ જતાં સુધી પોતાના ધર્મનું રક્ષણ કર્યું. આ બાઈની પવિત્રતા દેવીસિંહના જમાદાર લક્ષ્મણસિંહ નામના શીખે જોઈ. તેથી તેના મન. પર ઘણીજ અસર થઈ. કમળાદેવીને તે શ્રદ્ધા અને ભક્તિથી મા કહીને બોલાવવા લાગ્યો. કમળાએ તેની સારી લાગણી જોઈ તેને કહ્યું; બેટા ! મારા સ્વામી તથા પુત્રના શોકથી મારૂં હૃદય દગ્ધ થાય છે. હું અહીં ઘણી પીડામાં આવી પડી છું. " વગેરે દુઃખી સ્થિતિ કહી બતાવી. તેથી દયાળુ સત્પુરૂષ લક્ષ્મણસિંહનું હૃદય પીગળી ગયું. તે એક બહાદુર યમના જેવો પુરૂષ હતો, પણ કમળાની આ વાત સાંભળી રડતો રડતો કહેવા લાગ્યો. " મા ! હું આપને ગર્ભ ધારિણીની પેઠે જાણું છું. દુષ્ટ દેવીસિંહે ઘણી સ્ત્રીઓના ધર્મ ભંગ ઘણી સહેલાઈથી કર્યા છે; પરંતુ તમારા જેવી પરમ સાધ્વી સ્ત્રી આગળ તેનું કંઈ પણ જોર ચાલવાનું નથી. ખરેખર તમારા જેવી પરમ સાધ્વી સ્ત્રી જ્યાં રહે છે, તે સ્થળ એક માત્ર તીર્થ સ્થાન છે. મેં નક્કી કર્યું છે કે હું તથા મારી સ્ત્રી આપની નિત્ય સેવા કરીશું. આપ મને પોતાના પેટનો પુત્ર જાણશો તો હું કૃતાર્થ થઈશ. આપ મારે ઘેર રહેશો તેથી મારૂં ઘર પણ એક તીર્થરૂપ થશે. " લક્ષ્મણસિંહે આવું બોલવું સાંભળી કમળા તેની પીઠપર હાથ ફેરવવા લાગી. લક્ષ્મણસિંહે પાળેલા સિંહની પેઠે તેના પગમાં પડી કહ્યું; " દેવીસિંહ તમને છોડશે નહીં, તો હું આ સુતીક્ષ્ણ તરવારથી તેનું મસ્તક છેદન કરીને પણ તમારો ઉદ્ધાર કરીશ." આટલું કહી તે ચાલતો થયો.

આકાશમાં ચંદ્રમા આથમવાનો સમય થયો હતો. જ્યારે ચારે તરફ ઘોર અંધારૂં થયું. તે વખતે લક્ષ્મણસિંહે કમળાદેવીને પોતાના ભાઇ રામસિંહ પાસે દીનાજપુર મોકલી દીધી. રામસિંહ પણ પવિત્ર મનનો હતો. થોડી મુદત થઇ કે લક્ષ્મણસિંહ નોકરી છોડી પોતાની સ્ત્રી સાથે અહીં આવી રહ્યો. સૌ કમળાદેવીને મા પ્રમાણે ગણી સેવા કરવા લાગ્યા. કમળાદેવીના કહેવા પરથી લક્ષ્મણસિંહ તેના પુત્ર ક્ષેત્રનાથની શોધ કરવા ગયો. થોડા રોજમાં સાંભળ્યું કે **દેવીસિંહના** સિપાઇઓ છુપી રીતે **કમળાદેવીને** શોધતા ફરે છે. તે પરથી **રામસિંહે** તેને **પાંડુઆના** ગીચ ઝાડીવાળા જંગલમાં ગુપ્ત જગ્યાએ એક ઝુંપડી બાંધી આપી રાખી. કમળાદેવી નિત્ય ત્યાં યોગાસનમાં બેસી ફુલ ચંદનથી એકાગ્ર ચિત્તે સ્વહસ્તે મૃતિકાના શિવલીંગ બનાવી પૂજા કરતી. તેથી જોનાર મનુષ્યને એમજ થાય કે આ કોઈ સા-

ક્ષાત્ દેવીજ છે. એ ધ્યાનશીલા સ્ત્રી તે મનુષ્ય છે એમ કોઇ સમજી શકે નહીં. તે નિત્ય ઇશ્વિર ભજનમાં કાળ ગાળવા લાગી. લક્ષ્મણસિંહ સત્ય પુરૂષ હતો. તેણે જે ઉપકાર કર્યો તે વિષે કમળા નિત્ય કહેતી કે, આ જીવનમાં હુ તેનું ઋણ ફેડી શકીશ નહીં. ઇશ્વિર! લક્ષ્મણને સદા સુખી રાખો! એવી પ્રાર્થના કરતી. થોડા વખતમાં લક્ષ્મણસિંહ દેશમાં શોધ કરી ક્ષેત્રનાથને તેડી આવ્યો. કમળાદેવીએ પુત્રની મુખાકૃતિ જોતાંજ વત્સવિયોગી ગાયની પેઠે દોડતી બે હાથ પહોળા કરી લક્ષ્મણ અને ક્ષેત્રનાથના ગળામાં નાંખ્યા. બંનેના માથાં ઘેલીની પેઠે પ્રેમથી છાતીએ દાબી ચુંબન કર્યું. ક્ષેત્રનાથે કહ્યું–"મા! હું તમારો હમેશાનો અપરાધી, કૃતઘ્ની છોકરો છુ." આટલું બોલી મૂર્છિત થઇને માતાના ચરણે પડયો. કમળાનો પણ કંઠ પ્રેમાતુર હૃદય ઉછળી આવવાથી બંધ થઈ ગયો. ફક્ત, "બેટા!" એટલુજ બોલી શકાયુ. થોડીવારે શાંત થઈ સૌ આનંદમાં બેઠાં. અને બાકીના દિવસો સુખમાં ગાળવા લાગ્યાં. અહો! કમળાદેવીને કેટલી બધી વિપત્તિ પડી!! તેણે કેવી હીંમતથી શીયળનુ રક્ષણ કર્યું! લક્ષ્મણસિંહે પોતાનો સતધર્મ કેવો બજાવ્યો! આવાં પવિત્ર મનનાં સ્ત્રી પુરૂષોને ધન્ય છે,!! આવી પરમ સાધ્વી સ્ત્રીઓ પોતાના જીવનના પવિત્ર દૃષ્ટાંતથી જગતને ઉપકાર કરે છે. તેવો ઉપકાર અર્થ, સપત્તિ, ઐશ્વર્ય કે બીજી કોઈ રીતથી પણ થતો નથી; આવી સ્ત્રીઓનાં મરણ પછી પણ તેઓના દ્વારા જગત્ ઉપકૃત થાય છે. જનકની પુત્રી વૈદેહી (**સીતા**) યુગ યુગાંતર થયાં સંસાર છોડી ગઈ છે, પરતુ આજ પણ તેનું સદ્દષ્ટાંત સ્ત્રીઓને સન્માર્ગે ચલાવે છે, આવી પરમપવિત્ર સુચરિત્રવાન સાધ્વી સ્ત્રીઓ ખરેખર જગત્ના કલ્યાણ માટેજ અવતરે છે એમ કહીએ તો કઈ પણ ખોટું નથી!!!

શાન્તિકા.

આ સતી ભોજરાજાની ધારાનગરીમાં રહેનાર દેવશર્મા નામે અગ્નિહોત્રી બ્રાહ્મણની સ્ત્રી હતી. તેને કોઇ પાર્વતી પણ કહેતા હતા. તે પર પુરૂષનું મૂખ કદી જોતી નહીં. હમેશાં પ્રાતઃકાળમાં પતિથી પહેલાં ઉઠી સ્નાન કરતી. સ્વચ્છ વસ્ત્ર પહેરી ગૃહકાર્ય અને પતિ સેવામાં તત્પર રહેતી. દેવશર્મા નિત્ય સ્નાન, સંધ્યા અને અગ્નિ હોત્રાદિ કાર્ય કરી ઇશ્વિર ઇચ્છાથી જે પ્રાપ્ત થતું, તેમાં સ્ત્રી પુરૂષ ગુજરાન ચલાવતાં. પણ કોઇ પાસે ભિક્ષા માગતો નહીં; એવો એ પવિત્ર અને સંતોષી હતો. એક દિવસે ભોજરાજાએ કાળીદાસ પંડિતને પૂછ્યું કે, આપણા શહેરમાં કોઈ સતી સ્ત્રી છે? હોય તો તેની પરીક્ષા કરી મારે દર્શન કરવાં છે. કાળીદાસે કહ્યું–રાજન! આપણા શહેરમાં દેવશર્મા

નામે કર્મકાંડમાં કુશળ બ્રાહ્મણની સ્ત્રી શાન્તિકા નામે છે, તે મહા પતિવ્રતા છે. તે પતિ સિવાય કોઈ પર પુરૂષનું મૂખ જોતી નથી. કાળીદાસનું આવું વચન સાંભળી ભોજરાજાએ પૂછ્યું,–તે સતી સ્ત્રી પાસે જવાનો કોઈ ઉપાય છે? પંડિતે કહ્યું–તેનો પતિ કોઇ પાસે યાચના કરી પતિગ્રહ લેતો નથી. તોપણ તેને ઘણું ધન આપી ખુશી કરો; તો વખતે સતીનું દર્શન થાય, પણ હું ધારતો નથી કે તે ધનથી લલચાય. ભલે ઉપાય અજમાવી જુઓ. પછી બીજે રોજ દેવશર્માને તેડવા માણસ મોકલ્યું. દેવશર્માએ સતીને વાત કરી કે રાજાએ મને તેડાવ્યો છે. માટે હું જાઉંછું, સતીએ કહ્યું—'પ્રાણનાથ! રાજા કંઇ દાન આપે તો પતિગ્રહ કરશો નહીં. જો તમે ધન લેશો તો આપણું તમામ તપ રૂપી ધન નાશ પામશે. સતીનું કહેવું સાંભળી એ રાજા પાસે આવ્યો, પણ તે ઇચ્છા રહિત હતો, તેથી આશિર્વાદ દીધા વિના ઉભો રહ્યો. એટલે ભોજરાજાએ નમન કરી સોનામોરના બે થાળ ભરાવી આપવા માંડયા, તે તેણે લીધા નહીં. આ પરથી રાજાએ જાણ્યું કે તેને આટલું ધન ઓછું થતું હશે. એમ ધારી બીજા બે થાળ ભરાવી દેવા માંડયા; તોપણ નહીં લેતાં કહ્યું—રાજન! આ દ્રવ્યની રાજાઓનેજ જરૂર છે, એ અમારે કંઇ કામનું નથી. અમારે તો ખરૂ ધન તપ છે. અમને અમારા યજ્ઞ નારાયણ શેર બાજરી આપી રહે છે. તેમાં અમે આનંદ કરીએ છીએ. આપ મને બીજું કંઇ કામ હોય તો કહો. રાજાએ કહ્યું—બ્રહ્મદેવ! કામ પડયે કહીશ, પછી તે રજા લઇ પોતાને ઘેર આવ્યો. રાજાએ ફરી કાળીદાસને પુછ્યુ કે હવે શું કરવું? કાળીદાસે કહ્યું; એક ઉપાય છે, તે એ કે એ સતીને સન્યાસી ઉપર શ્રદ્ધા છે. તેને એ ઘણું માન આપે છે. માટે આપ સન્યાસીનો વેશ લઇ દંડ કમંડળ સાથે તેને દ્વાર "**भवति भिक्षान्नदेहि**" એમ બોલી ભિક્ષાને નિમિત્તે જાઓ, દર્શન અવશ્ય થશે. એનો પતિ ઘેર છે તે ઓળખી કાઢે, માટે તેને કાશીવિશ્વનાથ પર અભિષેક કરવા પહેલાંથી મોકલો. રાજાએ તે પ્રમાણે કર્યું, ને સન્યાસીને વેશે સતીને દ્વાર જઈ ઉભા રહ્યો. સતી શાન્તિકા રસોઈ કરતી હતી. તેણે રસોડામાંથી જવાબ આપ્યો. મહારાજ! રસોઇ તૈયાર થવાને ત્રણ ઘડીકાની વાર છે, ત્યાં સુધી આ પાસે શિવાલય છે ત્યાં બેસો; પણ સન્યાસીએ કહ્યું, હું તો અહીંજ બેસીશ. એમ કહેવાથી સતીએ તેને આસનપર બેસવા કહ્યું.

આ વખતે કેરીની ઋતુ હતી, તેથી સતીએ કેરીનો રસ કાઢવાનો ઇરાદો રાખેલો, રસોઇ તૈયાર થઈ એટલે સન્યાસીને જમવા બેસાડવાની ભૂમિ લીંપી સ્વચ્છ કરી આસન નાખી બેસાડયા. સતીએ કેરીનો રસ કાઢતાં કેટલાંક માર્મિક નીતિ વચનો કહ્યાં.

આ માર્મિક નીતિ વચનો સાંભળી રાજા ભયભિત થઇ કંપવા લાગ્યો, ને સમજ્યો કે જરૂર મને સતીએ ઓળખ્યો. હું કપટભાવથી તેનું સત્ય જોવા આવ્યો છું, તેથી જરૂર મને શાપ દેશે, એવું વિચારી સતીને ફરતી પાંચ પ્રદક્ષિણા કરી

માફી માગી પગે લાગ્યો, અને જમ્યા વગર દંડકમંડલુ મૂકી જવા માંડયુ. એટલે સતીએ તેને જતાં અટકાવી જમાડયા; ને કહ્યું:—રાજન ! અમે તારી પ્રજા તારા સતાનને ઠેકાણે છીએ. એ પંદર વર્ષમાં આજે તને સત્યવાદી અને વળી પરસ્ત્રી સહોદર સમજીનેજ મારૂં મૂખ દેખાડયુ છે. તેથી મારૂ સત્યભંગ થયું છે, એમ તું ના સમજ. તું સત્યવાદી અને પરસ્ત્રીલંપટ નથી, પણ કપટ ભાવથી આવ્યો એજ તારો અપરાધ છે. તે તારા અપરાધની માફી માગી, તેથી તું એ પાપથી મુક્ત થયો. આ પ્રમાણે વાત થયા પછી ભોજરાજાએ સતીનાં ઘણાં વખાણ કર્યા. તેને પગે લાગી ચાલી નીકળ્યો. પોતાના શહેરમાં આવી સતી સ્ત્રી છે, એ જોઈ ઘણો ખુશી થયો અને પોતાને ભાગ્યશાળી સમજવા લાગ્યો. પછી રાજા તે પવિત્ર દંપતિને પૂજ્ય માની ઘણું ચાહતો હતો. અહો ! સતીના સતીત્વ આગળ સર્વ આધિન છે ! ! !

ગૌરી.

ઉજ્જયની પાસે ઉમગપુરમાં રહેનાર નિત્યાનંદ નામે બ્રાહ્મણને ગૌરી નામે પતિવ્રતા પત્ની હતી. આ શહેરમાં ફાગણ માસની રંગપચમી-એથી ઉજાણીએ જવાનો રીવાજ હતો. એક દિવસે લોકો **અંબા ભવાની**ની વાડીમાં ઉજાણીએ ગયાં હતા. સતી ગૌરી અને તેનો પતિ પણ પૂજન કરવા ગયાં હતાં. પૂજન કરી આ દપતિ એક આંબાના વૃક્ષ નીચે બેઠાં. લોકો કેશરીઆં રંગની પિચકારી અને અબિલ ગુલાલ ઉડાડી ધુમ મચાવતાં હતાં. કેટલાક લોકો રંગમાં ગરકાવ થઈ એક બીજાને અયોગ્ય વચનો બોલી મશ્કરી કરતાં હતાં. સ્ત્રી પુરૂષો એકત્ર હોવાથી મર્યાદા ભંગ થતી હતી. આ પ્રમાણે તેમને નિર્લજપણે વર્ત્તતાં જોઈ, ગૌરી ઉદાસ થઈ અફસોસ કરવા લાગી. તેપરથી તેના પતિએ કહ્યું:— તને અહીં બેસવું પ્રિય ન હોય, તો ચાલો આપણે આ પાસેના સુંદર વનની શોભા નિહાળીએ, એમ કહી ત્યાંથી ઉઠી વનની શોભા જોતાં જોતાં સત્યાનદીને કિનારે આવ્યાં. ગૌરી થાકી ગઇ હતી, તેથી તેણે પતિને કહ્યું:—નાથ ! આપની મરજી હોય તો આપણે આ પાસે દેખાતી સુંદર ઝાડની ઘટાથી ઘેરાએલી ટેકરીપર વડનું વૃક્ષ છે; ત્યાં બેસી આરામ લઇએ, એમ કહી બંને ત્યાં જઇ બેઠાં. પરસ્પર આનંદ વિનોદ અને જ્ઞાન ચર્ચા કરતાં હતાં, ત્યાં છેટે એક સુંદર દૈવી સ્ત્રીને જોઇ ગૌરીએ કહ્યું:—સ્વામી ! આ કોઇ દેવી સરખું લાગે છે. નિત્યાનંદે હા પાડી; દેવીને નજીક આવતા જોઇ સતી ગૌરી પતિની રજા લઇ સામે ગઇ. પાસે જઇને વિનય-પૂર્વક દેવીની સ્તુતિ કરી પગે લાગી. દેવીએ તારૂ સૌભાગ્ય અખંડ રહો—એવો

આશિર્વાદ આપ્યો અને પુછયું: પુત્રિ! તું અહીં કેમ આવી છે? ગૌરીએ કહ્યું:-માતુશ્રી! આજે ઉજાણી હોવાથી લોકો અંબાભવાની આવ્યાં છે, તેથી અમે પણ પૂજન અર્થે આવ્યાં છીએ; પણ ત્યાં લોકો મર્યાદા રહિત નિર્લજપણે વર્ત્તતાં હોવાથી કંટાળી આ વનમાં આવી છું. આ સાંભળી દેવીએ કહ્યું:-"પુત્રી! તને ધન્ય છે, તારી આવી ઉત્તમ વર્ત્તણુક જોઇ, તારાપર હું પ્રસન્ન થઇ છું." ગૌરીએ કહ્યું:-"દેવી! કેટલાક મનુષ્યો સ્ત્રીઓના જન્મને નિંદે છે અને આપ મને ધન્ય કેમ કહો છો?" દેવીએ કહ્યું:-સતી! જે સ્ત્રી સદાચરણી છે તેના જન્મને ધન્ય છે અને જે દુરાચરણી સ્ત્રી છે તેનો જન્મ ઘણો નિંઘ છે. સ્ત્રી પતિ સેવા અને સદ્‌ગુણથી સહેલાઇથી જે ફળ મેળવે છે, તે ફળ બીજી ઘણી મહેનત કરવા છતાં પણ મળતું નથી. પતિ સેવા અને સદ્‌ગુણનો પ્રભાવજ અલૌકિક છે, સતી સ્ત્રીને સર્વે ઇચ્છીત પ્રાપ્ત થાય છે; હું પણ તારો સદ્‌ગુણ પ્રભાવ જોઇને અહીં આવી છું. સતી સ્ત્રી પોતાના સદ્‌ગુણ પ્રભાવે પતિને વશ કરે છે. અરે! સતીના સતીત્વ આગળ દેવ સરખા પણ આધિન રહે છે; તો મનુષ્ય કોણ માત્ર? સદ્‌ગુણી સ્ત્રી તથા તેના પતિને આલોકમાં સુખ અને પરલોકમાં પરમ પદની પ્રાપ્તિ થાય છે. એવા સદ્‌ગુણો તારામાં જોવાથીજ તને ધન્યવાદ આપ્યો છે. ગૌરી! તું સદા સદ્‌ગુણથી ચાલી પતિવ્રત પાળી રહે. આટલું કહી દેવી ચાલતાં થયાં, જે ગૌરી અને નિત્યાનંદ પણ આનંદ પામતાં ઘેર આવ્યાં. લોકો આ દંપતિમાં પવિત્ર ગુણો જોઇ, તેને માન આપી પુજ્ય ગણવા લાગ્યાં. આ પવિત્ર મનનાં દંપતી પોતાના પવિત્ર ગુણોથી સુખમાં દિવસો નિર્ગમન કરી, પ્રખ્યાત થઇ ગયાં છે. ધન્ય છે તેમને!!!

વિજયા.

અયોધ્યાપૂરીમાં રહેનાર શૂરસેન નામે એક આબરૂદાર ગૃહસ્થની પતિવ્રતા સ્ત્રી હતી. આ કુટુંબના લોકો ભલાં, આસ્તિક અને ભક્તિવાન હતાં. તેમનામાં એવો એક નિત્ય નિયમ હતો કે સૌ સાથે બેસી ધર્મ-શાસ્ત્ર સાંભળતાં અને ઇશ્વર પ્રાર્થના કરતાં. પ્રથમ ઇશ્વરની સહાયતા અને કૃપા માગી પછી ઉત્સાહથી ધંધે લાગતાં. એ કુટુંબમાં સર્વે પૂર્ણ સુખી હતાં, પણ ઇશ્વરની ગહન ગતિની કોઇને ખબર નથી. આ ધર્મી કુટુંબને દુ:ખના દહાડા આવ્યા, શૂરસેનને કેફીઓની સોબત થઇ, તેથી નિશામાં ગરકાવ રહેવા લાગ્યો. તેનું મન ઇશ્વર ભક્તિપરથી ઉઠી ગયું. પ્રથમ તેને જે ભક્તિ-મધ જેવી મધુર લાગતી હતી, તેજ તેને હવે નિ:સ્વાદ લાગવા લાગી, શાસ્ત્ર વાંચવું કડવું ઝેર

જેવું થયું, મંદીરમાં જઇ ઇશ્વિર ગુણ ગાવા કે સાંભળવા ગમે નહિ. સાધ્વી **વિજયા** કોઇ દિવસ મંદિરમાં જવા કહે, તો **શૂરસેન** રોગનું બહાનું કાઢે. વધારે આગ્રહથી કહે તો લડવા દોડે એમ પ્રતિદિન હાલત બગડતી ચાલી. ધધો મૂકી છોકટા અને લફંગાની સાથે રખડે, પૈસા ખરાબ કરે. તેથી પૈસાની તંગી પડવા લાગી. વખતે ખાવાને પણ સાંસા પડવા લાગ્યા. **વિજયા** બિચારી તો પોતાને ખાવાની પણ દરકાર ન રાખતાં પતિને અને છોકરાંને જેટલું હોય તેટલુ આપી દે. એમ દુઃખમાં દહાડા કાઢવા લાગી. જે બાળકો પિતાને ઘેર આવતાં જોઇ સામાં દોડી જઇ આનંદભેર ખોળામાં બેસવાને તૂટી પડતાં, ખાંધપર માથું નાંખી ગેલ કરતાં; તેવાં બાળકો પણ તેને અળખામણાં થઈ પડ્યાં. બાળકો પિતાની આવી સ્થિતિ જોઇ સમજી ગયાં કે, આગળ જે આપણને હસીને રમાડતા, કૂદાવતા, તેજ પિતા જાણે કેમ ન હોય ! કેમ જાણે ઘરમાં કોઇ રાક્ષસ આવ્યો હોય ! એમ તેને જોઇ બીવા લાગ્યાં—ઘરનો વહીવટ ઝાંખો પડી ગયો. પતિવ્રતા **વિજયા** દુઃખી થવા લાગી. જે પતિ પહેલાં મીઠાસ તથા માયાળુ સ્વભાવથી વર્તતો, પત્નીને ખરી સહાયકારી અને અર્ધાંગના સમજતો, તેની સલાહ વગર કાંઇ પણ કાર્ય કરતો નહિ, તે હવે જરા પણ ભાવ પૂછતો નથી. વાત ધુરકીને કરે, દુશ્મનની પેઠે સામુ જુએ. પહેલાં જમવાનુ મોડુ થતું તો તરત મદદ કરતો, બંને સંપીને રહેતાં અને કામ કરતાં, પણ હવે જરા જમવાનું મોડું થાય તો, બરાડા પાડે. ધુરકીને ધમકી આપે અને વખતે મારવા પણ દોડે, તેથી **વિજયાનું** લોહી સૂકાવા લાગ્યું, તેનો હસમુખો ચહેરો નિસ્તેજ થયો. ધાસ્તી ને ફિકરમાં લોહી ઉડી જવા લાગ્યું, તેથી નાનાં બચ્ચાંને ધાવણના સાંસા પડવા લાગ્યા. પતિની આવી ખરાબ સ્થિતિ થઇ ગઇ, તોપણ તે ઇશ્વિરપર વિશ્વાસુ પતિવ્રતા ધીરજ રાખી રહેતી. પ્રભુની મદદ માગી હીંમત, સભ્યતા, નમ્રતા અને પતિવ્રત સાચવી વ્યવહાર ચલાવતી. તેણે સઘળુ દુઃખ સાંખી રહી ઇશ્વિર સ્વાધીન રાખ્યું. તેની મદદ માગી પ્રાર્થના નિત્ય કરતી, પતિ શી રીતે સુખી થાય, ને મુક્તિ પામવા ઇશ્વિરપર વિશ્વાસ રાખી ભક્તિ કરે એવો ઉપાય કરતી. પતિને નમ્રતાથી શાંત પાડી સેવા કરતી. **શૂરસેન** પોતાના કેફી લફંગા મિત્રો પાસે વખતો વખત પોતાની સ્ત્રીની ઇશ્વિરપરની આસ્થા વિષે વાત કરતો અને કહેતો કે—"મારી સ્ત્રી મને કોઈ દિવસ પણ કંઈ ખોટું લાગે તેવું બોલતી નથી. સદા નમ્રતાથી અને સભ્યતા વાપરી મારી સેવા કરે છે. પ્રભુપર તેનો દ્દઢ વિશ્વાસ છે. એ પ્રમાણે વખાણ કરતો."

એક દિવસે તે બધા મિત્રોને પોતાને ઘેર તેડી લાવ્યો. સાધ્વી **વિજયા** પોતાના પતિ સાથે કેફી મિત્રો આવેલા જોઈ ઘણો ખેદ પામી. **શૂરસેને** કહ્યું:—મારા મિત્રો આવ્યા છે, તે સારૂ તરત ખાવાનુ તૈયાર કર, વાર ન લાગે. આ ધૈર્યવાન સાધ્વી ધીરજ રાખી નમ્રતાથી બોલી:—ભલે આવ્યા કૃપા કરીને જરા

બેસો. હું થોડી વારમાં રસોઇ તૈયાર કરીશ. એમ કહી ખાવાનું તૈયાર કર્યું. સૌ ખાઇ કેફ પીને ચાલતા થયા, પોતાનો પતિ નિશામાં ચકચૂર હતો, તેને સુવાડયો. આજ તો આ સાધ્વીના અફસોસનો પાર રહ્યો નહિ, તે વારંવાર નિશ્વાસ નાંખી પરમેશ્વરને યાદ કરવા લાગી. થોડી વાર થઇ કે શૂરસેનનો નિશો ઉતરી ગયો. જાણે ઇશ્વિરે આજ સાધ્વી વિજયાની અરજ ધ્યાનપર લીધી હોય! જાણે શૂરસેનના હૃદયમાં સુબુદ્ધિની પ્રેરણા કરી હોય! તેમ વિજયાના ગુણ જોઈ તેનું મન અને મુખ જુદુંજ જણાયું. તે પોતાના પાપકર્મ વિષે પસ્તાવો કરી ઇશ્વર પાસે માફી માગવા લાગ્યો. મોંપર ક્રોધને બદલે દીનપણાની નિશાની જણાઇ. જે કઠોરતા ને ક્રોધથી બોલતો તથા વિજયાનું બોલવું કડવું ઝેર જેવું લાગતું, તે આજ ફિકે ચેહેરે મધુર વચને બોલ્યો:—"મારી વહાલી સ્ત્રી! તારા પ્રભુપરના વિશ્વાસથી ને તારી નેક વર્ત્તણુકથી મને ઘણું આશ્ચર્ય લાગે છે! હું તારી સાથે ઘણા દિવસ થયાં આડાઇ ને સખ્તાઇથી ચાલતો આવ્યો છું. મેં તારૂં માન રાખ્યું નથી. તારી સલાહ માની નથી. તે છતાં તું ઘણી પ્રીતિથી એક સરખોજ ભાવ રાખી નમ્રતા અને ધીરજથી મારી સાથે વર્તે છે. એવી તારી નેક નિષ્ઠાને ધન્ય છે." વિજયાને પતિનાં આવાં વચન સાંભળી હર્ષનાં આંસુ આવ્યાં. તેના ઘાયલ થયેલા મનપર શાંતિનો પાટો બંધાયો. લોઢું જ્યારે ખરેખરૂં તપી લાલચોળ થાય છે, ત્યારેજ લૂહાર હથોડાના ઘા મારી ઘાટ બનાવે છે. તેવીજ આ કેફી પતિની વાત થઈ. પતિવ્રતાએ જોયું કે આજ મારા પ્રાણનાથનું મન નરમ દેખાય છે, મધુર વચન બોલે છે, હઠીલાઈ, આડાઇ, અને છાકટાઇનાં માઠાં પરિણામ વિષે સમજે છે. આવું જોઇ તેનું હૃદય એકદમ ભરાઇ આવી રડી પડી. કોમળ સાદે મધુર વચને બોલી:—"મારા પ્રાણપ્રિય પતિ! તમારી આ દુઃખદાયક સ્થિતિ જોઈ મને ઘણો ખેદ થાય છે. તમે જેવા પ્રથમ હતા, તેવા હમણાં નથી. એથી મને ઘણું રડવું આવે છે. ઘણી મુદત થયાં તમો મારી સાથે પતિધર્મ પ્રમાણે પ્રીતિથી વર્ત્તતા નથી. આજ તમારા સ્વભાવનું બદલાવું જોઈ મારૂં હૃદય વિંધાઇ જાય છે. આપણા પૈસા ટકા, માલ મિલ્કત, સઘળાની ખરાબી થઇ ગઇ છે. ઘરમાં આ નાનાં બાળક સિવાય કશુ નથી, તમે મારા માથાના મુગટ છો. લગ્ન પ્રસંગે હું તમારે પાલવે બંધાઇ છું. માટે મારો ધર્મ છે કે આપની સેવા કરી સુખી રાખવા, તથા આપને સ્વાધીન રહેવું; કેમકે મરણ પછી તમારો ને મારો સદા વિયોગ થાય એમ મને બીક છે. પ્રિયનાથ! આપણને મુક્તિ આપનાર પ્રભુજીને શરણે આવી તેની ભક્તિમાં પ્રીતિ રાખો. તેઓ મન નિર્મળ કરશે. ધર્મ રસ્તે ચાલવાનું સુઝાડશે. તેથી આપણે સુખી થઇશું." આ પ્રમાણે વિજયાએ દયા ઉપજાવે એવાં નમ્ર વચનો કહ્યાં કે, તરત શૂરસેનનું હૃદય વિંધાઇ ગયું. તેનું હૃદય પીગળી ગયું. તે પોતાની કુટેવ વિષે પસ્તાયો. સાવચેત થઈ ઇશ્વિર તથા પોતાની પ્યારી સ્ત્રી પાસે માફી માગવા લાગ્યો, અને પાપનો પસ્તાવો કર્યો. સર્વ કામ

મન દઇ કરવા લાગ્યો. ઇશ્વરની ભક્તિમાં ચિત્ત ચોંટી ગયું. પ્રથમ માફક ઉત્સાહથી ધંધે લાગ્યો. તેથી સર્વ કુટુંબ ફરી સુખી હાલતમાં આવવા લાગ્યું. અહા ! ધન્ય છે પતિવ્રતા વિજયા તને ! ! તેં શુદ્ધ ધર્માચરણથી ઇશ્વર પ્રીતિ મેળવી, ભટકેલા મનના પતિને ઠેકાણે આણ્યો. અહો ! ઇશ્વર ભક્તિ, પવિત્ર મન, સદાચરણ, ધીરજ અને મહેનતનું ફળ મહા દયાળુ પ્રભુ આપ્યા વગર રહેતો નથી. અહો ! આવી સુશીલ સ્ત્રીને ધન્ય છે ! !

જયા.

કાશીમાં રહેનાર નંદરાજ નામ એક ધનાઢયની પતિવ્રતા સ્ત્રી હતી. તે સુશીળ, સભ્ય, વિવેકી અને ધાર્મિક હતી. તે સુખ સંપત્તિમા ઉછરી હતી. તે સ્વરૂપે સુંદર, કદે મધ્યમ, અને ગૌરવર્ણું હતી. નંદરાજનું શરીર શ્યામ વર્ણનું હતું. આ દંપતીના શરીરની સરખામણી કરીએ તો મેઘ અને વિજળીના સરખું દીસતું હતું. સ્વરૂપમાં આવો ફેર હતો, પણ બંનેમાં ઘણીજ પ્રીતિ હતી. નંદરાજ મિત્ર મંડળમાં બેઠો હોય, તોપણ અંતઃકરણના ખરા પ્યારના આવેશથી પોતાની પ્રિયા તરફ અમૃત દૃષ્ટિથી જોવા ચૂકતો નહિ. પતિની આવી પ્રેમ દૃષ્ટિથી જયા આનંદ પામીને ગુલાબની ખીલતી કળીની પેઠે મોં મલકાવી શરમાઈ નીચે જોતી અથવા કોઇ જાણે નહીં એમ પતિ તરફ પ્રેમ દૃષ્ટિ કરતી. પતિને ખુશ કરી તેની આજ્ઞા પ્રમાણે વર્તવામાં સુખ માનતી. નંદરાજ પણ પોતાની પ્યારી પત્ની સુખી થાય તેમ કરવામાં આનંદ માનતો. એમ બંને દૃઢ પ્રેમી હતાં. આ સર્વોત્તમ સુખી જોડુ આ અગાધ ભવસાગરમાં પ્યારરૂપી નાવમાં બેસીને આયુષક્રમણ કરતું સુખી હતું. તેવું જોડું બીજું ભાગ્યેજ કોઇ સુખી હશે. ઇશ્વર ઇચ્છાથી એ સુખની છાયા બદલવાનો વખત આવ્યો. નંદરાજને વેપારમાં ઘણી મોટી ખોટ આવી. તેની બધી દોલત સ્થાવર, જંગમ મિલકત એ સઘળું તેમાં ગયું. તેથી નિર્ધન થઇ ગયો. આ દૈવી ગજબની વાત તેણે પોતાની પ્યારી સ્ત્રીને દુઃખ થાય તેવા હેતુથી ગુપ્ત રાખી. આખરે દુઃખના દિવસો તેને ભવ જેવા લાગવા લાગ્યા, તોપણ આ વાત પોતાની પ્યારી જાણે નહિ, માટે હસ્તે મુખે અને આનંદયુક્ત રહેતો, પણ સાધ્વી જયા ડાહી હતી. તેણે પતિના ફરી ગયેલા ચહેરાપરથી તરત કળી લીધું કે, પતિને કાંઇ પણ દુઃખ આવી પડયું છે. નંદરાજ પોતાની ખુશાલી બતાવવાને ઘણી મહેનત કરતો, પણ એ બધું વૃથા ગયું, કારણ જેમાં સાચો પ્રેમ હોય છે તેને ફસાવતાં ફાવતું નથી. સાધ્વી જયા પતિનું મન શાંત શી રીતે થાય, એમ કરવા

પ્રયત્ન કરતી, પણ જેમ વધારે કાળજી રાખવા લાગી, તેમ પતિના હૃદયમાં વધારે શોક થતો ગયો. પોતાની પ્યારી સ્ત્રી દરિદ્રતાના દુઃખમાં આવી પડશે, એમ મનમાં આવવાથી તેનું હૈઉં ભરાઇ આવ્યું. તે વિચારતો કેઃ—"જો હું આ વાત તેને કહીશ તો એક ઘડીમાં આ પ્રફુલ્લિત કુમળું મુખ કમળ કરમાઇ જશે. તેના પરવાળા જેવા હોઠમાંથી નીકળતા મધુર શબ્દો બંધ પડશે, તેજસ્વી અને ચંચળ નેત્રો દુઃખ રૂપી ભારથી ભારે થઇ જશે અને તેનું અંતઃકરણ આનંદ દેખાય છે, તે એક પળમાં કમનશીબના જેવું દુઃખી થઇ જશે." આ પ્રમાણે વિચારીને નિઃશ્વાસ નાંખતો હતો, તેટલામાં તેનો એક મિત્ર આવ્યો તેણે કહ્યુંઃ આ વાત તેં તારી સ્ત્રીને કહી છે? જો કહી ના હોય તો કહીને તારા દુઃખનો અર્ધો ભાગ તેનાપર નાંખ તો સારૂં, એમ નહિ કરવાથી એ અંતઃકરણને એકત્ર રાખનારી જે પ્રીતિ તેને આંચકો લાગશે, એવી મને બીક લાગે છે. એક બીજાના વિચાર અને ઇચ્છા ખુલ્લી રીતે સાંભળવાથીજ પ્રીતિ દ્રઢ રહે છે, નહિ તો તે ઢીલી પડવાને વાર લાગતી નથી. નંદરાજે કહ્યુંઃ—" ભાઇ! તમે જે કહો છો તે ખરૂં છે. હું તેના બધા ઐશ્વર્યની ઘાત કરનારો છું. હું તેને શું કહું!" તારો વર ભિખારી થયો છે, તારે બધું આયુષ દુઃખ દરિદ્રતામાં ગાળવાનું છે, તેની સાથે ગરીબ અવસ્થામાં રહેવાનું છે. એ વગેરે મારાથી શી રીતે કહેવાય? અફસોસ! અફસોસ!! શીવ!! શીવ!!! આ શું! મારે મારી પ્રીય સ્ત્રીને જણાવી તેને દુઃખમાં નાખવી!! હાય! હાય! એ શી રીતે બને!! આ પ્રમાણે તે શોકસાગરમાં ગરકાવ થયો. તેને છેવટે સીતા વિરહ પરાયણ શ્રીરામચંદ્રજીને તમસા દેવીના મુખથી કહેવરાવેલું વાક્ય યાદ આવ્યું કેઃ—" સરોવર જ્યારે પાણીથી ખુબ ભરાય છે, તે વખતે તેને ફોડવા સિવાય બીજો કાંઇ ઉપાય નથી. તેમજ હૃદયમાં જે વખતે શોકનું પૂર આવે છે તે વખતે રૂદનથી તે સમાવવા સિવાય બીજો કોઇ ઉપાય નથી." આ વચન યાદ આવતાંજ તે સ્તબ્ધ થઇ ગયો. આંખમાં આંસુ આવ્યાં, પણ ધીરજ ધારી વિચારવા લાગ્યો કેઃ—" દુઃખની વખતે સ્ત્રીઓના સ્વાભાવિક ગુણ, ધીરજ, ઉત્સાહ, વગેરે જે અંતઃકરણમાં ઢંકાએલાં હોય છે, તે તેની મેળેજ પ્રગટ થાય છે. તે ઐશ્વર્યની લોભી થઇને નહિ, પણ એક નિશ્ચયથી તે પતિપર પ્રીતિ કરે છે. દરેક સ્ત્રીના પ્રેમયુક્ત હૃદયમાં એક ઇશ્વિરી અંશ દીપકરૂપે હમેશાં પ્રકાશમાન હોય છે. સૂર્યના પ્રકાશમાં જે પ્રમાણે દીવો નજરે પડતો નથી, તે પ્રમાણે તે સંપતિ તથા મોજશોખના દિવસોમાં જણાતો નથી, પણ વિપત્તિરૂપ અત્યંત અંધારામાં તેની પૂર્ણ પ્રભા દેખાય છે. કોઇને પણ સ્ત્રી કેવી હોય છે, તે પ્રથમ જણાતું નથી; પણ વિપત્તિને વખતે જણાઇ આવે છે."

નંદરાજે બીજે દિવસે પોતાની પ્રિયાને બધી વાત જણાવી દીધી. તે સાંભળી સાધ્વી જયાના મનને સમાધાન થયું. તેણે પતિ પાસે બેસીને કહ્યુંઃ—"ખરેખર આટલા રોજ તમારા શરીરને ઠીક નહોતું, તે આથીજ કે? પ્રાણપતિ!

ધીરજ રાખો, ચડતી પડતી થયા કરે છે. અસ્તોદયનું ચક્ર કોઇને મૂકતું નથી. સૌના દહાડા સરખા જતા નથી, આપણને ઇશ્વિરે જે દિવસ આપ્યા છે, તે માથે ચડાવવા, તેમાં કંઇ ગભરાવાનું નથી. ગભરાયે શું વળે ? ઉલટી તેથી બમણી પીડા થાય છે. આપણને માથે જે દુઃખ આવ્યું છે તે ભોગવી લઇશું." નંદરાજને પ્યારીનાં આવાં વચન સાંભળી ધીરજ આવી. જરા દીલગીરી દૂર થઇ. નંદરાજ તથા જયાને ખાલી ભભકો પસંદ નહોતો. તેથી હવેલી વગેરે કીમતી વસ્તુઓ વેચી નાંખી. શેહેરથી દુર એક ગામડામાં ઘર લીધું, તેમાં જરૂર પડતો સામાન ગોઠવ્યો. ફક્ત સાધ્વી જયાએ કંકુ ભરવાની પોતાની ચાંદીની દાબડી અને એક સુંદર સતાર એ બે પોતાનાં સાથે રાખ્યાં હતાં, કેમકે કકુ ભરવાની દાબડી સૌભાગ્યદર્શક જાણીને તથા સતારના મધુર સ્વરથી ઘણો આનંદ ભોગવ્યો હતો. તેથી એ બે સુખનાં ચિન્હો તેને ઘણાં પ્રિય હતાં. સાધ્વી જયા ગામડાના ઘરમાં આનંદથા રહેવા લાગી. નંદરાજ શહેરમાંથી પોતાના મિત્ર સાથે ગામડાના ઘર તરફ જવા નીકળ્યો, રસ્તે ચાલતાં બોલ્યોઃ-"અરે ! મારી ગરીબ બિચારી પ્યારીને ગામડાના ઘરમાં રહીને ખંતથી મહેનત કરવી કેમ ગમતી હશે ? તેના મિત્રે કહ્યુંઃ- શું તેને આવી સ્થિતિ દુઃખી લાગે છે ? નંદરાજે કહ્યુંઃ-નહિ, નહિ, તેનું નામ લેશો નહિ. તે તો આનંદની તથા સદ્‌ગુણની મૂર્તિ છે, બધા ગુણની રસજ્ઞ એજ છે. ઘણું તો શું ? તેના મિત્રે કહ્યુંઃ-ખરેખર તે ઘણીજ ડાહી, સુશીળ, અને શાંત છે. ડાહ્યા માણસની વાતજ ન્યારી છે. મે ઘણી તરૂણીઓ જોઇ છે, પણ શુ નંદરાજ ! તું તેને દરિદ્રી અને નિર્ધન સમજે છે ! આ તારી સ્ત્રી સદ્‌ગુણનો ભંડાર છે, તે માલૂમ નથી ? આ કરતાં તારે બીજું શું જોઇએ ? નંદરાજે કહ્યુંઃ ભાઇ ! તું ખરૂં કહે છે, પણ આજે તેને ભિખારી ઘરમાં રહેવાનુ નશીબમાં આવ્યું છે. ઘરકામની મેહેનતનો અનુભવ હવેજ મળશે, હમણાં તે ઘરકામ કરી થાકીને બેઠી હશે. અત્યારે બધાં દુઃખ તેના સામાં આવીને ઉભાં હશે, આ વખતે તેની કેવી દશા થઇ હશે ? એમ બોલતા ઘર નજીક આવી પહોંચ્યા. ઘરની આગળ સ્વચ્છ આંગણું હતું. તે ફુલઝાડોથી સુશોભિત દેખાતું હતું. ડેલીનું બારણું ઉઘાડતાંજ અંદર કોયલના જેવો મધુર શબ્દ સાંભળ્યો, પણ તે કોયલ નહોતી, તે તો. તેની પ્રિયાનો સ્વર હતો. આગળ ચાલતાં તેની પૂર્ણચંદ્રવદની તરૂણી બા-રીમાં બેઠેલી દેખાઇ, પણ તે અદૃસ્ય થઇ ગઇ, એટલામાં ઝાંઝરનો ઝીણો અવાજ સાંભળ્યો. પોતાના પતિ આવ્યા કે નહિ, તે જોવાને આગળ આવતી હતી, તે ઠીકઠાક પહેરીને નંદરાજની રાહ જોતી હતી. તેણે ચોટલામાં સુંદર સુવાસિત ફુલ નાંખ્યાં હતાં. મુખ પ્રફુલ્લિત કમળના જેવું રમ્ય હતું, હોઠ પરવાળાના સરખા લાલ હતા, તે સ્મિત હાસ્યની છાંયામાં દીપતી હતી. આટલી પ્રસન્ન વદની રમણિય અગાઉ કોઇ દિવસ જોઇ નહોતી. ખરેખર સાક્ષાત્ લક્ષ્મી જેવીજ લાગતી હતી. પ્રાણનાથ આવતાં ઉભી થઇ નમન કરી કહ્યુંઃ-પ્રાણપતિ ! આપે કેટલી બધી વાટ

જોવરાવી ? હવે મારા જીવને શાંતિ થઇ. આપ હમણાં આવશો, હમણાં આવશો એવી આશાથી વારંવાર રસ્તા તરફ જોતી હતી, પણ સર્વ વૃથા જતું. પેલા ચંપાના ઝાડ નીચે પાટલો મૂકી નહાવાની તૈયારી કરી મૂકીને હમણાંજ કરમદાં વીણતી હતી. કારણ કે તેનું અથાણું આપને બહુ ભાવે છે, બીજું બધું કામ પૂરૂં કરી લીધું છે, અહીં કેવું સારૂં છે ! મને બહુ ગમે છે !

આ સાંભળી નંદરાજ ઘણો મોહિત થયો. આવું સૌન્દર્ય, આવા ઉત્તમ ગુણ, આવું વ્યવસ્થિતપણું–એ સર્વે જોઇને હર્ષઘેલો થઇ ગયો અને હું ક્યાં છું એનું પણ તેને ભાન રહ્યું નહિ. અતિશય પ્રેમ ઉત્પન્ન થવાથી, તેનાથી બોલાયું નહિ. તેનો કંઠ ગદ્દગદીત થઇ ગયો, અને આંખમાંથી અશ્રુધારા પડવા લાગી. સાધ્વી જયાની પણ તેવીજ સ્થિતિ થઇ ગઇ, આખરે મહા મુશીબતથી નંદરાજે પ્રેમયુક્ત મુખથી તેના મિત્ર તરફ જોઇને કહ્યું;—“ મિત્ર ! આ દુનિઆમાં મારા ઉપર ગમે એટલાં સંકટ આવી પડે, તોપણ ઘેર મને અત્યત સુખ છે, અમારૂં આયુષ સુખમાંજ જશે, એમાં ભૂલ નથી. ” આખરે આ તરૂણ દંપતીને ઘણું સુખ પ્રાપ્ત થયું. અહો ! સંસારમાં ઘણું કરી પુરૂષનું સુખ તેની સ્ત્રીપર આધાર રાખે છે. સદ્દગુણી સ્ત્રીના સહવાસથી મળેલુ સુખ સર્વમાં મોટું છે, અને તેની યોગ્યતા પણ મોટી છે. સંપત્તિથી કે બીજી કોઇ ઉપભોગ વસ્તુથી થનારાં સુખ તે આ સુખની આગળ તુચ્છ છે, પરમેશ્વરે તેનામાં એવો કાંઇક અજાયબ ગુણ મૂકેલો છે કે તે દુઃખની વખતે ઘણી ઉપયોગી થઇ પડી છે. માટે પોતાની ભાર્યા સુખ દુઃખમાં ભાગિએણ થઇ પડે, તેવી તેને અવશ્ય કરવી જોઇએ. ધન્ય છે જયા તને ! કે તું તારા પવિત્ર સદ્દગુણે કરી પતિને દુઃખમાં પણ મહા સુખ આપનારી થઇ પડી ! ! અને ધન્ય છે નંદરાયને ! કે તે પોતાની પ્યારી પત્નીના સુખ માટે કેટલી બધી કાળજી રાખી ચિંતાતુર રહેતો. ખરેખર પતિપત્નીનાં પ્રેમી જોડાં તો આવાંજ જોઇએ.

સુમતિ.

એ કાશી પાસે કનકપૂરમાં રહેનાર વિદુરમતિ નામે ગૃહસ્થની પતિવ્રતા સ્ત્રી હતી. એક વખત એક શિવદત્ત નામે વિદ્વાન તપસ્વિ બ્રાહ્મણ એક વૃક્ષ નીચે બેઠો હતો, ત્યાં વૃક્ષપર બેઠેલી બગલીએ તેનાપર ચરક નાંખી, તે આ તપસ્વિપર પડી. તેથી તેણે ક્રોધથી બગલીનો પોતાના તપ પ્રભાવવડે નાશ કર્યો હતો. તેથી પસ્તાવો કરતો પતિવ્રતાને ત્યાં ભિક્ષા માગવા આવ્યો. પતિવ્રતાએ ઉભા રહો ભિક્ષા આપું છું, એમ કહી ઘરમાં ગઇ, ત્યાં તેનો

પ્રાણનાથ ભોજન માટે આવ્યો. તેથી તેને ભોજન વગેરે આપી રજા લઇ તપસ્વીને ભિક્ષા આપવા આવી, તેને જોઇ તપસ્વીએ ક્રોધથી કહ્યું:-મને ઉભો રહે, એમ કહી આટલીવાર લાગવાનું શું કારણ હતું? સુમતિએ કહ્યું:—મહારાજ! અપરાધ ક્ષમા કરો. પરમ દૈવત રૂપ મારા સ્વામી ભોજન કરવા આવ્યા હતા. તેની સેવામાં રોકાઈ તેથી વાર લાગી. તપસ્વીએ કહ્યું;—અરે! તેં તપસ્વી બ્રાહ્મણ કરતાં પણ તારા પતિને અધિક ગણ્યો! તું બ્રાહ્મણનું અપમાન કરે છે! ઇંદ્ર પણ બ્રાહ્મણને નમે છે, તો મનુષ્ય નમે એમાં શું? તેં વૃદ્ધો પાસેથી બ્રાહ્મણનો મહિમા સાંભળ્યો નથી? તેઓ ક્રોધથી શું કરવાને શક્તિવાન નથી? સુમતિએ નમ્રતાથી કહ્યું:-તપસ્વી ક્રોધ ન કરો. હું કોઇનો તિરસ્કાર થાય એમ કરતી નથી. મને પતિ અને પ્રભુની ભક્તિ સિવાય બીજો કોઇ ધર્મ રૂચતો નથી. તેની હું એક ચિત્તથી સેવા-ભક્તિ કરૂ છું. તપસ્વી! પતિ અને પ્રભુની સેવાનું ફળ અધિક છે. તમે ક્રોધથી બગલીનો નાશ કર્યો. તેથી તમે પશ્ચાત્તાપ કરો છો. ક્રોધ એ મનુષ્યનો મોટો શત્રુ છે. જેણે ક્રોધ અને મોહનો ત્યાગ કર્યો હોય, સત્ય, સંતોષ, જીતેદ્રિય, સમાનતા, સરળતા, દયા, ધર્મ, ક્ષમા, દાન અને પરોપકાર વગેરે સદ્‌ગુણો જેની અંદર હોય, તેમને દેવો બ્રાહ્મણ કહે છે, તમે પણ વેદને જાણનારને પવિત્ર છો, પણ તત્ત્વથી ધર્મને જાણતા નથી. એમ મને લાગે છે. મહારાજ! તમે ધર્મ ન જાણતા હો, તો મિથિલા પુરીના રાજન જેઓ માતા પિતાની સેવા કરનાર, સત્યવાદી, ધર્મિષ્ઠ, અને જીતેંદ્રિય છે, તેમને ત્યાં જઇ પૂછો. તે તમને સર્વ ધર્મ કહેશે. મારાથી કંઇ અયોગ્ય કહેવાયુ હોય તો ક્ષમા કરશો. કારણ જે ધર્મ જાણે છે તે સ્ત્રીઓને ન હણતાં ક્ષમા કરે છે. તપસ્વીએ કહ્યું:—સતી! હું તમારાં પતિવ્રતથી ઘણો ખુશી થયો છું. તમે યોગ ધ્યાનથી મારી છુપી વાત જાણી, માટે તમે ખરેખરાં દેવીરૂપ છો. તમે જે કહ્યું છે, તે મારા કલ્યાણનુંજ છે. "તમારૂં કલ્યાણ થાઓ." એમ કહી રજા લઇ, સતીના સતીત્વના વખાણ કરતો તપોવનમાં પોતાને આશ્રમે ગયો. અહો! પતિવ્રતા સ્ત્રીનો કેવો પ્રતાપ છે!!!

ચંદ્રપ્રભા.

આ સતી હરિપૂરના રાજા કનકસેનની સ્ત્રી હતી. તે પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલતી હતી. તેને મહાદેવની પૂજાનું ઇષ્ટ હતું. તેથી નિત્ય વહેલી ઉઠી પતિની રજા લઇ પૂજા કરવાને જતી. દેવળ પાસે પુષ્પનાં વૃક્ષ હતાં. તેમાંથી સ્વહસ્તે પુષ્પ ચૂટી ચડાવવાં એવો તેને નિત્ય નિયમ હતો. રાજાને એક વખત વિચાર થયો કે આ વહેલી ઉઠી પૂજાને બહાને જાય છે. માટે

તેની પરીક્ષા લેવી, એમ વિચારી બીજે દિવસે તે જાણી ન શકે તેવો વેશ બદલી પુષ્પનાં વૃક્ષો આડે છૂપાઇ રહ્યો. ચંદ્રપ્રભા નિયમસર પુષ્પ લેવા આવી. છૂપાએલા રાજાએ પોતાને ઓળખી ન શકે તેવી યુક્તિથી કહ્યું:—અરે પુષ્પ વીણનારી સ્ત્રી! આવ, અહીંઆં મારી પાસે બેસ, વગેરે વચનો કહ્યાં. આ સાંભળતાંજ રાણીએ કહ્યું:-"અરે દુષ્ટ! પાપી! અહીંથી દૂર જા? મારે તો ચંદ્ર સૂર્ય સરખો પતિ છે." વગેરે બોલી પૂજા કરવા ચાલી ગઇ. રાજા વિચાર કરતો ઘેર આવી સુઇ ગયો. ચંદ્રપ્રભા પૂજા પાઠ કરી ઘેર આવી, પ્રાણપતિને વિતેલી સર્વ વાત કહી બતાવી. રાજા ગુસ્સે નહિ થતાં હસવા લાગ્યો. સતીએ કહ્યું;—મહારાજ! એ દુષ્ટને શિક્ષા ન કરતાં ઉલટા કેમ હસો છો? જે કારણ હોય તે કહો. રાજાએ તેને આલિંગન કરી કહ્યું:—સતી! એ તારૂં પતિવ્રત જોવા માટેજ ઢોંગ કર્યો હતો. સતીએ આ સાંભળી પોતે કહેલા શબ્દો માટે ઘણો પસ્તાવો કરી કહ્યું:—હે પ્રભુ! મેં આજ સુધી પતિની આજ્ઞા ભંગ કરી નથી. કદી મૂખમાંથી કટુ વચન કહ્યું નથી. છતાં આજ અજાણમાં મારાથી જે બોલાઇ ગયું છે, તે મારો અપરાધ ક્ષમા કરશો. મારા પ્રાણનાથનું કલ્યાણ કરશો. વગેરે કહી રૂદન કરવા લાગી. રાજાએ શાન્ત પાડી કહ્યું:—તું શા માટે શોક કરે છે? મને એ વચનથી તારા પતિવ્રતની પરીક્ષા થઇ છે. તેથી મને ઘણોજ આનંદ થાય છે. પ્રિયા! પતિનું મન દુખાવવું એ સાધ્વી સ્ત્રીને યોગ્ય નથી; પરંતુ તારાથી એવું કંઇ બન્યું નથી. પતિનું મન પ્રસન્ન રહે એવું આચરણ રાખવું એ સાધ્વી સ્ત્રીનો પરમ ધર્મ છે, વગેરે વચનામૃતો કહી શાંત કરી. પછી બંને આનંદથી દિવસો નિર્ગમન કરવાં લાગ્યાં.

જસમા.

આ પતિવ્રતા સ્ત્રી માળવામાં રહેતી હતી. તેની અંગકાન્તિ નાજુક અને ગૌરવર્ણની હતી. મુખ કોમળ અને નિર્મળ ચંદ્ર સરિખું તેજસ્વી હતું. માથાના કેશ, નેત્ર, હોઠ, નાસિકા વગેરેની ફૂટડાઇથી અને અલૌકિક સુંદર સ્વરૂપથી ઇંદ્રની અપ્સરા જેવી દિશતી હતી. તેની મધુર વાણી, સદાચરણ, પતિવ્રત, સ્વામીપર દૃઢ પ્રીતિ, અચળ શીળવ્રત વગેરે સદ્ગુણો તેનામાં જોઇ લોકો આશ્ચર્ય પામતા હતા. મનુષ્યના સ્વરૂપનો આધાર શ્રમ, ઇચ્છા, બુદ્ધિ, બળ કે ઉંચ, નીચપર હોતો નથી. એતો ઇશ્વરકૃપાથીજ મળી શકે છે. પ્રભુના દરબારમાં સૌ સરખાં છે. પુત્ર પુત્રીના જન્મનો અને બાળકના રૂપ કરૂપનો આધાર ઇશ્વર કૃપાપરજ રહેલો છે. જસમા ઓડ જાતિની હિંદુ સ્ત્રી હતી. તે સ્વભાવે શાંત, ધાર્મિક અને નીતિવાળી હતી. તેને ઓડ નાયક ત્રીકમ સાથે પરણાવી હતી. પરણ્યા પછી

પતિવ્રતાના ધર્મ પ્રમાણે વર્તતી હતી. પતિ પત્નીમાં પરસ્પર ઘણો પ્રેમ હતો. ઓડ લોકો ઘર બાંધવા, વાવ, કૂવા, અને તળાવ ખોદવાના કાર્યમાં ઘણા કુશળ ગણાય છે. જસમા અને ત્રીકમ ઓડ ઓડણોના મુખી-નાયક હતાં. એના હાથ નીચે હજારો ઓડ, ઓડણો કામ કરતાં હતાં. પાટણમાં જ્યારે સિદ્ધરાજ જયસિંહે સહસ્ત્રલિંગ તળાવ ખોદાવવાનો વિચાર કર્યો, ત્યારે માળવામાંથી ઓડ લોકોને બોલાવવાને પોતાના ભાણેજ દૂધમલને મોકલ્યો. દૂધમલે ચોધરી ત્રીકમ અને તેની સ્ત્રી જસમાની મારફતે બે હજાર ઓડ અને બે હજાર ઓડણોને કામ પ્રમાણે પગાર ઠરાવીને પાટણ તેડી લાવ્યો. તળાવ ખોદવાનું કાર્ય વેગથી ચાલ્યું. રાજા સિદ્ધરાજ જયસિંહ સવાર સાંજ અને વખતે ઓચિંતો બપોરે પણ જોવાને આવતો. રાજાને બેસવાને ત્યાં તંબુ તાણ્યો હતો. તેમાં તે જ્યારે નવરો હોય, ત્યારે આવીને બેસતો. એક પ્રસંગે રાજા તંબુની બહાર મદશીતળ વાયુની લેહેર લેવા બેઠો હતો. ઓડ લોકો કામ કરતા હતા, એ તરફ દૃષ્ટિ કરી જોતો હતો. તેવામાં જસમા માટીનો ટોપલો નાખી બીજો ભરવા જતી હતી, એ રાજાની દૃષ્ટિએ પડી. રાજા તેનું સુંદર મુખ અને કાન્તિ જોઇ વિસ્મય પામ્યો. ઓડ જેવા હલકા વર્ગની સ્ત્રીઓ પણ આવી સુંદર હોય છે. તે જોઈ તેના મનમાં પ્રશ્ન ઉઠ્યો કે શું પ્રભુને ત્યાં ઉચ્ચ નીચનો ભેદ નહિ હોય? ખરે! ઇશ્વરની લીલા અલૌકિક છે. એવી કલ્પના કરી જસમાને વધારે નિહાળીને જોવા લાગ્યો. પ્રત્યેક પ્રસંગે તેના સૌંદર્યનો અને તેની કોમળતાનો વધારે પૂરાવો મળતો ગયો. અંધારી રાત્રે જેમ વિજળી ચમકે, તેમ તેના ધુળવાળા મેલા ઓઢણામાંથી તેના ચંદ્ર જેવા મુખનું તેજ ચળકતું દીઠું. તેના સુંદર રૂપમાં કોઈ પણ પ્રકારની ખામી નહોતી. તેની ઉમર ૧૮ વર્ષની હતી. રાજા તેનું અતિ સુંદર સ્વરૂપ જોઇ મોહ પામ્યો. તે હજુ કુવારો હતો. તેથી તેને પરણી પોતાની પટરાણી કરવાની મનમાં ઇચ્છા થઈ. પ્રેમના આવેશમાં તેણે જસમાને પોતાની પાસે બોલાવી, પણ તે આવી નહિ. સાંજ પડતાં રાજા દરબારમાં ગયો, પણ તેના હૃદયમાંથી એ ખસી નહિ. તેના સૌંદર્યથી રાજાનું ચિત્ત હરાયું. અનેક વિચારો આવવા લાગ્યા. રાત્રે નિદ્રા પણ પૂરી આવી નહિ.

રાજા સવારમાં તળાવપર ગયો. તેણે જસમા અને તેના પતિને કહાવી મોકલ્યું કેઃ—"તમે સર્વ ઓડ, ઓડણીના મુકાદમ છો. તમને તળાવની પાળે સુવું અને ઝાડ તળે રાંધી ખાવું યોગ્ય નથી. જસમા ઘણી સ્વરૂપવાન અને સુકુમાર છે. સાથે ધાવણું બાળક છે. એ રાત દિવસ ઉઘાડામાં રહેશે, તો તેની સુખાકારીમાં ખલેલ પહોંચશે. માટે તમે દરબારમાં આવી મહેલમાં રહો. ત્યાં તમને રહેવાને સારો ઓરડો આપી, બધી સોઈ કરી આપવામાં આવશે." આ સાંભળી જસમાએ અને તેના પતિએ કહાવી મોકલાવ્યું કેઃ—"અમે મજૂર લોકો ઝુંપડાં-વાસી છીએ. અમારે મહેલમાં રહેવું કેમ પોસાય? અમે કામપર જઇએ ત્યાં

ઓરડો ક્યાંથી લાવીએ ? અમને તો વગડામાં ઉઘાડાં ઝુંપડામાં રહેવાની ટેવ છે. મહારાજનો પાડ માની માગી લઇએ છીએ, કે અમને કૃપા કરી તળાવપર અમારા કામની પાસેજ રહેવા દો. “ આ સમાચાર રાજાએ જાણ્યા. તેથી એ પાસે જાતે જવાને તૈયાર થયો. તેણે જઇ જસમાને કહ્યું કેઃ—તારી કાયા કોમળ છે, તું મજૂરીનું કામ કરવાને યોગ્ય નથી, ટોપલા ઉચકી તારી કુમળી હથેળીની ગોરી ચામડી લાલચોળ થઈ જાય છે. ભાર ઉપાડવાથી તારૂં માથું દુખશે. તું આ મજૂરીનું કામ મૂકી દઇ મહેલમાં આવીને રહે. તારા ઉપરીપણાનો પગાર તને વગર કામ કર્યે આપીશ. આ તારૂ બાળક રડે છે. તેને દિવસે તાપ અને રાતે ટાઢ લાગતી હશે. માટે મારા મહેલમાં પારણું છે, તેમાં તેને આવી સૂવાડ, ગોલીઓ–દાસીઓ તેને સાચવશે. જસમાએ કહ્યું કેઃ—મહારાજ ! મહેલમાં તો રાણીઓ શોભે. મારે વગર કામ કર્યે પગાર જોઇતો નથી. મેં ઝાડે ઝોળી બાંધી છે. હું તેને આવતાં જતાં હિંચોળું છું, એ નિદ્રામાં આવ્યે ઉંઘશે. અમારા લોકનાં છોકરાં ઉઘાડાં ઉછરી કઠણ અને મહેનત કરવા યોગ્ય અંગનાં થાય છે. માટે મારે પારણાંની કે ગોલીઓની જરૂર નથી. જસમા આ પ્રમાણે બોલી, છતાં તે પોતાની ઇચ્છા પાર પાડવાને અનેક લાલચો આપી ફોસલાવવા લાગ્યો કેઃ—જસમા ! તું મજૂરી મૂકી મહેલમાં આવ. તારા પતિને છેડો ફાડી આપ. હું તેને તથા તારા બાળકને જાગીર આપી પાળીશ, હું તને પરણી પટરાણી બનાવીશ અને ઘણી પ્રકારે રાજ વૈભવ ભોગવાવી સુખી કરીશ. વગેરે લાલચો આપી, પણ સતી કદી સત ચૂકતી નથી, કે પરપુરૂષનાં કઠણ વચનો સહન કરતી નથી. રાજાનાં આ કઠણ વચનો જસમાને બાણ જેવાં લાગ્યાં, પણ જરા ધીરજ રાખી બોલી કે, મહારાજ ! આ તમે શું બોલો છો ? તમને આવાં વચનો બોલવાં ઘટીત નથી. રાજાએ પરસ્ત્રીને મા સમાન દૃષ્ટિએ જોવું જોઇએ. હું પતિવ્રતા સ્ત્રી છું. તમે આખી પૃથ્વીનું રાજ્ય આપો અગર મારો પ્રાણ લો, તોપણ હું મારૂં શીયળ કદી પણ ભંગ કરવાની નથી. હું પ્રાણ કરતાં પણ મારા શીયળને વધારે વહાલું ગણું છું. હું પ્રાણ તજીશ, પણ શીયળ તજીશ નહિ. એ તમે ખાત્રીથી માનજો. તમે આગ્રહ કરવો છોડી દો, તમે તમારા ધર્મમાં રહો. જે એવી દુષ્ટ નીચ કર્મ કરનારી સ્ત્રી હોય તેને એવી લાલચમાં લપટાવો. એ તમારી લાલચમાં લોભાશે. હું કદી પણ લાલચમાં લપટાઇ અનીતિનું કર્મ કરીશ નહિ, હું જાતે શુદ્ર છું, પણ ધર્મશાસ્ત્ર પ્રમાણે વર્ત્તનારી સતી સ્ત્રી છું. મેં મારા પતિ સાથે શાસ્ત્રવિધિએ અગ્નિદેવની સમક્ષ ઇશ્વરને હાજર જાણી લગ્ન કર્યું છે. તે કદી ફોક કરનારી નથી. હું મારા પતિને તજનારી નથી. જે મારી કાયાનો ધણી છે તેને તજી બીજાને કેમ મારી કાયા સોંપું ? જે માલનો કબાલો કરવામાં આવે છે તે પણ ફોક થતો નથી, તો આ ઇશ્વિરી કબાલો–લગ્ન કેમ ફોક થાય ? કદી માલનો કબાલો ફોક જાય, પણ આ ઇશ્વિરી કબાલો તો કદી પણ ફોક જવાનોજ નહિ. મારે તમારી જોડે લગ્ન કરવું નથી,

મારે પટરાણી થવું નથી, કે મારે રાજ્ય વૈભવ સુખ ભોગવવું નથી. મારે તો જે પતિ ઇશ્વર ઇચ્છાથી પ્રાપ્ત થયો છે, તેજ ખરો છે. મારા પતિથી મને જે સુખ દુઃખ પ્રાપ્ત થશે તે ભોગવી લઇ આનદમાં રહીશ. મારી મહેનત મજૂરી મને ગમે છે, એથી મારો નિર્વાહ ચાલે છે. કોઇ પણ રીતે હું અનીતિનું કાર્ય કરવા ઇચ્છતી નથી. હું નીતિસર ધંધો કરીશ, ઇશ્વર ભક્તિ અને સદાચરણ વડે મુક્તિ મેળવીશ.

જસમાનાં આવાં વચનોથી રાજા નિરાશ થયો. વિલે મુખે દરબારમાં પાછો ગયો. જસમાની સુંદર રૂપની જોડે આ દૃઢ પતિભક્તિ જોઇ આશ્ચર્ય પામ્યો અને વધારે મોહમાં પડયો. તેથી એણે પ્રધાનને બોલાવી કહ્યું કેઃ—એ જસમાને હરકોઇ યુક્તિથી મારે વેરે પરણાવો. આ સાંભળી પ્રધાન નાખુશ થયો અને વિચારમાં પડયો કે, રાજા કોઇ રજપૂતાણી સાથે પરણવાની વાત કરતો નથી, પણ હલકી શુદ્ર જાતિની પરણેલી સ્ત્રીને પટરાણી કરવા ઇચ્છે છે. તેથી રાજ્યકુળને કલંક લાગશે, લોકોમાં અપકીર્તિ થશે અને પરરાજ્યોમાં વગોવાશે. રાજા આ ઘણું ખોટું ઇચ્છે છે એવું સમજ્યો, પણ તે તેનાથી ડરી બોલી શકયો નહિ. આ વાત આખા શહેરમાં વાયુની પેઠે પ્રસરી ગઇ. પૂરીજનો ઘણા નારાજ થયા. નગર-શેઠોએ મળી વૃદ્ધ પ્રધાન મંજુલને કહ્યુ કે, તમો હિંમત ધરી જુવાન મહારાજને સમજાવો. તેમણે આવુ કાર્ય કરવુ ઘટીત નથી. રાજાની નીતિપર પ્રજાની નીતિનો આધાર છે, રાજા સદાચરણી હોય તો પ્રજા પણ સદાચરણી થાય છે, તેમણે પોતાની નીતિમાં બગાડો કરવો ઘટીત નથી. તે કોઇ મોટા રાજ્યમાં રૂપ સુંદર યોગ્ય ક્ષત્રાણિ વેરે પરણે એ ઉત્તમ છે. તેથી રાજબીજ રહે. નહિ તો વર્ણસંકર રાજકુળ થઇ જશે, તો અંતે રાજને ઘણી હાની થશે. વગેરે તેણે ઘણું કહ્યું. પ્રધાને જાણ્યું કે આ રાજાના હિતની વાત કરે છે, મારે એ માટે પ્રયત્ન કરવો, અને રાજાને સમજાવવો એ મારો ધર્મ છે. એવો નિશ્ચય કરી હિંમતથી રાજા પાસે ગયો. તેણે રાજાને ઘણી શીખામણ દીધી, તેથી રાજા અને પ્રધાન વચ્ચે જાતિ-ભેદ અને ઉચ્ચ નીચ વિષે વિવાદ થયો. રાજા બોલ્યો કેઃ—આપણા દેશમાં કુળા-ભિમાન એ અસ્વાભાવિક ને ઇશ્વરી નિયમ વિરૂદ્ધ છે. પ્રાચીન મહર્ષિઓના ગ્રંથોમાં ગુણકર્મ પ્રમાણે ઉંચ નીચ ગણાયેલાં છે. તે વિષે જોઇએ તેટલા દાખલા મળે છે, જે ગુણવાન હોય તેજ કુળવાન અને ઉચ છે. આ વાત ઘણા વર્ષથી મારા મનમાં ઘોળાયા કરતી હતી. તે આજે કહેવાનો મને પ્રસંગ મળ્યો છે. આ જસમાને ઇશ્વરે મજૂરી કરવાને સરજેલી નથી. એની સુંદર કાન્તિ જુઓ, એની મધુરવાણી સાંભળો, એનું ડહાપણ, એની ચતુરાઇ, અને એના સદ્‌ગુણ ઉપરથીજ જણાઇ આવે છે, કે એ રાજમહેલને યોગ્ય છે. ભણેલી નથી, તેનું કારણ એ કે તે ગરીબ ઘેર જન્મેલી છે, જો તેને ભણવાની ગોઠવણ થાય તો એ થોડા વખતમાં ભણીગણી વિદુષી થાય, એવી બુદ્ધિવાળી છે.

પ્રધાને કહ્યું કેઃ—એ વાત સત્ય છે. પણ અર્વાચીન કાળમાં દેશાચાર વિરૂદ્ધ

વર્ત્તવાથી ઘણી હાની થશે. હાલ તો સ્વજ્ઞાતિમાંથીજ પરણવું એ સર્વે પ્રકારે યોગ્ય છે, ભૂપતિ ! તમે જસમાને પરણવાની વાત છોડી કોઇ ક્ષત્રાણિને પરણો એ ઉત્તમ છે. રાજાએ પ્રધાનની શીખામણ માની નહિ. ત્યારે પ્રધાને યુક્તિથી રાજાની ધારણા નિષ્ફળ કરવાનો નિશ્ચય કર્યો. એ વખતે તો રાજાને તેણે કહ્યું કે ઠીક. તમે કહો છો તેમ કરી તમારી ઇચ્છા પૂરી કરીશ. એમ ધીરજ આપી, ત્યાંથી પ્રધાન જસમા પાસે આવ્યો. તેમણે પતિ પત્નિનો દૃઢ નિશ્ચય જોઇ તેને કહ્યું કે તમે તળાવ ખોદવાનું કામ ઉતાવળથી પૂરૂં કરી તમારે દેશ જતા રહો. જસમાએ પ્રધાનના બતાવ્યા પ્રમાણે પોતાના સાથીઓની મદદ લઇ રાજા ન જાણે તેમ તળાવનું કામ ઝપાટામાં પૂરૂ કરી લીધુ, ચૂકતે હિસાબે મજૂરી માગી, પણ રાજાએ આજ્ઞા કરી કે જસમા અને તેના પતિને દરબાર ભરી શીરપાવ આપવો છે. માટે એના સિવાય તમામનો પગાર ચૂકાવી આપી વિદાય કરો. પ્રધાને તે પ્રમાણે કર્યું. માળવી ઓડ લોકો સ્વદેશ જવા તૈયાર થયા. તે પહેલાં જસમા પોતાના પતિ સાથે મધ્ય રાત્રે ગુપચૂપ થોડા સાથીઓને સાથે લઇ ઉતાવળથી ચાલી નીકળી. રાજાને તે વાતની ખબર પડી કે તરત ઘોડાપર સ્વાર થઇ તેની પાછળ દોડયો, કેટલાક ગાઉપર તેને પકડી પાડયાં. ત્રીકમ અને તેના સાથીઓ રાજા સામે થઇ લડયા અને માર્યા ગયા. જસમા પોતાના પતિને કારી ઘા લાગતાં પોતાના પેટમાં કટારી મારી બોલી કેઃ—" તારા તળાવમાં પાણી રહેશે નહિ. " રાજાએ તરત ઘોડાપરથી ઉતરી તેનો હાથ પકડી લીધો, પણ કાંઇ વળ્યું નહિ. કટાર જસમાના પેટમા આરપાર પેસી ગઈ હતી. રાજાએ તેનું માથું પોતાના ખોળામાં મૂકવા માંડયું, પણ જસમાએ તેનો હાથ તરછોડી નાંખ્યો. પોતાને ભાન રહ્યું ત્યાં સુધી પોતાના બે હાથે આંખો ઢાંકી રાજાનુ મુખ જોયું નહિ. રાજાએ ધીમે રહીને તેના પેટમાંથી કટાર કાઢી લીધી કે આંતરડાં બહાર નીકળી પડયાં અને તેનો પ્રાણ ગયો. આ જોઇ રાજા ઘણું પસ્તાયો. ચોધાર આંસુએ રોવા લાગ્યો. એટલામાં તેના અંગરક્ષક હજુરીએ આવી તેનો શોકાગ્નિ શાંત પાડયો અને વિનય યુક્ત વચનો કહી નગરીમાં તેડી લાવ્યો. જસમા અને તેના પતિની ઉત્તરક્રિયા કરાવી. જસમાના કહેવા પ્રમાણે સહસ્ત્રલીંગ તળાવમાં પાણી રહ્યું નહિ. ધન્ય છે જસમા તને ! કે તેં શીયળ સાચવવા રાજવૈભના સુખને પણ ધિક્કારી કાઢયું ! ! કોઈ પણ લાલચના લોભમાં લપટાઇ નહિ, અંતે પ્રાણ તજીને પણ પવિત્ર પતિવ્રત સાચવી દેશમાં અમર નામના રાખી ગઈ છે. ધન્ય છે આ સતીને ! ! !

ધનલક્ષ્મી.

આ સાધ્વી સ્ત્રી વડોદરા તાબે બીલના રહીશ ભટ્ટ જગન્નાથ લક્ષ્મીરામની પુત્રવધૂ અને ડભોઇ તાબે છતરારના રહીશ જોશી જીવરામની પુત્રી થાય. ધનલક્ષ્મીની સાસુ મહાકુવર ધાર્મિક, ઉદાર, વિનય વિવેકવાળી, સભ્ય, અને ભણેલી હોવાથી તેણે ધનલક્ષ્મીને આર્યધર્મનીતિ રીતિ પ્રમાણે શિક્ષણ આપી સુલક્ષણી બનાવી હતી. તેમજ તેણે પોતાના પતિ તથા પુત્ર ગીરજાશંકરને પણ સુધારી સદ્‌ગુણ સંપન્ન કરવાને મહેનત કરી હતી. એમના પરણી આવ્યા પછી જગન્નાથ ભટ્ટની આબરૂમાં પ્રતિદિન વધારો થતો ગયો હતો. એમને મૂળથીજ આર્ય ધર્મ નીતિનાં પુસ્તકો વાંચવાનો, સુબોધક ગરબીઓ, ધોળ વગેરે રચી ઉપદેશ દેવાનો તથા બાળકોને શિક્ષણ આપવાનો ઘણો શોખ લાગેલો હતો. આવી સદ્‌ગુણી સ્ત્રીના હાથ નીચે રહી પુત્ર કે પુત્રવધૂ ઉત્તમ નીકળે એમાં શું નવાઈ! ધનલક્ષ્મી સાસુનાં અમૃત જેવાં વેણ અને એમનાં લાડથી કદી પિયર જવાનું મન કરતી નહોતી, કદી તેની માતાના બહુ આગ્રહથી જતી તો બે ચાર રોજ રોકાઈ, પાછી સાસરે સાસુ પાસે આવે ત્યારે નિરાંત વળતી. એવો સાસુ વહુ વચ્ચે ગાઢો સ્નેહ હતો. આ વાત હાલની કેટલીક કંકાશ કરતી સાસુ વહુઓએ લક્ષમાં રાખવાની છે. જ્યાં આવો સાસુ વહુ વચ્ચે સ્નેહ હોય અને તેઓ પોતપોતાના ધર્મ પ્રમાણે વર્તે તે ઘરમાં સુખસંપત્તિની કેમ ન્યૂનતા રહે! ધનલક્ષ્મી પોતાની સાસુને સદા માતા પ્રમાણે માન આપી આજ્ઞામાં રહેતી, કદી પણ સાસુ સસરાના મનને માઠું લાગે એવું આચરણ કરતી નહિ. પતિ તથા સાસુ સસરાને પ્રીતિપૂર્વક સેવવાથી તેમનો તેણે પૂર્ણ આશિર્વાદ મેળવ્યો હતો. તે કદી પણ પરપુરૂષનું મોં એકી નજરે જોતી નહિ; કે પરપુરૂષ સાથે હસી વાત કરતી નહિ. પોતાની જીંદગીમાં જે જે ઉપયોગી થઇ પડે એવા વિષયોનાં સુબોધક પુસ્તકો વાંચવાનો તેને પોતાની સાસુની પેઠે ઘણો શોખ હતો. એટલુંજ નહિ પણ તેમાંથી ઉપયોગી સાર ખેંચી હૃદયમાં ઠસાવવાની તેને ઉત્તમ ટેવ હતી. કદી પણ તે પતિની આજ્ઞા વિના કાંઇ કરતી નહિ. એવી તે સદ્‌ગુણી હતી. ખરેખર સદ્‌ગુણી સ્ત્રીની કસોટી સંકટ સમયેજ થાય છે. તેની પેઠે આ સાધ્વી સ્ત્રીને પણ ઇશ્વરે કસોટીપર ચડાવી, તેના પતિપરના પ્રેમની, દયાની, શીલની, ધૈર્યની અને સમયસૂચકતા વગેરે ઉત્તમ ગુણોની પરીક્ષા કરી, તેમાં તે પાર ઉતરી હતી. તેથી તેની કીર્તિમાં ઘણો વધારો થયો અને માત પિતા, સાસુ સસરા અને પતિ વગેરેને ધન્યતા પમાડયાં હતાં.

સંવત ૧૯૪૫ ના ચૈત્ર વદમાં જંબુસરના રહીશ સુકલ વિશ્વનાથના નાના

ભાઇના પુત્રનાં લગ્ન હતાં. તેની જાનમાં **ધનલક્ષ્મી** તથા **ગીરજાશંકર** ખંભાત ગયાં હતાં. ખંભાતમાં વરને પરણાવી જંબુસર આવવા હોડીમાં બેઠાં. આ વખતે આ હોડીમાં બે જાનનાં મળી ઘણાં માણસો હતાં. સૌને કાવી બંદરે ઉતરવાનું હતું. હોડી હંકારી કેટલેક દૂર ગયા, પછી દરીઆમાં મોટું તોફાન ઉપડ્યું. મોજા પર મોજા આવવા લાગ્યાં. હોડી ડામાડોળ થઈ બુડું બુડું થઈ રહી. હોડી હંકારનારા માછી લોકો ગભરાયા. લોકોએ બુમરાણ કરી મૂક્યું. માછીઓને સાવચેત રહીને હોડીને સંભાળવાનું લોકોએ વિનવ્યુ, પણ તેઓ શું કરે ! જ્યાં લોકોનાં ભાગ્યજ ફરી વળ્યાં હોય, જ્યાં ઇશ્વિર ઇચ્છાજ એવી હોય; ત્યાં માણસનું જોર શું ચાલે ! આ જોઇ કોઇ ઇશ્વિરને સંભાળવા લાગ્યાં, તો કોઇ રડાપીટ કરવા લાગ્યાં. તેટલામાં સૌનો ભક્ષ કરનાર એક મહા મોજો આવ્યો. તે જોઇ સૌના હોંસકોંસ ઉડી ગયા, માછીઓ સમુદ્રમાં ઝીપલાવી નાશી ગયા. તેથી તો સૌ ઉતારૂઓનાં ગાત્ર નરમઘેંસ જેવાં થઇ ગયાં; પરંતુ હવે બચવાની સૌએ આશા મુકી દીધી. હતી; માત્ર તીવ્ર બુદ્ધિની ધનલક્ષ્મી ચેતી ગઇ હતી; તેણે અરેબિયન નાઇટ્સમાં વાંચ્યું હતું કે, વહાણમાં બેસવું ત્યારે સાવચેત થઇને બેસવું. **વહાણોમાં સીમરાના લાકડાના કટકાઓ રાખવામાં આવે છે. તે એક શેરનું લાકડું પાણીમાં એક માણસનો ભાર ઉચકી શકે છે.** તેવા લાકડાને બાઝી રહેવાથી એક ખલાસી ત્રણ દિવસ સુધી દરિઆમાં રહ્યો હતો, પણ તે લાકડે તેને બુડવા દીધો નહોતો. આ વાત ધનલક્ષ્મીને યાદ આવી. તેવીજ તે એવા લાકડાની શોધમાં લાગી, પોતાના ઘાઘરાનો કછોટો વાળી લીધો. કાંચળીની કસો તાણીને બાંધી, આજુબાજુ નજર કરતાં એક નાનું સરખું લાકડાનુ ફાચરા જેવું ઢીમચું છેટે તેના જોવામાં આવ્યું, ને તેણે પોતાના પતિ **ગીરજાશકર**ને બૂમ પાડી, એ લાકડું લાવવા કહ્યું. **ગીરજાશંકરે** જઇ તે લાકડું લીધું. તેણે એક હાથે લાકડું અને બીજે હાથે દાગીનાનું પાકીટ ઝાલ્યું. તે એ લોભનું પાકીટ મજબૂત ઝાલતો હતો અને લાકડા તરફ ઓછું ધ્યાન રાખતો હતો. ધનલક્ષ્મીએ એવું જોઇ તે પાકીટ તેના હાથમાંથી પાડી નાંખ્યુ; તોપણ તેણે ફરી ઉપાડીને હોડીને મોહડે આંટી પાડી ભરાવ્યું. આ બધું તેણે ત્વરાથી કર્યું. તેટલામાં તો હોડી ઉછળી ઉંધી વળી ગઇ. માંહે પાણી ભરાઇ ગયું. ધનલક્ષ્મીએ તથા તેના પતિએ લાકડું ઝાલી રાખ્યું. તેઓ તે આધારે દરિઆના પાણીમાં ઉચકાઇ રહ્યાં, બીજાં સર્વે ડુબી ગયાં. તેમને પણ પાણી મોંમાં પેસતું હતું. તેનાથી થોડે છેટે એક બ્રાહ્મણનો છોકરો હરિશંકર નામે હતો. તે ડુબી ગયેલો ભભક મારતો બહાર તરી આવ્યો, તે આ બંનેને બાઝી પડ્યો. આ જોઇ **ગીરજાશંકર** ગભરાઇ ગયો; કેમકે લાકડું ત્રણનો ભાર નહિ ઝીલવાથી ડુબવા લાગ્યું હતું. આ વખતે ધનલક્ષ્મી ધીરજ રાખી તેને ટેકો આપવા લાગી, **ગીરજાશંકર**ને તરતાં આવડતું નહોતું, તેમ તે પાણીથી બીકણુ હતો. તે જ્યારે ડાકોર જતો ત્યારે ગોમતીના પગથીઆં ઉપર બેસી સ્નાન કરતો,

એવો કાયર હતો, પણ આજે તેને આ સાગરના અગાધ જળમાં ઝીપલાવવાનો વખત આવ્યો. ઇશ્વિર ગતિ ન્યારી છે, ધનલક્ષ્મીએ જાણ્યું કે ત્રણે જણ લાકડાને વળગવાથી બધાં ડુબી જઇશું. તેના કરતાં બે જણ વળગી રહી બચે તો સારૂં. એમ વિચારી પોતાના પતિ તથા હરીશંકર એ બન્નેને બચાવવાને અને પોતે ડુબી મરવાને તૈયાર થઈ, તેને તરતાં આવડતું હતું. તેથી વિચાર્યું કે હું બનતાં સુધી તરીશ અને એમ કરતાં કદી ડુબી મરીશ તો એટલી આવરદા ઓછી, પણ આ બે બ્રાહ્મણને બચાવવા, એ મને ઘણું સારૂં લાગે છે. આવો વિચાર કરી હિંમતથી લાકડું છોડી દીધું, તરતાં તરતાં પોતાના સ્વામીનાથને ભલામણ કરી કે;—ખબરદાર! ગભરાઇ કાયર થઇ લાકડુ છોડતા નહિ, જે ઇશ્વિર કરશે તે ખરૂં, તેમજ પેલા બ્રાહ્મણને પણ ભલામણ દીધી કે ભાઇ! તું લાકડા ઉપર ચડી બેસશે, તો બંને ડુબી જશો; માટે તેને પકડી હડસેલ્યે રાખજો. લ્યો સ્વામીનાથ! હવે છેલ્લા રામ રામ છે, એવું એક હાથ ઉંચો કરી કહેતાંજ; તેને એક મોટા મોજાનો એવો તો ધક્કો વાગ્યો કે તે પાણીમાં ગરક થઈ ગઇ. તેને ડુબકી મારતાં આવડતી હતી. તેથી દમઘુંટી પાણી કાપતી ભભકથી ઇશ્વિર કૃપાએ ઉપર આવી. તેટલામાં વળી ફરી એક મોજે આવી જેમ ડુંગરની ટોચપર ચડાવી દે તેમ મોજાની ઉપર લઇ લીધી. તેણે મોજાપરથી આજુબાજુ નજર કરી, તો પોતાના પતિને કયાંએ દીઠો નહિ. આ બધો મામલો હજી ડુબેલી હોડીથી ઘણે દૂર નહોતો. ધનલક્ષ્મી પતિના બચાવ માટે ઇશ્વિરનું સ્મરણ કરતી હિંમતથી તર્યા કરતી. તેટલામાં તેના પગમાં ડુબેલી હોડીના સઢનો દોર અટવાયો. તે દોર ઝાલી હોડી પાસે જવાનો વિચાર કર્યો. આ વખતે હોડીના આગલા ભાગની ઉંચી કિનારી પાણીમાંથી એક વેંત બહાર ઉઘાડી જણાતી હતી. પાણી ભરતીએ મોજાબંધ ચડતું આવતું હતું. એ જોઇ ઘણી ગભરાઇને બોલી;—અરે પ્રભુ! હવે મરવાનો વખત નજીક આવ્યો! હવે હું શું કરીશ! હે સત્યના બેલી પરમેશ્વર! તું હવે બચાવનાર છો, એમ બુમ પાડી એટલામાં ઇશ્વિર કૃપાથી બે ત્રણ હાથનું એક મણને આશરેનું લાકડું તેનાં પડખામાં અથડાયું. તેવીજ તેને બાઝી પડીને જમણી તરફના બગલમાં મારી લીધું. દોર ઝાલીને હિંમતથી હોડી પાસે ગઇ. પેલું દાગીના લૂગડાંવાળું પાકીટ ટીંગાડેલું હતું, તે હોડીને મોહકે પાણીપર આવી રહ્યું હતું, તે જોઈ ડાબા હાથથી અને જમણા પગથી તરવા લાગી અને ડાબો પગ ઉંચો કર્યો, તે પગને ચાંપવે પાકીટ ભરાવેલું ઉપાડી લઇને તેજ પગમાં રાખ્યું.

આ વખતે દરિઓ ભરપુર થઈ ગયો હતો, પણ હિમ્મતથી કાવીબંદર તરફ જમણા પગની લાતથી પાણી દાબતી અને ડાબે હાથે પાણી કાપતી આશરે બે ગાઉ સુધી તો પાકીટ ખેંચી લાવી, પણ જ્યારે થાકથી પગે ગોટલા ચડવા લાગ્યા, ત્યારે જાણ્યું કે હવે મરવાનો વખત આવ્યો. છેવટ પાકીટ મૂકી દીધું. તરવાની ગતિ બે પગથી કરવા લાગી. એમ કરતાં કરતાં કિનારેથી આશરે એક

૨૨

ગાઉ ઉપર આવી, ત્યાંથી પાણીના વેગે પાછી ખેંચી, લાકડું ઠેલવા મહેનત કરે, પણ આગળ વધે નહિ. તેટલામાં એક મોજાએ ઘણે ઉંચે ઉપાડી લીધી. આ વખતે લાંબી નજરે જોયું. તો ઘણે છેટે માથા ઉપર લુગડું વિંટાળેલું કોઈ માણસ જેવું જોવામાં આવ્યું. આ જોઇ તેનો પતિ યાદ આવ્યો. તેથી તેનું હૈઉં ભરાઇ આવ્યું, જેવી રીતે દ્રૌપદીજીએ પોતાનાં વસ્ત્ર હરણ વખતે પ્રભુને પોકારીને પ્રાર્થના કરી હતી, તેવીજ રીતે હે સત્યના બેલી! હે દીનબંધુ ! મારી વારે ચડ! એમ પોકારી પરમ કરૂણાકર પ્રભુની પ્રાર્થના ચોધાર અશ્રુધારાએ રૂદન કરતાં કરવા લાગી કેઃ—

અનાથનકે નાથ, ધાયે પ્રભુ, અનાથનકે નાથ—એ ટેક.
સત્ય મારૂં સાચું હોય તો વારે ચડજો આજ;
પ્રભુ મારા નાથને બુડતાં, ઝડપ ઝાલજો હાથ. ધાયે૦ ૧
સાસુ સસરાને પાયે પડું, ત્યારે દેતાં આશિર્વાદ;
વિશ્વંભર તારી વારે ચડશે, તે વાત લાવજે યાદ. ધાયે૦ ૨
કુંભારના નિંભાડા માંહે, હતાં માંજારીનાં બાળ;
ટીટોડીનાં ઈંડાં ઉગાર્યા, રાય થયા તારન હાર. ધાયે૦ ૩
પાંડવોની તમે પ્રતિજ્ઞા પાળી, ઉગાર્યાં પ્રેહેલાદ;
સમુદ્રમાં બુડતો રાખ્યો, જેણી પેરે ગજરાજ. ધાયે૦ ૪
સત્યયુગમાં ઘણી સતીઓ થૈ, તેની કેતાં ન આવે પાર;
કળીયુગમાં જો હું સતી હોઉં તો, રાખજો મારી લાજ, ધાયે૦ ૫
તીર્થ રૂપ મારાં સાસુસસરાનાં, અમો છીએ નિજ પ્રાણ.
સમુદ્રમાં અમે બુડી મરીશું તો, તરત તજશે પ્રાણ. ધાયે૦ ૬

આ રીતે પ્રાર્થના કર્યા પછી પતિનું ચિત્તમાં ચિંતવન કરતી ટળવળવા લાગી. અરે ! તેમને તરતાં આવડતું નથી. લાકડું નાનું છે, જે બે જણા બાઝેલા છે, તેઓ મહા જળમાં તણાઈ ગયા છે, પેલો આદમી લાકડાપર ચડી બેસશે અગર પોતે કાયર થઇ લાકડું છોડી દેશે, તો ડુબી જશે. અરે ! આ સમુદ્રમાં મગર મચ્છનો પણ ઘણો ભય છે. હે ઇશ ! તારી દીન પુત્રીની અરજ ધ્યાનમાં લઇ તેમને બચાવજે. આટલું કહેતાંજ હૈયાફાટ રડતી વિચારવા લાગી કે, ઇશ્વર સત્યનો બેલી છે. તેણે ઘણી પતિવ્રતાઓની સહાયતા કરી છે, તો શું સત્યવ્રત અને શ્રવણની પેઠે મારા પતિએ કરેલી માબાપની ભક્તિ સામું ઇશ્વરે નહિ જુએ ! જોશેજ. એમ વિચારી હિંમત રાખી લાકડાને હડશેલવા લાગી. કાવીબંદર આશરે અરધો ગાઉ રહ્યું તેટલે આવી પહોંચી. આ વખતે દિવસના બાર ઉપર પાંચ–છ વાગ્યા હશે. બંદર નજરે પડયું. કાઠે વિશ્વનાથ શુકલ ગાડાં લઇ જાન લેવાને સામે આવેલો હતો. સમુદ્રના પાણીમાં ગાડાંનાં પૈડાં બોળવાથી પૈડાના પાટા સજડ થાય એવા ઇરાદાથી એક ગાડાવાળો પૈડાં સમુદ્રમાં બોળતો હતો, મોટી મોટી હોડીઓ-

માંથી માલ બંદરપર ઉતરતો હતો. એ સઘળું જોવામાં આવ્યું. ધનલક્ષ્મીએ પેલા ગાડાંવાળા તરફ હાથ ઉંચો કરી બુમ પાડી, પણ તે અરધો મૈલ છેટે હતો, તે કોણ સાંભળે ? ફરી બે હાથ ઉચા કર્યા. તે તેના જોવામાં આવ્યા કે; તેણે દોડી જઇ હોડીઓવાળાને જણાવ્યું, કે કોઈ જીવતી સ્ત્રી તણાતી આવે છે. માછીઓ દરિઆ તરફ નજર કરવા લાગ્યા. એટલે તેણે ફરીથી ઉચો હાથ કર્યો. તેથી સૌને ખાતરી થઇ. પણ આ વખતે દરિયામાં તોફાન હતું. વળી તે સ્ત્રી પાણીની વચલી સેરમાં હતી. તેથી ત્યાં જવાની કોઇની હિંમત ચાલી નહિ. આ વખતે ધનલક્ષ્મી બંદર છોડી આગળ તણાવા લાગી. વળી થાકી ગઇ હતી. તેથી તેના હોંસકોસ ઉડી ગયા. ઇશ્વિરસ્મરણ કરી ફરી હાથ ઉંચો કર્યો. એટલે કિનારે ઉભેલા સૌને દયા આવી. તેમણે એક તરવામાં હુશિઆર માછીને ઘણી રીતે સમજાવી તૈયાર કર્યો, તે લંગોટ વાળતો કે ઇશ્વરસ્મરણ કરી પાણીમાં કૂદી પડયો. સપાટામાં તરતો તરતો નજીક આવી ધનલક્ષ્મીને કહ્યું કે;–બેન ! હીંમત રાખજે. હું તને કાઢવા આવ્યો છું. પણ તું મને બાઝી પડીશ નહિ. ધનલક્ષ્મીએ કહ્યું:–ભાઇ ! ફિકર ન કર, મને તરતાં આવડે છે, પણ હું થાકી ગઇ છું. તેથા તું મને આ લાકડું ઠેલવામાં મદદ કર. માછીએ તરત પાસે જઇ. તેનો એક હાથ ઝાલ્યો, બીજે હાથે લાકડું ઠેલતો બંદરપર આવ્યો. ધનલક્ષ્મીને કિનારે બેસાડી. લોકોનાં ટોળેટોળાં તેને જોવા આવ્યાં. ધનલક્ષ્મીએ ફક્ત એક ઘાઘરો અને કાંચળી પહેરી હતી. ટાઢે ધ્રુજવા લાગી. તેથી એક ભલા માણસે તેને લૂગડું ઓઢાડયું.

આ વખતે તેને પતિ યાદ આવ્યો. તેથી રૂદન કરતી કહેવા લાગી. અરે ! મારો પતિ તણાઇ ગયો અને હું કેમ બહાર નીકળી ! અરે ! હું એકવાર લાકડું પતિને આપી, મરવા તૈયાર થયેલી, ને પરમેશ્વરે ફરી લાકડું કેમ આપ્યું ! હે ઇશ ! હું હવે પતિ વગર જીવીને શું કરીશ ! વગેરે કલ્પાંત કરવા લાગી. એટલામાં વિશ્વનાથ શુકલે આવી પૂછતાં, તેણે રૂદન કરતાં કરતાં યથાસ્થિત વાત કહી બતાવી. તેથી તે હાય ! હાય ! સર્વે ડુબી ગયાં ! એમ કહેતો બૂમ પાડી રડવા લાગ્યો. આ સાંભળી આખા ગામમાં હાહાકાર થઇ રહ્યો. ધનલક્ષ્મીને એક બ્રાહ્મણને ત્યાં બેસાડી, વિશ્વનાથ શુકલ કેટલાંક માણસો સાથે મશાલો લઇ કિનારે કિનારે માણસોનો શોધ કરવા ગયો, ધનલક્ષ્મી પોતાના સૌભાગ્યનું ધન જે પતિ તેને યાદ કરી આક્રંદ કરવા લાગી. ગામનાં સ્ત્રી પુરૂષોએ ઘણી ધીરજ આપવા માંડી કે, બેન ! તું રડ માં. તેં તારો જીવ જોખમમાં નાંખી દયાથી તારા પતિને તથા એક બીજા બ્રાહ્મણને બચાવવા લાકડું આપ્યું છે, તો તારાપર ઇશ્વિર દયા કરશેજ. તેં એ બેઉપર દયા કરી લાકડું છોડી દીધું, તો ઇશ્વિરે તારી સત્ય ટેક સામું જોઈ તને ફરી બીજું લાકડું આપ્યું, એજ પ્રથમ સારાં શુકન છે. વળી તું આવડો મોટો તોફાની દરિઆ ઝીંકી. મોજામાં અથડાતી આવી છું, પણ તારા કપાળમાંથી

સૌભાગ્યદર્શક ચાંલ્લો નહિ ભુસાતાં અખંડ રહ્યો છે, એ બીજું શુકન છે. ઇશ્વર તારા સત્યવ્રત સામું જોઇ, તારા પતિને બચાવશે, નિરાંત રાખ, સવારે સર્વ સારાંવાનાં થશે. એમ અનેક રીતે લોકો દિલાસો દેવા લાગ્યાં,–પણ ધનલક્ષ્મીને નિરાંત વળે નહિ–તે તો નહિ ખાતાં પીતાં કે નહિ સૂતાં, હે ઇશ્વર! અબળાપર દયા કરી મારા પતિને બચાવ. એમ વારંવાર સ્મરણ કરતી ટળવળવા લાગી. એમ કરતાં કરતાં રાત્રિના બાર ઉપર ચાર વાગ્યા. તે વખતે ફોજદાર જુબાની લેવા આવ્યો. ફોજદારના સિપાઇએ તેને સમજાવી કે તું લખાવજે કે મને ફોજદારે કઢાવી, પણ ધનલક્ષ્મીએ તો જેવું હતું તેવું સત્ય લખાવ્યું, કે મને તો એક માછીએ કાઢી છે. તેથી ફોજદાર ગરમ થઇ ગયો, અને કહ્યું કે રાખો. હું સારોદથી જુબાની લઈ આવ્યો છું; તેજ પ્રમાણે છે કે નહિ. એમ કહી ધનલક્ષ્મીના પતિનું પ્રથમ નામ બોલી વિગત વાંચી ગયો. તેમજ ધનલક્ષ્મીએ જુબાનીપરની પોતાના પતિના હાથઅક્ષરની સહી જોઈ લીધી. તેથી તેને નિરાંત વળી. ફોજદારે સહી કરવાનું કહેતાં તેણે પોતાના રૂપિયા ૧૫૦૦ ના દાગીનાનું પાકીટ જે જગ્યાએ મૂકી દીધું હતું, તે ભરતી ઉતર્યે તજવીજથી જડશે. એવું લખાવી પોતાને હાથે સહી કરી. પોતાના પતિના નીકળ્યાના ખબર જાણી હર્ષના આંસુ લાવી મળવાને તલપી રહી–તેટલામાં એક માણસે દોડતાં આવી ખબર આપ્યા કે, બાઇ! આ તારો પતિ આવે! આ સમાચાર ગામમાં ફેલાયા કે પેલી બાઇનો પતિ સારોદ રાત્રે અગીયાર વાગ્યે નીકળ્યો હતો, તે પોતાની સ્ત્રીને શોધતો અહીં આવ્યો છે–એ સાંભળી ઘણાં લોકો જોવા ભેળાં થયાં. ધનલક્ષ્મી પતિને આવતો જોઈ ઉભી થઈ સામે ચાલી, રૂદન કરતી કરતી પગે પડી. તેના પતિએ હાથે ઝાલી ઉઠાડી, બંને રૂદન કરતાં સ્તબ્ધ થઈ ગયાં. થોડીવારે શાંત થયાં. ધનલક્ષ્મીને ખભે તેના પતિએ હાથ મૂકી, સૌ દેખતાં કહ્યું કે; હે સ્ત્રી! તને ધન્ય છે! અને તારા માતપિતાને પણ ધન્ય છે! કે તેં મરવાનું કબુલ કરી અમે બંને બ્રાહ્મણને જીવિતદાન દીધું. તારૂં કલ્યાણ થાઓ. કૃપાસિંધુ પ્રભુએ તને ફરી લાકડું આપી ઉગારી એ માટે હું તેનો મોટો પાડ માનું છું. એટલું કહી પછી પોતાની દરિઆમાં મરણ તુલ્ય દુઃખદાયક જે દશા થઈ હતી, તે કહી બતાવી. આ સાંભળી લોકો ઘણાં ચકિત થયાં;

જગન્નાથ ભટ્ટને આ ગીરજાશંકર એકજ પુત્ર અને આ ધનલક્ષ્મી એકજ વહુ હોવાથી. તેનાપર તેનો ઘણો સ્નેહ હતો. ધનલક્ષ્મીએ કિનારે નીકળ્યા પછી પોતાના પતિનો પત્તો નથી, એવા ખબર ખેપીઆ સાથે લખી મોકલ્યા હતા. તેથી તેણે પતિને કહ્યું કે, આપણે બીલે તમારા નીકળ્યાની ખબર આપીએ, નહિ તો તમારા પિતા તમારા ડુબી ગયાની ખબર જાણી પ્રાણ તજી દેશે. મારી સાસુજી તો કદી ગભરાવાનાં નથી, કેમકે તેને હર્ષ હાનીના આગમ ખબર પડે છે, એ હું જ્યારથી પરણી આવી છું, ત્યારથી જોઉ છું. ગીરજાશંકરે કહ્યું કે, કંઈ ફિકર નહિ.

મેં તે તરફ જતાં માણુસો સાથે કહાવ્યું છે. આ વખતે પાસે બેઠેલી સ્ત્રીઓ ધનલક્ષ્મીનું પવિત્ર અંતઃકરણ જોઈ, તેને એક પછી એક પગે લાગવા લાગી, પણ ધનલક્ષ્મીએ તેને અટકાવી પરમેશ્વરને પગે લાગવા જણાવ્યું અને કહ્યું, બેનો ! આજે તમારા સર્વના પુન્ય પ્રતાપથી ઇશ્વિરે અમને નવો અવતાર આપ્યો છે. આજે અમારા હર્ષનો પાર નથી, હાલ મારા પતિ મળવાથી મારા દેહમાં જીવ આવ્યો છે, એમ કહી પતિની આજ્ઞા લઇ સર્વે સ્ત્રીઓને પતિ, સાસુ, સસરા અને માબાપ વગેરે વડિલોની સેવા કરવાનો તથા સ્ત્રી ધર્મ નીતિનો ઉપદેશ આપ્યો—તેમજ પુરૂષોને તેમના ધર્મ પ્રમાણે વર્ત્તવાનો કેટલોક ઉપદેશ આપ્યો. વિશેષમાં સ્ત્રીઓને કહ્યું કે;—બેનો ! તમો કોઈપણ પરપુરૂષ સામે એકી નજરે જોશો નહિ તથા પરપુરૂષ સાથે હસીને વાત કરશો નહિ. તેથી વખતે માઠું ફળ થાય છે. જુઓ ! પાસેના એક ગામમાં બે યુવાન ગરાશીઆ ભાઇઓ રહેતા હતા, બંનેમાં ઘણો સંપ અને સ્નેહ હતો. મોટા ભાઇની સ્ત્રી કોઈ પરપુરૂષ સામુ એકી નજરે જોતી નહિ. કે હસીને વાત કરતી નહિ; પણ નાનાભાઇની સ્ત્રી હસમૂખી હતી. તે એક વખતે ચોરા (દેવમંદિર) પાસેના કૂવે પાણી ભરવા ગઇ હતી. ત્યાં ચોરામાં બેઠેલા હવાલદારે કહ્યું, ઠકરાણાં ! કેમ છે ? હસમૂખી કહે ઠીક છે હવાલદાર સાહેબ ! આમ બે ચાર વાર હસમૂખીએ જવાબ હસીને આપ્યાથી, હવાલદારે જાણ્યું કે આ સ્ત્રીને મારાપર પ્રીતિ છે, પણ આ બિચારી ભોળી સ્ત્રીના પેટમાં કાંઇપણ વિકાર નહોતો. એતો પોતાના સ્વભાવ પ્રમાણે હમેશાં બોલતી હતી. હવાલદાર આવી રીતના હસમૂખીના બોલવાપરથી તેના પતિને મીઠું મીઠું બોલી તે સાથે મિત્રાચારી બાંધવાને મસે તેને ઘેર આવવા લાગ્યો. અંતે પાપી હવાલદારે વિચાર્યું, કે આ રીતે તો ફાવીએ એમ લાગતું નથી, માટે જો એના પતિને મારી નાખું તો ફાવું. એવી તેને કુબુદ્ધિ ઉત્પન્ન થઈ. એક વખતે બંને ભાઇઓ ઓસરીમાં સૂતા હતા, ત્યારે આ પાપી રાત્રે વંડી ઉપર ચડી અંદર આવ્યો અને હસમૂખીનાં જેઠની તરવાર ખીંટીએ પડી હતી. એ વડે તેના પતિનું ગળું કાપી નાખ્યું, તરવાર ત્યાંજ મૂકતો વંડી ઉપર ચડી નાશી ગયો. સવારે કલેકટરે તપાસ કરી તો ખડકી બંધ હતી, વળી તરવાર તેના મોટા ભાઇની હતી. કલેકટરે હસમૂખીને પૂછતાં તેણે કહ્યું કે, મારો જેઠ કદી મારે નહિ. છતાં કલેકટરે તેના જેઠ ઉપર આરોપ મૂકીને તેને ફાંસી દીધી. એ રીતે બંને ભાઇઓ માર્યા ગયા. બિચારી બંને સ્ત્રીઓ નિરાધાર થઇ. થોડા રોજ પછી એ હસમૂખી કૂવે પાણી ગઈ, ત્યારે પેલે હવાલદારે કહ્યું, ઠકરાણાં! હવે કેમ છે ? આ પરથી તે ચેતી ગઈ, કે રખેને આ જ મારા પતિને મારનાર ન હોય ! આવો વહેમ આવવાથી તેણે જવાબ દીધો. ઠીક છે હવાલદાર સાહેબ ! આજે આવજો, એમ કહી આ વિગત તેણે પોલીસને જણાવીને કહ્યું કે, આજ તમે મારા ઘરમાં આવી છુપાઈ રહો. પોલીસે તે પ્રમાણે કર્યું. પેલો હવાલદાર આવ્યો. તેને ઓસરી—(પરશાળ)માં બેસાર્યો—હસમૂખીએ પૂછ્યું, વાહ,

સાહેબ ! તમે બહુ બહાદૂરી કરી. તમે તેને શી રીતે માર્યો ? હવાલદારે બધી વાત કહી બતાવી. તે છુપાયેલા પોલીસે લખી લઇ–તરત પકડી લીધો. કલેકટરે પૂછતાં તેણે માની દીધુ, તે પરથી તેને ફાંસી દીધી. કલેકટરે પેલા ગરાશીઆને ખોટા ન્યાય કરી માર્યો તેથી તે પણ ઘણોજ દીલગીર થયો અને પસ્તાવો કર્યો. એ રીતે " પર પુરૂષ સામે એકી નજરે જોવાથી તથા હસીને વાત કરવાથી વખતે ઘણું માઠું ફળ થાય છે. " માટે સ્ત્રીઓએ એવી રીતે વર્ત્તવું નહિ. તે પછી તેની સાસુએ પોતાને તથા પોતાના પતિને જે જે ઉપદેશિક ગરબીઓ, ધોળ વગેરે રચી બોધ આપેલો તે ગાઇને ઉપદેશ આપ્યો. તથા પોતાને પોતાની સાસુએ સ્ત્રીધર્મ સમજાવી સઘળી રીતે વાકેફ કરી હતી તે સઘળું કહી બતાવ્યું. પછી પતિપત્ની ભોજન કરી જંબુસર ચાલી નીકળ્યાં.

ધનલક્ષ્મીનો કાગળ બીક્ષે તેમના સસરાએ વાંચવાથી તેઓ તો છાતીફાટ રડ્યા હતા, પણ તેની સાસુએ કહ્યું તમે શા માટે રડો છો ? મેં કાઇનું બગાડયું નથી કે હું મારો ધર્મ ચૂકી નથી, તેમ તેની સ્ત્રી પણ પતિવ્રતા છે, માટે કદી પરમેશ્વર મારૂં બગાડનાર નથી. મને આ સંબંધી અંતઃકરણમાં કશો ફ્રાસ્કો પડયો નથી. તમે તરત જંબુસર જઇ સારી ખબર લાવો. જગન્નાથ શાંત થઇ ઘોડે ચડી જંબુસર આવ્યો, ધનલક્ષ્મી તથા તેનો પતિ તેમને આવતા જોઇ સામે ગયા. બંને પગે લાગી રૂદન કરતાં ચરણમાં પડયાં. જગન્નાથને પણ અશ્રુ આવ્યાં. તે તેમને મળવાથી ઘણો આનંદ પામ્યો. તેણે ધનલક્ષ્મીને આશિર્વાદ આપી તેના ગુણનાં વખાણ કર્યાં; થોડે દિવસે પાકીટમાંના કેટલાક દાગીના પણ ઘેર આવ્યા. ઉપરની હકીકત વર્ત્તમાન પત્રોમાં જાહેર થઇ હતી. તેમજ વડોદરા પ્રાંતના પર્નિસવલનાયબ સુબા સાહેબે એ દંપતિને નજરે નિહાળીને હકીકત સાંભળી હતી. તેને ધનલક્ષ્મીને નમન કરી તેનાં ઘણાં વખાણ કર્યાં હતાં. એ રીતે એ સાધ્વી સ્ત્રી પોતાનો ધર્મ બજાવી ઘણી કીર્તિ રાખી ગઇ છે. ધન્ય છે ધનલક્ષ્મી તને ! અને ધન્ય છે તારી સાસુને ! કે તેણે તને સ્ત્રી ધર્મથી વાકેફ કરી સદ્દગુણી બનાવી હતી. ખરેખર ! સાસુવહુઓ તો એવીજ હોવી જોઇએ ! !

શરત સુંદરી દેવી.

આ બંગાળામાં આવેલા રાજસાહી પ્રાંતમાં પુતીઆના શ્રીમાન રાજા જોગેંદ્રનાથની પતિવ્રતા સણી હતી. પતિ પત્નીમાં પરસ્પર ઘણો પ્રેમ હતો. પતિવ્રતાના ધર્મ પ્રમાણે પતિ સેવા કરતી. કદિ પણ પતિની આજ્ઞા વિરૂદ્ધ વર્તતી નહિ. એવી રીતે થોડા વર્ષ વિત્યા પછી તેનો પતિ મરણ પામ્યો. શરતસુંદરી

અલ્પવયમાં વિધવા થઈ, છતાં ઈશ્વિર ઈચ્છાને તાબે થઇ, બાકીનું આયુષ્ય તેણીએ ઈશ્વિર ભક્તિમાં ગાળવા નક્કી કર્યું, અમૂલ્ય વસ્ત્રાલંકારો દૂર કરી ગરીબોને દાન કરી દીધાં. ફક્ત વૈધવ્ય સૂચક સાડી સિવાય બીજાં એકે વસ્ત્ર ધારણ કરતી નહિ, સવામણ રૂની મશરૂથી આચ્છાદિત થયેલી શય્યાનો ત્યાગ કરી તૃણની શય્યાપર સૂતી, પહેલાંની આનંદી સખીઓ છોડી દઇ, સમ દુઃખી વિધવા સ્ત્રીઓ પાસે કાશીક્ષેત્રમાં જઈ રહી. ઇશ્વર ભક્તિ, પૂજન, શાસ્ત્રાધ્યન વગેરેમાં પોતાનો વખત ગાળવા લાગી. ઘણો વખત થયો નહોતો, ત્યાં દત્તકપુત્ર પણ મરણ પામ્યો. પરંતુ ફરી આ સંપત્તિ મોહમાં નહિ પડતાં, પોતાના સુનિશ્ચયમાં અચળ રહી. પોતાની સપત્તિના બધા વ્યવહારને સ્વાધીન કરી કાશી જઇ રહી. સરકારે આ દેવીનું અજાયબ વૈરાગ્ય અને ઉદારપણું જોઇ તેને "મહારાણી" નો ઇલકાબ આપ્યો. ત્યાર પછી સ્વદેશહિતનાં અનેક પરોપકારી કાર્યો કરી મરણ પામી. એના મરણથી દેશનાં ઘણાં માણસો દુઃખી થયાં, એ પોતાના પૈસા દેશમાં સારા કામમાં વાપરી ખુશી થતી. સૌભાગ્ય અવસ્થામાં પતિ પરાયણ અને વિધવાપણામાં ઇશ્વર ભક્તિ પરાયણ રહી તેણે–"સાધ્વી–**સતી**" એવું ઉત્તમ પદ, મેળવ્યું છે. એના સૌન્દર્ય, ધર્મનિષ્ટા, આચાર અને વિચારથી ચકિત થઈ પ્રોફેસર **વર્ડ્સવર્થ** સરખા વિદ્વાનોએ તેની ઘણી પ્રસંશા કરી છે; હે ઇશ! આ દેશમાં ફરી આવી પવિત્ર મનની સ્ત્રીઓ ઉત્પન્ન કર!!!

વસુમતી રાણી હેમંતકુમારી.

આ સાધ્વી સ્ત્રી મહારાણી શરતસુંદરીની પુત્રવધૂ થાય. તે પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી પતિને ઘણી પ્રિય થઇ પડી હતી. પતિ પણ તેને અનેક પ્રકારે સુખ આપી પ્રેમથી ચાહતો હતો. દૈવ ઇચ્છાથી પતિ પણ મરણ પામ્યો. ત્યારે સર્વ સુખ સાધનો તજી સાસુ પાસે રહેતી, તેનામાં પણ શરતસુંદરીના જેવાજ ઉત્કૃષ્ટ ગુણો હતા. જ્યારે શરતસુંદરી રાણી ગુજરી ગઈ, ત્યારે તેની વિધવા વધૂ વસુમતી રાણી રાજ્યની વ્યવસ્થા કરવા લાયક છે કે નહિ; તેનો તપાસ કરવા સરકારે એક કલેક્ટરને મોકલ્યો. ઘરમાં પડદાની અંદર વસુમતી રાણી હેમતકુમારી અને તેની દાસીઓ બેઠી. પડદા બહાર કલેક્ટર, દેશી અધિકારીઓ અને સારા સારા ગૃહસ્થો બેઠા. સાહેબે રાણીને ગણિત, ભૂગોળ અને જમીનદારીના કેટલાક હિસાબના અને બીજા સવાલો પૂછ્યા. તેના તેણે ઘણાજ સરસ જવાબ આપ્યા, આવી તેની વિદ્વત્તા જોઇ સૌ આશ્ચર્ય પામ્યા. કલેક્ટરે તેની હુશિયારી જોઇ સરકારમાં સારો અભિપ્રાય લખી મોકલ્યો. કલેક્ટરે જતી વખતે કહ્યું;–"રાણી સાહેબ! મારી તમને

સલામ છે, હું રજા લઉંછું; આપને તસ્દી આપી છે, એ માટે ઘણો દીલગીર છું.” રાણીએ કહ્યું:–મારી આપને હજારવાર સલામ છે, તમે મને કંઇ તસ્દી આપી નથી. પરંતુ મારે લીધે આપને તસ્દી ભોગવવી પડી ને તેથી ઉલટાં મારે દીલગીર થવું જોઇએ. છેવટે આપને મારી એટલીજ વિનંતિ છે કે, સાહેબ ! મને મારી મિલ્કત સોંપો. ” કલેક્ટરે જવાબ આપ્યો કે મિલ્કત સોંપવાનો અખત્યાર મારા હાથમાં નથી. પરંતુ હું એ માટે સરકારમાં લખીશ. આપ એટલી બધી મિલ્કતને શું કરશો ! રાણીએ કહ્યુંઃ—મારા કૈલાસવાસી સાસુજી શરતસુંદરી દેવીનાં ઘણાં પરોપકારનાં કામો કરવાં હજુ બાકી રહી ગયેલાં છે, તે હું આગળ ચલાવીને દેશોધારનાં સાધનોને મજબુત કરવા યત્ન કરીશ. ” તેનું આવું બોલવું સાંભળી સાહેબ ઘણો ખુશી થયો, અને તેના ઉત્તમ સદ્‌ગુણોનાં ઘણાં વખાણ કર્યાં. વસુમતી રાણીએ ઘણાં પરોપકારનાં કાર્યો કર્યાં હતાં. તેના ગુણો અને આચાર વિચાર ઘણાજ વખાણવા લાયક હતા. તે પોતાની સાસુની પેઠે દાન, ધર્મ અને ઇશ્વિર ભક્તિમાં કાળ રોકતી અને પ્રજાને અનેક પ્રકારથી સુખી રાખતી હતી. તેથી તેઓ તેને રક્ષાકર્ત્રી દેવીની પ્રમાણે પૂજ્ય ગણી માન આપતા. ખરેખર આર્ય મહિલાઓ ઉત્તમ બુદ્ધિમાં પ્રાચીન કાળથીજ શ્રેષ્ટ ગણાતી આવેલી છે. ધન્ય છે આવી સાધ્વીઓને ! કે જેણે પોતાની જીંદગીનું સાર્થક કરી જગતમાં કીર્તિ રાખી!!

વિમળા.

આ સાધ્વી ગુર્જરપતિ જયશિખરની બેન થાય. જયશિખર પંચાસરમાં ઈ. સ. ૬૯૫ માં રાજ્ય કરતો હતો. એ નગરી એ વખતે સર્વ પ્રકારના વૈભવથી ભરપુર હતી. એની ખ્યાતિ ચોતરફ પ્રસરી રહી હતી. મહારાજા જયશિખર ધર્માત્મા, વીર, વિદ્વાન પરાક્રમી અને તેજસ્વી હતો. એના રાજ્યમાં પ્રજા સંપૂર્ણ સુખી હતી. એ રાજા અને વિદ્વાન કવિઓને સારો આશ્રય આપતો હતો, તેમની પાસે શંકર નામે પ્રખ્યાત કવિ હતો. રાજબાળા વિમળા એવા ઉત્તમ રાજકુળમાં ઉછરી હતી. એ કુમારી રૂપે, રંગે, અને ગુણો અનુપમ હતી. એની કાન્તિ મહા તેજસ્વી હતી. મુખ ચંદ્ર સરખું તેજસ્વી હતું. એનાં રૂપ, ગુણ અને કાન્તિનાં દેશમાં ઘણાં વખાણ થતાં હતાં. એની કાન્તિ અને ગુણપર મોહ પામી ઘણા રાજાઓ તેને વરવાને ઇચ્છા ધરાવતા હતા, પણ વિમળા કોઈ રાજાના રૂપ રંગ, વસ્ત્રાલંકાર, ધન અને દેશસમૃદ્ધિ ઉપર મોહ પામે એવી નહોતી. એતો જે રાજકુમાર, વીર, ધીર, પરાક્રમી, વિદ્વાન, અને સદા ચરણી હોય તેની પરીક્ષા કરીને વરવા ઇચ્છતી હતી. વિમળાએ ઉત્તમ ગુરૂના હાથ નીચે સંસ્કૃત, કાવ્ય, આ-

મન, નૃત્ય, વાદ્ય, અને પુરાણાદિ નીતિ ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. તેથી તેની બુદ્ધિ ઘણી નિર્મળ થઈ હતી. એને નીતિપર પ્રીતિ હતી. એ પ્રેમથી આશ્રિતોને અન્ન વસ્ત્ર પુરાં પાડતી. આવા તેના ઉત્તમ ગુણો જોઇ જયશિખરી આનંદ પામતો. જ્યારે મુલતાનનો મહારાજા પોતાની રાણી, પુત્ર, અને પુત્રીને સાથે લઇ પ્રભાસક્ષેત્રની જાત્રાએ આવ્યો હતો, ત્યારે એ પંચાસર આવ્યો. મહારાજા જયશિખરે તેનો ઘણી પ્રકારે સત્કાર કર્યો, અને આગ્રહ કરી એક માસ પંચાસરમાં રાખ્યો. મુલતાનના રાજાનો કુમાર સુરપાળ ઘણો રૂપાળો, તેજસ્વી, પરાક્રમી, પ્રમાણિક, વિદ્વાન, અને શૂરવીર હતો. એ તીર, તરવાર, ભાલા વગેરે શસ્ત્રો વાપરવાની કળામાં અને બળની રમતોમાં ઘણો ચતુર હતો. જયશિખરી નિત્ય નવીન શસ્ત્રની રમતો સુરપાળ સાથે શરત કરી રમતો. એ શરતો જોવાને સઘળી રાણીઓ અને કુમારીઓ પણ બેસતી. એ સઘળી શસ્ત્રની શરતોમાં સુરપાળે જીત મેળવીને સર્વને છક કરી નાંખ્યાં હતાં.

એક પ્રસંગે જયશિખરી અને સુરપાળ જંગલમાં મૃગયા રમવાને ગયા. કુંવરી વિમળાને સિંહનો શિકાર દેખાડવાની જયશિખરની ઇચ્છા ઘણો વખત થયાં હતી. તેથી પોતાની અને મુલતાન પતિની સર્વ રાણીઓ તથા કુંવરી વિમળાને પણ સાથે વનમાં લઈ ગયો. સર્વ સ્ત્રી મંડળને એક ઉંચા વૃક્ષપર માળો બાંધીને બેસાડી હતી. જયશિખર અને સુરપાળ એક હાથી ઉપર બેઠા હતા. સરદારો અને વાઘરી શિકારીઓ સિંહની શોધ કરવા લાગ્યા હતા, શોધ કરતાં એક મોટો સિંહ નદીના ઉંડા કોતરમાં સૂતેલો જણાયો. જયશિખરે એક તીર તેને માર્યું. સિંહ ચમકી ઉઠયો, પણ સામો ન થતાં નાઠો. પાછળ શિકારીઓ દોડયા. જયશિખરે પણ હાથી તેના પાછળ મારી મૂકયો. ઘણે દુર જતાં એક વિકટ ઝાડીમાં માલુમ પડયો. તેની પીઠપીર લોહી નીકળતું હતું, પણ ઘા ઉંડો નહોતો. જયશિખરે ફરી એક તીર માર્યું. તેથી સિંહે ગુસ્સે થઈ એક છલંગ મારી, પણ એ ચૂકી ગયો. સિંહ ફરી નાઠો, પણ સુરપાળનું તીક્ષ્ણ બાણ વાગ્યું. તેથી પાછો વળી છલંગ મારી હાથીના કુંભસ્થળ ઉપર જઈ બાઝયો. જયશિખરે ઉભો થઇ તેની છાતીમાં ભાલો માર્યો કે તરત સિંહ જયશિખર અને ભાલો એ ત્રણે પૃથ્વીપર આવી પડયાં. તેની પાછળ સુરપાળે ભૂસ્કો માર્યો. સિંહ રાજાપર ધસ્યો, પણ સુરપાળે તેને ભાલો મારી પૂરો કર્યો અને જયશિખરને બચાવી લીધો. સુરપાળનું શૂરાતન જોઇ વિમળાનું હૃદય ભેદાયું. તેનો પ્રેમ તેનામાં લાગ્યો. સુરપાળ પણ તેનો પ્રેમ મેળવવાને લાગ શોધ્યા કરતો હતો. એ સુંદરીને તે અલૌકિક સમજતો હતો. એ રાજકુમારીના ગુણનું વર્ણન સાંભળીને તે તેના સાથે પ્રેમમાં જોડાવાને ઇચ્છતો હતો. સુરપાળે મન હરણ કરવાને ઘણી યુક્તિઓ શોધી હતી. વિમળા એ સઘળાને આજ સુધી કંઈ ગણકારતી નહોતી, પણ આ સિંહના શિકારમાં તેમનું પરાક્રમ જોઇ ગુર્જરકુમારીનું ચિત્ત સુરપાળે હરણ કર્યું.

સુરપાળે જે ક્ષણે હાથીપરથી કૂદી સિંહને મારી પોતાના વહાલા ભાઇનો જીવ બચાવ્યો, તેજ ક્ષણે એ સતીએ તે સાથે વરવાનો સુદૃઢ નિશ્ચય કર્યો.

એ રીતે વિમળાનું ચિત્ત મુલતાન કુમારે હરણ કર્યું. મુલતાન મહારાજા સ્વદેશ જવા તૈયાર થયો. જયશિખરીએ તેને સન્માન સાથે વિદાય કર્યો. જયશિખરીએ રૂપસુંદરીનું માગું કરવા એક ભાટને મુલતાન મોકલ્યો. તે સાથે વિમળાએ પણ પોતાનો છાનો પત્ર સુરપાળને મોકલાવ્યો. સુરપાળે એ પત્રનો માન સાથે સ્વીકાર કર્યો. ભાટ જયશિખરીનુ રૂપસુંદરી વેરે સગપણ કરી પંચાસર આવ્યો. ફરી સુરપાળને જયશિખરીની સેવા બજાવવાનો પ્રસંગ મળ્યો. લાટ દેશનો રાજા ઘણાં વર્ષ થયાં ખંડણી આપતો નહોતો. તેને શિક્ષા કરવાને એક સેનાપતિ સાથે ફોજ મોકલાવી. સુરપાળની ઇચ્છાથી તેને પણ ઉપસેનાપતિ બનાવી મોકલ્યો. લાટ દેશના રાજા સાથે મોટું યુદ્ધ થયું. તેમાં ગુર્જર સેનાપતિ મરાયો, પણ સુરપાળે લાટ દેશના રાજાને હરાવી કેદ કર્યો, અને તેને જયશિખરી પાસે લાવ્યો. સુરપાળના આવા પરાક્રમથી ગુર્જરેશ્વર ઘણો ખુશી થયો. તેને પોતાનો સેનાપતિ નીમી પોતાની બેન વિમળા કુંવરીને એ સાથે પરણાવી.

આ જોડું સર્વ પ્રકારે યોગ્યજ જોડાયું હતું. પ્રતિદિન પરસ્પર પ્રેમમાં વધારો થવા લાગ્યો. એક બીજાને પ્રાણ સમાન ચાહતાં હતાં. વિમળા પતિના સુખ દુઃખમાં ભાગિયેણ થઈ રહી. તે એવાં પ્રેમથી જોડાયાં કેઃ—

“ જયમ ગૌતમ અહલ્યાય, જયમ સીતાને રામ;
જયમ રૂકમણીને કૃષ્ણ, કહું જયમ રતીને કામ.
જયમ તારા ને વાલિ, જયમ નળને દમયંતી;
જયમ પાંડવ ને પાંચાળી, ચંદ્રરોહિણિ ગુણવતી.
વળી જયમ વશિષ્ઠ અરૂંધતી, જયમ રનાદેને રવી;
ત્યમ સુરપાળને વિમળમતી, પવિત્ર જોડ એ રાજવી. ”

આ જોડું આનંદથી રાજવૈભવ ભોગવતું હતું. વિમળા પતિવ્રતાના ધર્મ પ્રમાણે પતિને અનેક કાર્યમાં ઉપયોગી થઈ પડી હતી. એ પતિને સર્વ પ્રકારે સંતોષ આપતી હતી. ગુર્જર રાજ્ય આ સમે પૂર્ણ કળાએ પહોંચ્યું હતું. તેની આબાદી અને સમૃદ્ધિની કીર્તિ દેશો દેશમાં ચોતરફ પ્રસરી રહી હતી. અસ્તોદયનું કાળચક્ર કોઇને પણ છોડતું નથી. ઇશ્વરની ગહન ગતિ છે. ગુર્જર પતિની ચડતીનો સૂર્ય અસ્ત થવાની તૈયારી પર આવ્યો. શંકર કવિના વખાણથી કલ્યાણી નગરીના રાજા ભુવડે પંચાસર પર મીરને સૈન્ય લઈ ચડાઈ કરવા મોકલ્યો. પણ શૂરવીર સુરપાળે તેને હરાવી પાછો કાઢયો. તેથી ભુવડ જાતે ચડી આવ્યો. તેને પણ સુરપાળે ઘણી વાર હરાવ્યો. આ જોઇ ભુવડે નિશ્ચય કર્યો કે જ્યાં સુધી સુરપાળ એની પાસે છે, ત્યાં સુધી આપણે ફાવીએ

તેવું નથી. એ પરથી તેને ફોડવાનો વિચાર કર્યો. મીરની પાસે એક લાંચ પત્ર લખાવી સુરપાળને એક દૂત સાથે મોકલ્યો. સુરપાળ એવો કપટી અને લોભી નહોતો કે લોભની લાલચે લપટાઇ સત્યને તજે. જે સમે દૂત આવ્યો એ સમે સુરપાળ વિમળા જોડે ભોજન કરતો હતો. દૂતે છાનો પત્ર, કેસર અને કંકુના પડીકામાં સુરપાળને આપ્યો. સુરપાળે દૂતને દેવડીએ બેસવાની આજ્ઞા કરી. વિમળાએ પતિ પાસેથી પત્ર લઈ લીધો. પીરસનારને રજા આપી પોતે પત્ર પતિને વાંચી બતાવ્યો. તેમાં સુરપાળને ઘણી લાલચો બતાવી હતી. આ પત્ર વાંચતાંજ વિમળા અને સુરપાળને અંગેઅંગ ક્રોધ વ્યાપી ગયો; વિમળાએ પત્ર ફેંકી દીધો; સુરપાળે પત્ર, કેસર, કંકુનાં પડીકાં સળગાવી દીધાં; દૂતને કપાળે ડામ દેવાની તૈયારી કરી, પણ વિમળાએ તેને સમજાવી અટકાવ્યો. ભોજન ભોજનને ઠેકાણે રહ્યું. સુરપાળ ઉઠી ઉભો થયો. સ્ત્રીપુરૂષ બંનેનાં તન, મન, તપી ગયાં. રૂવાટાં ઉભાં થયાં. સુરપાળે નેત્રો મીંચી વિચાર કરી, પ્યારી સ્ત્રી વિમળાના મનની પરીક્ષા કરવાને ધીરજથી બોલ્યો:—" કેમ પ્યારી ! તારે મહારાણી થવું છે ? માથે મૂગટ પહેરવો છે ? તમારા પુત્રનું ભલું ઈચ્છશો કે નીતિ પાળશો ?" વિમળા રોશમાં પતિનું પેચ ભર્યું બોલવું નહિ સમજતાં બોલી કે:—" હું તો તમારા સદ્ગુણને વરી છું. તમારા સત્યવેરે પરણી છું. હું તો તમારી હિંમત અને પરાક્રમ ઉપર મોહિત થઈ હતી. તમારી છાતીમાં કળીયુગે વાસો કર્યો છે એવું જાણતી નહોતી. બળ્યું તમારૂં રાજ્ય ! મારો પુત્ર ભીખ માગશે, પણ તમારો લાંચનો પૈસો, તમારી રૂશવતની જાગીર, તમારૂં વિશ્વાસઘાતનું રાજ્યાસન નહિ ભોગવે ? કપટથી મેળવેલી ગાદીએ મારે નથી બેસવું ? દગાનો મૂગટ મારે નથી પહેરવો ? હું પતિવ્રતા નારી છું, પણ પતિથી પરમેશ્વરને વધારે મોટો ગણું છું. પાપ કરી પરમેશ્વરનો કોપ માથે નહિ લઉં. લાંચીઆ, ચોરટ્ટા, લુચ્ચા અને પાપીની હું સાથી નથી અને નહિ થાઉં. કાવતરાં કરનારા ખુનીનો સંગ કરીશ નહિ.

સુરપાળ પોતાની પ્યારી સ્ત્રી વિમળાનાં આવાં વચનો સાંભળી ઘણો ખુશી થયો અને તેને પ્રેમથી આલિંગન કરી બોલ્યો:-ધન્ય મારી વહાલી તને! અને ધન્ય છે તારા માબાપને ! કે તારા જેવી નીતિવાળી પુત્રીને જન્મ આપ્યો. આ દેશમાં ઘેરે ઘેર તારા જેવીજ સતી સ્ત્રીઓ હોજો. મેં તો તારૂં મન જોવાનેજ પૂછ્યું હતું. તારાં આવાં નેક વચનોથી હું ઘણોજ પ્રસન્ન થયો છું. તારા જેવી સતી સ્ત્રી આ સંસારમાં મને મળી છે, એથી હું મોટો ભાગ્યવાન છું. ચાલો આપણે ભોજન કરીએ. ભૂખ તરસને સંતોષી શાંત થયા પછી એ દુષ્ટને ઘટતો જવાબ લખીશું." પછી બન્નેએ ભોજન કર્યું. શાંત થયા પછી વીમળાની સલાહ પ્રમાણે ભુવડને તિરસ્કાર ભરેલો પત્ર લખ્યો કે:—તમારો નીચ પત્ર વાંચી તમારી નીચ અને ભ્રષ્ટ બુદ્ધિને માટે મને ખેદ થાય છે. પૂર્વકાળથી આર્ય શૂરવીરો નિષ્કપટી, ચોખ્ખાં મનના, સદ્ગુણને ઉત્તેજન આપનારા હતા. રિપુ રાજાના સેવકોને

લાંચ, રૂશવત આપી નરકમાં મોકલવાનો દુષ્ટ પ્રયાસ તેઓ કદી કરતા નહિ. ધર્મ યુદ્ધ કરી જય મેળવવો અગર રણમાં પડી સ્વર્ગે જવું કે શત્રુને મોકલવા, એજ તેમનો હેતુ હતો. તમે એ પવિત્ર બુદ્ધિ તજી અધમ મતિને પામ્યા છો. એથી તમારા રાજ્યની થોડા વખત પછી પડતી થશે, એ નક્કી જાણજો. તમે લાંચીઆ ચોર હશો. તેથી મને પણ તમારા જેવો ધારી ફોડવા ઇચ્છે છો, પણ સત્ય માનજો કે, જે લાંચ લઇ વિશ્વાસઘાત કરે છે, સાચાનું જુઠું કરે છે, પક્ષપાત કરે છે, અન્યાય કરે છે અને કરાવે છે, પોતાનો ખરો ધર્મ બજાવતા નથી. તેઓ વખતે થોડા કાળ સુધી દ્રવ્ય મેળવે, મોટી પદવીને પામે, પણ અંતે તેમનો નાશ થાય છે. તેમનો વંશ દુર્દશાને પામે છે અને તેમનો આત્મા નરકવાસ કરે છે. એવાં મનુષ્યો પોતાને હાથે પોતાનો કુવાડો પોતાના પગમાં મારે છે. જેઓ પોતે નઠારા છે તેઓ બીજાને બગાડે છે. અરે ! રાજ્ય કારભારીઓમાંથી, રાજ્ય સેનામાંથી, અને નોકરોમાંથી સત્ય, ન્યાય, પ્રમાણિકપણુ , અને ઉદારતા ગઇ, નીચ બુદ્ધિ આવી, લોભ પેઠો, સ્વાર્થે દેશકલ્યાણના ભાવને મનમાંથી ખસેડયો. રાજ્યોમાં નબળાઇ, કુસંપ, દુરાચાર, દુષ્ટ ઇચ્છાદિક વિનાસ કરનાર શત્રુઓ પેસવાથી નખોદ વાળ્યું. પણ વેદ વાકય છે કે: " **सत्यमेवजयते** " અંતે સત્યજ તરશે. અમારો સિપાઇ સરખો પણ ફુટે એવો નથી તો મને તું કેમ ડગાવી શકીશ ! જ્યારે ગુર્જરો નાકકટ્ટા લાંચીઆ થશે, ત્યારે અમારા દેશમાં કળીયુગ પ્રવેશ કરશે. ત્યારે પુરૂષો એક પત્નીવ્રત છોડશે, સ્ત્રીઓ પતિવ્રત મૂકશે, ઉદ્યમ ઘટશે અને દેશમાં દારિદ્રતા આવશે. હાલ તો અમારા દેશમાં સતયુગ છે. રાજા પ્રજા, સ્વામી સેવક, સ્ત્રી ભરથાર, અને પિતા પુત્ર પોતપોતાના ધર્મ પાળે છે લાંચ લેનાર અને લાંચ આપનારને ધિક્કાર છે. લાંચીઆ લોકો ખરેખર ચોર અને પાપી છે. એ મોટા અપરાધી છે. તેં આવો પત્ર લખી, તારી, તારા બાપની અને તારા દેશની પ્રતિષ્ઠા ખોઇ છે. ", વિગેરે તીક્ષણ વચનો લખી મોકલ્યાં.

આ પત્ર મીરે વાંચ્યો. તેણે સર્વ સમાચાર ભૂવડને આપ્યા. તેથી ભૂવડનું મોં ઉતરી ગયું, મન ગ્લાનિ પામ્યું. ગાલે કાળા શેરડા પડયા, પોતાના નીચ કૃત્યને સમજી ગયો, પણ જે લાગણી થઇ હોય છે તે જતી નથી. તેણે એ સઘળું વિસારી મૂકયું. એકદમ જોસથી યાહોમ કરી લડવા લાગ્યો. તેથી ગુર્જર સૈન્ય ઘણું કપાઈ ગયું, જયશિખરે જયની આશા મૂકી. પોતાની રાણી રૂપસુંદરી ગર્ભવતી હતી. તેને પુત્ર જન્મે તો મારૂં વેર લે. એવી આશાથી સુરપાળને સમજાવી, રૂપસુંદરી અને વિમળાને જંગલમાં કોઈ ગુપ્ત સ્થળે મૂકી આવવા જણાવ્યું. સુરપાળને આ વિચાર યોગ્ય લાગ્યો, તેની બંનેને લઇ વનમાં ગયો. નણંદ ભોજાઇને ગુપ્ત સ્થળે મૂકયાં. તેમના સંરક્ષણ માટે ભીલો અને ગુર્જર સ્વારોને રાખ્યા. પાછો પોતે પંચાસર ભણી આવવા નીકળ્યો. ઇશ્વર ઇચ્છા બળવતર છે, ધાર્યું ઇશ્વરનુંજ થાય છે. તેની ગહનગતિને કોઈ જાણી શકતું નથી. રણીઆમણી

ગુજરાતનો સૂર્ય અસ્ત થવા આવ્યો. સુરપાળની ગેરહાજરીનો લાભ લઇ ભુવડ જોરમાં આવ્યો. તેણે પંચાસરને ઘેરી લીધું. જોસથી લડતાં જયશિખરી મરાયો, પંચાસર લૂટાયું. આ માઠા સમાચાર સુરપાળે રસ્તામાં સાંભળ્યા, પણ તેના સરદારોએ તેને પંચાસર જતા અટકાવ્યો અને રૂપસુંદરી તથા વિમળાના રક્ષણ માટે જવા ભલામણ કરી. એ વાત સુરપાળને યોગ્ય લાગી. તેથી તરત એ જંગલ તરફ વળ્યો.

ભુવડ પચાસર હતો અને તેનો પુત્ર કરણ સુરપાળની પાછળ ગયો હતો, પણ સુરપાળ બંને સ્ત્રીને જંગલમાં મૂકી બીજે રસ્તેથી પચાસર તરફ ગયો હતો. તેથી કરણ સાથે ભેટો થયો નહિ, પણ કરણ તો જ્યાં રૂપસુંદરી અને વિમળા હાં તે સ્થળે આવ્યો. રૂપસુંદરી અને વિમળા પોતાના રક્ષકોની સાથે એક વહેળાને કાંઠે હતાં. વહેળાના પાણીમાં તાણ હતું. ભીલોને કરણ આવ્યાના ખબર થયા. સ્ત્રીઓ કોમળ અને નિર્બળ છતાં સંકટ સમયે ધીરજ રાખે છે અને હિંમત પકડે છે. તેઓ પોતાનું સત જાળવવું હોય છે. ત્યારે મહાવીર જેવી બને છે. આ વખતે વિમળાએ ઘણીજ ધીરજ અને હિંમત પકડી હતી. તેણે એક ભીલને જણાવ્યુ કે શત્રુઓ વધારે છે, તો તું પ્રથમ આ રૂપસુંદરીને વહેળો ઉતારી કોઇ ગુપ્ત જગ્યોએ મુકી આવ, પછી મને તેડી જજે. ભીલ રૂપસુંદરીને વનમાં એક વૃક્ષની પોલમાં લઇ જઇ સંતાડી આવ્યો. ગુર્જર સ્વારો શત્રુઓપર તૂટી પડયા અને બહાદૂરીથી લડયા. શત્રુઓ માંહેના ઘણાને કાપી નાંખ્યા, પણ કરણનું સૈન્ય ઘણું હતું. તેમાં ગુર્જર સ્વારો સઘળા કપાઇ મુઆ. વિમળા રક્ષકો મુઆથી ગભરાઇ ગઇ. શુ કરવું, તે કાંઇ સૂઝયું નહિ. લોહી માંસ ઉડવાથી વસ્ત્રો ભરાઈ ગયાં હતાં, આવો મામલો જોઇ વિમળા રૂદન કરતી બોલીઃ—" અરે ! મને કોઇ મારી નાંખો ? મારે માટે મરતાં પહેલાં મને કેમ કાપી નાંખતા નથી ! મારી છાતીમાં ભાલો ભોંકો ? એક બાણ મારા કપાળમાં મારો કે મારો પવિત્ર આત્મા જગદીશ્વરને શરણે જાય ! અગર મને એક કટારી આપો કે, તે મારા પેટમાં ખોશી મરણ પામુ. હુ રજપુતાણી છું. હું ક્ષત્રિ ધર્મને જાણું છું. હવે મારે જીવવું શા માટે ? અરે ! મારી પાસે પ્રથમથીજ એક હથિઆર હોત તો કેવું સારૂં થાત ! હુ પ્રથમથીજ ભૂલી ! વગેરે વગેરે ઘણું કલ્પાંત કર્યુ પણ કોઈ તેને માંરી શકયું નહિ. તેની પાસે એક વિશ્વાસુ ભીલ હતો તે પણ પડયો. આ જોઇ વિમળા મૂર્છા આવવાથી ભૂમિપર પડી ગઇ. અચેત થઇ પડી હતી, ત્યાં કરણ આવી ઉભો રહ્યો. એ વિમળાથી મનમોહક સુંદર કાન્તિ અને ચંદ્ર સરખું તેજસ્વી મુખ જોઇ મોહિત થયો. એ દુષ્ટની બુદ્ધિ બગડી. એના મનમાં નીચ તર્કો આવવા લાગ્યા. તેણે પાણીની છાલકો મારી જાગૃત કરી. એ શુદ્ધિમાં આવતાં હૈયાફાટ રૂદન કરવા લાગી. એના વિલાપથી જંગલનાં પશુ, પક્ષીઓ પણ જાણે રૂદન કરતાં હોય તેવાં દેખાવા લાગ્યાં, પણ નીચ કઠણ કાળજાના કરણને કાંઇ

અસર થઈ નહિ. એ રૂદન કરતી ગાભરી બની બોલવા લાગી કે;—મારા પ્રાણનાથ ક્યાં છે? મને રઝળતી મૂકીને તમે ક્યાં ગયા છો? પ્રાણપતિ! આવો. આ દુષ્ટને મારી મને મૂકાવો. મારા સ્વામી! મારા આત્મારામ! તમે મારા ભાઇની વહારે ગયા, ત્યાંથી પાછા કેમ આવ્યા નહિ! મારા રક્ષકો મુઆ અને હું કેમ જીવતી રહી? પ્રભુ! મારૂં સર્વસ્વ ગયુ અને હવે મને શા માટે રાખે છે? એમ કહી નદીમાં ડુબી મરવાને દોડી, પણ કરણે પકડી લીધી વિમળાએ તેને તરછોડી પોતાનો હાથ મુકાવી દીધો અને કહ્યું:–પાપી! અહિંથી દુર ખસ! હું સતી સ્ત્રી છું. તું મને અડકીશ નહિ? મારો પ્રાણ જશે તોપણ હું તારે સ્વાધીન થઇશ નહિ. આ તેનાં વચનો કરણે ગણકાર્યા નહિ. તેતો ટીંટોડીની પેઠે ટળવળતી વિમળાને ઘોડે બેસાડી ચાલતો થયો. વિમળા અપાર રૂદન કરવા લાગી કે:–હાય, હાયરે પિયુજી! હે મહાવીર શૂર સામંત! તમારી પ્રિયાને છોડાવી લઈ જાઓ? આ દુષ્ટ દૈત્યને મારો? કૃપાળુ પ્રભુ! તું મારી વહારે ચડ? અરે! હું કેવી પાપિણી કે પરપુરૂષને હાથ ગઇ? એટલુ બોલી રૂદન કરતી કેશ તોડવા લાગી, માથું અને છાતી કૂટવા મંડી. આવી સ્થિતિમાં કરણ તેને છાવણીમાં લાવ્યો. ઘોડેથી ઉતરી તંબુમાં ગાદીપર બેસાડી, પણ એ તરત ઉઠી ભૂમિપર બેઠી. પાણી વિના જેમ માછલુ તરફડે તેમ તરફડવા લાગી કરણનું કહેવું કશુ પણ નહિ સાંભળતાં આખી રાત રડયા કર્યું. નેત્રનાં નીર ખુટયાં, નિસાસાપર નિસાસા નાખવા લાગી. પાસે કંઇ સાધન નહોતું કે પોતાનો પ્રાણ તજી દે. કરણે બે ત્રણ સ્ત્રીઓ સેવામાં રાખી. વિમળાના કોમળ ઝીણા સ્વરના રૂદનથી કરણ અને તેના સૈન્યમાં સર્વ માણસોનાં હૃદય પીગળી ગયાં. સર્વેને દયા આવી. એના સતીત્વને કલંક લાગશે તો નક્કી તે પ્રાણ તજી દેશે. એવી સર્વેને ખાત્રી થઇ. કરણે હાથમાં ગંગાજળ લઇ વચન આપ્યું કે, "તારી મરજી વિના હું લગ્ન કે કોઇ પ્રકારનો બળાત્કાર કરીશ નહિ." એટલું બોલી દૂર રહ્યો.

કરણ સમજતો હતો કે એ જેમ જેમ વખત જશે તેમ તેમ એ સઘળું ભૂલી જશે. એટલે એ મારે તાબે થશે, પણ એ સમજવું તેનું ભૂલભરેલું હતું. એ સમજતો નથી કે જે સ્ત્રી પોતાનુ પાતિવ્રત્ય સાચવવા ઇચ્છે છે, તેનું સત્ ભંગ કરવા દુનિઆમાં કોઇ પણ સમર્થ નથી. જે સ્ત્રી દુઃખથી કાયર થઈ પોતાની મેળે પોતાનું સત્ ભંગ કરે છે, તેજ દુઃખી થાય છે. સતી સ્ત્રી સત્ ચૂકતી નથી. તેના સત્નું સદા ઇશ્વિર સંરક્ષણ કર્યા કરે છે. આવી સમજણ કામાંધ પાપી પુરૂષને ક્યાંથી હોય? એ તો પોતાની ધારણા પાર પાડવાને અનેક યુક્તિઓ શોધવા લાગ્યો. એ પાપી બિચારી સાધ્વી વિમળાને લઇ સોરઠ તરફ ચાલ્યો. માર્ગમાં તેને ઘણી ફોસલાવી, લાલચો આપી, પણ તે એક ટળી બીજી થઇ નહિ. વિમળા પ્રાણ જતાં સુધી પણ પોતાનું શીળ ભંગ કરે એવી નહોતી. તેણે ઘણાં દુઃખ સહન કર્યા, પણ પોતાનું પતિવ્રત તજ્યું નહિ કરણની

સર્વ મહેનત વૃથા ગઇ. તેથી એ નિરાશ થયો. વિમળા કરણનું મોં જોતી નહિ. એ પાસે આવતો ત્યારે પોતાની બે આંખો મીંચી આડા હાથ રાખતી અને નિર્ભયતાથી ધિક્કારતી હતી. જે પોતાના પ્રાણ વહાલા ગણે છે તેનાથી પોતાનું સત્ જાળવી શકાતું નથી. જે પ્રાણ કરતાં પોતાના શીયળને પ્રીય ગણે છે તેજ શીયળ સાચવી શકે છે. વિમળા દુઃખે દુબળી થઇ ગઇ હતી. ભૂમિ પર ફક્ત એક સાદડીપર સુતી. તેથી તેની કોમળ ચામડી છોલાતી, હાડકાં તપતાં, આખો દિવસ ઇશ્વિર સ્મરણ કરતી; લાડ, ખુશામત, લાલચથી કે દુઃખથી તેનું મન જરા પણ ચળ્યું નહિ. તેણે માબાપ, પતિના કુળને કે પૂર્વજોને લેશ પણ કલક લાગવા દીધું નહિ.

રાજકુમાર કરણનું મન વિમળામાં લાગેલું હતું, તેને નિરાંતે નિદ્રા પણ આવતી નહિ. એ સુરપાળને હાથ કરી મારવાનો વિચાર કરતો હતો, પણ ગીરનાર પર્વતને પાડવો અને સુરપાળને મારવો એ સરખું હતું. એને મારવાનો કશો ઉપાય હાથ નહિ લાગવાથી તેના એક મિત્રે કહ્યું કેઃ—સુરપાળ જીવે છે, ત્યાં સુધી એ કદી પણ વશ થવાની નથી. તેમ એ સાધારણ સ્ત્રી નથી કે તારે વશ થાય, એ પતિવ્રતા સ્ત્રી છે. તે કદી પણ તારે વશ થાય એવું લાગતું નથી; તોપણ ઉપાય કરી જો. એમ કહી જણાવ્યુ કે, તું સુરપાળના મરણની ખોટી ખબર ફેલાવ કે, તેથી એ નિરાશ થાય અને વખતે વશ થાય તો થાય. એ ઉપરથી કરણે એક ફુટેલા ચાવડા ઠાકોરને વિમળા પાસે મોકલ્યો. વિમળા ઠાકોરને ફુટેલો નિમકહરામ જાણતી નહોતી. આ નફ્ટ કાળા મોંનો ઠાકોર કરણની કૃપા મેળવવાને ચાહતો હતો. તેથી એ દુષ્ટ આવું નીચ કૃત્ય કરતાં જરા પણ અચકાયો નહિ. તેણે વિમળા પાસે આવી કહ્યું કેઃ—"બાઇ સાહેબ ! વાત કરતાં મારી જીભ ઉપડતી નથી, પણ કહ્યા વિના ચાલતું નથી. આપની શોધ કરતાં મારા રાજા સુરપાળ વનમાં ફરતા હતા; એવામાં તેમને એક ઝેરી સર્પે દંશ કર્યો. તેથી તેઓ તત્કાળ મરણ પામ્યા છે." એટલું બોલી પોક મૂકી રડવાનો ડોળ કર્યો. આ વચન સાંભળતાં વિમળા ગભરાઇ બોલીઃ—અરે ભાઇ ! તું શું બોલે છે ? એ કાળો કેર ક્યારે થયો ? શું ઇશ્વિરના કોપે અમારાપર હદ વાળી ? શું મને જીવતાં નરકમાં નાંખીને મારા પ્રાણાધારનો જીવ લેવરાવ્યો ? અરે ! પણ હું અવિશ્વાસુ કેમ થઇ ! મેં પરમેશ્વરની પતીજ કેમ છોડી ! શું મને કળીયુગે ભુલાવી ! પ્રભુએ જે કર્યું તે ખરૂં. સ્વામી ! હું તમારી સેવા કરવાને આવી જાણો ? એટલું બોલી તરત ઉભી થઇ. પ્રાચીન સતીઓની પેઠે આવેશમાં આવી ઉશ્કેરાઇ ગઇ. આંખો લાલચોળ થઇ ગઇ. જે અંબે ! જે અંબે ! બોલતી પાસે ઉભેલા ઠાકોરને કહ્યું કે—હું સતી થાઉં છું. મારે માટે ચિતા તૈયાર કરાવ. મારે બળી મરવું છે. આ વખતે કરણ અને તેના મિત્રોએ આવી કહ્યું કે, બાઇ ! તમે ધાર્મિક અને સતી સ્ત્રી છો. નીતિ અને ધર્મશાસ્ત્ર જાણો છો. તમે ઠંડા પાણીએ નાહી ઠંડાં થાઓ. તમારો

પતિ મરણ પામ્યો છે. તો હવે તમે એક વર્ષ પછી લગ્ન કરજો. જેનો પતિ મરણ પામે, તેણે લગ્ન કરવું, વૈધવ્ય પાળવું અગર (સતિ થવું) બળી મરવું એવાં ત્રણ વાનાં ધર્મ શાસ્ત્રમાં કહ્યાં છે. આ સાંભળી વિમળા બોલીઃ—" જેને સંસારમાં રહેવું હોય તે ભલે તેની મરજીમાં આવે તેમ કરે. હું સંસારથી ધરાઈ છું. મારે તો બળી મરવું છે. " કરણે તેને આત્મઘાત કરવાની મના કરી. ત્યારે તેણે કહ્યું કે, મને તું જીવતી બળવા નહિ દે, તો તારે મારૂં મડદું બાળવું પડશે. હું હવે મારા પ્રાણ રાખીશ નહિ. તું સતીના પ્રતાપથી અજાણ્યો છે. સતીને પીડવાથી ઘણાનો નાશ થયો છે એ તું જાણતો નથી ?

સીતા સતી સ્વરૂપ, રણે રાવણ રોળાવ્યો;
દ્રુપદી દેવી દયાળ, કુરૂ કુળ નાશ કરાવ્યો;
રૂડી રેણુકા રૂપ, ઠીક નહીં બુદ્ધિ ઠરાવી;
નક્ષત્રી અવની એહ, વાર એકવીશ કરાવી;
કયૈ કૈંચક સ્ત્રીથી મુઆ, હોડ હોડ સૌ હારિયા;
શામળ શૂરા પુરા સઉ, માનનિએ બહુ મારિયા.

હે અજ્ઞાન ! તું હઠ ન કર. નહિ તો તારો નાશ થશે. હું કદી પણ પરપુરૂષને ઇચ્છતી નથી અને ઇચ્છીશ પણ નહિ. જે સ્ત્રીઓ પરપુરૂષને ઇચ્છે છે તે સ્ત્રી નહિ, પણ કૂતરી સમજવી. એવી સ્ત્રીને ધિક્કાર છે ! તું મને એવી સ્ત્રી ન ધાર. તું ક્ષત્રિ આર્ય પુરૂષ થઇને પરણેલી નારીને કેમ વરવા ઇચ્છે છે ? તારે લાયક સ્ત્રી શોધીને વર કે તને શોભે રાજકુમાર કરણને આ શબ્દો બાણ જેવા લાગ્યા. તે ક્ષત્રિ એટલે તેને આ શબ્દોની અસર થઇ. તેણે હવે વિમળાને વશ થવાની આશા મુકી દીધી. પતિવ્રતાપર પડતા દુઃખથી સૈન્યના સર્વે માણસો કરણપર રોશે ભરાયાં. પણ તેનાથી દબાઇ કંઇ બોલી શકતાં નહોતાં. એ સર્વે વિમળાને બળી મરવા દેવાને ખુશી હતાં. તેથી કરણે વિમળાને તેમ કરવા દેવાની રજા આપી. વિમળા જે પ્રભુ ! કરતી તંબુ બહાર નીકળી. મુખપર લોહી ચડી આવ્યું. એક ટેકરીપર સુખડની ચિતા તૈયાર કરાવી હતી. તેને ફરતી ઘાસની ઝુંપડી બાંધી હતી. કરણે તેને બળતી જોવાને એક ઉંચી બેઠક કરાવી હતી. ફરતાં હથિઆરબંધી માણસો રાખ્યાં હતાં. આસપાસના ગામડામાંથી સતીનાં દર્શને અસંખ્ય માણસો આવવા લાગ્યાં. ઢોલ, વાજાં અને શરણાઇઓ વાગવા લાગી. વિમળાની જેજેકાર થઇ રહી.

સુરપાલ, રૂપસુંદરી અને વિમળાને જે ઠેકાણે રાખી હતી ત્યાં આવ્યો. અહિં કોઇ મળ્યું નહિ. તજવીજ કરતાં તેને એક ભીલે કહ્યું કેઃ—" અહિં શત્રુઓ આવ્યા હતા. તેણે ઘણાં ગામ બાળી નાંખ્યાં, રાણી રૂપસુંદરીને અમારા લોકોએ સંતાડયાં છે, પણ તે કઇ જગોએ છે, એ મને માલુમ નથી. તમે નક્કી

જાણજો કે ભીલો કદી વિશ્વાસઘાતી થવાના નથી. મહારાણી તેમના સંરક્ષણ નીચે સહીસલામત રહેશે. એમની સાથેનાં માણસો કપાઇ મુઆં છે. પણ વિમળાને!" એટલું બોલી ચૂપ રહ્યો. સુરપાળે કહ્યું કે, શુ તેને મારી નાંખી ? એતો મરવાને તૈયાર હતી. હું તેને સ્વર્ગમા જઇ મળીશ. વહાલી વિમળા ! એમ કહેતાં આંખોમાંથી દડ દડ આંસુ પડવા લાગ્યાં. ભીલે કહ્યું એ જીવતાં છે. આપણો શત્રુ કરણ તેને હરી ગયો છે. બાઇ સાહેબના છાતી ફાટ રૂદનથી આખું જંગલ રડયું છે, શું કરીએ ! અમારૂં જોર એમાં ચાલ્યુ નથી. આ સાંભળી સુરપાળ ક્રોધાયમાન થયો. તેનાં નેત્રો લાલચોળ થઇ ગયાં. પગથી માથા સુધી જવાળા પ્રગટી ગુસ્સામાં બોલ્યો—એનો શો ભાર છે ? મેં તેને એકવાર જીવતો જવા દીધો. એ મારી ભૂલ થઇ. હું હમણાં તેને બતાવી આપી વિમળાને છોડાવી લાવીશ. એમ કહી શૂરવીર મરણીઆ ભીલોને સાથે લીધા. પ્યારી સ્ત્રીને છોડાવી લાવવાની યુક્તિઓ રચી. ભીલ લોકોથી કરણની સર્વ બાતમી મેળવી લીધી. એ તેની છાવણી નજીક આવી પહોંચ્યો. શત્રુઓપર ઓચીંતો છાપો મારવાનો તેણે વિચાર કર્યો, પણ શત્રુ સૈન્ય વધારે હતું. અને વળી ચેતતું રહેતું હતું. એમાં ફાવી શકાય એવું નહોતું. તેથી બીજી યુક્તિ રચી. સતી થવાનું મુહૂર્ત્ત આજ ત્રીજે પહોરે છે, એવા ખબર મળ્યા. વિમળા જો અકાળ મરણ પામશે, તો ફરી મળવા જોગ થશે નહિ. એવા વિચારથી તેના આત્માને અત્યંત ખેદ થયો, પણ હિંમત રાખી પ્યારી સ્ત્રીને બળી મરવા પહેલાં છોડાવી લાવવા તૈયાર થયો. પોતાનાં માણસોને ચેતવી સર્વ ગોઠવણ કરી રાખી.

વિમળા ઇશ્વિર પ્રાર્થના કરતી ઉલ્લાસથી ચિતા તરફ ચાલી. કપટી કરણના સૈન્યનાં ભોળાં માણસો વિમળાને પગે લાગી ક્ષમા માગવા લાગ્યાં. તેને વિમળાએ કહ્યું કેઃ—"હું ઇશ્વિર પાસે માગું છું કે તમારી અને તમારા રાજાની પાપ બુદ્ધિ ટળી સુબુદ્ધિ થાય. તમે મારા દેશને પીડો નહિ." વગેરે સુનીતિનો ઉપદેશ આપતી ઉતાવળે ચિતા પાસે જવા લાગી. આ જોઇ કપટી કરણનુ પથ્થર જેવું હૃદય પણ પીગળી ગયું. તે ક્ષમા માગવા લાગ્યો. સતી વિમળાએ કહ્યું કેઃ—"તું તારા પાપનો પશ્ચાતાપ કરી પ્રભુની પ્રાર્થના કર અને હવેથી પાપ કર્મ નહિ કરવાનો નિશ્ચય કર. આ દુનિઆનાં સ્વપ્નવત સુખ, ક્ષણિક મોટાઇ, અને પ્રતાપથી ફૂલાઇ ન જતાં, તારા આત્માનું કલ્યાણ કરવાનાં સાધનો શોધ, તું તારે દેશ પાછો જા." આ સાંભળી કરણ નરમ પડી ગયો, પણ શરમથી કંઇ બોલી શક્યો નહિ. સતી આગળ ચાલી. સૌ એની સાથે ચાલ્યાં, લોકો પુષ્પ વૃષ્ટિ કરવા લાગ્યાં. વિમળા ચિતા પાસે આવતાંજ જે અંબે ! કરતી ચિતા પર ચઢી બેઠી. હાથમાં બળતો કાકડો લઇ ઇશ્વિર સ્તવન કરી અગ્નિ સંસ્કાર કરવા લાગી. જોસથી વાજીંત્રો વાગવા લાગ્યાં, ગુલાલ ઉડવાથી ડમરી ચડી રહી. લોકોનો શોરબકોર થઇ રહ્યો. તેમાં કોઇ કોઇનું બોલવું સમજી શકતાં નહોતાં, કે છેટે સૂઝતું નહોતું.

જેવી વિમળા અગ્નિ સળગાવવા તૈયાર થઇ, કે તેજ ક્ષણે કોઇ જોરાવર પુરૂષ ચિતા ઉપરથી જેમ વાઘ બકરીને ઉપાડી નાસે, તેમ ઉપાડી લઇ નાસી ગયો. ચેતવી રાખેલાં માણુસોએ તેને જવાનો માર્ગ આપ્યો અને પાછો પૂરી નાંખ્યો. પાસે ઉભેલાએ ચિતા અને ઝુંપડી સળગાવી દીધી. ચેતવેલાં માણુસો હોહા અને ધકા મૂકી કરવા લાગ્યાં. કેટલાકે ધુળની ભરેલી ટોપલીઓ ઉરાડી અંધકાર કરી મૂકયો તેથી કોઇને કઇ સૂઝતું નહોતું. માણુસોમાં નાશાનાશ થઇ રહી. વિમળાને કોઇ ઉપાડી ગયાના ખબર કરણુને થયા. તેણે ૪૨તા સ્વારો દોડાવ્યા. પણ કશો પત્તો લાગ્યો નહિ. અંધકાર થવા આવ્યો હતો. તેથી જંગલમાં રખડી રઝળી પાછા આવ્યા. કરણુ અફસોસમાં ગરકાવ થયો.

પેલા માણુસે વિમળાને થોડે દૂર લઇ જઇ એક ઘોડી પર બેસાડી, જેમ નસાય તેમ નાસવા માંડયું. આ બનાવથી વિમળા તો અપાર શોકમા ડુબી ગઈ. તેણે જાણ્યું જે હજુ કંઇ દુઃખ ઓછું રહ્યું હશે, તે આવી પડયું. તેથી મહા ગભરાટમાં પડી બેભાન થઇ ગઇ. પર્વતોની ખીણો ઓળંગી જંગલોમાં આવતાં, ચેતના આવી, ત્યારે તેણે ડોકું ફેરવી જોયુ, તો જે પોતાના પતિને મરેલો ધારતી હતી, તે વહાલા સ્વામી સુરપાળને જીવતો દીઠો. ઘોડી વેગમાં જતી હતી, તેથી વાત થઇ શકતી નહોતી. તે વિચારવા લાગી કે, હું જેને મુવેલો ધારતી હતી; તેને ભરવાડના વેષમાં કેમ દેખું છું ? અરે ! કરણુ જેવો બીજો કોઇ પાપી તો નહિ હોય ? એવી શંકા કરતી રડી પડી. એ જોઈ સુરપાળે કહ્યું:—પ્રાણુ પ્યારી ! તું જરા પણુ ડરીશ નહિ ? હું તારો સ્વામી સુરપાળ જીવતો છું. શત્રુ પાછળ આવવાનો ભય છે. માટે આપણે તરત નિર્ભય સ્થળે જઈ પહોંચીએ, પછી વિસ્તારી વાત કહી બતાવીશ. એમ કહી ધીરજ આપી. પર્વતો ઓળંગી કેટલાક ગાઉ અઘોર અરણ્યમાં ગુપ્ત સ્થળે આવી પહોંચ્યાં. ઘોડી થોભાવી પ્રિયાને નીચે ઉતારી. પોતાનો વેષ ઉતારી નાંખ્યો. વિમળાએ હવે પતિને બરાબર ઓળખ્યો ને હર્ષનાં આંસુ પાડી વળગી પડી. સુરપાળને પણુ હર્ષનાં આંસુ આવ્યાં. વિમળાને દુબળી પડી ગયેલી અને તેને વિતેલી વાત સાંભળી સુરપાળને દયા ઉત્પન્ન થઇ. પોતાને આવી સુનીતિવાન સ્ત્રી છે, એ જોઇ વિમળાને છાતીએ દાબી નેત્રમાંથી આંસુ પાડવા લાગ્યો. સેવકોએ ભોજન અને સ્નાન કરવાને ઉનું પાની તૈયાર કર્યું હતું. તેથી બંનેએ સ્નાન કર્યું, ભોજન કરતાં સતી થતી વખતે પુષ્પવૃષ્ટિ, ગુલાલ ઉરાડવાની, પાછળથી ધુળ ઉરાડવાની અને ધકામુકી કરવાની સર્વે ગોઠવણુ અગાઉથી ગુર્જર યોદ્ધાઓને ઉભા રાખી કરી રાખી હતી. રૂપસુંદરી પણુ જીવતી છે વગેરે સમાચાર આપ્યા. આ સાંભળી વિમળા ઘણી ખુશી થઈ.

આ પછી વિમળા પતી સાથે જંગલમાં સુખ દુઃખ ભોગવી રહેવા લાગી. સુરપાળને બહારવટાના કાર્યમાં ઉશ્કેરી હિંમત આપતી. સુરપાળે હુમલા કરી શત્રુ-

ઓનાં ઘણાં થાણાંઓનો નાશ કર્યો. એક દિવસે એક બાતમીદારે રૂપસુંદરીને પુત્ર જન્મ થયાના અને તેના સ્થળના ચોક્કસ ખબર આપ્યા. તેથી બંને ઘણાં ખુશી થયાં. રસ્તો ઘણો વિકટ અને ભય ભરેલો હતો, છતાં પણ વિમળા તે ભોગવીને પતી સાથે ત્યાં જવાને તૈયાર થઇ. બંને જુદા વેષે વનોડમાં આવ્યાં, ત્યાં રૂપસુંદરી અને બાળ રાજાનો મેળાપ થયો. તેથી સર્વના હર્ષનો પાર રહ્યો નહિ. સઘળાને ગુપ્ત રહેવાનું હતું. તેથી તેઓ એક ગુપ્ત સ્થળે ભેગાં થયાં. ત્યાં સર્વ હર્ષ શોકના આવેશમાં આવ્યાં, પણ કોઇ જાણી જાય, તેથી મન વશ રાખવા લાગ્યાં. વિમળા વનરાજને છાતીએ ચાંપી બોલીઃ—"મારા વનુડા ! હવે હું સંતોષથી મરીશ. પુત્ર તારૂં મુખ જોવાને હું તરસી હતી. મારા ભાઇનો વંશ રાખનાર પુત્ર ! તું અમર રહે. અરે ! પ્રભુ !" એટલા શબ્દથી વધારે બોલી શકી નહિ. નેત્રમાંથી હર્ષનાં આંસુ પડવા લાગ્યાં. સુરપાળ અને રૂપસુંદરી બંને ભાઈ બેનનું હૃદય પણ ભરાઇ આવ્યું, આકાશ સામી નજર કરી ઇશ્વિરનો ઉપકાર માન્યો; વિમળાને જંગલનું પાણી લાગ્યું હતું. તેથી તેનું શરીર દીવસે દીવસે ગળવા માંડયુ. ઘણા ઉપાય કર્યા; પણ એ સર્વ વૃથા જઇને તેનો પવિત્ર આત્મા ઇશ્વિરને શરણે ગયો. એ રીતે એ સાધ્વી પોતાનું પવિત્ર પતિવ્રત સાચવી અમર નામના રાખી ગઇ છે. ધન્ય વિમળા ! તારા જેવી સતી સ્ત્રીઓ દેશમાં ઘેરે ઘેર થાઓ ! !

વીર--સતીઓ.

સતી સંયુક્તા.

આ સાધ્વી કનોજના રાજા જયચંદ્ર રાઠોડની પુત્રી થાય. તેનો જન્મ ઇ. સ. ૧૧૭૦ માં થયો હતો. તે સર્વોત્તમ સૌંદર્યવાન, અસાધારણ ઉદારતાવાળી અને સદ્‌ગુણ સંપન્ન હતી. ચંદ કવિએ તેને કનોજની લક્ષ્મી કહીને વર્ણવી છે. દિલ્લીના પૃથ્વીરાજ ચોહાણ અને કનોજના જયચંદ્ર રાઠોડ વચ્ચે દ્વેષભાવ હતો. પૃથ્વીરાજે અશ્વમેધ યજ્ઞ કર્યો. એ જોઇ જયચંદ્રને ઘણો ખેદ ઉત્પન્ન થયો. તેથી તેણે વધારે મોટાઇ મેળવવાને રાજસૂય મહાયજ્ઞનો આરંભ કર્યો. એ યજ્ઞમાં પૃથ્વીરાજ આવ્યો નહોતો. તેને અપમાન કરવા તેની સોનાની મૂર્તિ કરી દ્વારપાળની જગ્યાએ રાખી. તેથી પૃથ્વીરાજને ઘણો ક્રોધ

ચડયો. તેણે કનોજ આવી જયચંદ્રને લડાઇ કરી હરાવ્યો. સંયુક્તાએ તે વખતે તેને જોયો હતો. તેના ગુણો, હિંમત અને વીરત્વનાં વખાણુ સાંભળી તે પોતાના પિતાનો વેરી હતો, છતાં એ દ્વેષ જરા પણુ નહિ લાવતાં, પોતાને યોગ્ય પતિ ધારી મનથી તે સાથે વરી ચૂકી હતી. યજ્ઞ થયા પછી કનોજની લક્ષ્મી સંયુક્તાનો સ્વયંવર કર્યો. સ્વયંવર મંડપમાં બાહુ બળથી શોભિત ઘણા ક્ષત્રિવીરો આવી બેઠા હતા. સંયુક્તા સ્વયંવરને લાયક પોષાક પહેરી; હાથમાં ફુલની વરમાળા લઇ ઘણી દાસીઓ સાથે ભર સભામાં આવી બેઠી. સમય થતાં ઉઠી કોઇ રાજા સામુ ન જોતાં, તરત હિંમત સાથે હર્ષથી પૃથ્વીરાજની સોનાની મૂર્ત્તિને ફૂલની વરમાળા પહેરાવી. જયચંદ્ર પોતાની કન્યાનું આવું કામ જોઇ ગભરાયો. રાજાઓ પણ આવી રૂપગુણવાળી કન્યા પોતાને નહિ વરવાથી કમ ભાગ્યવાળા સમજવા લાગ્યા. સંયુક્તાએ વરમાળા પહેરાવ્યાના ખબર પૃથ્વીરાજને થતાં, તે કનોજ આવી લડાઇ કરી સંયુક્તાને ઇ. સ. ૧૧૯૦ માં હરી ગયો. સંયુક્તાના ઉત્તમ ગુણોથી સ્વર્ગ સુખ પણ તે પાસે તુચ્છ હતું. તે પૃથ્વીરાજની પ્રિય ભાર્યા થઈ પડી. સંયુક્તા પતિવ્રતાના ધર્મ પ્રમાણે પતિસ્નેહમાં ગરકાવ રહીને સોભાગ્યપણું ભોગવતી હતી. પૃથ્વીરાજ એનાપર એટલો તો આશક્ત થયો હતો કે, તેની સાથે મોજમજામાં કાળ ગુજારતો હતો. જયારે શાહબુદીનગોરી ભરતખંડપર ચડી આવ્યો, ત્યારે સંયુક્તાએ પતિને પ્રેમ વચનો કહેવાં પડતાં મૂકી શૂરાતનના શબ્દો સભળાવી ઉશ્કેર્યો હતો કેઃ—" મારા પ્રીતમનો જય થાઓ, કીર્તિ વધો. ઓ ચોહાણુના સૂર્ય ! તમારા જેવો યશ કોણે મેળવ્યો છે ! અને તમારા જેવું સુખ કોણે ભોગવ્યું છે ! મરવું એતો માનવી અને દેવતા સર્વને સર્જિત છે. પણ ઉચ્ચ રીતે મરવું, એજ અમર રહેવું છે. તમો તમારી જાતનો વિચાર ન કરો, તમારી તલવારથી શત્રુઓને વચમાંથી કાપો, તમારા બેસવાનાં તેજસ્વી ઘોડાને શત્રના લોહીના પ્રવાહમાં તરતો કરો. તમારૂ ચતુરગ સૈન્ય " હર, હર, " ના ધ્વનીથી ચોતરફ ગાજી રહો. આ મોટા કામમાં મરણનો ભય કરશો નહિ, રણની જગ્યા ઉપર ભયંકર મૂર્ત્તિથી ડરશો નહિ અને ફરજથી વિમૂખ થશો નહિ. હિંમત, ઉઘમ અને યત્નની સાથે સ્વદેશ સ્વાધીનતાની રક્ષા કરજો. હું પરલોકમાં તમારી અર્દ્ધ ભાગિની થઈશ. " વીર રજપુતાણી સંયુક્તાના મૂખમાંથી આવાં શૌર્યનાં વચનો નીકળ્યાં, તે વચને તેજસ્વિ પૃથ્વીરાજના અંતઃકરણમાં પ્રવેશ કરી તેને ઉત્સાહી બનાવી દીધો. યુદ્ધમાં જવાની તૈયારી કરવા માંડી. ભારતનાં ઘણા વીર રાજાઓ આવી મળ્યા. સર્વ યુદ્ધની ગોઠવણ કરવા ભેગા થયા હતા. પૃથ્વીરાજ સંયુક્તાની સલાહ લેવા આવી બોલ્યોઃ—પ્યારી ! આમાં તારી શી સલાહ છે ? વગેરે ગોઠવણુ માટે પૂછ્યું. તે વખતે સંયુક્તા બોલીઃ—રાજન ! સ્ત્રીની વળી સલાહ કોણુ પૂછે છે ? જગત્ તો કહે છે કે સ્ત્રીની બુદ્ધિ પાનીએ—કદી તેઓ સાચેસાચી વાત કહે છે, તો તેનું કોઇ સાંભળતું નથી, તો પણ સ્ત્રી વિના

સંસાર કેવો છે? અમો શક્તિરૂપ છીએ, અમારામાં શિવનો જુસ્સો છે. અમે ચોર છીએ અને પવિત્ર તીર્થ પણ છીએ, અમે દુર્ગુણના પાત્ર છીએ, તેમ સદ્‌ગુણના પાત્ર પણ છીએ.અમે અજ્ઞાની છીએ, તેમ જ્ઞાની પણ છીએ, જ્ઞાની જોશી પુસ્તકો ઉપરથી ગ્રહોનો ગતિ માર્ગ જાણી શકે છે, પણ સ્ત્રીના પુસ્તકમાં તે અજાણ્યો છે, એ કાંઇ આજકાલનુ કહેવું નથી, પણ અસલથીજ કહેવાતું આવ્યું છે. અમારા પુસ્તનો કોઇએ પાર લીધો નથી. એટલા માટે તેઓ પોતાનું અજ્ઞાન છુપાવવાને બોલે છે કે, સ્ત્રીઓમાં બુદ્ધિ નથી, એટલું છતાં પણ સ્ત્રીઓજ તમારા સુખ દુઃખની ભાગિયણ થાય છે. જ્યારે તમે સૂર્ય લોકમાં જાઓ છો, ત્યારે પણ અમે જુદાં નહિ પડતાં સાથે આવીએ છીએ. ભૂખ, તરસ વગેરેમાં અમે તમારી સાથે રાજી રહીએ છીએ, અમે સરોવર છીએ અને તમે હંસ છો. જ્યારે તમે અમારી છાતી થકી આઘા રહો છો, ત્યારે તમારી અવસ્થા કેવી થાય છે!" વગેરે, વગેરે, ઘણાં વચનો કહ્યાં.

આ પછી **સંયુક્તાએ પૃથ્વીરાજને** લડાઇની ગોઠવણ વગેરે કરવાનું ઘણું કહી વિદાય કર્યો. સૈન્ય તૈયાર થઇ ચાલ્યુ. વીર રજપુતો પોતાનાં તન, મન, ધન, અર્પણ કરી "**હર, હર**" ના ધ્વનીથી પૃથ્વી ગજાવી મૂકી ચાલ્યા. **પૃથ્વીરાજ** સેનાપતિ થયો. તિરોડી ક્ષેત્રમાં મહા ભયંકર યુદ્ધ થયું. ક્ષત્રિવીરોના બળથી યવન **શાહબુદ્દીન** હારી નાશી ગયો. તેના નિશાન, વાવટા, અને હથિયાર **પૃથ્વીરાજે** હાથ કર્યા અને સર્વ પ્રકારે જય મેળવ્યો. એ વર્ષ પછી ફરી **શાહાબુદ્દીનગોરી** ચડી આવ્યો, આ વખતે પણ ઘણા ક્ષત્રિવીરો આવી મળ્યા. **સયુક્તાએ** પોતાના પતિને તરત શત્રુ સામે જવા ઉશ્કેર્યો. ઉતાવળથી પોતાને હાથે પતિને પોશાક પહેરાવ્યો, કવચથી શરીર બરાબર ઢાંક્યુ, કમરપર તલવાર લટકાવવા લાગી, તેવામાં તેના અંતઃકરણમાં અમંગળની આશંકા આવી ગઇ. વ્યાકુળ થઇ એકદમ કપાળપરથી પરશેવો છાતીપર પડ્યો, તો પણ **પૃથ્વીરાજને** હિંમત આપી વિદાય કર્યો, **સંયુક્તાએ** પ્યારના ઉભરામાં થોડીવાર **પૃથ્વીરાજને** નિહાળી જોયા કર્યો હતો. આ વખતે તેણે "નિયમ" લીધો કેઃ—"ફરી **પૃથ્વીરાજનું** મૂખ જોઇશ. ત્યાં સુધી હું પાણી પીને જીવીશ." એજ પ્રમાણે રહી હતી, તે લાંબો નિશ્વાસ નાંખી બોલી હતી કેઃ—"અરે! હવે હું મારા પ્યારાને આ યોગિનીપુર (દિલ્હી) માં નહિ મળતાં સ્વર્ગમાં મળીશ, એવું જણાય છે." તેની આ અશુભ આશંકા ખરી પડી. **પૃથ્વીરાજ** મરાયાના અશુભ સમાચાર આવતાં, **સંયુક્તા** તરત પતિના શબને મેળવીને સાથે બળી ભસ્મ થઈ ગઇ. ખરેખર સંયુક્તા દેવી જેવી હતી. **સીતા, સાવિત્રિ** અને **દમયંતી** વગેરે પવિત્ર સતી સ્ત્રીઓની હારમાં ગણવા યોગ્ય ગુણોવાળી હતી, એ વિગેરેથી તેની જગતમાં અક્ષય કીર્તિ રહી ગઈ છે.

વિદુલા.

આ વીર માતાનો જન્મ શાશ્વત વંશમાં થયો હતો. એ કુળના માણસો જીવ જાય તોપણ શત્રુથી બીને પાછી પાની કરે એવા નહોતા. એવા ઉત્તમ કુળમાં તેનો જન્મ થયો હતો. તેનો વિવાહ સૌવીર રાજા સાથે કર્યો હતો. તે પતિવ્રતા અને ધાર્મિક હતી. સૌવીર ભરતખંડનું પ્રાચીન એક મહાન રાજ્ય મારવાડની દક્ષિણમાં હતું, સૌવીર રાજા ગુજરી જતાં રાજ્યની વ્યવસ્થા તુટી ગઈ હતી. વિદુલા પતિ વગરની થઇ હતી, તેના કુંવર સંજયના હાથમાં રાજ્ય ચલાવવાનું આવ્યું હતું. પરંતુ બાળરાજા રાજનીતિ શું જાણે? યુદ્ધનીતિની સમજણ ક્યાંથી હોય? તેથી રાજ્ય વિખાવા માંડયું, પ્રજા પ્રબળ થઈ, દુષ્ટો દુર્બળને દુઃખ દેવા લાગ્યા, તે વખતે સિંધુ રાજ્ય જોરપર હતું. તેણે જુવાન સંજયના હાથમાં રાજ્ય નિયમ વિનાનું જોયું. તે રાજ્યનું બરાબર રક્ષણ કરી ન શકતાં ભોગવિલાસમાં મચેલો હતો રાજ્યની આવી સ્થિતિ જોઇ સૈંધવોએ એ રાજ્ય લેવા ચઢાઇ કરી. આ ભયાનક રેલના ખબર વિદુલાને થયા, તે એકદમ ગભરાઈ ગઈ. પુત્રની પડતી થવાને વાર નથી, એવું વિદુલા જોઇ શકી નહીં. પોતે શાસ્ત્ર સંપન્ન, ચતુર, વીર અને હુશિઆર હતી. તેથી ધીરજ પકડી પુત્રને જ્ઞાનવાન કરવાનો પ્રયત્ન કર્યો. તેણે જાણ્યું કે આ આવેલો લાગ છોડી દેવાશે, તો ફરી મળવો મુસ્કેલ છે, એવું વિચારી માતા તરીકેની ફરજ બજાવવા તૈયાર થઇ. વિદુલા ખરેખરી દેવી જેવી હતી. તેનું અંતઃકરણ ઘણુંજ તેજસ્વી હતું. તે સમજતી હતી કે "મહત્વ કરતાં પ્રાણ મોટો નથી" તેણે સંજયને બોલાવી કહ્યુંઃ–"પુત્ર સંજય ! શત્રુના આગળ હીનતા સ્વીકારીશ ના, પગથી કચરાતા કીડા હીનતા સ્વીકારે છે, પરંતુ પગથી કચરાતાં મનુષ્યના નામને યોગ્ય નથી. આપણે ક્ષત્રિ છીએ. પ્રસિદ્ધ ગણાતા શાશ્વત વંશમાં આપણો જન્મ થયો છે. આપણા કુળે કદી શત્રુની આગળ હીનતા સ્વીકારી નથી. તું હીનતા સ્વીકારીને નિષ્કલંકને કલંકનો ડાઘ લગાડીશ નહિ, તું પુરૂષ છે, તો પુરૂષત્વ દેખાડીને પુરૂષના નામને યોગ્ય થા. જગતમાં મનુષ્ય નામ પુષ્કળ છે. પરંતુ પુત્ર ! મહત્વ કેટલા જણનું છે ? જગતમાં ઘણા માણસોએ જન્મ લીધો છે; પરંતુ તેમાં કેટલા જણનાં નામ અમર છે ? જેઓનું નામ નથી. તેઓ શું મનુષ્ય છે? કદી નહિ. મરવાથી પશુ પક્ષીનું નામ રહેતું નથી, કીટ પતંગના જન્મનો ઉલ્લેખ થતો નથી. પુત્ર તું મનુષ્ય છે, મનુષ્યનું નામ રાખવાને યત્નવાન થા. હવે નિશ્ચિંત રહીશ નહિ, જલદીથી લશ્કરની સાથે લડવા જા! તું દેવ નામથી પૂજાઇશ. હજી પણ તું રાજા છે. પરંતુ સંજય! બે દિવસ પછી તું રાજા નામ ક્યાં મેળવીશ!"

વિદુલાનાં આવાં વચનથી સંજયને અસર થઈ, તે તરત લડવાને તૈયાર થયો, પણ હજુ જોઇએ તેવી અસર થઇ નહોતી. તે રણક્ષેત્રમાં ગયો, ત્યાં લડાઇ શરૂ થઇ. મનુષ્યનું મન સ્થિર થવું મુશ્કેલ છે, તે જુદે જુદે માર્ગે ભમે છે, જેણે પોતાના મનને સ્વાધીન રાખેલું છે તેને ધન્ય છે! તેને આ જગતમાં કંઇજ અસાધ્ય નથી. સંજય માતાના કહેવાથી યુદ્ધમાં ગયો, પણ જય મળવાનો વિશ્વાસ નહોતો. વિશ્વાસમાં બળ જોઇએ ત્યારેજ ઈચ્છિત સિદ્ધ થાય છે. લડાઇમાં સગાંવહાલાંનાં મૃત્યુ તથા લોહીના પ્રવાહો ચાલ્યા જતા હતા, તે જોઇ સંજયના મનમાં ભય ઉત્પન્ન થયો. તે જીવનના ભયથી રણક્ષેત્રમાંથી નાશી ગયો. તેથી શત્રુ સૈન્યે લૂટ ચલાવી, તેથી આખું સૌવીર કંપાયમાન થઈ રોવા લાગ્યું. સંજય ઘરમાં આવી પોતાની મા ન જાણે તેમ સૂવાના ઓરડાનાં જઈ સૂતો. નશીબમાં હશે તેમ થશે, એવું વિચારી નિશ્ચિંત રહ્યો. સૌવીર ધન માલથી ભરપૂર હતું. તે આજ લૂટાઈ ગયુ, "પ્રાણ શા વાસ્તે છે? જે પ્રાણ પોતાની માતાની રક્ષા કરવાને શક્તિમાન નથી, તે પ્રાણની વળી કીંમત શી? કીંમત વગરનું જીવન રાખવાની જરૂર શી છે? પ્રયોજન કંઈ નથી" એ હૃદય કોનું? એ તો સંજયની મા વિદુલાનું. તે સંજયને નાશી આવ્યાના ખબર જાણી બુદ્ધિમતી માતાએ ક્રોધાયમાન ન થતાં થયેલા બનાવનો અફસોસ નહિ કરતાં, વિચાર્યું કે હવે વખત ગયો છે, પણ હજુ થઇ શકે એવું છે. થોડી મહેનતે થાત તે હવે વધારે મહેનતે થશે; એવું જાણી નિશ્ચિંત રહી નહિ. મહેનત આગળ કાર્ય થવું એ કંઈ મોટી વાત નથી. વિદુલા નહિ ગભરાતાં બમણા ઉત્સાહથી કાર્ય પાર પાડવા તત્પર થઈ, તેણે બુદ્ધિબળથી સામા પક્ષનાને મારવા ઉપાય શોધ્યા. સંજયને પાછા યુદ્ધમાં મોકલવાની તજવીજ કરવા લાગી. સંજય દુઃખ પામતો આમ તેમ આળોટતો હતો, આવી તેની દુર્દશા રાજ્ય માતા વિદુલા શી રીતે જોઇ શકે? તેનું હૃદય સ્વાધીનતામય હતું. તે પરાધીનતાને ધિક્કારતી હતી. "મારૂં જીવન શું બીજાની ગુલામગિરી કરશે? હમેશાં શું પારકાની પદસેવામાં રહે? એના કરતાં મરવું હજાર દરજ્જે સારૂ છે! હું કોઇની આગળ નમીશ નહિ, પણ બીજાને નમાવીશ. હુ કોઈની પાસે ભિખ માગીશ નહિ, પણ બીજાને ભિક્ષા આપીશ. કીર્તિની વૃદ્ધિ કરીશ, પરંતુ તેનો વિલોપ કરીશ નહિ." એવી વિદુલાની લાગણી જન્મથીજ હતી. તેને સંજય એકજ પુત્ર હતો. પરંતુ તેને શત્રુભયથી છુપાએલો કેમ જોઈ શકે? તેણે સંજયને બોલાવી કહ્યું:—પુત્ર! તું શત્રુના હર્ષમાં વધારો કરીશ નહિ. આજ આપણું રાજ્ય શત્રુઓએ જીત્યું છે. કાલે તારે રસ્તાના ભિખારી થવું પડશે, માટે ભયથી હાથમાંની સંપત્તિ શા માટે ખુએ છે? અગ્નિને બાળવાની શક્તિ છે, આખી પૃથ્વી અગ્નિ દાહથી રાખ થઇ શકે છે, પરંતુ તેથી શું અગ્નિ વ્યવહાર છોડી દેવાશે? શત્રુઓ ગમે તેવા જોરાવર હોય, તેઓને હરાવવા અઘરૂં હોય, પણ તેથી એકદમ ભયભિત થઇ જવું ઘટીત છે? પુત્ર! આવતા ભયથી ભયભિત

થઇશ નહિ. અગાઉથી બીહી જવાથી મનુષ્યને જીવવું અઘરૂં થઇ પડે છે. પુત્ર ! એકવાર જીવનની આશા છોડીને શત્રુના હાથથી મરીશ અગર મારીશ, આ મંત્રની સાધનામાં લાગ ! હવે વિલંબ કરીશ નહિ. પુત્ર ! દેશનું રક્ષણ કરવામાં પ્રાણની દરકાર ન કર, તુચ્છ પ્રાણની માયાને લીધે કર્તવ્ય કર્મ છોડીશ નહિ." આ પ્રમાણે કહેવાથી સંજયને કંઇ અસર થઇ નહિ. તેણે માતાના પગમાં પડી ક્ષમા કરવા કહ્યુ:—"મા ! મારૂં શરીર શત્રુના બાણથી વિંધાઇ ગયું છે, શરીર જખમી થયું છે, પ્રાણ જવાની તૈયારીમાં છે, આ વખતે લડાઇમાં જઇશ તો પાછો તમને મળીશ નહિ. તમને પુત્ર વહાલો છે કે રાજ્ય ! મા ! રાજ્ય વહાલું હોય તો પણ હું આ વખતે લડાઇમાં જઇ શકતો નથી. હું આપને શરણે છું. પુત્ર જાણીને માતાની પ્રમાણે આ વખતે મારા ઉપર કૃપા કરો." પુત્રનાં આવાં વચનથી ગમે તેવી તેજસ્વિની માતા હોય તોપણ તેનું મન પીગળી જઇ દુઃખી થયા વગર રહે નહિ, પણ વિદુલાને કંઇ અસર થઇ નહિ. તેણે પુત્રનું મન ફેરવવા પ્રયત્ન આદરી કહ્યું:-"સંજય ! પુત્ર સ્નેહ પ્રબળ છે ખરો, પણ કર્તવ્યની પાસે નથી, હું જેમ પુત્ર સ્નેહને સમજું છું. તેમ કર્તવ્યને પણ જાણું છું. કાલે તું ખાવાના અભાવે બીજાનું દાસત્વ કરે, એ મારો પ્રાણ છે, ત્યાં સુધી હું એ જોવાને ઇચ્છતી નથી. તું સૌવીર વંશમાં કાયરપણું દર્શાવે, તો મને લોકો માનવી ન કહેતાં પશુ કહીને બોલાવશે, તે હું જોઇ શકીશ નહિ. તું યત્ન કરીશ તો તારા મનોર્થો સફળ થશે. આ જગતમાં મહેનત આગળ કાંઇ અસાધ્ય નથી, મહેનતથી શ્રી રામચંદ્રજીએ વાંદરાઓની સહાયતાથી ઉછળતા સમુદ્રમાં પૂલ બાંધ્યો. મહેનતથી શ્રી પરશુરામે એકવીસવાર પૃથ્વી નક્ષત્રિ કરી ભારત કપાયમાન કર્યું. પુત્ર તું શા માટે ડરે છે ? દેહ, પ્રાણ, બે હાથનું બળ, અને લશ્કરની મદદ એ સઘળું હોવા છતાં તું કેમ બેશી રહ્યો છે ? આ વખતે બેસી રહેવું એ ક્ષત્રિનું કામ નથી, પણ પશુનું કામ છે. મોટા લોક કદી "**नहि**" બોલતાં નથી. તું શા માટે "**नहि**" બોલી કલંકિત થાય છે. પુત્ર ! ઉદ્યમ કર ! લડાઇમાંજ જીવ આપવાને તૈયાર થા ! આ દેહ હમેશાં રહેવાનો નથી, આજ રક્ષા કરવામાં આવશે તો બે રોજ પછી પણ આ દેહ પડવાનો છેજ. પુત્ર લડાઇમાં મરવાથી દેવત્વ મળે છે. નહિ તો નર્કમાં કીડાનો અવતાર લેવો પડે છે. પુત્ર ! આ દેખાવરૂપ જગતમાં કોઇ કોઇનું નથી, એકલો આવ્યો છે અને એકલું જવું પડશે, માટે હાલજ લડાઇમાં જીવ આપવાને તૈયાર થા—" આહા ! વીર માતાનાં કેવાં વચનો ! !

માતા વિદુલાનાં આવાં વચનથી કોનું હૃદય સ્થિર રહી શકે ? કયો કાયર પુરૂષ સ્નેહથી ભરપુર માતાનાં વચનથી તૈયાર ન થાય ? સંજયનું આળસ ઉડી ગયું. તેણે જાણ્યું કે, "**कीर्तिज मनुष्यनुं मनुष्यत्व छे.**" તેથી તેણે માને કહ્યું:-"મારા પ્રાણ જાય તો પણ ભલે, પરંતુ તમારૂં વચન હવે ઉલ્લંઘન કરીશ નહિ"

એ પ્રમાણે બોલી મા પાસેથી રજા લીધી. " પુત્ર ! જો તું પ્રાણુની દરકાર કરીશ નહિ તો જરૂર તારા મનોરથ સફળ થશે. " એમ કહી રજા આપી. સંજયને યુદ્ધમાં આવેલો જોઈ લશ્કરમાં નવું જીવન આવ્યું. તેમાં ઘણોજ આનંદ વ્યાપી રહ્યો. હીંમતથી લડતાં સૈંધવોને બીક લાગી. ભયજ સર્વ ભસ્મ કરે છે. એકવાર ભય થયો, તે કાર્ય પાર પાડવું મુસ્કેલ થઈ પડે છે. સૈંધવો નહિ લડતાં તરત નાશી ગયા. તેથી સંજયનો જય થયો. તે પેલીપાર કાળું મુખ લઈ આવ્યો હતો, પણ આ બીજીવાર હસ્તું આનંદી મુખ લઇ માતાને ચરણે પડયો. માતાએ હર્ષભેર વધાવી લઈ શાબાશી આપી. ઉદ્યમે ફતેહ કરાવી. નશીબમાં હશે તે થશે, એ તેનો વિચાર ખોટો પડયો. તે સમજ્યો કે નસીબ આળસુઓને આલસ્ય દેખાડવાનું છળ છે, પાપીને પાપકર્મ કરવાનો રસ્તો છે, અને પડતીનુ મૂળ છે. ઉદ્યમથીજ સર્વ કાર્ય સિદ્ધ થાય છે. ઉદ્યમ કર્યાથીજ સૌવીરનું રાજ્ય શાંતિને પામ્યું. આ બધો વીરમાતા વિદુલાનોજ પ્રતાપ. અહા ! ધન્ય છે આવી માતાને ! ! કે જેણે પુત્ર પ્રત્યે માતા તરીકેનો પોતાનો ખરો ધર્મ બજાવ્યો.

કર્મદેવી.

આ મહા શક્તિરૂપી કર્મદેવી મેવાડના અધિપતિ પરાક્રમી રાજા સમરસિંહની પતિવ્રતા પત્ની હતી. પતિવ્રતાના ધર્મ પ્રમાણે પતિને સલાહ અને સહાયતા આપતી. પરસ્પર ઘણો પ્રેમ હતો. તે કદિ પણ પતિની આજ્ઞા વિરૂદ્ધ વર્ત્તતી નહિ. સતસમાગમ અને ધર્મદાન કરતી. શાસ્ત્ર વાંચવા અને સાંભળવા ઉપર ઘણી પ્રીતિ હતી. સ્વધર્મ ઉપર ઘણો ભાવ હતો. તે કદિ અપમાન સહન કરી શકતી નહિ. સ્વદેશરક્ષા માટે દિલ્હીપતિ પૃથ્વીરાજે તથા મેવાડના પરાક્રમી રાજા સમરસિંહે અફઘાનોને ભરતખંડમાંથી કાઢી મૂકવાને શાહબુદ્દીન ગોરી સાથે ઈ. સ. ૧૧૯૩ માં લડાઇ કરી. તેમાં આ વખતે યોદ્ધાઓ ફતેહ નહિ પામતાં મરાયા. આથી યવનોએ જોરપર આવી દિલ્હી કબજે કરી. મહાવીર પુરૂષ સમરસિંહ મરી ગયાથી આખો દેશ શોકસાગરમાં ડુબી અંધકારમાં પડયો હતો. તેવા સમયમાં શાહબુદ્દીન રજપુતાનામાં ચડી આવ્યો. દરેક સ્થળે લોહીના પ્રવાહો વહેવા લાગ્યા. દરેક જગ્યા પરધર્મિઓની ચડાઇથી પાયમાલ થઇ ગઈ. તેજ, પતિવ્રત, અને સ્વાધીનતા વગેરેનું આશ્રય સ્થળ નાશ પામવા લાગ્યું. પવિત્ર ભૂમિ પરધર્મિઓના જુલમથી સ્મશાન તુલ્ય બનવા લાગી. આવી દુઃખદ સ્થિતિની વખતે એકદમ એકાએક વીર્યભૂમિ વીરપણામાં આવી ગઇ. મેવાડ

પોતાની આબરૂ રાખવાને નવા ઉત્સાહથી બહાર પડયું. વિધવા મહારાણીએ પોતાનો પ્રિયપતિ સમરસિંહ ગુજરી ગયા પછી પોતાનો નાનો પુત્ર મેવાડની ગાદી-પર બેસાડયો હતો, તે નાની ઉમરમાં યવનોના જુલમ નીચે કચરાશે; શત્રુઓ સહેલાઇથી આ મનરંજન ફુલકળીને ચાંપી દેશે; એવું તેને જણાયું. એ તેને ઠીક લાગ્યું નહિ. તેથી એ મહા શક્તિરૂપિણી યુવતી કર્મદેવી સ્વામીના ધર્મની રક્ષા માટે વીરસાજ સજી તૈયાર થઇ, શરીરપર કવચ ધારણ કર્યું, અને હાથમાં સુતીક્ષ્ણ ખડ્ગ લઈ, વીર્યવતી વીરાંગના દેશમાંથી યવનોને હાંકી કાઢવાને તૈયાર થઇ. ઘણા વીર રજપૂતો યુદ્ધક્ષેત્રમાં આવી મળ્યા.

શાહબુદ્દીનના પુત્ર કુતબુદ્દીનને વીરયુવતી કર્મદેવીએ ઘેરી લીધો. લડાઇમાં વીર અબળાએ પોતાનું વીરત્વ બતાવવા માંડયું. જેમ સિંહવાહની દેવી ત્રિશૂળથી શત્રુઓને સંહારવા માંડે, તેમ કર્મદેવી દેવીરૂપ ધારણ કરી અશ્વપર ચઢી, આગળ વધી સ્વસૈન્યને લલકારી હીંમત આપવા લાગી. ખડ્ગથી શત્રુદળને કાપવા માંડયું. તેથી યવન સૈન્ય ઘણું કપાઇ ગયું. તેઓ હીંમત વગરના થયા. કુતબુદ્દીન કર્મદે-વીની આવી ભયંકર ભૈરવી મૂર્ત્તિ જોઇને સ્થિર થઇ ઉભો રહ્યો. તેને જયની આશા ઉડી ગઇ. હોંસકોસ જતા રહ્યા. સૈન્ય નાશાનાશ કરવા લાગ્યું, પોતે જખમી થયો. તેથી એકદમ યુદ્ધક્ષેત્રમાંથી પાછું વાળી ન જોતાં જીવ લઇને નાઠો. વીરવી-રાંગના કર્મદેવીએ શત્રુઓને કાપી જય મેળવીને મેવાડની કીર્તિની રક્ષા કરી. તેનું અધિક તેજ પ્રકાશવા લાગ્યું. એ રીતે એ વીરઅબળા મેવાડની સ્વાધીનતા સાચવી જગતમાં અમરકીર્તિ રાખી ગઇ છે.

કળાવતી.

આ તેજસ્વિની પતિપ્રાણા સ્ત્રી રજપૂતાનાના એક નાના રાજ્યના રાજા કરણસિંહની રાણી હતી. આ રાજ્યપર દિલ્લીપતિ યવન બાદ-શાહ અલ્લાઉદ્દીને ચડાઇ મોકલી, ત્યારે આ રાજા પોતાના વીરધર્મની રક્ષા કરવા તૈયાર થયો, તે સાથે કળાવતી પણ યુદ્ધ પોશાક સજી ગઇ હતી. સામ સામે જબરૂં યુદ્ધ મચ્યું, તેમાં કળાવતીએ કરણસિંહને પડખેને પડખે રહી ઘણી સહાયતા આપી. યુદ્ધ ચાલતું હતું, તેમાં શત્રુનો એક માણસ કરણસિંહપર ઓચિંતો ધસારો કરી આવ્યો. તેની કરણસિંહને ખબર નહોતી, પણ કળાવતીની નજર તેપર પડી, તે જેવો તલવાર ઉગામી ધસી આવ્યો કે, કળાવતીએ તેને પાછળથી એવો તો સખત ઘા માર્યો કે, એજ ક્ષણે મરણ પામ્યો. એ રીતે તેણે પતિને બચાવી લીધો; કર-

ણુસિંહે તથા કળાવતીએ પોતાના બાહુબળથી શત્રુનાં ઘણાં માણસો કાપી નાંખ્યાં. શત્રુએ પણ જુસ્સામાં આવી લડયા. સામસામે ઘણી ઝપાઝપી ચાલી, તેમાં કરણુસિંહને તલવારનો એક સખત ઘા વાગ્યો. આ જોઇ વીરયુવતી ક્રોધાવેશમાં ભયંકર મૂર્તિ ધારણ કરી બહાદુરીથી લડવા લાગી. આ જોઇ શત્રુએ નરમ પડી ગયા. તેનું સૈન્ય ઘણું મરાઇ ગયું હતું. તેથી યવનો હારી ભય પામી નાશી ગયા. એ રીતે જય મેળવી કરણુસિંહ તથા વીર્ય યુવતી કળાવતી રાજધાનીમાં આવ્યાં. કરણુસિંહને ઘામાં ઘણી પીડા વધવા લાગી, તેથી હુશિઆર વૈદોને બોલાવ્યા. તે ઘા જોઈ વૈદે કહ્યું કે, આ ઝેર પાયેલી તલવારનો ઘા છે, માટે એમાંનું ઝેર ચૂસી લીધા વગર રૂઝાય એમ નથી, ન રૂઝાય તો તેમને બચવાની આશા નથી, આવો અભિપ્રાય આપ્યો. પણ આ ઝેર એવું હતું, કે ચૂસનારનું મરણ થાય. તેથી કરણુસિંહ પોતાના બચાવ ખાતર બીજાનો પ્રાણ ખોવાને ખુશી નહોતો. કળાવતી પોતાના પતિનું આ દુઃખ જોઈ શકી નહિ. તેના કોમળ હૃદયમાં મોટો ધારકો પડયો. જ્યારે કરણુસિંહ નિદ્રાવશ થયો, ત્યારે આ પતિપ્રાણા સ્ત્રી પતિનો જીવ બચાવી, પોતાનો જીવ ખોવાને તૈયાર થઇ. કરણુસિંહને ખબર ન પડે, તેમ ઘામાંથી બધું ઝેર ચૂસી લીધુ. તેથી અંતે કરણુસિંહ બચ્યો પણ કળાવતી મરણ પામી. આ જોઈ કરણુસિહ ઘણો શોકાતુર થયો. તેણે ફરીથી નહિ પરણતાં પત્ની શોકમાંજ આખી જીદગી કાઢી અવતાર પૂરો કર્યો. ધન્ય છે આવાં પ્રેમી પતિ પત્નીને ! ! !

દુર્ગાવતી.

આ ચંદન નામના મહારાજાની કન્યા અને ગંડમંડળના રાજાની પતિવ્રતા રાણી હતી. તેના રૂપ લાવણ્યતાની સમાન એ વખતે કોઇ પણ સ્ત્રી નહિ હશે, એવી તેની તેજસ્વિી કાંતિ હતી. જેવું તેનું રૂપ હતું, તેવીજ તે બુદ્ધિવાન, હીંમતવાન, શૂરવીર અને પતિવ્રતા હતી. નિત્ય પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી પતિને સુખ આપવા કાળજી રાખતી હતી. પતિ સહવાસે કેટલાંક વર્ષ સુખ ભોગવ્યા પછી વિધવા થઇ હતી. પોતાનો અઢાર વર્ષની નાની વયનો કુંવર વીરવલ્લભ ગાદીપર હતો. પોતે રાજ્યનીતિમાં કુશળ હતી. તેથી સારી રીતે રાજ્ય ચલાવી પ્રજાને ખુશી રાખતી હતી. પ્રજા તેને રક્ષાકર્ત્રી દેવી સમજી શ્રદ્ધા અને ભક્તિ બતાવી ચાહતી હતી. ગંડમંડળ નર્મદાના કિનારાપર જબલપુર પાસે આવેલું છે. એ રાજ્યે પોતાની આબરૂ અને સ્વાધીનતા સાચવી રાખી હતી. હિંદુસ્તાનમાં અકબર બાદશાહ હતો, તેણે રાજ્યોને તાબે કરવાનો પ્રયત્ન કર્યો

હતો, પણ મેવાડનો રાજા જગત્ પ્રસિદ્ધ પ્રતાપસિંહ અને દુર્ગાવતી એ બે તાબે થયાં નહોતાં. તેથી અકબરે ઇ. સ. ૧૫૬૪ માં ગંડમંડલપર તુંડ મિજાજી આસફખાં સેનાપતિને છ હજાર ઘોડેસ્વાર અને બાર હજાર પેદલ લશ્કર લઇ મોકલ્યો. તે આ રાજ્યની સમૃદ્ધિથી મોહીત થઇને તેને હાથ કરી લેવા આવ્યો. તેના સૈન્યનો જુસ્સો જોઇ ગંડમંડલ ખળભળી રહ્યું; પરંતુ વીર તેજસ્વિની બહાદુર દુર્ગાવતીના હૃદયમાં કંઇ પણ ભય ઉત્પન્ન થયો નહિ. તે આઠ હજાર ઘોડેસ્વાર, દોઢ હજાર હાથી અને ઘણું પેદળ સૈન્ય લઇ હીંમતથી લડવા તૈયાર થઇ. પોતે માથે રાજ મુગટ ધારણ કર્યો. શરીરે બખ્તર પહેર્યું. એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ધનુષ બાણ લઇ, લડાઇના પોશાકમાં હાથીપર સ્વાર થઇ યુદ્ધક્ષેત્રમાં આવી. તેનો અઢાર વર્ષનો કુંવર વીરવલ્લભ પણ શસ્ત્ર સજી યુદ્ધમાં શત્રુ સામે આવી ઉભો. મહાદારૂણ યુદ્ધ ચાલ્યું. આ વખતે દુર્ગાવતીની ભયંકર મૂર્ત્તિ સાક્ષાત્ શક્તિ સ્વરૂપ સિંહવાહિની ચંડિકા—દુર્ગાદેવીના જેવી ભયંકર દીસતી હતી. તે ગંભીર અવાજથી લલકારી સૈન્યને હીંમત અને ઉત્સાહ આપવા લાગી. વીર મહિલાનાં વીર વચનો સાંભળી સૈન્ય ઉલટમાં આવીને પૃથ્વીને ભયંકર ગર્જનાથી ગજાવી મૂકી, શત્રુ સંહારવા માંડયું. વીરનારી દુર્ગાવતીની આવી બહાદુરી જોઇ મુસલમાનો ચકિત થયા. તેના હોંસકોસ ઉડી ગયા. કામ પાર પાડવાનુ જે શૂરાતન તેનામાં હતું, તે જતું રહી નરમ પાણી જેવા થઇ ગયા. દુર્ગાવતીએ તેમને મોટા પરાક્રમથી બેવાર ઘેરી લઇ હરાવ્યા. શત્રુના છસો ઘોડેસ્વાર કાપી નાખ્યા. તેથી તેઓ ભય પામી નાશી ગયા. આસફખાં મોટું અપમાન પામ્યો. તેણે ઘણે ઠેકાણે જય મેળવ્યો હતો. તે આજે વીર્યવાન દુર્ગાવતીના બાહુબળથી તેજ અને હીંમત વગરનો થઇ કંપવા લાગ્યો. દુર્ગાવતી તેની પાછળ થઇ, તેમ શત્રુઓએ જોસથી નાસવા માંડયું. સાંજ પડી જતાં શત્રુપર હલ્લો ન કરવો, પણ થોડી વિશ્રાંતિ લઇ શત્રુપર તૂટી પડવું. આવો વિચાર સૈનિક પુરૂષોએ દુર્ગાવતીને જણાવ્યો. તેથી તે જરા ચીંતાવાન થઇ; કેમકે આ વખતે એમજ રહી હલ્લો કર્યો હોત, તો શત્રુનું સૈન્ય થોડું પણ જવા પામે નહિ, પણ સર્વાનુમતે તેમ કરવું તેણે કબુલ કર્યું. સૈન્ય થોડો વિસામો લેવાને બદલે શાંતિથી નિદ્રાવશ થયુ, આસફખાં આવો લાગ જોઇ તેનાપર હલ્લો લાવ્યો. આમ ઓચીંતો હલ્લો આવવાથી દુર્ગાવતી ડરી નહિ. તે પોતાનું સૈન્ય પહાડની એક સાંકડી તળેટીમાં લઇ જઇ ઉભી રહી તેનાપર તોપનો મારો ચલાવ્યો. અહીં સામસામે ભારે લડાઇ મચી. આ વખતે બાળકુંવર વીરવલ્લભ અતુલ બળ દેખાડી ઘણા આવેશથી શત્રુ સામે લડયો. શત્રુઓ આ બાળકનું શૌર્ય જોઇ છક થઈ ગયા. પણ તે શત્રુના ઘણા હુમલાથી જખમી થયો. દુર્ગાવતીએ એ જોઈ નહિ ખસતાં પોતાના પ્યારા કુંવરની આસનાવાસના કરવાને તેને લડાઇની જગ્યોથી દૂર મોકલી દઇ, પોતે મોટી ગર્જના કરતી આઘાત જુસ્સાથી લડવા લાગી; તેમનું કેટલુંક સૈન્ય કાપી નાંખ્યું. તેવામાં

તેને બે ત્રણ તીર શત્રુ તરફથી વાગ્યાં, તોપણ નહિ ગભરાતાં, તે વીરધર્મ તજી શત્રુને તાબે નહિ થતાં, વીરધર્મની રક્ષા માટે પોતાનો પ્રાણ જતાં સુધી લડવાનો નિશ્ચય કર્યો. જખમી થયેલા ઘામાંથી લોહી વહેવા લાગ્યુ હતું. શરીર અસ્થિર થઇ ગયું હતું, તેજ ક્ષિણ થવા લાગ્યું. પોતે વિચાર્યું કે હવે હું બચીશ નહિ ? ત્યારે એક નોકરની સુતીક્ષ્ણ તરવાર લઇ પોતાના શરીરમાં મારી પ્રાણ ત્યાગ કર્યો. એ રીતે વીરવીરાંગના યુદ્ધમાં બહાદુરી બતાવી અખંડ નામ રાખી ગઇ છે.

મરીચી.

એ પવિત્ર મનની સાધ્વી સ્ત્રી કોણ ? એ સિકિમ દેશની હદના શાંતિરક્ષક સેનાના ઉપરી યશલાલસિંહની પુત્રી થાય. યશલાલસિંહનો જન્મ લેપચા વંશમાં થયો હતો. એ જાતિ સાદર્યને માટે પ્રખ્યાત છે, તેઓ સ્વભાવે માયાળુ અને નમ્ર હોય છે. તેઓનું હૃદય પ્રેમથી પરિપૂર્ણ અને મન સદા પ્રફુલ્લ હોય છે. તેઓના જીવનું શ્રેષ્ટ મહત્વ એ છે કે તેઓ પરપસ્પર કજીઆ કંકાશ નહિ કરતાં પ્રીતિથી રહે છે. તેમજ ખોરાક વિના ભલે મરી જાય પણ પોતાની સ્વતંત્રતા કદી વેચતા નથી. આવા ઉત્તમ ગુણવાળા વંશમાં મરીચીનો જન્મ થયો હતો. એ ઘણીજ ખુબસુરત હતી. તેની ઉમર ૨૦ વર્ષની હતી. તે માયાળુ અને પવિત્ર મનની હતી. પાપથી અસ્પર્ષ બુદ્ધદેવના મંદિરમાં દેવસેવામાં તે લાગેલી રહેતી. તેના પિતા યશલાલસિંહે તેને બાલ્યકાળથી ઉત્તમ શિક્ષણ આપ્યું હતું. તે તેના સ્વભાવની સ્વભાવિક સુંદર ગતિને હરકત કરતો નહિ. તેણે પોતાની ઇચ્છાથી મંદિરની કુમારી શ્રેણીમાં કન્યાને લગાડી હતી. લામા હિંદુ ધર્મશાસ્ત્ર એક સંન્યાસી પડિત પાસે શીખતો હતો. તે પાસેથી મરીચી પણ સંસ્કૃત અને હિંદી ભાષા શીખી હતી. પર્વત પાલિતા, વનલતા મરીચીને તેનો પિતા ઘણું ચાહતો હતો. કદિ પણ તેના વિચારથી વિરૂદ્ધ થતો નહિ. તેને પૂર્ણ વિશ્વાસ હતો કે મારી પુત્રી કદિ પણ ખરાબ કામ કરે કે આચરે અગર તેવો વિચાર પણ કરે એવી નથી. એ માટે તેણે ઘણી વાર ખાતરી કરી જોઇ હતી. એ પહાડી દેશમાં એવો આચાર વ્યવહાર છે કેઃ—" કન્યા યોગ્ય ઉમરની થાય, એટલે પોતાની ઇચ્છા પ્રમાણે ચાલવાને તે મુખત્યાર છે. તેમાં માબાપ હાથ ઘાલતાં નથી, પણ તે ઇચ્છા નીતિના નિયમને અનુસરતી હોવી જોઇએ." મરીચીનું હૃદય પ્રેમથી પૂર્ણ અને સરળ હતું. આ અબળા જાતિ પર્વત પર રહેનારી પ્રપંચથી દૂર હતીઃ તે પોતાનું શીયળ રક્ષણ કરવામાં ઘણી હુંશિયાર

હતી. એ લોકો જુલમ કદી સહન કરી શકતા નથી. એ દેશનો એવો ધર્મ છે કે લોકો અન્નાહારથી મરશે, પણ સ્વતંત્રતા કદિ વેચશે નહિ. તેઓ જુલમગારની છાતીમાં છુરી ભોંકવામાં સંકોચિત થતા નથી. મરીચીએ પોતાના પ્રત્યે પાપબુદ્ધિ કરનાર પાંચ પાપી રિપુઓનાં પેટ ચીરી નાખ્યાં હતાં. તે દેશની વિવાહિત સ્ત્રીઓની પાસે આવી છૂરી રહેતી નથી, પણ જરૂર જણાય તો રાખવાનો સર્વને હક છે. પરતુ મંદિરમાં રહેનારી કુમારીઓ તો પોતાના શીયળ રક્ષણ માટે એકાએક છૂરી માથાના વાળના અંબોડામાં ગુપ્ત રાખે છે. એક દિવસે મરીચી તેની બેન સાથે ફરવા ગઈ હતી. ફરી ઘેર આવી તો એક સાહેબ તેની ઓસરી (પરસાળ) માં ફરતો હતો. તેની બેન તો થાકી ગઇ હતી. તેથી ઘરમાં ચાલી ગઈ. મરીચીને સાહેબે બોલાવી કે તે નિર્ભયતાથી હિંમત રાખી તેની પાસે ગઇ. તેથી સાહેબ ઘણો ખુશી થયો. મરીચીએ એને મદિર લૂટવાની પહેલાં એકવાર જોયો હતો. તે કહેવા લાગ્યોઃ—"અમે દેશના રાજા થઇશું. તું મારી જોડે ચાલ. હું તમને પણ સુખ આપીશ." વગેરે કહી ભોળવવા તથા ભય બતાવવા લાગ્યો. લાલચ પણ ઘણી બતાવી, પણ મરીચીએ કંઇ જવાબ આપ્યો નહિ, એટલે સાહેબ તેની પાસે આવવા લાગ્યો. તેથી મરીચી દૂર ખસી ગઈ, પણ સાહેબે એકદમ જઈ પકડી લીધી; મરીચી બળ કરી તેનો હાથ છોડાવી નાંખી બીજી તરફ જતી રહી. વળી તે પામર તેની પાછળ ગયો, ત્યારે મરીચીએ ક્રોધ કરી હિંમતથી કહ્યું;- દુષ્ટ! જો તું મારા શરીર પર હાથ લગાડીશ, તો હમણાં તને તેનું ફળ ચખાડીશ! સાહેબ ઉન્મત્તની પેઠે બોલ્યો;-સુંદરી! તું હમણા મદદ વગરની છે! તારો હાલ કોણ બચાવ કરશે? આટલું કહી મરીચીને પકડી. તેણે ઘણું બળ કર્યું, પણ એ તેનાથી છુટી શકી નહિ. છેલ્લી વારે તેણે પોતાના શીયળ રક્ષણ માટે જે છૂરી અંબોડામાં સંતાડી હતી, તે યુક્તિસર કાઢીને, તે ન જાણે તેમ જોશથી તેની છાતીમાં ભોંકી દીધી. તેથી તે નરાધમ પામર મોટો અવાજ કરી તરત ભોંયપર પડી ગયો. એટલે તે નિર્ભય થઇ ઘરમાં ચાલી ગઇ. અહો! ધન્ય છે વીરકન્યા તને! કે તેં બહાદુરીથી શીયળનું રક્ષણ કર્યું!!

ખરેખર! "સ્ત્રીઓના સતીત્વના જેવી પરમ આદરની વસ્તુ કોઈ પણ ગ્રંથમાં જોવામાં આવતી નથી. જેઓ પોતાનું સતીત્વ જાળવે છે, તેઓનેજ સ્વર્ગ મળે છે." આવા કારણ માટે પ્રાણ નાશ કરવો એ અન્યાય કે પાપ નથી; એવું અનેક ધર્મનાં શાસ્ત્રોમાં કહેલું છે. આજ સુધી ઘણી સતી સ્ત્રીઓએ એ પ્રમાણે પોતાનું સતીત્વ રાખવા કર્યું છે. માટે મરીચીએ શીયળ રક્ષણાર્થે જે કર્યું તે ઘણુંજ ઉત્તમ કર્યું, એ માટે તેને ધન્ય છે! આ બનાવ બન્યા પછી બીજે દિવસે અંગ્રેજ લોકોએ સિકિમ તાબે કરવાને અનેક છળભેદ રચવા માંડયા. ત્યાંનું મંદિર લુટયું. તેનું વેર લેવાને ઘણી સ્ત્રીઓ હથિઆરબંધ થઇને ગઇ હતી. તે સાથે મરીચી પણ ગઇ હતી. અંગ્રેજ સેનાપતિ ઘોડેસ્વાર થઇને લડાઇના મેદાનમાં ગયો; ત્યાં

તેને પોતાના લશ્કરના ઘણા સિપાઈઓના મડદાં પડેલાં દીઠાં. આગળ ચાલ્યો તો તેથી વધારે જોવામાં આવ્યાં. આ જોઇ આશ્ચર્ય પામ્યો અને ઘોડો આગળ ચલાવ્યો, પણ ઘોડાનો પગ લપસી જવાથી પોતે નીચે કુદી પડયો. થોડી વારે તેના પગમાં સણુસણાટ કરતું કે તીર વાગ્યું. તેથી એક પગ લગડાતી પોતાની તરવાર-પર નિર્ભય થઇ ઉભો રહ્યો. ચારે બાજુએ જોયું તો એક યુવતિ લડાઇના પોષાકમાં પોતાની પાછળ દોડી આવતી જોઇ, તેના એક હાથમાં ધનુષ્ય અને બીજા હાથમાં એક કટાર હતી. આવી રીતે તેને આવતી જોઇ સાહેબ ઘણું આશ્ચર્ય પામ્યો અને પોતાના હાથમાંની તલવાર છેટે નાંખી દઇ બોલ્યોઃ—" વીર કન્યા! જખમી! થયેલા સિપાઇ ઉપર હવે હથિયાર ઉગામશો નહિ! આ જુઓ મેં હથિયાર છોડી દીધાં છે." યુવતિ બોલીઃ—જુલમગાર! તું તે દહાડાની વાત યાદ કર? પાખંડી! તેં તે દહાડે શા અપરાધથી મંદિરના ધર્મ યાચકો ઉપર જુલમ ગુજાર્યો હતો? એટલું કહેતાંજ તો જોસથી તે રમણી પાસે આવી પહોંચી. તેથી સેનાપતિ આત્મ સમર્પણ કરી બોલ્યોઃ—વીરદુહિતા! અમે નારકી છીએ, આજે કૃપા કરી બચાવો, હવે કદી પણ આવું ખરાબ કર્મ કરીશું નહિ. યુવતી બોલીઃ—દુર્વૃત્ત મારી નાંખનારા જનાવરને જાળમાં નાંખીને કોણે છોડયાં છે? ઝેરી ભૂજંગને પગ નીચે દબાવ્યા પછી કોણ તેને છોડે છે! પાખંડી! આ કટારથી આજ તારી છાતી ચીરી નાખું છું! સેનાપતિએ કહ્યું:—છાતી ચીરવાને આપ મુખત્યાર છો; પરંતુ એક ભિક્ષા માગું છું. યુવતિ બોલીઃ—શું છે બોલ? સેકડો અપરાધ વિસારી દઇને પાળીશ. સેનાપતિએ કહ્યું:—આજની લડાઇ કોણે કરી? તમે કોનાં પુત્રી છો? તમારૂં નામ શું છે? યુવતીએ કહ્યું:—મંદિરવાસીની સ્ત્રીઓના હાથથી ઘણું લશ્કર માર્યું ગયું છે. હું યશલાલસિંહની પુત્રી છું, મારૂં નામ મરીચી છે. સેનાપતિએ કહ્યું:—હવે તમારી મરજી હોય તેમ કરો. તમે મુખત્યાર છો. આ સાંભળી મરીચીના હૃદયમાં દયા આવી, હાથમાંની કટાર ભોંયપર નાંખી બોલીઃ—જાઓ સાહેબ! તમને માફી બક્ષું છું. આ પ્રદેશમાં ફરી કદી પણ આવશો નહિ એમ કહી સેનાપતિની તરવાર જે દૂર પડી હતી. તે ઉપાડી લઇ મરીચી મંદિરમાં આવી સૌને મળી. તેની આવી વીરતા જોઇ સૌ ખુશી થયાં. ધન્ય છે મરીચી તારી હિંમત અને વીરતાને!! તે હિંમત અને વીરતાથી તારૂં શીયળ સાચવ્યું અને દેશને પણ પરાધિન થતો બચાવ્યો. મરીચી! તને હજાર વાર ધન્ય છે! તારા જેવી સતી અને બહાદુર સ્ત્રીઓ આ દેશમાં પેદા થાઓ!!

વીરભદ્રા.

આ વીરભૂમિની તેજસ્વી વીરભદ્રા અરન્તિ નગરના રાજા માણિકરાવની પુત્રી થાય. તે રૂપ, ગુણ અને સૌંદર્યમાં મનોહર મૂર્ત્તિ હતી. તેનો પ્રથમ સંબંધ તેના પિતાએ રાઠોડવંશના મંદોર રાજકુંવર અરણ્યકમલની સાથે કરવાનો વિચાર કર્યો હતો. વીરભદ્રાની મરજી તે સાથે સંબંધમાં જોડાવાની નહોતી, પણ જેશલમીર પાસેના પુગલ રાજકુમાર સાધુનાં અતુલ વીરત્વ અને હિંમતની તેણે વાતો સાંભળી હતી, તે સાથે જોડાવાની ઇચ્છા હતી. તે ઇચ્છા વીરભદ્રાએ સાધુને જણાવતાં તેણે હા પાડી. તેથી માણિકરાવે વીરભદ્રાને તે સાથે પરણાવી. ઘણું ધન, માલ, મણિમુક્તા, સોના રૂપાનાં વાસણો, અને તેર કુમારી દાસીઓ આપી સ્નેહથી વિદાય કરી. સાધુ સૈન્ય સાથે વીરભદ્રાને લઇ પોતાની રાજધાનીમાં આવવા નીકળ્યો. રસ્તામાં ચાલતાં ચંદન નામની જગ્યાપર વિશ્રાંતિ લેવા મુકામ કર્યો. આ ખબર અરણ્યકમલને થતાં, તે વેર લેવાને રાઠોડ સૈન્ય લઇ આવી પહોંચ્યો. તેથી સાધુ કંઇ ડર્યો નહિ. ધીરજ રાખી વીરધર્મનું રક્ષણ કરવા સામે થઇ ઉભો. અહીં જબરૂ યુદ્ધ થયું. બંનેના સૈન્યમાં ઘણાં માણસો કપાઇ ગયાં. વીરભદ્રા પોતાના પતિને ઘેરાયેલો જોઇ જરા પણ ડરી કે મુઝાઈ નહિ, પણ હિંમતથી પ્રાણપતિને ઉત્સાહ આપવા લાગી. પતિનું અદ્ભૂત પરાક્રમ જોઇ મનમાં ને મનમાં તેને ધન્યવાદ આપવા લાગી અને બોલી કેઃ—" સ્વામી ! હું તમારી યુદ્ધ ચતુરાઇ જોઇશ. તમો જો રણમાં પડશો તો હું પણ તમારી સાથે આવીશ. " સાધુ પોતાની પ્યારી વીરભદ્રામાં આવી અસાધારણ તેજસ્વિતા જોઈ ખુશી થયો. બંને ક્ષત્રિવીરોએ દ્વંદ્વયુદ્ધ કરવાનો ઠરાવ કર્યો. યુદ્ધમાં બંને બેશુદ્ધ થઇ રણમાં પડયા. વીરભદ્રાના પ્રાણનું અધિક ધન જતું રહ્યું, પણ તેથી જરા પણ ગભરાઇ નહિ. તેણે ધીરજ રાખી તલવારથી પોતાનો એક હાથ કાપી નાખીને બોલી—" આ હાથ મારા પ્રિયતમા પિતાને આપીને કહેજો કે તમારા પુત્રની વહુ આવી સ્વરૂપવાન હતી. " બીજો હાથ કપાવી નાખી પોતાના મણિમુકતા સાથે મહિલ કવિને ભેટ મોકલાવ્યો. પછી યુદ્ધક્ષેત્રમાં ચિતા તૈયાર કરાવી પ્રાણપતિના શબને ખોળામાં લઇ શાંત ભાવથી બળી ભસ્મ થઇ. એ રીતે વીરભદ્રા અપૂર્વ પતિ ભકિત દેખાડી જગતમાં અમર થઇ ગઇ છે.

સતીપ્રભા.

આ સતી ગનોરના રાજાની રાણી હતી. તે રૂપ ગુણ, અને લાવણ્યતામાં અધિક હતી. એની સુંદરતાથી લુબ્ધ થઇને યવનરાજે ગનોરપર ચડાઇ કરી. આ સામે રાણીએ ઘણા જુસ્સાથી લડાઇ કરી; પરંતુ સૈન્ય થોડું રહેવાથી, અને ઘણા વીર પુરૂષો ટપોટપ મરાયાથી શત્રુઓએ કિલ્લા હાથ કરવા માંડયા. તેથી ગભરાઇ પ્રાણ ત્યાગ નહિ કરતાં લડયા કરી અને છેવટે કોઇ રીતે બચવાનો ઉપાય રહ્યો નહિ, ત્યારે નર્મદા નદીપરના પોતાના કિલ્લામાં જવાને મછવામાં બેઠી. કિલ્લામાં પેસવાનું કરતી હતી, ત્યાં યવનસૈન્યે આવી ઘેરી લીધી; પરંતુ મહા મુસ્કેલીથી અંદર દાખલ થઇ દરવાજા બંધ કરવા માંડયા, પણ યવન સૈન્ય અંદર પેસી આવ્યું. રજપૂતો અહીં મરણીઆ થઇ લડયા, તેમાં ઘણા મરાયા. યવનરાજે રાજ્ય જીતી લઇ કહાવી મોકલ્યું કેઃ—“સુંદરી! તમારૂં રાજ્ય પાછું લઇ, તમે મારી સાથે વિવાહ કરો. હું તમારો દાસ થઇ રહીશ.” આ પત્ર વાંચી સતીને ઘણો ક્રોધ ચડ્યો; પરંતુ શું કરે? થોડીવાર વિચાર કરી. એ કામમોહીત યવનરાજને જવાબ લખી મોકલ્યોઃ—“મને બે કલાકનો વખત આપો, તો હું વિવાહને યોગ્ય પોશાક તૈયાર કરી શકું.” યવનરાજે ખુશી થઈ હા પાડી, રાણીએ કલાકની અંદર પોશાક પહેરી પોતાના વિશ્રામ ભવનમા બેઠી, અને એક ઉત્તમ પોશાક યવન રાજાને મોકલી કહાવ્યુ, કે આ પોશાક પહેરી વિવાહ માટે આવો, યવનરાજ મોકલેલો પોશાક પહેરી આવ્યો. પહેલાં તો તેના અંતઃકરણમાં સુખના અનેક તર્કો ઉઠયા, પરંતુ એકદમ તેને ભયંકર દરદ પેદા થઇ આવ્યું, આંખોએ અંધારી આવી ઘેલાની માફક બકવા લાગ્યો. “અરર! હું બળી મરૂં છું.” એવાં તેનાં વચન સાંભળી સતીએ કહ્યુંઃ—“તમારૂં આયુષ્ય હવે પૂરૂં થયું છે. આજેજ આપણું લગ્ન અને મૃત્યુ એકઠ્ઠ થશે. તમારા અપવિત્ર ગ્રાસમાં રમણીના સાર રત્ન સતીત્વ ધનની રક્ષાનો બીજો ઉપાય નહિ જોયાથી મે તમોને ઝેર ભરેલો પોશાક આપ્યો હતો.” એટલું બોલતાંજ સતીએ ઇશ્વર પ્રાર્થના કરી, કિલ્લાના બીજા માળપરથી નીચે પડતું મૂકી પ્રાણ ત્યાગ કર્યો. યવનરાજ પણ તરફડીઆં ખાઇ મુઓ. એ રીતે સતીએ સમય વિચારી પોતાના સતીત્વ ધનનું રક્ષણ કર્યું. અહો સતી! તને ઘણા શાબાસ છે!!!

વીરબાળા.

આ સાધ્વી રજપુતાનામાં આવેલા રૂપનગઢના રાજા અમરસિંહની પુત્રી થાય. તે ઘણી રૂપવાન, ધીર, ધાર્મિક અને નીતિવાળી હતી. જયપુર અને મારવાડના કેટલાક રજપૂતો પોતાની કન્યાઓને દિલ્હીના બાદશાહને આપી તેની કૃપા સંપાદન કરતા હતા. આ વાત સાધ્વી વીરબાળાને પ્રિય નહોતી. જેણે ધર્મભ્રષ્ટ થઇ, યવનો સાથે પતિ સંબંધ બાંધ્યો હતો, તેને ધિક્કારતી હતી. તેનો વિચાર, ગુણ, રૂપ, શીયળ, વિદ્યાવંત, અને શૂરવીર એવો કોઇ ક્ષત્રિ પુત્ર મળે તેને પતિ કરવાનો હતો. એવો સુજ્ઞ પતિ માબાપ શોધી ન આપે તો કુવારા રહી મન વશ રાખવું અને સદ્‌વિદ્યાના ગ્રંથો વાંચી, નીતિથી રહી મુક્તિદાતા ઇશ્વરની ભક્તિ કરવી, એવો તેણે દૃઢ નિશ્ચય કર્યો હતો. તેની મોટી બેન કેસરબાને તેના પિતાએ દિલ્લીપતિ ઔરંગજેબથી દબાઈ લાચારીથી તે સાથે પરણાવી હતી. તે એક વખતે રૂપનગઢના બાર વર્ષે માબાપને મળવા આવી. તેને તેની મા કોમારદેવા વગેરે સૌ મળ્યાં પણ વીરબાળા મળી નહોતી. એ વખતે વીરબાળા શિવપૂજન કરી શિવસ્તુતિ કરતી હતી કેઃ—હે ભોળાશંભુ ! કૃપા સાગર ! આપનું ધ્યાન મને નિશદિન રહો. ત્રિપૂરારી ! હુ ક્ષત્રિની નીતિરીતિ કદી છોડું નહિ, એવી મને સદાય ટેક આપજે. પ્રભુ ! સતી સીતાનું સતીત્વ મારે અંગે આપજે, મારાં વિકટ દુઃખ હરી હીંમત અને સહનતી આપજે. મારે એક ક્ષત્રિવીર વરવાની ઉમંગ છે, એ પાર પાડજે. મારૂ શરીર તજું પણ મારી ક્ષત્રિ ટેક ન જાય. મારૂં શીયળ સાચવી શુદ્ધપણે આપણા ધ્યાનમાં લાગી રહું એ હું માગું છું. આ રીતે વીરબાળા શિવપૂજનમાં તલ્લીન થઇ હતી, ત્યાં તેની બેન કેસરબા આવી, શિવપૂજનની નિંદા કરવા લાગી. આ સાંભળી વીરબાળા ક્ષત્રિ સ્વાભિમાનથી ક્રોધથી બોલીઃ—તું શું બોલે છે ? હવે તું રાઠોડની પુત્રી રહી નથી, તું તો દિલ્હીના તુર્ક બાદશાહની બેગમ થઇ વટલી છું, માટે તને ક્ષત્રિનારીની શું ખબર પડે ! તું તુર્કનું અન્ન જમી છું. તેથી તારૂં શરીર અશુદ્ધ થયું છે. તારૂં મુખ મને બતાવ નહિ. તને જોઇ મને ઝેર વરસે છે. જ્યારે પિતા દિલ્લીપતિને તાબે થયા, ત્યારે તને હાજર કરી દીધી, તે વખતે તારે તુર્કની સ્ત્રી થવાની ગાળ ચડાવવી નહોતી. તારે તેજ વખતે મરવું હતું. એ તારા જેવી સ્ત્રીને ક્યાંથી સુઝે ? શૂરા કરણને કલંક લગાડનાર કોલારાણીની તું જોડ થઇ. તને વીરમાતા રાણકદેવી યાદ ન આવી ! તેં તો રાઠોડની જાતને વજવી છે, તું તુર્કને સંગ ગઇ. તેથી તારી બુદ્ધિ અને અંગ બગડયું છે. તેં વીરમતી નારીને સંભાળી નહિ, તેણે પોતાનું શીયળ સાચવા લાલખાંને મારી પોતાની હુશિયારી બતાવી હુતી. બેન !

તને બાદશાહી મોજમજા ગમ્યાં છે. તેથી તું ક્યાંથી હિંદુશાસ્ત્ર અને પુરાણ જાણે! તેં રજપૂતનું અભિમાન મૂક્યું છે, તારી રજપૂતાણીની છાપ ગઇ છે, તું તરકડીનો ઇલકાબ પામી છે, તું રાઠોડ કુળની શરમ છોડી બાદશાહની બેગમ થઇ છે. નીચ! તું શું મોં લઇ ગુમાન કરી બોલે છે? તને શરમ નથી? તને ધિક્ક છે! આવા તીરસ્કારથી કેશરબા બોલીઃ—હા, હા. તારી બેન વટલી છે, અને બાદશાહની બેગમ થઇ છે, પરંતુ તને તુર્કને હાથ સોંપાવી મુગલની સ્ત્રી કરૂં ત્યારેજ ખરી. તારી ક્ષત્રિ ટેક તોડાવીશ. તારે માટે શેરબેક ગુલામને ખોળીશ. પછી તું આવી મીયાના પગ ચાંપજે અને ગુલામડી થજે. મારે અહીંનું અન્નોદક હરામ છે. તારા વચનથી મને રોમેરોમ અગ્નિઝાળ પ્રગટી છે. હું પ્રતિજ્ઞા કરી દિલ્હી જાઉં છું, ત્યાં સઘળી વાત બાદશાહને કરીશ. એટલામાં દાસીઓએ આવી બંને બેનોને સમજાવી શાંત પાડી.

કેશરબા ત્યાંથી ચાલી નીકળી. વીરબાળાએ આ વાત પોતાની માતાને કહી. કોમારદેવી બોલીઃ—પુત્રી! તેં ભલે એવાં વીરવચન કહી મારી કુખને શોભાવી. પુત્રી તો તારા જેવીજ જોઇએ. જેણે ક્ષત્રિ અભિમાન મૂક્યું છે, તેને ફિટકાર દેવોજ જોઇએ. પછી વીરબાળાએ માબાપને પોતાની કરેલી પ્રતિજ્ઞા જાહેર કરી બોલી કેઃ—શિરછત્ર! હું ક્ષત્રિપુત્ર વિના કદી બીજા કોઇને વરનાર નથીજ. મારા શરીરના સાત કકડા કરી નાંખશો; તોપણ હું કોઇ તુર્કને ઘેર જઇશજ નહિ. તમો એવું કૃત્ય કરી ક્ષત્રિનુ નિર્મળ નામ ખોશો નહિ. એકને આપી બીજીને આપવાનું કરશો તો ભલે મેરૂ પર્વત પોતાની જગ્યો બદલે, ધ્રુવમંડળ ચળીત થાય, સમુદ્ર મર્યાદા મૂકે; તોપણ હું એ કામ કરીશ નહિ. સર્પનો મણી ગ્રહણ કરવા જતાં, સિંહના મૂછનો વાળ લેવા જતાં અને સતીનો છેડો પકડવા જતાં, કોણ મોતને પામ્યું નથી! કરણ વાઘેલે, અને પ્રતાપસિંહે ઘણાં ઘણાં સકટો સહન કર્યા છે; પણ દિલ્લીપતિ યવનબાદશાહને શરણે થયા નથી. માટે હું પણ કદી એ મોગલને વરવાની નથી. પુત્રીનાં આવાં વચન સાંભળી તેઓ ઘણાં ખુશી થયાં. પોતે પણ પ્રાણ જાય, તોપણ વીરબાળાને દુભાવી એવું કૃત્ય ન કરવાનો નિશ્ચય કર્યો. વીરબાળાને જે વીર પુરૂષ મુગલથી ડરે નહિ એવા ક્ષત્રિને શોધીને આપવી. તેનો પ્રયત્ન તરત કરવા માંડયો, કેમકે માથે વેર હતું.

કેશરબાએ દિલ્હી જઇ જે પોતાનો તિરસ્કાર થયો હતો, તે વાત ઔરંગજેબ બાદશાહને કહી બતાવી. આપરથી તે ઘણો ગુસ્સે થયો, કેશરબાને ધીરજ આપી બોલ્યો કે;—તું ફિકર ન કર, હું હમણાં રૂપનગઢ જઇ તેને પકડી, અહીં લાવી તારી લુંડી ન કરૂં તો હું મુગલના પેટનો નહિ. તું ખુશી રહે, એમ કહી તરત રૂપનગઢ ધમકીનો એક પત્ર લખી વીરબાળાનું માગું કર્યું. તેથી અમરસિંહ રાજા થર થર કંપવા લાગ્યો. આગલી હિંમત નહિ રાખતાં, તેનું માગું

કબુલ રાખ્યું. આ ખબર વીરબાળાને થતાં તેણે માબાપથી ગુપ્ત એક અટંકી પ્રતાપસિંહ રાણાના પૌત્ર રાજસિંહ રાણો ક્ષત્રિનો અંકુર રાખી મુગલની સામે થાય એવો છે. એવો વિચાર કરી તેને પ્રેમ ભરેલો વિનતિ પત્ર લખ્યો કે:— "પ્યારા! આ પત્ર વાંચી મારી ખબર તરત લેજો. હું રાઠોડની પુત્રી તમને મને કરી વરી ચૂકી છું, મારા પિતાને મુગલે પત્ર લખી ડરાવ્યો છે. તેથી તે નઠારા વિચાર કરે છે, પણ હું મુગલોથી ડરી નથી, હું તો તમારા દર્શનની અભિલાષી છું. માટે મારૂં વચન સત્ય કરશો. એણે લગ્ન માટે વસંતપંચમી ધારી છે, તે દિવસે આવી પહોંચી મારી સંભાળ લેજો. જેમ રૂક્મિણીજીએ 'પણ' લીધું હતું. તેમ મેં પણ એવું 'પણ' લીધું છે. હે કાન્ત! તમે મારા કૃષ્ણ છો; માટે મારી ખબર તરત લેજો. હું આખી પૃથ્વીને વીર વિનાની દેખું છું. કોઈ પણ માઇનો પુત જોતી નથી, એક તમેજ ખરેખર નર છો. અરે! યવન જાતને વરવું, તેના કરતાં તો મરવું સારૂ છે; જો તમે નહિ આવો, તો હું પ્રાણત્યાગ કરીશ એ હત્યા તમને લાગશે. બધે ક્ષત્રિનું તેજ અસ્તાંગત થઇ ગયું છે, મુગલોએ સૌને પાડયા. તેથી બિચારા થયા છે. ફક્ત એક અટંકી રાણા તમેજ મારા પ્રાણ છો. હે રાજસિંહ રઢીઆળા! તમે પ્રતાપના કુળમાં દીવારૂપ છો, તેથી તમારી સાથે મારો વિવાહ કરવા ચાહું છું. મારો પિતા ને કાકો શુરવીર નથી. તેથી દુઃખ ભોગવું છું. એક મારા પિતાના મિત્ર રામસિંહનો મારે પક્ષ છે. એ વિના કોઇનો આધાર નથી. મારા પ્રાણ તમારાથી બંધાયા છે. માટે તરત આવીને મારી ખબર લેજો."

રાજસિંહ રાણો વીરબાળાનો પત્ર વાંચી પોંચા કરડવા લાગ્યો. વીરબાળાને શરણ આપવા હામ ભીડી બોલ્યો:—અરે! શું ક્ષત્રિ બચ્ચાઓ આવાં કર્મ કરવા લાગ્યા! શું ક્ષત્રિઓનું આવી ખુટયું! ધિક્ક છે તમારી નીતિને! તમે તુર્કને બેટી આપી તેનાં અન્ન જગો છો! અને તેથી પ્રસન્ન રહો છો! તમને ધિક્કાર છે! અરે! તમારી સમશેર ક્યાં ગઇ? તુરકડાઓ તમારે માથે કેર કરે છે, તે કેમ જોયા કરો છો? જ્યારે ઇશ્વિર વીરપુત્રીઓ આપે છે, તેને કેમ ફાળ પડાવો છો? શું મહાભારતમાં પૂર્વજોનાં પરાક્રમો સાંભળતા નથી? જો હું લવવંશનો સાચો ક્ષત્રિબીજ હોઇશ, તો હું એ યવનોનો નિરવંશ કાઢીશ. જો આ સ્ત્રી તુર્કને વરે, તો હું મારી ક્ષત્રિમાતાને ધાવ્યો ન સમજવો. રાણાનાં આવાં વચનો તેની પત્ની વીરકળા સાંભળતાંજ બોલી:—પ્રાણપતિ! એવો વિચાર શા માટે લાવો છો? ચતુર ચંદાવત તમે તરત ચડો! મારૂં સુખ યાદ કરી પટાવતો ચડશે, એવું વિચારી જરાવાર પણ થોભશો નહિ. મારી પ્રિતને ખોટો દોષ લગાડશો નહિ. તમે આ રોષ કેમ સહન કરી ઉભા છો? હે સલુમ્બર પતિ! શૂરવીર શરીરવાળા! સ્ત્રીમાં ખોટું મન લગાડશો નહિ. આ પૃથ્વીપર પ્રાણી માત્ર સ્ત્રીસુખ ભોગવે છે, પરંતુ ધર્મ અને કીર્તિની ટેક સાચવવાનો ફરી ફરી આવો પ્રસંગ

મળતો નથી. મહાભારતનો વિચાર કરો. અભિમન્યુ રણે ચડયો, ત્યારે ઉત્તરા કુંવરીમાં મોહ પામ્યો નથી. રામાશ્વમેધ વખતે વીરસેનનો વિચાર કરો. આ પુરૂષોની અમરકીર્ત્તિ છે. તેથી તે જીવતાજ છે. રણમાં શરીર પડયે તો સ્વર્ગ મળે છે. મને આપથી ક્ષણમાત્ર અલગી ન સમજશો. હું તમે જ્યાં જશો, ત્યાં સાથેજ છું. અરે ! હું કામબુદ્ધિથી રોકુ તો મને ધિક્કાર છે ! હું એવો વિચાર કેમ કરૂં ! હાય ! હાય હું હાડાકુળની બાળા છું. તેને માથે રખે આળ ચડાવતા ! અરે ! મને એવો પ્રસંગ કદી આપશો નહિ. રાણો પોતાની પ્રિય સ્ત્રીનાં આવાં વીરવચનો સાંભળી ખુશી થયો. પછી સઘળી વાત પોતાની માતાને જઇને કહી. તેથી માતા વીરમતી બોલીઃ—પુત્ર ! તું શરણાગતને શરણ આપવામાં સંકલ્પ વિકલ્પ કરી વિલંબ કરીશ, તો ક્ષત્રિ શસ્ત્રને એબ લગાડીશ. વીરપુત્રી વીરબાળાએ લખ્યું છે, ત્યારે તું વિલબ શા માટે કરે છે ? હવે તું તત્કાળ જા. રણ વિષે રંગ રાખ. આવો ઉત્તમ પ્રસંગ મળ્યો છે, તેમાં તું રંગ રાખે, ત્યારેજ તેં મારૂ પેટ સાચું શેવ્યું સમજવું. પુત્ર ! ધીરજ ન કર ! વીરબાળા પ્રાણ ત્યાગ કરશે, પછી રાણાએ તરત વીરબાળાને પત્રનો જવાબ લખ્યો કેઃ—" તમે ધીરજ રાખશો, ફિકર કરશો નહિ, હું વસંતપચમીએ આવી પહોંચીશ."

કેશરબા તથા ઔરંગઝેબ રૂપનગઢ જાન લઇને આવવા નીકળ્યાં. કેશરબાને મળવા જવું પડશે. એવું અમરસિંહે દાસી સાથે વીરબાળાને કહાવ્યું. તેથી તે ચિંતાતુર થવા લાગી કે, નાથ હજુ ન આવ્યા. માબાપ વેરી થયાં છે, તેથી દીલ ઘણું દુઃખાય છે, આમ કલ્પના કરી રઘુનાથની પ્રાર્થના કરવા લાગી અને તેની સહાયતા માગવા લાગી. નાથ ન આવે તો પ્રાણ ત્યાગ કરવાનો વિચાર કરી રાખ્યો. તેની દાસીએ ઘણી ધીરજ આપી કે હમણા રાણાજી આવી પહોંચશે તમે વસ્ત્રાલંકાર સજી તૈયાર રહો. વીરબાળા શણગાર સજી તૈયાર થઇ બેઠી હતી, ત્યાં દાસી રાણાજીને તેડી લાવી. વીરબાળાએ ઘણા હર્ષથી પ્રેમસહિત સત્કાર કર્યો. તેના નેક ટેકનાં ઘણાં વખાણ કર્યાં, લાજ રાખવા વિષે રાણાજીને જણાવ્યું. તેથી રાણો રાજસિંહ બોલ્યોઃ—વીરબાળા ! મારા ક્ષત્રિધર્મથી મેં કાંઇ વધારે કર્યું નથી. શિશોદીઆએ આવાં કામમાં પોતાનાં શીશ વહાલાં કર્યાં નથી. જ્યાં લગી મારાં શસ્ત્ર સજ છે અને ધડ ઉપર શીશ છે. ત્યાં લગી પ્રિયા ! તું કોઇનો ડર રાખીશ નહિ. આ શરીર શુ કામનું છે ? અરે એ ઔરંગઝેબ હીંમત રાખી ક્ષત્રિઓની આબરૂ લૂટવા આવ્યો છે ! જો હું તેને ધોએ મોઢે કાઢું તોજ મારૂં નામ રાજસિંહ રાણો સાચો. શું રાજહસણી તુર્કને હાથ જશે ? શું એ મર્કટને ક્ષત્રિ નારીઓ વરશે ? શું ક્ષત્રિમર્દ હીંમત હારી નાશી ગયા છે ? વગેરે વીર વચનો કહી વીરબાળાને હીંમત આપી. વીરબાળાએ ભોજન કરાવ્યું. પછી રાણે તેનો હાથ ગ્રહણ કર્યો. વીરબાળા મુગલ સૈન્ય આવેલું જોઇ ડરવા લાગી. ત્યારે રાણો બોલ્યોઃ—પ્રિયા ! તું ન ડર ! એ મુગલોને આપણે ચેતવીનેજ જઇશું. શું અમારામાં શસ્ત્ર-

તન ગયું છે ? કે ગુપ્તપણે અબળાને હરણુ કરીને જઇએ ! તું કંઇ પણુ ચિંતા ન કરતાં ધીરજ રાખ. પછી બંને ઘોડાપર સ્વાર થઇ મુગલોને જાણુ કરી ચાલી નીકળ્યાં. આ જોઇ મુગલ સૈન્ય ચકિત થઇ રહ્યું. ઘોડેસ્વારો પાછળ દોડયા, પણુ તેમાં તેમનું કંઇ ચાલ્યું નહિ. રસ્તામાં ચાલતાં એક પહાડની તળેટીમાં ઝાડની છાયામાં વિશ્રાંતિ લેવા બેઠાં. રાણાજીએ કહ્યું:—પ્રિયા ! તને શ્રમ પડયો હશે. પતિનાં આ વચન સાંભળી વીરબાળા બોલી:—રાણાજી! તમો મારા પ્રાણાધાર પાસે છો, ત્યાં મને શ્રમ શેનો લાગે ! આપનું મુખ વારવાર નિહાળવાથી મને હર્ષનો પાર રહેતો નથી. જેવી મને ઉત્કંઠા હતી, તેવાજ આપ મને હૈયાના હાર મળ્યા છો. મારા સુભાગ્યે આપ જેવા મારે પ્રાણનાથ છે. પ્રિય ! હું ઉદેપુર જઇ પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી આપની સેવા કરૂ, એવી મારી અંતરની અભિલાષા છે. આ વાત ચાલી રહી હતી, તેટલામાં અજેપાળ ભીલ ઔરંગઝેબના સૈન્યમાંથી કેશરબાને ગુપ્તપણે હરણુ કરી લાવ્યો, અને એક પર્વતની ખીણુમાં લઈ જઈ બળાત્કાર કરવાનો ઇરાદો કરતો હતો, તે જાણી લઇને કેશરબાએ કોઇ શરણુ કરો ! કોઈ શરણ કરો ! એવો પોકાર કર્યો. આવા શબ્દ પહાડની ખીણુ-માંથી આવતા રાણાજીએ સાંભળ્યા કે, તરત હથિઆરબંધ ત્યાં પહોંચ્યો. કેશરબા રૂદન કરતી બેઠી હતી, તેના શિયળનું રક્ષણ કર્યું–તેને ફાંસામાંથી મુક્ત કરી. આ વખતે કેશરબા શરમાઇ જઈ પગે પડી અને કહેવા લાગી કે, મેં વગર સમજે આ ટીસાદ ઉપજાવી છે. રાણાજી ! હું આપની અપરાધી છુ, તો મારો અપરાધ ક્ષમા કરશો. આ વખતે હુ તમારા દુશ્મનની સ્ત્રી તમારા આગળ ઉભી છું. હું આપને શરણે છું. ગમે તો મારો અગર જીવાડો. મેં વીરબાળાને ઘણી સતાવી છે, હું આ તુત કરી આફત લાવી છું. રાણોજી બોલ્યો:—કેશરબા ! તમે કંઇ શંકાશો માં. ક્ષત્રિપુરૂષોમાં કેવાં પાણી છે એ તમાસો તમે જોયો. અમારે તમારી સાથે દુશ્મનતાઇ નથી. તમે આ તુત કર્યું, તેથી તો હું આ વીરબાળાને પામ્યો છું. તમે અમારે શરણુ છો, જરાએ ગભરાશો નહિ. વીરબાળા બોલી:—બેન ! તમે કાંઇ શરમાશો નહિ. તમારી ઇચ્છા પ્રમાણે રાણોજી કરશે. કેશરબા પાસે આવો. આ કામ શી રીતે બન્યું ? ધીરજ રાખો. વગેરે વિવેકનાં વચનો વીરબાળાએ કંઇ પણુ દ્વેષ ન રાખતાં કહ્યાં. પછી કેશરબા બોલી:–બેન ! ધન્ય છે રાણાશ્રીને ! કે મારી જતી લાજ રાખી. નહિ તો મારે પ્રાણુ ત્યાગવો પડત, બેન ! તને મેં ઘણું દુઃખ દીધું છે. હુ બાદશાહને સમજાવી અહીં લાવી, મેં મોટો અપરાધ કર્યો છે, હવે મનમાં ઘણો પસ્તાવો થાય છે અને જાણું છું કે હું અહીંજ પ્રાણુ ત્યાગ કરૂં. બેન ! તું તારા દેવ પાસે વચન બોલી હતી, તે તેં સત્ય કર્યું. તેં તારી ટેક રાખી છે, ધન્ય છે તને ! આમ બોલી પસ્તાવો કરતી રૂદન કરવા લાગી. તેણે રાણાજીનો ઘણો ઉપકાર માન્યો. પછી પોતાને બાદશાહ પાસે મોકલી દેવાનું કહેતાં ત્યાં મોકલી દીધી. રાણોજી અને વીરબાળા સૈન્ય

સહીત ઉદેપરમાં આવ્યાં. **વીર**માળાનાં માબાપ આ ખબર જાણી ઘણાં ખુશી **થયાં. કેશર**બાએ બાદશાહ પાસે જઈ વિતેલી વાત કહી બતાવી. તેથી બાદશાહને રાણા ઉપર ઘણી પ્રીતિ ઉત્પન્ન થઇ. રાણાજીનાં ઘણાં વખાણ કરવા લાગ્યો, **વીર**બાળા પતિવ્રતાના ધર્મ પ્રમાણે વર્તિ સુખમાં દિવસો નિર્ગમન કરવા લાગી. અહો ધન્ય છે **વીર**બાળા તને ! કે તું પોતાની નેક ટેક માયરી જગતમાં અખંડ કીર્તિ રાખી ગઇ છે ! ! !

વીરનારી-ચન્દા.

આ વીરનારી પંજાબના કેસરી રણજિતસિંહની પત્ની થાય. તે મહાવીર, ધીર, તેજસ્વિની, પતિવ્રતા અને ધાર્મિક હતી. જ્યારથી તે રાજાધિરાજ રણજિતસિંહને પરણીને તે સહધર્મિણી રૂપથી અંતઃપુરમાં આવીને રહી હતી, ત્યારથીજ તે કોહિનુરની કાંતિથી શોભિ નીકળીને લાહોરના દરબારમાં રાજનીતિના કાર્યમાં કુશળતા બતાવી પતિને સલાહ અને સહાયતા આપવા લાગી હતી; એટલુંજ નહિ પણ તે પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી પતિને ઘાણું સુખ આપતી હતી. રણજીતસિંહ પણ તેની સાથે ઘણી પ્રીતિ રાખતો હતો, આ જોડું સર્વ પ્રકારે એકરૂપ હતું. બંનેને પરમાર્થ અને સ્વતંત્રતા પ્રિય હતાં. ધર્મ દાનમા ઘણું દ્રવ્ય વાપરતાં હતાં. રણજિતસિંહના દેવ લોક પામ્યા પછી તેનો પુત્ર દુલિપસિંહ બાળક હતો. ચન્દા સઘળો રાજતંત્ર સ્વતંત્રપણે ચલાવતી હતી. તે અંગ્રેજોને વણિક પ્રકૃતિ કહીને ઉપહાસ કરતી હતી. તેઓ ચન્દાના તેજસ્વિ હૃદયના કઠણ આવરણને ભેદ કરવાને અસમર્થ થયા હતા. એ તેજસ્વિની ઇતિહાસ પ્રસિદ્ધ લલનાએ તેમને દેશમાંથી દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. એ તેણે અંગ્રેજોના અંતઃકરણમાં આઘાત આપ્યો હતો. ચન્દાએ પંજાબમાં પોતાની સત્તા બેસારી હતી. ત્યારથીજ આખા પંજાબે તેના મહારાણી તેજો મહિમાની આગળ મસ્તક નમાવ્યાં હતાં. દરબારના સરદારો તેને રણજિતસિંહની તેજસ્વિની મહારાણી જાણી શ્રદ્ધા કરવા લાગ્યા હતા. રાજ્યની પ્રજા રક્ષા કરતી માતા સમજીને ભક્તિ કરવા લાગી હતી. જ્યારથી પંજાબની ગાદીએ દિલિપસિંહ બેઠો, ત્યારથી ચન્દાના તેજસ્વિપણાનો પ્રકાશ ઝળકવા લાગ્યો હતો. આટલા દિવસ હજુ અંધકારમય ગર્ભમાં રહીને પોતાની પ્રભાથી પોતેજ દીપતી હતી; પરંતુ હાલ ખાણની અંદરથી નિકળીને ચોમેર દીપ્તિ વિસ્તારવા લાગી હતી રણજિતસિંહના પરલોક પ્રાપ્તિના પછી પજાબ રાજ્યમાં ખળભળાટ ઉઠી રહ્યા હતો. દિલીપસિંહ એ વખતે નાનો હતો. તેનો રાજ્ય સંબંધના કોઇ કાર્યમાં હાથ નહોતો. ચન્દા સંકટના સમયમાં

લાહોરની ગાદી ઉપર બેસીને રાજ્યની સારી વ્યવસ્થા કરવાને યત્ન કરતી. તે દરરોજ નિયમિત સમયે દરબારમાં જઈને રાજકાર્ય લક્ષ દઈને કરતી. પોતાના પુત્રનું રાજ્ય નિષ્કંટક અને નિરૂપદ્રવ કરવાને વાસ્તે રાજ્યનીતિના ગુહ્યતમ કાર્ય કરીને સર્વને અજાયબ કરી મૂકતી. રાજ્યમાં જે ખળભળાટ ઉઠયો હતો તે તેણે તરત પોતાના પ્રભાવથી શાંત કરી દીધો. સર્વ પરસ્પર પ્રીતિ ભાવે મળવા લાગ્યાં. એવું ચન્દાનુ હૃદય તેજસ્વિતાથી પરિપૂર્ણ હતું.

ચન્દા જ્યારે પંજાબની ગાદીપર હતી ત્યારે ખાલસા સૈન્યની જુદા પ્રકારની વર્ત્તણુંક જોઇ, અંગ્રેજોએ પોતાના દેશના રક્ષણ માટે ઘણું સૈન્ય બ્રિટીશ રાજ્યની સીમાપર રાખ્યું. બ્રિટીશ ગવરમેન્ટના આવા ઉદ્યોગથી ખાલસાઓના તથા ચન્દાના હૃદયમાં આશંકાના તરંગો આવવા લાગ્યા કે:—પૂર્વે અગ્રેજોએ જેવા કૌશલથી ભારતમાં પોતાનુ રાજ્ય વિસ્તાર્યું છે; એવાજ કૌશલથી તેમણે સ્વાધીન રાજ્યોને પરાધીનતાની લોખંડની સાંકળથી ચડાવી મૂક્યાં છે. એજ કૌશલ બળથી રજપુત, મરાઠા, અને મુસલમાન સર્વને આધિન કર્યા છે. તેવીજ રીતે આ પંજાબ રાજ્યને પણ તાબે કરવા ધાર્યું હશે; એવી આશંકાથી ચન્દાએ યુદ્ધ સામગ્રી કરવા માંડી. ખાલસા સૈન્ય મદોન્મત્ત હાથીની પેઠે બ્રિટીશ સૈન્ય સામે ગયું. તેમાં ચન્દાએ ઉત્સાહભેર ભાગ લીધો. લાલસિંહ અને તેજસિંહ સરદારોના વિશ્વાસઘાતથી પરાજય થયો, તોપણ ચન્દાનું હૃદય બ્રિટીશસિંહના તેજથી આગળ પરાભૂત થયું નહિ, તે પોતાના રાજ્યમાં પરજાતિને ઇચ્છા પ્રમાણે વર્ત્તતાં જોઇ તેનું કોમળ હૃદય અપમાન—વિષથી કલિમય થઈ ગયું. રેસિડેન્ઠ—પેનરીલોરેન્સ ચન્દાની પ્રકૃતિ જાણતો હતો. તેણે જાણ્યું કે, એવી તેજસ્વિ નારી લાહોરમાં રહ્યાથી પોતાનું પ્રભુત્વ અક્ષય રાખી શકાશે નહિ; એવો તેને દૃઢ વિશ્વાસ હતો. એ વિશ્વાસથીજ રેસિડેન્ટ તેને લાહોરમાંથી સેખપૂરમાં અને ત્યાંથી રેસિડેન્ટ–ફ્રેનરિકકારિની સલાહથી બનારસ–કાશીમાં દેશ નીકાલ કરી. તોપણ ચન્દાના મનમાં કોઇ જાતનો વિકાર ઉત્પન્ન થયો નહિ. વીરજાયાએ વીરનારીના પ્રમાણે અટલ ભાવથી અવિકાર ચિત્તે પંજાબનો પરિત્યાગ કર્યો. એ જે સમયે લાહોરના સિંહાસનપર ચોતરફ પોતાનો ગૌરવ વિકાશ કરતી હતી, જે વખતે તેની પ્રભુત્વ શક્તિ આગળ મસ્તક નમતાં હતાં, તે વખતે તેને જેવી સ્થિર જોઇ હતી; તેવીજ સ્થિર લાહોર છોડતી વખતે પણ જણાઇ હતી.

ચન્દાના પ્રતિ પંજાબની પ્રજા અપૂર્વ શ્રદ્ધા, ભક્તિ, અને પ્રીતિ રાખતી હતી. પોતાના પ્રીતિપાત્રની શોચનીય દશા કદી પણ શાંત ભાવે જોઇ શકાતી નથી. પંજાબ દેશ તેની દેવતાના પ્રમાણે ભક્તિ અને શ્રદ્ધા કરતો હતો, માતાના પ્રમાણે સરલ હૃદયથી પ્રીતિ કરતો હતો, એવી પ્રજા પ્રિય ચન્દાના દેશનિકાલથી પ્રજાનું હૃદય ઉગ્ર હલાહલથી કાળું થઇ ગયું. દુઃખિત હૃદયે ક્રોધાવેશમાં આવી બીજું ભયાવહ—ચિલિયાંવાળા—યુદ્ધ થયું. તેમાં શિખોએ ઘણી બહાદુરી બતાવી

જય મેળવ્યો. આ ચિનિયાવાળા યુદ્ધનું નામ ભરતખંડના ઇતિહાસમાં સોનાના અક્ષરથી અંકિત થયુ છે. ખરે ! ચન્દા તેજસ્વિ નારીના અદ્વિતીય દ્રષ્ટાંતની ભૂમિ તથા દઢતા અને અટલતાની મૂર્ત્તિ હતી. તે કોમળતામય અંગના–હૃદયની અધિકારી હોવા છતાં પણ ભીમ ગુણાન્વિત તેજસ્વિની હતી. એના વિના કોઇ પણ નારીએ આ ઓગણીસમી સદીમાં અંગ્રેજ જેવી પ્રબળ જાતિની સાથે એવી તેજસ્વિતાની સ્પર્દ્ધા કરી નથી.

વિદેશી–સતીઓ.

સારામાર્ટિન.

સારામાર્ટીનનો જન્મ સને ૧૭૯૧ માં ઇંગ્લાંડના કેઇસ્ટાર નામના ગામમાં થયો હતો. એ દુઃખીઓનાં દુઃખ દૂર કરવા અને દુરાચારીઓને સદ્‌ગુણી કરવા પ્રયત્ન કરતી. સારામાર્ટીનનો પિતા સાધારણ વેપાર કરી ગુજરાન ચલાવતો. તે પોતાની પુત્રી સારાને નાની મૂકી મરી ગયો. તેથી તેની વૃદ્ધ માતાએ પાળીપોષી મોટી કરી હતી તેને બાળપણથીજ કુદરતની મનોહર રચના નિહાળવાની ઘણી ચાહના હતી. વૃક્ષ નીચે બેસી વનમાં પક્ષીઓનાં સુલલિત ગાયન સાંભળી ઘણી ખુશી થતી. તેની રહેવાની ઝુંપડી પાસે કોઇ પણ ચીજ ચિત્તને અપવિત્ર ભાવનો ઉપદેશ આપે એવી નહોતી. તેને પેટ ભરવાનું ઠેકાણું નહોતું. તેથી નાની ઉમરમાં નિશાળ છોડીને ધંધે વળગી હતી. ચૌદ વર્ષની થઇ ત્યારે દરજીનો ધંધો શીખવા માંડયો. એ ધંધામાંથી જે મળતું તેમાંથી પોતાનું ગુજરાન ચલાવતી. તેણે એ ધંધામાંજ પોતાનુ જીવન ગાળ્યુ એમ નથી, પરંતુ યારમાઉથ શહેરમાં કેદીઓ નર્ક તુલ્ય દુઃખ ભોગવતા હતા તથા તેઓ ઘણા દુરાચારી હતા. ઇશ્વરે મનુષ્યોને જે મતલબથી આ પૃથ્વીપર મોકલ્યા છે, એ મતલબ સમજી શકવાની તેઓમાં શક્તિ નહોતી. એ શહેરના લોકો એની કશી દરકાર કરતા નહિ. સને ૧૮૧૯ માં એક અપરાધી સ્ત્રીને કેદમાં નાખી હતી. આ કમનસિબને એક છોકરો જન્મ્યો હતો. તેપર તેનો નિર્મળ સ્નેહ નહોતો. તેને સ્તનપાન કરાવતી નહિ પણ મારતી. આ સ્ત્રીની આવી દુષ્ટતા જોઇ તેની અજ્ઞાનતાપર સ્નેહમયી સારામાર્ટીનને ઘણી દયા ઉત્પન્ન થઈ. તેમની હાલત સુધારવાને ધર્મોપદેશજ એક સારો રસ્તો છે, એવું વિચારી કેદખાનાના ઉપરીની રજા મેળવી પેલી અબળા કેદીની પાસે ગઇ. એ અબળા સારાને જોઇ ઉભી થઈ રોઇ પડી, પરંતુ કંઇ ન બોલતાં ચૂપ રહી. સારાએ

કહ્યું:–તેં કેવું મોટું પાપ કર્યું છે! તે માટે તારે ઇશ્વિર પાસે ક્ષમા માગવા પ્રાર્થના કરવી જોઇએ, વગેરે સમજાવ્યું. તેથી એ પોતાના પાપને સમજી રોવા લાગી અને પરોપકારી સારાને ધન્યવાદ આપવા લાગી. આ એક કામમાં સારા ફાવી, ત્યારે બીજા કામમાં તત્પર થઇ. રોજ પોશાક વહેંચ્યા પછી કેદીઓની પાસે ધર્મગ્રંથ વાંચવાનો આરંભ કરતી. તેઓ ઘણાજ અજ્ઞાન હતા. તેથી તેમને નિયમસર શિખવવાની ઇચ્છા થઇ. અઠવાડીઆમાં છ રોજ પોશાક વહેંચવા અને બે રોજ તેને લખતાં વાંચતાં શિખવવા લાગી. તેથી તેના વેપારમાં નુકશાની આવી, પરંતુ પરોપકારી કાર્ય આગળ તે જરા પણ ગણકારતી નહિ. તેણે લખ્યું છે કે;—"અઠવાડીઆમાં બે દિવસ પોશાક બનાવવાનું છોડી, કેદીઓની નોકરી કરવી, એ મેં ઉચિત જાણ્યુ. એવી રીતે મારો વખત ખર્ચ કર્યાથી પૈસાના સંબંધમાં હું નુકશાન વિચારતી નહોતી. ઇશ્વિરના આશિર્વાદમાં હું જે કામ કરતી તેથી મને પ્રગાઢ સંતોષ થતો હતો." સને ૧૮૨૬ માં તેની વૃદ્ધ ડોશી ગુજરી ગઇ. તેને પોતાના ગામમાં રહેતાં હરકત આવતી હતી. તેથી યારમાઉથમાં રહેવા આવી. સારાને પરોપકારી કાર્યમાં મંડેલી જોઇ, એક બાઇ તેને અઠવાડીઆમાં એક રોજ પોશાક કરી આપતી. બીજાં માણસો તેને મદદમાં ત્રણ ત્રણ માસને અંતરે સવા રૂપિઓ આપવા લાગ્યાં. જે રૂપિઆ મળતા તેમાંથી તે ધર્મગ્રંથ ખરીદીને કેદીઓને વાંચવા આપતી. હવે તે ઘણો વખત કેદખાનામાં રોકવા લાગી. તેથી તેને પેદાશ ઘરભાડા જેટલી પણ માંડ આવવા લાગી. ખાવા પીવાને કંઇ બાકી રહેતું નહિ. તેથી ઘણીજ દુઃખી થઇ; તોપણ તેણે પોતાનું મહતવ્રત છોડયું નહિ. તેણે લખેલું છે કે;—"જ્યારે હું પોશાક તૈયાર કરતી, ત્યારે મારે ઘણો વિચાર કરવો પડતો; જ્યારે આ વેપાર બંધ થયો, ત્યારે મારો વિચાર પણ બંધ થયો. મેં ધર્મગ્રંથમાં વાંચ્યું હતુ કે;–ઇશ્વિર નિરૂપાયની રક્ષા કરે છે. ઇશ્વિર મારો પ્રભુ છે. તે કદી પણ તેનો હુકમ માનનાર દાસને છોડશે નહિ. ઇશ્વિર મારો પિતા છે. ઇશ્વિર તેના દાસની સહનશીલતા જોવાને ચાહે છે." સારામાર્ટીનનું હૃદય કેવું પવિત્ર હતું. એ આ ઉપરથી જણાઈ આવે છે.

સારામાર્ટીનના પ્રયત્નથી કેદીઓ સુશીલ, વિનયી અને કોમળ અંતઃકરણના થયા. તેઓના નિર્વાહ સાધનમાં ઉપયોગી થઇ પડે, માટે સ્ત્રીઓને શીવવાનું કામ અને પુરૂષોને ટોપી, ચમચી, શીશ વગેરે કરવાનું શીખવ્યું. તેમને દર રવિવારે ઇશ્વર પ્રાર્થના કરાવતી, તેમાં તેઓ શ્રદ્ધા રાખવા લાગ્યા. એ રીતે તેમને ઉપાસના કરતાં, નીતિ, જ્ઞાન, અને ગુજરાન માટે કારીગરીનાં કામ શિખવ્યાં. આવા તેના પરોપકારી કાર્યથી લોકો તેને નમન કરવા લાગ્યાં. સારા સરળ સ્વભાવથી સર્વેને નીતિ શીખવતી. સર્વનાપર સમાન રીતે સ્નેહ કરતી. સર્વ તેને મા પ્રમાણે ચાહતા. દેવી પ્રમાણે માન આપતા, તે સર્વેનું રક્ષણ કરતી. સર્વ માટે આંખમાં આંસુ લાવતી, સર્વના સુખ માટે ઇશ્વિર પ્રાર્થના કરતી, દુર્બળને સબળ

થવાની હીંમત આપતી, નીચને ઉંચ ગુણુમાં લાવતી અને દુઃખીને સુખી થવાનો રસ્તો દેખાડતી. એ પ્રમાણે કેદખાનાનું કામ પુરૂં કરી, મજુરોની વિદ્યાશાળામાં જઈ તેમને શિખવતી. કન્યાશાળામાં જઈ કન્યાઓને નીતિની કવિતાઓ શિખવતી. તેની પાસે રોજ ચાળીસ પચાસ યુવતીઓ શિખવા આવતી. તેને વાતોમાં ઉપદેશ આપતી. સાંજે માંદા માણુસોને ત્યાં જઇ ઔષધો આપી સેવા કરતી. એ જે ઘરમાં જતી તે ઘરમાં આનંદનો પ્રવાહ ઉછળી રહેતો, લોકો સામે લેવા જતા અને સરળ ભાવથી માન આપી બોલાવતાં. કેદીઓની બનાવેલી વસ્તુઓ દેખાડી યુવતીને શીલ્પકાર્યમાં ઉત્સાહ આપતી. જુના કાગળ, કપડાં વગેરે ચીજો નકામી જાણીને વેગળી મુકેલી હોય તે માગી લેતી. તેનો સદ્વ્યવહાર થાય તે ઉપર મન લગાડતી. ઘર ધણી સર્વ વસ્તુઓનો સદ્વ્યવહાર કેમ શીખે એ માટે તેમને નિરંતર સલાહ આપતી. પ્રીતિ પાત્રની આગળ કઇ પણ વાત છુપી રાખતી નહિ. તેનો આત્મા નિરંતર ઇશ્વિર પ્રેમમાં પ્રસન્ન રહેતો. દુઃખીઓને મદદ આપી પવિત્રતા અને સંતોષ સાગરમાં આનંદ રહેતી. નિર્જન સ્થાનમાં બેશી કરૂણામય ઇશ્વિર ઉપર આસ્થા રાખી પ્રાર્થના કરતી. એ નિર્જન સ્થાનમાંજ શાંતિ—સુખ મધ્યેજ પવિત્ર જીવન છોડી સને ૧૮૪૭માં બાવન વર્ષની ઉમરે મરણુ પામી. એનામાં દયા અને હીંમત ઘણી હતી. તે અબળા છતાં મહત્ કાર્ય કરી ગઇ છે. તે પોતાના કાર્યમાં કદી પણુ ગર્વ કરતી નહિ. તેનું મુખ હમેશાં વિનય અને શીતળતાથી શોભીતું હતું. તે જે કામ કરતી તે ધીરતા અને નમ્રતા સાથે પુરૂં કરતી. કદી પણુ પક્ષપાત કરતી નહિ. દુઃખીનું દુઃખ દૂર કરવું એ તેનું મુખ્ય કામ હતું. એ રીતે દયા, ધર્મ અને પરોપકારથી આખા જગતમાં પ્રસિદ્ધ થઇ ગઇ છે.

મરિયમ.

આ સાધ્વી ઇસુખ્રિસ્તની મા થાય. તે કુમારીનો વિવાહ યુસફ નામના એક પુરૂષ સાથે કર્યો હતો. તેને એક દેવી દૂતે આવીને કહ્યું કે, ઓ કૃપા પામેલી ! તું સુખી રહે ! સ્ત્રીઓમાં તું ધન્ય છે ! મરીયમ દૂતને જોઇને તથા તેની વાત સાંભળીને ઘણી ગભરાઇને વિચાર કરવા લાગી કે એ કેમ ક્ષેમકુશળ વાત હશે ? ફરી દૂતે તેને કહ્યું:—" ઓ મરીયમ ! તું ભય પામીશ નહિ, કેમકે તારાપર પ્રભુની કૃપા થઇ છે; તારા પેટમાં જે ગર્ભ છે તે પવિત્ર આત્માથી છે. તારા પેટે જે પુત્ર થાય તેનું નામ ઇસુ પાડજે. તે મોટો થશે ત્યારે પ્રભુનો પુત્ર ગણાશે. પ્રભુ તેને તેના પિતાનું રાજ્ય આપશે. " મરિયમે કહ્યું:—" એ શી રીતે થશે ? " દૂતે કહ્યું:—" પ્રભુ પોતાનું પરાક્રમ તારાપર આચ્છાદન કરશે, માટે તારા

પેટે પવિત્ર આત્માથી જે જન્મશે તે દેવનો પુત્ર કહેવાશે. મરિયમે કહ્યુ કે; હું પ્રભુની દાસી છું તો ભલે તમારા કહેવા પ્રમાણે થાઓ. આ સાંભળી દૂત ચાલ્યો ગયો. મરિયમનો પતિ યુસફ ન્યાયી હતો. તેણે પોતાની સ્ત્રીને દૂર રાખવાનો વિચાર ધાર્યો, ત્યારે ફરી દૂતે આવી તેને દર્શન આપી કહ્યું;- " ઓ યુસફ ! તારી સ્ત્રી મરિયમને અંગીકાર કરવામાં બીશ માં, અને તેને દુઃખ દઇશ માં. કારણ કે તેના પેટમાં જે ગર્ભ છે તે પવિત્ર આત્માથી છે. તે જે પુત્ર જણશે, તેનું નામ ઈસુ પાડજે. " પછી યુસફે ઉંઘમાંથી ઉઠીને દૂતે જે આજ્ઞા આપી હતી તે પ્રમાણે મરિયમને અંગીકાર કરી પાલણ કર્યું. મરીયમ યુદા શહેરમાં જાંખરીયાને ઘેર ગઈ. તેની સ્ત્રી એલીસાબતે મરીયમને કુશળ ખબર પૂછ્યા, તેમાં માલમ પડયું કે તેને પેટે પવિત્ર આત્મા જન્મ લેશે. એ સાંભળી ખુશી થઇ મોટે સાદે બોલી કેઃ-"સ્ત્રીઓમાં તને ધન્ય છે અને તારા પેટના ફળને ધન્ય છે ! મરિયમ ! તું મારી પાસે આવ. તેથી મરિયમ તે પાસે ગઇ કે એલીસાબાત ખુશીથી મળી. " મરિયમે કહ્યુંઃ-મારો જીવ પ્રભુનો મહિમા ગાયા કરે છે. મારા ત્રાતા દેવથી મારો આત્મા હરખાય છે. તેણે પોતાની દાસીના દીનપણાપર દયા કરી છે. હવેથી મારા કુળમાં મને ધન્ય કહેશે. પરાક્રમીએ મારા સારૂ મોટાં કામ કર્યાં છે, તેનું નામ પવિત્ર છે; તેનો જે ભય રાખે છે તેઓપર દયા કરે છે. અભિમાનીઓને તેઓના હૃદયની કલ્પનામાં વેરી નાંખ્યા. તેણે પરાક્રમીઓને રાજ્યાસનપરથી ઉઠાડી મૂકી દીનજનોને દયાપર દયા કરી ઉંચી પદવીએ ચડાવ્યા. શ્રીમંતોને ખાલી કરી કગાળોને સારી વસ્તુઓથી તૃપ્ત કર્યાં.

મરિયમ એલીસાબાત સાથે ત્રણ મહિના રહ્યા પછી બેથેલહેમ આવી, ત્યાં તેને પેટે તા. ૨૫ મી ડીસેંબરે ઇસુનો જન્મ થયો. ઈસુનો જન્મ સાંભળી યાહુદીના રાજા "હીરોડે" તેને મારી નાંખવાનો ઉપાય કર્યો. તેથી મરિયમ ઇસુને લઇને પોતાના પતિ સાથે ઇજીપ્તમાં ગઇ. જ્યારે તે હીરોડ રાજા ગુજરી ગયો, ત્યારે તેઓ દેશમાં આવ્યાં. ઈસુ બાર વર્ષનો થયો, ત્યારે એક વખતે એક પર્વપર જેરૂશાલેમ આવ્યાં; ત્યાં રહેવાનું હતું, તેટલા રોજ રોકાઈ પોતાને ઘેર આવવા નીકળ્યાં. મરિયમે જાણ્યું કે ઈસુ સોબતિઓ સાથે પાછળ ચાલ્યો આવે છે. એમ ધારી એક મજલ આવી સગાં અને ઓળખીતાગાં તપાસ કરી, તો તે મળ્યો નહિ. તેથી મરિયમ અને તેનો પતિ યુસફ પાછાં જેરૂશાલેમ આવ્યાં. જુએ છે તો જ્યાં ઉપદેશ આપતા હતા, ત્યાં બેઠો હતો, અને પ્રશ્ન પૂછતો હતો. ત્યાં મરિયમે જઈ કહ્યુંઃ-પુત્ર ! અમારી સાથે કેમ ન આવ્યો ? તારા માટે શોધ કરવામાં અમે ઘણું દુઃખ ભોગવ્યું. ત્યારે તેણે કહ્યુંઃ-મારો શોધ શા માટે કર્યો ! તમે જાણતાં નથી કે મારે મારૂ કામ કરવુંજ જોઇએ ! આ વચન તેનાં માબાપ સમજ્યાં નહિ, પછી તેને તેડી ગયાં. ત્યારથી તે તેની આજ્ઞામાં રહ્યો. મરિયમનો સ્ત્રી પુરૂષ પ્રત્યે એવો ઉપદેશ છે કેઃ-" સ્ત્રીઓ ! તમે જેમ પ્રભુને આધિન થાઓ,

તેમજ તમારા પતિને આધિન રહો ! કેમકે પતિ એ સ્ત્રીનું શીર છે. પુરૂષો ! તમે તમારી સ્ત્રીપર પ્રેમ કરો ! તેઓની પાસે કડવા ન થાઓ. પતિએ જેમ પોતાના શરીરનું રક્ષણ કરવું, તેની પેઠેજ પોતાની અર્ધાગના સ્ત્રીનું રક્ષણ કરવું. જે પોતાની સ્ત્રીપર પ્રેમ કરે છે, તે પોતાનાપરજ પ્રેમ કરે છે. જેમ કોઈ માણસ પોતાના દેહનો દ્વેષ કદી ન કરતાં પોતાનું પાલણ પોષણ કરે છે, તેમજ સ્ત્રી પુરૂષે પરસ્પરનું રક્ષણ કરવું; ત્યારેજ તેઓ આ સંસારમાં સુખી થાય છે. સ્ત્રીઓએ પોતાના પતિની મર્યાદા રાખવી. છોકરાઓ ! તમે તમારા માબાપને પ્રભુ તુલ્ય માનો ! તમારા માબાપને સન્માન આપો, તેથી તમારૂં કલ્યાણ થશે. તમારૂ આયુષ લાંબુ થશે. માબાપો ! તમારાં છોકરાંઓને ન ચીડવો, તેમને પ્રભુ ભજવાની શિક્ષા તથા બોધ આપી પાળો અને તેમને સદ્રસ્તે વાળો, તેઓને યોગ્ય કર્યાથી તમે તમારી ફરજ બજાવી ગણાશે.” અહા ! કેવો ઉપદેશ ! !

મરિયમ પોતાના પવિત્રાચરણથી ખ્રિસ્તી લોકમાં દેવી તુલ્ય પૂજાય છે અને મનાય છે. વગેરે રીતે તે જગતમાં પ્રસિદ્ધ થઇ ગયેલ છે.

આમેના.

આ પતિવ્રતા મદીનાના વતની અબ્દુલાની પત્ની થાય. તે સ્વરૂપવાન, યુવાન, નમ્ર, વિવેકી અને પવિત્ર મનની હતી. તેને પતિપર પ્રેમ ઘણો હતો. અબ્દુલા ગાજા શહેરમાં વેપાર અર્થે ગયેલો ત્યાંથી ઘેર આવતાં માર્ગમાં માંદો પડવાથી પચીશ વર્ષની નાની વયમાંજ મરણ પામ્યો. આમેના પ્રાણપતિના સ્વર્ગવાસથી શોકસાગરમાં ગરકાવ થઈ. પતિ વિના દુનિયાને શૂન્ય જોઇને પોતાના જીવનમાં આશા વગરની થઈ. તેથી કોઇવાર મૂર્છા આવતી, કોઇવાર શુદ્ધિમાં આવી વિલાપ સાથ કલ્પાંત કરતી; શોક રૂપી અગ્નિથી તેમની ખુબસુરતી જતી રહી હતી. શોકના ઘનઘોર અંધારાએ તેનાં સર્વ સુખ હરણ થયાં હતાં. તેનું મન સંસાર ઉપરથી ઉઠી ગયું. આ નાશવંત જગતમાંથી સદાયની વિદાયગિરી લેવાને તૈયાર થઇ; પરંતુ એટલામાં ઇશ્વિર કૃપાથી તેને ઉદર એક પરમ સુંદર પુત્રનો જન્મ થવાથી અંધકારમાં પણ પૂર્ણ ચંદ્રનો ઉદય થયો. શોકવાળા જીવતરમાં કંઇક સુખની રેખા પડી. તે પુત્રને તેડી કાબતુલ્લા ગઈ, ત્યાં ખુદાશુકાના કરી તેનું નામ મહંમદ પાડયું. આમેનાનું શરીર એટલુ તો શોકથી દુબળ થઇ ગયું હતું કે પુત્રને ધવરાવી શકાય તેમ નહોતું. તેથી એક સ્ત્રીને ધવરાવવા રાખી. પોતાના પતિના ગુજરી ગયા પછી પોતાનું ગુજરાન ચલાવવાને તથા પુત્રનું લાલન પાલન કરી શકવાને અસમર્થ જણાયાથી હલીમા નામની સ્ત્રી પાસે હજરત મહંમદને

શાખ્યા. હુલીમા રેતાળ જમીનમાંના એક પહાડની તળેટીમાં રહેતી હતી, ત્યાં તેને લઇ ગઇ. એ પહાડની હવાથી હજરત મહંમદ હષ્ટ પુષ્ટ અને રૂપ લાવણ્યતાવાળા થવા લાગ્યા. બે વર્ષ પછી તેણે ધાવવું છોડી દીધું, તેથી હુલીમાએ મક્કા જઇ તેને આમેનાને સોંપ્યા. આમેના પુત્રનું પાલન કરવાને હુલીમાને કહેતાં તે તેડી ગઈ. જ્યારે મહંમદ પૂર્ણ પાંચ વર્ષના થયા ત્યારે આવીને સોંપી ગઇ. હવે એ તેમને જોઈ દિવસ કાઢવા લાગી.

કેટલેક દિવસે આમેના પુત્ર સાથે મદીનામાં આવી સ્વામીના ઘરમાં રહી. ત્યાં રોજ પોતાના પતિની કબર પાસે બેસી, વિચાર સાગરમાં ગરકાવ થઇ આંસુથી કબરને ભીંજાવતી. હજરત મહંમદ પોતાની માતાને રડતાં જોઇ વ્યાકુળ ચિત્તે પોતાના નાના હાથ માતાને ગળે વીંટાળી પ્રેમથી પૂછતા કેઃ—" મા ! તું દરરોજ આમ શા માટે રડે છે ? " માતાએ ઘણા દિવસ ઉત્તર આપ્યો નહિ, પણ એક દિવસે કહ્યુંઃ—" તારા પિતાને માટે. " હજરત મહંમદે કહ્યુંઃ—" પિતા, કયાં છે ? " પુત્રે જન્મીને પિતાનું મૂખ જોયું નથી, છતાં તેના મોંમાં પિતાજી એવો શબ્દ સાંભળીને આમેના જરા પણ બોલી શકી નહિ, પણ બંને હાથ ઉંચા કરી આકાશ દેખાડયું; ત્યારે હજરત મહંમદે જાણ્યું કે પિતા સ્વર્ગમાં ગયા છે. આમેનાએ એક માસ રહી–મદીના છોડી મક્કામાં આવતાં માર્ગમાં આવેલા શહેરમાં સ્વર્ગવાસ કર્યો. મહંમદ સાહેબને પ્રાણ કરતાં પણ પ્યારી માતા અકસ્માત એકલા મૂકીને જતી રહી. તેણી હજરત મહમદ માતાની કબર કરીને સદા શોકથી રહેવા લાગ્યા. છ વર્ષના બાળક હજરત મહંમદ સ્નેહમયી કરૂણાળુ માતાને હરાવી ચારે તરફ શૂન્ય જોવા લાગ્યા. આ પ્રમાણે શોકમાં દિવસ કાઢતાં ઉમર લાયક થયે ઇશ્વર કૃપાથી પેગંબર તરીકે પ્રકાશિત નીકળી ઇસ્લામી–મુસલમાની ધર્મ ચલાવ્યો. આ બધો આમેના જેવી માતાનોજ પ્રતાપ હતો. ધન્ય છે આવી માતાને ! ! !

આરીયા.

આ પતિવ્રતા સ્ત્રી સીસીનાપીટસની પત્ની થાય. પીટસ રોમના શહેનશાહ કલાડીયસના વખતમાં ઇલીરીયા પ્રાંતનો સુબો હતો. આરીયા રૂપસુંદર, તેજસ્વી, ભણેલી, મિલનસાર, અને નીતિવાન હતી. પતિ પત્નીમાં ઘણો પ્રેમ હતો. એક બીજાને પ્રાણથી પણ અધિક ચાહતાં હતાં. આરીયા કોઇ પણ વિપત્તિ કે દુઃખની વખતે પોતાના મુખ ઉપર દીલગીરીની અસર થવા દેતી નહોતી; કારણ કે રખેને તેને ઉદાસ જોઇને પતિનું મન કચવાય. પોતે શરીરે ઘણી નાજુક હતી. લાડ અને મોજમાં ઉછરેલી હતી, તોપણ પત્ની અને

માતા તરીકેની ફરજ બજાવતાં, મહેનતથી કે સખતાઇથી કંટાળી થાકી ગયેલી જણાતી નહોતી. એક વેળા પોતાનો પ્રિયપતિ અને પુત્ર કોઇ ખરાબ દરદથી માંદા પડયા, તે વેળાએ પોતાના નાજુક શરીરથી ભારે મહેનત કરી બંનેની ચાકરી બરદાશ કરવા લાગી. તેણીએ વિચાર કર્યો કે માંદા મનુષ્યને માતા અને પત્નીની બરદાશની અસર સેંકડો દાઇ અને ચાકરડીઓની બરદાશ કરતાં વધારે ફાયદો થાય છે. માટે લાંબી મુદત સુધી રાત દિવસ તે એક ઓરડામાંથી બીજા ઓરડામાં જતી હતી. પતિ અને પુત્રના બિછાના પાસે બેશી ચોકી કરતી. તેઓને આરામ અને દિલાસો મળે તે માટે અનેક પ્રકારના ઉપાય કરતી હતી. એવી રીતે ભારે મહેનત કરતી વખતે એમને આશા નહોતી કે તે દુષ્ટ રોગથી તેના કુટુંબના બે સર્વથી પ્યારા પ્રાણનો બચાવ થશે; પરંતુ કૃપા સાગર પ્રભુએ તેણીની મહેનતનો બદલો કેટલે દરજ્જે આપ્યો. તેનો લાડકો પુત્ર તો મરણ પામ્યો; પણ તેના પ્રિય પતિનો બચાવ થયો. પતિને દુષ્ટ દરદથી એવી તો અશક્તિ થઇ ગઇ હતી, કે તેને પુત્રના મરણના ખબર આપવા યોગ્ય લાગ્યું નહિ. આવે વખતે **આરીયાએ** ઘણા ડહાપણ અને હિંમતથી કામ કર્યું. પતિની લાજ પ્રમાણે પુત્રને અવલ મંજલ પહોંચાડવાની તૈયારી એવી રીતે કરી કે, **પીટસને** તે વિષે જરા પણ ખબર પડી નહિ, જો કે તે દુઃખથી **આરીયાનું** મન દીલગીરીમાં ડુબેલું હતું. તોપણ ધીરજ રાખીને હમેશ પ્રમાણે આનંદથી પતિની પાસે રહીને સેવા કર્યા કરતી હતી, જેથી તેને કશો વહેમ પડયો નહિ. **પીટસ** જ્યારે પોતાના પુત્ર વિષે કાંઇ પૂછપરછ કરતો, ત્યારે **આરીયાને** માતા તરીકે જે દુઃખ થતું હતું; તે પત્ની તરીકેના પ્યારથી દાબી રાખતી હતી, પોતાના પતિને દિલાસો મળે એવો જવાબ આપી કહેતી કે;—" હા પ્યારા, તે પુત્ર સારી પેઠે છે." એમ કહી હરેક બહાને તે પાસેના ઓરડામાં જતી રહેતી, ત્યાં દુઃખથી આંસુની ધારા ચલાવી પોતાના હૈયાને હલકું કરતી. જ્યાં સુધી **પીટસ** બરાબર સારી હાલતમાં આવ્યો. ત્યાં સુધી તેના પુત્રના મરણ વિષે આ ડાહી સ્ત્રીએ તેને કશી ખબર પડવા દીધી નહિ. એવી રીતે એ પતિ પત્ની પરસ્પર પ્રીતિમાં વખત ગુજારતાં હતાં. એવામાં એક બનાવ એવો બન્યો કે તેથી તેમની જીંદગીનો અંત આવ્યો. **કલાડીયસ શહેનશાહ** પાસેથી હકુમત છીનવી લેવા માટે **સ્કરીબેનિઅેન્સ** નામે સરદારની ઉશ્કેરણીથી ડાલમેશિયામાં બળવો થયો. તેમાં **પીટસ** કમભાગ્યે સામેલ થયો. બળવો કરનારા હાર્યા. **સ્કરીબોનિઅેન્સ** લડાઇમાં માર્યો ગયો અને **પીટસ** કેદ પકડાયો. **પીટસની** તપાસ કરી તેને શિક્ષા કરવા માટે ચોકી પહેરા સાથે રોમ મોકલવાનો હુકમ થયો.

પતિવ્રતા **આરીયા** જે પતિને જોઈ રાતદિવસ આનંદમાં રહેતી હતી. જેના વિના જીંદગી લુખી તથા ભયંકર અરણ્ય જેવી ગણતી હતી. તે પતિની આવી હાલત જોયાથી તથા પતિની એવી દુર્દશાને વખતે તેની સેવા કરવાને સાથે એકજ વહાણમાં રોમ જવાની અરજ કરેલી તે વૃથા ગઈ. તેથી એ બિચારીને

કેટલું દુઃખ થયું હશે, તે સહેલથી વિચારી શકાશે. પીટસવાળુ વહાણુ ઉપડવાની તૈયારી થઈ; ત્યારે આરીયા દુઃખથી કરમાઈ ગયેલે ચહેરે, આંખમાંથી આંસુ પાડતી, બે હાથ જોડી ચોકીદારોને અરજ કરવા લાગી કેઃ–"તમારા બંધીવાન સરખી પદવીના માણસની સેવામાં તમો કોઈ ચાકર તો આપસો ખરા, કારણુ કે સુબા સરખા અધિકારીને અગત્યના કામકાજ સંબંધી પીડા કરવાને તમો અયોગ્ય કરશો નહિ. માટે તેની ચાકરી કરવાનું જો મને સોંપશો, તો બીજા હરેક માણુસ કરતાં હું તે કામ વધારે સારી રીતે કરી શકીશ. તમોને ખરચનો બચાવ થશે અને કોઇ વાતે અડચણુ આવશે નહિ. એવી હું તમોને ખાત્રી આપુંછું, માટે મારાપર મહેરબાની કરી મારી અરજ કબુલ કરશો, તો તે માટે તમોને કદી પસ્તાવો થશે નહિ." આરીયાએ આ પ્રમાણે ઘણીજ આજીજી કરી પણ તેથી કાંઇ વળ્યુ નહિ. વહાણુનું લંગર ઉપડતું જોઇ, પતિથી જુદી પડવાના વિચારથી તેનું મન અતિશય દુઃખાયું. તેની સાથે જવાનો બીજો કોઇ ઉપાય રહ્યો નહિ; ત્યારે અંતે મછીમારની હોડી ભાડે કરી, તેમાં બેસી પેલા વહાણુની નજીક રહીને આરીયા પતિ સાથે રોમ આવી.

આરીયાએ રોમ આવ્યા પછી પોતાના પતિના છુટકારા માટે શહેનશાહની રાણીને અરજ કરી, પણુ રાણીએ તે બિચારીની અરજ સાંભળી નહિ. તેમ બીજી સર્વ કોશિશ પણુ નિષ્ફળ ગઇ. પીટસનો વાંક સાબિત થવાથી તેને મારી નાંખવાનો હુકમ થયો. આરીયાની હીલચાલથી માલમ પડયુ કે, જે પતિને તે પોતાના પ્રાણુ કરતાં પણુ વધારે ગણુતી હતી, તેની હયાતી પછી એ પતિ પ્રાણા સ્ત્રી એક ઘડી પણુ જીવશે નહિ. તેના લાગતા વળગતાએ એવો મામલો જોઇ તેને સમજાવવા લાગ્યા. તેઓએ તેને ઘણી ભલામણુ કરી કે, ધીરજ રાખી ચૂપ થઈ બેસવું. પણુ આરીયાએ તેમને સાફ કહ્યું કેઃ—મારૂં સુખ દુઃખ મારા પતિ સાથે મળેલું છે. મારો જીવ તેના જીવમાં ભળેલો છે. માટે તેનો જીવ ગયા પછી હું કદી જીવનાર નથી." તેનો એવો નિશ્ચય જાણી લાગતા વળગતા લોકો તેના બચાવ માટે ચોકી કરવા લાગ્યા. પણુ તેઓને તેણીએ જણાવ્યું કે;—"કોઇ પણુ ઉપાયથી તમો મને મારા પતિ સાથે મરવાથી અટકાવી શકશો નહિ." એટલું બોલી પોતાનું શરીર જોરથી ભીંત સાથે પછાડયું. એમ કર્યાથી તે મરણુ પામી નહિ, તોપણુ ઘણો વખત સુધી બેભાન રહી. જ્યારે શુદ્ધિમાં આવી, ત્યારે પાસે ઉભેલાઓને કહેવા લાગી કેઃ—"તમોએ જોયું હશે કે પ્યારા પતિ પીટસ સાથે મરવાથી મને અટકાવવામાં તમો કેટલાં ફાવી શકશો !" એવું જોઈ તેઓએ તેણીની મરજી પડે તેમ કરવા દીધું. શહેનશાહ જોકે ઘણી રીતે સખત હતો, તોપણુ તેનામાં દયાનો થોડો અંશ હતો. તેણે એ પતિવ્રતા સ્ત્રીને તેના પતિના છેલ્લા દિવસોમાં સાથે રહેવાની રજા આપી. પીટસ કેદખાનામાં હતો. તેની જીંદગી મોતને કિનારે આવેલી હતી. આવા સમયમાં પોતાની પ્રિય સ્ત્રીના સહવાસથી કેદખાનામાં તેને ઘણું સુખ મળવા

લાગ્યું. આવા કેદીને જાહેરમાં શૂળીએ દેવા કરતાં, બને તો તેના હાથેજ તેના જીવનો અંત લાવવાની છુટ હતી. તે કારણસર એક ખંજર તેની પાસે રાખવામાં આવ્યું હતું; પરતુ એ વેળા પીટસની સર્વ હિંમત જતી રહી હતી. જ્યારે પોતાની સદ્‌ગુણી સ્ત્રી તરફ જોતો, ત્યારે મરવાને બિલકુલ નારાજી થતો. આરીયાએ જાણ્યું કેઃ—“ પતિની છાતી પોતાને હાથે મરવાની ચાલતી નથી. જો તે પોતાની મેળે જીવ તજી દેશે નહિ, તો ઘણી અયોગ્ય રીતિથી જલાદને હાથે પ્રાણ તજવો પડે એમ છે.” એમ વિચારી આરીયાએ તેની પાસે પડેલું ખંજર ઉપાડી લીધું. પોતાના નાજુક હાથમાં મજબુત પકડી પતિને હિંમત આપવા નિશ્ચય કર્યો. તેણીએ પતિને કેટલાક પ્રેમનાં વચનો બોલીને પેલું ખંજર પોતાના કોમળ કાળજામાં માર્યું. તે પાછું ખેંચી કાઢતી વખતે પોતાની રસીલી જીભથી છેલ્લાં વચનો બોલી કેઃ—“ મારા પ્યારા પતિ ! તમો જુઓ કે આ કામ કાંઇ ઘણું દુઃખ ભરેલું નથી. માટે તમો પણ એ પ્રમાણે કામ કરો. આપણે બંને સાથે આ લોક તજી પરલોકમાં જઇએ. ” તે પછી પીટસને પણ તરત પોતાનો પ્રાણ ત્યાગ કર્યો. એવી રીતે તે પતિ પત્નીએ સાથે પ્રાણ ત્યાગ કર્યો ! ! અહો ! આરીયા તને ધન્ય છે ! ! તું તારો પતિવ્રતાનો ધર્મ છેવટ સુધી સાચવી રહી, પત્ની તરીકેની ફરજ બજાવી આ દુનિયામાં દ્રષ્ટાંતરૂપ અમર કીર્તિ રાખી ગઈ છે ! ! !

પોરશિયા.

આ પ્રસિદ્ધ પતિવ્રતા સ્ત્રી રોમનગરમાં રહેતી હતી. તેના પતિનું નામ આર્કસબ્રુટસ હતું. તે સ્વતંત્ર અને દેશ હિતકારી પુરૂષ હતો. પોરશિયા મોટી કુળવાન રૂપાળી, ભણેલી, હિંમતવાન, નીતિવાળી અને ડાહી હતી પતિ પત્નિમાં ઘણો પ્રેમ અને સંપ હતો. બ્રુટસ કોઇ પણ વાત પોતાની પ્રિય સ્ત્રીથી છુપી રાખતો નહોતો. પોરશિયા પોતાના પતિના કાર્યમાં સામેલ રહી સહાયતા અને સલાહ આપતી. રોમમાં પ્રથમ પ્રજાસત્તાક રાજ્ય ચાલતું હતું. તેને બદલે ત્યાં રાજાનું રાજ્ય સ્થાપવાને પ્રખ્યાત સરદાર જુલિયસસિઝરે ઇચ્છા કરી. સ્વતંત્રતાને ચાહનારા સરદારોને તે કામ પસંદ નહોતું. તેઓએ સિઝરને જીવથી મારવાનો સંપ કર્યો. એ કામમાં બ્રુટસ જે દેશાભિમાની પુરૂષ હતો તે સામેલ થયો. એવું લખેલું છે કે, સિઝરે બ્રુટસ ઉપર ઘણો ઉપકાર કર્યો હતો. તે છતાં એ કામમાં તે સામેલ થયો. તેનું કારણ એટલુંજ કે, એ હરેક બીજી વસ્તુ કરતાં પોતાના દેશની અસલ નીતિ અને સ્વતંત્રપણાને ઘણું ચાહતો હતો. સિઝર સરખા લોભી માણસને મારીને પણ એ વખતે પોતાના દેશીઓના હક અને છુટાપણાનો બ-

ચાવ કરવાને તેને કશું અયોગ્ય લાગ્યું નહિ, એ કામ સંબંધી તે પોતાના સોબતીઓ સાથે ગોઠવણ કરવા લાગ્યો. તે સમે તેની સદ્‌ગુણી સ્ત્રી પોરશિયાના જોવામાં આવ્યું કે, તે ઘણો વિચારમાં અને ચિંતાતુર રહેતો હતો. કોઇ કોઇ વેળા ઉંઘમાંથી ભડકી ઉઠતો, કોઈવાર જે કામ હાથમાં લીધું હોય, તેની જાણે કશી ખબર ન હોય, તેમ પોતાના મન સાથે કાંઇ બીજીજ બાબતના ખ્યાલમાં પડે. એ પોતાના પતિની આવી સ્થિતિ થવાનું કારણ સમજતી. તે પોતે મોટી કુળવાન, અને ડાહી હતી. તેનો પતિ કોઇ દિવસ કાંઇ પણ વાત છુપાવી રાખતો નહિ; પરંતુ હાલ પતિની આવી સ્થિતિ જોઈ મન સાથે વિચાર કરવા લાગી કે;—આતે શું હશે ! તેઓ ચિંતાતુર કેમ જણાય છે ? તેઓ શા વિચારમાં હશે ? વિગેરે વિચારી તેણીએ પતિનો ભેદ જાણવાની ઇચ્છા કરી. પણ બારીક વાતમાં સ્ત્રીનો વિશ્વાસ કરાય નહિ, ” એવો પતિનો વિચાર જાણી મનમાં ઘણું ઓછું લાગ્યુ, પણ જરા ઠંડી થઈ મન સાથે વિચાર કર્યો કેઃ—“ પ્રથમ હું મારી પોતાની તપાસ કરી જોઉં કે, પતિના મનનો ભેદ જાણ્યા પછી તે ગુપ્ત રાખવાની મારામાં હિંમત અને ધીરજ છે કે નહિ ? ” પોતાની એવી શક્તિ વિષે તેણીએ અજમાયશ કરી કેઃ—પોતાના ઓરડામાં જઇ તેણીએ સર્વ દાસીઓને બહાર મોકલી દીધી. પછી એક તીક્ષણ હથિયારથી પોતાના સાથળમાં ઉંડો જખમ કર્યો તે જખમથી તેણીને તાવ આવ્યો અને ઘણી દુઃખી થવા લાગી. તેણીની માંદગીનું કારણ તેના પતિએ ઘણા વખત સુધી પૂછ્યા કર્યું, પણ પતિવ્રતા પોરશિયાએ કશો ખુલાસો કર્યો નહિ. એક દિવસ બ્રુટસ ઘણો આગ્રહ કરી દીલગીર થવા લાગ્યો. ત્યારે તેણીએ કહ્યું કે,—ઘણા દિવસ સુધી આપને કોઇ વાતના વિચાર અને ચિંતામાં જોવાથી તે જખમ કરવો પડયો હતો. એમ કહી તેમના વિચાર અને ચિંતાનું કારણ જાણવાની ઇચ્છા બતાવી. પણ બ્રુટસે પ્રથમની પેઠે વિચાર જણાવ્યો કેઃ—“ બારીક વાત વિષે સ્ત્રીનો વિશ્વાસ કરવો યોગ્ય નથી. એ સાંભળી પોરશિયાએ કહ્યું કેઃ—“ હું જખમી થયાનું કારણ તમોને પણ જણાવીશ નહિ. ” આવાં વચનો સાંભળી બ્રુટસ ઘણો આતુર થયો, તે પોતાની પ્રિય સ્ત્રીને મનાવી તેની માંદગીનું કારણ જાણવા માગ્યું. પોરશિયાએ જાણ્યું કે હવે તેઓ સમજુતીપર આવ્યા છે. એમ વિચારી બોલી કેઃ—પ્યારા પતિ ! તમોએ મને એક સ્ત્રી તરીકે સોબતી કરવાનેજ નહિ, પણ આખી જીંદગી સુધી તમારી સુખ દુઃખની ભાગિયેણ કરવાની ઇચ્છાથીજ મારી સાથે લગ્ન કર્યા છે. તમારો એ હેતુ નિષ્ફળ જાય એવું કાંઇ પણ મેં આજ સુધી કર્યું નથી. પણ તમો તમારા છુપા વિચાર અને છુપી વાતો મને જાણવા દેશો નહિ, તો તમોને મારા પ્યાર અને વિશ્વાસુપણાની સાબિતી કેમ મળી શકશે વારૂ ? અગર સ્ત્રી જાતનો ભરોસો કરવો તમોને એકવાર અયોગ્ય લાગતો હશે, પણ તમો કબુલ કરશો કે, ઉંચા કુટુંબની ઉત્તમ કેળવણી અને સારી સંગતથી સ્ત્રીઓની એવી ખામી મટી જાય

છે. હવે હું તો કેટો સરખા નામદાર બાપની પુત્રી છું. કેળવણી પામી છું, તે ઉપરાંત હું તમોને જણાવું છું કે, તમારો ભેદ જાળવવાને હું કેટલી શક્તિવાન છું, તે મારી એવી શક્તિ તપાસવાને આ ભયંકર જખમ મેં મારા શરીરમાં કર્યો છે. એટલું બધું કરવાની હિંમત અને ધીરજ મારાથી રાખી શકાય તો પછી તમારો ભેદ જાળવવાનું મુશ્કેલ પડેજ નહિ.” બ્રુટસ પોતાની સ્ત્રીના પ્યાર અને ઠરાવ વિષેનાં એવાં વચનો સાંભળી ઘણો આનંદ પામ્યો. તેનું મન ગળી ગયું. તે તરત બે હાથ જોડી ઇશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો કે;–મારૂં ધારેલું કાર્ય પાર પડે અને પોરશિયા સરખી પતિવ્રતા સ્ત્રીનો લાયકનો પતિ સદા થઈ રહું.” પછી તેણે સર્વ હકીકત પોતાની સ્ત્રીને કહી. પોરશિયા તે સાંભળી એ વિષેના જોખમથી પહેલાં તો ઘણી ગભરાઇ, પણ તે ભેદ છુપો રાખવાને કોલ આપી ચુકી હતી. માટે કશી ગરબડ કરી નહિ.

સિઝરને કતલ કરવાને એક ખંજર લઇ બ્રુટસ બહાર જવા લાગ્યો; ત્યારે પતિવ્રતા પોરશિયાનું નાજુક મન વળી ચિંતાથી મુંજવા લાગ્યું; પણ હિંમતથી છાતી કઠણ રાખી બેઠી. બીજા કોઇને પણ કાંઇ ભ્રાંતી પડે એવું કશું પણ તેણે કર્યું નહિ. સિઝરનું ખુન થયું. તેના સોબતીઓ ખુન કરનારને શોધવા લાગ્યા. રૂમી લોકો બે ટોળીમાં વહેચાઇ ગયા. અંતે બ્રુટસની ટોળીનો પરાજય થયો. બ્રુટરસ ફારસેલિયાની લડાઇમાં હાર્યા પછી, પોતે દુશ્મનોને હાથે પકડાઇ શુળીએ ચડી મરવા કરતાં, પોતાને હાથે પેટમાં ખંજર મારી મરણ પામ્યો. પતિવ્રતા પોરશિયા પતિનો પ્રાણ ગયેલો જાણી, તરત તેની પાછળ જવાને તૈયાર થઇ. પોતાનો પ્રાણ ત્યાગ કરવાનો બીજો ઉપાય હાથમાં નહિ આવવાથી બળતા અગ્નિના અંગારા ગળી પ્રાણ તજીને પતિ સાથે પરલોકમાં ગઈ ! ! !

પાનથીયા.

આ સાધ્વી સ્ત્રી આબ્રડિટસની ધર્મ પત્ની થાય. આબ્રડિટસ આસીરિયામાં બાબીલોનના રાજાનો મોટો અધિકારી હતો. પાનથાયા ઘણા ઉચા સદ્ગુણો ધરાવનારી અને ખુબસુરત હતી. ધર્મ પ્રત્યે ઘણો ભાવ હતો, નિત્ય પોતાનાં છોકરાંઓની સાથે ગૃહમંદિરમાં પ્રભુ પ્રાર્થના કરતી. પુત્ર પુત્રીઓને સદુપદેશ આપી સદ્ગુણી કરવાને પ્રયત્ન કરતી. પોતાના ગૃહકાર્યથી પરવારી પતિ સાથે રાજ્યકાર્યમાં સામેલ રહી સલાહ અને સહાયતા આપવામાં ઉપયોગી થઈ પડતી. પતિ પત્નીમાં ઘણો પ્રેમ અને સંપ હતો. એક બીજાને પ્રાણુથી અધિક ચાહતાં હતાં. આબ્રડિટસ પોતાના રાજાના કાંઇ કામ સારૂ બાક-

ડ્રીયાના રાજાના દરબારમાં ગયો હતો. તેવામાં પાછળથી પાદશાહ કૈખુશરોએ આસીરિયા ઉપર ચડાઇ કરી. તેમાં દુશ્મનોની સામે લડતાં એક વખત તેના લશ્કરને હાથ કેટલોક ખજાનો અને બીજા માલ સાથે કેટલીક સ્ત્રીઓ પણ આવી ગઇ. તે વખતના રિવાજ મુજબ તે લશ્કરે બીજા માલ સાથે એ સ્ત્રીઓને પણ લૂટના માલ તરીકે વહેંચી લીધી. તેઓમાં પતિવ્રતા પાનથીયા પણ પકડાઇ હતી. તે ઘણા ઉંચા દરજ્જાની અને ખુબસુરત હતી. તેથી તે પાદશાહ માટે રાખવામાં આવી હતી. સાંજને વખતે કૈખુશરો પાદશાહને બીજા સર્વ સમાચાર સાથે પાનથીયા વિષેના ખબર આપવામાં આવ્યા. તે ખબર આપનાર અમલદાર બોલ્યો કેઃ—" આ સ્ત્રી ઉચા દરજ્જાની અને ખાનદાન કુટુંબની છે. તે કદે શોભાયમાન, બાંધો મજબુત, ચહેરે ખુબસુરત, અને એવી તો હાવભાવ બતાવનારી સ્ત્રી છે કે તેના જેવી બીજી કોઇ સ્ત્રી નહિ હોય." આ સાંભળી કૈખુશરો પાદશાહે કાંઇ અજાયબી બતાવી નહિ; કારણ કે તે બહુ ડાહ્યો અને સમજુ હતો. મનુષ્ય જાતનો હક અને લાયકીના કાનુન જાણતો હતો. તેણે લાંબો વિચાર કરી એ સ્ત્રીને પોતાની સ્ત્રી તરીકે રાખવા નાપસંદ કર્યું. તેણે પેલા અમલદારને આજ્ઞા કરી કે, એ સ્ત્રીની સારી રીતે સંભાળ રાખવી. એને કોઈ વાતે અડચણ આવવા દેવી નહિ. અમલદારે પાદશાહની આજ્ઞા માન્ય કરી, પોતાની નીતિ વિષે બડાઈ કરવા લાગ્યો, પણ તે પતિવ્રતા પાનથીયા ઉપર ખરાબ નજરથી જેવા લાગ્યો.

પતિવ્રતા પાનથીયા સમજુ હતી. તેણે પ્રથમ તો મનુષ્ય જાતની ખામી તરફ નજર કરી વિચાર્યું કેઃ—એકદમ ફરિયાદ કરવી એ ઠીક નહિ, એમ વિચારી ફરિયાદ નહિ કરતાં માત્ર અમલદારને કહ્યું કેઃ—" હું પતિવ્રતા સ્ત્રી છું, હું પરપુરૂષ ગમે તેવો હશે તોપણ તેને ચાહીશ નહિ. મારી ઇચ્છા કરવાથી સારૂં ફળ થશે નહિ." વિગેરે ઘણું એ કામાંધ પુરૂષને જણાવ્યું, પણ ભલાઇની અસર તેમને થઇ નહિ. તે લજવાયાને બદલે ઉલટો કહેવા લાગ્યો કેઃ—" જો તું ખુશીથી મારી મરજી રાખીશ નહિ, તો તને જોર જુલમથી ઠેકાણે લાવવી પડશે." એ સાંભળી પાનથીયાને ઘણો ક્રોધ ચડયો. તે કેટલાંક ધિક્કારનાં વચનો કહી બોલી કેઃ—મને જુલમથી કે બળજોરથી તાબે કરનાર દુનિયામાં કોઇ નથી. મને બીજી બીકણ સ્ત્રીઓ જેવી ધારીશ નહિ. હું કોઇનો ભય રાખતી નથી. સ્ત્રીની ઇચ્છા વિના કોઇ શિયળ ભંગ કરવાને સમર્થ નથી. વિગેરે કહી વિચાર્યું કેઃ—હવે વધારે વખત ધીરજ રાખવી યોગ્ય નથી. તેણે એક નોકર મારફતે સઘળો હેવાલ પાદશાહને જાહેર કર્યો. કૈખુશરોએ તરત તે વિષે ઘટતી તપાસ કરાવી, એ નાલાયક અમલદારને દૂર કર્યો અને પાનથીયાને નિશ્ચિંત રહેવાને કહેવરાવ્યું.

પાનથીયા પાદશાહની એવી લાયકી જોઇ ઘણાં વખાણ કરવા લાગી. તેણીએ મનમાં વિચાર કર્યો કેઃ—" મારા પતિએ આવા પાદશાહનીજ સેવા કરવી યોગ્ય છે." પછી તેણે નામદાર પાદશાહને જણાવ્યું કે, " જો આપ મારા પતિને તેડા-

વવાની મને રજા આપશો, તો હું હિંમતથી કહું છું કે તે આપનો વિશ્વાસુ સેવક થઇ રહેશે. એ મારો પતિ પોતાના આગલા રાજાનું ભલું ચાહનારો હતો, પણ હાલ જે રાજા રાજ્ય કરે છે, તે એવો નાલાયક છે કે તેણે મારા પતિથી મને છુટી પાડવાને એક વખત યોજના કરી હતી. માટે એવા નાલાયક રાજાને મૂકી મારો પતિ વધારે ખુશીથી આપની સેવા કબૂલ કરશે." આ સાંભળી પાદશાહે તેને પોતાના પતિને તેડાવવાની રજા આપી. લાયકીવાળી પતિવ્રતા **પાનથીયાએ** પોતાના પતિને વિશ્વાસ પડે એવી ઠરાવી રાખેલી નિશાની બતાવી તેડાવ્યો. તે નિશાની જોઇ **આબ્રડિટસ** બે હજાર સ્વારો સાથે લઇને કેખુશરોની છાવણીમાં આવ્યો. પતિવ્રતા **પાનથીયાએ** પોતાના પતિ સાથે ઘણા હેતથી આલિંગન કર્યું. પછી પોતાનો સઘળો હેવાલ કહી બતાવ્યો. કેખુશરોનાં ન્યાય, નીતિ અને ડહાપણનાં ઘણાં વખાણ કર્યાં. આ સાંભળી **આબ્રડિટસનુ** મન હર્ષ અને ઉપકારના જુસ્સાથી ભરાઇ આવ્યુ. તે આતુરતાથી પોતાની પ્રાણ પ્રિયા સ્ત્રીને પુછવા લાગ્યો કેઃ—"એવા આભારનો બદલો કેમ આપવો?" **પાનથીયાએ** જવાબ આપ્યો કેઃ—એ પાદશાહની તાબેદારી કબૂલ કરી, તેની એવી રીતે સેવા બજાવવી કે, જેથી તે ખુશી થાય. **પાનથીયાની** ભલામણ તેમણે માન્ય રાખી. પાદશાહની હજુરમાં જઈ નમન કરી તેની સેવા કરવાની રજા માગી. પાદશાહે તેની વાત કબૂલ રાખી આશિષ આપી કહ્યુ કેઃ—"આજ રાતે તમો તમારી સ્ત્રી પાસે જઇ ભોજન લ્યો. કોઇ બીજે દિવસે આપણા મિત્રો સાથે આપણી મિત્રતા થવા વિષે ભોજન કરીશુ."

પાનથીયાએ એ રીતે દુશ્મનોના વચ્ચે પણ હિંમત અને ડહાપણથી પોતાની આબરૂનો બચાવ કર્યો. એમાં પોતાના ઉપર થયેલા ઉપકારનો બદલો વાળવાને તે પતિવ્રતા સ્ત્રીએ ઠરાવ કર્યો. તેમની ઉશ્કેરણીથી **આબ્રડિટસે** કેખુશરોની ચાકરી અંતઃકરણપૂર્વક કરવા માંડી. પાદશાહે એક વખતે શત્રુની સામે લશ્કર મોકલવાની તૈયારી કરી. જ્યારે તે લડાઇમાં જવા નીકળ્યો, ત્યારે નિયમ પ્રમાણે પોશાક પહેર્યો હતો. તેવામાં **પાનથીયા** તેને સારૂ એક સોનાની કોલાહ, બખતર અને સુશોભિત કલગી લાવી. આ સોનાનો સામાન પોતાનો પતિ જાણે નહિ, એવી રીતે તૈયાર કરાવ્યો હતો. આ જોઇ **આબ્રડિટસ** ઘણું આશ્ચર્ય પામી પૂછવા લાગ્યો કેઃ—"તમોએ પોતાનાં ઘરેણાં ભાગી આ સામાન તૈયાર કરાવ્યો છે શું?" **પાનથીયાએ** પુરા પ્રેમથી જવાબ આપ્યો કેઃ—"ના, નહિ, કેમકે મારૂ સર્વથી કીમતી ઘરેણું—આભૂષણ જે તમો છો, તે સલામત છે." એટલું બોલી તેમને પોતાને હાથે પેલી સોનાની કોલાહ, અને બખ્તર પહેરાવ્યાં. માથે કલગી મૂકી. આબ્રડિટસ ઘણો ખુબસુરત હતો. તે ઉપલા કીમતી પોશાકથી વધારે શોભવા લાગ્યો. તેને જોઇ અનેક પ્રકારના ખ્યાલથી **પાનથીયાનું** હૃદય ભરાઇ આવ્યું. આંખોમાં આંસુ આવ્યાં. છાતી કઠણ રાખી બોલી કેઃ—"પ્યારા પતિ! તમો

જાણો છો કે, દુનિયામાં જો કોઇ સ્ત્રી પોતાના પ્રાણ કરતાં પતિને વધારે પ્યારો ગણતી હોય, તો તેવી સ્ત્રી હું છું. એ વિષે મારી ચાલથી તમારી ખાત્રી થઇ હશે. માટે કશું પણ વધારે બોલવાની જરૂર ધારતી નથી. હવે જો કે હું તમારી ઉપર એટલું બધું હેત રાખું છું, તોપણ હું આપણા સંબંધના સોગન ખાઇને કહું છું કે, કશી પણ નામોશી લાગવા જેવી સ્થિતિમાં જીવવા કરતાં તમોને મારા બહાદૂર પતિ સમજી તમારી સાથે ઘોરમાં જવાને હું વધારે પસંદ કરીશ. માટે આપે પરાક્રમીજ કહેવરાવવું જોઇએ. પાદશાહ કેખુશરોએ આપણા ઉપર કેટલો ઉપકાર કર્યો છે, તે તમો યાદ રાખજો. જ્યારે તેના માણસોએ તેને માટે મને ચૂંટી કાઢી, ત્યારે મને પોતાની સ્ત્રી તરીકે રાખવાની સાફ ના પાડી; પોતાની ભોજાઇના સરખા દરજ્જાથી તેણે મને રાખી તમારે હવાલે કરી છે. જે સરદાર મારો ચોકીદાર હતો, તેણે મારી ઉપર ખરાબ નજર કરી હતી. તે પાદશાહની તરફથી બીજુ ઝડપી આ લડાઇમાં મોટું કામ કરવાને ગયો છે; પરંતુ મેં પાદશાહને કહેલું છે કે, એ સરદાર કરતાં મારો પતિ વધારે વફાદાર સેવક અને મિત્ર થઈ શકશે. માટે મારૂ તેવું બોલેલુ વૃથા જાય નહિ એવું તમો કરજો." એવાં ઉત્તમ વચનો પોતાની પ્યારી સ્ત્રીના મુખથી નીકળતાં સાંભળી આબ્રડિટસ ઘણો આનંદ પામ્યો. તે પોતાની સ્ત્રીના શીર ઉપર હાથ મૂકી આકાશ તરફ નજર કરી પ્રાર્થના કરવા લાગ્યો કેઃ—" ઓ ઇશ્વર ! તું એવી કૃપા કરજે કે હું પાનથીયાને લાયક પતિ તથા કેખુશરોને લાયકનો મિત્ર કહેવાઉ." એટલું બોલી તે પોતાના લડાઇના રથમાં બેઠો. પોતાની પ્યારી સ્ત્રીની રજા લઇ રવાને થયો. પાનથીયા તેની પછવાડે જવા લાગી, પણ આબ્રડિટસે પાછું વાળી તેને જોઇ, ત્યારે તેમને પોતાને મકાને જવાનો ઇશારો કર્યો. નોકરો ગાડીમાં બેસાડી મકાને તેડી ગયા. એ વખત પતિ પત્નીના પ્યારનો દેખાવ એવો થયો હતો કે, જ્યાં સુધી તેઓ છુટાં પડયાં ત્યાં સુધી સર્વે માણસોની નજર તેઓ તરફજ હતી.

પતિવ્રતા પાનથીયાની ઉત્તમ ઉશ્કેરણીની યાદ રાખી આબ્રડિટસ લશ્કરને મોખરે રહી પોતાના માણસો સહિત દુશ્મનોની સાથે ખુબ લડવા લાગ્યો. કેખુશરોએ પણ જોયું કે, તે ઘણો ખબરદાર રહી બહાદુરીથી કામ બજાવતો હતો. લડાઇ બંધ થઇ ત્યારે આબ્રડિટસ પાદશાહની નજરે પડયો નહિ. તપાસ કરતાં માલમ પડયું કે, દુશ્મનોની ઉપર હુમલો કરતાં તે બહાદુર સરદાર કપાઇ ગયો છે. પતિવ્રતા પાનથીયા તેની લાશને લાવી સંભાર કરતી બેઠી છે. એ સાંભળતાં કેખુશરો અતિશે દીલગીર થયો. તરત તે કેટલોક જરૂરીયાત સામાન લઈ બે સરદારો સાથે પાનથીયાની પાસે આવ્યો. પતિવ્રતા પાનથીયા પોતાના પ્યારા પતિનું માથું પ્રેમથી પોતાના ખોળામાં લઇ વિલાપ કરતી હતી, એ ખેદકારક દેખાવ જોઇ પાદશાહ આંખમાંથી અશ્રુઓ પાડતાં બોલ્યો કેઃ—" અરે ! સત્ય અને બહાદૂર

પુરૂષ તારો અંત આવ્યો શું ?" એટલું બોલી મરનારનો હાથ પકડવા ગયો કે હાથ ઢાંકેલા કપડામાંથી બહાર ખેંચાઇ આવ્યો. **પાનથીયા** દુ:ખની ચીચીઆરી મારી તે હાથ પાછો ગોઠવી બોલી કે;—ઓ પાદશાહ ! સર્વ ભાગો એવીજ અવસ્થામાં છે. માટે જોઇને શું કરશો ?" પાદશાહે એ સ્ત્રીને ઘણો દિલાસો દીધો. પોતાની સાથે લાવેલો સામાન હાજર કર્યો. **પાનથીયાને** ગમે તેવી રીતે તે લાસને અવલ મંજલ પહોંચાડવાને જે કાંઇ જોઇએ તે તરત હાજર કરવાને માણસોને હુકમ કર્યો. **પાનથીયાને** પોતાને ખુશી પડે ત્યાં રહેવાને અને જવાને સર્વ પ્રકારની મદદ આપવા તથા કોઇ પણ પ્રકારની અડચણ નહિ આવવા દેવાની પાદશાહે ખાત્રી આપી. પણ **પાનથીયા** બોલી કે:—" પાદશાહ કેખુશરો ! તમો ધીરજ રાખો કે, હું કયાં અને કોની પાસે જવા માગું છું, તે વિષે તમો અજાણ્યા રહેશો નહિ. " એ પછી પાદશાહ દીલગીર થતો પોતાને મુકામે ગયો. તે મનમાં ઘણો અફસોસ કરવા લાગ્યો કે:—" આવાં પ્રીતિવાળાં પતિપત્ની ઘણું દુ:ખ ઉપજે એવી રીતે એક બીજાથી જુદાં પડયાં. " પાદશાહના ગયા પછી **પાનથીયાએ** પોતાની એક ખાસ દાસી સિવાય સર્વેને દૂર જવાનો હુકમ કર્યો. દાસીને આજ્ઞા કરી કે:—" હું જેવી મરણ પામુ તેવી મને મારા પતિ સાથે એકજ કફનમાં લપેટી અવલ મંજલ પહોંચાડવાની ગોઠવણ કરજે. " દાસીએ પ્રાણ ત્યાગ નહિ કરવા વિષે બહુ બહુ સમજાવી, પણ તેણે માન્યું નહિ. તે પતિવ્રતા સમજતી હતી કે:—" આ દુનિયામાં જે પતિની સાથે એકસંપ અને પ્રેમથી સુખમાં જીંદગી ગાળી હતી, તેની સાથેજ આ દુનિયા તજી જવું એ સર્વથી વધારે ઉત્તમ છે. " એમ વિચારી એક તલવારથી પોતાને મરણતોલ જખમ કર્યો. પોતાનું શીર પ્યારથી પતિની છાતી ઉપર મુકી પ્રાણ ત્યાગ કર્યો. કેખુશરો પાદશાહ આ ખબર જાણી ઘણો ગમગીન થયો. પતિવ્રતા **પાનથીયાનાં** ઘણાં વખાણ કરી ધન્યવાદ આપવા લાગ્યો. તેણે જણાવ્યું કે, મારી એટલી ઉમેદ રહી ગઇ કે તેઓને લાયક દરજ્જે પહોંચાડી શકાય એટલો વખત જીવ્યાં નહિ. આવાં પવિત્ર દંપતિને ધન્ય છે ! ! **પાનથીયાને** પણ તેની ઇચ્છા મુજબ તેના પતિ સાથે એકજ ઘોરમાં દાટી. તેમને જે જગ્યોએ દાટયાં છે ત્યાં પાદશાહે એક કીર્તિ સ્થભ ચણાવ્યો છે. તે ઉપર તેઓની યાદગીરી માટેનો લેખ કોતરાવ્યો છે. અહો ! **પાનથીયાને** ધન્ય છે ! ! તે પોતાના પતિ પ્રત્યે ધર્મ બજાવી સુદૃષ્ટાંત રૂપ અમર નામના રાખી ગઈ છે !

(પદ ધન્યાશ્રી.)

રામ ભજનકું દિયા, કમલ મુખ રામ. એ રાગ.

" શૂરી સતીઓ ક્યાં છે, એવી શૂરી સતીઓ ક્યાં છે ?
પતિ સાથે વનવાસ વિચરતી, સીતા માતા ક્યાં છે ?
પતિગત વાત સુણી મરનારી, મદાલસા સમ ક્યાં છે ? એવી૦ ૧

નાગ નાથની સેવા કરતી, ભોગવતી પણ ક્યાં છે ?
સમદમ નિયમે દઢ રહેનારી, દમયંતી તે ક્યાં છે ? એવી૦ ૨
પાંચાળીસમા પરમ પુનીતા, શુદ્ધ સાવિત્રી ક્યાં છે ?
સુલોચના, તારા રૂખમણી સમ, સુલક્ષણાઓ ક્યાં છે ? એવી૦ ૩
આડંબર અનસૂયા તણો પણ, વર્નન તેવું ક્યાં છે ?
પતિ ભક્તિની સાચી શક્તિ, કોઇ વનિતામાં છે. એવી૦ ૪
કળિકાળમાં કપટી કુટિલા, કુલટા ઘર ઘરમાં છે !
કોન પ્રયત્ન વડે શું ન બને, પણ પ્રયત્ન તે ક્યાં છે ? " એવી૦ ૫

"પુનમ ચાંદની ખીલીપુરી અહીંરે—એ રાગ.

દયા સાગરા ઇશ્વિર અનુપ છે રે,
યાદ કરી તેનું નામ સદા ઉરમાય; હેતે હરીને આરાધો બેની સર્વદારે.

સાખી—કુંજ બિહારી પ્રભુતણું, લેવું સદા શુભ નામ;
વળી અતિશય પ્રેમથી, કરજો રૂડાં કામ.

રતી કલેશ ન કરીએ બેની નીજ કુટુંબમાં રે,
કુમતી કાપી સ્થાપો સતી સ્ત્રીઓની છાપ. હેતે હરીને આરાધો૦

સાખી—બેન શીયળ વ્રત સાચવો, તો શાંતિ સુખ થાય;
રણમાં પણ ચુકવું નહિ, આ વ્રત નિશ્ચય ક્યાંય.

જીભ વડે સદા સાચે સાચું બોલીયે રે,
એથી પ્રખ્યાતિ પામીશું રૂડી પેર, હેતે હરીને આરાધો૦

સાખી—રહેમ ધરીને હ્રદયમાં, રકને આપો દાન;
ચેતી વર્તો સર્વદા, તો મળશે અતિ માન.

લપટાશો નહિ આપ કદી કુસંગમાં રે,
છેલી માનો અબળા છે ઉત્તમ શીખ, હેતે હરીને આરાધો બેની સર્વદા રે.

સતીના ગુણ ગાવાની ગરબી.

" રઘુપતિરામ રૂદેમાં રહેજોરે." એ રાગ.

આપો સતીના ગુણો પ્રભુ અમનેરે,
અમે કહીએ સ્વતન કરી તમને. આપો૦ ટેક
સતી સીતા થઇ ઘણી સારીરે, જેણે વિશ્વમાં કીર્ત્તિ વધારીરે;
એવી થાય સુકીર્ત્તિ અમારી. આપો૦ ૧

સતી લક્ષ્મી એ લાયક એવીરે, એતો વિષ્ણુની વહાલા દેવીરે;
આજ ન જડે સતી એના જેવી. આપો૦ ૨
સતી પાર્વતી પણ પુણ્યશાળીરે, પતિ શંકરની પ્રેમવાળીરે;
તેણે તાતની કીર્ત્તિ ઉજાળી. આપો૦ ૩
સતી સાવિત્રી સર્વે વખાણેરે, પતિ બ્રહ્માની જન સહુ જાણેરે;
તેને સંભારે છે શુભ ટાણે. આપો૦ ૪
સતી દેવહુતી, દેવીયાનીરે, છે પ્રસિદ્ધ નથી કાંઇ છાનીરે;
ગણી ગાય તેના ગુણ જ્ઞાની. આપો૦ ૫
દમયંતી થઇ દુનીયામાંરે, જેના ગુણ ગવાયા કવિતામાંરે;
એવી કોણ સતી આ સમામાં. આપો૦ ૬
અહલ્યા, અરૂંધતી, ઇંદ્રાણીરે, અનસૂયા જગતમાં જાણીરે;
તારા, સુલોચના વખણાણી. આપો૦ ૭
લોપામુદ્રા, તારામતિ નારીરે, સુભદ્રા ને મદાલસા સારીરે;
ગારગી, તુલસી, ગાંધારી. આપો૦ ૮
રેણુકા, રેવતી, સત્યરૂપારે, સતી રૂકમની એતો અનૂપારે;
જેના ઉપર કૃષ્ણની કૃપા. આપો૦ ૯
સતી કૌશલ્યા પણ ભલી કહીએરે, જેનું નામ પ્રભાતમાં લહીએરે;
સારો દિવસ તેથી સુખી રહીએ. આપો૦ ૧૦
સતી મંદોદરી પણ સારીરે, સ્વાહા, સંજ્ઞા, શકુંતલા, નારીરે;
ભોગવતી, લીલાવતી ભારી. આપો૦ ૧૧
પદ્માવતી ને પ્રભાવતીરે, મીરાંબાઇ એ ઉત્તમ અતિરે;
જેની પ્રભુ ભજવા વિષે મતિ. આપો૦ ૧૨
એહ આદિ સતી એવીરે, જેની કીર્ત્તિ સંભારવા જેવીરે;
સતીમંડળમાં કહી તેવી. આપો૦ ૧૩
પ્રીતે **કેશવજીએ** વખાણીરે, અમે ઉત્સાહથી ઉર આણીરે;
વિશ્વનાથના પુત્રની વાણી, આપો સતીના ગુણો પ્રભુ અમનેરે. આપો૦ ૧૪

સુશીલ સતીઓ.

યોગિની–ચંદ્રકાન્તા.

ભારતવર્ષમાં કાશીપુરી એ પવિત્ર તીર્થસ્થળ તરીકે પ્રસિદ્ધ છે. આ પવિત્ર ધામમાં ઇ. સ. ૧૭૮૦ માં ચૈયતસિંહ નામે રાજા રાજ કરતો હતો. આ મહારાજા ઘણો ધાર્મિક અને પરાક્રમી હતો. તેમની રાજસભામાં ઘણા વિદ્વાનો હતા. તેમાં દેવશર્મા નામે એક પ્રખ્યાત પંડિત હતો. તે ઘણો વિદ્વાન અને બુદ્ધિશાળી હતો, તેની સ્ત્રીનું નામ સાવિત્રી હતું, તે પણ વિદ્વાન અને પતિવ્રતા હતી. આ સદ્‌ગુણ સંપન્ન દંપતિને એક નંદકીશોર નામે પુત્ર અને ચંદ્રકાન્તા નામે પુત્રી હતી. આ બંને બાળકો પવિત્ર માતપિતાના હાથ નીચે ઉછરી કેળવણી લઇને સદ્‌ગુણ સંપન્ન થયાં હતાં. ચંદ્રકાન્તા જેવી વિદ્વાન, સદ્‌ગુણી અને બુદ્ધિશાળી હતી, તેવીજ સ્વરૂપે સુંદર, તેજસ્વી અને મનોહર કાન્તિની હતી, તે વૈદ્યક વિદ્યામાં પણ ઘણી કુશળ અને શોધક હતી. તેમને કાશીમાંજ કૃષ્ણશાસ્ત્રીના પુત્ર બાળશાસ્ત્રી વેરે પરણાવી હતી, કૃષ્ણશાસ્ત્રી મહારાજા ચૈયતસિંહનો માનીતો વિદ્વાન હતો. તેમને કેટલીક જાગીર મહારાજાએ ધર્માદા તરીકે આપેલી હતી. બાળશાસ્ત્રીએ ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. તે પિતાની સાથે મહારાજાની કચેરીમાં જતો હતો, મહારાજા બાળશાસ્ત્રીની વિદ્વતા, હુશિયારી અને સદ્‌ગુણ જોઈ ઘણો ખુશી થતો અને માન આપતો હતો. જેવી ચંદ્રકાન્તા સર્વ પ્રકારે લાયક અને સદ્‌ગુણી હતી, તેવોજ પતિ મળ્યો હતો. આ જોડું સર્વ પ્રકારે યોગ્ય હતું. પરસ્પર ઘણો પ્રેમ હતો. એક બીજાને સુખે સુખી અને દુઃખે દુઃખી થતાં હતાં. આ પવિત્ર દંપતિને પરમાર્થ પ્રત્યે ઘણો પ્રેમ હતો. ચંદ્રકાન્તા પોતાનો પતિ પ્રત્યે શું ધર્મ છે તે જાણતી હતી. પતિ જે પ્રકારે સુખી અને આનંદમાં રહે તેમ કરવા પ્રયત્ન કરતી. સાસુ, સસરાને માબાપ તુલ્ય ગણી સેવા કરતી. નણંદોને બેન જેવી ગણતી, સગાં સ્નેહી અને પાડોસીઓ પ્રત્યે પ્રેમભાવથી પોતાનો ધર્મ બજાવતી. આવા તેમના વર્તનથી આખું કુટુંબ તેમને ચાહતું અને માન આપતું હતું. તેણે દુઃખી દરદીઓની દવા કરવા માટે ઘર આગળ દવાશાળા ઉઘાડી હતી, દુઃખી દરદીઓની સારવાર જાતે ઘણાં ઉત્સાહથી કરતી. ગરીબોને અન્ન અને વસ્ત્રો આપતી. નવરાશના વખતમાં લોકોને ઉપદેશ આપી સન્માર્ગે વાળવા પ્રયત્ન કરતી. સ્ત્રી સમાજ મેળવી તેમના ધર્મ સમજાવતી. આ વગેરે તેમના ઉત્તમ સદ્‌ગુણો

જોઇ સૌ લોકો તેને '**દેવી**' કહી બોલાવતા અને ઘણું માન આપતા હતા. બાળશાસ્ત્રી પોતાને આવી પવિત્ર અને પતિવ્રતા સ્ત્રી મળેલી જોઇ ઘણો આનંદ પામતો. તે પણ પોતાનો પત્ની પ્રત્યે શો ધર્મ છે એ જાણતો હતો અને તેમના પ્રત્યે પ્રેમભાવથી વર્તી, તેમનુ મન રાજી રાખવાને હરેક પ્રકારે પ્રયત્ન કરતો અને માન આપતો હતો; એવો પરસ્પર પ્રેમ હતો. પરતુ દૈવગતિ ન્યારી છે. કોઈનો સુખના દિવસ હમેશાં એક સરખા રહેતા નથી. અસ્તોદયના ચક્રના સપાટામાં વહેલા મોડું સૌને આવવું પડે છે. તે પ્રમાણે આ પવિત્ર દંપતિના સુખનો સૂર્ય અસ્ત થવા આવ્યો. ઇ. સ. ૧૭૮૦ માં કલકત્તાના ગવર્નર જનરલ વૉર્ન હેસ્ટિંગ્સે કાશીના મહારાજા ચૈયતસિંહ પાસેથી દ્રવ્ય મેળવવાની લાલચે સાડીબાવીશ લાખ રૂપિઆ ખંડણી ઉપરાંત પાંચ લાખ રૂપિઆ વધારે માગ્યા. રાજાએ તે ન આપ્યાથી તેનો પચાશ લાખ રૂપિયા દંડ કર્યો, અને તે વસુલ કરવાને હેસ્ટિંગ્સ કાશી આવ્યો. ત્યાં અંગ્રેજના દુસ્મનો સાથે તે પત્રવ્યવહાર રાખે છે, એવું આળ મૂકી તેને ગાદી ઉપરથી ઉઠાડી મૂક્યો, ને તેના ભાણેજને ગાદી આપી. તેની પાસેથી દરવર્ષે ૪૦ લાખ રૂપિઆ ખંડણી લેવાની ઠરાવી. તેનો દીવાની ફોજદારી સર્વ અધિકાર લઈ લીધો. ચૈયતસિંહને કેદ કર્યાથી કાશીના લોકોએ બંડ કરી હેસ્ટિંગ્સને ઘેરી લીધો, એટલે રાજા નાશી ગયો અને હેસ્ટિંગ્સ મહા મુસ્કેલીથી બચી શક્યો. ચૈયતસિંહને અન્યાયપણે કેદ કર્યો. તે પ્રજા જોઇ શકી નહિ. તેથી બંડ કર્યું. આ બંડમાં બાળશાસ્ત્રી પણ સામેલ છે, એવું ગંગાગોવિંદસિંહે માની લઈ પૈસાની લાલચે તેને પણ કેદ કર્યો. ગંગાગોવિંદસિંહ ઉપરી અધિકારીઓને રાજી રાખવા માટે ગમે તેવો અન્યાય અને અધર્મ કરવા ચૂકતો નહિ. તેણે વૉર્ન હેસ્ટિંગ્સને પૈસાથી રાજી રાખવા ઘણા જાગીરદારોની પાયમાલી કરી હતી. ઘણાને ખાવા પીવાની પણ મુશીબત થઈ પડે એવી હાલતે આણ્યા હતા. પૈસા કઢાવવાને સારા સારા જાગીરદારોની સ્ત્રીઓને ભરકોર્ટમાં ઘસડાવી મંગાવતો એવો એ જુલમી હતો. તેણે બાળશાસ્ત્રીની જાગીર પણ લઇ લીધી. તેની માલ મિલકત લૂટી લીધી. તેથી તેનું કુટુંબ દુઃખી હાલતમાં આવી પડયું, જે કુટુંબ દુઃખી દરદીઓની દાઝ હૈયે ધરી તેમને અન્નવસ્ત્ર આપતું, તે કુટુંબ આજે પોતેજ અન્નવસ્ત્ર વગર દુઃખી થવા લાગ્યું.

ચંદ્રકાન્તા પોતાના પતિને જે દિવસથી કેદ કરી લઇ ગયા, તે દિવસથી ધોળાં વસ્ત્ર પહેરી એકવાર ભોજન કરતી, પથારીએ સૂતી. સાસુ સસરા તેમનો પ્રિય પુત્ર કેદ થવાથી દુઃખી થતાં, તેમને અનેક પ્રકારે દિલાસો આપી શાન્ત કરતી. પ્રિય પતિને કેદમાંથી શી રીતે છોડાવી લાવું, એ વિચારમાં ને વિચારમાં સુખે નિદ્રા પણ કરતી નહિ. નિરંતર પતિના છુટકારાના વિચારમાં તેનું શરીર સુકાવા લાગ્યું. તેમને પતિ વગર કયાંએ નિરાંત વળતી નહિ. એક દિવસે રાત્રે પ્રભુની પ્રાર્થના કરી પતિનો છુટકારો કરવા સહાયતા માગી, તે જાણે પ્રભુએજ પ્રેરણા કરી હોય નહિ, તેમ તેને જુદાજ પ્રકારનો ઉમંગ અને ઉત્સાહ

પ્રકટી નીકળ્યો. પતિને છોડાવી લાવવાને કલકત્તે જવાને નિશ્ચય કર્યો. આ નિશ્ચય પોતાનાં સાસુ સસરાને જણાવ્યો. વૃદ્ધ સાસુ સસરા ગંગાગોવિંદસિંહનો જુલમ જાણતા હતા. તેથી તેમણે જવાની ના પાડી, પણ તે પોતાનો નિશ્ચય નહિ ફેરવતાં બોલી કે:-શું તમે મને બીજી સ્ત્રીઓના જેવી ભીરૂ અને નાહિંમતવાન ગણો છો? શું મને પ્રભુએ બુદ્ધિ આપી નથી? શું હુ મારા પતિને નિરંતર કેદમાં પડેલો જોઇ શકીશ? શું હું પતિનું દુઃખ જોઈ રૂદન કરતી બેશી રહીશ? શું હું મારા પતિને છોડાવવા પ્રયત્ન કરીશ નહિ? શું જેમ બીજી હલકી સ્ત્રીઓ વૈભવ કે સુખની લાલચમાં લપટાઇને કે ભયથી ડરી જઇને પોતાનું શિયળ ભંગ થવા દે છે, તેમ હું શું મારૂં શિયળ ભંગ થવા દઇશ? કદિ નહિ. મારા પ્રાણ કરતાં પણ મને મારૂં શિયળ વધારે વહાલું છે. જે સ્ત્રી પોતાના શિયળને પ્રાણ કરતાં પણ શ્રેષ્ઠ ગણે છે, તે સ્ત્રી પોતાનો પ્રાણ તજી દેશે, પણ શિયળ ભંગ થવા દેશે નહિ; તેવીજ સ્ત્રી આ લોક અને પરલોકમાં સુખ પામે છે. આ દુનિયામાં સ્ત્રીનું શિયળ તેમની પોતાની ઇચ્છા વિના ભંગ કરવાને કોઇ દેવ પણ સમર્થ નથી, તો પછી મનુષ્યની તો શું તાકાત છે? ગંગાગોવિંદસિંહ મનુષ્ય છે, પણ કદિ રાક્ષસ હોય તોપણ હું તેમની બીક કે દરકાર રાખતી નથી. માટે એ વિષે તમારે જરા પણ ચિંતા ન કરવી, પ્રભુની સહાયતા વડે ગમે તેવું દુઃખ પણ હું સહન કરવાને શક્તિવાન થઇશ, અને મારા પ્રાણાધાર પતિને કેદમાંથી છોડાવી લાવીશ-પ્રભુ વ્યાપક છે, તે સતી સ્ત્રીનું હમેશાં રક્ષણ કરે છે. હું મારી મર્યાદા અને ધર્મ સાચવી મુસાફરીનાં સંકટ સહન કરીશ, જો હું મારો પતિ પ્રત્યે ધર્મ ભૂલી જઇ બેશી રહું, તો મહા પાપી ગણાઉં અને ધિક્કારને પાત્ર થાઉં. હું જે તેના સુખની ભાગિયેણ હતી, તે હવે તેના દુઃખની પણ ભાગિયેણ ન થાઉં તો હું સ્વાર્થી અને મહા પાપી ગણાઉં. આવી રીતે પાપિણી ગણાવા કરતાં, પતિને છોડાવવા જતાં કદિ પ્રાણ જાય તોપણ ઉત્તમ છે. માટે મને કૃપા કરી તરત રજા આપો-તમારી આજ્ઞાથી સર્વ સારૂં થશે. ઇત્યાદિ વચનો કહી સાસુ સસરાને વિનવી રજા લીધી.

ચંદ્રકાન્તા સાસુ સસરાની આજ્ઞા મેળવી ઘણી ખુશી થઇ. નદી, નાળાં, પર્વતો અને વનો ઓળંગતી ચાલવા લાગી, ચાલતાં ચાલતાં ઘણા ગાઉ આવી પહોંચી, માર્ગમાં કોઈ વખત રસ્તો પૂછતી. એક વખતે એક ગામને પાદર આવી પૂછ્યું કે, ભાઈ! કલકત્તાનો માર્ગ કઈ તરફ જાય છે? તે માણસે કહ્યું કે, "ગમે તે માર્ગે જાઓ, દુનિયા બધી તરફ ખુલ્લી છે." ચંદ્રકાન્તા બિચારી શરમાઈ પોતાની સમજ પ્રમાણે ચાલી, પણ કૃપાળુ પ્રભુએ તેને જાણે ખરો માર્ગ બતાવ્યો હોયની! તેની પેઠે જે રસ્તે ચાલી, તે કલકત્તાનોજ હતો. આગળ ચાલતાં પવનનું મોટું તોફાન ઉપડયું, વાદળાં થઈ આવ્યાં, અંધકાર વ્યાપી ગયો, વિજળીના ચમકારા અને ગર્જના થવા લાગી. જોસબંધ વરસાદ પડવા લાગ્યો, તેથી પાણીથી ભીંજાઇને

થરથર કંપતી એક વૃક્ષ નીચે આવી ઉભી. સતી સ્ત્રીની કસોટી સંકટ સમયે થાય છે. ચંદ્રકાન્તાને પણ તેમના સતીત્વની પરીક્ષા માટે કસોટીએ ચડવાનો વખત આવ્યો. વરસાદ ને ટાઢથી થરથર કપતી વૃક્ષ નીચે ઉભી હતી; તેવામાં દૂરથી દોડતો એક વિકાળ સિંહ ગર્જના કરતો આવ્યો. આ જોઈ તે ભય નહિ પામતાં ઇશ્વિર ઉપર આધાર રાખી ઉભી રહી, તેટલામાં કોઇ શિકારીએ તે સિંહને ગોળીથી ઠાર માર્યો. તેથી તેના ભયથી મુક્ત થઇ; પણ બીજા ભયમાં આવી પડી. શિકારી ચંદ્રકાન્તાનું તેજસ્વી મુખ અને મનોહર શરીર કાન્તી જોઇ મોહમાં પડયો, તેણે બુરી દાનતથી પોતાને ત્યાં લઈ જવાની ઇચ્છા કરી કહ્યું કે, તું મારે ત્યાં આવી રહે, હું તને સર્વ પ્રકારે સુખી કરીશ. આ સાંભળી ચંદ્રકાન્તા પરમાત્માનું ધ્યાન કરી બોલીઃ—ભાઈ! તું મારો પ્રાણ દાતા છે, તેં મને સિંહના મુખમાંથી બચાવી, તે માટે હું તારો ઉપકાર માનું છું. પ્રભુ તારૂં કલ્યાણ કરશે. તું જો મારા પ્રત્યે બુરી દાનત કરીશ તો ઇશ્વિર તારૂં અનિષ્ઠ કરશે. માટે તું તારે માર્ગે ચાલ્યો જા. હું સતી સ્ત્રી છું. મારે તો જે એક પતિ છે, તેજ ખરો પતિ છે. તે સિવાય સર્વ પુરૂષો ભાઇ બાપ સમાન છે. આ સાંભળી શિકારી જેવો ક્રોધથી પકડવા દોડયો; તેવીજ અકસ્માત્ આકાશમાંથી વિજળી પડવાથી મરણ પામ્યો.

ચંદ્રકાન્તા પ્રભુનો પાડ માની ચાલી નીકળી. ચાલતાં ચાલતાં રામપુર નામે ગામને પાદર આવી. ગામના દરવાજા પાસે શિવાલય હતું, ત્યાં ઘણાં સ્ત્રી પુરૂષો ઉતર્યાં હતાં, ત્યાં આ સતી પણ આવી ઉતરી. ગામનો રાજા દુરાચારી હતો તે ઘણી સ્ત્રીઓને પોતાની દાસીઓ મારફતે ફસાવતો હતો. સાંજનો વખત થતાં, તે રાજાની દાસી દર્શને આવી. દર્શન કરી જ્યા સ્ત્રી મુસાફરો ઉતર્યા હતાં ત્યાં આવી બેઠી. ચંદ્રકાન્તાને સ્વરૂપવાન જોઈ તે સાથે વધારે વિવેકથી બોલી કે, બાઈશ્રી ! તમે કોઈ સારા ઘરનાં લાગો છો. તમારે આ સૌ મુસાફરની સાથે ઉતરવું યોગ્ય નથી. ખુશીથી અમારે ત્યાં પધારો, અમે તમારી સેવા કરીશું. રાત વાસો રહી સવારે તમારી ઇચ્છા હોય ત્યાં જજો. ચંદ્રકાન્તા તેમના વિવેક ભરેલા મધુર શબ્દો અને તેમનો ઉત્તમ શણગાર વગેરે જોઈ મનમાં વિચારવા લાગી કે આ સ્ત્રી કોઈ સારા આબરૂદાર ઘરની લાગે છે, તેમનો બહુ આગ્રહ છે, માટે રાતવાસો સારા સહવાસમાં ગાળવો વધારે ઉત્તમ છે. એમ વિચારી તેમની સાથે ચાલી. દાસીએ એક સુંદર મકાનના ઓરડામાં ઉતારો આપ્યો. થોડીવાર થતાંજ રાજા આવી ચડયો. દાસી જોડેના ઓરડામાં જતી રહી. રાજા ચંદ્રકાન્તાને જોઈ મોહીત થયો. ચંદ્રકાન્તા સમજી ગઈ કે પાપિણીએ મને અહીં તેડી લાવી ફસાવી, પણ ફિકર નહિ. પ્રભુ મારી લાજ રાખશે. રાજા બોલ્યોઃ—હે રૂપસુંદર મનોહર સ્ત્રી! તું ખરેખર મારી પટરાણી થવાને યોગ્ય છે. હું તને અનેક પ્રકારના વૈભવ ભોગવાવી સુખી કરીશ; વગેરે રાજાનાં વચન સાંભળી ચંદ્રકાન્તા બોલી કે, હે રાજા ! તું મારા સામે કુદૃષ્ટિથી જોઇશ નહિ ? હું પતિવ્રતા

સ્ત્રી છું, તારે પતિવ્રતા સ્ત્રીની છેડ કરવી યોગ્ય નથી, રાવણે સીતાની ઈચ્છા કરી તો લંકાનું રાજ્ય ખોયું. દ્રૌપદીનાં વસ્ત્રો હરણ કરવાથી કૌરવો નાશ પામ્યા. દમયંતીની છળ કરવાથી પારાધી પૃથ્વીપર પડયો. ઈત્યાદિ રાજા રાણાઓ પરસ્ત્રીની ઈચ્છાથી પોતાનું તેજ અને આબરૂ ખોઇ નાશ પામ્યા છે. માટે તું મારી ઇચ્છા કરીશ નહિ. હું સતી સ્ત્રી છું. મને તું ગમે તેટલી લાલચમાં નાંખીશ પણ હું કદિ મારૂં શિયળ ભંગ કરનાર નથી. હું તારા રાજ્યપાટ અને વૈભવના સુખ કરતાં મારા પાતિવ્રત્યનું સુખ વધારે શ્રેષ્ઠ માનું છુ. મને તું બીજી દુષ્ટ સ્ત્રીઓના જેવી ન સમજ વિગેરે ઘણું કહ્યું, પણ કામી રાજાને કાંઈ અસર થઈ નહિ. રાજાએ જાણ્યું કે આ સ્ત્રીને એકદમ મનાવી શકાશે નહિ. થોડા દિવસ રાખવાથી તે કાયર થઇને મારૂં કહેવું માન્ય કરશે. એમ વિચારી બોલ્યો કે, જો તું ખુશીથી મારે વશ નહિ થાય, તો પછી તને રીબાવી રીબાવીને દુઃખી કરીશ, પણ છો-ડીશ નહિ. આ સાંભળી ચંદ્રકાન્તા ક્રોધથી બોલી કે,—હે રાજા ! તારા જેવો કોઈ પાપી નથી, તું મને રીબાવી ગમે તેટલું દુઃખ દેશે, તોપણ હું તારી થના-રજ નથી, મને મારા પ્રાણ કરતાં પણ શિયળ વધારે વહાલું છે. મારા પ્રાણ જવાની હું દરકાર કરતી નથી. માટે જો તું તારૂં શ્રેય ઇચ્છતો હો તો મને અહીંથી જવા દે. રાજા ધ્યાનપર ન લેતાં ધમકી આપી ચાલતો થયો. તેના ગયા પછી ચંદ્રકાન્તાએ ઓરડામાં કમાડ વાસી દીધાં. દાસીએ કમાડ ઉઘાડવાનું કહેતાં; તેણે ધિક્કાર આપી કહ્યું કે;—હે દુષ્ટ ! તે મને વિશ્વાસ આપી આ પાપીના પંજામાં સપડાવી ? જા તારૂ કાળું મુખ મને બતાવીશ નહિ. દાસી નિરાશ થઈ જતી રહી.

ચંદ્રકાન્તા ઈશ્વરની પ્રાર્થના કરી પોતાનો છુટકારો માગવા લાગી. આજુબાજુ નજર કરતાં ઓરડાની એક બારી ખુલ્લી જોવામાં આવી. તરત પાસે આવી જોયું, તો બારી આગળ આંબાની એક ડાળી ઝુકી રહેલી હતી. તે ડાળી હિંમતથી પકડી ધીરે ધીરે નીચે ઉતરી; પણ ફરતી દીવાલ હતી. તે દીવાલની પાછળ નદી હતી. તે તરફ થઇ જવાને વિચારે ઝાડને ટેકે દીવાલ ઉપર ચઢી નદીમાં કુદી પડી. નદી ઉતરી સામે પાર ગઇ. રાત્રિ અંધારી હતી. તેથી વસ્ત્રો નીચોવી એકદમ ઘણા ગાઉ છેટે એક જંગલમાં આવી પહોંચી. વિચાર કરતાં તેને જણાયું કે, મારૂં સુંદર સ્વરૂપ છે તેથી મને ઘણી વિપત્તિ પડશે. માટે યોગિણી થવું. એમ વિચારી શરીરે ભસ્મ ચોળી યોગિણીનો વેશ ધારણ કર્યો. ચાલતાં ચાલતાં કલકત્તે આવી પહોંચી; એક દેવસ્થાન પાસે ઝુંપડી બાંધી રહી. પોતે ઘણી વિદ્વાન અને બુદ્ધિશાળી હતી. વળી તે વૈદકજ્ઞાનમાં ઘણી કુશળ હતી. ઘણાં માણસો અને મોટા મોટા અધિકારીઓ પણ અહીં દર્શને આવતા હતા. તેઓ આ યોગિણીની વિદ્વતા જોઇ તેમની પાસે આવી બેસવા લાગ્યા. ઘણા દરદીઓ તેમની દવાથી સારા થતા. તેથી શહેરના ઘણા ભાગમાં પ્રખ્યાત થઈ, તે-ણીએ આવતા જતા માણસોથી ગુપ્તપણે જાણી લીધું હતું કે બાળશાસ્ત્રી કેદમાં કુશળ

છે. એક વખતે હેસ્ટિંગ્સની કચેરીના મોટા અધિકારીની સ્ત્રી બહુ માંદી પડી. તેમણે ઘણા વૈદ્ય અને ડાક્ટરોની દવા કરી, પણ કોઇનાથી ફેર પડયો નહિ. તેથી તે અધિકારી આ યોગિણીની ઘણી પ્રશંસા સાંભળી પોતાની સ્ત્રીને તેમની પાસે તેડી લાવ્યો. દવા ચાલુ કરવાથી થોડા દિવસમાં તે સ્ત્રી સાજી થઈ. તેથી તે અધિકારી ઘણો ખુશી થયો. યોગિણીને ઘણું વિનવી પોતાને ઘેર તેડી લાવ્યો. આ અધિકારી બહુ ધાર્મિક અને દયાળુ હતો. તેમણે તેનો ઘણો ઉપકાર માની કહ્યું કે, આપ જોઇએ તે માગો. આ સાંભળી યોગિણીના નેત્રમાંથી અશ્રુ પડ્યાં. આ જોઇ અધિકારીએ બહુ આશ્ચર્ય પામી તેનું કારણ પૂછ્યુ. તે ઉપરથી યોગિણીએ પોતાની યથાસ્થિત વાત કહી બતાવી. આ સાંભળી અધિકારી અને તેમની સ્ત્રીને બહુ દયા ઉપજી. અધિકારી ગુસ્સો કરી બોલ્યો કે:–પાપી ગંગાગોવિંદસિંહ કેવાં કેવાં પવિત્ર સ્ત્રી પુરૂષોને દુઃખ આપે છે ! ધિક્કાર છે તેમને ! એમ કહી તેમને ધીરજ આપી બોલ્યો કે, યોગિણી ! આપ તો સાક્ષાત્ દેવી રૂપ છો. હું આપને મારી માતા તુલ્ય માનુ છું. તમો તમારા પતિ વિષે હવે કશી ચિંતા કરશો નહિ, હુ તેનો ઉપાય કરૂં છું એમ કહી કચેરીમાં ગયો. ત્યાંથી હુકમ લખાવી જેલર પર મોકલ્યો. જેલરે બાળશાસ્ત્રીને કેદમાંથી છોડી મૂક્યો. એટલે હુકમ લઈ જનાર માણસ તેને અધિકારીને ઘેર લઇ આવ્યો. યોગિણી પોતાના પતિને જોતાંજ વ્હાલા પ્રાણનાથ ! એટલું બોલી ચરણમાં પડી રૂદન કરવા લાગી. થોડીવાર બંને ખેદથી સ્તબ્ધ થઇ રહ્યાં. શુદ્ધિમાં આવી બંને પ્રેમથી ભેટયાં. આવાં પવિત્ર દંપતિને જોઇ અધિકારી અને તેની સ્ત્રીએ તેમને ધન્યવાદ આપ્યો. પ્રેમથી થોડા દિવસ પોતાને ત્યાં રાખી રજા આપી. ચંદ્રકાન્તા પતિને લઈ કાશીપુરીમાં આવી. બાળશાસ્ત્રી વૃદ્ધ માતાપિતાના ચરણમાં પડયો. માતાપિતા પણ ઘણાં આનંદ પામ્યાં. પવિત્ર પુત્રવધૂ ઘણાં ઘણાં દુઃખો ભોગવી પોતાના પતિને કેદમાંથી છોડાવી લાવી તે માટે ઘણો ધન્યવાદ આપ્યો. શહેરમાં ચંદ્રકાન્તાની પ્રથમ પ્રખ્યાતિ હતી અને આથી વધારે કીર્તિ થઈ, સૌ લોકો તેને સતી માતા કહી માન આપવા લાગ્યા. પતિ પત્ની નિરંતર સાથે રહી પોતાનાં કર્તવ્ય કરવા લાગ્યાં. કદિ પણ એક બીજાથી વિખુટાં પડતાં નહિ. આ દંપતિ નિરંતર ઇશ્વર ભક્તિમાં કાળ પુરો કરી પરમ ધામમાં ગયાં. ધન્ય છે આવાં પવિત્ર દંપતિને ! ! !

દેવસ્મિતા.

આ પતિવ્રતા સ્ત્રી દેવનગરીના એક ધર્મગુપ્ત નામે વણિકની પુત્રી હતી. બાળપણમાં ત્યાંની વિદ્યાલયમાં અભ્યાસ કર્યો હતો. સ્વરૂપે સુંદર, હિંમતવાન, ઉત્સાહી અને ધાર્મિક હતી. તેમને ધર્મનીતિ ઉપર ઘણો ભાવ હતો;

શાસ્ત્રો વાંચવાં બહુ ગમતાં હતાં. તેને તામ્રલિપ્તિ નગરીના મણિભદ્ર નામે વણિક સાથે પરણાવી હતી. મણિભદ્ર પણ સ્વરૂપે સુંદર, વિદ્વાન, હિંમતવાન અને ધાર્મિક હતો; પતિ પત્નીમાં ઘણો પ્રેમ હતો, એક બીજાથી વિખૂટાં પડેલાં જોવાને કદિ પણ ખુશી નહોતાં. દેવસ્મિતા પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી પતિ, સાસુ અને સસરાની સેવા કરતી; વૃદ્ધ વડિલો પ્રત્યે પ્રેમ રાખતી; સાધુ, સંન્યાસી અને ગરીબ અભ્યાગતોને અન્નવસ્ત્ર આપી સંતોષતી. મણિભદ્ર પોતાને આવી સાધ્વી સ્ત્રી મળેલી જોઇ, ભાગ્યશાળી માનતો હતો. તેમની સલાહ અને સહાયતા લઈ હરેક કાર્યો કરતો. તેમનું માન જાળવી હરેક પ્રકારે સંતોષતો; દેવસ્મિતા ગૃહકાર્યો કરી નવરાશના વખતમાં પતિરંજનાર્થે ગાતી, ચિત્રો ચિતરતી અને ગુંથતી. દેવમંદીરમાં સ્ત્રી સમાજ મળતો ત્યાં ઈશ્વર પ્રત્યે કર્ત્તવ્ય સમજાવી ધર્મબોધ કરતી અને સ્ત્રીઓનાં કર્ત્તવ્ય સમજાવતી, વિગેરે પરમાર્થ કાર્યો કરવાથી તે ઘણી પ્રખ્યાત થઈ હતી. તેમનું મન ઘણું નિર્મળ હતું, કદિ પણ મનમાં ખરાબ વિચાર લાવતી નહિ, કે ખરાબ સંગત કરતી નહિ; દુર્ગુણીનો તિરસ્કાર કરતી અને પવિત્ર સ્ત્રી પુરૂષ ઉપર ભાવ રાખતી. કેટલાંક વર્ષ સુખમાં ગાળ્યા પછી તેમનો સસરો મરણ પામ્યો. તેથી પતિ ઉપર ઘરનો સઘળો કારભાર આવ્યો. મણિભદ્ર વેપારમાં કુશળ હતો, તેમના મિત્રો વેપાર અર્થે પરદેશ જવાનો આગ્રહ કરવા લાગ્યા; તેથી તેની વૃત્તિ પરદેશ જવાની થઈ, પણ દેવસ્મિતાને તે વાત પસંદ નહોતી; કેમકે પતિના સુખદુઃખમાં ભાગ લેવા સાથે જઈ શકાય એવું નહોતું. તેમ વેપાર અર્થે પરદેશ જઈ દેશમાં દ્રવ્યાદિ સ્મૃદ્ધિ ખેંચી લાવવામાં વિઘ્નરૂપ થઇ પડવું એ પણ સ્ત્રીનુ કામ નથી. ઈત્યાદિનો વિચાર કરી પતિને પરદેશ જવા રજા આપી. પરસ્પરની વીંટીઓ નિરંતર સ્મરણ ચિન્હ તરીકે આંગળીમાં પહેરાવી; વીંટી આંગળીમાંથી દૂર થાય તો વિપરીત થશે, એવું કહીને તે સંભાળી રાખવા પરસ્પર ભલામણ આપવામાં આવ્યા પછી મણિભદ્ર ચાલતો થયો.

દેવસ્મિતા પતિના પરદેશ ચાલ્યા પછી ઉત્તમ વસ્ત્રાલંકાર, ઘરનો વૈભવ-શણગાર દૂર કરી, સાદાઈથી રહેવા લાગી. નિત્ય પ્રાતઃકાળે ઉઠી સ્નાન કરતી. દેવ-ઉપાસના કરી પતિનું મંગળ માગતી. પછી ગૃહકાર્ય કરી વૃદ્ધ સાસુ વિગેરે કુટુંબીજનોને ભોજન કરાવતી. નવરાશ મળતાં જ્ઞાનના ગ્રંથો વાંચતી અને પરમાર્થ કાર્યમાં મન પરોવતી. એ રીતે નિત્ય દિવસ નિર્ગમન કરતી. મણિભદ્ર વહાણમાં બેસી કટાહ (કાથે) બેટમાં આવ્યો. ત્યાં હિરામાણેક વિગેરે રત્નનો વેપાર કરવા લાગ્યો, તેમાં ઘણું દ્રવ્ય સંપાદન કર્યું, તેથી કાથે બેટમાં કીર્તિ વધી. મણિભદ્ર પોતાના વેપારનાં કાર્યો કરતાં વખતો વખત વીંટી ઉપર દૃષ્ટિ કર્યા કરતો. જેથી એ બેટમાં રહેતા ચાર વણિક પુત્રોને નવાઇ લાગી. તેથી તેઓ યુક્તિથી તેમને પોતાને ઘેર તેડી લાવ્યા, ત્યાં ખુબ નિશો કરાવ્યો. નિશાની ઉન્મત્ત દશામાં વીંટીની સર્વે વાત પૂછી લીધી. તેથી તેમનામાં પાપબુદ્ધિ પેદા થઈ, ચારે જણે તામ્રલિપ્તિ નગરીમાં

જઇ પતિવ્રતા દેવસ્મિતાનું શિયળ ભંગ કરવાનો વિચાર કર્યો. પછી ગુપ્તપણે ચારે જણ તામ્રલિપ્તિ નગરીમાં આવી એક બૌદ્ધમંદીરમાં ઉતર્યા. આ મંદીરમાં એક કરંડીકા નામે તાપસી-સાધુડી પોતાની શિષ્યા-ચેલી સાથે રહેતી હતી. તેમને દ્રવ્યની લાલચ આપી સર્વ વાત કહી બતાવી. તાપસીએ તે કાર્ય સિદ્ધ કરી આપવાનું માથે લીધું. પછી તાપસી વિવિધ પ્રકારનો પ્રસાદ લઇ, યુક્તિ પ્રયુક્તિથી મણિભદ્રના ઘર આગળ જે માણસો રહેતાં હતાં, તેમને મેળવી લેવા લાગી. એક વખતે પોતાની શિષ્યાને સાથે લઈ, દેવસ્મિતા જે ઘરમાં રહેતી, તે ઘરના આંગણા આગળ આવી. ઘરના આંગણામાં એક કુતરી બાંધી હતી, તે અજાણ્યા માણસને આવતું દેખી ભસીને રોકતી, તે પ્રમાણે આ તાપસીને પણ રોકી. દેવસ્મિતાએ તેણીને આવતી દીઠી, ત્યારે કેમ આવી હશે ? એમ વિચારી દાસીને મોકલી ઘરમાં બોલાવી, દેવસ્મિતા જો કે અજાણ્યા સ્ત્રીપુરૂષનો ભરૂસો કરતી નહોતી, પણ તેમને આવવાનું કારણ જાણ્યા વગર જતી કરવી નહિ, એમ ધારી બોલાવી. ઉપરથી આદર આપી બેસાડી, તાપસી આશીર્વાદ આપી બોલીઃ— સાધ્વી ! હમેશાં તને જોવાને મારી ઉત્કંઠા ઘણી રહે છે, આજે મેં તને સ્વપ્નામાં જોઇ હતી. તેથી હું ઉત્કંઠીત હૃદયે આવી છું. તારો પતિ પરદેશમાં હોવાથી તને વિયોગિની જોઈ મારૂં દિલ દુઃખાય છે, સ્ત્રીનાં રૂપરંગ, જોબન અને શૃંગાર એ સર્વે પ્રિયને મળ્યા વિના વૃથા છે, વિગેરે મિષ્ટ વચનોથી રૂડું મનાવી વિશ્વાસ બેસે એવું કરી ઘેર આવી. બીજે દિવસે મરચાંનો ભૂકો માંસના ટુકડામાં ભર્યો, તે લઇ ફરી દેવસ્મિતાને ઘેર આવી. તે માંસનો ટુકડો આંગણામાં બાંધેલી કુતરીને નાંખ્યો. કુતરી તરત ખાઇ ગઇ, મરચાંને પ્રતાપે કુતરીની આંખો અને નાકમાંથી ઘણું પાણી ઝરવા લાગ્યું. તાપસી દેવસ્મિતાની પાસે જઈ ઢોંગ કરી રોવા લાગી, દેવસ્મિતાએ આશ્ચર્ય પામી રોવાનું કારણ પૂછ્યું. તાપસી ખેદ પામતી બોલી કેઃ-પુત્રી ! હમણાં તું જો, બહાર કુતરી કેવી રડે છે ? હું પુનર્જન્મમાં તેને મળી હતી. તેથી તે આજ મને ઓળખીને કલ્પાંત કરે છે. તેથીજ મને પણ આંસુ આવ્યાં છે. આ સાંભળી દેવસ્મિતા બહાર જઈ જુએ છે તો કુતરીને રોતી હોય તેવી જોઈ, આ તે શું આશ્ચર્ય છે ! એમ ક્ષણવાર વિચારના વમળમાં પડી ગઈ. પછી તાપસી બોલી કેઃ-પુત્રી ! પુર્વજન્મમાં હું અને આ કુતરી એક બ્રાહ્મણની સ્ત્રી હતાં, અમે શોકયો હતી. અમારો પતિ રાજાના કામ પ્રસંગે હમેશાં પરદેશ જતો હતો, ત્યારે હું શિયળ પાળતી નહોતી, પણ મારી ઇચ્છામાં આવે તેમ વર્ત્તતી હતી. પોતાની ઇચ્છામાં આવે તેમ વર્ત્તવું અને શિયળ ન પાળવું એ પરમ ધર્મ છે, એ ધર્મના પ્રતાપથીજ મને જાતિ સ્મરણ જ્ઞાન રહ્યું છે. આ કુતરી અજ્ઞાનતાથી પોતાના શિયળની રક્ષા કરતી. તેથી આ ભવ તેને કુતરીનો અવતાર આવ્યો છે. પણ તેને પૂર્વજન્મ સાંભળે છે તેથી રડે છે. મારે ત્યાં કાથબેટથી ચાર સ્વરૂપવાન વણિક પુત્રો આવ્યા છે વગેરે કહ્યું. દેવસ્મિતા બુદ્ધિશાળી હતી, તે આ સાંભળી તેનો

મર્મ સમજી ગઈ કે, અરે ! આ તે કેવો ધર્મ ? જરૂર આ દુષ્ટા ધૂર્ત રચના કરી મને ઠગવાને આવી છે, વળી તે કાથેએટથી આવેલા ચાર વણિક પુત્રોનાં વખાણ કરે છે. નિશ્ચે એ વણિક પુત્રો મારા પતિને કાંઈ પણ દગો કરી અહીં આવ્યા છે, અને આ પાપીણિને મળેલા લાગે છે. ઠીક છે, તેનું ફળ તેમને ચખાડીશ. એમ વિચારી ગુસ્સાને સમાવી ધીરજથી બોલી કેઃ—તાપસી ! આટલા દિવસ મેં આ ધર્મ જાણ્યો નહોતો ! આજ જાણવામાં આવ્યો. વાહ ! બહુ સારો ધર્મ જણાવ્યો ! તમો તો આવો ધર્મ જાણો એમાં નવાઇ નથી ! તમો તે વણિક-પુત્રોને મારી પાસે લાવજો. આ સાંભળી તાપસી ખુશી થતી ઘેર ગઈ. કાર્ય સિદ્ધ કરી આવ્યાની વાત વણિકપુત્રોને કહી. તેથી તેઓ ખુશી થયા.

દેવસ્મિતાએ પોતાની દાસીને બોલાવી કહ્યું કેઃ—એ તામસી મહા પાપીણિ લાગે છે. તેણે પોતાના નીચ કર્મથી ઘણી ભોળી સ્ત્રીઓને ભરમાવી પાપમાં નાંખી હશે. હવે એ પાપીણિને શિક્ષા કર્યા વિના જતી મૂકવી યોગ્ય નથી. તેમ કાથે-એટથી આવેલા પાપીઓને પણ તેના પાપ કર્મનું ફળ ચખાડવું જોઇએ. નહિ તો એ પાપીઓ પોતાના પાપ કર્મથી ઘણાને હેરાન કરશે. ઠીક છે. હવે હું તેનો ઘાટ ઘડીશ. અરે ! શું એ દુષ્ટાએ મને પણ કુલટા સ્ત્રી ધારી હશે ? જે સ્ત્રી પોતાની ઇંદ્રિયોને તૃપ્ત કરવા શિયળ ભગ કરે છે, તેને ધિક્કાર છે ! ! અરે ! તેવી પાપીણિ સ્ત્રી, તે સ્ત્રી નહિ, પણ કુતરી સમજવી. તેને મનુષ્ય નહિ પણ પશુ જેવી સમ-જવી. જે સ્ત્રી રૂપ, રંગ, જોબન, વૈભવ, વસ્ત્રાલંકાર અને દ્રવ્યાદિની લાલચમાં લપટાઈ, ક્ષણિક સુખ માટે શિયળ ભંગ કરે છે, તે નર્કમાં પડે છે, એવું દુનિયાના સર્વ ધર્મોમાં જણાવેલું છે. અરે ! આવી દુરાચરણી દુષ્ટા તાપસીઓ પાપી કર્મથી પેટ ભરવાને માટે ઉપરથી ધાર્મિક સાધુતાનો વેશ ધારણ કરે છે, અને મનમાં તો બહુ મેલીઓ હોય છે. આવા ઉપરના સાધુતાના ડોળથી ઘેરે ઘેર ભટકે છે, ભોળી સ્ત્રીઓના સહવાસમાં આવીને યુક્તિ પ્રયુક્તિથી સમજાવી પાપી કર્મ કરાવે છે. ધિક્કાર છે આવી વેશધારી સાધુડીઓને ! અને ધિક્કાર છે તેમનો ભરૂસો કરી ઘરમાં પેસવા દેનારને ! ! આવી વેશધારી સાધુડીઓ કે ઘેરે ઘેર ભટકનારી સ્ત્રીઓને કદિ પણ ઘરમાં પરીક્ષા કર્યા વિના પેસવા દેવી જોઇએ નહિ, કે વિશ્વાસ કરી તેમનો સંગ કરવો નહિ. જો ઘર આંગણે આવે તો તેને આવવાનું કારણ જાણી લઈ તરત રજા આપવી, પણ મન દઇ વિશેષ વાત કરવી નહિ. એવાં મહાન પુરૂષોનાં વચન સત્ય ઠરે છે. એટલું બોલી દાસીને કહ્યું કેઃ—તું ધંતુરાવાળી મદિરા અને લુહારને ત્યાં કુતરાના પંજાવાળો લોઢાનો પગ તૈયાર કરાવી લાવ. દાસીએ તેમની આજ્ઞા પ્ર-માણે લાવી હાજર કર્યું. પછી દાસીને પોતાના જેવો વેશ ધારણ કરાવી બેસાડી.

તાપસીએ વણીક પુત્રોને વાત જણાવી હતી, ત્યારથી તેઓ પરસ્પર પ્રથમ જવા માટે તકરાર કરવા લાગ્યા હતા. પછી તે ચારમાંથી એકને પોતાની શિષ્યાનાં

વસ્ત્રો પહેરાવી દેવસ્મિતાને ઘેર પહોંચાડી આવી. દેવસ્મિતા તેમને આવતાં જોઇને ગુપચુપ ચાલી ગઈ. રાત્રિનો વખત હતો, તેથી કાંઇ જાણી શકાય તેનું નહોતું. દેવસ્મિતાનો વેશ ધારણ કરી બેઠેલી દાસીએ હાવભાવ બતાવી વણિકપુત્રને ધંતુરાવાળી મદિરા ઘણા આદરથી પીવરાવી. તેથી તે દુષ્ટ વણિકપુત્ર મદિરાના નિશામાં ચેતના રહિત થયો. ત્યારે તેનાં વસ્ત્રો ઉતારી લઇ, લોઢાનો તપાવેલો કુતરાનો પગ તેના કપાળમાં ચાંપી દીધો. પછી તેને ઉચકીને ઉકરડાની ગંધાતી ખાડમાં ફેંકી દીધો. પાછલે પહોરે જ્યારે તે શુદ્ધિમાં આવ્યો, ત્યારે પોતે પાપ કર્મને લીધે નર્ક સમાન ખાડામાં પડેલો જણાયો. ઝટપટ ઉઠીને બહાર આવ્યો. સ્નાન કરી કપાળ ઉપર હાથ ફેરવતો નવસ્ત્રો એકદમ તાપસીને ઘેર આવ્યો, તેણે વિચાર્યું કે, જો હું બેહાલ થઇ આવ્યો તે વાત કરીશ તો મારી એકલાનીજ હાંસી થશે. માટે બીજાને વાત નહિ કરતાં બોલ્યો કેઃ—રાત્રિએ મેં બહુ મદિરાપાન કરેલુ છે, અને આખી રાત્રિ ઉજાગરો થયો છે, તેથી માથું દુઃખે છે, એમ કહી પેલા કુતરાના પગનો ડામ દેખાય નહિ, તેવી રીતે માથે પાટો બાંધ્યો. બીજે દિવસે સાંજે બીજો વણિકપુત્ર ગયો, તેના પણ તેવાજ હાલ થયા, તે પણ પેલા વણિકપુત્રના જેવોજ વિચાર કરી નહિ બોલતાં, પેલાના જેવુંજ બહાનું કાઢી માથે પાટો બાંધ્યો, એવી રીતે ચારે વણિકપુત્રોના હાલ થયા, તેમાંથી કોઇએ વાત કહી નહિ, તેઓના પાપ કર્મથી કપાળે ડામ દેવાયા, અને ધનનો નાશ થઇ દુઃખી થયા, તેથી લજ્જા પામી તાપસીને વાત નહિ કરતાં રવાને થયા. દુષ્ટ તાપસી વણિકપુત્રોના કેવા હાલ થયા, તે જાણતી નહોતી. તેથી હર્ષ પામતી પોતાની શિષ્યાને સાથે લઇ દેવસ્મિતાને ઘેર આવી, દેવસ્મિતાએ તેને પણ તેના પાપી કર્મની શિક્ષા કરવાનો વિચાર કર્યો. ઉપર ઉપરથી સત્કાર કરી બેસાડી. ધંતુરાવાળી મદિરા મંગાવી ચેલી અને તેને પીવરાવી. તેથી બંને બેભાન થઈ ગયાં. ત્યારે દાસીએ બંનેના નાક, કાન કાપી પેલાજ અપવિત્ર ખાડામાં ફેંકી દીધાં. પ્રાતઃકાળે શુદ્ધિમાં આવતાં, બને શરમાઇને પોતાને ઘેર જઈ પાપ કર્મ માટે પસ્તાવો કરવા લાગ્યાં; એવી રીતે દેવસ્મિતાએ પાપ કર્મ કરનાર સર્વેને શિક્ષા કરી પોતાની લજ્જા રાખી.

દેવસ્મિતાએ હવે વિચાર્યું કે, વણિક પુત્રોને મેં તેમના પાપી કર્મની શિક્ષા કરી છે; તેથી તેઓ ગુસ્સે થઇ મારા પતિને કાંઇ પણ હાનિ કરે તો મહા ખોટું થાય; એમ વિચારી આકુળ વ્યાકુળ થવા લાગી. તેની સર્વ વાત તેણે પોતાની સાસુ પાસે જઇ કહી બતાવી. એ સાંભળી સાસુએ કહ્યું કેઃ—વહુજી ! તમે એ કામ બહુ સારૂં કર્યું છે, પરંતુ એમાંથી મારા પુત્રને કદાપિ કાંઇ હાની થવાની ફિકર રહે છે. દેવસ્મિતાએ કહ્યું કેઃ—સાસુજી ! આપની આજ્ઞા હોય તો હું મારી બુદ્ધિબળના યોગથી તેઓની રક્ષા કરીશ. સાસુ જાણતી હતી કે, દેવસ્મિતા પતિવ્રતા છે, તેમ વિદ્વાન, ચતુર, બુદ્ધિવાન અને ધાર્મિક છે; તે હિંમત ધારે તે કરી શકે એવી છે. તેમને જવાની રજા આપવામાં કોઇ જાતની ધાસ્તી રહેતી નથી.

એમ વિચારી જવાની રજા આપી. દેવસ્મિતાએ સાસુની રજા લઇ દાસીએ અને પોતે વાણિયાનો વેશ ધારણ કર્યો. વેપારનું મિષ કરી બને વહાણમાં બેઠાં. વહાણ કાથે બેટમાં આવ્યું. પોતે અને દાસી વેપારીને વેશે કિનારે ઉતર્યાં. શહેરમાં તપાસ કરતાં પોતાના પતિ મણિભદ્રને કેટલાક વાણિયા વેપારીની વચ્ચમાં બેઠેલો જોયો. મણિભદ્રે પણ પોતાની જાતનો પોતાની સ્ત્રી સરખો વાણિયો જોઇ, આ વાણિયો કોણ હશે! એમ વિચારી છેટથી એક નજરે જોવા લાગ્યો.

આ કાથે બેટમાં સુરસેન નામે રાજા બહુ ધાર્મિક, દયાળુ અને ન્યાયી હતો; તેમની પાસે જઇ દેવસ્મિતાએ (વાણિયાને વેશે) ફરિયાદ કરી કે:-મારા ચાર ગુલામ નાશી આવ્યા છે, તેમને આપ મારે સ્વાધીન કરો. રાજાએ પોતાની પ્રજાને એકઠી કરી કહ્યું કે:—આ ઉભેલી મારી પ્રજામાંથી તારા ગુલામ હોય તે શોધી લઇ જા. રાજાનો આવો હુકમ થતાંજ દેવસ્મિતાએ પેલા ચાર વણિક પુત્રોને પકડી લીધા. ત્યારે પાસે ઉભેલા મહાજને કહ્યું કે:—આ તો શેઠીયાના પુત્રો છે, તે તારા ગુલામ ક્યાંથી થવા આવ્યા? ત્યારે દેવસ્મિતાએ કહ્યું કે:—હું જે કહું છું તે વાત ઉપર આપનો ભરૂસો ન હોય, તો તેઓના કપાળ ઉપર મેં કુતરાના પગની નિશાની પાડેલી છે તે જુઓ. આ કહેવું સર્વેએ કબુલ રાખ્યું. ચારે વણિક પુત્રના માથા ઉપર હજુ પાટા બાંધ્યા હતા, તે છોડાવતાં કુતરાના પગની નિશાનીના ડામ જોવામાં આવ્યા. આ જોઇ વાણિયાનું મહાજન આશ્ચર્ય પામ્યું. રાજાએ આશ્ચર્ય પામી તેનું કારણ પૂછ્યું. ત્યારે દેવસ્મિતાએ યથાર્થ વાત કહી બતાવી. તે સાંભળી સૌ લોકો વધારે આશ્ચર્ય પામી હસવા લાગ્યા. રાજાએ ગુસ્સે થઇ એ ચારે પાપીઓને લઈ જવાનો હુકમ કર્યો. પણ મહાજને દેવસ્મિતા પાસે ક્ષમા માગી. દેવસ્મિતાએ તેમનું માન રાખી છોડી દીધા. સૌ લોકો પતિવ્રતા દેવસ્મિતાનાં ઘણાં વખાણ કરી ધન્યવાદ આપવા લાગ્યાં. રાજાએ આ સતીનું સતીત્વ જોઇને તેમને કેટલુંક દ્રવ્ય અને ઉમદા ભેટો આપી ઘણો સત્કાર કર્યો. પછી દેવસ્મિતા પોતાના પ્રાણનાથ મણિભદ્ર સાથે તામ્રલિપ્તિ નગરીમાં આવી સાસુને પગે લાગી. સાસુએ તેમનાં ઘણાં વખાણ કરી ધન્યવાદ આપ્યો. તે પછી પતિ પત્નીમાં કદિ પણ વિયોગ થયો નહિ. ઘણાં વર્ષ સુખ ભોગવી આ દંપતિ પોતાના જીવનનું સાર્થક કરી ગયાં છે. ધન્ય છે દેવસ્મિતાને ! તેમણે પોતાનું સતીત્વ સાચવી પાપીઓને શિક્ષા કરી, અને પતિને પણ આવતા સંકટમાંથી ઉગાર્યો!!! ધન્ય છે તેમને!!!

કવિ સીતા.

આ પવિત્ર મનની સ્ત્રી ભોજરાજાના વિદ્વાન મંડળમાં ઉત્તમ ગણાતી હતી. તેણે પોતાની વિદ્વતાથી વિદ્વાનો અને રાજાને ઘણીવાર પ્રસન્ન કર્યા હતા. એ જેવી સૌન્દર્યતા અને વિદ્વતામાં સરસ ગણાતી હતી, તેવીજ પતિવ્રત પાળવામાં પણ પૂરી હતી. તેનો પતિ મણિભદ્ર પણ વિદ્વાન હતો. આ દંપતિમાં પરસ્પર ઘણી પ્રીતિ હતી. આ સાધ્વી સ્ત્રી કાવ્યકળામાં ઘણી હુંશીયાર ગણાતી હતી. એક વખતે એક કવિએ ભોજરાજાની કચેરીમાં આવી કહ્યું કેઃ—

कवित्वंनशृणोत्येवकृपणःकी र्त्तिवर्जितः ॥

અર્થ—કીર્ત્તિ વગરનો લોભી માણસ કવિતા સાંભળતોજ નથી. આ સાંભળી કવિ સીતા તે પ્રસંગે ભોજરાજાની કચેરીમાં બેઠી હતી તે બોલી કેઃ—

हतादैवेनकवयोपराकास्तेगजाअपि ।
शोभानजायतेतेषांमण्डलेन्द्रगृ ं विना ॥

અર્થ—એ બિચારા કવિઓ અને બિચારા હાથીઓને દૈવેજ મારી મૂકેલા છે કે, જેઓને રાજાધિરાજના ઘર વિના શોભા મળતીજ નથી. આ સાંભળી રાજા અને સભાજનો સર્વે ઘણાં ખુશી થયાં. વળી એક વખતે ભોજરાજા કવિ કાળીદાસમાં કંઇ અવગુણ જોઈ મનમાં ખેદ કરતો હતો. તે પ્રસંગે કવિ **સી**તા રાજાના મનનો ભાવ જાણી લઇને બોલી કેઃ—

दोषमपि‍ ॒ णवतिजनदृष्ट्वा॒ णरागिणोनाखि॒ न्ते ।
प्रीत्यैव ॒ ॒ ॒ ॒ ॒ निपतितंपश्यातेलोकःकलङ्कमपि ॥

અર્થ—ગુણી લોકમાં દોષ દેખવામાં આવે, તોપણ ગુણ ઉપરજ પ્રેમ ધરાવનારા લોકો તેથી ખેદ ધરતા નથી. ચંદ્રમાં રહેલા કલંકને પણ પ્રેમથીજ જુએ છે.

અહા ! કેવો ઉપદેશ ! તેનાં આવાં વચન સાંભળી ભોજરાજા ઘણો પ્રસન્ન થયો અને તેને ઘણું દ્રવ્ય આપ્યું. આ પ્રસંગે તેણે ઘણી કવિતા કરેલી છે. આ સાધ્વીમાં શિઘ્ર કવિતા કરવાની અલૌકિક કવિત્વ શક્તિ હોવાથી તથા પોતાની ચાતુરી વગેરે ગુણોથી સર્વમાં માન પામી પ્રસિદ્ધ થઈ ગઇ છે. અહો ! સ્ત્રીઓમાં પણ કેવી અલૌકિક શક્તિઓ રહેલી છે ? ખરેખર જો તેઓ ઉત્તમ કેળવણી લે તો પ્રકાશિ નીકળ્યા વગર રહે નહિ. અરે ! પણ તે અર્વાચીન કાળમાં અપાતી ધર્મ નીતિ વગરની લુખી કેળવણી નહિ હો ! એ તો પ્રાચીન પદ્ધતિ પ્રમાણે ધર્મનીતિવાળી કેળવણીજ સમજવી. ધર્મનીતિવાળી કેળવણીનો પ્રતાપજ કોઈ અલૌકિક છે, તેની અસર હૃદયમાં કોઇ જુદી તરેહનીજ થાય છે. તેથી અંતઃકરણ પવિત્ર થઇ જીંદગીનું સાર્થક થઇ શકે છે.

દ્વિતીય-દર્શન.

સ્ત્રીપુરુષના ધર્મ.

સ્ત્રીનો પતિપ્રત્યે ધર્મ.

આ સૃષ્ટિમાં સ્ત્રી પુરૂષ બંનેથી ઘર મંડાય છે અને ચાલે છે; પરંતુ બંનેની સ્થિતિ, શરીરની રચના, સ્વભાવિક મનનું બળ, શાક્ત અને નીતિ વગેરે ઉપર વિચાર કરતાં પુરૂષ બુદ્ધિ, નીતિ વગેરેમાં શ્રેષ્ઠ હોવાથી તેના પર ઘરની મોટાઇનો તથા સ્ત્રીના ભરણપોષણ અને રક્ષણનો સઘળો આધાર રહેલો છે. તે ભરણપોષણ કરે છે, તેથી **ભર્ત્તા**, પાલણ કરવા પરથી **પતિ**, કામના પુરી કરવા પરથી **કાન્ત**, પ્રીતિ આપવાથી **પ્રિય**, શરીરનો ધણી હોવાથી **સ્વામી**, પ્રાણને આધાર આપતો હોવાથી **પ્રાણનાથ** અને ઐશ્વર્ય આપતો હોવાથી **ઇશ** કહેવાય છે. એવો જે ઇશ—પતિ જે આ સંસારમાં અન્ન વસ્ત્રાભૂષણ વગેરે પદાર્થો પૂરા પાડીને રક્ષણ કરવાનું બુદ્ધિથી અભિમાન રાખે છે, અને જેને માતાપિતાએ દેવ, અગ્નિ, અને હજારો મનુષ્યોની સમક્ષ અર્પણ કરેલી છે, તે પુરૂષને પ્રિય જાણી સેવવો એ સ્ત્રીનો પરમ ધર્મ છે. સ્ત્રીને ખરા ધર્મનું સ્વરૂપ પતિ હોવાથી તેનાપર નિર્મળ પ્રીતિ રાખવી, તેની મરજી સાચવવી, અને તેની આજ્ઞા પાળવી એજ **સેવા** છે. એવી રીતે જે સ્ત્રી સર્વ ઇંદ્રિયો વશ રાખી તન, મન અને કર્મથી સેવા કર્યા સિવાય બીજી કઇ ઇચ્છા રાખતી નથી; તેજ **પતિવ્રતા, સાધ્વી, સતી** કહેવાય છે. આ સૃષ્ટિના ઉત્પન્ન, પાલણ, રક્ષણ અને તારણકર્ત્તા પ્રભુને આપણે માન આપી પૂજીએ છીએ, સેવા, ભક્તિ, અને આરાધના કરીએ છીએ. તેમ આ ગૃહ-સંસારમાં સ્ત્રીને ભરણપોષણ અને રક્ષણ વગેરેનો કર્ત્તા પતિ હોવાથી તે પ્રભુથી બીજે દરજ્જે પૂજ્ય, માન્ય, સેવ્ય, ભક્તિ, અને આરાધના કરવા યોગ્ય છે. મનુસ્મૃતિમાં કહ્યું છે કેઃ—**ऊपचर्यः स्त्रियासाध्व्यासततं देववत्पतिः**—" સાધ્વી સ્ત્રીએ પતિની દેવની પેઠે પરિચર્યા કરવી " એવાં શાસ્ત્રોક્ત વચન પ્રમાણે સ્ત્રીને પતિ એજ સંસારમાં સાચો સાથી છે. તેની સેવા તેને કામદુધા છે, એજ તેને ચિંતામણી છે, એજ તેને પ્રિય અને હિત કરતા છે, એજ તેને કલ્યાણદાતા છે, આંવો જે પોતાનો પતિ તેની સેવાજ સ્ત્રીને ઉત્તમ

ફળ આપનાર છે. સ્ત્રીને પતિની આજ્ઞા લીધા વગર વ્રત, દાન, તીર્થ વગેરે સુકર્મો કરવાં કહ્યાં નથી. સાધ્વી સ્ત્રીને પતિ જે શુભ કર્મો કે ધર્મ કરે છે, તેના ફળમાંથી તેને સેવાના પ્રભાવે અર્ધ ભાગ મળે છે. મહાભારતમાં કહ્યું છે કેઃ-

पतिव्रतापतिप्राणासानारीधर्मभागिनी ॥
शुश्रूषांपरिचर्य्यांचकरोत्यविमनाःसदा ॥

"જે સ્ત્રી પતિવ્રતા અને પ્રતિપ્રાણા થઇને સર્વદા ખુશીથી સ્વામીની સેવા તથા ચાકરી કરે છે, તેજ ધર્મભાગિની થાય છે. અનસૂયા માતાએ કહ્યું છે કે—"સ્ત્રી સ્વામી સેવાથીજ માત્ર ઇચ્છીત લોકને પામે છે. જેનું ચિત્ત સ્વામીને પ્રસન્ન કરવામાં છે. તે સ્ત્રી સ્વામીના પૂણ્યનું અર્ધ ફળ ભોગવે છે. એ રીતે સ્ત્રીને સ્વામી સેવાથીજ ઉત્તમ ફળ છે. તેને પતિ એજ ગુપ્ત ધન છે. તેનાવડેજ તે અનેક પ્રકારના વૈભવો ભોગવી શકે છે, તેના વડેજ તેનો શણગાર શોભે છે, તેના વડેજ તેનું સૌભાગ્યપણું અખંડ રહે છે. તેના વડેજ તેને પુત્ર રત્નની પ્રાપ્તિ થાય છે, અને તેના વડેજ તેને આલોકમાં સુખ અને પરલોકમાં પરમ સદ્દગાત મળે છે. તેને આ સંસારમાં પતિ એજ ગુરૂના જેવો સન્માર્ગ બતાવનાર, પિતાના જેવો હિત કરનાર, માતાના જેવી મમતા રાખનાર, વિશ્વાસ લાયક, પૂજ્ય, જીવન હાર; અને પ્રાણ સરખો પ્રિય છે. એવો અમૂલ્ય લાભ આપનારો જે પતિ તેની સ્ત્રીએ નિરંતર પ્રીતિથી સેવા કરવી. ગર્યાદા રાખી માન આપવું અને પૂજ્ય ગણવો, તેને અપમાન કે તિરસ્કાર આપવો નહિ. તે બહારથી ઘેર આવે ત્યારે ઉભાં થઇ આસન અને જળ પાન આપી સત્કાર કરવો. કપડાં ઉતારી સોંપે તે લઈ યોગ્ય જગ્યોએ મૂકવાં અને માગે ત્યારે હાજર કરવાં નિયમ સર ભાવતી રસોઈ કરી જમાડવી. નકામી વાતો કરી કંટાળો નહિ આપતાં, પ્રિય લાભકારી વાતો કરી મનરંજન થાય એમ કરવું. રીસ કરે તો ધીરજ ધરી વચનામૃતથી શાંતિ કરવી. વાદ વિવાદ કરવો નહિ. તેની ભૂલ માલમ પડે તો ક્રોધથી નહિ કહેતાં, ધીરજ રાખી શાંતપણે યુક્તિથી સમજાવી કહેવુ. નિર્થક ગુસ્સો કરી મનમાં આવે તેમ બોલવું નહિ. વિશ્વાસઘાત કરવો નહિ, વિશ્વાસઘાતથી સ્ત્રીને દુર્ગતિ થાય છે. તેનું મન દુઃખાય એવું કઇ કરવું નહિ. તે સાથે ઉંચે સાદે બોલવું નહિ, હાસ્ય વિનોદથી આનંદ આપવો, વિપત્તિમાં ધીરજ આપી દુઃખમાં ભાગિયેણ થવું. પોતાની ભૂલ થઇ હોય તો નહિ છુપાવતાં પાસે જઇ કબુલ કરી ક્ષમા માગવી. જુઠું બોલી છેતરવો નહિ, તેની આજ્ઞાને આધિન થવું, ઇશ્વર ભક્તિ, વ્યવહારિક કાર્યો વગેરેમાં સહાયતા આપવી. તેને સર્વ પ્રકારે સંતોષ આપવો, અને નિર્મળ અંતઃકરણ રાખી વિશ્વાસને પાત્ર થવું. જે સ્ત્રી પોતાનો ધર્મ સમજી પતિને કહેશે કેઃ—" પ્યારા ! તમે જે કહેશો, તે તે હું ભાવથી કરીશ ઇશ્વરે એવું સરજાવ્યું છે કે, માબાપથી મોટા થવું, પણ જન્મારો તો તમારી સા-

થેજ ગાળવો છે. માટે ખરા સબંધમાં તમેજ છો. તમે મને દુઃખ દો, આપણા ઉપર દુઃખ આવી પડો; તોપણ હું તમારી છુ. જ્યાં સુધી હું તમારી માનિતી થઇ નથી. ત્યાં સુધી મારાં વસ્ત્રાલંકાર, મારૂં ડહાપણ, મારી ચતુરાઇ, મારા ગુણ અને મારી ખુબસુરતી એ સર્વે કોડીની કીંમતનું છે." આવું સમજનારી સુઘડ, પ્રેમી અને પતિને પ્રસન્ન કરનારી જે સ્ત્રી હશે, તે પતિને કેમ પ્રિય નહિ થાય ? થાયજ. પતિપ્રાણા સ્ત્રીએ પતિની રજા વગર કંઇ પણ કાર્ય કરવું નહિ, તેમ તેની રજા વગર ક્યાંએ જવું આવવું નહિ. સુજ્ઞ સ્ત્રીએ પોતાનાં લગ્ન થયા અગાઉ પતિની જેટલી તજવીજ અને ચોકસાઇ કરવી ઘટે એટલી કરવી, પણ લગ્ન થયા પછી તો તે દૈવ ઇચ્છાથી રોગીષ્ટ, બહેરો, આંધળો, લૂલો, અચતુર અને કરૂપો વગેરે દુર્ગુણ અને ખામીવાળો થયો હોય, તો પણ તે ઉપર ભાવ રાખી તેની સેવા કરવી, એ સ્ત્રીઓનો સનાતન ધર્મ છે અને એજ તેને ઉત્તમ સુખની પ્રાપ્તિ કરાવનાર છે, કહ્યું છે કે;—

મનહર છંદ.

પતિપ્રેમ કરવાથી પ્રભુપ્રેમ પ્રાપ્ત થાય,
પતિને રીઝવવાથી પ્રભુ પોતે રીઝે છે;
અનાદર કરે કદિ નિજનાથ તણો નારી,
તો પ્રભુ તેનાપર ખરેખર ખીજે છે.
જે નારી સ્વસ્વામી સંગે સંપીને સંતોષી ચાલે,
તેને આ સંસાર તણા સુખ સારાં મળે છે;
પતિપદ રતિ અતિ રાખવાથી સુંદરજી,
મળે છે વિલાસ ખાસ ક્લેશ કષ્ટ ટળે છે.

આ ગ્રહ સંસારમાં સ્ત્રીપુરૂષમાં પુરૂષ એ ગ્રહનો રાજા છે અને સ્ત્રી એ ગ્રહનો કાર્યભારી છે. માટે કાર્યભારીએ રાજાને આધિન રહી તેની સેવા કરવી અને તેના હિતમાં કાળજી રાખવી એ તેનો ધર્મ છે. મહાભારતમાં કહ્યું છે કેઃ—

एत ापरमंनार्य्याः कार्यलोकेसनातनः ।
प्राणानपिपरित्यज्य यद्भर्तृहितमाचरेत् ॥

"આ લોકમાં સ્ત્રીઓનો નિરંતરનો ધર્મ એ છે કે પ્રાણ તજવો પડે, તો તે તજીને પણ સ્વામીના હિતમાં—તત્પર રહેવું." આવાં જ વચનામૃત પ્રમાણે સતી તારામતિએ—પોતાના ધર્મસ્વરૂપ પતિ હરિશ્ચંદ્ર સાથે શરીરની છાયા પ્રમાણે રહી, તેના હિત માટેજ પર ઘેર વેચાણી, વિયોગ થયો, ઘણાં દુઃખો ભોગવ્યાં, આવી અવસ્થામાં દિલાસા રૂપ એકના એક પુત્રનું મરણ થયું. તેને બાળવા મસાણનું ભાડું દેવા જેટલું પણ પાસે કંઇ મળે નહિ. એવી દુઃખી દશા આવી

પડી, પણ તેણે પતિપરથી જરાએ પ્રેમ ઓછો કર્યો નહિ, કે પોતાનું શીયળ ભંગ કર્યું નહિ. છેવટ પતિને હાથેજ મરવાનો સમય આવ્યો, તો પણ નહિ ગભરાતાં પૂર્ણ પ્રેમ બતાવી બોલી કેઃ—" પ્રાણપતિ ! તમારા હાથથી મારા ગળામાં નાખેલી તરવાર પણ મને મોતીની માળા જેવી લાગશે. માટે ચિંતાતુર ન થતાં તરત ઘા કરો." અહા ! કેવો પ્રેમ ! મહાભારતમાં કહ્યું છે કે;—" પતિ એજ પરમાત્મા છે." એ મહા વાક્યને જયદેવ કવિની સતી સ્ત્રીએ પોતાનો પ્રિય પ્રાણ ત્યાગીને સિદ્ધ કરી બતાવ્યું છે. એ કોનું અજાણ્યું છે ? તેમજ સતી સીતાજીને પતિનો વિયોગ થયો, તેના તરફથી તિરસ્કાર થયો, ઘણાં દુઃખો પડયાં, છતાં તેણે પતિ પ્રેમમાં ન્યૂનતા કરી નથી. ગર્ભવંતી અવસ્થામાં તિરસ્કાર થયો, વનમાં મૂકી દીધી; તોપણ પૂર્ણ પ્રેમ બતાવી કહાવી મોકલ્યું કેઃ—હે સ્વામીનાથ ! હું આપની દાસી છું. બીજા લોકોના રક્ષણની સાથે આ વનમાં પણ મારૂં રક્ષણ કરનાર આપજ છો. તમેજ મારૂં સર્વસ્વ છો, " હું તમારી સુકીર્તિ સાંભળી ઘણી ખુશી થઇશ." આ શું તેની ઓછી મહત્તા ! અને થોડો પ્રેમ ! ધન્ય છે આવી પતિપ્રાણા સ્ત્રીને કે જેણે સ્વામી ભક્તિમાંજ જીંદગી ગુજારી સુકીર્ત્તિ મેળવી ! એજ રીતે ઘણી સાધ્વી સ્ત્રીઓએ પતિપ્રાણ રક્ષણાર્થે પોતાના પ્રાણ આપેલા છે, પતિ પ્રાણ રક્ષણાર્થે લડાઇમાં લડેલ છે. પ્રાણ જતાં સુધી પતિપર અખંડ પ્રેમ રાખી શીયળ સાચવ્યું છે, પતિ વચન પાળવા અનેક દુઃખો સહન કર્યાં છે, એ વગેરે સતી ચરિત્રો વાંચવાથી જણાશે. ખરેખર જે સ્ત્રીમાં એકીનદારી અને પતિપર નિર્મળ પ્યાર નહિ હોય, તેને સ્ત્રીનું નામ આપવું અણઘટતું છે. જેને પોતે પતિ કરી માન્યો હોય, અગર કરવાનું વચન આપ્યું હોય, તેને અંતઃકરણથી ચાહવો તેનેજ પોતાનો ધણી અને પોતાનો મિત્ર સમજવો. જીંદગીના અંત સુધી તે સાથે નિમકહલાલીથી ચાલવું. જે સ્ત્રી પોતાના પતિની સાથે નિમકહરામી કરીને તેનું વચન તોડે છે, તેણે પરમેશ્વર સાથે નિમકહરામી કરીને તેનું વચન તોડયું સમજવું. પતિ ગમે તેવો કે ગમે તેવી સ્થિતિમાં ન હોય અગર પાછળથી આવે, પરંતુ જેને પોતે રાજીખુશીથી અને અક્કલ હુશિઆરીથી ઘણા મનુષ્યો સમક્ષ કોલ (વચન) આપ્યું છે, અને માબાપે જેના હાથમાં પોતાનો હાથ સોંપ્યો છે. તેને સદાકાળ પાળવો. એમાં જે સ્ત્રી ભલી રીતે એકીનદારીથી ચાલવાની કોશીશ કરે છે, તેને પરમેશ્વર કૃપા કરી નિરંતર સુખ આપે છે. કહ્યું છે કેઃ—

શાર્દૂલ વિક્રિડિત છંદ.

જે નારી નિજનાથ સાથ રહીને આનંદ લેવા ચહે;
તે નારી પતિની રૂડી રતિવડે, સૌભાગ્યવંતી રહે;
સાચો સ્નેહ સ્વનાથનો સમજવો, બીજો જુઠો જાણજો;
સેવા નિજ પતિતણી ભલિ કરી, મોજયું રૂડી માણજો.

સ્ત્રીએ સ્વામીની સેવા કરવી એ કંઇ આર્વાચીનકાળનો ધર્મ નથી; પરંતુ

પ્રાચીનકાળથીજ ચાલ્યું આવેલું છે. તે એક આર્યશાસ્ત્ર કે આર્ય મહાત્માઓજ કહે છે એમ નથી, પણ પૃથ્વીનાં સર્વ ધર્મશાસ્ત્ર અને સર્વ ધર્મના મહાત્માઓએ સૂચવેલું છે. જુઓ ! ખ્રિસ્તી ધર્મગ્રંથમાં એક ઠેકાણે ઇસુની માતા મરિયમે કહેલું છે કે,—" સ્ત્રીઓ તમો જેમ પ્રભુને આધિન થાઓ છો, તેમજ તમારા પતિને આધિન રહો; કેમકે પતિ એ સ્ત્રીનું શીર છે." વળી જર્થોસ્તી—પારસી લોકોના ધર્મગ્રંથ જંદાવસ્થામાં કહ્યું છે કેઃ—" એશો ઓરત જે ઘણી નેકદાર—ખુબ શીખેલી તે પોતાના મરદને સરદાર તથા બાદશાહ ગણે છે." તેમજ જર્મન વિદ્વાન મિ. ટેલેરે કહ્યું છે કે;—" સ્ત્રીએ પોતાના પતિને તાબે રહેવુ. આશાએશ અને મોજ આપવી. તેની ચાકરી કરવી રાજી રાખવો. માન આપવુ અને તેના મનને રીઝવવાના ઉપાયો કરવા. જે સ્ત્રીમાં વફાદારીના જુસ્સાએ ઘર કર્યું હશે અને પતિને ચાહ દેખાડવાના સ્વાદ વિષે મનમાં ખાતરી રાખતી હશે, તો તેને પતિ પોતાની મેળે માન આપશે. સમજુ સ્ત્રી હશે, તે તો પોતાના પતિને સલાહ અને મદદ આપવાનું કામ પોતાની મેળેજ બજાવશે. સ્ત્રીએ તો પુરૂષના સુખમાંજ પોતાનું સુખ વિચારવું જોઇએ." આહા ! થોડાં અમૂલ્ય વચનો ! જે સ્ત્રીમાં પોતાના પતિ પ્રત્યે વર્તવાની આવી બુદ્ધિ ઉત્પન્ન થઇ નથી તથા પતિ પ્રત્યે,—" પ્રાણનાથ ! ધીરજ પકડો. ભદ્રોચિત અને ધર્મસંગત રીતિથી મને ધર્મ પત્ની સમજીને ગ્રહણ કરો. હું તારા જીવનની સંગિની થઇશ." આવી રીતે જે સ્ત્રીમાં બોલવાની શક્તિ ઉત્પન્ન થઇ નથી, તેણે દુઃખ ભોગવવાને માટેજ જન્મ લીધો છે, એમ કહીએ તો ચાલે. જે સુજ્ઞ સ્ત્રી છે તેણે તો પોતાના પતિને દેવતુલ્ય પરમપૂજ્ય માની તેનાપરજ નિરંતર પ્રેમ રાખવો. તેનીજ સેવામાં તત્પર રહેવુ અને તેનાંજ વચનોને તાબે થવું; એજ તેમને પરમકલ્યાણ કર્તા છે. યાજ્ઞવાલ્કયસ્મૃતિમાં કહ્યું છે કેઃ—" સ્ત્રીએ પોતાના સ્વામીનુ વચન માનવુ એ તેમનો મોટો ધર્મ છે, સ્ત્રીને પોતાના ધર્મ પાળવાથી સ્વર્ગનિવાસ ફળની પ્રાપ્તિ થાય છે." આ શુ આ મહાત્માનાં વચનો થોડાં લાભકારક છે ? અહો ! સ્ત્રીને જેની સેવનાથીજ સ્વર્ગનિવાસ જેવાં શ્રેષ્ઠ ફળની પ્રાપ્તી થાય છે, તેવા ફળદાયક પ્યારા પતિપર પ્રેમ રાખવાથી કઇ સ્ત્રી મૂર્ખ હશે કે વિમૂખ રહેશે ! સુજ્ઞ સ્ત્રીએ નિર્મળ અંતઃકરણથી પતિને ચાહવો, તેનાં કાર્યોમાં શક્તિ માફક સહાયતા આપવી. તેના તરફથી અન્ન વસ્ત્રાભુષણ વગેરે મળતા પદાર્થો ભોગવી તેમાંજ સંતોષી રહેવું. પતિ સિવાય બીજો પુરૂષ ગમે તો પૃથ્વીપતિ હોય, રૂપાળો, બુદ્ધિવંત, યુવાન અને જબરો હોય તથા ગમે તો તેના તરફથી પૃથ્વીનો બધો વૈભવ મળતો હોય, તોપણ તેને કાગવિષ્ટા સમાન તુચ્છ ગણવો. તે સામી દ્રષ્ટી પણ કરવી નહિ; કેમકે પુરપુરૂષને ભજવાથી સ્ત્રીને નર્કાધિન થવું પડે છે. મનુસ્મૃતિમાં કહ્યું છે કે;—

पाणिग्राहस्यसाध्वीस्त्री । जीवतोवामृतस्यवा ॥
पतिलोकमभीप्संती । नाचरेत्किंचिदप्रियं

" સાધ્વી સ્ત્રીએ પાણી ગ્રહણ કરનાર જે પોતાનો પતિ તેનું જીવે ત્યાં સુધી અને મરણ પછી પણ પતિના લોકને પામવાને ઇચ્છીત સ્ત્રીએ કિંચિત પણ અપ્રિય કરવું નહિ." પતિવ્રતા સ્ત્રીએ પોતાના પ્રાણાંત સુધી પણ પોતાનું પતિવ્રત છોડવું ન જોઇએ. આ સંસારના દેખાતા સર્વે પદાર્થો નાશવંત છે, તેથી તેઓ સઘળા તુચ્છ છે. ફક્ત એક ધર્મજ અચળ સુખ આપનાર છે. તેથી એ મહાન્ છે. એ મહાન્ ધર્મ પાળવો એજ પતિવ્રતા સ્ત્રીનું કામ છે; કેમકે મરણ વખતે જગતના દેખાતા સર્વ મોહક વૈભવો અહીંજ પડયા રહે છે. ફક્ત ધર્મ અધર્મ જે હોય છે તેજ સાથે આવે છે. તેમાં અધર્મ નર્કમાં નાખી દુઃખ આપે છે અને ધર્મ છે તેજ સ્વર્ગનું અવિચળ સુખ આપે છે. માટે સુજ્ઞ સ્ત્રીએ અધર્મનો ત્યાગ કરી ધર્મનેજ વધારવો જોઇએ. સ્ત્રીને પતિ એજ ઇશ્વિરથી બીજે દરજ્જે પુજ્ય છે. તો તેની તન, મનથી નિરંતર પ્રેમપૂર્વક સેવા કરવી. ઉત્તમ વસ્ત્રાલંકાર સજી મોહીત કરવાને બદલે સદ્ગુણોથીજ મોહીત કરવાની આકાંક્ષા રાખવી. પતિને લોકોનું ચિત્ત જેવું સદ્ગુણોથી આકર્ષાય છે, તેવું સદ્ગુણ વગર ઠાઠમાઠ કરી સુશોભિત થવાથી આકર્ષાતું નથી. ગુણ વિનાનો ખાલી ભભકો નિંદાને પાત્ર કરી કલંક ચડાવે છે. માટે જેમ બને તેમ સદ્ગુણોપર સ્નેહ રાખી તેનાવડે પતિને મોહીત કરવાનો પ્રયત્ન કરવો. સ્ત્રીએ પોતાના જીવનહાર અને દેવતુલ્ય પૂજ્ય પતિ સાથે દગો નહિ કરતાં નિષ્કપટપણે વર્તવું. જો દગો કરશો, તો પછી એના જેવું તમારે આ સંસારમાં બીજાું કોણ છે ? કે તે સાથે સત્યપણે ચાલી સુખી થશો ! કોઇજ નહિ. એતો પતિજીવન સર્વસ્વ છે, એજ પરમમિત્ર છે, અને એજ સુખદુઃખમાં તથા ભવસાગર પાર જવામાં ખરો સાથી છે. માટે તેના પરજ શ્રદ્ધા રાખવી, તેના પરજ પ્રીતિ રાખવી અને તેનેજ અંતઃકરણથી ચાહવો એ તેમનો પવિત્ર ધર્મ છે.

હાલ કેટલીક સ્ત્રીઓ પોતાના પતિ પ્રત્યે શું ધર્મ છે, એ નહિ જાણવાથી પતિને ગમે તેમ બોલે છે, ધમકાવે છે, મર્યાદા મૂકી ગાળો દે છે, સામી થાય છે, અપમાન આપે છે, બહારથી મહેનત કરી ઘેર આવે, ત્યારે મનરંજન વાત કરી વિશ્રાંતિ આપવાને બદલે સાસુ સસરા વગેરે ઘરકુટુંબની કે પાડાપાડોસીની કુથલી કરી કંટાળો આપે છે; વખતસર ભોજન તૈયાર કરી જમાડવાને બદલે પોતે પગપર પગ ચડાવી બેશી રહી, ધણી પાસે ઘર કામકાજ કરાવે છે. પતિનું ગજાું ન છતાં બીજાનાં સારાં સારાં ઘરેણાં લુગડાં દેખી, તેવાં પોતાને કરાવવાને કલેશ કરી, કરજના ખાડામાં ઉતારે છે. પતિને કોઇ કાર્યમાં સહાય થતી નથી. સઘળા ઘરવ્યવહારનો બોજો તેના એકલાપરજ નાંખી મૂકે છે. તેના દુઃખની વેળા જાણતી નથી. પતિને નામનોજ ગણી પતિવ્રત પાળતી નથી. જ્યારે આવી સ્ત્રીને પતિ તરફથી લોભની તૃપ્તિ થતી નથી, ત્યારે આ કુભારજા પાપિણી સ્ત્રી લોભની તૃપ્તિ કરવાની આશાએ અનેક કુકર્મો કરે છે, પણ જ્યારે ધારેલું સુખ મળવાને બદલે આભડ જાય છે.

લોકમાં નિંદાય છે અને ફટફટ થાય છે, ત્યારે પસ્તાવો કરી આખો ભવ દુઃખમાં કાઢે છે. વળી જે સ્ત્રી "ઉપરકી તો અચ્છી બની ભીતરકી તો રામ જાણે" એ પ્રમાણે ઉપરથી પતિવ્રતાનો ડોળ બતાવે અને મનમાં કપટ રાખી ગુપ્તપણે કુકર્મ કરે છે, પણ તેનો મિથ્યા ડોળ કદી છાનો રહેતો નથી. કપટ ખુલ્લું થયે, પતિનો ભરૂસો ઉઠી જઇ અપ્રિય થાય છે, અને પતિને ફસાવવા જતાં પોતે ફસી પડી અનેક દુઃખો ભોગવે છે. આવી સ્ત્રીઓ સ્ત્રીના ધર્મને ન છાજતાં કુકર્મો કરી પાપનો પોટલો બાંધે છે. આવી સ્ત્રીઓને સ્ત્રી નહિ, પણ રાક્ષસી કહેવી જોઇએ. આવી અધર્મિ સ્ત્રીઓને ધિક્કાર છે, અને શરમ છે તેના માતપિતાને કે જેણે આવી કુપાત્ર પુત્રીને પેદા કરી. આના કરતાં તો પશુ, પક્ષી અને વનવૃક્ષના અવતારો પણ સારા ગણાય કે તેને ઇશ્વિરે જે જે સ્વભાવિક ધર્મ—નિયમ પ્રમાણે વર્ત્તવા સરજેલ છે; તેજ ધર્મ પ્રમાણે સદાકાળ ચાલ્યા કરી પોતાનો અવતાર લેખે કાઢે છે. તેના કરતાં-એ આવી સ્ત્રીનો અવતાર તો હલકોજ સમજવો. જે સ્ત્રી ઇશ્વિર રચીત ધર્મ—નિયમ પ્રમાણે નહિ ચાલતાં નકામી પૃથ્વીપર બોજા જેવી થઇ પડે છે, તેનો અવતાર વૃથા છે. ઇશ્વિરના નિયમ વિરૂદ્ધ આચાર, વિચાર અને નીતિ રાખી આચરનારી સ્ત્રીએ વિચારવું જોઇએ કે પાપ કર્મનું સુખ થોડા વખતનું છે. એ કુકર્મોથી તો ઇશ્વિર અકૃપાવાન થઇ પાપનું ફળ નર્કનું મહાદુઃખ આપશે તે ભોગવવું પડશે. આ સંબંધી ખુબ વિચાર કરવો જોઇએ. સુજ્ઞ સ્ત્રીએ તો પતિ તરફથી જે મળે તે-માંજ સંતોષ રાખવો. એમાંજ તેમની આબરૂ, એમાંજ તેની શોભા અને એમાંજ તેને સુખ છે. જે સ્ત્રી ઇશ્વિરનો ડર રાખી પતિની ઇચ્છા અનુસાર મન, વચન અને કાયા વશ રાખી પતિવ્રતા ધર્મ પ્રમાણે વર્ત્તે છે, તેને ધન્ય છે, અને ધન્ય તેમના માતપિતાને કે તેણે આવું પુત્રીરત્ન પેદા કર્યું. કુલીન સ્ત્રી હોય છે, તે કદી પણ પોતાની મરજી માફક સ્વતંત્રપણે વર્ત્તતી નથી કે સ્ત્રીને પતિથી સ્વતં-ત્રપણે વર્ત્તવાનું શાસ્ત્રોમાં પણ કહ્યું નથી. મનુસ્મૃતિમાં કહ્યું છે કે:—"સ્ત્રી બાળા હોય, કે યુવતી હોય, અથવા વૃદ્ધ હોય તોપણ ઘરમાં કોઈ પણ કાર્ય તેણે સ્વતં-ત્રતાથી કરવાં નહિ." આ મનુ ભગવાનનું કહેવું સ્ત્રીઓના હિતનું છે. આનેજ લગતું એક પંડિતે કહ્યું છે કે;—

જનની જનક વશ રહે બાળા, તરૂણી પતિ આધાર;
વૃદ્ધપણામાં પુત્રો પાળે, સ્વતંત્ર નહીં કુળનાર.

સ્ત્રી બાળક હોય, ત્યારે માબાપની આજ્ઞામાં રહી તેમની શીખામણ પ્રમાણે વર્તે, તારૂણ્યમાં પતિનેજ પોતાનો આધાર માની વર્તે, ઘડપણમાં પુત્રો તેનું પાલણપોષણ કરે અને તે પુત્રો વગેરેનું કરે. પણ કુલીન સ્ત્રીએ સ્વતંત્ર રહેવું નહિ. જે સ્વતંત્રપણે વર્ત્તે તે કુલીન સ્ત્રી કહેવાયજ કેમ? નહિજ. જે કુલીન સ્ત્રી હોય છે તે કદી પતિથી સ્વતંત્ર થવાને ઇચ્છિતીજ નથી. તે તો દાન, ધર્મ, તીર્થ, અને દેવપૂજા વગેરે જે કરે છે, તે સર્વમાં પરમેશ્વર પાસે એમજ માગે છે કે:—"મારૂં

સૌભાગ્ય અખંડ રહો." સ્ત્રીને સૌભાગ્યપણું એ એવું તો પૂજ્ય છે કે જેમાં રક્ષણ સમાએલું છે. માટે સ્ત્રીએ પતિનેજ આધિન રહેવું. તે ધંધા રોજગારમાં ઉત્સાહ રહિત થાય, તો તેનું મન શાંત કરી ધીરજ આપવી. વિપત્તિ વખતે પતિ જેવી સ્થિતિમાં હોય તેવીજ સ્થિતિમાં પોતે રહી સંતોષ રાખવો, તેની સાથે બડબડવું નહિ જેમ પુરૂષે પોતાના પિતાના નામથી પ્રસિદ્ધ થઈ ઓળખાવુ એ વ્યાજબી છે, તેમ સ્ત્રી પોતાના પતિના નામથી પ્રસિદ્ધ થઈ ઓળખાવું એ વ્યાજબી છે; પરંતુ લોકમાં નિંદા થાય તેવું કૃત્ય કરી પ્રસિદ્ધ થવું નહિ. તેમજ પતિ સંબંધે શંકાવાન થવું નહિ. કોઈ મનુષ્ય પતિપત્નીમાં પ્રેમ જોઇ તે તોડાવવાને કહેશે કે તારો પતિ તો ગેરરસ્તે ચાલે છે, તારાપર પૂરો પ્રેમ રાખતો નથી, તે તો બીજી સ્ત્રી પર સ્નેહ રાખે છે, વગેરે બોલી મન ભમાવવાનું કરે, પણ કાચા કાન રાખી તે સાંભળવું નહિ, તેના કહેવાની તુલના કરવી, કે તે આવુ શા માટે કહે છે ! વગેરે વિચાર કરી કહેવું કે મારો પતિ કદી પણ એમ કરેજ નહિ. એમ ચોખ્ખું કહેવું, પણ તેના ભમાવવાથી ભમવું નહિ. જો કોઇનું કહેવુ સાંભળી મન શંકાવાળું કરશો, તો સ્નેહ તુટશે. સ્નેહ તૂટયે ગૃહસ્થાશ્રમ બગડી સંસાર દુઃખરૂપ થશે. માટે કોઇના કહેવા ઉપર ભરૂસો રાખવો નહિ, પણ એક પતિ ઉપરજ પૂર્ણ ભરૂસો રાખવો. કદી કર્મસંજોગે પતિ બુરો નિવડયો, તોપણ તેનાથી સંતોષ રાખવો "જે કુળમાં ભર્ત્તા ભાર્યાથી અને ભાર્યા ભાર્ત્તાથી સદા સંતોષથી રહ્યા કરે છે, તે કુળમાં કલ્યાણ નિરંતર રહે છે." માટે કલ્યાણની ઇચ્છાવાળીએ પરસ્પર સંતોષમાં રહેવું શ્રેષ્ટ છે.

ધર્મશાસ્ત્રની રીતે વિવાહ કરવામાં આવે છે તેનું મુખ્ય કારણ એજ છે કે:— પરસ્પરનાં હૃદય પ્રેમરૂપી હીરની ગાંઠથી એવાં તો સજ્જડ સંધાય કે ગમે તેટલું દુઃખ પડે તોપણ છુટે નહિ. તે ગાંઠ એટલી તો વખતે સજડ બંધાય છે, કે પોતાના પતિને જે પ્રિય, તેજ પોતાને પ્રિય અને જે તેને પ્રતિકુળ અનુકુળ તેજ પોતાને પ્રતિકુળ અનુકુળ થાય છે. એ માટે પોતાના પ્રાણની પણ દરકાર રહેતી નથી. મહાસતી **પાર્વતીજી**ના પિતાએ **શિવજી**નો દ્વેષ કર્યો. એ જોઈ પાર્વતીજીએ પોતાના પિતા દક્ષપ્રજાપતિ પ્રત્યે કહ્યું કે;—" તમે મારા પતિ શિવજીનો દ્વેષ કરો છો. માટે તમારાથી ઉત્પન્ન થયેલા આ કલેવર (શરીર) પણ મારા કામનું નથી. તેથી હું છોડી દઉં છું. ખરાબ અન્ન ભૂલથી ખવાયું હોય તો પછી તેને ઓકી કાઢવું, એમ ધર્મશાસ્ત્ર કહે છે." આ પ્રમાણે કહી પોતાના દેહનો ત્યાગ કર્યો. આનુ નામજ પ્રેમ. આવો પ્રેમ જે ઘરમાં છે, તે ઘરનેજ સ્વર્ગ કહીએ તો ચાલે; કારણ આવાં પ્રેમી જોડાં જ્યાં હોય છે, ત્યાં દુઃખની અંદર પણ સ્વર્ગ સમાન સુખ મળે છે. જે સ્ત્રી નિષ્કપટ પ્રેમ રાખી સદાચરણથી ચાલે છે, તેનો પતિ કદી પણ ખરાબ રસ્તે ચાલતો નથી. તે તો એમ સમજે છે કે મારા ઘરમાં આવું અમૂલ્ય સ્ત્રી રત્ન છે; એમ સમજી પોતાની સ્ત્રીનેજ માન આપે છે અને પ્રીતિ કરે છે. માટે સ્ત્રીએ એક પોતાના પતિપરજ અખંડ પ્રેમ રાખવો

અને તેની સેવના કરવી. બીજા સાથે સ્નેહ રાખી બેનપણાં કરવા કરતાં, તેની સાથેજ મિત્રભાવ રાખવો, તેની પાસેજ લાડ કરવાં, તેની સાથેજ સર્વ પ્રકારની વાતો કરવી, તેનાપરજ પુત્ર કરતાં, પણ હજારગણો સ્નેહ રાખવો, તેનેજ સ્વર્ગની ગતિ આપનાર, તેનેજ દૈવતરૂપ, અને તેનેજ આ સંસારનો સાથી માની સેવા કરી **સાધ્વી—સતી** એવું પદ ધારણ કરવું. આ પ્રમાણે જે સ્ત્રી વર્ત્તે છે, તે પોતાના ત્રણે કુળને દિપાવી પ્રભુને પ્રિય થાય છે, અને ધન્યતાને પામે છે.

પતિનો સ્ત્રી પ્રત્યે ધર્મ.

स्त्रियोदेव्योगृहश्रियः—સ્ત્રીઓ દેવી અને ઘરની લક્ષ્મી રૂપ છે. ઘર તે ઘર નથી પણ ગૃહિણી—ઘરની સ્ત્રી એજ ઘર છે. સ્ત્રી વિના ઘર અરણ્ય જેવું ઉજડ લાગે છે. જે કુળમાં સ્ત્રીઓ દુઃખી થાય છે, તે કુળનો ઝટ નાશ થાય છે, તેની સમૃદ્ધિ હણાય છે, અને કલ્યાણનો નાશ થાય છે. પુરૂષના સઘળા સુખનો આધાર સ્ત્રી પરજ છે. સમૃદ્ધિ, સુખ, વંશ અને કલ્યાણની વૃદ્ધિ કરવાવાળી આવી જે પોતાની સ્ત્રી તેનું પુરૂષે અન્ન, વસ્ત્રાભૂષણ વગેરેથી કોઇ પ્રકારે ન્યૂનતા નહિ રાખતાં; સર્વ પ્રકારે સંતોષી સત્કાર કરવો, સંરક્ષણ કરવું, સ્નેહ રાખવો, હિત કરવું, વિશ્વાસ રાખવો, કદી પણ અનાદર કે તિરસ્કાર કરવો નહિ. તેને ગુલામડી નહિ પણ ગૃહનો કાર્યભારી, લક્ષ્મી અને સંસારસાગર તરવાનો સાથી ગણવી. એ પાસે જોરજુલમથી કોઇ કાર્ય નહિ કરાવતાં, શક્તિ પ્રમાણે કાર્ય સોંપવું. સ્ત્રી અર્ધાંગના રૂપ છે. માટે જેવી રીતે આપણું શરીર શોભાવવાની અને સુખી રાખવાની કાળજી રાખીએ, તેવીજ રીતે તેને પણ શોભાવવી અને સુખી રાખવી. જેમ અર્ધું શરીર સારૂં ન હોય, તો સઘળો વ્યવહાર અટકી પડે છે. તેમ સ્ત્રી જો અયોગ્ય અને દુઃખી હશે, તો પુરૂષ કદી સુખી થવાનો નહિ. માટે તેને તન, મન, અને કર્મથી પોતાના પ્રાણ સમાન ગણવી; કેમકે પુરૂષને આ સંસારમાં ખરેખર સાથી—મિત્ર સ્ત્રી છે. મહાભારતમાં કહ્યું છે કેઃ—

नास्तिभार्यासमोवन्धु नास्तिभार्यासमागतिः।
नास्तिभार्यासमोलोके सहायोधर्मसंग्रहे ॥

પુરૂષને ભાર્યા સમાન બીજો મિત્ર નથી, ભાર્યા સમાન બીજી ગતિ નથી અને આ લોકમાં ભાર્યાના સમાન બીજું કોઈ ધર્મસંગ્રહ કરવામાં સહાયકારી નથી. વ્રજ પંડિતશ્રી ગટુલાલજીએ કહ્યું કેઃ—

ટાળે દુઃખ પાળે ઘર સઘળું, સંભાળે શુભ નાર;
પુણ્ય સહાય પ્રજા ઉપજાવે, પોષણ કરે અપાર.

દુઃખ ટાળવું એ મિત્રનો પરમ ધર્મ છે. એ ધર્મ સ્ત્રી દુઃખને વખતે બરાબર બજાવે છે. જ્યારે પતિને સંસારમાં અનેક પ્રકારની આપત્તિ આવી પડે છે, તે પ્રસંગે શું કરવું એ સૂઝતું નથી, ત્યારે સ્ત્રીમા ધૈર્ય, ડહાપણ, હીંમત વગેરે અનેક ગુણો ગુપ્ત રહેલા છે, તે એકાએક એ પ્રસગે પ્રકાશી નીકળી, પતિને ધીરજ, હીંમત અને દીલાસો આપે છે, અને શું કરવુ એ રસ્તો બતાવે છે. એટલુંજ નહિ પણ તે સુખદુઃખમાં પતિને આનંદ આપનારી છે. આવી જો પોતાની આનંદકારી અર્ધાંગના તેને પતિએ સુખ આપી આનંદી રાખવી એ તેમનો પરમ ધર્મ છે.

કેટલાક અજ્ઞાન અવિચારી પુરૂષો સ્ત્રીને દુઃખ દે છે અને પોતે સુખ ભોગવી આડે માર્ગે ચાલે છે. આવા પુરૂષોના પાપ તરફ વિચાર કરતાં તેમને "**पतिपणुं**" કદી ઘટતું નથી. આવા પાપી પુરૂષો પોતાના પાપને લીધે સ્ત્રી વિનાના થાય છે. અનેક પ્રકારનાં દુઃખો ભોગવે છે, અને અકલ્યાણને પામે છે. કહ્યું છે કેઃ— "**यत्रनार्यस्तु पुज्यन्ते रमन्ते तत्र देवताः** ॥ સ્ત્રીઓ જે ઘરમાં માન પામે છે. તે ઘરમાં દેવતાઓ સંતુષ્ટ થાય છે." "સ્ત્રીના આંસુથી જે ઘરની જમીન ભીની થાય છે, તે ઘરમાં કલ્યાણ નથી." ખરેખર સ્ત્રીના પ્રસન્ન મુખની શોભાજ ઘરનો અંધકાર દૂર કરે છે. માટે સ્ત્રીઓને સંતુષ્ટ અને પ્રસન્ન રાખવી એ કુલીન પુરૂષનુ કામ છે. કુલીન પુરૂષે પોતાની ધર્મપત્નીપરજ ખરી પ્રીતિ રાખવી, તેનેજ પોતાનું જીવિત સર્વસ્વ ગણવી જોઇએ. તે ગમે તો લૂલી હોય, કે પાંગળી, તે ગમે તો બેહેરી હો કે મૂંગી, ગમે તો આંધળી હો કે કરૂપી પણ જેનો હાથ દેવ, અગ્નિ અને લોકોની સાક્ષિએ પ્રતિજ્ઞા લઇ ગ્રહણ કર્યો છે, તેને યાવત્ જીવિત પ્રેમસહિત પાળવી એ ધર્મ છે. લગ્ન વખતે પ્રતિજ્ઞા કરી છે કેઃ—**धर्मस्यर्थेषु कामेषु सहचरेयं सहचरेयं सहचरेयं** । "ધર્મમાં, અર્થોમાં, અને સુખોમાં હું આ મારી ધર્મપત્નીને સાથે રાખીશ, સાથે રાખીશ, સાથે રાખીશ." આ મંત્ર ત્રણવાર બોલી વચન આપેલું છે. આવું જે વચન તોડે છે, તે ખરેખર ઇશ્વરનો ગુન્હેગાર થાય છે. જે જ્ઞાતા અને કુલીન પુરૂષ છે, તે તો પોતાના પ્રાણ જતાં સુધી પણ પોતાનું વચન ભંગ કરતા નથી કે એક ધર્મપત્ની સિવાય બીજી સ્ત્રી પર ભાવ લાવતાં નથી. વળી જેમ સ્ત્રીને પોતાના પતિ સિવાય બીજા પુરૂષનું મુખ જોવું પણ કહ્યું નથી, તેમ પુરૂષે પણ પોતાની ધર્મપત્ની સિવાય બીજી સ્ત્રીનું મુખ પણ કુદૃષ્ટિએ જોવું ન જોઇએ. જેમ સ્ત્રીએ પોતાના પતિનેજ રૂપ, ગુણ અને શીયળથી ઉત્તમ ગણવો જોઇએ, તેમ પુરૂષે પણ પોતાનીજ એક ધર્મપત્નીને રૂપ ગુણ અને શીયળથી ઉત્તમ ગણવી જોઇએ. સ્ત્રીએ જેમ પતિવ્રત પાળવું જોઇએ, તેમ પુરૂષે પણ એક પત્નીવ્રત પાળવું જોઇએ, એવો શાસ્ત્ર લેખ છે. જેવો

પતિનો સ્ત્રીપર હક છે, તેવોજ સ્ત્રીને પતિપર હક છે, જેવા સ્ત્રીને પતિ સાથે વર્ત્તવાના કઠણ ધર્મ ત્યાગી પોતાની પ્રિયાને વગર કારણે તજનારને વિપરીત ફળ મળે છે. **માર્કંડેય** ઋષિએ કહ્યું છે કે;–" મહારાજ! **વિપશ્ચિતે** પોતાની સ્ત્રીનો વિના અપરાધે ત્યાગ કર્યો હતો, તેથી તેને નર્ક જોવાની અસહ્ય પીડા ભોગવવી પડી છે. " અહા! કેવો બનાવ! !

સ્ત્રીપુરૂષ વચ્ચે કલેશ થવાથી કદી કયાંએ સારૂ થયું જાણ્યું નથી; કેમકે "**સ્ત્રી એ આ સંસારનું નુર છે**" એ નુર કલેશને લીધે ઘરમાંથી જતું રહે છે, સમૃદ્ધિ નાશ પામે છે અને સઘળે દુઃખ દુઃખ ને દુઃખ દીસે છે. કલેશનું મોં કાળું. જ્યાં કલેશ હોય છે ત્યાંથી દેવોનો વાસ જતો રહીને ભૂતનો વાસ થાય છે. જગત્‌પિતા બ્રહ્મા પાસે યક્ષ નામના એક ભયંકર ભૂતે પોતાને રહેવાનું ઠેકાણું માગ્યું કે હું કયાં રહું ? ત્યારે બ્રહ્માએ કહ્યું કેઃ–જ્યાં સ્ત્રીપુરૂષને પરસ્પર કલેશ થતો હોય ત્યાં તું જઇ નિરંતર નિવાસ કરજે." આ ઉપરથી જણાશે કે જ્યાં સ્ત્રીપુરૂષ વચ્ચે કલેશ થાય છે, ત્યાં સર્વ પ્રકારના સુખનો નાશ થાય છે. સ્ત્રીનું લાલનપાલન કરવાથી તે ઘરની લક્ષ્મી રૂપ થાય છે; એટલે લક્ષ્મી વધે છે. તેને દુઃખ દેવાથી કે મારવાથી તે ઘરમાં ચંડીકારૂપ ધારણ કરી ઘરની સર્વ સિદ્ધિનો નાશ કરે છે. તે વિષે **વ્યાસજી**નું વચન છે કે;–**लालितासैवलक्ष्मीः ताडिता चंडिका**, પોતાની ધર્મપત્નીનું લાલન કરવાથી તે ઘરની લક્ષ્મીરૂપ થાય છે, અને મારવાથી ચંડિકારૂપ થાય છે. તેવુંજ વચન ભરતખંડના ભૂષણરૂપ **ભિષ્મપિતા**એ યુદ્ધિષ્ટિર પ્રત્યે કહ્યું છે કેઃ—" સ્ત્રીઓનું પ્રેમે કરી લાલનપાલન અને પોષણ કરવાથી તેઓ લક્ષ્મીરૂપ થાય છે અને તેમ નહિ કરવાથી તેજ સ્ત્રીઓ અલક્ષ્મી રૂપ થાય છે. " **મનુભગવાને** કહ્યું છે કેઃ—" જે કુળમાં સ્ત્રીઓ દુઃખથી શોકાતુર રહે છે, એ કુળનો જલદી નાશ થાય છે; અને જે કુળમાં સ્ત્રીઓ પ્રસન્ન રહે છે, એ કુળ હમેશાં વધતું જાય છે અથવા ઉંચું થાય છે. " માટે આ મહાત્માઓનાં વચનો યાદ રાખી સુજ્ઞપુરૂષે પોતાની ધર્મપત્નીને કોઈપણ પ્રકારે દુઃખ દેવું નહિ. તેને સર્વ પ્રકારે આનંદી રાખવી. કદી તેનાથી જાણે અજાણે અપરાધ થઈ ગયો હોય, તો તેને અબળા જાણી ક્ષમા કરવી અને ફરી તેવી રીતે ન કરે એવી સમજુતી આપવી. જેવું પ્રીતિથી કામ સારૂં થાય છે, તેવું ભયથી સારૂં થતું નથી. માટે બનતાં સુધી ભય કરતાં પ્રીતિનો વધારો કરવો. કહેવત છેઃ કે;—ભય વિના પ્રીતિ નહિ. " તે ખરૂં, પણ એકલો ભય ભયંકર નુકશાન કરતા થઇ પડે છે. ભય બતાવી કરેલી પ્રીતિ કરતાં પ્રીતિ કર્યાથી અને તે સાથે માયાળુપણે વર્ત્તવાથી જે પ્રીતિ થાય છે, તે પ્રાણાંત સુધી ટકી રહે છે. એવી પ્રીતિથી જેવું જોડું સુખી થાય છે, તેવું પરાણે કરેલી પ્રીતિથી થતું નથી, પ્રીતિ કર્યાથી જે પ્રીતિ થાય તેજ ખરી પ્રીતિ સમજવી. માટે સુજ્ઞ પુરૂષે પોતાની ધર્મપત્ની સાથે ખરી પ્રીતિજ જોડવી અને પોતાનો તે પ્રત્યે ખરો ધર્મ બજાવવો.

જુઓ ! **ઋતુધ્વજ** પોતાની પ્રિયા **મદાલસાના** વિયોગથી શોકાતુર થઇ દેશો-દેશ, તીર્થેતીર્થ, નદીએ નદી, પર્વતે પર્વત અને વને વન પ્રિયા મદાલસા ! પ્રિયા મદાલસા ! એમ સ્મરણ કરતો ભમ્યો, અન્ન જળ તજી યોગી થયો. તેના માતા પિતાએ મદાલસા જેવી રૂપગુણયુક્ત બીજી હજારો સ્ત્રીઓ પરણાવવાનું કહ્યું, પણ માન્યું નહિ. ભમતાં હજારો દુઃખો પડયાં, તે ગણકાર્યાં નહિ. અંતે જ્યારે દૈવકૃપાથી એજ મદાલસા પ્રાપ્ત થઇ, ત્યારેજ યોગી વેશ ઉતારી અન્ન જળ લીધું.

તેમજ જગત્પિતા **શીવજીએ** જ્યારે સતી **પાર્વતીએ** દેહ ત્યાગ કર્યો, ત્યારે તેના અસ્તિની પોટલી બાંધી તીર્થે તીર્થે ફરી છેવટ હિમાલય પ્રત્યે જઇને તેઓ ફરી મળતાં સુધી કેટલાંક વર્ષ એકજ સ્થળે અઘોર તપ કર્યું હતું. અહો ! કેવો નિર્મળ પ્રેમ ! ખરેખર આનુ નામજ પત્નીપર પ્રેમ, અને આનું નામજ એક પત્નીવ્રત. સિવાય **શ્રીરામચંદ્ર**, **નળ**, **હરિશ્ચંદ્ર** વગેરે ઘણા મહાન્ પુરૂષો આ ભારતભૂમિપર એક પત્નીવ્રતમાં પંકાઈ ગયા છે. એ કોનું અજાણ્યું છે !

પુરૂષે એક પત્નીવ્રત પાળવું, એ તેમને પરમ યશરૂપ, અમૃતને આપનાર અને ઉન્નતિ કરનાર છે. માટે કુલીન પુરૂષે પોતાની ધર્મ પત્નીપરજ નિર્મળ પ્રીતિ રાખીને વિવાહ વખતે કરેલી પવિત્ર પ્રતિજ્ઞા પાળવી. તેની નિંદા કરવી નહિ, કે નિંદા થાય એવું કરવું નહિ. ઘરમાં દાસદાસી કે છોકરાં દેખતાં અપમાન કરવું નહિ, તિરસ્કાર કરવો નહિ, ક્રોધ કરવો કે ભય બતાવવો નહિ, એમ કરવાથી તો પોતાની ધણીઆણીના પદથી બાતલ કરવા જેવું થાય છે. માટે કંઈ કહેવું હોય તો એકાંત સ્થળમાં જઇ શાંતપણે સમજાવવી. વિનય વિવેકના સભ્ય મધુર વચને બોલાવવી, ગાળો દઇ કઠોર વચનો કહેવાં નહિ. એ કદી અજ્ઞાન હોય તો સજ્ઞાન કરવા કાળજી રાખવી. વિશ્વાસઘાત કરવો નહિ, સદા આનંદ અને સંતોષથી રહે તેમ કરવું. પતિના ગુણ દોષ સહવાસે રહેનાર સખારૂપ સ્ત્રીમાં થોડા ઘણા પણ આવ્યા વગર રહેતા નથી. જ્યારે નદી સમુદ્રમાં ભળે છે, ત્યારે સમુદ્રના ગુણ નદીમાં આવે છે. તેમ શાસ્ત્રોક્ત વિધિથી પુરૂષની સાથે સ્ત્રીનું લગ્ન થાય છે, તે પુરૂષના ગમે તેવા ગુણો હોય, તો તેવા ગુણો તે સ્ત્રીમાં આવે છે. **અક્ષમાલા** નીચ કુળની સ્ત્રી હતી, પરતુ વસિષ્ઠઋષિને પરણ્યા પછી તેના સહવાસે તેનામાં ઉત્તમ ગુણો આવ્યા હતા. તેથી એ ઉત્તમ પૂજ્ય પદવીને પામી હતી, તેમજ **સારંગી** નામે સ્ત્રીને **મંદપાળ** પરણ્યો હતો. **સારંગીમાં** સારા ગુણો નહોતા પરંતુ મંદપાળ જેવા ગુણી પતિની સોબતથી તેનામાં ઉત્તમ સદ્ગુણો આવ્યા હતા. તેથી એ પણ ઉત્તમ પૂજ્ય પદવીને પામી હતી. માટે જે પુરૂષ આ સંસારમાં સુખ સંપત્તિ મેળવી પરમ સદ્ગતિને પામવાની ઇચ્છા રાખતો હોય, તેણે પોતામાં સારા સદ્ગુણોનો સંગ્રહ કરવો, કે તેનો પાસ પોતાની સ્ત્રીમાં પણ આવે. તેમજ જે સ્ત્રી સાથે પોતાનું લગ્ન થાય તેનામાં થોડું જ્ઞાન કે બુદ્ધિ હોય, તે વધારવાને તેમને વિદ્યા, ધર્મ, નીતિ, અને વ્યવહારિક જ્ઞાનનું શિક્ષણ આપી

શ્રેષ્ઠ કરવી. જુઓ ! પ્રાચીન પ્રસિદ્ધ પાર્વતીજી, લક્ષ્મીજી, અનસૂયાજી, લોપામુદ્રા, મૈત્રેયી, દેવહૂતિ વગેરે સતીઓ કેવી ગુણજ્ઞ હતી ? એ શાનો પ્રતાપ ! કેટલોક તેમના પ્રાણનાથના પ્રયત્નનોજ, એ તેમનાં ચરિત્રો પરથી સિદ્ધ થાય છે. પોતાની અર્ધાંગના ગણાતી પત્નીને સુધારવી એ બંનેને લાભકારક છે. આવો લાભ કેમ ખોવો ? આ સંસારમાં ખરી સખારૂપ સ્ત્રીને જંગલીરૂપ રાખવી કે દુઃખ દેવું એ તો પોતાને, પોતાના કુટુંબને અને આખા દેશને જંગલી અને દુઃખી રાખવા જેવું છે. જે કુટુંબમાં કે જે દેશમાં સ્ત્રીઓની સ્થિતિ સારી, તે કુટુંબ તથા તે દેશ સર્વ પ્રકારે શ્રેષ્ઠ સુખસંપત્તિવાળો થાય છે; અને જ્યાં સ્ત્રીઓની સ્થિતિ ખરાબ હોય છે તે કુટુંબ તથા તે દેશ પાયમાલ થઇ જંગલી હાલતમાં આવે છે. જુઓ ! સાઇબિરીઆ, કામસ્કાટકા, લાપ્લાંડ, ગ્રીનલાંડ, આફ્રીકા અને ઓસ્ટ્રેલિયા વગેરે જંગલી દેશોની સ્ત્રીઓની સ્થિતિ ઘણી હલકી છે, ત્યાં સ્ત્રીઓને અનેક પ્રકારથી દુઃખ આપે છે. તેમને ગુલામની માફક ગણી સર્વ પ્રકારનાં કઠણ કાર્યો કરાવે છે. ગર્ભવંતી જેવી સ્થિતિમાં તેમની ઉત્તમ પ્રકારે સંભાળ લેવાને બદલે તેવે પ્રસંગે અપવિત્ર ગણી ઘર કે ઝુંપડી બહાર ટાઢ, તડકામાં કાઢી મૂકે છે. તેથી તે બિચારીઓ અનેક પ્રકારનાં દુઃખ ભોગવે છે. આવી રીતે તેમને પશુની માફક ગણે છે. તેથી એ દેશની સ્થિતિ તરફ નજર કરો, તો બહુજ ખરાબ છે. હાલના સુધરેલા કાળમાં તે લોકો પશુવત્ સ્થિતિમાં પોતાનો કાળ ગુજારે છે. ઇંગ્લાંડ, જર્મની, ફ્રાન્સ વગેરે દેશોમાં સ્ત્રીઓની સ્થિતિ ઘણીજ ઉત્તમ છે, તો તે દેશોની સ્થિતિ પણ ઘણે દરજ્જે શ્રેષ્ઠ છે, ત્યાંની સ્ત્રીઓને સર્વ પ્રકારે આદરસત્કાર અને માન મળે છે. ત્યાં સ્ત્રીઓનો દરજ્જો ઘણોજ ઉત્તમ ગણાય છે. તેઓને ઓઝલપડદે પડયા રહેવું પડતું નથી, વસ્ત્રાભૂષણ વગેરેથી સંતોષવામાં આવે છે, વગેરે રીતે ત્યાંની સ્ત્રીઓ કેટલીક રીતે સુખી છે, એમ કહીએ તો ચાલે. એ રીતે હોવાથી એ દેશ સર્વ પ્રકારની સંપત્તિથી ભરપૂર અને સુખી છે. માટે સ્ત્રીઓની સ્થિતિ સારી કરવાથી સર્વેનું શ્રેય થાય છે. એક વિદ્વાને કહ્યું છે કેઃ—"**પશુ** તે છે જે સ્ત્રીને કહે છે કે મારી ઇંદ્રિય સેવાને માટે તને લાવ્યો છું. **મનુષ્ય** તે છે જે કહે છે કે, મારા સુખથી સુખી અને મારા દુઃખથી દુઃખી કરવાને માટે તને લાવ્યો છું. અને **દેવતા** તે છે કે જે સ્ત્રીને કહે છે કેઃ—નિઃસ્વાર્થ પ્રીતિ કરીને તથા તમોને સુખી કરીને હું સ્વર્ગમાં જઇશ. તે માટે તમને લાવ્યો છું." આ કેવાં વચનો ! ધન્ય છે એવા પુરૂષને! ઉત્તમ ગતિની ઇચ્છાવાળા પુરૂષે તો પોતાની ધર્મપત્નીપરજ નિઃસ્વાર્થ પ્રેમ રાખવો અને તેને સુખી કરવી તથા વંશવૃદ્ધિનું મૂળ જાણી તેની પવિત્રતાથી રક્ષણ કરવું એજ તેમને ઉત્તમ છે.

સ્ત્રીને જંગલી અને દુઃખી રાખવાથી ઘરની શાંતિનો નાશ થાય છે, સંસારની "શ્રી" જાય છે, બાળકોને નર્કપીડામાં નાખવાનું બીજ રોપાય છે, પુરૂષોની

બંધનકારક દોરડી તુટી જાય છે અને કુટુંબમાંની શાંતિનો નાશ થાય છે. અનાજમાં જેમ મીઠું ન નાંખવાથી તે સ્વાદ વગરનું ફીકુ લાગે છે. તેમ ગૃહસ્થાશ્રમમાં સ્ત્રી એ મીઠા પ્રમાણે છે, તે ન હોય તો ગૃહસ્થાશ્રમમાં સ્વાદ રહેતો નથી. માટે ખરેખર કહીએ તો તેના વડેજ સંસારનાં સઘળાં સુખો પ્રાપ્ત થાય છે. માટે તેમને સર્વ પ્રકારથી પ્રસન્ન રાખવી, તેનો ત્યાગ કરવો નહિ, તેને ફરવા હરવાની યોગ્ય છુટ આપવી. પડદામાં રાખી મૂકવી એ તો સુખમાં હાની કરતા છે. પરસ્પરના મેળાપથી એક બીજાનાં ચરિત્રો નિહાળવાથી, અને એક બીજાની ખાશીયત તથા ગુણ દોષ જાણવાથી; તેઓને સારાસારનો અનુભવ થયે તેમાંથી તત્વ ગ્રહણ કરે છે. સ્ત્રીનું સરળ હૃદય અને પ્રેમ એ ગૃહસ્થાશ્રમમાં મોટો સુખદાઇ પદાર્થ છે. તે આવી રીતના મેળાપથી વધારે મજબુત થાય છે. માટે તેમને યોગ્ય છુટ આપવી એ લાભકારક છે. પ્રાચીનકાળમાં આર્યો ઉંચ કુળ, ઉંચ સ્વભાવ, ઉચ વૃત્તિ અને ઉચ વિચારોમાં સંપૂર્ણ નિમગ્ન હતા. જેની શ્રેષ્ઠતાની તુલ્ય તો આજ સુધરેલા ગણાતા યુરોપાદિ દેશ પણ હજુ સુધી આવી શક્યા નથી. તેવી મહત્વતાની વખતે આર્ય સ્ત્રીઓને યોગ્ય છુટ હતી. તેઓ પોતાના પતિ સંગાતે સભા વગેરેમાં જઈ શકતી. દેશાટન સાથે રહી કરતી. ઓઝલપડદે રહેવાની રીત નહોતી. એ બુરી લત તો યવનોના આવ્યા પછીજ પ્રસરી છે. પ્રાચીન કાળમાં સ્ત્રીઓનો માન મરતબો જાળવવામાં આવતો. તેમનો દરજ્જો શ્રેષ્ટ હતો. એ વખતે લગ્નના કોલકરાર તોડી શકાતા નહિ; કેમકે એ બીજી વસ્તુઓના કબાલા જેવો કબાલો નથી. એ તો દૈવી પવિત્ર લેખ છે. હાલ કેટલાક અવિચારી પુરૂષો પોતાની સ્ત્રી સાથે જરા બોલવું થયું કે તરત તેનું વેર વાળવાને રજા આપે છે, અને બીજી સ્ત્રી સાથે સંબંધ બાંધે છે. આ ઘણુંજ શરમ ભરેલું છે. આ કામ તો એક પશુના જેવુંજ કહેવાય છે. જે અનેક સાથે વ્યવહાર બાંધી છોડી શકે છે. આ કાંઇ મનુષ્ય જાતિનાં સ્ત્રી પુરૂષને યોગ્ય નથી. જ્યારે પશુની પેઠે વર્તવામાં આવે, ત્યારે મનુષ્ય ને પશુમાં ફેર શો ! સુજ્ઞ પુરૂષે તો પોતાની ધર્મપત્ની સાથેજ સઘળો વ્યવહાર રાખવો જોઇએ, અને તેનેજ સર્વ પ્રકારે સુખ આપવું જોઇએ. એજ ઉત્તમ છે. એજ શોભા પડતું છે અને તેમને પ્રાચીન પ્રસિદ્ધ સુખદાઇ સ્થિતિમાં લાવનારૂં છે. વિજય હો ! ! !

પતિવ્રતાનાં લક્ષણ.

પતિવ્રતા—સાધ્વી—સતી સ્ત્રી સદા પોતાની સર્વ ઇંદ્રિયો વશ રાખે છે, પતિપર નિર્મળ પ્રીતી રાખે છે, તેની મરજી સાચવે છે, અને આજ્ઞા પાળે છે. એ રીતે તન, મન, અને કર્મથી તેની સેવા કર્યા સિવાય બીજી કંઇ ઇચ્છા રાખતી નથી. ઘરબાર સારાં રમણિક રાખે છે, પોતાના શ્યામને સુખ દુઃખમાં

સાથી ગણી તેની રજા વગર ઘરદ્વાર પણ છોડતી નથી. ઝાઝું બહાર ફરતી નથી. કોઈ સ્ત્રી પુરૂષમાં છેલ છબીલી થતી નથી. સાસુને નિજ માતા સમાન અને સસરાને બાપ સમાન ગણી તેમની તન, મન, અને કર્મથી સેવા કરે છે. નણંદને બેન સમાન ગણે છે. પતિ સુતા પછી સુવે છે અને તેના ઉઠયા પહેલાં ઉઠી સ્વચ્છતાઈથી ગૃહ-કાર્ય કરે છે. પિયુને નિયમસર જમાડીને જમે છે. ઘર કામથી પરવારી જ્ઞાન ગ્રહણુ કરવા કાળજી રાખે છે. પતિ શોક સરિતામાં ડૂબે તો પોતાના હાસ્ય વદનથી શમાવી દે છે. સ્વામનો વિયોગ સ્વાભાવિક રીતેજ નહિ સાંખતાં, મીન જેમ જળ વિયોગથી જીવ તજે છે, તેમ પ્રેમ નીતિએ મીનરૂપ થઇ વિયોગ દુઃખ સહન કરી શકતી નથી. પતિના પ્રિયજનોને સન્માન આપે છે. પતિ, સાસુ, નણંદ કે સખિના સાથ વિના એકલી ક્યાંએ નહિ જતાં નીચું નીરખી હીંડે છે. પતિને સુખે સુખ અને દુઃખે દુઃખ સમજી તેને દુઃખમાં પણ સુખી રાખે છે. પતિનું મન રંજન કરવા પ્રિય મધુર વચનો વદે છે. પરજન સાથે વાત કરતી નથી. લજ્જા રાખી કોઇ જન સાથે ખીજથી કે સહેજ પણ ઉંચે સ્વરે ઉચ્ચરતી નથી. પતિનો શ્રમ હરે છે. ગુપ્ત કંઈ કરતી નથી. સદ્શાસ્ત્ર અને સદ્ગુરૂની સદ્શિખામણ શ્રવણ કરી વર્ત્તે છે. પતિને ધર્મ અને વ્યવહારિક કાર્યોમાં ઉત્સાહ અને હીંમત આપી તન, મન, અને કર્મથી સહાયતા આપે છે. પ્રજાને પ્રેમથી પોષી પાળે છે; અને ધીર, વીર, ધાર્મિક વ-ગેરે ગુણ સંપન્ન અને વિદ્વાન બનાવવા કોશિશ કરે છે. કદી પણ અશુભ આચ-રણ કરતી નથી; પતિ ઘરમાં જે લાવી આપે છે તે સંભાળી વાપરે છે. પતિનું મન કચવાય એવું અણગમતું આચરણ કરતી નથી. કોઈ પુરૂષ કામનાની ઇચ્છા-થી સામું જુએ, પ્રિય વચનથી રીઝવે અને ઘણા મનુષ્યોની ભીડમાં બહુજ જરૂર પડે જતાં કોઈ પુરૂષનો સ્પર્શ થઈ જાય; તોપણ મનમાં જરા પણ વિકાર પામતી નથી. પરપુરૂષ સામે દૃષ્ટિ માંડી એકી નજરે જોતી નથી. જરૂર પડે ભાઈ, બાપ સમાન ગણી જુએ છે. દેવ દર્શનને બહાને પુરૂષોના જમાવમાં અથડાવા નહિ જતાં ઘરમાં બેસી ઇશ્વિરભક્તિ પ્રીતિથી કરે છે. પતિ રોગિષ્ટ, ખોટ ખામીવાળો કે દુર્ગુણી જેવો દૈવઇચ્છાથી પ્રાપ્ત થાય છે, તેનેજ દેવતુલ્ય પ્રિય ગણી સદા પ્રસન્ન રહે છે. પતિ સિવાય બીજા કોઇની ગરજ રાખતી નથી. કોઈ દ્રવ્યાદિકનો લોભ દેખાડે તોપણ મન ચળાયમાન કરતી નથી. કામી પુરૂષ દુષ્ટ વાંછનાથી વિનવે અ-ગર બળ કરી ધારણ કરે, વસ્ત્રાદિકનો લોભ દેખાડે, તે દેવ, ગાંધર્વ કે મનુષ્ય ગમે તેવો સ્વરૂપવાન, યુવાન, તથા દ્રવ્યવાન હોય, તોપણ તેમાં નહિ લલચાતાં તેને ધિક્કારી કાઢે છે. પતિ સિવાય બીજાને જરા પણ ભજતી નથી, કે તેને પ્રિય નથી. પરપુરૂષને પોતાનું શરીર અડકે તેમ વર્ત્તતી નથી. મર્યાદાનો ભંગ થાય એવું એક વસ્ત્ર પહેરી ફરતી નથી. પગની ઘુંટી અને પેટ વગેરે શરીરના ભાગો ઢંકાય એવી રીતે વસ્ત્ર પહેરી રાખે છે. વસ્ત્ર પહેર્યાં વગર સ્નાન કરતી નથી. ધીમી ચાલે છે. મુખ સદા હર્ષમાં રાખે છે. ઉંચે સ્વરે હાસ્ય કરતી નથી. અન્ય સ્ત્રી પુરૂષની ચેષ્ટા જોતી નથી. સોભાગ્ય

દર્શક શણગાર સજી રાખે છે. ઉત્તમ વસ્ત્રાલંકારથી શરીર શોભાવવાને બદલે સદ્‌ગુણોથી શોભાવવાની ઇચ્છા રાખે છે. દેહ ક્ષણભંગુર છે, એમ જાણી પુણ્યાર્થે સુકૃત્યો કરી સુકીર્ત્તિ સંપાદન કરે છે. શીયળને સાચવે છે. સત્ય વદે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર અને તૃષ્ણા એ વિકારોને શત્રુરૂપ ગણી ત્યાગે છે. સંતોષ, સમાનતા, સંપ, ક્ષમા વગેરે સદ્‌ગુણોનો સ્નેહથી સંગ્રહ કરે છે. પતિ તરફથી જે મળે તેમાંજ સદા સાદાઇએ સંતોષથી રહે છે. વિદ્યા, વિનય અને વિવેક વહાલાં કરે છે. ઉદાર, ચતુર અને પરોપકારી થવામાં પ્રીતિ રાખે છે.

ધર્મ, નીતિ, વ્યવહાર અને કળા કૌશલ્યનુ શિક્ષણ લઈ, સગાં અને પરને શિખવવાને તથા ઉપદેશ આપી સન્માર્ગે વાળવાની કોશિશ કરે છે. કોઇને દુઃખ થાય એવું કંઈ કરતી નથી. કુટુંબ કે પરસાથે કુસંપ કલેશ કરતી નથી. હર્ષ, શોક અને સુખ, દુઃખમાં સમાન રહે છે. પતિની રજા લઈ સૌભાગ્યવર્ધક વ્રત, નિયમો કરે છે. સ્વધર્મપર સ્નેહ રાખે છે. જેઠને સસરા જેવો, જેઠાણીને માતા જેવી, દીયરને દીકરા જેવો, દેરાણીને દીકરી જેવી, અને તેમનાં પુત્ર પુત્રીને પોતાનાં પુત્ર પુત્રી જેવાં ગણે છે. સદ્‌શાસ્ત્રો વાંચે છે અગર સાંભળે છે. કોઇની કુથલી કરતી નથી. હલકી, નીચ, અને કલંકિત સ્ત્રીઓની સોબત કરતી નથી, કે પાસે ઉભી કે બેસતી પણ નથી; ફક્ત કુલીન સદ્‌પાત્ર ગણાતી સ્ત્રીઓની સોબત કરે છે. સર્વે દુર્ગુણોથી દૂર રહે છે. પોતે સદ્‌ગુણી બની બીજી સ્ત્રીઓને પોતાના જેવી કરવાની પેરવી કરે છે. કોઇને કટુ વચન કહેતી નથી. લવલવ નહિ કરતાં જરૂર જેટલુ જ બોલે છે. પતિનું અપમાન કરતી નથી કે કોઇ કરે તે સહન કરતી નથી. વૈદ વૃદ્ધ અને સદ્‌ગુરૂ સાથેજ જરૂર જેટલું મર્યાદાથી બોલે છે. પિયર ઘણી રહેતી નથી. સંસારમાં જન્મી સાર્થક શી રીતે થાય, તેનુ અહોનિશ ચિંતવન કરે છે અને તે પ્રમાણે વર્તે છે. વિઘ્નો વિદારી સંકટો સહન કરી પોતાની નેક ટેક સાચવે છે. આપત્તિને અવલોકી ડરતી નથી. આ સર્વ શુભ લક્ષણ સિવાય વળી કહ્યુ છે કેઃ—

ગરબી.

" જાણ્યું અજાણ્યું હેત તમારૂં જાદવા. " એ રાગ.

સત્ય સત્ય એ જગમાં કામની કામની, શીયળ સાચવી બોધ પોથી લે હાથજો;
પ્રિય વદનિ સખી સમજી લે ભામની, સત્યવદના લે ને દે જ્ઞાન કથાય. સત્ય. ૧
સારાં રાખે રમણીક નિજ ઘર બારરે, સ્વામી સેવા વિણ કરે નહીં કાજજો;
રજા વિના નવ છોડે નિજનું દ્વારરે, સુખદુઃખની સાથારે ગણી શિરતાજજો. સત્ય. ૨
કો નર નારીમાં થાય નવ લેશ છેલડી, સાસુ સેવે જાણી નિજની માતજો;
સસરો જાણે બાપ નણંદી બેનડી, કે'વાશે તે કુળની ઉંચી જાતજો. સત્ય. ૩
જમે જમાડી પિયુને વિવિધ રસોઇને, પરવારીને જ્ઞાનવારીમાં ન્હાયજો;
વિવિધ ભાષણ આપે પુસ્તક જોઇને, કવિતા કરીને અનુપમ જગમાં થાયજો. સત્ય. ૪

શોક કેરી સરીતામાં ડુબે નાથજો, હાસ્ય વદની તરૂણી બનશે સાથજો;
ખોશે સ્યામા શોક સમારી સાથની, પ્રેમ નીતિએ મીન થાશે પછાતજો. સત્ય. ૫
પ્રિતમ કેરાં પ્રિયને દે સન્માનરે, નીચું નીરખી હીંડે સહીયર સાથજો;
ચંચળતા પણ પીછે નહિ અભિમાનરે, સતી કે'વાશે ધન ધન થાશે નાથજો. સત્ય. ૬
કદીએ ખીજી ઉંચે સાદ ન બોલતી, દુઃખ દેખાતે સુખમાં રાખે સ્યામજો;
ખુશ કરવાને પ્રિયવચન એ બોલતી, વ્રજ કેરો સૌભાગ્ય સૂર્ય સમાનજો. સત્ય. ૭

વગેરે, વગેરે લક્ષણો સતી-પતિવ્રતા સ્ત્રીમાં હોય છે. એવાંજ લક્ષણો ધરાવનારાં સતી **પાર્વતીજી**, **દ્રૌપદીજી**, **નર્મદા**, **અનસૂયા**, **પદ્મણી** વગેરે સતીઓને પોતાનાં નેક વ્રત સાચવવા અનેક વિટંબણાઓ ભોગવવી પડી છે. એ સઘળાં સહન કરી, પોતાની નેકટેક છોડી નથી. ત્યારેજ **સતી** એવા મહાન પૂજ્યપદને યોગ્ય થયેલીઓ છે. "**સતી**"એ બે અક્ષરની પુજ્ય પદવી મેળવવી એ કાંઈ સહેલી વાત નથી. એ તો ખાંડા-તરવારની ધારપર ચાલવા જેવું કઠણ કામ છે. જેનાપર ઇશ્વિરદયા હોય, તેને તો એ સઘળું સ્વાભાવિક રીતેજ સ્હેલ થઈ પડે છે, તે કોઇ આપત્તિથી ડરતી નથી. ધીરજ રાખવાથી ઇશ્વિર પણ સહાયતા આપે છે. અર્વાચીન કાળમાં તો સતી કોને કહેવી ? અને તે શી રીતે ઓળખાય ? એ બધું અજ્ઞાનતામાં આવી ગયું છે. તેથી ઉત્તમ કનિષ્ટ સ્ત્રીને પારખી નહિ શકતાં ગમે તેવી એકાદ ગુણ ધરાવનારીને પણ કહેશે કે;-"આ તો **સતી** છે" આમ કહેવાનો ખોટો રિવાજ પડી ગયો છે. પણ સમજતા નથી કે એ પદ મેળવતાં કેટલા બધા ગુણો ધરાવવા પડે છે! અને કેટલી બધી મુશિબતો ભોગવવી પડે છે! અનેક પ્રકારની મુશિબતો ભોગવે છે, ત્યારેજ એ પદ મેળવી જીંદગીનું સાર્થક કરી શકે છે. જીંદગીનું સાર્થક કરવું એજ સત્ય છે. એ માટે પ્રાચીનકાળમાં સ્ત્રીઓ, તન, મન અને કર્મથી ઘણી તત્પર રહેતી. આજની સ્ત્રીઓની પેઠે ફક્ત ઇંદ્રિયો તૃપ કરવામાંજ જીંદગી વૃથા ગાળતી નહિ. મુખ્ય કર્ત્તવ્ય કર્મ જન્મ મરણનો ફેરો ટાળવો એજ છે. તે નહિ કરતાં ઈંદ્રિય સુખમાંજ અવતાર ખોવો એ કેવા અફસોસની વાત છે! પ્રિય બેનો! તમો તમારો સ્ત્રી ધર્મ સમજો, પાળો, અને સતીત્વ મેળવી જીંદગીની સાર્થકતા સિદ્ધ કરો, એજ તમારૂં મુખ્ય કર્ત્તવ્ય કર્મ છે.

પતિવ્રતા પ્રતાપ.

પતિવ્રતા અમુક દેશ, જ્ઞાતિ, કે કુટુંબમાંજ થાય છે, એમ કાંઇ નિયમ નથી. એ તો ગમે તે દેશ, ગમે તે જ્ઞાતિ, અને ગમે તે કુટુંબમાં ઉત્પન્ન થઇ શકે છે. પતિવ્રતાઓના ઉત્પન્ન થવાથી તે દેશ, તે જ્ઞાતિ અને તે કુટુંબ ગમે તો

નાનાં હોય અગર દુર્દશામાં હોય, તોપણ તે વંદ્ય છે; અને ઉત્તમતાને પામે છે. એવી સ્ત્રીઓથી દેશ, જ્ઞાતિ, અને કુળ શોભે છે, અને તેજ આ સંસારમાં આધારરૂપ થઇ પડે છે. પતિવ્રતા સ્ત્રીથી ઘર વ્યવહાર દીપી નીકળે છે. પ્રજા ધાર્મિક, નીતિવાન, શુદ્ધ અંતઃકરણવાળી, શૌર્યવાન, પરાક્રમી, ધીર, વીર, તેજસ્વિ અને વિદ્વાન વગેરે સદ્દગુણોવાળી થાય છે. સદ્દગુણી માતાના સદ્દગુણોની છાપ બાળકોના કોમળ અંતઃકરણમાં એવી તો સજડ ઉંડી પડે છે, કે તે જીંદગી પર્યંત જતી નથી. મહેનતથી કંટાળેલો પુરૂષ પતિવ્રતા સ્ત્રીના સુસ્વભાવ વડે આનંદથી વિશ્રાંતિ પામે છે. છોકરાં, પૈસા વગેરે અનેક પ્રકારની સમૃદ્ધિ હોય, પણ સદ્દગુણી અને સુસ્વભાવની સ્ત્રી ઘરમાં ન હોય તો સંસારમાં સુખ ન્યૂનજ છે; જેનાં ધન્ય ભાગ્ય હોય છે, તેનેજ આવી સુશીલ સ્ત્રી પ્રાપ્ત થાય છે. પતિવ્રત એ સ્ત્રીનું પરમદૈવત, રૂપ, તેજ, અને અલૌકિક શક્તિ છે. એ શક્તિવડે તે પતિને મરણ સ્વર્ગીય સુખ આપે છે, સર્વ પાપથી મુક્ત કરે છે, અને પોતાની સાથે સ્વર્ગનાં અખંડ અનત સુખની પ્રાપ્તિ કરાવે છે. તેના સામી કુદ્રષ્ટિ કરનારનો નાશ થાય છે. સતી સ્ત્રીની જનની તથા પિતા પવિત્ર ગણાઇ ધન્યવાદને પામે છે. જેમ તારામાં ચંદ્ર શોભે, તેમ સર્વ સ્ત્રીઓમાં સતી સ્ત્રી શોભે છે. સતી સ્ત્રી પતિના કઠોર હૃદયને કોમળ કરે છે. તેના તીક્ષ્ણ ગુસ્સાને તથા શોકને શાંત કરે છે. પતિવ્રતાની પ્રેમ ભરેલી રીત, મધુરતા, નમ્રતા, સ્નેહાળ અને ધૈર્યતાનાં વચનામૃતો મંદવાડમાં ઔષધની ગરજ સારે છે. સારી સમજ, તત્પરતા, માયાળુતા, ઉદ્યોગ, અને સાવધાનતાથી આવતાં વિઘ્નો દૂર કરી કાર્ય પાર પાડે છે. પતિ અને કુટુંબની શોભામાં વધારો કરે છે. બાળકો સારૂ શિક્ષણ પામી દુનિયામાં માનવ રત્નો પેદા થાય છે. તેથીજ આવી સાધ્વી સ્ત્રીઓ "રત્નગર્ભા" કહેવાય છે. તુળસીદાસે કહ્યું છે કે;—

નારી નિંદ મત કીજિયેં, નારી રતનોકી ખાન;
જિસ ખાનોમેં પૈદા હુવા, ધ્રુવ પ્રલ્હાદ સમાન.

ખરેખર આવી રત્નગર્ભા સ્ત્રીઓજ દેશોદય થવામાં સાધનરૂપ છે. આવી માતાઓ થકીજ ગૌતમ, વશિષ્ટ, વ્યાસ, પરશુરામ, રામ, કૃષ્ણ, યુધિષ્ઠિર, અર્જુન, ભીમ, કર્ણ, પૃથુ, હરિશ્ચંદ્ર, હનુમાન, નેપોલિયન, ભોજ, વિક્રમ અને શાલીવાહન વગેરે મહાન પુરૂષો તથા પાર્વતીજી, સીતાજી, લક્ષ્મીજી, સરસ્વતી, ગાર્ગી, મૈત્રેયી, લોપામુદ્રા, મદાલસા અને તારા વગેરે જગતપ્રસિદ્ધ સાધ્વી સ્ત્રીઓ પેદા થઇ છે. અહો ! પતિવ્રતા—સાધ્વી સ્ત્રીઓનો પ્રતાપજ અલૌકિક છે ! સાધ્વી સ્ત્રીઓના પ્રતાપથી શું શું થઇ શકતું નથી ? સર્વ થઇ શકે છે. તેના સતીત્વ પ્રતાપથી દેવ સરખા પણ આધિન થઇ રહે છે, તો મનુષ્ય શા વિસાતમાં ! એવી સાધ્વી સ્ત્રીઓના પ્રતાપથીજ રામને સીતાનો વીયોગ થયો, ધર્મરાજ હાની પામ્યા, રાવણના કુળનો નાશ થયો, ઈંદ્ર દુઃખી થયો, સત્યવાન દીર્ઘાયુષને પામ્યો, પ્રેમાનંદ તથા રામા-

નંદ બંધનમુક્ત થયા, સંજયના રાજનું સંરક્ષણ થયું કૌરવોનો નાશ થયો, વગેરે, વગેરે. સાધ્વી સ્ત્રીઓએ પોતાના પ્રબળ નિર્મળ તેજ પ્રતાપથી મહાન કાર્યો કર્યાં છે. જે કરવાને પુરૂષ પણ શક્તિવાન ન થાય. એ આર્ય સ્ત્રીઓનું પરંપરાથી મનાતું આવેલું માહાત્મ્ય અને ગૌરવ છે. બળ, બુદ્ધિ અને મતિ કૃતિમાં આર્ય મહિલાઓએ બહુવાર પુરૂષો સાથે સ્પર્ધા કરેલી છે. એના અનેક દાખલા પુરાણો તથા ઇતિહાસમાં નોંધાએલા છે એ કોનું અજાણ્યું છે? હતભાગ્ય! આર્યાવર્ત્તની આર્ય તરૂણીઓનું આજે એ માહાત્મ્ય અને ગૌરવ ઓછું થઈ ગયું છે. તેથી એવા દાખલાઓ કવચિતજ બને છે. કારણ કે આજે એવી સાધ્વી સ્ત્રીઓ ઉત્પન્ન થતી નથી. એવી સાધ્વી સ્ત્રીઓ થવી એ શિક્ષણ, સંગત અને ઉપદેશ ઉપર આધાર રાખે છે, પણ હાલની સ્ત્રીઓને પ્રાચીન પદ્ધતિએ ધર્મ, નીતિવાળું શિક્ષણ મળતું નથી; સદ્શાસ્ત્ર અને સદ્સ્ત્રીઓની સોબત નથી; સ્ત્રીધર્મ નીતિનો ઉપદેશ મળતો નથી; અને તેમના કોમળ હૃદયમાં સતી ચરિત્રોની સજડ છાપ પાડવામાં આવતી નથી. જ્યાં આવી રીતે છે, ત્યાં સાધ્વી સ્ત્રીઓ થવાની આશા ક્યાંથીજ રખાય? ત્યાં સ્ત્રીઓ પોતાનો ખરો ધર્મ સમજી યથાર્થ રીતે ચાલેજ ક્યાંથી? ગૃહસ્થો! તમો તમારી બાળકીઓને શ્રેષ્ટ અને સાધ્વીઓ કરવા ધારતા હો, તો તેમને બાળપણથીજ પ્રાચીન પદ્ધતિએ શિક્ષણ, સંગત, ઉપદેશ અને સતિચરીત્રો વગેરેથી અંતઃકરણ રંગિત કરો. પછી જોઈ લ્યો તેનો રંગ! જ્યારે આ પ્રમાણે આચરવામાં આવશે, ત્યારેજ તેને અસતી સ્ત્રીઓના આચરણપર ધિક્કાર છુટશે, ત્યારેજ તે સર્પ દેખી જેમ દુર ખસે, તેમ દુરાચારથી દુર રહેશે, ત્યારેજ તે પવિત્ર પતિવ્રત પાળતાં શીખશે, ત્યારેજ આપતિઓ ઓળંગી સત્યવ્રતમાં અચળ રહેશે, ત્યારેજ તે લોભ લાલચમાં નહિ લલચાતાં તેને તરણા માફક તુચ્છ ગણી કાઢશે, અને ત્યારેજ તેની સામી દૃષ્ટિ પણ કરશે નહિ. માટે પ્રથમ તેમને પૂર્વની રીતિએ સગવડ કરી આપો, કે તેઓ આગળ જતાં પતિવ્રતા એવું ઉત્કૃષ્ટપદ ધારણ કરી, પોતાનો ધર્મ યથાર્થ બજાવવા તત્પર થાય.

પતિ પરદેશ જાય ત્યારે કેમ વર્ત્તવું ?

આ સંસારમાં સ્ત્રી પુરૂષમાં પ્રેમ એજ તેમના જીવનનો મુખ્ય પાયો છે. એ ન હોય તો તેમના સંસાર ધુળ મળે છે. વેદમાં ઇશ્વરી આજ્ઞા છે કેઃ—"બેઉનાં હૃદય સમાન થાઓ–જોડાઈ જાઓ." પરસ્પરનાં હૃદય જોડાવાને પ્રેમરૂપી દ્દઢતર બંધન સિવાય બીજું એકે સાધન નથી. એ સાધનથી ગૃહસ્થાશ્રમ સાર્થક કર્તા થાય છે. જે સાથે હૃદય પ્રેમ બંધનથી જોડાયેલા છે, તેના પ્રાણ તેથીજ

રહે છે. મીન જેમ જળ સાથે પ્રેમથી બંધાએલ છે, તેને દુધ જેવી ઉત્તમ વસ્તુમાં મૂકીએ, તોપણ તે જળ વિના તરફડીને મરી જશે, તેમ પ્રેમીજન જે સાથે પ્રેમમાં બંધાય છે, તેના કરતાં બીજો કોઈ ભલે ગમે તેવો રૂપ, ગુણ અને સુંદરતામાં ઇષ્ટ દેવતા જેવો હોય, તોપણ તેનાપર કદી તે દૃષ્ટિ કરશે નહિ. એવાં પ્રેમી જોડાં કદી દેખાતાં દુઃખી લાગતાં હોય, તેમને રહેવાને મહેલ કે ઘર, પોઢવાને પલંગ કે પથારી, એમાંનું કંઇ સુખ સાધન ન હોય, પણ માત્ર રહેવાને વનમાં ઝુંપડી અને પોઢવાને ભૂમિપર તૃણશય્યા હોય, તોપણ પ્રેમી જોડુ વિદેશમાં સાથે રહેવાથી દુ:ખમાં પણ સુખી થાય છે, અને તૃણશય્યાને પણ વધારે સુખકારક માને છે. **શ્રીરામ** અને **સીતા** વનમાં ફરતાં એકવાર ગોદાવરી કાંઠે સુતાં હતાં. તે સ્થળ સીતાજીના જોવામાં ફરી આવતાં, એ અવસરના આનંદની વાત યાદ લાવી બોલ્યાં કે:—પ્રાણનાથ ! આપણે આ સ્થળે આ શીલાએ તૃણશય્યાપર આલિંગન કરી સુતાં હતાં, શીતળ મદમંદ વાયુ વાતો હતો, ટગધડા વગરની વાતો કરતાં હતાં, તે વાતમાં ને વાતમાં નિદ્રા ન આવતાં, આનંદમાં આખી રાત્રિ વિતી ગઇ, પ્રભાત થયો, તોપણ આપણી વાત પૂરી થઇ નહોતી.'' અહો ' આવી દુ:ખદ અવસ્થામાં પણ વિદેશમાં સાથે રહેલુ જોડુ કેવુ સુખી ' આવા પ્રેમી ગૃહસ્થાશ્રમની કેવી ધન્યતા ! આવી સાધ્વી સ્ત્રીઓ પતિને વિદેશમાં વિપત્તિની વખતે પણ સુખ આપનારી થઈ પડે છે. માટે સુજ્ઞ પુરૂષે પોતાની પ્રિય પત્નીને બનતાં સુધી વિદેશમાં પણ સાથે રાખવી યોગ્ય છે.

પતિપ્રાણા પ્રેમી સ્ત્રી પોતાના પ્રેમી સૌભાગ્યનો સૂર્ય અને બાળક તથા ગૃહની સારી સ્થિતિના આધારરૂપ, પતિના વિદેશ વિદાય થયાના વિયોગ વિરહને કદી પણ સહન કરી શકતી નથી. શ્રીરામ વનમાં જવાને તૈયાર થયા, ત્યારે સીતાજીને જોઇએ તે માગવાનું કહ્યું. એ વખતે **સીતાજીએ** કહ્યું કે:–' મને **શ્રીરામ**ચદ્રજીનો વિયોગ ન થાઓ ' " એજ માગ્યુ અને છેવટે તેમની સાથે ગયાં. તેમજ સાહિત્યમાં કહ્યું છે કે:–" એક સ્ત્રીને વિદેશ વિદાય થવાને તૈયાર થયેલા તેના પતિએ કહ્યું કે:–' હું વિદેશ જાઉં છું. ' આ શબ્દો સાંભળતાંજ એ સ્ત્રી એકદમ આ વિયોગી વિરહ–દુઃખના વિચારથી દુબળી થઇ જતાં, તેના હાથમાંનાં આગલાં કકણો નીકળી પડ્યાં. પતિએ આવી સ્થિતિ જોઈ કહ્યું કે, ' હું નથી જતો. ' એટલા અક્ષર તે સાંભળતાંજ એકદમ રહેવાના સયોગના આનંદથી થતી પુષ્ટતાને લીધે હાથમાંનાં બાકીનાં કંકણો તૂટીને નીકળી પડ્યાં. મતલબ કે ' જતો નથી ' આ સાંભળતાં ઘણા આનંદથી શરીર એકદમ પુષ્ટ થઇ ગયું. તેથી બાકીનાં કંકણો હાથમાં સમાઈ ન શકવાથી ફાટી ગયાં. " ખરેખર પતિપ્રાણા સ્ત્રીને પતિસમાગમથી જેવો આનંદ થાય છે, તેવો બીજા કશાથી થતો નથી, અને વિયોગ–વિરહના જેવું બીજું એકે દુઃખ થતું નથી; એટલુંજ નહિ પણ વખતે પતિના વિયોગ–વિરહથી પોતાનો પ્રાણ તજી દે છે. સતી **પદ્મણીએ**

એજ પ્રમાણે પોતાના પતિ જયદેવના મરણ સમાચાર સાંભળી વિયોગ વિરહથી તેજ ક્ષણે પોતાનો પ્રાણ તજી દીધો હતો. વળી એવોજ એક દાખલો આપતાં કહ્યું છે કે:—

દાડી હોઇ પટકાં ગ્રહ્યો, સુની પ્રભાત પ્રિય જાન;
છુટત છુટત યોં છુટ ગયો, ઉત પટકાં ઉત પ્રાંન.

એક પ્રેમી સ્ત્રીએ પોતાનો પતિ આજ સવારે વિદેશ જવાનો છે, એવું સાંભળી સવારમાં ઉઠી તેણે ચાલવાને તૈયાર થયેલા પતિનો છેડો ઝાલી રાખ્યો. કાંઇ જરૂરનું કામ હોવાથી પતિએ તેને સમજાવીને ધીરે ધીરે છેડો છોડાવવા માંડયો, એમ ધીરે ધીરે છેડો છુટતાં છુટયો, કે તે સાથે તે સ્ત્રીના પ્રાણ પણ છુટી ગયા. અહો ! પ્રેમની રીત કેવી અલૌકિક છે ! પ્રેમપાસમાં બંધાએલાં દંપતિમાં આ પ્રમાણે બને તો એ કંઈ આશ્ચર્ય જેવું નથી. સુજ્ઞ સ્ત્રીને તો પતિમાંજ પ્રાણ લાગેલો હોય છે, અને એ રીતે પરસ્પર લાગેલાં રાખવાં એ સુખદાયક છે. સુજ્ઞ સ્ત્રીએ જ્યારે પોતાનો પતિ કંઇ કારણસર વિદેશ જાય, ત્યારે તેમની આજ્ઞા હોય તો સાથે જવું અને તેમની મરજી માફક અહર્નિશ વર્ત્તવું. કદી તેની સાથે જઈ શકાય એવું ન હોય, તો તેમને કઇ કારણનાં વચનો કહી રોકવો નહિ. તે જવાને તૈયાર થાય, ત્યારે કંઇ અશુભદર્શક વચનો બોલવાં નહિ, કે રૂદન કરવું નહિ, પણ તેમની આજ્ઞા પ્રમાણે પોતાના ઘરનાં સાસુ, સસરા વગેરે વડિલોને આધિન થઈ તેમની પાસે રહેવું. સાસુ, નણંદ વગેરે પ્રિય સગી સ્ત્રીના સાથમાં સુવું. પતિ આવતા સુધી વ્રત નિયમ પાળી રહેવું તથા પતિના શુભનું ચિંતવન કરવું. પતિની હાજરીમાં તેમના રંજન અર્થે જેવા વસ્ત્રાલંકારો સજી વૈભવ ભોગવવામાં આવતો હોય, તેવાં તેમની ગેરહાજરીમાં પહેરવાં નહિ. ઉત્તમ વસ્ત્રાલંકારો સ્ત્રી ફક્ત પોતાના પતિના રજન અર્થેજ પહેરે છે. પણ તે તો વિદેશ ગયો છે, તો પછી એ શણગાર કોને માટે ધારણ કરવો ? નહિજ ધારણ કરવો. કેમકે તેથી નુકશાન થવાનો સંભવ છે.

સ્વાભાવિક એવો નિયમ છે કે, સાંસારિક ઉપભોગથી ઇંદ્રિયો તથા મનની લાગણીઓ જાગ્રત થાય છે, તેથી ઇંદ્રિયો તથા મનની લાગણીઓ વશ રાખવાના નિયમો પાળવા એ લાભકારક છે. માટે સાંસારિક વૈભવના પદાર્થોથી વિરક્ત રહેવું. સાદો પોષાક પહેરવો. સૌભાગ્યદર્શક હાથમાં કંકણ અને કપાળમાં કંકુનો ચાંલ્લો એ અખંડ રાખવાં. પતિએ પોતાની સ્ત્રીના ભરણપોષણનો બંદોબસ્ત કરીને જવું. કદી એ બદોબસ્ત કર્યો ન હોય, તો સ્ત્રીએ પતિના આવતાં સુધી કોઇ નિર્દોષ ધંધો કરીને કરકસરથી પોતાનો નિર્વાહ કરવો. પતિએ ઘરમાં જે સાચવવા સંભાળવા સોંપ્યું હોય, તે સંભાળી રાખવું. ઉપજ કરતાં વિશેષ ખર્ચ કરવો નહિ. કરજ કરી રાખતું નહિ, અને સાસુ, સસરા તથા સગાં સ્નેહી વગેરે સાથેનો વ્યવહાર તથા બીજી સઘળી વર્ત્તણૂક પતિની હાજરી પ્રમાણેજ નીતિ-

સરની રાખવી. પતિના આયુષ્યની રક્ષા અર્થે કંઇ પણ નિંદિત કાર્ય કરવું નહિ. સ્નાન કરવું તે પણ શરીરે તેલ મર્દન કરીને કે કોઇ પણ પદાર્થ ચોપડીને સ્નાન કરવું નહિ, ફક્ત એકલા જળથી સ્નાન કરવું. નેત્રમાં કાજળ આંજવું નહિ, ચંદન તથા પુષ્પને તજવાં. રમતગમત કરવી નહિ. ઉચે સ્વરે હાસ્ય કરવું નહિ, અન્ય સ્ત્રી પુરૂષની ચેષ્ટા જોવી નહિ. ઇંદ્રિયો તથા મનના વિકારો ઉત્પન્ન થાય એવું કંઇ બોલવું કે સાંભળવું નહિ. ગમે ત્યાં ભટકવું નહિ. સાસુ નણંદ વગેરે પ્રિયના સંગાત વગર પરઘેર જવું નહિ. એક વસ્ત્ર પહેરી ફરવું નહિ. અન્ય પુરૂષ સાથે શરીર અડકે એમ વર્તવું નહિ, લાજ મુકવી નહિ, મેળા વગેરેમાં જ્યાં ઘણાં મનુષ્યો મળ્યાં હોય ત્યાં જવું નહિ. દેવદર્શનને બહાને દોડાદોડ કરવી નહિ, પણ ઘેર બેઠાં ઇશ્વિર સ્મરણ અને ભક્તિ કરવામાં પ્રીતિ રાખવી. પરમાર્થ કાર્ય જે બને તે શીયળ સાચવી કરવાં. પતિને કુશળ રાખવા ઇશ્વિર પ્રાર્થના કરતા રહેવી, અને તેના કુશળ સમાચાર મેળવતા રહેવું: વગેરે વગેરે રીતે વર્તવું એ સ્ત્રીઓનો ધર્મ છે. એ પ્રમાણે વર્તનારી સ્ત્રી પતિ, સાસુ, સસરા વગેરમાં પ્રિય થાય છે, લોકોમાં વખાણ પામે છે, અને ઇશ્વિરની કૃપાદષ્ટિ થાય છે. હાલ કેટલીક સ્ત્રીઓ પોતાનો પતિ વિદેશ ગયા પછી કેમ વર્તવું એની અજ્ઞાનતાથી પોતાનું સત્યવ્રત ભંગ થાય એમ ગમે તેમ મરજી માફક વર્તે છે, એ ઘણા અફસોસની વાત છે. ફક્ત અલ્પ સુખ સારૂ પોતાનુંજ અકલ્યાણ કરવું, પતિ તથા પરમેશ્વરને અપ્રિય થઈ તેના ગુન્હેગાર થવું અને લોકોમાં નિંદાવું એ ઘણુંજ ખોટું છે. માટે સુજ્ઞ સ્ત્રીએ પોતાના જીવનનો સુખનો મુખ્ય પાયો જે પ્રેમ, એ પ્રેમ પતિનો સમાગમ હો વા વિયોગ હો, તોપણ એક સરખોજ અખંડ રાખવો. પતિના આવતાં સુધી નિયમ પાળી સદાચરણે ચાલવું. આ પ્રમાણેજ ચાલવાથી પતિપત્નીમાં અખંડ પ્રેમ રહેવાનો સંભવ છે, અને એજ તેમને સદા સર્વદા સુખદાયક છે. મંગળ વાર્તા ! !

રજોદર્શન.

રજોદર્શન—એ કન્યા ઉમર લાયક થયે સ્ત્રી અવસ્થામાં આવ્યાની નિશાની છે. રજોદર્શન એ સ્ત્રી ગર્ભાશયમાંથી દરમાસે નિયમિત વખતે થતો એક જાતનો રક્તસ્રાવ. એ રક્તસ્રાવને—રજોદર્શન—ઋતુસ્રાવ—છેટે બેસવું—અટકાવ—દસ્તાન કહે છે.

રજોદર્શનથી શરીરમાં થતો ફેરફાર—એ વખતે સ્ત્રીનું શરીર ગોળ અને ભરેલું લાગે છે, શરીરના જુદા જુદા ભાગમાં ચરબીનો વધારો થાય છે, તેના મનની શક્તિ વધે છે, શરીરના ભાગો જાડા થાય છે, સ્તન મોટાં

અને પુષ્ટ થાય છે, કમર જાડી થાય છે, મોઢું અને ચહેરો જાસુસ રંગનો દેખાય છે, આંખ વધારે ચપળ થાય છે, રીતભાતમાં શરમાળ થાય છે, સંતતિ ઉત્પન્ન કરવાને યોગ્ય જણાય છે. અને ઈશ્વરે તેને જે કાર્ય કરવાને નિર્માણ કરી છે તેનું તેને જ્ઞાન થાય છે, એવું તેના ચ્હેરા ઉપરથી જણાઇ આવે છે. વગેરે તેના શરીરમાં ફેરફારો થાય છે.

રજોદર્શન થવાનો કાળ—રજોકાળ વહેલો મોડો આવવો એ હવા અને સંગતિ એ બે ઉપર વધારે આધાર રાખે છે. ઈંગ્લાંડ, જર્મની, ફ્રાન્સ અને રૂશિઆ વગેરે યુરોપ, એશિઆખંડના ઠંડા મુલકોની બાળકીઓ ઠંડી હવા તથા મનની લાગણી ઉશ્કેરાય એવી બાબતથી અળગી રહેવાને લીધે તેમને ઋતુ આશરે ૧૯–૨૦ વર્ષની ઉમરે પ્રાપ્ત થાય છે, પણ આપણા ગરમ દેશની ગરમ ખાશીયતને લીધે તથા બીજાં કેટલાંક કારણોથી ઘણું કરી ૧૩–૧૪ વર્ષની ઉમરે દેખાય છે, અને ૪૫–૫૦ વર્ષની ઉમરે બંધ પડે છે; તોપણ કેટલીક સ્ત્રીઓને બે વર્ષ વહેલું મોડુ પણ આવે છે અને વહેલું મોડું બંધ થાય છે. મહેનતુ અને ઉદ્યોગી સ્ત્રીઓના કરતાં આળસુ પડી રહેનારી સ્ત્રીને, નાટકો અને નવલકથાઓ વાંચનારીને, પ્યારની વાતો કરનારીને, ઇશ્કબાજ સ્ત્રીઓની સોબત કરનારીને, મોટાં તેમજ અનિયમિત વખતે સુવાની ટેવ રાખનારીને, મસાલાદાર અને સારો ઉંચો ખોરાક લેનારીને વગેરે એવી કેટલીક સ્ત્રીઓનું ગર્ભાશય જલદીથી સતેજ થઇ તેમને રજોદર્શન વહેલું આવવાનો સંભવ છે. તેમજ ગામડાની મહેનત મજુરી કરનારી અને સાદો ખોરાક લેનારી હલકાવર્ગની સ્ત્રીઓના કરતાં શહેરની એદી અને મોજીલી સ્ત્રીઓને ઋતુ વહેલું આવે છે. જેમ ઋતુ મોડું આવે છે, તેમ સ્ત્રીઓના શરીરનો બાંધો વધારે મજબુત થાય છે, અને તેને બુઢાપો પણ મોડો આવે છે. આવાજ કારણથી ગામડાની સ્ત્રીઓ શહેરની સ્ત્રીઓ કરતાં વધારે મજબુત અને કદાવર હોય છે.

રક્તસ્રાવ—સ્ત્રીને રક્તસ્રાવ સાધારણપણે દર મહિને અગર અઠાવીશ દિવસે થાય છે. કેટલીક સ્ત્રીઓને નિયમિત રીતે ત્રણ અઠવાડીએ પણ થાય છે. દરેક અટકાવ વખતે ૩–૫ દિવસ દેખાય છે. વખતે કોઇ સ્ત્રીઓને એક બે દિવસ વધારે ઓછા પણ દેખાય છે.

નિયમિત રજોદર્શન—સ્ત્રીઓને પ્રથમ જ્યારે રજોદર્શન શરૂ થાય છે, ત્યારે એ નિયમિત હોતું નથી. પ્રથમ કેટલાક માસ ચડી જાય છે, પછી આવે છે. એમ થોડો વખત અનિયમિતપણું ચાલે છે, પછી નિયમિતપણું ધારણ કરે છે. અનિયમિત વખતે રજોદર્શન આવનારી સ્ત્રીને ગર્ભ રહેવાનો સંભવ નથી. વંધ્યા સ્ત્રીઓમાં રજોદર્શન ઘણું કરી અનિયમિત વખતે હોય છે. એવી અનિયમિત રજોદર્શન થનારીઓએ તેમ થવાના કારણોથી દૂર રહેવાની સંભાળ રાખવી. ગર્ભાધાન થવાને

રજોદર્શન નિયમિત વખતે હોવું જોઇએ. કેટલીક સ્ત્રીઓને તો ટેવેલે વખતેજ નિયમિત આવે છે; એટલુંજ નહિ પણ અટકાવ પહેલાંનાં ચિન્હો, અટકાવની અંદરની સ્થિતિ તથા તેનું દેખાવું, ને બંધ થવું, એ સઘળું નિયમિત થાય છે, ત્યારેજ ગર્ભ રહેવાનો સંભવ થાય છે. નવલ વધુને રજોદર્શન પ્રાપ્ત થયા પછી ત્રણ ચાર વર્ષની અંદર ગર્ભ રહે છે, અને કેટલીક સ્ત્રીઓને મોડો પણ રહે છે.

રજોદર્શન આવતાં અગાઉ થતાં ચિન્હો—સ્ત્રીને અટકાવ આવવાનો હોય ત્યારે અગાઉથી કમરમાં દુઃખાવો થાય, પેડુ ભારે રહે છે, વખતે ફાટે છે, અગર કળતું જણાય છે, શરીરમાં કંઇ ઉડી પીડા હોય એમ લાગે છે, શરીર બેચન રહે છે, સુસ્તી જણાય છે, થાક જલદીથી લાગે છે,. કામકાજ ઉપર મન ખેંચાતું નથી, પડી રહેવાનું મન થાય છે, શરીર ભારે થઇ રહે છે, વખતે ઝાડો કબજ રહે છે, કોઇને ઓડ અને માથું ચસકે છે, અટકાવ આવવાની વખતે મન બહુ તીવ્ર થાય છે. આ વગેરે ચિન્હોમાંથી કોઇને કાંઇ જણાય છે તો કોઇને કાંઈ જણાય છે, કોઇને થોડાં ચિન્હ જણાય છે તો કોઇને. ઘણાં ચિન્હો જણાય છે. એ બધાં અટકાવ આવ્યા પછી હલકાં પડી જાય છે, અગર સ્રાવ બંધ પડી જાય છે. કેટલાક કારણથી કેટલીક સ્ત્રીને અટકાવ આવ્યા પછી એક બે દિવસ નિયમ કરતાં વધારે વખત ઝાડે જવું છે.

યોગ્ય ઉમર થયા છતાં રજોદર્શન નહિ આવવાથી થતું નુકશાન—સ્ત્રીને જે ઉમરે અટકાવ આવવો જોઇએ, તે ઉમરે તેને દરેક માસ અટકાવ આવ્યા પહેલાંનાં સર્વ ચિન્હો જણાય છે; પણ એ સર્વે બે ત્રણ દિવસમાં બંધ પડી જાય છે. એમ દરેક માસે થયા કરે, પણ અટકાવ જણાતો નથી. એથી થોડી મુદતે માથામાં દુઃખાવો થાય, કોઠામાં બીગાડ જણાય, ઝાડો બરાબર આવે નહિ અને ધીમે ધીમે શરીરમાં બગાડ થતો જાય છે. છેવટે તેથી હીસ્ટીરિઆ, ક્ષય વગેરે રોગો લાગુ પડે છે.

અટકાવ નહિ આવવાનું કારણ—ઘણા સુખમા જીંદગી કાઢવાથી, આખો દહાડો બેસી રહેવાથી, ઘણો સારો ખોરાક બહુ ખાવાથી, ખુલી હવામાં ફરવા હરવાનો મહાવરો ન રાખવાથી, ઘણું ઉઘવાથી, મનમાં ધાસ્તી અને ફિકર રાખવાથી, ગુસ્સો રાખવાથી, ઘણી હવામાં અને ભીનાશવાળી જગ્યોમાં રહેવાથી, શરદી લાગે એવી રીતે વર્તવાથી, નબળાઈ પેદા થવાથી વગેરે કારણોથી આ રોગ ઉત્પન્ન થાય છે. માટે આ રોગવાળી સ્ત્રીએ હુશિઆર વૈદ કે ડાકટરની સલાહ લઈ તેની તરત દવા કરવી. .

રજોદર્શન બંધ કરવાથી થતી નુકસાની—કેટલીક સ્ત્રીઓ લગ્ન પ્રસંગે સામેલ થવાની ઇચ્છાથી, કે એવાં બીજાં કારણોથી દવા ખાઇ કે લગાડીને અટકાવ બંધ કરે છે. અટકાવ મુદલ આવે નહિ, એવી દવા ખાય છે. તેથી અટકાવ

બંધ થઈ જાય છે. એમ બંધ કરવાથી ગર્ભસ્થાન અગર બીજા અગત્યના ભાગોમાં સોજો અથવા દુ:ખદાયક દરદ પેદા થાય છે. એ રીતે કુદરતના કાયદાની વચ્ચે હરકત નાખવાથી એની સજા આખી જીંદગી ભોગવવી પડે છે. માટે એવી રીતે અટકાવને અટકાવવાની દવા કરવી નહિ. એ તો પુખ્ત ઉમર થયે કુદરતી રીતેજ બંધ થાય એજ ઉત્તમ છે.

રજોદર્શન વખતે રાખવાની માવજત—સ્ત્રીએ જ્યારે ઋતુ પ્રાપ્ત થાય, ત્યારે જખમી દરદીની જેટલી સંભાળ રાખવામાં આવે છે, તેટલીજ અટકાવ વખતે રાખવી જોઇએ. રજસ્વલા સ્ત્રીએ ખોરાક ઘણોજ સાદો લેવો; કેમકે ખોરાકના ફેરફારની અસર ઋતુ ઉપર બહુ થાય છે. ખોરાક ટાઢો અને વાયડો લેવાથી પેટમાં વાઢ અને અજીર્ણ થાય છે. ગરમ અને મસાલાદાર ખાવાથી દાહ થાય છે. કેટલીક સ્ત્રીઓ અજ્ઞાનતાથી ઉદ્ધત બની છાસ, દહીં, લીંબુ, આંબલી અને કોકમ વગેરે ખટાશવાળી ચીજો તથા ખાંડ વગેરે નુકશાનકારક વસ્તુઓ ખાય છે. એવા ખોરાકથી અટકાવ બંધ થઇ જાય છે. તેથી તાવ ચડી આવે છે, માથું અને વાંસો દુ:ખે છે, વખતે ખેંચતાણ અને આંચકી થઇ આવે છે, ઉધરસ થાય છે, વગેરે દરદો થાય છે. કદી ભૂલચુકથી એ પ્રમાણે થયું હોય, તો તરત તેનો ઉપાય કરવો અને ફરી એ પ્રમાણે ન થાય તેની સંભાળ રાખવી. સ્ત્રીએ તો એ વખતે ફક્ત રોટલી, દાળ, ભાત, પૂરી, શાક, દુધ વગેરે સાદો અને હલકો ખોરાક લેવો. અજીર્ણ થાય એવો અને એટલો ખોરાક ખાવો નહિ. કમકૈવતી ન જણાય માટે પૌષ્ટિક ખોરાક લેવો, પૂરતાં ગરમ કપડાં પહેરવાં, પણ તંગ પોષાક પહેરવો નહિ. શીઆળાની સખ્ત ટાઢીમાં કપડાં ધોવાની આળસે પૂરતાં કપડાં રાખતાં નથી એ ઘણું ખોટું છે. કેટલીક વખતે તદન છો ઉપર અને ગદકીવાળી જગ્યોમાં બેસી રહે છે. છો ઉપર બેસવાથી, શરીરપર ટાઢો પવન લેવાથી, ઉઘાડે પગે શરદ ભોંયપર ચાલવાથી, ભીની ભૂમિ ઉપર બેસવાથી, ભીનાં કપડાં પહેરવાં, વગેરેથી શરીરમાં શરદી લાગી ઋતુ અટકી જાય છે અને ગર્ભાશયમાં સોજો થવાનો સંભવ થાય છે. શરદી થવાથી ઋતુનું લોહી ગર્ભમાં જામી જાય છે, પેડુમાં પીડા ઉપડે છે. એવી રીતે ગર્ભાશય બગડવાથી ગર્ભ રહેવામાં અડચણ આવે છે. માટે એવી બાબતથી અળગા રહેવું. તેમજ ઘણો વખત ઉભું રહેવાથી, ન પચે એવો ખોરાક લેવાથી, થાક લાગે એવી મહેનત કરવાથી, ઘણી ધાસ્તી, ફિકર અને ગુસ્સો રાખવાથી અને જોરાવર જુલાબ લીધાથી ઋતુમાં હરકત થાય છે. માટે જ્યાં ટંડા પવનના ઝપાટા લાગતા હોય, ત્યાં અથવા બારી પાસે બેસવું કે સુવું નહિ, તેમજ ભેજવાળી જગ્યાએ પણ બેસવું કે સુવું નહિ. આ શિવાય સ્નાન, શૌચ, માન, રૂદન, હસવું, તેલ ચોળવું, દિવસની નિદ્રા, જુગટું, આંખમાં કંઇ પણ અંજન, લેપન, ગાડી વગેરે વાહનપર બેસવું, ઘણું બોલવું કે ઘણું સાંભળવું, પતિ સંગ, દેવપૂજન કે દર્શન, જમીન

ખોતરવી, બેન કે ગમે તે રજસ્વળા સ્ત્રી હોય તેનો સ્પર્શ, દાંત ઘસવા, પૃથ્વીપર લીટા કાઢવા, પૃથ્વીપર સુવું, ખોબાથી અગર લોઢાના કે ત્રાંબાના પાત્રથી પાણી પીવું, બહાર ગામ જવું, ચંદન ચોપડવું, પુષ્પની માળા, તાંબુલ અને પાટલાપર બેસવું એ સઘળાનો ત્યાગ કરવો, અને સુવાવડીનો સ્પર્શ, વટલેલ, ઢેડ, ચંડાળ, કુકડાં, કુતરાં, સુવર, કાગડા, અને શબ એ સઘળાનો સ્પર્શ કરવો નહિ. આ પ્રમાણે નહિ વર્ત્તવાથી ઘણું નુકશાન થાય છે.

અટકાવ વખતે યોગ્ય માવજત નહિ રાખ્યાથી ગર્ભાશયમાં થતાં દરદઃ— અટકાવ વખતે માવજત નહિ રાખવાથી ગર્ભ રહેવાનો સંભવ રહેતો નથી. કદી રહે છે તો કસુવાવડ થવાની ધારતી રહે છે. કેટલીક સ્ત્રીઓ ફીકી અને મુડદાલ જેવી જોવામાં આવે છે. તેને ઘણું કરીને ઋતુદોષ હોય છે. એવી સ્ત્રી કંઇ વધારે પડતું કામ કરે છે અગર દાદર ચડે છે તો હાંફી જાય છે અને વખતે તમસ (આંખે અધારાં) આવે છે. માટે ઋતુ પ્રાપ્ત થાય છે, ત્યારે ઘણી સભાળ રાખવી. ઋતુ વખતે હિંદુ, પારસી, સમજુ મુસલમાન કે ઇગ્રેજ વગેરેમાં સ્ત્રીઓને જુદી રાખવાની રીત ઘણી ડહાપણ ભરેલી છે, કેમકે કામકાજથી—સંબંધ થવાથી ઘણી ખરાબી થાય છે. તેનો અટકાવ માણસ જાતના લોભી અને નબળા મનને લીધે એ રીવાજ સિવાય બીજી રીતે થઇ શકવો મુશ્કેલ છે. માટે રજસ્વળાવાળી સ્ત્રીઓને સારી સ્વચ્છ અને સારા અજવાળાવાળી સૂકી સફાઇ ભરેલી જગ્યો હોય, ત્યાં અલગ રહેવાનું રાખવું. ગંધાતી જગ્યોમાં રહેવું નહિ. ગંધાતાં કપડાં પહેરવાં નહિ. હાથ, પગ સૂકા ને ગરમ રાખવા, હવાએલી ભીનાશવાળી જમીનપર ચાલવું નહિ, ખોરાક ચોખ્ખો અને તાજો લેવો, મન નિર્મળ રાખવું, અટકાવના ત્રણ દિવસે તેણે પુરૂષનું મુખ જોવું નહિ, સુતક કે એવા કોઇ ઘણા જરૂરના પ્રસગે સ્નાન કરવું પડે, તો જળમાં બેસી સ્નાન કરવું નહિ, પણ એક જુદા પાત્રમાં ગરમ જળ ભરી સ્નાન કરવું અને ટાઢો પવન ન લાગે માટે તરત કોરાં વસ્ત્ર પહેરી લેવાં. આ સિવાય તેણે સ્નાન કરવું નહિ.

રજોદર્શન વખતે યોગ્ય વર્ત્તણુક ન રાખવાથી બાળકપર થતી અસર—રજસ્વળા સ્ત્રીએ દિવસે સૂવાથી તેને જે ગર્ભ રહે છે, તે અતિ નિંદ્રાવાળો થાય છે. આંજણ આંજવાથી આંધળો, રોવાથી નેત્ર વિકારવાળો અને દુઃખી સ્વભાવનો, તેલ મર્દન કરવાથી કોઢીઓ, હસવાથી જન્મેલા બાળકના હોઠ, દાંત, જીભ, તાળવું એ કાળાં થાય છે. ઘણું બોલવાથી બાળક પ્રલાપી, બહુ સાંભળવાથી બહેરૂં, જમીન ખોતરવાથી આળસુ, પવનના આત સેવનથી ઘેલું, ઘણી મહેનતથી એકાદ અંગની ખામીવાળું થાય છે. નખ ઉતારવાથી ખરાબ નખવાળું, પાંદડાંવડે જળ પીવાથી ઉન્મત્ત, અને નાનાં પાત્રવડે જળ પીવાથી ઠીંગણું થાય છે.

રજસ્વળા સ્ત્રી ક્યારે શુદ્ધ થાય—રજસ્વળા સ્ત્રીએ ત્રણ દિવસ કોઈ પુરૂષને મુખ બતાવવું નહિ એવું કહેલું છે, પણ ચોથે દિવસે દાંત ઘસી સૂર્યોદય

થયાને ૨-૨ા કલાક થાય ત્યારે સ્નાન કરવું. એ દિવસે પતિ સેવામાં અને પાંચમે દિવસે ઇશ્વિર સેવામાં યોગ્ય ગણાય છે. **ચોથે દિવસ સ્નાન કરી પ્રથમ પતિનું મુખ જોવું;** કેમકે વૈદ્યકમાં જણાવેલું છે કેઃ-"રજસ્વળા સ્ત્રી સ્નાન કર્યા પછી જેવા પુરૂષનું મુખ જુએ છે, તેવી પ્રકૃતિ અને આકૃતિવાળું બાળક થાય છે." તેથી સ્ત્રીએ પોતાના પતિનુંજ પ્રથમ મુખદર્શન કરવું. કદી તે બહારગામ હોય, તો સ્નાન કરી પ્રથમ સૂર્યદર્શન કરવું. આમાં જે જે નિયમો જણાવ્યા છે. તે સ્ત્રીઓએ લક્ષ રાખી યાદ કરવા ને તે પ્રમાણે વર્તવું; એ સર્વ રીતે ઉત્તમ ફળદાયક છે.

ગર્ભીણીએ કેમ વર્ત્તવું?

સ્ત્રીને જે દિવસે ગર્ભ રહે છે, તે દિવસે શરીરમાં થતાં ચિન્હો-—ગર્ભ રહેવાથી જાણે ઘણો શ્રમ કરવાથી શરીર થાકી ગયું હોય એવું લાગે છે. શરીરમાં ગ્લાનિ થાય છે, પાણીની તરસ લાગે છે, પગની પીંડીમાં દુઃખાવો થાય છે, પ્રસવસ્થાન ફરકે છે, રૂવાડાં ઉભાં થાય છે, સુગંધી ચીજ દુર્ગંધવાળી લાગે છે અને આંખની પાંપણો બઝાઇ જાય છે, એ પ્રમાણે ચિન્હો થાય છે. ગર્ભાધાન થયાને એક માસ થવા આવે છે, ત્યારે શરીરમાં કેટલાક ફેરફાર થાય છે. પ્રથમ અટકાવ બંધ થઇ જાય છે-પણ નવીન ગર્ભ ધારણ કરવાવાળી સ્ત્રીએ તે એકજ ચિન્હપરથી ગર્ભ રહ્યાની ખાત્રી રાખવી નહિ. જે સ્ત્રીને એકાદવાર પ્રજા થઇ ગઇ હોય અને પછી નિયમીત થયેલો અટકાવ બંધ થાય, ત્યારે તે સ્ત્રી સમજે છે કે ગર્ભ રહ્યો. પછી મોળ અને ઉલટી-થોડા રોજ અગાઉ સવારમાં થવા લાગે છે. અટકાવ બંધ થયાની ખબર તો એક માસે પડે. પણ મોળ અને ઉલટી તો કેટલીક સ્ત્રીને વહેલાં અને કેટલીક સ્ત્રીને માસ દોઢ માસ ચઢ્યા પછી થાય છે. એ એક બે માસ ચાલુ રહી એની મેળે બંધ પડે છે. વખતે કોઇને પાંચ સાત માસ સુધી ચાલે છે. આ ઉલટી ગર્ભીણી સ્ત્રીને બીજી ઉલટીની પેઠે હેરાન કરતી નથી. માટે આમાં કંઇ દવા કરવાની જરૂર નથી. વખતે બહુજ હેરાન કરે, તો સહેજસાજ સહેલો ઉપાય કરવો. જે ગર્ભીણી સ્ત્રીને મોળ અને ઉલટી થાય છે, તેને સુવાવડ વખતે સંકટ ઓછું પડે છે. મોઢામાં થુંક ગર્ભ રહ્યાની શરૂઆતમાં આવવા માંડે છે. એ થોડા ઘણા રોજ રહી એની મેળે બંધ પડી જાય છે. ધીરે ધીરે સ્તન મુખની આસપાસનો સઘળો ભાગ પ્રથમ ફીકો અને પછી શ્યામ થઇ જાય છે. સ્તનપર પરસેવો વળે છે. પ્રથમ સ્તન દાબ્યાથી પાણી જેવું અને થોડા વખત પછી દૂધ નીકળે છે.

ભાવા અભાવા-ત્રીજે અગર ચોથે માસે થાય છે. કોઇ વખતે **એકાદ**

માસ વહેલા મોડા પણ થાય છે. મગજ અને ગર્ભાશયને જ્ઞાનતંતુ વડે ઘણો નિકટ સંબંધ છે, તેથી ગર્ભાશયની અસર મગજપર થાય છે, તેણે કરી ગર્ભિણી સ્ત્રીને જુદી જુદી વસ્તુઓ ખાવાનું મન થાય છે. જે ખાવાનું મન કોઇ પણ દિવસે ન કરે, તે ખાવાનું મન થાય છે. જે ચીજમાં કંઇ ખુશબો ન હોય, તેમાં તેને ખુશબો લાગે છે. બોર, આંબલી, રાખ, ધૂળ, કાંકરા, કોયલા અને માટી વગેરેમાં તેને ખુશબો લાગે છે, અને તે ખાવાને તેનું મન લલચાય છે. કોઇ સ્ત્રીને સારાં સારાં લૂગડાં પહેરવાનું મન થાય છે, કોઇને સારી સારી વાતો કરવાનું તથા સાંભળવાનું મન થાય છે. અને કોઇને સારૂ સારૂ જોવાનું મન થાય છે.

પેટમાં બાળકનું ફરવું ચોથે, પાંચમે માસે થાય છે, કેમકે ગર્ભ મોટો થવાથી તેની ગતી જણાય છે. નાનો હોય છે ત્યાંસુધી ગતિ જણાતી નથી. આ ઉપરનાં બધાં ચિન્હો સ્ત્રીને પૂછવાથી કે તપાસવાથી જણાય છે, પણ **પેટનું વધવું** એ તો પ્રત્યક્ષ જણાઈ આવે છે. પ્રથમ બે ત્રણ માસ પેટનો વધારો જણાતો નથી, પણ ત્રણ માસ પછી વધવા લાગે છે. જેમ જેમ બાળક મોટું થતું જાય છે તેમ તેમ પેટ વધતું જાય છે. એકલા પેટના વધારા ઉપરથી ગર્ભની ખાતરી કરવી નહિ, પણ સાથે ઉપર કહેલાં ચિન્હો હોવાં જોઇએ. કેમકે વખતે બરોલ અને જલંદરથી પણ પેટ વધે છે. ગર્ભિણી સ્ત્રીને દિવસો પૂરા થવા આવે છે ત્યારે **થતાં ચિન્હો**—બહુ મૂત્રતા—પેશાબ વારંવાર કરવા જવું પડે છે. તેમાં દુઃખાવો થતો નથી, કોઇને શરૂઆતમાં પણ બહુ મૂત્રતા થાય છે, એ વખતે તેમને જરા પીડા થાય છે. વારવાર પેસાબ કરવાનું કારણ એ કે ગર્ભાશય અને મૂત્રાશય એ બે પાસે પાસે છે. જેથી ગર્ભાશયનો વધારો થવાથી મૂત્રાશય ઉપર દબાણ થાય છે, તેથી વારંવાર પેસાબ કરવો પડે છે તે એની મેળે બંધ પડી જાય છે. આ સિવાય ગર્ભિણીનો ચેહેરો પ્રફુલ્લિત થાય છે અને કેટલીક દુબળી પણ થાય છે. વગેરે ચિન્હો થાય છે.

દરેક માસે ગર્ભની સ્થિતિ અને રાખવાની સંભાળ—૧. પહેલે માસે—સ્ત્રી પુરૂષના સર્વ અંગોનું મળવું થાય છે. માટે તે માસમાં મધુર, શીતવીર્ય અને નરમ આહારનો વધારે ઉપયોગ કરવો. ૨. બીજે માસે—શીત, બાફ અને પવનથી મળેલા પંચમહાભૂતોનો મેળાપ ઘાટો થાય છે, માટે આ માસમાં પણ ઉપર પ્રમાણે આહાર કરવો. ૩. ત્રીજે માસે—બે હાથ, બે પગ, અને એક માથું એ રીતે પાંચ અવયવોનો પીંડ જેવો આકાર થાય છે. એ વખતે બીજા અવયવો સૂક્ષ્મ હોય છે. આ વખતે પણ ઉપર પ્રમાણેના ખોરાક સિવાય સાઠી ચોખા દૂધમાં આપતા રહેવું. ૪. ચોથે માસે—ગર્ભિણીનું શરીર ભારે પડી જાય છે, ગર્ભ સ્થિર થાય છે અને તેનાં સર્વ અંગો ખુલ્લાં દેખાય છે તથા હૃદય ઉત્પન્ન થાય છે, ગર્ભ ફરકવા માંડે છે, સર્વ ઇંદ્રિયો ઉત્પન્ન થાય છે. એ પાંચે ઇંદ્રિયોમાં જાણવાની

શક્તિ પેદા થઈ તેના વિષયોની ઇચ્છા થાય છે. જ્યારે ગર્ભને હૃદય ઉત્પન્ન થાય છે, ત્યારે અરૂચી, શરીરનું ભારેપણું, અન્નની ઇચ્છા ન થાય, સારા નરસા પદાર્થોની ઇચ્છા થાય, સ્તનમાં ધાવણની ઉત્પત્તિ, નેત્રનું શિથિળપણું, હોઠ અને સ્તનમૂળ કાળાં થાય છે, પગપર સોજો, મોંમાં પાણી આવે એવાં ચિન્હો થાય છે. ગર્ભનું હૃદય માતાના હૃદય સાથે સંબંધ રાખે છે, તેથી માતાના હૃદયમાં રહેલા રસને વહન કરનારી નાડીથી ગર્ભનું પોષણ થાય છે. આ વખતે ગર્ભીણીને મનભાવતા પદાર્થોની ઇચ્છા થાય છે. માટે તેને ઇચ્છીત વસ્તુ પૂરી પાડવાથી બાળક વીર્યવાન, અને મોટા આયુષ્યવાળું થાય છે. તેમજ જે પદાર્થોની ઇચ્છા થાય, તે પદાર્થના ગુણવાળું બાળક થાય છે. જો મનભાવતા પદાર્થો આપવામાં ન આવે તો બાળક અનેક ખામીવાળું પેદા થાય છે. નરસી, ભયંકર વસ્તુ જોવાથી ખરાબ લક્ષણું થાય છે. માટે જેમ સારી સારી વસ્તુઓની ઇચ્છા થાય, અને જેમ સારી સારી વસ્તુઓ જોવામાં આવે તેમ કરવું. વિકારવાળા પદાર્થો ગર્ભને નાશ કરે છે માટે તેનો ત્યાગ કરવો. ૫. પાંચમે માસે—ગર્ભાશયમાં બાળકને સંકલ્પ વિકલ્પ કરવાની શક્તિ આવે છે. માંસ અને રૂધિરનો તેનામાં વધારો થાય છે, તેથી ગર્ભીણીનું શરીર ઘણું દુબળું પડી જાય છે. આ વખતે સ્ત્રીને ઘી, દુધ સાથે અનાજ આપતા રહેવું. ૬. છઠે માસે—બાળકને નિશ્ચય કરવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તથા તેના શરીરમાં બળ અને વર્ણનો વધારો થાય છે, તેથી ગર્ભીણીના શરીરનું બળ તથા વર્ણ ઓછું થાય છે. આ વખતે તેને કાંજી સાથે ઘી, દુધનો ખોરાક આપતા રહેવું. ૭. સાતમે માસે—બાળકના અંગો ખુલ્લા જણાય છે, તેનું શરીર પુષ્ટ થતું જાય છે. તેથી ગર્ભીણી દુબળી થતી જાય છે. આ વખતે પણ ઉપર પ્રમાણે ખોરાક લેવાનો છે. ૮. આઠમે માસે—ઓજ ધાતુ સ્થિર થાય છે. ગર્ભ સાથે સંબંધ રાખનારી નાડીથી માતાના ગર્ભનું અને ગર્ભ માતાનું ઓજ વારંવાર ગ્રહણ કરે છે. તેથી ગર્ભીણી કોઈ વખતે હર્ષવાળી અને કોઈ વખતે ખેદવાળી થાય છે. ઓજની સ્થિરતા અભાવને લીધે ગર્ભ આ માસમાં ઘણો પીડાય છે. માટે આ વખતે ગર્ભીણીએ ભાત સાથે ઘી દુધ મેળવી ખાવા ચૂકવું નહિ. ૯–૧૦. નવમે દશમે માસે—ગર્ભાશયમાં રહેલું બાળક ઉદરમાંજ ઓજ સહિત સ્થિર થઈને રહે છે, તેથી પુષ્ટિ માટે ઘી, દુધ વગેરે ઉત્તમ પદાર્થો ખાવા જરૂરના છે. આથી ગર્ભની ઉત્તમ વૃદ્ધિ થાય છે. **ત્યાગ કરવા લાયક વિપરીત પદાર્થો** આપવાથી ગર્ભ ઉદરમાંજ નાશ પામે છે. અગર ઘણે દિવસે જન્મે છે. એથી વખતે સ્ત્રીના જીવની પણ હાની થાય છે. માટે નુકશાન કરતા પદાર્થો ખાવા દેવા નહિ. ગર્ભીણી ઘણું કરીને ૯–૧૦ નવમે દશમે માસે જણે છે. આ સિવાય ગર્ભીણીએ બીજી કેટલીક અગાઉથી સંભાળ રાખવાની છે તે નીચે પ્રમાણે.

ગર્ભીણી સ્ત્રીની માવજત—ગર્ભીણી સ્ત્રીને દરદ પેદા કરનારાં કારણો જેટલાં ઠાલી અવસ્થામાં અસર કરે છે, તેના કરતાં ગર્ભ રહ્યા પછી દશગણી વધારે

જલદી અસર કરે છે. માટે ગર્ભિણી સ્ત્રીએ તનદુરસ્તી જાળવવાને ખુબ ધ્યાનમાં રાખવું. ગર્ભિણીને ચોખ્ખી ખુલ્લી હવાની જરૂર છે માટે તેને ચોખ્ખી હવા મળે તેમ કરવું. ગીચ વસ્તીવાળી જગ્યામાંથી તેને સારી હવાવાળી જગ્યાએ રાખવી. દરરોજ ખુલ્લી હવામાં હરવા ફરવાની ટેવ રાખવી. જેથી અંગ કસાય, શરીર હલકું રહે અને સહેલાઇથી બાળક પેદા થાય. સિવાય ઘરમાં કામકાજ કરવું, આખો દિવસ આળસાઈમાં કાઢવો નહિ. આળસાઇમાં પડી રહેવાથી પ્રસવ થતી વખતે ઘણી પીડા થાય છે, પણ કૌવત કરતાં વધારે મહેનત લઈ થાક લાગે એવું કામ કરવું નહિ. તેમજ ઘણીવાર વાંકુ વળીને કામકાજ કરવું નહિ. વાંકું વળીને ભારે ચીજ ઉચકવી નહિ, પેટ ઉપર દબાણ થાય એવું કાંઇ કરવું નહિ અથવા ભાર મેલવો નહિ. ઘરમાં ગોંધાઈ રહેવાથી, પુરતી કસરત નહિ કરવાથી અને ખુલ્લી હવા નહિ લેવાથી ગર્ભિણી સ્ત્રીને અનેક પ્રકારનાં દરદો થવાનો સભવ છે અને તેથી વખતે રોગી કે સુવેલું બાળક અવતરે છે. ગર્ભિણી સ્ત્રીએ ખાવા પીવાની ઘણી સંભાળ રાખવી. ભારે પડતો અને અજીર્ણ થાય એવો ખોરાક કોઈ દિવસ લેવો નહિ. મિષ્ટાન્ન તાણીને ખાવાં નહિ. સ્ત્રી ભર્યે પેટે છે માટે તેણે વધારે ખાવું જોઇએ, આ વિચાર ભૂલ ભરેલો છે. ગર્ભ રહ્યાની શરૂઆતમાં વખતે સ્ત્રીને તાવ આવે છે અને ઉલટી થાય છે તે વધારે ખાવાથીજ. ગર્ભિણી સ્ત્રી જો આ વખતે શરીરની ઘણી સંભાળ રાખે તો તેને સુવાવડ વસમી લાગતી નથી. જો અજીર્ણ અને ઝાડો થાય તો ગર્ભને નુકશાન થવાનો સંભવ છે, એટલુંજ નહિ પણ વખતે કસુવાવડ થવાનો ભય રહે છે. ટાઢો ખોરાક ખાવો નહિ, જો ખાવામા આવે તો પેટમાં વાયુ થઈ પીડ ઉપડે છે. તેલવાળાં અને મરચાંથી વઘારેલાં શાક ખાવાં નહિ તેથી ઉધરસ થાય છે. ઠાલી સ્ત્રી કરતાં ગર્ભિણી સ્ત્રીને માંદી પડતાં વાર લાગતી નથી. માટે પચી શકે એવો અને એટલો ખોરાક લેવો. પૌષ્ટિક ખોરાકની ઘણી જરૂર છે, પણ તેથી પેટ તણાય અને ન પચે એટલો વધારે પડતો ન લેવો. અપવાસ કરવાથી સ્ત્રી અને બાળક બંનેને વસમુ લાગે છે. ગર્ભને પોષણ નહિ મળવાથી ફરતો બધ પડી સુસ્ત થઈ જાય છે, જોઇએ એટલું ખાધેલું હોય છે, તે વખતે ગર્ભ જેટલો ફરકે છે તેટલો અપવાસ કરેલે દિવસે ફરકતો નથી. કેમકે તે પોષણને માટે વળખાં મારે છે, થોડીવાર વળખાં મારી સ્થિર થઈ પડે છે; માટે ગર્ભિણીએ અપવાસ કરવા નહિ. ખોરાકમાં અનિયમિતપણું કરવું નહિ, ખાવા અખાવામાં મનને દાબમાં રાખવું. જે ચીજ નુકશાન કરતા ન હોય તેજ ખાવી. પોતાની મરજીમાં આવે તે ખાવું નુકશાન કરતા છે. હલકો ખોરાક લેવો, જે સ્ત્રીનું શરીર જોરાવર અને લોહીઆળ હોય તેણે તો બનતાં સુધી કાંજી, દુધ, ઘી અને વનસ્પતિના હલકા ખોરાક ઉપર રહેવું—ગરમ ખોરાક બંધ કરવો. ખટાશ, કાચો મેવો, અતિ ખારૂં, અતિ તીખું, લૂખું, ટાઢું, અતિ કડવું, બગડેલુ, વાસ મારતું, વાયડા પદાર્થો, બફાઈ ગયેલું, સડેલું, સોપારી, ચાક, મટોડી, ધુળ, રાખ,

કોયલો વગેરે વિકાર કરતા છે, માટે એનું મન થાય તોપણ એ ખાવું નહિ. ગર્ભીણીએ સખ્ત જુલાબ લેવો નહિ. કંઈ દરદ થાય તો કાવો અને તરેહવાર વસાણાં ખાવાં નહિ, પણ હુશિયાર વૈદ કે ડાકટરની સલાહ લઇ દરદ મટે એમ કરવું, પણ વધવા દેવું નહિ.

શરદી અને ભીનાશથી શરીરને બચાવવું. ઉજાગરો કરવો નહિ. વહેલાં સુવું અને વહેલાં ઉઠવું. ફિકર, દીલગીરી વગેરે મનને ઉશ્કેરનારાં કારણોને દુર રાખવાં. બિહામણા દેખાવો જોવા નહિ. ભયંકર અકસ્માતો આગળ ઉભું રહેવું નહિ, ગર્ભીણીના પ્રસવ વખતે પાસે જવું નહિ, પ્રકૃતિ શાંત રાખવી. નાપસંદ વાતો કરવી નહિ. સારી સારી વાતોથી મનરંજન કરવું. ધર્મ નીતિની વાતો સાંભળી મનને મજબુત કરવું. નાહીંમત મનને હીંમત આપવી. જે વાતો સાંભળવાથી કંટાળો કે ભય ઉત્પન્ન થાય તેવી વાતો સાંભળવી નહિ. નિયમસર રહેવું. અલંકાર ધારણ કરવા, સાવધપણે પતિના પ્રિયમાં પ્રેમ રાખવો, પોતાના ધર્મમાં પ્રીતિ રાખવી, પવિત્રતાઇથી રહેવું, મધુર વચને ધીમેથી બોલવું, ઇશ્વરભક્તિમાં ચિત્ત રાખવું, મનની લાગણી ધર્મ નીતિ તરફ વાળવા સારાં સારાં પુસ્તકો વાંચવાં, પુષ્પની માળા પહેરવી, સુગંધી ચંદનનું લેપન કરવું, સ્વચ્છ ઘરમાં રહેવું, પરોપકાર અને દાન કરવાં, સાસુ, સસરા, ગુરૂજન વગેરે વડિલોની મર્યાદા સાચવી સેવા કરવી. કપાળમાં કંકુનો ચાંલ્લો, આંખમાં કાજળ વગેરે સૌભાગ્યદર્શક ચિન્હો ધારણ કરી રાખવાં. કોમળ અને સ્વચ્છ વસ્ત્રથી આચ્છાદિત પથારીપર સુવું તથા બેસવું. સારી ગુણવાળી વસ્તુઓપર ભાવ રાખવો. ધાર્મિક, નીતિવાન, પરાક્રમી, બળિષ્ટ વગેરે ઉત્તમ ગુણવાન સ્ત્રી પુરૂષોના ચરિત્રોનું મનન કરવું અને એવોજ ઉત્તમ ગુણસંપન્ન અને સ્વરૂપવાન પોતાનો ગર્ભ થાય એવી મનમાં ભાવના રાખવી. અવતારી અને ઉત્તમ ચરિત્રવાન પ્રસિદ્ધ સ્ત્રી પુરૂષો, મનોહર પશુ પક્ષીઓ અને ઉત્તમ વૃક્ષોનાં સુંદર સુશોભિત ચિત્રો વગેરેથી પોતાના સુવા બેસવાના ઓરડાને શણગારી મન ખુશ રહે, તેવો સુશોભિત રાખવો. સુંદર અને મનરંજન ગીતો ગાઇ તથા સાંભળી મન સદા આનંદ રાખવું. મનમાં ઉદ્વેગ, ઘણો હર્ષ અને શોક અનાયાસે ઉત્પન્ન થાય એવું જોવું, સાંભળવું કે કરવું નહિ. પસ્તાવો કરવો નહિ કે પસ્તાવો થાય એવું આચરણ બનતાં સુધી આચરવું નહિ. મલીન રહેવું નહિ, વિવાદનો ત્યાગ કરવો, દુર્ગંધથી દુર રહેવું. લૂલા, લંગડા, કાંણા, કુબડા, બહેરા, મુગા વગેરે ખામીવાળા તથા રોગિષ્ટનો સ્પર્શ કરવો નહિ; તેમને નિહાળીને જોવા નહિ. ઘરમાં એકલા રહેવું. સ્મશાનનો આશ્રય, ક્રોધ, ઉંચે ચડવું, ગાડી, ઘોડા વગેરે વાહનપર બેસવું, ઉંચે સ્વરે બોલવું, કેફ કરવો, ઉતાવળે ચાલવું, દોડવું, કુદવું, ઉભડક પગે બેસવું, ખાંડણીઆ કે સાંબેલાપર બેસવું, દિવસે ઉંઘવું, મૈથુન, જળમાં ડુબકી મારવી, શૂન્ય ઘરમાં કે ઝાડ તળે બેસવું, કલેશ કરવો, અંગ મરોડવું, લોહી કાઢવું, નખવડે પૃથ્વી ખોતરવી કે, લીંટા તાણવા, અમંગળ

અને અપશબ્દો બોલવા, ઘણું હસવું, છુટા કેસે રહેવું, વૈર, વિરોધ, દ્વેષ, છળ-કપટ, ચોરી, જુગારી, મિથ્યાવાદ, હિંસા અને કુસંપ એ સઘળાનો ત્યાગ કરવો; કેમકે એ સઘળા ગર્ભીણી સ્ત્રીને અને ગર્ભને હાનીકારક છે. ગર્ભ સારો નરસો થવો એ ગર્ભીણી સ્ત્રીની વર્તણુંકપર આધાર રાખે છે. તે વિષે વિશેષ હકીકત "છોકરાં રૂપાળાં, બુદ્ધિમાન, ગુણવાન અને અંગોનાં સુશોભિત શી રીતે થઈ શકે" તે વિષયમાં વિસ્તારથી જણાવવામાં આવેલું છે. માટે ગર્ભીણી સ્ત્રીએ બરાબર નિયમ પાળીને વર્તવું એ સર્વ પ્રકારે શ્રેયકારક છે.

કેળવાએલી સ્ત્રીથી ફાયદા.

કહે નેપોલિયન દેશને, કરવા આબાદાન;
સરસ રીત તો એજ છે, દો માતાને જ્ઞાન.

આ સંસારમાં સ્ત્રી એ જેમ ઘરનો શણગાર છે, તેમ સારી કેળવાએલી સ્ત્રી એ આખા દેશનો શણગાર ગણાય છે. બાળકોની કેળવણી સ્ત્રીના હાથમાં છે. બાળક જન્મે છે, ત્યારથી એ મોટું સમજણું થાય છે ત્યાં સુધી ઘણો વખત માતા પાસેજ રહે છે, જેથી માતાની બુદ્ધિ, આચાર, આચરણ, જ્ઞાન, વિચાર અને નીતિ જેવાં હોય છે, તેવાંજ બાળકમાં આવે છે. જો માતાનું હૃદય, બુદ્ધિ વગેરે કેળવાએલાં હશે, તો છોકરાં પણ તેવાંજ સારાં નીવડે છે; એટલુંજ નહિ પણ વ્યવહારમાંથી કટાળી ગયેલા પતિને પોતાના સૌંદર્ય અને મધુર વચન વગેરેથી પ્રસન્ન કરે છે, સહાયરૂપે બળમાં વધારો કરે છે. પરમ મિત્ર-રૂપે સુખ દુઃખની વાતો કરવાની લહેજત વધારે આપ્યા કરે છે. ગૃહરાજ્ય ઉત્કૃષ્ટ રીતે ચલાવે છે, તેથી પતિને એ તરફની કશી ફિકર રહેતી નથી અને પોતાના ધંધામાં તે મચ્યો રહે છે. વિદ્વાન સ્ત્રી ઘેરે ઘેર પ્રેમ અને સંપનો તથા દેશને માટે ભક્તિ અને શૌર્યનો વધારો કરે છે. એ રીતે કેળવાએલી સુજ્ઞ સ્ત્રી દેશ અને જનમંડળને ઘણી અસર કરે છે. એના અનેક દાખલા આ પૃથ્વીપર મળી આવે છે. સ્ત્રીને ભણેલી જોઈ મૂર્ખ પુરૂષને પણ ભણવાનું મન થાય છે. બાળકો ભણેલી માતા પાસેથી સારૂં રક્ષણ, શિક્ષણ પામી ઉત્તમ નીકળે છે અને મોટપણે સારા ઉદ્યોગે વળગે છે. એવા ઘણા ઉદ્યોગી થવાથી દેશની ઉન્નતિ થાય છે. દુનિઆમાં દેશની સારી સ્થિતિનું માપ તે દેશની સ્ત્રીઓની સ્થિતિપરથી થઇ શકે છે. સંસારી હાલતનો મૂળ આધાર સ્ત્રીની હાલત ઉપર રહેલો છે. ખરેખર સારી સ્ત્રીઓની ઘરમાં સત્તા એજ સુધારાનું પૂરતું માપ છે. માટે જ્યાં સુધી સ્ત્રી જાતિ

કેળવણી લઇ સુધરશે નહિ, ત્યાં સુધી પુરૂષનો સુધારો કે જ્ઞાન કશા ઉપયોગનાં નથી. જ્યારે બંને સુધરી પરસ્પરની ફરજ બજાવશે, ત્યારેજ પ્રીતિનો રંગ જામશે અને ત્યારેજ સર્વ પ્રકારે સુખ સંપત્તિ સાંપડશે; પરંતુ જ્યાં એક ભણેલ અને બીજું અભણ ત્યાં પરસ્પરનું મન કેટલીક રીતે મળતું નથી. જ્યાં સુધી પરસ્પરના ગુણોમાં મળતાપણું નથી, ત્યાં સુધી તો દુઃખ દુઃખ ને દુઃખજ સમજવું. કવિએ કહ્યું છે કેઃ—

અભણ નારીને નર ચતુર, ચતુર અભણને નાર;
મન બેનાં મળતાં નથી, સુખ નવ લહે લગાર.

ખરેખરાં મન ક્યાંથી મળે ? ભણેલ પુરૂષને અભણ સ્ત્રી સાથે, રસીક ચતુર પુરૂષને રાંડભોથડ સાથે, ઉદ્યોગીને આળસુ સાથે, સુઘડને કુવડ સાથે, સદાચારી દુરાચારી સાથે, વિવેકીને અવિવેકી સાથે, નમ્રને ઉદ્ધત સાથે, અને આસક્તને વિરક્ત સાથે કદી બનેજ નહિ. જ્યાં બને નહીં ત્યાં પ્રીતિની આશા ક્યાંથી હોય ? પ્રીતિ ન હોય, ત્યાં સુખ ક્યાંથી મળે ? આવી રીતે જ્યાં જુદી પ્રકૃતિનું જોડું હોય, ત્યાં દુઃખનો પાર રહેતો નથી. **रक्तमेकाविरक्तंव ततोदुःखतरंतु किम् ॥** સ્ત્રી પુરૂષમાંથી એક જણ આસક્ત અને બીજું વિરક્ત હોય, તેથી વધારે મોટું દુઃખ તે બીજું શું ? કવિએ કહ્યું છે કેઃ—

સઘળું દુઃખ તો સાંખીએ, કાઢી કર્મનો વાંક,
ભુંડી જેની ભારજા, એ દુઃખ આડો આંક.

જેના ઘરમાં સ્ત્રી અભણ, મૂર્ખ અને કુવડ હોય છે, તે પુરૂષનો સંસાર બગડે છે. બાળબચ્ચાં ખરાબ નીવડે છે. કુટુંબમાંથી સુખ, સંપ, સલાહ અને સંપત્તિ એ સઘળાનો નાશ થાય છે. કેળવાએલી સ્ત્રી પોતાની યોગ્ય ફરજ બજાવે છે તેને પોતાની ફરજ બજાવવાનું કહેવું પડતું નથી. જેમ નેત્રમાં રજ ઉડી પડવા આવે છે કે પોપચું અને પાંપણ પોતાની મેળે તેનો અટકાવ કરે છે, તેમ તેની પંડેજ એવી સ્ત્રી પોતાની મેળેજ સમજી કર્યા કરે છે, પરસ્પર સદા સંતોષી રહે છે અને એકબીજાને જોઇ સદા આનંદ પામે છે. કહ્યું છે કેઃ—

સુજન સુજનને જોઇને, મન સતોષી થાવ;
જોઈ ચકોરી ચંદ્રને, જ્યમ મનમાં મલકાય.

કેળવાએલી સદ્દગુણી સ્ત્રી સાસરે આવતાંજ પતિને કહેશે કે, " પ્રાણપતિ ! આજથી હું તમારા સુખ દુઃખની ભાગ્યેણ છું, તમારી મરજીથી ઉલટી નહિ ચાલું. તમે મારા પ્યારા ધણી તથા સાચા મિત્ર છો. હું અંત લગીની સાથી અને વચનની વિશ્વાસુ સેવક છું. મારૂં તન, મન, અને ધન એ સર્વે તમારૂંજ છે. તમે કદરદાન રાજા છો, અને હું તમારા પ્રેમમાં ગળગળી થયેલી સ્ત્રી છું. આપણે બંને

સુખ અને આબરૂ વધે તથા છોકરાંઓનું કલ્યાણ થાય એમ ચાલીશું. આપણે બંને મળી ઇશ્વિરભક્તિ કરી પરમ સુખની પ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરીશું." અહો! આવાં વચનામૃતો કેળવાએલી સદ્‌ગુણી સ્ત્રીના પવિત્ર અંતઃકરણ વિના બીજા કોના અંતઃકરણમાંથી સ્ફુરે! ખરે! કહેવત છે કે;—"દુનિઆનો છેડો પોતાનું ઘર અને ઘરનો છેડો પોતાની સ્ત્રી" એ કહેવત વાજબી છે. પણ અભણ, અજ્ઞાન, અને મૂર્ખ સ્ત્રી-વાળું ઘર તો સિંહ, વાઘ અને વરૂ વગેરેથી વસાયેલું ભયંકર અરણ્ય જેવુંજ સમજવું. કેળવાયેલી સદ્‌ગુણી સ્ત્રી ઘરને સ્વર્ગ સમાન શોભાયમાન બનાવી દે છે. વગેરે રીતે વિચારતાં સ્ત્રીઓને કેળવણીથી અલકૃત કરવાની ઘણી આવશ્યકતા છે. સ્ત્રીઓ કેળવણી લઇ સુધરેથી અનેક પ્રકારનાં સારાં ફળો પ્રાપ્ત થશે. કહ્યું છે કે:—

દોહરો.

ભલું ભણાવો પુત્રિને, તો શાણી થાનાર;
સુદૈવ સુખ પામી કરે, આશિર્વાદ ઉચ્ચાર. ૧

સ્ત્રીઓ સુધરશે તોજ ફળ, ઉત્તમ થશે અથાક;
પૃથ્વી સુધરશે તોજ ત્યાં, પાકે સારો પાક. ૨

નારી તણી શોભા ઘણી, બણી ઠણી રહી તોય;
તેતો સારી નહિ દિસે, ભણી ગણી નહિ હોય. ૩

હાલ કેટલાક લોક કહે છે કે સ્ત્રીઓ ભણવાથી સ્વતંત્ર બની અમર્યાદશીળ થશે. લખતાં વાંચતાં શીખ્યાથી કુકર્મ કરશે. વળી તેમને ક્યાં રળવા કમાવા કે નોકરી કરવા જવું છે કે ભણાવીએ? આવું બોલવું અણસમજનું છે. કેળવણી તો દુર્ગુણોને કાઢનારી છે. બગડવું એ કાંઇ કેળવણીમાં દોષ નથી, પણ એ તો સ્ત્રી જાતિના સ્વભાવનો દોષ છે. જેનો સ્વભાવ જન્મથીજ ખરાબ હોય છે, તેને પાછી ખરાબ સોબત લાગે છે. વળી તેની અધુરી કેળવણીની ખરી અસર તેના મનપર થએલી હોતી નથી; એ વગેરે કારણોથી કોઇ એવી સ્ત્રી ખરાબ નીકળે તેથી શું વિદ્યાને દોષ દેવો? કદી નહિ. વિદ્યા સદા પવિત્રજ છે. ભણેલી નથી તે શું દુરાચાર કરતી નથી? દુરાચાર કરવો એને લખવા વાંચવા સાથે કશો સંબંધ નથી. જે સ્ત્રી ધર્મ નીતિવાળી કેળવણી લેશે, તે કદી પ્રાણ જતાં સુધી પણ પોતાનું શીયળ ભંગ કરશે નહિ. જે સ્ત્રી લખવા વાંચવાથી દુરાચાર કરે તેને કેળવાએલીજ કહેવી નહિ. તેમજ સ્ત્રીએ કેળવણી લેવી એ કાંઇ નોકરીને માટે નથી, પણ તેણે કેળવણીનો ખરો ઉપયોગ ગૃહવ્યવહાર ચલાવવામાં બાળ બચ્ચાંને રક્ષણ, શિક્ષણ આપી **માનવરત્ન** બનાવવામાં, પતિને અનેક રીતે ઉપયોગી થઇ પડવામાં, અને જીંદગીનું ખરૂં સાર્થક કરવા વગેરે કાર્યોમાં કરવાનો છે. સ્ત્રીનું મન પુરૂષ કરતાં કોમળ છે. તેને જો બાળપણથીજ સારી સોબત અને ધર્મ નીતિવાળી કેળવણીની તેના અંતઃકરણમાં ઉંડી છાપ પાડવામાં આવે તો તેની અસર જીંદગી

પર્યંત જતી નથી. સ્ત્રી જો વિદ્યા ભણવાથીજ બગડતી હોત, તો પૃથ્વીમાં ઘણી ભણેલી સ્ત્રીઓએ મોટાં મોટાં પરાક્રમો કર્યા છે તે કરતજ કેમ ? પ્રાચીનકાળમાં સ્ત્રીઓને વિદ્યા ભણાવવાપર પ્રથમજ લક્ષ આપવામાં આવતું, નહિ કે આજની પેઠે મૂર્ખ રાખતા. સતી પાર્વતીજી, લક્ષ્મીજી, સાવિત્રીજી, ગાર્ગી, મૈત્રેયી, સરસ્વતી, કપિલા, ચિરધારિણી, જટિલા, કેશીની, લીલાવતી, સુલભા, શકુન્તલા, દમયંતી, દ્રૌપદી, તારામતી વગેરે ઘણી સ્ત્રીઓ ભણેલી હતી; એટલુંજ નહિ પણ તેણે એ વિદ્યાવડે પોતાની નામના રાખી છે. ગાર્ગી તત્વવેત્તા અને ભડલી ભવિષ્યવેત્તા ગણાઇ ગઇ છે. લીલાવતીએ લીલાવતી નામનો ગણિતનો ગહન ગ્રંથ ગુંથ્યો છે. સરસ્વતીએ અંકસંજ્ઞા અને અક્ષરની રચના રચી ભાષાની ઉત્પત્તિ કરી છે. સુલભા રસશાસ્ત્રમાં શ્રેષ્ટ ગણાઇ છે; વગેરે સ્ત્રીઓએ પોતાની વિદ્વત્તાના ચમત્કાર બતાવ્યા છે એ કોનું અજાણ્યું છે ? જે સ્ત્રી ખરી કેળવણી પામેલી છે તે તો બીજાની કુમતિને પણ સુધારી સુમતિવાન કરે છે, તો તેની મતિ ભગ કરવાને દુનિઆમાં કોણ સમર્થ છે ? કોઈ નથી. તુળસીદાસે કહ્યું છે કે;—

તુળસી ઉત્તમ પ્રકૃતિકો, કહા કર સકત કુસંગ,
ચંદન વિષ વ્યાપે નહી, લિપટે રહત ભુજંગ.
સહજ શીલગુણ સુજનનો, ખળમતિ કરે ન ભંગ;
રત્નદીપ બુજાય નહીં, પાપી પવન પ્રસંગ.

સીતાને રાવણ જેવા દુષ્ટમતીએ અનેક સંકટો આપ્યાં; પણ તે કદી એક ટળી બીજી થઇ નહિ. સુકન્યાને અશ્વિનીકુમારે પરીક્ષા લેવા અનેક રીતે સમજાવી પણ તેણે પોતાની મતી ભંગ કરી નહિ. તેમજ ગાર્ગી, મૈત્રીયી વગેરે વિદ્વાન સ્ત્રીઓએ પુરૂષોની સભામાં જઇ સંવાદ કરેલા છે, પણ તે કદી પોતાના નેક નિયમથી ચળાયમાન થઈ નથી, પણ ઉલટું પુરૂષોએ તેમને ઘણા માનથી નમન કર્યું છે. એ રીતે જે સ્ત્રીએ ખરી કેળવણી લીધી હોય છે, તે કદી દુરાચાર રસ્તે પગલું ભરતી નથી. ખરી કેળવણીનો પ્રતાપજ અલૌકિક છે; માટે સ્ત્રીઓને આર્યધર્મ નીતિ રીતિને અનુકૂળ પડતી કેળવણી આપવી જોઇએ; એટલુંજ નહિ પણ તેમને બાળપણમાંથીજ સારી સોબત રખાવવી અને સતી સ્ત્રીઓના ચરિત્રોની તેના હૃદયમાં ઉંડી છાપ પાડવી. સ્ત્રીધર્મ સમજાવવાની ગોઠવણ કરવી. ગૃહકાર્ય અને ઘર વ્યવસ્થા વગેરે તેને મોટપણે ઉપયોગી થઇ પડે તેવા વિષયો શિખવી પાવરધી કરવી. આ પ્રમાણે કેળવણી આપવાથી સ્ત્રીઓ આગળ જતાં ઉત્તમ સદ્દગુણી ઉત્પન્ન થશે અને ઘર તથા કુળ ઉજવળ કરી દેશ દીપાવશે.

અર્વાચીન સ્ત્રીકેળવણી.

હત ભાગ્ય ! આ દેશનાં કે સ્ત્રીઓને પુરૂષના જેવી કેળવણી અપાય છે. ઇંગ્લાંડના ધોરણે અપાતી આધુનિક મા—બા—ભૂ—પા થી શરૂ કરેલી સાતમી ચોપડી સુધીની અને ઇતિહાસ, ભૂગોળ વગેરેની લુખી કેળવણીએ તો કશું લીલું કર્યું નથી. શાનું લીલું કરે ? ક્યાં શાળાઓમાં આર્યધર્મ નીતિ રીતિને અનુસરતા ધોરણે શિક્ષણ આપવામાં આવે છે ? ક્યાં શિક્ષણ આપનારાઓ એવી યોગ્યતા ધરાવનારા રાખવામાં આવે છે ? અને ક્યાં શિક્ષણ આપવાનાં યોગ્ય સાધનો છે ? હાલ તો કુમળી વયની કન્યાઓના કોમળ હૃદયમાં ફટાળો આપતા વાંચવાની સાત ચોપડી ઇતિહાસ, ભૂગોળ, વ્યાકરણ, અને ગણિત સિવાય સાથે સહેજસાજ ભરત, ચિત્ર, વગેરે વિષયો ઘણાખરા પુરૂષોની માફકજ શિખવવામાં આવે છે. વળી અમુક વિષયો એક વર્ષમાં તૈયારી કરી પાસ થવું જોઇએ. આવી રીતે પાસ થવાની લલુપતાએ અને શિક્ષકોને પાસ કરાવવાની કોડે જોઇએ તેવું સમજી શિક્ષણ તૈયાર કરાવવાને બદલે ફક્ત ગોખણ ચલાવવામાં આવે છે. પરિક્ષાનાં આવાં વિપરીત ધોરણોથી તેમના મન ઉપર હદ બહારનો બોજો આવી પડે છે. તેથી તેમનાં તન, મન તવાઇ જાય છે. વળી ઉપરચોટીઉ આપેલું જ્ઞાન તેમને શાળા છોડયા પછી કશા કામમાં આવતું નથી. ગૃહકાર્ય, ગૃહવ્યવસ્થા, બાળરક્ષણ, બાળશિક્ષણ, પતિને અનેક પ્રસંગે ઉપયોગી થઇ પડે એવી સમજણ અને સ્ત્રી ધર્મનીતિ વગેરે જે વિષયો તેને મોટપણે કામ લાગવાના છે, જે વિષયો ઉપરથી તેને જીંદગીમાં ઘણું નવું શિખવાનું છે, તથા જે વિષયો લોકોની સાંસારિક સ્થિતિનો વિચાર કરી શિખવામાં ફાયદો છે, તે વિષયો મૂકી દઇ, કેટલાક નકામા શિખવી કુમળી વયની બાળકીઓને કાયર કરવામા આવે છે. તેથી આ દેશના લોકોની અવસ્થા, રીતરીવાજ વગેરે ધ્યાનમાં લેતાં તેના સારા ચિન્હની જરા પણ નિશાની જણાતી નથી. અરે ! સારાં ચિન્હો રહ્યાં, પણ નરશાં ચિન્હો ઝઝુમી રહ્યાં છે. જો એ પદ્ધતિ ચાલુજ રહી તો ભવિષ્યમાં સારૂં ફળ નહિ થાય. સ્ત્રીઓની સ્વભાવિક કોમળતા, મર્યાદા, અને તે ઉપર લોકોના વિચારનુ પ્રમાણ ઇંગ્લાંડના લોકોની સાથે સરખાવતાં આપણા લોકોની નિર્ધનતા, રેણી, ઇર્ષ્યા (સ્વપત્નીના સબંધમાં) એકત્ર કુટુંબની અવસ્થા, વડિલો તરફ અદબ અને તેઓના તરફ આપણી લાગણી વગેરેનો વિચાર કરતાં, હાલ અપાતી કેળવણીની પદ્ધતિ કેટલી બધી ભૂલ ભરેલી છે ? હાલ અપાતી ધર્મનીતિ વગરની લુખી કેળવણીથી તો ઉલટી એવી સ્ત્રીઓ બનતી જાય છે કે ન પૂછો વાત. કેટલીક સ્વછંદી, સ્વતંત્ર વિચારની, મરજીમાં આવે તેમ વર્તતી, ટેબલ ખુરશીપર બેસી નાટક ચેટક અને રંગીલી નૉ-

વેલો વાંચવાની શોકીન, બડબડ બોલવાને બહાદુર, પતિ કહે તે સહન ન કરતાં સડાક દઈ સામે યુક્તિબંધ ઉત્તર આપવામાં પાવરધી, વાંક થયો હોય તો કબુલ કરવાને બદલે સામે યુક્તિબંધ ઉડાવી દેવામાં હુશિયાર, મર્યાદા ન રહે એવાં ભભકાદાર ઝીણાં વસ્ત્રો પહેરવામાં પ્રેમી, મરજી માફક હરવા ફરવા ને છુટથી વર્ત્તવાને સાસુ સસરાની મર્યાદા મૂકવાને, અને ઠાઠમાઠમાં રહેવાથી ગૃહકાર્ય કરવાને પણ પસંદ પડતું નથી, એ વગેરે શીખી. આ શું થોડા અફસોસની વાત છે ! આનું નામ શું ખરી કેળવણી ! નહિ, નહિ. ખરી કેળવણી તો શીયળ, સંતોષ, શાંતતા, દયા, ક્ષમા, ધૈર્ય, મર્યાદા, સભ્યતા, સત્ય, પતિવ્રત, નમ્રતા, વિનય, વિવેક, સગાંસ્નેહી પ્રત્યે સ્નેહ, વડિલોની સેવા, ગૃહકાર્ય, બાળરક્ષણ, અને પરોપકાર પર પ્રેમ એ વગેરે સદ્‌ગુણો આવવાં જોઈએ. આધુનિક કેળવણીએ તો સઘળું ઉલટુંજ કર્યું છે.

ઇંગ્લાંડના ધોરણે અપાતી કેળવણી તો સ્ત્રીઓને પુરૂષની સાથે ધંધા રોજગાર અને રાજ્યકાજમાં હરિફાઇમાં ઉતારવા જેવી કરે છે. સ્ત્રીને કેળવી પુરૂષના જેવી બનાવવા પ્રયત્ન કરવો, એ આ દેશને કેમ અનુકૂળ આવે ? તેનાં અવળા ફળ જોઇ લોકોની તેનાપર અરૂચી ઉત્પન્ન થાય, એમાં શું નવાઈ? આવી કેળવણીથી તો દેશોદય થવાને બદલે દેશને વધારે હાની થવાનો મોટો ભય રહે છે. સ્ત્રીઓને પુરૂષોની માફક કેળવણી નહિ આપવાને ડૉક્ટર **સ્માઇલ્સ** કહે છે કેઃ–"સ્ત્રી કેળવણી અને સ્ત્રી સુધારણાથી દરેક પ્રજાનુ વર્તન ઉન્નતિને પામે છે. તે વાત જેટલી ચોકસ છે, તેથી વધારે શક ભરેલી વાત એ છે કે, રાજકાજ અને ધંધા રોજગારનાં નિઃરસ કામોમાં પુરૂષની સાથે હરિફાઇમાં સ્ત્રીઓએ ઉતરવાથી કાંઇ પણ લાભ પ્રાપ્ત થાય નહિ. જેટલે દરજ્જે સ્ત્રીઓનુ ખાસ કામ પુરૂષો કરી શકે, તેવું પ્રમાણુમાં સ્ત્રીઓ કંઈ પુરૂષોનું કામ કરી શકશે નહિ અને જ્યાં જ્યાં સ્ત્રીઓને પોતાના ઘર કુટુંબમાંથી ખસેડી બીજા કામમાં પ્રવિષ્ટ થવા દીધી છે, ત્યાં સાંસારિક સંબંધમાં અનર્થનું પરિણામ નીપજ્યુ છે." આ વિદ્વાનનું કહેવું વાજબી છે. ફ્રાન્સમાં મોટી ઉથલપાથલ આવાજ કારણોથી થઇ હતી, એ કોનું અજાણ્યુ છે ? આજે ઇંગ્લાંડ પણ આનું ફળ ચાખતું જાય છે. લાખો બાળકો માતાથી વિખુટા પડી ટળવળતાં મરણુને સ્વાધિન થાય છે. કેટલાક પુરૂષો ઘર સંસારનો જોઇએ તેવો લહાવો લઇ શકતા નથી. આથી અંતે પરિણામ આવે તે ખરૂં. આ વિષે ત્યાંના ઘણા વિદ્વાનો તે ઉપર અંકુશ મૂકવા પોકારી ભલામણ કરે છે. આવો મામલો ત્યાં ચાલે છે, ત્યારે શા માટે આ દેશને પણ એવી સ્થિતિએ લાવી મૂકવો ? સ્ત્રી પુરૂષને લગભગ એકજ ધોરણે કેળવણી આપવી, એ બંનેના તન, મનની રચના જોતાં દેખીતુંજ ઉલટું છે. ઈશ્વરે બંનેની પ્રકૃતિમાં ઘણો ભેદ રાખેલો છે. પુરૂષનું હૃદય કઠણ છે, તેનામાં હિંમત, શૌર્ય, સાહસ, બુદ્ધિના ગુણોનો અને વિચાર શક્તિનો અધિક અંશ છે. તથા ન્યાય, બળિષ્ટ, પરિશ્રમ સહન કરનાર, બહાર હરવા ફરવાને યોગ્ય, અને કમાવાને નિર્મિત છે–સ્ત્રીની પ્રકૃતિમાં કોમળતાનો અધિક

અંશ છે. તેમજ તેના હૃદયના ગુણો આગળ પડતા છે. વળી અધિરતા, અબળપણું, મનોભાવની પ્રબળતા, દયાભાવની અધિષ્ટાત્રી, પ્રેમ, ઉત્સાહ, મમતા, નમ્રતાનું સ્થાન, નાજુક, જરા દુર્બળ, મૃદુ, લાવણ્યતા, તેમનું સ્થળ ઘર, ધનનુ રક્ષણ કરનારી, અને ઘર સંસારને સુખરૂપ કરનારી છે. આ પ્રમાણે બંનેની પ્રકૃતિમાં ઘણો તફાવત જોવામાં આવે છે. પુરૂષે ટાઢ, તડકો અને વરસાદ વેઠી મહેનત કરવાનું કામ પોતે રાખ્યુ છે, અને સ્ત્રીને ઘર સંભાળવાનું, તથા બાળકોને ઉછેરી શિક્ષણ આપવા વગેરેનું કામ સોંપ્યું છે. આ વ્યવસ્થા બરાબર છે. એ વ્યવસ્થામાં ઉપયોગી થઇ પડવા તેમની પ્રકૃતિને અનુસારજ કેળવણી આપવી જોઇએ. છતાં સ્ત્રીઓને પણ પુરૂષના જેવી કઠણ કેળવણી આપી પુરૂષનાં જેમાં કામ કરવાને યોગ્ય કરવી, આ ઘણુંજ દુઃખદાયક છે. આ દેશમાં ઇગ્લાંડના ધોરણે અપાતી કેળવણી કદી પણ ઉપયોગી થઇ પડશે નહિ. હાલ અપાતી કેળવણીના ફાયદાનો એકે પણ ચમત્કારિક દાખલો જોવામાં આવ્યો નથી. જે થોડી સ્ત્રીઓ હાલ વિદ્યામાં આગળ પડેલી કહેવામા આવે છે, તે હાલ અપાતી કેળવણીથી નહિ; પણ અસલની બ્રાહ્મણિક રીતિથીજ છે. ઇંગ્લાંડમાં અપાતી કેળવણી સ્ત્રીઓને સ્વતંત્ર કરે છે. ત્યાંના રીત રીવાજ, ધર્મ નીતિ અને ગુણો જુદા છે. અહીં સ્ત્રીઓ ધર્મનીતિના બંધારણે જરા પરતંત્ર જેવી છે. તેમજ આ દેશના રીત રિવાજ અને ગુણો જુદા છે. તેને ઇંગ્રેજી ઢબછબ પ્રમાણે અપાતી કેળવણી કેમ ઉપયોગી થઇ પડે ! હાલના ધોરણે અપાતી કેળવણી જોઇએ તેવી રીતે ઉત્તમ ફળદાયક નહિ થઈ પડવાથી ચારે તરફ પોકાર ઉઠી રહ્યા છ. સ્ત્રી પુરૂષની સ્થિતિ, રચના, સ્વાભાવિક મનનુ બળ અને શક્તિ વિચારતાં સ્ત્રી, પુરૂષની બરોબરી કરી શકે એવી ઇશ્વિરે બનાવી નથી. તેમ સ્વતન્ત્ર ધંધો કરી કમાવાને અશક્ત છે, છતાં તેવાં સાધનો મેળવવા માટે પુરૂષના પ્રમાણેજ કેળવણી આપી બિનઉપયોગના ઘણાક વિષયો તૈયાર કરાવવાની લગ્નતાએ તેમના કુમળા અંગપર ઘણા અભ્યાસનો બોજો મૂકવો એ ઘણું ભયભરેલુ છે. તેથી તેમનાં કુમળાં અંગો તવાઈ જાય છે, અને અનેક રોગને આધિન થઇ જીંદગી વ્યથા જાય છે.

હરબર્ટ સ્પેન્સર નામનો વિદ્વાન કહે છે કેઃ—" પુત્રીને વધારે ખુબસુરત, મોહકારક કરવી હોય, તો તેમને બિનઉપયોગી અતિ અધ્યયન આપી તેમના મનપર ઘણો બોજો મૂકવો એ ઘણી મૂર્ખાઇ છે. પુરૂષને મોહ પમાડનાર ગુણ અતિ કેળવણી નથી, પણ બાહ્યરૂપ, સુંદરતા, સારો સ્વભાવ, અને ચપળ બુદ્ધિ છે. ઇતિહાસ, ભૂગોળ, ગણિત, સંસ્કૃત કે રસાયણશાસ્ત્ર વગેરેના ઘણા જ્ઞાનથી કોઈ પુરૂષ સ્ત્રીપર મોહિત થવાનો નહિ; પરતુ તેજદાર સુરખીવાળો ચહેરો, હસતું મોં અને ચંચળ આંખો હોય તો સર્વે મોહ પામે છે, અને પરણવા ઇચ્છે છે; પરંતુ એ માંહેલું ન હોય, ફક્ત ઉપર કહેલુ એકલુ જ્ઞાન અને નબળું શરીર હોય તો કોઇ તેમને પરણવા ઇચ્છતું નથી. શરીર સારૂં હોય તોજ ચંચળતા,

હસમૂખો સ્વભાવ, અને સુંદરતા વગેરે થાય છે, પરંતુ અતિ અધ્યયનથી થતું નથી. માટે શરીરની સંભાળ પહેલી રાખી કેળવણી આપવી. કોઈ કહેશે કે આવી વાતોથી તો વૃત્તિ આડી દોરાઇ જાય, પરંતુ આવું બોલનારા કુદરતે જે યોજના રચી છે, તેની ખૂબી સમજી શકતા નથી. કુદરતની મુખ્ય ઇચ્છા એજ છે કે પ્રજા સુખી રહે." આ વગેરે વિદ્વાનોનો વિચાર જોતાં હાલ અપાતી કેળવણી જોઇએ તેવી ઉપયોગી નથી. હાલની પદ્ધતિમાં ફેરફાર કરવા વિષે ઘણે મૂખે બોલાય છે. કવિ નર્મદાશંકરે કહ્યું છે કે:–" હાલની કેળવણી પામેલી સ્ત્રીઓમાંથી મોટી થયા પછી કોઇ વિદ્યા ગુણે નામ ગણવા લાયક જણાઇ નથી. લાંબી મુદત થયાં શિક્ષકોનો વિચાર અમે જાણી લીધો છે કે, ઘણીક છોકરીઓએ પોતાના લખવા વાંચવાને આડે રસ્તે વાપર્યું છે. છોકરીઓને લાયકનું ભણતર શીખવવામાં આવતું નથી. ટ્રેનિંગ કૅાલેજવાળી જે શિક્ષકની નોકરીએ ગુજરાન કરે છે, તેમાંથી પણ કોઇ બહાર આવેલી નથી. કેટલાક સુધારાવાળાઓ પોતાની સગીઓને ભણેલીનું માન અપાવે છે. કેટલાક પુરૂષ ભણેલી સ્ત્રી ઉપર આશ્ચર્યથી જુએ છે. કોઇ કોઇ તરૂણીઓ પોતાને સુધરેલી કહેવરાવતી હશે, પણ તે સ્વરૂપ ઠરેલુ નહિ. **સુધરેલી માતા**–એવું સ્વરૂપ તો હજી હવે દેખાય ત્યારે. અમે અમારૂં ગૃહસ્થાશ્રમ સ્વરૂપ આદર્શ થયેલું ને તેને બદલે નવુ સ્વરૂપ જોવાને ઇચ્છતા નથી. યુરોપની વિદ્યા-નીતિને અમે માન આપીશું, પણ પૂછીશું તો અમારીજ વિદ્યાનીતિને, કાળી બૈરીઓ સાબુ લગાડવાથી ગોરી થનારી નથી, પણ તે બહારના કાળાપણામાં અંદરનું ગોરાપણું દેખાડે એવું અમે ઇચ્છીએ છીએ. અમે ચંચળ સુંદરતાને પણ જોઇને રાજી થઇએ, પણ વસાવીશું તો ઠરેલ સુંદરતાને, અમારૂં મન સ્ત્રીઓ ભણે તેને માટે છે, પણ તેણે કઇ કઇ વિદ્યા ભણવી; કેવે પ્રકારે ભણવી, એ સંબંધી વિચાર કરવો જોઇએ." વગેરે વગેરે વિચારો જોતાં શરીરની સંભાળ રાખી સ્મરણ શક્તિનો વધારો થાય, તેવી કેળવણી આપવાની જરૂર છે. હાલની પદ્ધતિ જોઇએ તેવી યોગ્ય નથી. કેમકે સ્ત્રીઓને ગૃહરાજ્ય સંભાળવાને અને પતિવ્રત પાળવા વગેરે ગુણોને પાત્ર કરવાને બદલે ટાપટીપવાળા બનાવવામાં આવે છે. જ્યાં સુધી આર્યધર્મનીતિને અનુકુળ પડતી કેળવણી શાળાઓમાં આપવામાં આવશે નહિ, ત્યાંસુધી સ્ત્રીઓ કદી પણ ગૃહરાજ્યની યોગ્ય અધિકારિણી થનારી નથી. માટે હાલ અપાતી શિક્ષણ પદ્ધતિમાં ઘણા ફેરફાર કરવાની જરૂર છે.

સ્ત્રીએ મુખ્ય શું શું શિખવું જોઈએ ?

આ સૃષ્ટિમાં ઇશ્વરે સ્ત્રી પુરૂષને એકઠાં રહી પરસ્પર સહાયક થવાને સરજેલાં છે. સ્ત્રીઓનો બાંધો અને સ્વભાવ અતિ કોમળ તથા નમ્ર છે. વળી તેની જીંદગીમાં કેટલીકવાર ગર્ભાવસ્થા પ્રાપ્ત થાય છે તથા દરેક માસે ૪–૫ દિવસ રજસ્વળાના આવે છે. આ વખતે તેમની પ્રકૃતિ નાજુક બને છે. આ વગેરે કારણોથી સ્ત્રી વધારે શ્રમ કરવાને લાયક નથી, પરંતુ ઘરની શીતળ છાયામાં બેશી થોડા શ્રમનાં કામો કરવાને લાયક સરજેલી છે. તેને પુરૂષના જેવી કેળવણી આપી, તેમના જેવાં કઠણ કામો કરાવવાને લાયક બનાવવા વૃથા વળખાં મારવાં, એ ઘણું નુકશાનકારક છે. જો સ્ત્રીને સસારમાં ખરી સહાયક અને ઉપયોગી બનાવવી હોય, તો તેમને ગૃહશિક્ષણ અને ગૃહકાર્યને અર્થે ધર્મ નીતિવાળી કેળવણી સાથે વ્યવહારોપયોગી ઉચ્ચ પ્રકારનું જ્ઞાન આપવાના ઉપાયો યોજવા જોઇએ છીએ. તેમને શુદ્ધ વાંચતાં, લખતાં અને ઉપયોગમાં આવે એટલું ફક્ત ભૂગોળ, ઇતિહાસ, વ્યાકરણ, ગણિત, ઘરના આવક જાવકનો હિસાબ લખવા જેટલુ દેશીનામુ વગેરે જ્ઞાન આપવું. વિશેષ જ્ઞાનમાં આરોગ્યવિદ્યા, રસાયણ શાસ્ત્ર, પાકશાસ્ત્રનું અનુભવ સિદ્ધ શાસ્ત્રીય જ્ઞાન. પદાર્થ વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, માંદાંની માવજત, ઘરકુટુંબમાં ઉપયોગી થાય એટલુજ ચિકિત્સા અને નિદાન સાથે વૈદકશાસ્ત્ર, બાળરક્ષણ, બાળશિક્ષણ, ઘરવ્યવસ્થા, ઘરકુટુંબનાં કપડાં વેતરી શીવતાં, સાંધતાં—ચતુરાઇનાં ખુબીદાર ઉપયોગી સુંદર ભરત ભરતાં, મોજાં, ગલપટ્ટા, પુષ્પના અલંકારો વગેરે ગુંથતાં, લાકડાં, માટી, મીણ, લાખ અને કાગળ વગેરેની જુદી જુદી જાતના નકશીદાર નમુના કોતરતાં, કાપતાં, અને બનાવતાં, રૂમાલ ટેબલ કલોથ, આસન વગેરે વણતાં, ખુરશી, પલંગ વગેરેમાં નેતર ભરતાં, જાત જાતના રંગતા, ચિત્રવિદ્યા, આયુષ્ય વધારવાના ઉપાય, છોકરાં બુદ્ધિવાન, ગુણવાન, રૂપાળાં, અને અંગાનાં સુશોભિત બનાવવાના નિયમો. રજોદર્શન, ગર્ભાવસ્થા, અને પ્રસૂતિ સમયે સભાળ રાખવાની સમજણ—નીતિ, ભક્તિ અને નિર્મળ પ્રીતિના મધુર રાગમાં ગવાતાં ગીતો—ગાયન, નૃત્ય, વાદ્ય, જીંદગીના મૂખ્ય કર્ત્તવ્ય કર્મની તથા સ્ત્રીધર્મ નીતિની સમજણ, અને પશુ પક્ષીની સભાળ વગેરે વિદ્યાના મૂળતત્વોના જ્ઞાનની કેળવણી આપવાની ઘણી જરૂર છે.

આ ઉપર જણાવેલા વિષયો શાળામાં શિક્ષણ લેવા યોગ્ય ગણ્યાંછે. આ સિવાય પણ સ્ત્રીઓને સસારમાં ઉપયોગમાં આવતા વિષયો જાણી લેવાની જરૂર છે., આ નીચે જણાવેલા વિષયો પૈકી કેટલાક નવિન છે, અને કેટલાકનો સ્ત્રીધર્મ નીતિ તથા ઘરવ્યવસ્થામાં સમાવેશ થઈ જાય છે, પણ તેને આ ઠેકાણે જુદા પાડી સમજાવવાની

જરૂર છે; કે જે શિખી લેવાથી તેમને આ સંસારમાં જીંદગી સફળ કરવામાં અડચણ ન આવે તે એ કેઃ—શીયળ સાચવતાં, પરોણાચાકરી કરતાં, ચાકર રાખતાં અને તે સાથે યોગ્યપણે વર્ત્તતાં, પતિ પસંદ કરતાં, પતિ વશ કરતાં, પતિ વિદેશ જાય ત્યારે વર્ત્તતાં, રંગમંડપની રચના કરતાં, નજરબાગ બનાવતાં અને વૃક્ષો ઉછેરતાં, માન આપતાં, પારકાના કપટને પારખતાં, સજ્જન દુર્જન ઓળખતાં, ઉડતા રોગથી ઘરનાં મનુષ્યોને બચાવતાં, છોકરાં, માબાપ, સાસુસસરો, ભાઇ, દીયર, જેઠ, નણંદ વગેરે સગાં સ્નેહી સાથે વર્ત્તતાં, દુરાચારી પતિને સુધારતા, પીવાના પ્રવાહી પદાર્થો બનાવતાં, અનેક પ્રકારનાં સુગંધી તેલો અને અર્ક બનાવતાં, બાળોપદેશ આપતાં, સાસરે જતાં પુત્રીને શિખામણ આપતાં, સતી સ્ત્રીઓનાં જન્મચરિત્રો વાચી તેમાથી ઉત્તમ ઉપદેશ ગ્રહણ કરતાં, પોતાની ઉત્તમતા દર્શાવતાં, પતિ ઘેર ન હોય ત્યારે લેવડદેવડમાં હરકત ન પડે માટે સોનારૂપાની પરીક્ષા કરતાં, મેનાપોપટ પઢાવતા, સરખી સરખી સાહેલીઓ મળી મનરજન અર્થે એક સ્વરે મધુર ગીતો ગાતાં, કોઇ વખતે દુષ્ટ પુરૂષો શીયળ ભંગ કરવામાં ફાવે નહિ એમ ત્રણ ચાર કે વધારે વસ્ત્રો યુક્તિબંધ સાથે પહેરતાં, (દ્રૌપદીજીએ એવીજ રીતે વસ્ત્ર પહેરેલાં હોય અને પછી ઇશ્વિરે રક્ષણ કર્યું હોય એવું અનુમાન થઇ શકે છે.) બાળકોને રમવાનાં રમકડાં બનાવતાં, ઉદર નિર્વાહ માટે નાના પ્રકારનાં કામો કરતાં, દભાને ઓળખતાં, પારકાનું વચન સાંભળી તેમાંથી તરત સાર સમજી લેતાં, સૈભાગ્યદર્શક ચિન્હો ધારણ કરતાં, ઇશ્વરભક્તિ કરી જીંદગીનું સાર્થક જે મોક્ષ તે અર્થે આત્મજ્ઞાન મેળવતાં, સદ્‌ગુણી અને સતી સ્ત્રીઓ ઓળખી કાઢી સોબત કરતાં, બેનપણાં કરવામાં પ્રથમ તેમની આબરૂ, ગુણ, જ્ઞાન, ચાલચલગત, અને વિદ્યા વગેરે સદ્‌ગુણો પારખી કાઢતાં, બહારના મનુષ્યોના ચ્હેરા જોઇ તેની દાનત વિષે વિચાર બાંધતાં કેટલીક સ્ત્રીઓ પોતાના પતિના મિત્ર સાથે હળી જાય છે. તેથી પણ કોઇ વખતે માઠાં ફળ થાય છે, માટે તે સાથે બોલવા હસવાનો અંકુશ રાખતાં, કેટલીક સ્ત્રીઓ પોતાનો દરજ્જો ભૂલી જઇ ચાકર સાથે ઘણી મીલનસારી રાખે છે, તેથી તે બેહેકી જાય છે, માટે તે સાથે યોગ્યપણે વર્તતાં, અને તે પર કામની તપાસ રાખતાં, મુસાફરીમાં અથવા બીજા અણધાર્યા પ્રસંગમાં પરપુરૂષ સાથે કામ પડે છે, તે વખતે હરખ અથવા ગભરાટમાં છુટથી ન બોલતાં, તેમ તેને માઠું ન લાગે તેમ વર્તતાં અને તેથી સાવચેત રહી તેમનો ભરોંસો નહિ રાખતાં, તથા સૌને પોતાના ન જાણતાં શિખવું જોઇએ. સ્ત્રી યાચકો, સાધુડીઓ, પતિત, હરામી દાનતની, નશીબ જોનારી, ખરી દુરાચરણી અને રખડુ સ્ત્રીઓને ઓળખી કાઢી તેમના બોલવા ચાલવાથી તેમના પાપી ફાંસામાં ન ફસાતાં શિખવું જોઇએ. પોતાનો ખરો શણગાર શેમાં છે તે સમજતાં, પતિને પ્રેમ સહિત મધુર વચને બોલાવતાં, પોતાના કામમાં નીતિનો અંકુશ રાખતાં, મન બગાડા તરફ નહિ લલચાવતાં, સારી વાતમાં મન લગાડતાં, ઘર શોભી નીકળે ને મન ખુશ થાય તેવું શણગારતાં,

વિચિક્ષણતા રાખતાં, પ્રસંગ આવતાં પતિના પગ અને માથું વગેરે ચાંપતાં, કેટલીક સ્ત્રીઓને તે બરાબર નહિ આવડવાથી પુરૂષ કંટાળી જાય છે અને બરાબર આવડવાથી પતિ રંજન થાય છે. પતિ રીસાઈ ગયો હોય, તો મનાવતાં અને પતિ ખોવાએલો હોય તો જુદા વેશે યુક્તિથી શોધી કાઢતાં. જેમ પૂતના, સૂર્પણખા, દમયતી, સત્યવંતી, અને સોનરાણીએ પતિ માટે કર્યું હતું. આ સિવાય સદ્‌ગુણી સ્ત્રીઓને જાણવાની ૬૪ કળા આર્યશાસ્ત્રમાં જણાવેલી છે. તે સ્ત્રીઓને જાણવા લાયક જાણી જણાવું છું. મનુસ્મૃતિમાં કહ્યું છે કેઃ—

स्त्रियारत्नान्यथोविद्यासत्यंशौचंसुभाषितं ।
विविधानिचशिल्पानिसमादेयानिसर्वतः ॥

સ્ત્રી એ રત્ન, વિદ્યા, સત્ય, પવિત્રતા, સુભાષિતપણું અને નાના પ્રકારની કળાઓ એ સર્વ જગેથી સંપાદન કરવી. આ વચન સ્ત્રીઓએ યાદ રાખવા યોગ્ય છે. **શણગારની સોળ કળા**—ચોળી સાડી પહેરવાની, મનરંજનની, ચાંલ્લો કરવાની, સેંથો ભરવાની, વેણી ગુંથવાની, નેત્રાંજનની, શરીર ઉપર સુગંધી લગાડવાની, પાન ખાવાની, કાનપર તથા વેણીમાં પુષ્પો ખોસવાની, નાકમાં વાળી કે ફુલ પહેરવાની, હાથમાં કંકણ પહેરવાની, કંઠમાં માળા વગેરે અલંકારણ ધારણ કરવાની, કટીમેખલા પહેરવાની, કુચે ચંદન ચર્ચવાની (જે દેશમાં કચુકી પહેરવાનો ધારો નથી તેવા કાશ્મિર અને દક્ષિણ દેશમા) પાયે ઘઘર, તોડા, કાંબી વગેરે પહેરવાની, નેત્રચંચળ છતાં સ્થિર રાખવાની, ચતુરાઈ લડાવવાની, **અંગકળાની સોળકળા**—હંસગતિ ચાલવાની, પગના ઘુઘરા ઘમકાવવાની, કાળા ભમર જેવા કેશ રાખવાની, કઇક ગોરાપણું અને કઇક શ્યામતા દર્શાવવાની, દાંત દાડમની કળી જેવા કે મોતી જેવા રાખવાની, નિતબભારી બતાવવા તથા રાખવાની, નખ સાફ હીરા જેવા રાખવાની, કર સુંવાળા રાખવાની, ગાલ કોમળ રાખવાની, પગ સ્વચ્છ રાખવાની, ગાલ તથા હોઠપર તલ પાડવાની, અંગ મઘમઘતું રાખવાની. **પતિ રંજન કરવાની સોળકળા**—મુખ પ્રસન્ન રાખવાની, સ્મિતહાસ્યે વિકાસિત મુખાર્વિંદ ધરી બોલવાની, પતિ ઘેર આવે તે વેળાએ સત્કાર કરવાની, રસોઇ બનાવી પીરસવાની, મુખવાસ બનાવી આપવાની, શણગાર સજી બતાવવાની, કવિતા તથા ગ્રંથો પસંદ કરી વાંચવાની, પતિને રૂચતી રમત રમવાની, ગાયન કરવાની, મધુરી વાણી બોલવાની, ક્રુર, કઠિન વાણીનો કંટાળો આણવાની, પતિના દોષ ન ગણકારવાની, પ્રત્યેક કાર્યમાં પતિને યોગ્ય સલાહ આપવાની, પરાયા પુરૂષ સાથે હાસ્ય રહીત વાત કરવાની, પતિના દોષ બતાવતાં વિનય દર્શાવી ક્રોધ ન કરવાની, રતિ વિલાસમા સંતોષ આપવાની. **ગૃહકાજ સંબંધી આઠ કળા**—કરકસર કરવાની, પરઘેર જઇને ઘરનાં છિદ્ર ન ઉઘાડવાની, નિર્ધનતા ન દર્શાવવાની, ઘરસંપત્તિ શુદ્ધ રાખવાની, વાસણ કુશણ તથા ઘર સ્વચ્છ રાખવાની, વસ્ત્રાલકાર સભાળવાની, બાળ ઉછેર-

વાની, બાળ કેળવવાની. **સ્વભાવિક આઠ કળા**—વિનય વિવેક રાખવાની, લજ્જા ધરવાની, શિયળ સાચવવાની, પતિમાં ચિત્ત ચોંટાડવાની, પિતાના ઘરમાં ઝાઝી ભક્તિ ન ધરવાની; મેળા, નાટક, ચેટકાદિ પ્રસંગમાં એકલા ન જવાની, વડિલોની સેવા તથા આજ્ઞા પાળવાની, સ્વતંત્રતા ન દર્શાવવાની, (સ્વતંત્ર હોય તોપણ બાળપણામાં માબાપની આજ્ઞામાં, યૌવનમા પતિની આજ્ઞામાં અને પતિના ગત થયા પછી પુત્રોની આજ્ઞામાં રહેવું. એવી શાસ્ત્રમાં આજ્ઞા છે.) આ ચોસઠકળા સિવાય સ્ત્રીઓની **અંદરના શણગારની સોળ કળા** કહી છે.

કવિત.

સુઘડતા આવડત, ડહાપણ ચતુરાઈ,
ચપળતા પતિવ્રત, ઉદારતા સાત છે;
ક્ષમા સત્ય સંતોષને, ઉદ્યોગ દયાળુ વિદ્યા,
સર્વજન પ્રીતિ પ્રભુ, ભક્તિ દીન રાત છે.
ધૈર્યસહ સોળગુણ, સજી એવી નારી તેતો,
ઘર નાત જાત દેશ, વિદેશ વિખ્યાત છે;
સોળ સલખણી નારી, સોળ શણગાર વાળી,
મળે જેને દાસ વ્હાલી, તેની તો શી વાત છે.

વળી સ્ત્રીઓએ પાપ પુણ્ય વગેરેનો સારાસાર વિચાર જાણવાને તથા ધર્મ, નીતિનું જ્ઞાન મેળવવા માટે ધર્મશાસ્ત્ર વાંચવાં. પોતાની ચાલતી ભાષાના જ્ઞાન સાથે હિંદુ સ્ત્રીઓએ સંસ્કૃતનું, પારસીઓએ ઝંદ કે પેહેલવી ભાષાનું અને મુસલમાન સ્ત્રીઓએ ફારસી કે આરબી ભાષાનુ જ્ઞાન મેળવવું જોઇએ, તથા કુટુંબમાં ચાલતો ધર્મ પાળતાં, કુટુંબ અને જ્ઞાતિ વગેરેમાં ચોખ્ખો વહેવાર રાખી આબરૂ વધારતાં, પાડાપાડોશી સાથે ભલમનસાઇથી વ્યવહાર ચલાવતાં, પતિને પ્રાણ સમાન ગણી તેની પ્રીતિ સંપાદન કરતાં, તથા તેની ઇચ્છાને આધિન રહી સસાર સારરૂપ **પતિવ્રત** પાળતાં, વહેમનો વિનાશ કરતાં, સંપ સંપત્તિ વધારતા, પ્રૌઢપણું રાખતાં. આ શરીર ક્ષણભંગુર છે એમ જાણી ધર્મ અને પરોપકારના કાર્યો કરી કીર્ત્તિ વધારતાં. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે શત્રુઓને સમાવતાં અને આહાર, નિંદ્રા, મૈથુન, એ ત્રણેને નિયમસર રાખતાં; વગેરે, વગેરે સ્ત્રીઓએ શિખવા બાળપણથીજ કાળજી રાખવી જોઇએ. જે સ્ત્રી પોતાની વિદ્યા સદ્‌ગુણ પ્રેમ, સર્વ આવડત, અને સુઘડતાઇથી પોતાના પતિને પ્રસન્ન રાખી શકે છે, તે તેની વહાલી કેમ ન થાય ? થાયજ. આવા ગુણો મેળવવાને પ્રયત્ન કરવોજ જોઇએ. આમાંનું કેટલુંક જ્ઞાન શાળામાં શિખવવામાં આવતું નથી. પણ જેટલું ઉપયોગી જ્ઞાન શાળામાં આપવામાં આવે, તેટલું ત્યાં સંપાદન કર્યા પછી બાકીનું પિયર પિતા પાસેથી અને સાસરે આવ્યા પછી પતિ પાસેથી અગર બીજા કોઇ

યોગ્ય સાધન વડે ગૃહકાર્યથી પરવારી નકામો વખત નહિ ગુમાવતાં આવું જ્ઞાન મેળવવામાં લેખે લગાડવો. ઇશ્વિર ભક્તિ, નીતિ ધર્મ વગેરે જણાવેલાં વિષયોથી વાકેફ થવાને તેવા વિષયોવાળા ગ્રંથો વાંચી તેમાંથી સાર સમજી લેતાં શિખવવું. જેથી વિચાર શક્તિ ખીલી નીકળી જગત્તત્વ, ઇશ્વિરતત્વ અને ધર્મતત્વ વગેરેનું જ્ઞાન થશે.

આપણા લોકોની પ્રકૃતિ પ્રધાનપણે સત્વગુણી છે અને ઇગ્લાંડના લોકોની રાજસી પ્રકૃતિ ગણાય છે, તોપણ તે દેશમાંથી કેટલીક ઉત્તમ અબળાઓ સત્વ-ગુણી નીકળી આવે છે. અર્વાચીનકાળમાં પણ જો કે ત્યાંની બાળાઓમાં રાજસી ગુણો પ્રધાનપણે છે, તોપણ ત્યાંની કેટલીક સ્ત્રીઓએ કેટલાક ઉત્તમ ગુણો ગ્રહણ કરેલા છે. તેઓ પોતાનો ગૃહકાર્યભાર પોતેજ ચલાવે છે. તેથી તેમના પતિને ઘર તરફની કશી ફિકર રહેતી નથી. તે એટલે સુધી કે કપડાને જરા પણ ડાઘ કે મેલ લાગ્યો હોય અથવા જરા પણ કપડું ફાટયું હોય, તો સ્ત્રી પોતાના પતિને કહ્યા વગર સાફ અને દુરસ્ત કરી રાખે છે. કોઇ મંડળીમાં જો ધણીના કપડાપર મેલ કે ફાટેલું દેખાય, તો તેની સ્ત્રી નઠારી હશે, એમ સૌ મનમાં જાણે છે. વળી એટલુંજ નહિ, પણ ત્યાંના ગૃહસ્થની સ્ત્રીઓમાં બધી જાતનો વિવેક હોવો જોઇએ છીએ. પુરૂષ કરતાં તેમણે બોલવા ચાલવામાં તથા પારકા પુરૂષની આગળ હસવા કરવામાં વધારે મર્યાદા રાખવી જોઇએ છીએ. તેઓને વાંચતાં તથા સારા અક્ષરથી લખતા આવડવું જોઇએ છીએ. તેમજ ચિત્ર પાડતાં, ભરત ભરતાં, ગુંથતાં, શીવતાં, સાંધતાં, બાળરક્ષણ, શિક્ષણ, વનસ્પતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રસા-યણ શાસ્ત્ર, ઘર ઉપયોગી વૈદકશાસ્ત્ર, ઘરનો હિસાબ લખતાં, રંગતાં, ગાતાં, બજા-વતાં, અને નાચતાં વગેરે ઉપયોગી જ્ઞાનનાં મૂળતત્ત્વો તેમને જાણવાં જોઇએ છીએ. આ બધા ગુણો ન હોય, ત્યાં સુધી તેમની ગૃહસ્થની પંક્તિમાં ગણના થતી નથી. તેમને આવી ગુણસંપન્ન કરવાને બાળપણથીજ તેમનાં માબાપ પ્રથમ કાળજી રાખે છે. અરે ! અર્વાચીનકાળમાં આવી કાળજી આપણા દેશમાં માબાપ ક્યારે રાખશે? અને ક્યારે ઘરનો બધો કાર્યભાર ઉચકી લેતાં શિખશે? શું આપણા દેશમાં પ્રાચીનકાળમાં આવી સ્ત્રીઓ ઉત્પન્ન થઇ નથી? ઘણીજ થઇ ગઇ છે. પાર્વતી, સીતા, દ્રૌપદી ગાર્ગી, મૈત્રેયી, દમયંતી, સુભદ્રા અને સાવિત્રી, વગેરે ઘણી સદ્દગુણી સ્ત્રીઓ સર્વ દેશની સ્ત્રીઓથી શ્રેષ્ટ ગણાઇ ગઈ છે. આર્યભૂમિમાં જેવાં સ્ત્રીરત્નો પાકેલાં છે, તેવાં હજી સુધી કોઇ પણ ભૂમીનાં પાકેલાં નથી, આ શું થોડા આનંદની વાત નથી! હજુ આર્યભૂમિની બાળાઓના લોહીની અંદર એ ગુણોનાં છુપાં રજકણો રહેલાં છે, જો તેને ફરી પ્રાચીન આર્ય ધર્મનીતિ સાથે જણાવેલા વિષયો શિખવવામાં આવે, તો એ પ્રકાશ આપોઆપ ઝળકી નીકળે!! હે ઇશ! આ દેશને આવો વખત ફરી આપ!!!

બાળરક્ષણ.

સંતાન એ સૃષ્ટિકર્ત્તા પરમ કરૂણાકર પ્રભુ તરફની મોટી બક્ષીસ છે. જ્યારે પતિ પત્ની અત્યંત પ્રીતિને વશ થાય છે, ત્યારે તેમના અંતઃકરણના તત્વની એક આનંદમય ગાંઠ બંધાય છે તે સંતાન છે. સંતાન એ માબાપના આનંદ અને સુખનો સાગર છે. પત્નીના પ્રેમનું બંધન છે. સંતોષ અને શાંતિને આપનાર છે. એનાવડે સંસાર આનંદમયી લાગે છે. ઘર અને કુટુંબ શોભિ નીકળે છે. તેનાથી માબાપના મુખપર સુખ અને આનંદની છાયા પડી રહે છે, તેની કોમળ પ્રભાથી સ્ત્રી પુરૂષનુ જોડું રળિઆમણું લાગે છે. ખરેખર તનદુરસ્ત ખુશનુમા બાળકને બે ઘડી રમાડવાના આનદ તુલ્ય બીજો આનંદ નથી. આવું તનદુરસ્ત ખશનુમા, સુઘડ અને સારૂં બાળક થવું એ માબાપ ઉપર આધાર રાખે છે. કહ્યું છે કેઃ—

તન દુરસ્ત જનનાં તનુંજ, હોયે તન દુરસ્ત;
જેમ સરસ બીજનાં તરૂ, ફાલી થાયે મસ્ત.

માબાપ સારાં સુઘડ અને તનદુરસ્ત નિરોગી હોય છે, તો તેનાં બાળકો પણ ઘણું કરી તેવાંજ થાય છે. બાળકની જીંદગી તથા તનદુરસ્તીના બંધારણનો પાયો બાળપણમાં બંધાય છે. તેનો મુખ્ય આધાર મા ઉપર છે. જો મા બાળકને સારી રીતે સંભાળી ઉછેરે છે, તો તે તનદુરસ્ત અને સુખી થાય છે; તેના જીવવા, મરવાનો સઘળો આધાર તેને જે રીતે ઉછેરી મોટાં કરવામાં આવે છે; તે ઉપર રહેલો છે. બાળકોને શારીરિક, માનસિક અને નીતિના નિયમો પ્રમાણે ઉછેરી મોટાં કરવાં જોઇએ; પરંતુ હાલ તો એ નિયમો જાણ્યા વગર જેને જે યોગ્ય લાગે છે, તે પ્રમાણે ઉછેરી મોટાં કરવામાં આવે છે, તેથી હજારો બાળકો મરણને સ્વાધીન થાય છે જે જીવે છે તેના શરીરનો બાંધો નબળો હોય છે. સંસારમાં જીવતર સફળ કરવાને સારાં પ્રાણી થવાની ઘણી જરૂર છે. આખી પ્રજાની જો ઉન્નતિ કરવી હોય તો બધાને સારાં પ્રાણી કરવાં જોઇએ; પરંતુ આ સંબંધી ઘણી બેદરકારી જોવામાં આવે છે. ઘોડા, બળદ વગેરે જાનવરની ઓલાદ સારી બળિષ્ટ, ચાલાક, તેજદાર અને જાતવાન કરવાને અનેક ઉપાયો તન, મન અને ધનથી કરવામાં આવે છે, પણ ઘણો અફસોસ છે ! કે આ સંસારમાં જે મુખ્ય સુખ અને સંતોષ આપનાર છે, તથા મનુષ્ય જાત સુધર્યે આપણા દેશના કલ્યાણનો પણ જેનાપર આધાર છે. તેપર કશું ધ્યાન આપવામાં આવતું નથી. જ્યારે આપર ધ્યાન આપી સ્ત્રીઓને વિદ્યાના શોધનું અને સામાન્ય નિયમોનું જ્ઞાન આપવામાં આવશે, અને જ્યારે તેઓ એ રીતે ઉછેરશે, ત્યારેજ બાળકો આરોગ્ય, સુખી, ચતુર, બળિષ્ટ, કદાવર, તેજસ્વી, પરાક્રમી, શૂરવીર, અને દીર્ઘાયુષી થશે. આ

સંબંધી સ્ત્રીઓને જ્ઞાન આપવાની કેટલી બધી જરૂર છે, એ સૌ કોઇ સહેજ અનુમાન કરી શકશે. આ વિષયના સામાન્ય નિયમોનું કેટલુંક ટુંક વિવેચન આ નીચે આપેલું છે.

૧. નાળ—ગર્ભસ્થાનમાં બાળકનું પોષણ નાળ વડે થાય છે. બાળક જ્યારે જન્મે છે, ત્યારે નાળનો એક છેડો ઓર સાથે વળગેલો હોય છે. નાળને ડુંટીથી અઢી ત્રણ ઇંચને છેટે ફરતું સુવાળું કે ર વીંટી એક દોરાથી મજબુત બાંધી લેવું. પછી ઓર તરફનો નાળનો છેડો કાપી નાંખવો. હવે જે અઢી ત્રણ ઇંચનો નાળનો બાંધેલો કટકો રહ્યો, તેને પેટ ઉપર રાખી; તે ઉપર એક સુંવાળા લુગડાનો પાટો બાંધી લેવો, આમ બાંધવાથી નાળની બરાબર સંભાળ રહે છે. વળી પેટે પાટો રહ્યાથી પેટમાં વાયુનો વધારો થતો નથી, અને પેટને ટેકો મળે છે. નાળને ફરતું લુગડુ વીંટી દોરાથી બંધાય છે. તેથી બાળકના શરીરમાં જે લોહી ફરે છે, તે નાળ દ્વારાએ બહાર નીકળી શકતું નથી. લોહી એ બાળકનો પ્રાણ છે, જો લોહી વહી જાય છે તો બાળક મરી જાય છે. કદી નાળને ગફ-લતથી પોચુ બંધાયું હોય અને લોહી વહેતું જણાય તો તરત યુક્તિથી પોચે હાથે મજબુત બાંધી લેવું. નાળપર ઘા પડવાથી લોહી નીકળતું હોય, તો તે ઉપર કાથો ઝીણો વાટીને કે ચણાના લોટને ભભરાવવો, અગર કરોળીઆનું પડ દાબવું. કેટલાક નાળને બાંધી તેનો દોરો બાળકના ગળામાં રાખે છે. તેમાં વખતે બાળ-કનો હાથ આડોઅવળો થતાં ભરાઈ જાય છે તો તેને ઘણી પીડા થાય છે, પાકી આવે છે, કે તૂટી પડે છે અને તેથી વખતે બાળક મરણ પામે છે. માટે ગળામાં દોરો ન રાખવો; પણ પેટે નાળને પાટાથી બાંધવું એ ઉત્તમ છે. નાળ એની મેળે પાંચ સાત દિવસ કે બે ત્રણ વધારે દિવસે એની મેળે ખરી પડે છે. એને ખેંચી કાઢવું નહિ. જ્યાં સુધી ખરી પડે નહિ ત્યાં સુધી એમજ રહેવા દેવું. નાળ પાકે તો તે ઉપર કલઈ સફેતો ચોપડવો. સોજો હોય તો તેલમાં અફીણ ઘસી ચોપડવું, તે ઉપર પોશ (અફીણના ડોડા) ના ડોડાનો શેક કરવો.

૨. નવરાવવું—ઉપર કહ્યા પ્રમાણે નાળ છેદન કર્યા પછી બાળકને ફલાલીન, ધાબળી કે બનાત વગેરે ગરમ કાપડપર અને ઠંડી—ટાઢ ન હોય તો સુવાળું ધોતીયું ઓઢાડી માચીપર સુવાડવું. આ પ્રમાણે કરી બાળકની માતાની પ્રથમ સંભાળ લેવી. પછી બાળકના શરીરપર ધોળો ચરબી જેવો ચીકણો પદાર્થ વગેરે ચોંટેલું હોય, તે સાફ કરવાને પ્રથમ શરીરપર તેલ ચોળવું, પછી સાબુ લગાડી નવસેકા પાણીથી પોચે હાથે નવરાવી સાફ કરવું, તેમાં તેની આંખમાં તેલ, સાબુ કે પાણી ન જાય તેની સંભાળ રાખવી, સુવાવડના વખતમાં સુવાવડ કરનારે અને પછી બાળકની માતાએ તેને રોજ નવરાવવું. નવરાવવાનો વખત સવા-રનો ઉત્તમ છે. નવરાવતાં પહેલાં પ્રથમ સહેજ તેલ ચોળવું. પછી માથે પાણી રેડી માથું ભીંજાવી ધોવું. ત્યાર પછી શરીરે સાબુ ચોળી કેડ સમા પાણીમાં ઉભું

રાખવું કે બેસાડવું અગર લોટેથી પાણી રેડીને ધીમે હાથે આખું શરીર ચોળીને ધોવું. પાણી બાળકના શરીરની ગરમી પ્રમાણેજ નવસેકું કરવું, વધારે ગરમ કરવું નહિ, કે વધારે ઉનું કરી માંહે ટાઢા પાણીનો ઉમેરો કરવો નહિ. પ્રથમથીજ જોઇએ તેટલું પાણી નવસેકું કરી રાખવું. આ પ્રમાણે હમેશાં કરવું. શરીરના સાંધાઓ વગેરેમાં ક્યાંએ મેલ રહેવા દેવો નહિ. માથાપર પાણીની ધાર કરવાથી મસ્તક ઠંડું થાય છે. મગજની વૃદ્ધિ થઈ પ્રકૃતિ સારી રહે છે. બનતાં સુધી માથા પર ગરમ પાણી રેડવું નહિ. માથે તો ઠંડુંજ પાણી રેડવું ઉત્તમ છે, ઠંડુ સદે નહિ તો નવસેકું રેડવું. બાળકને નવરાવતાં પાંચ મિનિટ અને મોટાંને દશ મિનિટનો વખત લગાડવો. શરીર પલાળી ઘણીવાર રાખવું નહિ, તરત પોચે હાથે શરીર કોરૂં કરવું, કોરૂં કરતાં ચામડી ઘસાય નહિ તેની સંભાળ રાખવી. પછી શરીર ઉઘાડું નહિ રાખતાં તરતજ કોરાં સ્વચ્છ વસ્ત્ર પહેરાવી દેવાં. શરીર ઉઘાડું રાખી વસ્ત્ર પહેરાવવામાં વાર લગાડવાથી વખતે શરદી, સળેખમ, ઉધરસ, વગેરે વ્યાધિ થવાનો સંભવ છે. બાળકનું શરીર નાજુક હોય છે. માટે બીજે માસે પાણીમાં બે મુઠી મીઠું નાંખી નવરાવવું, તેથી બળ આવશે. પવનવાળી જગ્યામાં નવરાવવું નહિ, પણ ઘરમાં જ્યાં પવન ન હોય ત્યાં નવરાવવું. પુત્રના માથાના વાળ રોજ અને પુત્રીના સાત આઠ રોજે ધોવા. બાળકને નવરાવતાં ઉંધાચિતાં રાખવું નહિ. ત્રણ ચાર વર્ષની ઉમર થાય ત્યારે નહાવામાં ટાઢું પાણી ફાયદા કરતા છે. શિઆળામાં, શરીરમાં વ્યાધિ હોય, તથા ઠંડું પાણી માફક ન આવતું હોય તો નવસેકા પાણીથી નહાવું ઠીક છે. ગરમ પાણીથી શરીર વધારે સ્વચ્છ થાય છે ખરૂં, પણ શરીરમાં સ્ફુરણા અને ગરમાવો તરત આવતાં નથી. ગરમ પાણીથી શરીર ઢીલું થાય છે. ટાઢે પાણીએ નવરાવવાથી શરીરમાં તરત સ્ફુરણા અને ગરમાવો આવે છે. બળ વધે છે, તથા શરીર મજબુત થાય છે. બાળકને બાળપણમાં નવરાવવાનો મહાવરો રાખ્યાથી તેને મોટપણે પણ એ ટેવ પડે છે. તેથી શરીરમાં અનેક પ્રકારના વ્યાધિઓ થતાં અટકાવે છે. શરીર આરોગ્ય રહી મજબુત થાય છે.

૩. **કપડાં**—બાળકને ત્રણે ઋતુને અનુકુળ વસ્ત્ર પહેરાવવાં. શિયાળામાં ગરમ અને ઉનાળામાં સુતરાઉ પહેરાવવાં. જો ઋતુ પ્રમાણે કપડાં નથી પહેરતાં, તો તનદુરસ્તી બગડે છે. લૂગડાં તંગ પહેરાવવાથી શરીરમાં લોહી ફરી શકતું નથી. વ્યાધિ થાય છે, તથા શરીરના અવયવો વધી શકતા નથી. માટે લૂગડાં મોકળાં પહેરાવવાં. બાળકનું આખું અંગ ઢાંક્યું રાખવું. લૂગડાં સારાં અને સાજાં ન હોય ને ફાટેલાં હોય, પણ સાંધી ધોઇ સ્વચ્છ કરી પહેરાવવાં. કદી ગંદાં પહેરાવવાં નહિ. બાળકનાં શરીર તથા તેના લૂગડાંની સ્વચ્છતાઈ ઉપરથીજ હરકોઈ અનુમાન કરશે કે એની માતા સુઘડ છે. તેથી ઉલટું હોય તો તે સ્ત્રી ફુવડ હશે, એવું અનુમાન થાય છે. આપણા લોકોની સ્ત્રીઓ કરતાં, દક્ષિણી અને પારસીની

સ્ત્રીઓ વધારે સુઘડ અને ચતુર છે એવું તેમના બાળકની સ્વચ્છતાઈ ઉપરથી જણાઈ આવે છે. બાળકને બહાર હવામાં ફેરવવા લઇ જવું; ત્યારે ફલાલીનનાં ગરમ કપડાં પહેરાવી રાખવાં. ફલાલીનના વસ્ત્રથી બહારનો ટાઢો પવન લાગી શરદી થતી નથી, તેમ અંદરની ગરમીને બહાર જતાં અને બહારની ટાઢીને અંદર જતાં અટકાવે છે. બાળકને ટાઢીના વખતમાં કાનટોપી અને પગનાં મોજાં પહેરાવી રાખવાં. કદી મોજાં ન હોય તો પગે લૂગડાં વીંટવાં. કાનટોપી ઉનની હોય, તો વધારે સારૂં. મળમૂત્ર કે લાળથી ભીંજાયેલાં કપડાં તરત બદલાવી નાંખી, બીજાં કોરાં સ્વચ્છ પહેરાવવાં, નહિ તો શરદી કે કફ થાય છે. શિયાળા કે ચોમાસામાં હવામાં ફેરવવા લઈ જવું, તો આંખ અને મોં સિવાય આખા શરીરપર શાલ કે એવું કોઇ ગરમ કપડું ઓઢાડી લઇ જવું. લાળ પડતી હોય તો તે ઠેકાણે રૂમાલ કે કંઇ લૂગડું રાખવું. પગ, છાતી, પેટ એ ગરમ રાખવાં, ટાઢાં થવા દેવાં નહિ. એવી સંભાળ રાખી વસ્ત્ર પહેરાવવાં. જો એ રીતે નથી થતું તો ઘણું નુકશાન થાય છે. પરસેવો વળી બાળક ગભરાય એટલાં વસ્ત્ર પહેરાવવાં નહિ. તેમ ઉનાળામાં બહુ પરસેવો વળે એવાં કપડાં પણ પહેરાવવાં નહિ. તે વખતે ઝીણાં વસ્ત્ર પહેરાવવાં જોઇએ. ઘણો પરસેવો થવાથી શરીર નબળું થઇ જાય છે. બાળકની ચામડી નાજુક અને સુંવાળી છે. માટે કપડાં સુંવાળાં અને પોચાં પહેરાવવાં. લીલા રંગમાં સોમલનું ઝેર આવે છે, માટે લીલાં વસ્ત્ર પહેરાવવાં નહિ; કેમકે બાળક મોંમાં ઘાલે તો ઘણું નુકશાન થાય છે. તેમ એ રંગ ચામડી સાથે ચોટવાથી પણ નુકશાન થાય છે. જેમ બને તેમ ભભકા ને ટાપટીપ ઉપર ન મોહતાં, સુખાકારીવાળાં કપડાં પહેરાવવાં. બાળકને શિયાળામાં ઉઘાડાં રાખવાં નહિ કે, ઝીણાં વસ્ત્ર પહેરાવી અરધાં ઉઘાડાં શરીરે બહાર જવા દેવાં નહિ. જો એમ કરે છે, તો ટાઢથી કદમાં ઠીંગણાં અને જુસ્સા વગરનાં થાય છે. ઉનાળામાં ઉઘાડાં ફરવાથી શરીરે કાળાં થાય છે. લૂ લાગે છે, અને માંદા પડે છે. ચોમાસામાં ઉઘાડાં ફરવાથી શરીરે શામળાં પડે. શરદી લાગે છે. વગેરે અનેક પ્રકારની વ્યાધિને વશ થાય છે. ટાઢ, તડકો અને વરસાદમાં ઉઘાડાં ફરવા દેવાથી શરીરે મજબુત થવાની આશા રાખવી નહિ, એથી તો અનેક પ્રકારે અવયવોની ખામીવાળાં અને રોગી થાય છે. બાળકોના શરીરપર સૂર્યનું અજવાળું પડે તેમ કરવું. ઘરમાં ગોંધી રાખવું નહિ. "શરીરમાં ઉષ્ણુતા રાખવા સારૂં જોઇએ તેટલાં લૂગડાં પહેરાવ્યાં હોય, તો તેટલો ખોરાક પેટમાં નાંખ્યા બરોબર છે, શરીરપર જોઇતાં લૂગડાં પહેરાવવાથી ઉષ્ણુતા થોડી જાય છે અને એથી ઉષ્ણુતા કાયમ રાખવા સારૂ થોડા બળતણની જરૂર પડે છે." બાળકોને ઋતુને અનુકુળ વસ્ત્રો પહેરાવવામાં જે માબાપો પૈસાનો લોભ કરે છે અને ઉઘાડાં ફરવે છે, તેથી શરીરની ગરમી ઓછી થાય છે. ગરમી ઓછી થવાથી તે પૂરી કરવાને ખોરાક વધારે ખાવો પડે છે, એટલે જેટલું કપડાનું ખર્ચ બચ્યું તેટલું ખોરાકનું ખર્ચ વધ્યું, એટલે સરખે સરખું

થઈ રહ્યું. ઉલટું નફામાં તો શરીરને નુકશાની મળે છે, તે માટે બાળકોને ઋતુને અનુકુળ વસ્ત્રો પહેરાવવાં ફાયદા કરતાં છે.

૪. **ધવરાવવું**—બાળક જન્મે કે તરત ધવરાવવુ નહિ, પણ તેની માતાને થાક ઉતરે ત્યારે ત્રણ ચાર કલાકે ધવરાવવું. કોઇ બાળકને એક બે દિવસ નહિ ધવરાવતાં, ગળથુથી ચટાડે છે. આ રીત સારી નથી. બાળકને તો માતાનું ધાવણજ ઉત્તમ છે. બાળક જન્મ્યા પછી ત્રણ ચાર કલાકે ધવરાવ્યાથી ઘણો લાભ થાય છે. માતાના દૂધનો પ્રથમ ભાગ રેચક હોય છે. તેથી ગર્ભસ્થાનમાં બાળકના પેટના આંતરડામાં ભરાઇ રહેલા કાળા મળ દૂર થાય છે. વળી તેની માતાને પાછલી આવતી વેણુ ઓછી થઇ રક્ત પ્રવાહ થવાનો સંભવ થોડો રહે છે. બાળકને એક બે દિવસ ધવરાવ્યા વગર રાખ્યાથી પછી તે ધાવવા લાગતું નથી. તેથી સ્તન દૂધથી ભરાઈ જઈ પાકી આવે છે. માટે પ્રથમથીજ ધાવવા વળગાડવું ઉત્તમ છે. ધાવવા વળગાડ્યાથી ધાવણુ ન હોય, તોપણુ આવવા માંડે છે. કદી ધાવણુ ન આવે તો ગાયનુ દૂધ અને તેથી અરધું નવસેકું પાણી (જેવું માનું ધાવણુ ગરમ હોય તેવું નવસેકું પાણી) લેવું, અને સહજ ગળપણુ થાય એટલી સાકર, તેમાં પ્રથમ સાકર ને પાણી મેળવી પછી તેમાં દૂધ મેળવવું. એ મિશ્રણુ માતાના દૂધને મળતું થાય છે. તે બાળકને બબ્બે કલાકે થોડું થોડું પાવું પણુ જ્યારે ધાવણુ આવે ત્યારે પાવું બંધ કરી ધવરાવવું. બંને સ્તનને વારાફરતી ધવરાવવું. નહિ તો સ્તન ફુલી સોજો ચડશે.

૫. **ધાવણુની પરીક્ષા**—ધાવણુ પાણીમાં નાંખવાથી મળી જાય, ફીણુ દેખાય નહિ, તાંતણા વગરનું રહે, ઉપર તર વળે નહિ, ફાટી જાય નહિ. શીતળ, નિર્મળ, પાંખુ અને શંખ જેવું ધોળું હોય તે ધાવણુ ચોખ્ખું સમજવું.

૬. **ધવરાવવાનો વખત**—બાળકને વારંવાર ધવરાવવું નહિ. નિયમ પ્રમાણે ધવરાવવું. નિયમ વિરૂદ્ધ ધવરાવવાથી એકવાર ધાવેલું હજુ પાચન થયું હોતું નથી, ત્યાં ઉપર બીજીવાર ધવરાવવાથી અજીર્ણ થઇ રોગાધિન થાય છે. વળી વધારે ધાવેલું હોય છે, તે કુદરતના નિયમ પ્રમાણે પેટમાં નહિ રહેતાં ઉલટી કરી કાઢી નાંખે છે. અગર કાઢી ન નાંખે તો પેટ ભારે થઈ તણાય છે તેથી રડે છે. એ રડવાના કારણનો માતા વિચાર ન કરતાં તરત સ્તન મોંમાં ઘાલે છે, અને પરાણે ધવરાવે છે. આમ વારંવાર ધવરાવવાથી ધાવણુ આવતું નથી. એટલે બાળક વધારે રડે છે. તેથી માતા કંટાળે છે. એ રીતે થવાથી બંને નબળાં થઈ જાય છે. બાળકના મોંમાં સ્તન આપી ઉંઘવા દેવું નહિ કે પોતે ઉંઘવું નહિ એથી સ્તનને તથા બાળકને મોંમાં ચાંદાં પડે છે. **ધવરાવવાનો વખત**—બાળકને પહેલે મહિને દોઢદોઢ કલાકે, બીજે મહિને બે બે કલાકે, ત્રીજે મહીને અઢીઅઢી કલાકે, અને ચોથે મહિને ત્રણત્રણ કલાકે ધવરાવવું. એમ દરેક મહિને અરધા અરધા કલાકનો અંતર વધારતાં જવો. બાળક સાત આઠ મહિનાનું થાય, ત્યારે

ત્રણચાર કલાકે ધવરાવવાનો વખત રાખવો. કેટલીક સ્ત્રીઓ બારચૌદ મહિના ધવરાવે છે. આ રીત બાળકને નુકશાન કરતા છે. બાળક જન્મે છે ત્યારથી સાત આઠ મહિના સ્ત્રીને અટકાવ આવતો નથી, ત્યાંસુધી ધાવણ ઘણું પુષ્ટિકારક હોય છે. જ્યારે અટકાવ આવે છે, ત્યારે ધાવણમાં ફેરફાર થાય છે. માટે તેમને આઠ નવ મહિના ધવરાવવું ઉત્તમ છે. પછી ધાવણ ધીરે ધીરે ઓછું કરી સાથે ખોરાક આપતા જવો. ધવરાવ્યા પછી સ્તન લુછી સાફ કરવાનો નિયમ રાખવો કે ચાંદી પડે નહિ.

૮. ધવરાવતી વખતે રાખવાની સંભાળ—માતાએ બાળકને ધવરાવતાં પ્રથમ પોતાના મનમાં ધીરજ, ઉછરંગ, શાંતતા, અને આનંદ રાખી બાળક સામુ જોવું. પછી તેને હસાડવું, રમાડવું, અને સ્તનમાંથી જરા દૂધ કાઢી નાંખવું. તે પછી માથે હાથ રાખી ધવરાવવુ એ ઉત્તમ રીત છે. મારી પછાડી, ગુસ્સે થઇ, ડરાવી કે કંટાળી ધવરાવવું નહિ, કેમકે જે વખતે મનમાં કંટાળો, શોક, ભય, ગુસ્સો અને નિરાશા હોય છે, તે વખતે દૂધ બગડેલું હોય છે. તે જો બાળકના ધાવવામાં આવે છે, તો એ તેને ઝેર જેવું નુકશાન કરે છે. જ્યારે આવો પ્રસંગ હોય ત્યારે કદી પણ ધવરાવવું નહિ. જ્યારે ઉપર કહ્યું એવું આનંદમયી મન હોય અગર થાય, ત્યારે ધવરાવવું. તેમ માતાએ પોતાની માંદગીમાં પણ ધવરાવવું નહિ.

૯. ધાવણ પુરૂં ન પડે ત્યારે કેમ કરવું?-બાળકને માતાના દૂધ ઉપર રાખવું એજ ઉત્તમ છે. માતાના પ્યાર અને કાળજી આગળ બાળકને ધાવ પાસે રાખી ઉછેરવું એ તુચ્છ છે. માતાનું શરીર નબળું હોય કે ધાવણ આવતું ન હોય અગર પૂરૂં પડતું ન હોય, તોપણ બાળક સાત આઠ મહિનાનુ થાય ત્યાં સુધી તો બીજા કશા ખોરાકપર રાખવાનું નથી. ફક્ત દૂધ ઉપરજ રાખવાનું છે. તેવે વખતે કોઇ ઉપાય ન ચાલે ત્યારેજ ધાવ રાખવી.

૧૦. ધાવ કેવી જોઈએ?—પોતાની જાતની ગામડાની સૌથી ઉત્તમ છે, ને પોતાના બાળક જેવડા જીવતા તનદુરસ્ત બાળકવાળી, મધ્યમ કદની, શાંત, શીયળવત શરીરે મજબુત, નિરોગી અને સદાચરણી વગેરે સદ્‌ગુણવાળી રાખવી. અગર હમેશાં એકજ તનદુરસ્ત ગાયનું તાજું દૂધ લેવું. દૂધથી અરધુ નવસેકું ગરમ પાણી અને સાકર એ ત્રણને આગળ બતાવ્યા પ્રમાણે મિશ્રણ કરવું. એ મિશ્રણ ધવરાવવાના વખત પ્રમાણે નિયમસર આપવું. દૂધ તાંબા પીતળ વગેરે ધાતુના વાસણમાં પાવું નહિ, પણ માટીના કે કાચના વાસણમાં લઈ પાવું. પ્રથમ એવાજ વાસણમાં દૂધ લઈ રાખવું. દૂધ ઉકળતું તો નહિજ. કેટલીક સ્ત્રીઓ ગાય ભેંસ કે બકરીનું દૂધ ઉકાળી માંહે સાકર, એળચી, જાયફળ વગેરે નાંખી પાય છે. આવું દૂધ નાના બાળકને ભારે પડે છે. પાચન થતું નથી તેથી ફાયદાને બદલે વસુધ, ઝાડો, ઉલટી અને તાવ વગેરે રોગો થાય છે. માટે એવું દૂધ પાવું નહિ.

ખરેખર માતાના દૂધની બરોબરી કરી શકે એવો એકે ખોરાક નથી. કોઇ ઉપાય ન ચાલે ત્યારેજ ધાવ કે આવા મિશ્રણુ દૂધપર આધાર રાખવો.

૧૧. **ખોરાક**—બાળકને તાજો, હલકો, થોડો ઉનો, માફક આવે એવો અને પૌષ્ટિક ખોરાક આપવો. તે સાથે નિત્ય ગાયનું તાજું અને ચોખ્ખું દૂધ આપતા રહેવું. અનાજના ખોરાકમાં ચપટી મીઠું નાંખવું. તેથી ખોરાક સ્વાદીષ્ટ, અને પાચન થાય છે. તથા કૃમિ થોડાં થાય છે. દુધમાં સહેજ ગળપણુ થાય એટલી સાકર કે પતાસાં બાળક કહે તો ઉમેરવાં, પણુ બહુ ગળપણુ આપવું નહિ. બહુ ગળપણુ પાચનશક્તિને મંદ કરે છે. બાળક એક વર્ષનું થાય અને દાંત આવે, ત્યારે ચોખા, દાળ, ખીચડી, ચોખ્ખું દહીં અને મલાઇ વગેરે આપતા જવું; પણ અનાજ સાથે ગાયનું દૂધ આપતાં ભૂલવું નહિ; કારણ દૂધમાં પોષણુના સર્વે પદાર્થો રહેલા છે. તેથી બાળક તનદુરસ્ત ને મજબુત બાંધાનું થાય છે. દૂધથી ઝાડો કબજી-યત રહેતો હોય, તો તેમાં થોડું પાણી મેળવવું, એટલે ઝાડો સાફ ઉતરશે. ઉમર જેમ વધે તેમ દૂધનો ખોરાક વધાર્યે જવો. તેથી બાળકનું કુદરતી તેજ, બાંધો અને બળ વધે છે. બે વર્ષનું થવા આવે એટલે તેમાં બિલકુલ પાણી મેળવવું નહિ. દૂધ તાજું ને ચોખું તપાસીને લેવું. પાણી કે એવું કંઈ બીજું મેળવેલું ન હોય, તેની સંભાળ રાખવી; નહિતો એ નુકશાન કરે છે. બાળક મોટું થતું જાય, તેમ તે શાક, ભાજી વગેરે તાજી ખાય તેમ કરવું. તેમાં મીઠું, મસાલો નાંખવો; મેવો, મીઠાઇ માફકસર આપવાં, કાચાં ફળ, કોયલા, માટી વગેરે અવગુણુકારી પદાર્થો ખાવા દેવાં નહિ. **ખોરાક દિવસમાં ત્રણ વખત આપવો**—સવારમાં દૂધ અને રોટલી, ત્યાર પછી બીજીવાર ચાર કલાકે અને ત્રીજીવાર સાંજના આઠ વાગ્યાની અંદર હલકો ખોરાક આપવો. આ ત્રણ વખત સિવાય વચમાં ખાખા કરે, તો ખાવા દેવું નહિ. એકવાર ખાધેલો ખોરાક પાચન થાય અને હોજરીને જરા વિશ્રાંતિ મળે, ત્યારે બીજીવાર આપવો. ભૂખ કરતાં વધારે અકરાંતિઆં થઈ ખાવા દેવું નહિ. જો અકરાંતિઆં થઇ વારવાર ખાય છે, તો ખોરાક પાચન ન થવાથી રોગી થઇને " હાથ પગ દોરડી અને પેટ ગાગરડી થાય છે." દાડમ, દ્રાક્ષ, સફ-રજન, બદામ, પસ્તાં, કેળાં, વગેરે ફળ વખતે વખતે આપવાં. પાણી ચોખ્ખું પીવા આપવું. કૂવાનું પાણી વધારે ઉત્તમ છે. પાણી ઉપર તરતાં રજકણો કે એવા ખરાબ પદાર્થો ભળેલા હોય, તેવું પાણી મોટી ઉમરના કરતાં બાળકને વધારે નુકશાન કરતા છે. માટે પાણીને બે ત્રણવાર ગાળીને પીવા દેવું. શિઆળામાં શરી-રમાં ગરમી પેદા કરે, એવા પૌષ્ટિક પદાર્થો ખાવા આપવા; કેમકે એ વખતે ગરમી પેદા કરવાની જરૂર છે. આ વખતે ગરમી ઓછી થાય, તો તનદુરસ્તી બગડે છે. માટે શરીરમાં ઉષ્ણુતા કાયમ રહે તેમ કરવું, ભૂખને મારવી નહિ. ભૂખનો વખત વિતાડી દેવાથી મંદાગ્નિ વગેરે રોગો થાય છે. નિયમસર ઠરાવેલે વખતે પાચન થઈ શકે એવો અને એટલો રાંધેલો ખોરાક આપવો. જીવનક્રિયા ચલાવવા સારૂ જે જે

તત્વોની શરીરને જરૂર છે. તે બધાં તત્વો એકજ જાતના ખોરાકમાંથી મળતાં નથી. માટે ખોરાક એકને એક જાતનો ન આપતાં, જુદો જુદો આપવો. એકને એક ખોરાક આપવાથી શરીરને જોઇતાં તત્ત્વો મળતાં નથી તથા પાચનશક્તિમાં બગાડો થાય છે. જે ખોરાક ઉપર બાળકને અભાવો હોય, તે ખાવાને આગ્રહ ન કરવો. ખાતાં અરધો કલાક લગાડવો. ચાવીને ખાવાની ટેવ પાડવી. ઉતાવળે ખાવા દેવું નહિ. તાપમાંથી આવ્યા પછી કે થાક્યા પછી વિસામો લીધા બાદ ખાવા દેવું. ખાતી વખતે હસવા કે વાતો કરવા દેવી નહિ. સૂતા પહેલાં ત્રણ કલાક અગાઉ ખોરાક આપવો. ઉંઘી ઉઠયા પછી એક કલાકે ખાવા દેવું. તેમ ખાધા પછી કારણ હોય તો એક કલાકે સૂવા દેવું. ટાઢું, સડી કે બગડી ગયેલું અને ગંધાતુ ખાવા દેવું નહિ. બહુ ખાવું અને થોડું ખાવું, એ બંને નુકશાન કરતા છે. ભૂખ લાગ્યા વગર આગ્રહ કરી ખવરાવવુ નહિ. થોડું કે વધારે ખાવાનું કહેવું નહિ, પણ તેમની રૂચી પ્રમાણે ખાવા દેવું. જેમ ખોરાક પુષ્ટિકારક હોય છે, તેમ વજનમાં થોડો ખાવાને જોઇએ છીએ. અને જેમ પુષ્ટિકારક ઓછો તેમ વજનમાં વધારે જોઇએ. માટે બાળકોને ખોરાક વજનમાં થોડો પણ પુષ્ટિકારક આપવો. જો એમ ન કરવામાં આવે તો છોકરાંનું બળ ઘટે છે તથા શરીર વધતું નથી. વગેરે વગેરે.

૧૨. **હવા**—બાળકને ખુલ્લી અને સ્વચ્છ હવા મળે તેમ કરવું. સ્વચ્છ હવા માટે રોજ સવાર સાંજ દરિયા કિનારે, મેદાન, ડુંગર કે બાગમાં હવા ખાવાને લઇ જવુ. તેથી શરીરમાં ઘણી હુશિઆરી આવે છે, લોહી સુધરે છે અને શરીર નિરોગી થાય છે. દરેક પ્રાણીને શ્વાસ લેવામાં ઓક્સિજન હવાની વધારે જરૂર છે માટે જે ઓરડામાં તાજી અને સ્વચ્છ હવા આવતી હોય, તેવા બારી બારણાવાળા ઓરડામાં રાખવું. કદી પણ અંધારી જગ્યામાં, ચૂલાની ગરમી જ્યાં રહ્યા કરતી હોય ત્યાં, ખારકૂંડી કે મોરીની દુર્ગંધી જ્યાં આવતી હોય ત્યા, સાંકડી, અંધારી, અને દુર્ગંધવાળી ઓરડીમાં, જ્યાં ઘણા મનુષ્યના શ્વાસથી કાર્બોલીક હવા નીકળતી હોય ત્યાં અને દીવો અખંડ રહેતો હોય, ત્યાં બાળકને રાખવું નહિ. કેમકે જ્યાં ગરમી, દુર્ગંધી અને પાતળી હવા હોય છે ત્યાં ઓક્સિજન હવા થોડી હોય છે. એવી જગ્યોએ બાળકને રાખવાથી તેની તનદુરસ્તી બગડે છે. આ બધો વિચાર કરી સુખાકારીવાળા હવાના સ્થાનમાં તેમને રાખવાની ગોઠવણ કરવી એ સર્વ પ્રકારે ઉત્તમ છે.

૧૩. **ઊંઘ**—બાળકને મોટા માણુસ કરતાં વધારે ઉંઘવાની જરૂર છે. ઉંઘવાથી બાળકનું શરીર પુષ્ટ અને તનદુરસ્ત થાય છે. બાળકને કેટલીક વખત માતાના પડખામાં સુવાની જરૂર છે. કારણ તેને બીજાના શરીરની ગરમીની જરૂર છે. આવી વખતે માતાએ તેને પડખામાં સૂવાડતાં ખુબ ધ્યાન રાખવું, કે પડખું ફેરવતાં કચરાઇ જાય નહિ, કે તે રડી પડખા નીચે આવે નહિ. માટે પોતાની

અને બાળકની વચ્ચમાં લૂગડાની પાળ જેવું કરવું. સૂતાં સૂતાં બાળકોને ધવરાવવું નહિ. સૂતાં ધવરાવવાથી વખતે માતા ઉંઘી જાય છે અને બાળક ઉંધું પડી ગુંગળાઈ મરણુ પામે છે. બાળક રાત્રે આઠ નવ વાગ્યે સૂઇને પાંચ વાગે ઉઠે તેમ કરવું. દિવસના બપોર પછી એક બે કલાક અને રાત્રે વધારેમાં વધારે આઠ કલાક ખુબ ઉંઘવા દેવું. જાગ્યા પછી આળોટવા દેવું નહિ. એથી બાળક આળસુ થાય છે, માટે જાગે કે તરત ઉઠવાની ટેવ પાડવી. તેને ઉંઘમાંથી જગાડવું નહિ, ઉંઘમાંથી જગાડવું એ ઘણું નુકસાન કરતા છે, તેને સ્વચ્છ હવા અને અજવાળાવાળા ઓરડામાં સૂવાડવાનું રાખવું. બારી બારણાં બંધ કરી સૂવાડી રાખવું નહિ, કે ગંદકીવાળા સાંકડા ઓરડામાં સૂવાડવું નહિ. તેમને ઉંઘવાના વખતમાં કંઇ મહેનત પડે એવું કરવું નહિ. ઉંઘવાને વખતે તો તેનું મન શાંત થાય એમ કરવું. બાળકને ખોરાક કરતાં ઉંઘની વિશેષ જરૂર છે. ઓછી ઉંઘે બાળક દુબળું થાય છે. ખોળામાં ઉંઘાડવાની ટેવ રાખવી નહિ. તેમ ઘોડીઆ કે પારણામાં પરાણે હીંચકાવી, મારી, ડરાવી અને કંટાળી ઉંઘાડવું નહિ. તેમ બાળાગોળી કે અફીણુ જેવી નુકશાન કરતા કે ઝેરી વસ્તુ ખવરાવી ઉંઘાડવું નહિ. તેથી બાળકનું શરીર બગડી નબળું પડી જાય છે. શરીરનો બાંધો મજબુત થતો નથી. જ્યારે તેને કુદરતના નિયમ પ્રમાણે સ્વભાવિક ઉંઘ આવે, ત્યારેજ ઉંઘાડવું. રાત્રે ખોરાક આપ્યા પછી બે કલાકે હસાવી, રમાડી, દોડાવી, કુદાવી, વગેરે રીતે શરીરને કસરત મળે એમ કરી તથા મધુર ગીતો ગાઈ, તેનું મનરંજન કરી સૂવાડવું કે સુખેથી ઘસઘસાટ ઉંઘશે. કહ્યું છે કેઃ—

પુત્ર ધરીને પારણે, મનમાં હરખે માય;
હોંસે હોંસે હેતથી, શુભ હાલરડાં ગાય.

એમ પારણામાં હરખથી પોઢાડી હોંસે હોંસે સારાં હાલરડતાં—ગીતો ગાઇને ઉંઘાડવાથી બાળકને જે ઉંઘ આવે છે, તેથી તેનું શરીર જોઇએ તેવું સારૂં થાય છે. કોઇ કારણથી ઉંઘ ન આવતી હોય, તો તપાસવું કે પેટમાં કરમ કે બીજું દરદ થયું હશે, તપાસતાં જે જણાય તેનો યોગ્ય ઉપાય કરવો, પણ બનતાં સુધી ઉંઘ માટે ઓષડ ખવરાવવું નહિ. બાળકને સૂતાં વારાફરતી પડખાં ફેરવવાની ટેવ પાડવી. સૂવાનું બિછાનું તદ્દન પોચું કે તદ્દન કઠણ ન જોઇએ, સામાન્યપણે રાખવું. ઘોડીઆમાં ઝોળી ટાંગી સૂવાડવા કરતાં પારણામાં સૂવાડવું ઉત્તમ છે. ઝોળીમાં સૂવાથી બાળક ખુંધું થવા સંભવ છે. તેથી બરાબર ચાલી શકતું નથી. પારણામાં તેમ થતું નથી. ઉંઘ ભંગ કરે માટે ઘોડીઆ કે પારણાના આંકડીઆ બોલવા દેવા નહિ. તાણીને હીંચકાવવું નહિ. સૂવાના ઘોડીઆ કે બિછાના આગળ શિઆળો હોય તોપણુ તાપની સઘડી કે દીવો રાખવો નહિ. બાળક ઉઠયા પછી તરત બિછાનું ભેળું કરવું નહિ, પણ હવા લાગી આંહેની ગંદકી ઉડી જાય, ત્યારે ઉપાડવું. બાળકને ચાંચડ, માંકણ, જૂ વગેરે કરડે નહિ, તેની સંભાળ રાખવી.

સૂવાનું બિછાનું ધોએલું સાફ રાખવું. ઉજાગરો થવા દેવો નહિ. બિછાનું કે ઝોળી મળમૂત્રથી ભીની હોય, તો તરત એ કાઢી નાંખી બીજા કોરા સ્વચ્છ ઉપર સૂવાડવું કે શરદી લાગે નહિ. વગેરે.

૧૪. **કસરત**—બાળકને ખુલ્લી હવામાં શરીરને કસરત મળે એમ કરવું. કસરતથી તેના શરીર માંહેલું લોહી નિયમસર બધી નસોમાં ફરી વળે છે, ખાધેલા અન્નનો રસ થઇ આખા શરીરને પોષણ મળે છે. પાચનશક્તિ વધે છે. સ્નાયુનું ચલનવલણ થવાથી લોહી માંહેનો મલીન પદાર્થ પરસીના વાટે બહાર નીકળે છે. તેથી શરીરનો બાંધો મજબુત અને નિરોગી થાય છે, સારી ઉંઘ આવે છે તથા હીંમત, હુશિઆરી, ચંચળતા અને શૂરવીરતા વધે છે. બાળકને આરોગ્ય રાખવા અને મોટાં કરવાને કુદરતથીજ કસરત તરફનું વલણ હોય, એમ તેની સ્વાભાવિક ચંચળાઇ ઉપરથી જણાઇ આવે છે. બાળક જન્મ્યા પછી થોડા માસનું થાય, ત્યારે તેને સવાર સાંજ સારી હવામાં લૂગડાં પહેરાવી લઇ જવું. વખતે ભોંયપર ગોદડી પાથરી સૂવાડવું. તેથી તે આમતેમ પછાડા મારશે. કોઇ વખતે હસાવવું, રમાડવું, કૂદાવવું અને કોઇ વસ્તુ દુર ફેંકી તે મંગાવવી, એટલે તે ભાખોડીઆ ભર થઇ હાથ પગ પછાડતાં, દોડતાં આમતેમ ફરતાં લાવવા મથશે. તેથી કસરત મળશે, ચાલવા શીખે ત્યારે ઘરમાં ને બહાર રમવા દેવું. ઘરમાં બેસાડી રાખવું નહિ. જે રમતથી શરીરના કોઈ ભાગને નુકશાન થાય, જે રમતથી નીતિમાં બગાડો થાય, જેવી કે ઢાંગલા ઢીંગલીને પરણાવવાં ને તેને છોકરાં જણાવવાં વગેરે, તેવી રમત રમવા ન દેવી. તેમ નઠારાં છોકરાંની સંગતમાં પણ બાળકને રમવા દેવું નહિ. એ માટે તે ઉપર દેખરેખ રાખતાં રહેવું. જેમ જેમ ઉમરે મોટું થતું જાય, તેમ તેમ તેને નિત્ય સવારસાંજ ખુલ્લી હવામાં નિયમસર દડો ફેંકવો, નવ નાગેલીઓ, ખીલપાડો, ધમણ ગોલીટો, દોડવું, ઠેકવું, ચકરી, તીર ફેંકવું, ખોદવું, ખેડવું અને કાપવું વગેરે મનપસંદ રમત રમવા દેવી, પણ થાક ચડે ને શરીર ભરાઈ જાય તેવી ને તેટલી રમત રમવા દેવી નહિ. તેમજ વખતે કૉલેરા, તાવ વગેરે રોગચાળો ચાલતો હોય, તેવે વખતે પણ કસરત કરાવવી નહિ. કસરત કર્યા પછી થાક ઉતરે, ત્યારે ખાવાપીવા દેવું. આ પ્રમાણે પુત્ર પુત્રીને બંનેને કસરત કરવાની ઘણી જરૂર છે.

૧૫. **દાંતની સંભાળ**—બાળક જ્યારે સાતઆઠ માસનુ થાય છે. ત્યારે દાંત આવવા શરૂ થાય છે. કોઈ વખતે બે ત્રણ માસ મોડા આવે, ત્યારે તેને તાવ, ઉલટી, ઉધરસ, ચુંક, ઝાડો અને આંચકી વગેરે થઇ આવે છે. આ વખતે તેનો સ્વભાવ ચીડીઓ થઈ જાય છે, તેને ક્યાંય ચેન પડતું નથી. પેઢાં ચળવળે છે, વારંવાર ધાવવાની મરજી કરે છે. ધાવણી કે અંગુઠો મોંમાં ઘાલે છે, તેથી પેઢાં ઘસાવાથી તેને સારૂં લાગે છે, બીજા કરતાં અંગુઠો મોંમાં ઘાલે તે ઠીક છે. પણ તેને હમેશાં એ ટેવ પડી ન જાય એવી સંભાળ રાખવી. ઝાડો ધારા કરતાં

બે ચારવાર વધારે થાય તો તેની ફિકર નહિ, પણ તેથી વધારે થાય તો ઉપાય કરવો. તાવ, ઉલટી વગેરે હોય તો હુશીઆર વૈદ કે ડાક્ટરની સલાહ લેવી. આ વખતે તેની સારી પેઠે સંભાળ રાખવાની છે. લાળથી પહેરેલું લુગડું ભીનું થાય તો તરત કહાડી બીજું સ્વચ્છ કોરૂં પહેરાવવું. નહિ તો શરદી થાય છે. મોટું થયે તેના દાંત બ્રુસ કે દાતણના કુચાથી ઘસવાની ટેવ પાડવી, દાંતમાં મેલ ન રહેવા દેવો, પાણીના કોગળા કરાવી મોં સાફ કરાવતા રહેવું.

૧૬. **પગની સંભાળ**—પગ એ આખા શરીરનું મૂળીયું છે. માટે તેની સંભાળ રાખવી. પગ ગરમ રહે તેમ કરવું. ઠંડા હોય તો ઉના પાણીમાં બોળી ગરમ કરવા, અને મોજાં પહેરાવવાં, સૂતી વખતે પગ ગરમ રહે તેમ કરવું. ઠંડા પગ રહેવાથી શરદી વગેરે વ્યાધી થવાનો સંભવ છે, ઠંડી ઋતુમાં પગમાં મોજાં અને દેશી નરમ ચામડાના જોડા પહેરાવવા. પગરખાં એ ઠંડી, ગરમી, કાંટા વગેરેથી પગનું રક્ષણ કરતા છે, પણ તે સાંકડા ન જોઇએ. સાંકડા પહેરવાથી પગની પાટલી વધતી નથી, આંગળાં સંકોચાય છે, ડણ પડે છે વગેરે વ્યાધી થાય છે. બાળકને ચલાવવા તથા ઉભાડવાની ઉતાવળ કરવી નહિ. એની મેળે ચાલવા તથા ઉભવાનું મન કરે ત્યારે તેને ટેકો દઈ ચલાવવું કે ઉભું કરવું. પરાણે ચલાવવા તથા ઉભાડવાથી તેના કુમળા પગમાં જોર નહિ હોવાથી તે શરીરનો બોજો ઉપાડી શકતું નથી. તેથી પડી જાય છે, પગ વાંકા તથા રાંટા પડી જાય છે, ઘુંટણ સામ સામે ભટકાય છે અને તળીયાં ચપટ થાય છે; વગેરે ખામી થાય છે. ઘરમાં ખુલ્લે પગે ચાલવા દેવું. તેથી પગનાં તળીયાં મજબુત તથા કઠણ થાય છે અને પંજા પહોળા થાય છે.

૧૭. **મસ્તક**—હમેશાં ઠંડું રાખવું. ગરમ થયેલું હોય તો ઠંડું કરવા માથે ઠંડા પાણીની ધાર કરવી, પછી માથું લૂછી કોરૂં કરી ધુપેલ તેલ ઘસી નાંખવું વગેરે ઉપાય લેવા. નહિ તો મસ્તકમાં પીડા થાય છે. માથેથી વાળ ઉતારવા નહિ. તેમ મોટી ચોટલી, ચોટલા રાખવા નહિ. વાળ કતરાવતા જવું. બાળકીઓને ચાર પાંચ વર્ષની થાય, ત્યારે ચોટલા રાખવા. નવરાવતી વખતે પ્રથમ મસ્તક ભીંજવવું, પછી આખે શરીરે પાણી રેડી નવરાવવું. માથે ઠંડા પાણીની ધાર કરવાથી મગજ તર થાય છે. માથે ગરમ કરેલું પાણી રેડવું નહિ. વાળ મેલ કાપનારી ચીજથી ધોવા. પુત્રના વાળ રોજ ધોવા અને પુત્રીના સાત આઠ દહાડે ધોઇ સાફ કરવા. **જુ કે ખોડો**—હોય તો **ધુપેલ** તેલમાં થોડું **કપુર** મેળવી નાંખવું. તેથી જૂ મરી જશે. તેલ ધુપેલ ઘસીને નાંખવું. તેથી મગજ તર થાય છે, કોપરેલ તેલ પણ ઠીક છે. તેથી વાળ સાફ થઈ વધે છે. વાળ ખેંચાય તેમ ઓળવા કે તાણીને અંબોડો વાળવો નહિ. તેથી મગજને વ્યાધિ થાય છે અને વાળ ખરી પડે છે. ઝીણી કાંસકીથી દાંતા ખુચે નહિ તેમ વાળ ઓળવા. તેલ એટલું નાંખવું કે લૂગડાં બગડે નહિ. માથે ગમે તેવા સાબુ કે અર્ક ખેંચેલા તેલ

નાખવાં નહિ. તેથી વાળ ધોળા થાય છે અને મગજને વ્યાધી થાય છે.

૧૮. **લગ્ન**—બાળપણામાં લગ્ન કરવાથી તેઓ વહેલાં સંબંધમાં જોડવાની ચિંતાએ કરીને જોઇએ તેવો વિદ્યાભ્યાસ કરી શકતાં નથી. તેથી મોટપણે ગુજરાન ચલાવવામાં હરકત પડી સંસાર દુઃખરૂપે કાઢે છે. વળી કાચી વયમાં અપક્વ વીર્ય જઇ શરીરનો બાંધો તૂટી જાય છે. શરીર નબળું, તવાએલું, પીળું પચક, પાતળું, અશક્ત અને રોગી થાય છે, તથા આયુષ્યનો ક્ષય થાય છે. તેની જે પ્રજા થાય છે, તે પણ તેવીજ થાય છે. તેનાથી કોઈ પણ કાર્ય હીંમતભેર થઈ શકતું નથી; વગેરે ઘણું નુકશાન થાય છે. માટે પુત્રની ઉમર ૨૦–૨૫ વર્ષની થાય તે પછી અને પુત્રીની ઉમર ૧૩–૧૪ વર્ષની થાય ત્યારે લગ્ન કરવું ઠીક છે. જીંદગીમાં વીર્યનું સંરક્ષણ કરવું, એ સર્વથી શ્રેષ્ટ ફળદાયક છે. જેના શરીરમાં વીર્યનું વિશેષ સંરક્ષણ થયેલું હશે. તે મજબુત, કદાવર, શૂરવીર, પરાક્રમી અને નિરોગી થાય છે, તથા તેની પ્રજા પણ સર્વ પ્રકારે ઉત્કૃષ્ટ નીવડે છે. માટે મોટી વયે લગ્ન કરવાં એ વધારે સારૂં છે.

૧૯. **કાનની સંભાળ**—બાળકના કાન ટંડા થવા દેવા નહિ. ટંડા થાય તો કાનટોપી પહેરાવવી. નહિતો શરદી લાગી કાન પાકશે અને પીડા થશે. કદી કાન દુઃખે તો તેલ ઉનું કરી માંહે ટીપાં પાડવાં. કાન વહે તો સમુદ્રફીણને તેલમાં ઉકાળી તેનાં ટીપાં પાડવાં. કાનમાં છિદ્રો પાડવાની રીત નુકશાન કરતા છે. કાનમાં છિદ્રો પાડી માંહે અલંકાર ઘાલવાથી ઘણી પ્રકારે નુકસાની થાય છે. માટે એ રીત સારી નથી. કાનને સળી વગેરેથી ખોતરવો નહિ. ખોતરવાથી વખતે પાકે છે અને પીડા થાય છે વગેરે.

૨૦. **શીતળાના રોગમાં રાખવાની સંભાળ**—બાળકો શીતળા નીકળવાથી આંધળાં, લૂલાં, કાણાં અને બહેરાં થાય છે તથા આખા શરીરે ચાઠાં પડી ચહેરો બગડે છે, વગેરે ખામી ઉત્પન્ન થાય છે; એટલુંજ નહિ પણ એથી મરણ પણ થાય છે. બાળકને આના જેવી એકે મોટી બીક નથી. આ રોગ ચેપી છે. જે વખતે એ રોગ ચાલતો હોય, તે વખતે તેમને એવી જગ્યોએ લઇ જવાં નહિ. શીતળા કઢાવેલા ન હોય તો આ વખતે તરત કઢાવી લેવાં—શીતળા કઢાવવાથી ઉપર કહેલી ખામી ઉત્પન્ન થવાની દેહેશત રહેતી નથી. બે વાર કઢાવવાથી નીકળતાં પણ નથી—શીતળા એક વખત કઢાવવા કરતાં સાત સાત વર્ષે બે ત્રણ વખત કઢાવવાં વધારે ઠીક છે. શીતળા કઢાવતાં જે બાળકનો ચેપ લેવામાં આવે, તે બાળક ગુમડાં, તાવ વગેરે રોગવાળું ન જોઇએ, પણ તનદુરસ્ત, મજબૂત બાંધાનું અને નિરોગી બાળક જોઇએ; કેમકે નિરોગી બાળકનો ચેપ લેવો ફાયદાકારક છે. રોગી બાળકનો ચેપ લેવાથી બાળકને તરત તેવા રોગ લાગુ પડે છે. આ વખતે ખૂબ સંભાળ રાખવી તેમજ બાળક શરીરે સારૂં હોય ત્યારેજ શીતળા કઢાવવાં. નવ દશ દિવસે દાણા ભરાઈ સોજો ચડે છે. તેથી

પીડા થાય છે. પછી એક બે દિવસે આરામ થવા લાગે છે, તેને ઓસડ કરવાની જરૂર નથી. તાડ કરે ને દુઃખ થાય, તો તે ઉપર ઘી ચોપડવું. તેથી ભીંગડાં ઉખડી જશે. દાણા ફુટયા પછી માથે છાણાંની ઝીણી રાખ ભુંસવી એ પણ ઠીક છે. દાણા ખણી ઉખેડી નાંખવા દેવા નહિ. ઉખેડી નાખવાથી જોઇએ તેવો લાભ થતો નથી. જો ખણે તો હાથે લૂગડું વીંટવું. ભીંગડુ ઉખેડવું નહિ પણ એની મેળે ઉખડી જવા દેવું.

૨૧. **બાળાગોળી**—બાળકને બાળાગોળી આપવાની રીત ઘણી નુકશાન કરતા છે, એથી દેખીતો કદી લાભ લાગતો હોય, પણ પરિણામે નુકશાન કરતા છે. તે નિત્ય આપવાથી તો એક જાતના ખોરાક જેવું અને એક જાતના બંધાણીના બધાણ જેવું થાય છે. એનો નિશો રહે છે ત્યાં સુધી બાળકને ઉંઘ આવે છે અને ઠીક રહે છે. નિશો ઉતર્યે તો પાછું એવું ને એટલુજ થાય છે. નિશો કરવાથી જોઇએ તેવી ઉંઘ આવતી નથી. બાળા ગોળીમાં જૂદી જૂદી વસ્તુઓ આવે છે. તેમાં અફીણ મુખ્ય આવે છે. એ પાણી કે ધાવણમાં ઘોળી પરાણે બાળકના હાથ, પગ પકડી પાઈ દે છે. તેમાં તેના બરાડાપર નિર્દય માતાને જરા પણ દયા આવતી નથી. આ રીત દેખાદેખીથી સ્ત્રીઓમાં પડેલી હોય છે, એ એક જાતના બંધાણુથી બાળક દુબળું, પીળુંપચક, હાથ પગ દોરડી ને પેટ ગાગરડી જેવું થાય છે. આ રીતે પરાણે ઉંઘાડવું એ ન ઉંઘાડવા બરોબર છે. આ તો શત્રુવટ સાચવ્યા જેવું થાય છે. ઉંઘાડવાનો ખરો રસ્તો તેમને સૂતાં પહેલાં પૂરતી કસરત આપવી એ ઉત્તમ છે, માટે બાળગોળી આપવાની રીત રાખવી નહિ.

૨૨. **આંખ**—બાળક જયારે ઉંઘી ઉઠે, ત્યારે તેની આંખો ઠંડા પાણીથી ધોતા જવી. આંખમાંના ચીપડા વગેરે મેલ ધોઇ સાફ કરવા—ઠંડા પાણીએ આંખ નિત્ય ધોવાથી તેજ વધે છે. ટાઢક વળે છે અને આંખની ગરમી ઓછી થાય છે, વગેરે લાભ થાય છે—આંખ ધોયા વગર એમને એમ રાખવાથી નુકશાન થાય છે. આંખમાં નિત્ય આંજણ કે બીજું કાંઇ અંજન હોય તો આંજતા જવું. તેથી આંખ ઉઠતી નથી અને તેજ વધે છે. આંખ ઉઠવી એ ચેપી રોગ છે માટે કોઇની આંખ ઉઠી હોય, તે પાસે બાળકને જવા દેવું નહિ. આંખ ઉઠે તો તેની તરત બરાબર માવજત કરવી. એમાં ગફલત કરવાથી આંખને નુકશાન થાય છે.

૨૩. **ચેપીરોગ**—બાળકને આ નીચે જણાવેલા ચેપી રોગથી ઘણી સંભાળ રાખવી. જ્યારે જ્યારે આવા ચેપી રોગ ચાલતા હોય અગર જેને એ લાગુ પડેલ હોય, તે પાસે બાળકને જવા દેવું નહિ. રાતો તાવ, ઓરી, અછબડા, શીતળા, ગાલ પચોરિયાં, ઉટાંટિસું, ગળસુણું, દાદર, આંખ દુખવી, ટાઇફસ તાવ, કોલેરા, વગેરે રોગ બંધ પડયા પછી તેવી જગ્યોએ લઇ જવું તથા તેવા રોગી માણસને સારી પેઠે આરામ થયા પછી તે પાસે જવા દેવું. આ વખતે તેની તનદુરસ્તી સાચવવા ઘણી કાળજી રાખવી.

બાળશિક્ષણ.

ઓ પ્રભુ શી સંભાળથી, વાડ કરી ચોપાસ;
વૃદ્ધિ હમારી તું કરે, ગણિ નિજ સંતતિ ખાસ. ૧
માત તાત હમને પ્રથમ, સુબોધ આપે ઘેર;
પછિ શિખવે શાળા–ગુરૂ, નીતિ નિયમ રૂડી પેર. ૨
વિવેક બુદ્ધિ–નિયમની, હૃદમાં રાખી ભાવ;
તે ગુરૂ–હમને મોકલે, લેવા દુનિયઇ લ્હાવ. ૩

જ્યોર્જ હરબર્ટ.

૧. **મા**ણસની જીંદગીનો સૌથી અગત્યનો વખત બાળપણ છે. તે જેવું જન્મ ધરી નવી દુનિઆના દરવાજા આગળ આવે છે કે તરત તેની દૃષ્ટિ જે ચીજપર પડે છે, તે આશ્ચર્યની સાથ જુએ છે. પછી ધીરે ધીરે જોવાનું, સરખાવવાનું અને મનમાં જે વિચારો થયા હોય, તે ભરી રાખવાનું આરંભે છે. આ વખતે તે આજુબાજુની વસ્તુઓના ગુણદોષનું અને બીજાઓના મનનું જેટલું જ્ઞાન મેળવે છે, એટલું આખી અવસ્થામાં મેળવતું નથી. **લૉર્ડ બ્રોહામે** કહ્યું છે કે;– “બાળક દુનિઆના પદાર્થોના ગુણદોષનુ તથા પોતાના અને પારકાના મનનું જેટલું જ્ઞાન દોઢથી અઢી વર્ષની વયમાં મેળવે છે; તેટલું જ્ઞાન જીંદગીના બાકીના વખતમાં મેળવતું નથી. આ વખતે તે જે જ્ઞાન મેળવે છે અને જે વિચારો તેના મનમાં ઘડાય છે; તે સર્વ એટલા તો અગત્યના છે કે તે ક્ષણભર આપણે એવું ધારીએ કે પાછળથી તે સઘળું ભૂલી જવાય અથવા જતું રહેતું હશે. પણ તેમ થતું નથી.” બાળકની બાલ્યાવસ્થા ઘણી અગત્યની છે. તેના સ્વભાવને રૂપ આપવા તેની પાસે જેવા નમુના ધરવામાં આવે છે, તેવું તેનું આચરણ બંધાવા માંડે છે. તેમ જીંદગીનો પાયો આ વખતથીજ રચાવા માંડે છે. એ પાયો જેમ મજબૂત નખાય, તેમ કરવા તેની પાસે સારા નમુના ધરવા જોઇએ. સર્વ નમુનામાં માતા એ નિત્યનો સહવાસી અને મુખ્ય નમુનો છે. પરમેશ્વરે તેને પોતાનો પ્રતિનિધિ કરીને મોકલી છે. તેના પરજ બાળકના પાલણપોષણ અને સારા નરસા ભવિષ્યનો આધાર છે. તે તેનું પરમ ધન છે અને તેજ તેનો અસરકારક મુખ્ય શિક્ષક છે. બાળકને માતા તરફથી જેવી કેળવણી અને દૃષ્ટાંત મળે છે, તેવું તે અંતે થાય છે. **જ્યૉર્જ હરબર્ટે** કહ્યું છે કેઃ—“એક સારી માતા સો શિક્ષકની બરોબર છે. ઘરમાં તે સઘળા હૃદયને ખેંચનાર લોહચુંબક છે અને સઘળાની આંખ દોરાવનાર ધ્રુવનો તારો છે, તેની નકલ હમેશાં થાય છે.” **गुरुणांचैव सर्वेषा-[illegible]ता परमकोगुरुः** સર્વે ગુરૂઓમાં માતા એ પરમ અને મુખ્ય ગુરૂ છે. બાળક

ઘરરૂપી શાળામાં જેવું શિક્ષણ મેળવે છે તેવું તે થાય છે તથા જેવું ઘરમાં દેખે છે, તેવું શિખે છે. તેના જીવનની ઘાટી ત્યાંજ બંધાય છે. તે માણસાઇ આવતાં સુધી પણ મટતી નથી; એટલુંજ નહિ પણ તે મરણ પર્યંત એવીને એવી ટકી રહે છે. તેની કેળવણી તેનાં જન્મતાંવેતજ શરૂ થાય છે. પ્રથમ તેને ધાવતાં આવડતું નથી; તેની માતા એકાદવાર સ્તન મુખમાં આપી, તેના દૂધનો સ્વાદ ચખાડે છે કે, તરત પછી પોતાની મેળે ધાવવા લાગે છે. એ રીતે બાળક સ્વાભાવિક રીતે જે જે હીલચાલ કરવા માંડે તેનું વલણ સારા તરફ વાળવા ધ્યાનમાં રાખવુ. પ્રથમ તેની સ્પર્શ ઇંદ્રિય જાગૃત થાય છે, તેથી સ્તનનો સ્પર્શ થતાં ધાવવા માંડે છે. પછી નેત્રવડે પોતાની માતાને ઓળખે છે. કાનવડે માતાનો સાદ ઓળખી કાઢે છે. પછી રસેંદ્રિય જાગૃત થાય છે, તે વડે કડવું, મીઠું, ખારૂં વગેરે જાણી શકે છે અને છેવટ ઘ્રાણેંદ્રિય જાગૃત થાય છે. તે જેમ જેમ મોટું થતું જાય છે, તેમ તેમ તેને ઇંદ્રિયોવડે જ્ઞાન થતું જાય છે. જન્મ્યા પછી તેના લોહીનું ફરવુ ઉતાવળું ચાલે છે. તેથી તન, મન, અને સર્વ ઇંદ્રિયોના વધવા સાથે તેની નકલ કરવાની શક્તિ પણ સાથેજ વધવા માંડે છે. માટે માતાએ બાળકને સદ્‌ગુણોવાળું કરવાને પોતેજ ઘર આગળ હરકોઇ આવતા જતા સાથે એવી રીતે વિવેક મર્યાદાથી વર્ત્તવું કે બાળક પણ તે દેખીને તેવી રીતે વર્ત્તતાં શિખે; કેમકે બાળકો માબાપમાં જેવું જુએ છે, તેવુંજ શિખે છે. કહેવું કાંઇ અને કરવુ કાંઇ એમ ન કરવું; કેમકે તેથી બાળકના મનપર ખરી અસર થશે નહીં. કહેવા પ્રમાણેજ વર્ત્તવાથી તેને સચોટ ખરી અસર થશે. વળી તે સાથે વિવેક, મર્યાદાથી વર્ત્તવું અને તેને મધુર વચને બોલાવવું. જેમકેઃ—પ્રિય પ્રાણલાલ ભાઇ! વહાલી વિદ્યાગવરી ! આવો ! આ તમારા ગુરૂ પધાર્યા, તેમને નમન કરો. ભાઇ ચિમનલાલ ! આ પાન સોપારી ગુરૂને આપો. બાપુ બુલાખીદાસ ! આ રકાબી આપણા કબાટમાં મૂકો ભાઇ ! મણીબેન ! ચદાગવરી ! આવો બાપુ ! આ ગુલાબ અને મોગરાને જૂદાં જૂદાં કરો બા ! વાહ ! બહુ સારૂં કામ કર્યું—આવો મણી-બેન ! ચમનભાઇ ! આ ફુલનો હાર તમારા બાપાને પહેરાવી પગે લાગો. વગેરે રીતે ઘરનાં કામકાજમાં બોલાવવાની રીત રાખવાથી તેઓ સભ્ય, વિવેકી, મર્યા-દશીળ, નમ્ર, અને સુઘડ વગેરે સદ્‌ગુણો વાળાં થશે. વળી મીઠાશ ભરેલાં વચને કામ કરાવવાથી તેઓ આપણું ધારેલું કામ હોંસે હોંસે કરી આપશે. તથા તેને કામ કરવાની ટેવ પડશે. શરીરને કસરત મળશે. વિવેક, મર્યાદા, મધુરવચન વગેરે શિખશે અને મા પાસે કામમાં રહ્યાથી તેઓ રખડવા જશે નહિ. તેથી નઠારી સોબત વગેરે દુર્ગુણો આવવાની દેહેશત રહેશે નહિ. બાળક પાસે કામ કરાવતાં કદી એનાથી એકાદ કામ બગડયું તો તેને કડવાં વચન કહી ધમકાવવું કે મારવું નહિ, પણ જરા દીલગીર મોં કરી, પછી તરત હસી વહાલથી બોલા-વવું—અને મીઠા શબ્દોએ શીખામણ દેવી. જે, ભાઇ ! તેં આમ કર્યું તો નુક-શાન થયું, બાપુ ! હવે એમ કદી કરીસ નહિ હો ! આપણને નુકશાન થાય.

માટે હમેશાં કામ સંભાળીને કરવું. પ્રથમ માતાનું મોં દીલગીર જોઈ બાળક જાણશે કે મેં આ ખોટું કર્યું. હવે ફરી ન કરવું. હસી પડવાથી માતાનો ક્ષમાવંત ગુણ જોઈ રોવાની કે હઠ પકડવાની ટેવ પડશે નહિ અને જે જે શીખામણ આપવામાં આવશે, તે લક્ષ દઈ સાંભળશે. તેથી સારી ટેવ પડશે. ઘર આગળ પરોણો, વડિલ, ગુરૂ, કે હરકોઈ આવે તેને આવો ? બેસો, પધારો, સાહેબ, સાહેબજી પધારજો. કૃપા રાખજો. મહેરબાન આવજો, જેજે, રામ, રામ, સલામ, મારાં ધન્ય ભાગ્ય ! કે આજે આપ મારે ઘેર પધાર્યા. વગેરે રીતે મધુર વચને, વિવેક અને માન મરતબે આદરસત્કાર કરવાની ટેવ રાખ્યાથી બાળક પણ માબાપનુ દેખી તેવું શીખે છે. માટે સારી ટેવ પાડવા ધ્યાન રાખવું. આ વખતે તેના હૃદયમાં જેવી છાપ પાડવામાં આવશે તેવી જીંદગીપર્યંત રહેશે.

બાળકને કદી પણ અમર્યાદપણે કે અવિવેકે વર્ત્તવા દેવું નહિ. હાલ કેટલાંક માબાપ પોતેજ જાણીજોઇને બાળકને કહેશે કે, લે આ લાકડી માર તારા મામાને, તેને મૂર્ખ કહે. તારા કાકાનું કહ્યું માનીશ નહિ, મોટા ભાઇને લુચ્ચો કહે, આ કોઇનો પ્યાલો પડયો છે તે છાનોમાનો ઉપાડી લાવ. પૂછે તો કહેજે કે મને ખબર નથી, વગેરે રીતે અવિવેક અને અમર્યાદપણે ચલાવતાં અપશબ્દો અને જુઠું બોલતાં તથા ચોરી કરતાં શિખવે છે. તેથી જે ખરાબ ટેવ પડે છે; તે કદી મોટપણે જતી નથી. તેનું ફળ માબાપને અંતે ચાખવું પડે છે. જ્યારે દુઃખ ભોગવે છે, ત્યારે કહેશે કે છોકરાં બગડી ગયાં વગેરે બોલી પસ્તાવો કરે છે, પણ એનું મૂળ પોતેજ છે એ જાણતાં નથી. સમજુ માબાપે સુખી થવું હોય, તો પ્રથમથીજ બાળકોને સુધારવા કાળજી રાખવી જોઇએ. તેઓ પ્રથમથીજ માબાપ વગેરે વડિલો પ્રત્યે પૂજ્ય બુદ્ધિ રાખી વિવેક, મર્યાદાએ વર્તે એમ કરવું જોઇએ. માબાપ પ્રત્યે પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન કરવા પિતાએ કહેવું કે આ તારી માતા છે, તેને પગે લાગ. તેણે તારે માટે અનેક પ્રકારનાં દુઃખો ભોગવ્યાં છે. (માતાના ગુણનું વર્ણન કરી બતાવવું.) તેનો બદલો આખી જીંદગી સેવા કર્યાથી પણ વળી શકે એમ નથી. તારે તેને દેવી રૂપ ગણી તેની સેવા કરવી જોઇએ, તેની આજ્ઞાને આધિન રહેવું, અને સદા તેને આનંદમાં રાખવી જોઇએ, નહિતો તને પાપ લાગશે. વગેરે. તેમજ માતાએ તેના પિતાના ગુણનું વર્ણન કરી કહેવું કે આ તારા પિતાને પરમેશ્વરથી બીજે દરજ્જે પૂજ્ય જાણવા, તેને પગે લાગ. તારે તેની અહોનિશ મન, વચન અને કર્મથી સેવા કરવી. તારે તેમનું મન કદી કચવાવવું નહિ, તેના ઉપકારનો બદલો તારાથી જીંદગી પર્યંત વાળી શકાય તેમ નથી. તું તેનું મન દુઃખાય એવું કરશે, તો તને પાપ લાગશે. વગેરે, વગેરે રીતે પરસ્પર પ્રત્યે વર્ત્તાવવા ઉપદેશ કરતા રહેવું. પોતા પ્રત્યે વર્ત્તાવવા પોતે કરેલો ઉપદેશ બરાબર ઠસતો નથી. માટે આવી ગોઠવણ કરવાથી ઉત્તમ અસર થશે. તે જીંદગી પર્યંત એવી ને એવી રહેશે.

૨. **બાળકની તર્કશક્તિ** વધે એમ કરવું. કાંઈ સારૂં, નરસું બને તો તેનું કારણ સમજાવતાં જવું. તેને કોઇ વાતમાં ગુંચવણ પડે તો તે તરત કહી ન દેતાં તે પોતાની મેળે શોધી લે એમ કરવું. તે જે જે વસ્તુ જુએ અને તેના વિષે પ્રશ્ન પૂછે, તો ખુલાસો આપી તેના મનને સંતોષ પમાડવું. તેના પ્રશ્નને નકામા ગણી તરછોડી કાઢવું નહિ. જો પ્રશ્નનો ખુલાસો અપાતો નથી, તો તેની જિજ્ઞાસા દબાઇ જઈ પૃચ્છકબુદ્ધિ નાશ પામે છે. કઠણ પ્રશ્ન હોય, તોપણ વિચાર કરી ખુલાસો આપી તેની જિજ્ઞાસાને ઉત્તેજન આપવું. કંઇ શાકપત્ર મોરતાં જોઇ બાળક આપણા હાથમાંથી છરી લેવા આવે, તો તેને ધમકાવી દુર કરવું નહિ. કારણ તેની જિજ્ઞાસા તૃપ ન થવાથી રોવા માંડે છે, હઠ પકડે છે અને પછી એમ કરતાં કરતાં એવી ટેવ પડે છે. માટે એવા પ્રસંગ સારૂ અગાઉથીજ લાકડાની બુઠ્ઠી ધારવાળી છરી કરાવી રાખવી, કે જ્યારે પેલી છરી પકડે કે તરત તેના હાથમાં આ છરી આપવી: કે લે બાપુ ! શાક મોર. જરાતરા મોરે કે કહેવું વાહ ! સારૂં મોર્યું, હવે છરી લાવ જોઇએ ! એમ કહી ઉંચે મૂકવી. પછી કહેવું, વાહ ! તું બહુ ડાહ્યોછે. વગેરે રીતે મધુર વચને રાજી કરવાથી કંઈ બોલશે નહિ, પણ એમ કહેવું કે આ છરી તો "બાવા લઇ ગયા" વગેરે કહી સંતાડી જુઠ્ઠું બોલવું નહિ. જો એમ કરવામાં આવશે તો તે જાણી લેશે કે મને છેતર્યો છે, પછી પોતે પણ છેતરતાં અને જુઠ્ઠું બોલતાં શિખશે. માટે સાચી યુક્તિએજ સંતોષ પમાડવો એ સૌથી શ્રેષ્ટ છે.

૩. **રમત કેવી રમવા દેવી ?**—બાળકને પાણીમાં રમવા દેવું નહિ. પાણીમાં રમવાથી તેના લૂગડાં ભીનાં થાય છે, તેથી શરદી લાગી માંદા પડે છે. પાણીના વાસણમાં હાથ ઘાલી રમતું હોય, તો તેને પરાણે અડકાવવું નહિ, પણ પાસે જઈ કહેવું, ભાઇ ! બાપુ ! પાણીમાં રમવાથી શરદી થાય ને માંદાં પડીએ. માટે લે હું તને રમાડું, એમ કહી પોપૈયાના પાનની ડાંડી કે નળી જેવું કંઈ લઈ તેનો એક છેડો ટુંકો અને બીજો છેડો લાંબો એમ વાળવું. નાનો છેડો પાણીમાં ને મોટો બહાર રાખી, માંહેની હવા મોઢેથી ખેંચી લેવી. એટલે વાસણ માંહેલું પાણી એ નળી વાટે બહાર નીકળશે. આ જોઇ બાળકને ગમત પડશે. માછલી, વહાણ, ચકલી, કાચબો, બતક વગેરે રમકડાં કમાનવાળાં અને લોહચુંબકવાળાં આવે છે; તે પાણીમાં આમ તેમ તરતાં ફરે છે એવા રમકડે રમાડવું. વળી તે શી રીતે તરે છે ? નળીમાંથી પાણી કેમ નિકળ્યું ? એનું કારણ સમજાવતાં જવું તેથી તેને ગમતની સાથે ઘણું જ્ઞાન મળશે. ઘરમાં ચીજો રખડતી નહિ રાખતાં ગોઠવી રાખવી, કે બાળકને લથડીયાં ખાતાં વખતે વાગી જાય નહિ. રમકડાં ધારવાળાં કે અણીવાળાં રાખવાં નહિ. દીવા પાસે રમવા દેવું નહિ. નઠારા છોકરાંની સોબત કે નીતિમાં બગાડો થાય એવી રમતો રમવા દેવી નહિ—ઢીંગલા ઢીંગલીના રમતથી બાળકને ખરાબ અસર થાય છે, તે રમવા દેવી નહિ. બાળક જે રમત રમે તેપર દેખરેખ રાખવી. જુઠ્ઠું બોલતાં, કોઇની ચીજ ઉપાડતાં, ગાળો દેતાં,

સામે થતાં, હઠ પકડતાં, વગેરે અપલક્ષણ આચરતાં જાણવામાં આવે, તો તરત અટકાવી જરા દીલગીર મોં કરી કહેવું કે ભાઇ ! આ ખોટું કરો છો. આ તો અનીતિ કહેવાય. એમ કહેવાથી સમજી જશે, કે આ કામ ખોટું કહેવાય. માટે ન કરવું. એમ નીતિ અનીતિ, પાપ પૂણ્ય, ન્યાય અન્યાય, સારૂં નરસું, વગેરે પ્રસંગ આવતાં સમજાવતાં જવું. એટલે સારી અસર થઈ યોગ્યપણે ચાલશે.

૪. ગમતની સાથે જ્ઞાન—બાળકને ગમતની સાથે સહેલથી અક્ષરજ્ઞાન, રંગ આકાર, અને સામાન્ય જ્ઞાન થવા માટે મૂળાક્ષર આવી જાય એવી ગોઠવણી-વાળાં લાકડાંના જુદા જુદા રંગ, આકારનાં રમવાનાં રમકડાં લેવાં. દરેક રમકડાંના નામનો પહેલો અક્ષર તે માથે આવે એવી ગોઠવણી કરવી—જેમકે;—અખોડ—**અ.** આરસી—**આ.** કમળ—**ક.** ખજુર—**ખ.** ગધેડો—**ગ.** ચકલી—**ચ.** બદામ—**બ.** હળ—**હ.** પાટી—**પ.** લીંબુ—**લ.** વગેરે ગોઠવણી કરવી. પછી સવાલ પૂછી કહેલા અક્ષરવાળું રમકડું શોધી બતાવે એમ કરવું. બતાવ્યા પછી તેનો રંગ, આકાર અને ઉપયોગ વગેરે પૂછવું. તેમજ એકથી દશ સુધીના આંકડાની ગોઠવણી પણ રમકડામાં કરવી. તેથી દશ સુધી બોલતાં અને ઓળખતાં સહેલથી શિખી જશે. પછી કાનો, માત્રા, અને હ્રસ્વ, દીર્ઘવાળા રમકડાંની ગોઠવણ કરી તે ઓળખાવવાં. ક, અક્ષરવાળું રમકું શોધાવી તેની જોડે કાનાવાળું રમકડું શોધાવી મૂકાવવું. પછી કહેવું કે એ બે મળવાથી, કા, થયો. એમ કાનો, માત્રાની રસભરી ગોઠવણ કરી બારાખડી શિખવવી. પછી એકાક્ષરી અર્થવાળા શબ્દો જોડતાં શિખવવા. જેમ, **ખા, દે, ના, હા, ભા,** વગેરે. પછી દ્વીઅક્ષરી નામો જેવાં કેઃ—**બાપા, કાકી, લાડુ, પુરી, પાણી, લોટો, બાપુ, હાથી, ઘોડો** વગેરે. સગાં, સ્નેહી, મિત્ર અને ઘર ઉપયોગી વસ્તુઓનાં જાણીતાં નામો, બે, ત્રણ, ચાર, પાંચ એમ અક્ષરે ચડતા ચડતા આવે એવી ગોઠવણીએ જોડાવવાં, ઓળખાવવાં અને વંચાવવાં. એટલું આવડયા પછી લખતાં શિખવવું. બાળકો આપણું કહેલું બતાવે, કહે, અને કરે, ત્યારે વચમાં વચમાં શાબાશી આપતા જવી; કે તેથી તેઓ હોંસે, હોંસે સઘળું શિખી જશે.

બાળકને પશુ, પક્ષી, મનુષ્ય અને જાણીતાં બાળકોનાં નામો આવે, એવી **વાર્ત્તાઓ** સાંભળવાનું તથા **ગાવાનું** બહુ પ્રિય હોય છે. માટે વચમાં વચમાં ગાવાનું આવે, એવી ધર્મનીતિ કે ઇશ્વિર સંબંધીની સાદી અને ટુંકી વાર્ત્તાઓ રસભરી વાણીથી દાખલા દષ્ટાંત્ સાથે કહેવી. તેમાંથી સાર ખેંચી શિખામણ આપવી અને તે વાર્ત્તા પાછી કહી બતાવે એમ કરવું. કેમકે બાળકને નકલ કરવાની સ્વાભાવિક ટેવ હોય છે. તેથી મોંએ કરેલી વાર્તા વખતો વખત યાદ આવી સારી અસર થાય છે અને વર્ત્તણુંક સુધરે છે. તેમજ ઇશ્વિર અને ધર્મ-નીતિ સંબંધી શ્લોક, કવિતા, વગેરે મધુર રાગમાં ગવરાવતાં જવું અને મોંએ કરાવતા જવું. ભૂત, પ્રેત, ડાકણ, સાકણ, જાદુ અને મંત્ર વગેરે વહેમ ભરેલી

વાતો કરવી નહિ; તેમજ **અહીં હાઉ છે, બાઉ છે, બાવા ઝાલી જાય, સિપાઇ પકડી જાય, અહીં ભૂત છે.** વગેરે કહી વહેમીલું, બીકણુ, બાયલું, અને નાહિંમતવાન વગેરે દુર્ગુણો પેદા થાય, એવું નહિ કહેતાં શૂરવીર, સ્વતંત્ર, ધાર્મિક, દયાળુ, હિંમતવાન, પરોપકારી, બુદ્ધિવાન, અને ચતુર વગેરે સદ્ગુણો ઉત્પન્ન થાય એવી વાર્તાઓ કરવી તથા એવું બોલવું. આવી રીતે ઘર આગળ શિખવવાની યુક્તિ રાખ્યાથી બાળક હોંસે હોંસે આટલું જ્ઞાન પાંચ છ વર્ષમાં મેળવી શકે છે. પછી સાતમે વર્ષે નિશાળમાં દાખલ કર્યાથી ભણવામાં ફતેહ મેળવશે. જેમ હાલ કેટલાકને નિશાળ બિહામણી લાગે છે, તેમ આને લાગશે નહિ. નિશાળમાં પ્રથમ તેને સ્વભાષાથી પૂર્ણ કેળવણી આપવી. પછી સંસ્કૃત, ઇંગ્રેજી વગેરે બીજી ભાષાઓનું જ્ઞાન આપવું, પણ યાદ રાખવું કે બાળકને એકદમ એક કરતાં વધારે ભાષાની કેળવણી સાથે આપી બોજો મૂકવો નહિ. એ જે શિખે તે સમજીને શિખે એમ કરવું. બહુ ગોખવા દેવું નહિ. બહુ ગોખણથી બુદ્ધિ બહેર મારી જાય છે, યાદશક્તિ ઓછી થાય છે અને શરીર નબળું પડે છે. વગેરે ઘણા ગેરફાયદા થાય છે. માટે જરૂર જેટલું મોંએ કરાવવું.

અર્વાચીન ઇંગ્રેજી ધોરણે અપાતી કેળવણી પૂરી કરતાં ઘણો વખત અને ખર્ચ લાગે છે; તોપણ જોઇએ તેવું પૂરતું જ્ઞાન મળતું નથી. ધોરણો, પુસ્તકો, અને પરીક્ષાની એવી અવ્યવસ્થા છે કે, શિક્ષકોને શિખવતાં અને બાળકોને શિખતાં કંટાળો આવે છે. આવી અવસ્થાને લીધે પરીક્ષામાં તાણીતુશીને પાસ કરાવવાની લલુતાએ ગોખણ ચલાવવામાં આવે છે. તેથી મન બરાબર કેળવાતું નથી અને તેમની સંભાળ રહેતી નથી. વળી શિક્ષકો પણ અલ્પ અભ્યાસી, ટુંક વયના અને બહુ જુજ ટુંક પગારના હોય છે. આવા ઓછી બુદ્ધિના ટુંક બંડોળીઆ શું શિક્ષણ આપી શકે ! એવા શિક્ષકોમાં ઉત્તમ ગુણ ક્યાંથી હોય ! કે તેમની સારી અસર બાળકોને થાય; વગેરે રીતે હાલના શિક્ષણમાં ઘણી ખામી છે. આ સંબંધી કોણ વિચાર કરી સુધારો કરાવવા મથન કરે છે ! જેમ છે તેમ ગાડરીઆ પ્રવાહની પેઠે ચાલ્યા કરે છે. તેમાં ઘણો સુધારો કરવાની જરૂર છે. હાલ યુરોપમાં નાનાં બાળકોને અપાતી કેળવણીમાં ઘણો સુધારો વધારો થઇ ગયો છે ત્યાં નાનાં બાળકોને કેળવણી આપી તેમની બુદ્ધિ ખીલવવાને ઘણી યુક્તિઓ શોધી કાઢવામાં આવી છે. બાળકો સહેલથી રમત ગમતની સાથે શિખે એવી ગોઠવણો ત્યાંના વિદ્વાનોએ કરી છે. ઘણી સહેલાઇથી સમજણ પડે એવી હિસાબ શિખવાની કેટલીક રીતિઓ ગણિતશાસ્ત્રને લગતાં યંત્રો અને પુસ્તકો બનાવ્યાં છે. જાતજાતનાં પ્રાણીઓ, ઝાડો, વગેરે સુંદર ચિત્રોની ચોપડીઓ બનાવી છે. જેમાં નાનાં નાનાં બાળકોને નાની સંખ્યાના સરવાળા, બાદબાકી વગેરે હિસાબ ચિત્રોની મારફતે શિખવવાની અચ્છી યુક્તિઓ વાપરી છે; એટલુંજ નહિ પણ જેમ બાળક વિચારબળમાં વધતું જાય છે, તેમ હિસાબ સાથે દુનિયાના જાણવાજોગ પ્રાણી પદા-

થેનું જ્ઞાન તેજ ચોપડી મારફતે તેમને મળતું જાય છે. જેમકેઃ—એક પાને થોડાંક પતગીયાં પાડેલાં છે, કોઇ પાને પાંચ નાનાં છોકરા, તેમાં એક બેઠેલો, બે વાંચતા, એક રમતો, એક મન સાથે વિચાર કરતો ઉભેલો, કોઇ પાને સાત ઝાડ, એમાં બે ત્રણ કાપેલાં, એમ રગીન ચિત્રો પાડેલાં છે; એ ચિત્રો નીચેની એક બે લીટીમાં સમાઈ રહે, એમ પાંચ કે છ સવાલ મૂકવામાં આવ્યા છે. તેથી એક આખા પાઠની ગરજ સારે છે. કેમકેઃ—આ કેટલાં પતંગીયાં છે? એમાંથી બે ઉડી જાય તો બાકી કેટલાં રહે? એની છાતીનો ભાગ કયાં છે? એની ચાંચનો રંગ કેવો છે? આ પેલો છોકરો શું કરે છે? બીજો શાની સાથે રમે છે?" વગેરે રીતે તે ચિત્રોની મારફતે ઘણી બાબતોનું જ્ઞાન સહેલાઇથી આપવામાં આવે છે, તેમજ તેમની માતાઓ મૂળથીજ એ બાબત ઉપર પૂર્ણ લક્ષ આપે છે. તેથી બાળકો સહેલથી ઘણું જ્ઞાન મેળવી બળ, બુદ્ધિમાં શ્રેષ્ઠ, સ્વદેશાભિમાની, શૂરવીર, સ્વતંત્ર વિચારનાં, હિંમતવાન, ઉત્સાહી, ખંતી અને પરોપકારી વગેરે ઉત્તમ ગુણનાં નીકળી આવે છે. **પ્રખ્યાત જૉન સ્ટુઅર્ટમીલ**—ત્રણ વર્ષની ઉમરમાં ઇંગ્રેજી, લાટીન, અને ગ્રીક એ ત્રણ ભાષા શિખી ગયો હતો. આ બધુ તેણે ઘર આગળજ મેળવ્યુ હતું. આટલી ઉમરે તો બાળકોને માંડ બોલતાં આવડે છે, પણ **પ્રયત્ને પ્રભુ સહાય.** પ્રયત્ન કરવાથી ફેર પડેજ પડે. પ્રાચીનકાળમાં આ દેશમાં પણ આદિ માતા સાવિત્રી, સત્યરૂપા, મૈત્રેયી, મેના, કુન્તા, કૌશલ્યા, સુમિત્રા, સીતા, વિદુલા વગેરે પ્રતાપી માતાઓએ પોતાનાં બાળકોને ઉત્તમ શિક્ષણ આપી **માનવરત્ન** બનાવ્યાં હતાં, એ કોનું અજાણ્યું છે? અર્વાચીનકાળમાં એવું શિક્ષણ ઘર આગળ કે શાળામાં મળતું નથી. ધર્મનીતિ વગરની લૂખી કેળવણીથી બાળકો વિપરીત બુદ્ધિનાં ઉત્પન્ન થતાં જાય છે. માબાપ વગેરે વડિલો અને સ્વધર્મ પ્રત્યે ખરી આસ્તા નથી, માટે જ્યાં સુધી શાળામાં ધર્મનીતિ સાથે વિવેક મર્યાદા વગેરેનુ શિક્ષણ આપવાની સગવડ ન થાય ત્યાં સુધી માબાપે ઘર આગળ બાળકોને ધર્મનીતિ વગેરેનો ઉપદેશ આપવા ચૂકવું નહિ.

૫. **નિશાળ**—બાળકોને વિદ્યા ભણવાનું સ્થાન સ્વચ્છ વિશાળ, ચોખ્ખા હવા અને પૂરતા પ્રકાશવાળું જોઇએ. આજુબાજુ સુંદર સુગંધી પુષ્પ વૃક્ષના બાગની રચનાવાળું અને શાળાની અંદર પ્રસિદ્ધ સ્ત્રીપુરૂષ, પશુ પક્ષી તથા વૃક્ષની સુંદર છબીઓ, ટીંગાડી સુશોભિત કરેલું હોવું જોઇએ. જે જોઇ બાળકોનું મન પ્રફુલ્લિત થાય છે અને તેના મનની સુવૃત્તિઓ ધીરે ધીરે ખીલી નીકળે છે; વગેરે ઘણો લાભ થાય છે. એવી શાળા સર્વ પ્રકારે શ્રેષ્ઠ ગણાય છે.

૬. **શિક્ષાગુરૂ**—સદ્ગુણસંપન્ન, સુશિક્ષિત નીતિવાન, સભ્ય, પવિત્ર મનનો, કુબોધનો નાશ કરનાર, કૃત્યાકૃત્ય અને પાપપુણ્યના ભેદને બતાવનાર, આસ્તિક, હસમુખો, આનંદી, શાંત, વિદ્યાર્થીપર પ્રીતિ રાખનાર, યુક્તિઓ શોધી રમત ગમતની સાથે જ્ઞાન આપનાર, દુર્વ્યસનથી વિરક્ત, ધૈર્યવાન, ક્ષમાવંત, ઉત્સાહી,

અવાજ નમ્ર પણ દાબ પડે એવો, દેખાવડો, દાખલા દૃષ્ટાંત અને રસિક કહાણીઓથી શિક્ષણને રસિક કરી જાણનાર; વગેરે સદ્ગુણ સંપન્ન ગુરૂ પાસે બાળકને શિક્ષણ અપાવવું. આવા ગુરૂનું બાળકો અનુકરણ કરી આગળ જતાં શ્રેષ્ટ નીકળે છે.

૭. **શિષ્યધર્મ**—શિક્ષણ આપનાર મહેતાજી—માસ્તર ગુરૂ ગણાય છે. તેનાપર માબાપ પ્રમાણે પૂજ્યબુદ્ધિ રાખવી. માન આપવું, આજ્ઞા પાળવી, મર્યાદા રાખવી, નિત્ય નમન કરતા રહેવું, તેના કામની આડે આવવું નહિ. નિંદા કરવી નહિ કે સાંભળવી નહિ, તેના અપરાધમાં આવવું નહિ, ભૂલથી અપરાધ થતાં તે શિક્ષા કરે તો મનમાં ગુસ્સો રાખવો નહિ. ગુરૂ એ માબાપ રૂપ છે, તો તેણે તે શિક્ષા કરી છે તે વિચારીને મારા ભલા માટેજ કરી છે, એમ જાણી તેનાપર પ્રીતિ રાખવી. આદરસત્કાર કરવો, તે જે આસને બેઠેલા હોય, તેની નીચેના આસને વિવેક મર્યાદાથી બેસવું, અને બોલવું, તેના સમક્ષ કોઇની મશ્કરી કરવી, કે ખડખડ હસવું નહિ. તેને સર્વ પ્રકારે સંતોષ આપવો; વગેરે, વગેરે પ્રમાણે બાળકોને સમજાવવા અને વર્ત્તાવવા ચૂકવું નહિ.

૮. **ખરી કેળવણી**—બાળકોએ બાળકેળવણી લીધા પછી તેને મુખ્ય કેવા પ્રકારની કેળવણી આપવી; એ પ્રથમ વિચારવાનુ છે. જ્યારે તન, મન, અને આત્મા એ ત્રણે એકત્ર થાય ત્યારે મનુષ્યની પ્રકૃતિ કહેવાય છે. તન, મન, અને આત્મા એ ત્રણેની જેનાથી ઉન્નતિ થાય, તેજ ખરી કેળવણી કહેવાય અને આ ત્રણે જેના સરખાં કેળવાએલા હોય છે તેજ ખરી કેળવણી પામેલા ગણાય છે. કેમકે કેળવણીનો મુખ્ય હેતુ એવો છે કે વિવેકને પરિપકવ કરવાનો, આચરણ સુધારવાનો, અને વધારે સારા, સુખી, ઉપયોગી, પરોપકારી, ઉત્સાહી અને ઉચ્ચ ધંધામાં કુશળ થવાનો છે. નીતિ વગરની એકલી બુદ્ધિ કશા કામની નથી. પ્રેસ્ટેલોઝી નામે એક સ્વીસ ગૃહસ્થે કેળવણી માટે એક ઉત્તમ પદ્ધતિ સ્થાપી છે તેનો એવો અભિપ્રાય છે કે;—" કેવળ બુદ્ધિની કેળવણી હાનીકારક છે. સઘળા જ્ઞાનમાં તેનાં મૂળ યથાર્થ રીતે અંકુશિત કલ્પના શક્તિની ભૂમિમાં નાંખવાં જોઇએ અને તેમાંથીજ તેને પોષણ મળવું જોઇએ. જ્ઞાનની પ્રાપ્તિ કદાપી માણસને સંસારનાં વધારે અધમ મહાપાપોથી બચાવે, પરતુ સંગીન વિચાર અને સદાચરણ રૂપી કોટ જ્ઞાનની આસપાસ ફરતો નહિ હોય, તો તે કોઈ પણ દરજ્જે સ્વાર્થને અંગે નિપજતાં દુષ્ટ કર્મથી બચાવશે નહિ. " હાલ એવા ઘણા નીકળશે કે શાળામાં અપાતા જ્ઞાનથી ભરપૂર પણ વ્યવહારિક વિવેકમાં અધુરા—તે નકલ કરવાને યોગ્ય નહિ; એટલુંજ નહિ પણ તેનાથી ચેતીને ચાલવા જેવા હોય છે; વગેરે વગેરે—એ શિક્ષણ પદ્ધતિની ખામીનુંજ પરિણામ છે. આ સંસાર કેમ ચલાવવો એ મોટો સવાલ છે. તેના પેટામાં બીજા સવાલોનો પણ સમાવેશ થાય છે. કેળવણી આપવામાં આ બધી વાત લક્ષમાં લેવાની છે. **શરીર**ની શી રીતે સંભાળ રાખવી, **મનને** કેવી રીતે કેળવવું, **વ્યવહાર** કેવી રીતે ચલાવવો, **કુટુંબનું કેવી**

રીતે પોષણ કરવું. **નગરવાસી** તરીકે જે ફરજો છે, તે શી રીતે અદા કરવી, **સૃષ્ટિમાં** જે સુખ પ્રાપ્ત કરવાનાં સાધનો છે, તેનો કેવી રીતે લાભ લેવો. પોતાની **શક્તિઓનો** કેવી રીતે ઉપયોગ કરવો કે તેથી પોતાને તથા બીજાઓને વધારેમાં વધારે લાભ થાય. આ સિવાય સંસાર વગર અડચણે ચલાવી શકાય, માટે નમ્રતા, વિવેક, વિનય, સંતોષ, દયા, ક્ષમા, ન્યાય, ઉદારતા, ઉપરીની સત્તાનું માન, કરકસર, આભારવૃત્તિ, શુદ્ધભાવ, સત્યતા, પ્રમાણિકતા, પરોપકાર, મન અને ઈંદ્રિયોનો નિગ્રહ, સૃષ્ટિ સરજનહાર પરમકૃપાળુ પ્રભુનું સ્મરણ અને તેનો ઉપકાર માનવો, વગેરે ગુણો આવે એવું શિક્ષણ આપવું જરૂરનું છે.

૯. **શિક્ષણ ઉપયોગી સંગ્રહસ્થાન**—બાળકોને મળતું શિક્ષણ સરળ અને સચોટ કરવા પાઠમાં આવતી કુદરતી અને કારીગરીની વસ્તુઓનો સંગ્રહ રાખવો. જેવી કેઃ–ધાતુઓ, લાકડા, પથ્થર, મધ, કુંભારનું ચક્ર, નાનું સરખું છાપખાનું, રેંટીઓ, છીપ, મોતી, ઘાણી, ચરખો, સંઘેડો, કાતર, કોસ, કોદારી, કોશ, પાવડો, ધમણ, એરણ, હથોડો, ગંધક, પારો, મળી શકે એટલી વનસ્પતિ અને અનેક પ્રકારનાં ફળો, મેવા, તેમજ પશુ, પક્ષી અને જીવજંતુ જે પ્રસંગોપાત મળી આવે, તે પ્રત્યક્ષ બતાવતા જવું. કારીગરીની બનેલી વસ્તુઓ અને કુદરતી દેખાવોના દેખાડવા યોગ્ય નમુનાઓ, દેશો, પશુ, પક્ષીના સુંદર દેખાવની છબીઓ વગેરેનો સંગ્રહ રાખવો કે તે જોઇ બાળકો રંજન થશે અને સર્વ યાદ રાખશે. એ વસ્તુઓ પ્રસંગ પડતાં પ્રત્યક્ષ દેખાડી તે વિષે સમજુતી આપતા જવી.

૧૦. **શરીરશિક્ષા**—માબાપ કે મહેતાજીએ બાળકોને બનતાં સુધી શરીર શિક્ષા કરવી નહિ; કેમકે એવી શિક્ષાથી બાળક નઠોર થઈ જાય છે. શરીર શિક્ષા કરવાને બદલે સમજુત આપવી અગર તેના તન, મન, ઉપર અસર થાય એવી તેને પ્રિય વસ્તુઓ ન આપવાની શિક્ષા કરવી એ વધારે શ્રેષ્ઠ છે; જેમકે તેં આ ગેરવ્યાજબી કર્યું, માટે તને રમવાનો ઘોડો નહિ લઇ આપું, હું તને બાગમાં તેડી નહિ જતાં ચંદ્રશંકરને તેડી જઇશ, તું ફલાણું કામ કરશે તો રમવાને પોપટ લઇ આપીશ. એમ સારી ચાલને માટે ઉત્તેજન આપવા ઇનામ આપવું અને નઠારી ચાલને માટે નિરાશા આપવી. પણ એ મતલબ પાર પડે એટલા દરેક જોઇએ, ઇનામ આપવામાં અને શિક્ષા કરવામાં નિષ્પક્ષપાતી થવું. સારી ચાલે ચાલવા ઇનામ ઠરાવ્યું હોય તે નહિ આપવાથી તરત તેના મન પર અસર થશે અને ફરી એમ નહિ કરવા પસ્તાવો કરશે. હરકોઇ કામમાં સાચી લાલચ આપવી અને અપરાધમાં બરાબર શિક્ષા કરવી. મહેતાજીએ વર્ગમાં નબર ઉતારવા અગર તેને જે પ્રિય હોય તેની નિરાશા આપવી. કદી એથી ન માને તો તજવીજ કરતાં વાંક જણાયે નિષ્પક્ષપાતપણે શાંત ચિત્તે ન્યાયસર યોગ્ય શિક્ષા કરવી. મહેતાજી શિક્ષા કરે તેમાં માબાપે વચ્ચે પડવું નહિ. બાપ શિક્ષા કરે તેમાં માએ અને મા શિક્ષા કરે તેમાં બાપે વચ્ચે પડી ખોટું ઉપરાણું કરવું નહિ. તેમજ સારી

ચાલે ઈનામ વધારે ઘટારે અપાવવા વચ્ચે કોઇએ આવવું નહિ. એક બીજાને પોતપોતાનું કામ બજાવવા દેવું. હદ ઉપરાંત ઈનામની લાલચ લગાડવી નહિ. નહિ તો ટેવ બગડશે. સદ્વર્ત્તણુંક માટે ઇનામ આપ્યાનું અને અપરાધ માટે શિક્ષા કર્યાનું કારણ સમજાવતા જવું કે તેથી તેને સારી અસર થાય.

૧૧. **માબાપે રાખવાની દેખરેખ**—બાળક જ્યારે ભણતાં હોય, ત્યારે દરરોજ મન સાથે તનની કેળવણી અપાવવા—આજીવિકા સાધન પૂરા પાડવા—તનદુરસ્તી સારી રહી દીર્ઘાયુષી થાય તેમ કરવા—હર કોઈ ખાસ ધંધાની કેળવણી આપવા—અભ્યાસ પૂરો કરાવ્યા પહેલાં નહિ પરણાવવા—જ્યાં મોટી ઉમ્મરનાં મશ્કરી કરતાં હોય ત્યાં નહિ જવા દેવા—તેના મનની લાગણી અવળે રસ્તે વળે એવી ઢીંગલા ઢીંગલી વગેરેની રમત નહિ રમવા દેવા—બાળકના વિવેકપર પગ નહિ મૂકવા વગેરે ઘણી વાતો માબાપોએ લક્ષમાં રાખવી અને તે પ્રમાણે વર્તવું. પિતાએ બાળક દેખતાં તેની માતાને મારવી નહિ; કેમકે એથી પિતા ઉપર તેમની અપ્રીતિ થાય છે. મનુષ્ય દેખતાં બાળકોનું અપમાન કરવું નહિ; કેમકે એથી પણ માબાપપર અપ્રીતિ થાય છે, અને તેમને અંતે દુઃખ દે છે; જુગટું રમાતું હોય ત્યાં, વેશ્યાનો નાચ થતો હોય ત્યાં, કજીઓ થતો હોય ત્યાં, ખરાબ હવામાં, દારૂ પીતા હોય ત્યાં, ભવાયા રમતા હોય ત્યાં, સ્ત્રીઓના પ્રસવ સમયે, ગુજરી ગયેલાની કાણે—એટલે ઠેકાણે બાળકોને તેડી જવાં નહિ અને ધર્મનીતિ વિરૂદ્ધ તેમને ચાલવા દેવાં નહિ; વગેરેપર દેખરેખ રાખવી જોઇએ.

૧૨. **વાંચવું તથા લખવું**—બાળકને વાંચતી તથા લખતી વખતે ઘણી સંભાળ રખાવવી, ચોપડી આંખથી દશબાર ઇંચને છેટે રાખે એમ કરવું. ચોપડીમાં મોં ઘાલી વાંચવા દેવું નહિ; કેમકે તેથી દ્રષ્ટિ ટુંકી અગર વાંકી થાય છે. બધો વખત બેસીને વાંચવા દેવું નહિ, પણ હરતાં ફરતાં વાંચે એમ કરવું, તેથી શરીરમાં લોહી બરાબર ફરશે અને હુશીઆરી આવશે. લખતી વખતે ટેબલ, સ્ટુલ, કે બાજોઠ રાખી સીધા બેસી વાંચે તથા લખે એમ કરવું, વાંકા વળીને તથા માથું ઘાલીને વાંચવા તથા લખવાથી બરડો દુઃખે છે અને આંખને નુકશાન થાય છે. રાત્રે ઘણા વખત સુધી વાંચવા દેવું નહિ. પાઠ દિવસના કરવા ઠીક છે. એરંડીએલ તેલના, તલના તેલના કે મિણબત્તીના દીવાએ વાંચવા તથા લખવાનું રખાવવું, પણ ગ્યાસલેટ તેલના દીવાએ વાંચવા કે લખવા દેવું નહિ, કારણ તેનો ધુમાડો ગળામાં જવાથી ઉધરસ, ક્ષય વગેરે છાતીનું દરદ થવાનો તથા આંખનું તેજ ઘટવાનો સંભવ છે. કદી તેવે દીવે વાંચવા કે લખવાની જરૂર પડે તો ચીમની કે લેમ્પનો દીવો ઉંચો ટાંગી તેના પ્રકાશે વાંચવા કે લખવા દેવું, પણ ખુલ્લા ડબાએ વાંચવા કે લખવા દેવું નહિ. વગેરે, વગેરે—આમાં દર્શાવ્યા પ્રમાણે કેળવણી આપવાથી બાળકો ઘણુંજ ઉત્તમ નીકળી આવશે. દેશકાળને અનુસરતી કેળવણી આપવા વિષે એક કવિએ કહ્યું છે કેઃ—

શાર્દૂલવિક્રિડિતવૃત્ત.

જે વિદ્યા ધન ધાન્ય માન્ય ફળદા, જે દેશકાળે જુઓ:
તે વિદ્યા સુતને સદૈવ શિખવો, ખાલી ન વેળા ખુઓ.
જે વિદ્યા ભણવાથિ ભીક્ષુક રહે, તે તો કશા કામની;
જુની જેહ નદી થઈ જળ વિના, તે તો નદી નામની.

બાળનિત્યબોધ.

પ્રિય બાળકો ! તમો આ સંસારમાં પુર્વના ઘણાજ પુણ્ય પ્રતાપે મનુષ્ય જેવા ઉત્તમ જન્મને પામ્યા છો. મનુષ્ય જન્મ એ સર્વ પ્રાણી માત્રના જન્મમાં શ્રેષ્ઠ ગણાય છે. એ શ્રેષ્ઠપણું તેના ઉત્તમ ગુણોએ કરીને ગણાય છે. જો એ ઉત્તમ ગુણો ન હોય, તો મનુષ્ય અને બીજા પ્રાણીમાં વધારે ફેર ન ગણાય. ઉત્તમ ગુણોથી મનુષ્ય **માનવરત્ન** અને નીચા ગુણો (દુર્ગુણો)થી **માનવપિશાચ** ગણાય છે. માનવરત્ન થયે સ્વર્ગ સુખ, અમર કીર્તિ અને મોક્ષફળ મળે છે અને માનવપિશાચ થયે નર્ક દુઃખ મળી ફરી ચોરાશી લાખ અવતારના દુઃખદાયક ફેરા ફરવા પડે છે. માટે અખંડ સુખ લેવાની ઇચ્છાવાળા મનુષ્યે માનવરત્ન પદ મેળવવું ઉચિત છે. એ પદ લેવા અને સંસાર વગર અડચણે ચલાવવા માન્ય પુરૂષોએ માન્ય કરેલાં વચનામૃતોનું નિત્ય સ્મરણ તથા મનન કરવું અને એવું આચરણ રાખી વર્તવું, એ સર્વ પ્રકારે શ્રેયકારક છે.

૧. પ્રાતઃકાળમાં વહેલાં ઉઠી ઇશ્વિર સ્મરણ કરતાં પોતાના ધંધામાં લાગવું. વહેલા ઉઠવાથી શરીર આરોગ્ય રહે છે, ચંચળતા આવે છે, મન આનંદમાં રહે છે, અને દરેક કાર્ય સંધ્યાકાળે સંપૂર્ણ થાય છે. વખત ઘણો મળવાથી ઘણું કામ થાય છે. તેથી લક્ષ્મીનો ઘણો લાભ મળે છે.

૨. નિત્ય જળ સ્નાન કરતાં રહેવું. જળ સ્નાનથી શરીરના કેટલાક રોગો જતા રહે છે, ચંચળતા આવે છે, સુસ્તી જતી રહે છે અને સ્વચ્છતાઇથી મન આનંદમાં રહે છે.

૩. બાળપણથીજ ધર્મનું આચરણ કરવું, કેમકે જેમ પાકેલાં ફળને પડવાનો ભય છે. તેમ મનુષ્યના જીવિતને ક્ષય થવાનો ભય છે. માટે વિવેકી મનુષ્યે પાપનો ત્યાગ કરી આત્માનો વિચાર કરવો.

૪. દરેક મનુષ્યે પોતાના ઇષ્ટદેવનું પુજન, સ્મરણ અને ધ્યાન કર્યા વગર કાંઇ પણ કાર્ય કરવું નહિ.

૫. ઇશ્વિર જે પરબ્રહ્મ તે દરેક મનુષ્યના હૃદયમાં વ્યાપક છે. માનવી તેને જાણતો નથી, પણ મનુષ્ય જે જે કૃત્યો કરે છે તેને તે નિહાળે છે, અને લક્ષમાં રાખે છે. આત્મા તેનો સાક્ષી છે અને તેના પોતાના આશ્રયનુ સ્થળ છે—એ મનુષ્યનો સર્વથી મોટો સનાતન સાક્ષી છે. તેના હુકમની અવજ્ઞા કરવી નહિ. તેનાથી ડરતા રહીને સર્વ કાર્યો કરવાં.

૬. આપણા કલ્યાણના કારણે પરમેશ્વરપર પ્રીતિ રાખવી, વિશ્વાસ રાખવો, અને તે પોતાને યોગ્ય લાગશે એમ કરશે, એવું વિચારવું.

૭. નિત્ય સવારમાંજ પરમેશ્વરના ઉપકારનું સ્મરણ કરવું. તેની શેવામાં તત્પર રહેવું અને આત્માર્પણ કરી તેને શરણે જવું કે તે મોક્ષફળને આપે.

૮. પરમેશ્વર દયાળુ અને સર્વ પદાર્થોનો દાતા છે. તે સર્વ જગતનો ન્યાય કરનાર છે. જે લોકો માઠાં કર્મ કરે છે, તેને શિક્ષા કરશે એમ નિશ્ચયથી જાણવું.

૯. મનુષ્યને માઠી કલ્પના અપવિત્ર કરે છે. ખાવા પીવા ને નહાવાધોવાથી પવિત્રપણું નથી, પણ અતઃકરણ નિર્મળ છે તેજ પવિત્રપણું છે, અને તેનાપર પરમેશ્વરની દૃષ્ટિ છે. માટે અંતઃકરણ નિર્મળ રાખવું.

૧૦. પરમેશ્વરે આપણને શા માટે પેદા કર્યા છે. તે વિષે રાતદિવસ ચિંતવન કરવું અને આત્મ સ્વરૂપને ઓળખવું.

૧૧. પરમેશ્વરની સત્તાથીજ સંસારમાં મોટપ અને નહાનપ પ્રાપ્ત થાય છે. માટે મોટપનો માનવીએ ગર્વ કરવો નહિ.

૧૨. દેવ, પીતૃ અને પોતાની જીંદગીનાં મુખ્ય કર્ત્તવ્ય કર્મો કરવામાં બેદરકારી કરવી નહિ.

૧૩. માતા, પિતા એ પરમેશ્વરથી બીજે દરજ્જે પૂજ્ય અને સેવ્ય છે. માટે તેનાપર પૂજ્ય ભાવ રાખવો, તેમની યોગ્ય આજ્ઞાઓ માનવી. આનંદ અને સંતોષ આપવો, તથા તન, મન, ધન અને કર્મથી તેની સેવા કરવી. તેથી પરમેશ્વર પ્રસન્ન થશે.

૧૪. આચાર્યોએ બતાવેલે રસ્તે જવું તેથી ઉલટે રસ્તે જવું નહિ.

૧૫. કયે રસ્તે જવું તે વિષે મનમાં શંકા ઉત્પન્ન થાય, તો જે રસ્તે પુખ્ત વિચારવાળા વિદ્વાન તથા શોધક બુદ્ધિવાળાં મનુષ્યો વર્ત્તતાં હોય તે રસ્તે જવું.

૧૬. સારા લોકો અને શાસ્ત્રની શિખામણ કઠણ લાગે ખરી પણ તે હિતકારક હોય છે. માટે તે માનવી અને તે પ્રમાણે વર્ત્તવું જોઇએ.

૧૭. કોઈ ગરીબ મનુષ્યને જોઈ તેનો અનાદર કરવો નહિ કેમકે કદાચિત કોઇ વેળા આપણી પણ એવી દશા આવે.

૧૮. મન, વચન અને કર્મથી સારાં કે માઠાં જેવાં કર્મ કરવામાં આવે છે, તે પ્રમાણે તેનાં સારાં કે મીઠાં ફળ થાય છે અને એથી કરીને મનુષ્ય ઉત્તમ,

મધ્યમ, અને અધમયોનિમાં પુનર્જન્મ લે છે અને કર્મયોગે સુખ દુઃખ ભોગવે છે. એ તેમની વર્ત્તણુંકનું ફળ છે. માટે સારાં કર્મો કરવાં.

૧૯. ધર્મનો નાશ થવાથી આ દેહમાં રહેલા આત્માને લગતાં પાપ અને ધર્મ પ્રમાણે યોગ્ય વર્ત્તણુક કરવાથી થતાં પુન્યનો વિચાર કરીને હમેશાં સદ્દગુણ ઉપર પ્રીતિ રાખવી અને વિચાર, વાણી, અને કર્મથી હમેશાં પવિત્ર વર્તણુક ચલાવવી.

૨૦. આપણેજ આપણા મિત્ર અને દુસ્મન છીએ માટે આપણું કલ્યાણ આપણેજ કરવાને યત્ન કરવો જોઇએ.

૨૧. પ્રાતઃકાળમાં ઉઠી પરલોકમાં જેમ હિત થાય તેવું ચિંતવન કર્યા પછી કાર્યનો વિચાર કરવો; કેમકે અકસ્માત મરણ પ્રાપ્ત થાય તો ધર્મ કરવો બને નહિ. ધારો કે સો વર્ષનું આયુષ્ય છે; તોપણ અતિ અલ્પ છે; કેમકે અર્ધ આયુષ્ય રાત્રિના નિદ્રામાં જાય છે અને અર્ધ આયુષ્ય બાલ્ય, શોક, જરા અને દુઃખથી નિષ્ફળ જાય છે. જેનો જન્મ ધર્મ, અર્થ, અને કામને અર્થે થતો નથી, તે મનુષ્યનો જન્મ તૃણ બરોબર સમજવો.

૨૨. મનુષ્યનું મન એજ બંધન ને મોક્ષનું કારણ છે. વિષયના પદાર્થને વળગી રહેવું, એ તેના બંધનનું કારણ છે અને તે પદાર્થથી મનને અળગું કરવું એજ મોક્ષનું સાધન છે. મોક્ષ મેળવવા માટે પરબ્રહ્મ પરમાત્માનું વિષયના પદાર્થથી મનને અળગું કરીને જ્ઞાનવડે મનન કરવું.

૨૩. વસ્ત્રાલંકાર પહેરી શરીર શોભાવવા કરતાં સદ્દગુણોથી શોભાવવાની વધારે કાળજી રાખવી.

૨૪. સત્યનોજ વિજય થાય છે. અસત્યનો નહિ. અસત્ય કરતાં બીજું વધારે પાપ નથી. માટે હમેશાં સત્યને વળગી રહેવું.

૨૫. ન્યાય (ધર્મ) નીતિએ વર્તો. એનો લય થયો તો સર્વનો નાશ થશે, એનું સંરક્ષણ થશે, તો સર્વનુ રક્ષણ થશે. માટે સાવધ રહીને તેનું સંરક્ષણ કરો.

૨૬. તન, મન અને ધનથી સર્વ પ્રાણી માત્ર ઉપર દયા કરવી. કાયા, વાણી અને મનને નિયમમાં રાખવાં. પ્રાણી માત્રને સુખ મળે અને તેનું કલ્યાણ થાય એમ કરો.

૨૭. શત્રુ કે મિત્ર કોઇપર અદેખાઈ કરવી નહિ. સર્વનું સારૂ ચાહવું, ક્રોધને કાળ સમાન ગણવો; કેમકે તેથી માણસની ચતુરાઈ અને અક્કલ ક્રોધના ઉદય સમયે મંદ પડી જાય છે. ક્રોધથી કરેલાં કાર્ય પસ્તાવા રૂપ થઈ પડે છે. માટે ક્રોધ ન કરવો.

૨૮. આળસુ માણસ કોઇને વહાલું નથી. માટે આળસ છોડી ઉદ્યોગે વળગો. એક પળ પણ આળસમાં વૃથા જવા દેશો નહિ; કેમકે ગયો વખત ફરી મળતો નથી.

૨૯. સગાંમાં સૌ સાથે સંપથી રહેવું, કુટુંબમાં વડિલોને માન આપવું. ઘર સંપત પ્રમાણે વસ્ત્રાલંકાર પહેરવામાં સંતોષ રાખવો, કોઇનાં સારાં દેખી તેવાં કરાવવા ગુંજાસ ન હોય તો કલેશ કરવો નહિ.

૩૦. કોઈ આબરૂદાર, વડિલ, પરોણો, વિદ્વાન અને ગુરૂ વગેરે મનુષ્ય ઘેર આવે, ત્યારે ઉભા થઈ વિવેક વચનો વગેરેથી આદરસત્કાર કરી તેને સંતોષ પમાડવો.

૩૧. સહજમાં કોઈ માણસની કીંમત કરી મૂર્ખાઇથી તેને હલકો ગણી તિરસ્કાર કરશો નહિ. સામો માણસ જ્યાં સુધી વિશ્વાસને પાત્ર જણાય નહિ ત્યાં સુધી આપણા અંતરનો પાર આપવો નહિ.

૩૨. જે માણસને ચાડી કરવાની ટેવ હોય, તેવા માણસનો વિશ્વાસ કરવો નહિ. તેમજ એક બીજાની વાત કરી આઘા પાછી કરવાની ટેવ રાખવી નહિ.

૩૩. અભિમાની મનુષ્ય મોટા દુઃખને પામે છે, તે કોઇનો પ્રીતિપાત્ર થતો નથી. તે સર્વ અનર્થનું મૂળ ગણાય છે. તે અંતે દુઃખી થાય છે, માટે મિથ્યાભિમાન રાખવું નહિ.

૩૪. માતા, પિતા, ભ્રાતા, પુત્ર, પત્ની, કન્યા, બેન, પુત્રવ અને દાસ દાસીઓ સાથે વિવાદ કરવો નહિ. મોટા ભાઇને પિતા તુલ્ય ગણવા. સ્ત્રી, પુત્રને શરીર પ્રમાણે, દાસદાસીને શરીરની છાયા સ્વરૂપ, અને કન્યાને કૃપાપાત્ર ગણી, તેની ભૂલ થઈ હોય તોપણ સહનતા રાખવી મોટા ભાઇને પિતા પ્રમાણે, મોટી બેન અને બાલ્યકાળની ધાવને માતા પ્રમાણે, નાના ભાઇને પુત્ર સમાન અને તેની સ્ત્રી પુત્રવધુ સમાન ગણી સત્કાર કરવો.

૩૫. બાળકોએ પોતાની ઉમર સોળ વર્ષની થાય, ત્યાં સુધી પોતાની બુદ્ધિએ ચાલવું નહિ. ઘર આગળ માબાપની આજ્ઞાએ અને નિશાળમાં માસ્તરની આજ્ઞાએ ચાલવું. સારો અગર માઠો જે ગુણ બાળપણમાં આવે છે, તે જીંદગી પર્યંત જતો નથી. કુમળું ઝાડ જેમ નમાવીએ તેમ નમે, પણ કઠણ થયા પછી નમતું નથી. માણસની બુદ્ધિ મોટપણે જડ થાય છે. નિશાળે નિત્ય વખતસર જવું. જવાની વેળા ચૂકવી નહિ. બધાં બાળકો કરતાં હું સૌથી વહેલો પાઠ શિખી જઇશ, એવું અભિમાન રાખવું. રોજ નવું નવું શિખતા જવું, નવું શિખ્યા વગર દિવસ વૃથા કાઢવો નહિ. નિશાળે જતાં રસ્તામાં રઝળવું નહિ, કે ખરાબ છોકરાની સંગતે રમવું નહિ. બાળપણામા વિદ્યા યાદ રહે છે અને મોટપણે તેનો અનુભવ આવીને સમાધાન થાય છે, માટે અભ્યાસ કરવામાં બેપરવાઈ રાખવી નહિ.

૩૬. કોઈ પણ મનુષ્યને કોઇ પ્રસંગે મન, વચન, અને કર્મથી કોઈ પ્રકારનું દુઃખ દેવું નહિ. દુઃખ ન દેવાનો નિયમ આપણને દયા, ધર્મ, ભક્તિ અને આરાધન વગેરે સદ્દગુણોનાં ધ્યાન કરવા મદદ કરે છે. એ આપણું પ્રૌઢ સામર્થ્ય અને ગૌરવવાળો મિત્ર છે તથા સુખ, સત્યતા ને સઘળાં સારાં વાનાનું ઉત્પત્તિસ્થાન છે.

૩૭. દયા એ સદ્‌ગુણી મનુષ્યનું સામર્થ્ય છે. આપણાપર નિર્દયતા વપરાઇ હોય, તો તેનો બદલો નિર્દયતાથી આપશોમાં, પણ દયાથી આપશો.

૩૮. કૃતઘ્નતાના અપરાધનો ગુન્હો જે કરે છે, તે પ્રાયશ્ચિત્તથી પવિત્ર થતો નથી. માટે કૃતઘ્નતા કરવી નહિ.

૩૯. પરમાર્થ બુદ્ધિનો અનાદર કરતા નહિ, 'હલકા મનના કહે છે કે શું એ મનુષ્ય આપણા કુટુંબનો છે?' પણ મોટા મનના મનુષ્યો બધાને પોતાના સગાં સમાન ગણે છે. જે કોઇને દુઃખ ન દેતાં સર્વનું રૂડું ઇચ્છે છે, તે અક્ષય સુખને ભોગવે છે. માટે પરમાર્થ બુદ્ધિપર પ્રીતિ રાખવી. પરમાર્થ કરવાથી જેવો આપણા આત્માને સંતોષ થાય છે, તેવો વિલાસ ક્રિડાથી થતો નથી.

૪૦. પ્રમાણિકપણે ધન, ધાન્ય સંપાદન કરવુ, અને જેમને આશ્રયની જરૂર હોય, તેમને યથાશક્તિ ખુશીથી આપવું. લોભ કરવો નહિ. કેમકે લોભ એ પાપનું મૂળ છે.

૪૧. સ્વાર્થીપણાનુ વલણ દુઃખનું કારણ છે. એ દુર્ગુણને શ્રમથી દૂર કરવો જોઇએ. કદી પણ સ્વાર્થીપણું રાખવુ નહિ.

૪૨. મનુષ્યને પુનર્જન્મ ધારણ કરવામાં માત, પિતા, પત્ની, પુત્ર વગેરે સગાંસ્નેહીઓ કોઈ સાથે થતું નથી. ફક્ત કરેલા કર્મજ સાથી થાય છે, માટે પોતાથી અળગાં ન થાય, એવો સોબતી મેળવવાને મનુષ્યે હમેશાં સદ્‌ગુણોનો સંગ્રહ કરતાં રહેવુ. સદ્‌ગુણને પોતાનો ભોમીઓ કરવાથી જે અંધારૂ તરવાને કઠણ છે, તેમાં થઇને તે પસાર થાય છે.

૪૩. ધર્મનાં મુખ્ય દશ તત્વ છે. **સંતોષ**—બીજાને દુઃખ ન દેવુ—**પરોપકાર અને અપકારને** બદલે **ઉપકાર** કરવો—**વિષયવાસના**નો અટકાવ—**ચોરી** કરવાનો અને **અયોગ્યલાભ** મેળવવાનો પ્રયત્ન ન કરવો—**પવિત્રતા, શિયળ** ને **નિર્મળતા—મનનાધર્મ**ને દબાણમાં રાખવા—**જ્ઞાન** પ્રાપ્ત કરવું—**ઈશ્વર** સંબંધી જ્ઞાન મેળવવું—**સત્ય, પ્રમાણિકપણું** અને **કૃતજ્ઞતા—ક્રોધ** અને **ઇર્ષા** કોઇપર ન રાખવી—એ ધર્મતત્વો પ્રમાણે વર્તનાર ધાર્મિક કહેવાય છે. માટે એ પ્રમાણે વર્તવું કલ્યાણકારક છે.

૪૪. સૂતી વખતે ઉત્તર કે પશ્ચિમ તરફ મસ્તક રાખીને સૂવુ નહિ.

૪૫. ઉત્તમ મનુષ્યોએ બતાવેલા નિયમો પ્રમાણે ચાલવા ચૂકવું નહિ. ચૂકવાથી અવશ્ય અડચણ થાય છે.

૪૬. અન્ન વડે પ્રાણીઓના પ્રાણ રહે છે. તેથી સર્વ દાનમાં અન્નદાન શ્રેષ્ટ ગણાય છે. માટે કોઇ અતિથિ આંગણે આવે, તો તેને યથાશક્તિ અન્ન આપવું.

૪૭. રાત્રિએ બહાર અગર કોઈ ભયકર જગ્યોએ રહેવું નહિ તથા રાત્રિએ નિર્ભય મને ફરવાનો સ્વભાવ રાખવો નહિ.

૪૮. સંપત છે તે સ્વપ્ન સરખી, યૌવન છે તે પુષ્પ સરખું અને આયુષ્ય,

વીજળી સરખું ચપળ છે. એમ જાણી સુકૃત્યોથી જીંદગીનું સાર્થક કરવા તત્પર રહેવું.

૪૯. સકટ આવે તોપણ દુરાચારે ચાલવું નહિ, મુસાફરને મદદ કરવી, ધર્મ સંબંધી દ્વેષ કરવો નહિ, સંતોષ અને સાદાઇ રાખવી.

૫૦. મહેનતથી કટાળવુ નહિ, વ્યવહારમાં કુશળ રહેવું, રસ્તો ભૂલનારને બતાવવો.

૫૧. કોઈ સાથે શત્રુવટ કરવી નહિ, વ્યભિચાર કરવો નહિ, કેફી વસ્તુ પીવી નહિ, જે દારૂના વ્યસનમા ફસાય છે. તે મનુષ્યની ઘણી દુર્દશા થાય છે. વ્યસનનો ત્યાગ એ સુખનુ મૂળ છે. માટે કોઇ જાતનુ વ્યસન કરવું નહિ.

૫૨. આપણું જેણે ભલુ કર્યું હોય, તેનુ ભલું કરવા ચિંતવન કરવું. તેના-પર પ્રીતિ રાખવી. કદી આપણાથી મોટો માણસ હોય, ને તેનો બદલો આપણાથી વળી શકે એમ ન હોય, તો તેનાપર પ્રીતિભાવ રાખવો અને ઇશ્વર તેનું ભલું કરે એવી પ્રાર્થના કર્યા કરવી.

૫૩. પરસ્ત્રીપર કુદૃષ્ટિ કરવી નહિ, પરદ્રવ્ય હરણ કરવા ઇચ્છવું નહિ, કોઇની થાપણ ઓળવવી નહિ. દગો કરવો નહિ.

૫૪. ભલે દુઃખી અવસ્થા આવે અગર તેમાં પીડાતા હોઇએ, તોપણ ધર્મની મર્યાદા ઉલ્લંઘન કરવી નહિ. જ્યાં ધર્મનું કામ આવે, ત્યાં ગમે તેવું સકટ વેઠીને પણ તે કાર્ય પાર પાડવું, એ ધર્મિષ્ઠ મનુષ્યનો ધર્મ છે.

૫૫. મનુષ્ય જેવી મડળીમાં રહે છે, તેવો તે ઓળખાય છે. અર્થાત્ સારાની સોબતથી સારા અને નરસાની સોબતથી નરસાં થાય છે. માટે જેમ બને તેમ સદ્દગુણી મનુષ્યની સોબત કરવી. દુર્ગુણીને પડખે પણ ચડવું નહિ. સજ્જનના સમાગમથી જેવું સુખ થાય છે, તેવું બીજા કશાથી થતું નથી.

૫૬. મિત્ર કે બેનપણી સાથે કપટ કરવું નહિ, તેનાથી આપણને માઠું લાગે એવું થયુ હોય; તોપણ તેને સ્પષ્ટ કહીને તેનો ઉપાય કરવો, તે સરળ ભાવથી ઠપકો દે તો તેના પર ખોટું લગાડવું નહિ.

૫૭. નિત્ય સાયકાળે આખા દિવસમાં જે જે અજાણતાં પાપકર્મ થયાં હોય તે સર્વને એકે એકે તિરસ્કાર કરીને અંતઃકરણથી પશ્ચાતાપ કરવો અને ઇશ્વર પાસે ક્ષમા માગવી તથા ફરીથી પાપ ન કરવાની પ્રતિજ્ઞા લેવી. વખતે અજા-ણતાં પાપકર્મ થઇ ગયું હોય, તો વિચાર કરવો કે એ શાથી થયું અને ફરી ન કરવાનો નિશ્ચય કરવો. એ માટે ઇશ્વર પ્રાર્થના કરવી, કે તે ક્ષમા કરે અને પ્રતિજ્ઞા પાળવાનું સામર્થ્ય આપે.

૫૮. ચોરી કરવી નહિ. કોઇની પાઇ પૈસો કે કંઇ ચીજ મળે તો તરત તેના ખરા માલેકને શોધી સ્વાધીન કરવી, પણ લુચ્ચાઇથી છુપાવી રાખવી નહિ. છુપાવી રાખવાથી અંતે મોટી ચોરી છુપાવવાની ટેવ પડે છે, અને પરિણામે તેનાં માઠાં ફળ થાય છે.

૫૯. ધનનો, માણસનો, અને જુવાનીનો ગર્વ કરવો નહિ; કેમકે કાળ એ સર્વનો ક્ષણમાં નાશ કરે છે.

૬૦. **સહનશીલ** થવું. બોલકણો સ્વભાવ નહિ રાખતાં; પ્રયોજન જેટલુંજ મધુર વચને બોલવું. કોઇને દુઃખ લાગે એવુ કડવુ વચન બોલવુ નહિ; કેમકે તેથી વૈરભાવ ઉત્પન્ન થઇ વખતે નુકશાન કરે છે.

૬૧. વૃથા કાળ ગુમાવવો નહિ. માન અપમાન પેટમાં રાખવું. દુર્ગુણથી ડરતા રહેવું. તન, મનથી પ્રૌઢ થવું.

૬૨. સારી રીતે પાળેલા પરાયા ધર્મ કરતાં, ગુણહીન પણ પોતાનો વર્ણાશ્રમનો ધર્મ ઉત્તમ છે. પોતાના વર્ણાશ્રમનો ધર્મ પાળતાં મરણને શરણે થવું પડે, તોપણ તે ઉત્તમ છે. પરાયો ધર્મ આલોક તથા પરલોકમાં સર્વત્ર ભયને ઉપજાવનાર છે. માટે સ્વધર્મ ઉપર આસ્તા રાખવી અને તેજ પાળવો.

૬૩. જે માણસ પોતાનો જાતિધર્મ છોડીને પારકા ધર્મમાં જાય છે અથવા પોતાના ધર્મને નિંદિત વચન કહીને પારકા ધર્મની સ્તુતિ કરે છે, તેના જેવું અજ્ઞાની અને પાપીઓનુ પાપભરેલું કામ બીજુ કોઈ ન સમજવું.

૬૪. અખિલ બ્રહ્માંડપતિ જે પરમાત્મા કે જેની શક્તિનો અને કર્ત્તવ્યનો પારજ નથી, તેને જોઇએ તો સાકર રૂપે ભજો, કે નિરાકારરૂપે ભજો, પણ હમેશાં અંતઃકરણથી તે મહાશક્તિવાનની સ્તુતિ કરવાને કદી ચૂકતા નહિ.

૬૫. દર્પણમાં જોવાથી પોતાના મુખની છબી કેવી છે, તે સ્પષ્ટ માલમ પડી આવે છે. તેમ ધર્મશાસ્ત્ર સમજ્યાથી આ સંસારમાં પોતાને કેવાં કામો કરવાનાં છે, તે ખુલ્લી રીતે માલમ પડે છે. માટે પરભાષા અને પરાયાં ધર્મશાસ્ત્ર જાણવા પહેલાં પ્રથમ પોતાનીજ ભાષા અને પોતાનાંજ શાસ્ત્ર સમજવાં. જેમ ગુરૂ વગર જ્ઞાન થતું નથી. તેમ ધર્મશાસ્ત્ર સમજ્યા વગર ગતિ મળવાનું જ્ઞાન મળતું નથી. સ્વધર્મ પાળવામાં અને પોતાનુ જાતિ ખટકર્મ કરવામાં હમેશાં પવિત્રતા વાપરીને નીતિથી ચાલવું.

૬૬. જેમ છાપરૂ એ ઘરનું ઢાંકણુ છે. તેમ ચામડી એ શરીરનું ઢાંકણુ છે. માટે ચામડી સ્વચ્છ રાખી સુઘડતાઈ વધારો.

૬૭. કાચા કાન રાખવા નહિ. કોઇ માણસ બીજાની સાચી જૂઠી વાત આવીને કહે, તેનો ખરો તપાસ ને વિચાર કર્યા વગર તે સાચી માનવી નહિ.

૬૮. ક્ષમા ગુણ એ મનુષ્યનું ભૂષણ છે. કોઇએ આપણો અવગુણ કર્યો હોય તો તેનો બદલો (શિક્ષા કરીને) ન લેતા ક્ષમા કરવી. ક્ષમાવાનને કોઈ શત્રુ નહિ રહેતાં, પરમ સુખને પામે છે. કહ્યું છેઃ—

ક્ષમા સબનકું વશ કરે, ક્ષમા કહા નહીં હોય;
ક્ષમા ખડગ જેહિ હસ્તમે, દુર્જિન રહે ન કોય.

૬૯. ઉપજ કરતાં ખર્ચનો વધારો કરવો નહિ. ઉપજ ખર્ચનો હિસાબ રાખવો. વરો વિચારીને સપત પ્રમાણે કરવો, કરજ કરી ફુલણજી બનવું નહિ.

૭૦. નીચું માથુ રાખી સુવું નહિ તેમ ઉચું સુવું નહિ. ઘણો ઉજાગરો કરવો નહિ, વધારેમાં વધારે નિદ્રા ૬–૭ કલાક લેવી, બનતાં સુધી ઔષધનો ઉપયોગ કરવો નહિ. કાન ખોતરવા નહિ.

૭૧. સ્વાભાવિક છીંક, બગાસા, મૂત્ર, ઝાડો એ સર્વ રોકવાં નહિ. એ રોકવાથી નુકશાન થાય છે. ઘણો વાયુ, તડકો, વરસાદ અને નદીના પૂરમાં ચાલવું નહિ, સૂર્ય કે ઝીણી વસ્તુ સામે એકી નજરે જોવુ નહિ. તેથી આંખને નુકશાન થાય છે.

૭૨. સદ્ગુણનો પક્ષ કરવો, પણ દુર્જનનો પક્ષ કરવો નહિ. ગુણીના પક્ષથી લાભ થાય છે, પણ દુર્જનના પક્ષથી ક્ષય થાય છે.

૭૩. બનતાં સુધી થોડું જમવું–મિતાહારી રહેવુ, ઘણા આહારથી અજીર્ણ થઇ અનેક રોગ થાય છે. નિત્ય વખતસર ખાવું અને પચે એવું તથા એટલું ખાવું, પૌષ્ટિક ખોરાક ખાવો, પણ તાણીને ખાવો નહિ. સાદો ખોરાક, કસરત અને સ્વચ્છ હવાથી શરીર ઘણું સુધરે છે. માટે એ પર ઘણું લક્ષ રાખવું.

૭૪. પવિત્ર સ્ત્રીએ મન વચન અને કર્મથી પતિનો ત્યાગ કરવો નહિ, કદી કુટિલ જન શીયળધર્મથી ભ્રષ્ટ કરાવવાનો પ્રયત્ન કરે, તોપણ પ્રાણ જતાં સુધી પાતિવ્રત્યનું સંરક્ષણ કરવું એ તેમનો પરમ ધર્મ છે.

૭૫. શાણપણાથી વિનયપૂર્વક, ગભીરપણે પ્રીતિ ભાવથી દાન કરવું, દાન કરવામાં ડોળ કરવો નહિ. દાન કરવું એજ ઉત્તમ છે એમ સમજી કરતા રહેવું.

૭૬. મન અને ઇંદ્રિયો વશ રાખવાં. કોઇપિર જુલમ કરવો નહિ, કોઇને છેતરવું નહિ અને જુગટું રમવું નહિ.

૭૭. કોઇ વસ્તુનો એકલપેટાઇથી ઉપયોગ ન કરતાં, બીજાઓ સાથે મળી ઉપયોગ કરવો. વિવેક, વિનય અને મર્યાદાથી સર્વ સાથે વર્તવું.

૭૮. ઐહિક વસ્તુઓપર મોહ રાખવો નહિ. આપણો ધર્મ બજાવવામાં કદી પાછળ પડવુ નહિ, અને આપણા હિતની બાબતો વિષે બેપરવાઇ રાખવી નહિ.

૭૯. આપણી દોલતની સંભાળ રાખવી. જે વસ્તુ બીજાની છે, તે મેળવવાની ઇચ્છા રાખવી નહિ.

૮૦. પરોપકાર કે દાન કરવું, તેમાં સામા તરફથી કંઈ પણ આશા રાખવી નહિ. કાંઈ ઇચ્છા રાખી તેને પોતાની વસ્તુ આપવી એ આપ્યું ગણાતું નથી. માટે સામાના ઉપકારની ઇચ્છા વગર દાન કે પરોપકાર કરવાં.

૮૧. જે માન્ય સ્ત્રી પુરૂષ હોય, તેનું અપમાન કરવું નહિ. અપમાન કરવાથી માઠું થાય છે. આપેલું વચન પાળવું, નહિ પાળવાથી તોલ ઘટે છે.

૮૨. હરકોઇ કાર્ય કે વિદ્યા કપટથી શિખવું કે કરવું નહિ. તેમ કરવાથી અંતે હાની થાય છે. ગુરૂની ભક્તિ કરવાથી તે પોતાના અંતઃકરણથી વિદ્યા

ભણાવે છે અને અંતઃકરણથી પ્રેમપૂર્વક ભણાવેલી વિદ્યા વધારે ફળદાયક થાય છે. માટે ગુરૂ ઉપર પ્રીતિભાવ રાખવો અને તેની ભક્તિ કરવી.

૮૩. સ્ત્રી પુરૂષે ઉત્તમ મનુષ્યની ચાકરી કરવી, પણ નાશવંત અને ચપળ લક્ષ્મીમાં મોહિત થઈ નીચની સેવા કરવી નહિ.

૮૪. સ્ત્રી વશ પુરૂષ સુખ પામતો નથી. સ્ત્રીને વચન આપતાં પણ ખૂબ સાવધ રહેવુ; કેમકે મૂર્ખ સ્ત્રી વખતે જીવનું જોખમ કરાવે છે. પાણી ગળેલું અને સ્વચ્છ પીવામાં લેવું, નહિ તો શરીરમાં અનેક રોગને ઉત્પન્ન કરે છે. વસ્ત્ર સાદાં અને સ્વચ્છ પહેરવાં. પગ ગરમ અને માથું ઠંડું રાખવું એ સર્વ પ્રકારે સુખને આપનારાં છે. વગેરે, વગેરે.

શાર્દૂલ વિક્રીડિત.

" દે વિદ્યાની વિભૂતિ ઈશ્વિર કરો, સર્વે અવિદ્યા પરી,
સત્કર્મે ફળના સુયોગ કરીને, દેજો મતિ પાંશરી;
અભ્યુદિત આ જગત્ સુવિચરૈં, વેદાન્ત માર્ગે સદા,
પામે મુક્તિ, સ્વધર્મ પૂર્ણ કરીં, મૌ અત્યંત જે સુખદા."

આયુષ્ય વધારવાનો ઉપાય.

આ સૃષ્ટિમાં સર્વ પ્રાણીમાત્ર કરતાં મનુષ્ય સર્વથા શ્રેષ્ઠ છે, અને તેમની જીંદગી સૌથી વધારે ઉપયોગની છે. જેમ તે લાંબી મુદત ચાલે તેમ વધારે ઉપયોગી થઈ શકે છે. શું ઉપયોગી થઇ શકે છે? ખાવું, પીવું, ઉંઘવું અને બેસી રહેવું. એજ કે? ના એ ઉપરાંત તેનામાં જે ઈશ્વિરી બીજ બુદ્ધિ અને ઇંદ્રિયો વગેરે આપેલાં છે, તેને વધારી સુઉપયોગ કરવાને, સંપત્તિ અને સ્ત્રી પુત્રાદિકથી સંસારમાં લ્હાવો લેવાને અને પોતે સુખી થઇ બીજાને સુખી કરવાને, પરોપકારનાં અનેક સુકૃત્યો કરી જગતને લાભકારક થવાને અને ઈશ્વિરની ભક્તિ કરી મુક્તિ પામવાને દીર્ધાયુષ્યની વધારે જરૂર છે; પરંતુ તે શી રીતે થઈ શકે? વિધાતાએ તો છઠ્ઠીના જે લેખ લખી આયુષ્ય નિર્માણ કર્યું છે, તે કદી મિથ્યા થનાર નથી. છઠની સાતમ કેમ થઇ શકે? વગેરે તર્ક વિતર્ક કરી કેટલાક મનુષ્યો કલ્પનાઓ દોડાવે છે, પણ તેમના આવા બોલવાપર કશો ભરૂસો રહેતો નથી; કેમકે આર્વાચીન કાળમાં અનેક શોધો, તપાસો અને દાખલા દૃષ્ટાંતથી સિદ્ધ થયું છે, કે પરમ કરૂણાકર પરમેશ્વરે કેટલાક એવા નિયમો સ્થાપિત કર્યા છે, કે તે પ્રમાણે ચાલવાથી જીંદગી લંબાવી શકાય છે. જે બીજથી ઉત્પત્તિ થવાની હોય, તે

સર્વાંગે સુંદર અને સર્વ રીતે સંસ્કાર પૂર્ણ હોવું જોઇએ—માબાપનું શરીર તનદુરસ્ત અને સબળ હોય, તો છોકરાં પણ તેવાંજ થાય અને કુટુંબના માણસો મણ પુરૂષાનુક્રમથી લાંબુ આયુષ્ય ભોગવે છે. **ટામ્સપાર** નામનો એક માણસ ૧૫૨ વર્ષ જીવ્યો. તે ૮૦ વર્ષની ઉમરે પેહેલીવારે પરણ્યો હતો. તેનો એક છોકરો ૧૦૯ વર્ષ, તેનો એક પૌત્ર ૧૧૩ વર્ષ અને એક પૌત્ર ૧૩૪ વર્ષ સુધી જીવ્યો હતો. સ્કૉટલાંડ માંહેના ગ્લાસગો નગરીની એક સ્ત્રી ૧૩૦ વર્ષની ઉમર સુધી તનદુરસ્ત શરીરે કાળ ગાળતી હતી. તેનો પિતા ૧૨૦ વર્ષે અને પિતામહ ૧૨૯ વર્ષે મરી ગયો હતો. **કોનેરો** નામે એક ઇટાલીનો રહેવાસી **મિતાહાર અને કુદરતના નિયમ** પ્રમાણે ચાલવાથી દીર્ઘાયુષી થઇ ગયો છે. એ ૪૦ વર્ષનો થયો, ત્યાં સુધી કુછંદી હતો, તેથી તેના પેટમાં કેટલીકવાર દરદ થતું, શરીરના ભાગો દુઃખતા અને તાવ આવતો. તાવથી એટલો તો અશક્ત થઇ ગયો હતો, કે તેને કોઇ દવા લાગુ પડી નહિ. તેથી ડાકટરોએ બે માસમાં જીંદગી જવાનો અભિપ્રાય જણાવ્યો હતો. ફક્ત તેમાં ઉપાય તરીકે મિતાહાર કરવો, એ એકજ ઇલાજ છે એવું ફરમાવ્યુ હતું. આ પરથી તેણે એ ઉપાયજ ચાલુ રાખ્યો. તેથી શરીરે સુધરતો ગયો અને થોડા વખતમાં હતો તેવો થઈ રહ્યો. આ પરથી તેણે નક્કી કર્યું, કે **“ શરીર ટકવાને જેટલા ખોરાકની જરૂર છે, તેથી વધારે ખાવું નહિ. ”** ૬૦ વર્ષ લગી તે બાર અધોળ ખોરાક અને તેર અધોળ પાણી સિવાય બીજું કંઇ લેતો નહિ. સખત ગરમી કે ઠંડીમાં રહેતો નહિ અને મન ઉશ્કેરાય એવું કરતો નહિ. આ નિયમથી તન, મન તનદુરસ્ત રાખી શકયો. વૃદ્ધાવસ્થામાં એક મુકરદમામાં હાર્યો. એ દીલગીરીમાં તેના બે ભાઇઓ મરી ગયા, પણ પોતે દીલગીર નહિ થતાં દૃઢ મનથી તેવોજ રહ્યો હતો.

૮૦ વર્ષની ઉમરે એનું શરીર નબળું જણાવાથી તેના મિત્રોએ તેને ખોરાક વધારવાની ભલામણ કરી. એ જાણતો હતો કે સરીરની કુદરતી અશક્તિની સાથે તેના અવયવો પણ અશક્ત થાય છે અને પાચનશક્તિ નબળી પડે છે. તે વખતે ખોરાક વધારવાને બદલે ઘટાડવો જોઇએ, છતાં મિત્રોના આગ્રહથી ખોરાક તેર અધોળ અને પાણી સોળ અધોળ કર્યુ, પણ લાંબી મુદતનો નિયમ તોડવાથી દશ દિવસમાં તો ખુશ મિજાજમાં રહેવાને બદલે અસુખી અને ઉદાસી રહેવા લાગ્યો. બારમે દિવસે પડખામાં દરદ થવા લાગ્યું. તે દિવસ વિત્યા બાદ તાવ શરૂ થયો. તે પાંત્રીશ દિવસ સુધી રહ્યો. તેથી જીવવાની આશા મૂકી. પરંતુ ઇશ્વર ઇચ્છાથી પ્રથમનો નિયમ ચાલુ કર્યો કે સાજો થયો. ૮૩ વર્ષની ઉમરે તેનાં તન, મન એવાં તનદુરસ્ત હતાં કે વગર મદદે ઘોડાપર સ્વાર થતો, ડુંગરા ચઢતો, અને એ વખતે તેણે રમતગમતવાળું નાટક રચેલું છે, જ્યારે તે પોતાના મિત્રથી છુટો પડી રાજ્યસભામાંથી ઘેર આવતો, ત્યારે પૌત્ર, પૌત્રીને કેળવણી આપી ગમત અને ગાયનમાં ઘડપણના દિવસ ખુશીથી ગાળતો. જેમ ઘડપણમાં કેટલાકનો

સ્વભાવ કજીઆળ અને ચીડીઓ થઈ જાય છે. તેમ એનો સ્વભાવ કોઇવાર એવો થયો નહોતો. એ રીતે **મિતાહારી** રહેવાથી તે ખુશ મિજાજ અને તનદુરસ્ત હાલતમાં ૧૦૦ વર્ષનું આયુષ્ય ભોગવી ગુજરી ગયો. **અમેરિકાનું** ન્યુ હેરલ્ડપત્ર કહે છે કે, "અમેરીકામાં ગોરા માણુસ કરતાં સીદી લોકો વધારે લાંબુ આયુષ્ય ભોગવે છે, કેમકે તેઓ **સાદો ખોરાક** ખાય છે, **દારૂ પીતા** નથી અને ઘર બહાર **મજુરી અને કામ** કરે છે." ગ્રીસની સ્વચ્છ અને ખુશનુમા હવામાં રહેનારા પ્રાચીન ગ્રીકલોકો દીર્ઘાયુષી થવા માટે **મિતાહાર, સ્વચ્છ હવા, નહાવું**, અને **કસરત** એ ઉપાયો કરતા. **હીરોડીકસ** નામે યુનાની હકીમ પોતાના દર્દીઓના દર્દ અને અશક્તિ મટાડવાને તેમને **ચાલવાની** ફરજ પાડતો અને તેમનું શરીર ઘસાવતો. જેમ રોગી રોગથી વધારે અશક્ત હોય, તેમ તેની અશક્તિ અને રોગ મટાડવાને ચલાવી તેના સ્નાયુ વધારે મજબુત કરવા મહેનત લેતો. તેથી ઘણા રોગીઓને નિરોગી કરી આયુષ્ય લંબાવવાને શક્તિવાન થયો હતો. અર્વાચીન કાળમાં આપણા દેશમાં **વનરાજ** ૧૧૦ વર્ષ, **અસોફજાં** ૧૦૪ વર્ષ, ઉમરેઠની એક **માલણ** ૧૨૦ વર્ષ, **દેવગઢબારીઆના** માલી ગામમાં એક કોળી ૧૨૫ વર્ષ, વગેરે ઘણા દીર્ઘાયુષી થઇ ગયાના દાખલા છે. પ્રાચીનકાળમાં આ દેશમાં એથી પણ વિશેષ આયુષ્યવાળાં મનુષ્યો ઉત્પન્ન થયેલાં છે. એ બધા લોકો વનની **ખુલ્લી હવા, સાદો ખોરાક, શરીરને પુરતી મહેનત** વગેરે નિયમો પાળવાથીજ દીર્ઘાયુષી થયેલા છે.

પ્રાચીનકાળમા જુદા જુદા દેશના લોકો જુદી જુદી રીતે આયુષ્ય લંબાવવાના ઉપાયો કરતા. **મિસરદેશમાં** ગરમી પડે અને નાઇલ નદીમાં પુર આવે ત્યારે મહિનામાં બેવાર ઉલટી અને પસીનો લાવવાની દવા લેતા. **યુરોપખંડમાં** વૃદ્ધાવસ્થાથી અશક્ત થયેલાને શક્તિ લાવવા **જુવાન છોકરાઓની વચ્ચે રાખતા.** તેથી તેનામાં શક્તિ અને હુશિયારી આવતી. **રોમની કન્યાશાળાનો** માસ્તર હરમીયસ નિરતર નાની બાળકાઓની વચ્ચે રહેવાથી પોતાનું આયુષ્ય લંબાવી શક્યાનો દાખલો ડા. કોહોસેન્ટ આપે છે, અને લોકોને સલાહ આપે છે કેઃ—"દરરોજ પ્રાતઃકાળમાં અને સંધ્યાકાળે નિર્દોષ બાળકીઓની પાસે રહેવાથી **જીવનરક્ષક શક્તિઓ** સારી મજબુત થઇને સચવાય છે; કેમકે નિર્દોષ શ્વાસોચ્છ્વાસમાં સ્વચ્છતા વધારે રહેલી છે." **પ્લુટાર્કના** જીંદગી લંબાવવાના નિયમો ઘણા સારા ને આ સુધરેલા કાળને અનુસરતા આવે એવા છે. તે દીર્ઘાયુષી થઇ ગુજરી જવાથી તેના નિયમો સપ્રમાણ ગણાય છે. તે કહે છે કેઃ—"તમારૂં માથું ઠંડું ને પગ ગરમ રાખો, જ્યારે શરીરમાં કંઇ વિકાર જણાય, ત્યારે દવા લેવાને બદલે એક દિવસ ઉપવાસ કરવો. જ્યારે શરીરની સભાળપર ધ્યાન આપો, ત્યારે મનની સંભાળ લેવા ચૂકતા નહિ." મનની શાંતિ, પરહેજી, આત્મસંયમ, ધ્યાન, સાદો ખોરાક, મિતાહાર, મનનો નિગ્રહ, કામવાસનાથી દૂર રહેવું, અને તેવી વાસના

પેદા ન થાય એવી ચીજ સામું પણ ન જોવું, શરીર કસવું, ખુલ્લી સ્વચ્છ હવા લેવી, કુદરતના શોધમાં મગ્ન રહેવુ, શોધ કરતાં જે મળે તેમાં સંતોષ માનવો; અને આનંદ રાખવો વગેરે. એવા નિયમથી ઋષિ મુનિઓ, સાધુઓ, વૈરાગીઓ, તપસ્વિઓ, યોગિઓ, અને તત્વજ્ઞાનીઓ દીર્ઘાયુષી થઇ ગયેલા છે. **પાલ** નામે સાધુ ગુફામાં રહી સખ્ત પરહેજી રાખવાથી ૧૧૬ વર્ષનો થયો હતો. **પીથા** ગોરસના માર્ગી તત્વજ્ઞાનીઓ ઇંદ્રિય દમન અને મનવશ કરવામાં તથા પરહેજી પાળવામાં પોતાનો ધર્મ સમજતા હતા. એ માર્ગીઓમાં આપોલોનિયસ ૧૦૦ કરતાં વધારે વર્ષનો અને ઝેનોફિલસ ૧૦૬ વર્ષનો થયો હતો. ડેકનબર્ગ નામે ડેનમાર્ગનો એક પુરૂષ ૯૧ વર્ષનો થયો ત્યાંસુધી રાજનૌકામાં નોકર હતો, તે ૧૫ વર્ષ તુર્કસ્થાનમાં ગુલામ તરીકે રહ્યો હતો. તે ૧૧૧ વર્ષનો થયો ત્યારે તેણે પોતાનું બાકીનું આયુષ્ય શાંતિમાં ગાળવા ઠરાવ કર્યો અને ૬૦ વર્ષની સ્ત્રી સાથે પરણ્યો, પરંતુ તે સ્ત્રી ગુજરી જવાથી ૧૦૦ વર્ષની ઉમરે બીજી પરણવા ધારી, પણ તેમ નહિ બનવાથી ૧૫ વર્ષ એકલાં રહી ૧૪૬ ની ઉમરે સને ૧૭૭૨ માં મરણ પામ્યો.

જમીનના સ્વભાવ અને હવા પ્રમાણે પણ આયુષ્ય લાંબુ ટુંકું થઇ શકે છે. **સ્વીડન, નોર્વે,** ડેન્માર્ક અને ઇંગ્લાંડ વગેરે દેશમાં હાલ પણ ૧૭૦, ૧૪૦ અને ૧૫૦ વર્ષના વૃદ્ધો થયાના દાખલા મળે છે, પરંતુ **અતિ સર્વ વર્જીત** એ પ્રમાણે બેહદ ઠંડી એ પણ આયુષ્ય ટુંકું કરે છે. **આઇસલાંડ, સૈબિરિઆ,** વગેરે બહુ ઠંડા દેશમાં ૬૦—૭૦ વર્ષનું આયુષ્ય હોય છે, અને કેટલાક દેશોમાં જમીનના ગુણ અને હવા પ્રમાણે જન્મે છે ત્યારથી વૃદ્ધ થાય છે ત્યાંસુધી ત્યાંના લોકો બળવાન અને તનદુરસ્ત હોય છે. **નવજિલંડ** બેટના લોકો વિષે પૃથ્વી પ્રદક્ષિણા કરનારા **કુકસાહેબ** કહે છે કે, "હું અને મારા સાથીઓ આ બેટમાં જેટલી વાર ઉતર્યા, તેટલીવાર બાળ, યુવાન, વૃદ્ધ અને વનિતા સર્વ માણસો અમને જોવાને આવ્યા. તેમાં કોઇ માણસને અમે રોગી જોયા નહિ. તેઓનું આખું શરીર જોયું હતું. તેમાં કોઈ ઠેકાણે જખમ નહોતા અને પહેલાં કદી થયો હોય તેનું કંઈ પણ ચિન્હ જોવામાં આવ્યું નહિ. આ બેટમાં કેટલાક વાળ અને દાંત વગરના વૃદ્ધ માણસો જોવામાં આવ્યાં હતાં, પરંતુ તેમાંથી કોઇ પણ બળ વિનાનો અને જરાગ્રત નહોતો. તેઓ બળ અને પરાક્રમમાં તરૂણ વયના માણસોના જેવા નહોતા ખરા પણ તેઓના પ્રમાણે સ્ફુર્તિવાળા અને પ્રફુલ્લિત ચિત્તવાળા હતા. પાણીજ તેઓની પીવાની વસ્તુ હતી. તે વખત સુધી દારૂ રૂપ વિષમ ઝેર પીવામાં તેઓની ખુશી આવી નહોતી." એ રીતે દીર્ઘાયુષી મનુષ્યોના અનેક દાખલાઓ મળે છે; કારણ એ દેશમાં નોંધ રાખવાની રીત છે. આપણા દેશમાં એવી નોંધ રહેતી નથી. વળી એ દેશની હવા ઠંડી તેથી લાંબા આયુષ્યવાળાની સંખ્યા આપણા ગરમ દેશ કરતાં, ત્યાં વધારે હોયજ, ને છે. પરમકૃપાળુ પરમેશ્વરનો એવો અભિપ્રાય છે કે સર્વે મનુષ્યો વગર કલેશે વ્યવહાર કરી સુખ પામે ને

દીર્ઘ જીંદગી ભોગવે, પરંતુ કેટલાક લોકો સ્ત્રીની પ્રસવ વેદનાનું દૃષ્ટાંત આપીને કહે છે કે જો વગર કલેશે સુખ ભોગવે એવો પ્રભુનો વિચાર હોય તો સ્ત્રીઓ પ્રસવ વખતે પીડા પામત નહિ. આ કહેવું તેમનુ વાજબી નથી. એવું હાલના શોધથી જણાઈ આવે છે. તેઓ જે આ પીડા જણાવે છે, તે ફક્ત પરમેશ્વરના સ્થાપિત નિયમો ઉલ્લંઘન કર્યાનું ફળ છે. **લિસન** સાહેબના કહેવા પ્રમાણે સને ૧૮૨૦ માં **સ્કાટલાંડ** માંહેના **એબર્ડિન** નામની જગ્યાપર એક સ્ત્રી છોકરાનો જન્મ આપીને ૨-૩ દિવસ પછી છોકરાને સાથે લઇ એક દિવસમાં ૧૪ કોશ ગઈ હતી. એવા દાખલા ત્યાં ઘણા બને છે. કેટલીક સ્ત્રીઓ અનાજનાં ખેતરોમા કાપણી કરતાં કરતાં, ત્યાંથી થોડે દૂર જઇને કોઇની મદદ વગર બાળક પ્રસવ કરીને પાછી દિવસ આથમ્યા સુધી કામે લાગી રહે છે. થોડી વ્યાધિ વગર તેના મુખ પર પીડાનું બીજું કંઇ ચિન્હ જોવામાં આવતું નથી. ઘણીક સ્ત્રીઓ પ્રસવ કર્યા પછી ૩-૪ કોશ ચાલીને જાય છે. **અમેરિકાના આદિમ** રહેવાસીની સ્ત્રીઓ પુરૂષની સાથે જંગલમાં ફરતાં ફરતાં થોડી પછવાડે રહીને બાળક પ્રસવ કરી, તેને પછવાડે બાંધીને થોડી વારમાં સ્વામીને આવી મળે છે અને પાછી ચાલવા માંડે છે. **લારેન્સ** સાહેબના કહેવા પ્રમાણે અમેરિકાના આદિમ રહેવાસી હબસી અને બીજી જંગલી જાતિની સ્ત્રીઓને ઘણીજ થોડી પ્રસવ વેદના થાય છે. આમ થવાનું કારણ **સામાન્ય હલકો ખોરાક** અને હમેશાં **મહેનતથી** તેઓનું શરીર બળિષ્ટ થાય છે. તેથી તેને **ભાગ્યશાળી આળસુ** સ્ત્રીઓના જેવા કલેશ પ્રાપ્ત થતા નથી. તેમજ બીજી જાતિની મહેનત કરનારી સ્ત્રીઓને પણ ઉપર કહેલી જંગલી જાતિની અબળાઓની પેઠે થોડું દુઃખ થાય છે. દક્ષિણ અમેરિકામાં આરોકેનિંઆ નામનો એક દેશ છે, ત્યાંની સ્ત્રીઓ પ્રસવ થયા પછી તરત પાસેની નદીમાં જઇને પોતાનું અને છોકરાનું શરીર ધુવે છે. પછી પોતાના કામમાં લાગે છે. વગેરે રીતે વિચાર કરી જોયાથી માણસ પોતાની પ્રકૃતિ ગુણથી આખી ઉમર સુધી બળ, તનદુરસ્તી અને શારીરિક તથા માનસિક સુખ મેળવી લાંબુ આયુષ્ય ભોગવી શકે છે. જગતનિયંતા કરૂણાકર મંગળમય પ્રભુએ પૃથ્વીના દરેક દેશના લોકો માટે જુદા જુદા નિયમ કર્યા નથી; પરંતુ તે તો ધનવાન, ગરીબ, જ્ઞાની, અજ્ઞાની, બાળક, યુવાન, અને વૃદ્ધ વગેરે સર્વના ઉપર એક સરખા નિયમથી શાસન કરે છે. માણસ માત્રનું શરીર અને ઇંદ્રિય સ્વભાવ એક સરખોજ છે. હવા, અજવાળું, ગરમી અને પાણી વગેરે પદાર્થ બધે એક સરખા ગુણ પ્રકાશ કરે છે. વળી પરમેશ્વરનો એવો અભિપ્રાય છે કે મનુષ્ય જાતિએ સંપૂર્ણ આયુષ્ય ભોગવ્યા પછી પોતાના દેહનો ત્યાગ કરવો, પણ જેઓ શારીરિક નિયમો પાળતા નથી. તેઓની ઈંદ્રિયો નિસ્તેજ થાય છે અને અણધાર્યું આયુષ્ય નાશ પામે છે. જે શારીરિક નિયમો બરાબર પાળે છે તેઓ સુખી થઈ દીર્ઘાયુષ ભોગવે છે.

દીર્ઘાયુષી થવાના નિયમ નીચે પ્રમાણેઃ—

(૧) જે બીજથી ઉત્પત્તિ થવાની હોય, તે બીજ બળિષ્ઠ સર્વાંગ સુંદર અને સર્વ રીતે સંપૂર્ણ હોવું જોઇએ—માબાપનું શરીર તનદુરસ્ત, સબળ, સર્વાંગ સુંદર અને સંપૂર્ણ હોવાથી તેનાં બાળકો પણ તેવાંજ થાય છે.

(૨) **મિતાહાર**—દરરોજ પરિમિત હિતકારી સાદો ખોરાક લેવો. ખોરાક વખતસર પચે એટલો અને પચે એવો ખાવો—ભૂખના ચાર ભાગ કરી તેમાં બે ભાગનું ખાવું, એક ભાગનુ પાણી પીવું અને એક ભાગ વાયુ સંચરવાને માટે ખાલી રહેવા દેવો. એમ કરવાથી ખાધેલું અનાજ વહેલું પાચન થશે. આ નિયમ ઉપરાંત ખાવાથી શરીર બગડે છે; તેમજ બહુ મિષ્ટાન્ન, બહુ મસાલો, બહુ ખારૂ તીખું અને બહું ખાટું વગેરે ખાવું નહિ. સાદો ખોરાક સૌથી ઉત્તમ છે.

(૩) **પાણી**—ઓક્સિજનવાળું પાણી જીવન શક્તિને જરૂરનું છે. કેમકે પ્રવાહીત્વ વગર જીવન શક્તિનુ સ્ફૂર્ણ થઈ શકતું નથી. માટે પાણી **પથ્થરના ઝરાનું, વરસાદનું, અને નદીનું વહેતું સ્વચ્છ પાણી** પીવું. કૂવા તળાવનું પાણી ઉતરતું છે.

(૪) **ખૂલ્લી હવામાં ચાલુ મહેનત** કરનાર અને કુદરતના નિયમને અનુસરતી સાદી જીંદગી ગુજારનાર ખેડુત, માળી, કબાડી, સિપાઈ અને ખારવા વગેરે વર્ગના લોકો દીર્ઘાયુષી હોય છે અને ખાણ ખોદનાર, મહેતાજી, માસ્તર, ઉપદેશક, બેઠો ધંધો કરનાર, વેપારી, કવિ, ચિતારા, ખનીજ ગાળનારા (સોની, લૂવાર, કંસારા, વગેરે) વગેરે ટુંક આયુષ્ય ભોગવે છે.

(૫) **થાક નહિ લાગે એવી કસરત કરવી**—એથી લોહીનુ ફરવું જોસથી થાય છે. શરીરની શીરાઓ મજબૂત અને બળવાન થઇ વધારે કામ કરવાને શક્તિવાન બનાવે છે, તથા શરીર તનદુરસ્ત થઇ જીંદગી લંબાવે છે. માટે થાક ન લાગે એટલી કસરત કરવી.

(૬) **મનોવૃત્તિની ચાલના**—શરીરના અવયવોની સાથે મગજનો એવો સંબંધ છે કે તે સતેજ અને તનદુરસ્ત હોય તોજ સર્વ અવયવોને સુખાકારી તથા સ્ફૂર્ત્તિ મળે છે. માટે શરીરની સુખાકારી સારૂ મનોવૃત્તિની ચાલના કરવી. એ માટે વિદ્યા, વિનોદ અને હુન્નર કામ વગેરે શિખી કરવાં, પણ વિચાર શક્તિને હદ ઉપરાંત મહેનત આપવી નહિ.

(૭) **જંજાળ વખતે શાંત મન**—મગજ અને શરીરને એવો સંબંધ છે કે જેવી મનોવૃત્તિ હોય છે, તે પ્રમાણે શરીરપર સારી કે માઠી અસર થાય છે. કંઇ દુઃખ કે અપમાન થવાથી મનોવૃત્તિ પ્રબળ થઇ ખેદ થાય છે, તેની અસર હૃદય અને હોજરીપર થવાથી તે અને બીજા અવયવો પણ પોતાનું કામ કરવામાં સુસ્ત થાય છે, ભૂખ મંદ પડી જાય છે અને આખું શરીર ક્ષયને પામે છે. જ્યારે ખુશી પેદા થાય છે, ત્યારે તેની અસર હૃદય, હોજરી, અને

બીજા અવયવોપર થઇ આખું શરીર સ્ફૂર્તિવાળું ને સુખી થાય છે. પાચનક્રિયા બરાબર થઇ ભૂખ સારી લાગે છે. તેથી આખું શરીર પ્રફુલ્લિત થઇ લાંબુ આયુષ્ય થાય છે. માટે જંજાળને વખતે મનને શાંત રાખવુ, ખેદાત કરવું નહિ.

(૮) **પરણેલી જીંદગી**—પરણેલી જીંદગીથી દીર્ઘાયુષી થવાને ટેકો મળે છે. વગર પરણેલી જીંદગી ટુંકું આયુષ્ય કરે છે. વાંઢા મનુષ્ય દીર્ઘાયુષી થયાનો એક પણ દાખલો મળતો નથી. આ નિયમ સ્ત્રીઓને પણ લાગુ પડે છે. **ડીલાંગીવાલી** નામે એક ફ્રેંચ દશ બારવાર પરણ્યો હતો. ને છેલ્લી સ્ત્રી ૯૯ વર્ષનો હતો ત્યારે પરણ્યો હતો. ૧૦૧ વર્ષનો થયો, ત્યારે એ સ્ત્રીને પેટે એક છોકરો થયો. એ ૧૧૦ વર્ષનો થઇને મરી ગયો.

(૯) **મળસકે ઉઠવું**—આ ટેવ રાખ્યાથી જીંદગી લાંબી થાય છે. માટે ચાર વાગ્યે ઉઠવાની ટેવ રાખવી.

(૧૦) **વ્યસનથી વીરક્તપણું**—એ જીંદગી લાંબી કરે છે. દારૂ, અફીણ, ગાંજો, તમાકું વગેરે વ્યસનથી શરીર બગડી નબળું પડે છે અને જીંદગી ટુંકી કરે છે, માટે એ ન કરવાં.

(૧૧) **સૂર્યનો પ્રકાશ**—મનુષ્યને જેમ પ્રકાશનો લાભ વધારે મળે છે, તેમ જીંદગી લાંબી થાય છે. તેમજ જીવનશક્તિને બીજી ઉપયોગી વસ્તુ **ગરમી** છે. તેનાથી જીવનશક્તિની પ્રથમ ચાલના થાય છે. ગરમીમાં જીંદગીને પોષક અને ઉત્તેજક ગુણ છે. માટે ઘટીતપણે ગરમી પણ જીંદગીને લંબાવવાને જરૂરની છે.

(૧૨) **ઓક્સિજન હવા**—જીંદગીને ત્રીજી પોષક વસ્તુ ઓક્સિજન હવા છે. હવા વગર બિલકુલ જીવને ચાલે નહિ. જે હવા જીવનશક્તિને મજબુત અને સારી પેઠે પોષણ આપનારી છે, તે સ્વચ્છ હવા કહેવાય. એવી સ્વચ્છ હવા શ્વાસમાં નહિ મળવાથી મનુષ્યનું મરણ થાય છે. જીવનશક્તિને જે હવાની જરૂર છે તે **ઓક્સિજન હવા** શ્વાસોશ્વાસ વાટે લોહીમાં જાય છે. માટે દરરોજ સવારમાંજ દરિઆ કિનારે, બાગબગીચામાં, કે એવી સારી ગણાતી જગ્યોએ ફરવા જવું.

(૧૩) **ગરમ દેશ કરતાં ઠંડા દેશમાં**—મનુષ્ય દીર્ઘાયુષી થાય છે. તેનાં બે કારણો છે. (૧). ગરમ દેશોમાં જીવનશક્તિનો ઘસારો વધારે હોય છે. (૨). ઠંડા દેશની હવા વધારે સમધાત હોવાથી જીવનશક્તિનો ઘસારો અટકાવે છે.

(૧૪) **જે દેશોમાં હવાનો ફેરફાર વારંવાર અને અચાનક થાય છે**, તે દેશમાં દીર્ઘાયુષીના દાખલા સાધારણ હોતા નથી. હવાના અચાનક ફેરફાર એ શરીરની અંદર ફેરફાર કરે છે. તેથી શક્તિ અને ઇંદ્રિયોનો ઘસારો કરે છે, પરંતુ જે હવાની સમાનતા અને તેમાં વિશેષે કરીને ગરમી, ઠંડી, ઘટ્ટતા, અને હલકાઇ એ બાબતોમાં સમાનતા એ જીંદગીની હયાતીને વધવામાં બહુ મદદગાર છે.

(૧૫) **જે હવામાં યથાયોગ્ય ભીનાશ** હોય, તેજ હવા દીર્ઘાયુષી થવાને ઉપયોગી છે. તેનું કારણ ભીની હવા તર હોવાથી તેનામાં શરીર ઉપર આકર્ષક શક્તિ કમી થાય છે. એટલે તેને કમી ઘસાવે છે. એ સિવાય ભીની હવામાં વાતાવરણની સમાનતા વિશેષ હોય છે. તેથી ગરમી ઠંડીના વિપરિત ફેરફારો થોડા થવાનો સંભવ છે. જે હવા થોડી ઘણી પણ ભીની હોય, તે અવયવોને વધારે નરમ અને તારૂણ્યવાન રાખે છે પણ ઘણી સૂકી હવા નાડીઓને **જલદીથી** સૂકી બનાવે છે અને ઘડપણનાં સર્વે ચિન્હો તરત લાવે છે.

(૧૬) **દરિયાનું** પાણી દીર્ઘાયુષી થવાને ઉપયોગી છે. તેથી દરિઆમાં વસનાર દીર્ઘાયુષી હોય છે, બેટમાં ને દ્વીપકલ્પમાં રહેનાર તેનો પૂરતો પુરાવો છે.

(૧૭) **ઉંઘ**—મહેનત એ જીવનશક્તિને ઓછી કરે છે. મહેનતથી નાડી ઉતાવળી ચાલે છે. શરીર થાકથી તાવની માફક ગરમ થઇ જાય છે. તેથી જીવનશક્તિને ઘણો ઘસારો લાગે છે. એ જીવનશક્તિના ઘસારાના વેગને કમી કરનારને જીવનાધાર **ઉંઘ અને આરામ** છે. માટે સાત આઠ કલાક ઉંઘ ને આરામ લીધાથી જીવનશક્તિનો ઘસારો બંધ પડે છે. તેટલામાં જીવનશક્તિનો વધારો ચાલુ રહેવાથી દિવસે થયેલા ઘસારાનો બદલો વળી રહે છે અને નાડીઓ નિયમસર ચાલે છે. તથા દરેક ઇંદ્રિયો પ્રથમની માફક શાંતિમાં આવે છે. જો લાંબા વખત સુધી ઉંઘ ન લેવાય તો, જીવનશક્તિને ઘસારો અને નુકશાન વધારે લાગે છે. તેથી જીંદગી ટુંકી થાય છે. માટે જીવનશક્તિના ઘસારાને અટકાવવાં અને જીંદગી લબાવવાને ઉંઘ અને આરામ નિયમિત અને નિરતર લેવાં.

(૧૮) મનુષ્યો પશુ પક્ષી કરતા પણ હલકાં બની **બાળકને માતાની છાતીએથી દૂર કરી** ભાડુતી દાસીઓ (ધાવ) ની સંભાળ નીચે નિરાધાર રાખી ઉછેરવામાં આવે છે. તેથી બાલકનું આયુષ્ય ઓછું થાય છે.

(૧૯) **જે મનુષ્ય સુધરેલ થઈ દુરાચરણમાં** અને ભ્રષ્ટતામાં પડે છે, બહુ ઠંડી જમીનમાં રહે, કુદરતના નિયમ પ્રમાણે ચાલતા નથી, આળસુ થઇ પડયા રહે છે, મોજશોખ અને વૈભવ ભોગવે છે, કામી ક્રોધી લોભી અને તામસી હોય છે; નિરાશા, પશ્ચાતાપ, અપ્રીતિ, શોક, દીલગીરી, ચિંતા, અપમાન, અને ભય એ સર્વે જીંદગી ટુંકી થવાનાં કારણો છે.

(૨૦) **પાચનક્રિયાની** સર્વે બનાવટ, અને હોજરી નિર્વીકારી તથા બરાબર જોઇએ. હોજરી એ મુખ્ય અને અગત્યની ઇંદ્રિ છે. જુસ્સો એ રોગનું મૂળ છે, તે હોજરીની સારી સ્થિતિને નરમ પાડે છે. તેથી મંદવાડ થવાની મૂળ નિશાની અજીર્ણ કે અપચો ઉત્પન્ન થઇ શરીરમાં રોગ પેદા થાય છે અને શરીરના બંધારણને નબળું પાડે છે. માટે દીર્ઘાયુષી થવાના સાધન તરીકે હોજરી નિર્વીકારી અને જુસ્સો નરમ રહે તેમ કરવું.

(૨૧) **છાતી મજબૂત અને શ્વાસોશ્વાસ લેવાની ઇંદ્રિ** (ફેફસાં) સારાં એ દીર્ઘાયુષી થવાનુ સાધન છે. એ સારાં છે કે નહિ, એ શ્વાસ લાંબી મુદત ઘુંટી રાખવાની શક્તિ, મજબૂત અવાજ, અને કફ ઘણીવાર નહિ જવાથી જણાય છે.

(૨૨) **લોહીના નિરંતર ફરવાથી** આંતરિક ઘસારો થાય છે—જેની નાડી ઘણીવાર થડકે છે તેને ઘસારો જલદી થાય છે. મનની અસાધારણ લાગણીથી કે—દારૂ પીવાથી હૃદયના લોહીની ગતિ જલદ થાય છે. તેનું આયુષ્ય ટુંકું થાય છે. જેનું હૃદય બહુ જુસ્સાવાળું હોતું નથી અને નાડી ધીમી નિયમિત ગતિએ ચાલે છે. એ દીર્ઘાયુષી થવાની નિશાની છે.

(૨૩) **સારો સ્વભાવ**, ખુશમિજાજ, વિશ્વાસુપણું, વીર્યસંચન, અમુક હદ સુધી લાગણી, થોડી અરે, સમાનતા, નિયમિતતા, આશા ભર્યું જીવન, પરહેજી, શાંત મન, કુદરતના નિયમોને અનુસરી ચાલવું, આત્મસંયમ, ધ્યાન, મન તથા ઇંદ્રિયો વશ રાખવી, બહુ કામ વાસનાથી દુર રહેવું, કામોત્પત્તિ ન થાય એમ આચરવું. સંતોષ, આનદ, એ સર્વે જીંદગી લંબાવવાના આધાર રૂપ છે, કેમકે **આયુષ્ય વધવા ઘટવાનો આધાર** જીવનશક્તિના ધીમા ને જલદી ઘસારાપર છે. જેમ ધીમો ઘસારો, તેમ જીંદગી લાંબી થાય છે. માટે જીવનશક્તિને પોષક **નીતિની લાગણીઓ**નો જથો વધે એમ કરવું.

(૨૪) **ગામડામાં રહેવું એ દીર્ઘાયુષ્યને માફકસર છે**, અને મોટા શહેરમાં રહેવું એ હાનીકારક છે. મોટા શહેરમાં બાળકોના મરણનું પ્રમાણ વધારે થાય છે—શહેરમાં જેટલાં બાળકો જન્મે છે, તેનો અર્ધ ભાગ ત્રણ વર્ષનાં થતાં ગુજરી જાય છે, અને ગામડામાં વીશ કે ત્રીશ વર્ષની ઉમર થતાં સુધી અર્ધ પણ ગુજરી જતાં નથી. તેનું કારણ હવા, પાણી, ખોરાક અને કસરત એ બધું શહેર કરતાં ગામડામાં જીંદગીને જોઇએ તેવાં મળી શકે છે. વળી પૈસેટકે સુખી અને મોજશોખી કરતાં, ગરીબ ઘરનાં મહેનતુ દીર્ઘાયુષી થાય છે.

(૨૫) **મનુષ્યના શરીરના બાંધાને અમુક હદ સુધીની કેળવણી આપવાથી** જીંદગી લાંબી થવાને ટેકો મળે છે. જંગલી મનુષ્યો સુધરેલા મનુષ્યો જેટલી લાંબી જીંદગી ભોગવતા નથી. માટે મન સાથે તનને અવશ્ય કેળવવું.

(૨૬) **જુદી જુદી જાતનાં તત્વો અને શક્તિઓ મેળવવાની** ફેલાવવાની અને તૈયાર કરવાની જેના શરીરમાં ઇંદ્રિયો વધારે હોય તેનું આયુષ્ય લાંબું થાય છે. વળી જેમ ઇંદ્રિયો મજબૂત તેમ આયુષ્ય લાંબું, પણ ઘણીજ કઠણાશ તેમ આયુષ્ય અલ્પ માટે ઇંદ્રિયોને મજબૂત કરવી, પણ ઘણી કઠણાશ થવા દેવી નહિ.

(૨૭) **હરકોઈ રોગ લાગુ પડે, ત્યારે પ્રથમ ઉપવાસ કરવો**, માથું ઠંડું રાખવું. છાતી અને પગ ગરમ રાખવા. જંજાળને વખતે શાંત મન રાખવું.

અંતઃકરણમાં ઘણી ઉત્કંઠા તથા દુર્ભાવનાનો ઉદય થવા દેવો નહિ. **નિત્ય નિર્દોષ ખુશીમાં થોડો કાળ ગાળવો.**

(૨૮) **રોગ સારો થવાનો આધાર**—પાચન શક્તિ, શાંત રીતે લોહીનું નિયમિત ફરવું, જળ શોષક શિરાઓની સંપૂર્ણ અને જોરાવર ચપળતા, તથા પૃથક્કરણ કરવાની ઇંદ્રિયોની સારી હાલત અને નિયમિત ક્રિયા પર છે.

(૨૯) **નિયમિત અને ખોડ વગરનો શરીરનો બાંધો** એ દીર્ઘાયુષી થવાનું ચિન્હ છે. જોઇએ તે કરતાં વધારે જાડાઈ હાની કરતા છે.

(૩૦) **શરીરના કોઇ ભાગ કે આંતરડાં બહુ નબળાં ન જોઇએ**–જો નબળાં હોય તો શરીરમા તરત રોગ પેદા થાય છે અને શરીરનો બાંધો અવ્યવસ્થિત થઇ જઈ જીંદગી ટુંકી થાય છે. પણ શરીરના ભાગો અને આંતરડાં બળવાન એ દીર્ઘાયુષનું સાધન છે.

(૩૧) **શરીરના તંતુઓ સમધાત ગુણનાં**, મજબુત, અને ચાઉ જોઇએ. બહુ સૂકાં કે કઠણ ન જોઇએ. કેટલાક ઇંદ્રિયોને મજબૂત અને કઠણ કરવાને ઘણા ઉપાયો કરે છે, પરંતુ ઇંદ્રિની અમુક હદ સુધીની ઘટ્ટતા એ જીવનને ફાયદા કરતા છે. પણ ઘણી ઘટ્ટતા નુકશાન કરતા છે, જીંદગીની મુખ્ય જરૂરીઆત દરેક ઇંદ્રિની અને રસવહનની ચપળતામાં રહેલી છે.

(૩૨) **કેટલાક ઇંદ્રિયો મજબૂત કરવાને ઠંડા જળનું સ્નાન કરી** શરીર ખુલ્લું રાખે છે, અને થાક ચડે એટલી કસરત પણ કરે છે. એ રીતે કરવાથી ઇંદ્રિયો વધારે સૂકી, કઠણ અને ચીકણી થાય છે. તેથી અંતે તરત નિરૂપયોગી થાય છે અને જીંદગી લંબાવવાને બદલે તરત વૃદ્ધાવસ્થા લાવે છે માટે ઇંદ્રિયો સખત કરવાની રીત એવી રાખવી, કે તેથી ઇંદ્રિયો મજબૂત થાય પણ કઠણ કે જડ થાય નહિ, ભેજ વગરનું ઘર, શરીરની સ્વચ્છતા અને સ્વચ્છ વસ્ત્ર એ આયુષ્યમાં વધારો કરતા છે.

(૩૩) **જો કોઈ ધનવાન ગૃહસ્થ ભોગવિલાસમાં ગરકાવ રહી શારીરિક કે માનસિક પરિશ્રમ ન કરે** તો તેને ઇશ્વરના ઠરાવેલા નિયમો ઉલ્લંઘન કર્યાનું ફળ મળે છે. ભુખ મંદ પડે છે, પાચનશક્તિ ઓછી થાય છે, વિગેરેથી રોગાધિન થઇ જીંદગી ટુંકી થાય છે. માટે લાંબા આયુષ્યની ઇચ્છાવાળાએ ઇશ્વિર સ્થાપિત નિયમો પ્રમાણે વર્ત્તવું. આ નિયમો પ્રમાણે વર્ત્તવાથી શરીર નિરોગી બની આયુષ્ય લાંબુ થાય છે.

બાળકો રૂપાળાં, બુદ્ધિવાન, ગુણવાન અને અંગોનાં સુશોભિત શી રીતે થઈ શકે ?

બાળકો સર્વાંગસુંદર, ગુણજ્ઞ અને બુદ્ધિનાં શ્રેષ્ટ વગેરે રીતે સારાં થવાનો આધાર માતાની શારીરિક અને માનસિક શક્તિપર છે. એ કેટલીક માતાએ નહિ જાણતાં, પોતાનાં બાળકો કરતાં બીજાનાં બાળકોને સફેદ દૂધ જેવી ચામડીનાં તેજસ્વિ, સ્વરૂપે સુંદર, મજબુત, બળવાન, ચાલાક, હાજરજવાબી, બુદ્ધિવાન, હાથ પગ ભરેલા, ગાલ ગુલાબી, અને હિંમતવાન વગેરે પ્રકારે ઉત્તમ જોઈ ચકિત થાય છે અને કહે છે કે;—પરમેશ્વરે અમારાં બાળકોને આવાં કેમ ન કર્યાં ? તેનાપર એટલી બધી કૃપા અને અમારાપર કેમ નહિ ? વગેરે બોલે છે. આ બોલવું તેમનું ભૂલ ભરેલું છે. મંગળકારી પ્રભુનો એમાં શું વાંક ? તેમને તો સર્વ મનુષ્ય સરખાં છે. તે કોઇને ન્યૂનાધિક ગણતો નથી. તેણે તો જે નિયમો સ્થાપી મૂકયા છે. તે સ્થાપિત નિયમો પ્રમાણે જે ચાલે છે, તેને સારૂં ફળ મળે છે, અને તેનાથી જે ઉલટા ચાલે છે. તેના કુળને કલંકરૂપ કનિષ્ઠ ફળ મળે છે. એમાં કોનો વાંક ? **જો બાળકો સર્વ પ્રકારે શ્રેષ્ઠ કરવાં હોય, તો માતાએજ શારીરિક અને માનસિક શક્તિમાં ઉત્તમ થવું જોઇએ;** કેમકે માબાપના તન, મન અને સ્વાભાવિક ચરિત્ર ઉપર સર્વ પ્રકારે તેના સારા થવાનો આધાર છે. એવું અનેક રીતે સિદ્ધ થયેલું છે. સૃષ્ટિકર્ત્તાનો નિયમ છે કે—ગર્ભસંચાર થતી વખતે જેવી માબાપની પ્રકૃતિ હોય છે, તેવી પ્રકૃતિ ભવિષ્યમાં બાળકોમાં આવે છે. આ વિષે અગ્રેજ પંડિત કહે છે કે,—" માતાના શરીર તથા મનથી જે દેહ અને મન બને છે, અને જે રક્તથી પુષ્ટ થાય છે, તે માતાના સ્વભાવ ચરિત્રનો ભાગીદાર કેમ થશે નહિ ? એ વાત કદી પણ સંભવતી નથી. ખરી વાત તો એ છે કે, બાળક પોતાના શરીર તથા મનની સંપત્તિ તેના અસ્તિત્વની સાથે માબાપની પાસેથી મેળવે છે. ગમે તે તરફ વિચાર કરવામાં આવે તોપણ ગર્ભસંચાર થવાની સાથે માબાપ પોતાના શરીર અને મનની સર્વ અવસ્થાનો ન્યૂનાધિક અંશ છોકરાંને આપે છે. એમાં કંઈ પણ સંદેહ નથી." આ નિયમાનુસારેજ ધાર્મિક અને નીતિવાન મનુષ્યને ઘેર નઠારાં અને અધર્મિ તથા દુર્ગુણી મનુષ્યને ઘેર વખતે સારાં બાળકો ઉત્પન્ન થઇ આવે છે. એનું કારણ એ છે કે, કોઈ પતિ પત્ની ઘણીજ ઉત્તમ પ્રકૃતિનાં હોય, પણ જે વખતે ગર્ભસંચાર થવાનો હોય, તે કાળે હતભાગ્યથી તેઓ વિકૃત મનનાં હોય, તો બાળકો કુળાંગાર પેદા થાય છે અને કોઈ પતિ પત્ની ઘણાજ ખરાબ પ્રકૃતિનાં

હોય પણુ જે વખતે ગર્ભસંચાર થવાનો હોય તે કાળે નાના પ્રકારના અનુકૂળ કારણથી સુભાગ્યે તેઓનાં મનનો ભાવ સારો હોય, તો એક ઉત્તમ બાળકની પ્રાપ્તિ થાય છે. જે કોઈ અફીણ કે દારૂમાં આસક્ત થઇને ગર્ભસંચાર કરે છે. તેનાં છોકરાં અફીણી કે દારૂબાજ થાય છે એ નક્કી. આવાજ કારણથી એક માબાપનાં છોકરાં જુદી જુદી પ્રકૃતિનાં થાય છે. માટે માબાપે બાળકના અને પોતાના શ્રેયને અર્થે ગર્ભસંચાર સમયે અતિ સાવધાનથી પોતાના જીવનના સાધુ ભાવને ઉજ્જ્વલ રાખવા જોઇએ. માતાએ ગર્ભાવસ્થાના નવમાસ પણ અતિ સાવધાનપણે પ્રસન્નચિત્તે સુઉદ્યોગથી ગર્ભ રક્ષા કરવી અને બાળક જન્મે તે દિવસથી શરૂ કરી માબાપે પોતાની છેલ્લી ઘડી સુધી પ્રત્યેક પળે, તેઓના જીવનની સદ્‌ગતિ માટે આગળથીજ સાવધાન થઈ રહેવાનું છે.

માતા પોતાની માનસિક શક્તિદ્વારા ગર્ભસ્થિત બાળકને ગર્ભ ધારણ કરવાના સમયથી તે પ્રસવ સુધીમાં એવા સંચામાં ઢાળે છે, કે જેવાં રૂપ, ગુણ, બળ, બુદ્ધિ અને આકાર તેનામાં ઠસેલાં હોય છે; તેવીજ બાળકની તાદૃશ છબી પડી આવે છે. આ નિયમ મનુષ્ય, પશુ, પક્ષી સર્વને એક સરખોજ લાગુ પડે છે. બાઇબલના ઇતિહાસમાં એક ઠેકાણે વર્ણન કરેલું છે કે—" લેવલે, ' યાકુબને ' ઠગ વિદ્યા કરી ' રકાઇલિ' ના બદલામાં 'લીહ' નામની કન્યા પરણાવી. તે માટે તેનાં મેંઢાં તથા બકરાં, સાત વર્ષ સુધી ચારવાને કબૂલ કર્યું હતું. જ્યારે કપટ ઉઘાડું પડયું, ત્યારે તેણે કહ્યું કે, સાત વર્ષ મારી બીજી નોકરી કરે તો હું મારી બીજી કન્યા રીકાઇલિ પણ તને પરણાવું. વળી તે ઉપરાંત એટલાં વર્ષમાં મેંઢાં તથા બકરીઓને જેટલાં બચ્ચાં બુંદકીકાર થશે, તે તને પહેરામણીમાં આપીશ. લેવલના મનમાં એમ હતું કે, કયાં એવાં ઘણાં બચ્ચાં ઉત્પન્ન થવાનાં છે, કે મારે આપવાં પડશે; પણ યાકુબે એક એવો ઉપાય શોધી કાઢયો કે જેથી લેવલને સ્વાર્થ તત્પરતાનો યથોચિત દંડ મળે અને સર્વ બચ્ચાં બુંદકીદારજ થાય. આ સારૂ તેણે પાણી પીવાના વાસણમાં સર્વ બુંદકીદાર લાકડાં ગોઠવ્યાં અને નર તથા માદાઓને જુદાં જુદાં કરી રાખ્યાં. તેમાં નરોને છુટા રાખ્યા, પણ માદાઓને બાંધી રાખી અને પાણી વિના અકળાવા લાગી ત્યાં સુધી પાણી પીવા દીધું નહિ. જ્યારે પાણી વિના બહુજ અકળાવા લાગી, ત્યારે તેણે નરોની વચ્ચે પાણી પીવા છોડી મૂકી. પાણી એ રંગી થયેલું હતું. તેણે એ વાસણમાં બુંદકીદાર લાકડા સિવાય બીજાું કંઇ દીઠું નહિ. એવી દશામાં તેને વીર્ય પ્રદાન થવા દીધું. આટલું કરીને તે બંધ રહ્યો નહિ. યાકુબ એ વિષયમાં પૂરો ચતુર હતો. તે પોતાના ટોળાંને બીજે દિવસે પાછો તેજ સ્થાનપર લાવ્યો અને પ્રથમ પ્રમાણેજ માદાઓને અલગ રાખી નરોમાં જવા દીધી નહિ. તે તૃષાથી વ્યાકુળ થઇ કે તરત તેને પેલા બુંદકીદાર પાણીનું ધ્યાન આવ્યું, એ ધ્યાન મનમાં મજબૂત થઇ ગયું. તેનું ફળ એ થયું કે ઘણાં બુંદકીદાર બચ્ચાં ઉત્પન્ન થયાં." આવા સિદ્ધાંતને અનુસાર જનના

એકતાલ ધ્યાનથી મનુષ્યજાતિને પણ રૂપે, રંગે, ગુણે, અને આકારે કેમ સુધારી ન શકાય ? સુધારી શકાયજ. મનની અસર ગર્ભપર કેવી રીતે થાય છે. તે નીચેનાં સિદ્ધાંત પરથી જણાશે. જેમ '**એકવારેજીપા**' તેજાબ થાય છે. તેમાં વિજળી યંત્રના તારના બે છેડાને નાંખવા. તેમાં જે ધાતુની તકતી નાખવી હોય તે નાંખવી. એટલે વિજળીના ઉંચા નીચા બંને વળ તે બટેરીના તારદ્વારાએ તેજાબમા જઈ સોનાનાં અદ્દશ્ય કણોને પકડી તકતી પર જમાવી દઈ સોના જેવી કરી દેશે. એજ રીતે વિજળી દ્વારાએ અસલના અક્ષર કે ચિન્હ જેવા હોય છે, તેવા ઉતારી શકાય છે, તેમાં અસલ નકલમાં કશો તફાવત પડતો નથી. તેમજ વિજળીના બળથી એક વસ્તુનું પૂર્ણ ચિત્ર ઉતારી શકાય છે. તેવી રીતેજ ગર્ભસંચાર થતી વખતથી તે પ્રસવ થાય, ત્યાં સુધીમાં **ગર્ભીણી સ્ત્રી**ના મનપર થયેલી અસર એક જાતની વિજળીદ્વારાએ બાળકપર તરતજ થાય છે. જેમ સોનાના ગળેલા તેજાબમાં તકતી રહે છે. તેમજ પેટમા ગર્ભાશયની અંદર વચ્ચે ગર્ભ રહે છે અને જેમ વિજળી તેજાબમાં સોનાનાં કણોને પકડીને તકતીને સોના જેવી બનાવી દે છે. તેની પેઠેજ સ્ત્રીની રગોના ચાલવાથી એક જાતની વિજળી ઉત્પન્ન થાય છે. તે વિજળીની શક્તિ સ્ત્રીના મનોભાવપર પ્રકૃતિ, રૂપ, રંગ, ગુણ, બુદ્ધિ અને આકાર વગેરેની જેવી અસર થઇ હોય છે, તે સાથે રજરૂધિરનાં કણોને પકડીને ગર્ભાશયમાં રહેલા બાળકને પહોંચાડી પુષ્ટ બનાવે છે. અહા ! શું ઇશ્વરની ખુબી !!

એ રીતે સારી નરસી પ્રકૃતિ, રૂપ, ગુણ, બુદ્ધિ, રંગ અને આકાર વગેરે જે કાંઈ સ્ત્રીનો મનોભાવ જોવામાં આવે છે અગર ઇચ્છા થાય છે, તે એના ચિત્તમાં સજડ થયે એક જાતની વિજળી ઉત્પન્ન થતાંજ તે મારફતે ક્ષણમાં ગર્ભાશયમાં જઇ બાળકપર જેવી હોય છે, તેવી અસર થાય છે. તેમાં જરા વાર લાગતી નથી. એતો જાણે મનને ભાવના કે અસર થઇ કે વિજળીએ પહોંચાડી છેજ. આવા કારણથી જો કોઇ સ્ત્રી અંધારામાં ગર્ભ ધારણ કરે અને વીર્યદાતા પતિને ન દેખે; એટલુજ નહિ પણ પ્રસવ થતાં સુધી પણ ન દેખે કે ધ્યાન ન કરે; તો બાળક સ્ત્રીના જેવુંજ રૂપે, રગે, ગુણે અને બુદ્ધિએ ઉત્પન્ન થશે. કોઈ સ્ત્રી પતિ કરતાં પોતાને રૂપે, રગે, ગુણ વિગેરેમાં અધિક લેખે, અને તેમા મગરૂર રહી પોતાનું મુખ દર્પણમાં જોયા કરે, પછી ભલે તે પતિનુ પણ થોડું ધ્યાન કરતી હોય, તોપણ બાળક એ સ્ત્રીના જેવુંજ થશે. જે સ્ત્રી પતિ ઉપર ઘણી પ્રીતિ રાખતી હોય, તોપણ બાળક એ સ્ત્રીના જેવુંજ થશે. જે સ્ત્રીનું મન કાંઇક પોતાના રૂપ, ગુણ અને આકાર ઉપર રહેતું હોય, એમ મન બને વચ્ચે વહેંચાએલું હોય, તો બાળક માતપિતા બંનેના જેવુંજ એટલે તેમાં બંનેની તાસીર આવશે. ઘરમાં કોઇ સગુંવહાલું, મિત્ર કે હરકોઈ આવતું હોય, તેને સ્ત્રી સ્નેહ સહિત આદરસત્કાર કરતી હોય, એટલુંજ નહિ પણ અહોનિશ તેનું ધ્યાન કર્યા કરતી હોય, તો

વખતે બાળક એના જેવુ થાય છે. તેમજ વળી એ આવનાર માણસ પતિને આવવો પસંદ ન હોય, પણ સ્ત્રી સ્નેહ રાખતી હોય તેથી પતિ તેનાપર વ્યભિચારનો દોષ મૂકે. એ ભયથી સ્ત્રી ધ્યાન સહીત વિચારે કે રખેને મારે એના જેવું બાળક અવતરશે તો ! આવા ધ્યાનથી એ નિર્દોષ સ્ત્રીને એવુંજ બાળક આવે છે. એ જોઇ પતિને સ્ત્રીપર ઝેર ઉત્પન્ન થાય છે. માટે સ્ત્રીનો ધર્મ છે કે પતિની રજા વગર કોઈ પરપુરૂષ સાથે સંબંધ બાંધવો નહિ કે સ્નેહી રાખવો નહિ. ફક્ત સ્વપતિમાંજ અખંડ પ્રીતિ રાખી તેનુંજ ધ્યાન રાખવું. એ ઘટીત અને સુખદાયક છે. ગર્ભીણી સ્ત્રીને દ્રાક્ષ, બદામ, વગેરે મેવા મીઠાઇ અને ફળની ઇચ્છા થાય છે. તે જેવાં રૂપ, ગુણવાળાં હોય છે, તેવાં બાળકમાં આવે છે. માટે સારા પદાર્થની ઈચ્છા કરવી ઉત્તમ છે. જેમ ગર્ભીણી સ્ત્રીની પ્રીતિ અને ઇચ્છાથી બાળકના રૂપ, ગુણ, રંગ, બુદ્ધિ અને આકારમાં ફેર પડે છે. તેમજ અત્યંત શોક, ભય, અને હર્ષથી પણ વખતે ગર્ભપાત થાય છે અગર બાળકના સ્વભાવમાં ફેર પડે છે. સ્કૅાટલાંડ દેશમા એક મોચીની ગર્ભીણી સ્ત્રી એક જડ પદાર્થને જોઇ ત્રાસ પામી. એ જડ પદાર્થની મૂર્ત્તિ તેના ધ્યાનમાં એવી ઠસી ગઇ કે તેને કેમે કરી ભૂલી શકી નહિ. તેથી અતે તેને જે બાળક અવતર્યું તે જડના જેવું થયું. અમેરિકાના ટ્રોયનગરના રહીશ આત્મવિદ્યામાં કુશળ જોન ઓવીડાઙસ કહે છે કેઃ—" બોસ્ટન નગરમા એક ધનવાન સ્ત્રી ગર્ભીણી હતી. તે એક વખતે પોપટથી બી ગઈ. તેથી તેને જે છોકરી અવતરી, તેની બોલી ચાલી ઘણી ખરી પક્ષીને મળતી હતી. તેમજ એક ગર્ભીણી સ્ત્રીએ પોતાનાં પાળેલાં મેંઢાના બચ્ચાનું માથું હાથમાં લઇ અગાડી નાંખ્યું. તે માટે પાછળથી ઘણી પસ્તાઈ, તેથી તેને જે બાળક આવ્યું, તેની છાતી દબાએલી અને માથું મેંઢાના બચ્ચાંની પેઠે આગળ ધસી આવેલું હતું. તેમજ ખામીવાળાને ખુબ ધ્યાન લગાડી જોવાથી પણ માઠું ફળ થાય છે. એના પણ અનેક દાખલા છે. આ પરથી ગર્ભીણી સ્ત્રીએ ખૂબ ધ્યાનમાં રાખવાનુ છે કે આંધળાં, લૂલાં, બહેરાં, મુગા, વગેરે ખામીવાળાને ધ્યાન લગાડી જોવાં નહિ પણ હમેશાં માનસિક શક્તિપર સારો ભાવ દઢ થાય તેમ કરવું. સારો ભાવ દઢ થવાથી તેનુ ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે. ફ્રાન્સ દેશના ભૂવન વિખ્યાત્ મહાવીર નેપોલિયન બોનાપાર્ટના બાપે ઘોરંતર યુદ્ધ વિગ્રહાદિની વખતે ભાર્યાપરિગ્રહ કરી. એ પરમ સુંદર સ્ત્રી પણ ઘણી વીર્યવંતી હતી. સ્વામી સાથે સઘળા ઉત્પાદ અને કલહ વ્યાપારમાં વ્યાપ્ત થયેલી હતી. એવું કહેવાય છે કેઃ—" તે તેના અતુલ કીર્તિમાન પુત્રનો પ્રસવ થયા પહેલાં થોડીવાર ઘોડે બેસીને સ્વામીની સાથે લડાઇમાં ગઈ હતી. એ વેળાના સ્વામીના મહા બળની અસર તેના ગર્ભસ્થિત પુત્રપર થઈ, તેથી નેપોલિયન જેવો ભૂમંડળ વિખ્યાત શૂરવીર બાળક ઉત્પન્ન થયો. ગર્ભસંચાર થવાની વેળાએ જેની જે વિષયમાં પ્રીતિ, હર્ષ, ઉત્સાહ, અને ચર્ચા હોય છે, તેનાં છોકરાં તે વિષયમાં લાગે છે અને

તેવાં કામો કરે છે." જો સ્ત્રીના વિચાર હમેશાં વૈર, વિરોધ, કલેશ, દુર્વ્યસન, લડાઇ, આળસ, પરનીંદા, ચોરી, વ્યભિચાર, જૂઠ, છળકપટ, અને દગા ફટકા વગેરે સંબંધી થયા કરે છે, તો ગર્ભસ્થિત બાળકપર તેવીજ અસર થાય છે, અને તે માતાના દુર્ગુણો ગ્રહણ કરી તેવીજ રીતે વર્તે છે, એના અનેક દાખલાઓ છે. માટે સ્ત્રીઓએ આવા દુર્ગુણોથી દુર રહેવા કાળજી રાખવી.

જો માતા સ્વભાવે શાન્ત, જ્ઞાનવાન, ધાર્મિક વગેરે ઉત્તમ ગુણો અને ઉત્તમ વિચારોમાં એકતાલ બરાબર ધૈર્યયુક્ત હશે; તો બાળક ઇચ્છાનુસાર કરી શકશે. એવા ઉત્તમ ગુણો મેળવવા માટે સ્ત્રીઓને પ્રથમથીજ શાળામાં અને ઘર આગળ એવું ઉત્તમ સુશિક્ષણ આપી તથા આવા વિષયોથી વાકેફ કરી તૈયાર કરવી જોઇએ. એવી રીતે સુશિક્ષણ લઈ તૈયાર થયેલી હશે, તોજ તે પ્રમાણે વર્તી ઇચ્છાનુસાર બાળકો પેદા કરી શકશે. હાલ ઠેરેઠેર ઘોડા, બળદ, વગેરે પશુ-પક્ષી અને ફળ, ફુલનાં વૃક્ષોની જાત સુધારવાને ઘણી કાળજી રાખવામાં આવે છે, પરંતુ અફસોસ છે કે મનુષ્ય જેવું ઉત્તમ પ્રાણી જે ઇશ્વરની મૂર્ત્તિ ગણાય છે, અને જેનાપર આ ભૂમિના જનમંડળ અને સર્વ પ્રાણીના કલ્યાણ અકલ્યાણનો આધાર છે, તેને ઉત્તમ બનાવવા કોણ કાળજી રાખે છે ? આતો અનાયાસે જેવાં ઉત્પન્ન થઇ આવે તેવાં ઠીક છે; એમ ચાલ્યા કરે છે. આમ જ્યાં ચાલ્યાં કરે અને સ્ત્રીઓ પોતાની ફરજથી અજ્ઞાન રહે, ત્યાં શ્રેય ક્યાંથી થાય ? ગૃહસ્થો તમો આ માટે ઘણી કાળજી રાખી સ્ત્રીઓને સુશિક્ષિત કરો, તેના હૃદયમાં સારી ભાવનાની છાપ પાડો. સ્ત્રીઓએ મૂળથીજ સુચરિત્રવાન થવાને હમેશાં રામ, યુધિષ્ટર, હરિશ્ચંદ્ર, ધ્રુવ, બુદ્ધદેવ, શ્રીકૃષ્ણ, પ્રહ્લાદ, સીતા, સાવિત્રી, તારામતિ, વગેરે ઉત્તમ ચરિત્રવાન મહાન્ સ્ત્રીપુરૂષનાં ચરિત્રો વાંચી તેનાં ઉત્તમ ગુણોની ભાવના હૃદયમાં ઠસાવી મન શાંત કરવુ. કામ, ક્રોધ, દ્વેશ, વૈર, વિરોધ, ક્રુરપણું, છળકપટ, હિંસા, અનીતિ, અને ધર્મ વિરૂદ્ધના વિચારો વિગેરે દુર્ગુણોનો ત્યાગ કરવો. હૃદય ધડકે એવાં વચન બોલવાં નહિ, ભય ત્રાસની જગ્યાએ જવુ નહિ કે એવું જોવું નહિ અને જોવાની ઇચ્છા પણ કરવી નહિ. વિકારવાળું ભોજન જમવું નહિ. રજોદર્શન, અને ગર્ભાવસ્થાના નિયમો બરાબર પાળવા. ઘરમા સુખભોગનો સર્વ સામાન શોભાયમાન રાખવો. ચિત્રો—છબીઓરૂપે, રંગે, ગુણે, બુદ્ધિએ અને આકારે વગેરે રીતે સુંદર અને સુચરિત્રવાન ધર્માત્મા સ્ત્રીપુરૂષોના અને દેવોનાં તથા વન, વાડી, ઉપવન, વૃક્ષવેલ, વગેરેનાં મનોહર ને સુંદર હોય તેવા રાખવા. કે એ જોઇને મનને આનંદ અને મનમાં સારી ભાવનાઓ હમેશાં તાજી રહ્યા કરે. બહાર જઇને ઇશ્વરસૃષ્ટિની રચનાને નિહાળી મનને આનંદી કરવું, તેથી મન શાંત થશે અને પરમકરૂણાકર મંગળમય પ્રભુનુ ધ્યાન રહ્યા કરશે ગર્ભ ધારણ કર્યા પહેલાં પોતાના પરમ યોગ્ય સ્વરૂપવાન સદ્ગુણી પતિની મૂર્તિને હૃદયમાં ઠસાવવી અગર પતિની આજ્ઞાથી કોઈ મહાન સ્વરૂપવાન, ગુણવાન, બુદ્ધિવાન, બળવાન, ધાર્મિક

અને નીતિવાન વગેરે ગુણોથી મહાન સુચિત્રવાન હોય, તેનાં ચરિત્ર અને સ્વરૂપનું ધ્યાન કરી તેની મૂર્તિ અને સુચરિત્રોને હૃદયમાં ઠસાવવાં, ગર્ભસંચાર વખતે આવીજ ઉત્તમ વૃત્તિ રાખવી અને ગર્ભ ધારણ કર્યા પછી પણ આવાં સ્વરૂપ અને ગુણમાંજ લીન રહેવું. હમેશાં પતિના ગુણ અને સ્વરૂપને અગર આમાં કહેલ છે, તેવા ચિત્રનેજ ધ્યાન લગાડી જોયા કરવું અને તેના ચરિત્રનું મનન કરવું. એ ચિત્રો એવી જગ્યોએ ગોઠવી રાખવાં કે, તે પર પોતાની વારંવાર દ્રષ્ટિ પડે અને મનમાં ઇચ્છવું કે મને આવા ગુણ, સ્વરૂપવાળું, બુદ્ધિમાન અને પરાક્રમી બાળક પેદા થાય. એવી રીતે વર્તવાથી બાળક પોતાની ઇચ્છિા પ્રમાણે ઉત્પન્ન કરી શકાશે. બાળકો ઉત્તમ પેદા થાય એમ કરવુ એ દરેક સ્ત્રીનો પરમધર્મ છે અને એ તેમને પોતાનેજ શોભા પડતું છે. માટે સુજ્ઞ સ્ત્રીઓએ આ નિયમો પ્રમાણે વર્તવા ચુકવું નહિ અને પુરૂષોએ તેમને એવી સગવડતા કરી આપવા ચૂકવું નહિ.

મા ઉપર છોકરાંના ભવિષ્યનો આધાર માટે મા કેવા ગુણની જોઈએ ?

આ સંસારમાં મનુષ્યને બાળકો એ બુઢ્ઢાપાનો ટેકો, જુવાનીનું સુખ, સુખી ઘરની દીવાલ, અને ગરીબ મનુષ્યનું પરમ ધન છે. કીર્તિમાન બાળકથી વંશનો ગૌરવ વધે છ. જે કુટુંબ સારાં છોકરાંના પ્રભાવથી પવિત્ર થાય છે, તેના વંશની સુકીર્તિરૂપી સુગંધથી કુટુંબનુ સુખ ઉજ્વળ થાય છે. આવાં સદ્‌ગુણી કુળદીપક છોકરાં જેને ત્યાં હોય, તેના પૂર્ણ ભાગ્ય સમજવાં. બાળકો સદ્‌ગુણી કે દુર્ગુણી થવાનો સઘળો આધાર માતાપર છે. માતા જો ધાર્મિક, નીતિવાન, સ્વાર્થરહિત, પરમાર્થી, ન્યાયપરાયણ, સત્યવાદી, ભક્તિવાન, વિશ્વાસુ, કરકસરવળી, સુઘડ, આનંદી, શાન્ત, મન તથા ઇંદ્રિયોને વશ રાખનારી, આત્મસંયમવાળી, તન મનથી કેળવાએલી, વિપત્તિમાં ધૈર્ય રાખનારી, પતિવ્રતા અને મધુર ભાષણી હોય, જે ઘરમાં મમતા અને ધર્મનો પ્રભાવ વ્યાપી રહ્યા હોય, બુદ્ધિ અને મન પોતાનો વ્યવહાર ડહાપણથી ચલાવતાં હોય, દરરોજની રેણી પ્રમાણિક અને સદ્‌ગુણી હોય, ઘરનો અધિકાર માયા અને પ્રીતિ ભરેલો હોય, તે ઘર ચેન, સદ્‌ગુણ અને સુખનું ધામ થાય છે. એવું ઘર મનુષ્યને પ્રીય થઇ પડે છે, કારણ કે તે અંતઃકરણને આશ્રય આપે છે. સંસારના તોફાનમાંથી બચાવે છે. મહેનત કર્યા પછી આરામ લેવાને મધુર સ્થાન થઇ પડે છે, અને સઘળો વખત સુખ અને આનંદ આપે છે. આવી સદ્‌ગુણી માતાવાળા આનંદી ઘરમાં બાળક સારાં

થાય એમાં શું નવાઇ ! **જ્યોર્જ હરબર્ટની** આ વિષે બોલતાં **આઈઝાક વોલ્ટ** લખે છે કે:—"તે પોતાનું ઘર વિવેકથી અને સંભાળથી ચલાવતી, સખતાઇથી નહિ, તેમ ચીઢથી પણ નહિ, પણ મીઠાશથી અને બાળકોને ભાવતી રમતગમતને અનુસરી ચલાવતી. તેની સોબતમાં બાળકને પુષ્કળ વખત ગાળવાનું મન થતું અને ઘણા સંતોષથી રહેતાં." બાળક જેવાની સોબતમાં રહી ઉછરે છે, તેવાં થાય છે. બાળપણમાં બાળકને જે અસર થાય છે તે જીંદગી પર્યંત જતી નથી. સદ્‌ગુણી માતા પોતાનાં છોકરાંને પરમ ધન સમજે છે અને એમ જાણે છે, કે હું એમને સદ્‌ગુણી બનાવીને મરૂં, તો જીવન સાર્થક થાય. ધન્ય છે આવી સદ્‌ગુણી માતાને ! માતા તો આવીજ જોઇએ.

બાળકનું બાલ્યકાળનું આશ્રયસ્થાન માતાનો ખોળો છે. તેજ તેને ધર્મવીર, નીતિ નીપૂણ, પરાક્રમી અને શૂરવીર બનાવે છે. જગતમાં જે મહાન મનુષ્યો થઈ ગયા અને થાય છે, તેઓ સત્રળા માતાના સદ્‌ગુણ પ્રતાપથીજ, અને જેઓ નીચ બની જગતમાં બોજારૂપ થઇ પડ્યાં છે, તે પણ માતાના દોષથીજ. માતાજ બાળકના સારા નરસા ભવિષ્યનો અને જનમંડળના કલ્યાણનો આધાર છે. ફ્રાન્સના બાદશાહ **નેપોલિયન બોનાપાર્ટે** કહ્યું છે કે:—"બાળકનું ભવિષ્ય સારૂં નરસું થવું એ સંપૂર્ણ રીતે માતા ઉપર આધાર રાખે છે. મેં પોતાના જીવનમાં જે ઉન્નતિ, ઉત્સાહ, ઉદ્યોગીપણું, અને આત્મસયમપણું વગેરે ગુણો મેળવ્યા છે, તે સર્વ ગુણ મેળવવામાં મારી માતાએ મને ઘણીજ મદદ કરી છે. નેપોલીયન બોનાપાર્ટનું જીવન ચરિત્ર લખનાર કહે છે કે, તેની માતા વિના બીજા કોઇની પણ આજ્ઞા તેના ઉપર ચાલતી નહોતી. એ માતાની પાસેથી આજ્ઞા પાળતાં શીખ્યો હતો." માતાનું આચરણ એ એક સંચો છે. તે સંચો જેવો હશે તેવા પ્રકારનીજ છોકરાંની બુદ્ધિ, પ્રકૃતિ, તથા આચરણ થાય છે. અમેરિકાના **જોન રેનડલ્ક** નામના એક રાજનીતિજ્ઞ પંડિતે કહ્યું છે કે;—"જો મને બાલ્યકાળની સ્મૃતિ સર્વદા યાદ ન હોત, તો હું ઇશ્વિર દ્વેષી નાસ્તીક થઇ જાત. મારી સ્વર્ગવાસી માતા મારા બે હાથ પકડીને મને મારા ઘુંટણપર બેસાડીને કહેતી કે:—**આપણો પીતા સ્વર્ગમાં છે.** માતાનો ધર્મભાવ તથા ચરિત્ર છોકરાંના જીવનમાં કેવું આશ્ચર્યકારક પરિવર્ત્તન કરી શકે છે. તેનું દૃષ્ટાંત **'કવિકા'** પોતાના મિત્ર રેવરેંડ **જાન ન્યુટનના** જીવન ચરિત્રમાં એક જગ્યાપર લખે છે કે, એના બાપનું મરણ નીપજ્યાથી તે ખારવાનું કામ કરવા લાગ્યો, અને ત્યાં ઘણાંજ ખરાબ કામો કરવા લાગ્યો; જ્યારે યૌવનની ચંચળતાને લીધે પાપ માર્ગમાં પગ મૂકાતો હતો, અને બહુ કાળથી તે પાપરૂપી કીચડમાં ફસાઇને પોતાના આત્માનો નાશ કરતો હતો, ત્યારે એક દિવસે એકાએક બાલ્યકાળે માતાની પાસેથી મળેલો ઉપદેશ યાદ આવ્યો. તેથી તેના મન પ્રાણને ખેદીત કરી નાંખ્યા. તેને જણાવ્યું કે માતા જાણે પરલોક આવરણ ઉન્મોચન કરીને તેના પ્રાણમાં પ્રકાશિત થઈ હોય અને ધીરે ધીરે તેને મર્મ અને

સાધુતાનો માર્ગ દેખાડી ગઈ હોય." સારી માતાની શિખામણ અને દાખલાની ઉંડી અસર બાળકના હૃદયમાં જે થાય છે. તે કેટલોક વખત સુધી ત્યાં પડી રહી મોટપણે તેમાંથી ફેંટા ફુટે છે અને પછી કૃત્યો, વિચાર અને ટેવરૂપે ઉગી નીકળે છે. આ રીતે માતા બાળકના દેહમાં પ્રવેશ કરીને ફરીથી જીવે છે. **ઓગસ્ટાઇનની માતા મોનિકા**—"સર્વોતમ લાભ મેળવવા તરફ પોતાના છોકરાનું મન વાળવાને મહેનત કરતી. પવિત્ર સંભાળથી તેને સલાહ આપતી, તેને કાલાવાલા કરીને સમજાવતી, પવિત્ર વૃત્તિ પાળવા તેને શિખામણ દેતી અને તેની દુષ્ટ ચાલથી થતા અતિ સંતાપ તથા દુઃખમાં પોતાની પ્રાર્થના કરતી અટકી નહિ. આવા તેના પ્યારથી ફતેહ થઈ અને ધીરજ તથા ભલાઇનો બદલો મળ્યો, તે એક તેના ગુણથી પુત્રનીજ નહિ, પણ તેના ધણીની ચાલમાં પણ ફેરફાર થયો. વૃદ્ધાવસ્થામાં તેના ધણીના મરણ પછી પોતાના પ્યારથી ખેંચાઇને મોનિકા, પોતાના પુત્રની સંભાળ લેવાને તેની સાથે મીલાન ગઈ, ત્યાં તેને ત્રીશ વર્ષની ઉમરનો મૂકીને મરી ગઈ, પણ નાનપણમાંજ તેના દાખલા અને શિખામણથી તેના મનપર ઘણીજ ઉંડી અસર થઈ હતી અને તેનાં ભવિષ્યનાં લક્ષણ નક્કી થઈ ગયાં હતાં." ધાર્મિક અને ખંતીલી માતાને ખોળે રહીને ઉછરેલાં બાળકો ભવિષ્યમાં મહાન થઇ આવે છે. **મહાત્મા થિયોડરપાર્ક**—"જ્યારે પાંચ વર્ષનો હતો, ત્યારે તે એક દિવસે પોતાને ખેતરથી ઘેર આવતો હતો. તે વખતે એક નાના તળાવના સ્વચ્છ પાણીમાંથી કાચબાનું બચ્ચું બહાર નીકળી તડકામાં રમતું હતું, તેને જોઈ પાર્ક એક પથ્થરો લઇ જેવો મારવા ઉગામે છે, તેવામાં તેના અંતરમાંથી એક પ્રકારનો અવાજ સંભળાયો. પાર્ક ! મારીશ માં. આ સાંભળી પાર્ક આશ્ચર્ય પામ્યો અને ચારે તરફ જોવા લાગ્યો, પરંતુ કાંઈ જોવામાં આવ્યું નહિ. તેણે ચારે તરફ અંધારૂં દીઠું તેથી ભય પામી દોડતો પોતાની મા પાસે આવ્યો. આવી તેના ખોળામાં બેસી બધી વાત કહી બતાવી અને પૂછયુ માતા ! મને મારતાં કોણે અટકાવ્યો ? માતાએ જવાબ આપ્યો. બેટા ! લોકો એને **વિવેક** કહે છે. હું એનેજ **ઈશ્વરની** વાણી કહું છું. જેમ જેમ તું એ વાત સાંભળવાને યત્ન કરીશ, તેમ તેમ એ સ્પષ્ટ સાંભળીશ. એક સમયે એજ તારા જીવનના માર્ગનો દેખાડનાર થશે. પાર્ક આવા મર્મગત સ્ત્રીના ગર્ભમાં જન્મ્યો હતો. તેથીજ તે ઉન્નતીશીલ અમેરિકાના આકાશનો ઉજ્વળતમ નક્ષત્ર થયો. અમેરિકામાંજ નહિ, પણ આખી પૃથ્વીના પટમાં અક્ષય અક્ષરથી **મહાત્મા પાર્કનું** નામ ચિરઅંકિત રહેશે. ગુલામગીરીનો ધંધો નાશ પામે એને માટે જે માણસોએ જીવનઉત્સર્ગ કર્યું હતું, તેમાં મહાત્મા પાર્કર સર્વથી અગ્રેસર પુરૂષ હતો. એના ઉત્સાહે, ઉદ્યમે, અને ધર્મભાવે અમેરિકામાં એક આશ્ચર્યકારક ફેરફાર કરી મૂકયો છે. પાર્ક આવી ધાર્મીક માતાને ખોળે રહીને અને તેના યોગે કેળવણી મેળવી તે આજ જગતના ઉન્નત મનના અને વિચારવંત પંડિતની મંડળીમાં વચ્ચોવચ્ચ બિરાજવા પામ્યો છે."

પ્રાચીનકાળમાં આ દેશમાં પણ સુચરિત્રવાન સાધ્વી માતાઓ થકી મહા-તેજસ્વિ, ધાર્મિક, બળવાન, પરાક્રમી અને નીતિનીપુણ નરો ઉત્પન્ન થયેલા છે. **પાંડવોની** માતા **કુન્તીએ** પોતાના ત્રણ અને બે શોકયના મળી પાંચ પુત્રોને પોતાના હાથ નીચે એવી સંભાળથી ઉછેરી કેળવ્યા કે તેઓ વનવાસની દુઃખદ-દશાથી તે મોટા રાજ્યના સ્વતંત્ર માલેક થયા, ત્યાંસુધી એ પાંચે ભાઇઓમાં કદી પણ દ્વેષ બુદ્ધિ કે વૈર ઉત્પન્ન ન થતાં સર્વ પરસ્પર પ્રેમથી બંધુભાવમાં દઢ રહ્યા હતા. તેઓ મહાધાર્મીક, પરાક્રમી, બળવાન, અને વીર પુરૂષો થયા. એવી રીતની સારા વ્યવહારથી સ્વાર્થ ત્યાગીને સર્વને એક સરખી કેળવણી આપી હતી. તેથીજ એ પાંચે ભાઇઓ પરસ્પર પોતાના પ્રાણ કરતાં પણ અધિક પ્રેમ રાખતા હતા. તેઓમાં કોઇનાં કદી પણ મન ઉંચાં થયાં નહોતાં. દૈવ ઇચ્છાથી દેશવ-ટાનાં જેવાં મહા દુઃખો ભોગવ્યાં, પણ તેમણે અધર્મમાં ભૂલથી પણ પગલું ભર્યું નહિ. તેઓ બાળપણથી છેક નિરાશ્રિત છતાં, પણ મોટે મોટે પ્રસંગે ધૈર્યથી ધર્મ માર્ગમાં અટળ રહ્યા અને છેવટે એ માતાના પ્રતાપથીજ રાજ સુખને પામ્યા. તેઓનાપર માતાની પૂર્ણ સત્તા હતી. મહાગુણ સંપન્ન માતાઓના ઉત્તમ ગુણો અને સુશિક્ષણ પ્રતાપથીજ **શ્રીકૃષ્ણ**, **શ્રીરામ**, **નળ**, **પ્રહ્લાદ**, **વશિષ્ઠ**, **ગૌતમ**, **વ્યાસ**, **પરશુરામ** વગેરે મહાપુરૂષો અને **કૌશલ્યા**, **સીતા**, **પાર્વતી**, **તારામતિ**, **દ્રૌપદી**, **ગાર્ગી**, **મૈત્રેયી**, અને **સાવિત્રી** વગેરે એ બધાં મહાગુણવાન થઈ જગ-તમાં પ્રસિદ્ધિપણાને પામ્યાં છે. અર્વાચીનકાળમાં બંગાળામાં રાજારામ મોહનરા-યની માતા ઘણી ધાર્મિક હતી. તે પોતાના ઇષ્ટદેવતા અને ધર્મપર દઢ વિશ્વાસ તથા અટલ આસ્થા ને ઉદાર ચરિત્રવાળી હતી. **રામમોહનરાયના** જેવા ઇશ્વર વિશ્વાસી બુદ્ધિમાન અને વંશનુ મૂખ ઉજ્જવલ કરનાર પુત્રની માતા જગતમાં વિખ્યાત થઈ. રામમોહનરાય ભવિષ્યમાં જે સદ્દગુણોથી શોભિત થયો હતો, તેમાં ઘણાખરા બાલ્યકાળે માતાના ખોળામાં સૂઇને દૂધ પીતાં પીતાં મેળવ્યા હતા. "**ભારતનું** ગૌરવધન બાબુ **કેશવચંદ્રસેન** જેવા ઉદાર ધર્મભાવે ભારત-વર્ષમાં નવ જીવનનો સંચાર કર્યો છે. **યુરોપ** અને અમેરીકા જેવા દેશ તેનો ધર્મમત જાણવાને સર્વદા આતુર રહેતા, તે મહાન બુદ્ધિશાળીના બાલ્યકાળનું આશ્રયસ્થાન, સ્નેહ મમતાની **મૂર્તિમતી** દેવી માતાનો ખોળો વિવિધ પ્રકારના સદ્દગુણનો અધિકારી થયો. કેશવચંદ્રસેને મરતી વખતે માતાના પગની ધુળ માથા ઉપર લઇને કહ્યું હતું કેઃ—"મા! તમારા જેવી માતા સર્વની થતી નથી, તમારા ગુણો મેળવીને હું આ પદ પામ્યો છું." કેશવચંદ્રસેન મનુષ્યપણાની તથા વીરપણાની છબી આ દુનિઆમાં રાખી ગયા છે. તેના બાલ્યકાળના કુમળા મનમાં તે ધર્મપરાયણ માતાએજ તેમાં અંકુર ઉત્પન્ન કરવાની મદદ કરી હતી. તેમણે યત્નથી પોતાને હાથે બાળક કેશવચંદ્રસેનના મનમાં ધર્મનાં બીજ વાવ્યાં હતાં. તેથી આ દુનિઆના માણસો સમજ્યાં છે કે ભારતમાં હજુસુધી અમિત તેજસ્વિ,

સાહસિક અને ધર્મવીર પુરૂષો જન્મ લે છે.” ધન્ય છે આવી માતાને ! કે પોતાના બાળકોને ઉત્તમ લક્ષણોવાળાં બનાવાને પોતામાં ઉત્તમ ગુણોનો સંગ્રહ કરી પોતાની ફરજ બજાવવા ચૂકતી નથી.

હાલ કેટલીક માતાઓ પોતામાં સારા ગુણોને સંગ્રહ કરી બાળકોના હૃદયમાં ઉત્તમ છાપ પાડવાને બેદરકાર રહે છે; એટલુંજ નહિ પણ શેઠાણી બની કુમળા તન, મનવાળાં બાળકોને દાસ દાસીઓની સોબતમાં રાખી ઉછેરે છે. આવાં અજ્ઞાન દાસ દાસીઓની સંભાળ તળે બાળકોને મૂકવાથી જે ખરાબી થાય છે, તે મોટપણે કોઇ પ્રકારની કેળવણીથી સુધરતી નથી. બાળકના ભલા સંબંધી જેવી કાળજી માતાને હોય છે તેવી બીજાને હોયજ નહિ. દાસ દાસીઓ જેવાં અજ્ઞાનીની સોબતથી બાળકમાં અનેક દુર્ગુણોનો પ્રવેશ થાય છે—“**સંગત તેવી અસર**” આ કહેવત ખોટી નથી. એક પ્રાચીન **યુનાની**એ કહ્યું છે કે:— “તમારા બાળકને કેળવવાને સારૂ એક ગુલામને સોંપશો, તો તમારી કને પછી એકને બદલે બે ગુલામ થશે.” આ વાત જે માતા પોતાના બાળકને અજ્ઞાન દાસદાસીઓ પાસે રાખે છે, તેણે ખુબ લક્ષમાં રાખવાની છે. વગેરે દાખલાઓથી વિચારતાં જણાય છે કે માતાએ બાળકમાં પ્રમાણિક વગેરે સદ્‌ગુણોથી ભરેલાં લક્ષણોની વૃદ્ધિ કરવાને જે લાભકારક શિખામણ અને દૃષ્ટાંત રૂપી બી વાવેલાં હોય છે, તે દેખીતાં તો વ્યર્થ ગયેલાં જણાશે, પરંતુ ઘણે વર્ષે, પણ સારાં કૃત્યો તરીકે અંતે ઉગી નીકળી ફળવાન થાય છે. વગેરે આમાં જણાવ્યા પ્રમાણે માતાઓમાં ઉત્તમ સદ્‌ગુણો હોવા જોઇએ.

બાળકનો માબાપ પ્રત્યે ધર્મ.

“ જો જિન્હે પિતુ માતાકો, લિયો ન આશિર્વાદ;
વ્યર્થ જન્મ તાકો ગયો, નર નહિ સોઈ નિષાદ.* ” (*રાક્ષસ)

પ્રિયજનો ! આ જગત્‌માં માબાપ એ ઘરમાં ગૃહ દેવતા સ્વરૂપ રહીને પવિત્રતાની રક્ષા કરે છે. પિતામાં પરમેશ્વરનું ન્યાયપણું અને માતામાં દયા વ્યાપી રહી છે. જગત્‌માં માતાના સ્નેહની બરોબર બીજી કોઇ વસ્તુ નથી. શું તેમાં સ્વાર્થનો જરા પણ અંશ જોવામાં આવે છે? નહિ, નહિ. આપણે તેને કદી ભૂલી જઇએ છીએ, પણ માતા કદી પણ ભૂલતી નથી. આપણે તેને છોડીએ છીએ પણ તેના પ્રાણ આપણને આલિંગન કરે છે. નવ માસ ગર્ભમાં રાખી અનેક પ્રકારે સંકટ સહન કરી આપણને જન્મ આપ્યો; ત્યારે કંઇ સમજણ નહોતી અને મોઢું પણ પુરૂ ઉઘડતું નહોતું. એ વખતે માયાળુ માતા બાળકની સાથે લાડ ઘેલી બને છે અને તરેહવાર રમત કરી પોતાના મનથી મલકાય છે

બાળકનાં શરીરની રક્ષા સારૂ તેને ભીનામાંથી સૂકામાં સૂવાડે છે અને પોતે ભીનામાં સૂવે છે. બાળકને કશી પીડા થાય તો પોતે કડવા ઝેર જેવાં ઔષધ ખાઇ તે આરોગ્ય થાય તેમ કરે છે. જો તે રડે તો તેને છાનુ રાખતાં અનેક પ્રકારે વ્યાધિ ભોગવે છે; તોપણ કંટાળતી નથી. વખતે પડે આખડે તો ખમા મારા વહાલાને! એવી મિષ્ટવાણી બોલી આંખમાં આંસુ લાવે છે. બેસતાં ઉઠતાં, હરતાં ફરતાં આવડતું નથી, ત્યારે રખેને તેને હરકત આવશે; એવું જાણી વારે ઘડીએ સંભાળ રાખે છે, બોલતાં નથી આવડતું, તોપણ તેની કંટાળા ભરેલી સંજ્ઞા સમજી જઇ, જોઇતી ચીજ પૂરી પાડે છે. તરસ કે ભૂખ લાગે ત્યારે **ભૂ–તાતા** એવું કાલું કાલું બોલી ખાનપાન માગે છે, જે માગે છે તે ઘટતી રીતે આપનાર માતાજ છે; જ્યારે પગ ટગમગતા, સ્થિર રહી શકતા નહિ, ખાવાનું પોતાની મેળે ખાઇ શકાતું નહિ, એ અવસરે દયા લાવનાર અને સહાય કરનાર વહાલી માતાજ છે. ટાઢ, તડકો, અને વરસાદના પાણી એ ત્રણે ઋતુમાં અન્ન વસ્ત્ર વગેરે જોઇતી સામગ્રી પૂરી પાડી સર્વ પ્રકારે રક્ષણ કરનાર પરમ પૂજ્ય પિતા છે અને કાલાઘેલા બની લાડ લડાવનાર પણ તેજ છે.

અહો! પ્યારાં **માતપિતા** સમાન આ સૃષ્ટિમાં બીજું કોઈ શુદ્ધ પ્રેમી, નિઃસ્વાર્થી અને હિતકારક નથી. તેમાં પણ માતાનો શુદ્ધ પ્રેમ અને માયાળુ લાગણી, એ તો અદ્ભૂત છે! છોકરાં ગમે તેવાં ભારે વાંકમાં આવે તોપણ તે વિસારી મૂકી કેવળ શુદ્ધ પ્રેમથીજ તેના પ્રત્યે વર્ત્તે છે. બાળપણથી તે મોટી ઉમરના થયે કમાતા ધમાતા વૃદ્ધ થાય ત્યાં સુધી પણ તેમની પ્રેમમય લાગણી તેવી ને તેવીજ નિરંતર રહે છે. અરે! માતાની મમતા અને માતાની માયાળુતા ઓરજ છે. માતાની કૃપા અને માતાની વાલપ એ જૂદા પ્રકારનીજ હોય છે. માતાપિતાને પોતાના સંતાનનું સુખ દેખીને જે હર્ષનાં આંસુ આવે છે, તે શુ બીજાને આવશે? શું માતાપિતાને પોતાનાં સંતાન માટે જે ચિંતા થાય છે, તે શુ બીજા કોઇને થશે? શું માતાપિતાને પોતાના સંતાનનો ઉદય જોવામાં જે આતુરતા રહે છે, તે શું બીજા કોઇને રહેશે? શું માતાપિતા જેવી રીતે પોતાના બાળકને અમૃત દૃષ્ટિથી જુએ છે, તેવી રીતે શું બીજું કોઇ જોશે? શુ માતાપિતા બાળકના સુખે સુખી અને દુઃખે દુઃખી થાય છે, તેવી રીતે શુ બીજું કોઇ થશે? અને જેવી રીતે માતાપિતા પોતાના બાળકનું કલ્યાણ ઇચ્છે છે તેવુ શુ બીજું કોઈ ઇચ્છશે? કદી નહિ; એટલુંજ નહિ, પણ માતાને બાળક જણવામાં પોતાનુંજ લોહી ખોવું પડે છે, તેને ઉછેરવામાં પોતાનાજ લોહીનુ પાણી કરવુ પડે છે, તેને ભણાવી ગણાવી સારા અને સુખી કરવા અને મોટપણે પરણાવી સારી રીતે ઘરવ્યવહાર ચલાવવાની ફિકર રાખનાર માબાપજ છે. માબાપના જેવું ખરી દાઝ જાણનાર અને સારી શિખામણ આપનાર હેતસ્વી આ જગતમાં બીજું કોણ છે? કોઇ નથી. અરે! માબાપ પોતાના પ્રિય બાળકને માટે પોતાનો વહાલો પ્રાણ સરખો

પણ આપવા ચૂકતા નથી. રાજા દશરથે પોતાના પ્રિયપુત્ર રામચંદ્રજીના વિયોગ વિરહથી પોતાનો પ્રાણ છોડી દીધો. અર્જુન પોતાના પુત્ર અભિમન્યુના મરણ પુઠે મરવાને તૈયાર થયો હતો. દ્રોણાચાર્યે પુત્ર મરણના સમાચાર સાંભળીને હથિયાર છોડયાં. શ્રવણના મરણ ખબર જાણી તેના માબાપે પોતાનો પ્રાણ ત્યાગ કર્યો. આજે પણ ઘણા માતપિતાઓ પોતાના પુત્ર મરણના શોકમાં જીંદગી પર્યંત ગમગીન રહી ઝુર્યા કરે છે. એવા ઘણા દાખલાઓ જોવામાં આવે છે.

અહો! બાળક પ્રત્યે માબાપનો પ્રેમ અલૌકિકજ છે! માબાપના પ્રેમની–તેના ગુણની અને તેમણે કરેલા આભારની ગણના કદી પણ ગણી શકાય તેવી નથી. તેમના આભારનો બદલો જીંદગી પર્યંત તન, મન, ધન અને કર્મથી સેવા કરીએ, તોપણ વાળી શકાય તેમ નથી. મનુસ્મૃતિમાં કહ્યું છે કે:—

यंमातापितरोक्लेशंसहेतेसंभवेनृणां ।
नत स्यानिष्कृतिशक्याकर्तुंवर्षशतैरपि ॥

મનુષ્ય પોતાની માતાના ઉદરમાં આવે ત્યારથી માતાપિતા જે કલેશનું સહન કરે છે, તેનો બદલો સો વર્ષ લગી પણ વાળી શકાતો નથી. ખરેખર! માબાપનો ઉપકાર અમાપ છે. આવાંજ પરમ પૂજ્ય અને જીવન રક્ષક માબાપ તેની સેવા નિરંતર કરવી જોઇએ. સર્વ દેશના અને સર્વધર્મના શાસ્ત્રોમાં માબાપની સેવાને સૌથી ઉત્તમ ગણેલી છે. આર્યધર્મશાસ્ત્ર મનુસ્મૃતિમાં કહ્યું છે કે:—"માબાપને જે પ્રિય લાગે તેવું દરરોજ કરવું. તેઓની સેવાને પરમ તપ કરીને કહે છે. તેઓની પ્રસન્નતા વિના બીજી કંઇ ફરજ બજાવવી નહિ—ગૃહસ્થાશ્રમમાં હોય ત્યારે માબાપ અને ગુરૂ ત્રણેની અવગણના ન કરે તો તેનો ત્રણ લોકમાં યશ થાય છે અને દેવની પેઠે તેનું શરીર તેજસ્વિ રહે છે. તેથી સ્વર્ગમાં ભારે આનંદ તથા પરમ સુખને પામે છે—એ ત્રણેનો આદર કરવો તે સર્વ ધર્મનો આદર કર્યા બરાબર છે અને એ ત્રણેનો અનાદર કર્યાથી સર્વે ક્રિયા નિષ્ફળ થાય છે. એ ત્રણે જીવતા રહે ત્યાં સુધી સ્વતંત્રપણે પોતાને સારૂ બીજાનો ધર્મ ન આચરવો. તેઓને જે પ્રિય લાગે અને તેમની ઇચ્છા પૂરી પડે એવું કામ કરવું. ખસુસ કરીને તેમની સેવામાં નિત્ય તત્પર રહેવું.—એ ત્રણેને વિષે આચરવા યોગ્ય જે વર્ત્તણુંક છે, તેને સાક્ષાત્ ખરેખરો ધર્મ કહે છે." આ ઉપરથી વિચાર કરતાં જણાય છે કે સુજ્ઞ મનુષ્યે પોતાના **માબાપને સાક્ષાત્ પ્રત્યક્ષ દેવતા સમજીને તેમની સેવા કરવી અને તેમનું વચન પાળવું.** જુઓ! ભગવાન રામચંદ્રજી જેવા ધર્મવીર પુરૂષે પણ પોતાના પિતાજીનું વચન પાળવાને ચૌદ વર્ષ વનવાસ સ્વીકાર્યો. ભરતખંડના ભૂષણરૂપ ભિષ્મપિતાએ પોતાના પિતાનું વચન પાળવા માટે કુંવારાજ રહેવું કબૂલ રાખ્યું. શ્રવણે માબાપને કાવડમાં બેસાડી ખાંધે ઉપાડી તીર્થેતીર્થ ફરી સર્વ તીર્થ કરાવ્યાં અને મન, વચન અને

કર્મથી સેવા ભક્તિ કરી સંતોષ્યાં. **પાંડવો** **કુન્તા** માતાનું વચન પાળવાને માટે દ્રૌપદીજી વેરે પરણ્યા—રણવીર **ચંદ્રસિંહરાણાએ** પોતાના પિતાનું વચન પાળવા માટે ટીલાતપણું ખોઈ હલકી પદવી ધારણ કરી. **લક્ષ્મણજીએ** સુમિત્રા માતાની આજ્ઞા પાળવા રામચંદ્રજી સાથે ચૌદ વર્ષ વનવાસ જવું કબુલ કર્યું, વગેરે આવા ઘણા દાખલાઓ મળી આવે છે. માબાપની સેવા કરનાર અને આજ્ઞા પાળનાર સુપુત્રો કદી પણ દુઃખી થતા નથી. એટલુંજ નહિ પણ માબાપના અંતઃકરણના શુભ આશિર્વાદથી સ્વર્ગ સમાન અખંડ સુખ ભોગવી અમર કીર્તિ મેળવે છે. માબાપની સેવાનો પ્રતાપજ અલૌકિક છે. તેમનાં ચરણ સેવનમાંજ સર્વ તીર્થો રહેલાં છે, એવું અનેક શાસ્ત્રોનું વચન છે. જ્યારે **શિવજીના** પુત્ર **ગણપતિ** અને **કાર્તિક** સ્વામી વચ્ચે પરણવા સંબંધી વિવાદ થતાં **શિવજીએ** કહ્યું કે, જે "પૃથ્વી પ્રદક્ષિણા વહેલી કરી આવે, તેને સિદ્ધિ બુદ્ધિ પરણાવીશ"—હવે ગણપતિના વાહન કરતાં; કાર્તિક સ્વામીનું વાહન યોગ્ય હતું. તેથી કાર્તિક સ્વામીની તો હીંમત ચાલી, પણ ગણપતિને ઘણો વિચાર થયો, પરંતુ એ વખતે તેમની માતા **પાર્વતીજીએ** એક સહેલો રસ્તો બતાવ્યો. તેથી ગણપતિ પોતાના "માબાપની પ્રદક્ષિણા" કરી બન્નેને પગે લાગ્યા. તેથી એને પૃથ્વી પ્રદક્ષિણા જેટલું ફળ થયું, ને તેનો ફેરો સફળ ગણાયો. એથી ગણપતિની મનકામના તરત સિદ્ધ થઈ. અહો ! માબાપની પ્રદક્ષિણા અને સેવાનો કેટલો બધો પ્રભાવ !

માબાપની ભક્તિના દાખલા આ દેશમાંજ બને છે એમ નથી, પણ સર્વે દેશોમાં બનેલા જોવામાં આવે છે. **રોમનો** ઇતિહાસ વાંચતાં જણાય છે કે, એક વખતે રોમના રાજ્ય કર્ત્તાઓએ કોઇ આબરૂદાર સ્ત્રીના શરીરની ચામડી ઉખેડીને તેને મારવા કેદખાનામાં મોકલી દીધી. કેદખાનાના ઉપરીને તેની ખુબ સુરતી જોઇ દયા ઉપજી. તેથી તેનુ એકદમ ખુન ન કરતાં ભૂખે મારવાનો વિચાર કર્યો. એ બાઇને એક છોકરી હતી. તેણે પોતાની માતાને મળવા માટે કેદખાનાના ઉપરીની પ્રાર્થના કરી અંદર જવાની પરવાનગી મેળવી, પણ તે કંઈ ખાવાનું ન લાવે તેની સાવચેતી રાખી. એ છોકરી ઘણા દિવસ આવી તેટલા દિવસ ખાવાનું ન લાવ્યા છતાં એ સ્ત્રી જીવતી રહી. તેનું કારણ કેદખાનાના ઉપરીને છુપી રીતે તપાસતાં જણાયું કે, એ છોકરી પોતાની માતાને ધવરાવી પોતાનું દૂધ પાય છે. એ જોઈ તે ઘણું આશ્ચર્ય પામ્યો. તે સમજ્યો કે એ કન્યા એવી રીતે રોજ ખવરાવી જાય છે. એ બાળકીની આશ્ચર્યકારક બુદ્ધિ અને માતૃભક્તિ વિષે તેણે તરત રાજ્યના શાસનકર્ત્તાઓની આગળ વર્ણન કર્યું. શાસનકર્ત્તાઓએ પ્રધાનને જણાવ્યું. અને તેણે રોમની સાધારણ રાજ્ય સભામાં જાહેર કર્યું. તેથી કેદખાનામાં પડેલી સ્ત્રીને તરત ક્ષમા કરવામાં આવી અને ત્યારથી માદીકરીનું રાજ્યના ખજાનામાંથી પ્રતિપાલન થશે, એવો હુકમ કાઢયો. રોમનોએ એ કેદખાનામાં જે ઠેકાણે એ બાઇને કેદ રાખી હતી, તે ઠેકાણે એક મંદિર બના-

વીને તેનું-'**માતૃભક્તિનો કીર્તિસ્થંભ**' એવું નામ પાડયું. એવીજ રીતે વળી **આન્ટિલી** નામની બીજી એક સ્ત્રીએ પોતાના વૃદ્ધ બાપ—સાઇમોનસને બચાવ્યો હતો. વારંવાર એવા બનાવ જોઇને રોમનોએ એવો સ્થિર નિશ્ચય કર્યો કે માબાપના પ્રતિ ભક્તિ કરવી એ સ્વભાવનો પ્રથમ નિયમ છે. અહો! આવાં બાળકોને ધન્ય છે! અને ધન્ય છે તેમના જન્મને! કે પોતાને જન્મ આપનાર અને ઉછેરી મોટાં કરવામાં અથાક શ્રમ લેનાર માબાપની સેવાનો બદલો ભૂલી નહિ જતાં, તેમની સેવા કરવામાં પોતાના પ્રાણની પણ દરકાર રાખતાં નથી. જે પોતાના માતપિતાની ભક્તિ કરવામાંજ પોતાનો પરમધર્મ સમજે છે, જે માતાપિતાનેજ પોતાના પરમ દૈવતરૂપ સમજે છે અને જે માબાપનેજ સંસારમાં સર્વસ્વ માનતા હોય છે. એવા સુપાત્ર પુત્રરત્નને ધન્ય છે! જેટલો ઝેરમાં અને અમૃતમાં, જેટલો અંધકાર અને તેજમાં તફાવત છે, તેટલોજ સુપુત્ર અને કુપુત્રમાં તફાવત છે. સુપુત્રરૂપ રત્નોને જન્મ આપવાથીજ માતાઓ **રત્નગર્ભા** કહેવાય છે. સૂક્ષ્મ નજરથી વિચારી જોઇએ તો કપુત્રને પુત્ર નામ આપવું વાજબી નથી; કેમકે પુત્રનો અર્થઃ—પુ=નર્ક+ત્ર=તારનાર= "**જે નર્કથી રક્ષા કરે તે પુત્ર કહેવાય**" આ અર્થ પ્રમાણે સુપુત્ર પોતાના સારા આચરણોવડે માતપિતાની નિરંતર સેવા કરી નર્કથી રક્ષા કરે છે. માટે પુત્ર એ નામને તેજ યોગ્ય છે. કુપુત્ર તો પોતાના નઠારા આચરણથી માતપિતાને દુઃખકારક નીવડી નર્કમાં નાખનારા થઇ પડે છે. તો એ પુત્ર એવા પવિત્ર નામને કેમજ યોગ્ય હોય? એતો માબાપના શરીરમાંથી થયેલા મનુષ્ય આકારના કીડાજ કહેવાય. એવા કુપુત્ર પુત્રને ધિક્કાર છે! અને તેનો જન્મ વૃથા છે. તેનું જીવવું પૃથ્વીપર બોજારૂપ છે. તે જેવો આવ્યો તેવોજ પાપનો પોટલો બાંધી ચાલ્યો જાય છે.

જે મનુષ્યો માબાપની સેવા કરી તેમનો આશિર્વાદ મેળવતા નથી, તે મનુષ્ય નહિ, પણ રાક્ષસ સમજવા. તેમને નવ માસ ગર્ભમાં રાખી માતાએ ઘણું સંકટ ભોગવ્યું તેના કરતાં, તે વાંઝણીજ રહી હોત, તો વધારે સારૂં હતું કે દેખવુંએ નહિ ને દાઝવુંએ નહિ. માબાપની સેવા ન કરવી કે તેમની આજ્ઞા ન પાળવી એ કેવી મૂર્ખાઈ! એ કેવી કૃતઘ્નતા! અને એ કેવું નિર્દયપણું! માબાપની આજ્ઞા ભંગ કરનાર બાળક આગળ જતાં બહુ દુઃખી થાય છે અને જન્મપર્યંત પસ્તાય છે. મોટી ઉમરના માણસોએ પણ માબાપનું સદાય માન રાખવું, તથા યોગ્ય આજ્ઞાઓ પાળવી જોઇએ. કદી ધર્મ વિરૂદ્ધ આજ્ઞા હોય, તોપણ તે એકવાર તો કબુલ કરી લેવી જોઇએ, પછી નમ્રપણે સમજાવવું કે આ કરવા યોગ્ય આવા કારણથી નથી. માબાપની આજ્ઞા હમેશાં હિતબુદ્ધિથીજ ઉત્પન્ન થાય છે, માટે તેમની યોગ્ય આજ્ઞા થતાં તેને આધિન થવું અને તેમને માન આપવું જોઇએ. શાસ્ત્રમાં કહ્યું છે કે:—

उत्तमश्चिंतितंकुर्यात्, प्रोक्तकारितुमध्यमः ।
अधमोऽश्रद्धयाकुर्यात्, अकर्त्तच्चारितंपितुः ॥

માબાપની મરજી જાણી જઇને જે આજ્ઞા ઉઠાવે તે ઉત્તમ, માબાપના કહેવાથી કરે તે મધ્યમ, માબાપ કહે અને બળાત્કારે કરે તે અધમ, અને જે માબાપની આજ્ઞા ન પાળે તે નકામો છે–આ વાત દરેક બાળકોએ યાદ રાખવાની છે. હાલ કેટલાંક નઠોર બાળકો પોતે મોટાં થઇ જુવાનીમાં આવતાં, માતપિતાએ કરેલો અપાર ઉપકાર ભૂલી જાય છે, પોતાની સ્ત્રીના કહેવાપર ભમાઇ જઈ માબાપ તરફ પ્રેમ અને માનની નજરે જોતા નથી, માબાપને અપમાન આપે છે, તેમની આજ્ઞા ઉલ્લંઘન કરે છે, જુદા રહે છે, તેમને અન્ન વસ્ત્ર પૂરાં પાડતા નથી, ગાળો ભાંડી કચવાવે છે અને તેમને અનેક પ્રકારથી નિરાશ કરે છે. જાણે તે પેલાં ભવનાં વેરી કેમ ન હોય! એમ સમજે છે. અને પોતાનો પુત્ર ધર્મ ભૂલી જઈ તેને અનેક પ્રકારનાં કડવાં વચનો કહી દુઃખ દે છે. અહો! આ પુત્રને ધિક્કાર છે! તેઓ આટલું પણ વિચારતાં નથી કે મારૂં આ સંસારમાં વધારે હેતસ્વી અને ભલું કરનાર કોણ છે? કોણે મને પાળીપોષી આવડો મોટો કર્યો? કોણે મારાં સુખસાધનો વધારવાની કાળજી રાખેલી છે? અને કોણે પોતાની અહોનિશ નિદ્રા ભંગ કરી પોતાના સુખનો ભોગ આપી મને સુખી કરવા ઇચ્છા રાખેલી? જે આવો વિચાર કરતા નથી તેને ધિક્કાર છે! માબાપના અપાર ઉપકારનો બદલો ભૂલવો એ ઘણું શરમ અને પાપ ભરેલું છે. આવાં પાપી બાળકો આ લોક અને પરલોકમાં અત્યંત દુઃખી થાય છે; એટલુંજ નહિ પણ તેમનાં છોકરાં પણ તેમનું જોઇ તેમને દુઃખ દેતાં શિખે છે. તેથી "હાથનાં કર્યાં હૈયે વાગ્યા જેવું થાય છે અને કર્યાં કર્મ ભોગવવાં પડે છે." જે પાપી પુત્રો માબાપની આજ્ઞા પાળતા નથી કે તેમની સેવા કરતા નથી તે નર્કમાં પડે છે. મનુષ્ય ભલે કમઅક્કલનો હોય, પણ જે માબાપની સેવા કરે છે. તેની આ લોકમાં કીર્તિ વધી સુખી થાય છે. માટે સુજ્ઞ સુપુત્રોએ કોઈ પણ પ્રકારના મોહમાં નહિ લપટાતાં પોતાનાં પરમપૂજ્ય જે માબાપ તેમની નિરંતર સેવા કરવી, તેમની આજ્ઞા માનવી, તેમને કોઇ પ્રકારે કચવાવી દુઃખી કરવાં નહિ, અને તેમને તન, મન, ધન અને કર્મથી સદા આનંદ તથા સુખી રાખવાં એ તેમનો પરમધર્મ છે.

કુટુંબપ્રત્યે ધર્મ.

આ સંસારમાં દરેક મનુષ્યે પોતાના કુટુંબ પ્રત્યે શું ધર્મ છે, એ અવશ્ય જાણવું જોઇએ અને તે જાણી એ પ્રમાણે વર્તવું જોઇએ, એ તેમનો પરમ ધર્મ છે. મનુસ્મૃતિમાં કહ્યું છે કે;—

मातापितृभ्यांयामाभि, भ्रातापुत्रेणभार्यया ।
दुहित्रादासवर्गेण, विवादंनसमाचरेत् ॥

માતા, પિતા, ભ્રાતા, પુત્ર, પત્ની, કન્યા, બેન, પુત્રવધૂ અને દાસદાસીઓની સાથે વિવાદ કરવો નહિ. વળી એમાંજ કહ્યું છે કે;—મોટા ભાઇ પિતા તુલ્ય છે, ભાર્યા અને પુત્ર પોતાના શરીર પ્રમાણે છે, દાસદાસીઓ પોતાની છાયા સ્વરૂપ છે અને કન્યા એ કૃપાને પાત્ર છે. એટલા માટે તેના તરફથી દુઃખ થાય તો પણ સહનતા રાખવી. ભારતના અનુશાસન પર્વમાં કહ્યું છે કેઃ—

ज्येष्ठोभ्रातापितृसमो मृतेपितरिभारत ।
सह्येषांवृत्तिदातास्यात् सचैतान्परिपालयेत् ॥

પિતા પરલોક ગયાથી મોટાભાઇએ પિતા સ્વરૂપ થઇને નાના ભાઇઓનું વૃત્તિવિધાન તથા તેઓનું પરિપાલન કરવું.

कनिष्ठास्तंनमस्येरन् सर्वे छन्दानुवर्त्तिनः ।
तमे चोपजीवेरन् यथैवपितरंतथा ॥

નાનાભાઇએ પિતાના પ્રમાણે મોટાભાઇની આજ્ઞા પાળવી અને તેમના પ્રતિ ભક્તિ દેખાડવી.

भ्रातुर्ज्येष्ठस्यभार्यायाया गुरुपत्न्यनुजस्यसा ।
यवीयसस्तुयाभार्यास्नुषा ज्येष्ठस्यसास्मृता ॥

મોટાભાઇની ભાર્યા, નાનાભાઇને ગુરૂપત્ની પ્રમાણે છે. અને નાનાભાઇની ભાર્યા મોટાભાઇને પુત્ર વધૂ પ્રમાણે છે. વળી એજ પર્વમાં કહ્યું છે કેઃ—મોટી બેન, મોટા ભાઇની ભાર્યા અને બાલ્યકાળે જેના સ્તનનું પાન કર્યું હોય, તે માતા પ્રમાણે છેઃ—જે માણુસ પિતા, માતા, ભ્રાતા, ગુરૂ અને આચાર્યની સેવા કરે છે અને તેઓનાપર કદી પણ દ્વેષ કરતો નથી, તેઓને સ્વર્ગ લોકમાં સારી જગ્યા મળે છે. મહાનિર્વાણ તંત્રમાં કહ્યું છે કેઃ—

मातरंपितरंपुत्रदारानतिथिसो· रान् ।
हित्वागृहीन`ंजीयात् माणैःकंठगतैरपि ॥

કંઠગત પ્રાણ થયાથી પણ ગૃહસ્થે માતા, પિતા, સ્ત્રી, પુત્ર અને સગાં વહાલાંઓનો પરિત્યાગ કરીને પોતે ખાવું નહિ. વળી એમાંજ કહ્યું છે કે:–ગૃહી માણસે ભાઇ, બેન અને ભાઇના પુત્ર, જ્ઞાતિ, મિત્ર, અને ચાકરોનું પાલન કરવું અને તેઓને સંતુષ્ટ રાખવા. આમાં દર્શાવ્યા પ્રમાણે ગૃહસ્થે પોતાના કુટુંબના પ્રત્યે વર્તવું એ સર્વ પ્રકારે સુખ અને કલ્યાણકારક છે.

માબાપનો બાળક પ્રત્યે ધર્મ.

આ સંસારમાં માબાપ એ ઇશ્વર તરફનાં પ્રતિનિધિ છે. ઇશ્વરે તેનાપર બાળકને ઉછેરી સુશિક્ષણ આપી માનવરત્ન બનાવી, સુઉદ્યોગે લગાડવાની, અને યોગ્ય વયે આવતા લગ્ન કરી આપવા વગેરેની ફરજ મૂકેલી છે. આ ફરજ બજાવવી એ તેમનો ધર્મ છે. જે માબાપ બેફિકરાઇથી બાળકના ભલાની કશી કાળજી રાખતાં નથી, તે ઇશ્વરના મોટા ગુન્હેગાર થાય છે. માબાપે બાળકને પોતાના શરીરનાં અંશ જાણી તેના પર પૂર્ણ પ્રીતિ રાખવી અને તેમનું સર્વ પ્રકારે રક્ષણ કરવું. એ સાથે મર્યાદાથી મિત્રપણે વર્તવું. તેઓ પોતાના મનની વાત ખુલ્લા દીલથી કહે તેમ કરવું. ઘરમાં જો ખુલ્લા દીલથી વાત કહેવાનું મળતું નથી, તો બહારથી કોઇને શોધી કાઢી એ પાસે વાત કરે છે. આવી રીતે થવાથી વખતે નુકશાન થવાનો સંભવ રહે છે. બાળક સમજુ થયે તેમની દરેક કાર્યમાં સલાહ લેતા જવી, એથી કાર્ય સુધરે છે, પરસ્પર સ્નેહ અને સંબંધ વધે છે. જો સલાહ માટે પૂછવામાં આવતું નથી, તો તેમનું મન જુદું પડી સ્નેહ તૂટે છે, સંપ રહેતો નથી અને જુદા રહેવાનો વિચાર કરે છે. માટે તેમની સલાહ લઈ સ્નેહ વધે એમ કરવું. ફૂલણજી બની ગજા ઉપરાંત ખર્ચ કરી બાળકને કરજના કાળમુખા ખાડામાં નાંખવું નહિ. ઘરબાર વેચી ધર્મદાન કરવાં નહિ. બાળકોને ખાવાપીવાના સાંસા પાડી રઝળતાં મૂકવાં નહિ; કેમકે બાળકને ખાવાપીવાના સાંસા પાડી રઝળતાં મૂકવાથી માબાપ તરીકેનો ધર્મ ભંગ થઈ મહા પાપ લાગે છે. ઉપજ કરતાં ખર્ચ ઓછો કરી બાળકના ભવિષ્યના સુખ માટે પૈસાનો સંગ્રહ કરવો. **છોકરાંનાં નશીબ છોકરાં જાણે,** એમ વિચારી ધર્મદાન અને મોજમજામાં પૈસા ઉડાવી દેવા નહિ. તેમના તન તાપ નિવારણ કરવા માટે અન્ન વસ્ત્ર પૂરાં પાડવાં, તેઓ સદા આનંદ અને સંતોષથી રહે તેમ કરવું. ટાઢ, તાપ, અને વરસાદથી રક્ષણ કરવા તેમને રહેવાના ઘરની સોઇ કરી આપવી. પુત્ર પુત્રી પોતાના શરીરનોજ અંશ છે, એમ વિચારી બન્નેને સરખાં ગણી તેમનાં સુખ સાધનો વધારવા ચિંતા રાખવી. પુત્ર પુત્રીમાં દ્વૈતભાવ રાખવો નહિ. બંનેમાં દ્વૈતભાવ રાખ-

નાર માબાપ ઇશ્વિરના અપરાધી થાય છે. હાલ કેટલાંક દુષ્ટ અને નીચ બુદ્ધિનાં માબાપો પુત્રીના સુખને કશે। વિચાર નહિ કરતાં, મોંએ માગ્યા પૈસા લઈ તેને ગમે તેવા વર સાથે વરાવે છે. પુત્રીના પતિ પાસેથી પૈસા લેવાથી એનું ઘર ખાલી થાય છે. તેથી એ બિચારી નિરપરાધી બાળા દુઃખી થાય છે. આવી રીતે **કન્યા-વિક્રય**-કરી પુત્રનું ઘર ભરવું એ ઘણુંજ પાપી અને નીચ કામ છે. આવું કામ કરનાર માબાપને માબાપ નહિ, પણ વેરીજ કહેવાં જોઇએ, એને લગતી વધારે હકીકત મારા રચેલા **કન્યાવિક્રય નિષેધ દર્શક** નામના પુસ્તકમાંથી વાંચી લઇને આવું પાપી કર્મ કરવું નહિ. પુત્રી યોગ્ય વયે આવતાં, યોગ્ય ઉમરના સ્વરૂપે સુંદર, સદ્‌ગુણુસંપન્ન અને વિદ્વાન વરને શોધી વરાવવી, પણ કહેવાતા કુલીનના—ખોટા ફાંફામાં અંજાઇ જઇ અયોગ્ય પાત સાથે પરણાવવી નહિ. કુલીન અકુલીનપણું એ સઘળું (૧) **વિદ્યા** (૨) **ધન સંપત્તિ** વગેરે અને (૩) સદ્‌ગુણુ સદાચાર એ ત્રણ પર આધાર રાખે છે. જેનામાં આ ત્રણ ગુણ હોય તે કુલીન કહેવાય છે, અને જેનામાં આ ત્રણ ગુણ નથી હોતા તેને અકુલીન શાસ્ત્રમાં ગણેલા છે. કુલીનપણું સદા આ ત્રણ ગુણ વિના ટકી શકતું નથી. આ ત્રણ ગુણ જેની અંદર હોય, પછી તેનાં માબાપ ગમે તેવા ગુણનાં હોય; તોપણ તેને કુલીન ગણી પુત્રી પરણાવવાથીજ તે સુખી થવાની અને એથીજ માબાપનું કલ્યાણ થવાનું. માટે કહેવાતા કુળના ખોટા ફંદમાં કદી ફસાવું નહિ. પુત્રને પણ ભણાવી ગણાવી કુશળ કરી યોગ્ય વયે આવતાં, યોગ્ય ઉમરની સદ્‌ગુણુસંપન્ન કન્યા સાથે પરણાવવો, પણ "લાકડે માકડું" વળગાડી તેમને ભવ બગાડવો નહિ, તેમજ લાહવો લેવાની લાલચે લપટાઈ જઇ પુત્ર પુત્રીને બાળપણમાં પરણાવી દુઃખી કરવાં નહિ. **બાળ-લગ્ન** કરવાથી બાળકોનો ભવ બગડે છે. આ રીવાજથી ઘણીજ હાનિ થાય છે. તે વિષે કવિ દલપતરામે કહ્યું છે કેઃ—

"વૈદરભી વનમાં વલવલે" એ રાગ.

બાળપણે બાળનાં, નવ કરવાં લગન;
જો કરીએ જાણી જોઇને, વડું ઉપજે વિઘન. બાળ૰ ૧
જેમ આંબે મોર જેટલી, ધારે કેરીઓ કોઈ;
વિશ્વાસથી વકરો કરે, રહે અંતે તે રોઇ. બાળ૰ ૨
જો કદી જોડું તે ઉછરે, નાવે મળતો સ્વભાવ;
આખી ઉમરમાં એહને, દીસે દુઃખનો દેખાવ. બાળ૰ ૩
અણબનતી તણો એહને, જ્યારે ઉપજે અંકોર;
એ માનવીના મુખની, ગાળો ખાય છે ગોર. બાળ૰ ૪
સમજણ કાચી શિશુપણે, નહિ મન સ્થિર ઠાર;
કહો તેને કેમ કરાવીએ, આખી વયનો કરાર. બાળ૰ ૫

અગ્નિ રૂપે ઇશ્વર ગણી, જે ઠરાવ્યો જમાન;
શું સમજે શિશુ બાપડાં, જેને જરીએ ન જ્ઞાન. બાળ૦ ૬
માબાપની મુરખાઇનો, એતો છે આડો આંક;
વાંકું થયે પછી વેવલાં, કાઢે કર્મનો વાંક. બાળ૦ ૭
લહાવો લેવાને લાલચે, કાંઇક લાજને કાજ;
આંખો મિચીને ઉંડે કુવે, પડે કરી પતરાજ. બાળ૦ ૮
પાછળ શું પસ્તાએ, એવો કરી અનર્થ;
પાણી પીને ઘર પૂછીએ, એથી શું સરે અર્થ. બાળ૦ ૯
સંકટ દેખી સુતાતણું, કરે બાપ વિલાપ;
માતા મુખે મહા દુઃખના, શબ્દ ઉચ્ચારે આપ. બાળ૦ ૧૦

આ પરથી વિચાર કરી જોશો તો જણાશે કે બાળલગ્ન કરવાં એ નુકશાન કરતા છે. માટે ખુબ સંભાળ રાખી બાળકોને બાળપણમાં પરણાવવાં નહિ. બાળકોનું શરીર આરોગ્ય રહે તેમ કરવું, કંઇ દરદ થાય તો તે દૂર કરવા ચિંતા રાખવી. બાલ્યકાળથીજ તેમની મનોવૃત્તિને ઉત્તમ માર્ગે દોરવવી, દુર્વ્યસનથી દુર રાખી શીલવંત કરવાં. નિત્ય નિયમ પ્રમાણે **ઇશ્વરપ્રાર્થના** કરાવવી, તેમનું ચિત્ત ઇશ્વરમાં ચોટે એમ કરવું. માયાળુ અને ઉદ્યોગી લાગણી ઉત્પન્ન કરવી, તથા તેમનામાં શોધક બુદ્ધિ ઉત્પન્ન થાય એમ કરવું. બીજાં મનુષ્યો સમક્ષ તરછોડી અપમાન કરવું નહિ. તરછોડી અપમાન કરવાથી તેમની માબાપપર અપ્રીતિ થાય છે. તેમનો કંઈ વાંક થયો હોય, તો બીજા મનુષ્યો સમક્ષ ઠપકો નહિ દેતાં, એકાંતમાં શાંતપણે સમજાવી કહેવું. એથી તેમને માઠું નહિ લાગતાં ખરી અસર થાય છે અને ફરી એવું કૃત્ય કરતાં નથી. સ્ત્રીઓએ પોતાની શોક્યના બાળકોને પણ પોતાનાંજ બાળકો જાણીને એ સાથે યોગ્યપણે વર્ત્તવું. કદી પણ દ્વૈતભાવ રાખવો નહિ. વગેરે રીતે વિચારીને જે માબાપો બાળકો સાથે યોગ્યપણે વર્ત્તે છે અને જે તેમનાં સુખ સાધનો વધારે છે, તેણેજ પોતાનો ધર્મ બજાવ્યો ગણાશે.

સાસરે જતાં પુત્રીને શિખામણ.

પુત્રી સાસરે જઈ પોતાની વહુ તરીકેની જે ફરજ છે, તે બરાબર બજાવે, સાસરૂં, પિયર અને મોસાળ એ ત્રણે કુળને શોભાવે તથા માતાની કુખને દીપાવે, એવી બનાવવા માબાપે યત્ન કરવો જોઇએ. આ સંસારમાં અનેક પ્રકારની લાલચો અને હરકતો આવી પડે છે, એ વખતે ઘણી હુંશીઆર અને સમજુ સ્ત્રીઓ પણ તેની સામે જીત મેળવવાને અશક્ત બને છે, એવી સ્થિતિમાં

આવી પડેલી સ્ત્રીને પોતાના ધર્મનું રક્ષણ કરવામાં માબાપ તરફથી મળેલી શિખામણજ ઉપયોગી થઇ પડે છે. એ શિખામણ યાદ આવવાથી તેમની મનોવૃત્તિઓ શરમાઇને પાછી વળી અવળે રસ્તે ચાલતાં અટકી પડે છે. તેમાં પણ સાસરે જતાં મળેલી શિખામણ જેવી હૃદયમાં સચોટ થાય છે, તેવી બીજી ભાગ્યેજ થાય છે. માટે આ વખતે માતાએ પોતાની પવિત્ર ફરજ બજાવવા પુત્રીને કેવી શીખામણ આપવી તેનું થોડું વિવેચન કરૂં છું.

પુત્રી ! તું ડાહી થજે, તારા સાસુ સસરા અને પતિની સેવા કરજે. તારા માવતરની ખાનદાનીનો આધાર તારી ચાલ ચલગતપર રહેલો છે. તે તું યાદ રાખજે. તું તારા સાસુ, સસરા અને પતિની આજ્ઞા પ્રમાણે ચાલી તેમને સદા રાજી રાખજે, એનાથી જરા પણ વિરૂદ્ધ ચાલીશ નહિ. સતસંગત કરી સદાચરણે ચાલી તારી સુકીર્તિ વધારજે. જેઠ, જેઠાણી, દીયર દેરાણી અને નણંદ વગેરે સગાં સ્નેહી પ્રત્યે સ્નેહ રાખી નમ્રપણે વર્ત્તજે અને તેમનાં છોકરાં પ્રત્યે સ્નેહ રાખજે, તેપર કદી દ્વેષ રાખીશ નહિ. સુખી કે દુઃખી ગમે તેવી સ્થિતિમાં તું હોય, તોપણ ધર્મ નીતિ કદી તજીશ નહિ. ઇશ્વિર સ્મરણ અને સ્વામી ભક્તિ કરતી રહેજે. વડિલોનું માન્ય રાખજે અને તેઓ કઇ પૂછે તો સભ્યપણે નમ્રતાથી ધીરે સ્વરે ઉત્તર આપજે. તારા પ્રાણપતિને વિનય, વિવેકનાં વચનો કહી આનંદ પમાડજે. સગાં સ્નેહીને કદી પણ કડું વચન કહીશ નહિ. સૌને મધુર વચને બોલાવજે. જો તને કાંઈ કઠોર વચનો કહે તો તે સહન કરજે, હમેશ પ્રસન્ન વદને એકચિત્તથી કામ કરજે, તારા પતિનું ઘર ગમે તેવું હોય, તોપણ તેને ઉત્તમ ગણજે, સર્વની સાથે બોલવામાં પિયરના જેટલી છુટ ન લેતાં, ઘટીતપણે મર્યાદાથી બોલજે. મીઠાશ અને સભ્યતાવાળાં વચનો બોલવામાં કદી ન્યુનતા રાખીશ નહિ. અતિથિજનોને આદરભાવ આપી સારો સત્કાર કરજે. દુષ્ટ માણસની સોબત કદી કરીશ નહિ. ઘરેણાથી શરીર શોભાવવા કરતાં, સદ્‌ગુણોરૂપી ઘરેણાંથી શરીર શોભાવવાની વધારે કાળજી રાખજે, પુન્ય અને પરમાર્થનાં કાર્યો કરવામાં પ્રીતિ રાખજે, સત્યને સાચવજે અને જૂઠને જડમૂળમાંથી કહાઢજે. પતિને પસંદ પડતાં શુદ્ધ આચરણો રાખવાં, એના જેવો વશીકરણનો બીજો કોઇ મંત્ર નથી. તારા જીવ કરતાં પણ પતિવ્રતને વધારે વહાલું કરજે. આ દુનિઆમાં તારા પતિ જેવો, બીજો કોઈ પરમ મિત્ર મળનાર નથી; માટે તેનાપર પૂર્ણ પ્રીતિ રાખી સદા આનંદથી રહેજે. તને પિયર આવવાની ઇચ્છા થાય, તો તારા પતિ અને સાસુ સસરાની રજા લઇને આવજે. તું સદાચરણે ચાલીને સાસરા તથા પિયર બંને કુળને દીપાવજે. તારા પિતાના પવિત્ર કુળને કલંક લાગે નહિ, તારી જનેતાની કૂખ વગોવાય નહિ, પ્રાચીન પવિત્ર સતી જનોએ આર્યભૂમિમાં ઉત્પન્ન થઇ જગતમાં જે શ્રેષ્ઠપદ મેળવ્યું છે, તેની ઉજ્વળ કીર્તિને ઝાંખ લાગે નહિ, સંસ્કૃત વિદ્યાનું ભૂષણ જળવાય અને ઇંગ્રેજી વિદ્યાને દોષ મૂકાય નહિ તથા હિંદમાં હમણાં કહેવાતા

કળીયુગને માથે અપવાદ આવે નહિ એવી રીતે સંભાળી ચાલજે. કોઇ ગુપ્ત વાત કરતું હોય, તેમાં ચિત્ત ન રાખતાં તેથી દૂર ખસજે. કોઈ વાત કરતું હોય તેમાં કહ્યા વગર વચ્ચે બોલી ઉઠીશ નહિ. પરઘેર જવાનું ખરૂં કારણ હોય, તોપણ પતિ કે સાસુની આજ્ઞા વગર જઇશ નહિ. આજ્ઞા મળે, પણ સાથે ઘરની વડિલ સ્ત્રીને લઇને જજે અને ત્યાં કામ હોય એટલીવાર રોકાઈ તરત ઘેર આવજે. જે ઘરમાં પુરૂષ બેઠા હોય, તે ઘરમાં બનતાં સુધી જઇશ નહિ. કદી કારણસર જવું પડે તો સાસુ કે નણંદની સંગાતે જજે. સ્ત્રી વગરના ઘરમાં ગમે એવું કારણ હોય, તો પણ જઇશ નહિ, કેમકે એવા ઘરમાં જવાથી લોકો ખોટું આળ મૂકે છે. ઘરનાં કામકાજ વડિલોને પૂછીને કરજે. વડિલો સામે ખડખડાટ હસીશ નહિ, તેમજ નાનીવયનાની મૂર્ખાઇ જોઇ હસીશ નહિ, પણ તે સમજે એમ હોય તો ધીરેથી શિખામણ આપજે. હસવાની ટેવ રાખ્યાથી વજન ઘટે છે, કોઇનું માન ભંગ થાય એવું કદી બોલીશ નહિ, કામ કરવામાં ઘણી ઉતાવળ કરીશ નહિ, કેમકે ઉતાવળથી કામ બગડે છે—તેમ બહુ ધીરજ પણ રાખીશ નહિ. વળી આ કામ કરી રહીશ તો બીજું કરવું પડશે, એવા આળસુની ટેવ રાખીશ નહિ. જે કામ કરવાની તારી શક્તિ હોય, તેજ કામ કરવાની હીંમત કરજે. પણ મિથ્યાભિમાન રાખી જે ન થઇ શકે, તે કરવાની હીંમત કરીશ નહિ, કેમકે એમ કરવાથી નાલાયકી જણાય છે.

વહાલી પુત્રી ! શરીર, વાળ, વસ્ત્ર, અને ઘરની સ્વચ્છતાઇ રાખજે. કદી પણ ગંદી રહીશ નહિ. સદા સૌભાગ્યદર્શક ચિન્હો ધારણ કરી રાખજે. મિતાહાર કરજે અને ખોરાક વખતસર સાદો લેજે. પાકશાસ્ત્રના નિયમ પ્રમાણે ભોજન તૈયાર કરી ભાણાભેદ રાખ્યા વગર સૌને જમાડજે, રાત્રે એકલાં ક્યાંએ જઇશ નહિ. બહુ જરૂર જણાય તો પતિ કે સાસુની રજા લઇ ઘરની વડિલ સ્ત્રીની સાથે જજે. પુરૂષોની દૃષ્ટિ પડે એવી ખુલ્લી જગ્યોએ નહાવાનો રીવાજ રાખીશ નહિ કે વસ્ત્ર પહેર્યા વગર નહાઇશ નહિ, મર્યાદા રાખી ધીમી ચાલે ચાલજે. ઉતાવળી કે ઉછાંછળી ચાલે મર્યાદા રહીત ચાલ્યાથી હલકાઇ ગણાય છે, લોકો નીંદા કરે છે; અને ગર્ભને હાની પહોંચે છે. તારા મેળવેલા જ્ઞાનને તાજું રાખવા તથા વધારવા નવરાશની વેળાએ ઉત્તમ બોધ લાયક પુસ્તકો વાંચતી રહેજે, અને તેમાંથી ગ્રહણ કરવા યોગ્ય સાર ખેંચી હૃદયમાં ઠસાવતી રહેજે. તારા જ્ઞાનનો ઉપયોગ ઘર, દેશ અને સ્ત્રીઓના સુધારાને અર્થે કરજે. દયા, ક્ષમા, સત્ય, પરોપકાર, સભ્યતા, વિવેક. વિનય, ધૈર્ય, ઉત્સાહ અને ધાર્મિકતા વગેરે સદ્દગુણોનો સંગ્રહ કરી જન્મ ધર્યાનું સાર્થક કરજે; કેમકે આ મોંઘો માનવ અવતાર ફરી ફરીને આવતો નથી. માટે આ જન્મમાં જે સાર્થક કર્યું, તેજ સાચું છે. સુખ દુઃખ બદલાશે, પણ કર્યું ન કર્યું થશે નહિ. માટે જે કરે તે ખુબ વિચારીને કરજે. નઠારા સ્વભાવનાં, નીચ કુળનાં, નીચ બુદ્ધિનાં અને નીચ ધંધો કરનારાં સ્ત્રી પુરૂષ પાસે ઉભીશ કે બેસીશ નહિ. કોઈ કારણથી એવી સ્ત્રી સાથે કામ પડ્યું, તો મતલબ જેટલી વાત કરી તરત ત્યાંથી દૂર ખસજે;

કેમકે એવી સ્ત્રીઓનાં અંતઃકરણો મેલાં હોય છે. તેથી તેઓ ભરૂસો કરવા લાયક નથી. એવાની સોબતથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. બેસવા, ઉઠવાને કે બેનપણાનો સંબંધ તો ધાર્મિક, નીતિવાન, ભક્તિવાન, જ્ઞાનવાન, કુળવાન અને સભ્યતાવાળી સ્ત્રી સાથે રાખજે. તેમાં પણ જો કોઈ નીચ બુદ્ધિની અને દુર્ગુણી નીકળી આવી, અનીતિ કે દુરાચારની વાતો કરે તો તરત ત્યાંથી કામનું બહાનું કાઢી ઉઠી નીકળજે અને ફરી તેની સોબત કરીશ નહિ. કોઈ દુષ્ટ હાસ્ય કરે તો તે જાણ્યું અજાણ્યું કરી, ત્યાંથી નીચી દૃષ્ટિએ આડું ઓઢી મર્યાદા સાચવી બોલ્યા વગર ચાલી જજે. રસ્તે ચાલતાં કોઇ પરપુરૂષ સામે દૃષ્ટિ કરી ચાલીશ નહિ. પછી તે ગમે તેવો હોય તોપણ શું થયું. તારા શિયળનું જીવની પેઠે જતન કરજે. કદી કોઇ પાપી પુરૂષ મર્યાદાનો લોપ કરે એવું જણાય તો એ પ્રસંગે ઘણીજ સાવચેતીથી જવા આવવાનો વિચાર રાખજે. છતાં કોઇ શીયળ ભંગ કરવા આવે તો એ વખતે પ્રાણની પણ દરકાર રાખ્યા વગર હીંમતથી સામી થજે અને શીયળનું રક્ષણ કરજે. જેનું મન વશ છે અને જેની એકજ શુદ્ધ વૃત્તિ છે, તેનું શીયળ કોઇ પણ ભંગ કરવા સમર્થ નથી, એ તું નક્કી જાણજે.

શાણી સુતા ! તું વૃથા હાસ્ય, પારકાં બાળકોને ચુંબન, પરપુરૂષને જોઇ ઠેસો ખાવી, મોટા સુરથી ગાવું, પોતાના કાન અને કેડપર ખજવાળવું, ઉઘાડે મસ્તકે રહેવું, બહુ હસવું, કામ વિના પરઘેર જવું, વૃથા અન્ય પુરૂષોને જોવા ઉભા રહેવું, સુથાણી વગેરે નીચ જાતિની સ્ત્રી સાથે સ્નેહ બાંધવો, ચોરી કરવી, ક્રોધ કરવો, ઘરમાં છાનુંમાનું કંઇ ખાવું, રૂપપર મોહવું, રૂપ એતો ચામડીનો ભેદ છે, અનિયમિતપણે વર્તવું, કોઇને માઠું લાગે એવું વચન કહેવું, અતિ લોભ કરવો, વૃથા લવલવ કરવું, ઉડાઉપણે ખર્ચ કરવો, કરજ કરી વરો કરવો, નજીવી ખાલી ભભકાની અથવા બહારના ખોટા દેખાવવાળી ચીજોની ઇચ્છા કરવી, અમૂલ્ય વખત નકામો ગાળી આયુષ્ય અલેખે કાઢવું, ચીજ લેવામાં અક્કલ વાપરી તપાસ્યા વિના માગ્યું મૂલ્ય આપવું. કાચા કાન રાખી કહ્યા કહી સાંભળી વાતનું સ્વરૂપ જાણ્યા વગર અને કહેનાર કહેવું વજનદાર માણસ છે, તેનો વિચાર કર્યા વગર લડવા દોડવું, આળસુને ઉત્તેજન આપવું, પાપીનો સત્કાર કરવો, એ વગેરે અવગુણો તજી દેજે. પતિનું કલ્યાણ ઇચ્છવું, કુળ મર્યાદા પાળવી, ઘરની વાત ઉઘાડી પાડવી નહિ, ઘર ચલાવવાની નીતિમાં કુશળ રહેવું, વડિલોની મર્યાદા પાળવી, પરોણાનો સત્કાર કરવો, રોષવાળું મુખ પતિને દેખાડવું નહિ. પતિ દોષવાળો હોય તોપણ તેને આધિન રહેવું અને તેમના કાર્યમાં મદદ કરવી, પવિત્ર પ્રેમ, નમ્ર સ્વભાવ, દયાળુ લાગણી, નીતિમાં પ્રીતિ, સહનશીલતા, મધુરતા એ સદ્‌ગુણો સ્ત્રીઓનું બળ છે. માટે તું એ સદ્‌ગુણો ધારણ કરજે. વેશ્યા, ગાનારી, ગૃહસ્થાશ્રમમાં ન હોય એવી સ્ત્રી વેરાગણ (સાધુડી), નાટક તમાસા કરનારી, જાદુ ટોણા કરનારી અને દુષ્ટ સ્વભાવની વગેરે એવા પ્રકારની સ્ત્રીઓનો સંગ

કરીશ નહિ કે પાસે ઉભી રહીશ પણ નહિ; કેમકે એવી સ્ત્રીના સંગથી જેનો સ્વભાવ સારો હોય છે તે પણ બગડી જાય છે. મન, શ્રોત—નાસિકા, નેત્ર, વાક્, જીહ્વા, હાથ, પાદ અને ગુહ્ય ઇંદ્રિ એ બધાને સારા કામમાં વાળજે. ધર્મપર ભાવ રાખજે, કુટુંબ દેખી ખુશી થજે, પતિને વશ રહી સંતોષથી રહેજે. અજાણી જગ્યામાં, બજારમાં, અને પારકે ઘેર એકલાં જઇશ નહિ. તેમજ નાટક, તમાસા અને ભવાયા જોવા જઇશ નહિ; કેમકે એમાં સઘળાં માણસો કાંઇ સભ્ય અને સારાં હોતાં નથી. તેઓને શું બોલવું અને શું ન બોલવું એનો વિચાર હોતો નથી, તેથી એવે ઠેકાણે જવાથી સ્ત્રીની પવિત્ર મર્યાદાને લાંછન લાગે છે માટે સારી રીતે ચાલજે. જે પુત્રી માબાપની સારી શિખામણ પ્રમાણે ચાલે છે, તે સુખી થાય છે. **સીતાજી** અને **ઓખા** પોતાની માતાની શિખામણ પ્રમાણે ચાલવાથી તેમનું પવિત્ર નામ આજે આખી પૃથ્વીમાં પ્રસિદ્ધ થઇ ગયું છે. **સીતાજી**ને સાસરે વળાવતી વખતે તેમની માતાએ શિખામણ આપતાં કહ્યું હતું કેઃ—

श्वश्रुशुश्रूषणपरा । नित्यंराममनुव्रता ॥
पातिव्रत्यमुपालंब्य । तिष्ठवत्सेयथासुखं ॥

હે વત્સે ! તું સાસુની સેવામાં સાવધાન રહેજે અને તારા પતિ જે રામચંદ્રજી છે, તેની આજ્ઞા પાળજે. કોઇ દિવસ પણ તેમનું વચન ઉલ્લંઘન કરીશ નહિ. પતિવ્રતાનો જે પતિની સેવારૂપ ધર્મ છે, તેને આધારે સુખ વર્ત્તજે. પાર્વતીજીએ પોતાની પુત્રી **ઓખાને** સાસરે વળાવતી વખતે શિખામણ આપતાં કહ્યું છે કેઃ—

स्त्रीणांहिव्रतंपतिरेवदेवता । शुश्रूषणंपुत्रितदानुकूलता ॥
तद्बंधवेषुपरमोहिभावो । तदव्रतंमेतत्परितोहिधारणं ॥

હે પુત્રી ! પતિ એજ દેવ છે, એમ જાણવું, તેની સેવા કરવી, તેને સર્વ રીતે અનુકૂળ રહેવું, તેનાં સગાં સંબંધી વિષે પણ સારો ભાવ રાખવો. એ સ્ત્રીઓનો પરમધર્મ છે. માટે તે ધર્મને પરિપૂર્ણ રીતે ધારણ કરજે. વળી એ વખતે કહ્યું છે કેઃ—

રાગ, બીભાસ.

શિક્ષા દઉં તને દીકરી, મ્હારી તારી લાજ વધારજે;
જો પ્રીતે પીયુ આજ્ઞા આપે, તો પીયર ભણી પધારજે.
ઉગ્રેસર હળધર પદ્યુમન, વાસુદેવ ત્રિભુવન ધણી;
સ્વસુર પક્ષમાં સર્વે કુટુંબની, સેવા ભક્તિ કરજે ઘણી.
રૂકમણી જાંબુવંતીને રેવતી, સત્યભામા જે સુંદરી;
જક્ષ કરમાં કાળી વૃંદા, અષ્ટ પટરાણી પરી.
રતી રંભાવતી દેવકી, માયાવતી સતી રેવતી;
રખે દીકરી આળસ કરતી, તું ચરણ તેના સેવતી.

રૂડી ભુંડી વાત સાંભળી હોય, કોઇ આગળ નવ ચેહેરીએ;
ઉઘાડા કેશ નવ મૂકીએ, ઘણું ઝીણું વસ્ત્ર ન પહેરીએ.
કામ ઘરનાં બતાવ્યાં કરીએ, ન કરીએ કાંઇ અરૂ પરૂ.
પૂછયા પૂઠે સૂક્ષ્મ સાદે, બોલીએ જઇને ખરૂં.
પાત્ર પગે નવ ઠેલીએ, ક્ષમા રાખીએ બહુ ઉદરે;
આઘું ઓઢી ચાલીએ, રાખીએ દૃષ્ટિ ભૂમિપરે.
સંતાપ સાસરે ન કીજીએ, પીયરને ન વખાણીએ;
લક્ષ દુઃખ હોય સાસરે, પણ સ્વામીને ન જણાવીએ.
દાસી માણુસનો સંગ ન કીજે, નીચને મળે માઠું સહી;
સાસુ રીસ કરે ઘણી, પણ સામો બોલ કહિયે નહીં.
સાસુ નણંદને જેઠાણીની, સેવા ભક્તિ કરજો ઘણી;
પરઘેર નિત્ય જઇએ નહીં, ગયે હલકાઇ થાય આપણી.
મ્હોટે સ્વરે હસીએ નહીં, કો સામે તાળી નવ દીજીએ;
ઉભાં રહી ઉઘાડે માથે, પુત્રી પાણી નવ પીજીએ.
માત પિતાને ભ્રાત ભગની, પીયર સુખ સંભારીએ,
આવો બેસો જીજી કરીને, કુળની લાજ વધારીએ.
સહુને ગમતું બોલીએ, બાઇ અહંકાર કરીએ નહીં;
હસતું વદન નિત્ય રાખીએ, સુખ દુઃખ સમાન ગણીએ સહી.
દિવસે ન સૂએ દીકરી, બેન વચન પીયુનું પાળીએ;
સાસુજી જ્યારે સાદ કરે, ત્યારે જીજી કરી ઉત્તર આલીએ.
સ્વસુર જેઠાણીની લાજ કીજે, ન બોલીએ ઉંચે સ્વરે;
એમ ઘણી શિક્ષા દઇ માતા, પુત્રીને વિદાય કરે.

ઓરે આવને સલુણા હરી સામળાજો, એ રાગ.

શાણા થઇને રહીએ સાસરીઆના સાથમાંજો. ટેક.
મુકી ગરવ સરવ ગૃહનું કામ કીજીએજો,
કોઈ કામનો નકો શું વાદ કીજીએજો. શાણા૦ ૧
નહીં વાત કરો દાસથી એકાંતમાંજો,
દેખે દૃષ્ટે તો પડેજ કોઈ ભ્રાંતમાંજો. શાણા. ૨
વિના કામ ધામ પારકે ન પેસવુંજો,
પરવારી નીજ મંદીરેજ બેસવુંજો. શાણા૦ ૩
ઘણું હસવા કરી ટેવતો ન રાખીએજો,
સમો જોઇને વિચારી વાણી ભાખીએજો. શાણા૦ ૪

ગમે જેને જેવું તેવું તે શું બોલીએજો,
બોલ બોલતા પ્રથમથીજ તોલીયેજો. શાણા૦ ૫
મિતાહાર સાર છે ઘણો સ્ત્રી જાતનેજો,
બાળ ઘર સુઘડજ રાખીયેજો. શાણા૦ ૬
રાખો ટેવ ઉઠવાની પ્રાતઃકાળમાંજો,
દિવસે ઊંઘવામાં વખત નવ ગાળવાજો. શાણા૦ ૭
અરસપરસ કોની ન કીજીએ વાતડીજો,
નહીં દાખવી ઉઘાડી જરા જાતડીજો. શાણા૦ ૮
રહીએ જ્યાં ત્યાં ન કોઇ વેર કીજીએજો,
હાજી મોહનથી વશજ કરી લીજીએજો. શાણા૦ ૯
કરેજ વાત એ જણા મધ્યે ના બોલીયેજો,
બાર જાય થાય તોલ તેમાં આપણોજો. શાણા૦ ૧૦
પડે કષ્ટ કાંઈ તોય તે રહેવું ખમીજો,
સદા ચાલવું સ્વામીને નમી નમીજો. શાણા૦ ૧૧
જે શું કામ તેની વૃત્તિ મુજબ ચાલીયેજો,
ધરી લાજ મરજાદશીલ પાળીએજો. શાણા૦ ૧૨

પ્યારી પુત્રી ! આ શિખામણ તારા હૃદયમાં ઠસાવી તે પ્રમાણે વર્ત્તજે. એથી તું સુખી થઇશ. તારૂં સૌભાગ્ય ઇશ્વિર અખંડ રાખો. વગેરે વગેરે રીતે માબાપે પુત્રીને સારી શિખામણ આપી સાસરે વળાવવી.

સ્ત્રીએ સાસુ, સસરા, દીયર, જેઠ વગેરે સગાં સ્નેહી સાથે કેમ વર્તવું ?

સુજ્ઞ વહુઓએ સમજવું જોઇએ કે સાસુ સસરો એ ધર્મનાં માબાપ છે. તો જેમ માબાપની પિયરમાં રહીને સેવા કરીએ છીએ, તેમ સાસરામાં રહીને સાસુ, સસરાની સેવા કરવી જોઇએ. વળી સમજવું કે એજ મારા પ્રાણનાથના જન્મદાતા છે, એજ તેને પાળી પોષી ઉછેરી મોટાં કરનાર છે, એજ તેને ભણાવી ગણાવી સારાં કરવામાં મહેનત લેનાર અને તેજ સ્વામીનાથનું સર્વ પ્રકારે સારૂં ઇચ્છનાર છે. તેના જેવું મારા પ્રાણ પતિનું હિતેચ્છુ એકે નથી. હું પણ તેનાજ પ્રતાપથી આ પતિને પામી છું. અરે ! આખા જગતમાં અમને બંનેને જોઇ કોણ હર્ષનાં આંસુ લાવનાર છે ! અને અમારાં સુખ દુઃખમાં કોણ ભાગ લેનાર

છે ? અમારાં વહાલાં સાસુસસરોજ. આવાં જે પરમ પૂજ્ય પવિત્ર ગણાતાં સાસુ સસરાને સદા સંતોષમાં રાખવાં, તેમની આજ્ઞા પાળવી, તેમનું અંતઃકરણ કચવાય એવું કંઈ કરવું નહિ, પોતાના સદ્‌ગુણ અને આચરણથી તેમને રાજી રાખવાં, અને તે જે શિખામણ આપે તે જેમ માબાપની શિખામણ માનીએ, તેમ તેમની પણ માનવી. પિયરમાં જેમ માની રજા વગર બહાર જઇએ નહિ; તેમ સાસરામાં સાસુની રજા વગર બહાર જવું નહિ. વખતે સાસુ તાણીને કહે તો એમ સમજવું, કે એ અમારા ભલા સારૂજ કહે છે. એ ગુસ્સે થઇ જાય, તો એમ સમજવું, કે એ અમારા ભલા સારૂજ કહે છે. તેઓ અમારો કાંઇક વાંક થયો હશે તેથીજ ગુસ્સે થયાં હશે. સાસરે કામ કરવામાં કંઇ ખોટ નથી, પણ એથી તો ઉલટી શોભા વધે છે, લોકોમાં વખાણ થાય છે, કીર્તિ વધે છે અને ઘરમાં લાભ થાય છે. અમારી સાસુ બેસી રહી સઘળું કામ અમારી પાસે કરાવે છે; એવું કદી પણ મનમાં લાવવું નહિ; પણ એમ વિચારવું, કે તેણે આજ સુધી ઘરમાં કામ કરી કરીને આટલાં વર્ષ કાઢયાં અને મારા પતિ માટે તેણે ઘણું દુઃખ ભોગવ્યું છે, તેઓ ઘરડાં થવા આવ્યાં છે. હવે હું તેમને કામમાંથી મુક્ત કરી સુખી નહિ કરૂં, તો પછી કોણ કરશે ! તેને હવે વિશ્રાંતિ આપવી એ મારો ધર્મ છે. એમ વિચારી પોતે પિયરમાં જે શિખેલું હોય તેનો સાસરે સારો ઉપયોગ કરવો, ઘરનું સઘળું કામ બનતાં સુધી પોતાની શક્તિ પ્રમાણે ઉપાડી લેવું. સાસુજી પાસે જેમ બને તેમ ઓછું કામ કરાવવું. સાસુજી ઘરડાં હોય, તો તે પાસે મુદલ કામ કરાવવું નહિ, તેમને તો ઘરમાં સર્વ કામમાં દેખરેખ રાખવાને રાખવાં જોઇએ. કાર્યમાં કંઇ ભુલ પડે તો તે સુધારવા સૂચના કરે, એવી ગોઠવણ રાખવી. નાના મોટાનો વિવેક રાખવો જોઇએ. જગતમાં એવી રીત ન હોય તો સંસાર મહા દુઃખદાયક થઇ પડે. માટે નાના મોટાનો વિવેક રાખી પોતાની હુશિયારીને સારી વૃતિથી સ્ત્રી તરીકે વધારે ઉપયોગી થઇ પડવું.

સસરાને પોતાના પિતા સમાન સમજી તેની નિરંતરસેવા કરવી. એની સામુ ઉંચે સ્વરે બોલવું નહિ. સભ્યતા ને નમ્રતાથી ચાલવું. તેમની આજ્ઞા પાળવી. કોઈ રીતે તેમને ખોટું લગાડવું નહિ. તેઓ હમેશાં આનંદમાં રહે તેમ કરવું. સવારમાં વહેલા ઉઠી પ્રથમ ઇશ્વિર સ્મરણ કરી સાસુ સસરાને પાયે પડવું અને કહેવું કે જે કાંઈ આજ્ઞા હોય તે કહો. હું ખુશીથી ચિત્ત લગાડીને ઉત્સાહ સાથે કરીશ. પછી તેઓ જે આજ્ઞા કરે તે ખુશીથી ઉપાડી લઇ પાર મૂકવી. સદાય તેમનાપર સ્નેહ રાખવો અને સંતોષ પમાડવો. એમ કરવાથી ઇશ્વિર સદા રાજી રહેશે અને સારૂં ફળ આપશે. નણંદોને બેન સમાન ગણવી. તેનાપર દયા રાખવી. એ સાથે હળીમળીને ચાલવું. ઘરનાં કામકાજ સાથે હળીમળી સંપીસંપીને કરવાં. કામમાં એક બીજાને મદદ કરવી. પરસ્પર માઠું ન લાગે એમ બોલવું, ચાલવું. વખતે કોઇ કામમાં એકનો વાંક થયો તો દરગુજર કરવી. કદી જરા બોલવું

થયું તો સાસુએ વચ્ચે પડી બંનેને પોતાની દીકરી સમજી અદલ ન્યાય આપવો અને જેનો વાંક જણાય તેને ઠપકો આપવો તથા ફરી બંને સંપીસંપી રહે એવી શીખામણ આપવી. પરંતુ યાદ રાખવું કે આવો પ્રસંગ ભાગ્યેજ આવે એમ રાખવું. નણંદ એ ભોજાઇને દયાને પાત્ર છે. એ તો પોતાને સાસરેથી થોડા વખતના મેહમાનની માફક આવી છે, તો તેમને સર્વ પ્રકારે સંતોષ પમાડવો, તેને મધુર વચને બોલાવવી. તેમને પોતાની યથાશક્તિ વસ્ત્રાલંકારથી શણગારી સાસરે વળાવાય એમ ઇચ્છવું અને પરસ્પર સ્નેહ સહિત જુદાં પડાય એમ કરવું. નણંદે પણ પોતાની ભોજાઇને બેન જેવી ગણવી. તેમને સારૂં લાગે તેમ વર્ત્તવુ, તેમને કોઇ વાતે કચવાવવી નહિ, તેમને સુખે સુખી અને તેમને દુઃખે દુઃખી થવું, પરસ્પર સ્નેહ વધારવો, કોઇનું માઠું ઇચ્છવું કે કરવું નહિ. એક બીજાની નીંદા કોઈ પાસે કરવી નહિ. કહ્યાકારી કોઇની સાંભળવી નહિ. એક બીજાનો ભૂલથી વાંક થયો હોય, તો નમ્રપણે તેનો જઈ ખુલાસો કરવો અને માફી માગવી. આવી રીતથી પરસ્પર ઘણો સ્નેહ વધે છે અને એક બીજાના મનની ખાતરી થાય છે.

દેરાણી, જેઠાણીએ પણ પરસ્પર સ્નેહ રાખી સંપસંપીને ચાલવું, એક બીજાને માઠું લાગે એવું વચન કહેવું નહિ. ઘરનાં કામકાજ સાથે રહી કરવાં. પરસ્પરને કામમાં મદદ કરવી અને એક બીજાના સુખ દુઃખમાં ભાગિએણ થવું. કોઇ કામમાં હરકત આવી પડે, તો એક બીજાને દિલાસો આપવો અને હિંમત આપવી તથા હરકત દૂર કરવા મદદ કરવી. પરસ્પર દ્વેષ રાખવો નહિ, પરસ્પરનું સારૂં દેખી રાજી થવું, કોઇ કામમાં ચૂક પડે તો પરસ્પર નમ્રપણે બતાવી સુધારવી પણ યાદ રાખવું કે હુકમથી કદી કંઈ કહેવું નહિ. દેરાણીએ પોતાની જેઠાણીને માતા તુલ્ય માન આપવું; કેમકે તે પોતાના પતિના વડિલ ભાઈની ભાર્યા છે, તો તે માન્યને યોગ્ય છે. તેને પોતાથી અધીક ગણી તેની આજ્ઞા માનવી અને સદા રાજી રાખવી. નાના મોટાની રીત પ્રમાણે મર્યાદા રાખવી એ વિવેકની રીત છે. તેમજ જેઠાણીએ પોતાની દેરાણીને દીકરીતુલ્ય માન આપવું એ ઘટીત છે; કેમકે પોતાના પતિના નાના ભાઇની ભાર્યા છે, તેને તે પ્રમાણે માન્ય આપી સદા રાજી રાખવી. તેનાપર સારો સ્નેહભાવ રાખી દરેક કામ લેવું, એ વધારે શોભા ભરેલું છે. પરસ્પર નમ્રપણેથી એકજરૂપ બની સદા સંપસંપીને રહેવું અને સ્નેહ વધારતા જવો, એ મોટું સુખ છે. દીયર એ દીકરા બરોબર માનવાને યોગ્ય છે અને જેઠ એ સસરા તુલ્ય માનને યોગ્ય છે. માટે એ સાથે સભ્યતાથી સસરા તથા દીકરા પ્રત્યે વર્તવાના ધર્મ પ્રમાણે વર્ત્તવું, પતિના મિત્ર અને તેમના સગાંવહાલાંને જોઇને રાજી થવું. તેમના પર સદ્ભાવ રાખવો અને એ સાથે વિવેક મર્યાદાથી વ્યવહાર ચલાવવો, તેમને ખોટું લાગે એમ કદી વર્તવું નહિ. ભાણેજ અને ભત્રીજાને પોતાના દીકરા તુલ્ય ગણવા, તેમનાપર પ્રેમ રાખવો. જોઇ રાજી થવું અને તેમનું સર્વ પ્રકારે ભલું ઇચ્છવું. કદી પણ તેમને કડવાં વચનો

કહેવાં નહિ, પણ મધુર વચને બોલાવવા; તેજ પ્રમાણે ભત્રિજી અને ભાણેજી સાથે પણ વર્ત્તવું. પાડોશી સાથે સંપ રાખવો, તેમની અદેખાઇ કરવી નહિ, પરસ્પર મદદ કરવી, તેમનું સારૂં દેખી ખુશી થવું અને એ સાથે વિવેક, મર્યાદાથી વર્ત્તવું એ ઉત્તમ છે. પિયર ઘણું વસવું એ દુષણ આપનાર છે. માટે ત્યાં ઘણું વસવું નહિ. ઘરકુટુંબમા સ્નેહ રાખવો, સંપથી રહેવું અને જુદા રહેવાના વિચાર કરવો નહિ; કેમકે જુદાં રહેવાથી મન જુદાં પડી જાય છે; વગેરે હાની પહોંચે છે. કેટલીક સ્ત્રીઓ જુદા રહેવાને પોતાના પતિને આડું અવળું સમજાવે છે. સાસુ સસરા વગેરેના સાચો ખોટો વાંક કાઢે છે, પણ પતિ જો સમજુ હોય છે; તો તેનું જે કારણ હોય છે તે ખોળી કાઢે છે અને ફરી એમ ન કરે, તેના ઇલાજ કરે છે. જો ભોળો પતિ હોય છે તે તો સ્ત્રીના કહેવાથી ભરમાઇ જઇને સર્વ સાચું માની જુદો થાય છે. માટે આવી રીતે કરવું સમજુ સ્ત્રી પુરૂષને ઘટીત નથી. માબાપની હયાતીમાં જુદાં રહી, તેમને કચવાવવાં એ સદ્‌ગુણી સ્ત્રીના ધર્મ નથી. માબાપ જાણે છે કે પુત્રવધૂ આવશે, ત્યારે આપણે સુખી થઇશું, પણ એ આશા જુદા રહેવાથી ભંગ થાય છે. સુજ્ઞ વહુએ સાસુ સસરાને સદા રાજી રાખવાં એ તેમના ધર્મ છે. તે વિષે (**अनुशासनपर्वमां**) કહ્યું છે કે:—

श्वश्रूश्वसुरयोः पादातोषयन्तीगुणान्विता ।
मा पितृपरानित्यंयानारीसातपोधना ॥

અર્થ—જે ગુણસંપન્ન નારી સાસુ, સસરાની સેવા કરે છે અને માબાપની નિત્ય ભક્તિ કરે છે, તે નારી તપોધના કહેવાય છે.

આવાં શાસ્ત્રોનાં વચન યાદ રાખી, સાસુ સસરાની નિરંતર સેવા કરવી, એ સન્નારીના ધર્મ છે. તેમજ સાસુઓએ પણ પોતાની વહુને દીકરી બરોબર જાણી તેમની સંભાળ રાખવી. કામકાજ તેમની શક્તિ માફક કરાવવાં, એમ વિચારવું કે વહુ આપણા ઘરનાં સૌ માણુસોને મદદ કરવાને અને સૌ સાથે મળી સુખ ભોગવવાને આવી છે. તો તેને સુખ આપવું જોઇએ. તેનાથી જે કામ ન બને તે સાથે મળી કરવું, પણ કેટલીક નિર્દય સાસુઓ વહુ આવી કે તેના પર સઘળા કામના બોજો મૂકી દે છે, અને એક ગુલામડીની માફક ગણી કામમાંથી ઉંચું માથું કરવા દેતી નથી, ગમે તેવાં કડવાં વચનો કહે છે અને તેના પતિ પાસે આઘા પાછાં કરી તેમને દુઃખ આપે છે, વગેરે રીતે તેનાપર જુલમ ગુજારે છે, આમ કરવું એ ઘણુંજ ખરાબ અને નીચ કામ છે. સમજુ સાસુ કદી આ પ્રમાણે કરતી નથી. તેતો વહુને દીકરીની માફક ગણી તે સાથે વર્ત્તે છે. વખતે વહુ અણસમજથી આડી ચાલે છે, તો તેમને છોકરૂં જાણી સમજાવી સુધારે છે અને પુત્ર તથા વહુમાં પરસ્પર સ્નેહ વધે એમ કરે છે. આવી સાસુઓને ધન્ય છે ! અને જે વહુઓ પોતાના સાસુ સસરાને માબાપ તુલ્ય ગણી નિરંતર સેવા

કરે છે, તથા ઘરનો સઘળો કાર્યભાર ઉપાડી લે છે અને દીયર, જેઠ વગેરે સગાં સ્નેહી પ્રત્યે સ્નેહભાવથી પોતાના ધર્મ પ્રમાણે વર્ત્તે છે તેમને પણ ધન્ય છે! ઘરમાં સપ, સલાહ, સમાનતા, સંતોષ અને આનંદ એ પાંચ ગુણ વ્યાપી રહે એમ કરવું એ ઉત્તમ સ્ત્રીનો ધર્મ છે.

ઘર ઉપયોગી વૈદક.

" શરીરે સુખી તો, સુખી સર્વ વાતે;
શરીરે દુઃખી તો, દુઃખી છે સદા તે."

સ્ત્રી એ ઘરનો પ્રધાન છે, તેનાપરજ છોકરાં ઉછેરવાનો અને માંદાની માવજત કરવાનો સઘળો આધાર છે. માટે તે જો વૈદકશાસ્ત્રના જ્ઞાનવાળી હોય તો પોતાને પોતાનાં બચ્ચાંને તેમજ ઘર કુટુંબને આરોગ્ય રાખી શકે છે. રોગીને નિરોગી બનાવી તનદુરસ્ત કરે છે તથા રોગોનાં કારણો જાણી અટકાવી શકે છે. વળી એકદમ વૈદ કે દાક્તરને ત્યાં દોડવું પડતું નથી. કેટલીક સ્ત્રીઓ જેમ અજ્ઞાનતાએ ઔષધીના ગુણ જાણ્યા વગર કે રોગની પરીક્ષા કર્યા વગર ગમે તે દવા આપી દરદમાં વધારો કરે છે, તેમ વૈદકશાસ્ત્રના જ્ઞાનવાળી સ્ત્રીથી થતું નથી, તે વાકેફ હોવાથી વૈદ કે દાક્તરને પણ દરદથી બરાબર વાકેફ કરી શકે છે. કેટલીક સ્ત્રીઓ પોતાને કે બાળકોને દરદ થાય છે, ત્યારે જેમ ઉટવૈદોને ત્યાં દોડી જાય છે, જેવી તેવી દવા લઇ દરદમાં વધારો કરે છે અને પૈસા ગુમાવે છે. તેમ સમજુને વૈદકના જ્ઞાનવાળી સ્ત્રી પોતાથી ઉપાય કર્યે બનતું નથી, તો હુશીઆર વૈદોની સલાહ લે છે અને રોગ થતાંજ ઉપાય કરે છે. ભાવપ્રકાશમાં કહ્યું છે કેઃ—

"રોગ ઉત્પન્ન થતાંજ તેનો ઉપાય કરવો, પણ થોડો જાણી બેફિકરમાં રહેવું નહિ; કેમકે અગ્નિ, શત્રુ, રોગ, અને વિષ એ થોડાં હોય તોપણ વધારે વિકાર કરે છે." માટે દરદ જણાયું કે તેનો ઉપાય કરવો, એ સૌથી વધારે જરૂરનું છે. એમાં શું દવા કરવી ? દવાથી શું થાય ? એતો એની મેળેજ મટશે આવું બોલવું એ ભૂલભરેલું છે, જે રોગ દવાથી મટે છે, તે એની મેળેજ મટશે આવું બોલવું એ ભૂલભરેલું છે. જે રોગ દવાથી મટે છે તે એની મેળે કદી મટતા નથી. વળી જે દવાથી નથી મટતા, તેવા રોગ પણ દવાના સંયોગથી સારા થાય છે, માટે આવું વિચારવું નહિ, પણ એ યાદ રાખવું, કે રોગ થયા પછી મટાડવાનો ઉપાય કરવાને બદલે પ્રથમ એ રોગ મૂળમાં થાયજ નહિ, તેવો ઉપાય કરવો એ વધારે સારૂં છે. વળી જેમ પુરૂષો પોતાના રોગથી વૈદને બરાબર વાકેફ

કરી શકે છે, તેમ સ્ત્રીઓ વૈદક જાણતી નહિ હોવાથી પોતાના ગુહ્ય રોગની માહેતી આપી શકતી નથી, તેથી તેમને મોટું સંકટ વેઠવું પડે છે.

સ્ત્રીઓએ સાધારણ રોગની ચિકિત્સા અને ઉપચાર જાણવાની જરૂર છે. માટે તેમના જ્ઞાનમાં વધારો થવા વૈદકનું ટુંક વર્ણન આપ્યું હોય તો ઠીક, એવા હેતુથી તેમને ઘરવૈદાં તરીકે કેટલુંક ઉપયોગી થઈ પડવા નિત્યના અનુભવમાં આવતાં, સાધારણ દરદોપર વૈદક ગ્રંથોને આધારે રોગના ટુંક વર્ણન સાથે અનુભવી વૈદોએ પસંદ કરેલા ઉપાયો આ નીચે આપ્યા છે.

૨. **વ્યાધિનું મૂળ**—કેટલાક રોગ ચેપ અને ઝેરી બીઆંથી પણ ઉત્પન્ન થાય છે, પણ તે સિવાય સર્વે પ્રકારના વ્યાધિનું મૂળ **વાત, પિત્ત,** અને **કફ** એ ત્રણ દોષ છે, સઘળી વ્યાધિઓ મન તથા શરીરનો આશ્રય કરી રહેલી છે. અનિયમિત વખતે ભોજન લેવું, થોડું જમવું, કડવું, તુરૂ એ વગેરે ખાવું, ઉજાગરો કરવો, શોક, ભય, ચિંતા, અતીશે કસરત, બગડી ગયેલું ખાવું, બરાડી બોલવું, વાયુ આદિના વેગને રોકવા, અતી ઉલટિ, બહુ જુલાબ, અને વર્ષાઋતુ, એ **વાયુ–વાતવિકાર**નાં મુખ્ય કારણ છે. ખારૂં, ખાટું, તીખું, ગરમ અને દાહ ઉત્પન્ન કરે એવું ભોજન, ક્રોધ, તાપ, અને શરદઋતુ એ **પિત્તનીવિષમતા**નાં મુખ્ય કારણ છે. મધુર, ખાટું, ચીકણું, ભારે અને થોડું ભોજન, બેસી રહેવું, દિવસના ઉંઘવું, અતિશય પૌષ્ટિક ખોરાક ખાવો, ઉલટી, અજીર્ણ અને વસંતઋતુ એ **કફને કોપવાનાં** મુખ્ય કારણ છે. એ પ્રત્યેક દોષને વિકાર પામવાનાં જે કારણ કહ્યાં તે મિશ્ર થવાથી **વાતકફ, પિતકફ** એમ બે કે અધિક દોષ સાથે કોપે છે. એ પ્રમાણે પ્રકોપ થઈ ચામડી, લોહી, માંસ અને હાડકાદિમાં રોગની ઉત્પત્તિ થાય છે. વાત, પિત્ત, અને કફ એ ત્રણ દોષજ દેહની ઉત્પતિનાં કારણ છે અને તે ક્રમિથી શરીરના હેઠલા, મધ્ય અને ઉપલા ભાગમાં રહેલા છે. જેમ થાંભલો ઘરને ધારણ કરી રાખે છે તેમ વાતાદિ શરીરને ધારણ કરી રહ્યા છે. આ ત્રણેમાં જ્યારે બગાડ થાય છે, ત્યારે નાશનું કારણ પણ તેજ થઇ પડે છે. આ ત્રણ સિવાય ચોથું રૂધિર એવા ચાર પદાર્થથી શરીરની ઉત્પત્તિ, સ્થિતિ, અને લય થાય છે.

આ પ્રમાણે દોષોનો પ્રકોપ થયા પછી રોગોનો ઉપચાર કરવા પહેલાં એ તથા રોગોને અટકાવવા એ વધારે અગત્યનું છે. એ રોગો અટકાવવાનો ઉપાય એ છે, કે તે થવા ન પામે તેવી રીતનું ખાવા પીવાનું રાખવું. જેનો વર્ણ, ગંધ, રસ, તથા સ્પર્શ પોતાને પસંદ પડે તેથો હોય, તેવાં અન્નપાન ખરેખર પ્રાણ આપનાર છે અને જો વિપરીત હોય, તો તેથી મનુષ્ય દેહમાં અનેક રોગો ઉત્પન્ન થાય છે. જે મનુષ્ય બરાબર રીતે વર્ત્તે છે, તેમને આરોગ્યતાની સાથે આયુષ્ય અને બળનો વધારો થાય છે.

૨. **રોગની પરિક્ષા**—રોગની પરિક્ષા **પ્રત્યક્ષ** અને **અનુમાન** એમ બે પ્રકારે થાય છે. પોતાની ઇંદ્રિયોથી તથા મનથી બાહ્યાંતર પદાર્થોનો અનુભવ

કરવો તેને **પ્રત્યક્ષ પ્રમાણ** કહેલું છે. યુક્તિ કે તર્કથી પરીક્ષા કરવી તેને **અનુમાન** પ્રમાણ કહેલું છે. તેમજ **કહેવાથી, જોવાથી** અને **અનુમાન** એમ ત્રણ પ્રકારે પરીક્ષા કરવાનું પણ કહેલું છે. આ પ્રમાણે વખતે બરાબર જાણી શકાતું નથી. બુદ્ધિમાને તપાસવું કે આ રોગ આવી રીતે જન્મેલો છે, આનું આવું સ્વરૂપ છે, આવી આની સ્થિતિ છે, આવી કૃતિનો છે. આ શબ્દ, રૂપ, રસ અને ગંધવાળો છે, આવા ઉપદ્રવાળો છે, આવી રીતે વધે ઘટે છે, આવી રીતે પકડાઇ રહે છે, એવો જુસ્સો બતાવે છે, આનું નામ છે, તથા આવી રીતના ઔષધને લાયક છે, એવી રીતની પરીક્ષા કરવી. પછી રોગીના શરીરનું બળ અને રોગનું બળ તપાસી જે ઔષધને તે લાયક હોય તેવું તેને ઔષધ આપવું એ ઉત્તમ છે.

૩. **પરસેવો**—ચાર પ્રકારથી શરીરમાંથી પરસેવો નીકળે છે. વેળુ ઇત્યાદિની પોટલી બાંધી તેને ગરમ કરી શરીરે શેક કરી પરસેવો કહાડવો એ રીત શ્લેષ્મને હણનારી છે. કોઇ પદાર્થનો કવાથ કરી તેની બાફ આપીને પરસેવો કહાડવો એ કફને હણનારી છે. પ્રવાહી પદાર્થનો યોગ કરી પરસેવો કહાડવો એ વાત, પિત્તને હણનારી છે.

૪. **વમન–ઉલટી**–શરદ, વસંત, અને વર્ષાઋતુમાં વમન કરાવવું નહીં. જે બળવાન, અત્યંત કફના પ્રકોપવાન, ઉછાળાથી અકળાએલા, ધીરજવાન, અને વમન જેને સદતું હોય, તેનેજ ઘણું કરીને વમન કરાવવું. વિષ દોષથી પીડા પામતો હોય, અજીર્ણ થયેલું હોય, અને કફથી વ્યાપ્ત હોય, તેવા દરદીને મીંઢળના કવાથનું પાન કરાવીને વમન કરાવવું, પણ જેની પ્રકૃતિ અત્યંત કોમળ હોય, જે દુર્બળ, વૃદ્ધ, બાળક અને બીકણ હોય તેવાને વમન કરાવવું નહીં. બાળકને રોગાનુસાર કરાવવા જરૂર પડે તો તેની શક્તિ વિચારી કરાવવું. **ઉલટીની દવા**—કફ વિકારમાં પીપરમાં સિંધવ મેળવીને તેનું ચૂર્ણ ઉનાપાણીમાં આપવું. પિત્તવિકારમાં કડવી ધીસોડી, અરડુસો, અને લીંબુનું ચૂર્ણ શીતળ જળમાં આપવું. કફ સહિત વાત પીડામાં દૂધ સાથે મેળવેલું મીંઢળનું ચૂર્ણ પાવું. અજીર્ણમાં ઉના પાણી સાથે સિંધવનું પાન કરાવી ઉલટી કરાવવી.

૫. **ઉલટીથી થતા ઉપદ્રવના ઉપાય**—ઉલટી કરતાં જીભ બહાર નીકળી આવી હોય તો તેને તલ અને દ્રાક્ષ વાટીને ચોપડી અંદર બેસાડવી. આંખના ડોળા બહાર નીકળે, તો તેને ઘી ચોપડી હળવે હળવે હાથે દબાવવા. જડાં—જડબાં ઝલાઇ ગયાં હોય તો વાત કફને હરનાર ઔષધનું ટીપું નાકમાં નાંખવું. લોહીની ઉલટી થતી હોય તો ચંદન, વાળો, મોથ, ચોખાની ધાણી, મગ, પીંપર, અને જળ એ સઘળાં પાણીમાં પલાળી તે પાણી સાથે પીવું. ઉલટીના અતિયોગથી તૃષ્ણા આદિ ઉપદ્રવ ઉપજેલા હોય, તો આમળી, રસવંતી, વાળો, ચોખાની ધાણી, જળથી ઘસેલું ચંદન, ઘી, મધ અને સાકર સાથે પાવું.

૬. **વિરેચન-રેચ-જુલાબ**—આમવાયુ, બંધકોષ અને પેટના રોગોમાં રેચ આપવો. જે દોષની રેચથી શુદ્ધિ કરવામાં આવે છે તે દોષ પાછો થતો નથી. બાળ, વૃદ્ધ, ક્ષીણ, બીકણ, થાકેલો, તૃષાતુર, સ્થૂલ, ગર્ભિણી સ્ત્રી, નવીન જ્વર-વાળો, તરત પ્રસૂતા સ્ત્રી, મંદાગ્નિવાળાને તથા ઘેલછાવાળાને એટલાને રેચ આપવા નહીં; બાકીના રોગવાળાને રેચ ફાયદા કરતા છે. તે પણ—કારતક બેસતાં અને ફાગણ માસમાં લેવો તે ઉત્તમ છે, પણ શરદ, વસંત અને વર્ષાઋતુમાં તો લેવોજ નહિ; કેમકે તે વખતમાં બરાબર નહિ લાગવાથી નુકશાન કરે છે. **રેચની દવા**—જેને હલકો રેચ લેવો હોય, તેને દ્રાક્ષ, દૂધ અને એરંડી તેલનો આપવો. સાધારણ રેચ લેવો હોય તેને નસોતર, કડું, તથા ગરમાળો એનો આપવો અને જેને તીક્ષ્ણ રેચ લેવો હોય તેને થોરનું છીર, નેપાળો અથવા દારૂડીનો આપવો. રેચ લાગ્યા પછી ચોખા, મગ રાંધી ઘી સાથે ખાવા, તેમાં ટાઢું પાણી, પરિશ્રમ, તેલ-મર્દન, મૈથુન વગેરેનો ત્યાગ કરવો. બાળકને તો દેશી કે વિલાયતી તાજા એરં-ડીઆ તેલનો જુલાબજ આપવો ઉત્તમ છે અગર સોનામુખીની ચાહને દૂધ અને સાકર સાથે આપવી. વારંવાર જુલાબ લેવા એ નુકશાન કરતા છે. માટે જોઇએ ત્યારેજ વિચારી લેવો જોઇએ.

૭. **દાંતનું આવવું**—બાળક છ સાત માસનું થવા આવે છે, ત્યારે દાંત આવવા માંડે છે. એ વખતે તેમને ઝાડો, ઉલટી, તાવ, ઉધરસ થઇ આવે છે, તથા દાંતની પીડાથી ઊંઘ આવતી નથી.

ઉપાય—દાંત આવવાની જગા ફૂલેલી જણાય, તો તેપર માંખણ ઘસવું, તેથી વેદના થોડી થાય છે અને દાંત પણ ધીરે ધીરે ઉપડી આવે છે. ધાવડીનાં ફુલ, પીપર અને આમળાના રસમાં વાટી ચોપડવાથી દાંત તરત આવે છે.

૮. **ભરાઈ જવું**—વર્ષાદ વગેરેની શરદી લાગવાથી અને કફના વધારાથી આ રોગ થાય છે. તેથી ઉલટી થાય છે અને તાવ આવે છે, છાતી ને માથું દુઃખે છે અને અશક્ત થઇ જાય છે.

ઉપાય—અતિવિષની કળી અને લવીંગ પાવું, આદુનો રસ મધમાં મેળવી પાવો, તેમજ અરડુસીનો રસ પાવાથી પણ ફાયદો થાય છે. અરડુસીનાં પાન છાતીએ બાંધી શેક કરવો. ગોરોચન ઘસીને પાવું. તેથી પણ ઠીક થાય છે.

૯. **લાળ**—બાળકના મોંમાંથી લાળ ઝરે છે-તે તેના લુગડાંપર ભરાઈ રહેવા દેવી નહિ તેથી તો શરદી થાય છે. **ઉપાય**—લોદર, ગોરોચન, અને તલ, એનો કવાથ કરી મધ સાથે પાવો.

૧૦. **ગાલપચોરીઆં**—આ રોગ બાળકને થાય છે. એ ચેપી રોગ છે. ગાલ સુણી જાય છે, તેથી વખતે થોડી ટાઢ આવી તાવ આવે છે. વખતે એ ગાલ-પરના ગાંઠામાં દરદ થાય છે, પણ ચાર પાંચ દિવસે મટી જાય છે. **ઉપાય**—એક હલકો જુલાબ આપવો, ગાંઠાપર શેક કરવો. ખોરાક હલકો આપવો, સોનાગેરૂ

વાટીને ચોપડવો. રાસ્ના, સુંઠ, બીજોરાનું મૂળ, ચિત્રક, દેવદાર, અને અરણીનાં મૂળ એ સમભાગે લઈ પાણીમાં વાટી ચોપડવાં.

૧૧. **ધુળ કે માટી ખાવી**—આ ટેવ કેટલાંક બાળકને હોય છે. તે માટે તેની ઘણી સંભાળ રાખવી. આ ટેવ માતાની બેફિકરાઇનુંજ કારણ છે. તેથી તેના હાથ પગ દોરડી થઈ પેટ વધી જાય છે, શરીર ગળતું જાય છે, અને એથી વખતે મરણને પણ પામે છે. માટે તે ન ખાય તેવી સભાળ રાખવી.

ઉપાય—વરીઆળી, ગધક, એલચી, બોદાર, એનું ચૂર્ણ બે વાલ ધાવણ કે ગાયના દૂધમાં પાવાં, તેથી રેચ લાગી પેટમાંનો બિગાડ નીકળી જશે. રેવચીનો શીરો પણ પાવાથી તેવોજ ફાયદો થાય છે.

૧૨. **પેટમાં ભાર રહેવો**—બાળક કે તેની મા ખાવા પીવામાં સંભાળ રાખતી નથી. તેથી એ રોગ થાય છે. જો વાયડા પદાર્થ ખાવામાં આવે છે, તોપણ થાય છે, ત્યારે ખોરાક પચી શકતો નથી અને પેટમાં દુઃખે છે.

ઉપાય—એરંડીઆ તેલનો કે રેવંચીના શીરાનો અથવા ગરમાળાના ગોળનો રેચ આપવો. તેથી ઝાડો સાફ થઈ બીગાડ નીકળી જશે. જવ કે એરંડીની ખીર પેટપર ચોપડવી. કરીઆતુ ને સોનામુખીની ચાહ કરી ગોળ સાથે પાવી, તેથી ઝાડો સાફ આવી પેટ હલકું થશે.

૧૩. **આમણુ**—બાળકને જુલાબ વારંવાર આપવાથી, નબળાઇથી, ઝાડે જતાં કરાંજવાથી, ઝાડે ઘણીવાર બેસી રહેવાથી આ દરદ થાય છે. **ઉપાય**—જુલાબ નહિ આપવો પણ સાફ દસ્ત થવા માટે પેટે એરંડીયુ તેલ ચોપડવું. ઠંડા પાણીનો રૂમાલ બાંધવો. પાણીમાં મીઠું મેળવી તેમાં ત્રણ ચાર ઇંચ ઉંડા પાણીમાં ચાર પાંચ મિનિટ બેસાડવું. બકરીના દૂધથી મળદ્વાર ધોવું અને આંબલીના કચુકાનો લોટ દાબવો, તેથી બેસી જશે. વખતે બે હાથના અંગુઠા વતે તેને તેલ જરા લગાડી ધીરેથી દાબી દેવી, ને મળદ્વારપર લુગડાની ગાદી રાખી લંગોટ વાળવો. કલાઇ સફેતો તથા કાંટાનું માયુ સરખે ભાગે લઇ વાટી દરરોજ ભરભરાવવાથી ઉચે ચડી જાય છે. તે પાછો નીકળતી નથી.

૧૪. **વધરાવળ**—એ વાયુથી પેદા થાય છે. તેથી પેડુ અને વૃષણની અંદર દુઃખે છે, વખતે વૃષણ મોટાં થાય છે. **ઉપાય**—શેરાગુંદર, કરેર, સુવા, શીંગરોટીનાં મૂળ, મરડાશીંગ, વાવડીંગ, ઇંદ્રજવ, કાંકચ, એરંડી, એ સમભાગે લઇ તેને કપડછાણ ચૂર્ણ કરી ટાઢા પાણીમાં આપવાથી તરત મટે છે.

૧૫. **ખસ અને લુખસ**—એ બે જાતની થાય છે. એક જાતની ફોડકા થયા વગર શરીરમાં ચર આવે છે. તેથી ખણી ખણીને લોહી કાઢે છે. બીજી પ્રથમ ધોળા ને પછી પીળા ફોડકા ઉપડે છે, તેમાંથી પરૂ નીકળે છે. **ઉપાય**—પ્રથમ એક જુલાબ આપવો. ઉટીઓ ગંધક તેલમાં મેળવી મસળવો. સુખડનુ તેલ, કપૂર, અને લીંબુનો રસ સમભાગે લઈ મેળવી ચોપડવાં. મજીઠ સાકર એ બન્ને પૈસા-

ભાર, સુનાસુખી ને જીરૂં એ અકેક પૈસાભાર; એ સઘળાં ઝીણાં વાટી તેને મજીઠાદિ ચૂર્ણ કહે છે. તે સવારસાંજ ઉના પાણીમાં તોલો ૧ પ્રમાણે સાતરોજ લેવાથી ગમે તેવા ચામડીના દરદને મટાડે છે. બાળકને તેની ઉમરના પ્રમાણમાં આપવું. બાવચી તોલા ૨, ગંધક તોલા ૧।, સંચળ તોલા ૧।, એ ત્રણને બારીક વાટી કપડછાણ કરી ગાયના તાજા ઘીમાં મેળવી જયાં ખસ હોય ત્યાં ઘસી ચોપડવું. તેથી તરત મટી જશે.

૧૬. **ગોળો—પેટપીડ**—એ વા, ગરમી કે શરદીથી થાય છે. જો તે શરદીથી હોય તો ખાટા ઓડકાર આવે છે. ખાધેલું પચતાં વાર લાગે છે. **ઉપાય**—ચણકબાબ, અકલકરો, સુંઠ, મરી, પીંપર, એ સર્વે સમભાગે લઇ ખાંડી ઝીણો ભુકો કરવો, તે દરરોજ મધમાં મેળવી ચાટવાથી મટશે. જો ગરમીની અસરથી હોય તો ખાધેલું પચે, પણ ગરમીના જોરથી દરદ ભરેલો ઓડકાર આવે છે, પાણીની તરસ લાગે છે. **ઉપાય**—વાંસકપૂર, બોરના ઠળીઆ, એલચી, સુંઠ, કેસર, કપુર, કસ્તુરી, એ સઘળાં સમભાગે લઇ, ઝીણાં વાટી તેમાં ત્રણ ભાગ ખાંડ મેળીને દરરોજ સવારે હથેળી ભરીને ખાવું. બદહજમીનો ઇલાજ લાંઘણ છે, જો જાયફળ મધસાથે આપે તો પણ ફાયદો થાય છે. સુકું લીંબુ મોંમાં રાખવું. જો ઓકારી આવે તો સડકચુરો પીવાથી ફાયદો થાય છે.

૧૭. **હેડકી**—એ વાયુથી કે શરદ વાયુથી ઉપડે છે. **ઉપાય**—ફટકડી ફુલાવી રતી ૪ ખાય તો તે મટે, કુવારના રસમાં સુંઠનો ભુકો મેળવી ચાટવો.

૧૮. **મસા**—મોઢે, માથે અને ગાલે થાય છે, એ ઘણા ખરાબ લાગે છે. **ઉપાય**—પાપડીઓ ખારો દેવતાપર ફુલાવી સફેદ થાય ત્યાર પછી કાઢી લેવો. તેની બરોબર કળીચુનો મેળવી, તેમાં ત્રીજે ભાગે ડુંગળી નાંખી પછી તેને બારીક ખરળ કરી મસા ઉપર ચોપડવો તેથી મટી જશે. મીઠું અને કૂવાનું પાણી એ બંને મેળવી મસા ઉપર ચોપડવાથી પણ મટે છે, સરકો લગાડવાથી પણ મટે છે. ઘોડાનો મોવાળો તાણી બાંધવાથી પણ ખરી પડે છે.

૧૯. **તાવ-જ્વર**—એ રોગ શરદ, વસંત અને ગ્રીષ્મઋતુમાં વિશેષે કરીને આવે છે. પ્રથમની બે ઋતુમાં આવે છે, તેનું કારણ એ છે કે વર્ષાઋતુમાં એકઠું થયેલ પિત્ત, શરદ ઋતુમાં સૂર્યનાં કીરણોથી પીગળીને જ્વર ઉત્પન્ન કરે છે. તેમજ હેમંત ઋતુમાં એકઠો થયેલો કફ વસંત ઋતુમાં સૂર્યના કીરણોથી પીગળીને જ્વરને ઉપજાવે છે, એવો આ ઋતુનો સ્વભાવ છે. તાવ જે ઋતુમાં આવે તે વખતે ખાવા પીવાની ઘણી સંભાળ રાખવી. આ રોગ ખાવા પીવાની અયોગ્યતાને લીધે, વાત, પિત્ત અને કફ એ ત્રણ દોષો કોપી જ્વરને પેદા કરે છે. એ વાતજ્વર, કફજ્વર, વિષમજ્વર, વગેરે નામથી ઓળખાય છે. રૂક્ષ, લઘુ, શીત પદાર્થોનું સેવન, કસરત, વમન, વિરેચન, ઉદ્વેગ, શોક, ઉજાગરો ઇત્યાદિથી ઉત્પન્ન થાય છે. નખ, આંખ, મૂત્ર ઝાડો, અને ચામડી એ રાતાં થાય છે, ફેર આવે

છે. સાંધા, કેડ, પડખાં, અને વાંસો એ દુઃખે છે. મોં સ્વાદ વગરનું થાય છે. કંઠમાં શોષ થવો, સુકી ખાંસી આવવી, અરૂચી થવી, બગાસાં આવવાં, માથું દુઃખવું એ તેનાં લક્ષણ છે. **ઉપાય**—દેવદાર, ગળો, સુંઠ, પીપરીમૂળ, એનો ક્વાથ પાવો. કરીઆતુ, કડુ, લવિંગ, પીંપર, તુળસી; એનો ક્વાથ પાવાથી પણ ફાયદો થાય છે.

પિત્તજ્વર—ખાટું, ખારૂં, ગરમ, તીખું, વગેરે ખાવું, અજીર્ણમાં જમવું, વગેરે કારણથી પિત્ત કોપે છે. એથી મોં તીખું લાગે છે. નાક, મોં, કંઠ, હોઠ, અને તાળવું પાકી આવે છે. તરસ, ભ્રમ, મોળ, મૂર્છા, પિત્તની ઉલટી થવી, અતિસાર થવો, અન્નપર અરૂચી, પરસેવો, નખ, આંખ, મોં, મૂત્ર, ઝાડો અને ચામડીનું રાતું થવું અને ટાઢા પદાર્થપર રૂચી એ પિત્તજ્વરનાં ચિન્હ છે. **ઉપાય**—લીંબડાની અંતરછાલ, ગળો, દ્રાક્ષ, જેઠીમધ, કડુ, ને મોથ એનો ક્વાથ કરી પાવો. અથવા લીંબડાની અંતરછાલને કે લીંબડાની ગળોને વાટી તોલા ૨ સવારસાંજ પાવાથી આરામ થાય છે. તાંદળજાની ભાજીથી ઉલટી, તૃષા, આગ એ મટે છે. **કફજ્વર**—એ મધુર, ભારે, ટાઢું, ખાટું, ખારૂ, દિવસે સુવું, હર્ષ એ વગેરેથી કફજ્વરને ઉપજાવે છે. એની વસંતકાળમાં ઘણું કરી ઉત્પત્તિ છે. શરીર ભારે થવું, મોંમા મીઠાસ થવી, ઉબકો આવવો, ઉલટી થવી, જઠરાગ્નિ મંદ પડવી, ઓડકાર આવવા, નિંદ્રા વધવી, આળસ આવવું, શ્વાસ ચઢવો, તથા મોં, નખ, મૂત્ર, ઝાડો અને ચામડીનુ ધોળું થવું તથા ગરમ પદાર્થોપર પ્રીતિ થવી. એવાં ચિન્હો થાય છે. **ઉપાય**—ગળો, પીંપર, સુઠ અને ભારીંગણી, અરડુસીનાં પાન, કીસમસી એ સમાન લઇ તેનો ક્વાથ કરી પાવો. નાગરમોથ પાવાથી પરસેવો છુટી તાવ હલકો પડે છે, અને હુશીઆરી આવે છે.

ટાઢીઓ તાવ—એમાં મસ્તક પીડા, સાંધાનું ફાટવું, મૂખસુકાવું, ઉલટી, તરસ, અરૂચી, નિદ્રાનો નાશ, બગાસાં આવવાં, ટાઢ ચડવી, પરસેવો વારંવાર આવવો, શરીરમાં સાધારણ બળતરા, શરદી જણાવી, ઉધરસ આવવી, એ તેનાં ચિન્હો છે. રોજીઓ, એકાંતરિઓ, ચોથીઓ વગેરે આનાજ પ્રકાર છે. **ઉપાય**—ટાઢ ચડે તો પ્રથમ ગરમ કપડાં ઓઢવાં, ઉના પાણીની બાટલીથી શેક કરવો, ગરમ ચાહ પીવી, તાજી હવા ઓરડામાં આવવા દેવી. અતિવિષ, કરીઆતુ, મોથ એ સમભાગે ક્વાથ કરી તાવ ન હોય ત્યારે પાવો. તાવ ન હોય ત્યારે ક્વીનાઈન પણ ઉત્તમ છે, તે આપવું. કાંકચ અને કાળાં મરી એ સમભાગે લઈ આપવાથી રોજીઓ, એકાંતરીઓ, ચોથીઓ વગેરે તાવ ઉતરી જાય છે. લીંમડાની અંતરછાલને ઉકાળી તોલા ૨ાા થી ૫ સુધી તાવ હોય ત્યારે ત્રણ ત્રણ કલાકે આપવી. તેથી તાવ ઉતરી જાય છે. **વિષમજ્વર**—એમાં બધા તાવનાં કેટલાંક લક્ષણો હોય છે એ તાવ ફરી ફરી ઉથલો કરે છે, માટે આ વખતે ઘણી સંભાળ રાખવી. **ઉપાય**—ઝાડો સાફ ન આવતો હોય તો આંમળાં, હરડે અને ધમાસાનો ક્વાથ ટાઢો થાય,

ત્યારે આપવો. કરીઆતું, કડુ, મોથ, ખડસલીઓ, પટોળ, લીંબડાની અંતરછાલ, કાળી દ્રાક્ષ, ગળો, ગરમાળાનો ગર એ સર્વેનો ક્વાથ પીવાથી ઉતરી જશે.

સૂચના—જે ઋતુમાં તાવ આવવાનું લખ્યું છે, તે ઋતુમાં ખાવા પીવાની સંભાળ રાખવી. તાવ આવવાનાં ચિન્હ જણાય તો પ્રથમ લાંઘણુ કરી નાંખવી. લાંઘણુ એ તેને અટકાવે છે. તે પછી પણ ચોખા ને મગના પાણીનું સેવન થોડા રોજ કરવું, અને હલકો ખોરાક લેવો.

૨૦. **શૂળ કે ચુંક**—એ વા અને શરદી થવાથી, તેમજ પેટમાં બીગાડ થવાથી થાય છે, એથી પડખે ચુંક આવે છે. **ઉપાય**—હરડાં, બેડાં, આમળાં, કડું, ગરમાળાનો ગર એનો ક્વાથ પાવો અથવા હીમજ, અતિવિષ, હીંગ, સચળ અને ઇંદ્રિજવ એ સમભાગે લઇ બારીક ભૂકો કરી તેમાંથી તોલો ાા ગરમ પાણી સાથે લેવાથી વાયુ અગર શળ બંધ થશે.

૨૧. **કોલેરા**—આ રોગ ઘણો દુષ્ટ છે. એ બે રીતે હુમલો કરે છે. પ્રથમ તો એકલોજ થોડો થોડો ઝાડો થાય છે. જો તેને બંધ કરવામાં નથી આવતો તો વધારે જોર કરે છે. ઝાડાને રસ્તે જે પડે તે ગધાતું નથી, પણ ચોખાના ધોવણ જેવું હોય છે, ઝાડો કબજ થતો નથી, દરદ થતું નથી, આંતરડાં ખેંચાતાં નથી. સખત ગોટલા ચડે છે, થોડી વારમાં બધુ જોર જતું રહે છે, આખું શરીર, જીભ, અને શ્વાસ તદન ઠંડા પડી જાય છે. નખ આસમાની રંગના થઈ જાય છે, પાણીની તરસ ઘણી લાગે છે, અને ઉલટી ઉપરા ઉપરી થાય છે, આંખમાં ખાડા પડે છે, અને અવાજ બદલાઇ જાય છે. બીજી જાતના કોલેરામાં કસી ચેતવણી મળતી નથી. ઉલટી, ઝાડો કે ગોટલા કશુંએ થતું નથી, અને એ રોગ થયો છે એવું રોગીને માલમ પડતું નથી, પણ એટલુંજ કહે છે કે મને નબળાઇ જણાય છે. એ નબળાઈ એકદમ વધી જઈ શરીર ઠંડુ પડી જાય છે, અને મરણ પામે છે. આ રોગમાં જેને પેટમાં દુઃખાવ થતો નથી, તે ઘણું કરી મરી જાય છે, પણ પેટમાં દુઃખી દુઃખીને ઝાડો થાય છે એ સ્થિતિ સુધરવાની નિશાની છે. ઝાડા થવા ઉપરથી બીક ન રાખવી, પણ વખતે જેને નથી થતો કે થોડો થાય છે, તેને માટે ભય રહે છે. **ઉપાય**—સુકાં મરચાં, ને મીઠું ઉકાળીને અરધા કલાકે પાવું. પછી ૧૦ ઘઉંભાર કાળા સૂકા ધંતુરાના ફુલનો ભૂકો, કાળાં મરી, અને મધ એ ત્રણે મેળવી ઝાડો બંધ થતાં સુધી આપવો. ઝેરકચોળું ઉકાળી કે ઘસી પાવું. રોગીના ખાટલા પાસે કપૂર બાળવું. તમાકુની બીડીની પેઠે કપૂરની બીડી કરી પીવી. હાથ પગે શેક કરવો, ગોટલા ચડે ત્યાં હીંગના પાટા બાંધવા અગર રાઈ વાટી પ્લાસ્તર મારવો. તેને ઉઠવા બેસવા નહિ દેતાં બિછાનામાંજ સુવાડી રાખવો. શરીર ઠંડુ થાય, તો ગરમાવો આવે એવાં ઓષડ આપવાં. આકડાના મૂળની છાલનો ભૂકો અને કાળાં મરીનો ભૂકો સમભાગે મેળવી આદુના રસમાં કે સુંઠના પાણીમાં ચણા જેવડી ગોળી વાળવી, તેમાંથી એકથી બે ગોળી અડધા અડધા કલાકે

આપવી. ઉલટી કરી કાઢી નાખે તો તરત બીજી આપવી ને ઉલટી બંધ થાય ત્યાં સુધી આપ્યા કરવી. એ ગોળી ઉપર બીજી દવા આપવી નહીં. કેમકે તેનો ગુણ જણાતો નથી. તરસ લાગે તો ધાણા ને વાળાને ઉકાળી ઠંડા કરી આપ્યા કરવું, અથવા લવીંગ, જાયફળ, કે નાગરમોથનું પાણી ઉકાળીને પાવું, ચોખી આહ પાવી, કોલનવાટરમાં કપૂર મેળવી તે પાવાથી પણ ઘણો ફાયદો થાય છે. ઝેરી નાળીએરના કોપરાનો ભૂકો બે આનીભાર ખાંડી પાણી સાથે આપવો. ઉલટીથી નીકળી જાય તો ફરી પેટમાં ટકે ત્યાં સુધી આપવુ તેથી તરત ફાયદો થાય છે. **સૂચના**—આ રોગવાળાને અફીણવાળી કોઇ દવા આપવી નહીં.

૨૨. **નેત્રરોગ**—આ રોગમાં આંખો લાલ થાય છે, લાહે બળે છે, ચીપડા વળે છે, સોજો ચડે છે, પાણી ઝરે છે, અને વેદના થાય છે. એ ગરમી કે વાથી થાય છે. **ઉપાય**—આ રોગીને હલકો જુલાબ આપવો. આખ ઉપર છાંયો રાખવો. થોડા રોજ ઘર બહાર નીકળવું નહિ, આંખ ઉપર ગરમ પાણી કે ખસખસના ડોડવાને ઉકાળી તેનો શેક કરવો. ફટકડી ધઉ ૬ ભાર ફુલાવીને પાણી તોલા ૨ા માં મેળવી તે પાણીથી આંખ ધોવી, રસવતી, લીંબુનો રસ, હળદર, અફીણ, તેને વાટી લોઢાની કડછીમાં ઉનાં કરી પોપચાંઓ ઉપર લેપ કરવો. લીંબુની ચીરપર, હળદર, ફટકડી, અફીણ, નાંખી ઉનું કરી, ધોળા લુગડામાં પોટલી કરવી, તે આંખને લગાડવી. રાત્રે ચીમેડમાં જરા મીઠાની કાંકરી નાંખી આજવી, આંખપર અજમાની પોટલીનો શેક કરવો. સરગવાના પાનનો રસ મધમાં મેળવી, આંખની આજુબાજુ લેપ કરવો. ફુલાવેલી ફટકડીને પાણીમાં મેળવી તેનાં આંખમાં ટીપાં પાડવાં. તેમજ મોરથુથુને ફુલાવી ગુલાબજળમાં મેળવી આંખમાં ટીપાં પાડવાં. ખીલ પડ્યા હોય તો મોરથુથુ તેપર ઘસવુ. સોજો હોય તો અફીણ ને ફટકડી સરખાં મેળવી આંખની આજુબાજુ ચોપડવાં. આંખે ઝાંખ મારતી હોય તો મોરથુથુ ૧૫ ઘઉ ભાર, કપૂર ૪ ઘઉ ભાર ખળખળતા પાણી તોલા ૬ માં મેળવી તેથી સવારસાંજ આંખ ધોવી.

૨૩. **રતાંધળાપણું**—જેને દિવસે સૂઝે પણ રાત્રે મુદ્દલ સૂઝે નહીં તેનો **ઉપાય**—ડોડીની ભાજી પાણીમાં બાફી સવારમાં નયણે કોઠે ખાવી, અરીઠાંના બીજને પાણીમાં ઘસી આંજવાં.

૨૪. **મોં આવી જવુ**—ગરમીથી મોં આવે છે. જીભ, તાળવું ને ગાલ પાકી આવી રાતા થાય છે કે ચાંદા પડે છે તેપર ઝીણી ધોળા રંગની છાટ કે ડાઘા પડે છે, આ રોગ મોટાં કરતાં બાળકને વધારે થાય છે. **ઉપાય**—ટંકણખાર ફુલાવી મધમાં મેળવી પીછીવડે સવારસાંજ ચોપડવો, ફુલાવેલો ટંકણખાર કાથાના ઉકાળામાં મેળવી કોગળા કરવા. ચણકબાબ, એળચી, કાથો, એ ત્રણનો ભૂકો ભરભરાવી લાળ પડવા દેવી. ધોળી તપખીર લગાડી લાળ ઝરવા દેવી.

૨૫. **દાંતનું દરદ**—દાંતમાં સડો લાગવાથી, અજીર્ણ, વગેરેના કારણથી

દરદ થાય છે. **ઉપાય**—દાંતમાં પોલાણ હોય ને દરદ થતું હોય, તો દાંતને સાફ કરી કપૂર તથા અફીણ મેળવી તેમાં ભરવું. લવીંગ અથવા પેપરમીટના તેલનું પુમડું દાંતમાં રાખવું. દાંતના કોહોવાટથી પીડા થતી હોય, તો અકલક-રાના ઝાડના ફુલને ચીરીને દુઃખતા દાંત ઉપર દાબવાથી દરદ નરમ પડે છે. સુંઠ, ફટકડી, અકલગરો એ ત્રણ સરખા લઇ ભુંકી દાંતમાં ભરી લાળ પડવા દેવી; અરીઠાના ઠળીયાનો ગર્ભ અને તેના ઉપરનું પડ બીજાવી, દાંતપર રાખી લાળ ઝરવા દેવી.

૨૬. **મંજન**—આ મંજનથી દાંતના તમામ દરદ મટી દાંત મજબુત થાય છે, મોં વાસ મારતું નથી. **ઉપાય**—કાથો તોલા ૨, માયાં તોલા ૧, કપુર તોલો ૦|, ચાક તોલા ૪, બાવળની છાલ તોલા ૨, બોરસલીની છાલ તોલા ૪, એ સઘ-ળાને બારીક વાટી ખરળ કરી દાંતે ઘસવાથી ફાયદો થાય છે.

૨૭. **સળેખમ**—એ શરદી કે ગરમીથી થાય છે. શરદીથી બંને નાકનાં નસકોરાંમાં સોજો થાય છે. તેમાંથી પાણી ઝરે છે, ને તે ગળામાં ઉતરી ખાંસી થાય છે. શરદીથી થાય તે પાણી જાડુ ને પરાણે નીકળે છે અને ગરમીથી થાય છે તે પાણી ગરમ પાતળું વહે છે. **ઉપાય**-શરદી થતું હોય તેણે તમાકુ સુંઘ-વાનું રાખવાથી થતું નથી. ખસખસ, ધાવડીના ફુલ, સુંઠ એ પાણીમાં ક્વાથ કરી ત્રણ રોજ પીવું. પાણી વગેરે પ્રવાહી પદાર્થ થોડાં પીવા ને મુખમાં સુંઠ લવીંગ ચાવી રાખ્યાથી પણ સળેખમ બંધ થાય છે. ગરમીથી થનારે છાશ, સરકો, ને જવનો લોટ એ મેળવી ખાવો. કાયફળ, મોથ, કઠ, કચુકા, કાકડાશીંગ ને પોખળ મૂળ, એનું ચૂર્ણ મધમાં ચાટવું; અફીણ નાકપર ચોપડવું.

૨૮. **વરાધ-સસણી**—આ રોગ બાળકોને તેમજ મોટાને પણ વખતે વાયુ નળીમાં સોજો થવાથી થાય છે. પ્રથમ સળેખમ થાય છે, શ્વાસ લેવાતો નથી, છાતી દુઃખે છે, તાવ આવે છે, ખાંસી થાય છે, પેસાબ થોડો થાય છે. દીવસ કરતાં રાત્રે દરદ વધારે જણાય છે. ચામડી હુંફેલી ને ભીની લાગે છે, ખાંસીનો અવાજ લાંબો ને સોળવાળો હોય છે, બ્હીને ચોંકી ઉઠે છે. **ઉપાય** —એ આજારીને ઓરડામાં રાખવો. શીઆળો હોય તો તેમાં સઘડી રાખવી. તેમાં બહુ તાપ રાખવો નહીં. ઓરડામાં તાજી હવા આવવા દેવી, આકડાનાં મૂળીઆંની છાલનો ભૂકો આપી ઉલટી કરાવવી. તેથી તાવ નરમ પડશે, ને પરસેવો વળશે ને ખાંસી ઓછી આવશે. દસ્ત સાફ લાવવા એરડીયા તેલનો જુલાબ આપવો. આકડાના મૂળીઆની છાલનો ભૂકો ૨૦ ઘઉં ભાર, ધોળી ખાંડ ૨૬ ઘઉંભાર, આ બંનેને મેળવી તેમાંથી ૫ ઘઉં ભાર ચાર ચાર કલાકે આપવું. છાતીપર નાગરવેલના પાનથી શેક કરવો. છાતી ઉપર આજુબાજુ અજમો વાટી ઉનો કરી લેપ કરવો.

૨૯. **ઉટાંટિયું**—આ ખાંસી નાના બાળકને શરદી વગેરેથી થાય છે. બાળકને ખાંસી વારંવાર થવાથી મુંગળાવી દે છે. પ્રથમ સળેખમ થઇ પછી એ

થાય છે. **ઉપાય**—ફટકડીને ફુલાવીને ૫ થી ૧૦ ઘઉ ભાર પાણી સાથે મેળવી ગળામાં પીચકારી મારવી. જો નબળાઇ હોય, તો કીનાઇન, લોઢાનો અર્ક, અને કોડલીવર ઓઇલ પાવું, એકલું કોડલીવર ઓઇલ પણ ફાયદા કરતા છે જુલાબ માટે સોનામુખીની ચાહ અથવા એરંડીયેલ તેલ આપવું. ખોરાક દૂધ કે કાંજી આપવો.

૩૦. **આંચકી**—શરીરનું વારંવાર ખેંચાઇ જવું. કમાનની પેઠે વળવું વગેરે થાય છે. આ દરદ બાળકને દાંત આવે છે ત્યારે, તેમજ બીજા દરદમાં પણ થાય છે, તેમજ મોટાને પણ થઇ આવે છે. તે ઘણું કરી મગજમાંથી ઉત્પન્ન થાય છે. માટે મગજ ઉપર ઠંડા પાણીનાં પોતાં લપેટી રાખવાં. **ઉપાય**--ટંકણખારને ફુલાવી વાલ ૧ ધાવણમાં મેળવી આપવો. ગોરોચન ઘસીને પાવું, પ્રસવ થયા પછી સ્ત્રીને આંચકી આવે, તો કપૂર વાલ ૧ એરંડીઆ તેલ તોલા ૨॥ માં મેળવી ગરમ કરી પાણીમાં પાવાથી મટી જશે, તેમજ ડુંગળીનો રસ પીવાથી પણ ફાયદો થાય છે. ગરમ કરેલા પાણીમાં છાતી સુધી રાખવાથી ફાયદો થાય છે. પાણી સહેવાય તેવું ગરમ રાખવું.

૩૧. **નસ્કોરી ફુટવી**—એ લાગવાથી, રગ ચીરાવાથી, કે લોહીના વધારાથી લોહી પડે છે. **ઉપાય**—બીજકીંદ્ર, મજીઠ, અફીણ, ને કરોળીઆના પડની વાટ કરી નાકમાં નાખવી. ખેતરની કાળી માટીનો માથે લેપ કરવો ને માટી સુંઘવી, મોરથુથુની પીચકારી નાકમાં મારવી. દાડમના ફૂલનો રસ નાકમાં મૂકવો, ફટકડી, ને માયાફળની ભૂકી સુંઘવાથી પણ બંધ થાય છે.

૩૨. **ઊંદર, ભમરી ને મધમાખીનો ડંખ**—એના ડંખથી પીડા થાય છે. **ઉપાય**—એ ડંખપર ગેરૂ ચોપડવો. થોરનું દૂધ પણ ઠીક છે. તુળસીના રસમાં અફીણ ઘસીને ચોપડવું

૩૩. **માથામાં ઉંદરી**—એ રોગ થવાથી વાળ ખરી જાય છે. **ઉપાય**—પ્રથમ માથું મુડાવી તે સવાર સાંજ સાબુથી ધોવું. મોરથુથુ ૧૫ ઘઉભાર શેર ૦। પાણીમાં મેળવી તેમાં લૂગડું બોળી ઉંદરી હોય ત્યાં મૂકવું. આ પ્રમાણે કરવાથી પોપડા વળશે તે ઉખડી સાફ થશે. ગંધક અથવા સુરાખારના તેજાબને પાણીમાં નાંખી તેમાં કપડું બોળી માથાપર મૂકવું અથવા ઝીણી હીમજી હરડે દીવેલમાં તળીને તેનો ભૂકો કરી માથાપર લગાડવો.

૩૪ **હડકવા**—કૂતરૂં, શીયાળ વગેરે પ્રાણી હડકવાથી તે કરડે છે, તેથી હડકવા હાલે છે. જે ભાગપર તે કરડેલું હોય તે જગાને આસપાસ કાપી નાંખી લોહી ઝરવા દેવું અગર કારીખાર લગાડવું, અથવા ડંશને ડામ દઈ બાળી દેવો, બીમારને અંધારામાં રાખવો. તેને કસ્તુરી સુંઘાડવી અથવા કુકડવેલને પાણીમાં વાટી એક નવટાંક પાણી પીવું તેથી ઉલટી થશે, જો ન થાય તો ઉલટી થાય ત્યાં સુધી એ રીતે કરવું; એમ દર અઠવાડીએ ઉલટી કરાવવી

૩૫. **બળવું-દાઝવું**—અગ્નિથી દઝાય ત્યારે ફોલ્લા ઉપડે છે ને બળતરા બળે છે. **ઉપાય**—કુંવારના કટકાને ચીરી બળેલા ભાગપર મૂકવો, તેનો રસ ચોપડવો અથવા સરકો અને શાહી ચોપડવાં. ગુંદરનો જાડો લેપ કરી માથે ઘઉંનો લોટ ભભરાવવો. મીઠાને તેથી અરધા ચુનાના પાણીમાં મેળવી ચોપડવું. મધ સાથે કેરોસિન તેલ મેળવી ચોપડવું.

૩૬. **ખોડો-જુ**—માથાના વાળ સાફ નહીં રાખવાથી અંદર ભૂકી જેવું થઈ ઝીણી જીવાત થાય છે તે કરડે છે. **ઉપાય**—પાપડીઆ ખારાને પાણીમાં મેળવી માથું ધોવું. ચણાને છાસમાં પલાળી નરમ થાય, ત્યારે માથે ચોળવા. બે પહોર થાય, ત્યારે માથું ધોવાથી જુ તથા ખોડો નીકળી જશે. ઉજળી ખાંડ ને લીંબુનો રસ મેળવી માથે ચોળવું અથવા નવસારનો ભૂકો સરકામાં મેળવી ચોળવાથી પણ જુ અને ખોડો બંને નીકળી જાય છે.

૩૭. **ઉલટી-ઝાડો ને પેટમાં દુઃખતું બંધ કરવાનો સિદ્ધ ઉપાય**—ભોરીંગણીના ડોડવાનો રસ, પીંપળીમૂળ, ચવક, ચિત્રક, સુંઠ, એ સર્વે વાટી મધમાં કે ઘીમાં મેળવી ચટાડવાથી બાળકને થતી ઉલટી બંધ થાય છે. વખમો પાણીમાં વાટી પીવાથી પણ બંધ થાય છે. ફુદીનો, અજમો, એળચી, કાળાં મરી, સુંઠ, અતિવિષ, પીંપર, ઇંદ્રજવ, વાવડીંગ, સંચર એ સમભાગે લઈ ચૂર્ણ કરી તેની ગોળી ચણા જેવડી કરવી. આ ગોળીથી ઉલટી, ઝાડો પેટમાં દુઃખાવ વગેરે બંધ થાય છે.

૩૮. **આંજણી**—આંખનાં પોપચાં નીચે ઝીણી ઝીણી ફોડકી થાય છે. તે કાંકરાની પેઠે ખુંચે છે. તે ગરમીથી થાય છે. **ઉપાય**—સોઇરો આંજવો. અથવા સિંદુર કે સાહી ચોપડવાથી મટે છે. ઘઉંના થુલા કે આટાનો શેક કરવો. જવ ઘસીને ચોપડવા.

૩૯. **કફ**—છાતી તથા ગળાને એ રૂંધે છે. ઉધરસ ખાતાં છાતીમાંથી પીળા બળખા નીકળે છે. **ઉપાય**—અરડુસીનો રસ મધ સાથે પાવો. છાતીપર શેક કરવો, ચા પાવી, રાત્રે ઉના પાણીમાં મીઠાની કણીઓ નાંખી ચાની પેઠે સુતી વખતે પીવું. વગેરેથી કફ મટે છે.

૪૦. **હરસ**—એ ગુદાની કોરપર થાય છે. તેથી ઝાડો ઉતરતી વખતે પીડા થાય છે. વખતે તેમાંથી લોહી પડે છે. **ઉપાય**—અફીણ તોલો ૦॥, માયાફળની ભૂકી તોલો ૧, માખણ તોલા ૩ માં મેળવી ચોપડાવવાં અથવા મરી તોલો ૧, પીંપર તોલા ૨, સુંઠ તોલા ૩, ચિત્રો તોલા ૪, સુરણ તોલા ૧૬ એ સર્વેને વાટી તેની ગોળમાં ગોળીઓ કરી ખાવાથી એ રોગ મટે છે. મીઠાનું પાણી ચોપડવાથી મૂળમાંથી કપાઇ જાય છે. છાશ એ હરસનું ઉત્તમ ઓષડ છે. ચુનો, સાજીખાર, ટંકણખાર, મોરથુથુ, એ સમભાગે લઈ ત્રણ દિવસ લીંબુના રસમાં પલાળી મસાને ચોપડવાથી મટે છે.

૪૧. **અળાઈ**—એ ઉનાળામાં ગરમીથી ઝીણી ઝીણી ફણગીઓ થાય છે તેથી ખરજ આવે છે, ને ચટપટે છે. **ઉપાય**—ધમાસો અને ખસખસના ડોડવાને પાણીમાં ઉકાળી તેમાં નહાવાથી મટી જશે. વાળો, શંખજીરૂં, કપૂરકાચલી એ સમભાગે વાટી ચોપડવાં.

૪૨. **રતવા**—આ એક જાતને ચેપી રોગ છે. એ ગરમીથી ઉપડે છે. તેમાં ગડા ઉપડે છે, તે દુઃખે છે, એ જુદે જુદે ઠેકાણે ફરે છે. તાવ આવે છે, ઝાડો થાય છે. વખતે ઉલટી કરે છે. **ઉપાય**—જુના વાંસની ગાંઠ ઘસી ચોપડવાથી અગ્નિ શાંત થાય છે. હેમકંદ, રતવેલીઓ, કાળો હંસરાજ, ચણકબાબ, વાળો, સુખડ, સોનાગેરૂ, એ સમભાગે લઇ વાટી ચોપડવાથી તરત મટે છે. ગરમાળાની છાલ અને એડાંનો ભૂકો સમભાગે લઇ વાટી ખદખદાવી ચોપડવાથી બધી જાતના રતવા મટે છે.

૪૩. **કાનની પીડા**—એ વા, ગરમી, નબળાઇ કે લોહી વિકારથી દુઃખે છે. તેમજ કોઇ જીવજંતું પેસી જવાથી પણ દરદ થાય છે. **ઉપાય**—વાથી કાન દુઃખતો હોય તો સ્ત્રીનું દૂધ અગર ધુપેલ તેલને ગરમ કરી ટીપા પાડવાં. લોહી વિકારથી દુઃખે તો ફસ ખોલાવવી ને ધુપેલ તેલમાં સમુદ્રફીણ કકડાવી તેનાં ટીપાં પાડવાં. કીડા પડ્યા હોય તો તે એળીઆને ગાયના દુધમાં ઉનું કરી કાનમાં રેડવાથી કીડા મરી જશે. પરૂ નીકળતું હોય તો ટંકણખાર ખાંડી ઝીણો ભુકો કરી ભરભરાવવો, ને ઉપર લીંબુના રસનાં ટીપાં પાડવાં. કાન બહેરા હોય તો આકડાનાં પાંદડાં દેવતા ઉપર ઉનાં કરી તેના રસનાં ટીપાં દીન ૧૫ સુધી પાડ્યા કરવાં. ઉટના મૂત્રનાં ટીપાં પણ તેવોજ ફાયદો કરે છે તે સુતી વખતે પાડવાં.

૪૪. **દમ**—હાલતાં ચાલતાં શ્વાસ ચડી આવે છે. છાતી ને ગળામાં કફને જમાવ થાય છે. વખતે બળખા ચીકણા નીકળે છે. જો તરત ઉપાય નથી થતો, તો એ રોગીનું શરીર નબળું પડી જાય છે. ચોમાસામાં ને શિયાળામાં શરદીથી એનું જોર વધે છે. જ્યારે તે ઉપડે છે, ત્યારે શ્વાસોશ્વાસ લેતાં ગુંગળાઈ જાય છે. **ઉપાય**—એળીઓ મધ સાથે ચાટવાથી ફાયદો થાય છે. મોથ, ખેર, મરી, પીંપર, વાવડીંગ, ચીત્રો, સુંઠ એ સમભાગે લઈ, ખાંડી ચાળી દરરોજ સવારે તોલો ૦ા ખાવાથી શ્વાસ, પાંડુરોગ, કમળો, શળ, તથા વાનો ગોળો એ સર્વ મટે છે.

૪૫. **ખીલ**—ગરમીથી થાય છે. જુવાન માણસને નાક, ગાલ, અને કપાળે થાય છે. **ઉપાય**—મઠનો લોટ સરકામાં ભીંજવી મોંપર ચોપડવો. અથવા દ્રાક્ષના ઝાડનું લાકડું બાળીને તેની રાખ સરકામાં મેળવી ચોપડવી.

૪૬. **મરડો–ઝાડો**—એ ચોમાસાની શરદી અને વાયુથી થાય છે. એથી ઝાડા સાથે લોહી અથવા જળસ પડે છે. **ઉપાય**—અરડુસો પૈસા ૧ ભાર, સાથે સાકર તેટલીજ મેળવી દૂધમાં પીવો. લોહી તથા આમવાયુથી મરડો થયો હોય

તો પેટમાં આંકડી આવે છે. ઝાડા સાથે લોહી તથા આમ પડે છે. ઘડીએ ઘડીએ મરડો આવે છે અને ઝાડો કરતાં જીવ ગભરાય છે. કઠણુ ઝાડો થાય તો તાવ પણુ આવે છે. જીભ ઉજળી થાય છે, પેડુમાં દુઃખે છે, ઝાડો કરતાં પીડા થાય છે, તોપણુ સાફ ઝાડો ઉતરતો નથી. થોડાંક આમ તથા લોહીનાં ટીપાં પડે છે.

ઉપાય—સુંઠ, ને વરીઆળી એકેક તોલો લઇ ખાંડી શેર ૦ા પાણીમાં ઉકાળવાં ને નવટાંક પાણી રહે, ત્યારે ઉતારી તેમાં વિલાયતી ચોખ્ખું એરંડીયું તેલ તોલા ૨ા નાખી ઠંડા કરી પાવું. તેથી દસ્ત સાફ થશે. જો દસ્ત બરાબર ન લાગે તો એક દિવસ જવા દઇ, બીજે દિવસે તેજ પ્રમાણે પાવું. તેથી કસર નીકળી જશે. પછી હીમજી હરડેને ઘીમાં તળીને તેમાં થોડી તળ્યા વગરની નાખી ભૂકો કરી, તેમાં તેટલીજ ખાંડ ભેળવી ફાકવાથી બધી પ્રકારના મરડા મટે છે. શંખજીરૂં, ખાંડમાં ભેળવી ત્રણુ ત્રણુ કલાકે ફાકવાં અગર મરડાશીંગ, મોચરસ, અતિવિષ, કાકડાશીંગ, સુંઠ, જાયફળ, ભાંગ, અફીણુ, બીલીનોગર, ધાવણીનાં ફુલ, ઇંદ્રજવ, ને જાવંત્રી આ સમભાગે લઈ ખાંડી કપડછાણુ કરી ચણીબોર જેવડી ગોળીઓ કરવી. દિવસમાં ત્રણુ વખત એકેક ગોળી લેવી, અને પેટપર શેક કરવો. સુંઠ, વરીઆળી, હીમજ એ ત્રણુ સમભાગે લેવાં. હીમજને એરંડીયા તેલનો કરમો દઇ શેકવી ને વરીઆળીને પણુ એરંડીયાનો કેરમો દઈ જરા રતાશપર શેકવી, પછી બધાને ઝીણાં ખાંડી સાકર સાથે તોલો ૦ા થી ૦ાા ફાકવાથી ગમે તેવો મરડો મટે છે. ખોરાક હલકો લેવો.

૪૭. **મૂત્રકૃચ્છ્ર**—એ રોગ શરદી કે ગરમી વગેરેના કારણુથી પેસાબ બંધ થાય છે; ત્યારે દરદી ઘણો અકળાય છે. **ઉપાય**—ઇંદ્રવયણાની જડ વાટી પીવાથી ઝાડો ને પેસાબ બને થશે. કળથી ઉકાળી તેનું પાણી પાવાથી ફાયદો થાય છે. ડુંગળી, ગોખરૂ, કપાસનાં બીજ, કાકડીનાં બીજ, એ ચારે ઓસડ સમભાગે લઇ પાણીમાં ઉકાળી સાકર ભેળવી પાવાં, તેથી એક પહોરમાં પેસાબ છુટશે. ડુંટી ને પેડુ પર પાણીનો શેવાળ મૂકવો. કેસુડાનાંફુલ બાફી બાંધવાં, મુલતાની માટીને ઘસીને ડુંટીપર લેપ કરવો. કપૂર અથવા સુરોખાર પેસાબ માર્ગમાં દાખલ કરવાથી છુટે છે. ચણુકબાબ, સોનામુખી, અળસી, પાષાણુભેદ, સુરોખાર. એનું ચૂર્ણ આપવાથી પણુ છુટે છે.

૪૮. **કોયલી**—એ રોગ લોહી વિકારથી અગર નબળાઇથી કે ગરમીથી થાય છે, ત્યારે ગળામાં દુઃખે છે. થુંક પણુ વખતે ઉતરી શકતું નથી. **ઉપાય**—પાકેલા અંજીરને પાણીમાં ઉકાળી કાચના શીશામાં ભરી રાખવું. તે એક અઠવાડીઉં પીવાથી મટે છે. ઘઉના લોટની પોટીસ ગળે બાંધવાથી પણુ મટે છે.

૪૯. **મોંમાંથી લોહીનું પડવું**—એ ગરમી વગેરે કારણુથી પડે છે. **ઉપાય**—અરડુસો તોલો ૧ તથા મધ તોલા ૧૦ એ બે ભેળાં કરી દરરોજ સવારે ચાટવાથી લોહી બંધ થશે.

૫૦. **ગળું પડવું**—એ બાળકને પછડાવા વગેરે કારણથી પડે છે. **ઉપાય**—સિંધવ, વજ, બાવચી, હળદર, મરી, પીંપર, એ સઘળાં સમભાગે લઈ ખાંડી કપડછાણુ કરી મધ સાથે ચાટવાથી મટે છે.

૫૧. **છાંઈ-કરોળીઓ-ચીતળી**—તે હાથ, પગ, છાતી, મોં વગેરે ઠેકાણે જરા ઘોળાસ મારતાં ચાઠાં પડે છે. તે ઘણાં ખરાબ લાગે છે. ઉપાય થતો નથી, તો તે વધે જાય છે. **ઉપાય**—તેલીઓ દેવદાર, લીંબુના રસમાં ઘસીને ચોપડવાથી મટે છે. બહેડાં તલનાં ફુલને ચોપડવાથી પણ મટે છે. બાબચી, લીંબુના રસમાં વાટી ચોપડવાથી પણ મટે છે.

૫૨. **પાંડુ ને કમળો**—એ કલેજામાં પિત્ત ભેળુ થવાથી, ફિકરથી તથા ફેફસાં ને મગજના રોગથી અને તાવથી પણ થાય છે તેથી આંખોના ડોળા અને નખ પીળા થાય છે, મોં પીળું થઈ જાય છે ને વખતે કોઇને શરીર પણ પીળું પડતું જાય છે. **ઉપાય**—ખેર, પીંપર, ચિતરો, સડકચુરો, સુંઠ, વાવડીંગ, એ સર્વ સમાન લઈ બારીક કરવું, તેમાં લુહારની કોહોડમાં લોઢું ઘડતાં લોઢાની જે ઝેણ પડે છે-કાટ પડે છે, તેનો બારીક ભૂકો ખરળ કરીને બીજી ઔષધીથી બમણો નાંખી નિત્ય સવારમાં ખાવાથી કમળો, પાંડુરોગ મટી જાય છે. વિકળાનાં પાદડાં આપવાથી પણ કમળો મટે છે.

૫૩. **આધાશીશી**—એ શરીરની નબળાઈથી, ગરમી કે શરદીથી નિત્ય સૂર્ય ઉગે, ત્યારથી બપોર સુધી અરધુ માથું દુઃખે છે. તેથી કશું ચેન પડતું નથી. **ઉપાય**—વજ, પીંપર, મરી, સુંઠ એ સર્વે પાણીમાં વાટી ગાળી નાકમાં સુંઘવાથી આરામ થાય છે. તુળસીનો રસ તથા ધંતુરાનો રસ સુંઘવાથી પણ મટે છે.

૫૪. **માથું દુઃખવું**—એ વાત પિત્ત અને શરદીથી દુઃખે છે. વખતે બીજા રોગના કારણથી પણ તે રોગ સાથે દુઃખે છે. **ઉપાય**—સુંઠ અને કનેર સમભાગે લઈ વાટી ત્રણગણા ગાયના ઘીમાં મેળવી, સુંઘવાથી ગમે તે પ્રકારથી માથું દુઃખતું હશે તે મટી જશે. જો વાથી દુઃખતું હોય તો એરંડાની જડ છાંયે સુકવી પાણીમાં ઘસી માથે ને પગને તળીએ ચોપડવી. જો ગરમીથી દુઃખે તો સુખડ ઘસીને ચોપડવી. ચીતરાછાલ ઘસીને ચોપડવી.

૫૫. **ઉધરસ-ખાંસી**—એમાં પ્રથમ સળેખમ થઇને છાતીમાં કફ જામે છે. તેથી અગર તેલ, મરચાં અને ખોરી ચીજના ખાવાથી ગરમી તથા શરદી તથા છાતીના બિગાડથી થાય છે. તેમજ શ્વાસ લેવાની નળીઓ તથા ફેફસાના પડમાં સોજો તથા ખખડાટ થવાથી, ગળાને શરદી લાગવાથી ધુળ અને બીજાં રજકણો શ્વાસમાં જવાથી ખાંસી-ઉધરસ થાય છે. **ઉપાય**—કાકડાશીંગ, દ્રાક્ષ, પીંપર, કાયફળ, અને સુંઠ, આ સમભાગે લઇ તેનું ચૂર્ણ મધ સાથે ૩૦ ઘઉં ભાર ચાટવાથી ઉધરસ, તાવ, દમ, અને સસણી મટે છે. કાકડાશીંગ, અતિવિષ, પીંપર એ સમભાગે લઇ ચૂર્ણ કરી મધમાં ચટાડવાથી બાળકની ખાંસી મટે છે. સાકર

તોલા ૧૬, વાંસકપુર તો. ૮, પીંપર તો. ૪, એલચી તો. ૨, તજ તો. ૧, એનું ચૂર્ણ કરવું, તેને સીતોપલાદિ ચૂર્ણ કહે છે. તે મધ અને ઘી સાથે ચાટવાથી સર્વ પ્રકારની ઉધરસ, કફ, દમ, ક્ષય, એ રોગને મટાડે છે.

૫૬. **શૂળ-ચુંક ને અજીર્ણ**—એ વાયુ, શરદવાયુ વગેરે કારણથી થાય છે અને અજીર્ણના-છારીઆ ઓટકાર સાથે ઝાડો થાય છે, પેટમાં દબદબો રહે છે.

ઉપાય—ફુદીનો, અજમો, એળચી એ સરખાં લેવાં. તેથી અરધ ભાગે કાળાં મળી, સુંઠ એ સર્વેનું ચૂર્ણ મધ સાથે ચાટવું. લવીંગ, સુંઠ, અને અજમો એ ત્રણની ગોળી કરી લેવાથી પણ અજીર્ણ મટે છે.

૫૭. **કૃમિ-જીવડાં**—બાળકને પેટમાં કૃમિનો વધારો થવાથી પેટમાં દુઃખે છે, ભુખ જતી રહે છે, આખો દિવસ ખાવાનું માગ્યા કરે છે, તરસ લાગે છે. નાક મસળ્યા કરે છે, મોં ગંધાય છે, ખાટી ઉલટી થાય છે, બેચેની રહે છે, ઊંઘ આવતી નથી, સફરામાં કરડતું હોય તેવું લાગે છે, ઝાડો પાતળો થાય છે, કોઇ વખતે કૃમિ પડે છે, તાવ આવે છે, ખેંચતાણ થાય છે. **ઉપાય**—એકથી બે વર્ષના બાળકને સેન્ટોનનના ાા થી ૧ ઘઉંભાર જરા સાકરના શીરામાં મેળવી ચટાડવું એથી ઝાડો વધારે આવશે નહિ ને કૃમિ પડશે. પાયા પછી ચાર કલાકમાં ન પડે, તો ચાહની અરધી ચમચી સાથે એરડીયુ પાવું. તેથી ખુલાસાથી ઝાડા સાથે કરમ પડશે, એમ બે ત્રણ વખત એકાંતરે કરવું. કપીલો વાટી દહીંમાં પાવો. તેથી પણ કૃમિ પડે છે અગર મરી જાય છે. વાવડીંગ, કપીલો, એ સમભાગે લેવાં અને તેનાથી અરધ સુંઠ સાથે કવાથ કરી પાવાથી કૃમિનો નાશ થશે.

૫૮. **સોજો**—એ ગરમી, નબળાઈ, કે લોહી વિકારથી થાય છે. **ઉપાય**—નવા વાંસનો કટકો, સિંધવ, હળદર, એ સર્વે ઘસીને ચોપડવાથી ઉતરી જાય છે. ઝેરી કચુરો, સુરીજન, સુંઠ, સાટોડી, આંબાહળદર, તથા એરંડાની જડ એ સર્વે ગાયના મૂત્રમાં વાટી ઉનું કરી ચોપડવાથી સોજો ઉતરી જાય છે.

૫૯. **સર્પદંસ**—સર્પદંસ થાય કે તુરત તે ડંસથી ત્રણ ચાર તસુને છેટે એક દોરી કે લુગડાથી મજબુત તાણી બાંધી લેવું. તેથી બે ત્રણ તસુ બીજો બંધ બાંધવો. પછી તે ડંસ ઉપર ચીરા પાડવા તેમજ ડંસની આસપાસ કાપી દાબી લોહી કાઢયા કરવું, તેમાં એ ઝેર નીકળી જશે. વળી તરત દેવતાનો અંગારો લઈ દાબવો અગર લોઢું ધખાવી ડામ દઇ એ ડંસવાળી જગો બાળી નાંખવી. અગર ચીરા પાડી કાસ્ટીક લગાડવું અગર મીઠું લગાડવું. અરીઠા ને પાપડીઓ ખારો લઇ તેનું પાણી કરી તેમાં લુગડાનો કટકો બોળી ડંખ ઉપર મૂકવો ને તે પર એ પાણી સીંચ્યા કરવું. એ પાણી આંખમાં પણ આંજવું. ઝેર ચડે ને ડોલાં આવે એવું જણાય, તો તીખાં ને ઘી પાવું-તમાકુ કે મોરથુથુ અગર મીંઢાળને ઘસી ઉના પાણીમાં પાઇ ઉલટી કરાવવી. ગાયનું દૂધ પાવું, બીજોરાનાં બીજને રૂ. ૧ ભાર ખળખળતા ઉના પાણીમાં બીંજવી પાવાં, તેથી જુલાબ લાગશે.

ઇંદ્રવયણાનાં મૂળ રૂ. ૧ ભાર પાવાથી ઝાડો ઉલટી થશે. વળી વજ, આકડાની જડ, સિંધવ એ સમભાગે લઇ બારીક વાટી વાશી પાણીમાં પાવાં. તેથી સારૂં થશે. પણ તે ઉપર ગાયનું દુધ પાવું ઠીક છે. આકડાનાં કુમળાં પાનને આકડાના છીરમાં ચોળી લખોટી જેવડી ગોળીઓ કરી આરામ થાય ત્યાં સુધી આપવી. કુમળાં પાન ન મળે, તો તેના ફળમાંથી રેશમ જેવું રૂ નીકળે છે, તે સાથે આકડાના છીરને મેળવી લખોટી જેવડી ગોળી કરી આપવી. આથી ઘણો ફાયદો થાય છે. અરીઠાના ગરને પાનમાં દેવો. નેપાળાના મીજને પાવાં જેથી ઝાડો ઉલટી થાય. આ પ્રમાણે તરતોતરત ઉપાયો કરવાથી ઝેર ઉતરી જાય છે.

૬૦. **વિંછી**—આના ઝેરની વેદના ઘણી થાય છે. જેવો કરડે કે જો સોઇવતી તેનો કાંટો કાઢી શકાય તો કાઢી નાંખવો, અગર કોઇ હુશિયાર ચુસનાર હોય તો ચુસી થુંકી નાખી દેવું, તેથી એ ઝેર ઉતરી જાય છે. ચુસનારના મોમાં ચાંદી ન હોવી જોઇએ. પછી તેણે ઘીનો કોગળો કરી નાંખવો. એ ડંસપર માખણ ઘસવું. ઘોડાવજને ચાવી ઝેર ચડનારના કાનમાં ફુંક મારવી, દીવાસળીનાં રાતાં ટોચકાં પાણીમાં ઘસી ચોપડી ઉપર શેક કરવો. લસણની કળી મસળવી. થોરનું દુધ ચોપડવું. અઘેડાના પાનનો રસ ડંખપર અને જ્યાંસુધી ચડેલો હોય ત્યાં ચોપડવો. આમોનીઆ શીશી સુંઘાડવી. ડંસપર ડુંગળીનો ગાંઠીઓ ઓઢવી છુંદી બાંધવો. જળજંબુના મૂળીયાંની છાલ વાટી લેપ કરવો, તેજાબમાં થોડું પાણી નાખી તેમાં સળી બોળી તેનું ટીપુ ડંખપર પાડવાથી પણ ઉતરી જાય છે. માથાના મોવાળા, પીળા સરસવ અને જુના ગોળનો ધુપ કરવો. લીંબડાનો ગુંદ વાટી ઘીમાં મેળવી ધુમાડી આપવી. એ વગેરેથી આરામ થાય છે.

૬૧. **સ્તન પાકવું**—બાળક વારવાર ધાવવાથી સ્તનની બીટડીને ચીરા પડે છે અથવા ચાંદાં પડે છે. **ઉપાય**—બીટડીપર ઓલીવનું તેલ ચોપડી શેક કરવો તેપર ૩-૪ ઘઉભાર ફટકડીને પાણી તોલા રા માં મેળવી સ્તનપર લગાડવી. સોજો હોય તો સોનાગેરૂ, મરવો, સુખડ, સુંઠ, એ સમભાગે લઇ, બારીક વાટી ગુલાબજળમાં લેપ કરવો. સ્તન પાકેલ હોય, તો ટાઢવાઇને તાવ આવે છે. સણકા મારે છે. તેનો ઉપાય ખસખસના ડોડવાને પાણીમાં ઉકાળી શેક કરવો, અથવા લીંબડાના પાનને વરાળીઆં કરી બાંધવાં–ગુલાબજળમાં કપડું બોળી મૂકયા કરવું અગર સુખડ અને રતાંજળી ઘસીને ચોપડવી તેથી આરામ થશે.

૬૨. **સ્તનમાં દુધ વધારવાનો ઉપાય**—જો સ્તનમાં દુધ પૂરૂં આવતું ન હોય, તો દુધ, માખણ, અને મલાઇનો રસ, તોલા ૩ કડવા વાલનો લોટ મેળવી ચોપડવો. સુવા, કોપરૂં, બદામ, ચણા, અને પસ્તાં, આ બધાં સમભાગે લઇ દીવસમાં બે વાર ફાકવાં. થોડા સુવાનો ભૂકો શેર ૦ાા દુધમાં મેળવી ખાવો. ઓળીઆની ખીર કરી ખાવી. ગળોની જડ, ગોખરૂની જડ, સતાવરીની જડ એ દરેક

તોલો તોલો લઇ પાણી શેર ૧ માં ઉકાળી નવટાંક રહે, ત્યારે તેમાંથી સવારસાંજ અરધ અરધ પીવું. તેથી દૂધનો વધારો થશે.

૬૩. **વાળો**—એ પાણી ગળ્યા વિનાનુ કે જેવું તેવું પીધાથી એ રોગ થાય છે. **ઉપાય**—હીંગ તથા અરીઠાનો ગર ગરમ કરી વાળાપર બાંધવો. અગથીઓ, ધાણાની ભાજી અને કાસનીના પાનને છુંદી બાંધવાં. દરદ બહુ થતું હોય તો સુખડ ઘસીને તેમાં કપૂર, અફીણ મેળવીને ચોપડવાં. આકડાના પાનને વાટી લેપ કરગો, લસણ, હીંગ, સાબુ સમભાગે લઈ મેગવી બાંધવાં.

૬૪. **ખરજવું**—એ રોગ હાથે પગે વગેરે ઠેકાણે થાય છે. તેથી ચામડી ઉપર ઝીણી ફોડકડીઓ થઇ, તેમાંથી પાણી જેવું નીકળી ભીંગડાં વળે છે. ચર આવે છે. **ઉપાય**—જુનો વાંસ ઘસીને ચોપડવો. ખરજવા ઉપર દહીં મૂકી કુતરાં પાસે ચટાડવું. કૂતરાની જીભમાં ખરજવા મટાડવાનો ગુણ છે. લીંબડાના પાનનો રસ ચોપડવો. મોરથુથુને ફૂલાવી પાણીમાં મેળવી તે પાણી ચોપડવું, માણસના હાડકાનો ભૂકો, બોદાર, તીખાં, માચું, મોરથુથુ એ સર્વને બારીક કરી ધોએલા ગાયના ઘીમાં મેળવી ચોપડવાથી મટે છે.

૬૫. **ગુમડાં**—આ રોગ લોહી વિકારથી, પિત્તથી અને શરીરે ગંદા રહેવાથી થાય છે. ગુમડાં પાકી તેમાંથી પરૂ નીકળે છે. ઘારાં પડે છે. **ઉપાય**—પીળો સાબુ ને લાલ ખાંડ સાથે મેળવી તેની પટી કરી લગાવવી. નાનાં બાળકને થયેલાં હોય, તો તેને કોડલીવર ઓઇલ દૂધ સાથે પાવું. દીવેલનો જુલાબ આપવો, સાબુથી ચોળી જરા ગરમ પાણીથી ગુમડાં ધોવાં, ને ઉપર આમળાં, આંબો, બાવળ, બોરડી, આકડાના લાકડાં, એ બાળી ભસ્મ કરી મોરથુથુને ફુલાવી તેમાં મેળવી ગાયના ધોએલા ઘીમાં મેળવી ચોપડવું અગર કોરૂં દાબવું. રેવંચીના લાકડાને ઘસી ચોપડવાથી પણ મટે છે. ધાણા, દ્રાક્ષ, સાકર અને આમળાં એ ચાર પલાળી તેનું પાણી નિત્ય પીવું. કંઇ ગરમ ચીજ ખાવી નહીં. તેથી ગુમડાં તરત મટી જશે. **લુખસ**ના ઉપાયમાં મજીઠાદિ ચૂર્ણ જણાવેલું છે તે રોજ લેવાથી પણ તરત મટે છે.

૬૬. **દાદર**—એ શરીરની અંદરના બિગાડથી, ગરમીથી, અને બહાર મેલ વગેરેના ભરાવાથી દાદર થાય છે. તેથી ખરજ આવે છે. ઉપાય ન થાય તો તે ફેલાય છે. **ઉપાય**—સરકામાં લૂગડું બોળી મૂકવું. ટંકણખારને સરકા શેર ૦ા માં ગજકરણના પાન મેલાવી ચોપડવું. ટંકણખાર બે આની ભાર, પાણી તોલા ૨ા માં મેળવી ચોપડવું. કપૂર, ફટકડી, ગંધક, કાથો એ સમભાગે લઇ લીંબુના રસમાં મેળવી ચોપડવું. મુરદાશીંગને ગુલાબજળમાં વાટી ચોપડવું. મોરથુથુને ફુલાવી પાણીમાં મેળવી ચોપડવું.

૬૭. **બાળદવા**—નાગરમોથ, મરી, સુંઠ, જીરૂં, પીંપર, બીલીફળનો ગરભ, લવીંગ, ઇંદ્રજવ, અતિવિષ, વાવડીંગ એ સર્વે સમભાગે લઇ બારીક વાટી કપડછાણ કરી લીંબડાના રસમાં ગોળીઓ વાળવી. એ ગોળી દરરોજ સેવન કરવાથી

ઝાડો સાફ થઈ પેટનું જડ થવું, કૃમિ, ખસ, શીળસ, તાવ એ રોગને અટકાવી શરીર તનદુરસ્ત બનાવે છે. ટકણખાર, લવિંગ, પીંપર, એ સમભાગે લેવાં. ટંકણખારને ત્રણ ચાર વાર છાણમાં ધોઇ સ્વચ્છ કરવો ને અગ્નિ ઉપર મૂકી ફૂલાવી પછી લવીંગ અને પીંપરને પણ ફૂલાવવાં. એ ત્રણે મેળવી ચૂર્ણ કરી મધમાં ચટાડવાથી બાળકને ઉધરસ મટી જાય છે. નાગરમોથ, અને અતિવિષને સમભાગ લઈ બારીક ખરલ કરી મધમાં ચટાડવાથી તાવ ને ઉલટી મટે છે.

૯૮. **સૂચના**—૧. ઓષડો લેવાનું પ્રમાણ જ્યાં લખ્યું ન હોય ત્યાં સમ પ્રમાણે અથવા દરેક બબે તોલા લેવું.

૨. એક બે માસના બાળકને દૂધ સાકર, મધ કે ઘી સાથે ઓષડ આપવું. ખાંવા પીવાના ચૂર્ણનું વજન એક રતી લેવું, પછી જેમ જેમ વય વધે તેમ તેમ મહીને એક રતી પ્રમાણ વધારવું. એક વર્ષની ઉમર પછી દરેક વર્ષે વાલ ૨ાા એ પ્રમાણે ૧૨ વર્ષ સુધી વધારતા જવું. વર્ષે ૧૩ થી ૬૦ સુધીના માણસને એક તોલો આપવું.

૩. કવાથ, કાઢો, અને ઉકાળો ચૂર્ણથી ચાર ગણો રાખવો.

૪. કવાથ કે ઉકાળાના ઓષડ મેળવી નિત્ય ચાર તોલા ખાંડી એક કોરી માટલીમાં ઓષડથી સોળગણું પાણી મૂકી, ધીમા તાપે ઉકાળવાં. માથે કાંઇ ઢાંકવું નહીં. ઠંડા પડ્યા પછી ઉતારી ગાળી બાળકને તોલા ૦। થી ૧, ને મોટાને તોલા ૪, મધ, સાકર, ગોળ કે ઘી સાથે પાવો.

૫. ચૂર્ણ મોટા માણસને તોલા ૦ાા થી ૧ સુધી, બાળકને વાલ ૨ થી તોલા ૦ાા સુધી આપવું. સાકર નાંખવી તો બમણી ને ગોળ સમભાગે નાંખવો. ચૂર્ણ ત્રણ માસ પછી બગડી જાય છે. બાળકને વનસ્પતિનો રસ પાવો તો તોલા ૦। થી ૧ સુધી અને મોટા માણસને તોલા ૧ થી ૨ સુધી. તેમાં મધ, સાકર, ગોળ, કે ઘી જે મેળવવા કહ્યું હોય, તે તોલો ૦ાા નાંખવાં.

૬. ગોળી, મધ કે ગોળમાં વાળવાની હોય, તે વાલ ૧ સુધીની વાળવી.

૭. કોગળા જ્યાં કરવા કહ્યા હોય, તે આખા દીવસમાં શેર ૦ાા થી ૧ સુધી પાણીના કરવા.

૮. જ્યાં હીમ વિષે કહ્યું હોય, ત્યાં તે ચૂર્ણથી છગણા પાણીમાં સાંજે પલાળી સવારે ચોળી ગાળીને ઉપયોગમાં લેવું.

૯. લેપ એ પાણીમાં વાટી કે કોરૂં ચોપડવું.

૧૦. જ્યાં બાફ લેવાનું કહ્યું હોય, ત્યાં જે પાણીમાંજ ઉકાળવાનું હોય, તે ઉકાળી તેની વરાળ ન જાય માટે મોં પાસે તે વાસણ રાખી માથે કપડાં ઓઢી શરીરને બરાબર ઢાંકી લેવું, કે વરાળ અંદર રહે. એ વરાળ પાંચ પંદર કે વીશ મિનિટ સુધી લેવી.

૧૧. ઔષધીઓ પોતે ઓળખતા ન હોઇએ, તો બીજા પાસે બરાબર ઓળખાવી તાજી લેવી.

૧૨. દવા દેશ, કાળ, હવા ને મનુષ્યની વય, શક્તિ ને પ્રકૃતિ જોઇને આપવી.

૧૩. ઔષધ તૈયાર કરી ઘણો વખત રાખવું નહિ; કારણ તેનો ગુણ ઓછો થાય છે, માટે ઉપયોગ પ્રમાણેજ તૈયાર કરવું.

૧૪. ઔષધ રોગની પરિક્ષા કરીનેજ આપવું.

૧૫. ઔષધની માત્રા જરૂર વગર ઓછી વધતી આપવી નહિ. તેમજ જે વખતે ખાવાનું કહ્યું હોય, તેજ વખતે ખાવું. વખતનો ફેરફાર કરી ખાવું નહિ. ઔષધ ઉપર જે ખોરાક ખાવાનો કહ્યો હોય તેજ ખાવો.

માંદાની માવજત.

સ્ત્રીઓએ માંદા માણસની માવજત કરતાં શિખવું જોઇએ. પ્રાચીનકાળમાં આર્ય સ્ત્રીઓમાં આ જ્ઞાન વિશેષ હતું. તેઓ પોતાની ગૃહ વાટીકામાંજ દવાઓના રોપાઓ રોપતી અને માંદાની હેરફેર કેમ કરવી? મલમપટો કેમ કરવો? તેમની ખાવાપીવાની સંભાળ કેવી રીતે રાખવી? તેને કેવે પ્રકારે દિલાસો આપવો? વગેરેથી વાકેફ હતી. અર્વાચીનકાળમાં સ્ત્રીઓમાં આવું જ્ઞાન ઘણું થોડું જોવામાં આવે છે. માંદા માણસની બરાબર માવજત કરવાથી અને દવાની તજવીજ રાખવાથી તેમને ઘણો લાભ થાય છે; કેમકે સ્નેહીના હાથની માવજતથી માંદા માણસને હમેશાં વિશેષ સુખ થાય છે. આ બાબતની અજ્ઞાનતાથી વૈદોને વાકેફ કરવામાં પણ ખામી આવે છે. માટે સ્ત્રીઓમાં બીજા કેટલાક જ્ઞાન સાથે તેનામાં આવડત, આનંદી પ્રકૃતિ, ધીરજ, સમયસૂચકતા, અને પોતાની મરજીપર કાબુ વગેરે ગુણોની વિશેષ જરૂર છે.

૧. **આવડત**—માંદા મનુષ્યને રહેવાનો ઓરડો લીપીગુપી સ્વચ્છ રાખવો. તેના ઓરડામાં સરસામાન વિગેરેની ભીડ રાખવી નહિ. અંદર ખુલ્લી હવાની આવજાવ થાય એવી સગવડ કરવી, પણ હવા તેના શરીરપર થઈ જાય તેવે સ્થળે સુવાનું ન રાખવું. તેનું બિછાનું સ્વચ્છ રાખવું, તેમાં ગંદકી થવા દેવી નહિ. તેનો ઓછાડ બદલતા રહેવો, તેનાં કપડાં પણ ત્રણ ચાર દિવસે બદલી ધોએલાં સ્વચ્છ પહેરાવવાં. ઓરડાની અંદર સાંજ સવાર સુગંધી ધૂપ કરવો કે અંદરની હવા સુધરે. ખોરાક રૂચતો, પચે એવો અને પચે એટલો બરાબર પકાવેલો આપવો. પાણી નિર્મળ અને રૂચે એટલું પીવા આપવું. તે પાસે ઘણા માણસોની ભીડ થવા દેવી નહિ. એની પાસે કઇ વખતે વાત કરવી અને કઈ વખતે ન કરવી તે તેણે જાણવું.

પાસે ઘણો કોળાહળ થવા દેવો નહિ, કારણ તે તેને ગમતું નથી. તેથી એ કંટાળે છે. તે રીસે ભરાય કે ઉશ્કેરાય તેવી વાતો કરવી નહિ, એ વિષે અગાઉથી સૌને ચેતવી રાખવાં. એ કોને જોઇ ખુશી થશે ? તેને બીજાની મુલાકાત લેવી ક્યારે ગમે છે ? એ જાણવું. જોવા આવનાર એથી વાકેફ ન હોય તો તેને ઉતાવળ કરી ઉઠાડી મૂકવા નહિ, કારણ ઉઠાડી મૂકવાથી દરદીને એમ થાય છે, કે એમને મારે લીધે ઉઠાડી મૂક્યા, માટે તેમને ખબર ન પડે એમ ગોઠવણ કરવી.

૨. **આનંદી પ્રકૃતિ**—માંદાની પાસે હસતે ચહેરે અને મન આનંદ રાખી જવું, બોલવાની વાણી આનંદ ભરેલી રાખવી, હવે સારૂં છે એવો દિલાસો આપવો. તેના ઓરડામાં જવાથી આનંદ આનંદ થઈ રહે તેમ કરવું, અને આપણે તેના દુઃખમાં ભાગ લઇએ છીએ, એવું તેના મનમાં લાગે એમ કરવું. તેના મનમાં એમ ન આવે કે મારે માટે કોઇને કંઇ લાગતું નથી.

૩. **ધીરજ**—રોગીને બનતાં સુધી એકલો રાખવો નહિ, પણ તેના ખાટલા પાસે બેસી તેનું દુઃખ ભૂલાવવાનો ઉપાય કરવો. તેનું મન રાજી થાય, તેવા પ્રકારની વાતો કરવી. કઈ પણ દુઃખની વાતો કરી, તેનું મન દુઃખાય એવું કરવું નહિ અગર છાનામાના બેસી તેને તપાસ્યા કરવું. તે વગર કારણે ફરિયાદ કરે તે સાંભળ્યા કરવી. આપણો નકામો વાંક કાઢે અગર ખીજવાઈ જાય, તે સાંખી રહેવું. તે આડું બોલે તે સહન કરવું. આપને હમણાં આરામ થશે, એવાં ધીરજનાં વચનો આનંદી ચહેરે કહેવાં, વગેરે રીતે ધીરજ આપી આનંદ અને શાંત રહે તેમ કરતા રહેવું.

૪. **સમયસુચકતા**—રોગીની સ્થિતિમાં એકદમ ફેરફાર થઇ જાય, તો ગભરાઈ નહિ જતાં, તરત તેનો યોગ્ય ઉપાય કરવો. ડાક્ટર કે વૈદ વાઢકાપ કરે તો તેના હાથ પગ પકડી રાખવા. એ વખતે તેનું દુઃખ જોઈ આપણને લાગે, તોપણ તે વખતે ચહેરો ખુશ દેખાડવો, કે તેથી તેને હીંમત અને દીલાસો મળે. જો આપણે ગભરાઇએ, તો તે વ્યાકુળ બને છે. તેથી મોટું નુકશાન થાય છે. માટે એ વખતે ઘણી સાવચેતી રાખવી.

૫. **આપણી મરજીપર કાબુ**—રોગીના ઓરડામાં જેટલીવાર રહેવું તેટલો વખત આપણે જુસ્સો કબજે રાખવો, તેના જીવવાની આપણે કંઇ પણ આશા ન હોય, તોપણ તે સાથે આશા અને ઉમેદ ભરેલી રીતે વાતો કરવી. તેની સામે રહી આંસુ પાડવાં નહિ. “ હું શું મરી જઇશ ? ” એવો સવાલ પૂછે, તો મજબૂત મન રાખી, તેને ધીરેથી દીલાસો મળે એવો ઉત્તર આપવો. તે મરણની અણી પર આવેલો હોય તે વખતે આપણને ખેદ થાય, તોપણ મન વાળી ધીરજ રાખવી. રો કકળ કરવી નહિ, કારણ રોવાથી તે વ્યાકુળ થઇ જાય છે, તેથી તેને વધારે દુઃખ થાય છે તથા મરણ સમયે અનેક કલ્પનાઓ કરે છે. માટે તે વખતે સર્વેએ શાંતતા રાખી, તેનું મન ઇશ્વર તરફ વાળવા, ઇશ્વર સ્મરણ કરવું.

જેથી તેની સદ્‌ગતિ થાય. એ મરશે કે જીવશે, એ વિષે વૈદ કે ડાકટર જે કહી ગયેલા હોય, તે દરદીને જણાવવું નહિ. જણાવવાથી ફડકામાંજ તે તરત મરણ પામે છે. જેનો જીવ જવા ધાર્યો હોય, તે પણ આશાથી વખતે બચે છે. માટે હમણાં આરામ થઈ જશે. સર્વથી મોટા વૈદ જે પરમેશ્વર તે સારૂંજ કરશે વગેરે રીતે છેવટ સુધી આશ્વાસન આપ્યા કરવી.

૬. **તાજી હવા**—રોગીને તાજી હવા મળે માટે ઓરડાનાં બારી બારણાં ખુલ્લાં રાખવાં. તેના અંગપર થઇ પવન ન જાય, તેની સંભાળ રાખવી. તેની માવજત કરનારે પણ વખતો વખત બહાર જઈ તાજી હવા લઈ આવવી. આથી એક તો તાજી હવા મળે છે, ને તેથી પડેલો શ્રમ પણ દૂર થાય છે અને કામ કરવામાં હુશિઆરી આવે છે. માટે એમ કરવા ચૂકવું નહિ. જો બહારની હવા ભીનાશવાળી હોય, તો હવાયલાં કપડાં બદલી નાંખી અંદર જવું. એમને એમ એ પાસે જવું નહિ.

૭. **રોગિની વર્તણુક પર ધ્યાન**—તે એમ કહે કે મને ચેન પડતું નથી, ત્યારે તેના હાથપર આપણો હાથ, હળવે હળવે ફેરવવો. તેના વાળપર ધીરે ધીરે બ્રુસ ફેરવવું. તેના હાથ, પગ અને માથું ચાંપવું અથવા તેની મરજી લઈ મધુરપણે સાફ અવાજે ધીરેથી કંઈ વાંચવું, અથવા ગાવું. તેની પાસે કે બહાર કંઈ ગુપચુપ વાત કરવી નહિ; કારણ તેથી તેને વહેમ પડે છે. માટે જે કંઈ બોલવું હોય તે સ્પષ્ટ અવાજે બોલવું. વખતે તેને જ વાત જણાવવા જેવી ન હોય, તો દૂર જઈ કરવી, કે તે કોઈ રીતે જાણી ન શકે.

૮. **ઊંઘ**—તેને ઊંઘ આવે તેમ કરવું, તે ઊંઘમાં હોય ત્યારે જોવા આવનારને અંદર આવવા મના કરવી. તે વખતે બહારથીજ તજવીજ રાખવી કે કોઈ અંદર દાખલ ન થાય, અગર એક પાટીઆ ઉપર "**પોઢેલાં**" છે એવા અક્ષરો લખી બારણાપર ટાંગી રાખવું. એ સારી પેઠે ઊંઘ લે એમ કરવું. જો એકવાર તેને કોઈ ઊંઘમાંથી ઉઠાડે છે, તો ફરી તેને કોઈ પ્રકારે ઊંઘ આવતી નથી. માટે તેને ઊંઘમાંથી ઉઠાડવો નહિ.

૯. **રોગની પરીક્ષા**—માવજત કરનારે રોગની પરીક્ષા કરતાં શિખવું જોઇએ. એ જાણવાથી વૈદને બોલાવવો ન બોલાવવો એ ખબર પડે છે અને તેથી ફીનું વારંવાર ખર્ચ થતું બચે છે તથા જરૂર પડે બોલાવવામાં ગફલત થતી નથી, ત્યાં સુધી ઘરના ઉપચારો કરવાથી ખબર પડે છે. વૈદ કે ડાકટરની દવાથી જેવો લાભ થતો નથી, તેવો માવજત કરનારની કાળજી અને પ્રીતિથી કરેલી ચાકરીથી લાભ થાય છે.

ઔષધી—રોગની પરીક્ષા કરી તેને દવા આપવી એ જાણવું જોઇએ. જાણવામાં હોય તો તેવી ઘટતી દવા આપવી અગર રોગનાં ચિન્હથી વૈદને વાકેફ કરવા. તે જે દવા આપે, તે નિયમ પ્રમાણે ખાવાપીવા અપવી, તે દવા ખાય

પીએ નહિ, તો સમજાવી યુક્તિથી આપવી. ચોપડવાની હોય તો ચોપડવી. કરી પાળવી કહી હોય, તેવી પળાવવી. ભૂખ લાગી હોય તો પૂછી ખાવા દેવું, તરસ ન વેઠાય માટે તેને વારંવાર પાણીનું પૂછવું વગેરે, વગેરે.

આ પ્રમાણે માવજત કરતાં આવડવાથી ઘરમાં ઘણો ફાયદો થાય છે. વખતે વૈદ્યોની દવા જેવો લાભ કરતી નથી, તેવી માવજત લાભ કરે છે. અને મનુષ્યના અમૂલ્ય કીંમતી પ્રાણ બચે છે. ઇશ્વરે આપેલો "જીવ" કયારે જશે એ કોઇ જાણી શકતું નથી. માટે ધીરજ રાખી સારી પેઠે સંભાળથી માવજત કરવા ચુકવું નહિ.

સ્ત્રી પરીક્ષા.

આ સંસારમાં ઉત્તમરૂપ ગુણવાળી સ્ત્રી સાથે જે પુરૂષનાં લગ્ન થાય છે અને તેના સમાગમથી સુખ ભોગવે છે, એ પુરૂષને પૂર્ણ ભાગ્યશાળી સમજવો. સ્ત્રીઓના સ્વભાવિક ગુણો જે ધૈર્ય, ઉત્સાહ, ડહાપણ, સાહસ, અને પ્રેમ વગેરે જે અંતઃકરણમાં ઢંકાએલા હોય છે, તે પ્રસંગ આવતાં આપોઆપ એની મેળેજ પ્રગટ થાય છે. દરેક સ્ત્રીના ખરા પ્રેમયુક્ત હૃદયમાં એક ઇશ્વિરી અંશનો દીપક હમેશાં પ્રકાશમાન હોય છે. સૂર્યના પ્રકાશમાં જે પ્રમાણે દીવો નજરે પડવો અશક્ય છે, તે પ્રમાણે એ સંપત્તિના, મોજશોખના ખરા દહાડામાં દેખાતો નથી, પણ વિપત્તિ રૂપ અત્યંત અંધારામાં તેની પૂર્ણ પ્રભા દેખાય છે અને તેથી જોનારના હૃદયને ઘણો હર્ષ થાય છે. તે જે પ્રીતિ કરે છે, તે પતિના ઐશ્વર્યની લોભી થઇને નહિ, પણ એક નિશ્ચયથી કરે છે એમ લાગશે. કોઇને પણ પોતાની સ્ત્રી કેવી હોય છે તે પ્રથમ સમજાતું નથી, પણ કાળના હાથમાં જે વખતે તે સપડાય છે, તે વખતે તેની પૂર્ણ યોગ્યતા માલમ પડી આવે છે. જેની સ્ત્રી સદ્‌ગુણના ભંડારરૂપ હોય છે, તેને દુઃખમાં પણ સુખ પ્રાપ્ત થાય છે. સ્ત્રીઓ સર્વ રીતે પુરૂષની બરોબરી કરવાને શક્તિવાન નથી; તોપણ પરમેશ્વરે તેનામાં એવો કાંઇ અજાયબ ગુણ મૂકયો છે કે, તે આપત્તિના કાળમાં ઘણો ઉપયોગી થઇ પડે છે. આ સિવાયના સમયમાં પણ સ્ત્રીની ઉત્તમતા કનિષ્ટતાની પરીક્ષા તેના **જ્ઞાન, ગુણ, શીયળ અને કર્મ** એ ચાર પ્રકારે થઈ શકે છે. તથા સંકટને સમયે પણ તેની શ્રેષ્ટતાની, કુળની અને જાતની પરીક્ષા થઈ શકે છે. જેમ સીતા, દ્રૌપદી, દમયંતી અને સોનરાણી વગેરે સતી જનોને અનેક પ્રકારનાં કષ્ટો પડયાં, તે પરથી તેના મહત્ ગુણો વગેરેની ખાતરી થઈ. આ પરથી સિદ્ધ થાય છે કે સ્ત્રીઓની પરીક્ષા આપત્તિને સમયે અને તેના જ્ઞાન, ગુણ, શીયળ અને કર્મપરથી થઈ શકે છે.

પત્ની વશ કેમ થાય ?

સ્ત્રીને ભય કે દુઃખ આપીને તથા ત્યાગ કરીને વશ રાખવાનો વિચાર જે પુરૂષો કરે છે. એ વિચાર તેમનો ઘણોજ ભૂલભરેલો અને દુઃખદાયક છે. એવી રીતે વશ કરવાથી સ્ત્રી દેખીતી રીતે વશ જેવી લાગે છે, પણ તેનું અંતઃકરણ એથી અળગું હોય છે. એના મનમાં પતિપર ખરો ભાવ હોતો નથી, પણ ભય ત્રાસવડે તેને ઉપરથી ભાવ બતાવવો પડે છે. આવાં પ્રકારે વશ કરવાથી ઘણા પ્રકારે માઠાં ફળ થાય છે. સારી પ્રજા થવાની ઇચ્છા રાખનાર પુરૂષે સ્ત્રી જો દુરાચારે કે આડી ચાલતી હોય, તો તેને જ્ઞાનબળ વડે સમજાવી વશ રાખવી વધારે ઠીક છે. વળી તેને વશ રાખવાનો સહેલો ઉપાય એ છે કે, પૈસા સંગ્રહ કરવાનું તથા ખર્ચવાનુ, ઘરવ્યવહાર ચલાવવાનું, બાળબચ્ચાં ઉછેરવાનું, રસોઇ કરવાનુ, પશુ, પક્ષી વગેરેની સભાળ લેવાનું, લેવા દેવાનું, ઉપજ ખર્ચનો હિસાબ રાખવાનું, વગેરે ઘર વ્યવસ્થાનાં કાર્યોમાં મચી રહે તેમ કરવું. તેનાપર પ્રીતિ રાખવી. વસ્ત્રાલંકાર વગેરે જોઇતી વસ્તુઓથી સંતોષવી. સારી સારી આશાઓ અને દીલાસાઓ આપી મનરંજન કરવું. સ્ત્રી પ્રત્યે વર્ત્તવાના ધર્મ પ્રમાણે વર્ત્તિ સંતોષ પમાડવો. તેને મદદ આપતા રહેવું અને તેને દુઃખે દુઃખી થવું તથા તેનામાં જ્ઞાન ગુણોનો સંગ્રહ કરવાને તેને સારાં સારા સ્ત્રી ધર્મનીતિવાળાં અને ઇશ્વિર સંબંધી જ્ઞાનનાં પુસ્તકો વાંચવા દેવાં અગર વાંચી બતાવી તેની સમજણ આપતા જવી. જેથી તેનામાં ધર્મ નીતિનો વધારો થાય. તેમજ પોતામાં પણ સારા ગુણોનો સગ્રહ કરવો અને તે પ્રમાણે વર્ત્તવું; કેમકે તેનો પાસ તેને લાગ્યા વગર રહેશે નહિ, તથા જેમ પોતાના શરીરનુ સારૂં ઇચ્છીએ, તેમ તેમનુ સર્વ પ્રકારે સારૂં ઇચ્છવું. ઇત્યાદિ રીતે કરવાથી તરત વશ થશે અને ખરી પ્રીતિ બતાવશે. આમ કરવાથી જે લાભ થાય છે, તે ભય કે ત્રાસ બતાવવાથી થતો નથી. માટે વશ કરવાને આવી રીત વાપરવી એ સૌથી ઉત્તમ ફળદાયક છે. ઇત્યાદિ.

પતી વશ કેમ થાય ?

પતિ વશ કરવા સંબંધી કેટલીક સ્ત્રીઓને બહુ કોડ હોય છે. આ વિષે સમજુ વિદ્વાન સ્ત્રીઓ સીધા રસ્તા લે છે અને મૂર્ખ સ્ત્રી હોય છે તે નુકશાનકારી અવળા રસ્તા લે છે. સીધા રસ્તા લેનારી સ્ત્રી સુખી થાય છે અને અવળા રસ્તા લેનારી સ્ત્રી અંતે દુઃખી થાય છે; એ તેમના કૃત્યોપરથી તરત જણાઈ

આવે છે. એક વખતે પાંડવો, બ્રાહ્મણો અને દ્રૌપદી વગેરે વનમાં એક ઠેકાણે બેસી હાસ્ય વિનોદની વાતો કરતા હતા. ત્યાં શ્રીકૃષ્ણની પ્રિય સ્ત્રી સત્યભામાજી આવ્યાં. દ્રૌપદીજી અને સત્યભામાજીએ એકાંતમાં બેસી પરસ્પરના કુશળ સમાચાર પુછ્યા. પછી સત્યભામાજીએ દ્રૌપદીજીને પૂછ્યું કે, તમે લોકપાળ સરખા મહાશૂરવીર અને મજબુત અંગવાળા પાંડવો સાથે કેવી રીતે વર્તો છો ? એ તમને વશ કેમ થયા ? એ તમારાપર ક્રોધ કેમ કરતા નથી ? એ તમારૂંજ સુખ જોઇ રાજી રહે છે તેનું કારણ શું ? શું તમે વ્રત, ઉપવાસ, તપ, વશીકરણના મંત્રવાળું ઔષધ, કામ શાસ્ત્રની વિદ્યા, જપ, અને પૂજન કર્યું છે ? જે હોય તે મને કહો, કે હું પણ એ પ્રમાણે કરી શ્રીકૃષ્ણને વશ કરૂં. સત્યભામાનાં આવાં વચનો સાંભળી દ્રૌપદીજીએ કહ્યું કે;-સત્યભામા ! તમે અજ્ઞાન સ્ત્રીઓનું આચરણ કેમ પુછો છો ? તેનો ઉત્તર શું આપુ ? આવો સંશય તમારે રાખવો નહિ. જે સ્ત્રી મંત્રાદિકને પરાયણ હોય છે, તે પતિના જાણવામાં આવતાં, જેમ ઘરમાં સર્પ દેખીને મનુષ્ય ઉદ્વેગને પામે; તેમ તેનાથી ઉદ્વેગને પામે છે. જ્યાં ઉદ્વેગ હોય છે, ત્યાં શાંતિ રહેતી નથી અને જ્યાં શાંતિ નહિ, ત્યાં સુખ ક્યાંથી હોય ? ઢોંગી અને ધંતરમંતર કરી ધુતી ખાનારાઓ પાસે મંત્ર, જંત્ર કે દોરા ધાગા કરાવે છે. આથી વખતે એ લુચ્ચાઓ કંઈ ચીજ ખાવાને આપે છે. તે ખવરાવવાથી કાંતો પતિ, લૂલો, લંગડો, બુંધો કે આંધળો થાય છે, અગર તેને શરીરમાં કોઈ પ્રકારનો રોગ ઉત્પન્ન થાય છે. વળી એ ખબર પતિને થાય છે, તો તેનાપર વધારે અપ્રીતિ કરે છે. એટલે જે સુખ લેવા ધાર્યું હોય છે, તેને બદલે ઉલટું વધારે દુઃખ વહોરી લે છે, પણ તે એટલું નથી સમજતી કે જો ધંતર, મંતર કરી પૈસા ધુતી લેનારાઓ ધંતર, મંતરથી દેવને તાબે કરતા હોય, ને બીજાને સુખ આપતા હોય, તો તે બિચારા પોતે શા માટે માગી ખાત ? તેમની આવી ખરાબ સ્થિતિ કેમ હોત ? અને તેઓ બીજાપર આધાર કેમ રાખત ? તે તો એકજ દેવને રીઝવી ઇચ્છા પ્રમાણે મેળવી સર્વોપરી હોત, પરંતુ એ તો પેટ ભરવાનો ચોખ્ખો ઉપાય છે. તેમાં ભોળી સ્ત્રીઓ ભરમાઈ જઇ પૈસા ખરાબ કરે છે અને વખતે તેમાં પોતે પણ ખરાબ થાય છે, આબરૂ ગુમાવે છે અને નાતજાતમાં કલંકને પાત્ર થાય છે. આથી એવી સ્ત્રી આ લોકમાં અપજશ અને અપકીર્તિને પામી પરલોકમાં નર્ક દુઃખ ભોગવે છે, તથા દેહ ધર્યાનું સાર્થક વૃથા કરી, ચોરાશી લાખ અવતારના ફેરામાં પડે છે. માટે જંત્ર, મંત્ર, દોરાધાગા કે ઔષધીથી પતિ વશ થતો નથી અને એવો નુકશાનકારી ઉપાય કરવો પણ નહિ. હું પાંડવો પ્રત્યે કેમ વર્તુ છું તે સાંભળો:—" હું અહંકાર, કામ, ક્રોધ તથા લોભનો ત્યાગ કરીને પાંડવોની સેવા કરૂં છું. ઇર્ષ્યા ત્યાગ કરી તથા મનને વશ કરી પતિ જેમ પ્રસન્ન થાય, તેમ કરૂં છું. દૂરથી બોલાવે અગર ઇસારો કરે, તો હું તરત પાસે હાજર થાઉં છું, તેમની ઇચ્છા પ્રમાણે ચાલું છું. પતિને ખોટું લાગે એવું કંઇ બોલતી નથી. ખરાબ જગ્યોએ ઉભી રહેતી નથી. જે

સ્ત્રીની લોકમાં કંઈ ખરાબ વાત થતી હોય, એવી સ્ત્રી પાસે બેસતી નથી, કે ઉઠતી પણ નથી. નઠારા પદાર્થ જોતી નથી. ખરાબ ઠેકાણે બેસતી નથી. મારા પતિને સૂર્ય, અગ્નિ અને ચંદ્ર સ્વરૂપ માનું છું. મારા પ્રાણનાથ વિના દેવ મનુષ્ય કે ગાંધર્વ ગમે તેવા રૂપાળા, યૌવનવાળા, વસ્ત્રાલંકારથી શોભિત હોય, તોપણ તેને તુચ્છ લેખુ છું. મારા પતિ જમ્યા પછી જમુ છું. જેમ તારા અને ચંદ્ર વિનાની રાત્રી, જેમ દીપક વિનાનું ઘર, જળ વિનાની માછલી, દેવ વિનાનું દેવળ, જીવ વિનાનું શરીર, જળ વિનાનું જળાશય, તેમ પતિ વિનાની સ્ત્રી આ જગતમાં શોભતી નથી. અગ્નિ વિના જેમ યજ્ઞ વ્યર્થ ગણાય છે, તેમ પુરૂષ વિના સ્ત્રીનો જન્મ વ્યર્થ છે. પતિ વિનાની સ્ત્રીનો સર્વ સંસાર શોકનું કારણ છે. સંસારમાં પતિ એજ સુખ માત્રનો હેતુ છે. પતિથીજ સ્ત્રીને સર્વ સુખ અને સૌભાગ્યપણું છે. પતિજ આ સંસારમાં સ્ત્રીને તારણહાર છે. માટે હું તેની તન, મન, કર્મ અને કાયાએ ખરા અંતઃકરણથી ભાવ રાખી પ્રેમપૂર્વક સેવા કરૂ છું. પતિ વનમાંથી કે ગામમાંથી ઘેર આવે, ત્યારે હું સામી જઇ આસન નાંખી આપી પાણી પીવા આપુ છું. આનંદથી વાત કરી તેમનું મન ખુશ કરૂં છુ. હુ ઘરનાં વાસણ સર્વ સાફ કરૂ છું, રસોઇ મધુર રસવાળી કરૂ છું અને વખતસર તેમને ભોજન કરાવું છું. ધન સાચવું છું. ઘરની સર્વ સામગ્રી સ્વચ્છ રાખું છુ. મારા પતિનો તિરસ્કાર થાય, એવું કદી પણ બોલતી નથી. નઠારી સ્ત્રીઓની સંગત રાખતી નથી. આળસ રહિત થઇ પતિને અનુકૂળ રહું છું, હું ઘણું હસતી નથી. વાડીમાં કે બહાર એકલી ઉભી રહેતી નથી. ઘરની બહાર સંગાત વિના એકલી જતી નથી. સાસુ સસરા વગેરેની રજા વગર બહાર, પિયર, કે સગાં સ્નેહીઓને ત્યાં વિવાહ કે ઉત્સવ વગેરે ઉત્તમ સમયે પણ જતી નથી. ઉંબરા ઉપર કે ઉકરડા પાસે ઉભી રહેતી નથી. નિરંતર સત્ય બોલું છું અને પતિનું જેમ હિત થાય એમ કરૂ છું. પતિ વિના મને કોઈ પદાર્થ પ્રિય નથી. કામના પ્રસગથી પતિ પરદેશ જાય છે, ત્યારે ચંદન પુષ્પ, ઉત્તમ વસ્ત્રાલંકાર પહેરતી નથી; પરતુ વ્રત, નિયમ કરૂં છું. જે મારા પતિ નથી જમતા, કે નથી પીતા તે પદાર્થને હું દૂર મેલી દઉં છું. શાસ્ત્રોમાં જે પ્રમાણે સ્ત્રી ધર્મ લખ્યા છે. તેજ પ્રમાણે વર્તુ છું.

ઉત્તમ સુંદર વસ્ત્ર, અલંકાર, પુષ્પ, અને ચંદનથી શણગાર ધરી મારા પતિની સેવા કરૂં છું. કુટુંબમાં જે જે ધર્મો પાળવાને મારાં સાસુજી કુંતાજીએ બતાવ્યા છે, તે પ્રમાણે ચાલું છું. માનવા લાયક મનુષ્યોને માન આપું છું. રાત્રિ દિવસ યમ, નિયમ અને વિનયને સેવું છું. મારા પ્રાણપતિ ક્રોધમાં હોય છે, તોપણ હું દીનપણે દાસી થઈ સેવા કરૂ છું. કારણ સ્ત્રીને પતિ એજ એક આધાર છે, પતિ એજ દેવ તુલ્ય છે અને પતિ એજ ગતિ છે. માટે પતિનું વચન કોઇ વખતે પણ ઉલ્લંઘન કરતી નથી. તેમજ મારા પ્રાણપતિને જન્મ આપનાર અને ઉછેરનાર મારાં સાસુજીને પણ દેવી તુલ્ય ગણી સેવા કરૂં છું. જમાડી જમુ છું અને પોઢાડયા પછી તેના ચરણ

ચાંપી હું સૂવા જાઉં છું. આજ અમે વનમાં છીએ; પરંતુ જ્યારે મહારાજ યુધિષ્ઠિરનું રાજ્ય હતું, ત્યારે હું બ્રાહ્મણો અને ગરીબોને અન્ન, વસ્ત્ર આપતી. રાજ્યના હાથી, ઘોડા, રથ, પાલખી વગેરે વાહનો કેવી સ્થિતિમાં છે, તેની તજવીજ કરતી. રાજ્યનું આવક ખર્ચ કેટલું છે, તે પણ હું જાણતી; એટલુંજ નહિ પણ રાજ્યનો હિસાબ પણ સંભાળતી. મારા પ્રાણપતિ કુટુંબનો ભાર મારાપર રાખી પોતે નિશ્ચિંત થઈ ફરતા. મેં સર્વ સુખનો ત્યાગ કરી પ્રાણપતિએ સોંપેલો ભાર માથે ચડાવી લીધો હતો. મારા પતિનો ભંડાર ભરપૂર ભરેલો હતો, તે હુંજ જાણતી હતી અને તેની વ્યવસ્થા કરતી હતી. સુદર રાજ્ય ભૂવનમાં, વનમાં, સુખમાં કે દુઃખમાં હું પ્રાણનાથની સાથે સરખા સ્નેહથી રહેતી અને રહું છું. પતિના પોઢ્યા પછી શય્યન કરૂં છું. હું રાત દિવસ આ પ્રમાણેજ વર્તું છું. એજ મારૂં સાચું **વશીકરણ** છે. હું તો જાણું છું, કે આ સિવાય પોતાના પતિને પોતાની સાથે પ્રેમથી બાંધવાને બીજું કોઈ સાધન નથી. નીચ સ્ત્રીઓના આચરણને હું માનતી નથી, અને ઇચ્છતી પણ નથી.

" સત્યભામા ! તમારૂં અજાણ્યું નથી, કે સ્ત્રીઓ ઉપર પતિ પ્રસન્ન રહે છે તેજ સ્ત્રીઓનું પરમ દૈવત છે. સારાં વસ્ત્રો, અલંકારો, ચંદન, પુષ્પ અને સુગંધી પદાર્થો તથા ટુંકામાં કહીએ તો સર્વ સુખનાં સાધનો માત્ર પતિની પ્રસન્નતાઇથીજ સ્ત્રીઓને પ્રાપ્ત થાય છે. તેમજ પુત્ર પરિવાર, ધન ધાન્ય અને સર્વસ્વ, પતિની પ્રસન્નતાઇથીજ મેળવી શકાય છે. તેનાજ કોપથી એ સર્વનો નાશ થાય છે. સખી ! સુખથી સુખ મળતું નથી; પરંતુ દુઃખથી સુખ મળે છે. માટે સ્નેહથી, પ્રેમથી, મન, વચન અને કર્મથી તમારા પતિ **શ્રી કૃષ્ણની** તમે સેવા કરજો. બહારથી આવતા તમારા પતિનો સાદ સાંભળી તમે ઉભાં થઇ સામાં જાઓ, આસન આપો, અને પતિ આસન ઉપર બેસે કે શીતળ જળનો લોટો ભરી પાસે મૂકો અને પંખાથી પવન નાંખો. જે તમારા પતિને વહાલાં હોય, તમારા પતિના ભક્ત હોય અને સ્નેહી હોય, તેમને અન્ન વસ્ત્ર અને અલંકારથી માન આપજો. તમારા પતિના શત્રુ હોય, તેમના અપ્રિય હોય અને જેઓ દુરાચરણી હોય, તેઓથી તમે દુર રહેજો. મન વશ રાખજો; ગાફલ ન રહો. અને ઘણું બોલવું બંધ રાખો. બીજા પુરૂષની તો વાત દૂર રહી, પરંતુ **પ્રદ્યુમ્ન** અને **સાંબ** કે જે તમારા પુત્ર છે, તેની સાથે પણ **એકાંતમાં** બેસશો નહિ. જે ઉત્તમ કુળમાં જન્મેલી હોય, નિષ્પાપ, સુશીલ, સરલ અને સતી હોય, એવીજ સ્ત્રીઓની સંગતી રાખજો. જે સ્ત્રીઓ ક્રુર સ્વભાવની, કજીઆળી, ઘણું ખાનારી, ચોરી કરનારી અને દુરાચરણી હોય તે સ્ત્રીઓથી દુર રહેજો. અમૂલ્ય વસ્ત્રાલંકાર પહેરી પરમ પ્રેમથી અને મન, વચન અને કર્મથી પતિની સેવામાં રહેજો. તમારા પતિએ જે કંઈ વાત કહી હોય, તે કોઇને કહેશો નહિ, કારણ તે વાત પાછા તેઓ જાણશે તો, તમારા પર સ્નેહ હશે તે તૂટશે. આ પ્રમાણે હમેશાં વર્તશો તો શ્રીકૃષ્ણના મનમાં તમારા

પર પ્રેમ અને દયા આવ્યા વિના રહેશે નહિ. આવું આચરણુજ સૌભાગ્ય વધારનાર, સ્વર્ગની પ્રાપ્તિ કરાવનાર અને પતિને વશ કરવાનુ સાધન છે. ”

અહો ! સાધ્વી દ્રૌપદીજીનો પતિને વશ કરવાનો કેવો ઉત્તમ ઉપાય ? ખરેખર આવા ઉપાયથીજ પતિને વશ કરી શકાય છે અને એ રીત ઉત્તમ છે. માટે બીજા નકામા દુઃખદાયક અને ક્લેશ ભરેલા ઉપાય ન કરવા. ફક્ત પતિ વશ કરવાનો આવોજ સુખદાયક ઉપાય કરવો, કે તેથી પતિ એની મેળેજ વશ થશે.

શિયળ વ્રત.

શિયળ—એ સ્ત્રીઓનું સાર રત્ન સતીત્વ ધન છે. જ્યારે લગ્ન થાય છે, ત્યારે ઇશ્વિરરૂપ માનેલા અગ્નિદેવ અને ઘણા લોકની સમક્ષ સ્ત્રી પુરૂષ પરસ્પર પ્રતિજ્ઞા લઇ બંધાએલાં છે, કે કોઇ પરસ્ત્રી કે પરપુરૂષ સાથે પ્રીતિથી બંધાવું નહિ અને પરસ્પરના દેહનો અધિકાર બીજાને સોંપવો નહિ, એવી પ્રતિજ્ઞા કરી પોતાના દેહને પરસ્પર અર્પણ કરી દીધેલ છે, અને પરસ્પરમાં અખંડ પ્રીતિ રાખવાને બંધાએલાં છે. છતાં જે સ્ત્રી પુરૂષ ક્ષણિક સુખ માટે કામને વશ થઇ એ ઇશ્વિરી લેખનો ભગ કરીને પોતાની કાયા બીજાને સોપે છે અને પોતાની એબ બતાવે છે, તેને ધિક્કાર છે. એના જેવો એકે મોટો ગુન્હો નથી, એના જેવું એકે મોટું પાપ નથી. આવા પાપી મનુષ્યપર પરમેશ્વર ગુસ્સે થાય છે અને તેને મોટી શિક્ષા કરે છે. આ દુનિઆમાં “ **ચોરી છીનાળી** ” કરવામાં જેવી ખોટ ગણાય છે, તેવી ખોટ બીજા એકે કામમાં ગણાતી નથી. જગતમાં સ્ત્રી પુરૂષની સંખ્યા લગભગ સરખી ગણાય છે. તે પરથી જણાય છે કે, એક સ્ત્રીને એક પુરૂષ અને એક પુરૂષને એક સ્ત્રી હોવી જોઇએ. વળી સંસારના નિયમ પ્રમાણે ધર્મ સંસ્કાર કરી પરણેલું જોડું એક બીજાનું વચન તોડે, તો પછી પરણવાનું શું કારણ ? ત્યારે મનુષ્ય અને જંગલી પશુ, પક્ષીમાં શો ફેર ? પરણેલી સ્ત્રી પોતાના પતિપર ખરી પ્રીતિ ન રાખે તો પતિની સ્ત્રીપર ક્યાંથી રહે ! આથી બંને દુઃખદ સ્થિતિમાં આવી પડે છે. વળી જેનાં માબાપ વ્યભિચારી હોય છે, તેનાં છોકરાં પણ ઘણું કરી વ્યભિચારી થાય છે. આવાં ઘણાં મનુષ્યો થવાથી કુટુંબ, જ્ઞાતિ, અને દેશ ખરાબ સ્થિતિમાં આવી પડે છે. વ્યભિચારી મનુષ્યોને અહો રાત્ર સુખે નિદ્રા આવતી નથી, કે સુખે ધંધો કરવો સુઝતો નથી અને કયાંએ તેમને સુખ મળતું નથી. તેણે જેનાવડે સુખની ઇચ્છા રાખેલી હોય છે, તે ઇચ્છા જ્યારે પૂરી થતી નથી; ત્યારે એ દુઃખી ને દુઃખી થાય છે. વ્યભિચારીની આબરૂ લોકોમાં ઓછી થાય છે, તેમનો કોઇ ભરૂંસો કરતું નથી અને કોઇ આંગણે ઉભો રહેવા દેવામાં પણ

રાજી હોતું નથી. કદી તે ઘર આગળ આવે, તો જાણે કે અહીંથી જાય તો સારૂં. આવાં મનુષ્યને કોઈ જોઈતું માન આપતું નથી. એ કૃત્ય કરનાર જાણે છે, કે મારા કૃત્ય વિષે કોઇ જાણતું નથી, પણ સમજતા નથી કે કોઈ પણ કૃત્ય છાનું રહેતું નથી. એવા માણસની હીલચાલ ઉપરથીજ માણસો કળી કાઢે છે અને સઘળે નીંદાય છે. આવા લોકો આ લોકમાં ધિક્કારને પામી, પરલોકમાં અસદ્દગતિને પામે છે. મહાભારતમાં કહ્યું છે કેઃ—" સ્ત્રી પુરૂષ શીયળ ભંગ થયે મહાદોષને પાત્ર ઠરે છે. સ્ત્રીએ કોઈ પરપુરૂષનો વિશ્વાસ કરવો નહિ. જેણે શીયળનું સંરક્ષણ કર્યું છે, તેણેજ સર્વ સાધન કર્યુ સમજવું." જે સ્ત્રી પતિનો ત્યાગ કરીને એકાંતમાં ગમે ત્યાં ફરે છે, તે ગ્રામસૂકરીના અવતારને પામે છે અને વિષ્ઠા ખાતી ફરે છે. **याज्ञवल्क्य ऋषि**એ કહ્યુ છે કેઃ—" જે સ્ત્રી વ્યભિચાર કરે છે, તેને પત્નીપણાના અધિકારથી રહિત કરવી. તેનો વિશ્વાસ કરવો નહિ." એ રીતે અનેક શાસ્ત્રોમાં વ્યભિચારનો નિષેધ કરેલો છે. શીયળનુ સર્વ રીતે રક્ષણ કરવાથીજ સ્ત્રી ઉત્તમતાને પામે છે અને શીયળભંગ થયે, સ્ત્રી નીચ ગણાઇને સાસરા, પિયર અને મોસાળ એ ત્રણે કુળને કલંક લગાડે છે.

સ્ત્રીએ પરપુરૂષ સાથે રમવું, હસવુ, છળમાં અંગનો સ્પર્શ કરવો, એકાંતમાં એક આસન ઉપર ઘણીવાર બેસવું, શરીરની કોઇ જાતની સેવા કરવી અને એબ દેખાડવી, એ સર્વ વ્યભિચારમાં ગણાય છે. માટે તેમ ન કરવું, કેમકે એ સઘળું શુદ્ધ નીતિથી ઉલટું છે. જે આચરણથી લોકોના મનમાં સંદેહ ઉત્પન્ન થાય અને એ લોકોમાં ફેલાય, તેટલું એ દુષણ આપનારૂં તથા પતિ પત્નીમાં પ્રેમ ઓછો કરનારૂ છે. પતિ પત્નીમાં પ્રેમ ટકાવી રાખવાને, તો જેમ બને તેમ અકપટતાની વિશેષ જરૂર છે. માટે સ્ત્રીએ પોતાની જીંદગીના સારરત્ન ધનનું સંરક્ષણ કરવા માટે પ્રાણની પણ દરકાર રાખવી નહિ. જુઓ ? પ્રાચીન કાળમાં સીતાજી, દ્રૌપદીજી, દમયંતી, સુકન્યા અને વીરમતી વગેરે સ્ત્રીઓએ અનેક સકટો સહન કરીને, પણ પોતાના શીયળનુ રક્ષણ કર્યુ છે એ કોનુ અજાણ્યું છે ? માટે સ્ત્રીઓએ શીયળનું રક્ષણ કરવા ચુકવુ નહિ. એ વિષે કહ્યુ છે કેઃ—

" મામેરૂં મોંઘા મૂલનું " એ રાગ.

સુણો સમજુ સકળ નર નારિયો,
મોટો શિયળ તણો મહિમાય; શિયળ પાળો સ્નેહથી.
જે કોઇ શિયળ સારી રીતે સાચવે, સર્વે સુફળ મનોરથ થાય; શિયળ૦
સોના રૂપાની શોભા નવ સમજીએ, શોભા સરસ શિયળ શણગાર; શિયળ૦
જેવાં નકટીને ભૂષણ નાંખીયાં, એવાં શિયળ વિના નર નાર; શિયળ૦
વધે લાજ અધિક ઠીક લોકમાં, પરલોકમાં મુક્તિ પમાય; શિયળ૦
સુખ સંપત્તિ શિયળથી સેવીએ, રીઝે જગકર્તા જગરાય. શિયળ૦

માટે શિયળ સરવ વિધે સાચવો, તજો કામી હરામીનો સંગ; શિયળ૦
જરીયે ડરિયે ન મરણના ડર થકી, ભારે ડરિયે શિયળ થતે ભંગ; શિયળ૦
તજી લાજ બે અદબી ન બોલીએ, નહિ ડોલિયે મદ છકમાંય; શિયળ૦
નીચી નજરે સરલ ચિતે ચાલીએ, હાંસી મશ્કરી કરિયે ન કાય; શિયળ૦
ફાટી આંખે ફરે જે કોઇ ફાતડા, તેનું ડાટીએ માટીમાં મૂખ; શિયળ૦
તજવી સોબત નિત્ય તેહની, જેણે લજવી જનેતાની કૂખ; શિયળ૦
ભણવું ગણવું તો તેહનું ધન્ય છે, જેણે કુળને લગાડયો ન ડાગ; શિયળ૦
ભણી ગણીને જે શિયળ ન સાચવે, એના ભણતરમાં ઉડી આગ; શિયળ૦
હૈયાફુટા બોલેબોલ હાંસીએ, દેખી ફાંસીને નાશીએ દૂર; શિયળ૦
શિક્ષા સુંદર દલપતરામની, જાણી કામની શીખો જરૂર; શિયળ૦

પરોણા ચાકરી.

આપણે ઘેર કોઈ સગું વહાલું, સ્નેહી કે હરકોઇ માણસ આવી ઉતરે તેમનો જેવું માણસ હોય તે પ્રમાણે તેનો યથાશક્તિ ખાવા, પીવા, સુવા બેસવા વગેરેથી આદરસત્કાર કરવો એ ગ્રહસ્થનો ધર્મ છે. આવેલો પરોણો નારાજ થાય એમ કદી કરવું નહિ; કેમકે આગણે આવેલા પરોણાની સારી રીતે જો બરદાસ થતી નથી, તો તે નારાજ થાય છે, તો ઘરધણીના પુન્યનો નાશ થાય છે અને આબરૂ ઓછી થાય છે. અતિથિનો સત્કાર કરવો, એવું આર્ય ધર્મમાં ફરમાવેલું છે. એ પ્રાચીન પ્રસિદ્ધ રીતિ આજે પણ ચાલી આવે છે. કદી શક્તિ રહિત હોઇએ; તોપણ પરોણાચાકરી કર્યા વગર તેને નિરાશ પાછો વાળવો નહિ. પરોણો આવ્યો ન આવ્યો થતો નથી. એતો હસ્તાંએ પરોણો અને રોતાંએ પરોણો. પછી ભલે આપણા ઘરમાં છોકરાં જે ખાતાં હોય તે ખવરાવીએ તેની ફિકર નહિ, પણ મન આનંદ રાખી સત્કાર કરવો એ ઉત્તમ છે. મોં બગાડી નાંખીએ અને પછી ભલે સાકરના લાડુ કરી જમાડીએ, તો પણ એને પરોણો કડવા ઝેર જેવા ગણે છે અને જાણે છે કે હું એને ઘેર કયાંથી ગયો. મેં તો તેમનું ઘર સારૂ જાણ્યું હતું, પણ આ તો હવે સર્વ થઈ રહ્યું લાગે છે. આવા અનેક મનમાં વિચાર કરી, એ સર્વ વાત બહાર પાડે છે. તેથી એ ઘરધણીની આબરૂ ઓછી થાય છે અને ઇશ્વર પણ તેનાપર નાખુશ થાય છે. આંગણે આવેલાનો યથાશક્તિ સત્કાર કરવો, આદરભાવ આપવો, ખુશી ખબર પૂછવા અને કહેવું કે, અહો! ભલે પધાર્યા, તમો અમારે ત્યાં કયાંથી ? વગેરે વિવેક વચનોએ આદરસત્કાર થતો જોઇ પરોણો ખુશી થાય છે. પછી ભલે ખાન, પાન

જે આપણા ઘરમાં હોય તેવું આપીએ તેની હરકત નહિ, પણ ઘરધણીનું હસતું મુખ અને વિવેક જોઇ બીજે પણ તેનાં વખાણ કરે છે; તેથી તેમની આબરૂ વધે છે. તેમજ ઘર આગળ હરકોઈ નમ્ર, વિદ્વાન, ગૃહસ્થ, સભ્ય, વૃદ્ધ, આબરૂદાર અને સદ્ગુણસંપન્ન વગેરે મનુષ્ય આવે, તો તેને આસન આપી બેસાડવા, પછી જળ પાન આપી કુશળ ખબર પૂછવા. તે જતાં સુધી આવવાનુ કારણ ન કહે, તો પછી આવવાનું કારણ પૂછવું. જતી વખતે વિવેક, નિયમ ભરેલાં મધુર વચનો કહી, બને ત્યાં સુધી વળાવવા જવું. સ્ત્રીએ પતિ કે ઘરનો કોઇ પુરૂષ એ વખતે હાજર ન હોય તો પોતાની મર્યાદા સાચવી તેમનો ઘટતો સત્કાર કરવો. પોતાના શીયળ ધર્મને હાની ન પહોંચે એની તજવીજ રાખતા જવી. એકદમ અજાણ્યા માણસનો ભરૂસો કરી દેવો નહિ. તેમ તેમને ખોટું લાગે એમ પરોણા ચાકરી કરવામાં બેફિકર રહેવું નહિ. બધી રીતના વિચાર રાખી કાર્ય સાધવું એ ચતુર સ્ત્રીનું કામ છે. આવી રીતે વર્તવાથી ઘરની શોભા અને કીર્તિ વધે છે. માટે ગૃહસ્થે આંગણે આવનારની યથાશક્તિ પરોણાચાકરી કરી તેમને સંતોષ આપવો એ ગૃહસ્થાશ્રમીનો ધર્મ છે.

ચાકર કેવા રાખવા ?

ગૃહસ્થે ઘરમાં જે સ્ત્રી કે પુરૂષને ચાકર રાખવા હોય, તે સ્ત્રી કે પુરૂષ નમ્ર, વિવેકી, સત્ય, સભ્ય, આસ્તિક, નીતિવાન, ધણીનું ભલું ઇચ્છિનાર, કાળજીદાર, મર્યાદશીલ, ચતુર, નિરોગી યુવાન કે વૃદ્ધ નહિ; કેમકે યુવાનનો સ્વભાવ ઉછાછળો હોય છે, તેના મનની વૃત્તિ સ્થિર હોતી નથી. તેથી વખતે બગાડો થાય છે. વૃદ્ધ માણસ શરીરે અશક્ત હોવાથી, તેનાથી ઝડપથી ધાર્યા પ્રમાણે કામ થઇ શકતું નથી, વારંવાર ઉઠબેસ કરી શકાતી નથી. માટે આ બે સ્થિતિના સિવાયને રાખવા ઠીક છે. સ્ત્રી હોય તો પરપુરૂષનો સહવાસ નહિ કરનારીને, અને પુરૂષ હોય તો પરસ્ત્રીનો સહવાસ ન રાખનારને, સમજાવ્યુ તરત સમજી લે તેને, રજા મળે તોપણ બહાર જઇ આપણા ઘરની વાત ન કરનારને, અને ચાકરના ધર્મ જાણનાર, વગેરે ગુણવાળાં સ્ત્રી કે પુરૂષને રસોઈ કે ઘરના કામકાજ માટે રાખવાં એ ઠીક છે, પણ ગરમ મિજાજવાળાને, રૂપાળાને, વાંઢાને, આળસુને, નિર્બળને, યુવાનને, વૃદ્ધને, વ્યભિચારીને, નાક ચુતું હોય તેને, લાળ પડતી હોય તેને, પત, કોઢ, ક્ષય, ચાંદી, પરમો વગેરે રોગીને, ભભકાદાર વસ્ત્ર પહેરી ઠાઠમાઠમાં રહેનારને, નીચ બુદ્ધિનાને, પાપ કર્મ કરનારને, દારૂબાજને, દુર્વ્યસનીને, નિંદાખોર, ચાડીયા, ધર્મપર આસ્તારહીત, નાસ્તિક, ચોરી કરનાર, જૂઠું બોલનાર, ઉડાઉ, ખાઉકણુ,

વાતો સાંભળવાની તથા વાતો કરવાની પ્રીતિ રાખનાર, કાળજી રહિત વગેરે અવગુણવાળાં સ્ત્રી પુરૂષને રસોઇ કે ઘરના કામકાજમાં રાખવાં નહિ. જો આવો વિચાર કર્યા વગર રખાય છે, તો પાછળથી પસ્તાવો થાય છે; પરતુ યાદ રાખવું કે સ્ત્રીઓ પાસે તો સ્ત્રી ચાકરજ રાખવી ઉત્તમ છે. જે સમજુ પુરૂષ હોય છે, તે તો ઘરમાં સ્ત્રી ન હોય, ત્યાં સુધી પુરૂષ નોકર રાખે છે, પણ જ્યારે ઘરમાં સ્ત્રી આવે છે; ત્યારે તો પુરૂષ નોકરને રજા આપી સ્ત્રી નોકર રાખે છે. કદી પુરૂષને રજા ન આપે, તો તેને પુરૂષના કામમાં રાખે છે અને સ્ત્રી પાસે તો સ્ત્રી નોકરજ રાખે છે. રસોઇ બનતાં સુધી ઘરની સ્ત્રીએજ કરવી જોઇએ; કેમકે પુરૂષને ઘરની સ્ત્રીનો જેવો વિશ્વાસ હોય છે, તેવો વિશ્વાસ ચાકર ઉપર હોતો નથી. તેમજ ચાકર કરતાં ઘરની સ્ત્રીને વધારે ચીવટ હોય છે. કદી કારણસર રસોઇઓ રાખવાની જરૂર પડે તો પુરૂપ કરતાં સ્ત્રી જાતિને પ્રથમ પસંદ કરવી; કેમકે રસોઇ કરનારને ઘણો વખત ઘરમાં ગુજારવો પડે છે અને ઘરની સ્ત્રીઓ પણ ત્યાંજ રહે છે. વળી સર્વ કામ ઉપર ઘરની સ્ત્રીની દેખરેખ હોય છે, તેને ભોજન સંબંધી ભાવતું ન ભાવતું કહેવા, કે ખાવા સંબંધી પુરૂષની શરમ રાખવી પડે છે, એ કારણથી સ્ત્રી નોકર હોય, તો એ સંબંધી સ્ત્રીઓને કંઇ અડચણ આવતી નથી. કદી કોઇ ઉપાયથી તેવી સ્ત્રી ન મળે કે કઇ ખાસ કારણ હોય, તો ચાકરના ગુણવાળા પુરૂષને રાખવો.

ચાકર સાથે વ્યવહાર—ઘરમાં રસોઇ કરનાર કે કામ કરનાર ચાકર સ્ત્રી હોય કે પુરૂષ હોય, પણ સ્ત્રીએ તેનો બહુ વિશ્વાસ કરવો નહિ. તે સાથે કામ જેટલોજ વ્યવહાર રાખવો. કામ જેટલું બોલવું. એ સાથે બેસવા ઉઠવાનો સહવાસ રાખવો નહિ, કારણ એથી મોભો જતો રહે છે. વળી સહવાસે કરીને તેને આપણી સાથે બોલવાની છુટ મળે છે, વખતે ઘર આગળ કોઇ આવે છે, ત્યારે પણ એ ટેવથી છુટી જીભે બોલે છે, તેથી આપણું માન ભંગ થાય છે અને લોકો એથી હલકો વિચાર બાંધે છે. ધન, લૂગડાં, ઘરેણાં વગેરે રાખવાના ખાનગી ઘરની કુંચી તેમને બતાવવી નહિ કે આપવી નહિ. તેમ ક્યાં રહે છે તેની વાકફદાર થવા દેવા નહિ; કારણ સ્ત્રી અને ધન દેખીને મોટા મુનીવરની પણ દાનત બગડે છે. ખાનગી બેસવા ઉઠવાના ઓરડામાં અગાઉથી તેમને પરવાનગી લીધા વગર આવવા દેવા નહિ; કારણ ખાનગી ઘરમાં સ્ત્રીઓને બેસતાં, સૂતાં કોઇ વખતે શરીરપરથી વસ્ત્ર આઘું પાછું ખસી ગયું હોય, કે માથું ઉઘાડું હોય, તેવે પ્રસગે પુરૂષ ચાકર રજા લીધા વગર એકદમ આવી ઉભો રહે છે, તો સ્ત્રીની મર્યાદા ભંગ થાય છે. વળી અંગપરથી વસ્ત્ર ખસેલુ હોય, તેવે પ્રસંગે અચાનક તેના આવવાથી સ્ત્રીને ધાસ્કો પડે છે. તેથી તેના મનની અસર તનપર થઈ શરીર બગડે છે અને શરમાય છે. આવા સહવાસથી લોકો પણ વખતે વગર વિચાર્યું આળ ઓઢાડે છે, વગેરે માઠું પરિણામ આવે છે. **અજ્ઞાન સ્ત્રી, મુર્ખ રાજા, વેલ, અવિચારી,** એ ચારનો

સ્વાભાવિક રીવાજ એવો છે, કે તેઓ જેવાની સંગતિમાં આવે છે, તેવાની સાથે પ્રીતિ બાંધી લે છે અને બુદ્ધિ વિનાની સ્ત્રીઓ દુરાચારી થઇ જાય છે. તેથી સમજુ પુરૂષો સ્ત્રીઓ પાસે પુરૂષ નોકર રાખતા નથી. કદી હોય તો તે સાથે સ્ત્રીઓએ સહવાસ રાખવો નહિ, કે રજા વગર ખાનગી ઓરડામાં દાખલ ન થવા દેવાનો અગાઉથી બંદોબસ્ત કરી રાખવો. સ્ત્રીઓએ ચાકર સામે ઉભા રહીને હસવું નહિ, તે સાથે કામ જેટલીજ વાત કરી, ત્યાંથી દુર ખસી પોતાને કામે લાગવું. ચાકરની સાફ દાનતની પરીક્ષા માટે પાઇ પૈસો, એ આની વગેરે તેને કામ કરવાની જગ્યોએ નાંખી મૂકવાં. પછી તે લે છે કે નહિ, તેની ચોકસી રાખવી, વખતે તે ઉપાડીને આપવા આવે, તેટલા ઉપરથી તેની સાફ દાનત વિષે એકદમ પાકુ અનુમાન બાંધવું નહિ; કારણ લુચ્ચા હોય છે, તે પોતાનો વિશ્વાસ બેસાડવા સારૂ વખતે એમ કરી દેખાડે છે, પણ તેની સાફ દાનત વિષે તો ઘણે વખતે અને ઘણે પ્રસંગે ખાતરી થાય છે, માટે અનેક રીતે તેના ગુણની ખાતરી કરતા રહેવું. એમ કરતાં જો દુર્ગુણી જણાય, તો તરત તેને રજા આપવી. જુનો ચાકર હોય તો પણ તેનો પાકો વિશ્વાસ રાખી, બેદરકાર રહેવું નહિ. ચાકર પાસેથી કામ નિયમસર લેવું, તેનાં કામપર દેખરેખ રાખવી. તેની વર્તણુકપર બરાબર ખાનગી રીતે તપાસ કર્યા કરવી. કંઈ ચીજ ઉપાડી જાય કે કામમાં કાળજી રાખે નહિ, તેની તપાસ રાખવી. તેના કામમાં ભૂલ થાય, તો નહિ વઢતાં નમ્રપણે ધીરેથી સહેજ ઠપકો દેવો અને ફરી એવી ભૂલ ન કરે તેની સમજુત આપવી, પણ તેનુ માન ભંગ કરવુ નહિ; કે તેનો કોઈ કારણસર તિરસ્કાર કરવો નહિ, તેને દુઃખ પડે તો તે દુર કરવામાં મદદ આપવી અને દીલાસો આપવો. શેઠ, શેઠાણી પ્રત્યે તેમનો શો ધર્મ છે એ જાતે અગર કોઇ મારફતે સમજાવતાં જવું, કે તેઓ પોતાની ફરજ બજાવતાં સમજે અને સેવકના ધર્મ પ્રમાણે વર્ત્તે એમ કરવું. આવી રીતે કરવાથી સર્વ પ્રકારે સુખની પ્રાપ્તિ થશે.

મનુષ્યનું મુખ્ય કર્ત્તવ્ય.

આ સંસારમાં અવતરી મનુષ્યે મુખ્ય શું કરવાનું છે? આ સવાલ પ્રથમ ઉત્પન્ન થાય છે. તેનો ઉત્તર એજ કે તન, મન, અને ધનથી નીતિ વડે પરોપકારનાં કાર્યો કરી—"**ઈશ્વરના પરમપદને પામવું.**" જ્યાં સુધી એના પદને પામવાનો મનુષ્ય પ્રયત્ન કરતો નથી, ત્યાં સુધી તે મનુષ્ય પશુ, પક્ષી, કીટ, પતગ, અને વનસ્પતિ આદિના અવતાર રૂપે અવતરી જન્મ મરણ થયા કરે છે અને આધિ, વ્યાધિ, અને ઉપાધિ હાથે કરીને વોહરી લે છે. આ મનુષ્ય

દેહ અનેક સુકૃત્યોના પુણ્યે અને પ્રારબ્ધ યોગે પ્રાપ્ત થયો છે. તેના વડેજ ઇશ્વરના પરમપદને પમાય છે, તે સિવાય એકે રીતે ઇશ્વરની પ્રાપ્તિ થતી નથી, ત્યારે આવો યોગ મળ્યા છતાં-જે એ યોગ ગુમાવે છે, તેના જેવો બીજો મૂર્ખ કોણ? ઇશ્વિરના પરમપદને પામવું, તે કંઇ ખાવા, પીવાને, ગાડી, વાડી, લાડીમાં ગુલતાન બની વૈભવ વીલાસથી કે પુત્ર પરિવાર વધારવાથી પમાતું નથી, કે નથી પમાતું પૃથ્વીપતિ થવાથી, કે નથી પમાતું કરોડોધ્વજ થવાથી, કે નથી પમાતું વિદ્વાન, બારિસ્ટર અને ડાક્ટર વગેરેની ઉચી પદવી મેળવવાથી. હા, જેટલું યોગ્ય કરવાનુ હોય તેટલું કરવું ઠીક છે, પણ તે સર્વ કરતાં જતાં પણ ખરી ઇચ્છા તો એજ રાખવી કે **પરીબ્રહ્મ**ની પ્રાપ્તિ ક્યારે થાય? અને શી રીતે થાય? કે જન્મ મરણનો ફેરો ટળે. "આજ નહિ કાલે કરીશું. બાળ, અને યુવાવસ્થામાં નહિ પણ વૃદ્ધાવસ્થામાં કરીશું. આ વિચાર કેવો ભૂલ ભરેલો છે? વૃદ્ધાવસ્થા તો રહી પણ કાલની કોને ખબર છે? અને વૃદ્ધાવસ્થા સુધી આપણે જીવીશું, એની પણ શી સાબિતી? વિકાળ કાળ તો મુખ વિકાશી ગ્રાસવાને તૈયાર થઇ બેઠો છે. તે ક્યારે અકસ્માત આવીને કંઠ પકડશે? એ કોઇના જાણવામાં નથી, કે કોઇના જાણવામાં આવતું પણ નથી. માટે હમેશાં અગમચેતી રાખી કાળથી ચેતતાં રહીને, મુખ્ય કર્તવ્ય જે પરીબ્રહ્મને જાણવાનું કામ છે. તે કર્ત્તવ્ય કર્મ કરવામાં પછાત પડવું જોઇએ નહિ. નહિતો કાળ અકસ્માત ઝડપી જશે, તો "મનના વિચાર મનમાંજ રહેશે" અને પસ્તાવો કરી કરી ચોરાશીલાખના ફેરામાં પડવું પડશે તથા કરી અનેક આધિવ્યાધિ અને ઉપાધિ ભોગવવી પડશે. કાળે મોટામોટા દેવ, દાનવોને પણ છોડયા નથી, તો બિચારૂ મનુષ્ય કોણ માત્રમાં છે? એ વિચાર ખુબ કરવો અને શમ, દમ, શાસ્ત્રઅધ્યયન, સંતોષ, સહનશીલતા અને નમ્રતા વગેરે સદ્‌ગુણો ગ્રહણ કરીને જે રીતે આ મિથ્યા દેહમાંથી મોહમાયાનો ત્યાગ થઈ શકે તેમ કરવું, અને **જીવને** ધારણ કરનાર જે ધર્મ છે, તેને વધારતા જવો; કેમકે એજ ખરો સાથી છે. આ અસાર સંસારમાં પુત્ર, કુટુંબ, સ્ત્રી અને ધન, માલ એ કોઇ સાથે આવતું નથી. ફક્ત કરેલાં કર્મજ સાથે આવે છે. અણુસમજુ માનવી આ પંચમહાભૂતના પુતળાને સત્ય માને છે અને તે સર્વને પોતાનું માની, મારૂં, તારૂં કરીને મોહમાં પડી, પોતાની યોગ્ય ફરજ બજાવવાથી દુર રહે છે એ ઘણા ખેદની વાત છે! મનુષ્ય કહે છે કે આ "**મારૂં**" શરીર હાલ સારૂં નથી "**હું**" શરીર સારૂં કરીશ. આમાં મારૂ-અને હું—કહેનારો જુદો અને શરીર પણ જુદું એમ સમજાય છે. "હું" એવો જે શબ્દ થાય છે, તે કોઇ પદાર્થ નથી. પણ તે "**આત્મા** રૂપે વ્યાપક પુરૂષ છે" તેને ન નિહાળતાં અજ્ઞાનતાથી "હું" એને શરીર કરી જાણે છે, પણ તે ખરેખરૂં કંઈ નથી. જ્ઞાની મનુષ્ય દેહના ભોગ, દેહને ભોગવવા દે છે; પરંતુ તેના ભોગમાં પોતે લીન થતો નથી, કે આસક્તિ રાખતો નથી અને તેમાં સુખ, દુઃખ, હર્ષ, શોક કંઇ પણ રાખતો

નથી; કારણ કે સઘળા ભોગો દેહ સાથે સંબંધ રાખે છે, **આત્મા** સાથે નહિ. જ્યારે આત્માને કોઈ પ્રકારનો સંબંધ નથી, ત્યારે વ્યવહાર દૃષ્ટિએ જે સુખ દુઃખ સમજાય છે તે સત્ય નથી; કેમકે દેહ પોતેજ નાશવંત છે–ખોટો છે; તો તેના સંબંધની વસ્તુઓ પણ ખોટીજ છે અને તેવા દેહે માનેલા ભાઇ, ભત્રીજા, કાકા, કુટુંબ અને સગાસ્નેહી કેમ સાચાં માની શકાય ? નહિ.

આ અસાર સંસારના અનેક દુઃખોનો મનુષ્યે અનુભવ લીધા છતાં અસત્ય પદાર્થોપર મમતા રાખી રહેલ છે. તેથી સત્ય શું છે ? તે જાણી શકાતું નથી. આ જગત્ સત્ય નથી, પણ સત્યનો માર્ગ દેખાડનારૂં છે. આ મનુષ્ય શરીર સત્ય નથી, પણ સત્ય સાધી લેવાનું સાધન છે, તેનો લોક વ્યવહાર સઘળું મિથ્યા છે. ફક્ત પરમાત્માને જાણવાનો વ્યવહાર સત્ય છે. મૂર્ખ મનુષ્ય માયા પ્રપંચના મોહને લીધે પોતાની મુખ્ય ફરજ ભૂલી જઇને અસત્યને સિદ્ધ કરવા મથે છે. તેમાં અનેકવાર દુઃખો ભોગવે છે, નિરાશ થાય છે અને પસ્તાવો કરે છે, તો પણ માયામાં લપટાએલો માનવી નહિ ચેતતાં, ફરી આધિ, વ્યાધિ અને ઉપાધિ હાથે કરીને વહોરી લે છે. જ્યાં સુધી માનવી મોહનિદ્રામાંથી જાગૃત થઈ અભિમાનને અળગો કરતો નથી; ત્યાં સુધી પરીબ્રહ્મને જાણી શકતો નથી. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

यःपश्यतिस्वयंसर्वं । यंनपश्यतिकश्चन ॥
यश्चेतयतिबुध्यादि । नतद्यचेतयत्ययं ॥

જે બ્રહ્મ પોતે સર્વ જુએ છે, પણ તેને બીજું કોઈ જોઈ શકતું નથી. બુદ્ધિ આદિ ને જે ચેતનવાળાં કરે છે, પણ તેને બુદ્ધિ આદિ ચેતવી શકતાં નથી ત એવું છે.

એવા પરીબ્રહ્મને ઓળખી જ્યાં સુધી તેના ઉપર ખરી પ્રીતિ ઉત્પન્ન થતી નથી, ત્યાં સુધી મનુષ્ય આ સંસારમાં અનેકવાર જન્મે છે અને મરે છે. આધિ, વ્યાધિ, અને ઉપાધિ ભોગવે છે. જ્યાં સુધી મનુષ્યનું અજ્ઞાન દૂર થતું નથી, ત્યાં સુધી એક શુદ્ધ નિરંજન નિરાકાર પરમ કરૂણાકર **પ્રભુને** પામી શકતો નથી. આ દેહેજ ઇશ્વરના પદને પમાય છે, છતાં મનુષ્ય ઇશ્વરને જાણવાનો પ્રયત્ન કરતો નથી, એ કેવો અફસોસ ! માટે હે માનવી ! સતગુરૂ અને સતશાસ્ત્રોએ પરીબ્રહ્મને જાણવાના જે માર્ગો બતાવ્યા છે, તે માર્ગ ગ્રહણ કરવા પ્રયત્ન કરો અને અહંકાર તજી વ્યવહારમાં વૈરાગ્ય તથા નિષ્કામ વૃત્તિ રાખી સુકૃત્યો કરો. જેથી જન્મ મરણનો ફેરો મટે અને મનુષ્ય દેહ ધર્યાનું સાર્થક થાય.

ઘરવ્યવસ્થા.

સ્ત્રી પરણી સાસરે આવે છે, ત્યારે તેના પતિનું ઘર તેજ તેનું ઘર ગણાય છે અને પતિના ગૃહકાર્યની ચિંતાનો સઘળો ભાર તેનાપર આવી પડે છે. માટે માતાએ પોતાની પુત્રીને બાલ્યકાળથીજ ઘર વ્યવસ્થાની કેળવણી આપીને યોગ્ય બનાવવી જોઇએ. એ યોગ્ય થયે ઘણી સુખી થઈ વખાણને પામે છે અને માબાપની શોભા વધારે છે, પરંતુ જો તેમને અયોગ્ય લાડ લડાવી ઉછેરી ઘર વ્યવસ્થાથી અણવાકેફ રાખવામાં આવે છે, તો તે સાસરે ગયા પછી ઘણી મુંઝાઈ રહે છે. સાસુ સસરા અને નણંદ, વહુમાં આવડત નહિ હોવાથી, તેમને અને તેમના માબાપને વગોવે છે, તેથી એ બિચારીને પસ્તાવો કરવો પડે છે; માટે પુત્રી સાસરે જવાને યોગ્ય ઉમરની થાય; ત્યાં સુધી સુશિક્ષણ આપી તૈયાર કરવાની ઘણી જરૂર છે.

૧. **સુઘડતાઇ**—સ્ત્રીઓમાં આ ગુણ એક તેમને પરમ ભૂષણ રૂપ છે. નિત્ય એક પહોર રાત્રિ હોય, ત્યારે ઇશ્વિર સ્મરણ કરતાં ઉઠી, આંખો, મોં, અને દાંત સાફ કરી ગૃહકાર્યમાં લાગવું. ઘરના સર્વ ભાગો, આંગણું અને ઘરની અંદરનાં પેટી, પટારા, કબાટ તથા ખુણેખોચરે જ્યાં કચરો જણાય ત્યાં સાંજસવાર વાળી સાફ કરવું. ભીંતો અને છાપરે જાળાં બાઝેલાં હોય તે કાઢી નાંખવાં. ઘરમાં કચરાનો ભરાવો થવાથી કીડી, મકોડી, કરોળીઆ વગેરે અનેક નાના પ્રકારનાં જીવ જીવાંત ઉત્પન્ન થાય છે. તેમાંથી ગદકીનો વધારો થઈ, ઘરની હવા બગડે છે, ઘરને ભોંય તળીએ ચાર પાંચ દિવસે છાણ માટીથી લીંપવું. ભીંતો ચૂના કે ખડીથી ધોળવી. ઘરની ને આંગણાની ભૂમિનું તળીયુ નીચું ઉંચું ખાડાખડબાવાળું હોય તો સરખું કરવું, કે તેમાં પાણી કચરો ભેળાં થઇ સડી ગંદકી કરે નહિ તથા શરદી થાય નહિ, તેની સંભાળ રાખવી, કેમકે શરદી થવાથી અને હવા બગડવાથી માણસો માંદા પડે છે. માટે ઘર અને આંગણું સરખું અને સ્વચ્છ રાખવું. ઘરની અંદર રમકડાં, ટેબલ, ખુરશી, કબાટ, કોચ, પલગ, ભરતકામ, ચિત્રોના નમુના, છબીઓ, વીણા, વાંસળી, તંબુર, સતાર, સારંગી, સુંદરી, મૃદંગ, પીઆનો, હારમોનિયમ, છત, હાંડી, ઝુમર, અને તખતા વગેરે ફરનીચરપર ધુળ કચરો વળગેલાં હોય તે લૂછી સાફ અને ચકચકિત કરવાં. ગોળા, ગોળીઓ, લોટા લોટીઓ, ઘાઘેર, ઘડા, પ્યાલા, થાળી, વાટકા અને તપેલાં વગેરે રાંધવા, ખાવા, પીવાનાં, દહીં, છાશ નાખવાનાં અને પાણી ભરવાનાં તાંબા પીતળનાં અને માટીનાં વાસણોમાંથી લીલ કે મેલ હોય તે રેતી કે રાખથી માંજી સ્વચ્છ કરતાં રહેવું. જો લીલ કે મેલવાળાં વાસણમાં ખાવા પીવામાં આવે

છે, તો એથી શરીરમાં નુકશાન થાય છે. સુવાની પથારી, ખાટલા, ગોદડાં, ગાદલાં અને તળાઈ વગેરે ઉપાડી ઝાટકી સાફ કરી, સંકેલી નિત્ય મૂકવાની જગ્યોએ ગોઠવી મૂકવાં. અંદર પરસેવો કે ભેજ લાગેલો હોય તો બે ચાર દિવસે તડકે રાખવાં કે અંદરની ભેજ અને ગંદકી ઉડી જાય. આ પ્રમાણે કરવાથી અંદર ચાંચડ, માંકડ અને જુ વગેરે પડતું નથી, ઓછાડ બે ચાર દિવસે બદલતા જવો. ઘરની અંદર પાળેલાં પક્ષીઓનાં પાંજરાં અને પશુઓને બાંધવાની જગ્યો સાફ કરતા જવી. છાણને ઘણા રોજ એકઠું કરી રાખવું નહિ, એકઠું કરી રાખવાથી જીવાત પડી ગદકી થાય છે. ખાળકુંડી, પાણીઆરાં વગેરેમાંથી કચરો કાઢી સારા પાણીથી ધોતા જવું. આગણે વાવેલાં વૃક્ષોમાં ગદુ પાણી, કે એઠવાડ નાંખવો નહિ. તેમ ઘર આગળ એઠવાડ કે ગંદુ પાણી, ઢોળી ગંદવાડો થવા દેવો નહિ, જે ગંદવાડ હોય તે ઘરથી થોડે દુર જઈ નાંખવો. એ રીતે ઘરને સાફ કર્યા પછી આંગણામાં કંકુ અને અબીલથી રમણિક ચિત્રો કાઢી, આંગણાને સુશોભિત કરવું. ઘરમાં અને આંગણામાં સુગંધી પુષ્પો વેરી ધુપ કરી ઘરને સુગંધી અને સુશોભિત કરવું.

સૂર્ય ઉગ્યા પછી નિર્મળજળે શરીર ચોળી મશળીને જે રીતે શરીરનો મેલ દુર થાય, તે રીતે સ્નાન કરવું. માથાના વાળ ચાર પાંચ દિવસે ખારો, માટી, આમળાં કે અરીઠાથી ધોઈ સાફ કરવા. સ્નાન કરતાં ઘણો વખત લગાડવો નહિ. તરત કોરો ટુવાલ કે રૂમાલથી શરીર ઘસી લુસી કોરૂ કરવું અને તરત વસ્ત્ર પહેરવાં. ભીને લુગડે ઘણીવાર રહેવું નહિ, રહેવાથી શરદી થાય છે. ઉના કરતાં ઠડા જળે સ્નાન કરવાથી શરીર મજબુત થાય છે અને પ્રકૃતિ સારી રહે છે. પણ જેને માફક આવતું ન હોય, અગર માંદગી હોય, ત્યારે શરીરની ગરમી જેટલા ગરમ પાણીએ સ્નાન કરવુ. કપડાં ધોએલાં અને સાફ પહેરવાં. ધોતીઆં, સાડી નિત્ય ધોવાં. બાળકોને પણ નિત્ય નવરાવી સ્વચ્છ વસ્ત્ર પહેરાવવાં. એ રીતે નહાઇ ધોઈ સ્વચ્છ વસ્ત્ર પહેરી ધુપ દીપ કરી થોડો વખત ઇશ્વરભક્તિમાં ગાળવો અને તેની પ્રાર્થના કરી, ઉપકાર માનતા રહેવો. ઈશ્વરભક્તિ કર્યા પછી નવીનરંગનાં વસ્ત્રો પહેરવાં, આંખ આંજવી, માથે તેલ નાખી વાળ ઓળવા, સેંથો ભરવો, કપાળમાં ચાંલ્લો કરવો, નાકમાં ફુલ, હાથમાં કકણ અને ડોકમાં કંઠો વગેરે સૌભાગ્યદર્શક શણગાર સજી પાણી ભરી લાવવું, પછી રસોઇ કરવી.

૨. રસોઇ—રસોઈ કરતાં આવડવી, એ સ્ત્રીઓનું મુખ્ય કામ અને ચતુરાઇ છે. જેના ઘરમાં રસોઇઓ હોય, તેણે તો માથે રહી દેખરેખ રાખવી અને રસોઇઓ ન હોય, તો સ્ત્રીએ રસોઇ જાતે કરવી એ ઉત્તમ છે. આ સંસારમાં સૌના જીવનનો આધાર ભોજન છે. આ શરીર એક યત્ર છે, અન્ન, જળ એ બે વસ્તુઓ યંત્ર ચલાવનારી કળ છે. એ કળવિના શરીર બરાબર ચાલી શકતું નથી, એટલુંજ નહિ પણ ટકી શકતું નથી. માટે તેને ચોખ્ખું અન્નજળ આપવું એ અગત્યનું છે. અન્નજળથી

જેમ શરીર દીર્ઘાયુષી થાય છે, તેમજ એની અયોગ્ય વ્યવસ્થા રાખ્યાથી શરીર નાશ પામે છે. માટે એ સંબંધી ઘણી સંભાળ રાખવાની જરૂર છે. અન્નજળ ખાવા પીવાથી વાયુ, કફ અને પિત્ત એ ત્રણ દોષો પ્રગટ થાય છે. તેનું વધતા ઓછાપણું થયે ઘણા રોગો પેદા થાય છે. માટે રસોઈ કરનાર તથા જમનાર બંનેએ પદાર્થોના ગુણદોષ જાણવાની જરૂર છે, તેમાં પણ રસોઈ કરનારે ઘરકુટુંબીઓની પ્રકૃતી અને પદાર્થોના ગુણદોષો જાણવાની પ્રથમ જરૂર છે. તેમજ પદાર્થોના ગુણદોષ, પાકશાસ્ત્ર, રસાયણ શાસ્ત્ર, અને વૈદકશાસ્ત્ર વગેરેનું જોઇતું જ્ઞાન મેળવવું જોઇએ, તથા વડિલો પાસેથી અનુભવ લેવો જોઇએ. જેના શરીરમાં વાયુ વિશેષ હોય તેણે વાલ, ચોરા, તુવેર વગેરે વાયુ કોપાવનાર વાયડા પદાર્થો ખાવા પીવા નહિ. જેના શરીરમાં કફદોષ હોય, તેણે ઘી, ગોળ, ખાંડ, સાકર વગેરે કફને કોપાવનાર ઠંડા ગળ્યા પદાર્થો ખાવા નહિ અને જેના શરીરમાં પિત્તદોષ વિશેષ હોય, તેણે મેથી, રીંગણાં, તેલ, મરચાં, વઘારણી અને બાજરી વગેરે પિત્તને કોપાવનારા ખારા, તીખા અને ગરમ પદાર્થો ખાવા નહિ. તેમજ કફ, વાત, કફપિત્ત અને વાતપિત્ત વગેરે શરીરની પ્રકૃતિ જાણવી જોઇએ, પતિ કે કુટુંબીને આ ભોજન ભાવે છે કે નથી ભાવતું, આ તેમની પ્રકૃતિને અનુકૂળ આવશે કે નહિ, એ સર્વ જાણી રસોઈ કરવાને શરૂ કરવી. પ્રથમ રસોઇનો સઘળો સામાન રસોડામાં ગોઠવી રાખવો, કોઈ પણ ચીજ વારંવાર માગવી પડે નહિ એની સંભાળ રાખવી. રાંધવાના પદાર્થોમાં કાંકરા કસ્તર કે જીવાત ન પડે માટે માથે ઢાંકી રાખવું. રસોઇના સર્વ પદાર્થો પરિપકવ અને સ્વાદિષ્ટ થયેલા જણાય ત્યારે ઉતારી ચૂલા માંહેના કોયલા પાણીથી છાંટી નાંખવા, કે પાછા તે કામ લાગે. તૈયાર થયેલી રસોઈ કાઢવી હોય તો કલાઇવાળાં વાસણમાં કાઢી ઢાંકવી. કલાઈ વિનાના વાસણમાં કાઢવાથી કટાઈ જાય છે. કટાએલું ખાવાથી તનદુરસ્તી બગડે છે. માટે કલાઇ વગરનાં વાસણ ખાવામાં વાપરવાં એ ઠીક નથી. અનાજ બરાબર વીણી ખાંડી, ઝાટકી સાફ કરી અને બરાબર પકાવી ગરમા ગરમ ખાવાથી શરીર આરોગ્ય થાય છે, પણ જેમ આવ્યું તેમ કાંકરા, કુંકરીવાળું, જાડું મોટું દળી, ખાંડી, જેવું તેવું પકાવેલું; અને ઠંડુ પડી ગયેલું ખાવાથી શરીર રોગી થાય છે. બરાબર નિયમ પ્રમાણે બનાવેલી રસોઇ ખાવાથી બળ, બુદ્ધિ, તનદુરસ્તી અને આયુષ્યનો વધારો થાય છે. માટે બુદ્ધિ વાપરી પતિ આવતાં પહેલાં રસોઇ તૈયાર કરી ગરમા ગરમ રહે તેવી રીતે ઢાંકી રાહ જોવી. આવે કે તરત સ્નાન કરવાનો સામાન હાજર કરવો. ઇશ્વર સ્મરણ, પૂજન અને ધ્યાન કરવાની સર્વ સામગ્રી જ્યાં જોઇએ ત્યાં ગોઠવી રાખવી. નિત્યકર્મ કરી ઉઠે કે ભોજનશાળામાં રસોઇ પીરસવી.

૩. **ભોજન**—ભોજન કરવાની જગ્યો બધે ઠેકાણેથી સ્વચ્છ કરેલી હોવી જોઇએ. તેમાં સુગંધી ધુપ કરી ચારે તરફ સુગંધી પ્રસરે અને મન આનંદ થાય

એમ કરવું, ભોજન પીરસ્યા પછી પાસે જળપાત્ર, મરચું, મીઠું અને ચટકદાર ચટણી વગેરે રાખવાં. જેટલાં જમવા બેઠાં હોય, તેમાં કોઇને ભાણાંતર કરવો નહિ. પીરસતાં મનમાં સંકોચાવું નહિ, જમતી વખતે શોક, ભય અને દુઃખની વાતો કરવી નહિ, કેમકે આનંદમાં રહી જમેલું અન્ન જલદી પચી જાય છે. શોક ભયમાં ખાધેલું અન્ન વિકૃતિને કરી તનદુરસ્તી બગાડે છે. માટે આ વખતે સાવચેતી રાખી અગાઉથી આનંદ થાય, એવી વાતો કરવાની ગોઠવણ કરી રાખવી. રસોડું અને ભોજન કરવાની જગ્યો જેમ બને તેમ ગુપ્ત રાખવી, કેમકે કોઇ શત્રુ આવી વખતે ગુપ્તપણે ભોજનમાં સેળભેળ કરે, અગર ભય, ત્રાસ થાય એવું કોઈ આવી ઉભું રહે, માટે તેને ગુપ્ત રાખવી એ વધારે સારૂ છે. ખોરાક હમેશાં વખતસર, પચે એટલો અને પચે એવો ખાય તેમ કરવું. ઉત્તમ ખોરાક કરતાં સાદો ખોરાક લાભદાયક છે. નિત્ય એક તરેહનો ખોરાક ન આપતાં, હમેશાં જુદો જુદો રૂચીકર કરી આપવો. ભોજન કરી રહ્યા પછી પાન સોપારી, એળચી, લવીંગ, વગેરે મુખવાસ ખાવા આપવાં. એ રીતે સૌને જમાડી પછી પોતે જમવું. એઠવાડ કાઢવો. એજ પ્રમાણે રાત્રે પણ ખાવા લાયક હલકુ ભોજન તૈયાર કરી ખવરાવવું. સવારના ભોજન કૃત્યથી પરવારી ઘરમાં સંગ્રહ કરેલી વસ્તુઓની વ્યવસ્થા કરવી.

૪. **સંગ્રહ કરેલી વસ્તુઓની સગવડ**—ઘર ઉપયોગી વસ્તુઓ થઈ રહેવા આવે, તે પહેલાં ત્રણ ચાર રોજ અગાઉથી પતિને ચેતવી રાખવું. જે વસ્તુ ઘરમાં આવે, તેને સાફસુફ કરી ઢાંકી સંભાળી રાખવી. વસ્તુઓ રાખવા, રસોઈ કરવા, જમવા, બેસવા અને સુવાની જગ્યાના વિભાગ જૂદા રાખવાં. બધું એકત્ર રાખવું નહિ. એકત્ર રાખવાથી ઘરની હવા બગડી તનદુરસ્તી ખરાબ થાય છે, અનેક પ્રકારનાં બીઆં, ઔષધીઓ, દાણોદૂણી, ફરનીચર, સાકર, ખાંડ, ગોળ, ઘી, તેલ, મસાલા અને અથાણાં વગેરે સાફસુફ કરી જીવજંતુ પડે નહિ, એમ સાંભળીને રાખવાં અને તેની વખતો વખત સંભાળ લેતા જવી. પાણી સીંચવાની દોરીઓ, ગાયો, ભેંસો વગેરે પશુઓ બાંધવાનાં દોરડાં સાચવી જુદી જગ્યોએ ગોઠવી રાખવાં. જ્યાં ત્યાં કંઈ પણ રખડતું રાખવુ નહિ. વસ્તુઓની એવી ગોઠવણી રાખવી, કે તે જોઇએ, ત્યારે તરતજ જડે, ફાંફાં મારવાં પડે નહિ. કોઇ ચીજ ઉઘાડી રાખવી નહિ. કીડી મકોડી ચડે અને ઊંદર કે બિલાડી ખાય એમ રાખવી નહિ, સર્વ ખંડોની બારી જાળી ખુલી રાખવી, કે અંદરની હવા સારી રહે અને વસ્તુઓ બગડે નહિ. મુરબ્બા, મધ, આસવો વગેરેની બરણીઓનાં મોં કપડાથી બાંધી રાખવાં. ગાદલાં, ગોદડાં અને ઓછાડ સંકેલી યોગ્ય જગ્યાએ ગોઠવી રાખવાં, તાંબા, પીતળનાં વાસણો માંજી સાફ કરી એક બાજુ ગોઠવી મૂકવાં; તમામ વસ્તુઓની એવી ગોઠવણી રાખવી કે સઘળે ઝાકઝમાળ થઇ રહે. જે જોઇને સૌ કોઇ આશ્ચર્ય થાય એવી વ્યવસ્થા કરવી.

૫. **શય્યનગૃહની શોભા**—રાત્રિના બાર કલાક એ ગૃહમાં ગુજારવાના હોય છે, એમાં સુખ અને આનંદથી ઉંઘ આવે એવી સર્વે પ્રકારે સગવડ કરવી, એ સુઘડ સ્ત્રીની ચતુરાઇનું કામ છે. સૂવાનો ઓરડો જુદોજ હોવો જોઇએ. એ ઓરડો લીપેલ ગુંપેલ અને ખડી કે ચૂનેથી ધોળેલો રાખવો. નિત્ય વાળી ચોળી સાફ કરતા જવો. એમાં સ્વચ્છ હવા આવવા જવાની બારી જાળીઓ રાખવી. પલંગ એવી રીતે રાખવો કે સૂતી વખતે શરીરપર થઇને પવન જાય નહિ, કે બહારથી દુર્ગંધ આવે નહિ, ઘરની વચગાળે પવન નાંખવાનો પખો રાખવો. બેસવા, ઉઠવા કે વાંચવા લખવા સારૂ એક બાજુ ટેબલ, ખુરશી રાખવી. ટેબલ માથે દીવા સારૂ વાલસર રાખવું. વખત જાણવા સારૂ ઘડીઆળ અને રાત્રિએ પહેરવાના વસ્ત્રાલકારનો કબાટ એક બાજુ રાખવો. નકશા, સુપ્રસિદ્ધ મહાત્મા સ્ત્રી પુરૂષોની અને દેવોની છબીઓ, વનવૃક્ષ અને સુંદર પશુ, પક્ષીઓના ચિત્રો વગેરે ટાંગવાં. અભેરાઇપર નાના પ્રકારનાં રંગબેરંગી રમકડાંઓ રાખવાં. ઉપર હાંડી, ઝુમર, અને તખતા, અને મનરંજનાર્થે મનોહર ગાન, તાનનાં સાધનો એક બાજુ ટીંગાડી રાખવાં. **જુઠું બોલવું એ પાપ છે. પરોપકાર એજ પુણ્ય છે. તન, મન અને કર્મથી પવિત્ર રહો. એક ઈશ્વર ઉપર નેકનિષ્ટા રાખો. સ્ત્રીઓને પતિ સેવા એજ ઈચ્છીત ફળને આપનાર છે.** વગેરે સુબોધ વાકયોના છાપેલા કાગળો આજુબાજુ ટીંગાડવા, કે બેસતાં ઉઠતાં સારી શિખામણ યાદ આવે. સુંદર અને સ્વચ્છ કરેલી શય્યા બિછાવી રાખવી. સુગંધી ધુપ કરી સઘળે સુગંધમય કરી મૂકવું. વિહાર સમયે વિવિધ પ્રકારનાં નાજુક તથા ઝીણાં વસ્ત્રો પહેરવાં અને થોડાંક ઘરેણાં પણ પહેરવાં. સુગંધી પદાર્થો, શાંતિકારક ચંદન, તથા ધોળા રગનાં પુષ્પો વગેરે આભૂષણો ધારણ કરવાં; તે જાણે ઇંદ્રિભૂવનમાં ઇંદ્રાણી હોય નહિ તેની પેઠે શોભિ રહે. બાળબચ્ચાં અને પતિને પોઢાડી પોતે પોઢવું, અંતે પતિના ઉઠ્યા પહેલાં ઉઠી નિત્ય કામે લાગવું, આવાં સુશોભિત ભૂવનમાં શય્યન કરવાથી મન હમેશાં આનંદ અને પ્રફુલ્લિત રહે છે તથા સુખરૂપે નિદ્રા આવે છે.

૬. **ગૃહવાટીકા**—સુજ્ઞ સ્ત્રીએ ઘરની આગળ અને પાછળની પડતર જગ્યોમાં એઠવાડ કે કચરો નાંખી ગદકી કરવી નહિ, પણ ત્યાં એક નાનો સરખો સુંદર બાગ બનાવવો. નિત્ય નવરાશની વેળાએ પડતર ભૂમિને ખોદી ખણી જમીનને પોચી કરવી. તેમાં ચોખૂણ, ત્રીકોણ, ગોળ, સડખૂણ, અષ્ટકોણ વગેરે પ્રકારના ક્યારા કરવા. તેમાં કોઇમાં કેળ તો કોઇમાં ગુલાબ, કોઇમાં મોગરો તો કોઈમાં ગુલદાવદી, કોઇમાં કરેણ તો કોઇમાં જુઇ, કોઇમાં અજમા, પોઈ, ધાણાભાજી, તગર, તુળસી, મરવો, કેતકી, માલતી, જાસુસ, અને ગલતુરો વગેરે જુદા જુદા પ્રકારનાં સુગંધી પુષ્પો અને શાકભાજી તથા ઔષધીઓ રોપવી. તે બધાને જુદી જુદી પ્રકારનું ખાતર પૂરવું. હમેશાં પાણી પાવું અને માથે છાંટતા જવું. મધ્યમાં

બને તો ફુવારાની સોઈ કરવી. ચારે તરફ જવા આવવાની સડક, કમાનો અને બેઠકો કરવી. આ પ્રમાણે નજરબાગની સોઇ કરવી, જેથી ઘર શોભી નીકળે છે. હવા સુધરે છે અને શરીર તનદુરસ્ત રહે છે તથા શાકભાજી અને જોઇતી ઔષધીઓ તરત મળી આવે છે; માટે આવી ગોઠવણી કરવી.

૭. **લેવડદેવડ**—સ્ત્રીઓને લેવડદેવડ કરતાં આવડવું જોઇએ. આ સદ્ગુણ વગર ગૃહિણીનું ગૃહકાર્ય બરાબર ચાલી શકતું નથી. ઘરખરચ આવકના પ્રમાણમાં રાખવો. ઉપજ કરતાં ખરચ વધારે ન થાય, તેની સંભાળ રાખવી; એટલુંજ નહિ પણ ભવિષ્યના સુખ સારૂ દરમાસે કે વર્ષે ખરચ કાઢતાં સીલિકમાં વધારો થાય એમ કરવું જે વસ્તુની ઘરમાં કશી જરૂર નથી, તે વસ્તુ નકામી પડતર ખાતે લેવી નહિ, કેમકે એવી બીનજરૂરની વસ્તુઓમાં પૈસા વાપરી નાંખવાથી, જ્યારે જોઈતી ચીજો લેવાની જરૂર પડે છે, ત્યારે પૈસા નહિ હોવાથી, મોં વકાશી બેસવું પડે છે. તે વખતે કઇ નકામી પડેલી વસ્તુ વેચવા જવાતી નથી. માટે લેવડદેવડ કરવામાં આબરૂ રહે તેવી સફાઈ રાખવી, જે ચીજ લેવી તે જોઈ તપાસીને, બે ચાર ઠેકાણે ભાવ પાડની તજવીજ કરી, બરાબર કીંમતે લેવી. પણ એકદમ ઉતાવળ કરી વેચનારના વખાણ ઉપર મોટી વિશ્વાસ રાખી, તે જે કીંમત કહે તે બરાબર છે, એવો ભરૂસો રાખી લેવી નહિ; કેમકે ધૂર્ત્ત વેચનારાઓ પોતાની વસ્તુની કીંમત વધારે લેવા, તેનાં અનેક પ્રકારે વખાણ કરે છે, સોગન ખાય છે, અને ધર્મ હારે છે. માટે એપર કશો વિશ્વાસ કરવો નહિ. જે ચીજની બહુજ જરૂર છે એવું જણાય, ત્યારે તેના ટકાઉ અને ભાવપર પૂરતો વિચાર કરી લેવી. મજાની, ભભકાની, રંગબેરંગી, પણ ટકાઉ નહિ તેવી, જેવી કે કાચની દીવીઓ, પ્યાલા, વગેરે ઓછા ટકાઉ હોય, તેવો સામાન બનતા સુધી લેવો નહિ. તેમજ ઉધાર માલ કદી પણ લેવો નહિ. ઉધાર લેવાથી નામાનો ઉકરડો થાય છે. તેમાં વખતે ધૂર્ત્ત વેચનારા આપણી પાસે હિસાબ નહિ હોવાથી, પોતાની દાનત બગાડી જે ચીજ ન લીધી હોય, તે પણ કેટલીક માંડી મૂકે છે. વળી વેચનારને ઉધારના પૈસા મોડા મળવાથી તે ચીજ મોંઘી આપે છે, વગેરે રીતે નુકશાન જાય છે. ભરવા, તોળવા, માપવા વગેરેમાં તપાસ રાખવી કે ઓછું ન આપે; તે માટે તોલાં અને ત્રાજવાનાં પલ્લાં તપાસવાં, તેમજ પલ્લાના દોરા તપાસવા; કે તે નાના મોટા ન હોય. તેમજ ત્રાજવાની ડાંડીનો દોરો બરાબર મધ્યે છે કે નહિ? એ સઘળું તપાસવું. લીધા પછી ઘેર તોળી જોવાની ટેવ રાખવી. ઓછીનું લેવું નહિ; કેમકે આપણી પાસે ન હોય, તે વખતે આપનાર લેવા આવે અને એ વખતે ના પાડવાથી સામાનું મન કચવાય છે. વળી લેવડદેવડ કરવી તેમાં હિસાબ જાણવાની જરૂર છે. હિસાબ ગણતાં આવડતા નથી. તો સામો માણસ છેતરી જાય છે. વગેરે રીતે લેવડદેવડમાં ઘણી સંભાળ રાખી કરકસર કરવી.

૮. **કરકસર**—સ્ત્રીઓએ લેવાદેવામાં ઉડાઉ થવું નહિ. જેમ બને તેમ કર-

કસરથી વ્યવહાર ચલાવવો. જે ચીજ આઠ આને મળતી હોય, તેવીજ બીજી ચીજ જરા ફેરફારવાળી સાત આને મળતી હોય, ને તેથી કામ રહતું હોય; તો એક આનો બચે એમ કરવું. કરકસર કરવી એ પુરૂષ કરતાં સ્ત્રીઓનું વધારે કામ છે. જે સ્ત્રીમાં કરકસર કરવાની આવડત નથી. તેનુ ઘર પાયમાલ થાય છે. પછી ભલે મોટો ધનવંત હોય, તોપણ શું થયું? "સો સર અને એક કસર" સો ઠેકાણેથી આવક હોય, તેની બરોબર એક કસર છે. કરકસર કરી ભવિષ્યના સુખ માટે પૈસાનો સંગ્રહ કરી રાખ્યો હોય, તો વૃદ્ધાવસ્થામાં સુખ મળે છે; એટલુંજ નહિ, પણ કોઈ કારજ અવસર અકસ્માત આવી પડે છે, તો તે વખતે સંગ્રહ કરેલો પૈસો કામ લાગે છે. માટે નિત્યના ખોરાક, પોષાક, વગેરે ગૃહકાર્યના સઘળા વ્યવહારમાં કરકસરથી વર્તવું. ચપટી દાણો જ્યાં ત્યાં રખડતો હોય, કે ઊંદર ખાતા હોય તો ભલે ખાય; એટલામાં શું? તેમજ સોવા, ઝાટકવામાં, ખાંડવામાં અને દળવામાં ચપટી દાણો ગયો તો શું હરકત છે? થોડું રાંધેલું અન્નાજ છે એમાં શું? એઠવાણીમાં નાંખી દો, જે ચીજ જોઇતી ન હોય, તોપણ એક બે પૈસાની લોને એમાં શું વિસાત છે? એ રીતે નકામો વ્યવહાર કરી બગાડો ન કરવો. થોડે થોડે કરતાં હિસાબ કરીએ તો ઘણે વખતે ઘણું થઇ પડે છે. "કાંકરે કાંકરે પાળ બંધાય ને ટીપે ટીપે સરોવર ભરાય.' એમ પાઇ, પાઇ કરતાં લાખો રૂપિયાની રકમ થઈ પડે છે, એ સ્ત્રીઓએ જાણવું જોઇએ. કમાણી થતી હોય તેમાંથી ખર્ચ કરતાં થોડું થોડું વધારીએ તો ઘણે દિવસે ઘણો પૈસો એકઠો થાય. કોઈ મજુર ચાર આના રોજ કમાતો હોય તેમાંથી ફક્ત રોજ એક આનો બચાવે, તો એક વર્ષે રૂ. ૨૨-૮-૦ થાય અને ચાળીશ વર્ષે રૂ. ૯૦૦) નવસો જેવડી મોટી રકમનો માલેક થાય છે. વળી જેમ કમાતા જવાય, તેમ સેવિંગબેંકમાં વ્યાજે મૂકતા જવાય તો એથી પણ મોટી રકમ થઇ પડે છે. પછી જ્યારે ઘરડપણમાં કમાવા જઇ શકાતું ન હોય, તે વખતે ભલેને સુખે બેઠો ખાય. માટે "આવ્યું તેવું ચાવ્યું" અને "મળે ત્યારે મીર ન મળે ત્યારે ફકીર" એમ ફતંગ દેવાળીઆના જેવો વ્યવહાર ચલાવવો નહિ. જે ભવિષ્યનો વિચાર ન કરતાં, આવ્યું તેવું ચાવી જાય છે, તે ઘડપણમાં દુઃખી થાય છે. માટે ઘરમાં બગાડ કે નુકસાન થતું અટકાવવું. ભવિષ્યનો વિચાર કરી, ઘરખર્ચ જોઈ વિચારી કરવો. થોડેથી સરતું હોય, તો ઘણું કરવું નહિ. પતિને લલચાવી ઘરેણાં, લુગડામાં વધારે પૈસો નાખી દેવો નહિ. ઘરેણાંમાં વધારે પૈસા રોકવા કરતાં, જોઇતાંજ ઘરેણાં રાખવાં અને બાકીના પૈસા વ્યાજે આપવા કે તેમાં વધારો થાય; **દ્રવ્ય છે એજ મનુષ્યનું જીવન છે.** મનુષ્ય ભલે મૂર્ખ હોય તોપણ દ્રવ્ય હોવાથી ડાહ્યો ગણાય છે. દ્રવ્યહીન ડાહ્યો માણુસ પણ માન પાન પામતો નથી. વળી દુઃખની વખતે દ્રવ્ય એ એક મિત્રની ગરજ સારે છે. પૈસા પેદા કરવામાં કેટલું દુઃખ ભોગવવું પડે છે ! એનો વિચાર કરવો. ઘણે દુઃખે પ્રાપ્ત કરેલો પૈસો નકામા ખર્ચમાં નાંખી દેવો

નહિ. જોઇ વિચારી ખર્ચ કરી કરકસરથી પૈસાનો સંગ્રહ કરવો, પરંતુ યાદ રાખવું કે **અંત લોભ એ પાપનું મૂળ** છે માટે અતિ લોભ કરવો નહિ. જેવે પ્રસંગે જેટલું જ્યાં વાપરવું ઘટીત હોય, તેટલું ત્યાં વાપરતા જવું, નહિ તો "કીડી સંચે ને તેતર ખાય, પાપીનું ધન પરલઇ જાય," એમ ન થાય. જો સચેલું દ્રવ્ય ધર્મકર્મ અને પરોપકારમાં નથી ખરચાતું તો પાછળનો પૈસો કોણ જાણે કોણ ખાય છે. માટે યોગ્ય વ્યવહાર કરતા રહી, સાથે ભવિષ્યનો પણ વિચાર કરવો. એકલા પતિની કમાણીપર આધાર ન રાખતાં, નવરાશના વખતમાં ઘેર બેઠાં જે ધંધો થઈ શકે, તે કરી બે પૈસાનો ઉમેરો કરતા રહેવું.

૬. **ઘરધંધો**—ઘરકામમાંથી પરવારી કઇ પણ હુનરકળાવડે પતિને ઘટીત સહાયતા કરવી. કમાનાર એક અને ખાનાર ઘણાં હોય તો પતિને ઘણું દુઃખ ભોગવવું પડે છે. માટે જેમ બને તેમ **વખતની કરકસર** કરી આવકાશનો અવસર શોધી તેમાં કંઇ પણ મહેનત કરી પતિની કમાણીમાં અને ઘર.ખરચમાં મદદ કરવી, એ સ્ત્રીનો પરમધર્મ છે. સ્ત્રીએ પતિના યોગ્ય સોબતી થવું એ તેમનું મુખ્ય કામ છે. માટે તેણે દળવું, ખાંડવું, ભરડવું, હીર વીંટવું, સાંધવું, ભરવું, ગુંથવું, સૂતર કાંતવું, વણવું, ચિતરવું, રંગ પૂરવા, વૈદ્યનો ધંધો કરવો, માટીનાં તરેહ તરેહનાં રમકડાં બનાવવાં, રંગ બનાવવા, કકુ, ગલાલ અને અગરબત્તી બનાવવી, કોતરવું, કાતરવું, ટોપીઓ કરવી, મોજા ગલપટા ગુંથવા, વગેરે ઉપયોગી ધંધો કરી, ઘરમાં બેઠાં બે પૈસા સારી પેઠે કમાઈ શકાય છે. પણ એમ ન કરતાં પગ ઉપર પગ ચડાવી આળસુ બની બેસી રહેવું કે ઉંઘ્યા કરવું એ દરિદ્રીનું કામ છે. ઘરમાં બેઠાં ધંધો કરવામાં ખોટ નથી. ખોટ તો ચોરી છીનાળીમાંજ છે. સુજ્ઞ સ્ત્રીઓએ નકામો વખત જરા પણ નહિ ગુમાવતાં, ઘરકાર્ય કરી નવરાશમાં બે પૈસા યોગ્ય ધંધો કરી મેળવવા. અંગ્રેજ લોકોની સ્ત્રીઓ પણ ઘેર બેઠાં મોજાં, ગળપટ્ટા, વગેરે ગુંથવાનું કામ તથા ઘરનાં મનુષ્યોનાં કપડાં હાથે શીવે છે અને બહારથી પણ બે પૈસા આવે એવો ધંધો કરે છે. દળવા ખાંડવા અને ભરવા વગેરે ધંધા કરતાં વણવા, ગુંથવા, શીવવા, અને વૈદકના ધંધામાં ઘણો લાભ થાય છે. માટે જે ધંધામાંથી બે પૈસા વધારે મળે, એવો ધંધો શિખવો અને ઘેર બેઠાં નીતિસર કરવો. જે સ્ત્રી ધંધો કરી જાણતી નથી, તે માંડમજુરી કરી ગુજરાન ચલાવે છે. કદી પતિ મરી જાય છે; તો ગરીબ સ્ત્રીને ગુજરાન ચલાવવાનો સઘળો બોજો પોતાપર આવી પડે છે. હવે જો તે ઉપયોગી ધંધો કરી જાણતી હોય છે, તો સુખેથી આબરૂસહિત ધંધો કરી ગુજરાન ચલાવે છે, પણ જે કંઈ ધંધો કરી જાણતી નથી, તે ભવિષ્યમાં દુઃખી થાય છે અને ગધામજુરી કરી પેટ ભરે છે. કદી પેટ ભરવા પૂરૂં મળતું નથી, તો કુકર્મ કરી જીંદગી ખરાબ કરે છે. જે ભવિષ્યનો વિચાર કરી અગાઉથી ઉપયોગી ધંધો શિખી હોય છે, તે શિયળ સાચવી નીતિસર ધર્મ માર્ગે ધંધો કરી સુખેથી ગુજરાન ચલાવે છે. માટે

સ્ત્રીઓએ ઉપયોગી ધંધો શિખી કરવો અને પતિને મદદગાર થવું.

૧૦. **હિસાબ લખવો**—સ્ત્રી એ ગૃહરાજ્યનો કારભારી છે. માટે તેણે ઉપજ ખરચનો હિસાબ લખતાં શિખવું જોઇએ. નામું છે એ ઉપજ ખરચનો અડસટો જાણવાને દીવો છે. માટે સ્ત્રીએ કઈ કઈ બાબતમાં કેટલું ખરચ થયું ? આ માસે અગર વર્ષે કઈ બાબતમાં વધારે ખરચ થયું ? તેટલું વધારે થયું, તો શું કારણ ? એ કારણ શોધી જો અયોગ્ય ખરચ થયું હોય, તો ફરી તેટલું ન થાય, તેની તજવીજ રાખવાનું સુઝે છે. વળી પેદાશ કેટલી છે ? કઇ કઈ બાબતમાં કેટલી પેદાશ થઇ ? વધારે પેદાશ શેમાં થઈ ? અને થઈ તો શી રીતે ? વગેરે શોધી ફરી તેથી વધારે સારી પેદાશ કરવાનું સુઝે છે. ઉપજ ખરચનો સરવાળો કરતાં નફો થયો કે ટોટો ? નફો થયો તો કેટલો ? અને ટોટો થયો તો કેટલો ? ટોટો થવાનું શું કારણ ? જે કારણ હોય તે શોધી ફરી તેવું ન થાય તેમ કરવાનું સુઝે છે. જો નામુ નથી રખાતું તો આ બધું અંધારામાં રહે છે અને અંધારામાં રહેવાથી મોટી નુકશાનીના ખાડામાં પડવું પડે છે. ઉપજ ખરચનો અડસટો જાણુ-વાથી ખરચ ચેતીને કરવાનું સુઝે છે. વધારે ખરચ કરવાનું મન થતું નથી. હિસાબ ન લખવાથી જેમ આવે છે, તેમ ખરચ કર્યે જઇએ છીએ, તેમાં મન પાછું હઠતું નથી. તેથી ભવિષ્યનો રસ્તો સુઝતો નથી. વળી હિસાબ લખવાથી બીજો એ લાભ થાય છે, કે આપણે ઘણા સાથે સબંધમાં જોડાયા હોઇએ છીએ, તો તેમાં કોને કેટલું અને ક્યારે આપ્યું તથા ક્યારે લેવાદેવાનો ઠરાવ છે, એ જાણવામાં આવે છે. વળી કઈ કઈ વસ્તુ ક્યારે અને કેટલી લાવ્યા હતા, તે કેટલો વખત ચાલી. આગળના કરતાં વધારે જોઈ કે ઓછી અને તેનું કારણ શું ? રોકડે પૈસે લાવ્યા હોઇએ, તેનું નામુ હોય, તો સામો માણસ લુચ્ચાઈ કરી ફરી લઈ શકતો નથી. વળી દરેક પાસે શું લેવડદેવડ નીકળે છે એ માલમ પડે છે. વર્ષ આખરે ઉપજ ખરચનો સરવાળો કરી બાકી કાઢી હિસાબ લેવા દેવાને સુઝ પડે છે. વગેરે હિસાબ લખવાથી ઘણા લાભ થાય છે. માટે ઉપજ ખરચ વગેરેનો હિસાબ રાખ-વામાં આળસ કરવી નહિ.

૧૧. **પશુપક્ષીની પાલના**—સ્ત્રીએ ઘર આગળ પાળેલાં પશુ પક્ષીઓની નિત્ય સાંજસવાર સંભાળ લેતા રહેવું. તેના રહેવાના સ્થળમાંથી કચરો, પૂંજો, છાણ, મૂત્ર વગેરે દૂર કરી વાળી સાફ કરતા રહેવું. તેમાં ગંદકી રહેવા દેવી નહિ. પશુઓને ચારો નાંખવો અને પાણી પાવું. પક્ષીઓને ફળ ફુલ નાંખવાં અને પાણી પાતા જવું. ઉનાળાની ઋતુમાં તેમને પાણીથી નવરાવતાં જવાં. નિત્ય તેમના અંગપરથી મેલ કે કચરો હોય, તે સાફ કરવો. તેમને કોઈ પ્રકારનો રોગ લાગુ પડે, તો અનુભવીને પૂછી દવા કરવી, તે જે રીતે સાજાં થાય તેમ કરવું. પશુ પક્ષીઓને ખવરાવવા, પીવરાવવામાં બેદરકારી રાખવી નહિ. એમ સમજવું કે તેઓ બાપડાં આપણે સ્વાધીન પડયાં છે, અને તેઓ મુંગાં છે, તો તેમનું આપણે

પાલણ પોષણ કરવું, એ આપણો ધર્મ છે. તેમની સંભાળ લેવાનો આધાર દાસ દાસીઓના ઉપરજ રાખવો નહિ, વખતો વખત જાતે જઈ સંભાળ ન લઇએ, તો તે બિચારાં બીજાના હાથથી દુઃખી થાય છે; તોપણ તેઓ આપણને જણાવી શકતાં નથી. અંતે ઝુરી ઝુરીને મરણ પામે છે, તેનો દોષ આપણને લાગે છે. તેમને આપણે પાળીને પ્રીતિ બતાવીએ છીએ, તો તેઓ પણ આપણા ઉપર પ્રીતિ બતાવે છે. જો આપણે તેનાપર ગુસ્સે થઇએ છીએ તો તે આપણા ગુસ્સાને જાણી લઈ, આપણાથી બનતાં સુધી ચેતતાં રહે છે, વળી તે આપણને કેટલાં બધાં ઉપયોગી છે ? એ સૌ જાણે છે. માટે તેઓ કોઇ વખતે આડું ચાલે, તો દયા લાવી ધીરજ રાખી તેમને વશ કરવું. પણ ઉતાવળ કરી મારવું નહિ. તેમનું તો સર્વ પ્રકારે પાલણપોષણ અને રક્ષણ કરવું, એ પાળનારનો ધર્મ છે.

૧૨. **નવરાશનો વખત**—સ્ત્રીઓએ ગૃહકાર્યમાંથી પરવારી જેટલો નવરાશનો વખત મળે, તેમાં ઉપયોગી હુન્નર કામ કરવાં, મનરંજન ગીતો ગાવાં અને કાવ્ય વાંચી મનને આનંદ કરવું. પ્રભુ ભક્તિ અને સ્તુતિ કરવી. ઇશ્વિર સંબંધી, નીતિ સંબંધી અને સંસાર વ્યવહારને ઉપયોગી જ્ઞાન મેળવવું. સારાં સારાં વર્ત્તમાનપત્રો, ચોપાનીઆં, અને ઉત્તમ બોધદાયક પુસ્તકો વાંચવાં. વાંચતાં ન આવડતું હોય, તો બીજા પાસે વચાવી જ્ઞાનમાં વધારો કરવો. ખુલ્લી હવામાં પતિ સાથે જંગલમાં ફરવા જવું. કુદરતી સૌંદર્ય નિહાળી આનદ મેળવવો, પતિના કાર્યમાં મદદ કરવી, નવીન શોધમાં મનને લગાડવું, અંગને કેળવવું, પોતાના પતિને શી રીતે આરામ અને સુખ આપી શકાય તથા પતિ કામથી પરવારી થાક્યા ઘેર આવે, ત્યારે તેને શી રીતે ગમત અને આનંદ આપી શકું એનો વિચાર કરવો. બાળકોના પાઠ લેવા, દેવા, પોતે પણ પતિ પાસેથી નવીન જ્ઞાન લેતાં જવું, વગેરે રીતે નવરાશના વખતમાં વર્ત્તવું. વખત અમૂલ્ય છે. ગયો વખત ફરી મળતો નથી. જેટલો વખત ગયો, તેટલો વખત આયુષ્યમાંથી ઓછો થયો. મા જાણે મારાં બાળકો મોટાં થાય છે, પણ આયુષ્ય ઓછું થાય છે, એ જાણતાં નથી. તેમાં જેટલો વખત લેખે કાઢ્યો હોય, તેટલો તો લાભ છે પણ વખત વૃથા ગુમાવ્યો હોય તે તો નુકશાન સમજવું. જે વખતની કીંમત જાણતાં નથી, તે પાછળથી પસ્તાય છે. માટે વખતને અમુલ્ય સમજી નવરાશની વેળા વૃથા નહિ ગુમાવતાં, તેનો ખરો ઉપયોગ કરતાં જવું; એ ચતુર અને ડાહી સ્ત્રીનું કામ છે. વગેરે વગેરે.

પ્રાચીન સ્વયંવર પદ્ધતિ.

સ્વયંવર—પોતાની મરજી પ્રમાણે પતિને પસંદ કરીને પરણવું તે આ રીત પ્રાચીનકાળમાં ઘણી ચાલતી હતી. તેથી જોડું ઘણું સુખી થતું હતું. પસંદગી કરવામાં કોઈ રૂપ ઉપર, કોઈ હુશીયારી અને શૂરવીરતા ઉપર, કોઈ

ચીઠીઓમાં ધાવ સમસ્યાઓ લખી મોકલી જે પોતાની વિદ્વતાને ચતુરાઇથી પુરો કરે તે સાથે અને કોઈ રૂપ ગુણ અને વિદ્વાન વરને શોધી લાવવાને દેશ દેશાંતર પોતાના ગુણજ્ઞ ગુરૂને મોકલી ખબર મંગાવતા. તેમાં જે યોગ્ય જણાય તેને કન્યા પસંદ કરતી; વગેરે રીતે પસંદ કરવાનું કામ કન્યાઓનું હતું. કન્યાએ પસંદ કરેલો વર માબાપને યોગ્ય જણાયે, તે સાથે તેનો સંબંધ કરી દેતાં, તેમાં આડે આવતાં નહિ. વળી કોઇ તો વર પસદ કરવા માટે પોતાને ત્યાં સ્વયંવર મંડપ રચી, તેમાં દેશો દેશના વિદ્વાન, ધીર વીર, ગુણવાન અને પ્રસિદ્ધજનોને નોતરવામાં આવતા. તેમને યોગ્ય આસન અને માન પાન આપી સત્કાર કરાતો. પછી તેમાં જે પ્રમાણે પરીક્ષા લેવાની પ્રથમ ગોઠવણ રાખેલી હોય છે, તે પ્રમાણે કરવામાં આવતું. તેમાં ઠરાવેલી પરીક્ષા જે પ્રસાર કરે તેને કન્યા પોતાની વરમાળા આરોપતી. આ પ્રમાણે ગુણદોષની પરીક્ષા લઈ કન્યા ખુશીથી પોતાના હમેશના સોબતી સાથે પ્રેમ ગાંઠ બાંધતી; તે જીંદગી પર્યંત નહિ છુટતાં અચળ રહેતી. અર્વાચીન કાળમાં માબાપો જેમ પોતાની પુત્રીઓની મરજી લીધા વગર તેને ગમે તેવા વર સાથે વરાવી દુઃખી કરે છે, તેમ તે પ્રસંગે થતું નહોતું. તે પ્રસંગે તો કન્યા માટે વરની શોધ ખોળ કરવામાં ઘણું ઘણું કરતા. આજની પેઠે તેમની પસંદગીના હક છીનવી લેવામાં આવ્યા નહોતા. તેમની મરજી વિરૂદ્ધ કદી કોઈ આવે તો તેમનું કશું ચાલતું નહિ. તેમની પરણવાની જ્યાં મરજી હોય, ત્યાંજ પરણાવતા. જે સુખ દુઃખમાં સાથી ગણી નિભાવે તથા ગુજરાન ચલાવે અને સદ્‌ગુણ સંપન્ન હોય, એવો યોગ્ય વર ખોળી કાઢી તેમની સાથે પરણવું એ પરણનારી સ્ત્રીનું કામ છે; પણ તે પોતાની મેળે વર શોધી કાઢી વરવાને લાયક થાય, એવી ભણાવી ગણાવી સમજણી અને યોગ્ય ઉમરની કરવી એ માબાપનુ કામ છે. તે યોગ્ય સમજની અને ઉમર લાયક થયે પોતાની મેળે વર શોધીને વરે, તેમાં માબાપની સંમતી લેવી જોઇએ અને માબાપે પણ તેમને વાજબી રીતે સહાયતા આપવી જોઇએ. પ્રાચીનકાળમાં આ રીત પ્રસરેલી હતી. એ સૌ કોઇ જાણે છે. **સીતાજી રામચંદ્ર સાથે, દમયંતી નળ સાથે, દ્રૌપદી અર્જુન સાથે, રૂક્ષ્મણિ શ્રીકૃષ્ણ** સાથે સ્વયંવરે પરણેલી હતી. સીતા અને દ્રૌપદીજી લડાઇ કળામાં હુશિઆરી અને બહાદુરી વગેરે ગુણ ઉપર મોહીને તથા દમયંતી અને રૂક્ષ્મણી રૂપ, ગુણ ઉપર મોહીને વરેલી હતી.

આ પ્રમાણે પરસ્પરની ઇચ્છાથી જોડાએલાં જોડાં કેવાં સુખી થતાં ! તે આપણે તેમના ચરિત્ર ઉપરથી જાણીએ છીએ. તેમનામાં પરસ્પર પ્રેમ અચળ રહેતો. એ પ્રેમ ગમે એવા સંકટના સમયમાં પણ જતો નહિ. ઘરમાં સૌ સંપસંપીને રહેતાં અને પરસ્પર સુખ દુઃખમાં ભાગ લેતાં; એટલુંજ નહિ પણ દુઃખમાં પણ તજી ન દેતાં. દિલાસો, હીંમત અને ધીરજ આપતાં. ઘરનાં વડીલોની માન મર્યાદા સચવાતી. સ્ત્રીઓ પતિની ખાતર પ્રાણ આપવાને પણ ચૂકતી નહિ. સદા તેમને સુખે સુખી અને તેમને દુઃખે દુઃખી રહેતી. જુઓ ! સીતા, દ્રૌપદી,

અને દમયંતી વગેરે સતીઓએ પતિ માટે કેટલું બધું ભોગવ્યું છે ! એ બધો પ્રતાપ મરજી માફક પતિને પસંદ કરી—સ્વયંવરે પરણવાનોજ સમજવો.

એ સ્વયંવર રીત બંધ થવાનું કારણ પરધર્મી જુલમી રાજાઓનું જોર હતું, તેથી અડચણો થવા લાગી; તેમજ કેટલાક રાજા રાણાઓ કન્યા વરવા માટે પરસ્પર લડવા લાગ્યા અને શાસ્ત્ર તથા ધર્મ નીતિની અજ્ઞાનતાએ ચારે તરફ પ્રવેશ કર્યો, આ વગેરે કારણોથી સ્વયંવરની સર્વોત્તમ રીતી બંધ પડી અને આધુનિક કાળની અળખામણી રીત ચાલુ થઈ. " લાકડે માંકડું " વળગાડવા માંડયું, તેથી ખરો પ્રેમ જતો રહ્યો. સોમાં પાંચ ઠેકાણે ખરો પ્રેમ રહ્યો એમાં શું રહ્યું ? હાલ ઇશ્વર કૃપાથી અંગ્રેજ સરકારનું દયાળુ અને ન્યાયકારી રાંજ્ય થયું છે; તેમનો અડચણ કરતા કશો જુલમ નથી. ઠેરેઠેર પુત્ર પુત્રીઓને જ્ઞાન મેળવવાની શાળાઓ થઇ છે. માટે તેઓને યોગ્ય ઉમર થતાં સુધી ઉત્તમ શિક્ષણ આપી જ્ઞાન સંપાદાન કરવાં; જ્ઞાનવાન થયા પછી પ્રાચીન પ્રસિદ્ધ સુખદાયી સ્વયંવર રીતિએ અગર પુત્રીઓની મરજી લઇને યોગ્ય વર સાથે પરણાવી, તેમનો સંસાર સુધરે એમ કરો. સ્વયંવરની રીતિ ચાલુ કરવાથી કોઇપ્રકારે શાસ્ત્રબાધ લાગવાનો નથી. જુઓ ! આપણી એ પ્રાચીન રીતિ પ્રમાણે આજે યુરોપાદિ દેશના લોકો પણ સ્વયંવરે વરી સુખી થવા લાગ્યા છે, તો શું ? આપણે આપણી પુરાતન ઉત્તમ આર્યનીતિ રીતિને તદ્દન વિચારી મૂકી દુઃખી થઇશું ? કદી નહિ. હે આર્યો ! આર્વાચીનકાળની અલખામણી, નીતિરીતિ તજો અને પ્રાચીનકાળની ઉત્તમ સુખદાયી નીતિરીતિ ગ્રહણ કરો. જેથી દંપતીનો સંસાર પ્રેમમય થાય.

પ્રાચીનવિવાહપદ્ધતિ.

આ સૃષ્ટિમાં સસારનું ખરૂં સુખ ગૃહસ્થાશ્રમથી મળી શકે છે. એ ગૃહસ્થાશ્રમ સ્ત્રી પુરૂષના પવિત્ર સંબંધથી થાય છે. એ પવિત્ર સંબંધ વિવાહ નામથી ઓળખાય છે. વિવાહની રીતિ સર્વ દેશોના લોકોમાં સ્વાભાવિક રીતે હોય છે. જે લોકોની વિવાહ રીતિ સારા ધોરણપર છે. તેમનો સંસાર સર્વ રીતે સુખી હોય છે. પ્રાચીનકાળમાં આર્યોની નીતિ રીતિ સર્વ પ્રકારે શ્રેષ્ઠ હતી અને તેથી તેઓ સર્વ પ્રકારે સુખી હતા એવું અનેક શાસ્ત્રોપરથી સિદ્ધ થાય છે. તેઓ આજની પેઠે તદ્દન બાલ્યકાળમાં બાળકોનાં લગ્ન કરતા નહિ, પણ જ્યારે પુત્ર પુત્રી ભણી ગણી સમજણાં થતાં અને તેમના ખરા ગુણ દોષ જાણવામાં આવતા; ત્યારેજ લગ્ન કરતા. **વિવાહકાળ** વિષે વાગ્ભટ્ટે કહ્યું છે કેઃ—૧૬ વર્ષની

બાલ્યાવસ્થા, ૭૦ વર્ષ સુધીની મધ્યમાવસ્થા અને તે ઉપરાંત વૃદ્ધાવસ્થા ગણાય છે; કેમકે ૧૬ વર્ષની વય સુધીમાં ધાતુ–વીર્ય અને પરાક્રમની વૃદ્ધિ થાય છે. ૭૦ વર્ષની વય સુધી સમાન રહે છે, અને તે પછી ક્ષીણુ થાય છે. **આશ્વલાયન**—"૧૬ વર્ષની વય સુધીની સ્ત્રીને બાળ, ૩૦ સુધીનીને યૌવન, ૫૫ સુધીની ને પ્રૌઢા અને તે પછીનીને પગલ્ભા માને છે." અથર્વવેદમાં કહ્યું છે કે:–"બ્રહ્મચર્યવાળી યુવતી કન્યા યુવાન પતિને પ્રાપ્ત થાય." મનુમહારાજે–"કન્યાને માટે બ્રહ્મચર્ય કમતીમાં કમતી ૧૬ વર્ષ અને વધારેમાં વધારે ૨૫ વર્ષની વય સુધી ઠરાવ્યું છે, અને પુરૂષને માટે ૨૫ નુ અને વધારેમાં વધારે ૪૮ નું ઠરાવ્યુ છે. જ્યાં સુધી બાળકી બ્રહ્મચર્યમાં હોય, ત્યાં સુધી તેનુ કન્યત્વ નષ્ટ થતું નથી. વેદમાં અને જુદા જુદા શાસ્ત્રમાં કન્યા ૧૬ વર્ષ સુધી બાળક ગણાય છે. તેટલી ઉમરે તેનો વિવાહ થવો યોગ્ય ગણ્યો છે, અને શારીરિક શાસ્ત્રનો પણ એવોજ મત છે. નાની વયે લગ્ન કરવાનો નિષેધ કર્યો છે.

અર્વાચીનકાળમાં ઋતુ, હવા અને દેશકાળ જોતાં રજોદર્શન થવાનો કાળ ૧૩–૧૬ વર્ષ સુધીમાં હોય છે, અને કોઇને વખતે મોડુ પણ આવે છે. માટે ૧૩ વર્ષની વય સુધીમાં લગ્ન કરવાં એ ઠીક છે, પણ સમાગમ કાળ તો રજોદર્શન થયા પછીજ હોવો જોઇએ. અનેક મહાત્માઓના વિચારો જોતાં, પૂર્વે મોટી વયેજ વિવાહ થતો હતો તે યોગ્યજ હતો; કેમકે મોટી વયે સ્ત્રી પુરૂષના ગુણદોષ પારખી શકાય છે. ગુણ દોષની પરીક્ષા કર્યા વગર લગ્ન કરવું, એ પણ મોટું નુકસાન છે. હાલ જેમ પુત્ર પુત્રીના ગુણ દોષની પરીક્ષા કર્યા વગર લગ્ન કરવામાં આવે છે, તેમ પ્રાચીનકાળમાં નહોતું. પ્રાચીનકાળમાં તો ઘણી રીતે વર કન્યાની પરીક્ષા કરી વિવાહ થતો. વિવાહ સંસ્કાર ઈશ્વર અને અગ્નિની સાક્ષીથી કરવામાં આવતો, અને હાલ પણ એ રીત ઘણે ઠેકાણે ચાલુજ છે. એ દેવતાઇ સાક્ષીથી જે સંબંધ જોડાય છે તે કદી છુટી શકતો નથી. ઋગ્વેદ સંહિતામાં કહ્યું છે કે:–"કન્યા ઉપર અગ્નિ નામના દેવતાનો અધિકાર છે." તે અગ્નિની વતી કન્યાનો પિતા જમાઇને કન્યાનો હાથ આપનાં બોલે છે કે:—

धर्मेचार्थेचकामेचनातिचरितव्येयंत्वंया ।

ધર્મ, અર્થ, અને કામ એ ત્રિવર્ગમાં કોઇ પણ ઠેકાણે આને છોડી દેવી નહિ. તેનો ઉત્તર જમાઇ તરફથી મળે છે **नातिचरामि**–નહિ છોડું. તે પછી વર-વધૂ બંને પરસ્પર પ્રતિજ્ઞા કરે છે, તે આગળ જુદા ભાગમાં જણાવી છે. એ રીતે દેવ સમક્ષ મંત્રોચ્ચાર પૂર્વક બંધાએલો સંબંધ કોઇનાથી છોડી શકાતો નથી. સ્મૃતિ ગ્રંથમાં વિવાહ આઠ પ્રકારના કહ્યા છે, પણ હાલ પ્રજાપત્ય વિવાહ મુખ્ય ચાલે છે. "તમો બંને સાથે રહીને ધર્મનું આચરણ કરજો, એમ કહી વરનો સત્કાર કરી જે કન્યાદાન કરવામાં આવે છે તે પ્રજાપત્ય વિવાહનો પ્રકાર છે." શાસ્ત્રોક્ત રીતે વૈદિક મંત્રથી વિવાહ કરવામાં આવે છે, તેનું કારણ એ છે કે, તેઓનાં

અંત:કરણો એક બીજા સાથે પ્રેમ રૂપી હીરની ગાંઠથી એવાં તો જોડાએલાં રહે છે, કે ફરીથી ગમે તેવી વિપત્તિ આવી પડે, તોપણ છુટી શકે નહિ. તેમ છોડાવવાની ઇચ્છા પણ કરે નહિ. વળી એથી પ્રેમની ગાંઠ એટલી તો સજડ બંધાય છે, કે પોતાના પ્રીતિ પાત્રને જે પદાર્થ અનુકૂળ, પ્રતિકૂળ, તેજ પોતાને પણ અનુકૂળ પ્રતિકૂળ માને છે. એવી અનુકૂળતા માટે પોતાના દેહની પણ દરકાર રહેતી નથી. જેમ પાર્વતીજીએ શિવજી માટે કર્યું હતું. ખરી રીતે પરીક્ષા કરી સમજણી વયે આવતાં, એક બીજાની પસંદગીથી સંબધ કરી શાસ્ત્રોક્ત વિધિએ જે લગ્ન થાય છે. તેથીજ ખરો પ્રેમ બંધાય છે, પરંતુ હાલ પરિક્ષા કરી પરસ્પરની પસંદગીથી સંબંધ બાંધવો અને વૈદિક મંત્રે વિવાહ કરવો, એ તો એક બાજુએ રહ્યો, પણ પૌરાણિક મત્રથી પણ યથાર્થ રીતે વિવાહ ઘણે ઠેકાણે થતો નથી. હાલ તો લગ્ન વિધિ કરનાર ગોર–ગુરૂ અજ્ઞાનપણે ગમે તેવા શ્લોક ભણી જઈ, હાથ મેળાવી છોડાછેડી બાંધી દે છે. તેમજ જ્યાં શાસ્ત્રોક્ત વિધિએ લગ્ન કરવામાં આવે છે; ત્યાં પણ ઘણી રીતિ વપરાય છે. જે શબ્દો પતિને પોતાને બોલવાના હોય છે તે પતિ તો મૂઢ રહી ગોર બોલી જાય છે. જેમકે, **मह्यंत्वादुर्गार्हपत्यायदेवा:**—"ગાર્હપત્યા અગ્નિની સેવા માટે દેવતાએ મને તું આપેલી." આ શબ્દો ગોરે બોલવાથી એ કન્યા ગોરને પરણી ગણાય છે. વળી **मयापत्याजरष्टिर्यथास**—"હું રૂપ પતિ સાથે સ્થિર થા" **मयापत्या**—હુ પતિ આ શબ્દો પણ પતિએ બોલવા જોઇએ. તે પણ અજ્ઞાનતાથી ગોર બોલે છે. આ કેટલું બધુ અજ્ઞાનપણું કહેવાય! આવી શાસ્ત્રક્રિયાએ જોડાએલા જોડામાં પૂર્ણ પ્રેમ ક્યાંથી હોય! આ વખતે તો વરવધૂએ પરસ્પરજ બોલવાનું છે. માટે હાલ જેમ કેટલાક લોકો કઇ પણ મ્હોંએ કરી રાખે છે, તેમ વિવાહ સંસ્કાર થતી વખતે બોલવાના મંત્રો અને તેના અર્થ મ્હોંએ કરી રાખવા જોઇએ, અને વર કન્યાએ લગ્ન વખતે પરપસ્પર બોલવા. ગોરે તો તે પ્રસંગે બોલવાની ફક્ત સુચનાજ આપવી. આ પ્રમાણે કરવું જોઇએ, જેઓ ધર્મપર ખરી શ્રદ્ધા રાખનારા છે અને જેઓ પ્રાચીન પદ્ધતિએ લગ્ન સંબધમાં જોડાઇ સુખી થવા ઇચ્છતા હોય, તેમણે પ્રાચીનકાળની મૂળપદ્ધતિ પ્રમાણે યોગ્ય ઉમર થયે વિવાહ સંસ્કાર કરવા ચૂકવું નહિ.

પતિનતરીકેકેવીકન્યાપસંદકરવી?

આ સંસાર સુખરૂપ બનાવવામાં ઉત્તમ સ્ત્રીની જરૂર છે. જો ઉતાવળ કરી "લાકડે માંકડું" વળગાડી દેવમાં આવે છે, તો પુરૂષનો આખો ભવ બગડે છે. ફક્ત એક દિવસના સુખ સારૂ શાક જેવી ચીજને

પણ તપાસી, જે સારૂં હોય છે તે પસંદ કરવામાં આવે છે; પણ આ તો જેની સાથે આખો ભવ ગુજારવો છે, તેને પરીક્ષા કરી કેમ પસંદ ન કરવી ? હાલ તો આ બધું અંધારામાં પડયું છે. તેથી સંસાર સુખ જોઇએ, તેવું મળતું નથી. પ્રાચીનકાળમાં આર્યો કન્યાની પરીક્ષા કર્યા પછીજ જે યોગ્ય જણાય તેની સાથે સંબંધ જોડતાં. **વાત્સાયને** કહ્યું છે કેઃ—પોતાની જ્ઞાતિની જે કન્યા બીજા સાથે વિવાહિત થઇ નથી, તેની સાથે શાસ્ત્ર વિધિએ લગ્ન કરવાથી પુરૂષને ધર્મ, અર્થ, પુત્ર, પુત્રી, સંબંધીઓ, સ્વપક્ષવૃદ્ધિ, રતિ સુખ એ ૭ વાનાં પ્રાપ્ત થાય છે. **કન્યા કેવી પસંદ કરવી ?**—સારા કુટુંબની, જેનાં માબાપ બંને હયાત હોય, પુરૂષથી નાની હોય, જે કુટુંબનાં સઘળાં માણસો એક બીજા સાથે સ્નેહ ભાવથી રહેતાં હોય તે કુળની, જે કુટુંબમાં સગાં સ્નેહીઓનો જથો હોય તે કુટુંબની, તેણીની મા તથા બાપ તરફનાં કુટુંબનાં સગાંવહાલાં હોવાં જોઇએ. પોતે સ્વરૂપે સુંદર, સુઘડ, ચતુર, બુદ્ધિશાળી, ભણેલી, શાંત, નમ્ર, ધૈર્યવાન, ઉદ્યોગી, ધાર્મિક, મધુર ભાષણી, લાવણ્ય સંપન્ન વગેરે સદ્ગુણમય હોવી જોઇએ તથા શરીરપર શુભ ચિન્હો હોવાં જોઇએ. તેણીના દાંત, નખો, કાન, નિમાળા, આંખ અને સ્તન બરાબર જોઇએ. વધારે કે ઓછાં ન જોઇએ તથા આરોગ્ય હોવી જોઇએ. **બૃહતસંહિતામાં** લખ્યું છે કેઃ—જે સ્ત્રીનો ઉપલો હોઠ બહુ ઉચો હોય, અને તેના નિમાળા છેડેથી જાડા હોય તે ઘણું કરીને વઢકણી નીકળે છે. સાધારણ રીતે જોતાં જે સ્ત્રી કરૂપી હોય છે તે ઘણું કરી દુર્ગુણી હોય છે. અને જે સ્વરૂપે સુંદર હોય છે, તે ઘણું કરી સદ્ગુણી હોય છે. **ગોટમૂખે** કહ્યું છે કે;—પુરૂષે એવી સ્ત્રી સાથે પરણવું કે જે સ્ત્રી સાથે પરણવાથી પોતે સુખી થશે, એમ તે સમજતો હોય અને પોતાના મિત્રો તરફના કંઇ પણ વાંધા વિના તે સાથે પરણી શકતો હોય, વળી જે કન્યા ઉપર મન અને દૃષ્ટિને આગ્રહ બંધાય, તે કન્યાને વરવાથી સુખ થાય છે. પુરૂષ એવી કન્યાને પરણે કે તે કન્યા સાથે તેણીના સંબંધીઓ હમેશ ચાકરની માફક વર્ત્તે તો તે પુરૂષે પોતાના દરજ્જાનો સંબંધ કરેલો કહેવાય છે, પણ એવો સંબંધ સમજુ પુરૂષો કદી કરતા નથી. પુરૂષ તથા તેના સંબંધીઓ કન્યા સાથે ચાકર પેઠે વર્ત્તે, તેણે પોતાના દરજ્જાથી ઉતરતા દરજ્જાનો સંબંધ કરેલો કહેવાય છે. તેવા લગ્ન પણ નિંદાને પાત્ર ગણાય છે; માટે તે પણ ન કરવાં, પણ જ્યાં બાળ, સ્ત્રી, પુરૂષ પરસ્પર ક્રિડા કરીને સુખાનુભાવ લે છે અને એક બીજાની પ્રસંશા કરીને ઉભયના પક્ષની કીર્તિ વધારે છે, તે સંબંધજ સત્પુરૂષોમાં પસંદગી પામેલો છે. આમાં જણાવેલો પોતાના કરતાં ચઢતા દરજ્જાનો સંબંધ કરવો, પરંતુ સંબંધ કર્યા પછી પોતાંની સ્ત્રીના સગાં વહાલાં સાથે સારીરીતે મળી જવું; પરંતુ બીજો હીન સંબંધ કહ્યો, તેતો કરવોજ નહિ; કારણ કે વ્યવહાર નિપૂણોએ તે સંબંધને ધિક્કારી કાઢેલો છે; વળી એક બીજાની પડોસમાં રહેતાં કુટુંબો એક બીજાની સાથે લગ્ન ગાંઠથી બંધાય તો સોએ સો વસા તેઓની વચ્ચે દરરોજ કજીઓ થયા વિના

રહેશે નહિ. માટે પાડોશમાં પણ લગ્ન સંબંધ બાંધવો નહિ. સંબંધ બાંધવાનો વિચાર કર્યાબાદ **વરવા તૈયાર થયેલા પુરૂષપર કુમારીકાનો પ્રેમ છે કે નહિ, તે સમજવાના ચિન્હો વિષે વાત્સાયને કહ્યું છે** કેઃ—(૧) જો કુમારીકા પુરૂષની સામું જોતાં આશકાય અથવા પુરૂષની નજર તેણીની નજર સાથે મળતાં, તેણી નીચું માથું કરી દે તો જાણવું કે તે કુમારીકાનો તે પુરૂષ પર પ્રેમ છે. (૨) વળી જો તેણી તે પુરૂષની પાસે રહેવાની મરજી બતાવે, તેમજ તેના મિત્રો તરફ તેણી મિત્ર ભાવ બતાવે તો સમજવું કે તેણીને તે પુરૂષપર પ્રેમ છે. (૩) જો તે કુમારીકા પોતાના માથાના અંબોડાપરનું ફુલ તે પુરૂષને આપે અને તે પુરૂષે મોકલેલું ફુલ પોતાના અંબોડામાં ખોસે, તો જાણવું કે તેણીનો તે પુરૂષપર પ્રેમ છે." વળી જે કન્યાના વાળ લાંબા, કાળા, અને વાંકડીયા હોય, મુખ ચંદ્ર જેવું હોય, નાભિ દક્ષિણાવર્ત્ત નામના શંખ જેવી ગોળ અને મધ્યમાં ઉંડી હોય, શરીરનો રંગ સોના જેવો પીળો ચળકતો હોય, હાથ અને પગનાં તળીયાં તથા હોઠ રાતા હોય, જેના નેત્રમાં સ્નેહ દેખાતો હોય, દાંત સુંદર દાડમની કળી જેવા હોય, જેના શરીરની ચામડી કોમળ હોય, પગ સુકોમળ હોય, જાંઘો હાથીની સુંઢ જેવી ગોળાકાર હોય અને તેનાપર બિલકુલ વાળ ન હોય એવા ચિન્હવાળી કન્યા પરણવા લાયક છે.

કેવી કન્યા પરણવી નહિ?—જે કન્યા ઉપર તન, મન, અને દૃષ્ટિનો પ્રેમ બંધાય નહિ, તેની સાથે પરણવું નહિ. વળી નિદ્રાવશ થયેલી, રૂદન કરતી અને પરણવા વખતે નાશભાગ કરનારી, જેનું નામ અકલ્યાણ સૂચક હોય, સંતાડી રાખી હોય, બીજા સાથે જેનું વેશવાળ થયું હોય, રાતા નીમાળા હોય, ખુંધી હોય, પગ વાંકા વળેલા હોય, જેનું કપાળ ઉંચું હોય, ધર્મક્રિયાના સબંધમાં અપવિત્ર થયેલી હોય, વ્યભિચારણી હોય, અડકાયેલી હોય, ગર્ભવંતી હોય, બેન તરીકે માન્ય કરેલી હોય, ઘણી નાની હોય, જેના હાથપગ ઓસળતા હોય, જેનું નામ નક્ષત્ર ઉપર હોય, જેનું નામ નદી કે વૃક્ષને નામેનામ હોય, જે નિંદાપાત્ર થયેલી હોય, જેના નામના ઉપાંત્ય અક્ષરમાં ल અને र અક્ષર આવતા હોય, તેવી કન્યા સાથે પરણવું નહિ. તેમજ ક્ષય, હરસ, અપસ્માર, કુષ્ટ, વગેરે રોગી માણસોના વંશમાં અને અધિકાંગી, રોગિણી, વગેરે દોષવાળી કન્યા સાથે લગ્ન કરવું નહિ. તેમજ જે કન્યાના માથાના વાળ રાતા રંગના હોય, આંખો મડળાકાર અને માંજરી હોય, જેની કાખમાં, છાતીપર, બને પડખાં ઉપર, તથા સાથળ ઉપર પુષ્કળ વાળ હોય, બંને હોઠ મોટા હોય, માથાના વાળ ઉંચા ને તમામ પીળા હોય, જેના પગની ટચલી આંગળી અને અંગુઠો ચાલતી વેળા જમીનને અડતો ન હોય, પણ ઉંચો રહેતો હોય, જે કન્યા ચાલે ત્યારે ધબધબ શબ્દ થાય અને પૃથ્વી કંપે, જેની પીંડીઓ ઘણી મોટી હોય, જંઘા ઉપર પુષ્કળ વાળ અને નાડીઓ હોય, અથવા પુષ્કળ માંસથી બેડોળ હોય, અને પેટ ઘડાના જેવું હોય, જેની નાભી નાની હોય, કાંધ અને કંઠનો પ્રદેશ નાનો હોય, જેના ગાલ મોટા મોટા

હોય, નઠારા શબ્દ બોલ્યા કરતી હોય, દાંત દેખાતા હોય, નેત્રના ડોળા પીળા હોય, અને નેત્ર વારંવાર ચકર વકર ફેરવ્યા કરતી હોય, જેના ગાલપર કાળાશ દેખાતી હોય, કપાળ છાજલી પેઠે વાંકું વળીને ઝુલતું હોય, જેનું પેટ મોટું હોય, અથવા તો કાળું હોય. હોઠ લાંબાને ઉચા હોય, વળી જેના હોઠ ઉપર વાળ હોય એટલે મુછનો દોરો ફૂટયો હોય, કાન ફાફડા જેવા હોય, જેના દાંતની નીચેના ભાગમાં ઉપડેલું માંસ હોય, જેનું શરીર ઉચું ખોખડધજ જેવું હોય, જેના હાથ કાગડાના ચરણુ જેવા કે નાહારના ચરણુ જેવા હોય અથવા ગીધના ચરણુ જેવા હોય, જેનાં અંગો સુકાઈ ગયાં હોય, રૂક્ષ દેખાતાં હોય, નાડીઓથી ભરપૂર હોય, અંગો સુકાઈ ગયાં હોય, નેત્ર કોડીઓ જેવાં ભયંકર હોય, અને આકાર તથા આચરણુ ખરાબ હોય, જેના પગ સુપડા જેવા પહોળા, રૂક્ષ અને રાંટા હોય, પગની આંગળીઓ છુટી છુટી હોય અને પગનો રંગ કાળો હોય, એવા ચિન્હવાળી કન્યા સાથે લગ્ન કરવું નહિ. વળી પોતાના કુળની કન્યા સાથે લગ્ન કરવું એ મહા પાપ છે. માટે તેમ કરવું નહિ. કુળની કન્યા સાથે લગ્ન કર્યાથી તે કુળમાં ઘણા દોષ લાગે છે. તેનાં છોકરાં ઘણી પ્રકારે અશક્ત અને વીર્યહીન થાય છે. એમ કરતાં ધીરે ધીરે તેમનો વંશ નાશ પામે છે. જેમ હાલ સ્પેન રાજ્યના રાજવંશમાં ઘણા મનુષ્યો ભાણેજી અને ભાઇની દીકરી સાથે લગ્ન કરવાથી અતિ અશક્ત થઈ ગયા છે અને એજ દોષથી ત્યાં પોર્ટુગીઝ ધનવાન લોકોના વંશમાં ઘણાજ જડની ઉત્પતિ થઈ છે. તેમજ અંગ્રેજોમાં અને કેટલાક મુસલમાનોમાં પણ પાસેના એવા સંબંધીઓની કન્યા સાથે લગ્ન કરવાની રીતિ છે, પરંતુ હિંદુઓ પૂર્ણ ભાગ્યવાન છે, કે આર્યશાસ્ત્ર કર્ત્તાઓએ એ સંબંધી ઘણોજ બારીક વિચાર ને શોધ કરી એવા નિયમો બાંધ્યા છે કે તે નિયમાનુસારે હજુ સુધી વર્ત્તવામાં આવે છે. કન્યા વિષે ઉપર પ્રમાણે સઘળો વિચાર અને તપાસ કર્યા પછી તેનું માગું કરવા આવનારમાં જે જે સુંદર દેખાવના અને ડહાપણથી બોલતા હોય, તેવા લોકોને કન્યાવાળાએ સત્કાર કરવો, પછી કન્યાને શણગારી હરકોઇ બહાને વર તરફનાંને બતાવવી; પરંતુ તેમાં પણ દૈવ પરીક્ષા કર્યા વગર કંઇ પણ નિર્ણયપર આવવું નહિ. દૈવ પરીક્ષામાં યોગ્ય જણાયે તે સાથે શાસ્ત્રવિધિએ લગ્ન સંબંધ બાંધવો એ સૌથી ઉત્તમ છે.

પતિ તરીકે કેવા પુરૂષને પસંદ કરવો?

પ્રાચીનકાળમાં સ્ત્રીઓને પોતાને પતિ પસંદ કરી લેવાની પૂર્ણ સત્તા હતી. અર્વાચીનકાળમાં એ તેમનો હક ખુંચાવી લેવામાં આવ્યો છે. હાલ તો માબાપ જેને પસંદ કરે, તેનેજ બિચારી બાળાઓને ગમતો અણગમતો પણ

કબુલ રાખવો પડે છે. આ ઘણા ખેદની વાત છે, કેમકે જેને જેની સાથે આખો ભવ સુખ દુઃખમાં સાથે ગુજારવો છે, તેણે નીતિસર પોતાને યોગ્ય મનપસંદ પતિ શોધી લેવો, એ તેમનું કામ છે. એમાં બીજાને શું ખબર પડે ? એ હક તો સ્રીઓને પોતાનેજ મળવો જોઇએ. તે જેને પસંદ કરે તેમાં માબાપની પછી સંમતી લે એ વાજબી છે અને એમ કરવું જોઇએ. પ્રાચીનકાળમાં આર્યોમાં આ રીત ચાલતી હતી. તે વિષે **મહાત્મા વાત્યસાયને** જણાવ્યું છે કે—(૧) જો કોઈ કુમારિકા માટે ઘણા તરફથી માગાં આવતાં હોય, તો તે કુમારિકાએ એવાજ પુરૂષનું માગું કબુલ રાખવું કે જે પુરૂષ સાથે પરણવાથી તેણીનું રક્ષણ થશે તથા તેણીની જીંદગી સુખી નીવડશે. જે પુરૂષ પોતાની માગણીઓ પૂરી પાડવાને આતુર, વિદ્વાન, સદ્દગુણી અને સ્વરૂપવાન વગેરે ગુણસંપન્ન હોય તથા કહ્યા પ્રમાણે ચાલનારો હોય, તેવા પુરૂષને પસંદ કરવો. (૨) જ્યારે કોઈ કુમારીકાનાં સગાંવહાલાં પૈસાની લાલચથી એવા માણસ સાથે તેણીને પરણાવવા માગતા હોય, કે તે માણસ રૂપ, તથા ગુણરહિત હોય અથવા તે લગ્ન કરવા યોગ્ય બીજા કારણે ન હોય અગર બીજી કેટલીક સ્રીઓને પરણેલો હોય, તેવા માણસનું માગું તેણીએ ધિક્કાર સાથ ના પાડવું. પછી તે માણસમાં બીજા ગમે તેવા ગુણ હોય તોપણ શું થયું ? તે પુરૂષ એકવાર તો પોતાના કહ્યાસર રહેવાનું કબુલ કરતો હોય, શરીરે બળવાન હોય, પોતાની સાથે પરણવાને માટે તે બહુ આર્જવ બતાવતો હોય અને ઘણી ઘણી રીતે તેણીનો હાથ મેળવવાને પ્રયત્ન કરતો હોય, તોએ તેનું માગું ધસીને ના પાડવું. (૩) બીજી કેટલીક સ્રીઓને પરણેલા પુરૂષ સાથે લગ્નની ગાંઠથી જોડાઈ તે ધણીમાં ગણાવું, તેના કરતાં એક પુરૂપ જે બહુ ગરીબ હોય અને બીજી કંઈ સંપત્તિ તેની પાસે ન હોય, પણ જે પોતાપર અત્યંત પ્રીતિભાવ રાખતો હોય, તેની જોડે પરણવું વિશેષ સારૂ છે. સાધારણ રીતે પૈસાદાર પુરૂષની ઘણી સ્રીઓને કંઇ ચિંતા હોતી નથી, પણ તેઓપર કંઈ તેમના ધણીઓ પ્રીતિ રાખતા નથી અથવા તેઓને પોતાના ભરોસાની વાત કહેતા નથી. તેઓ તેના મનોવિકારને શાંત પાડનાર માત્ર હથિઆરરૂપ ચીજ છે. (૪) જો તમારાથી ઉતરતા કુળનો કોઈ પુરૂષ તમારે માટે માગું કરે અથવા જે માણસના નિમાળા ભુરા હોય અથવા જે પુરૂષને પરદેશમાં મુસાફરી કરવાનો બહુજ શોખ હોય, તે પુરૂષનું માગું કબુલ કરવું નહિ. (૫) જો કોઈ એવો પુરૂષ તમારે માટે માગું કરે કે જે પુરૂષે બીજી ઘણી કુમારીકાનાં માગાં કર્યાં હોય અથવા જેને જુગાર રમવાની અને છેતરપિંડી કરવાની ટેવ હોય તથા જેને બહુ છોકરાંઓ હોય, તે પુરૂપનું માગું કદી કબુલ કરવું નહિ. (૬) જો તમારે માટે ઘણા પુરૂષોએ માગાં કર્યાં હોય અને તેમાંથી ક્યા પુરૂષનું માગું કબુલ રાખવું તે વિષે તમને ગુંચવણ પડતી હોય તો લોક વ્યવહાર મુજબ જે પુરૂપ પોતાનું માગું પોતાના માબાપની મારફતે તમારા માબા-પપર મોકલ્યું હોય તે પુરૂષને પસંદ કરવો; કેમકે એવો પુરૂપ ઉત્તમ અને હેત-

વંતો સ્વામી નિવડે છે. વળી જેના નખ લાલરંગના હોય, જેના હાથ સર્પની ફેણના જેવા દેખાય તથા જેનો હાથ પાંદડાના જેવો દેખાય, ભુજા લાંબી હોય, અને જેના બંને હાથ લાંબા હોય, જેની જાંઘ ઉપર વાળ ન હોય, નાડીઓ દેખાતી ન હોય, ગોળમટોળ હોય, જેનો નીચેનો હોઠ માંસથી ભરેલો અને લાલ રંગનો હોય, પરંતુ તે લડબડતો ન હોય પણ બરાબર રીતે માંસને દાંતોને ઢાંકતો હોય, મોઢું ગોળમટોળ હોય, દાંત ધોળા હોય, અને સ્વર કોયલના જેવો હોય, જેના મુખ ઉપર ડહાપણ જણાતું હોય, કઠ કોયલ ને હંસના જેવો હોય, નાક જરા રાતા રંગનું હોય પણ મોટુંએ નહિ તેમ નાનુંએ નહિ પણ સરખુ બંને હોઠના મધ્યભાગમાં હોય, નેત્ર કાળા કમળના જેવા શ્યામ રંગનાં હોય અને બીજના ચંદ્ર જેવા અણીવાળા હોય, કાન શોભાયમાન, બીજના ચંદ્ર જેવા મરોડદાર હોય, તેની ઉપર તથા તેની કુંડળીમાં વાળ હોય, માંથાના વાળ કોમળ, કાળા, વાંકડીઆ, અને સ્વચ્છ હોય, મસ્તક વાંકુંચુકું ન હોય, પણ સરખું હોય, પગની પાની સરખી રાતા રંગની અને સુકોમળ હોય, જેના હાથ અને પગ કમળના ગર્ભ જેવા કોમળ અને ગૌર હોય, જેના પોચા માંસથી ભરપુર હોય અને જોઇએ તેટલાજ ઉંચા હોય પણ વધારે ઉંચા કે નીચા ન હોય એવા ચિન્હોવાળા પુરૂષને પતિ તરીકે પસંદ કરવો સુખદાયક છે. નાની ઉમરના તથા વૃદ્ધ સાથે પરણવું નહિ. ક્ષય, હરસ, અપસ્માર, કુષ્ટ વગેરે રોગી માણસોના વંશમાં પરણવું નહિ. જેના નખ કાળા હોય, પીળા હોય એટલે વચમાંથી બેસી ગયા હોય; જેનું લલાટ ગોળાકાર હોય અગર ઉચું હોય, નાક વાંસના પાંદડા જેવું અને તેમાં હાથીના રૂવાટાં જેવા વાળ ઉગ્યા હોય, ગળું ઉંચું હોય, જેના હાથ ટુંકા અને તેનાપર વાળ હોય એવા ચિન્હોવાળો પુરૂષ પતિ તરીકે પસંદ કરવા યોગ્ય નથી; તેમજ વચનથી બંધાઇ સગપણ કર્યું હોય તે સગપણ ખાસ કારણ વગર તોડી શકાય નહિ. તોડનારને રાજદ્વારમાં ખોટી જુબાની આપી હજાર સગાંઓનો જીવ લેવા જેટલું પાપ લાગે છે. તેમજ વિવાહ કરતાં, કંઈ પૈસા ખાવાને લેવા નહિ. કારણ જે લોભને મારે પૈસા લે છે. તે પોતાની કન્યાને વેચનાર તરીકે લેખાય છે. ઉપર પ્રમાણે પુરૂષના ગુણ તપાસી મા બાપની સંમતી લઈ પતિ પસંદ કરવો અને શાસ્ત્રવિધિએ વિવાહ સંબંધ જોડવો એ ઉત્તમ સુખદાયક છે. તપાસ કર્યા વગર પરણવાની વખતે વિરૂદ્ધ સ્વભાવ, અસમ બુદ્ધિ, અપ્રીતિ અને વિપરિત મતાવલંબી સાથે સંબંધ થઈ જાય છે, તો બંને જણા આખી ઉમર સુધી વિષમ દુઃખ ભોગવે છે. માટે જેઓ વરકન્યાના સારાસાર ચરિત્ર ઉપર વિચાર કર્યા વગર લગ્ન કરે છે, તેઓ પગલે પગલે પરમેશ્વરના પવિત્ર નિયમનું ઉલ્લંઘન કરે છે. તેથી મા બાપ પણ છોકરાનું દુઃખ જોઈ દુઃખી થાય છે. માટે આ સંબંધી અગાઉથી **પરીક્ષા** કરવાનો રીવાજ રાખવો એ સર્વેને સુખદાયક છે.

કન્યાની દૈવ પરીક્ષા.

કન્યાની દૈવ પરીક્ષા કર્યા પછી જે યોગ્ય જણાય તેની સાથે સંબંધમાં જોડાવું એવું આશ્વલાયનનું વચન છે. દૈવ પરીક્ષા કરવાનું કામ જે એ નિયમ પ્રમાણે ચાલતો હોય તેજ કરી શકે. વર તથા કન્યાનું કુટુંબ તથા મોસાળ કેવું છે, તેની ખાત્રી કરવી એટલે વરકન્યાના બાપના કુટુંબો ધર્મશાસ્ત્રના જ્ઞાન વ્રતાદિ, તથા સત્કર્મો કરવાવાળા હોય તે જોવું. વળી વર બુદ્ધિવાળો છે કે નહિ, તે પ્રથમ તપાસવાને ઘણું લક્ષ રાખવું. વળી કન્યા માટે તે બુદ્ધિશાળી, રૂપાળી, સદ્ગુણી, તેના શરીરપર શુભ ચિન્હો હોય, શરીરનો બાંધો સારો આટલું જાણી દૈવ પરીક્ષા માટે આઠ પ્રકારની જમીનમાંથી માટી લઈ, તેના ગોળા કરવા. જે કન્યાના લક્ષણ જાણવાનાં હોય તે કન્યાને તે ગોળામાંથી કોઇ એક ઉપાડવા કહેવું, તે કહેતાં—" ઋતમગ્રે " આટલા શબ્દો બોલવા. (૧) પછી કન્યા જે ગોળો ઉપાડે, તે ગોળાની માટી બેવડો પાક આપનાર ખેતરની જમીનમાંથી લેવામાં આવી હોય તો સમજવું કે તેણીના છોકરાના ઘરમાં અનાજના ભંડાર ભરેલા રહેશે. (૨) જો ગોશાળામાંથી લેવામાં આવેલી માટીનો ગોળો તેણી ઉપાડે, તો સમજવું કે તેણીનાં છોકરાં પુષ્કળ ગાયાદિ ઢોરોના ધણી થશે. (૩) પણ જો કોઈ યજ્ઞ કુંડની માટીથી બનાવેલો ગોળો તેણી ઉચકે તો સમજવું કે તેણીનાં છોકરાં બહુ ભક્તિવાળાં થશે. (૪) વળી જો કોઈ જીવતાં પ્રાણીવાળા સરોવરમાંથી આણેલી માટીવાળો ગોળો ઉચકે તો સમજવું, કે તેણીનાં છોકરાં સઘળા પ્રકારની સંપત્તિને પામશે. (૫) જે જગ્યાપર હમેશાં જુગાર રમાતો હોય, તે જગ્યા પરથી આણેલી માટીવાળો ગોળો તેણી ઉપાડે તો સમજવું કે તેણીનાં છોકરાં મોટાં જુગારી થશે. (૬) જે જગ્યાએ ચાર રસ્તા મળતા હોય, તે જગ્યાએથી આણેલી માટીવાળો ગોળો તેણી ઉપાડે તો સમજવું, કે તેણીનાં છોકરાં ભામટાં થશે. (૭) પણ જે જમીનમાં કંઇ પાક થઈ શકતો ન હોય, તેવી પડતર જમીનમાંથી આણેલી માટીવાળો ગોળો તેણી ઉપાડે તો સમજવું કે તેણીનાં છોકરાં વાંઝીયાં થશે. (૮) સ્મશાન ભૂમિમાંથી આણેલી માટીવાળો ગોળો તેણી ઉપાડે, તો સમજવું કે તેણીની છોકરીઓ પોતાના ધણીનું મોત ઉપજાવનાર થઇ પડશે. એ પ્રમાણે દૈવ પરીક્ષા કરવાનું આશ્વલાયન જણાવે છે. એ રીતે પરીક્ષા કર્યા પછી જેનામાં સર્વ શુભ ચિન્હો જણાય તેની સાથે વિવાહ કરવો ઉત્તમ ગણેલો છે.

પરણતી વખતે વરકન્યાની (કબુલાતો) પ્રતિજ્ઞા.

સ્ત્રી પુરૂષના વિવાહ સંસ્કાર વખતે જે ધર્મનિર્મિત ઇશ્વરને હાજર જાણી અગ્નિ અને લોકોની સાક્ષીએ પવિત્ર પ્રતિજ્ઞાઓ કરવામાં આવે છે. તે ધર્મ વ્યવહાર અને નીતિના ધોરણને અનુસરતી કરવામાં આવે છે, એવું તે સંસ્કાર પરથીજ સિદ્ધ થાય છે. આ પ્રતિજ્ઞાઓ **આશ્વલાયનગૃહ્યસૂત્રમાં** જણાવેલી છે; તેમાંથી આ સ્થળે દાખલ કરી છે. તે પરથી જણાશે કે પ્રાચીન આર્ય લોકોની નીત રીતિ કેવી હતી? અને તેથી તેમનો તે પ્રસંગે સંસાર કેવો સુખમય હશે ? એ સર્વે તેપરથી જણાઇ આવે છે. પ્રતિજ્ઞા પહેલી.—

(૧)—" આ યજ્ઞશાળામાં બીરાજેલા લોકો નિશ્ચયતાથી જાણો છો કે અમે અમારી પ્રસન્નતાથી ગૃહસ્થાશ્રમમાં એકત્ર રહેવાને એક બીજાનો સ્વીકાર કરીએ છીએ. અમારા હૃદય જળની પેઠે શાંત મળીને રહેશે. જેમ પ્રાણવાયુ પ્રિય છે, તેમ અમે એક બીજાથી પ્રસન્ન રહીશું, સર્વે સુખ દુઃખ ખમીશુ અને એક બીજા પ્રત્યે દૃઢ પ્રેમ રાખીશું. "

(૨)—" જેમ પવિત્ર વાયુ અને જળ આદિ ને કિરણોથી ગ્રહણ કરનાર સૂર્ય દૂરના પદાર્થો અને દિશાઓને પ્રાપ્ત થાય છે, તેમ અમે એક બીજાને ઇચ્છાથી પ્રાપ્ત થઇએ છીએ, અમારા અન્યોઅન્યનાં મનને ઇશ્વર અનુકૂળ રાખે."

(૩)—" અમે એક બીજાની સાથે વિરોધ નહિ કરીએ. પણ પ્રાણ રક્ષક થઇએ, સર્વ દુઃખને દૂર કરી ઇશ્વર કૃપાએ સુખ ભોગવવા પ્રયત્ન કરીશું. પશુઓને સુખ આપીશું, પ્રસન્ન ચિત્ત અને પવિત્ર અંતઃકરણથી રહીશું અને સુંદર, શુભ ગુણ-કર્મ-સ્વભાવવાળા વીરોને ઉત્પન્ન કરીશું. "

(૪) પુરૂષ—" ઐશ્વર્ય અને સુસંતાનાદિ સૌભાગ્યની વૃદ્ધિ કરવાને તારો હાથ પકડું છું; તું મારી સાથે વૃદ્ધ થાય ત્યાં સુધી સુખથી રહે."

(૫) સ્ત્રી—" હું તમારો હાથ સૌભાગ્યની વૃદ્ધિ કરવા પકડું છું, તમે મારી સાથે વૃદ્ધ થાઓ ત્યાં સુધી પ્રસન્ન અને અનુકૂળ રહો, હું અને તમે આજથી પતિ પત્નીના ભાવથી રહીશું. "

(૬)—" (સ્ત્રી આ વિશેષ પ્રતિજ્ઞા ઇશ્વિર પ્રાર્થના કરતાં અને લોકોને ઉદ્દેશીને કરે છે.) રક્ષક ઐશ્વર્ય યુક્ત, ન્યાયકારી જગતને ઉત્પન્ન અને ધારણ કરનાર પરમાત્મા, અને આ સભામાં બેઠેલા સર્વે વિદ્વાન લોકો "ગૃહસ્થાશ્રમ ધર્મ અનુષ્ઠાન માટે મને તમને આપી છે, માટે તમે મારે હાથે અને હું તમારે હાથે વેચાયા છીએ. હવે આપણે કદી પણ એક બીજા તરફ અપ્રિય ચાલ ચલાવીશું નહિ. "

(૭) પુરૂષ—"હે પ્રિયે! ઐશ્વર્યયુક્ત હું તારો હાથ ધરૂં છું, તથા ધર્મયુક્ત માર્ગમાં પ્રેરક હું તારો હાથ ધરી ચુક્યો છું; તું ધર્મથી મારી પત્ની અથવા ભાર્યા છે. હું તારો ધર્મથી ગૃહપતિ છું. આપણે બેઉ મળી ગૃહકાર્યો સિદ્ધ કરીએ અને બેઉને અપ્રિય આચરણ જે વ્યભિચાર છે, તે કદી ન કરીએ. એવું કરીએ કે જેથી ઘરનું સર્વ કાર્ય સિદ્ધ થાય અને ઉત્તમ સન્તાનો, ઐશ્વર્ય અને સુખની વૃદ્ધિ સદા ચાલતી રહે."

"સર્વ જગતના પાલણ કરનાર પરમાત્મા જેણે તને મને આપી છે, તું સર્વ જગતમાં પોષણ કરવા યોગ્ય મારી પત્નિ થા. તું હું પતિ સાથે સો શરદ ઋતુ અર્થાત્ સો વર્ષ સુધી સુખ પૂર્વક જીવતી રહે."

(૮) સ્ત્રી—"હે ભદ્રે! પરમેશ્વરની કૃપાથી તમે મળ્યા છો, માટે તમારા વગર આ જગત્‌માં પાલણ કરનાર અને સેવા કરવા યોગ્ય ઇષ્ટ દેવ કોઈ નથી ને હું તમારા વગર બીજા કોઇને માનીશ નહીં, જેમ તમે મારા સિવાય કોઈ બીજી સ્ત્રી સાથે પ્રીતિ નહિ કરશો, તેમ હું પણ કોઇ બીજા પુરૂષ સાથે પ્રીતિ નહિ કરૂં. તમે મારી સાથે સો વર્ષ જીવતા રહો."

(૯) પુરૂષ—"જેમ પરમાત્માની આ સૃષ્ટિમાં તેની તથા આપ્ત વિદ્વાનોની શિક્ષાથી દંપતિ થાય છે. જેમ વીજળી સર્વમાં વ્યાપક રહે છે, તેમ તને મારી પ્રસન્નતાથી સુંદર વસ્ત્ર અને આભૂષણ તથા મારાથી સુખ મળે. આ તારી અને મારી ઇચ્છા પરમાત્મા પૂરી કરે. હે સર્વ જગતના ઉત્પન્ન કરનાર પરમાત્મા! પૂર્ણ ઐશ્વર્ય યુક્ત ઉત્તમ પ્રજાથી મારી સ્ત્રીને આચ્છાદિત કરીને શોભાયુક્ત કરે. હું સૂર્ય કીર્ણની પેઠે તેને વસ્ત્રાભૂષણાદિથી સુશોભિત સદા કરીશ."

(૧૦) સ્ત્રી—"હું પણ તમને એજ પ્રકારે સૂર્યની માફક સુશોભિત આનંદયુક્ત અને અનુકૂળ પ્રિયાચરણ કરીને ઐશ્વર્ય અને વસ્ત્રાભૂષણ આદિથી સદા આનંદિત રાખીશ."

(૧૧) પુરૂષ—"હું જ્ઞાનથી તારૂં ગ્રહણ કરૂં છું. તું પણ મારૂં ગ્રહણ જ્ઞાનથી કરે છે. તને પૂર્ણ પ્રેમથી સ્વીકારૂં છું, તું મને પૂર્ણ પ્રેમથી સ્વીકારે છે. તું શામવેદ જેવી છે, હું ઋગ્વેદ જેવો છું, તું અને હું પ્રસન્નતાપૂર્વક વિવાહ કરીએ, છીએ સાથે રહી વીર્ય ધારણ કરીએ, ઉત્તમ પ્રજા ઉત્પન્ન કરીએ, ઘણાં સન્તાનો થાય, તે આપણે વૃદ્ધ થઇએ ત્યાં સુધી જીવતાં રહે. આપણે એક બીજાથી પ્રસન્ન, રૂચીવાળાં, સારા સારા વિચારો કરતાં સો વર્ષ સુધી એક બીજાને પ્રેમથી જોતા રહીએ, આનંદથી જીવીએ અને પ્રિય વચનો સાંભળતાં રહીએ."

(૧૨) સ્ત્રી—"આપનું હૃદય, આત્મા અને અંતઃકરણ મારા પ્રિયાચરણ કર્મમાં ધારણ કરૂં છું. મારા ચિત્તને અનુકૂળ આપનું ચિત્ત સદા રહે. આપ એકાગ્ર થઈ મારી વાણીથી જે કાંઇ કહું તે સદા કર્યા કરશો; કેમકે આજથી પરમેશ્વરે આપને મારે આધીન કર્યા છે, અને મને આપને આધિન કરી છે." ઇત્યાદિ. આ પ્રમાણે પ્રાચીનકાળમાં

વિવાહ સંસ્કાર સમયે ઉત્તમ પ્રતિજ્ઞાઓ બ્રાહ્મણ, ક્ષત્રિ, અને વૈશ્ય એ ત્રણ વર્ગમાં કરવામાં આવતી હતી; પરંતુ ઘણો અફસોસ છે કે અર્વાચીનકાળમાં આ પ્રમાણે કોઇ સ્થળે અર્થરહિત પ્રતિજ્ઞાઓ થાય છે, અને કોઇ સ્થળે તો થતી પણ નથી. અહો ! અર્વાચીનકાળમાં આપણી આર્યસનાતન નીતિરીતિનું થોડું અજ્ઞાન ! અને થોડી બેદરકારી ! ! આ પ્રમાણે થવાથી આપણો સંસાર નિંદાયો ! ! ! દંપતિમાંથી ખરી પ્રીતિ ગઇ. ઠેર ઠેર અનીતિ ને અધર્માચરણનાં મૂળો રોપાયાં. તેથી ખરૂં સંસારસુખ ગયું. પતિપત્નીનાં પરસ્પર મન જુદાં પડયાં અને ગૃહસ્થાશ્રમનો લહાવો લેવાને બદલે દુઃખરૂપ થયો, તોપણ અજ્ઞાનતાની અંધારી દુર કરવામાં આવતી નથી. હે પ્રિયજનો ! તમો તમારી મૂળ આર્ય નીતિરીતિ વિચારો ! પવિત્ર ધર્મ શાસ્ત્રોમાં જણાવેલી આવી ઉત્તમ પ્રતિજ્ઞાઓ અર્થસહિત મુખે કરી વિવાહસંસ્કાર સમયે યથાવિધિએ પરસ્પર બોલી ગ્રહણ કરો; જેથી પતિપત્નીમાં ગાઢ પ્રેમ બંધાઇ પુનઃ પુર્વે રંગ જામે.

પ્રાચીન અર્વાચીન સ્ત્રીઓમાં તફાવત ને તેનાં કારણો.

પ્રાચીનકાળમાં આપણા દેશની સ્ત્રીઓની હાલત ઘણે દરજ્જે શ્રેષ્ઠ હતી. જેની કીર્ત્તિ આજે ચોપાસ પ્રસરી રહી છે. તે સમયની સ્ત્રીઓને પ્રથમ દરજ્જે વિદ્યા અને તેમના ધર્મનું જ્ઞાન મળતું હતું. તેથી તેઓ પોતાના પ્રાણનાથ પ્રત્યે, પુત્ર, પુત્રી પ્રત્યે, સાસુ, સસરા, દીયર, જેઠ વગેરે સગાંસ્નેહી પ્રત્યે શો ધર્મ છે તે જાણતી અને એ સર્વે પ્રત્યે સ્નેહ રાખતી. કુટુંબ દેખી હરખાતી. પતિ તરફથી જેવાં વસ્ત્રાલંકાર મળતાં, તેવામાંજ સદા સંતોષથી રહેતી. સાસુની સત્તા નીચે રહી, ગૃહકાર્ય કુશળપણે કરતી. રજોદર્શન, ગર્ભાવસ્થા અને પ્રસૂતિ સમયે પાળવાના નિયમો જાણતી, અને તે પ્રમાણે વર્તતી. બાળકોને ઉછેરવામાં, કેળવવામાં, અને તેમને સદ્દગુણી ને પરાક્રમી બનાવી પૃથ્વીમાં પંકાતાં કરવાને પ્રયત્ન કરતી. નિત્યોપદેશ આપી નીતિધર્મને રસ્તે ચડાવતી અને પોતે તેવો દાખલો આપતી. તેથી કરીનેજ આવી માતાઓને પેટે રામ, કૃષ્ણ, અર્જુન, પરશુરામ, વ્યાસ, વશિષ્ઠ, પરિક્ષિત, હરિશ્ચંદ્ર, ભોજ, વિક્રમ, ભર્તૃહરિ વગેરે શૂરવીર, ધર્મવીર, સત્યવાદી અને નીતિ નિપુણ મહાત્મા કહેવાતા પુરૂષો પેદા થઇ ગયા છે. તેમજ સીતા, કૌશલ્યા, દ્રૌપદી, લક્ષ્મી, પાર્વતીજી, સરસ્વતી, લીલાવતી, અને ગાર્ગી વગેરે સતી કહેવાતી અને દેવીરૂપ મનાએલી સ્ત્રીઓ એવીજ ઉત્તમ માતાને પેઠે ઉત્પન્ન થયેલી છે. એ સમયથી સ્ત્રીઓ ઉત્તમ રીતે ગૃહકાર્ય, ગૃહવ્યવસ્થા અને ઉપજ ખર્ચનો હિસાબ રાખી કરકસરથી પોતાનો વ્યવહાર કરી જાણતી. ગૃહરાજ્ય

ચલાવવામાં પોતાના પતિને અનેક રીતે મદદગાર થતી, પતિને સંકટને સમયે સહાયતા, ધીરજ, હિંમત, દિલાસો અને શિખામણ આપવાને પણ ચૂકતી નહિ. પતિને સુખે સુખી અને પતિને દુઃખે દુઃખી થતી, પતિ તરફથી કોઇ કારણે તિરસ્કાર થાય, વિયોગ થાય, તોપણ પતિપર તેવો ને તેવોજ પ્રેમ રાખી રહેતી. તે સમયની સ્ત્રીઓ છુટથી પોતાના પતિ સગાતે સાર્વજનિક સભાઓ વગેરે ઠેકાણે જઈ શકતી અને ધર્મનીતિના વિવાદમાં પ્રવિણ પુરૂષોને પણ હરાવતી. તેમને ઓઝલપડદે પડયા રહેવું પડતું નહિ. લીલાવતી જેવી સ્ત્રીએ ગણિત જેવો ગહન ગ્રંથ રચ્યો છે. કેટલીકે કાવ્યોના, વૈદકના, રસાયણશાસ્ત્રના વગેરે ગ્રંથો ગુંથ્યા છે. અને કેટલીકે વેદ જેવા સર્વ માન્ય ગ્રંથનાં ભાષ્યો કર્યાં છે. દુર્ગાવતી, કર્મદેવી, લક્ષ્મીબાઇ અને તારાબાઇ જેવી અનેક સ્ત્રીઓએ શત્રુઓને સંહારવામાં સામેલગીરી કરી છે; એ ઇતિહાસ પ્રસિદ્ધ લલનાઓની વાત કોનાથી અજાણી છે? કેટલીકે પ્રતિપ્રાણ રક્ષણાર્થે પોતાના પ્રાણ આપેલા છે. સીતા જેવી સતીએ અને વીરમતી જેવી સુશીળ સ્ત્રીએ પોતાના પ્રાણ જતાં સુધી પણ શીયળ ભંગ કર્યું નથી, વગેરે અનેક ગુણજ્ઞ સ્ત્રીઓ થઈ ગયેલી છે.

અર્વાચીનકાળમાં એ બધું અસ્ત થયુ છે. વિદ્યા વિસારી મૂકી છે. નીતિધર્મનું જોઇએ તેવું શિક્ષણ મળતું નથી. તેથી સ્ત્રીઓ પોતાના ખરા ધર્મથી અજાણ રહી છે. પતિ પ્રત્યે, પુત્ર પુત્રી પ્રત્યે, સાસુ સસરા, દીયર, જેઠ વગેરે સગાં સ્નેહી પ્રત્યે શું ધર્મ છે? એ કશું જાણતી નથી. આજે તો જ્યાં જોઇએ ત્યા સાસુવહુના ઝગડા, સગાંસ્નેહીમાં કુસપ, પાડાપાડોસી સાથે વેર, પતિને રંજન કરવાને બદલે રંજાડે છે. પુત્રપુત્રીને યોગ્ય રીતે પાળીપોષી, ભણાવી ગણાવી ધર્મ નીતિવાળાં કરવાને બદલે ગમે તેવી રીતે વર્ત્તવા દે છે, તેમને સારી સંગતે લગાડવાને બદલે પોતેજ ગમ તો કુલક્ષણ આપનાર થાય છે, જોઇએ તેવી રીતે ગૃહકાર્ય જાણતી નથી, નથી જાણતી હિસાબ રાખતાં, કે નથી જાણતી ખરી રીતે કરકસરની રીત, નથી જાણતી સુઘડતાઇ રાખવાના નિયમ, કે નથી જાણતી ધર્મનીતિ પાળતાં અને નથી જાણતી ઇશ્વિરપ્રતિ ખરી ભક્તિ કરતાં; વગેરે પ્રાચીન અર્વાચીન સ્ત્રીઓમાં ઘણો તફાવત માલમ પડે છે. તેનુ કારણ તપાસીએ તો દેશમાં અનેક ધર્મો પ્રસર્યા, ઠેરેઠેર કુસંપે પ્રવેશ કર્યો, પરદેશી અને પરધર્મિ લોકોએ હુમલા કર્યા, દેશની અનેક પ્રકારની સમૃદ્ધિ લૂટાઈ ગઇ. દુઃખ જુલમનું જોર વધ્યું તેથી વિદ્યાને વિસારી મૂકી, સરસ્વતી દેવી અલોપ થઇ ગઇ, ધર્મનીતિના ઉપદેશો થતા અટકયા, વિદ્યાવિલાસના મેળાવડા બંધ પડયા અને તેમને ઉત્તેજન મળતું અટકયું. સારી સ્ત્રીઓની સંગતિ ગઈ, ધર્મનીતિની અજ્ઞાનતાએ આગળ પગલું ભર્યું. તેથી સ્ત્રીઓ પોતાના ખરા ધર્મ કર્મને ભૂલી ગઈ, ઘરની લક્ષ્મીને બદલે લુંડી થઇ, સાર્વજનિક સભામાં પતિ સંગાતે જવાને બદલે ઓઝલપડદે પડી અને સંસારસાગર તરવાના ખરા સાથીને બદલે, ઘરમાં કામ કરનાર સાથી (મજુર) જેવી થઈ. વગેરે કારણોથી અર્વાચીન સ્ત્રીઓની નબળી સ્થિતિ થઇ ગઇ છે.

પરંતુ સુભાગ્યે હાલ ઈશ્વર કૃપાથી ઈંગ્રેજ સરકારના પ્રતાપી અમલમાં જુલમગારનો જુલમ જઇ, ઠેરે ઠેર વિદ્યાશાળાઓ થઈ છે, તેમાં અનેક પ્રકારનું શિક્ષણ આપવામાં આવે છે, તેથી કેટલીક સ્ત્રીઓ લખતાં વાંચતાં શિખી છે અને હજુ શિખે છે. કોઇ કોઇ વર્ત્તમાનપત્રો, પુસ્તકો, ચોપાનીઆં વગેરે વાંચતી થઈ છે, અને કેટલીક સારી સ્ત્રીઓની સોબતથી કંઇ સુધરી છે તથા પોતાનો ખરો ધર્મ શું છે, તે કેટલીક જાણુતી થઇ છે. તેમાં કોઇ કોઇ તો પોતાની સ્વદેશી બેનોને સારી બનાવવા પ્રયત્ન પણ કરે છે. કેટલીક ભરવા ગુંથવા, શીવવા અને ચિતરવા વગેરે ઉત્તમ ઘર ધંધો શિખી છે. કેટલીક નઠારી અને નુકસાનકારી રૂઢી તથા વહેમોના નુકસાનકારી રીવાજને દુઃખરૂપ માની, તેથી અળગી રહેવા લાગી છે, વગેરે થતું જોવામાં આવે છે; તોપણ હજુ પ્રાચીનકાળનો રંગ જામવાને તો ઘણી-વાર છે. એતો જ્યારે પ્રાચીન પદ્ધતિએ ધર્મનીતિવાળું યોગ્ય સુશિક્ષણ આપવામાં આવશે, સતીજનોના સુચરિત્રોની ઉંડી છાપ તેમના કોમળ અંતઃકરણમાં પાડવામાં આવશે, અને સ્ત્રી ધર્મથી પૂર્ણું વાકેફ કરવામાં આવશે તથા સદ્સ્ત્રીઓની અહો-નિશ સોબત મળશે, ત્યારેજ ભારતભૂમિની સ્ત્રીઓની ખરેખરી ઉન્નતિ થશે. તથાસ્તુ.

સદાચરણે ચાલવા વિષે બોધ.

(સતીગીતા.)

સ્ત્રીબોધ જુદા જુદા રાગમાં ગાવાની ગરબીઓ—

સ્ત્રીઓને ફુરસદે મનરંજનાર્થે ગાવા અને તેમાંથી સુબોધ ગ્રહણ કરવા લાયક ઉત્તમ કવિઓની બનાવેલી રસિક કવિતાઓ દાખલ કરી, તેને "સતીગીતા" એવું નામ આપવું દુરસ્ત ધાર્યું છું.

સ્ત્રીઓને શિખામણ.

ઢાળ.

એક અનૂપમે શીખામણ ખરી, સમજી લેજોરે સઘળી સુંદરી,

ત્રુટક.

સુંદરી સેજે હૃદય રેજે, પ્રસંગે નવ બેસિયે,
ચિત થકી ચુકી લાજ મૂકી, પરમંદિર નવ પેશિયે.
બહુ ઘેર હીંડે નારિ નિર્લજ, શાસ્ત્રે પણ તજવી કહી;
જેમ પ્રેત દૃષ્ટે પડયું ભોજન, જમવું પણ જુગતું નહીં.

ઢાળ.

પરશું પ્રેમેરે હશિ નવ બોલીયે, દંત દેખાડીરે ગુંજ ન ખોલીયે.

ત્રુટક.

ગુંજઘરનો પરની આગળ, કહો કેમ પ્રકાશીયે;
વળી વાત જે વિપરીત ભાખે, તેથી દૂરે નાશીયે.
અસુર સવારે અને અગોચર, એકલાં નવ જાઇએરે,
સહુ સાતકારે કામ કરતાં, સહેજ શીળ ગમાઇયે.

ઢાળ.

નટવિટ નવુંરે નયણ ન જોડીયે, મારગ જાતાંરે આધું ઓઢીયે.

ત્રુટક.

આધું ઓઢીએ વાત કરતાં, ઘણુંજ રૂડાં શોભિયે;
સાસૂ અને માના જણ્યા વિન, પલક પાસ ન થોભીયે.
સુખ દુઃખ સરજ્યુ પામિયે, પણ કુળાચાર ન મૂકીયે,
પરવશે વસતા પ્રાણ તોપણ, શીયળથી નવી ચુકીયે.

ઢાળ.

વ્યસનીની સાથેરે, વાત ન કીજીએ, હાથો હાથેરે, તાળી ન લીજીએ.

ત્રુટક.

તાળિ ન લીજે નજર ન દીજે, ચંચળ ચાલે ન ચાલીએ;
વિષમ બુદ્ધે વસ્તુ કેની, હાથે પણ નવિ ઝાલિયે;
કોટિ કંદર્પ રૂપ સુંદર, પુરૂષ પેખી ન મોહિયે;
તણખલાને ગણો તોલે, ફરી પાછો નવિ જોઇએ.

ઢાળ.

પુરૂષ પરાયોરે વળી ન વખાણીયે, વૃદ્ધ તે પીતા સરીખો જાણીયે.

ત્રુટક.

જાણિયે પિયુવિણ પુરૂષ સઘળાને, સહોદર સમોવડે;
પતિવ્રતાનો ધર્મ જોતાં, નાવે કોઈ તડો વડે.
કુરૂપ કુષ્ટી કૂબડો ને, દુષ્ટ દુર્બળ નિર્ગુણો;
ભરથાર પામી ભામની તમે, ઈંદ્રથી અદકો ગણો.

ઢાળ.

અમર કુમારેરે તજિ સુર સુંદરી, પવન કુમારેરે અંજના પરિહરી.

ત્રટક.

પરિહરિ સીતા રામે વનમાં, નળ દમયંતી વળી;
મહાસતી નિર્મળ કષ્ટ પાડે, શીળથી તે નવિ ચળી.
કસોટીયે જિમ સુવર્ણ કસતાં, કંતસું વિછડે તહી;
તનમન વચને સત્ય રાખે, સતી તે જાણો સહી.

ઢાળ.

રૂપ દેખાડીરે પુરૂષ ન પાડીયે, નિર્લજ થઇનેરે મન ન બિગાડીયે.

ત્રટક.

મન ન બિગાડીયે પુરૂષ પરતુ, જોગ જોતા નવિ મિલે;
કલક માથે ચડે કુડાં, સગાં સહુ દૂરે ટળે.
અણુ સરજ્યો ઉચ્ચાટ થાયે, પ્રાણુ તિહાં લાગી રહે;
આ લોક પામે આપદા, પરલોકે બહુ પીડા સહે.

ઢાળ.

રામને રૂપેરે સુર્પણખા મોહી, કામ ન સિધ્યુ અને ઇજ્જત ખોઈ.

ત્રટક.

ઇજ્જત ખોઈ દેખિ અભયા, શેઠ સુદર્શન નવિ ચળ્યો;
ભરથાર આગળ પડી ભુંડી, અપવાદ સઘળે ઉછળ્યો.
કામની બુદ્ધિ કામનીએ, વંકચુલી વાળ્યો ઘણુ;
પણ શીયળથી ચુકયો નહીં, દષ્ટાંત એમ કહેતા ભણું.

ઢાળ.

શીયળ પ્રભાવેરે, જુઓ સોલે સતી, ત્રીભુવનમાંહીરે તે થઇ છતી.

ત્રુટક.

સતી થઈ જો શીયળ રાખ્યું, કલ્પના કીધી નહીં;
તે નામ તેહનાં જગત જાણે, વિશ્વમાં ઉગી રહી.
વિવિધ રત્ને જડીત ભૂષણુ, રૂપ સુંદર કીંનરી,
પણ શીયળવણુ શોભે નહીં, તે સત્ય ગણજે સુંદરી.

ઢાળ.

શીરે સુરનર સહુ શેવા કરે, રહેવાનુંરે નિશ્ચય જે ધરે.

ત્રુટક.

ધરે નિર્મળ શીયળ ઉજ્વળ, તાસ કિરતી જળ હળે;
મન કામની તે સિદ્ધિ પામે, અષ્ટ ભય દૂરે ટળે.
ધન્ય ધન્ય તે જાણો ધરા, જ્યાં શીયળ ચોખું આદરે;
આનંદના તે ઓઘ પામે, "ઉદયરત્ન" જશ વિસ્તરે.

રાસડો.

(સૈયરો એ હિંડોળે બેસીને અથવા ફરતાં રાસડા લેતાં ગવાય છે.)

"રમવા આવોનીરે આવોને, નંદજીના લાલ, રમવા આવોનીરે" એ રાગ.

સજની સમજોનીરે, સમજો શિખામણ સાર, સજની સમજોનીરે;
નહિ સમજો તો ધિક્કાર, સજની સમજોનીરે..........એ ટેક.
પડવે પ્રથમ એક ઇશને ભજીએ, ઝાઝા પ્રભુ તે પંથને તજીએ;
રોજ સુનીતિ સજીએ, સજની સમજોનીરે. સમજો૦ ૧
નીતિવિના જ્ઞાન ભક્તિ ન સારાં, થાશો સદા સદાચરણથી પ્યારાં;
રહેજો નઠારાથી ન્યારાં, સજની સમજોનીરે. સમજો૦ ૨
સૌને નમન નમ્ર ભાવથી કરવું, રૂપ જોબન અભિમાન ન ધરવું;
ફિશિઆરીમાં નહિ ફરવું, સજની સમજોનીરે. સમજો૦ ૩
બીજે પ્રભુ બળવંતશુ પ્રીતી, બાપ સમાન ગણો મન જીતી;
ઉંધી બુદ્ધિથી અનીતી, સજની સમજોનીરે. સમજો૦ ૪
પ્રાણીનો પ્રભુ પેદા કરનારો, પતિ ભાવ ભજતાં ભવ હારો;
ધર્મના વિષય વિચારો, સજની સમજોનીરે. સમજો૦ ૫
રાંકની ઉપર દયાળુ રહેજો, દીનને દાન ગજા સમ દેજો;
જન્મ્યાનો લ્હાવો લેજો, સજની સમજોનીરે. સમજો૦ ૬
ત્રીજે તમારી ટેવ સુધારો, જૂઠું ને કડવુ ન વેણ ઉચ્ચારો;
દુઃખમાં ધીરજ ધારો, સજની સમજોનીરે. સમજો૦ ૭
મૂકી મર્યાદા ન ખડખડ હસવું, તાણીને શ્વાન સમાન ન ભસવું,
કાળજડાને કસવું, સજની સમજોનીરે. સમજો૦ ૮
થાજો સતીપદ પાલવા ખંતી, ધારજ્યો જયવંતી જુવંતી.
સીતાને દમયંતી, સજની સમજોનીરે. સમજો૦ ૯
ચોથે ચોરી ને જુલમ જારી, મોટામાં મોટા એ પાતક ભારી.
નાખશે નર્ક મોઝારી, સજની સમજોનીરે. સમજો૦ ૧૦
સુંદરી સ્નેહથી શીયળ પાળો, ભુંડીના હાલ ભુંડા બહુ ભાળો;
સંતોષથી મન વાળો, સજની સમજોનીરે. સમજો૦ ૧૧
મન કર્મ વચને પતિવ્રત પાળે, સ્વામીનું ઘર ધરી સ્નેહે સંભાળે;
ભરથારનું સુખ ભાળે, સજની સમજોનીરે. સમજો૦ ૧૨
પાંચમે પાછો કહું છું પોકારી, જાવું મરી વૈભોગ વિસારી;
સાથ ન કોઇ સહીઆરી, સજની સમજોનીરે. સમજો૦ ૧૩
શાની હુંપદ ક્ષણ ભંગુર કાયા, સુખ દુઃખ સૌ તડકો ને છાયા;
મિથ્યા સંસારની માયા, સજની સમજોનીરે. સમજો૦ ૧૪

પાત્ર જોઇ કરજો હાથ ટાઢા, સ્વાર્થ સાથે પરમારથ સાધો;
હરિને હમેશાં આરાધો, સજની સમજોનીરે. સમજો૦ ૧૫
છઠે પરણ્યો પતી ગણી પ્યારો, પર નરને ભાઈ બાપજ ધારો;
મોક્ષનો લો ન ઉધારો, સજની સમજોનીરે. સમજો૦ ૧૬
જેવો મળ્યો તેવો લેવો નિભાવી, ટંટા કર્યા થકી ટળશે શું ભાવી;
કોઇ કિતુરથી ન ફાવી, સજની સમજોનીરે. સમજો૦ ૧૭
નાથ કને નિત હાથ બે જોડી, સંભળાવવું આમ સન્મુખ દોડી:
દાસીની કસુર ન થોડી, સજની સમજોનીરે. સમજો૦ ૧૮
સાતમે કરવી સ્વામીની સેવા, સામુ ન થવું નઠારા હેવા,
દેશે મહાદેવ મેવા, સજની સમજોનીરે. સમજો૦ ૧૯
કંથ ન કામણથી વસ થાશે, ખબર પડયાથી ઉલટો ખીજાશે;
ધુતારા ધુતી ખાશે, સજની સમજોનીરે. સમજો૦ ૨૦
કંકાસ કરી લેતી લુગડાં ઘરેણાં, લાડ ઘેલી વળી કાઢતી લેણાં;
મૂરખી મારશે મેણાં, સજની સમજોનીરે. સમજો૦ ૨૧
આઠમે માનો સાસુને માતા, દીયરને જેઠ ગણો દિલ ભ્રાતા;
સસરો પિતા સુખ દાતા, સજની સમજોનીરે. સમજો૦ ૨૨
વેરીને પણ વશ વિનય કરે છે, તેથી સતી નમી સાસુ કે'છે;—
માતાજી આજ્ઞા શી છે ? સજની સમજોનીરે. સમજો૦ ૨૩
સાસરીઆનું સુખ દુઃખ સેહેવું, રાત દિવસ રૂદે રાજી રહેવું,
પીયર જઇને ન કહેવું, સજની સમજોનીરે. સમજો૦ ૨૪
નોમે નણંદ દેરાણી જેઠાણી, બેન ગણો પ્રીતે અંતર આણી;
મીઠી વદો મુખ વાણી, સજની સમજોનીરે. સમજો૦ ૨૫
સંપથી જંપ જરૂર ઉર આણો, હલકી વાત હૈયામાં ન આણો,
વાલાં સગાને વખાણો, સજની સમજોનીરે. સમજો૦ ૨૬
ચોટલા ચાર મળે જે ઠામે, ભાગે ઘરના ઓટલા પરીણામે;
એવી કે'વત આપ નામે, સજની સમજોનીરે. સમજો૦ ૨૭
દશમે દીલ હરામ ન કરવું, પરઘર દાડી જાઝું ન ફરવું;
બહુ ન પીયર પરવરવું, સજની સમજોનીરે. સમજો૦ ૨૮
કામ કર્યા એણે કામણ કીધાં, વાલથી સર્વેને વશ કરી લીધાં;
પ્રેમનાં શરબત પીધાં, સજની સમજોનીરે. સમજો૦ ૨૯
જોર જુલમ વહુપર ન ગુજારો, સાસુને વહુનો ક્લેશ નઠારો;
પુત્રી પેઠે અંગિકારો, સજની સમજોનીરે. સમજો૦ ૩૦
એકાદશીએ આળસ છોડો, જાગોતો પ્રીતી પ્રભુમાં જોડો;
ટેક મર્જાદ ન તોડો, સજની સમજોનીરે. સમજો૦ ૩૧

શીખો ગાતાં ને ભરતાં ચીતરતાં, શીખો વળી શીવતાં ને વેતરતાં,
દુર્જનથી રહો ડરતાં, સજની સમજોનીરે. સમજો૦ ૩૨
શેઠાણી થઇને ન બેસી રહેશો, આળસથી રોગ દુઃખ રહેશે;
મીષ્ટાન દાડી ન લેશો, સજની સમજોનીરે. સમજો૦ ૩૩
બારશે બાળપણુ ન બતાવો, મોટાં થયાં એમ મનમાં લાવો;
જેને તેને ન બોલાવો, સજની સમજોનીરે. સમજો૦ ૩૪
પે'રવું ઓઢવું વખત વિચારી, સમજુને મન સાદાઈ સારી,
ઝાઝી આછાઈ નઠારી, સજની સમજોનીરે. સમજો૦ ૩૫
ગભરાઇ ગર્ભની હેળથી ગોરી, ખાય ભુંડી ભૂતડોની મટોડી,
એહ થકી હાની ન થોડી, સજની સમજોનીરે. સમજો૦ ૩૬
તેરશે ગાજો ગીત પ્રભુનાં, ગાશોમાં ગીત નઠારાં નમૂના;
સંકટ થાશે સમૂનાં, સજની સમજોનીરે. સમજો૦ ૩૭
મોઢે ચડાવી ન બાળ બગાડો, તેમ રોગો પીટયો કહી ન પછાડો;
રે'મમાં રોપ બેસાડો, સજની સમજોનીરે. સમજો૦ ૩૮
બાળ ન બાળપણે પરણાવો, સારે સંગે ન કજોડું કરાવો;
ભાવથી ખુબ ભણાવો, સજની સમજોનીરે. સમજો૦ ૩૯
ચૌદશે વહેમની વાત વિસારો, જાદૂ શુકનને જોશી જુઠારો;
વળગાડ ખોટો ધારો, સજની સમજોનીરે. સમજો૦ ૪૦
વે'લા ઉઠી નિત ધરવાળી નાખો, શરીરને લૂગડાં સદા સ્વચ્છ રાખો;
ચોખ્ખાઇનાં સુખ ચાખો, સજની સમજોનીરે. સમજો૦ ૪૧
સ્થાપજો વનિતા સમાજ વખાણી, સૈયરને શીખ આપજો શાણી;
સંપી ર' ધણી ધણિયાણી, સજની સમજોનીરે. સમજો૦ ૪૨
પૂનમે પાવરધા ભણી થાજો, વેમ તજી ગુણવંત ગણાજો;
બીજીને આ રસ પાજો, સજની સમજોનીરે. સમજો૦ ૪૩
વાંચે જે ચોપડીયો નિત સારી, ધડી ન ખુવે કરી કુથલી નઠારી,
જાઉં એ ઉપર બલિહારી, સજની સમજોનીરે. સમજો૦ ૪૪
પદર તીથીનો બોધ પ્રમાણી, માને તો બહુ સુખ પામશો શાણી;
વલ્લભદાસની વાણી, સજની સમજોનીરે. સમજો૦ ૪૫

સાસરે સંપિને ચાલવા વિષે.

ધોળ.

રામ લક્ષ્મણ વનમાં સિધાવતાં, સાથે સીતાને લક્ષ્મણ ભ્રાત;
કહે રઘુનાથ. પધારો પીયર ભણી. (એ રાગ.)
સાસરે સારી રીતથી ચાલવું, એથી લાભ અધિક એની થાય;
સંકટ સહુ જાય. સંપી ચાલો સાસરે. (ટેક.) ૧

કજિયો કદી કરવો નહીં કોઈથી, ચાલો સંપીને બેન સદાય;
જેથી સુખ થાય. સંપી૦ ૨
સાસુને શાણી માતા સમી ગણો, એની આજ્ઞા માનો હરનીશ;
નમાવીને શીશ. સંપી૦ ૩
સાસુ સાચી માતા જાણો સાસરે, લાવો નહિ તેનાપર કદી રીસ;
રૂઠે જુગદીશ. સંપી૦ ૪
પ્રાતઃકાળમાં પ્રીતથી ઉઠવું, બોલવું આ રીતે સાસુ સાથ;
જોડીને બે હાથ. સંપી૦ ૫
આજ્ઞા આપો જે આપ ઉમંગથી, ચોટાડી સ્નેહ ચિત્તની સાથ;
પાળું પ્રીતે માત. સંપી૦ ૬
સાસરાને તો બાપ સમો ગણો, ભુંડું ભણવું નહીં તેને વે'ણ,
દીસે દુઃખદેણુ. સંપી૦ ૭
શાણી આજ્ઞા પાળો સસરા તણી, ઉથાપોમાં તેનું કહ્યું કે'ણ;
પાળો પ્રીતે રે'ણ. સંપી૦ ૮
નણંદીને બેનો જેવી જાણવી, આણવી એનાપર અતિ પ્રીત,
રાખો રૂડી રીત. સંપી૦ ૯
ભાઈ જેવા જાણો દીયર જેઠને, રાજી રાખો તેને રૂડી રીત;
આજ્ઞા પાળી નિત્ય. સંપી૦ ૧૦
પરણ્યા પતિ સાથે ટંટા ન કરીએ, ખીજીએ ન ધરી ઉર ખાર;
રહિએ ધરી પ્યાર. સંપી૦ ૧૧
આજ્ઞા એનીને નિત્ય અનુસરો, કરો જેમ કહે ભરથાર;
પૂરો ધરો પ્યાર. સંપી૦ ૧૨
સુખ આપો આજ્ઞા પાળી એહને, સાચું સ્વામીનું સગપણ સાર;
છે મોક્ષનું દ્વાર. સંપી૦ ૧૩
જેથી જગદીશ રૂડી રીતે રીઝશે, ખીજશે ન ધરી કદી ખાર;
સુખ આપે અપાર. સંપી૦ ૧૪
પરપુરૂષ સામુ નવ પેખવું, લેખો ભરથાર વીના ભાઈ બાપ;
લેજ્યો સતી છાપ. સંપી૦ ૧૫
પરપુરૂષની સામું પેખતાં, લાગે પાપ જગતમાં અમાપ;
એવી શાસ્ત્રે છાપ. સંપી૦ ૧૬
પાડોશી સાથે પ્રીતથી વરતવું, તેની સાથે લડો ન વાર;
મળે ફીટકાર. સંપી૦ ૧૭
કોઈનું સારૂં દેખી શોક ના કરો, ખોટો લોભ કરો ન લગાર;
એમાં નહીં સાર. સંપી૦ ૧૮

ગજા ઉપર ઘરેણાં ઘડાવવાં, ટટો કરવો નહીં કોઈ વાર;
ઘરમાંહી લગાર. સંપી૦ ૧૯

દેવાની ખાડમાં ન ડુબાવવો, શણગાર સાટે ભરથાર;
એની કોઈ વાર. સંપી૦ ૨૦

ઘરની વાત બીજે જઈ ન કરો, દેશે એથી અણસમજુ અપાર;
ધીઃકારે સંસાર. સંપી૦ ૨૧

પેટ મોટું રાખો પ્યારી એનીયો, રૂડી કે ભૂંડી વાત લગાર;
કાઢો નહીં બા'ર. સંપી૦ ૨૨

સંતોષી બની સ્વામી સાથે વસો, ભોગવો જે આપ્યું ભગવાન;
કૃપાને નિધાન. સંપી૦ ૨૩

શીખ શાણી જે લલ્લુની માનશો, પામશો સુખ સ્વર્ગ સમાન;
રીઝે ભગવાન. સંપી૦ ૨૪

શીયળ સાચવવા વિષે.

ગરબો.

પુનમ ચાંદની—એ રાહ.

સુંદર પુષ્પની ખીલી કળી ઘણીરે;
ખામી સુગંધીની દીસે જરાક,
તો તે સુંદર સુંદરતા રહીશું કામનીરે.
એની શીયળ ભુષણ તેવી રીતનું રે,
જો નહોયે આમાં શીયળ સદગુણ—તો તે સુંદર૦

* *

સાખી. ખરિ ખુબી સ્ત્રીયોતણી, સદગુણ માંહી ધાર;
સુંદરીનું પતિવ્રતપણું, જેમ ખડગની ધાર.

* *

શોભે સુંદરી શીયળ સદગુણથીરે;
જો ન સાચવે શીયળ સદગુણ—તો તે સુંદર૦

* *

સાખી. રૂપાળી રંભાસમી, વાક્ ચાતુર્યે પૂર;
દુષ્કર્મોમાં મન ભળ્યું, એ ઉપરનું નૂર.

* *

આંટી કુંટી કરતી કાવત્રાં અતી ઘણાંરે;
ભુલી શીયળ કુકૃત્યે ધરતી જો ધીર—તો તે સુંદર૦

* *

સાખી. હશે કાળીને કુબડી, પણ પતિમાં એક તાર;
પિયુ પિયુ હમેશાં ઝંખતી, તે સુંદર છે નાર.
* *
હોય જો નાજુક નવેલી અતિશય ઘાતકીરે;
કહે ઝવેર ધિક્કારો એવી નાર—એ તે સુંદર૦

સુન્દરીગીત.

"સહિયર સાંભળો સ્ત્રી શિખામણ સ્ત્રી સંસારનીરે"—એ રાહ.

"સહિયર સંગમાં મળીને આનંદથીરે,
ગાઓ જગદીશ્વરનાં જીભે યશ ગુણગાન;
નારી ધર્મને પાળી સદૈવ સ્નેહથીરે.—સહિયર૦
* *
સાખી. સુંદરી સાચું માનજો, શ્યામાનો શૃંગાર.
સ્વામી કેવળ સૃષ્ટિમાં, જીવનનો આધાર;
* *
એથી સુખમય સંસારસાર વિચારજોરે,
નહિં તો દુઃખવિકાર અપાર સમજીદાર !
પતિના પ્રેમને મનથી કદી ન વિસારજોરે—સહિયર૦
* *
સાખી. પતિની જો મનકામના, સફળ કામિની નામ;
સુંદરતા જો શીયળની, તો સુંદરી સધામ;
* *
રમતી રમણ રતીમાં રામાતે રમણી ગણીરે,
કરતી સહાયતા સહિ વામ ભાગમાં આમ;
તેથી વામા તેને સજ્જન જન કેતા ભણીરે—સહિયર૦
* *
સાખી. નારીનાં જે નામ તે, સાર્થક સહુ થાય;
જો તેના ધર્મ બધા, નિષ્ઠા થકી પળાય;
* *
માટે પાળજો એ ધર્મ સઘળા ભાવથીરે,
એથી ભવમાં થાશો કૃતાર્થ ભગિની ! નિત્ય;
નમશે જનતા પદમાં આવી પુણ્ય પ્રભાવથીરે—સહિયર૦
* *
સાખી. સદ્‌ગુણની સાડી ધરી શીયળ કુંચકી સાર,
પાતિવ્રત્ય પ્રભાવમય, ભાલતિલક વિસ્તાર;
* *
પ્હેરે કાંઠે પ્રેમે પ્રેમ મુક્તા હારનેરે,

કરમાં કુલીનતાનાં કંકણ ધારે વાહ !
વાહરે ધન્ય છે તે નારીના અવતારનેરે—સહિયર૦

* *

સાખી. કરાંગુલીમાં મુદ્રિકા, જેની ઉત્તમ શાંતિ,
નીતિનાં નપુરવડે, વધી પદોની કાંતિ;

* *

એવા અલંકાર જે ઉત્તમ યુવતી દેહમાંરે,
તો છે કૃત્રિમ બીજા અલંકાર સહુ વ્યર્થ,
માટે ધારો એ ભૂષણને ચાહી ચિત્તમાંરે—સહિયર૦

* *

સાખી. સ્વામીભક્તિ સાથે વળી, ઇશ્વિર ભક્તિ નિવાસ;
જે ચપળાના ચિત્તમાં, સુવર્ણ સંગસુવાસ;

* *

કરજો વિનતિ નિરંતર એજ ઇશ્વિરને ભજીરે,
રક્ષે સદૈવ તે સૌભાગ્ય હેતુ જે કાંત;
થઇને શાંત આશા વિશ્વની બીજી ત્યજીરે—સહિયર૦ "

ગીતો, ગરબા છંદ ગાયા પછી તથા મંડળી બરખાસ્ત થવાની હોય, ત્યારે ગાવાની—ગરબી.

"મા પાવે તે ગઢથી ઉતર્યા મા કાળીરે"—એ રાગ;

અમે જઇશું અમારે ઘેર, સઇયર સાંભળજો;
મનડામાં રાખી મેર, વળી વહેલાં મળજો. ૧
જો કવચન કહ્યું કાંહી, સઇયર સાંભળજો;
તો માફ કરો મનમાંહી, વળી વહેલાં મળજો. ૨
ગાઇ ગીતો ગરબા છંદ, સઇયર સાંભળજો;
ઉરમાં ઉપજ્યો આનંદ, વળી વહેલાં મળજો. ૩
પરીપુરણ તમારો પ્રેમ, સઇયર સાંભળજો.
કોઇ કાળે વિસરે કેમ, વળી વહેલાં મળજો. ૪
હું કહુંછુ જોડી હાથ, સઇયર સાંભળજો;
સઘળી સાહેલી સાથ, વળી વહેલાં મળજો. ૫
આજ ટાઢાં કીધાં તન, સઇયર સાંભળજો;
મળવાથી હરખ્યું મન, વળી વહેલાં મળજો. ૬
દેખી સુંદર દેખાવ, સઇયર સાંભળજો;
જીવતરનો લીધો લાવ, વળી વહેલાં મળજો. ૭
સઘળી તમને શાબાશ, સઇયર સાંભળજો;
પરમેશ્વર પુરે આશ વળી વહેલાં મળજો. ૮
મન ગમતો કરી મેળાપ, સઇયર સાંભળજો;
તનડાના ટળીઆ તાપ, વળી વહેલાં મળજો. ૯

આ અવસર આજ અમૂલ્ય, સઇયર સાંભળજો;
તે લાખ દીવાળી તુલ્ય, વળી વહેલાં મળજો. ૧૦
હું કહું છું વાર હજાર, સઇયર સાંભળજો;
આ સફળ થયો સંસાર, વળી વહેલાં મળજો. ૧૧
સુણી બોલ તમારા આજ, સઇયર સાંભળજો;
સમજી શીખીયાં સુઘરાઇ, વળી વહેલાં મળજો. ૧૨
તમે દીલનાં છો દરીઆવ, સઇયર સાંભળજો;
ભલો દીઠો તમારો ભાવ, વળી વહેલાં મળજો. ૧૩
તમે ડહાપણનાં દેનાર, સઇયર સાંભળજો;
તમે ભલવણના ભંડાર, વળી વહેલાં મળજો. ૧૪
ગંગાજળ નીરમળ નામ, સઇયર સાંભળજો;
તમે ઠરવાનું છો ઠામ, વળી વહેલાં મળજો. ૧૫
તમે ગરવાં ગુણ ગંભીર, સઇયર સાંભળજો;
તમે ધરમ ધુરંધર ધીર, વળી વહેલાં મળજો. ૧૬
તમે સતી શિરોમણી શુદ્ધ, સઇયર સાંભળજો;
બહોતેર કળામાં બુધ, વળી વહેલાં મળજો. ૧૭
તમે સદાચરણમાં સીધ, સઇયર સાંભળજો;
તમે નીરમળતાનાં નીધ, વળી વહેલાં મળજો. ૧૮
તમે વિદ્યા બાગ વીશાળ, સઇયર સાંભળજો;
કુળ દીપન દીપક માળ, વળી વહેલાં મળજો. ૧૯
તમે સમજુમાં સરદાર, સઇયર સાંભળજો;
તમે ઉત્તમ અને ઉદાર, વળી વહેલાં મળજો. ૨૦
મન વસ્યાં તમારાં વેણ, સઇયર સાંભળજો;
નીરખીને ઠરીયાં નેણ, વળી વહેલાં મળજો. ૨૧
ઘણો સરસ તમારો સંગ, સઇયર સાંભળજો;
રૂદે ચઢીયો તમારો રંગ, વળી વહેલાં મળજો. ૨૨
વળી કહીએ છેલી વાર, સઇયર સાંભળજો;
જણ જણને કરોડ જુહાર, વળી વહેલાં મળજો. ૨૩
હરી પુરે તમારી હામ, સઇયર સાંભળજો;
દે આશીશ દલપતરામ, વળી વહેલાં મળજો. ૨૪

मूकंकरोतिवाचालंपंगुंलंघयतेगिरिं ॥
यत्कृपातमहंवंदेपरमानंदमाधवम ॥ १ ॥

અર્થ—જે ઉપર પરમેશ્વરની કૃપા છે, તે કોઇ મુંગો માણસ હોય, એટલે તેને મુદલ બોલતાં આવડતું ન હોય, તો પણ તેને વાચા પૂર્ણ કરે છે. અને પંગુ એટલે મુદલ ચાલતું ન હોય, તોપણ તેને પર્વત ઉપર ચડે તેવું કરે છે, તેવા પરમ આનંદકારી અને માયાને જીતેલા પરમેશ્વરને હું નમસ્કાર કરૂં છું.

સમાપ્ત.

સતીમંડળ.

(સ્ત્રીપુરૂષનાં કર્ત્તવ્ય સાથે.)

ભાગ ૨ જો.

(આવૃત્તિ—ત્રીજી.)

ઘણા સુધારાવધારા સાથે.

આ લોકપ્રિય પ્રસિદ્ધ ગ્રંથ—દુનિયાના દરેક ધર્મનાં સ્ત્રી, પુત્ર, પુત્રીઓને શિક્ષણ લેવા ઉપયોગી થઈ પડે એવો ધર્મ નીતિથી ભરપૂર કર્યો છે. આ ગ્રંથ પતિવ્રતા થવાની તથા ગૃહ સંસાર પવિત્રને પ્રેમી કરવા ચાહનારી બેનોને **પારસમણિ** રૂપ છે. આવો ઉત્તમ ગ્રંથ આજ સુધી એકે બહાર પડ્યો નથી.

આ ગ્રથમાં—પ્રાચીન અર્વાચીન જગત્ પ્રસિદ્ધ—પવિત્ર સતીઓનાં શિક્ષણ લાયક અદ્‌ભૂત રસિક ચરિત્રો ને ગૃહ—સસારોપયોગી વિષયો દાખલ કર્યા છે, તે વાંચનારને તલ્લીન કરી દઇ, તેમનામાં પવિત્ર ગુણો દાખલ કરી દે, તેવો સદ્‌બોધ સમાયેલો છે. **જીવન ચરિત્રો એ જીવન સુધારવાનું સાધન છે; કેમકે ઉત્તમ દૃષ્ટાંત એ મનુષ્યને ઉત્તમ થવાને જાગૃત કરે છે.**

આવા હેતુથી આમાં—જગત્ પ્રસિદ્ધ પવિત્ર—સતી સુમિત્રા, સુનીતિ, સત્યવતી, સરમા, સરસ્વતી—ભારતી સત્યભામા, અદિતી, અંજની, ભવાની, ઉષા,—ઓખા, ઉત્તરા, ચિત્રલેખા—વિધાના, માયાદેવી, મનસા, શક્તિ, શ્રદ્ધા, મૂર્ત્તિ, મહાશ્વેતા, ગોપા—યશોધરા, ઉર્વશી, ચૂડાલા, કાદમ્બરી, કાલિંદી, ઇંદ્રાણી—શ્રુનાવતી, વેદવતી, શાંડિલી, ઉભયકુમારી, સુવ્રતા, ભાનુમતિ, યોગિની, રોહિણી, બેહુલા, રાણકદેવી, વીરમતી, પદ્મણી, મૈનાવતી, શશિવ્રતા, શશિકળા, ઋષિદર્શી, તિલોત્તમા, કાન્તિ, વનદેવી, ખન્ના, દેવીકામિની, ચંદ્રપ્રભા, મૃગનયની, ગંગા, યમુના, સરયુ, શ્રીદેવી, મીનળદેવી, કળા, ચંદ્રમુખી, નાગદેવી, રાજુલ—રાજિમતી, યશોદા, ઉર્મીલા, સારિકા, લીલાવતી, કૃષ્ણાકુમારી, ભામતી, ગુણસુંદરી, રૂપસુંદરી, સતીસોન, લેડી હામિલ્ટન,: વિટોરીયાકોલોના, સુંદરબા, રાજબાળા, ઇચ્છનકુમારી, ત્રિમૂર્ત્તિ, શીવા, મેના, રાજેશ્વરી, લાલબા, અહલ્યાબાઇ, તારા, ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ, વિગેરે પવિત્ર—**૭૧ સતીઓનાં** શિક્ષણ લાયક અદ્‌ભૂત રસિક જીવન ચરિત્રો છે. સિવાય—

સ્ત્રીપુરુષનાં કર્ત્તવ્ય—સ્ત્રીની ઉત્તમતા, સ્ત્રીઓની આચાર નીતિ, સ્ત્રીપુરૂષના અધિકાર, દંપતી ધર્મ, પવિત્ર ગૃહ સસાર, ખરૂ સંસાર સુખ શાથી મળે, પતિએ કેવું આચરણ રાખવું, સ્ત્રીની સૌંદર્યતાનો ઉપયોગ, પતિ પત્નીમાં કેવો પ્રેમ

જોઇએ, સ્ત્રીની પવિત્રતા, સ્ત્રીપુરૂષની અપવિત્રતા, પતિ પત્નીના ગુણોની થતી અસર, સાચા પતિનાં લક્ષણ, સાચી પત્નીનાં લક્ષણ, પુત્ર પુત્રીની ઉત્તમતાનાં લક્ષણ, સ્ત્રી ઉપયોગી નીતિ માળા, સ્ત્રીની માંદગી વખતે પતિનુ કર્ત્તવ્ય, સંસાર ઉપયોગી ડહાપણ શી રીતે મળે, સ્ત્રીએ કેવો સ્વભાવ રાખવો, સ્ત્રીએ કેવી રીત-ભાત રાખવી, સ્ત્રીએ કેવો સહવાસ રાખવો, મા અને છોકરાં, માની શિખામણ, સુજ્ઞ પતિનાં પત્ની પ્રત્યે વચન, સસારમાં સાચો સ્નેહી કોણ, સાસુવહુના કજીઆ શી રીતે મટે, ખુબસુરતી વધારવાનો ઉપાય, બુદ્ધિ વધારવાનો ઉપાય, આનદ વધારવાનો ઉપાય, સ્ત્રી ઉપયોગી ચાતુર્યજ્ઞાન, સ્ત્રી ઉપયોગી હુન્નરકળા, સ્ત્રી ઉપયોગી રસોઇ કળા, ઘર ઉપયોગી રસાયણ, ઘર ઉપયોગી પદાર્થ પરિક્ષા, ખાસ સ્ત્રી ઉપયોગી વૈદક–સ્ત્રીના ખાસ રોગો–ચિકિત્સા–ને દવા શીખે, સંતાન સુંદર શી રીતે થાય, શરીરની સંભાળ રાખવાની રીત, કુટુંબ વ્યવસ્થા–ઘરના કામની વ્યવસ્થા, ઉત્તમ વરકન્યા શોધવાની રીત, બાળકોને ધર્મનીતિનુ શિક્ષણ શી રીતે આપવું, પરમાત્માને પામવા શું કરવું, પવિત્ર બોધ અને (**सतीगीता**) સ્ત્રી બોધ જુદા જુદા રાગમાં ગાવાની ગરબીઓ, વગેરે—**૧૦૫** ગૃહ–સંસારોપયોગી અતિ ઉત્તમ **विषयो छे.** પૃષ્ટ આશરે ૫૦૦. સુશોભિત સોનેરી પાકુ પુઠું–કીંમત રૂા. ૨–૮–૦

चरित्रचंद्रिका.

ભાગ ૧ લો.

(દુનિયાના દરેક ધર્મનાં સિદ્ધાંતો સાથે.)

ઘણા સુધારાવધારા સહિત.

(આવૃત્તિ ચોથી.)

આ લોકપ્રિય પ્રસિદ્ધ ગ્રંથ–દુનિયાના દરેક ધર્મના મનુષ્યોને શિક્ષણ લેવા ઉપયોગી થઇ પડે એવો કર્યો છે. આવો ધર્મનીતિ અને પવિત્ર જ્ઞાનથી ભરપૂર ગ્રંથ આજ સુધી એકે બહાર પડયો નથી.

આ ગ્રંથમાં—પ્રાચીન અર્વાચીન જગત્ પ્રસિદ્ધ પવિત્ર મહાન્ પુરૂષોનાં શિક્ષણ લાયક અદ્‌ભૂત રસિક જીવન ચરિત્રો દાખલ કર્યા છે. તે વાંચનાર અને શ્રવણ કરનાર, સ્ત્રીપુરૂષોને તલ્લીન કરી દે, તેવો સદ્‌બોધ સમાયેલો છે. **જીવન ચરિત્રો જીવન સુધારવાનું ઉત્તમ સાધન છે; કેમકે ઉત્તમ દૃષ્ટાંત એ** મનુષ્યને ઉત્તમ થવાને જાગૃત કરે છે.

આવા હેતુથી—શ્રીરામ, શ્રીકૃષ્ણ, પરશુરામ, સનક, સનંદ, સનાતન સનતકુમાર, મનુ, નારદ, કપિલમુની, કશ્યપ, અત્રી, અગસત્ય, વિશ્વામિત્ર, વસિષ્ટ, ગૌતમ, વાલ્મિક, યાજ્ઞવલકય, પરાશર, બૃહસ્પતિ, વ્યાસ, શુક્રાચાર્ય, જૈમુનિ, પાણિની, પતંજલી, શુકદેવજી, ધનવંતરી, ઇક્ષ્વાકુ, નિમી, નહુષ, રઘુરાજા, માંધાતા, સગર, દીલીપ, ભરત, જનક, પરિક્ષત, મુચકંદ, અંબરીષ, ધ્રુવ, પ્રહ્લાદ, ચિત્રકેતુ, પુરૂરવા, હરિશ્ચંદ્ર, ભર્તૃહરિ, ગોપીચંદ, જડભરત, શીબી, અજામીલ, રાવણ, હનુમાન, લક્ષ્મણ, ભરથ, યુદ્ધિષ્ટિર-ધર્મરાજા, અર્જુન, દુર્યોધન, ભિષ્મપિતામહ, વિદુર, દ્રોણાચાર્ય, અશ્વત્થામા, નળરાજા, સુદામા, શ્રવણ, અશોક ચંદ્રગુપ્ત, ભાષ્કરાચાર્ય, શંકરાચાર્ય, વલ્લભાચાર્ય, રામાનુજાચાર્ય, તાતાચાર્ય, ક્ષપણક, ચાર્વાક, ઋષભદેવ, અર્હન, નેમનાથ, પાર્શ્વનાથ, મહાવીર, બૌદ્ધ, જરથોસ્ત, મુસા, ઇસુક્રાઇસ્ટ, હજરત મહમદ પેગંબર, નાનક, કબીર, કમાલ, રામદાસસ્વામી, રામાનંદ, તુળશીદાસ, સુરદાસ, સહેજાનંદસ્વામી, દયાનંદસરસ્વતી, કેશવચંદ્રસેન, દેવેન્દ્રનાથઠાકોર, રાજારામમોહનરાય, કુમારીલભટ્ટ, મંડનમીશ્ર, પદ્મપાદાચાર્ય, અપય્યાદિક્ષીત, અભિનવગુપ્તાચાર્ય, પ્રણામીપથના આચાર્ય-પ્રાણનાથજી, તથા દેવચંદજી, ત્રિકાળદર્શી, ગુરૂગોવિંદ, ગુરૂમછેંદ્રનાથ, ગોરક્ષનાથ, મહાપડિત કાળીદાસ, માઘકવિ, બાણભટ્ટ, ભવભૂતિ, મયુર, દડી, ચાણાક્ય, દીનદરવેશ, ભટ્ટોજીદિક્ષીત, બીરબલ, ગંગકવિ, તાનસેન ગવૈયો, ચંદબારોટ, જગન્નાથરાયપંડિત, જયદેવ, નિવૃતિનાથ, નિપટનિરંજન, પુંડરીક, બસવ, ઓધલે બાવા, કેશવગોસ્વામી, ઉદ્ધવગોસ્વામી, એકનાથસ્વામી, કલ્યાણગોસ્વામી, તુકારામ, નામદેવ, નરસિંહમહેતો, હેમાચાર્ય, શ્રીહર્ષ, વીરવિક્રમ, શાલીવાહન, ભોજ, હુજડજોશી, જાવડભાવડ. વગેરે—**૧૫૧ મહાસમર્થ પુરુષોનાં** શિક્ષણ લાયક અદ્ભૂત રસિક ચરિત્રો છે. સિવાય—**દુનિયાના દરેક ધર્મના સિદ્ધાંતો અને ભારતવર્ષનું ત્રિકાલીક દર્શન** દાખલ કરી ઉપયોગીપણામાં વધારો કર્યો છે.

આ મહાન પુરૂષો—કોણ હતા, કેવા હતા, કયારે થયા, કેવા શોધો અને પરાક્રમો કર્યા, ધર્મ સંબંધી કેવા વિચારો અને ચમતકારો બતાવી લોકોનાં મન પોતા તરફ વાળ્યાં, તે તથા ધર્મ નીતિ, ભક્તિ, મુક્તિ, વિવેક, મર્યાદા વગેરે શિક્ષણ લેવાનું ઘણું મળી આવે છે. **જગતમાં સર્વ મનુષ્યો ધર્માચાર્યોનો બતાવેલો ધર્મ પાળે છે અને તેમનાં વચનો પ્રમાણે સંસાર ચલાવે છે. તે ધર્માચાર્યોની હકીકતથી વાકેફ થવું એ દરેક ધર્મવાળાનું મુખ્ય કામ છે.** વાકેફ થવાથી પોતાના અને પરાયા ધર્મતત્વોનો મુકાબલો કરી તેમાંથી સારાસાર ગ્રહણ કરી શકાય છે. એ વગેરે જાણવાને આ પુસ્તક ઉત્તમ સાધન છે. પૃષ્ઠ ૭૦૦. સોનેરી અક્ષરનું પાકું પુઠું—કીં. રૂ. ૨-૮-૦

વીરમહિલામંડળ.

આ લોકોપયોગી પુસ્તક—દુનિયાના દરેક ધર્મનાં સ્ત્રી, પુત્ર, પુત્રીઓને શિક્ષણ લેવા ઉપયોગી થઇ પડે એવું કર્યું છે. આવો ઉપયોગી ગ્રંથ આજ સુધી એકે બહાર પડયો નથી.

ધીર—વીર માતાઓના સદ્ગુણોની છાપ બાળકોના કોમળ હૃદયમાં એવી તો સજ્જડ ઉંડી પડે છે કે, તે જીંદગી પર્યંત જતી નથી. તેમનાથીજ બાળકો સારૂં શિક્ષણ પામી દુનિયામાં **માનવરત્નો** પેદા થાય છે. તેથીજ આવી સ્ત્રીઓ **રત્નગર્ભા** કહેવાય છે. ધીર વીર રત્નગર્ભા સ્ત્રીઓજ દેશોદય થવામાં સાધન રૂપ છે, એવીજ વીર સ્ત્રીઓએ પોતાના નિર્મળ તેજ પ્રતાપથી બહુ વાર બળ, બુદ્ધિ અને મતિ કૃતિમાં પુરૂષો સાથે સ્પર્ધા કરેલી છે.

હત્ ભાગ્ય ! ભરતખંડની આર્ય મહિલાઓનું—આજે એ મહાત્મ્ય અને ગૌરવ ઓછું થઇ ગયું છે. હાલ તેવી ધીર—વીર મહિલાઓ ઉત્પન્ન થતી નથી, એવી સ્ત્રીઓ થવાનો મુખ્ય આધાર સોબત–પ્રત્યક્ષ દૃષ્ટાંત્ અને ઉપદેશ ઉપર છે; પરતુ હાલ તેવી સોબત કે તેવો ઉપદેશ મળે એવાં પુસ્તકો નથી. તેથી આ પુસ્તક બહાર પાડવાનો વિચાર કર્યો છે.

આમાં—પ્રાચીન અર્વાચીન જગત્ પ્રસિદ્ધ–**૭૧ વીરમહિલા**ઓનાં શિક્ષણ યોગ્ય અદ્ભુત રસિક ચરિત્રો દાખલ કર્યાં છે. જે વાંચનારી અને શ્રવણ કરનારી સ્ત્રીઓને તલ્લીન કરી, તેણીઓમાંથી પૂર્વનું ગયેલું ધીર–વીર–પણું પુનઃ પ્રાપ્ત કરી દે, તેવો સદ્બોધ સમાએલો છે. **કેમકે ઉત્તમ દૃષ્ટાંત્ એ મનુષ્યને ઉત્તમ થવાને જાગૃત કરે છે.**

આ ભારતભૂષણ—વીરમહિલાઓએ કેવાં કેવાં વિરત્વ વગેરેનાં મહાન કાર્યો કર્યાં છે, તેમનો ચિત્તવેધક ચિતાર તેમનાં ચરિત્રોમાં કર્યો છે. તે વાંચનારને આશ્ચર્ય પમાડી સ્વદેશાભિમાન સાથે વીરતા ઉત્પન્ન કરાવે છે. એટલુંજ નહિ પણ સંકટ સમયે ધૈર્યતા, હિંમત ઉત્પન્ન કરાવી, શિયળનો, પતિનો, ધન માલનો અને સ્વદેશનો બચાવ કરવાની યુક્તિ પ્રયુક્તિ સુઝાડે છે, તથા સમયસૂચકતા, વિવેક, મર્યાદા વગેરેનો માર્ગ બતાવે છે. તેની સાથે તેમના મહાન ગુણોની છાપ બાળકોના કોમળ હૃદય ઉપર પડી, તેઓ મહાન ગુણોવાળાં પેદા થાય છે. પૃષ્ઠ ૩૦૦. પાકું પુઠું.—અગાઉથી–ગ્રાહક થનારને–કીંમત રૂા. ૧—૪—૦ પાછળથી રૂા. ૧–૧૨–૦

सतीसमाज.

આ ઉપયોગી પુસ્તક—દુનિયાના દરેક ધર્મનાં, સ્ત્રી, પુત્ર, પુત્રીઓને શિક્ષણ લેવા યોગ્ય થઈ પડે એવું કર્યું છે—આ પુસ્તક કેવું ઉત્તમને ઉપયોગી છે, તે વિષે ઘણા સારા અભિપ્રાયો પડયા છે. વિશેષ ખાત્રી પુસ્તક વાંચવાથી થશે.

આમાં—પ્રાચીન અર્વાચીન જગત્ પ્રસિદ્ધ પવિત્ર—બ્રહ્મવાદીનીઓ, યોગિનીઓ, દૈવી શક્તિની સતીઓ, તપસ્વીનિઓ, મહાસતીઓ, પ્રાણ જતાં સુધી પણ શીયળ સાચવનારીઓ, તત્ત્વેતાઓ, તિવ્રબુદ્ધિની વિદૂષીઓ, રાજ્યકાર્ય અને ગૃહકાર્યમાં કુશળ, નીતિ નિપુણ, ધર્મમાં ચુસ્ત; હિમત, દયા, પરોપકાર, ક્ષમા, અને ઉદાર વગેરે મહત્ત ગુણોની સાક્ષાત્ પવિત્ર મૂર્તિઓ ગણાતી **૬૧ सतीस्त्रीओनां** શિક્ષણ લાયક અદ્‌ભૂત રસિક ચરિત્રો છે—જે વાંચનારી તથા શ્રવણ કરનારી સ્ત્રીઓને તલ્લીન કરી તેણીઓના હૃદયમાં પવિત્ર ગુણોની સચોટ છાપ પાડી દે, તેવો સદ્‌બોધ સમાયેલો છે. પૃષ્ટ ૩૦૦ સુંદર સુશોભિત પાકું પુઠું, અગાઉથી ગ્રાહક થનારને—કીંમત રૂ. ૧-૪-૦ પાછળથી રૂ. ૧-૧૨-૦.

स्त्रीनुंकर्त्तव्य.

આ ઉપયોગી ઉત્તમ પુસ્તક દરેક સ્ત્રીઓને ગૃહ-સંસાર સુધારવાને પારસમણિ રૂપ છે. આમાં આવેલા ઉપયોગી વિષયોથી તેની ઉત્તમતાની ખાત્રી થશે. વિશેષ ખાત્રી પુસ્તક વાંચવાથી થશે.

આમાં—પતિપત્નીનો સંબંધ, ઉત્તમપત્ની, પતિપ્રત્યેકર્તવ્ય, બાળકો પ્રત્યેકર્તવ્ય, બાળકોનેબોધ, કુટુંબપ્રત્યેકર્તવ્ય, ગૃહકાર્ય, રજોદર્શન વખતે રાખવાની સંભાળ, ગર્ભવતીની માવજત, સુવાવડ કરવાની રીત, સુવાવડીની માવજત, માંદાની માવજત, આરોગ્યતાના નિયમો, ઘર ઉપયોગી વૈદ્દ, અતિથિ-પરોણાનો સત્કાર, સાસુ સસરા વગેરે સગાં સ્નેહીપ્રત્યે કર્તવ્ય, પાડોશી પ્રત્યે કર્તવ્ય, દેશ પ્રત્યે કર્તવ્ય, વ્યવહાર નીતિ, આચાર નીતિ, કુટુંબવ્યવસ્થા, કર્તવ્ય અકર્તવ્ય, બાળરક્ષણ, બાળશિક્ષણ, શરીરની સંભાળ, રસોઇવ્યવસ્થા, ભોજનવ્યવસ્થા, ઘરની સુઘડતાઈ, ઘરવ્યવસ્થા, સંગ્રહ કરેલી વસ્તુઓની સગવડ, લેવડદેવડ કરવાની રીત, કરકસર, જીવીકા સાધન, ઘરધંધો, સ્ત્રીની પવિત્રતા મેળવવાનો ઉપાય, શીયળ સંરક્ષણ, હિસાબ રાખવાની રીત, સ્ત્રીઓ પ્રત્યે ભગિનીભાવ, નવરાશના

વખતનું કર્તવ્ય, પશુ પક્ષીની સંભાળ, દૈવી વિચાર; સ્વભાવ કેવો રાખવો, સહવાસ કેવો રાખવો, ઘરઉપયોગી પાકશાસ્ત્ર, ઘર ઉપયોગી રસાયણ, ઘર ઉપયોગી પદાર્થ પરીક્ષા, સ્ત્રીઉપયોગી ચાતુર્યજ્ઞાન, સ્ત્રીઉપયોગી હુન્નરકળા, પતિને રંજન કરવાની કળા, સ્ત્રીએ શું શું શીખવું જોઇએ, મૃત્યુ વિશે વિચાર, ભવિષ્યનો વિચાર, પ્રભુને પામવા શું કરવું, સ્ત્રીસુબોધ, વગેરે—ઘણા ઉત્તમ **विषयो छे**—તે સ્ત્રી, પુત્રી, બેનોને શિક્ષણ લેવા ઉપયોગી સાધન થઈ પડે એમ કર્યું છે.

જે ગૃહસ્થોને પોતાની સ્ત્રી પુત્રી, બેનોને ઉત્તમ શિક્ષણ આપી, ગૃહસંસાર પવિત્ર ને સુખી બનાવવાની ઇચ્છા હોય, તેમણે પોતાનાં ને મિત્રોનાં નામો તરત લખી જણાવવાં. પૃષ્ટ આશરે ૩૦૦. સુંદર પાકું પુઠું—અગાઉથી ગ્રાહક થનારને—કીંમત ૧–૪–૦ પાછળથી રૂા. ૧–૧૨–૦

ज्ञानदीपक.

આ ઉપયોગી ઉત્તમ પુસ્તક—દુનિયાના દરેક ધર્મના મનુષ્યોને પવિત્ર જ્ઞાનનું શિક્ષણ લેવાને ઉપયોગી થઇ પડે એવો કર્યો છે. આવું પુસ્તક આજ સુધી એકે બહાર પડેલું નથી. વિશેષ ખાત્રી પુસ્તક વાંચવાથી થશે.

આમાં—સ્ત્રી પુરૂષને ઉપયોગી થઈ પડે અને આલોક, પરલોક સુધારે એવા વિષયો દાખલ કર્યા છે—**તે આ પ્રમાણે**—અખંડ સુખની પ્રાપ્તિ, બ્રહ્મદર્શન, જીવ, શીવ, ખરૂં જ્ઞાન, દુર્ગતિ, મનુષ્યના હૃદયની પરીક્ષા, સદાકાળ જીવતો, અચળકીર્તી શી રીતે પ્રાપ્ત થાય, સજ્જનનો મહિમા, માનસિક ઉન્નતિ, કાળા માથાનું માનવી, વિજયનાં સાધનો, ઉન્નતિનો માર્ગ, લોકવર્તન, નીતિ, સંપૂર્ણજ્ઞાન, આત્માનંદ, માયા, વૈરાગ, મૃગજળ, વાસના, નિવૃત્તિ, મન, લીંગદેહ, સ્થૂલદેહ, માયાનુંબંધન, જડ, ચૈતન્ય, અદ્વૈત, દ્વૈત, મૂર્તિપૂજન, પુનર્જન્મ, સત્સંગ, મરણ સાધન, સ્વયંપ્રકાશ, પોતાનાં અપલક્ષણ, પ્રતિષ્ટા વધારવાનો ઉપાય, કનક અને કામિની, સંસાર સાગરમાં તરવાનું અને ડુબવાનું સાધન, તૃષ્ણામાં ફાંફાં મારવાનું કારણ, આદર દરવા યોગ્ય, તિરસ્કાર કરવા યોગ્ય, શિખવા યોગ્ય, આનંદ ઉપજવા યોગ્ય, ઇચ્છા રાખવા યોગ્ય, ઘોર નર્ક, પૌઢ બંધન, દીર્ઘરોગ, ઉત્તમવિદ્યા, અજ્ઞાનરૂપ શું ? બંધનમુક્ત, નરકનું દ્વાર, સ્વર્ગનું દ્વાર, પરમ ધર્મ, જીવતે મુઓ, ખરો મિત્ર, શત્રુ, પંડિત, જ્ઞાની, તપસ્વિ, યોગી, શ્રેષ્ટ પુરૂષ, વડિલ, ભલાંમનુષ્યો, પાપી, પુણ્યવાન, મહાપુરૂષ, ખરોદ્રવ્યવાન, ત્રિલોકી, ત્રિવિધાતાપ, ત્રયાવસ્થા, આનંદના પ્રકાર, પુરૂષાર્થ, પ્રાણ, પંચ વિષય, પંચમાતા, પંચજ્ઞાનેન્દ્રિ, ષડશૈશ્વર્ય, કીર્તિનાં લક્ષણો, પરીક્ષાના પ્રકાર, અષ્ટભોગ, જય કોણ મેળવી શકે ?

મનુષ્યનાં કર્તવ્યકર્મ, પાતક નાશ કરનારાં તીર્થો, તીર્થયાત્રા કરવાનો ગુમ હેતુ, ચૌદરત્નો, નિરૂપયોગી જ્ઞાન, સંસાર વ્યવહારમાં કુશળતા શી રીતે મેળવાય, તત્વ શોધક કોને કહેવો, પુર્ણ જ્ઞાની કોણ? ગુરૂપદને યોગ્ય, ક્રોધના નાશનો ઉપાય, આત્મોન્નતિ કોણ કરી શકે? ફળ પ્રાપ્તિ શાથી થાય, ભૂમિને ભારરૂપ કોણ? મહાપાતકી, પ્રવાસથી ફાયદા, ઉદ્યોગ કયારે ફળે, પાત્રાપાત્રનો વિચાર, વ્યવહાર કુશળ થવાને શું કરવું, શૂરવીર થવાને શુ કરવું, આર્ય ધર્મનીતિ, દુ:ખથી નિવૃત થવાનો ઉપાય, મનુષ્યને જન્મનું સાર્થક, આપણું કોણ છે? મૃત્યુનો ભય કોને નથી, સદ્ગતિ શાથી થાય, મનુષ્યને આખરનું કર્તવ્ય, શોકમુક્ત, દુ:ખ મુક્ત અને બંધન મુક્ત શી રીતે થવાય, કલ્યાણને માટે શાનો વિચાર કરવો, મૃત્યુ વખતે શુ કરવું, ઉપાધી મુક્ત શી રીતે થઈ શકાય, આયુષ્ય વૃદ્ધિ શાથી ગણાય છે, બ્રહ્મપદમાં એકતા કયારે થાય, આત્માને ઓળખવા શાની જરૂર છે, મુક્તિપદ કોણ પામી શકે, પરમેશ્વર, વગેરે ઉપયોગી શિક્ષણથી ભરપુર ઘણા ઉત્તમ **વિષયો છે.**

પૃષ્ટ ૪૦૦ સુંદર પાકું પુઠું અગાઉથી ગ્રાહક થનારને કીંમત રા. ૧-૮-૦ પાછળથી રૂ. ૨.

पशुविद्या.

આ ઉત્તમ ગ્રંથ—સર્વને ઘણો ઉપયોગી થઈ પડે એવો કર્યો છે. હાલ ઘર આગળ પાળવામાં આવતાં પશુઓ સંબંધી પુસ્તકોની બહુજ ખોટ છે. માટે આ ગ્રંથ ઘણી મહેનતે તૈયાર કર્યો છે. આવો ગ્રંથ આજ સુધી એકે બહાર પડયો નથી. **આમાં**—ગાય, બળદ, ભેંસ, ઘેટાં,-બકરાં, ઘોડાં, ઉંટ અને હાથી વગેરે પશુઓની ઉત્તમ કનિષ્ટની પરીક્ષા—આયુષ્ય પરીક્ષા, કીંમત, અશ્વની ગતિ, હાથી, ઘોડા, બળદ, ભેંસ અને ગાય વગેરેને વશ કરવાની રીત, ઉછેરવાની રીત, કેળવાની રીત, પશુઓના રોગ-ચિકિત્સા અને દવા વગેરે પશુઓને ઉપયોગી વિષયો દાખલ કર્યા છે. **આ પુસ્તક દરેક ગૃહસ્થે ઘરમાં રાખવા યોગ્ય છે.** પૃષ્ટ ૩૦૦ પાકું પુઠું અગાઉથી ગ્રાહક થનારને કીંમત રા. ૧-૦-૦ પાછળથી રા. ૧-૮-૦

(૩) **મેન્થોલઃ**—કપાળપર ઘસી ચોપડવાથી માથાનો દુઃખાવ, આધાસીસી, વગેરે માથાના રોગો દુર કરી મગજના સ્નાયુને સતેજ કરવા માટે અકસીર છે. શીશી ૧ ના ૦–૪–૦

(૪) **જીવનસુધાઃ**—પેટનો દુઃખાવ, ગોળો ચડવો, આફરો, અજીર્ણ, અરૂચિ, અપચો, ઝાડો, ઉલટી, કૉલેરા, શૂળ, કૃમિ, કમળો, તાવ, મરડો, મંદાગ્નિ, તમામ વાયુના રોગો, વગેરે દરદો મટાડવામાં અકસીર છે. નિત્ય ભોજન કર્યા પછી તેનું સેવન કરવાથી દસ્ત સાફ લાવી શરીર આરોગ્ય બનાવે છે. ગોળી ૪૦ ની ડબીનો રૂ. ૧.

(૫) **વિજયપ્રભાઃ**—આ દવા જઠરાગ્નિ પ્રદિપ્ત કરે છે. ભૂખ લગાડે છે, દસ્ત સાફ લાવે છે, લોહી વધારે છે, ત્રિદોષ, હૃદયરોગ, કંઠરોગ, શરદી, સળેખમ, ખાંસી, દમ, શ્વાસ, ક્ષય, હેડકી, પીનસ, અતિસાર, પ્રમેહ, પ્રદર, ગોળો ચડવો, સંગ્રહણી, વગેરે દરદોને દૂર કરી શરીર પુષ્ટ બનાવે છે. તોલા ૫ ની ડબીનો રૂ. ૧.

સોલ એજન્ટ–

કેશવજી વિશ્વનાથ ત્રિવેદી.

ઠે. લાખીયાની પોળ—અમદાવાદ.

(૩) **બાપારાવ—મેવાડનો સૂર્ય, ૪ બાદશાહી કથા-કુંજ** (ઐતિહાસિક વાર્તાઓ), **૫ મહારાણા પ્રતાપસિંહ** એ ઉપરાંત વગેરે ચાલુ વર્ષમાં એક પછી એક મળશે.

વાર્ષિક લવાજમ—કાચા જાડા પૂંઠાના રૂ. ૨ અને સોનેરી નામ સાથેના પાકા પૂંઠાના રૂ. ૩ પોસ્ટેજ સાથે (વી. પી. ખર્ચ એક આનો વધુ) આફ્રિકાના ગ્રાહકોએ કાચા પૂંઠાના રૂ. ૨—૧૦—૦ પાકા પૂંઠાના રૂ. ૪—૦—૦ નો પોસ્ટલ ચેક મોકલવો. પત્રવ્યવહાર વગેરે સર્વે નીચલે સરનામે.

અમદાવાદમાં—ડી. રૉય અને કું. ગુજરાતના એજન્ટ, ખાડીયા—ચોકી પાસે.

ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતા,

મેનેજર—ભારતજીવન—મુંબઈ નં. ૧૩.